ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૭ • વર્ષ - ૨૦૨૧



કિંમત : ₹ ૪૦/-

VISIT…

LANZAROTE

Caliente.com


"કુતૂહલ"
નિરવ ખાંટ
મો. 9699636996

ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત : ૨૦૭૭ । વર્ષ : ૨૦૨૧

તંત્રી
ડી. પી. દેસાઇ

સહતંત્રી
અરવિંદ પટેલ

સંપાદક
પુલક ત્રિવેદી

ઉપસંપાદક
જગદીશ આચાર્ય

સહસંપાદક
ઉર્વી રાવલ, શીરિન સૈયદ, બેલા મહેતા

વિતરણ વ્યવસ્થા
ઇશ્વર ઠાકોર, જયેશ દવે, હસમુખ પટેલ,
બી. કે. વસાવા, જે. બી. મુનિયા, પ્રકાશન શાખા,
ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરીઓ

પ્રકાશક
માહિતી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રોસેસિંગ અને મુદ્રણ
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

વેબસાઇટ
www.gujaratinformation.gujarat.gov.in

કિંમત : ₹ ૪૦/-







સકારાત્મકતાના દીપકની જ્યોત ઝળહળે એ જ સાચી દિવાળી...

આઓ, હમ ઈતને વિકાસ દીપ જલાયેં કી, હર તરફ ખુશીઓ કે ફૂલ ખીલે,
હર કોના ઈસ ધરતી કા, હમ સબ સાથ મિલ કર પ્રકાશમાન કરતે ચલે...

ભારતવર્ષમાં આદિઅનાદિ કાળથી પ્રકાશ અને પ્રગતિના સમન્વયના પ્રતીક સ્વરૂપે પ્રતિવર્ષ દીપોત્સવનું પર્વ ઉજવવામાં આવે છે. દીપકનો સીધો સંબંધ અગ્નિ સાથે છે. સનાતન સંસ્કૃતિમાં અગ્નિને પવિત્ર ગણવામાં આવે છે અને આદરપૂર્વક દરેક શુભકાર્યમાં તેનું સ્થાન રાખીને પૂજવામાં આવે છે. દીવાનો મૂળતઃ તાત્ત્વિક અર્થ અંધકારને દૂર કરી ઉજાશનું મહિમાગાન કરવાનો છે. દીપકની જ્યોતમાં પ્રકાશ, જ્ઞાન, સુખ, સમૃદ્ધિ, ઊર્જા અને સકારાત્મકતાનો દૈવી સંકેત હોય છે.

જેમ વેપારી દીપોત્સવી ટાણે વાર્ષિક નફા - નુકશાનનું સરવૈયું જોતા હોય છે, એ રીતે સૌ કોઈએ વર્ષ દરમિયાન કરેલાં કાર્યોનું સરવૈયું તપાસવાનું પર્વ એટલે દીપોત્સવી. આપણું ગુજરાત સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ત્રણેય ક્ષેત્રમાં સૌના સાથ અને સૌના વિકાસથી સદાય વિકાસની દિશામાં તેજ રફતારથી આગળ વધી રહ્યું છે. મુશ્કેલીઓ અને તકલીફોમાં માર્ગ કાઢીને પણ વિકાસની યાત્રાને આગળ ધપાવવા માટેના ગુજરાતીઓનાં ખમીર અને ઝમીરની દેશ અને દુનિયાને સુપેરે પરિચય છે. ગુજરાત સહિત સમસ્ત વિશ્વ ઉપર કોરોના નામના અદૃશ્ય દુશ્મને તેનો વિકરાળ પંજો પ્રસરાવ્યો છે ત્યારે, ગુજરાતે આરોગ્ય વિષયક સેવાઓના વ્યાપને પણ ૩૬૦ ડિગ્રીએ વિસ્તાર્યો છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને લોકલાડીલા વડાપ્રધાન, ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ખૂણેખૂણાનો વિકાસ કરી વિકસિત ગુજરાતના મજબૂત પાયા નાખીને ગુજરાતને ઉત્તમ 'મોડેલ સ્ટેટ' બનાવીને આપણને આપ્યું છે. આજે આપણે સૌ સહિયારા પ્રયાસથી આપણા ગુજરાતના વિકાસને વધુ બળવત્તર બનાવવા માટે પ્રયત્નશીલ છીએ.

મહિલા સશક્તિકરણની દિશામાં ગુજરાતને મક્કમતાથી આગળ ધપાવવાની આપણી નેમ છે. મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટેની પ્રતિબદ્ધતાની પ્રતીતિ સૌ કોઈને થઈ રહી છે. યુવાનો માટે રાજ્યમાં વિશ્વની સર્વોત્તમ યુનિવર્સિટીઝ



દ્વારા યુવાનોના કૌશલ્ય નિર્માણનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આદિવાસીઓ, વંચિતો, ગરીબો, શોષિતો અને પીડિતોને વિશ્વાસ છે કે, તેમનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનો રિન્યૂએબલ એનર્જી પાર્ક, ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ, રીવરફ્રન્ટ પ્રોજેક્ટ, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, આધુનિક દિવ્ય અને ભવ્ય ગુજરાતની છબી ઉજાગર કરે છે.

શાંતિ અને સલામતી વિકાસની ધરોહર છે. સલામત ગુજરાતમાં સામાજિક, આર્થિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક વિકાસ વધુ ગતિશીલ બન્યો છે. જગતના તાતની પડખે આ સરકાર સદા સર્વદા ઊભી રહી છે. સરકાર ખેડૂત બાંધવોના સામાજિક-આર્થિક ઉત્થાનની તથા તેમના સર્વાંગી વિકાસની વિશેષ સંભાળ લઇ રહી છે.

જનહિતલક્ષી પરિણામોની અનુભૂતિ જન જનને થઈ રહી છે. ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આપણે સૌ સાથે મળી વધુ વેગવંતી બનાવીએ અને રાજ્યના ખૂણે ખૂણામાં વિકાસનો દીપ પ્રગટાવીએ.

તહેવારો ખુશી લઈને આવે છે અને ખુશી જેટલી વહેંચાય એટલી વધે છે. ખુશીના આ તહેવારમાં પ્રતિવર્ષ માહિતી વિભાગ દ્વારા ‘ગુજરાત દીપોત્સવી અંક’ના સાહિત્ય રસથાળમાં ગુજરાતનું આત્મિક તત્ત્વ સુપેરે ઉજાગર થાય છે. મૂર્ધન્ય સાહિત્યકારો, કવિઓ, લેખકોની કલમે ગુજરાત દીપોત્સવી અંક વાચનક્ષમ બને છે અને સાથેસાથે નીવડેલા ચિત્રકારોનાં ચિત્રથી અને તસવીરકારોની તસવીરોથી દીપોત્સવી અંક આકર્ષક અને નયનરમ્ય બને છે.

દિવાળીના તહેવારમાં સકારાત્મકતાના દીપની જ્યોત ઝળહળે એ સાચી દિવાળી. આવો, આપણે સૌ આ દીપોત્સવના તહેવારમાં વિકાસની જ્યોત જલાવીએ, જેની આંખોમાં ઉદાસી હોય એમની આંખોમાં ખુશીઓની જ્યોત પ્રગટાવીએ, દિવાળી ઊજવીએ. વિક્રમ સંવત ૨૦૭૭ના દીપોત્સવની શુભકામનાઓ સાથે નવા વર્ષની મંગલમય શુભેચ્છાઓ...

આપનો સહૃદયી,

ભૂપેન્દ્ર પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય







વિકાસદીપનો ઉજાશ ફેલાવીએ...

ઉત્સવો ઉમંગ અને ઉલ્લાસના છડીદાર છે. બધા તહેવારોમાં દીપાવલી તહેવારોનો રાજા છે. અંતરને અજવાળતું આ પર્વ એક સાથે પાંચ-પાંચ તહેવારગુચ્છ લઈને આવે છે. દીપાવલી શબ્દ 'દીપ' અને 'આવલી' એ બન્ને શબ્દોના સમન્વયથી બન્યો છે. દીપ એટલે દીવો અને આવલી એટલે હારમાળા અર્થાત્ દીપોની હારમાળા એટલે દીપાવલી. દિવાળીના ભૌતિક દીવડા મનમાં જ્ઞાનરૂપી દીપકનું ઉત્તમ પ્રતીક છે.

પ્રત્યેક ગુર્જરવાસી માટે દીપોત્સવ એ પ્રકાશપર્વની સાથોસાથ વિકાસપર્વ બની રહ્યું છે. વિકાસરૂપી દીપોની હારમાળા સર્જીને આગવી રીતે દીપાવલી પર્વ આનંદીએ.

સાહિત્ય પ્રજાની તાસીર અને તસવીર અભિવ્યક્ત કરે છે. તે પ્રજાની સંવેદના અને સદ્ગુણોને સિંચવાનું કાર્ય કરે છે. ગરવા ગુજરાતની ભૂમિ તેનાં વિવિધ ક્ષેત્રના સાહિત્યથી સમૃદ્ધ છે.

મને શ્રદ્ધા છે કે, ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૭૭'નું પ્રકાશન સાહિત્યિક જિજ્ઞાસા સંતોષવાની પરંપરાને જાળવી રાખવામાં સફળ અને સાર્થક બની રહેશે. પ્રવર્તમાન વૈશ્વિક પ્રવાહોને પિછાણીને, આપણી શક્તિ અને ક્ષમતાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી, ગુજરાત કોરોનામુક્ત અને સ્વસ્થ રાજય બને તેવા સંકલ્પ સાથે નૂતનવર્ષના દિવસે આપણે સૌ દીક્ષિત અને વિકસિત ગુજરાતના નિર્માણનો દૃઢ નિર્ધાર કરીએ. દીપાવલીની શુભેચ્છાઓ સાથે નૂતનવર્ષની શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...

અવંતિકા સિંઘ, આઇ.એ.એસ.

સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ







જ્ઞાનના દીપકથી સૌના હૃદયમાં નવોન્મેશની જ્યોત પ્રગટાવીએ...

સ્વયં પ્રકાશિત હોવું એ અજવાળાની લાક્ષણિકતા છે. ઉજાસનો સ્વભાવ એ તેનું આત્મનિર્ભરપણું છે, આથી જ જ્યારે પ્રકાશનો ઉત્સવ દીપોત્સવ ઉજવતા હોઈએ ત્યારે “આત્મ દીપો ભવ”નો ઉમદા વિચાર સહજ આ પ્રકાશપર્વ સાથે જોડાઈ જાય છે. ઉત્સવોની ઉજવણી દ્વારા સદીઓથી માનવી પોતાના અસ્તિત્વના સકારાત્મક પાસાને ઉજાગર કરતો આવ્યો છે.

કર્મનિષ્ઠાની પ્રબળ ઊર્જા સાથે જનસેવાના નક્કર સંકલ્પ દ્વારા ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસનો નવતર ચીલો ગુજરાતે ચાતર્યો છે. વિકાસને પોતાનો આગવો સ્વભાવ બનાવીને ગુજરાત સતત પ્રગતિના પથ સર કરતું રહ્યું છે. સાતત્યપૂર્ણ વિકાસની દિશામાં ગુજરાતે મક્કમ ડગ માંડ્યા છે. સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે ગુજરાત વિકાસની નવી પરિભાષા, નવા ઉમંગ અને વિવિધ નવતર દૃષ્ટિકોણ સાથે આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા હરણફાળ ભરી રહ્યું છે.

દીપોત્સવ ટાણે ગુજરાતની સકારાત્મકતાના ઉત્સવને ઉજવીએ અને ગુજરાતના વિકાસમાં યોગદાન આપવા માટે સંકલ્પબદ્ધ બનીએ. ગુજરાતનો સાહિત્ય વારસો અત્યંત સમૃદ્ધ છે. માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ સાહિત્ય જગતના લબ્ધપ્રતિષ્ઠિત લેખકોની કલમે લખાયેલી કૃતિઓને ‘ગુજરાત દીપોત્સવી અંક’ના માધ્યમથી પ્રકાશિત કરવામાં આવે છે. આવો, આપણે સૌ જ્ઞાનરૂપી દીપકથી સૌના હૃદયમાં નવોન્મેશની જ્યોત પ્રગટાવીએ. ‘ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત - ૨૦૭૭’ને વાચનક્ષમ બનાવવા માટે યોગદાન આપનારા લેખકો, ચિંતકો, કવિઓ, ચિત્રકારો, તસવીરકારો સહુનો હું હૃદયપૂર્વકનો ઋણી છું. દીપોત્સવી પર્વની શુભેચ્છા સાથે નવું વર્ષ આપ સૌને ફળદાયી અને મંગલમયી બની રહે તથા નવચેતના પ્રગટાવે એવી શુભકામનાઓ...

ડી. પી. દેસાઇ, આઇ.એ.એસ.

માહિતી નિયામક



અભ્યાસલેખ સંપુટ

અનુક્રમણિકા





અનુક્રમણિકા

નવલિકા સંપુટ

વિનોદિકા સંપુટ

અનુક્રમણિકા



નાટિકા સંપુટ



અનુક્રમણિકા

કાવ્ય સંપુટ

અનુક્રમણિકા





અનુક્રમણિકા

કાવ્ય સંપુટ

ફોટોગ્રાફ્સ અને ચિત્રો



નિરવ ખાંટ
હેમાલી શાહ
હરિભાઈ દા. ટંડેલ
ડૉ. અશોક જી. પટેલ
જય પંચોલી
અવની ઘનશ્યામભાઇ દવે
અરવિંદભાઈ ખાણધર
રજુ પટેલ
આરતી પટેલ
જયદીપ એન. ઠાકર
ભાર્ગવીબહેન ભટ્ટ
જસ્મીન દવે
ભાટી એન
હર્ષ પગી
જયેશભાઇ જાદવ
ગાયત્રી ત્રિવેદી
આનંદ પ્રાણલાલ પટેલ

પ્રા.ડૉ. ઉષા રા. પાઠક
વિક્રમ પગી
રમેશભાઈ ગોહિલ
જેસલબા જાડેજા
દુર્ગેશ ઉપાધ્યાય
દર્શન પુરાણી
નાગજી પ્રજાપતિ
વિ. એલ. નિમાવત
કૃપા શાહ
રેખા જયદેવસિંહ વેગડ
વિમલ હેમાણી
જગદીશ મેવા
ભૂમિકા ભાવસાર
અર્પણ કાપડિયા
પ્રિયા પરિયાણી
એન. પી. વૈશ્યક
નટુ પરીખ


પશાભાઈ મકવાણા
પ્રશાંત પટેલ
સંજીવ પંડ્યા
રસિક ગલચર
રક્ષા ભટ્ટ
નટુ મિસ્ત્રી
રમેશ હાલારી
શીતલ પી. સરવૈયા
અમૂલ પરમાર
જગદીશ જોશી
પ્રિતેશ પટેલ
ભૌમિક પગી
જેસલ દલાલ
કિશોર પીઠડીયા
આનંદ શાહ

: મુખપૃષ્ઠ - ૧ :
નિરૂપમા ટાંક
(૯૯૭૪૫૨૬૮૨૦)

: મુખપૃષ્ઠ - ૨ :
અશોક ખાંટ
(૯૯૯૮૯૯૯૮૦૯)

: રેખાંકન :
જય પંચોલી
(૯૬૨૪૨૨૭૧૪૦)


જય દ્વારકાધીશ
"માખણચોર"
અરવિંદભાઈ ખાણધર
મો. 9913239406


"મોક્ષ - બંધન"
રજુ પટેલ
મો. 9712832928

અભ્યાસલેખ સંપુટ

ગુણવંત શાહ
વિષ્ણુ પંડ્યા
બળવંત જાની
ડૉ. કુમારપાળ દેસાઈ
દેવેન્દ્ર પટેલ
જય વસાવડા
ભવેન કચ્છી
ડૉ. નરોત્તમ વાળંદ
યશવંત મહેતા
નરોત્તમ પલાણ
જોરાવરસિંહ જાદવ
કિશોર મકવાણા
ભદ્રાયુ વછરાજાની
ડૉ. ભગવાનદાસ પટેલ
યાસીન દલાલ
દોલત ભટ્ટ
પ્રસાદ બ્રહ્મભટ્ટ
પરમાનંદ માણેકલાલ ગાંધી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
અજય મો. નાયક
નટુભાઈ પરમાર
લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
સોમાભાઈ વિ.પટેલ
ડૉ. અશોક નારાયણ
વસંત ગઢવી
કાકડિયા મનસુખ વી.
ભૂપેન્દ્ર મો. દવે
નીલેશ પંડ્યા
વાગ્મિન બૂચ
પાર્થિવી અધ્યારુ-શાહ
પુલક ત્રિવેદી


"શિલ્પ સંગીત"
હેમાલી શાહ
મો. 9662836342

વિચારોના વૃંદાવનમાં

- ગુણવંત શાહ

સરદાર અને જયપ્રકાશ સામસામે હતા, પરંતુ...

સ્વરાજ મળ્યું તે દિવસોમાં આદરણીય જયપ્રકાશ નારાયણ સમાજવાદી આદર્શના આકાશમાં ઉડ્ડયન કરનારા ક્રાંતિ પુરુષ હતા. સરદાર પટેલને તેઓ મૂડીવાદી સમાજના ટેકેદાર ગણતા અને ક્યારેક સરદારની સામે થતા. જયપ્રકાશજી પંડિત નેહરુને સમાજવાદી આદર્શોના છડીદાર તરીકે નિહાળતા. પરિણામે પંડિતજીને પણ જયપ્રકાશજી પ્રત્યે ખાસું ખેંચાણ રહેતું. તે દિવસોમાં એવી રાજકીય આબોહવા જામી કે સરદાર પટેલનો વિરોધ કરવાની કુટેવ દિલ્હીનાં ડાબેરી વર્તુળોમાં લગભગ ફેશન બની ગઈ. સરદારે હૈદરાબાદમાં જે ચમત્કાર કરી બતાવ્યો, તેમાં પણ સમાજવાદીઓને વાંધાજનક વલણનો વિજય થતો જણાયો. પંડિતજીને પણ હૈદરાબાદમાં સરદાર પટેલને મળેલી સફળતા ઝાઝી ગમી ન હતી અને જયપ્રકાશજીના પ્રશંસકોને પણ એ સફળતા બિનસમાજવાદી વલણોના વિજય જેવી લાગી હતી. સરદાર પટેલ આવાં અવાસ્તવિક વલણથી દુ:ખી હતા અને પોતાની નિંદા કરનારા અવ્યવહારુ આદર્શવાદીઓના વલણથી ખાસા નારાજ હતા તોય, અંદરથી મક્કમ હતા. તેઓ દેશના હિતને વફાદાર હતા તેથી ગેરસમજથી ડરે તેવા તકલાદી રાજકારણી ન હતા. તેઓ રાજપુરુષ (સ્ટેટ્સમેન) હતા અને દૃઢવૈરાગી હતા.

જ્યાં પ્રશંસાની વર્ષા થવી જોઈએ, ત્યાં ટાળી શકાય તેવી નિંદાનો ધોધ વહેતો થાય ત્યારે કર્મવીર એવા સરદારને પીડા પહોંચે તેવી પરિસ્થિતિ આ ઐતિહાસિક પત્રમાં પ્રગટ થઈ છે. સરદાર લગભગ નીલકંઠ બનીને ગેરસમજનું વિષ પીતા રહ્યા !

તા. ૧૫ જૂન ૧૯૪૮ને દિવસે સરદારે પંડિત જવાહરલાલ નેહરુને એક પત્ર લખ્યો, જેમાં સરદારની પીડા પ્રગટ થઈ. પત્રનો સાર અહીં પ્રસ્તુત છે :

'જયપ્રકાશ (નારાયણ)ના તાજેતરનાં કેટલાંક ભાષણો મારા મનમાં ઘણી શંકાઓ પેદા કરે છે. હૈદરાબાદ અંગેના એક ભાષણમાં તેમણે દેશી રાજ્યોના ખાતા પર બધો દોષ ઢોળ્યો છે અને સમાજવાદીઓને પોતાની રીતે કામ કરવા દીધું હોત, તો પરિસ્થિતિ ક્યારનીયે થાળે પડી ગઈ હોત એવો દાવો કર્યો છે. આ ભાષણ ઘણું દુષ્ટતાભર્યું અને ઝેરી છે. તમે જાહેર રીતે તેમની પ્રશંસા કરતા ન હોત અને તેમને આવતીકાલના આગેવાન ગણાવતા ન હોત તો મેં આ પત્ર લખીને તકલીફ આપી ન હોત, તેમનાં આવાં બેજવાબદાર ઉચ્ચારણો અને ગૂંચવાડા પેદા કરનારા વલણને કારણે તેમનામાં કશો વિશ્વાસ રાખવો વાજબી નથી. મને હંમેશાં એવું લાગ્યું છે કે હિંદુસ્તાનનું ભાવિ જયપ્રકાશ જેવા માણસના હાથમાં હોય, તો એ અતિશય કમનસીબ સંજોગ થઈ પડશે. તાજેતરના બનાવો અને ગાંધીજીના મરણ પછીનું તેમનું વલણ આ ખ્યાલને સાચો ઠરાવે છે. અને એમને રોકવાનો સમય આવી લાગ્યો છે તેવું મને ખરેખર લાગે છે. તમે તેમને સીધા રસ્તે આણી શકશો કે નહીં તે હું જાણતો નથી, પણ તમે આવું કરી શકો તમને લાગતું હોય, તો કોશિશ કરવા જેવું છે. તેમને અને તેમના પક્ષને થોડા વ્યવહારુ વિચાર અને વર્તન રાખવા માટે સમજાવી શકાય તો તેનાથી આ દેશનું ભાવિ ઉજ્જ્વળ બનશે.

(સરદાર પટેલ : પસંદ કરેલો પત્રવ્યવહાર (૨) પાન : ૬૭ સંપાદક : વિ. શંકર).

સરદારના દિલમાં અમળાતું-વમળાતું આવું દર્દ આ પત્રમાં નિખાલસતા સાથે ઠલવાતું જણાય છે. જ્યાં પ્રશંસાની વર્ષા થવી જોઈએ, ત્યાં ટાળી શકાય તેવી નિંદાનો ધોધ વહેતો થાય ત્યારે કર્મવીર એવા સરદારને પીડા પહોંચે તેવી પરિસ્થિતિ આ ઐતિહાસિક પત્રમાં પ્રગટ થઈ છે. સરદાર લગભગ નીલકંઠ બનીને ગેરસમજનું વિષ પીતા રહ્યા !

જીવનનાં ઉત્તરાર્ધમાં જયપ્રકાશજી વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં સક્રિય બન્યા ત્યારે મને એમનાં લાંબાં પ્રવચનો સાંભળવાનો લાભ વારંવાર મળતો થયો. પ્રવચનને અંતે અમારા મનમાં મોટોમસ ગોટાળો પેદા થતો. એમની વૈચારિક સ્પષ્ટતા પ્રવચનોમાં ક્યારે પણ પ્રગટ થતી હોય એવું યાદ નથી. સંપૂર્ણ ક્રાંતિ અંગે પણ તેઓ પ્રવચન શરૂ કરે ત્યારથી કેવળ ગોટાળો જ ગોટાળો! પ્રવચન પૂરું થાય પછી વધારે ગોટાળો ! બિહારમાં આંદોલન ચાલ્યું, તે દિવસોમાં એમણે બે આશાસ્પદ યુવાનો પર પોતાની પસંદગી ઉતારેલી. એ બેય યુવાનો પછી તો મોટા હોદ્દાઓ પામ્યા. બેમાંથી એક જણને મેં પ્રશ્ન પૂછ્યો : 'જયપ્રકાશજી મહાન હતા, પરંતુ એમની પાસે કોઈ વૈચારિક સ્પષ્ટતા હતી ખરી?' જવાબ મળ્યો : 'બિલકુલ

નહીં' એ નેતાનું નામ હું આદરણીય મોરારિબાપુને ખાનગીમાં આપવા તૈયાર છું. જયપ્રકાશજીએ સંપૂર્ણ ક્રાંતિ આંદોલનના સાર્થક સંચાલન માટે જે બે યુવાનો ખાસ પસંદ કર્યા હતા, તેમાં એક હતા સદ્‌ગત શ્રી અરુણ જેટલી અને બીજા હતા ક્ષ. શ્રી ક્ષ હજી જીવે છે અને ઊંચા પદ પર વિરાજમાન છે. એમની પરવાનગી વિના હું એમનું નામ નહીં આપી શકું.

આદરણીય મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન મટી ગયા પછી મુંબઈના મરિન ડ્રાઈવ પર આવેલા કાયમી નિવાસસ્થાન 'ઓસીઆના'માં દીકરા કાંતિભાઈ સાથે રહેતા થયા, ત્યારે હું એમને વારંવાર મળવા જતો થયો. કોર્ટના આદેશને કારણે એ નિવાસ ખાલી કરવાની નોબત આવી. એ કટોકટીના દિવસોમાં તે વખતના મહારાષ્ટ્રના મુખ્યપ્રધાને પોતાનું આભિજાત્ય પ્રગટ કરીને મોરારજીભાઈ માટે 'સારંગ'નામના બહુમાળી મકાનમાં નવું નિવાસસ્થાન આપીને વડાપ્રધાન મટી ગયેલા મહાનુભાવની ગરિમા જાળવી લીધી હતી. 'સારંગ'ના નવા નિવાસે પણ હું મોરારજીભાઈને મળવા માટે જતો. મને વારંવાર એવી પ્રતીતિ થતી કે હું સાધુચરિત મોરારજીભાઈને મળી રહ્યો છું. જયપ્રકાશજીની વાત નીકળે ત્યારે મોરારજીભાઈનો નિર્દંશ અનાદર અચૂક પ્રગટ થતો. જયપ્રકાશજી 'Confused mind' ધરાવનારા નેતા ગણાય તેવું મોરારજીભાઈને અનુભવને અંતે સમજાયું હતું. એટલું ચોક્કસ કે આવો અભિપ્રાય હતો છતાંય મોરારજીભાઈ ક્યારેય કોઈ અનુચિત ટિપ્પણી કરવાથી કાયમ દૂર રહેતા.

જયપ્રકાશજીનું આભિજાત્ય ગાંધીજીના કુળનું હતું. તેઓ લગભગ અજાતશત્રુ હતા તેથી ઈંદિરા ગાંધી પ્રત્યે પણ એમને કોઈ દ્વેષભાવ ન હતો. નારાયણ દેસાઈએ આ વાત એમના લખાણમાં નોંધી છે

મારી એવી છાપ છે કે જયપ્રકાશજીનું આભિજાત્ય ગાંધીજીના કુળનું હતું. તેઓ લગભગ અજાતશત્રુ હતા તેથી ઈંદિરા ગાંધી પ્રત્યે પણ એમને કોઈ દ્વેષભાવ ન હતો. નારાયણ દેસાઈએ આ વાત એમના લખાણમાં નોંધી છે. સદ્‌ગત મનુભાઈ પંચોળી (દર્શક) ઈતિહાસના મર્મજ્ઞ હતા અને સરદારના પ્રશંસક હતા. સરદારને ખરેખર સમજનારા ગાંધીજનોમાં મહાદેવ દેસાઈ પછીના ક્રમે મુ. મનુભાઈને અવશ્ય મૂકી શકાય. જીવનનાં અંતિમ વર્ષોમાં જયપ્રકાશજીએ સરદારને ઓળખવામાં સફળતા પ્રાપ્ત કરી હતી અને એ વાતની નોંધ દર્શકે લીધી હતી. યુવાનીનાં વર્ષોમાં સરદારની અત્યંત કડવી આલોચના કરનારા વયોવૃદ્ધ જયપ્રકાશજીએ બારડોલીમાં મળેલી ખેડૂતોની સભામાં ઉચ્ચારેલા યાદગાર શબ્દોમાં ખરા 'જયપ્રકાશ' આબાદ પ્રગટ થયા. પોતાના દ્વેષભાવને હડસેલો મારવા માટે કેટલી નૈતિક તાકાતની જરૂર પડે? આજે એવા નેતાઓનો દુકાળ વરતાય છે. દ્વેષવિજયથી મોટો બીજો કયો વિજય હોઈ શકે? બારડોલીમાં મળેલી ખેડૂતોની સભામાં ગાંધીયુગની શોભા પ્રગટાવનારા આદરણીય જયપ્રકાશજીના શબ્દો દર્શકે નોંધ્યા છે. સાંભળો :

'મારી જુવાનીમાં
મેં સરદાર પટેલને
બરાબર ઓળખ્યા ન હતા.
અત્યારે વિચાર કરતા એમ લાગે છે કે :
સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે પંડિતજીને બદલે સરદાર હોત, તો સારું થાત.'

('વંદના', લેખક મનુભાઈ પંચોળી(દર્શક) પાન-૭)

એક હતા સરદાર વલ્લભભાઈ પટેલ, એક હતા જયપ્રકાશ નારાયણ અને એક હતા મોરારજીભાઈ દેસાઈ! કહાં ગયે વો દિન? સામસામે હોવા છતાં અંદરથી દ્વેષમુક્ત હોવું એ જેવી તેવી સંપ્રાપ્તિ નથી. હવે વાત પૂરી કરતાં પહેલાં મુ. મનુભાઈએ નોંધેલા શબ્દો પણ ખાસ સાંભળવા જેવા છે.

"તેમના (સરદારના) એક કાળના કટ્ટર વિરોધી અને જગતના હિંમતવાન પુરુષોમાં અનન્ય એવા ચર્ચિલે સરદાર પટેલ માટે કહ્યું હતું : આ માણસે માનવ-સ્વભાવની બે મોટામાં મોટી દુર્બળતાને જીતી છેઃ તેનામાં નથી ભય, નથી દ્વેષ."

('વંદના' પાના નં. : ૪૫)

'ટહુકો' ૧૩૯, વિનાયક સોસાયટી,
જૂના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૨૦
ફોન. ૦૨૬૫ ૨૩૪૦૬૭૩



વિરાસતનું વટવૃક્ષ : વડનગર

- વિષ્ણુ પંડ્યા

કવિ નર્મદે બીજાં બધાં કામ છોડીને, કુંતેશ્વર મહાદેવની છાયામાં પ્રેરિત 'જય જય ગરવી ગુજરાત' નું અમર-અજેય ગાન કેમ રચ્યું હતું ?

તેના કારણમાં જ પડી છે ગુજરાતની અસ્મિતા ! કેટકેટલાં સ્થાન-વિશેષો અને વ્યક્તિઓરૂપી તેજનક્ષત્રોની આ ગૌરવભૂમિ છે. લોથલમાં, ચાર વાર ત્સુનામીમાં દરેક વખતે ઊભાં થયેલાં નગરનાં નિર્માણની કહાણી ખંડિયેરોમાં સંભળાશે. ભવ્ય સોમનાથ દેવાલય વારંવારના જિર્ણોદ્ધારમાં પડેલી સાંસ્કૃતિક આસ્થાની વાત કરશે. લખપતનું ગુરુદ્વારા ગુરુનાનકદેવની સ્મૃતિ સાચવીને બેઠું છે. પોરબંદર સુદામાનગરી અને ગાંધીજીની જન્મભૂમિ. ગરવો ગિરનાર હિમાલય કરતાંયે પુરાતન કરોડ વર્ષના આયુષ્ય સાથે અડીખમ અવધૂત. જૂનાગઢમાં પ્રજાપ્રિય રાજવી રુદ્રદામન અને અહિંસા-પ્રેમી અશોકના શિલાલેખ. શિહોરના ડુંગરમાં સત્તાવનના ક્રાંતિકાર નાના સાહેબ પેશવાનો અંતિમ નિવાસ. વડોદરામાં ક્રાંતિકાર અરવિંદ અને ભગિની નિવેદિતાની મુલાકાત અને કરનાળીમાં દેશભક્તિનું ગંગનાથ વિદ્યાલય. સુરત, સોનાની મુરત અને 'મુનશીના ટેકરા'નું ભરૂચ. દાદાભાઈ નવરોજીનું નવસારી 'ભગવદ્ગોમંડલ'ના સ્વપ્નદૃષ્ટા રાજવી ભગવતસિંહથી ગોંડલ જગજાણીતું અને ક્રિકેટ નાયક રણજિતસિંહથી જામનગર. 'ના છડિયાં હથિયાર' ના વીર મરદ મૂળુ માણેક- જોધામાણેકથી સુરક્ષિત દ્વારિકાના દ્વારિકાધીશ. શક્તિ-ભક્તિનાં સ્થાનકો આશાપુરા, બહુચરાજી, ચોટિલા, પાવાપુરી, અંબાજી અને ઉમિયાદેવીનું ઊંઝા, સ્વામી વિવેકાનંદનું નામ લઈએ અને લીંબડીના 'આધ્યાત્મિક' રાજવી જસવંતસિંહ યાદ આવે. જૂનાગઢ-બાબરિયાવાડ-માણાવદર એટલે સ્વાતંત્ર્યની છેલ્લી 'આરઝી હકૂમતની રણભૂમિ... અને સરદાર વલ્લભભાઈ - વિઠ્ઠલભાઈની બાંધવબેલડીની ઐતિહાસિક યાદનાં તો કેટલાં બધાં સ્થાનો- કરમસદ, નડિયાદ, બોરસદ, બારડોલી. દાંડીના સમુદ્રકિનારે એક સશક્ત વાક્ય સરજાયું : ' નમક કા કાનૂન તોડ દિયા!' ટંકારાથી નીકળેલો બ્રહ્મયુવક દયાનંદ સરસ્વતી બનીને વેદ તરફ વળવાની ગર્જના કરતો રહ્યો. ધૂળિયા માંડવી, કચ્છમાં જન્મ્યો હતો ભૂલા ભણશાળીનો મહા-વિદ્વાન અને મહા-ક્રાંતિકાર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા...

ગુજરાતનાં આ સ્થાનવિશેષોની સમગ્ર કથામાં એક વધુ ઉમેરો કરી શકાય તેવું પ્રાચીન-અર્વાચીન વડનગર!

હા, વહાલું વડનગર.

જેવું તેનું 'વડલા' જેવું નામ એવી જ તેની તવારીખ. છેક સ્કંદપુરાણમાં તેનો ઉલ્લેખ છે. કેટકેટલાં નામાન્તરો સાથે આ નગર સૂતું છે. જાગે છે : ચમત્કારપુર, આનર્તપુર, આનંદપુર-સ્કંદપુર-અર્કસ્થલિ અને વૃદ્ધનગર? 'હા. સંસારના સૌથી વિદ્વાન, અનુભવી, શાણપણનાં પ્રતીક અને વિશ્વ-સમસ્યામાં દોરવણી આપનારા 'વૃદ્ધો' અહીં રહેતા હતા એટલે નામ પડ્યું વૃદ્ધનગર! ચીની યાત્રિક હ્યુ-એન-ત્સાંગની યાત્રાકથામાં વડનગર - કથા શોભે છે, સાતમી સદીના એ હસ્તાક્ષરો ! બે હજાર વર્ષ પૂર્વેનું આ 'ચમત્કારપુર' ચમત્કાર શબ્દ આનર્ત-રાજાના નામ સાથે જોડાયેલો હતો. સમગ્ર પ્રદેશને માટે 'આનર્ત' શબ્દ પ્રયોજાતો. તેનું મુખ્ય નગર એ સમયનું 'ચમત્કારપુર', કારણનું કારણ એ કે રાજવી ચમત્કાર દેવનો કોઢ શંખ તીર્થમાં ચૈત્ર માસે પવિત્ર સ્નાન અને પૂજાથી નષ્ટ થયો હતો ! ફોર્બસે એવું નોંધ્યું છે કે અયોધ્યાના શાસક કનકસેને ઈ.સ.પૂર્વે ૧૪૪-૪૫માં વડનગર બંધાવ્યું હતું - પ્રાચીન ભૂમિ પર અર્વાચીન નગર! અબુલ ફઝલે 'આઈને અકબરી'માં અહોભાવથી લખ્યું. (૧૫૯૦ એ.ડી.) કે અહીં ૩૦૦૦ પેગોડા છે. દરેકનું સંચાલન બ્રાહ્મણો કરે છે. ૧૭૨૬ પછી આ નગર ગાયકવાડીનો ભાગ બન્યું. સંગીત, સાહિત્ય અને શિલ્પ, એ વડનગરે જાળવેલાં સંસ્કાર ક્ષેત્રો છે.

સંગીત, સાહિત્ય અને શિલ્પ, એ વડનગરે જાળવેલાં સંસ્કાર ક્ષેત્રો છે અને ઓગણીસમીથી એકવીસમી સદીની વચ્ચે આ ઐતિહાસિક નગરે સ્વરાજ અને સુશાસન- બંનેનાં તોરણ બાંધી આપ્યાં છે

...અને ઓગણીસમીથી એકવીસમી સદીની વચ્ચે આ ઐતિહાસિક નગરે સ્વરાજ અને સુશાસન- બંનેનાં તોરણ બાંધી આપ્યાં છે.

એમાંના એક હતા ભગવતીચરણ વોરા. સરદાર ભગતસિંહના પ્રિય સાથીદાર, ક્રાંતિમંડળના 'થિન્ક ટેન્ક'. જન્મ્યા હતા લાહોરમાં, પણ પિતામહનો નિવાસ વડનગરમાં રહ્યો. વડનગરા નાગર બ્રાહ્મણ. યુવા વયે ભગવતીચરણે લાહોરની નેશનલ કૉલેજમાં અભ્યાસ કર્યો. ભારતીય સ્વતંત્રતા માટે રોમેરોમમાં જ્વાળા, શસ્ત્ર અને શાસ્ત્ર બંનેના રસ્તે ભારતની આઝાદી પ્રાપ્ત થશે એવી દૃઢ માન્યતા. તેમાં ગૃહલક્ષ્મી દુર્ગાદેવીનો સંગાથ મળ્યો. તે પણ વડનગરા બ્રાહ્મણ- કન્યા લગ્ન પછી તમામ ક્રાંતિકારોનાં આદરણીય અને લાડકાં ભાભી બનીને રહ્યાં.

ભગતસિંહ-રાજગુરુ-સુખદેવને દિલ્હી એસેંબલીમાં બોમ્બ ફેંકવાથી માંડીને લાહોરમાં લાજપતરાય પર જુલૂસમાં લાઠી વીંઝનારા સોંડર્સનો વધ કરવા સુધીના આરોપો માટે ફાંસીની સજા સંભળાવવામાં આવી.

ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા'માં લખેલા લેખના જવાબમાં ભગવતીચરણે "ભારતીય આઝાદી માટેના બોંબની ફિલસૂફી"નો લાંબો લેખ લખ્યો હતો.. ક્રાંતિની વેદી પર બલિદાન આપીને નવા ભારતની પરિકલ્પના કેવી હોઈ શકે તેની વાત કરતાં સ્પષ્ટ કર્યું હતું કે હિંસા-અહિંસાના પ્રશ્ન કરતાં અધિક મહત્ત્વ આપણી ગુલામીને સમાપ્ત કરવાનું છે.

ભગવતીચરણે લાહોર જેલમાંથી બંદી ભગતસિંહને છોડાવવા માટે સશસ્ત્ર વિકલ્પનો પ્રયાસ કર્યો પણ ૨૮ મે, ૧૯૩૦ના રાવી નદી કિનારે બૉબની પરીક્ષા કરતાં કરતાં વિસ્ફોટ થતાં તેમણે આહુતિ આપી. 'ઇન્કિલાબ ઝિંદાબાદ!' નો નારો એ વર્ષોમાં દેશભરમાં ગાજ્યો, તેમાં ભગતસિંહ-ભગવતીચરણનું સૌથી મહત્ત્વનું પ્રદાન રહ્યું.

વડનગરની કઈ ગલીઓમાં ભગવતીચરણના પૂર્વજોનું મકાન હશે? આજે તો તે શોધી ભલે ન શકાય, પણ જમીન પર કાન માંડો તો આ વીર વિપ્લવીનો અવાજ સાંભળવા મળશે. ઇન્કિલાબ ઝિંદાબાદ!

.. અને નરેન્દ્ર મોદી?

દામોદરદાસ મોદીના સામાન્ય પરિવારમાં જન્મેલા નરેન્દ્ર " સામાન્યથી અ-સામાન્ય" કઈ રીતે બન્યા તે અર્વાચીન ગુજરાત અને ભારતની અદ્ભુત કહાણી છે. બાળપણમાં વડનગરમાં અભ્યાસ, પછી પરિભ્રમણ, અમદાવાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો નિર્ણાયક પરિચય, પ્રચારક જીવન અને ભારતીય જનસંઘથી ભારતીય જનતાપક્ષનો રાજકીય પુરુષાર્થ, સંગઠન અને શાસન-બંનેમાં નિષ્ણાત નરેન્દ્રભાઈ મોદી આજે વૈશ્વિક સ્તરે લોકતંત્રના પ્રથિતયશ વડાપ્રધાન તરીકે આદર પામી ચૂક્યા છે. રાજનીતિ, સમાજ, શિક્ષણ અને સાહિત્યમાં તેમણે કેડી કંડારી. એમ.એ. સુધી અભ્યાસ કર્યો અને સંઘ-સંસ્કારોની પાઠશાળામાં ઘડાયા. પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી અને પછી ભારતના વડાપ્રધાન! આવાં તેજનક્ષત્રનાં ગૌરવની ભૂમિકા વડનગરમાં નિર્માણ પામી છે.

વડનગરની ભૂમિ પર પગલાં માંડશો અને કેટલાં બધાં સ્થાનોનો હૃદયસ્પર્શી અનુભવ થશે. આ જ છે નગરના વારસો-વૈભવની યાત્રા.

વડનગર, પ્રાચીન કાળથી જ દેવાલયોની નગરી હતું. 'આઈને અકબરી'માં અબુલ ફઝલ નોંધે છે કે અહીં ૩૦૦૦ મંદિરો હતાં! શિવ અને શક્તિનાં ભક્તિકેન્દ્રો. આજેય તેમાંથી સમય પ્રવાહમાં ટકી ગયેલાં દેવાલયો પણ વડનગરના આત્માની પહેચાન કરાવે છે. અંથેરમાતા, શીતળામાતા, છત્રેશ્વરી માતા, આશાપુરી માતા, અંબાજી, સોમનાથ મહાદેવ, વિષ્ણુપુરી, ગૌરીકુંડ, ધૂણેશ્વર, મહાકાલેશ્વર, જલેશ્વર, છબીલા હનુમાન... આ યાદી પણ અધૂરી ગણાય, તેમાંનું એક ભવ્યદિવ્ય આસ્થાસ્થાન છે. હાટકેશ્વર મહાદેવનું મંદિર.

વડનગર, પ્રાચીન કાળથી જ દેવાલયોની નગરી હતું. 'આઈને અકબરી'માં અબુલ ફઝલ નોંધે છે કે, અહીં ૩૦૦૦ મંદિરો હતાં! શિવ અને શક્તિનાં ભક્તિ કેન્દ્રો. આજેય તેમાંથી સમય પ્રવાહમાં ટકી ગયેલાં દેવાલયો પણ વડનગરના આત્માની પહેચાન કરાવે છે

૧. હાટકેશ્વર મહાદેવ દેવાલય

નગરના પશ્ચિમ છેડે આરતી અર્ચના અને ઘંટારવથી ધમધમતું આ દેદિપ્યમાન સ્થાન છે, જાણે કે આકાશેથી ભગવાન શિવ સાક્ષાત્ હાજર થયા હોય તેવું ભક્તિમય વાતાવરણ! ઊંચેરા શિખર તળે વિરાજિત દેવાધિદેવ ગુજરાતના સાંસ્કૃતિક સોલંકી યુગ (કર્ણદેવ- સિદ્ધરાજ- કુમારપાળ)ની પરિકલ્પનાનો અંદાજ પૂરો પાડે છે.'નાગર ખંડ' અને 'સ્કંદ પુરાણ'માં હાટકેશ્વરનો નિર્દેશ છે. દુનિયાભરનો નાગર સમુદાય તેમના આ કુળદેવતાને અભિષેક કરવા આવે છે. એક સમયે નગર-મધ્યે શર્મિષ્ઠા તળાવ કિનારે આ મંદિરનો મહિમા સ્થાપિત હતો, અને 'ત્ર્યંબકમ યજા મહે...' નો સ્વર ગુંજતો રહેતો.

૨. શર્મિષ્ઠા તળાવ

કેવી અદ્ભુત કથા છે, આ તળાવની! તત્કાલીન યુગમાં દેશાટન કરવા નીકળતા યાત્રિકો અને મુસાફરો માટે રસ્તામાં સુંદર શિલ્પથી સમૃદ્ધ વાવ અને કૂવા બંધાવવામાં આવતા અને નગર કાંઠે રમણીય તળાવ, તેની આસપાસ શિલ્પ-સ્થાપત્ય-દેવાલયોની પંક્તિબદ્ધ રચના. શર્મિષ્ઠા તળાવ કોણે બંધાવ્યું હશે? પુરાણકથા કહે છે કે સોમવંશી રાજપુત્રીએ અભિશાપને ઓગળવા માટે આ ભૂમિ પર તપસ્યા આદરી. એક સ્ત્રીની તપસ્યા? દેવલોક ખળભળી ઊઠ્યો. છેવટે ભગવાન શિવ સાક્ષાત્ થયા, વરદાન આપ્યું. અભિશાપનું નિર્વાણ થયું, "જનસમગ્ર માટે તળાવ" બાંધવાનો સંકલ્પ થયો તે આ શર્મિષ્ઠા તળાવ! પરંતુ આ એકલું તળાવ નથી, તીર્થ અને વિકાસ-તીર્થ પણ બન્યું. રાજવી દુર્લભરાજે આ તળાવમાં સાભ્રમતી(સાબરમતી)નાં પાણી ઠાલવવાની યોજના અમલમાં મૂકી હતી.

૩. ગૌરી કુંડ

ગૌરીકુંડની આસપાસ તો દેવીદેવતાઓનો મેળો ભરાયો છે! આજે વેરવિખેર શિલ્પોમાં મનોહારી કલાની ઝાંખી થાય છે. પણ ઝાંખી માત્ર! મૂળ સ્વરૂપે આ શિલ્પ કેવું ભવ્ય હશે? તેની કલ્પના જ કરવી પડે. લક્ષ્મીનારાયણ, સુંદર સુઘડ પનિહારી, કુબેર સ્વામી, અંધકાસુર-વધ, ભગવાન શિવ, નવગ્રહો, ચતુર્ભૂજ દેવી અને તેના હાથમાં કમંડલ, સૂર્યાણી

દેવી, લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુ, આકાશે વિરાજિત સપ્તર્ષિ, અષ્ટ ઋષિમંડળ, કુર્માવતાર, કાળભૈરવ, મત્સ્યાવતાર, નૃસિંહાવતાર, મર્યાદાપુરષોત્તમ રામ, હળધારી બલરામ, લકુલીશ, સદૈવ વાણીની દેવી સરસ્વતી, બોધિસત્ત્વ, સૂર્ય અને ચંદ્ર, કૌમારી-વારાહી-મહેશ્વરી- વૈષ્ણવી- બ્રાહ્મી... માતૃકાઓના પ્રાગટ્ય...આ બધું જ પથ્થરને સજીવન કરતું શિલ્પકાવ્ય.. આજે તેમાંનું થોડુંક શેષ રહી ગયું છે.

૪. કીર્તિ તોરણ

દુનિયાભરના શિલ્પ સૌંદર્ય ચાહકો અને વિદ્વાનો જેનાથી અંજાઈ જાય છે તે છે કીર્તિ તોરણ. સોલંકીયુગમાં (૯૪૨-૧૨૪૨ એ.ડી.) આ વિજય સંકેત આપતું તોરણ બંધાયું હતું. આ કીર્તિ-સ્તંભ વડનગરની અને દેશની શોભા છે. નગરની ઉત્તરે આ સ્તંભો હતા, કેટલાક જળવાયા છે, કોઈપણ પ્રકારના સિમેંટ વિના લાલ અને પીળા પથ્થરોનાં આ શિલ્પને દીર્ઘકાલિન બનાવવા માટે છેક તળિયાથી ટોચ સુધીના આ સ્તંભના પાયા પણ એટલા જ ઊંડા રાખવામાં આવ્યા હતા. ભારતીય સ્થાપત્યકળાનો આ શ્રેષ્ઠ નમૂનો છે.

૫. તાના-રીરીની સમાધિ

સૂર, સ્વર અને સમર્પણ ! ભારતીય ઈતિહાસની આ તો છે વિશેષતા. તાના અને રીરી ભગિની-બેલડીથી શ્રેષ્ઠ ઉદાહરણ બીજું શું હોઈ શકે? આ નાગરકન્યાઓની દરેક ક્ષણ સૂરસાધનાની હતી. ભારતીય શાસ્ત્રીય રાત્રરાગિણીમાં તે બંને બહેનો તન્મય રહેતી. એકવાર સુદૂર દિલ્હીથી રખડતો-રઝળતો, આગમાં સળગતો એક ગાયક વડનગર આવી ચડે છે : અરે, આ તો શહેનશાહ અકબરશાહનાં નવ રત્નોમાંનો એક તાનસેન! તેના નામમાં જ 'તાન'નો આવિષ્કાર હતો! બાદશાહી હઠાગ્રહથી તેણે રાગ દીપક ગાયો, દીવડા તો ચોતરફ પ્રગટયા પણ તાનસેનનો દેહ પણ ભીતરમાં આગની ગરમીથી દાઝવા લાગ્યો. હવે? ઈલાજ તો હતો કે કોઈ રાગ મલ્હાર ગાય, આકાશેથી વાદળો વરસે તો જ આ અજંપાનો અગ્નિ શાંત થાય! પણ કોણ ગાશે મેઘ મલ્હાર? તાનસેને ભ્રમણ આદર્યું. બે હેતુ હતા, એક તો પોતાને શાંતિ મળે અને બીજું, ભારતવર્ષના એ શાસ્ત્રીય રાગ-રત્નની શોધ થાય! તાનસેન ગુજરાત આવે છે. વડનગરની કન્યાઓ વિશે વાત સાંભળી એટલે અહીં આવે છે.. તાના અને રીરીએ મલ્હાર સૂરથી આરંભ કર્યો, ઉનાળે આકાશ ગોરંભાયું, શ્યામ વાદળ ઊમટ્યાં, મેઘનો ગડગડાટ થયો વીજળી ચમકી. અનરાધાર વરસાદ..અને મલ્હારના સૂર! નગરજનોયે સ્તબ્ધ હતા : વૈશ્વિક ચૈતન્યની આવી મોટી સમૃદ્ધિ ભારતીય સંગીતમાં પડી છે અને તેની પ્રસ્તુતિ કરનારી સંગીત સાધિકાઓ આપણા નગરમાં વસે છે ? તાનસેનનો દેહાગ્નિ શાંતપ્રશાંત થયો. બળતરા નષ્ટ થઈ અને બે હાથ જોડીને તેણે આ સૂરસામ્રાજ્ઞીઓનો ચરણવંદન કર્યા... તાના-રીરીએ કહ્યું : બંધુ, આ સંગીત છે ને એ દરબારી ચીજ નથી. ફરમાઈશ અને વાહ-વાહની મોહતાજ નથી.. એ તો અધ્યાત્મનો આનંદ છે ! હવે પછી કોઈ શહેનશાહ ઈચ્છે ત્યારે આપણે આપણી સ્વરસાધનાને ઠાલવવી, એવું કરીશ મા!

તાનસેનની પૂર્વ સ્થિતિ અકબરે જોઈ હતી, તેણે આશ્ચર્યચકિત થઈને તાના-રીરીનું ગાન સાંભળવાની ઈચ્છા જાગી. શહેનશાહે પોતાના દૂતોને વડનગર મોકલ્યા. દિલ્હીના રાજદરબારમાં આમંત્રણ એટલે કેવી મોટી પ્રતિષ્ઠા! તાના-રીરીએ સવિનય ના પાડી એટલે બળજબરીની દિશા શરૂ થઈ. પોતાનાં આત્મસમ્માન અને સંગીતની ઊંચાઈને અજેય રાખવા માટે આ બહેનોએ આત્મ-વિસર્જન કર્યું. તે બે સમાધિ વડનગરની જ નહીં, દેશ-કળાનીયે પ્રતિષ્ઠા-ગરિમા છે.

અને એક બીજી કથા પણ છે, વિધવા તનુમતિ અર્થાત્ તાનાની.

અકબરના શાસનમાં 'નવ રત્ન' માંનો એક ગાયક તાનસેન દીપક રાગ ગાવાથી શરીર-દાહમાં પીડાતો થયો અને લગભગ પાગલ બની ગયો. એક સ્થાનેથી બીજા સ્થાને ભટકતો-રખડતો આવી ચડ્યો વડનગરમાં

કોણ હતી આ તાના ?

દંતકથા- લોકકથામાં જળવાયેલી તાના અદ્‌ભુત શાસ્ત્રીયસંગીતા હતી ! દરેક ક્ષણ તેની સૂર સાધનામાં સમર્પિત રહેતી. કથા કહે છે કે આ વડનગરના નાગર બ્રાહ્મણની પુત્રી હતી. પતિના દેહાવસાન પછી વૈધવ્યને તેણે સંગીતની દુનિયા સાથે જોડી દીધું હતું. નામ તો હતું તનુમતિ. પણ સૌ તેને તાના કહીને બોલાવતા. અને બચપણથી રાત્રરાગિણીની ઉપાસના એટલે 'રીરી' પણ કહેવાતી. વિધવા હોવાને લીધે સાર્વજનિક રીતે તે ગાઈ શકે તેમ નહોતું. એકવાર, મુઘલ શહેનશાહ અકબરના શાસનમાં 'નવ રત્ન' માંનો એક ગાયક તાનસેન દીપક રાગ ગાવાથી શરીર-દાહમાં પીડાતો થયો અને લગભગ પાગલ બની ગયો. એક સ્થાનેથી બીજા સ્થાને ભટકતો-રખડતો આવી ચડ્યો વડનગરમાં. તાનારીરીના મકાન પાસે ઊભો હતો, ચિત્કારતો હતો, એટલે તાનાના પિતાને લાગ્યું કે આ બિચારો મુસાફર તરસ્યો થયો લાગે છે. તેણે આ મુસાફરને પાણી આપવા તાનાને કહ્યું. તાના દરવાજાની બહાર આવી, તે પારખી ગઈ. પિતાને કહ્યું, "આ મુસાફર પાણીનો તરસ્યો નથી. તેના દેહમાં અસીમ બળતરા થાય છે. જરૂર આ શાસ્ત્રીય રાગનો જાણકાર હશે અને દીપક રાગ ગાયો હશે. દીપક રાગથી દીવડા તો પ્રગટે છે પણ દેહની ભીતર ભયંકર બળતરા શરૂ થઈ જાય છે તેનો ઈલાજ માત્ર મેઘ-મલ્હાર રાગ જ હોઈ શકે.

પિતાએ તાનાને સંમતિ આપી. તેણે મલ્હારની

સૂરાવલિનો આરંભ કર્યો. દિગ્મૂઢ તાનસેન જાણી ગયો હતો કે મારાથીયે શ્રેષ્ઠ સ્વરસાધિકા નજરની સામે છે. તેણે છેડેલો મેઘમલ્હાર રાગ છે..હા, આકાશ ગ્રીષ્મના તપતા દિવસે ઘેરાયું. શ્યામ વાદળાં ઊમટ્યાં. વીજ ચમકાર થયો. મેઘનો ગડગડાટ શરૂ થયો..અનરાધાર વરસાદ...

તાનસેને તાનારીરીને કહ્યું : બસ, હવે મારી આગ શાંતપ્રશાંત થઈ. થોભી જા હવે..મલ્હાર રાગનું અતિક્રમણ થશે તો..

અને થયું તેવું જ. વરસાદની સાથે બરફ વરસવા માંડ્યો. તન્મય તાનારીરી તો મલ્હારની દુનિયામાં ઓતપ્રોત હતી. બરફની ચાદર પથરાઈ ગઈ અને તે હિમશિલા બની ગઈ આપણી આ નાગરિકાઓ તાનારીરીને એક લોકકથા નરસિંહ મહેતાની સાથે જોડે છે. નજીકના વાલમ ગામમાં કુંવરબાઈનું મામેરું થયાની કહાણી છે.

મહાકાલેશ્વર મંદિરની પાસે તાનારીરીની સમાધિ છે.

સમયના પ્રવાહમાં નામ અને સ્થાન ભૂંસાઈ જાય છે. ''નામ ગૂમ જાયેગા, ચહેરા યે બદલ જાયેગા... મેરી આવાઝ હી પહેચાન હૈ!'' વડનગરમાં આ સમાધિ એ જ સત્યને ઉચ્ચારે છે- તાના, રીરી કે તનુમતિ : સ્વરની તેની સાધના અખંડ છે, સનાતન છે. આજે પણ તાના-રીરી ઉત્સવથી રાજ્ય સરકાર તેને સમુચિત શ્રદ્ધાંજલિ અને આદરાંજલિ અર્પે છે. ખ્યાતસુખ્યાત શાસ્ત્રીય કલાકારો અહીં સંગીત-સમૃદ્ધિ ઠાલવે છે.

છઠ્ઠી - સાતમી સદી (AD)નાં ધાતુપાત્રો દર્શાવે છે કે આ નગર હા, આનર્તપુર અને આનંદપુર નામે વૈભવી નગર હતું. "જ્ઞાનની પરંપરા જાળવવી તે અહીંના બ્રાહ્મણોનો મુખ્ય આશય રહ્યો"

વૈભવ વડનગરનો

પુરાતત્ત્વ, પુરાણ, સાહિત્ય, સંગીત, સ્થાપત્ય અને નગરજીવનની આગવી શૈલીનો અતીત લઈને બેઠું છે વડનગર.

પ્રાચીનતમ પુરાતત્ત્વનું સ્થાન

વડનગરમાં પુરાતત્ત્વીય ખોદકામે સંસ્કૃતિ અને સભ્યતાનાં અનેક સત્યને ઉજાગર કર્યાં. છઠ્ઠી-સાતમી સદી (AD) નાં ધાતુપાત્રો દર્શાવે છે કે આ નગર હા, આનર્તપુર અને આનંદપુર નામે વૈભવી નગર હતું. ''જ્ઞાનની પરંપરા જાળવવી તે અહીંના બ્રાહ્મણોનો મુખ્ય આશય રહ્યો.'' (પુરાવિદ્ પ્રા.આર. એન.મહેતા) કુમારપાળ-પ્રશસ્તિમાં તેનો સુંદર નિર્દેશ છે. હ્યુ-એન-ત્સાંગના વર્ણનથી નાગરખંડ (તીર્થ મહાત્મ્ય) સુધીનો નિર્દેશ નગરનું વર્ણન કરે છે. ઈસુ પૂર્વે બીજી-ત્રીજી સદીના અવશેષો પણ પ્રાપ્ત થયા, તેના પરથી પુરાવિદો અનુમાને છે કે મધ્યકાળ કરતાં પણ ઈ.સ.ની પ્રથમ સદીમાં વડનગરની જાહોજલાલી અધિક હશે. છઠ્ઠી સદીમાં તે 'નાગરકા' કહેવાયું.

વડનગરની પૌરાણિક ખ્યાતિ દેવાલયો અને સાહિત્યને લીધે પણ રહી. જૈન મહારાજ ભટ્ટ બાહુ(ઈ.સ.પૂર્વે પાંચમી સદી) એ ''કલ્પસૂત્ર'' જેવો ખ્યાત ગ્રંથ અહીં બેસીને લખ્યો.


ગુજરાતની ખ્યાત પરંપરિત ભવાઈ માટે જાણીતી તરગાળા જ્ઞાતિનાં ૧૦૦ જેટલાં ઘરો વડનગરનાં 'ભાવસાર-વાસ'માં હતાં.

ઈતિહાસ અને સમાજજીવન અહીં અનેક કથા-ઉપકથા અને તેનાં સ્થાનોને વ્યક્ત કરે છે. એક સમયે વડનગરનો મજબૂત કિલ્લો હતો! ૧૫૨૦માં રાણા સાંગા અને મુઝફ્ફર બીજા વચ્ચે લડાઈ થઈ ત્યારે રાણાએ ''વડનગર અને તેના નિવાસી બ્રાહ્મણો''ને સુરક્ષિત રાખ્યા અને આ શહેર પર આક્રમણ કર્યું નહીં. જોશી વેણીના પુત્ર વિષ્ણુજિકાએ 'અર્જન-બારી પ્રશસ્તિ' લખી તે મુઘલકાલીન રાજ્ય વ્યવસ્થાનો અંદાજ પૂરો પાડે છે.

ગાયકવાડની વિદ્યાપ્રીતિએ વડનગરને પણ ગ્રંથાલય-શાળા-મહાશાળા સાથે જોડ્યું. અહીંનું શેઠ ભોગીલાલ ચંદુલાલ વિદ્યાવર્ધક પુસ્તકાલય છેક ૧૯૦૫ના વર્ષનું છે! મરાઠી, ઉર્દુ, હિંદી અને ગુજરાતી પુસ્તકોનો તે ભંડાર છે. વિદ્યાપ્રીતિની આ મહેકથી વડનગર જીવંત રહ્યું છે. તરુણ નરેન્દ્ર મોદી આ પુસ્તકાલયના નિયમિત વાચક હતા.

આ છે આપણું વડનગર! ગુજરાતનું પ્રાચીન-અર્વાચીન ગૌરવસ્થાન વડનગર... અહીં દરેક પગલે- ધૂળિયા શેરી કે પાકા રસ્તા, તળાવ કિનારે કે દેવાલયના દર્શને, પુરાતત્ત્વ ખોદકામનાં ખંડિયેરોમાં અને તોરણની મુલાકાતે..સર્વત્ર વિરાસતનું વટવૃક્ષ અનુભવાય છે.

અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકદામી,
અભિલેખાગાર ભવન, સેક્ટર - ૧૭
ગાંધીનગર. મો. ૯૪૨૭૮૦૪૭૨૨



પીર શમ્સકૃત 'હંસ-હંસલીની વારતા' : મોક્ષપ્રાપ્તિની ઇસ્માઇલી કથા

- *બળવંત જાની*

હું સાત-આઠ વર્ષનો હોઈશ. પડોશમાં અમારી નજીક નિમજી આણંદજી ચારણિયાનું ઘર હતું. બાજુમાં રજબઅલી ધારશી પરાણીનું. મારા દાદાજી પોપટલાલ જીવરામ જાની અમારા ગામમાં કમળાપુર (તા. જસદણ, જિલ્લો રાજકોટ) ત્રણ-ચાર ખોજા, ઈસ્માઈલી નીમજીબાપુ, રજુબાપુ, ઈસાબાપુ અને ખુશાલબાપુ ખાસ મિત્રો હતા. પાંચમા નગરશેઠ નરશીબાપુ અને ક્યારેક અમારી ઓસરીમાં સાંજના સમયે આ છ-સાત મિત્રોની મંડળી એકઠી મળે. ધર્મની, સમાજની વાતો થાય. ખોજાનું જમાતખાનાનું અત્યંત રમણીય બાંધણીનું ભવન અમારા ગામની શોભા હતી. એના જેવું ભવ્ય જમાતખાનું અન્ય સ્થાને ન હતું. એની બાજુમાં ખૂણામાં ખાનેશ્વર મહાદેવનું મંદિર. એ મૂળ મંદિરનો નાનકડો ઓટો અકબંધ રાખીને બાજુમાં જમાતખાનાનું નિર્માણ થયેલું. જોકે એ મહાદેવનું નામાભિધાન અમારા દાદાએ 'ખાનેશ્વર મહાદેવ' રાખેલું. મારા દાદાજીને કમળાપુરના ઘણા ઈસ્માઈલ વેપારીઓ સાથે દોસ્તી. મારા દાદાજી હંટરટ્રેનિંગ કૉલેજમાંથી દીક્ષિત થઈને વર્ષો સુધી કમળાપુરમાં શિક્ષક તરીકે રહેલા. બધા ઈસ્માઈલી એમને પોપટમાસ્તર તરીકે જ સંબોધે. એમનું માન-સન્માન પણ ખૂબ. ૧૯૫૨થી મોટાભાગના ઈસ્માઈલીઓ કરાંચી-પાકિસ્તાન ભણી નીકળી ગયેલા. છેલ્લે તો રજુબાપુ, મોતીબાપુ, ખુશાલબાપુ, અને ઈસા નાનજી એમ પાંચ-છ કુટુંબો જ રહેલા. પણ એ બધાના પત્રો સતત આવતા. નિમજીબાપુ તરફથી દર વર્ષે દિવાળી પછી ધોતિયું અને મલમલનું ઝભ્ભાનું કાપડ ભેટસ્વરૂપે આવે. આ પછી એમના સંતાનો પણ બરકતભાઈ, હબીબભાઈ આદિએ પરંપરાને જાળવી રાખેલી.

મારા દાદાજી હંટરટ્રેનિંગ કોલેજમાંથી દીક્ષિત થઈને વર્ષો સુધી કમળાપુરમાં શિક્ષક તરીકે રહેલા. બધા ઇસ્માઇલી એમને પોપટમાસ્તર તરીકે જ સંબોધે. એમનું માન-સન્માન પણ ખૂબ. મોટા ભાગના ઇસ્માઇલીઓ કરાંચી - પાકિસ્તાન ભણી નીકળી ગયેલા


બાલ્યાવસ્થાના એ દિવસોમાં મારા મનમાં એક સાંજનું દૃશ્ય અકબંધ રીતે જળવાયેલું પડેલું. ખુશાલબાપુની દુકાને હું દાદાજી સાથે બજારમાં નીકળેલો અને બેસેલો. ભાડલાથી કોઈ નાનજી સવજાણી નામના ઈસ્માઈલી બુઝુર્ગ આવેલા અને તેઓ 'હંસ-હંસલીની વારતા અને મૂળબંધનો અછોડો' સમજાવતા - કહેતા એમની પાસેથી પીળા પૂંઠાવાળી નાનકડી ચોપડીમાંથી વચ્ચે-વચ્ચે વાંચે અને કથે. સાંજનું એ દૃશ્ય મારા હૃદય ગહ્‌વરમાં ભંડારાયેલું. જતી વખતે એ ચોપડી મારા દાદાજીને આપતા કહેલું કે 'પોપટમારાજ નિરાંતે આખી વાંચજો'. મારા દાદાજીના પુસ્તકસંગ્રહમાં એ આજ સુધી સચવાયેલી. એનો મૂળ ઢાળ મનમાં છે પણ કોઈ જૂના ઈસ્માઈલી પાસેથી પુનઃ શ્રવણવાન કરવાની ઝંખના છે. કૅનેડામાં કોઈક ગાય છે એવા સમાચાર મને અમારા પરમ સ્નેહી પ્યારઅલી જીવા પાસેથી મળ્યા છે. કૅનેડાનિવાસી વિશ્વખ્યાત ગાયક સન્મિગ અલી સુંદરજી પણ ગાયકને ખોળે છે. વર્ષો પછી મને એ કથાકૃતિનો અભ્યાસ પ્રસ્તુત કરવાની ઈચ્છા થઈ એટલા માટે કે ઈસ્માઈલી પરંપરાના દીર્ઘ આખ્યાનમૂલક ગુજરાતી કથાકૃતિઓ વિશે બહુ સ્વાધ્યાય અને સંશોધન થયાં નથી. આપણી મધ્યકાલીન સાહિત્યની પરંપરામાં ચારણી અને ઈસ્માઈલી પરંપરાના આખ્યાન સદૃશ રચનાઓનો પરિચય પણ ઉમેરાવો જોઈએ.

મારા દાદાજીની પાસે સચવાયેલી મુક્તિ જૂની આવૃત્તિ-પ્રત અહીં સંપાદિત કરી છે. મૂળ પ્રતની જોડણીમાં-લિપિમાં કોઈ શુદ્ધિ-વૃદ્ધિ કરી નથી. સાંપ્રતકાળે જીવંત પરંપરામાં આનો પાઠ સાંભળવામાં આવે, તો કંઠસ્થપરંપરાનું રૂપ અવલોકવાનું શક્ય બને 'ગોવરચંદનો આખિયાંન'માં એ શક્ય બનેલું. અહીં મૂળ જૂની મુદ્રિત પ્રતને જ વફાદાર રહીને સંપાદિત



કરીને એની વિષયસમગ્રીનો આસ્વાદ તથા એમાંના કથાઘટકોનો પરિચય કરાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

હજરત પીર શમ્સની મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આખ્યાનના કુળની ૫૦૪ કડીની મધ્યકાલીન ગુજરાતી 'પ્રહ્‌લાદાખ્યાન'ને મળતી જ આ રચના છે. અહીં ભક્તપ્રહ્‌લાદની જ કથાને ભક્તિના માહાત્મ્યના સ્વીકાર માટે પસંદ કરવામાં આવી છે. પરંતુ ઈસ્માઈલી પરંપરામાં આ કથા એક વિશિષ્ટ અને નવા-જુદા જ અર્થદર્શન સાથે તેઓ આલેખે છે. અહીં સત્તાની પ્રાપ્તિ પછી રાજવી બનેલો પ્રહ્‌લાદ પણ મૂળ ધર્મને, એના સાહજિક માર્ગને ભૂલવાની, વિપથગામી બનવાની ભૂલ છે. પાછળ આવું કથાકથન આયોજન કરવાનો હજરત પીર શમ્સનો મુખ્ય આશય એ જણાય છે કે સત્તા એક ભારે મોટું દૂષણ છે, અધ્યાત્મ સાધનામાં બાધકરૂપ છે. એનું વળગણ મોહ અને મદથી માનવીને ભાન ભુલાવે છે. પરંતુ મૂળ આત્મા જો પોતે જ ઉચ્ચ હોય, ભક્તિ અને ભગવાનને વરેલો હોય તો અંતે એ વિનિપાતથી બચે છે. આમાં નિમિત્ત રૂપે હંસ-હંસલી બને છે. આમ મૂળ કથાનું અહીં ઈસ્માઈલ પરંપરામાં સર્વથા ભિન્ન એવું રૂપાન્તરણ છે તે સકારણ છે એટલું જ નહીં પરંતુ પ્રતીતિકર પણ છે. સાથે સાથે મૂળ હિન્દુધર્મની જે શ્રદ્ધા-આસ્થા છે, તત્ત્વજ્ઞાન છે તેનો જ આધાર આ નીજારી પરંપરાથી પણ જળવાયો જોવા મળે છે. ભારતીય તત્ત્વમતની દૃષ્ટિએ 'હંસ' આત્માનું પ્રતીક છે, એ શ્વેત છે, શુભ્ર છે, કેવળ મોતીનો ચારો ચરે છે. એટલે કે આત્મા પોતે હકીકતે એક વિશુદ્ધ તત્ત્વ છે, વિમુક્ત છે,



અમર્ત્ય ઈશ્વરની જ નજીક છે અને પ્રક્ષેપોથી મુક્ત બનેલો આત્મા બીજી કોઈ જ છાયા મોહમાયાને પોતાના પર પડવા દેતો નથી. 'શુદ્ધ મોતીનો ચારો'નો આવો નિહિત અર્થ છે. પ્રેક્ષેપ્તથી મુક્ત એવો આત્મા મોહ-માયા-મદ-મત્સર જેવા છ રિપુઓથી સંપૂર્ણપણે સુરક્ષિત છે. મૂળ ભક્તના વિશુદ્ધ આત્મા પર સત્તામદનો ઓછાયો પડે ત્યારે એ પ્રેક્ષેપનો ભોગ બને, પોતાના મૂળ સ્વરૂપની પ્રતીતિ ગુમાવે, ઓળખ ગુમાવે, મોહાદિનો ભોગ બને, એટલે એનો વિનિપાત થતો જાય. પરંતુ મૂળ સ્વત્ત્વ-તત્ત્વ પડ્યાં હોય તો કોઈક જાગૃતિની પળે એનો હંસરૂપી આત્મા ફરી મૂળ સ્વરૂપની પ્રતીતિ પામે છે. આવો આધ્યાત્મિક અર્થસંદર્ભ અહીં હંસ-હંસલીની કથાના સંદર્ભે અવલોકી શકાય છે. મને એ રીતે આ ઈસ્માઈલ ભારે રસપ્રદ અને અર્થપૂર્ણ જણાયું છે.

સાચી સાત્ત્વિક અને ધર્મનિષ્ઠ જમાત કેવી હોવી જોઈએ અને આવી જમાતના મિત્ર, પથદર્શક અને ધર્મદિશા દેખાડનારા ગુરુ જેવા મુખી પણ કેવા હોવા જોઈએ તે આદર્શને પણ અહીં આ આખ્યાનક તત્ત્વબોધાર્થસભર કથાકૃતિમાં આલેખવામાં આવ્યો છે

આ સાથે જ અહીં કથાનકમાં એના રચયિતા ઈસ્માઈલી સંપ્રદાયના 'મુખી' અને 'જમાત'ના શુદ્ધ સંસ્થારૂપને પણ સાંકળી લીધેલ છે. મુખી જમાતનો મુખ્યા છે, માર્ગદર્શક છે, સત્યશોધક અને સત્યનિષ્ઠ છે, એ ક્યારેય કોઈ પણ બાહ્ય સત્તાના દોર દમામને, એના ભયને કે લોભ લાલચને વશ થતો નથી. એની આ શક્તિ એમને એની 'જમાત'માંથી જ મળે છે. એ જમાત પોતે પણ જો કોઈ મોહ કે ભયને વશ થાય એવી ન હોય, ગમે તે પરિણામ આવે તે ભોગવવા તત્પર રહીને ન્યાય અને સત્યના ધર્મમાર્ગને ત્યાગ ન કરે એ અનિવાર્ય છે. તો જ એનાં જ બળ-સામર્થ્ય એના મુખીનાં બળ-સામર્થ્ય-નિષ્ઠા-નીડરતા બની શકે છે. આવી સાચી સાત્ત્વિક અને ધર્મનિષ્ઠ જમાત કેવી હોવી જોઈએ અને આવી જમાતના મિત્ર, પથદર્શક અને ધર્મદિશા દેખાડનારા ગુરુ જેવા મુખી પણ કેવા હોવા જોઈએ તે આદર્શને પણ અહીં આ આખ્યાનક તત્ત્વબોધાર્થસભર કથાકૃતિમાં આલેખવામાં આવ્યો છે.

જમાત અને મુખીમાં સમાજ અને સત્તા સામે, કોઈ પણ પ્રતિષ્ઠિત વગદાર એવી સત્તા સામે પણ નિર્ભય બનીને તેનો સામનો કરવાનાં મૂળ નીજારી ઈસ્માઈલી પંથની સ્થાપનાના પાયામાં પડેલો છે. આ સંઘર્ષગાથા અડગતાના પાયામાં સદરુદીન પીર છે. ઈ.સ. ૧૪૩૦માં તેમની નિમણૂક ઘેલમી ઉપદેશક તરીકે થઈ અને નિજારી ધર્મ કે મહાપંથની પાટપૂજાની જે ઉપાસના હતી, એ સાથે

સંલગ્ન એવી ધાર્મિક ક્રિયાઓ અને ઉપદેશક કથાઓ તથા ભજનવાણીના આગમાદિના પ્રકારો હતા એનો પણ ઈસ્માઈલી પંથમાં સ્વીકાર થયો. આ મોટામાં મોટું અકલ્પ્ય સંઘર્ષ વહોરી લેતું પગલું હતું. પીર શમ્સના અનુગામી તરીકે એમને આ સંસ્કાર ગળથૂથીમાં મળ્યા અને મહાભારતના કુંતા-દ્રૌપદી-સહદેવ સાથે જ હરિશ્ચન્દ્ર તારામતી-ભક્ત પ્રહ્‌લાદ વગેરે ચરિત્રો પણ આ પંથમાં પણ દૃષ્ટાંત તરીકે આદર્શ મનાયાં. મધ્યકાળમાં જે કંઈ સાહિત્ય પ્રકારો ભક્તિપ્રધાન ગુજરાતી સાહિત્યના હતા, જેવાં કે આખ્યાન, જ્ઞાનાશ્રયી કવિતા, ભક્તિપ્રધાન રચનાઓ અને ભજનો તે આ પંથમાં તે જ રીતે પંદરમી જ સદીના નૂર સતાસાગર દ્વારા નિઝારી ઈસ્માઈલી સંતપરંપરામાં ઊતરી આવ્યાં. જ્ઞાનાત્મક પદ રચના, વેદાંતચર્ચા, અધ્યાત્મવાદ અને સિદ્ધાંત વગેરે 'ગિનાન' એટલે કે 'જ્ઞાન' નામકરણ રૂપે ઓળખાયા. સાંજી, પ્રભાતિયાં, ધોળ વગેરે પ્રકારો તથા તેમાં પ્રયોજાતા ઝૂલણા, હરિગીત જેવાં છંદો અને ઢાળો પણ ઈસ્માઈલી દ્વારા જમાતખાનામાં ગવાતાં રહ્યાં. એ પ્રજાએ મૂળ ઢાળ ગાનમાં આજે પણ જાળવી રાખ્યા છે. આપણે ગુમાવી દીધા છે.

'ગિનાન' જેમ વિશેષ એવી જાણીતી કે વર્ગ સંજ્ઞા પ્રચલિત બની તેમ રવેણી-આગમ-ગુરુમાહાત્મ્યાદિ પણ આ પરંપરામાં આવ્યાં અને તે માટે તથા જ્ઞાન અને અધ્યાત્મના પાયાના સિદ્ધાંતનું નિરૂપણ કરતા તત્ત્વજ્ઞાનાશ્રયી પ્રકારો માટે નવી જુદી સંજ્ઞાઓ પ્રયોજાતી થઈ, મારી દૃષ્ટિએ કથાત્મક સંદર્ભ 'મૂળબંધ' અને 'અછોડો' આવી સંજ્ઞાઓ છે. શબ્દકોશગત અર્થ કે વ્યવહાર પ્રયુક્ત અર્થથી આવા ભક્તિપ્રધાન કથાશ્રયી કાવ્યસ્વરૂપમાં પ્રયોજાતા 'મૂળબંધ' અને 'અછોડો'ના અર્થ ભિન્ન છે. ઈસ્માઈલી પરંપરાના પોતીકાં છે.

'ગિનાન' જેમ વિશેષ એવી જાણીતી કે વર્ગ સંજ્ઞા પ્રચલિત બની તેમ રવેણી આગમ - ગુરુમાહાત્મ્યાદિ પણ આ પરંપરામાં આવ્યાં અને તે માટે તથા જ્ઞાન અને અધ્યાત્મના પાયાના સિદ્ધાંતનું નિરૂપણ કરતા

આટલી ભૂમિકા પછી એવં હજરત પીર શમ્સની 'મૂળબંધનો અછોડો યાને હંસ-હંસલીની વારતા' નામક કુલ ૫૦૪ કડીની આખ્યાનમૂલક વાર્તા રૂપની કૃતિની વિષયસામગ્રી સંક્ષેપમાં અવલોકીને આ કથાના કુળ-મૂળ અને પ્રયુક્ત કથાઘટકો તપાસવાનો અને એનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

વિષયસામગ્રીનો પરિચય

ઈમામ કેવળાશીને સદગુરુ જાણો અને નરનંદ ગોકુળના ગોવિંદના ગુણ ગાઓ. શૂન્યકાળમાં તે બાળકનું વીમરસ હતું તે પ્રમાણ (આધારરૂપ મૂળ ગ્રન્થ)માં જણાવ્યું છે. ગુરુ શમ્સે આ વિશે ચિંતન કરી જાણ્યું છે કે તે વીમરસ પ્રમાણમાં લખ્યું છે. આ ગુરુનર તે જ અલી છે, તે કેવળાશી સતગુર બ્રહ્મા પ્રમાણ છે. (એ અનુસાર) પ્રથમ કહેતા (કૃત) યુગમાં આવ્યા પછી શૂન્યકાળમાં તે ઈમામ કેવળાશી તરીકે ઓળખાયા. એ કૃતયુગમાં સતગુરુ બ્રહ્માજી તરીકે ઓળખાયા અને તેમના વડે સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ કરવામાં આવી અને શૂન્યકાળ (=અકાલ, નિરંતર વ્યાપ્ત કાળનું આદિ)માંથી ચાર કલ્પની રચના કરી અને ત્યાં અનંત કરોડી અવતાર ધર્યો. હરિના અપ્રગટ (ગુપ્ત) રૂપના આરંભ-અંતને કોઈ જ સીમા નથી તેની જ સાક્ષી આ કથાકૃતિ 'મૂળબંધ'માં સાર રૂપે છે. શૂન્યકાળમાંથી જ્યારે ગુરનર દ્વારા ચાર કલ્પની રચના કરી ત્યારે અનંત દેવે અવતાર લીધો અને પછી ચાર કલ્પની રચના કરીને હરિએ અવતાર ધર્યો. તેમણે નૃસિંહના રૂપ ધારણ કરીને ભક્તને ઉગાર્યો. 'મૂળબંધ'ની વાત આ કડવક (કડવાં, કડીઓમાં દર્શાવ્યા) માં લખી પછીના પ્રમાણરૂપ કડવાં લખ્યા છે. હે મુનિવરો, તમે શમ્સની વાણી સાંભળો અને તેમાં આલેખાયેલી-કહેવાયેલી ભક્ત પ્રહ્‌લાદની કથા (વખાણ, વ્યાખ્યાન, આખ્યાન) છે તે હવે સાંભળો.

પ્રહ્‌લાદનો જ્યારે જન્મ થયો ત્યારે મહારાજ હિરણ્યકશ્યપ દેવનંદ નામના જોશી (બ્રાહ્મણ)ને (જન્મના ગ્રહ, જન્માક્ષર અને ભાવિ જાણવા) મળ્યા અને કહ્યું, 'દેવચંદ જોશી, સાંભળો આજ રાતે મારે ત્યાં પુત્રનો જન્મ થયો છે. તેની જન્મોતરી બનાવો. એનું નામ ગોતી આપો.' (જોશીએ જન્માક્ષર માંડી જણાવ્યું કે બાળકનો જન્મ) મૂળનક્ષત્રમાં માગશર માસની આઠમે થયો છે. હે હિરણ્યાકંસ (હિરણ્યકશ્યપ) સાંભળો. આ પુત્રથી તમારો ઘાત થશે.' જ્યારે રાણીને મહેલમાંથી શીખ, આવી સલાહ આપવામાં આવી ત્યારે હરિ એની વહારે આવ્યા. રાણીને વનવાસ આપ્યો ત્યારે એમની પાસે નારાયણ આવ્યા, નૃસિંહ (નરસંગ) આવ્યા અને બાળક તરીકે જન્મેલા પોતાના ભક્તની રક્ષા કરવા ગુપ્ત રીતે ત્યાં સમીપે જ રહ્યા. રાણી જેનું નામ કેસર હતું તે કજલી (કદળી) નામના વનમાં આવ્યાં. રાત થતાં વાનર-રીંછ હાહાકાર વરતાવવા લાગ્યા. (બાળક ત્યારે ત્રણ વાસાનું-દિવસનું- હતું) ત્યારે માગશર સુદ

અગિયારસ આવી. પ્રહ્‌લાદનો જન્મ (ઉછેર આમ) વનવાસમાં થયો ત્યારે હરિએ પોતે જ સુયાણી રૂપ લીધું અને કેશર પાસે આવી બેઠા. રાણી બોલ્યાં, 'આ વનમાં તો કોઈ દાસ-દાસી નથી (ત્યાં અહીં આવી ચડેલી) તું કોણ છે ?' તે બોલી; 'હું સુયાણી છું. મારું નામ અજબ સુયાણી છે.' કેશરરાણી આ સાંભળી હરખાયાં. આ સાથે માગશર માસની આઠમ અને બુધવારે મૂળ નક્ષત્ર હતું. ને સૂયાણી બનેલા હરિએ પ્રસૂતિ કરાવી, જન્મતા બાળકની નાડ કાપી. આમ હરિ છ રાત સુયાણી બનીને રહ્યા ને સેવા કરી. આસોપાલવના વૃક્ષે પારણું બાંધ્યું. કામધેનુનાં દૂધ પાયાં. ગાયના ગોવાળિયા રાજા પાસે આવ્યા ને કહ્યું, 'રાજાજી, વનમાં એક બાળક રમે (ઉછરે) છે. તે બાળક રૂડું-રૂપાળું અને રળિયામણું છે. આપ એને મહેલમાં રાખો.' આ વાત સાંભળી રાજા શિકારે ચડ્યા ત્યાં અનેક રૂમી-હબશી (=ભીલ) મળ્યા. રજાના હાથી ઘોડા ભાગ્યા. ત્યારે રાજાએ બ્રાહ્મણને પૂછ્યું આ બધું શું થયું ? હાથી ઘોડા કાબૂમાં કેમ રહેતા નથી અને ભાગી છૂટે છે.' જોશી કહે 'હે રાજા, તમે ફરી વનમાં જાવ અને સ્તુતિ કરી (ભીલોની આધીનતા સ્વીકારો' ત્યારે રાજાજી ફરી વનમાં ગયા, એક રાત વનમાં રહ્યા અને ઘણી વિનંતી કરી બાળકને વનમાંથી નગરમાં લાવ્યા. કાશ્મીરની મધ્યમાં, ક્ષીર સાગર પર રાજા હિરણાકંસનું રાજ છે. રાજાએ પંડિતને કહ્યું, 'વિચારીને કુંવરનું નામ પાડો' જોશીએ જોશ જોયા અને કહ્યું, 'રાજાજી, આનું નામ પ્રહ્‌લાદ પાડો પણ આ કુંવર તમારા કામ વણસાવશે. આથી આ કુંવર અણમાનીતી રાણીના હાથમાં મૂકો. એ કુંવરની ઘાત કરશે. (જોશીએ પંડિતે રાજાજીને આવું ઘણું કહ્યું. રાજાએ ઘણું ખાધાખરચ (પુરસ્કાર, દાન) આપ્યું જગો નામનો જોશી મુલતાનમાં વસતો હતો.

'આ કુંવર તો તમારો જ ઘાત કરશે. જેના ઘરે ઉગમણેથી આથમણે સુધીનું રાજ્ય છે, લાખો હાથીઘોડા છે તે રાજા હિરણાકંસ જ મોટો દેવ છે. હે કુંવર, તું એની સેવા કેમ કરતો નથી ?' ત્યારે કુંવરે કહ્યું; 'જગતમાં આવા રાજાઓ તો કાયમ આવે છે અને જાય છે

પ્રહ્‌લાદ જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે પાટી લઈને ભણવા ગયા. બહુ નિશાળિયા ભણતા હતા એ નિશાળમાં કુંવર પ્રહ્‌લાદ આવ્યા. ત્યાં બધા જ (નિશાળિયા) હિરણાકંસનું નામ જ ભણતા હતા પરંતુ કુંવર નૃસિંહનું નામ લેવા લાગ્યો. નૃસિંહ સિવાય બીજું કોઈ નામ એની જીભે ચડતું ન હતું. શિક્ષકે હિરણાકંસનું નામ લખવા કહ્યું ત્યારે કુંવરે નૃસિંહનું નામ લખ્યું. સર્વેને પણ મારી મારી કુંવરે તત્કાળ નૃસિંહનું નામ લખાવ્યું. શિક્ષક પાછા ફર્યા બીજું જૂઠું જ કામ પ્રહ્‌લાદનું જોયું અને વિચાર્યું, 'આ કુંવર તો મોટા કાળ જેવો છે. એણે તો મારી આખી નિશાળ વણશાણી, બગાડી નાખી આમ વિચારી એણે કુંવરને કહ્યું, 'તું કેમ ભૂલ કરે છે ? તારા બાપનો જે દુશ્મન છે એનું નામ તું લખે છે, અને બધા પાસે લખાવે છે.' ત્યારે કુંવરે શિક્ષકના માથે પાટી મારી કહ્યું; 'અલ્યા પંડિત, હરિને વળી દુશ્મન કહેવાય ? જેણે આ ધરતી, આકાશ, પવન, પાણી, પ્રકાશ, જીવસૃષ્ટિનું સર્જન કર્યુ (એને દુશ્મન કહેવાય ?) હરિના ચરિત્રનો કોઈ અંત નથી. હરિના નામથી તો આપણા શરીરનાં અંગ પાવન થાય છે. એને હે અંધ ! તું દુશ્મન કેમ કહે છે ?' શિક્ષકનું માથુ ફૂટ્યું, લોહી વહેવા લાગ્યું. બધા બ્રાહ્મણો ભેગાં મળી રાજદરબારમાં ગયા અને પોકારવા લાગ્યા; અરે રાજા તારા કુંવરે બ્રાહ્મણની હત્યા કરી છે. બ્રાહ્મણના માથામાં પાટી મારી છે. એના માથામાંથી લોહી ટપકે છે. હવે તમે જ કહો રાજાજી આવા કુંવરને પંડિત (શિક્ષક) શું કરે ? હે રાજા, તારો જ જે દુશ્મન છે તે હરિનું તમારો કુંવર નામ લે છે. પચાસ વાર પાટીમાં લખાવ્યું તો બધીમાં શ્રીનૃસિંહનું નામ લખ્યું. 'પંડિતે ત્યારે કહ્યું, 'તું હરિનું નામ લેવાનું તજી દે. એનું નામ લખવાનું તારે શું પ્રયોજન છે ? 'ને ત્યારે એણે માથામાં પાટી મારી.' આ સાંભળી હિરણાકંસને રીસ ચડી. દશ-વીસ જણને કુંવરને પકડી લાવવા મોકલ્યા.' તમે કુંવરને પકડી લાવો. કહો કે તારા પિતા બોલાવે છે. અમે જ એને જે વાત બની તે પૂછીને જાણીએ.' આથી કુંવર જ્યાં પાટી લઈને જતો હતો ત્યાં જઈ કુંવરને કહ્યું, 'કુંવર, તમે અમે કહીએ છીએ એ પ્રમાણે કરો. તમે જેનું નામ લખ્યું છે તે તમારા પિતાનો દુશ્મન છે. ત્યારે કુંવરને રીસ ચડી અને દશ-વીસ પાટી પંડિતને મારી જે કારણે વેદની વાણી પણ બળી જાય તેને ગુરુને માર્યાની હત્યા લાગે. ત્યારે હવે બ્રાહ્મણે કહ્યું, 'આ કુંવર તો તમારો જ ઘાત કરશે. જેના ઘરે ઉગમણેથી આથમણે સુધીનું રાજ્ય છે, લાખો હાથીઘોડા છે તે રાજા હિરણાકંસ જ મોટો દેવ છે. હે કુંવર, તું એની સેવા કેમ કરતો નથી ?' ત્યારે કુંવરે કહ્યું; 'જગતમાં આવા રાજાઓ તો કાયમ આવે છે અને જાય છે. રાજાનું મૃત્યુ થાય છે. રાજ્ય ફના-ખુવાર થાય છે. તમને બધાંને જેણે સર્જ્યાં છે તે નૃસિંહ ભગવાન પોતે જ શ્રીનારાયણ છે. એ પ્રભુ જ મારા પ્રાણમાં વસે છે. દુષ્ટ એવા રાજાનું મુખ અમે શા માટે જોઈએ ? 'કુંવર

આવાં વચન બોલ્યા ત્યારે થયું આવા કુંવરનું નામ જ લેવા જેવું નથી. પ્રહ્લાદનું તો ચિત્ત જ ફરી ગયું છે કે તે ઘેલી-ઘેલી વાતો કરે છે.

પછી કુંવર રાજદ્વારે આવ્યો. જમ જેવો હિરણાકંસ ઊભો થયો ને પ્રહ્લાદ પાસે જઈ ઊભો રહ્યો અને પૂછ્યું, 'તમે પાટીમાં શું લખ્યું છે તે મને વાંચીને સંભળાવો.' ત્યારે પ્રહ્લાદે પાટી જ રાજાજીના હાથમાં પકડાવી દીધી. હિરણાકંસને રીસ ચડી. કુંવરને એને દશવીસ પાટી ફટકારી કહ્યું; 'હાંરે કુંવર તમે આપણા દુશ્મનનાં નામ લખવાનાં કામાં કરો છો ? તું એ નામ લેવાનું છોડી દે. નહીં તો હું તને મારીશ.' કુંવર કહે; 'નૃસિંહનું નામ લેવાનું શા માટે અમે તજીએ ? એના હાથમાં જ સમગ્ર સૃષ્ટિનાં કામ છે.' ત્યારે હિરણાકંસ બોલ્યો; 'આ કુંવરને પકડી મારી નાખો.' ત્યારે કુંવરને પાણીમાં ડુબાડી દેવા પ્રયત્ન કર્યો તો નૃસિંહ કુંવર પ્રહ્લાદની વહારે ધાયા. હંસ ઊડતા-ઊડતા ત્યાં આવ્યા અને કુંવરને પકડી પોતાની પાંખમાં ત્રણ દિવસ રાખ્યા. પછી હંસે કુંવરને સલામત રીતે માતા કેસર પાસે લાવીને મૂક્યો. કુંવર પ્રહ્લાદ નૃસિંહ-નૃસિંહના ગુણ ગાવા લાગ્યા. નૃસિંહના ગુણ ગાતો, નામ સ્મરણ કરતો કુંવર પ્રહ્લાદ દરબારમાં આવ્યો ત્યારે હિરણાકંસે કહ્યું; 'તું નૃસિંહનું નામ લેવાનું તજી દે તો હું તારું બધું કહ્યું કરીશ, તારાં બધાં જ કામ કરીશ (તારી ઇચ્છાઓ પૂરી કરીશ. ત્યારે પ્રહ્લાદે કહ્યું; 'તમારે મારો ઘાત કરવો હોય તો કરો પરંતુ હું તો મારા મુખે શ્રીનૃસિંહનું જ નામ લઈશ.'

ત્યારે હિરણાકંસે પાડાની ખાલ મગાવી તેમાં પ્રહ્લાદને સીવી લીધો અને ડુંગર પર મૂકી દીધો અને રાજાએ વિચાર્યું. હવે ભલે નૃસિંહ એની વહારે ધાય ! ત્યારે પાડાની ખાલ ફાટી, પ્રકાશ થયો અને ભમર ઢોલિયો હાજર થયો. માતા કેસરે આવીને જોયું તો કુંવર ભમર ઢોલિયે સૂતેલા ! કુંવરે કહ્યું; 'માતા, તમે મારી ચિંતા કેમ કરો છો ? મારી પાસે તો ભગવાન નૃસિંહ છે, તમે નિરાંતે તમારા મહેલમાં જાવ.' આમ ત્રણ દિવસ ગયા તે પછી કુંવર પ્રગટ થયા (નગરમાં પ્રવેશ્યા ત્યારે) ચોકીદાર પકડીને રાજદરબારમાં રાજા પાસે લાવ્યા પરંતુ કુંવર પ્રહ્લાદ તો નૃસિંહનું નામ રટતા જ રહ્યા. ત્યારે હિરણાકંસ બહાર નીકળ્યો અને કુંવરે નૃસિંહને પોકાર્યા. હિરણાકંસે કહ્યું; 'મારું કહેવું માન નહીં તો હું તને મરાવી નાખીશ.' પ્રહ્લાદ કહે, 'તમારે કરવું હોય તે કરજો. તમને તમારા ધર્મની આણ છે.'

ત્યારે હિરણાકંસે લોઢાની ઘાણી મગાવી એમાં પ્રહ્લાદને બેસાડ્યો એ સાથે લોઢાની ઘાણી ભાંગી અને એના નવ કટકા થઈ ગયા. હિરણાંકસ કોપ્યો અને દારૂ પાઈને હાથીને છોડ્યો. મદથી મસ્ત હાથી પ્રહ્લાદ સામે ધસ્યો. પ્રહ્લાદ એમને નમી પડ્યો. જેના શરીરમાં જ હરિ વસે છે એને કેસર નામનો આ હાથી પોતાના પગ તળે કેવી રીતે ચગદે ? ત્યારે લોકો ટોળે મળ્યા અને કહેવા લાગ્યા, નૃસિંહ દેવ જ સાચા છે. ત્યારે હિરણાકંસે મોટો ખાડો ખોદાવી એમાં પ્રહ્લાદને દટાવ્યો ત્યારે હરિએ એ ખાડામાં જ મોટી બજાર ખડી કરી દીધી. ત્રણ દિવસ પછી પ્રહ્લાદ ફરી નગરમાં આવ્યા તો નગરજનો એમને જીવતા થયેલા જોતાં જ ભયભીત બની ભાગવા લાગ્યા. પ્રહ્લાદ માતા પાસે આવ્યા. લોકો ભયમુક્ત બન્યા અને પ્રહ્લાદ પાસે આવી તેમને નમી પડ્યા. ત્યારે માતાએ કહ્યું, 'પુત્ર પ્રહ્લાદ, અમારું કહેવું સાંભળો. તમારે નૃસિંહને જ ભજવા હોય તો મનમાં જ ભજો પરંતુ બહાર તમે તમારા પિતાના નામનું રટણ કરો. તમારા ઉપર ઘણાં દુઃખ પડ્યાં છે, એથી આટલું મારું કહ્યું તમે માનો. ચાર દિવસ તમે તમારી મક્કમતાના પંથમાં આમ ઢીલા પડો (તો તમારા પિતાનો ક્રોધ શાંત થશે.)' ત્યારે પ્રહ્લાદ બોલ્યા; 'માતા, તમે વાતનું (તત્ત્વ)નું મૂળ જાણતાં નથી. મારે માથે તો શ્રીનૃસિંહ હાજરાહજૂર બેઠા છે.' આની ખબર હિરણાકંસને પહોંચી ત્યારે એને વિમાસણ થઈ, એણે ધાર્યું કે મારું નામ જો હિરણાકંસ હોય તો હું એને મારી નજરની સામે જ બળાવી નાખું ! આમ વિચારી સમગ્ર નગરમાંથી છાણાં મગાવી તેનો ઢગલો કરી આગ મુકાવી. તેમાં પ્રહ્લાદને બેસાડ્યો. ત્યારે પ્રહ્લાદ પર નૃસિંહ ત્રૂઠ્યા. એમણે શીતળ જળની વૃષ્ટિ કરી. હિરણાકંસે નગરમાં સાદ ફેરવેલો કે હોય એટલાં છાણાં હોળીમાં નાખો. માતા કેસર રડવા લાગ્યાં. ત્યાં મનુશુધન બ્રાહ્મણ આવ્યો અને કહેવા લાગ્યો. આજ તો હોળી પ્રગટાવી રાજાજીએ એમાં કુંવરને સીંચાવ્યો છે. મારો પ્રાણ વ્યાકુળ થાય છે. ત્યારે બ્રાહ્મણ કહેવા લાગ્યો. રાજાની આજ્ઞા પાળી તમે હોળી વધાવો પરંતુ મનમા શ્રીનૃસિંહનું સ્મરણ કરો. (એ તમારા પુત્રને જરૂર ઉગારી લેશે.) હિરણાકસે રાણીને કહ્યું; 'તારો પુત્ર જ મારા માટે

હિરણાકંસે પાડાની ખાલ મગાવી તેમાં પ્રહ્લાદને સીવી લીધો અને ડુંગર પર મૂકી દીધો અને રાજાએ વિચાર્યું. હવે ભલે નૃસિંહ એની વહારે ધાય ! ત્યારે પાડાની ખાલ ફાટી, પ્રકાશ થયો અને ભમર ઢોલિયો હાજર થયો

મોટો કાળરૂપ છે. પરંતુ પ્રહ્‌લાદની વહારે શ્રીનૃસિંહ ધાયા. (અગ્નિ વચ્ચે એમણે પ્રહ્‌લાદને જીવતો રાખ્યો.)

સવાર થયું કે પ્રહ્‌લાદ રાજ દરબારમાં આવ્યા. હિરણાકંસ વિચાર કરી બોલ્યા; 'આજ હવે તમે જે માગશો તે આપીશ. હાથી, ઘોડા, ગરથ-ભંડાર જે જોઈએ તે માગો.' ત્યારે પ્રહ્‌લાદે રાજાજીને કહ્યું; 'મારી વાત સાંભળો. આ આખું રાજ્ય જ હવે તો મારા હાથમાં છે. (તમે મને શું આપવાના ?' ત્યારે હિરણાકંસને ક્રોધ ચડ્યો. એમણે ચોસઠ ગજ ઊંચો લોખંડનો થાંભલો મંગાવ્યો. એને ધરતીમાં ગોદાવ્યો. બાવન ગજ બહાર રખાવ્યા. ચોપાસ છાણાં નખાવી આગ પ્રગટાવી, થાંભલો તપાવ્યો. અગ્નિજવાળા એક જોજન જેટલી ઊંચી ઊઠી. આમ કરી પછી આજ્ઞા કરીઃ 'નૃસિંહને ભજનારને આ ધગધગતા થાંભલા સાથે બાંધો. પછી જોઈએ નૃસિંહ કેવાક એની વહારે ચડે છે !' દૈત્ય જેવો પિતા કહે છે એવો અગ્નિ કરો કે કુંવર દાઝી મરે. પરંતુ જ્યારે પ્રહ્‌લાદને સ્તંભ સાથે બાંધ્યો ત્યારે એણે નૃસિંહને સાદ દીધો. (અને આશ્ચર્ય થયું. આગથી લાલચોળ થયેલા) થાંભલા પર કીડી ચડી ચાલી રહી છે. આ જોતાં જ પ્રહ્‌લાદે સામેથી જ થાંભલાને બાથ ભરી. પ્રહ્‌લાદ કહેવા લાગ્યો કે સ્વામી ! હવે પ્રગટ થાવ. દૈત્યને મારો અને એને હવે નિરાશ કરો.

પ્રહ્‌લાદનાં સ્તુતિ સમાન વચનો સાંભળીને એ સમયે ત્યારે થાંભલો ફાટ્યો. ભગવાન નૃસિંહ પ્રગટ થયા. આ જોઈ લોક દંગ થઈ ગયા. કેટલાક દોડતા-દોડતા રાજદ્વારે પહોંચ્યા અને નૃસિંહ (આવ્યા) નૃસિંહ (આવ્યા) એમ પોકારવા લાગ્યા. રાજા પ્રહ્‌લાદને ઉગારવા આવ્યા ત્યારે હરિ બોલ્યા; 'હે દૈત્ય! તું મારી વાત સાંભળ. ભક્ત પ્રહ્‌લાદને તે ઘણું કષ્ટ આપ્યું છે.' હિરણાકંસ બોલ્યો; 'મારું કહ્યું કરતો ન હતો એટલે તો હું એને મારતો હતો.' ત્યારે નૃસિંહ બોલ્યા; 'હિરણાકંસ હવે તો હું જ તને ચોક્કસ મારીશ.' દૈત્ય કહે; 'સ્વામી, તમારું મને આપેલું વરદાન યાદ કરો. હું તો મારા રાજ્યમાં મારું રાજ્ય કરું છું. તમે મને (હું કોઈ પશુ પ્રાણીના હાથે) નહીં મરું એવું અવિચળ વરદાન આપ્યું છે. તમે જ મને કેવી રીતે મારશો ? ભગવાનશ્રી શંકરે મને વચન-કોલ દીધો છે. (રાત્રે કે દિવસે, ઘરમાં કે ઘરની બહાર) કે કોઈ પણ સ્થાનકે મને કોઈ મારી નહીં શકે.

સાંજની વેળા થઈ (ન દિવસ ન રાત) ત્યારે હરિએ હાથ વધાર્યા (વિશિષ્ટ એવું દેવનરપશુનું રૂપ ધર્યું) નર-સિંહ બની બોલ્યા : 'સાંભળ હિરણાકંસ, મેં તને આપેલા વરદાનનું વચન પાળું છું (અને તારો નાશ કરું છું.) (મારું આ નૃસિંહ એવું રૂપ) નથી પુરુષ નથી નારી (તને મારી નાખતાં શસ્ત્રરૂપે નખ) નથી લોખંડનું નથી લાકડાનું શસ્ત્ર, (હું તને) નખથી વિદારું છું. શંકર તારી વહારે ધાયા અને જે કોલ (વરદાન) આપેલા તેનું પણ પાલન કરું છું. બોલ હિરણાકંસ ! અત્યારે દિવસ છે કે રાત ? (આ તો સાંજ છે) કહે ધરતી છે કે આકાશ ? (નથી ઘરમાં કે આકાશ નીચે ઘરની બહાર કેમકે ઉંબર પર છે) 'નખથી એના પેટને ચીરી નાખ્યું ને કહ્યું નૃસિંહરૂપ લીધેલા હરિએ; 'હિરણાકંસ તને આપેલા કોલ પાળ્યા છે.' દૈત્યને મારી (નૃસિંહ) પ્રહ્‌લાદ પાસે બેઠા અને બોલ્યા; 'કુંવર પ્રહ્‌લાદ, હવે તમે રાજસિંહાસન પર બેસો.' ત્યારે બધી રૈયત એમને સલામ કરવા (નમવા) લાગી બધા નૃસિંહનું નામ જપવા લાગ્યા.

ગુરુબ્રહ્માએ સતવચન (શકી કોલ)- સાક્ષીભાવનું વચન આપ્યું છે કે કાંકણમાં જ ભક્તોના બોલ છે.' ત્યારે ભક્ત પ્રહ્‌લાદે વિચાર કરી પૂછ્યું; 'સ્વામી, કેવી રીતે ધર્મ પ્રમાણે વર્તન કરવું ?' ત્યારે બ્રહ્માએ વેદનું જ્ઞાન આપ્યું

ભક્ત પ્રહ્‌લાદ ત્યાં હવે ધર્મ પ્રમાણે આચરણ કરે છે. ભક્ત પ્રહ્‌લાદ પ્રમાણ બોલે છે. અને કહે છે; 'અમારે ગતમાં કાંકણ બંધાવવા છે.' ત્યારે નૃસિંહ કહે છે; 'એ વાતમાં જ સતગુરુ બ્રહ્માનું કામ છે.' ત્યારે સતગુરુ બ્રહ્મા બોલ્યા; 'ધર્મનું આચરણ કરશો તો ભવપાર ઊતરશો. અમે ગુરુબ્રહ્માએ સતવચન (શકી કોલ)- સાક્ષીભાવનું વચન આપ્યું છે કે કાંકણમાં જ ભક્તોના બોલ છે.' ત્યારે ભક્ત પ્રહ્‌લાદે વિચાર કરી પૂછ્યું; 'સ્વામી, કેવી રીતે ધર્મ પ્રમાણે વર્તન કરવું ?' ત્યારે બ્રહ્માએ વેદનું જ્ઞાન આપ્યું અને કહ્યું; 'અલી સત્‌ની સૂઝ-નજર જ ભક્તને તારે છે. સતગુરુએ જ ભક્તોને વેદ ભણાવ્યો છે. ત્યારે જ હરિએ અમરતાનું રહસ્ય (અમરભેદ) જણાવ્યું છે. ત્યારે હરિના ભક્તને પાટે બેસાડ્યો અને પાટપૂજાનો મોટો ઉત્સવ ઉજવાયો છે. છ મહિના વ્રત કરજો. બધી ગત મળીને જ ધર્મનો વહેવાર કરે છે. આમ ભક્ત પ્રહ્‌લાદ ધર્મ પ્રમાણે આચરણ કરે છે. તપની ક્રિયા કરે છે. ધર્મનો વિસ્તાર વધારવા ભક્ત પ્રહ્‌લાદે કાંકણ બંધાવી પાટપૂજા કરી. આ પછી જે કોઈ રાજા પ્રહ્‌લાદ પાસે આવે છે તે કાંકણ બંધાવી ગુરના દાસ બને છે. ત્યારે (એ યુગમાં) ગુરનું સતગુર બ્રહ્મા એવું નામ છે અને તેનું થાનક ક્ષીરસાગર વચ્ચે આવેલા

દ્વીપ પરના નગરમાં છે. ત્યાં બધાં નૃસિંહની ભક્તિ કરે છે, ભક્ત પ્રહ્‌લાદને પાય પડે છે ત્યારે ગુરમુખે સહુ દાન કરે છે, પરસ્ત્રીને માત સમાન માને છે. જે પતિવ્રત ધારણ કરતી સ્ત્રી હોય, પૂજન હોય એને રતીભાર પાતક લાગતા નહીં.

વરાણી

સત સંતો સહુ આવે છે અને ગુરનરના પાય પૂજે છે. ગત (ગંગા)માં આવી કરગરે છે અને સત્યને આધીન રહે છે. સાહેબનાં નામ સાંભળે તે હાથીનાં દાન જેટલાં પુણ્યલાભ પામે છે.

ત્યારે પાટપૂજા સતવંતા દાન દે છે. હરિએ જ કુંવર પ્રહ્‌લાદને રાજગાદીએ બેસાડ્યો અને એણે નગરનાં બધાં કર્તવ્યો પૂર્ણ કર્યાં.

ત્યાં પંદર કરોડ જીવને માટે ત્રણ મોટા મુખીઓની નિમણૂક કરવામાં આવીઃ એક શામલદાસ, બીજા ત્રિકમ અને ત્રીજા કેશવ.

ત્યાં હંસપુરી નામની નગરી છે. તેમાં ત્રિકમ મુખી કહેતાં મુખ્ય સરદાર છે. તે મનમાં અપાર ગુમાન (અભિમાન) રાખે છે. ત્યારે શ્રીનૃસિંહ દ્વારે આવી ચડ્યા. તે સમયે કુંવર પ્રહ્‌લાદ પણ આવી પહોંચ્યા. ગુરનર બેઠા હતા ત્યાં પ્રહ્‌લાદ આવ્યા. ગુરનર કહે; ‘રાજા પ્રહ્‌લાદ હવે તૈયાર રહેજો. (તમારી કસોટી થશે.) સાચા હશે તે જ પાર ઊતરશે.’ આટલું કહી ગુરનર તો ચાલ્યા ગયા પરંતુ રાજાએ પોતાના ચિતમાં આ વાત રાખી લીધી.

વરાણી

ત્યારે જ રાજા પ્રહ્‌લાદે ધર્મનો મર્મ જાણ્યો કે ગુરનર જે વાણી બોલ્યા તે જ પ્રમાણ છે. પછી પ્રહ્‌લાદે તપ આદર્યું, ગુરુજીને માન આપ્યું પરંતુ જે પૂર્ણ સતપંથી હોય તે જ ગુરુનું પૂરું ઇમાન લાવે છે.

ગત માંડી રાજા તપ કરે છે, વ્રત કરે છે, ભક્તિ કરે છે. આ સમયે માનસરોવરમાં માણેકચંદ અને કપૂરી નામનાં હંસ-હંસી રહેતાં હતાં એને ગુરુએ રાજાની પૂર્ણ પરીક્ષા કરવા મોકલ્યા. તે રાજા પાસે આવી બોલ્યાં; ‘રાજા, માનસરોવરે દુષ્કાળ પડતાં અમે તારે દ્વાર આવ્યાં છીએ. તમે અમારી સંભાળ રાખજો.’ રાજાએ હંસોને વાડીમાં ઉતારો આપી હીરા, મોતી, માણેકનો ચારો આપ્યો તેમની સેવા કરવા ચાર જણ રાખ્યા.

આમ કરતાં છ મહિના વીતી ગયા ત્યારે હંસોએ માનસરોવર પાછાં જવા રાજદ્વારે આવી રાજાની વિદાય માટે રજા માગી ત્યારે રાજાએ ત્રણ મુખીઓને બોલાવી તેમની પરીક્ષા લેતા કહ્યું; ‘હંસ-હંસી અમારી ફૂલવાડીમાં છ માસ રહ્યાં ને હવે પાછાં જવાની રજા માગે છે.’ ત્યારે રાજાએ કહ્યું, ‘હું બન્નેને માનસરોવર જવા નહીં દઉં. એકને અહીં જ રહેવું પડશે. અને પછી સાત દિવસ રહી જવા જણાવ્યું. સાત દિવસ પૂરા થયે હંસ-હંસી ફરી રજા લેવા આવ્યાં ત્યારે ફરી રાજાએ એકને રહી જવાની વાત કરી. હંસ-હંસલી વિયોગ સહન કરી શકે તેમ ન હતાં તેથી રાજાને ન્યાય કરવા અને બન્નેને જવા દેવાની વિનંતી કરી. રાજાએ મુખીને કામ સોંપવાનું વિચાર્યું.

ન્યાય તોળવા રાજાએ પહેલા મુખી શામળદાસને બોલાવ્યા, સાથે બધી જમાત પણ આવી, રાજાએ પોતાની કોઈ એક પંખી અહીં જ રાખી લેવાની અને એકને જ જવાની રજા આપવાની ઇચ્છા દર્શાવી અને હંસ-હંસીની બન્નેને જવાનો ન્યાય માગવાની વાત કરી. જમાતને થયું, રાજાના મનને ગમતી વાતનો ન્યાય કેવી રીતે તોળવો. શામળદાસને પણ લાગ્યું કે ન્યાય તોળવા માટે રાજાનો વિરોધ કેમ કરવો. આથી એણે ન્યાય તોળ્યો કે હંસ-હંસલીમાંથી એક અહીં રહે, એક માનસરોવર જાય. પંખી કેમ માને ? એમણે ન્યાયનો આગ્રહ રાખ્યો અને અન્યાય થાય તો આપઘાત કરવા જણાવ્યું. રાજા બોલ્યા; ‘અમે જરૂર ન્યાય તોળીશું. આપઘાત ન કરશો. પરંતુ ત્રણ દિવસ થંભી જાઓ. અમારા બીજા ત્રિકમ મુખી છે એમને બોલાવી એમની પાસે ન્યાય કરાવીશું.

રાજા પ્રહ્‌લાદે ધર્મનો મર્મ જાણ્યો કે ગુરનર જે વાણી બોલ્યા તે જ પ્રમાણ છે. પછી પ્રહ્‌લાદે તપ આદર્યું, ગુરુજીને માન આપ્યું પરંતુ જે પૂર્ણ સતપંથી હોય તે જ ગુરુનું પૂરું ઇમાન લાવે છે. ગત માંડી રાજા તપ કરે છે, વ્રત કરે છે, ભક્તિ કરે છે

બીજે દિવસે રાજાએ બીજા મુખી ત્રિકમને બોલાવ્યા અને કહ્યું; ‘અમારી બીક રાખ્યા વગર ન્યાય તોળજો.’ બીજા મુખી અને તેમની જમાત પણ ન્યાય ખાતર રાજાની નાખુશી વહોરવા તૈયાર ન થયા. એમણે પણ રાજાની વાત ન્યાય પ્રમાણે યોગ્ય હોવાનું સ્વીકાર્યું. પંખીઓને આ ચુકાદો માન્ય ન હતો. એ પોતાના ન્યાય માટે અડગ રહ્યા તેથી અંતે રાજા પ્રહ્‌લાદે ત્રીજા કેશવ મુખીને બોલાવ્યા. અને ન્યાય કરવા જણાવ્યું. કેશવ મુખીએ જમાતને બોલાવી તેમનો અભિપ્રાય પૂછ્યો અને જણાવ્યું; આપણે ક્ષીરસાગરના નગરમાં વસીએ છીએ. આથી શુદ્ધબુદ્ધિનો વ્યવહાર (વેપાર સુધી) કરીએ’ અને સત્યની સાખ માટે ‘રીખીસરો’ ઋષિશ્રેષ્ઠને પૂછીએ.’ ત્યારે બધા જ રીખીસર

બોલ્યા, 'મુખી, અમે બધા તમારી સાથે રાજદરબારમાં આવીશું અને પરદેશી પંખીઓને રાજાની ખોટી રઢને વશ થઈને અન્યાય નહીં કરીએ. ખોટી કપટી કૂડી સાક્ષી નહીં આપીએ. ભલે રાજા રૂઠે. આપણને છોડાવવાવાળો ગુરુ છે ! અન્યાયને સાથ નહીં આપીએ. હંસ-હંસીને બંધનમાંથી છોડાવીશું. કેશવમુખીએ રીખીસરોની વાત જમાત પાસે મૂકી. બધાં પક્ષીઓને ન્યાય આપવા સંમત થયા. રાજા રૂઠે તો સામનો કરી લેવા તત્પર બન્યા.

કેશવમુખીએ પક્ષીઓના પક્ષે ન્યાય કરતાં હંસ-હંસીને છૂટાં કર્યાં, હવે આણ ન રહી. બન્ને નિર્વાણપંથે ઊડ્યાં. મુખીને શાબાશી આપતાં જણાવ્યું, તમને સ્વર્ગલોકમાં સ્થાન મળશે. આ રાજા તમને પૂછે તો અમને યાદ કરજો. રાજસભામાં જ તમારી મુક્તિ અને સ્વર્ગગમન માટે વિમાન આવશે.

રાજા પ્રહ્‌લાદ આ જાણીને કેશવમુખીને દરબારમાં બોલાવ્યા અને ગુસ્સે થઈ ફટકા મારવાની સજા કરી. કેશવમુખીને મારતા-મારતા આખા નગરમાં ફેરવવામાં આવ્યા. શામળદાસ અને ત્રિકમમુખી એ બેમાંથી કોઈ કેશવમુખીને બચાવવા ન આવ્યા. રાજાને ખોટો છે એમ કેમ કહેવાય ?

કેશવમુખીની પાઘડી જાહેરમાં ઉછાળી. કેશવને પકડીને સિપાઈઓ તેના ઘરે લઈ ગયા અને મુખીની પત્ની કાનબાઈને બંદીવાન બનાવી. કેશવમુખીને સાત સાત પુત્રો હતા. એમની પત્ની હતી. મુખીના પરિવારમાં એક પુત્રવધૂ સીતાબાઈ હતી

કેશવમુખીની પાઘડી જાહેરમાં ઉછાળી. કેશવને પકડીને સિપાઈઓ તેના ઘરે લઈ ગયા અને મુખીની પત્ની કાનબાઈને બંદીવાન બનાવી. કેશવમુખીને સાત સાત પુત્રો હતા. એમની પત્ની હતી. મુખીના પરિવારમાં એક પુત્રવધૂ સીતાબાઈ હતી. તે પોતાના પતિને કહેવા લાગી, 'આપણે અહીંથી ભાગી છૂટી પિયરમાં જઈએ. મારા પિતા રાજાના પ્રીતિપાત્ર છે !' પરંતુ કેશવનો પુત્ર નીડર અને અડગ હતો. એ બોલ્યો; 'તારે જવું હોય તો જા, તારા પિયર અને પડ નરકમાં !' બીજી પુત્રવધૂઓમાં રૂપબાઈ, સોમવંતી, સુંદરી વગેરે હતી તે સતપંથને વળગી રહી.

કેશવના સાત પુત્રો હતા. રાજાએ એક પછી એક પુત્રને બોલાવી પોતાના પક્ષમાં લાવવા મુખી તરીકે નિયુક્ત કરવાનું પ્રલોભન આપ્યું. પરંતુ પુત્રો મક્કમ રહ્યા. બધાએ પોતાના પિતાએ મુખી તરીકે સાચો ન્યાય કર્યો છે, એમ જણાવ્યું, મુખીપણાનું પ્રલોભન ઠુકરાવ્યું. મુખીના તુલશી, ચતુરભોજ, પીતાંબર, નરસંગ, પીતાંબર, વગેરે નામના પુત્રોને રાજસભામાં બોલાવ્યા. પરંતુ મુખીના પુત્રો પણ ન્યાયમાં અડગ રહ્યા આથી મૂળભૂત રીતે તો ભક્ત એવો રાજા પ્રહ્‌લાદ પણ હવે પોતાની મમત માટે રાક્ષસવૃત્તિનો બની ગયો રાજાએ કેશવમુખીનો વધ કરાવવા હુકમ કર્યો અને તેના પુત્ર-પરિવારમાંથી કોઈ પણ ભાગી ન જાય એ માટે આણ ફરમાવી. પણ રાજા એમની આ મક્કમતા જાણી મનમાં અપાર હસ્યા.

સંવત્સર પૂર્ણ થયો ત્યારે અંતે માનસરોવરથી હંસ મધરાતે રાજાના મહેલમાં આવ્યા અને જણાવ્યું : 'રાજા, હવે તમે સવારી તૈયારી રાખો.શુક્રવારે સ્વર્ગમાંથી વિમાન આવશે. કેશવમુખીને અમારા જુહાર કહેજો અને ગામ બહાર ઉતારો આપજો.'

આમ કરતાં પછી સવાર પડ્યું. કેશવને કહ્યું; 'તમે નગર બહાર નીકળો. જો ગામમાં રહ્યા તો ગુરુની આણ છે. હવે વૈકુંઠમાં જવાનું થશે.' આ સાંભળી કેશવમુખી પુત્રપરિવાર સાથે નગર બહાર આવ્યો. આખી જમાત પણ ઉચાળા ભરીને મુખી કેશવની સાથે ગઈ. થોડીવારે રાજાએ સમાચાર કહેવડાવ્યા કે પોતે પણ બહાર આવે છે, બધા આ સાંભળી વિમાસણમાં પડ્યા.

રાજા એક રાત નગર બહાર વનમાં જ રહ્યા. એમણે કેશવમુખીના સાત પુત્રોને બોલાવી કહ્યું; 'તમને બધાને મરાવીશ. એકને પણ બાકી નહીં રાખું.' પુત્રો બોલ્યા, 'રાજા, તમે તો માત્ર ધરણીના ધણી છો પરંતુ અમારી વહારે ધાનાર શ્રીનૃસિંહ તો બધાના ધણી છે.' રાજાને લાગ્યું કે આ તો મારી બધી જ રૈયત ચાલી નીકળી. આનો શો ઉપાય કરવો ? ત્યારે રાજા પ્રહ્‌લાદે ક્રોધથી કહ્યું : 'હું બધાનો શિરચ્છેદ કરીશ.' પ્રધાન બોલ્યા 'બધાએ અહીં વનમાં જ વાસ કરવો.' રાજાએ દુવાઈ ફેરવી કે વનમાંથી હવે કોઈ આઘા ન જાય અને રાજાજી પોતાના મહેલે પાછો આવ્યો ત્યારે શુક્રવારે મેઘની વૃષ્ટિ થઈ, હીરામોતી વરસવા લાગ્યા. રાજા પ્રહ્‌લાદ તૈયાર થયા. લોકોએ બારણાં વાસી દીધાં. રાજા પ્રહ્‌લાદ વનમાં આવ્યા અને મુખી કેશવની પાસે આવીને બેઠા. બધા રાજાની અરદાસ કરવા લાગ્યા. ત્યારે રાજા પ્રહ્‌લાદે કહ્યું; 'મુખી કેશવ, તૈયાર રહો. હવે વનમધ્યે સ્વર્ગનું વિમાન ઊતરશે.' આ સાંભળી કેશવ પોતાની જમાત સાથે પ્રહ્‌લાદ પાસે બેઠા.

સ્વર્ગભવનમાંથી વિમાન આવ્યું. રાજાએ મુખીને માન આપ્યું. આ સમયે જ ચોથા કલ્પની ચાર ઘડી ચાલતી હતી. તેનું માન-પ્રમાણ તેતાલીશ લાખ અને વીસ હજાર વર્ષનું છે. આમાંથી સત્તર લાખ વીસ હજાર વર્ષ

સતયુગનાં છે. એ આ પ્રમાણનો સાર છે. આ યુગમાં રાજા પ્રહ્‌લાદે કપરી કસોટી કરી ત્યારે જ શ્રીહરિ નૃસિંહના રૂપમાં મળ્યા. હરિના ચરિત્રના ચાર અવતાર થયા. ૧. મચ્છ, ૨. કચ્છ, ૩. વરાહ અને ૪. નૃસિંહ. આ ચોથો અવતાર ભક્તપ્રહ્‌લાદને ઉગારવા થયો. આ યુગમાં જે સતિયાએ નૃસિંહનું ધ્યાન ધર્યું તે સર્વ સતી અને ભક્ત સ્વર્ગના વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયા. લોકો એમને જતાં જુએ છે ત્યારે પ્રહ્‌લાદ પણ કેશવમુખી સાથે જ સ્વર્ગમાં ગયા. મેહ વરસ્યા. આ પછીની મેઘવૃષ્ટિમાં અપાર સાપ, વીંછી વરસ્યા. એનો અનરાધાર સતત વરસાદ વરસ્યો. આ વૃષ્ટિથી સાચાને દુભવનારા બધા કષ્ટ પામ્યા. જેમણે પણ પરનિંદા કરી, ક્રોધ કર્યો તે નર્કમાં ગયા. જેમણે પુણ્ય કર્યાં એ સ્વર્ગમાં સંચર્યા.

ત્યારે ગુરુ શસ્મ એવી વાણી બોલ્યા કે તમે નરકની ખાણથી દૂર રહેજો. રાજા પ્રહ્‌લાદે વૈકુંઠમાં વાસ કર્યો. ભવની વસમી વાટ પાર ઊતરી ગયા. શ્રીનરસંગનું નામ ને એની જ ભક્તિ મનમાં રાખજો. દેવ, ઋષિ, ગુરુ, જ્ઞાનીએ આ પ્રમાણ વેદમાં લખ્યા છે. જે નરસંગની ભક્તિ કરે છે તેને તો ઋષિવરો પણ વંદન કરે છે. હરિનું નામ લેવાથી જ ભવપાર પહોંચાશે જેમ પાંચ કરોડ વર્ષ પહેલાં ભક્ત પ્રહ્‌લાદ પહોંચેલા.

રાજા પ્રહ્‌લાદની માતા કેસરના બંધ તૂટ્યા. કષ્ટ બહુ પડ્યાં પરંતુ હરિ વહારે ધાયા. પ્રહ્‌લાદ ભવપાર ઊતર્યા. મૂળબંધમાં આ બધી વાત લખી છે. તે અક્ષરના રૂપમાં પ્રત્યક્ષ છે. શૂન્યકાળમાં તો સ્વામી પોતે જ એક હતા

આ સમયે એક પુત્રવધૂ સીતાબાઈ સિવાય પાંચ કરોડ સ્વર્ગે ગયા. આપત્તિ આવતાં જ પિયરનો પંથ પકડનાર સીતાબાઈ એકલાં જ નર્કમાં ગયાં. માટે કોઈની પણ નિંદા ન કરશો, નરકે પડશો અને ત્યાં સાપ વીંછી વરસે છે, બધાના પ્રાણ શોષે છે.

સીતાબાઈ નર્કમાં ગયાં એમની માથે પચાસ પુરુષને કષ્ટ આપવા મૂક્યા. કોઈએ એને ઘરમાં રાખી, માર માર્યો, એક પુરુષ આવી દહીંવલોણા જેમ વલોવી, બીજીએ વઢવાડ કરી, ત્રીજો વળી એને ઊંચે બાંધીને મારે ત્યાં એક બાઈનું જોર કેટલું ચાલે ? ચોથો પુરુષ નીચે આગ ભરે, પાંચમો એમાં આગ નાખે, આગની જ્વાળા ઊંચે ચડે, છઠ્ઠો પુરુષ છાના માર મારે – હવે સીતાબાઈ ભલે બાપના ઘરે જતી ! એના શરીર પરથી ચામડી ઊતરે છે ને અગ્નિ દઝાડે છે સાતમો તો સુરિનો સાજ કરે, પરનિંદાનું આ પરિણામ માટે એનાથી વેગળા રહી શ્રીનરસંગનું નામ લેજો. આઠમો ઉપઘાત કરે, નવમો દાગવેદે, દશમો ઘરમાં સાપ-વીંછી ભરે ત્યાં સીતાબાઈ શું કરે ? લોઢાં ચાંપે.

આવા તો પચાસ મળ્યા યાતનાદાયક ! બાઈને સાસરે સુખ હતા તે મૂકી પિયર ગઈ. સંસારનું સુખ તો ઘડીમાત્ર, કાયમી સુખ તો સ્વર્ગ જ આપે. જે કેશવની સાથે રહ્યા તે સ્વર્ગે સંચર્યા. એક નારી સિવાયના પાંચ કરોડ બધા જ સ્વર્ગમાં ગયા.

ગુરુ કહે છે મુનિવરની વાણી સાંભળો, મૂળબંધનું એ જ છેલ્લું એંધાણ છે. જાઈલાં કલ્પની છત કરી પાંચ કરોડ જંખ એમાં વળી ત્યારે નવ્વાણુ કરોડ રીખીસર તેમાં એક નારી જ નરકમાં ગયેલી. બાઈ આ વાત ચિત્તમાં ધરો અને ચેતો બીજો ફેરો ટળી જશે. પ્રહ્‌લાદે ભક્તિ કરી અને સરગાપુરી મેળવી.

મૂળબંધ જેણે 'મૂળબંધ'ની સાક્ષી સાંભળી છે તે બધા જ સ્વર્ગમાં ગયા. 'હંસલી' છે તે 'હંસ'ની પત્ની (વર વહુવારુ) છે એમ જાણવું ભક્તિનું રૂપ આ મુજબ પ્રમાણનું. મૂળબંધની આ શાખ છે. જ્યારે હજુ કલ્પ બેઠો ન હતો ત્યારે...

હવે કલ્પની ચાર ઘડી રહી છે. તેમાં પ્રહ્‌લાદ થયા. ઋષિવરોની તમે સાચી વાણી સાંભળો. ભક્ત જ હરિનો આત્મા છે. જેના ઘરમાં દેવનારાયણ છે તેને જ સહુ વંદન કરે છે.

રાજા પ્રહ્‌લાદની માતા કેસરના બંધ તૂટ્યા. કષ્ટ બહુ પડ્યાં પરંતુ હરિ વહારે ધાયા. પ્રહ્‌લાદ ભવપાર ઊતર્યા. મૂળબંધમાં આ બધી વાત લખી છે. તે અક્ષરના રૂપમાં પ્રત્યક્ષ છે. શૂન્યકાળમાં તો સ્વામી પોતે જ એક હતા. ત્યારે ગુરુ પાસે વિશેષ શીખ્યા. ગુર કહે – આપણે જ શૂન્યકાળમાં રહ્યા, ત્યારે રચનાની બીજી કોઈ જાળ-જંજાળ ન હતી. ત્યારે નરનંદ ગોવિંદ વાણ ઉચ્ચારે છે અને 'થડ'ને તેઓ સોળગણા પ્રમાણવાળું કરે છે. તે સમયે ગુર કેવળાશીએ પૂછેલું સ્વામી ! થડ ક્યાં છે તે અમને દેખાડો ત્યારે નૃસિંહ કૈલાશમાં આવ્યા અને સોળ થડ ગુરની પાસે લાવ્યા. ત્યારે ગુર કેવળાશીએ આ સૃષ્ટિ-જગતની રચનાનો ખેલ જોયો. આની જ નિશાની અક્ષરના રૂપમાં મૂળબંધમાં લખ્યું છે. સ્વામીની રચનાનો પાર નથી પરંતુ ભક્તિ કરો તો ભવપાર ઊતરો.

(ફલશ્રુતિ)

જે નર-નારી સાંભળે તે ભવપાર ઊતરે. જે નર-નારી એક ધ્યાને રહેશે તે ગુરનું માન પામશે. જે કોઈ ગુરની વાણી એક ધ્યાને સાંભળશે તેની વાણીમાં કરોડો શબ્દો

સિદ્ધ થશે. જે કોઈ ગિનાનના શબ્દે-શબ્દની પ્રશંસા કરશે તેના ભવોભવની ખાણમાં પડવાના ફેરા ટળશે. ગુરુના મુખે ગિનાન સાંભળી જે દાન કરશે તેને તેડવા સ્વર્ગમાંથી વિમાન આવીને ઊતરશે. અને વિમાનમાં વૈંકુઠ પહોંચશે. આવા ભક્તજન ગુરુ કહે છે કે અમારો દાસ છે.

ગુરુ શમ્સે આ વાણી વીમરસ (વિમર્શ) ભાખી છે, ગુરુ કહે છે કે મુનિવરો 'મૂળબંધ'નું છેલ્લું આ એંધાણ (પ્રસ્તુત રચના) છે.

કથાનકનાં મૂળ અને ઘટકો

અહીં કેન્દ્રમાં ભક્ત પ્રહ્‌લાદના આખ્યાનની પૌરાણિક કથા છે. પરંતુ અહીં જરા જુદી રીતે પીર શમ્સે કથાનું નિર્માણ કર્યું છે. આરંભમાં પૃથ્વીની ઉત્પત્તિથી આપી છે અને પછી તેના ઉત્તરાર્ધમાં એની સાથે હંસ-હંસીની દૃષ્ટાંત કથાને સાંકળવામાં આવીછે.

આરંભની શૂન્યકાળથી વિવિધ કલ્પની રચનાની કથામાં પુરાકથાના વિશ્વોત્પત્તિના ઘટકનો જ ઉપયોગ થયો છે. ઘટ-પાટ ઉપાસનામાં પૃથ્વીની રચના અને પુરાણોમાં જે કલ્પ, યુગ અને તેના સ્ષ્ટાદિના ઘટકો છે તે જ અહીં પ્રયોજવામાં આવ્યા જણાય છે. મારી દૃષ્ટિએ હંસ-હંસલીના રૂપકના માધ્યમથી આખરે મૂળ વાતને એમાં સમાવિષ્ટ કરી લઈને કથાનું નિર્માણ કરવું એ ઈસ્માઈલી કથાની આગવી વિશિષ્ટતા છે.

આરંભની શૂન્યકાળથી વિવિધ કલ્પની રચનાની કથામાં પુરાકથાના વિશ્વોત્પત્તિના ઘટકનો જ ઉપયોગ થયો છે. ઘટ-પાટ ઉપાસનામાં પૃથ્વીની રચના અને પુરાણોમાં જે કલ્પ, યુગ અને તેના સ્ષ્ટાદિના ઘટકો છે તે જ અહીં પ્રયોજવામાં આવ્યા જણાય છે

ભક્ત પ્રહ્‌લાદની પુરાણોક્ત કથા અનુગામી મધ્યકાલીન ગુજરાતી ભક્ત પ્રહ્‌લાદ વિષયક વિવિધ આખ્યાનની પરંપરાને જ અનુસરે છે અને તેમાં ૧. મૂળનક્ષત્રમાં જન્મતા પુત્રથી પિતાનો ઘાત અને રાજ્ય ત્યાગ. જોશીની ભવિષ્યવાણી ૨. આવી ઘાતક પરિસ્થિતિનો નિવારણાર્થે પતિએ કરેલો પત્ની-સંતાનનો ત્યાગ ૩. દિવ્ય સંતાનના વનમાં થતાં ઉછેરમાં ઈશ્વર અને પ્રકૃતિની સહાય, ૪. પોતાની જ ભક્તિ અને નામસ્મરણ કરવાની ફરજ પાડતા રાજાની સામે એના જ પુત્રનો વિરોધ, ૫. ભક્તના કષ્ટને દૂર કરવાના દૈવીતત્ત્વ-ઈશ્વરીય શક્તિના ચમત્કારો (અ) જમીનમાં ઊંડે જીવતા દટાયેલાને ઉગારવા માટે ભૂગર્ભમાં જ નગરની સવલતોની રચના (બ) જળમાં ડુબાડાતી નિર્દોષ વ્યક્તિનો જળચર હંસદ્વારા બચાવ અને સંરક્ષણ (ક) અગ્નિમાં પડેલાનો બચાવ. (ડ) ગરમ ધખધખતા થાંભલાને કીડી પણ હારબંધ ચાલી શકે તેવો શીતળ બનાવવો. (ઈ) થાંભલો ફાડીને ઈશ્વરનું પ્રગટવું વગેરે કથાઘટકો છે અને તે અનુષંગે અમર્ત્યનું વરદાન પામેલા દૈત્યને મારવાની યુક્તિનો રોચક કથાઘટક છે. આ સાથે જ અશક્ય શરતોનું પાલન કરીને ધારેલું પરિણામ સિદ્ધ કરવાની કથાયુક્તિ Story deviceનો ઈનયોગ થયો છે. હિરણ્યકશ્યપે ૧. કોઈ નર કે પશુના હાથે મૃત્યુ ન થાય, ૨. દિવસ કે રાતે મૃત્યુ ન થાય, ૩. ઘરમાં કે બહાર - છત નીચે કે આકાશનીચે મૃત્યુ ન થાય, ૪. અસ્ત્ર-શસ્ત્ર લોખંડ-લાકડું કશાથી મૃત્યુ ન થાય એવું વરદાન છે. આ વરદાનની શરત પળાય છતાં દૈત્યનો વધ થાય એ માટે ૧. નારાયણ પોતે જ નર અને સિંહ એ બન્નેમાં સંમિશ્ર એવા નૃસિંહ રૂપે જન્મે છે. ૨. થાંભલો ફાડીને એનું સ્વયં પ્રાકટ્ય-પ્રાદુર્ભાવ થાય છે. ૩. દિવસ-રાત ન ગણાય એવા સંધ્યાકાળે વધ થાય છે. ૪. ઘર કે બહાર ન ગણાય એવા ઉંબર પર મરાય છે, ૫. કોઈ લોખંડ-લાકડાનાં અસ્ત્ર-શસ્ત્ર કે અગ્નિઆદિ વગર નખથી છાતી ચીરી ઘાત થાય છે.

ઉત્તરાર્ધની હંસ-હંસીની કથામાં હંસ કેવળ મોતીનો ચારો ચરે છે એવી માન્યતા તથા પાપ-પુણ્ય અને સ્વર્ગ-નર્ક, સ્વર્ગનાં સુખ અને નર્કની યાતનાના પ્રચલિત ઘટકોનો સૂઝપૂર્વક ઉપયોગ થયો છે. કથા એથી સવિશેષ રસપ્રદ બની છે.

'તીર્થ' ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫ (ગુજરાત)
મો. ૯૮૨૫૦૭૫૦૭૮





“દિવાળી આવી !”
શીતલ પી. સરવૈયા
મો. ૯૪૨૬૧૬૫૪૧૭



"મોજે... મોજ..."
અમૂલ પરમાર
મો. ૯૮૨૫૩૯૦૫૯૫



"ગીત ગાયા પથ્થરોને"

કૃપા શાહ

મો. 9408452984



"ઘરભણી"

રેખા જયદેવસિંહ વેગડ
મો. ૯૪૨૭૨૫૦૫૦૫

મૃત્યુની મુખોમુખ અક્ષરસાધના

- ડૉ. કુમારપાળ દેસાઈ

૧૮૯૦ની સાતમી મેએ ભાવનગરમાં જન્મેલા ગુજરાતી સાહિત્યના વિરલ સર્જક સુમતિબહેનનું માત્ર એકવીસ વર્ષે ઈ.સ. ૧૯૧૧ની નવમી જુલાઈએ પીડાકારક લાંબી બીમારીના અંતે અવસાન થયું. સત્તરમા વર્ષે સર્જનનો પ્રારંભ કરનાર અને એકવીસમા વર્ષે જીવનલીલા સંકેલી લેનાર આ લેખિકાએ એમની સ્ફુટ થતી સર્જનાત્મકતાનો એમનાં સર્જનો દ્વારા હૃદયંગમ પરિચય કરાવ્યો.

એ જમાનામાં આવી પ્રતિભાસંપન્ન કવયિત્રી હોય, તે એક ચમત્કારરૂપ લાગે. વળી વિશેષ આશ્ચર્ય તો એ છે કે માત્ર ચાર જ વર્ષના સર્જનગાળામાં પોતાની ઉચ્ચ કલ્પનાશક્તિ અને સર્જનશીલતાનો પરિચય આપનાર સુમતિબહેનને જીવનમાં એક પછી એક કુઠારાઘાત સમા સંજોગોનો સામનો કરવાનું આવ્યું. જીવનના આરંભે જ માતાનું વહાલસોયું છત્ર ગુમાવ્યું. નજર સામે બહેનનું અકાળ મૃત્યુ જોયું. શારીરિક વ્યાધિઓએ એમને ઘેરી લીધા. શ્વાસની તકલીફ, પેટનો વ્યાધિ અને એ પછી અંતે ટી.બી.ની જીવલેણ બીમારી. આવી પરિસ્થિતિને કારણે એમના મનની વૃત્તિ પણ કરુણભાવમાં વધુ રમમાણ બની હતી, પરંતુ આ યુવાન લેખિકાએ દેહનાં દુઃખોને અતિક્રમીને પોતાની શ્રદ્ધાના બળે સર્જનના આનંદમાં ચિત્તને પ્રવૃત્ત કર્યું. સામાન્ય રીતે સર્જકને એના સર્જન માટે પીડા-યાતનામાંથી પસાર થવાનું હોય છે, પરંતુ અહીં તો દેહ અને મનની પીડા પછીનું સર્જન મળે છે. ક્ષરદેહની પીડા પૂરી થાય કે તરત જ એ અક્ષરદેહમાં લીન થઈ જતાં. તેઓ કહેતા કે રોગની તીવ્ર વેદના પછી તરત જ સરસ રીતે કાવ્યની રચના કરવાની એમનામાં શક્તિ હતી.

કલ્પના એ કરીએ કે આજથી આશરે એકસો ને છ વર્ષ પૂર્વે લઘુનવલ, નાટક, કવિતા, અનુવાદ અને પ્રવાસવર્ણન જેવાં સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન કરનારી આ લેખિકાની સર્જનાત્મકતા કેવી હશે ?

કલ્પના એ કરીએ કે આજથી આશરે એકસો ને છ વર્ષ પૂર્વે લઘુનવલ, નાટક, કવિતા, અનુવાદ અને પ્રવાસવર્ણન જેવાં સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન કરનારી આ લેખિકાની સર્જનાત્મકતા કેવી હશે ? જો એમની જીવનકલા અલ્પકાળે મૂરઝાઈ ગઈ ન હોત, તો એમની પાસેથી ગુજરાતી સાહિત્યને એ સમયે કેવું સત્ત્વશીલ સર્જન મળ્યું હોત ! આ એ જમાનો હતો કે જ્યારે એમ માનવામાં આવતું કે, ‘‘ભાઈનું મન ભમે ભૂગોળમાં અને બાઈનું ચૂલામાંય રે.’ પુરુષનું મન વિશ્વની ગતિવિધિ સાથે તાલ મિલાવતું હોય અને સ્ત્રીનું જીવન ઘરની ચાર દીવાલોમાં આરંભાઈને અસ્ત પામતું હોય ! એવા સમયે સુમતિબહેનને શાળાશિક્ષણથી વિશેષ તક મળી નહિ, પરંતુ ઘરના વિદ્યારંગી વાતાવરણને કારણે એમનો વાંચનનો શોખ વધુ ને વધુ પોષાતો ગયો. માંગરોળના વૈષ્ણવ અનંતપ્રસાદ પાસે સંસ્કૃત-ભાષા સાહિત્યનો અભ્યાસ કર્યો અને એ પછી એમના પિતા અને તેમના વિદ્વાન મિત્રો દ્વારા સાહિત્યિક રુચિની ખિલાવટ થતી રહી. અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યની ઉત્તમ કૃતિઓના અવગાહને એમની સર્જકતાને સંકોરવામાં ફાળો આપ્યો. કવિ બ્રાઉનિંગ અને શ્રીમતી બ્રાઉનિંગનાં કાવ્યોનો એમના પિતાના મિત્ર બરજોરજી પાદશાહ પાસેથી આસ્વાદ કરવાની તક મળી. ગોપાલકૃષ્ણ ગોખલે જેવાના જ્ઞાનનો લાભ મળ્યો, તો બીજી બાજુ વેદ-ઉપનિષદ અને ગીતાના અભ્યાસ અને મનનને પરિણામે વ્યાધિગ્રસ્ત સુમતિબહેનમાં એવી પ્રબળ શ્રદ્ધા જાગી કે તેઓ માનતા કે ‘‘મારું ઔષધ અને વૈદ્ય બન્ને પ્રભુ જ છે.’

નાની વયે થયેલા માતાના વિયોગથી એમનાં હૃદયમાં વૈરાગ્યનો રંગ સતત ઘૂંટાતો રહ્યો અને તેમાં જ્ઞાન અને ભક્તિ વિશેષ રૂપે પ્રગટ્યાં. એક ગ્રંથના અંતે એમણે વિજ્ઞપ્તિ રૂપે ‘‘વિભુ ! મુજ કર સાહો’ નામનું કાવ્ય લખ્યું -

‘તુજ શરણે આવું તાત ! વિભુ મુજ કર સાહો,
ભમું અંધકારની માંહ્ય, કર ઝાલી કાઢો,
સઘળી વસ્તુ જાણી ત્હારી, અહંકારને ત્યાગું રે,
ઈચ્છિત ત્હારૂં કરવા ચાહું, ગણું સદા એ વ્હાલું,
વિભુ મુજ કર સાહો.

એમણે લખેલી સ્વરચિત ગ્રંથોની ‘‘અર્પણ પત્રિકા’માં


અ.સૌ.સુમતિબેન

એમની હૃદયછબી જોવા મળે છે. ''કમળકુમાર' નામની સામાજિક નવલકથા ગોપાલકૃષ્ણ ગોખલેને અર્પણ કરી છે અને નોંધ્યું છે કે એમના અત્યંત પ્રિય મિત્રની આ વ્યાધિગ્રસ્ત પુત્રીને શાંતિ આપવા માટે એમણે ઈબ્સનનાં નાટકોનો ખજાનો ખોલી આપ્યો. એ સમયે આનંદ નામના સામયિકમાં ''અ.સૌ. સુમતિ'ના નામે એમની કૃતિઓ પ્રગટ થતી હતી.

સર લલ્લુભાઈ શામળદાસના કુટુંબમાં જન્મેલા અને રાવબહાદુર ભોળાનાથ સારાભાઈના પૌત્રી તેમજ વૈકુંઠભાઈ મહેતા, ગગનવિહારી મહેતા અને જ્યોતીન્દ્ર મહેતાના ભગિની એવા સુમતિબહેન પાસેથી વીસમી સદીના પહેલા દાયકામાં લઘુનવલ જેવી ચાર કૃતિઓ મળે છે. 'સુરેશ અને યશોધરા', ''શાંતિદા', ''પરમાર્થની પ્રતિભા અથવા આત્મભોગની પરિસીમા' અને ''કમળકુમાર' જેવી કથાઓ મળે છે. આ કથાઓમાં વાચકને એના પ્રવાહમાં ખેચી જાય તેવો કથારસ તો છે જ, પણ એની સાથોસાથ એ લઘુનવલોનું ગદ્ય પણ સુમતિબહેનની સર્જકતાનો પુરાવો છે. એ સમયની આલેખનરીતિ પ્રમાણે લેખિકા એમના વિચારો વિસ્તૃત રીતે આલેખે છે, તેમ છતાં આ બધી કૃતિઓમાં ''શાંતિદા' એ સુંદર ઘાટ ધરાવતી દાંપત્યજીવનની કથા છે.

સુમતિબહેને વેદાંતનો અભ્યાસ કર્યો, ઉપનિષદનો પાઠ પણ કરતાં, સવારમાં વેદાંત મધ્યાહ્ને પૂર્વાચાર્યાના સ્તોત્ર સરિક, પાછલે પહોરે ''શ્રીમદ્ભાગવત'નું અધ્યયન કરતાં હતાં. રોજ ચાર કલાક દારૂણ શારીરિક પીડા સહેવી પડતી. રાતના ત્રણ વાગ્યા સુધી તેઓ ઊંઘી શકતા નહીં, ત્યારે મંદ સ્વરે હરિ ગુણ ગાતાં અને એમાં રમમાણ બનીને નિદ્રાધીન થતાં હતાં.

એમની લેખનપદ્ધતિ એવી હતી કે પહેલાં કૃતિના સમગ્ર કથાવસ્તુ સાથે ઓતપ્રોત બની જતા, પછી પોતાની પ્રથમ નોટબુકમાં જ પ્રકરણોના અનુક્રમ લખી નાખતા અને ત્યારબાદ ગંગાના પ્રવાહની જેમ લેખિની વહેતી અને ગ્રંથ પૂર્ણ કરતા. વળી અવકાશ મળ્યે ભરત ભરતાં, સીવણ સીવતાં અને ચિત્ર પણ કરતાં અને વિચારતાં કે દયાળુ ઈશ્વર એક નહીં તો બીજે રસ્તે મનને કોઈ પ્રત્યક્ષ આધાર અને આરામ તો આપે છે. બાકી પરોક્ષ રૂપે તો એ પોતે જ આશારૂપ છે.

આમ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગની સાધના સતત ચાલુ રહી. એમના ભાઈ વૈકુંઠરાયના ભાવનગરમાં થયેલાં લગ્નની સંપૂર્ણ જવાબદારી એમણે ઉઠાવેલી. એકાદ વર્ષ અગાઉ એનું બજેટ અને એની સઘળી તૈયારી કરી હતી, જેથી એમની આયોજનશક્તિની પણ પ્રશંસા થઈ હતી. સુમતિબહેને દક્ષિણ ભારતની મુસાફરી કરી એ વખતે તેમજ એ પછી ડોળીમાં બેઠાં બેઠાં કાવ્યોની રચના કરી, જેને પરિણામે ૧૯૦૯માં 'પ્રભુપ્રસાદી' નામે પ્રથમ કાવ્યસંગ્રહ અને પછીને વર્ષે ''પ્રભુપ્રસાદી'નો બીજો ભાગ પ્રાપ્ત થાય છે. આ કાવ્યોમાં પ્રકૃતિનું રમ્ય આલેખન, સ્વજનોની પ્રીતિનો ભાવ, ઈશ્વર તરફની આસ્થા અને પોતાની મનોદૈહિક પીડાની અવસ્થાનો આલેખ મળે છે. એમાં નજર સમક્ષ ઊભેલા મૃત્યુ સામે પીડાથી ઝઝૂમતી નારીનું ચિત્ર જોવા મળે છે. આ સ્થિતિમાં મરણાસન્ન કવયિત્રીની વેદનાની સાથોસાથ એની અંતરયાત્રાનું નિરૂપણ જોવા મળે છે. માત્ર એટલું કે એમની આ કાવ્યશક્તિ મૌલિકતાની તાજગી વિખેરે તે પહેલાં વિખરાઈ ગઈ. એ પછી એમની ૫૮ કૃતિઓનો બીજો સંગ્રહ ''હૃદયઝરણાં''ને નામે એમના અવસાન બાદ પ્રગટ થયો. સુમતિબહેનની આવી પ્રબળ ઊર્મિપ્રધાન રચનાની સાથેસાથે ''મધુરી'' અને ''અરવિંદકુમાર'' અર્થાત્ ''સંશયાત્મા વિનશ્યાતિ'' જેવાં ત્રિઅંકી નાટક મળે છે. ન્હાનાલાલના ''ઈન્દુકુમાર'' નાટકનો પ્રભાવ ઝીલતું ''મધુરી'' નાટક લેખિકાના ''હૃદયના સ્વાભાવિક આંદોલન''માંથી પ્રગટ્યું છે. એમાં કવિ ન્હાનાલાલની ભાવનાપ્રધાનશૈલી જોવા મળે છે, તો એમના બીજા નાટક ''અરવિંદકુમાર''માં ઈબ્સનની શૈલીનો પ્રભાવ જોવા મળે છે. આમ ''મધુરી'' નાટકથી તદ્દન વિપરીત બીજા છેડાની નાટ્યશૈલીમાં સુમતિબહેન સહજતા દાખવે છે. આટલી નાની વયે બે તદ્દન પરસ્પર ભિન્ન શૈલીમાં નાટકો લખવા એ કંઈ જેવી તેવી વાત નથી.

આ ઉપરાંત સુમતિબહેને રચેલાં ''દક્ષિણયાત્રા' પુસ્તકમાં લેખિકાનું પ્રવાસવર્ણન જોવા મળે છે. એમના પિતાએ આ લખવા માટે આગ્રહ કર્યો અને તેને પરિણામે 'દક્ષિણયાત્રા' પ્રવાસ-પુસતકનું સર્જન થયું. આમાં જુદાં જુદાં સ્થળોની વિગતવાર માહિતી પ્રાપ્ત થાય છે, જ્યારે 'સદ્‌ગુણી સ્ત્રીઓ' નામનો સુમતિબહેનનો અનુવાદ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રગટ કર્યો હતો, જેમાં વિદેશની ગુણવાન સ્ત્રીઓનાં ચરિત્રો આલેખવામાં આવ્યાં છે. કવિ વિલિયમ વર્ડ્ઝવર્થનાં પત્ની શ્રીમતી વર્ડ્ઝવર્થ વિશે કે સુધારક હાના મૂરનું ચરિત્ર આમાં મળે છે. આ સિવાય ત્રણ સર્ગનું શતક ભાષાંતર ''યાદવાભ્યુદય' અને ....નું ભાષાંતર ''દિવ્યમેષપાલબાળ' મળે છે. આમાંના છેલ્લા બે ગ્રંથો સિવાયની દસ કૃતિઓ પ્રકાશિત થઈ છે, ત્યારે અલ્પ આયુષ્યમાં આગવો તેજ લિસોટો પાથરી જનારી અને જીવનના અનેક કુઠારાઘાતો વચ્ચે વીસમી સદીના પહેલા દાયકામાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપોના સર્જન કરનારી લેખિકાની અક્ષરછબી નિરખવાનો આનંદ પામી શકાશે.

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. ૯૮૨૪૦૧૯૯૨૫

ગુજરાતી પત્રકારત્વનાં ૨૦૦ વર્ષ : કેટલાંક સુવર્ણ પ્રકરણો

- દેવેન્દ્ર પટેલ

ગુજરાતી પત્રકારત્વ ૨૦૦મા વર્ષમાં પ્રવેશ્યું. તા. ૧લી જુલાઈ, ૨૦૨૧ના રોજ ગુજરાતી પત્રકારત્વને ૧૯૯ વર્ષ પૂરાં થયાં. તા. ૧ જુલાઈ, ૧૮૨૨ના રોજ ગુજરાતી ભાષાનું પહેલું અખબાર 'શ્રી મુંબઈ સમાચાર' પ્રગટ થયું હતું. શરૂઆતમાં તે સાપ્તાહિક હતું, પરંતુ દસ વર્ષ બાદ તે દૈનિકમાં પરિવર્તિત થયું. આ અખબારના પ્રગટ કરનાર હતા એક પારસી સદ્‌ગૃહસ્થ જેમનું નામ હતું ફરદુનજી મર્ઝબાન. તેમણે આ અખબારના પ્રચાર માટે તા. ૧૦-૬-૧૮૨૨ના રોજ 'મદેનજર'ના શીર્ષક હેઠળ ચોપાનિયાં છપાવ્યાં હતાં. એ વખતની અખબારની ગુજરાતી ભાષા આજના જેટલી સ્પષ્ટ નહોતી. ગુજરાતી ભાષાનો ક્રમશઃ વિકાસ થયો છે.

'મુંબઈ સમાચાર'ના આરંભ બાદ ૧૮૬૩માં સુરતના પ્રવીણકાંત ઉત્તમરામ રેશમવાળાએ 'ગુજરાત મિત્ર' નામનું અખબાર શરૂ કર્યું. એ પછી વીર નર્મદે તા. ૧-૯-૧૮૬૪ના રોજ 'દાંડિયો' નામનું અખબાર શરૂ કર્યું અને પછી ૧૮૯૫માં 'પ્રજાબંધુ' નામનું અખબાર શરૂ થયું.

'સંદેશ' અખબાર પણ ગુજરાતની જનતાનો ધબકાર બની રહ્યું. તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ અમદાવાદની જનતાએ પહેલી જ વાર 'સંદેશ'નું નામ સાંભળ્યું. માત્ર પાંચ જ રૂપિયાની મૂડીથી નંદલાલ બોડીવાલાએ 'સંદેશ' શરૂ કર્યું

જુગતરામ રાવલ આઝાદી પહેલાં કરાંચીથી 'સિંધ સમાચાર' બહાર પાડતા હતા. ૧૮૪૪માં રાજકોટમાંથી 'નૂતન સૌરાષ્ટ્ર' શરૂ થયું.

નોંધપાત્ર વાત એ છે કે, આઝાદી પહેલાં પ્રગટ થતાં અખબારો સ્વાતંત્ર્ય સંગ્રામને વેગ આપવાના હેતુથી બહાર પડતાં હતાં. ૧૯૨૬માં સુરતથી સ્વાતંત્ર્ય સેનાની કાલિદાસ શેલતે 'પ્રતાપ' નામનું અખબાર શરૂ કર્યું. એ અગાઉ નંદલાલ બોડીવાલાએ તા. ૨૮-૮-૧૯૨૩ના રોજ સાંજના દૈનિક તરીકે 'સંદેશ' શરૂ કર્યું. ૧૯૩૦થી તે સવારનું દૈનિક બન્યું. ૧૮૯૫થી શરૂ થયેલું 'પ્રજાબંધુ' અખબાર તા. ૧૬-૧-૧૯૩૨થી 'ગુજરાત સમાચાર' તરીકે પરિવર્તિત થયું. ૧૯૩૧માં સ્વાતંત્ર્ય સેનાની અમૃતલાલ શેઠે મુંબઈમાં એક ટ્રસ્ટની રચના કરી અને 'ધી સન' નામનું અંગ્રેજી અખબાર શરૂ કર્યું. એ જ ટ્રસ્ટે તા. ૯-૬-૧૯૩૪માં 'જન્મભૂમિ' દૈનિકનો પ્રારંભ કર્યો. સૌરાષ્ટ્ર ટ્રસ્ટે રાજકોટથી 'ફૂલછાબ' અને ભૂજથી'કચ્છ મિત્ર' શરૂ કર્યું. તા. ૧૨-૩-૧૯૪૭થી રાજકોટમાં 'જય હિંદ' દૈનિકનો પ્રારંભ થયો. તે પછી'અકિલા' આવ્યું. એ જ રીતે પાછળથી 'સૌરાષ્ટ્ર સમાચાર' પણ શરૂ થયું. અમદાવાદમાંથી 'પ્રભાત' પણ શરૂ થયું. સૌરાષ્ટ્રમાંથી પ્રગટ થતાં સાંજના અખબારોમાં 'નોબત', 'પગદંડી', 'લોકરાજ', 'સમી સાંજ', 'સૌરાષ્ટ્ર ભૂમિ', 'ભૂમિ' વગેરે પણ લોકપ્રિય રહ્યાં.

ગુજરાતી પત્રકારત્વનો અને અખબારોનો ઈતિહાસ રસપ્રદ છે. શાંતિલાલ શાહે 'ગુજરાત સમાચાર'નું સુકાન સંભાળ્યું તે પહેલાં 'ગુજરાત સમાચાર' અમદાવાદમાંથી રેવડી બજારમાંથી પ્રગટ થતું હતું. તેનો ફેલાવો ૧૨ હજાર નકલોનો હતો. ૧૯૪૭માં આઝાદી આવી તે પછી 'ગુજરાત સમાચાર' અને અન્ય દૈનિકો માટે મુશ્કેલીનો સમય આવ્યો. આઝાદીનો જંગ પૂરો થઈ જતાં નકલો ઘટવા માંડી. આઝાદી પહેલાં 'ગુજરાત સમાચાર' સરદાર વલ્લભભાઈ પટેલે, દાદાસાહેબ માવળંકરે, મોરારજી દેસાઈ અને બળવંતરાય ઠાકોરે શરૂ કરાવ્યું હતું, પરંતુ મુશ્કેલીઓ આવતા ૧૯૪૦માં આ અખબાર ચલાવતી ખાનગી પેઢી લોકપ્રકાશન લિમિટેડમાં રૂપાંતરિત થઈ. દાદાસાહેબ માવળંકર તેના પહેલા ચેરમેન બન્યા. પાછળથી આ અખબાર માટે ખાનપુરમાં ભવ્ય ઈમારતનું નિર્માણ થયું. કંપનીએ ભારે નુકસાન વેઠ્યું તે પછી 'ગુજરાત સમાચાર'નું સુકાન દાદાસાહેબ માવળંકરે શાંતિલાલ શાહને સોંપી દીધું. આ અખબારે જયભિખ્ખુ, જયવદન પટેલ, શશીકાંત નાણાવટી, નીરુભાઈ દેસાઈ, વાસુદેવ મહેતા, બકુલ ત્રિપાઠી જેવા લેખકો અને ચંદ્ર જેવા કાર્ટૂનિસ્ટ આપ્યા. જીવરામ જોષીનું 'ઝગમગ' પણ આ અખબારનો જ હિસ્સો રહ્યું. 'મિયાં ફુસકી' અને 'અડુકિયો દડુકિયો' જેવાં પાત્રો પણ આ સાપ્તાહિક દ્વારા જ જન્મ્યાં. ગુજરાતી ભાષાનું ફિલ્મી સાપ્તાહિક 'ચિત્રલોક' પણ આ અખબારનો જ એક હિસ્સો હતું.

એ જ રીતે 'સંદેશ' અખબાર પણ ગુજરાતની જનતાનો ધબકાર બની રહ્યું. તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ અમદાવાદની જનતાએ પહેલી જ વાર 'સંદેશ'નું નામ સાંભળ્યું. માત્ર પાંચ જ રૂપિયાની મૂડીથી નંદલાલ બોડીવાલાએ 'સંદેશ' શરૂ કર્યું. એ રકમ પણ તેઓ ઉછીની લાવ્યા હતા. આ અખબારની શરૂઆત અમદાવાદમાં રાયપુર

ખાતે જળોવાળીના નાકે આર્ય સમાજ મંદિરની નીચે આવેલી એક ખડકીમાં શરૂ થયું. ભારે આર્થિક સંકેટોનો સામનો કરીને બોડીવાલાએ આ અખબાર ચલાવ્યું. સ્વતંત્રતા સંગ્રામમાં 'સંદેશ' અખબાર લોકોનો અવાજ બની રહ્યું. તા. ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ ગાંધીજીએ દાંડીકૂચનો આરંભ કર્યો ત્યારે 'સંદેશ' અખબારે એ ઘટનાના કવરેજ માટે પોતાના એક પત્રકારને સાથે મોકલ્યા. 'સંદેશ'ની એ વખતની સાઈઝ આઠ પાનાની હતી. ૧૭ વર્ષ સુધી 'સંદેશ'ની એક નકલની કિંમત માત્ર એક પૈસો હતી. અનેક મકાનો બદલાતાં બદલાતાં 'સંદેશ' વિકસતું રહ્યું. જોકે અનેક ચડતી પછી કપરો દાયકો પણ આવ્યો અને તેના સ્થાપક નંદલાલ બહુ જ બીમાર પડી જતાં ૧૯૫૮માં તેમણે નિવૃત્તિ લીધી અને 'સંદેશ'ના નવા સુકાની અને તંત્રી ચીમનભાઈ સોમાભાઈ પટેલ બન્યા. દરમિયાન આ અખબારે ઘીકાંટા રોડ પર બનેલી એક નવી આલીશાન ઈમારતમાં પ્રવેશ કર્યો.

ચીમનભાઈ પટેલની આગેવાની હેઠળ 'સંદેશ' અખબાર ગુજરાતની પ્રજાનો પડઘો બની રહ્યું. ૧૯૫૮માં તેમણે 'સંદેશ'નું સુકાન સંભાળ્યું. ત્યારે આ અખબારનો ફેલાવો ૧૮,૦૦૦ નકલોનો હતો. તે હવે ૧૦ લાખથી વધુ નકલોને વટાવી ગયું છે. ૧૯૮૫માં કેટલાંક તત્ત્વોએ 'ગુજરાત સમાચાર'ને આગ લગાડી ત્યારે 'ગુજરાત સમાચાર' પ્રગટ થઈ શકે તેમ નહોતું. એ સ્થિતિમાં 'સંદેશ'ના એ વખતના તંત્રી ચીમનભાઈ પટેલે ગુજરાત સમાચારના તંત્રી શાંતિલાલ શાહને 'સંદેશ' કાર્યાલયમાંથી પ્રગટ કરી આપવાની ખેલદિલીભરી ઓફર કરી હતી. એક પ્રતિસ્પર્ધી હોવા છતાં ચીમનભાઈ પટેલની આ ઓફરથી 'ગુજરાત સમાચાર'ના તંત્રી શાંતિલાલ શાહ ગદગદિત થઈ ગયા

રમણલાલ શેઠે અમદાવાદમાંથી 'જનસત્તા' દૈનિક શરૂ કર્યું. આ અખબારે મહાગુજરાતની ચળવળ દરમિયાન પ્રજાને સાથ આપ્યો અને 'જનસત્તા' લોકપ્રિય થયું. 'જનસત્તા' પછી વડોદરામાંથી 'લોકસત્તા' પણ શરૂ થયું


સંદેશ

સેરડીનો રસ

વડોદરામાં ના. શ્રીમંતની સ્વારી

gettyimages Hindustan Times

ગુજરાત સમાચાર

ગુલામીની કાળરાત્રીનો અંત-આઝાદીનો ઉદય

આઝાદ હિંદના પ્રધાનોની જાહેરાત

દિલ્હીમાં સત્તાધારણની ભવ્ય વિધિ

રાજેન્દ્રબાબુ અને જવાહરનાં પ્રેરક ભાષણો

હતા. 'સંદેશ' અખબારે પણ 'ચિત્રજ્યોત' નામનું ફિલ્મી સાપ્તાહિક શરૂ કર્યું અને ચીમનભાઈ પટેલનાં ધર્મપત્ની શ્રીમતી લીલાબહેન પટેલના તંત્રીપદ હેઠળ બહેનો માટેનું 'સ્ત્રી' સાપ્તાહિક શરૂ થયું.

એ પછી રમણલાલ શેઠે અમદાવાદમાંથી 'જનસત્તા' દૈનિક શરૂ કર્યું. આ અખબારે મહાગુજરાતની ચળવળ દરમિયાન પ્રજાને સાથ આપ્યો અને 'જનસત્તા' લોકપ્રિય થયું. 'જનસત્તા' પછી વડોદરામાંથી 'લોકસત્તા' પણ શરૂ થયું. એના કેટલાક સમય બાદ અમદાવાદમાંથી ભૂપતભાઈ વડોદરિયાએ ગુજરાતને એક આગવા દૃષ્ટિકોણવાળું 'સમભાવ' નામનું પણ અખબાર આપ્યું. ત્યાર પછી આજના સમયમાં ગુજરાતના પાટનગર ગાંધીનગરને 'ગાંધીનગર સમાચાર' જેવું પોતાનું અખબાર પણ મળ્યું.

એ પછી ઘણાં વર્ષો બાદ એટલે કે આજથી ૧૭ વર્ષ પૂર્વે અમદાવાદમાંથી 'દૈનિક ભાસ્કર' નામના હિંદી દૈનિક ગ્રૂપના શ્રી રમેશ અગ્રવાલે ગુજરાતમાંથી 'દિવ્ય ભાસ્કર' નામનું ગુજરાતી અખબાર શરૂ કર્યું. 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ'ની જેમ જ ગુજરાતના મુખ્ય શહેરોમાંથી પ્રગટ થાય છે.

ત્યાર બાદ 'ધી ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' ગ્રૂપે અમદાવાદમાંથી 'નવગુજરાત સમય' નામનું ગુજરાતી અખબાર શરૂ કર્યું. એ પણ આગવી ભાતનું અખબાર બની રહ્યું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, મહાત્મા ગાંધીજી સ્વયં પત્રકાર નહોતા, પરંતુ તેઓ માનતા હતા કે અંગ્રેજોની ગુલામી અને બીજા અન્યાયો સામે લડત ચલાવવા અખબારો મહત્ત્વપૂર્ણ રોલ અદા કરી શકે છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે સૌથી પહેલાં તેઓ 'ઇન્ડિયન ઓપિનિયન' નામના અખબારના સંપર્કમાં આવ્યા હતા. ૧૯૦૪ના અરસામાં શ્રી મદનજીતે છાપું કાઢવાનો વિચાર કર્યો અને એમણે ગાંધીજીની સલાહ લીધી. મદનજીત તો માત્ર છાપખાનું જ ધરાવતા હતા. ૧૯૦૪માં 'ઇન્ડિયન ઓપિનિયન' અખબારની શરૂઆત થઈ, પરંતુ એની જવાબદારી ગાંધીજીના માથે નાખી. એ વખતે દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજોના શાસનના કારણે ઘણા પ્રશ્નો હતા. ગાંધીજી વિવિધ વિષયો પર લખાણ લખીને મોકલતા હતા. પ્રથમ તો તે છાપું ગુજરાતી ઉપરાંત હિંદી, તામિલ અને અંગ્રેજીમાં નીકળતું હતું. છાપું ચલાવવામાં આર્થિક સંકટ આવતાં એ અખબાર ચલાવવા ગાંધીજીએ દર મહિને પોતાની વકીલ તરીકેની આવકમાંથી ૭૫ પાઉન્ડ મોકલવા પડતા હતા.

એ પછી ગાંધીજી 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન' સાથે સંકળાયા. ગાંધીજી કહે છે કે, "'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન'નો ભાગ્યે જ કોઈ એવો અંક હશે જેમાં મેં લખ્યું ના હોય. એમાં એક પણ શબ્દ મેં વગર વિચાર્યે લખ્યો નથી. મારા માટે એ છાપું સંયમની તાલીમ બની ગયું. 'નવજીવન' અમદાવાદથી નીકળતું હતું. આ બંને અખબારો દ્વારા મેં પ્રજાને સત્યાગ્રહની તાલીમ આપવા પ્રયત્ન કર્યો. આ છાપાઓમાં જાહેરખબર ન લેવાનો મારો પ્રથમથી જ આગ્રહ હતો જેથી છાપાની સ્વતંત્રતા જાળવી રાખી શકાય."

ગાંધીજી કહે છે કે, "વર્તમાનપત્રો સેવાભાવથી ચાલવા જોઈએ. હું માનું છું કે વર્તમાનપત્રોમાં ભારે શક્તિ છે, પરંતુ જેમ નિરંકુશ પાણીનો ધોધ આખા ને આખા ગામડાઓ ડુબાડી પાકને નુકસાન કરે તેમ નિરંકુશ કલમનો ધોધ પણ વિનાશ વેરી શકે છે. એ અંકુશ બહારથી આવે તો વધુ ઝેરી નીવડે છે. એ અંકુશ અંદરથી આવે તો લાભદાયી નીવડે છે. આ વિચારસરણી સાચી હોય તો વિશ્વનાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે ? પણ નકામાંને કોઈ બંધ કરાવે ? કોણ કોને નકામું ગણે ? કામનું અને નકામું સાથે સાથે જ ચાલવાનાં. તેમાંથી મનુષ્યે પોતાની સમજ અનુસાર પસંદગી કરવાની રહી."

અહીં એ નોંધવું પણ જરૂરી છે કે, ૧૯૨૪માં એ વખતના મજૂર મહાજન સંઘના વડા ગુલઝારીલાલ નંદાએ મજૂરોના પ્રશ્નોને વાચા આપવા 'મજૂર સંદેશ' શરૂ કર્યું હતું. ગુલઝારીલાલ નંદાએ પછીના સમયમાં દેશના કાર્યકારી વડાપ્રધાનનું પદ પણ સંભાળ્યું હતું

બહુ ઓછા લોકોને ખબર છે કે આજથી ૧૦૦ વર્ષ પહેલાં મુંબઈથી 'વીસમી સદી' નામનું એક ગુજરાતી સામયિક-માસિક નીકળતું હતું અને તેની એક નકલનો ભાવ દસ આના હતા. (સોળ આને રૂપિયો થતો). તેનું મુખપૃષ્ઠ એ જમાનામાં રંગીન હતું. આ ગુજરાતી માસિકના માલિક હાજી મહંમદ અલારખિયા શિવજી નામના એક મુસ્લિમ સદગૃહસ્થ હતા. તેમનો જન્મ ૧૩ ડિસેમ્બર, ૧૮૭૮ના રોજ મુંબઈના એક પ્રતિષ્ઠિત ખોજા પરિવારમાં થયો હતો. તેઓ ગુજરાતી ભાષાના પત્રકાર અને સાહિત્યકાર પણ હતા. તેમનું મૂળ વતન કચ્છ હતું. બાળપણમાં થોડો સમય તેમણે ઘરે રહી ગુજરાતી ભાષામાં અભ્યાસ કર્યો. તે પછી ફોર્ટ હાઈસ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં છઠ્ઠા ધોરણ સુધી ભણ્યા. આ ગુજરાતી સામયિક ૧૯૧૬થી ૧૯૨૦ સુધી પ્રગટ થતું રહ્યું. આ સામયિક શરૂ કરવા માટે તેમણે એ જમાનાનું એમનું પોતાનું ભવ્ય મેન્શન વેચીને રૂ. ૧.૫ કરોડની મૂડી રોકી હતી. જે રકમ કદી પાછી ના આવી, પરંતુ 'વીસમી સદી' એ જમાનામાં બહુ જ લોકપ્રિય થયું. સૌથી વધુ નોંધપાત્ર વાત એ છે કે, ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ સાહિત્યકાર કનૈયાલાલ માણેકલાલ મુનશીની લોકપ્રિય નવલકથા 'ગુજરાતનો નાથ' પણ 'વીસમી સદી' સામયિકમાં જ ક્રમશઃ પ્રગટ થઈ હતી. ગુજરાતી ભાષાના પત્રકારત્વનું આ પણ એક ભુલાઈ ગયેલું સુવર્ણ પ્રકરણ છે.

સાહિત્યિક અને ધાર્મિક પત્રકારત્વના ભાગરૂપે પુનિત મહારાજનું 'જનકલ્યાણ' અને 'અખંડઆનંદ' જેવા સામયિકો શિક્ષિત અને સંસ્કારી પરિવારોના ઘરની શોભા બન્યા. એ જ રીતે 'નવચેતન', 'ભૂમિપુત્ર', 'કુમાર', 'બુદ્ધિપ્રકાશ' અને 'નિરીક્ષક' જેવા સામયિકો બુદ્ધિજીવીઓમાં લોકપ્રિય બન્યાં.

૧૯૭૦ પછીના ગાળામાં 'ચિત્રલેખા' અને 'અભિયાન' જેવા લોકપ્રિય સામયિકો પણ ગુજરાતના પ્રજાજીવનનો એક હિસ્સો બન્યાં. વડોદરાથી પ્રગટ થતું 'ફિલિંગ્સ' નામનું મેગેઝિન પણ લોકોમાં જાણીતું બન્યું, પરંતુ હવે આવનારો સમય ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં દૈનિકો અને સામયિકો માટે પડકારરૂપ હશે.

ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવતા વરિષ્ઠ પત્રકાર મણિલાલ એમ. પટેલ છેલ્લાં ૩૪ વર્ષથી ધંધાદારી અભિગમ વિના 'ગ્રામ ગર્જના' નામનું ગ્રામીણ પત્રકારત્વને વરેલું પાક્ષિક ચલાવે છે. જેના પાયામાં ખેતી, પશુપાલન, પંચાયતી રાજ, સહકાર, ગામડાંના પ્રશ્નો, સંસ્કૃતિ, ગ્રામીણ સંસ્થાઓ વગેરે છે. તેમણે રાજ્યના હજારો ગામોની મુલાકાત લીધી છે અને ગ્રામીણ પત્રકારત્વના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૧૦ જેટલા ઍવૉર્ડ પણ તેમને પ્રાપ્ત થયા છે. ૨૦ વર્ષ જેટલા સમયથી પત્રકારત્વની કૉલેજોમાં હજારો વિદ્યાર્થીઓને તેમણે ગ્રામીણ પત્રકારત્વનું શિક્ષણ આપ્યું છે. અહીં એ નોંધવું પણ જરૂરી છે કે, ૧૯૨૪માં એ વખતના મજૂર મહાજન સંઘના વડા ગુલઝારીલાલ નંદાએ મજૂરોના પ્રશ્નોને વાચા આપવા 'મજૂર સંદેશ' શરૂ કર્યું હતું. ગુલઝારીલાલ નંદાએ પછીના સમયમાં દેશના કાર્યકારી વડાપ્રધાનનું પદ પણ સંભાળ્યું હતું.


નવજીવન

ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ ઝવેરચંદ મેઘાણી જેવા રાષ્ટ્રીય શાયર, કવિ, પત્રકાર, તંત્રી અને સાહિત્યકારથી ઊજળો છે. આજે પણ તેમનું નામ ગૌરવપૂર્વક લેવામાં આવે છે.

ઝવેરચંદ મેઘાણી એ એક કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક, અનુવાદક હતા. તેમનો જન્મ ૨૮ ઓગસ્ટ, ૧૮૯૬માં ગુજરાતના ચોટીલા ગામમાં થયો હતો. તેમનાં માતાનું નામ ધોળીબાઈ તથા પિતાનું નામ કાલિદાસ મેઘાણી હતું કેજેઓ બગસરાના જેન વણિક હતા. તેમના પિતાની નોકરી પોલીસ ખાતામાં હતી અને પોલીસ ખાતા થકી તેમની બદલીઓ થવાને કારણે તેમને પોતાના કુટુંબ સાથે ગુજરાતનાં અલગ અલગ ગામોમાં રહેવાનું થયું. ઝવેરચંદનું ભણતર રાજકોટ, દાઠા, પાળિયાદ, બગસરા, અમરેલી વગેરે જગ્યાઓએ થયું. તેઓ અમરેલીની તે વખતની સરકારી હાઈસ્કૂલ અને હાલની ટી.પી. ગાંધી એન્ડ એમ. ટી. ગાંધી ગર્લ્સ સ્કૂલમાં ૧૯૧૦થી ૧૯૧૨ સુધી માધ્યમિક શિક્ષણ મેળવીને ૧૯૧૨માં મેટ્રિક થયા હતા. ઈ.સ. ૧૯૧૬માં તેઓએ ભાવનગરના શામળદાસ મહાવિદ્યાલયમાંથી અંગ્રેજી તેમજ સંસ્કૃતમાં સ્નાતકીય ભણતર પૂરું કર્યું.

ભણતર પુરું કર્યા બાદ ઈ.સ. ૧૯૧૭માં તેઓ કોલકાતા સ્થિત જીવનલાલ લિમિટેડ નામની એક એલ્યુમિનિયમની કંપનીમાં કામે લાગ્યા. આ કંપનીમાં કામ કરતી વખતે તેઓને એક વાર ઇંગ્લેન્ડ જવાનું પણ થયું હતું. ૩ વર્ષ આ કંપનીમાં કામ કર્યા બાદ વતનના લગાવથી તેઓ નોકરી છોડીને બગસરા સ્થાયી થયા. ૧૯૨૨માં જેતપુર સ્થિત દમયંતીબહેન સાથે તેમનાં લગ્ન થયાં. નાનપણથી જ ઝવેરચંદને ગુજરાતી સાહિત્યનું ઘણું ચિંતન રહ્યું હતું અને તેમના કોલકાતા રહ્યા દરમિયાન તેઓ બંગાળી સાહિત્યના પરિચયમાં પણ આવ્યા હતા. બગસરા સ્થાયી થયા બાદ તેમણે રાણપુરથી પ્રકાશિત થતા સૌરાષ્ટ્ર નામના છાપામાં લખવાની શરૂઆત કરી હતી. ૧૯૨૨થી ૧૯૩૫ સુધી તેઓ સૌરાષ્ટ્રમાં તંત્રી તરીકે રહ્યા હતા. આ સમય દરમિયાન તેઓએ પોતાના સાહિત્યિક લખાણને ગંભીરતાપૂર્વક લઈ કુરબાનીની કથાઓ'ની રચના કરી કે જે તેમનું પહેલું પ્રકાશિત પુસ્તક પણ રહ્યું. ત્યાર બાદ તેઓએ સૌરાષ્ટ્રની રસધાર'નું સંકલન કર્યું તથા બંગાળી સાહિત્યમાંથી ભાષાંતર કરવાની પણ શરૂઆત કરી.

કવિતાલેખનમાં તેમણે પગલાં ''વેણીનાં ફૂલ' નામના ઈ.સ. ૧૯૨૬માં માંડ્યા. ઈ.સ. ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં તેમના યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. તેમના સંગ્રામ ગીતોના સંગ્રહ ''સિંધુડો'-એ ભારતનાં યુવાનોને પ્રેરિત કર્યા હતા અને જેને કારણે ઈ.સ. ૧૯૩૦માં ઝવેરચંદને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું હતું. આ સમય દરમિયાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર ''ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરૂદથી નવાજ્યા હતા. તેમણે 'ફલછાબ' નામના છાપામાં લઘુકથાઓ લખવાનું પણ ચાલુ કર્યું હતું. ઈ.સ. ૧૯૩૩માં તેમનાં પત્નીના દેહાંત બાદ તેઓ ૧૯૩૪માં મુંબઈ સ્થાયી થયા. અહીં તેમનાં લગ્ન ચિત્રાદેવી સાથે થયા. તેમણે ''જન્મભૂમિ' નામના છાપામાં 'ક્લમ અને કિતાબના નામે લેખ લખવાની તેમજ સ્વતંત્ર નવલકથાઓ લખવાની શરૂઆત કરી. ઇ.સ. ૧૯૩૬થી ૧૯૪૫ સુધી તેઓએ 'ફૂલછાબ'ના સંપાદકની ભૂમિકા ભજવી જે દરમિયાન ૧૯૪૨માં ''મરેલાના રુધિર' નામની પોતાની પુસ્તિકા પ્રકાશિત કરી. ઈ.સ. ૧૯૪૬માં તેમના પુસ્તક ''માણસાઈના દીવાને મહીડા પારિતોષપિકથી સન્માનવામાં આવ્યું હતું. મેઘાણીએ ચાર નાટ્યગ્રંથ, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઇતિહાસ, તેર જીવનચરિત્રની રચના કરી હતી. તેમણે લોકસેવક રવિશંકર મહારાજની અનુભવેલ કથાઓનું ''માણસાઈના દીવા'માં વાર્તારૂપે નિરૂપણ કર્યું છે. મેઘાણી તેમના લોકસાહિત્યમાં સોરાષ્ટ્રની ધીંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવી શક્યા છે. ''તુલસી ક્યારો', 'યુગવંદના', ''કંકાવટી', ''સોરઠી બહારવટિયા', ''સૌરાષ્ટ્રની રસધાર', ''અપરાધી'' વગેરે તેમનું નોધપાત્ર સર્જન છે.

ઈ.સ. ૧૯૩૦માં ઝવેરચંદને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું હતું. આ સમય દરમિયાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર ''ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરુદથી નવાજ્યા હતા

૯ માર્ચ, ૧૯૪૭ના દિવસે ૫૦ વર્ષની ઉમરે હૃદયરોગના હુમલામાં તેમના બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું.

ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૪ સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

એ-૧૦૧, અભિલેખ વિલા, શીલજ સર્કલ નજીક
શીલજ, અમદાવાદ-૩૮૦૦૫૯
મો : ૯૮૭૯૨૦૭૧૦૨

ડેન્જરસલી રેડ : કલર ઓફ પેશન, કલર ઓફ સેલિબ્રેશન!

- *જય વસાવડા*

સર્વત્ર કિંશૂકવનૈઃ કુસુમાવનમ્રે : રક્તાંશુકા નવવધૂરિવ ભાતિ ભૂમિઃ કવિ કાલિદાસ ભારતીય સંસ્કૃતિના શિરમોર સમી રચના 'ઋતુસંહાર'માં આ વર્ણનનો શ્લોક લખ્યો છે, જેમાં વસંતઋતુના પલાશ યાને કેસૂડાંના ફૂલોને લીધે સમગ્ર ધરતી જાણે લાલ સાડી પહેરીને નવવધૂની માફક શોભતી હોય એવું લાગે છે!

જી હા, લાલ રંગ ભારતીય સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે. ભારતમાં લાલ એ ઉત્સવનો રંગ છે. ગાલે લાલ ગુલાલ વિના ધૂળેટી-હોળીની ઉજવણી અધૂરી લાગે છે. "એ કે લાલ દરવાજે તંબૂ તાણિયા રે લોલ" જેવા ગરબા કે "માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો" જેવી સ્તુતિ વિના નવરાત્રિ પૂરી થતી નથી. લગ્નમાં તો કંકોત્રીથી શરૂ કરીને ઘરચોળાં અને મેંદીથી શરૂ કરીને ચાંદલા સુધી લાલ રંગનું એકચક્રી સામ્રાજ્ય છે. મંદિરોમાં લાલ રંગની ધજા ચડાવવાના ઉત્સવો થાય છે અને આપણા સૌથી મોટા તહેવાર દિવાળીનો પણ રંગ લાલ છે, કારણ કે એ લક્ષ્મીનો રંગ છે. લાલ કમળ પર લાલ વસ્ત્ર પહેરેલાં લક્ષ્મીનું પૂજન ઘીમાં બોળેલા લાલ કંકુમાં આંગળી બોળી ચોપડા પર 'શ્રી સવા' લખવાથી થતું હતું, જેમાં લાલ આસન પર બેસવાનું રહેતું. હજુ યે ઇન્ટરનેટ પર થતી ડિજિટલ વિશિઝથી દિવાળીમાં ફૂટતી તડાફડી સુધી રંગોળી અને આંગણે થતા શુભ-લાભ અને સ્વસ્તિક સંગાથે આપણા જીવનની મોમેન્ટસ ઓફ સેલિબ્રેશન રાતાચોળ રંગમાં તરબોળ થતી રહે છે!

પણ લાલ રંગ ફક્ત બંગડીથી બાંધણી સુધી સેલિબ્રેશનનો જ કલર નથી. યુગોથી એ કલર ઓફ પેશન પણ રહ્યો છે! એક પ્રાચીન સંસ્કૃત કાવ્યકલ્પનમાં મીઠા ઉજાગરાને લીધે એની રતાશ પ્રભાતે આંખોમાં પ્રગટી હોવાની સુપર્બ સિડક્ટિવ ફેન્ટેસી છે. દિવાળી જ નહિ, વેલેન્ટાઈન્સ ડે પર પણ યુવા હૈયાઓની રોમેન્ટિક દુનિયા રેડ રોઝીઝ અને રેડ હાર્ટ બલૂન્સથી રંગાઈ જાય છે. ફ્રાન્સમાં તો એક સર્વેક્ષણ પણ થયેલું કે બાયડિફોલ્ટ પુરુષો રેડ સ્કર્ટ-ટોપ પહેરેલી અને લાલ લિપસ્ટિક લગાડેલી વેઇટ્રેસને વધુ ટિપ (ઓલરેડી ફ્રાન્સમાં બિલમાં જ એ ઉમેરાઈને આવતી હોવા છતાં!) આપે છે! અને વળી આવું ઈન્સ્ટિકટકંટથી દોરવાઈને કેવળ પુરુષો જ કરે છે!

કેમ? એ સવાલનો જવાબ જાણવા બીજો સવાલ. લાલ રંગની વાત નીકળે ત્યારે સૌથી વધુ કઈ બાબત સાથે એને ગાઢ રીતે જોડી શકાય?

બ્લડ! 'લોહીનો રંગ લાલ' એવું તો એક ગુજરાતી નવલકથાનું શીર્ષક છે! સદીઓથી તમામ દેશોમાં માનવસંસ્કૃતિમાં લાલ રંગ છવાયેલો છે, એ માણસની જિંદગી સાથે જોડાયેલા લોહીનો રંગ હોવાને લીધે! લાલ રંગનું આકર્ષણ અને ડર આ જ કારણે આપણા દિમાગી વાયરિંગમાં ચુસ્તપણે સ્થાન જમાવી ચૂક્યા છે. લાલ સાડીમાં વીંટળાયેલી અભિનેત્રીઓ 'રૂપ કી રાની ચોરોં કા રાજા'ની શ્રીદેવીથી 'રા-વન'ની છમ્મકછલ્લો કરીના સુધી હંમેશાં આંખોમાં આગ લગાડતી આવી છે. વેનેસા મેના 'રેડ હોટ' સોંગના ટાઇટલની જેમ પુરુષને લાલચટ્ટક આઉટફિટ્સમાં સજ્જ નારી હંમેશાં જરાક વધારે ગમી જાય છે, કારણ કે ઈવોલ્યુશનમાં બ્રેઈનમાં હજારો વર્ષોથી લાલ રંગ સ્ત્રીના મેન્સ્ટએશન સાથે જોડાયેલો છે. જે યુવકયુવતીની તંદુરસ્તી સારી હોય, એના લોહીમાં ઑક્સિજન અને રક્તકણ તરીકે રેડ પિગ્મેન્ટ પેદા કરતાં હિમોગ્લોબીનનું પ્રમાણ પણ વધુ જ હોવાનું!

ડોક્ટરનો સિમ્બોલ પણ લાલ ચોકડી!

કદાચ પશ્ચિમની સંસ્કૃતિના વર-વધૂના લગ્ન સમયે કાળા-ધોળા ડ્રેસ કોડને બદલે પ્રાચીન ભારતમાં આ બ્યુટી પ્લસ ફર્ટિલિટીના પેશનૅટ સિમ્બોલ તરીકે જ લગ્નમાં વર-વધૂને (નવોઢાને તો ખાસ) લાલ વસ્ત્રોમાં જ સજ્જ કરવાનો કે કંકુના થાપા/ પગલાં વગેરે કરવાનો રિવાજ આવ્યો હશે! બ્લડ રેડ કલરના રોઝીઝ એટલે જ અતિશય રોમેન્ટિક ગણાયાં હશે. લોહીનું પમ્પિંગ કરતું પાવર સેન્ટર હૃદય હોઈ, એ દિલનો સિમ્બોલ ઈમોશનલી ઈશ્કઘેલા આશિક-માશૂક માટે હસીન ગણાયો હશે. અને સૃષ્ટિના પાલક-સંચાલક



વિષ્ણુનાં પત્ની તથા અમુક માન્યતા મુજબ કામદેવનાં માતા લક્ષ્મીદેવીના પૂજન કે યંત્ર-મંત્ર સાથે પણ સંસારસુખનો તથા સૌભાગ્યનો ગણાતો રક્તિમ લાલ રંગ જોડાઈ ગયો હશે! એટલે જ તંત્રમાર્ગથી વધુ પ્રચલિત બનેલી શક્તિપૂજામાં લાલ ચુંદડીવાળાંના રેડ રૂપની આરાધના-સાધના વધુ થાય છે. કાળી ચૌદશની મહાકાળીના ખડગ અને ખપ્પરમાં પણ લોહી છે. કરોડરજ્જુના છેડે શરીરની મધ્યમાં આવેલા ગણાતા યોગ-કુંડલિની શાસ્ત્રના મૂલાધાર ચક્રનો રંગ પણ લાલ જ માનવામાં આવ્યો છે!

લોહી સાથેના આ સંબંધને લીધે શબ્દની કેવી રોમાંચક સફર ભારતથી શરૂ થઈ છે! અંગારક કહેવાતા મંગળના ગ્રહને ભૂમિનો પુત્ર યાને 'ભૌમ' પણ કહેવાય છે. 'મંગલકારી' મનાતા લાલ રંગનો મંગળ એમાં રહેલા લોહતત્ત્વના ફેરસ ઑકસાઇડને લીધે લાલ છે. આ 'લોહ' શબ્દ પણ લોહીમાંથી આવ્યો છે. લોહ જેવો જ શબ્દ 'રોહ' છે, જેનો અર્થ આગળ ગતિ કરવી એવો થાય છે, જેમ રક્તની ગતિ પગથી માથા સુધી ઉર્ધ્વગામી (ઉપર ચડનારી) હોય તેમ! એટલે રોહિત શબ્દ સૂર્યનાં કિરણો જેવા લાલ માટે પણ વપરાય છે. લોહીમાંથી જ ફારસીમાં પણ વપરાતો ગઝલકારોનો ફેવરિટ શબ્દ લહૂ આવ્યો. તો રોહિતના મૂળમાં રહેલી સંસ્કૃત 'રુહ' ધાતુનો સંબંધ 'રૂધ' સાથે જોડાયો. જે 'રૂધ' (reudh) માંથી જ લાલ લોહી માટેનો બીજો શબ્દ રુધિર આવ્યો. અને કેટલાક નિષ્ણાતોના મતે એવરરેડી બેટરીની જાહેરાતમાં ય જોરશોરથી જેનું સ્લોગન ગવાય છે અને 'ગિવ મીઈઈઈ રેડ!' વાળો અંગ્રેજી રેડ (red) પણ આ સંસ્કૃત 'રૂધ'નું જ અપભ્રંશ છે! આવા જ શબ્દો સ્વીડીશમાં લાલ માટે રોડ, ડચમાં રૂડ, લિથુઆનીમાં રૂડાસ છે. ગાલ પર લાલી માટેના મેક-અપનું 'રૂઝ'પણ એમાંથી આવ્યું છે! અને કદાચ લોખંડ પરના લાલ રંગના કાટ માટેનો અંગ્રેજી શબ્દ 'રસ્ટ' પણ!

રસપ્રદ વાત તો એ છે કે 'કિરમજી' રંગ તરીકે ઓળખાતા લાલ રંગની આ ઓળખનો નાતોય ભારત સાથે છે ! મૂળ 'કિરમીજ' નામના કીટક (બગ)માંથી લાલ રંગનો સ્ત્રાવ થાય છે. અરેબિકમાં એને કિરમીજ કહેવાતો પણ એ અરેબિક શબ્દ આવ્યો મૂળ સંસ્કૃત શબ્દ 'કૃમિજા' પરથી ! લાલ (જેનું જૂના જમાનામાં પાર્સલ પર સીલ મરાતું અને પાંડવોને જે લાક્ષાગૃહમાં બાળવાનું ષડયંત્ર રચાયેલું) વૃક્ષનું જંતુ ગણાતા કિરમીજ સાથે એ લાગુ પણ પડે છે. કૃમિ એટલે જંતુ, કીટક અને કૃમિ એટલે લાલ. કૃમિજા એટલે લાલ રંગને જન્મ દેનારા, કૃમિજાથી અરેબિકમાં કિરમીજ થયેલો શબ્દ સ્પેનિશમાં ક્રિમેસિન થયો, અને અંગ્રેજીમાં બન્યો લાલ રંગનો પર્યાયવાચી શબ્દ ક્રિમ્સન ! (ક્રિમસન ટાઈડ નામની એક જાણીતી હોલીવુડ વોર ફિલ્મ છે.)

એ જ લોહીના લાલ રંગમાંથી લોહી સાથે જોડાયેલ સંતાન માટેની 'લલ્' ધાતુ આવી અને 'લાલનપાલન'થી બાળકૃષ્ણ માટે વપરાતા 'લાલા' કે સંતાન માટેનો જાણીતો ગુજરાતી શબ્દ 'લાલ' આવ્યો ! દેખાવડી સ્ત્રી માટે લલના કે સુંદરતા માટે લલિત આવ્યો ! તો વળી ક્યાંક આ લાલ રંગે જ નખરાળી કિશોરી માટેના અંગ્રેજી શબ્દ લોલિતા કે હાલરડાના અંગ્રેજી 'લલબાય'ને રંગી નાખ્યા હશે !

પણ લોહીનો રંગ ફક્ત રોમાન્સ કે ઉન્માદ માટે જ નહિ, જોખમ માટે પણ જાણીતો છે. રેડ ઈઝ ઓલ્વેઝ ડેન્જરસ ! આદિકાળથી માનવજાતે વહેતા-ટપકતાં લોહીને સૌથી મોટા આઘાત મૃત્યુના જોખમ સાથે જોડ્યું હશે ! (જોખમનો નાતો પણ જખમ સાથે છે !) એટલે સ્વાભાવિકપણે લાલ રંગનો એક ડર પણ પેસી ગયો હોવો જોઈએ. વળી લાલ અગ્નિનો પણ રંગ છે. ડબલ ડેન્જરસ ! કોઈ પણ વસ્તુ, કોલસાથી ધાતુ સુધી હદથી વધુ ગરમ થાય તો રાતીચોળ બની જાય છે ! ગુસ્સામાં માણસના નાક કે હોઠ પર લોહી ધસી આવતા લાલ થઈ જાય છે ! કોઈ ભ્રષ્ટાચારી સ્ટિંગ ઓપરેશનમાં પકડાય તોય 'રંગે હાથ' યાને 'રેડ હેન્ડેડ' જ ઝડપાયો એવું કહેવાય છે, કારણ કે જૂના જમાનામાં કાતિલ ખૂન કરીને લોહીવાળા હાથે પકડાય એ સજ્જડ પુરાવો હતો ! ક્રોધમાં 'રાતાપીળા' થઈ જનારા ઍંગ્રી બર્ડસની દુનિયામાં કમી જ નથી.

માટે લાલ રંગ સેલિબ્રેશન અને પેશન ઉપરાંત ડેન્જરનો પણ સિગ્નલ છે. એકચ્યુઅલી તો ૧૮૮૯માં બ્રિટિશ સાંસદે રેલગાડી રોકવાના સંકેત તરીકે લાલ રંગનો સિગ્નલ ઉપયોગમાં લેવાનો ઠરાવ સૌથી પહેલો કરેલો. પણ આજે તો જગતભરમાં લાલ રંગમાં જ તમામ ભયસૂચક વૉર્નિંગ સાઈન્સ લખવામાં આવે છે ! તમે દુનિયાનો વિનાશ થાય એવા ટાઈમબોમ્બ કે અણુશસ્ત્રને છોડતું કે એક્ટિવેટ કરતું બટન કેવા રંગનું હોય એ વિચારો. ગમે તેવો ક્રિએટિવ ફિલ્મમેકર પણ પોતાની ફિલ્મમાં એ 'રેડ બટન' બતાવશે !

લાલ રંગને 'કલર ઓફ ડેન્જર' ગણવા પાછળ વૈજ્ઞાનિક કારણ પણ છે. ક્યારેય વિચાર્યું છે કે હંમેશાં ડૂબતો કે ઊગતો સૂરજ અને એની આસપાસનું આકાશ લાલ કેમ લાગે છે ? કારણ કે સ્પેક્ટ્રમના પેલા સાત રંગોમાં રેડ કલરની તરંગલંબાઈ સૌથી વધુ છે ! માટે અન્ય રંગોનાં કિરણો વિખેરાઈ જાય, ત્યારેય એ માણસની આંખ સુધી પહોંચે છે ! લાલ રંગ સૌથી

સ્ટ્રોંગ રંગ છે. કુદરતે એટલે જ લોહીને એ રંગ આપ્યો છે, જેથી તરત જ એના તરફ ધ્યાન ખેંચાય !

એમ્બ્યુલન્સ, મેડિકલ ઇમરજન્સી પણ રેડ.


એટેન્શન ખેંચવાના ટેન્શનમાં તરબોળ દુનિયા એટલે જ હંમેશાં રક્તરંજિત રહી છે. એડવર્ટાઈઝિંગના વિશ્વમાં રેડ ઈઝ નોટ કલર ઑફ અફેક્શન બટ એટેન્શન એટલે વર્જીન, સીએનએન, કોકોકોલા, મેકડોનાલ્ડ્સ, કોલગેટ, યૂટ્યૂબ, જીમેઈલ જેવા અનેક વિશ્વપ્રસિદ્ધ કોર્પોરેટ લોગોમાં છૂટથી ક્યાંક ને ક્યાંક લાલ રંગ ડોકાઈ જ જાય છે ! (બીજો નંબર બ્લ્યૂનો છે !) લાલ, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય એ તો પાયાનો પાઠ છે જ. પણ કલર ઈલેક્ટ્રોનિક સ્ક્રીન પર પણ દેખાતા પિક્ચરમાં 'આરજીબી' યાને રેડ, ગ્રીન, બ્લ્યૂનું જ કોમ્બિનેશન હોય છે ! આપણી આજતકથી ટાઈમ્સ નાઉ સુધીની ચેનલ્સ પણ રેડની રેલમછેલ વહાવે છે.

ફેશનની પેશનમાં તો એટલે જ લાલ હુકમનો એક્કો ગણાય છે. એવું ઘણી વાર અંગ્રેજીમાં કહેવાય છે કે વ્હેન ઈન ડાઉટ, વેઅર રેડ ! જ્યારે શું પહેરવું એની મૂંઝવણ હોય, ત્યારે આંખો મીંચીને લાલ પહેરો, સારા જ દેખાશો ! હોલીવુડની આર્યન મેન સિરિઝમાં દેખાતી ફુટડી અભિનેત્રી ગ્યેનેથ પેલ્ટ્રોએ કહેલું કે કાં તમે સારા દેખાવા ખૂબ મહેનત કરો, કાં તો પછી ચકાચક રેડ લિપસ્ટિક લગાડી દુનિયા પર કામણ કરો! રેડ સેન્ડલથી રેડ સ્વેટર, કેપથી ટીશર્ટ સુધીની એસેસરીઝ ધૂમ મચાવતી હોય છે. જેમ લાલ મરચાંને લીધે ભાવતાં ભોજનને આકર્ષક રંગ અને સ્વાદ મળે છે, એમ પેઈન્ટિંગમાં પણ લાલરંગનો 'વઘાર' વિશ્વના અનેક મહાન ચિત્રોને મસાલેદાર બનાવે છે. એટલે જ ઘણા ગ્રેટ આર્ટિસ્ટ એનો ઉપયોગ સંયમથી સમજી વિચારીને કરે છે. લાલ રંગનો અતિરેક માણસનાં ઊર્જા અને ઉન્માદ વધારીને એને ઉત્તેજિત કરી શકે છે. લાગણીઓ કાબૂ બહાર જઈ શકે છે. ઘરનું ઈન્ટિરિયર એટલે જ સંપૂર્ણ લાલ રંગનું બનાવવાની સલાહ અપાતી નથી. એ સતત જોઈ આંખોને થાક લાગે અને મગજ તંગ થઈ જાય.ઘણી સંસ્કૃતિમાં એને ખુશીને બદલે શેતાનનો રંગ પણ ગણવામાં આવે છે. ડ્રેક્યુલાના ડ્રેસમાં બ્લડી રેડ રંગ ઊડીને આંખે વળગે છે. રેડ રાઈડિંગ હૂડની પેલી લુચ્ચા ભૂખાળવા વરુનો ભોગ બનતી ભોળી બાળકીની વાર્તામાં પણ લાલ ટોપી પહેરેલી બાળા તરફ વરુ આકર્ષાય છે. લાલ કપડું જોઈ આખલો ભડકેની માન્યતા સ્પેનથી ભારત સુધી પહોંચી છે ! અને પેલા ફેલિક્સ ભાઈએ બ્રહ્માંડમાંથી વાતાવરણની ધારેથી પૃથ્વી પર ભૂસકો માર્યો, એ વખતે મશહૂર થયેલ એનર્જી ડ્રિન્ક પણ 'રેડ બુલ' જ છે ને !

પણ નવાં સંશોધનોએ લાલ રંગને સુંદરતા, શુદ્ધતા, પવિત્રતા અને ધાર્મિકતા સાથે જોડવાની ભારતીય પરંપરાને સમર્થન આપ્યું છે. લાલ રંગ ઉત્સાહ, સમૃદ્ધિ અને ઊર્જાનો રંગ છે. વાઈટામિન્સથી ભરપૂર અને રસાળ એવા પૌષ્ટિક ટમેટાં, સ્ટ્રોબેરી, કેનબેરી, ગાજર, દાડમ, બીટ, મોગરી, સફરજન, તડબૂચનો રંગ છે ! કેરોટીનાઈડ પિગમેન્ટસથી લાલરંગનાં ફળો અને શાક એટ્રેકટિવ લાગે છે. ફૂડને સજાવટથી ગોઠવાતા ડ્રેસિંગમાંય તેનો ઉપયોગ થાય છે. ગ્રીન ચટણી સાથે રેડ ટોમેટો ચીલી સોસનું કોમ્બિનેશન મોંમાં પાણી લઈ આવે તેવું હોય છે. સૌથી મોંઘા ખાદ્યપદાર્થોમાંના એક એવા ગુણકારી કેસરનો રંગ પણ લાલ હોય છે, અને શુદ્ધ કેસરનું ધાર્મિક પૂજામાં કંકુ જેટલું જ મહત્ત્વ હોય છે.

પણ વાત કેવળ ખાણીપીણીની નથી. અમેરિકાની રોશેસ્ટર યુનિવર્સિટીના વિજ્ઞાની એન્ડ્ર્યુ ઈલિયટ કહે છે એમ લાલ રંગ પોઝિટિવ ઉત્સાહનો સંચાર પણ કરે છે ! રેડ કલર થેરાપીથી એનર્જી વધારીને હિલિંગ કરવાની વાતને અહીં વૈજ્ઞાનિક અભ્યાસનું સમર્થન મળતું હોય એવું લાગે ! ભલે, દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં એ શોકનો રંગ મનાય, પણ વાસ્તવમાં કલર રેડ તો રોઝીઝને જેમ જ મન પ્રફુલ્લિત કરીને થાકની બેટરી ચાર્જ કરી દે છે. એ સફળતા અને શક્તિનો રંગ છે, અને એને લીધે માણસ વધુ સ્ફૂર્તિમાં રહે છે !

મતલબ, દિવાળી પર થતા લાલ સાથિયા, ફૂટતા લાલ ફટાકડા, કે છપાતા લાલ કાર્ડ્સ કે પહેરાતાં લાલ કપડાં આપણામાં ફ્રેશ પાવર લઈ આવી શકે છે ! ૨૦૦૪ની ઓલિમ્પિક્સમાં બાકાયદા એવું સર્વેક્ષણ થયેલું કે અમુક રમતોમાં રેડ વસ્ત્રોમાં સજ્જ ખેલાડીઓ તરફ બીજા રંગોના કપડાં પહેરનારાઓ કરતાં રેફરીનું વધુ ધ્યાન જતું હતું ! ને ક્યારેક વધુ પોઈન્ટ્સ પણ મળી જતા હતા ! આપણે ત્યાં લાલ રંગની રોશનીમાં રાજયોગ ધ્યાન કરાવવામાં આવે છે. એની પાછળ પણ આ કોન્સન્ટ્રેશન ટેકનિક હોઈ શકે.



મૂળ તો ભારતના પર્વો સાથે લાલ રંગ એટલે પણ જોડાયેલો હશે કે ભારતની સંસ્કૃતિમાં સૃષ્ટિ પણ ગુણોની બની છે. સત્વ, રજસ અને તમસ, શુદ્ધ સત્ય યાને સ્થિરતા, શાંતિ, તેજનો રંગ શ્વેત/વ્હાઈટ છે, એના સામા છેડે તમસ યાને અંધકારમાં નકારાત્મકતા, ચંચળતા, ક્રોધ, હિંસા, જડતા, આળસનો રંગ કાળો/બ્લેક છે. પણ સ્વર્ગ-નરકની વચ્ચે ખીલેલા આ સંસારનો રંગ રજસનો યાને લાલ/રેડ છે. પ્રેમ, જોશ, જોખમ, સેક્સ, આનંદ, સમૃદ્ધિ, સુખ અને ક્રાંતિનો રંગ !

યસ, રેડ ઈઝ ઓલસો કલર ઓફ રિવોલ્યુશન. 'લાલ વાવટાવાળા' સામ્યવાદીઓ સાથે જગતભરમાં એ રંગ જોડાઈ ગયો છે. રશિયાની બોલ્શેવિક ક્રાંતિમાં લાલ ઝંડા વપરાયા પછી ચીનમાં પણ એ સિમ્બોલ બની ગયો ! ભારતની માફક જ ચાઈનીઝ નવવર્ષમાં પણ લાલ કપડાં, લાલ ફાનસ, ઘરમાં લાલ શણગાર અને 'ગુડ લક' તરીકે અપરિણીત સંતાનોને અપાતા 'શુકન'ના પૈસાના 'લાલ કલર'નો રિવાજ છે. અને લાલ ઝંડોય ખરો ! રિવોલ્યુશનરી રેડ કલર વિશ્વના ઘણાખરા ઝંડાઓમાં સ્થાન પામે છે. સિસ્ટર નિવેદિતાએ વીસની સદીના પ્રારંભે બનાવેલા ભારતના ઝંડામાં પણ લાલ રંગ હતો ! એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર નેપાળનો ધ્વજ લાલ ધજા છે, તો જાપાનના ધ્વજમાં લાલ ચાંદલો છે !

દીપોત્સવી અંક વંચાઈ જાય, ત્યારે જરા આસપાસ નજર કરી આ લાલ રંગનું ચેતનવંતુ સામ્રાજ્ય પારખવાની કોશિષ કરજો. છેક ૧૮૭૪થી એ ટપાલપેટીનો કાયમી રંગ છે, શહેરોમાં ફરતી ડબલડેકર બસનો રંગ છે, મલ્ટિપ્લેક્સની ખુરશીઓથી લઈ આભૂષણોમાં જડાતા (અને પરંપરાગત રીતે કોઈના લગ્નની ૪૦મી વર્ષગાંઠે ગિફ્ટ અપાતા) રેડ રૂબી-માણેકનો રંગ છે. સૂર્યપૂજક ઈજિપ્તની પૂજારણોની ત્વચા લાલ-તાંબાવરણી બનાવાતી, તો ખ્રિસ્તીધર્મમાં એ શહાદતનો રંગ બન્યો ! મસ્તીની મહેફિલ સમાવતા રેડ વાઈનના જામમાં એ છલકે છે, તો ક્યાંક અચાનક રેડ ફિવર કે ઓરી-અછબડાના લાલ ચાઠાં બનીને પજવે છે. બાળકોને પ્યારા સાન્તાક્લોઝથી ડિજિટલ પ્લેયરમાં ફરતા લેસરના શેરડામાં કલર રેડનો રોયલ દબદબો છે. બ્લડબેન્કમાં જમા થતા લોહીમાં એ ધબકે છે અને સુહાગનના સેંથાથી કંગન સુધીના શણગારમાં એ ચમકે છે. બાબુશાહી 'રેડ ટેપીઝમ'માં સરકારી ફાઈલોમાં 'સ્ટોપ' સાઈન બની જતો લાલ રંગ તહેવારો અને શુભપ્રસંગોમાં મુકાતી મેંદીની ડિઝાઈનમાં આંખો માટે મેજિસ્ટિક મેગ્નેટ બની જતો હોય છે. મધુરી ચેરીથી જ્યૂસી લિપ્સ સુધી ફેલાયેલો રંગ લાલ ગુલમોરની પાંડદીઓથી ફરારી કારની સ્ટાઈલિશ સ્પીડ સુધી પોતાનો જાદૂ પાથરે છે.

ટ્રાફિક લાઈટથી રિમોટ કંટ્રોલ એલઈડી સુધી રેડ રંગ આપણો પીછો કરે છે. ક્યાંક એને લીધે પ્રદૂષિત નદીનું પાણી લાલ બને છે, તો ક્યાંક એની મોંહે જો દારો કાળના ભારતમાં શોધાયેલી ડાઈમાં તાંતણાઓ રાતા બને છે. સ્પેનિશમાં તો 'રંગીન' માટેનો શબ્દ 'કોલોરાડો' એટલે જ 'રેડ' ! આર્સેનિક જેવા ઝેરી તત્ત્વને ભેળવીને બનતા વેનેશ્યન રેડને પણ જગતે જોયો છે, અને એમસ્ટરડેમના બગીચાઓમાં ખીલેલા રેડ ટ્યુલિપસના જથ્થાને પણ !

કહેવાય છે કે ટ્રોયની લડાઈ પછી પાછા ફરેલા રાજા આગા મેમ્નનના સન્માનમાં દેવતાઈ લાલ જાજમ બિછાવાઈ હતી. પછી ૧૮૨૧માં અમેરિકન પ્રેસિડેન્ટ જેમ્સ મેડિસન માટે રેડ કાર્પેટ પથરાઈ. ધીરે ધીરે સ્પેશ્યલ ટ્રીટમેન્ટ માટે શબ્દ બન્યો, રેડ કાર્પેટ ટ્રીટમેન્ટ.

નવું વિક્રમ સંવત સહુ કોઈ ભારતવાસીઓ માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ, સલામતી અને પ્રમાણિક પ્રગતિની લાલ જાજમ બિછાવીને આવે એવી ડ્રીમી ડ્રીમી વિશિઝ !

બટ વેઈટ, યાદ છે, પેલી સાન્તાક્લોઝ કલરનો લોગો ધરાવતા કોકાકોલાની એડ ? જેમાં લાલ સાડીઓથી લાલ મરચાંના ખેતરથી આપણા પ્રિય ક્રિકેટનો લાલ સિઝન બોલ બતાવવામાં આવતો હતો ?

જી હા, દેશ કા રંગ ! રેડ ઈઝ કલર ઓફ ઈન્ડિયન નેશન. હરિના નામની જેમ એના ગુલાબી કેસરી હજાર હજાર શેડ્સ સાથે ! રાતી રાયણ જેવી તંદુરસ્તી અને ફૂલગુલાબી મનદુરસ્તીનો રંગ... ઈવોલ્યુશનથી રિવોલ્યુશનનો રંગ... મેપલનાં સૂકાં પાંદડાં અને નવજાત શિશુના ચહેરાનો રંગ ! સૂરજમુખીમાંથી બનતી જાપાનીઝ શાહી કુરેનાઈ અને લાલ કિલ્લાની બુઝુર્ગ દીવાલોનો રંગ !

જગ લાલ લાલ લાલ દિખે હે મુજ કો !

૩૦૨, ઉજાશ ફ્લેટ, નાલંદા પાર્કની બાજુમાં,
અમીન માર્ગ, કાલાવડ રોડ,
રાજકોટ, મો. ૯૮૨૫૪૩૭૩૭૩.



કૌન બનેગા લક્ષ્મીપતિ...

- *ભવેન કચ્છી*

લક્ષ્મીદેવીને રીઝવવાતી જુદા જુદા દેવોને શું મળ્યું?

પહેલા સવાલ : શું ધનવાન એ જ લક્ષ્મીવાન ?

સવાલ નંબર દો : શું લક્ષ્મી અને સરસ્વતી સાથે ન રહી શકે ?

અગલા સવાલ : લક્ષ્મીનું વાહન ઘુવડ કેમ ?

લો દિવાળી આવી ગઈ. આપણા માટે દિવાળી એક દિવસનો તહેવાર નથી. વાઘબારસથી લાભપાંચમ સુધી આપણે દિવાળી મોડમાં જ રહીશું. વ્હોટ્સએપ પર એક માર્મિક મેસેજ ફરે છે કે, 'અખબારોમાં રંગબેરંગી મોટા કદની જાહેરાતો જોવા મળે તે સાથે જ હવે તો કોઈ તહેવાર આવી રહ્યો છે તેનું અચાનક ભાન થાય છે.

' સાવ સાચી વાત છે. જે રીતે દિવસો, મહિના અને વર્ષ બુલેટ ટ્રેનની ઝડપે વીતી જાય છે તેના પરથી એવો અફસોસ પણ થાય જ છે કે દિવાળીના આ દિવસો પણ પલકારામાં વીતી જશે. રજા માણવા કરતા રજાઓ તડાફડીની જેમ ફૂટી જશે તે વિચાર આપણને વધુ ગમગીન બનાવી દે છે.

દિવાળીના અંકો અને વિશેષ પાનાઓથી અખબારો અને સામયિકો જાણે દીપપ્રાગટયનો એહસાસ કરાવતા હોય છે.

પણ અહીં 'કૌન બનેગા કરોડપતિ'ની સિઝનમાં દિવાળીમાં જેનું મહાત્મ્ય છે તે લક્ષ્મીજી વિષે કેટલાક શુકનના ૧૧ સવાલો છેડયા છે. જો આપણે લક્ષ્મીજી વિશેનું આ તત્ત્વજ્ઞાન પામી જઈશું તો 'કૌન બનેગા કરોડપતિ'નું ઈનામ જીતવા કરતાં પણ જીવનનું મહામેગા હેમ્પર મેળવવાની સિદ્ધિ પામીશું તેમ 'ડંકે કી ચૌટ' પર કહી શકાય. તો બેસી જાવ હોટ સીટ પર.

સવાલ એક : શું ધનવાન એ જ લક્ષ્મીવાન ?

ભારત વિશ્વનો એક માત્ર દેશ છે જ્યાં સંપત્તિના ધન અને લક્ષ્મી એમ વર્ગ પાડવામાં આવ્યા છે. આપણે સદીઓથી ધનતેરસ અને તે પછીના બે દિવસે દિવાળીએ લક્ષ્મીપૂજન કરીએ છીએ છતાં ક્યારેય મનોમન એવો પ્રશ્ન નથી કરતા કે ધન અને લક્ષ્મીપૂજનના બે અલગ દિવસો કેમ ? એટલે સુધી કે શ્રીમંતો તરફ નિસાસા નાંખીને એમ પણ કહેતા હોઈએ છીએ કે, ''જુઓને અમારો શું વાંક ગુનો ? આ શ્રીમંત પર લક્ષ્મીની કેવી કૃપા વરસી છે.''

દુઃખ તો ત્યારે થાય છે જયારે જ્ઞાન થકી કુટુંબ-સમાજમાં એક સંવાદિત જીવન વ્યતીત કરનાર, સરસ્વતીની કૃપા મેળવનાર નીતિવાન, ચારિત્ર્યવાન, સ્વાસ્થ્યસભર જીવન માણનાર વ્યક્તિ પણ શ્રીમંતોને જોઈને તેમની લઘુતાગ્રંથિ વ્યક્ત કરે છે કે, 'અમારા પર સરસ્વતીની કૃપા છે પણ તમારા જેવી લક્ષ્મીની કૃપા નથી.' આપણે ધનવાનને લક્ષ્મીવાન માનીએ છીએ પણ બંનેમાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ભેદ છે.

સવાલ બે : લક્ષ્મી અને સરસ્વતી સાથે રહી શકે ?

ખરેખર તો સરસ્વતીની કૃપા મેળવનાર પર ધનની કૃપા નથી હોતી પણ લક્ષ્મીની કૃપા હોય છે અને ધનવાનો લક્ષ્મીની કૃપા મેળવવા તરસતા હોય છે. લક્ષ્મીવાનને એ ખબર નથી કે હોતી કે લક્ષ્મી હોવી એ કર્મનું ફળ હોઈ શકે કેમ કે તેમાં જ્ઞાન, સાત્વિકતા અને આધ્યાત્મિકતા જોડાઇ હોય છે. શ્રીમંતને તેનું ધન સજા સમાન લાગી શકે.

લક્ષ્મીવાન બહારથી ઉજળો અને અમીર દેખાય જ પણ તેનું હૃદય પણ ઉમદા, ઠરેલ અને બીજાને જિવાડી



જાણનાર હોય. શ્રીમંત શક્ય છે કે અઢળક હોય પણ ત્યાગી પણ ન શકે અને ભોગવી પણ ન શકે જ્યારે લક્ષ્મીવાન તુલનાત્મક રીતે જીવનને પણ માણે અને બીજાને પણ તેમાં સામેલ કરતા આપોઆપ દિવ્યતાના વલયને જન્મ આપે છે.

સવાલ ત્રણ : ધનની દિશા દિવ્ય પથ પર રહે તો ?

શ્રીમંતના ધનનો માર્ગ દિવ્યપક્ષ પરનો ન હોય તો સૃષ્ટિના નિયમ પ્રમાણે ચેઈન રિએકશન તેમને ચેન નહીં આપે. તેમાં અજ્ઞાનનો લેપ લાગેલો હોઈ લોભ, મોહ, ઈર્ષા, અહંકાર ફ્રી પેકેજની જેમ સામેલ થઈ ગયા હશે.

લક્ષ્મીવાન તુલનાત્મક રીતે ઓછી સંપત્તિથી દુનિયાને નવાઈ લાગે તેમ ધીમી પણ મક્કમ કાચબા ગતિએ ચાલતો હશે અને તેના પર જાણે સુરક્ષાની ઢાલનું કવચ હશે. શ્રીમંતોને લક્ષ્મીવાનની ઈર્ષાય થઈ શકે પણ લક્ષ્મીવાન જીવનના વિવિધ રંગો તો માણશે જ પણ આપત્તિની પળે એ હદે બેબાકળો કે પિત્તો નહીં ગુમાવે. અજ્ઞાની જેટલો ઘાંઘો નહીં બને.

સવાલ ચાર : ધનથી શું ના ખરીદી શકાય ?

આપણી ભાષામાં જ કેવું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન છે ? ઐશ્વર્ય શબ્દ ધનવાન કરતાં લક્ષ્મીવાન માટે જ તો છે. રૂપ અને સૌંદર્ય, મોંઘી હોસ્પિટલ અને સ્વાસ્થ્ય, મોંઘું ભણતર અને જ્ઞાન એવી લાંબી યાદી છે, જેમાં એકને રૂપિયાથી ખરીદી શકાય છે અને બીજાને નહીં.

લક્ષ્મીવાનનો એક રૂપિયો જાણે ભારતમાં ડોલર જેટલી મૂલ્યતા ધરાવે છે. જ્યારે શ્રીમંતનો ડોલર એક રૂપિયો હોય તેવું લાગે છે.



સવાલ પાંચ : અથર્વવેદની નજરે લક્ષ્મી એટલે શું ?

ઋગ્વેદમાં લક્ષ્મીનો એક વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ તેનો અર્થ સંપત્તિની દેવી તરીકે નહીં પણ 'શુભ સૌભાગ્ય' તે પ્રકારનો છે. સંપત્તિ, ધન કે પૈસો સ્થૂળ છે. તેને ચલણ તરીકે જોઈ શકાય છે. જ્યારે સૌભાગ્યમાં ધન અને ધનથી ન ખરીદી શકાય તે બધું જ સમાવિષ્ટ છે.

તદ્‌ઉપરાંત તેના પર જ્ઞાનનું આવરણ (રેપર) છે. ૩૦૦૦ વર્ષ પહેલાં જેની રચના થઈ હોવાનું મનાય છે તેવા અર્થવવેદમાં લક્ષ્મીને શુભ, નસીબ, સંપત્તિ, સમૃદ્ધિ, સફળતા અને સુખની અનુભૂતિનો સમન્વય બતાવાઈ છે.

સવાલ છ : લક્ષ્મીને રીઝવી દેવોને શું પ્રાપ્ત થયું ?

મહાકાવ્યો અને પુરાણકથા પ્રમાણે ભગવાન વિષ્ણુજીનાં ધર્મપત્ની તરીકે લક્ષ્મીજી બિરાજમાન છે. જીવન ઉત્પત્તિ અને સમુદ્રમંથન વખતે શ્રી લક્ષ્મીનો ઉદ્ભવ બતાવાયો છે. દેવો લક્ષ્મીની બહુમુખી તાકાત જોઈ તેને મેળવવા કે નષ્ટ કરવા એક તબક્કે લક્ષ્મીજીને મારી નાખવા સુધીની યોજના બનાવે છે. ત્યારે લક્ષ્મીજીના સર્જક પ્રજાપતિ દેવોને કહે છે કે તેના કરતાં તમે લક્ષ્મીજીને રીઝવીને તેની શક્તિ અને ગુણો કેમ નથી મેળવતા. દેવોએ અંતે તેમ કર્યું.

અગ્નિદેવને તેમાંથી અન્ન મળ્યું. સોમવારને રાજા જેવી પ્રભુત્વતા પ્રાપ્ત થઈ. વરુણ દેવને વિશાળ સામ્રાજ્ય, સાવિત્રીને માલિકીભાવ, પશુનને કીર્તિ, સરસ્વતીને પોષણ અને ત્વસ્ત્રીને જુદા જુદા આકારોની પ્રાપ્તિ થઈ, મિત્ર દેવને લગ્ન યોગ,

ઈન્દ્રને બળ, બૃહસ્પતિને જ્ઞાન-પાંડિત્ય લક્ષ્મી પાસેથી મળ્યું હતું. આથી જ લક્ષ્મી જેના પર રીઝે તેને આ તમામની માલિકી તો મળે જ પણ સાથે દેવતત્ત્વ પણ સામેલ હોય જ. શ્રીમંત દાનત હોઈ શકે પણ સત્માર્ગી વ્યક્તિ યશ, કીર્તિ, ઐશ્વર્ય, અન્ન, પ્રભુત્વ, માલિકી, આધ્યાત્મિકતા બધાનો વધતા ઓછા અંશે સ્પર્શ મેળવે છે.

સવાલ સાત : લક્ષ્મીવાનના ગુણો ક્યા?

લક્ષ્મીની કૃપા હોય તેની જોડે તો ખરેખર સરસ્વતી એક સિક્કાની બે બાજુની જેમ આવે જ. જે જીવનના વિવિધ રંગો, વિદ્યાઓ, પાસાઓ, કળાઓ, સિદ્ધિઓનો ધારક

હોય કે પછી સાક્ષર, વિચારક, ચિંતક કે પંડિત હોય તે લક્ષ્મીવાન છે. લક્ષ્મીવાનોને નિભાવવા શ્રીમંતોનું કર્તવ્ય અને અનિવાર્યતા પણ જોવા મળે છે. ત્રિદેવ પૈકી વિષ્ણુ સમાવિષ્ટ છે તેવા ભગવાન દત્તાત્રેયના પત્ની પણ લક્ષ્મી છે.

સવાલ આઠ : ગૃહલક્ષ્મી એ જ લક્ષ્મી ?

સમગ્ર નારીમાં લક્ષ્મી બિરાજમાન છે. જે ઘરમાં નારીનો આદર હશે તે ઘર જુદું જ તરી આવશે. દીકરી આથી જ લક્ષ્મીની કૃપાથી અવતરે છે તેવી માન્યતા આપણે ત્યાં સેવાય છે. પાર્વતી, સીતા માતા, સરસ્વતી અને રુક્મિણિને લક્ષ્મીના આદિ રૂપ મનાય છે.

સવાલ નવ : લક્ષ્મીનો સંસ્કૃતમાં શું અર્થ થાય ?

'લક્ષ્મી'નો સંસ્કૃતમાં મૂળ શબ્દ 'લક્ષ' એટલે ધ્યાન આપવું, ધ્યેય બનાવવું, નિરીક્ષણ કરવું વગેરે. એનો અર્થ એમ થાય કે જો તમે એકાગ્ર ચિત્ત સાથે કોઈ સાધના કરો અને પછી જે પ્રાપ્ત થાય તેને લક્ષ્મી કહેવાય છે. આપણા શાસ્ત્રમાં તમામ સિદ્ધિ, તપ, ધ્યાન, હંમેશાં પ્રભુ અને આધ્યાત્મિકતા માટે જ કરવાની રહે છે. આમ 'લક્ષ્મી' થકી જીવનના ચાર ધ્યેય ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો માર્ગ દિવ્યતા તરફ લઈ જવાનો છે. લક્ષ્મીના ચાર હાથ પણ આ સૂચવે છે.

સવાલ દસ : લક્ષ્મીની મુદ્રા શું સૂચવે છે ?

લક્ષ્મીજીના હાથમાં કમળ છે. હિંદુ શાસ્ત્રોમાં કમળ જ્ઞાન, આત્મ સાક્ષાત્કાર અને મુક્તિનું પ્રતીક છે. 'જલકમલવત્', સદેહે વિદેહી, રંગે રંગે અરંગી રહેવાનો તે નિર્દેશ કરે છે.

લક્ષ્મીની આજુબાજુ હાથી હોય છે. હાથી ઉદ્યમ, તાકાત, મસ્તી અને અગ્રસ્થાનનો માલિક છે. હાથી પાણી, વરસાદ અને પ્રજોત્પતિની હાજરી પણ છે. લક્ષ્મીજીનું વાહન ઘુવડ છે દિવસે એટલે કે સુખમાં તો આપણે જોતા જ હોઈશું પણ દુઃખના અંધકારમાં આપણને દિવ્ય અને જ્ઞાનનો પ્રકાશ ઘુવડ જેમ પ્રાપ્ત થાય તેવો નિર્દેશ છે. તેવી જ રીતે ઘુવડની જેમ સુખ અને તેજના મોહમાં મોહાંધ કે મદાંધ થઈ જતા તેની પણ ચેતવણી લક્ષ્મીજી આપે છે.

લક્ષ્મીજીની મૂર્તિ જોતાં તેના હાથમાંથી ધનની વર્ષા થતી હોય તેમ લાગે છે તે બતાવે છે કે હું તમને જેમ ધન આપું છું તે જોઈને તમે પણ તે રીતે જરૂરિયાતમંદોને ધનનું દાન કરજો.

સવાલ અગિયાર : લક્ષ્મીકૃપા એટલે શું ?

લક્ષ્મીજી સોનેરી દોરા ધરાવતી લાલ સાડી ધારણ કરે છે, જે સંપત્તિ અને ઐશ્વર્ય છે જ્યારે તેમના પતિ વિષ્ણુ ઉત્તમ પુરુષ છે. અર્થાત્ દંપતીએ વિષ્ણુ-લક્ષ્મી બનીને જીવન વ્યતીત કરવાનું છે.

લક્ષ્મી કૃપા : સુખી વ્યક્તિ માટે આપણે એમ કહેતાં હોઈએ છીએ કે 'તેના પર ભગવાનના ચાર હાથ છે' એટલે કે લક્ષ્મીજીના ચાર હાથ છે.' તે પરથી આ કહેવત આવી છે. અષ્ટ લક્ષ્મીના નામો પણ જાણી લો આદિ લક્ષ્મી, ધાન્ય લક્ષ્મી, ધૈર્ય લક્ષ્મી, ગજ લક્ષ્મી, સંતાન લક્ષ્મી, વિજય લક્ષ્મી, વિદ્યા લક્ષ્મી અને ધન લક્ષ્મી.

....અને છેલ્લે... લક્ષ્મીજી આ નામોથી પણ ઓળખાય છે : પદ્મા, કમલિની, પદ્મપ્રિય, પદ્માલયધારા, દેવી, પદ્મુખી, પદ્માશ્રી, પદ્માસના, પદ્મસુંદરી, શ્રી, શ્રીજા, વિષ્ણુપ્રિયા, ઉલ્કાવાહિની અને જગદીશ્વરી. દીવાળીની શુભકામના સાથે નવા વર્ષમાં લક્ષ્મીપતિ બનવાની સૌને શુભેચ્છા..

વાણી, આરોગ્ય, અનિષ્ટો પર વિજય અને તે પછી જ પ્રકાશમય જીવન

વાઘબારસ ખરેખર વાક્બારસ છે. જેમનું જીભ અને વાણી પર પ્રભુત્વ તે દુનિયા જીતી જનારા છે. વાણી એટલે બીજાને આંજી કે પ્રભાવિત કરી દેતી વાણી નહીં પણ હૃદયગત મીઠાશ, સંયમભરી અને જ્ઞાનના વલય સર્જતી



વાણી.

ધ્યાન કે પ્રાર્થનામાં એ બાબતમાં સંકલ્પનો સમાવેશ કરો કે આપણને અને આપણા થકી બીજાને જીવાડી જતી વાણી પ્રાપ્ત થાય. વાઘબારસે સરસ્વતીની પૂજા કે તેના મંત્રોચ્ચાર થઈ શકે.

ધનતેરસ ખરેખર આરોગ્ય માટેની આરાધના છે કેમ કે ધન કરતાં પણ વધુ મહત્ત્વની લક્ષ્મીની પૂજા તો દિવાળીએ કરવાની જ હોય છે.

ધન્વંતરિ આરોગ્યના તે જમાનાના સંશોધનાત્મક ઉપચાર અને નુસખાઓના જનક એવા ઋષિ છે. પહેલું સુખ તે જાતે નર્યા. તમે જ કહો તમારી પાસે દિવાળીને માણી શકાય એટલી શ્રીમંતાઈ હોય, વિશ્વ પ્રવાસ ખેડી શકાય તેટલો વૈભવ હોય, પરિવારજનોની હૂંફ પણ હોય પણ તમારું આરોગ્ય કથળેલું કે કષ્ટદાયક હોય તો ?

આપણું આરોગ્ય જાળવવા કે ઉગારવામાં ધન્વંતરિનું મહાપ્રદાન છે. ધનતેરસે સ્વાસ્થ્યની પૂજા અને સંકલ્પ કરવામાં આવે છે.

તમે તમારા તબીબોને મનોમન 'થેંક્સ ગિવિંગ' કરી શકો છો. ધન્વંતરિ વેદો અને પુરાણોમાં વિષ્ણુના અવતાર મનાય છે.

વારાણસી, કેરાલા અને તમિલનાડુમાં ધન્વંતરિના વિષ્ણુ સ્વરૂપનાં મંદિરો પણ છે. વિષ્ણુના એક હાથમાં અમૃત કુંભ, એક હાથમાં શંખ, એક હાથમાં જડીબુટ્ટી અને એક હાથમાં આરોગ્ય માટેની પ્રતો છે. ભારતની ઘણી આયુર્વેદિક કોલેજોમાં ધન્વંતરિની પ્રતિમા કે મૂર્તિ બિરાજમાન છે.

કાળીચૌદશે અનિષ્ટો, વિઘ્નકર્તાઓ, આસૂરી તત્ત્વના નાશ માટેની પૂજા થતી હોય છે. આમ ક્રમશઃ વાણી, આરોગ્ય, વિઘ્ન અને અનિષ્ટો તેમજ તે પછી જ ખરી પ્રકાશમય ઉજવણી અને જીવન બને તેથી આ બારસ, તેરસ, ચૌદસ અને તે પછી દિવાળી ક્રમ પ્રમાણે ગોઠવાયેલી છે. આપણા પૂર્વજોને આવા તત્ત્વજ્ઞાન માટે નતમસ્તક વંદન કરવા જ રહ્યા.

એમ-૭૦૩, સર્જન ટાવર, સુભાષ ચોક પાસે,
મેમનગર, અમદાવાદ-૫૨.
મો.-૯૮૯૮૯૮૮૦૧૪

મા ગુર્જરીનું નૂપુર : નવસારી

- ડૉ. નરોત્તમ વાળંદ

મધ્યકાલીન ગુજરાતમાં દક્ષિણનો પ્રદેશ લાટ પ્રદેશ તરીકે ઓળખાતો હતો. એ વખતે આ પ્રદેશ પર ચૌલુક્ય રાજાઓનું રાજ્ય હતું. નર્મદા નદીની દક્ષિણથી માંડીને તાપી નદીના કાંઠા લગી એનો વિસ્તાર હતો. ચૌલુક્યોની સત્તાનો વિસ્તાર વધતાં તે ઉત્તરમાં મહી નદી અને દક્ષિણમાં તાપીથી વાપી લગી લાટ પ્રદેશ વિસ્તર્યો. ચૌલુક્યો પછી રાષ્ટ્રકૂટો આવ્યા. તે વખતે નવસારી રાજધાની બન્યું હતું. ભૌગોલિક રીતે નવસારી ૨૦૯૫ ઉત્તર અક્ષાંશ અને ૭૨-૯૩ પૂર્વ રેખાંશ પર આવેલું છે. તેનું રેલવે સ્ટેશન અમદાવાદથી મુંબઈ વચ્ચેના ભાગ પર વસેલું છે. પહેલાં નવસારી વડોદરા રાજ્યમાં હતું.

નવસારીનાં વિવિધ નામો છે. તેમાં 'નાગમંડલ' જૂનું નામ છે. તે પછી 'નવસારિકા' અને 'નવસારી' નામો કેવી રીતે પડ્યાં તેનો ઇતિહાસ છે. ઈ. ૧૧૪૨માં પારસીઓ તેમના મૂળ સ્થાન ઈરાનથી ગુજરાતમાં આવ્યા. તેઓ સંજાણ બંદરે ઊતર્યા અને પછી આજુબાજુના પ્રદેશમાં વિસ્તર્યા. અહીંનું વાતાવરણ મૂળ ઈરાન જેવું જ તેમને લાગ્યું. આ નવા સ્થાનને ફારસી ભાષામાં 'નૌ' એટલે 'નવું' અને ઈરાનના એક પ્રદેશને 'સારી' કહે છે. આમ 'નૌ' અને 'સારી' ને ભેગા કરીને 'નૌસારી' નામ આપ્યું. તે પછીથી 'નવસારી' બન્યું. સમય જતાં 'નવસારી' નામ પ્રખ્યાત થઈ ગયું. અત્યારે બસ અને રેલવે મારફતે સંપર્ક સાધી શકાય છે. એરપોર્ટ અંગેની સરકારી મંજૂરી આવી ગઈ છે.

વડોદરા રાજ્યની સત્તા નવસારી પર ઘણા વખત લગી રહી. પહેલી મે, ૧૯૪૯થી નવસારી સુરત જિલ્લામાં હતું. ૧૯૬૪ના જૂનથી વલસાડ જિલ્લામાં જોડાયું. તે પછી બીજી ઓક્ટોબર ૧૯૯૭થી નવસારીનો અલગ જિલ્લો બન્યો. અહીં હીરા ઘસવાનો ઉદ્યોગ સારી રીતે ચાલે છે

૧૩મી સદીમાં પારસી ધર્મગુરુઓનાં કુટુંબો અહીં આવ્યાં. તે પછી તો અન્ય કુટુંબોએ પણ એમને અનુસરીને અહીં વસવાટ કર્યો. આમ ઘણા પારસી પરિવારોનું આગમન થયું. ઈ.સ. ૧૭૬૫માં તેમણે 'આતશ બહેરામ'ની સ્થાપના કરી. આજે તે વિશ્વ વારસા (National heritage) તરીકે ઓળખાય છે. અહીં વસેલા પારસીઓએ પોતપોતાને અનુકૂળ ધંધા ઉપાડી લીધા.

૧૮મી સદીમાં કેટલાક સાહસિકો વિદેશમાં પણ ગયા અને ત્યાંના વેપાર-ધંધા ઉપાડી લીધા અને ત્યાં જ રોકાઈ ગયા.

નવસારી ૭મી સદીમાં ચૌલુક્યની સત્તામાં હતું. ૬૭૧માં તે 'નવસારિકા' કહેવાયું. ગુજરાતના ૧૬૦૦ કિ.મિ.ના દરિયાકિનારાથી ૧૩ કિ.મિ. દૂર છે. પૂર્ણા નદી તેની પડખે વહે છે. નેશનલ હાઈવે નં.૮ પણ નજીકમાં છે. વડોદરા રાજ્યની સત્તા નવસારી પર ઘણા વખત લગી રહી. પહેલી મે, ૧૯૪૯થી નવસારી સુરત જિલ્લામાં હતું. ૧૯૬૪ના જૂનથી વલસાડ જિલ્લામાં જોડાયું. તે પછી બીજી ઓક્ટોબર ૧૯૯૭થી નવસારીનો અલગ જિલ્લો બન્યો. અહીં હીરા ઘસવાનો







ઉદ્યોગ સારી રીતે ચાલે છે. સાહિત્યક્ષેત્રે જોઈએ તો ઈ.સ. ૧૯૪૯માં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન અહીં હરસિદ્ધભાઈ દિવેટિયાના પ્રમુખપદે ભરાયું હતું. તે પછી ઈ.સ. ૨૦૦૯માં પરિષદનું અધિવેશન ભગવતીકુમાર શર્માના પ્રમુખપદે ભરાયું હતું. પરિષદનું એક જ્ઞાન સત્ર પણ અહીં ભરાયું હતું. તદુપરાંત અહીંની 'સયાજી વૈભવ લાઈબ્રેરી'ના ઉપક્રમે અવારનવાર સાહિત્યના કાર્યક્રમો યોજાય છે. બહારના સાહિત્યકારોનાં પ્રવચનો યોજાય છે.

નવસારીએ ઘણી પ્રતિભાવંત વ્યક્તિો આપેલી છે. તેમાં સૌ પ્રથમ આવે જમશેદજી તાતા. તેમણે ઘણા ઉદ્યોગો સર કર્યા છે. જે. એન.તાતા મેમોરિયલ ટ્રસ્ટ વિશાળ ઓડિટોરિયમની સ્થાપના કરી છે. અહીંનું દુધિયા તળાવ પુરાવીને આ રચના કરી છે. જમશેદજી તાતાનું સપનું માત્ર કંપનીના વિકાસનું નહિ, પરંતુ દેશના વિકાસનું હતું, જીવતેજીવ પોતાનાં ૧૪ મકાનો અને અન્ય ૪ મિલકત સહિત બધું જ એવી યુનિવર્સિટી બનાવવા એમણે દાન કર્યું હતું, જે સાયન્સના વિષયમાં ઈંગ્લેન્ડમાં પણ બની નહોતી. દાદાભાઈ નવરોજી તે વખતે 'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખાતા હતા. તેઓ પાર્લામેન્ટના સભ્ય હતા. 'હાઉસ ઓફ કોમન્સ ઓફ યુ.કે.'માં ૧૮૯૨ અને ૧૮૯૫ લગી રહ્યા હતા. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહમાં રોકાયેલા હતા ત્યારે શરૂઆતમાં જ નાણાંની જરૂરી પડી. તે વખતે તાતાએ પહેલી આર્થિક સહાય મોકલી હતી. પૂર્વ વડાપ્રધાન નહેરુએ તાતાને 'વન મેન પ્લાનિંગ કમિશન' કહીને નવાજ્યા હતા. મીઠાપુરમાં માય કોલોની જોવા જઈએ તો ખબર પડે કે તાતાએ માય પ્રોફિટ મેકિંગને બદલે કેવું પરમાર્થ કાર્ય કર્યું છે. મુંબઈની તાજહોટલને ત્રાસવાદીએ સળગાવી ત્યારે નિરાધાર બનેલા કર્મચારીઓને તાતાએ બેઠા કર્યા હતા. એવા જ બીજા જમશેદજી જીજીભોયે દાનવીર તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. તેમણે ભરૂચમાં એક મોટી સિવિલ હૉસ્પિટલ બનાવવા માતબર રકમનું દાન કર્યું હતું. આ ઉપરાંત ચહેરજી રાણા એક દાનવીર અને ઉદ્યોગપતિ હતા. તેમણે નવસારીમાં જ એક સારી લાઈબ્રેરી બંધાવી હતી. તેઓ પારસી સમાજના નેતા હતા.

પૂર્વ વડાપ્રધાન નહેરુએ તાતાને 'વન મેન પ્લાનિંગ કમિશન' કહીને નવાજ્યા હતા. મીઠાપુરમાં માય કોલોની જોવા જઈએ તો ખબર પડે કે તાતાએ માય પ્રોફિટ મેકિંગને બદલે કેવું પરમાર્થ કાર્ય કર્યું છે







હોમાય વ્યારાવાલા એ પારસીબાનુનો જન્મ તો નવસારીમાં જ થયેલો, પરંતુ તેમનાં લગ્ન માણેકશા સાથે થયાં હોઈ, તેમણે પતિની અટક અપનાવી. ૧૩ વર્ષની ઉંમરથી તેમણે ફોટોગ્રાફી શરૂ કરી હતી. તેમના પતિ પણ ફોટોગ્રાફીનો શોખ ધરાવતા થઈ ગયા હતા. આઝાદીની ચળવળ પુરજોશમાં ચાલતી હતી, તેની ઐતિહાસિક બાજુ, વિવિધ ઘટનાઓ, કેટલીક આઘાતજનક ઘટનાઓ પોતે જોખમ ખેડીને પણ લઈ લેતાં. રાજેન્દ્રબાબુ અને જવાહરલાલ તેમના પ્રિય નેતા હતા. જુવાનીમાં તેઓ એક જગાએથી બીજી જગાએ સાઇકલ પર ઊપડી જતાં. એટલે તેઓ જર્નાલિસ્ટ ફોટોગ્રાફર તરીકે ઓળખાતાં. જુવાનીમાં જ વિધવા થયાં, પણ હિંમત હાર્યા નહીં, વડોદરામાં ઘર લીધું અને ત્યાં રહ્યાં. પોતાનું ઘરકામ પોતે જ કરતાં અને ફોટા પાડવા પણ જતાં. જીવનના અંત લગી, ૯૮ વર્ષ લગી, તેમણે ફોટા સાથે દોસ્તી જાળવી રાખી હતી. ફોટોગ્રાફીમાં તેમને ઍવૉર્ડ મળેલા અને સરકાર તરફથી ‘પંચવિભૂષણ’નો ઈલ્કાબ પણ મળ્યો હતો.

આ ઉપરાંત ભારતની ફિલ્મોના ડિરેક્ટર કેતન મહેતા, ક્રિકેટવર જીમ પટેલ, કવિ રામગણેશ ગડકર, કુટ્ટશ ડેબુ(ડૉક્ટર) એ બધાં નવસારીનાં રત્નો છો.

અહીંથી નજીક વાંસદા તાલુકામાં ઊના પાણીના ફુવારા આવેલા છે. ઉભરાટ અને દાંડીના સમુદ્રકિનારે આવેલું તીથલ હવા ખાવાનું મથક છે. દાંડી તો ગાંધીજીના મીઠાના સત્યાગ્રહથી જાણીતું બનેલું છે. અહીં દરિયાકિનારાથી સાવ નજીક આવેલા બંગલામાં ગાંધીજીને ઉતારો અપાયો હતો, જે આજે પણ તેનો સાક્ષી છે. ગાંધીજીએ દરિયાકિનારેથી ચપટી મીઠું લીધું એ વખતે પારસીબાનુ મીઠુબેન પીટીટ તેમની પડખે ઊભાં હતાં. વાંસદાના નેશનલ પાર્કમાં વાઘ, ચિત્તો આદિ વન્ય પશુઓ જોવા મળે છે. ડાંગના જંગલમાં પણ અનેક જંગલી પશુઓ દિવસે પણ હરતાં ફરતાં દેખાય છે. સાપુતારા એ ગુજરાતનું હિલ સ્ટેશન બન્યું છે. ત્યાં મુલાકાતીઓને રહેવા જમવા માટેની સગવડ છે. અજમલ ગઢ આજુબાજુની ટેકરીઓથી ઘેરાયેલો છે. પારસીઓ ત્યાં ગઢની ગુફાઓમાં લગ્ન સમારંભ અને અન્ય ઉત્સવો ઉજવતા હતા. બરુમાલ નામના સ્થળે આવેલું બરુમાલ મંદિર ખાસ જોવાલાયક છે. દુધિયા તળાવની પાળ પર આશાપુરી માતાનું મંદિર છે. તે ઉપરાંત આજુબાજુમાં અસંખ્ય મંદિરો આવેલાં છે. અમલસાડનું અંધેશ્વર મંદિર, કછોલીમાં આવેલું ગંગેશ્વર મંદિર, ગડત પાસેનું કામેશ્વર મંદિર, મજીગામ પાસે આવેલું મલ્લિકાર્જુન મંદિર, અનાવલ પાસે શુકલેશ્વર મહાદેવ, મહુવા પાસે વિઘ્નેશ્વર મહાદેવ, બારડોલી પાસે કેદારેશ્વર મહાદેવ એ ઉપરાંત સોમનાથ મંદિર, દ્વારકાધીશ મંદિર, ગંગામાતા મંદિર, રામજી મંદિર આસપાસ આવેલાં છે.

૮, પ્રીતમ સોસાયટી-૧, ભરૂચ - ૩૯૨૦૦૨
ફોન - (૦૨૬૪૨) ૨૨૯૬૯૩





મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

કારણ ?

❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
❒ સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

જેમાં,

❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

પરિણામ ?

❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

અને ફેલાવામાં અગ્રહરોળ ?

❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
❒ જન કલ્યાણની યોજનાની વાતો...
❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

ગુજરાત પાક્ષિકની PDF
www.gujaratinformation.gujarat.gov.in
લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in



● લવાજમ ●
કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
₹ ૫૦.૦૦

ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત

ગુલોમાં ગુલ ગુલાબ, એનો રૂમાની રૂઆબ

- યશવંત મહેતા

પશુઓમાં જેમ સિંહ વનરાજ છે, પંખીઓમાં જેમ ગરુડ ગગનરાજ છે, ફળોમાં આમ્રફળ કેરી સર્વોત્તમ છે તેમ ફૂલોમાં ગુલાબ છે. કદીક દિવાળી-કાર્ડની દુકાને પહોંચી જજો. ત્યાં મળતા અભિનંદન પત્રોમાં ૫૦ ટકાથી વિશેષ પર ગુલાબ હશે! એક વેળા અમારે ત્યાં ત્રણસો ઉપરાંત ગ્રીટિંગ કાર્ડ્ઝનો સંગ્રહ હતો. જે દરેક પર ગુલાબ અવનવી અલગ અલગ છટા સાથે વિલસતાં હતાં. ઈસાઈ સંતોએ જેને 'ક્રિસમસ પુષ્પ' ગણ્યું, નૂરજહાંએ જેનું અત્તર શોધ્યું, મહામાનવ નહેરુએ જેને સદાય છાતીએ ધારણ કર્યું, એવા ગુલાબની કિંચિત ગાથા...,

વિશ્વનું સૌથી લોકપ્રિય, સૌથી વધુ વિસ્તારમાં વાવણી પામતું અને ૧૪,૦૦૦ જેટલી જાતો (મૂળ તથા સંકર મળીને) ધરાવતું ફૂલ છે ગુલાબ.

ગુલાબને આખા વિશ્વમાં 'ફૂલોની મહારાણી'નું બિરુદ મળેલું છે. જવાહરલાલ નહેરુ, જહાંગીર જેવા અનેક ઇતિહાસપુરુષોનું નિત્યનું સાથી બની રહેલું ફૂલ છે. ગુલાબ એની જન્મકથાનું એની લોકપ્રિયતા, એની સર્વસ્વીકાર્યતા અને સંકરણની કથા પણ રોમાંચક અને રસપ્રદ છે.

આજે વિશ્વના લગભગ તમામ દેશોમાં ગુલાબ ઊગે છે. જ્યાં નહોતાં ઊગતાં ત્યાં પણ અત્યંત કાળજીથી ઉગાડવામાં આવ્યાં છે. જ્યાં ગુલાબની મૂળ જાતોને અનુકૂળ હવામાન નહોતાં ત્યાં એમની સંકર જાતો પેદા કરીને પણ એમને ઉછેરવામાં આવે છે.

આજે વિશ્વના લગભગ તમામ દેશોમાં ગુલાબ ઊગે છે. જ્યાં નહોતાં ઊગતાં ત્યાં પણ અત્યંત કાળજીથી ઉગાડવામાં આવ્યાં છે. જ્યાં ગુલાબની મૂળ જાતોને અનુકૂળ હવામાન નહોતાં ત્યાં એમની સંકર જાતો પેદા કરીને પણ એમને ઉછેરવામાં આવે છે. કરીને પણ એમને ઉછેરવામાં આવે છે

ગુલાબ ઉછેરવાં અઘરાં છે. અમે એક એવા ગુલાબપ્રેમીને ઓળખીએ છીએ જેને ત્યાં ગુલાબ ઉછેરવાની આઠ-દસ કોશિશો નિષ્ફળ ગઈ છે. આ પરથી કદાચ કોઈ એમ માની લેશે કે ગુલાબ માત્ર ખાસ કાળજી હેઠળ બગીચાઓમાં જ ઊગે એવું ફૂલ છે. પરંતુ, વાસ્તવમાં, આજની ઘણીખરી વનસ્પતિઓની જેમ એ પણ એક આદિ ફૂલ છે. કોલોરાડો અને ઓમેગોન જેવાં અમેરિકા રાજ્યોનાં ખડકોનાં ગુલાબના અશ્મીભૂત અવશેષ મળ્યા છે તે ચાર કરોડ વર્ષ જૂના છે.

વિજ્ઞાનીઓ કહે છે કે ગુલાબ મૂળે મધ્ય એશિયામાં જન્મ્યાં હતાં પછી ધીરે ધીરે પૃથ્વીના સમગ્ર ઉત્તર ગોળાર્ધમાં આપમેળે પ્રસર્યાં હતાં. આજે પણ ઉત્તર ધ્રુવવૃત્તના બરફીલા પ્રદેશોમાં, અલાસ્કા અને સાઈબેરિયામાં, ઉત્તર હિન્દ અને ઉત્તર આફ્રિકાની સખત ગરમીમાં પણ કુદરતી અવસ્થામાં ગુલાબ ઊગતાં જોઈ શકાય છે. અરે, રણની રેતીના ઢૂવા વચ્ચે પણ જંગલી ગુલાબ ઊગ્યાં છે અને ઊગે છે.

જોકે, કશાક અજાણ્યા કારણસર, ગુલાબે વિષુવવૃત્ત કદી જાતે ઓળંગ્યું નહોતું. એટલે કે એ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધનું જ ફૂલ હતું. હવે અદ્યતન બાગયિતકારોએ તેને દક્ષિણ ગોળાર્ધમાં પણ પ્રસાર્યું છે.

ઐતિહાસિક પુરાવા નિર્દેશ કરે છે કે જંગલી ગુલાબને પહેલીવાર વ્યવસ્થિત ખેડ હેઠળ આણનાર ચીનાઓ હતા, ત્યાં પહેલવહેલા ગુલાબક્યારીઓ ૫,૦૦૦ વર્ષ અગાઉ બની હતી. ઈસુના જન્મ અગાઉના હાલ રાજવંશના અમલ સુધીમાં તો ગુલાબનાં ફૂલ ચીનમાં એટલાં બધાં લોકપ્રિય બની ગયાં હતાં કે દેશમાં સેંકડો ગુલાબબાગ બનવા લાગ્યા હતા. ઐતિહાસિક દસ્તાવેજો તો એટલે સુધી કહે છે કે ધીરેધીરે ગુલાબવાડીઓ એટલી બધી વધી ગઈ કે એમની



ખેતી માટે જમીનની તંગી પડવા લાગી. શહેનશાહે ઢંઢેરો પીટીને કેટલીક ગુલાબવાડીઓનો નાશ કરવાનો ફતવો બહાર પાડવો પડ્યો હતો.

એક બાજુ ચીનના શહેનશાહ ગુલાબવાડીઓ વેડાવવા માટે ફતવો કાઢી રહ્યા હતા ત્યારે મિસરમાં રાજાઓ અને ઉમરાવો ગુલાબની ખેતીને પ્રોત્સાહન આપી રહ્યા હતા. કારણ ? કારણ કે રોમનોને ગુલાબની ઘેલછા વળગી હતી. તેઓ મિસરથી ઢગલાબંધ ગુલાબ આયાત કરાવતા હતા. રોમનો તો ગુલાબના પ્રેમમાં એટલા બધા ગળાડૂબ થઈ ગયા હતા કે એમણે સમગ્ર દક્ષિણ ઈટાલીમાં ગુલાબવાડીઓ ઉગાડવા માંડી હતી. તેઓ ગુલાબ મોટા પ્રમાણમાં ખરીદતા. એક નોંધ એવી મળી છે કે સમ્રાટ નીરોએ એક જ રાતની મહેફિલ માટે આજને હિસાબે દસેક લાખ રૂપિયાનાં ગુલાબ આયાત કર્યાં હતાં. (આ નીરોને ઓળખ્યો ને? રોમ ભડકે બળે ત્યારે ફિડલ જમાડવાની મજા કેવી આવે, એ જોવા માટે એણે રોમને આગ લગાડાવી હતી !)

ગુલાબનું ખરું અત્તર ઘણું મોંઘું પડે. આશરે ૪૦ મણ (૮૦૦ કિલો) ગુલાબમાંથી એક શેર/આશરે ૫૦૦ગ્રામ) શુદ્ધ અત્તર મળી શકે છે. એની કિંમત જમાને જમાને, ફૂલોના ભાવ અનુસાર બદલાય. અત્યારે ફૂલબજારમાં જઈને ગુલાબનાં ફૂલોના ભાવ જાણીને તમે જાતે પડતર જાણી શકો

ગ્રીકો પણ આ ફૂલને 'ફૂલોની રાણી' કહેતા. તેઓ શ્યામ હોવાથી ગુલાબને માત્ર સુવાસ અને શોભા માટે ન ઉછેરતાં, એના તબીબી ગુણો પણ એમણે શોધી કાઢ્યા હતા. ગુલાબથી ગરમીમાં જરાક ઠંડક મળે છે. એની પાંદડીઓનો મુરબ્બો 'ગુલકંદ' યનાની અને આયુર્વેદિક ઔષધ પદ્ધતિઓમાં અગત્યને સ્થાને છે.

ગુલાબ સ્ત્રીઓનું સૌથી વધુ પ્રિય પુષ્પ છે. એને સ્ત્રીત્વનાં અને સૌંદર્યનાં પ્રતીક તરીકે પ્રતિષ્ઠા મળી છે. ગુલાબ માટે બહોળો પ્રેમ દાખવનાર પ્રથમ સ્ત્રી મિસરની વિખ્યાત મહારાણી ક્લિયોપેટ્રા હતી. કહેવાય છે કે માર્ક એન્ટનીને એણે અભિસાર માટે બોલાવ્યો ત્યારે ઓરડામાં ગુલાબની ઘૂંટણપૂર પાંદડીઓ પાથરવામાં આવી હતી. રાણીને ગુલાબની પથારીમાં સૂવું ખૂબ ગમતું.



જહાંગીરની પ્રિયતમા અને સૌંદર્ય સમ્રાજ્ઞી નૂરજહાંને ગુલાબનો ખૂબ શોખ હતો. ગુલાબની પાંદડીઓ નાખેલા પાણીના હોજમાં નહાવું એને ખૂબ ગમતું. ચીને એ પાંદડીઓમાંથી જ પાણી પર તરી આવેલા તૈલી પદાર્થ તરીકે એણે અત્તરની શોધ કર્યાનું કહેવાય છે. જોકે કેટલાક ઇતિહાસકારો કહે છે કે ગુલાબના અત્તરની શોધનો યશ નૂરજહાંને આપવાની જરૂર નથી. મધ્ય એશિયામાં તો હજારો વર્ષોથી ગુલાબનું અત્તર બનાવવામાં આવતું હતું!

ગુલાબનું ખરું અત્તર ઘણું મોંઘું પડે. આશરે ૪૦ મણ (૮૦૦ કિલો) ગુલાબમાંથી એક શેર/આશરે ૫૦૦ગ્રામ) શુદ્ધ અત્તર મળી શકે છે. એની કિંમત જમાને જમાને, ફૂલોના ભાવ અનુસાર બદલાય. અત્યારે ફૂલબજારમાં જઈને ગુલાબનાં ફૂલોના ભાવ જાણીને તમે જાતે પડતર જાણી શકો. અલબત્ત, શુદ્ધ અત્તર સામાન્ય ગ્રાહકો સુધી તો આવતું જ નથી. એમને તો કશાક ઉડ્ડયનશીલ તૈલી પદાર્થમાં લગરીક અત્તર મેળવીને અપાય છે અથવા સિન્થેટિક સુગંધ એમાં ભેળવાય છે.

આજે ગુલાબના અત્તરનો સૌથી મોટો ઉત્પાદક દેશ બલ્ગારિયા છે. ત્યાં બનતું ગુલાબનું અત્તર સોના કરતાં બમણું મોઘું હોય છે. એ દેશ હૂંડિયામણ તરીકે અત્તરનો ઉપયોગ કરે છે. આંતરરાષ્ટ્રીય બેન્કો બલ્ગારિયાના વિદેશ વ્યાપારમાં જામીનગીરી તરીકે અત્તરનાં પીપડાં સ્વીકારે છે!

યૂરોપમાં ઈસાઈ ધર્મના પ્રસાર સાથે ગુલાબને નવા નવા અર્થ સાંપડ્યા. શ્વેત ગુલાબ મારા મરિયમ (મેરી) ની પવિત્રતાનું પ્રતીક બન્યું. લાલ જંગલી ગુલાબ ઈસુના લોહીનું પ્રતીક ગણાયું. ઈસાઈ દેવળોમાં અને સુશોભનમાં ગુલાબને અગ્રસ્થાન મળ્યું. અમીર-ઉમરાવો અને રાજાઓની રાજમુદ્રામાં ગુલાબને સ્થાન મળવા લાગ્યું. બ્રિટનનાં રાણી વિકટોરિયાને નામે અપાતા સર્વોત્તમ શૌર્ય માટેના ચન્દ્રક પર ગુલાબનું અંકન કરવામાં આવ્યું.

ઈરાનના ગાલીચાઓમાં ગુલાબ આકારનું વણાટ

સૌથી બહોળા પ્રમાણમાં જોવા મળે છે.

ક્રીટ અને રહોડ્સ ટાપુઓના ચલણી સિક્કાઓ પર સદીઓથી ગુલાબને સ્થાન હતું. એ જ રીતે, દક્ષિણ અમેરિકાના પેરુથી માંડીને રુસ સુધીના લગભગ તમામ દેશોએ એક યા બીજે કાળે પોતાના સિક્કાઓ પર ગુલાબને સ્થાન આપ્યું છે. ચલણી નોટો પર પણ ઘણા દેશોએ ગુલાબને અંક્તિ કર્યું છે.

ઇંગ્લેન્ડ માટે તો ગુલાબ રાષ્ટ્રીય પુષ્પ છે. ગુલાબ સાથે એ દેશના જેટલો નિકટ સંબંધ અન્ય કોઈ દેશે જોડ્યો જાણ્યો નથી. ૧૫મી સદીમાં ત્રણ દાયકા સુધી ચાલેલા એના અંતર્વિગ્રહનું નામ 'વૉર ઓફ રોઝીસ'(ગુલાબોનું યુદ્ધ) છે! રાજા-રાણીઓના પોશાક, લડવૈયાનાં બખ્તર, ઢાલ, સચિત્ર પુસ્તકો, જળપાત્રો, ચર્ચની દીવાલો.. જે જે સ્થળે શક્ય બન્યું ત્યાં ઇંગ્લેન્ડે ગુલાબ ચીતર્યું છે.

યૂરોપની એક જબ્બર ગુલાબપ્રેમી મહારાણી નેપોલિયનની પત્ની જોસેફાઈન હતી. એણે શેત્યૂ માલ્પાઈસો નામના મહેલના બગીચામાં વિશ્વભરમાંથી જાતજાતનાં ગુલાબ મંગાવીને ઉછેરાવ્યાં હતાં. ૧૮૧૪માં એનું અવસાન થયું ત્યાં સુધીમાં એણે આશરે ૨૫૦ વિવિધ જાતો ઉછેરાવી હતી.

બાગબગીચામાં ઊગતાં ગુલાબનું વૈજ્ઞાનિક નામ 'રોઝ' છે. પરંતુ તે તો એક વિશાળ વર્ગની એક ઉપજાતિ છે. ગુલાબની સમગ્ર જાતિનું નામ 'રોઝીસીએ' છે. આ જાતિની વિશેષતાઓ છે

રાણી વિકટોરિયાના યુગમાં ઇંગ્લેન્ડે ગુલાબની એક 'ભાષા' વિકસાવી હતી. જો કોઈ વ્યક્તિ કોઈ યુવતીને લાલ ગુલાબ આપે તો અર્થ થતો હતો : 'હું તમને ચાહું છું' એના જવાબમાં યુવતી જો પીળું ગુલાબ આપે તો સમજાતું કે 'તમે બહુ વફાદાર નથી, એવું હું માનું છું!' જો સફેદ ગુલાબની કળી આપે તો સમજવું કે 'હું પ્રેમ કરવા માટે ઘણી નાની છું' જો ગુલાબની માત્ર એક પાંદડી આપે તો સમજવાનું કે 'મને તમારી કશી પડી નથી!' આઈ ડોન્ટ કેઅર ફોર યૂ!! પરંતુ જો યુવતી લાલ ગુલાબ સામે લાલ ગુલાબ આપે તો પ્રેમનો સ્વીકાર ગણાતો.


આગળ ગ્રીકો દ્વારા ગુલાબના ઔષધીય ઉપયોગનો ઉલ્લેખ કર્યો છે. ચિકિત્સાશાસ્ત્રમાં અને ડોશી વૈદકમાં ગુલાબને સ્થાન મળ્યું છે. અરે, મેલી વિદ્યાઓમાં સુધ્ધાં ગુલાબનો ઉલ્લેખ છે. મધ્ય યુગમાં જો કોઈનું મોં આવી ગયું હોય તો ગુલાબની વાટેલી પાંદડીઓ અને વાટેલા મરીની લુગદી ગરમ કરીને લગાવવાનું કહેવામાં આવતું.

૧૮મી સદીના એક અંગ્રેજ ડૉક્ટરે સાંધાના અને આખા શરીરના દુઃખાવા માટે સૂચવેલા ઉપચારમાં ચાર રતલ ગુલાબપાંદડીઓ વાપરવામાં આવતી હતી. જેહાદોમાં લડવા ગયેલા ખ્રિસ્તીઓ પોતાના ઘા રુઝવવા માટે ગુલાબનો મલમ વાપરતા.

૧૨મી સદીના અંગ્રેજોએ ગુલાબનો એક વિચિત્ર ઉપયોગ શોધી કાઢેલો. એમની માન્યતા હતી કે ગુલાબની પાંદડીઓ, સરસવનું તેલ અને લક્કડફોડની ચરબી એ ત્રણ ચીજો ભેગી કરીને બનાવવામાં આવેલો મલમ પડોશીના ફળઝાડ પર લગાવવામાં આવે તો એ ઝાડ કાયમ માટે ફળ આપતું બંધ થઈ જાય...! યૂ સી, ધે ડોન્ટ ઓલ્વેઝ લવ ધેઅર નેબર્સ એઝ ધેમસેલ્વઝ!!

બાગબગીચામાં ઊગતાં ગુલાબનું વૈજ્ઞાનિક નામ 'રોઝ' છે. પરંતુ તે તો એક વિશાળ વર્ગની એક ઉપજાતિ છે. ગુલાબની સમગ્ર જાતિનું નામ 'રોઝીસીએ' છે. આ જાતિની વિશેષતાઓ છે- પાંચ કે પાંચના ગુણાંકરૂપ પાંદડીવાળાં સુવાસિત ફૂલ, એ સુવાસની ગુણમાદકતા, ફૂલપાંદડીઓ ખરી ગયા બાદ બાકી રહેતું લાલ ગોટા જેવું ડીંડલું, જે સાધારણ રીતે ખટમીઠું હોય છે. ગુલાબની વચ્ચેના આ ડીંડલામાં વિટામિન 'સી' સારા પ્રમાણમાં હોય છે.ઇંગ્લેન્ડ-અમેરિકામાં આ ગોટાનું અથાણુંય બનાવવામાં આવે છે.

પ્રકૃતિનાં પનોતા આ પુષ્પ તમારે ઉછેરવાં છે? આમ તો ગુલાબ ઉછેરવા ઘણાં અઘરાં છે. પણ બાગબાનો એમને ઉગાડવા અને ઉછેરવાની કેટલીક ખાસ રીતે ઉપજાવી હોય છે, અને તેઓ પોતાની આ રીતો જાહેર કરતા નથી- જેમ કેટલાક વૈદ્યો પોતાની કેટલીક દવાની ફોર્મ્યુલા ગુપ્ત



રાખવામાં માને છે !

આમ છતાં, ઉત્સાહી નાગરિકો પણ કેટલીક પાયાની જરૂરિયાતો ખ્યાલમાં રાખીને ગુલાબ ઉછેરી શકે છે.

ગુલાબ ઉગાડવા માટે જુદી જુદી આબોહવાવાળા પ્રદેશોમાં જુદો જુદો સમય નક્કી થયેલો છે. આપણા દેશ જેવા ગરમ હવામાનવાળા પ્રદેશો માટે આ સમય ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીનો છે. બનતાં સુધી આ મુદતની શરૂઆતમાં જ ગુલાબની કલમ વાવી દેવી જોઈએ. તમને નર્સરીમાંથી કલમ મળે તે પછી શક્ય તેટલી વહેલી એને રોપી દેવી. એનાં મૂળને સુકાવાની કે હવામાનના ફેરફારની અસર ન થઈ જાય એનું ધ્યાન રાખવું. આ માટેની એક સારી પદ્ધતિ નર્સરીમાંથી આવેલા ગુલાબના છોડનાં મૂળ પાણીમાં (બાલદી જેવા પાત્રમાં) પલાળી રાખવાની છે. આ રીતે છોડને પાણીમાં ૨૪ કલાક રાખી શકાય.

ગુલાબની ક્યારી કરવાનીય ખાસ રીત છે. પહેલાં માટીને ઉપરતળે કરી નાખવી. એને બે-ચાર દિવસ તડકો ખાવા દીધા બાદ એમાં સેન્દ્રિય ખાતર ઉમેરવું. આ ખાતરને ક્યારીની સપાટી પર દબાવવું પરંતુ પીસી નાખવું નહીં

ગુલાબની ક્યારી કરવાનીય ખાસ રીત છે. પહેલાં માટીને ઉપરતળે કરી નાખવી. એને બે-ચાર દિવસ તડકો ખાવા દીધા બાદ એમાં સેન્દ્રિય ખાતર ઉમેરવું. આ ખાતરને ક્યારીની સપાટી પર દબાવવું પરંતુ પીસી નાખવું નહીં. આની ઉપર વળી સુપર ફોસ્ફેટ કે બોન મીલ ભેળવેલી માટીનો થર પાથરવો. આવી ક્યારી ગુલાબના રોપાઓ રોપતાં પહેલાં ત્રણ માસ અગાઉથી તૈયાર કરવી જરૂરી છે.

હવે જ્યારે તમને ગુલાબનો રોપ મળી જાય ત્યારે એને માટે પેલી ક્યારીમાં ૧૮ ઈંચ/૪૫-૫૦ સે.મી.) પહોળો અને એટલો જ ઊંડો ખાડો કરો. જો રોપ મોટો હોય તો વધુ ઊંડો ખાડો કરવો પડશે. છોડનાં મૂળ અંદર અને ડાંખળી ઉપર રહે એવી રીતે છોડને રોપીને પછી દસ-પંદર સેન્ટિમિટર (૪-૬ ઈંચ) માટી નાંખીને ખાડામાં પગ ઉતારીને ફરતી ફરતી માટી દબાવો. આ રીતે માટી નાખતા અને દબાવતા જાવ. ખાડો સાત-આઠ સેન્ટિમિટર (૩-૪ ઈંચ) ખાલી રહે પછી એમાં પાણી રેડો. ખાડાની કિનારી સુધી પાણી ભરો. આ પછી વળી છોડ ફરતી માટી નાખો. આ વેળા છોડના નાજુક થડ (ડાંડલી) ફરતી નાનકડી ટેકરી રચાય એ રીતે માટી નાખવી. આ માટી નાજુક-થડને રક્ષણ આપશે.

એકથી બીજા રોપ વચ્ચે સામાન્ય રીતે એક મીટરનું (આશરે ત્રણ ફૂટનું) અંતર રહેવું જોઈએ.

ગુલાબને નવી ડાળીઓ ઊગવા લાગે એની બહુ કાંટછાંટ ન કરવી.

તમે ગમે તેટલી સારી જમીનમાં રોપણી કરી હશે તો પણ છોડને પછીથી પૂરતી ભીનાશ અને ખાતર મળતાં નહિ રહે તો સારાં ગુલાબ નહિ ઉછરે. ગુલાબને પુષ્કળ પાણી જોઈએ છે. તે નિયમિત મળવું જોઈએ. છોડને પાણીની જરૂર છે કે નહિ એ જાણવાની સરળ પદ્ધતિ એની ક્યારીમાં આંગળી ખોસીને જોવાની છે. જો આંગળી ભીની નીકળે તો પાણીની જરૂર નથી એમ સમજવું.


ગુલાબને પાણી પાવા માટે બાલદી કરતાં છંટકાવ કરનાર પાઈપ વધુ સારી.

જૂના જમાનામાં ખાતર એટલે છાણ અને ગમાણનું વાસીદું, એમ મનાતું. પરંતુ વિજ્ઞાનીઓ કહે છે કે એ પૂરતું પૌષ્ટિક નથી, આથી બોન મીલ, કપાસિયાનું ખાતર, માછલીનું ખાતર અને રાસાયણિક ખાતર હવે વધુ વપરાય છે. આપણા જેવી ગરમ આબોહવામાં ઉનાળામાં એકવાર ખાતર પાથરવું પૂરતું ગણાય છે.

સામાન્ય રીતે દરેક વનસ્પતિને જંતુઓ અને રોગો નડે છે. ગુલાબને આવા દુશ્મનો વધારે છે. એને રોગમુક્ત રાખવાનો એક ઉપાય ફોલીઆર નામનું રાસાયણિક ખાતર દ્રાવણના રૂપમાં છંટકાવ કરવાનો છે. એ રક્ષણ અને પોષણ બંને આપે છે. આમ ગુલાબને રોગ કે જંતુઓ લાગે તો ખેતીવાડીની દુકાનેથી મળતા જંતુનાશકનો છંટકાવ કરવો. આ જંતુનાશકોને બાળકોથી દૂર, હંમેશાં તાળાબંધ રાખવાં.

ગુલાબની તો આથીય વધારે ગુલાબી વાતો છે. પણ તે પછી ક્યારેક, અત્યારે તો આપ સૌને વર્ષોવર્ષ ગુલાબી ગુલાબી રહો એવી અભ્યર્થના..

'ઋતં' ૪૭/એ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭



જામખંભાળિયાનો ઇતિહાસ

- *નરોત્તમ પલાણ*

ઈ. સ. ૨૦૧૩થી અમલમાં આવેલા 'દેવભૂમિ દ્વારકા' જિલ્લાના મુખ્ય મથક તરીકે જામખંભાળિયા છે. આ ખંભાળિયા જે જમીન ઉપર વસેલું છે તેને ભૂસ્તરશાસ્ત્રીઓ 'ટ્રેપ' કહે છે. 'ટ્રેપ' છ કરોડથી ચાર કરોડ વર્ષે બંધાયો હોય છે. છેવટનો ઓખામંડળ તાલુકો ચાર કરોડ વર્ષ જૂનું ભૂસ્તર ધરાવે છે. ઓખામંડળ તાલુકાની 'ઓશનોગ્રાફી' થઈ છે. ખંભાળિયાનું ભૂસ્તર જેટલું જૂનું છે, તેટલું ઓખામંડળનું નથી. ઓખામંડળમાં શંખલાં, છિપલાં વધારે છે, ખંભાળિયામાં લાખો વર્ષથી બંધાયેલો ખનીજનો જથ્થો વધારે છે. ખંભાળિયાના ભૂસ્તરમાં બોકસાઈટ છે અને તે આ પંથકને અતિ મહત્ત્વનો બનાવે છે. 'ખંભાળિયા' એવા ગામનામમાં 'સ્કંભ' છે કે 'સ્તંભ' તેની વિચારણા પણ રત્નમણિરાવ જોટે (૧૮૯૫-૧૯૫૫) અને ઉમાશંકર જોશી (૧૯૧૧-૧૯૮૮) જેવા વિદ્વાનોએ કરેલી છે. એમનો મત એવો છે કે 'સ્કંભ' હોય તો 'ખંભ' આવે, જે ખંભાત, ખંભાળા અને ખંભાળિયા જેવાં ગામનામો પાછળ છે અને 'સ્તંભ' હોય તો 'થંભ-થાંભલો' આવે, જે થર (ભાણવડ), થલી (માંગરોળ) અને 'થળા' (ધાંગધ્રા) જેવા ગામના નામો છે. 'સ્કંભ-ખંભ' પાછળ શિવપૂજક જાતિનો સંકેત પણ રહેલો છે, જે ખંભાળિયાના મુખ્ય ધર્મસ્થળ 'ખાખનાથ'માં સ્પષ્ટ પ્રમાણી શકાય છે.

ખંભાળિયા ઘી અને તેલી નામની બે નદીઓના સંગમ ઉપર વસેલું છે. ઘી આશરે ૨૫-૩૦ કિ. મિ.ની નદી છે, જે બાજુના દેવળિયાની ધારમાંથી નીકળી ખંભાળિયા થઈને સલાયા પાસે કચ્છના અખાતને મળે છે. 'તેલી' વાસ્તવમાં એક નાનકડો વોંકળો છે, જે પાંચેક કિ. મિ.ની લંબાઈ ધરાવે છે

ખંભાળિયા ઘી અને તેલી નામની બે નદીઓના સંગમ ઉપર વસેલું છે. ઘી આશરે ૨૫-૩૦ કિ. મિ.ની નદી છે, જે બાજુના દેવળિયાની ધારમાંથી નીકળી ખંભાળિયા થઈને સલાયા પાસે કચ્છના અખાતને મળે છે. 'તેલી' વાસ્તવમાં એક નાનકડો વોંકળો છે, જે પાંચેક કિ. મિ.ની લંબાઈ ધરાવે છે અને ખંભાળિયા પાસે ઘીને મળી જાય છે. આ બંને નદીઓની જુદી જુદી લોકકથાઓ મળે છે. ઘી વિશે એવી કથા છે કે તે એક રબારી બાઈ હતી. ખંભાળિયામાં ઘી વેચવા આવેલી, કોઈએ લીધું નહિ એટલે એક વેપારીને વિનંતી કરી કે તમે આ ઘીનું પારિયું રાખી લો અને મને જરૂર પૂરતી રકમ આપો. વેપારીએ ઘી રાખી લીધું અને રબારી બાઈને નજીવી રકમ આપી. બન્યું એવું કે આ ઘીથી વેપારીનો ચડતો દહાડો થયો અને જોતજોતામાં ઘીનો મોટો તાવડો શરૂ થયો ! ખંભાળિયાનું ઘી દેશ-પરદેશ જવા લાગ્યું અને પેલો વેપારી તો ન્યાલ થઈ ગયો ! પિંગળશીભાઈ ગઢવી આ વાર્તામાં "રબારીના બદલે ચારણબાઈ મૂકે છે અને ન્યાલ થઈ ગયેલા વેપારીને "લોહાણા દત્તાણી' તરીકે ઓળખાવે છે.

તેલી વિશેની કથા એવી છે કે ખંભાળિયામાં મગફળી ખૂબ થાતી તથા તેલના ઘાણા ચાલતા આ કારણે બાજના વોંકળામાં તેલાના રગેડા ઊતરતા. આ ઉપરથી વોંકળાનું નામ "તેલિયો" 'તેલી' થયું છે.

ખંભાળિયાની આ ભૂગોળ છે, હવે ઈતિહાસ આવો છે : ૧૯૪૭ સુધી અહી જામનગરની જાડેજા સત્તા છે, તેની પહેલાં અહીં ઘૂમલીના જેઠવાનું શાસન છે. વચ્ચે અમુક સમય અહી વાઘેલા, વાઢેર, વાઘેર સત્તા રહી છે, જયારે નવમી-દશમી સદીમાં અહીં ચાવડા છે. ખંભાળિયા હજાર વર્ષ જૂનું એક પ્રાચીન નગર છે. સાતમી-આઠમી સદીમાં "સ્કંભપલ્લી' એવું નામ અનુમાની શકાય છે. ઈ. સ.



૧૫૦૦ આસપાસ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી “સુદામાપોર’થી “દ્વારકા’ જતાં અહીં પધાર્યા છે તેના યાત્રાપથમાં “સ્તંભતીર્થ’ આવે છે તે આજનું ખંભાળિયા છે. (જુઓ, પ્રેમલાલ ગો. મેવચા લેખિત “જીવનદર્શન’ (૧૯૭૩) અને દ્વારકાના સુપ્રસિદ્ધ લેખક કલ્યાણરાય ન. જોશી કૃત “દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઈતિહાસ” (૧૯૭૯) પૃ. ૯૦-૯૫. “શ્રીવલ્લભ-વિઠ્ઠલયો : પૂવચરિત લીલા’ નામક હસ્તપ્રતનો ઉતારો. જોકે “સ્તંભતીર્થ” તે “ખંભાળિયા”નું સંસ્કૃત છે. “સ્તંભતીર્થ”માંથી “ખંભાળિયા” વ્યુત્પન્ન થાય નહિ. “સ્કંભ પલ્લિકા” હોય તો જ “ખંભાલિયા” અને “ખંભાળિયા” આવી શકે. - લેખક) સંભવતઃ શ્રીમહાપ્રભુજી ૧૫૦૦ આસપાસ અને શ્રીગુસાંઇજી ૧૫૫૦ આસપાસ ખંભાળિયા પધાર્યા છે. આજે ખંભાળિયામાં શ્રીમહાપ્રભુજીની બેઠક છે અને બેઠકવાર્તા મુજબ શ્રીમહાપ્રભુજીએ અહીં “શ્રીમદ્‌ભાગવત સપ્તાહનું વાંચન કરેલ છે. આ કથાથી આ વિસ્તારમાં “પ્રેતમુક્તિ’ થયેલ છે અર્થાત્‌ ઈતિહાસબોધ એવો છે કે અંધ માન્યતાઓમાંથી મુક્ત કરીને આ વિસ્તારને શ્રીકૃષ્ણભક્તિનું અમૃતપાન કરાવેલ છે. શ્રીવલ્લભના પુત્ર શ્રી વિઠ્ઠલનાથ-શ્રીગુસાંઈજી ૧૫૫૦માં અહીં મહિનોમાસ રહ્યા છે તથા અહીંના કલ્યાણ ભટ્ટને સેવક બનાવી પોતાની સાથે ગોકુલ લઈ ગયા છે. સુપ્રસિદ્ર “બસોબાવન વૈષ્ણવોની વાર્તામાં કલ્યાણ ભટ્ટની વાર્તા છે.

જામનગર પહેલાં પ્રથમ રાજધાની આ ખંભાળિયા છે. આ સમય પહેલાં શ્રીમહાપ્રભુજી અહી પધાર્યા છે અને તેની પહેલાં શ્રીરામાપીર પણ અહીં પધાર્યા છે, જોકે ખંભાળિયામાં હયાત ચાર-પાંચ શ્રી રામાપીરના થાનકોમાંથી કયું થાનક પ્રાચીન તે નિર્ણય થઈ શકતો નથી



૧૫૦૦-૧૫૫૦ ખંભાળિયાના રાજકીય ઈતિહાસ માટે અતિ મહત્ત્વનાં વર્ષો છે. ૧૫૦૦ પછી કચ્છમાં અમદાવાદના સુલતાનોનો પગપેસારો થયો અને જામ રાવળને કચ્છ છોડીને સૌરાષ્ટ્રમાં આવવું પડ્યું. સૌરાષ્ટ્રમાં પણ એનો પ્રથમ સામનો પિતરાઈ જામ દેદા તમાચી સાથે થયો. તમાચીને તાબે કરીને ડેમી અને આજી નદીઓ વચ્ચેના બોડકા-બાલંભામાં તેણે પોતાનું પ્રથમ થાણું સ્થાપ્યું. ૧૫૧૨ અને ૧૫૨૨ વચ્ચે આ ઘટના બની છે. ૧૫૩૦ સુધીમાં જામ રાવળ અહીં પગભર થઈ ગયો છે અને સૌરાષ્ટ્રમાં હજુ વધુ જમીન ઉપર સત્તા બેસાડવા સૈન્ય એકઠું કરી રહ્યો છે. જાડેજા વિશે લખાયેલા સંસ્કૃત ગ્રંથોમાં “રસકૌમુદી” (૧૫૭૪), “જામ વિજય” (૧૫૮૨) અને “શત્રુશલ્યચરિત્ર” (૧૫૮૪) છે. જૂની ગુજરાતી ભાષામાં લખાયેલો એક જૈનગ્રંથ “પડધરિપ્રાસાદ બિંબ” (૧૬૦૮) છે. આ ઉપરાંત બે ચારણી ગ્રંથો “વિભાવિલાસ” (૧૮૨૫) અનુ “યદુવંશપ્રકાશ” (૧૮૭૪) છે. આ બધા ગ્રંથો એક યા બીજી રીતે જામરાવળનો સૌરાષ્ટ્રપ્રવેશ ઉલ્લેખે છે. “રસકૌમુદી”ના ત્રીજા સર્ગમાં “જામરાવળ” જયારે સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે પહેલા પૂર્વ દિશાનો રાજા આવ્યો.’ આવો જે ઉલ્લેખ છે તેને ડોલરરાય માંકડ પોતાના “જામનગરનો ઈતિહાસ” (૧.૯૭૨) પૃ. ૩૨ ઉપર “મીઠોઈની લડાઈને અનુલક્ષીને હોવાનું જણાવે છે. સંભવતઃ ૧૫૩૨-૩૩માં જામરાવળની પહેલી લડાઈ આ મીઠોઈ (તા. લાલપુર, જિ. જામનગર ગામના પાદરમાં થઈ છે અને જેઠવા, ચાવડા, વાઘેર - આ ત્રણ રાજાઓ સાથે થઈ છે. આ લડાઈમાં જામરાવળ વિજયી થાય છે અને ૧૫૩૫માં ખંભાળિયામાં વિધિવત્‌ આશાપરાની સ્થાપના કરીને રાજગાદી સ્થાપે છે. જામનગર પહેલાં પ્રથમ રાજધાની આ ખંભાળિયા છે. આ સમય પહેલાં શ્રીમહાપ્રભુજી અહી પધાર્યા છે અને તેની પહેલાં શ્રીરામાપીર પણ અહીં પધાર્યા છે, જોકે ખંભાળિયામાં હયાત ચાર-પાંચ શ્રી રામાપીરના થાનકોમાંથી કયું થાનક પ્રાચીન તે નિર્ણય થઈ શકતો નથી, પણ શ્રીમહાપ્રભુજીની બેઠકનો સાહિત્યિક પુરાવો મળે છે. ખંભાળિયામાં

૧૫૦૦માં શ્રીમહાપ્રભુજી અને ૧૫૩૫થીં જામરાવળ છે. આ જામખંભાળિયાના રાજકીય ઇતિહાસનો પ્રારંભ છે. પાંચેક વર્ષ જામગાદી અહીં રહ્યા પછી ૧૫૪૦માં જામનગરની સ્થાપના થાય છે અને જામગાદી ત્યાં જાય છે. આરંભમાં આ નગરનું નામ "નવાનગર" છે, જે સો વર્ષ પછી "જામનગર" બને છે. "નવાનગર" એટલા માટે કે બાજુના "નાગના"માં જેઠવાઓનું જૂનું નગર હતું. ૧૬૪૦થી "ખંભાળિયા'ને પણ "જામખંભાળિયા'" કહેવામાં આવે છે.

જાડેજાની રાજગાદી ૧૫૪૦થી ૧૯૪૭ સુધી જામનગર રહેલ છે, પણ ૧૬૬૪માં ખેલાયેલા શેખપાટના યુદ્ધમાં વિધર્મી સત્તા સામે જાડેજાની હાર થઈ છે અને ૧૬૬૪થી ૧૬૭૩ વચ્ચેના વર્ષોમાં / કામચલાઉ રાજગાદી ફરીવાર જામખંભાળિયા આવી છે. સંભવતઃ આ સમયગાળામાં ખંભાળિયા અને રાવલના કોટ ચણાયેલ છે. રાજવંશની ગણતરી મુજબ આ સમયે જામ તમાચી ગાદીપતિ છે, પણ તેઓ ખંભાળિયા આવ્યા નથી. એક મત એવો છે કે ગાદીપતિ જામ તમાચી અને તેનો નાનોભાઇ ફૂલજી તે વખતની મુસ્લિમસત્તા સામે બહારવટે ચડેલ છે પણ આ "મત'નો અદ્યાપિ કોઈ પુરાવો નથી, જયારે "રાજ વહીવટ' ખંભાળિયા ખસેડી જામ તમાચી સલામતી ખાતર કચ્છના પિતરાઇના આશ્રયે ગયેલ છે. ૧૬૭૩થી જામનગર પુનઃ જાડેજાના હાથમાં આવેલ છે.

રાજવંશની ગણતરી મુજબ આ સમયે જામ તમાચી ગાદીપતિ છે, પણ તેઓ ખંભાળિયા આવ્યા નથી. એક મત એવો છે કે ગાદીપતિ જામ તમાચી અને તેનો નાનોભાઇ ફૂલજી તે વખતની મુસ્લિમસત્તા સામે બહારવટે ચડેલ છે પણ આ "મત'નો અદ્યાપિ કોઈ પુરાવો નથી

આ સમય દરમિયાન ખંભાળિયાનો કોઈ વિકાસ નોંધાયેલો નથી, સિવાય કે સત્તરમી સદીમાં જામનગરમાં ઉદ્ભવેલી સ્વામી પ્રાણનાથ પ્રેરિત હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતિપાદન કરતી "ખીજડા આંદોલન'ની અસર. આ અસરથી ખંભાળિયાના અમુક કુટુંબો પ્રણામી બન્યાં છે. આ સમય પછીના ચાર શિલાલેખો અગત્યના છે. ૧૬૯૪નો ખામનાથના પટાંગણમાં આવેલી દેરીનો પાળિયા લેખ, જેમાં જામ તમાચી (પહેલા)ના નાનાભાઈ ફૂલાજી - જેને ભાણવડ ગરાસમાં મળેલું તેના કુંવર વિભાજીનું મૃત્યુ નોંધાયું છે. ૧૭૪૯નો પાળિયા લેખ જેમાં ગુગળી શંકરે કમળપૂજા ખાધી તથા તેની પત્ની લાડબાઈ તેની પાછળ સતી થઈ તેની નોંધ મળે છે. ૧૭૮૨નો મહારાજની વાવનો શિલાલેખ, ગો. ગિરધરલાલજીના વહુજી રુક્મિણીદેવીએ આ વાવ બંધાવી આપી છે. ૧૭૯૯નો પાળિયા લેખ, જેમાં ચાવડા પિતાપુત્ર ફતેબમહમદની સેના સામે લડતા વીરગતિ પામ્યાનો ઉલ્લેખ છે. આ ચારેય લેખો એક યા બીજી દૃષ્ટિએ ખંભાળિયાના ઇતિહાસ માટે અગત્યના છે. ૧૬૭૦માં નાનાભાઈ ફૂલાજીને ભાણવડ ગરાસમાં મળેલું છે તેના પુત્ર વિભાજી ૧૬૯૪માં એટલે આ સમયે અમદાવાદની સલ્તનત પૂરી થઈ ગઈ છે, દિલ્હીમાં ઔરંગઝેબ છે તથા સૌરાષ્ટ્રનો વહીવટ મુઘલ સુબા શુજાતખાનના હાથમાં છે. ચારેબાજુ હિન્દુ ધર્મસ્થાનોના ધ્વંશની પ્રક્રિયા ચાલી રહી છે. જામખંભાળિયાનું ખાખનાથ (મૂળનું ક્ષેમનાથ) તૂટયું છે અને અઢારમી સદીના આરંભે નવું બંધાણું છે. ૧૬૯૪નો શિલાલેખ આ ઘટનાનો સાક્ષી જણાય છે.

૧૭૪૯ના લેખથી એટલું સમજી શકાય છે કે "ગુગળી બ્રાહ્મણ" જે વૈષ્ણવ હોવાની માન્યતા છે તે યોગ્ય નથી. તે શિવભક્ત પણ છે અને ગુગળીમાં સતી થવાનો ચાલ પણ છે. ૧૭૮૨નો મહારાજની વાવનો લેખ ગોસ્વામી બાળકોની સમાજ પરાયણતા પ્રગટ કરે છે. સંભવતઃ સમગ્ર ગુજરાતમાં હવેલીના વહુજીએ પોતાની મૂડી લોકકલ્યાણાર્થે વાવ નિર્માણ કરાવવામાં ખર્ચી દીધી હોય તેનો આ પ્રથમ ઐતિહાસિક પુરાવો છે. "જામખંભાળિયા દર્પણ" (૨૦૧૫)ના લેખક ડૉ. વશરામભાઈ નકુમ પોતાના ઇતિહાસગ્રંથમાં આ શિલાલેખને પ્રથમ પ્રકાશિત કરે છે. ૧૭૯૯નો લેખ



કચ્છના જમાદાર ફતેહમહમદની સૌરાષ્ટ્ર ઉપર થયેલી ચોથી ચડાઈનો ઐતિહાસિક પુરાવો છે.'


આ વિસ્તારનો માથાભારે માણસ ગણાતો મેરુ ખવાસ ૧૮૦૦માં મૃત્યુ પામે છે તે સાથે જ આધુનિક યુગના મંડાણ થાય છે. જામનગરના તાબે હોવા છતાંય જામખંભાળિયાના વિકાસમાં જાડેજાઓએ ખાસ રસ દાખવ્યો નથી. ૧૯૦૩થી ૧૯૩૩ સુધી જામનગરની ગાદીએ રહેલા સુપ્રસિદ્ધ ક્રિકેટર જામરણજી, મૂળમાં આ વિસ્તારના હોવા છતાં એમણે "જામનગર'ને "સૌરાષ્ટ્રનું પેરિસ' બનાવી દીધું પણ જામખંભાળિયાને એક પણ શણગાર અર્પણ કર્યો નથી. આજના જામનગરના જગપ્રસિદ્ધ બાંધકામો જામ રણજિત દ્વારા થયા છે. તેઓ બાજુના ભાણવડ -- સડોદરથી દત્તક લેવાયા હતા અને મોટા ભાગે યૂરોપમાં રહેતા અને ક્રિકેટમાં ગળાડૂબ હોવા છતાં તેમણે જામનગરમાં ઊંડો રસ લીધો હતો, જ્યારે ખંભાળિયાનો વિકાસ એના ભાટિયા, લોહાણા જેવા મહાજનો અને આમજનતાને આભારી છે. ભારતની સુપ્રસિદ્ધ એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના સર્જક ખંભાળિયાના ભાટિયા છે. તેમણે ઘરઆંગણે એસ. એન. ડી. ટી. પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, પાંજરાપોળ અને ધર્મશાળા બંધાવી આપેલ છે. વિજય મરચંટ પણ આ જ પરિવારના આપણા દેશના એક ખ્યાતનામ ક્રિકેટર હતા.

૧૯૧૮માં ખંભાળિયામાં જન્મેલા અને ઉછરેલા કવિ શ્રી વેણીભાઈ પુરોહિત અને ૧૯૪૨માં ખંભાળિયામાં જન્મ-ઉછેર પામેલા મધુરાય ગુજરાતી સાહિત્યના અનન્ય સર્જકો ગણાય છે. ૧૯૦૨માં ઘી નદીનો પુલ બન્યા પછી ૧૯૨૨માં ખંભાળિયા-દ્વારકા રેલવે લાઈન શરૂ થયેલી છે

સાહિત્યક્ષેત્રે આટકોટમાં સમાધિ લેનાર અતિ લોકપ્રિય સંત કવયિત્રી લોયણ, એક મત મજબ જામખંભાળિયાની લુહાર કન્યા હતાં. ૧૯૧૮માં ખંભાળિયામાં જન્મેલા અને ઉછરેલા કવિ શ્રી વેણીભાઈ પુરોહિત અને ૧૯૪૨માં ખંભાળિયામાં જન્મ-ઉછેર પામેલા મધુરાય ગુજરાતી સાહિત્યના અનન્ય સર્જકો ગણાય છે. ૧૯૦૨માં ઘી નદીનો પુલ બન્યા પછી ૧૯૨૨માં ખંભાળિયા-દ્વારકા રેલવે લાઈન શરૂ થયેલી છે. વિશિષ્ટ કહેવાય એવી એક પાટા ઉપર ચાલતી ટ્રેન પણ ૧૯૪૧થી ખંભાળિયા-ભંડારિયા વચ્ચે શરૂ થયેલી છે ! આ મોનોરેલને લોકસમાજ "એક પાટારી' કહીને ઓળખાવતા. ૧૯૪૦માં ખંભાળિયા પાસે એરપોર્ટ હતું, જે હાલ ઉજ્જડ પડયું છે.

ખંભાળિયાનો ઇતિહાસ લખવાનો આરંભ ૨૦૦૧થી થયો છે. લીલાધર મહેતાએ 'ખંભાળિયાનું ખમીર'નામથી ખંભાળિયાના મુઠ્ઠી ઊંચેરા માનવીઓનો પરિચય આપ્યો છે. અહીં વેપારીઓ મુખ્ય છે. ત્ર્યંબકભાઈ મંકોડી અને કવિ કાન્તિલાલ ભટ્ટ જેવા શિક્ષણશાસ્ત્રી, ગાયક અને ફિલ્મી કલાકાર માસ્ટર વસંત તથા સુપ્રસિદ્ધ શરણાઈ વાદક ઈબ્રાહિમ લંઘા, હવેલી સંગીતના કીર્તનયા અને ખંભાળિયાના ખમીરનો પદ્યમાં પરિચય આપતા કવિ નાકરનો અહીં અહોભાવયુક્ત પરિચય છે. આ પછી ૨૦૧૫માં ખંભાળિયાના હોનહાર ડૉ. નકુમસાહેબ દ્વારા "દર્પણ' મળે છે. બન્ને મિત્રો ૧૫૩૫માં ખંભાળિયાને જામ રાવળે રાજધાની બનાવી તેને ખંભાળિયાની સ્થાપના ગણે છે, પણ આ વર્ષ રાજગાદીની સ્થાપનાનં છે, જ્યારે ખંભાળિયા હજાર-બારસો વર્ષ પ્રાચીન નગર છે. સંભવતઃ "સ્કંભ પલ્લી" કે "સ્કંભ પલ્લિકા" મૂળમાં હશે. ખામનાથ જેવાં પ્રાચીન સ્થળો, વાછરાડાડ, રામાપીર અને શ્રીમહાપ્રભુજીની બેઠક વગેરે સંખ્યાબંધ ધાર્મિક સ્થળો આની ગવાહી પૂરે છે. ૧૯૩૭થી પ્રજાબંધુ પુસ્તકાલય, ૧૯૮૬માં નગર પંચાયતનું "નગરપાલિકા'માં રૂપાંતર અને ૨૦૧૩થી દેવભૂમિ દ્વારકા જિલ્લાનું જિલ્લામથક ખંભાળિયાનો પ્રજાકીય વિકાસ છે. નિઃશંક, ખંભાળિયાની આવતી કાલ ઉજળી છે. શૈવ, વૈષ્ણવ અને જૈનસ્થાનો સાથે રૂડીમા અને રૂડાપીરના શુભાશિષો પણ જામખંભાળિયાની સાથે છે.

'દર્શન', ૩/ વાડી પ્લોટ
પોરબંદર-૩૬૦૫૭૫
મો. ૯૫૩૭૮૭૭૦૭૦



સૌરાષ્ટ્રની લોકશૈલીનાં સમર્થ ચિત્રકાર : સંતોકમા દૂધાત

- જોરાવરસિંહ જાદવ

ભારતના પ્રત્યેક પ્રાંત પાસે ચિત્રકલાની પોતીકી શૈલી છે. ઉત્તરપ્રદેશની પહાડી, રાજસ્થાનની રાજપૂત અને બિહારની ૩૦૦ વર્ષ પુરાણી મિથિલા લોકચિત્રણકલા 'મધુબન્ની'ના નામે જગવિખ્યાત બની છે. મધુબન્ની જેવી સોરઠ અને ગોહિલવાડની ગ્રામ્ય નારીઓની તળપદ આલેખ અને ચિતરની એક સમૃદ્ધ પરંપરા ગુજરાતમાં પ્રસન્નપણે પાંગરી છે, જેની બહુ જ ઓછી નોંધ લેવાઈ છે, એવા એક ૯૨ વર્ષની વયે સ્વર્ગે સિધાવેલાં સૌરાષ્ટ્રનાં એક મહિલા કલાકારની ઓળખ આપવા માગું છું. જેઓ સૌરાષ્ટ્રની તળપદ લોકચિત્રની છાંટવાળાં ચિત્રો લઈને ઓસ્ટ્રેલિયા અને જર્મની જઈ આવ્યાં. એમનાં જીવન અને કાર્ય પર દસ્તાવેજી ચિત્રનું નિર્માણ થયું. મહાભારત પરના ૧૨૦૦ મીટર લાંબા તળપદ લોકશૈલીનાં ચિત્રો આલેખી કલાજગતમાં પ્રછન્ન છટા પ્રગટાવનાર સ્વ. કલાકાર છે સંતોકમા દૂધાત

આંકોલવાડી ગામના લેઉવા કણબી પટેલ જ્ઞાતિમાં જન્મેલાં સંતોકમાના મુંબઈ દિલ્હીના આંતરરાષ્ટ્રીય હવાઈમથકની દીવાલો પર એ કાળે મૂકાયેલાં તળપદ, કાઠિયાવાડી અને સોરઠી લોકશૈલીનાં ચિત્રો નિહાળીને આશ્ચર્યચકિત થઈ જતા

સૌરાષ્ટ્રના સાસણગીર પંથકના આંકોલવાડી ગામના લેઉવા કણબી પટેલ જ્ઞાતિમાં જન્મેલાં સંતોકમાના મુંબઈ દિલ્હીના આંતરરાષ્ટ્રીય હવાઈમથકની દીવાલો પર એ કાળે મૂકાયેલાં તળપદ, કાઠિયાવાડી અને સોરઠી લોકશૈલીનાં ચિત્રો નિહાળીને આશ્ચર્યચકિત થઈ જતા.

જીવનસંધ્યાના ૯૦ વર્ષ સુધી વણથાક્યે એમનું ચિત્રસર્જન ચાલતું રહ્યું. એ ઉંમરે આખ્યુંના દીવડા એવા ને એવા તેજ હતા. તેઓ પરમેશ્વરને વિનંતી કરીને કહેતાં : 'હમણાં તેડાં નો મોકલીશ. રામાયણ, મહાભારતના ચિતર પૂરા કરી લઉં એટલી લાંબી જીવાદોરી લાંબી કરી દેજે.'

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સરસ વાત કરી છે કે ભારતીય ગ્રામજન અભણ હશે પણ અસંસ્કારી નથી. તેઓ સંગીત અને કલાપ્રેમી છે. એના ઉદાહરણરૂપ સહી કરવા જેટલુંય નહીં ભણેલાં સંતોકમા જન્મજાત સંસ્કારવારસાના બળે જ આવા સુંદર ચિત્રો સરજી શક્યાં છે. ભણેલા ગણેલા ચિત્રકારો શ્રી ખોડીદાસ પરમાર, કુમાર મંગલસિંહજી, બળવંતભાઈ જોશી અને છગનભાઈ મિસ્ત્રી જેવા અનેક લોકશૈલીના ચિત્રકારો વચ્ચે ગૌરવપૂર્વક બેસવાનો અધિકાર પ્રાપ્ત કરી ચૂકેલાં સંતોકમાના જીવનસંઘર્ષની વાતમાં દુઃખ અને કરુણતાનું ઝીણું ઝીણું જંતર વાગતું સંભળાય છે.

ભારતમાં આઝાદી આવી એ અરસાની આ વાત છે. આંકોલવાડી જેવા ગામડામાં રહીને કૃષિ જીવન બસર કરતાં સંતોકમા પાસે જમીન અને ઢોરઢાંખરનો ઝખીરો મોટો હતો. કાળક્રમે બધું પગ કરી ગયું. એમના પતિ પ્રેમજીભાઈને ખેતમજૂરી અને સડકના ખાળિયા ખોદવાના દી' આવ્યા. ઘરના દરદાગીના સઘળા વેચાઈ ગયા. સંતોકમા ઘરના રોટલા ટીપે, દાડીદપાટીએ જાય, લોકોના દળણાં દળી આપે. માંડમાંડ પેટિયું (રોટલો) રળતા પરિવારને કુદરતે બીજો ફટકો માર્યો. એમના પતિ પ્રેમજીભાઈનું અકાળે અવસાન થયું. એક દીકરી ને ત્રણ દીકરાની માના નસીબમાં અકાળે વૈધવ્ય આવ્યું. કમાનાર ઘરના મોભીના લાંબા ગામતરા પછી ઘરમાં ગોકળઆઠમ રાહડે રમવા માંડી, હનુમાન હડિયું કાઢવા મંડાણા. ઘરમાં અનાજ ન મળે. છોકરાઓનું ભૂખનું દુઃખ ન વેઠાતા સંતોકબાએ કઠણ કાળજું કરીને સંતાનોને જામનગરના અનાથ બાલાશ્રમમાં મૂકી આવ્યાં. એ પછી આંકોલવાડીથી લઈને મુંબઈની આર્ટગેલેરીઓ સુધીની યાત્રા કરનાર સંતોકમાની કરુણ કથની એમના જ મુખે મેં સાંભળી :

'કારમી ગરીબાઈ ઘરફરતી આંટો મારી ગયેલી. કોઈ દશ્ય સૂઝે નહીં. મોંસૂઝણામાં ઊઠીને મજૂરીએ જાઉં. દી' આથમ્યા લગી ખેતર, ખડ ને માટીના ઢેફા હાર્યે બથોડાં ભરીને ઘેર આવું. લુસ લુસ વાળું કરતીકને રાતના ગામ આખામાં ફરી વળું. ગામની વહુદીકરીયું બાપડી મારી વાટ જોતી જ બેઠી હોય, ઈમને શગદીવાના અજવાળે કોડિયામાં કાલવેલી મેશમાં અણિયાળું સાંઠીકડું બોળી બોળીને ભાતભાતની ભાત્યું આળેખી દઉં. મોર, પોપટ, રાસમંડળ, વલોણું, પણિહારી, દેવી-દેવતા, રામાયણ, મહાભારત એવું બધું આળેખતી જાઉં ને ગીતો ગાતી જાઉં. ગાણામાં આવતી વાતું આળેખતી જાઉં.'

રામ લખમણ બે બંધવા રામૈયા રામ
બે ભૈ હાલ્યા વનવાસ રે રામૈયા રામ
રામને લાગી તરહડી રામૈયા રામ
લખમણ વીરા પાણીડા પાવ રે રામૈયા રામ.

આમ ગાણાં-ચિતરમાં ચિત્ત પરોવું, મનને રોકી રાખું એટલે દી'એ તો કાંઈ ન થાય. પણ માડી, રાત્ય પડે ને એટલે પંડના છોકરાં ઈયાદ આવે. કાળજું કંપી જાય. આવાં દખ કોની આગળ રોવું? દશ્મનનેય આવાં દખ નો પડજો બાપા. પછી ઘરનાં કમાડ વાસીને એકલી એકલી આંહૂડાં પાડું. ખોબો ખોબો આંહૂડાથી ઓશીકુંય પલળી જાય. અરેરે, ભગવાને દેવના ચક્કર જેવા દીકરા દીધા પણ હું અભાગણી સંતાનસુખ પામી નંઈ. હું ઈમને પાલવી નથી હકતી. આમ તકદીરનો વાંક કાઢતી ને કપાળ કૂટતી.

અનાથઆશ્રમની નિહાળમાં રજાયું પડે એટલે મારો ભાનુ ભઈલો (મોટો દીકરો) ઘેર આવે. ઈય મારી હાર્યે ચીતરવા બેહી જાય, આમ ભણતા ને ચીતરતા ભાનુએ વડોદરામાં ફાઈન આર્ટ્સનો કોર્સ પૂરો કર્યો. થોડો વખત સુરતની ગાર્ડન મિલમાં નોકરી કરીને વલ્લભવિદ્યાનગરની ફાઈન આર્ટ્સ કૉલેજનો અધ્યાપક બન્યો. ઈ વખતે હું બળબળતા બપોરે ગામડામાં ખાળિયા ખોદતી. ઈ કામ છોડાવીને સંતોકમાને પોતાની સાથે લઈ આવ્યો.

એકવાર ભાનુ માને મુંબઈ બતાવવા લઈ ગયો. ત્યાંની તાજની ગેલેરીમાં દેશના જાણીતા મહિલા ચિત્રકાર બી. પ્રભાનાં ચિત્રોનું પ્રદર્શન હતું. ભાનુએ પ્રભાની ઓળખાણું કરાવી. ઈ વાતને યાદ કરતા સંતોકમાએ કહ્યું :

'એ આવડી આવડી શબિયું(ચિત્રો) ગોઠવેલી. મેં પૂછ્યું : આ બધી છબિયું ઈણે સિતરિયું? : લે કર્ય વાત. આ ઈય બાય છે ને હુંય બાય છું. તો હું શબિયું સીતરું તો? ત્યારે રોયો ભનિયો કેં 'તો...તો હું ય આંયાં તમારાં ચિતરનું પ્રદર્શન ગોઠવી દઉં?''

મુંબઈ મહાલીને મા દીકરો વિદ્યાનગર આવ્યા. ભાનુએ કાગળ, શાહી વગેરે લાવી આપીને માના હાથમાં મૂક્યાં. ખડિયાની શાહી ફાવી નહીં એટલે સંતોકમાએ દેશી ઢબે જાતે કોડિયાની મેશ બનાવી. તેમાં ગુંદરનું પાણી નાખી દીવાસળીથી આલેખો દોરવાના શ્રીગણેશ માંડ્યા. ઈ કાળે કોને ખબર્ય હતી કે જીવનના કાંઠે બેઠેલાં સંતોકમા કાઠિયાવાડી આળેખ ચિતરની કળાથી આખા ભારતમાં અને વિશ્વમાં પોતાનું નામ ઉજાળશે?

ભૂખ્યા માણસને ભાવતું ભોજન મળે એમ સંતોકમાને ચિતર દોરવાનું મળતા એમને બત્રીસે કોઠે આનંદના દીવડા પ્રગટ્યા. એમણે તો ચાકળા, ચંદરવા, ઉલેચ, ઝૂલ્ય, ટરપરિયાં, ગણેશસ્થાપન, રાધાકૃષ્ણ, કાનગોપીય દોર્યા. ભાનુએ એમને સમજાવ્યું કે 'માડી, રાધા-કૃષ્ણના ચિત્રમાંથી કૃષ્ણનું મુગટનું પીછું કાઢી લઈ તેમના હાથમાં વાંસળીને બદલે ધનુષ-બાણ દોરીએ તો ચિત્ર રામ-સીતાનું સ્વરૂપ થઈ જાય. બા ને દીકરાની વાત શીરાની જેમ ઝટ ગળે ઊતરી ગઈ, પછી તો મન મૂકીને ચિત્રોનું સર્જન શરૂ કર્યું.

સને ૧૯૭૮ની વાત છે. ભાનુના ચિત્ર ગુરુ કે.જી. સુબ્રમણ્યમ વિદ્યાનગર આવ્યા. ભાનુ એમને ઘેર તેડી ગયો. એ વખતે સંતોકમા બેઠાં બેઠાં ચિત્રોના આળેખો દોરતાં હતાં. ભાનુ હોંશપૂર્વક પોતાના ચિત્રો બતાવવા માંડ્યો ત્યારે સુબ્રમણ્યમે કહ્યું : ભાનુભાઈ મુજે આપકા વર્ક નહીં દેખના હૈ, માંકા વર્ક દિખાઓ. ભાનુએ માનાં તાજાં ચિત્રોનો ઢગલો કર્યો. કે.જી. સર ત્રાંસાં ચશ્માં કરીને આતુરતાપૂર્વક એ ચિત્રો જોવા લાગ્યા. ગોપીરાસ, ગણેશ, શિવપાર્વતી, શ્રવણકુમાર, કાન-ગોપી આમ કુલ ચાલીસેક ચિત્રોમાંથી અઢાર ચિત્રો પસંદ કરીને પોતાની સાથે વડોદરા લઈ ગયા. આ ચિત્રોમાં ગણેશનું ચિત્ર એમને ખૂબ જ પસંદ પડી ગયેલું.

લોકકલાપ્રેમી કે.જી. સુબ્રમણ્યમે વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજમાં સંતોકમાના સોળ ચિત્રોનું પ્રદર્શન યોજ્યું. મા-દીકરાને એ જોવા માટે તેડાવ્યા. પોતાની માતાનાં ચિત્રો મેશના રંગવાળા લોકશૈલીનાં ચિત્રોનું પ્રદર્શન ગુરુવર્ય ગોઠવે તો કયા શિષ્યને આનંદ ન થાય! વડોદરા જેવી કલારસિક નગરીમાં સંતોકમાના સોળેય ચિત્રો ત્રણ દિવસમાં ચપોચપ વેચાઈ ગયાં. એકુકા ચિત્રના સો રૂપિયા લેખે ગાડાના પૈડા જેવી સોળસો રૂપિયા રોકડા માડીના હાથમાં આવ્યા. માડીનો હરખ માય નહીં. જન્મારામાં પહેલીવાર આટલા રૂપિયા એકસામટા જોયા હતા.

એ વખતે આંકોલવાડી ગામના લોકોના ઘરના અને સીમશેઢાનાં કામ કરનારી તરીકે ઓળખાતી માને 'કલાધરિત્રી' જગતની માતા બનાવું એવું નાનપણમાં સેવેલું ભાનુનું સ્વપ્નું એને સાકાર થતું જણાયું. ભાનુએ એનાં પત્ની પ્રભાને પીંછી પકડતા શીખવ્યું. એ પછી તો મા, દીકરો ને વહુ ત્રણેયે સને ૧૯૭૮થી ચિત્રસર્જન શરૂ કર્યું. એમના લોકશૈલીનાં ચિત્રોને ખૂબ જ ખ્યાતિ મળવા માંડી. એક પછી એક પ્રદર્શનો યોજાવા માંડ્યાં. અમદાવાદના એમનાં ચિત્રપ્રદર્શન જોવા મુ. સોમાલાલ શાહ તેમના શિષ્ય ખોડીદાસ પરમાર અને હું સાથે ગયા. સંતોકમાને અભિનંદન આપી એમનો ઈન્ટરવ્યૂ કર્યો. સંતોકમાની ઉંમર, આવડત, તળપદી બોલીના ભાવવાહી ઉચ્ચારણો તેમાં રહેલો ભાવ અને ભારતીયતા સૌને ભાવવિભોર કરી દેતી. દુનિયામાં ભાગ્યે જ કોઈ કુટુંબ એવું હશે કે જેમાં દીકરો, વહુ અને સાસુ એક સાથે ચિત્રસર્જન કરીને કલાજગતની ટોચ પર પહોંચ્યાં હોય!

જીવનની ઢળતી સંધ્યાએ સંતોકમાએ હાથમાં માળા લેવાને બદલે રંગ અને પીંછી પકડ્યા. એક સમયે જેમના માથે દુઃખના ડુંગરા ખડકાયેલા એ સંતોકમાના જીવનમાં સુખનો સૂરજ ઊગવા માંડ્યો હતો. મજૂરી કરવાની કે કમાવાની હવે એમને ચિંતા નહોતી. ચિત્રો દોરવાની મનગમતી પ્રવૃત્તિ મળી ગઈ હતી. એમણે કુદરતી રંગો વડે રામાયણનાં ચિત્રો આલેખવા માંડ્યાં. વડોદરામાં વેચાયેલાં ચિત્રોએ એમના બાવડામાં નવું બળ પૂર્યું હતું. એકાદ વરસમાં તો રામાયણનાં ઢગલો ચિતર ચીતરી નાંખ્યાં. આ જોઈને ભાનુ તો આભો જ બની ગયો. સંતોકમાએ વર્ષો પૂર્વે પ્રગટ કરેલી ઇચ્છા પૂરી કરવા એણે જહાંગીર આર્ટ ગેલેરીમાં બાનાં ચિત્રોનું પ્રદર્શન યોજ્યું. સોરઠી સંસ્કાર નીતરતી ગ્રામીણ શૈલીની લોકકલાનાં ચિત્રોએ મુંબઈમાં ચકચાર મચાવી દીધી. પછી તો સંતોકમા ચિત્રોની દુનિયામાં એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરતાં ગયાં. ઓસ્ટ્રેલિયા અને જર્મની સહિત ભારતના જુદાં જુદાં રાજ્યોમાં એમનાં ૨૮ ઉપરાંત ચિત્ર પ્રદર્શનો યોજાયાં.

સને ૧૯૮૪ની આ વાત છે. એ અરસામાં નવી દિલ્હીના ત્રિવેણીસંગમ ખાતે ભાનુ, સંતોકમા અને પ્રભાબહેનનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયેલું. નવેમ્બર મહિનો, ઠંડી કહે મારું કામ. એવામાં અચાનક શ્વેત લાંબી દાઢીવાળા એમ.એફ.હુસેન આવી ચડ્યા. ચિત્રો જોઈને ખૂબ જ પ્રભાવિત થયા એને પૂછ્યું. 'આ ગામઠી સ્ટાઈલનાં ચિત્રો કોનાં છે?' ભાનુએ સંતોકમાનું નામ આપ્યું. ૮૩ વર્ષના વિશ્વવિખ્યાત ચિત્રકાર હુસેને માને મળવાની ઈચ્છા દર્શાવી. ભાનુએ ગેલેરીની બહાર બગીચામાં સૂતેલાં માડીને બતાવ્યાં. હુસેન ત્યાં ગયા અને 'ઓ મારી કલાની દેવી' કહીને બાળસહજ ભેટી પડ્યા અને ગેલેરીમાં લઈ આવ્યા. હુસેનને સંતોકમાના હનુમાન ખૂબ જ પસંદ પડ્યા. એમણે થોડાંક ચિત્રો ખરીદ્યાં ને ખૂબ વાતો કરી. એમના ગયા પછી સંતોકમા મરક મરક હસતાં બોલ્યાં :

'ભાનુ ! એ દાઢીવાળો બાવો કુણ હતો? ચિતરનો રસિયો લાગ્યો.'

ભાનુને માની આટલી કલાયાત્રાથી સંતોષ નહોતો. એને તો બાના નામની ચિત્રશૈલીની ભેટ કલાજગતને આપવી હતી. આથી સને ૧૯૮૫માં મોટું પટ્ટચિત્ર તૈયાર કરવાનું નક્કી કર્યું. હાથ બનાવટના કાગળને જોડીને ૨૫ ફૂટ લાંબો રોલ બનાવ્યો. માને હવે અવસ્થા વરતાતી જાતી હતી, પણ ઉમંગ અંતરમાં હિલોળા લેતો હતો. સંતોકમાએ વહુ દીકરાની મદદ લઈને રામાયણનાં ચિત્રો ચીતરવાનો આરંભ કર્યો.

એ અરસામાં વડોદરામાં જ્યોતિ ભટ્ટ અને ગુલામ મહંમદ શેખના નેતૃત્વ નીચે ભારત સરકારે એક મહિના માટે લોકકલાકાર સેમિનારનું આયોજન કર્યું હતું. એમાં સંતોકમાને આધુનિક મટીરિયલ વાપરવાનો મહાવરો મળી ગયો. વોટરપ્રૂફ શાહી એમને હવે ફાવી ગઈ હતી. છતાં જાતે તૈયાર કરેલા રંગો વડે ચીતરવાનું વધુ માફક આવતું. રોજ સવારે ઊઠીને રામાયણનાં ચિત્રો દોરવા બેસી જતાં.

સને ૧૯૮૭માં સંતોકમાએ પટ્ટચિત્રોનું કામ પૂરું કર્યું. એવામાં જર્મનીના એક સંગ્રહસ્થાનના નિવૃત્ત ડાયરેક્ટર ઉલ્લીબાયર એક દિવસ એમના વિદ્યાનગરના આંગણે આવી ચડ્યા. વગર ઓળખાણ પિછાણે રવિવારની વહેલી સવારે પહાડી કાયા ધરાવતા યુરોપિયનને સામે ઊભેલા જોઈને માડી તો ઘડીભર મુંઝાઈ પડ્યાં. ઉલ્લીબાયરે પોતાની ઓળખાણ આપી અને સંતોકમાના ફોટા પાડ્યા. એ પછી તો એણે રામાયણનો આખો રોલ ખરીદી લીધો ને કહ્યું : 'હવે તમે આવાં નાના કામ બંધ કરીને પૌરાણિક શાસ્ત્રોનો વિષય લઈને ખૂબ લાંબાં મોટાં ચિત્રોનું સર્જન કરો. હું એ જોવા અવશ્ય આવીશ અને તમારી ઈચ્છા હશે તો જર્મની અને ઓસ્ટ્રેલિયામાં તમારાં ચિત્રોનાં પ્રદર્શનો ગોઠવીશ. સંતોકમાને તો આ સાંભળીને જાણે 'બગાસું ખાતાં મોમાં સાકરનો ગાંગડો આવી ગયો.' માડીએ મહેનત કરવામાં પાછું વાળીને જોયું નહીં. ઉલ્લીબાયરે જર્મની અને ઓસ્ટ્રેલિયામાં એમનાં ચિત્રોનાં યાદગાર પ્રદર્શનો યોજવામાં દીકરો ને વહુ એમ ત્રણેયની જવા આવવાની ફ્લાઇટની ટિકિટો મોકલી આપી. એક કાળે ખેતરમાં કાળી મજૂરી કરી રોટલો રળનાર સંતોકમા માડી એરોપ્લેનમાં બેસીને ઓસ્ટ્રેલિયા અને જર્મનીની યાત્રા કરી આવ્યાં. જૂની આંખે નવી દુનિયા જોઈ આવ્યાં અને ગાડું ભરીને સંસ્મરણો સાથે લઈ આવ્યાં.'

એ અરસામાં ફિલ્મ ડાયરેક્ટર ક્ષીરસાગર સ્વબળે સફળ થયેલી ભારતની સન્નારીઓ ઉપર 'સ્ત્રી' નામની ટી.વી. સિરિયલ બનાવી રહ્યા હતા. સને ૧૯૮૭ના ઓગસ્ટ મહિનામાં જહાંગીર આર્ટ ગેલેરીમાં સંતોકમાના અઢાર મીટર લાંબા પટ્ટચિત્રનું પ્રદર્શન ગોઠવાયું હતું. મેહરપેસ્તનજી આ ચિત્રો નિહાળીને ખૂબ જ પ્રભાવિત થયા અને એમણે 'ઇન્ડિયન એક્સપ્રેસ' માં ચિત્રોની સમીક્ષા કરતો લેખ લખ્યો. આ લેખ વાંચીને શ્રીધાર ક્ષીરસાગરે 'સ્ત્રી' સિરિયલના પાંચમા એપિસોડમાં દૂધાત કુટુંબના જીવનને આધારિત બનાવીને એપિસોડ રજૂ કર્યો. એને પરિણામે સંતોકમા અને દૂધાત પરિવારને દેશવ્યાપી પ્રસિદ્ધિ મળી. માત્ર પ્રસિદ્ધિ નહીં, એનું પરિણામ પણ મળ્યું. એર ઇન્ડિયાના પબ્લિસિટી ડાયરેક્ટરે રામાણયનો ચિત્રરોલ અને બીજાં ચિત્રો ખરીદ કર્યાં. આજે બેંક ઓફ અમેરિકા, એર ઇન્ડિયા, બોમ્બે ડાઈંગ, વિપ્રો, આઈ.જી. એન.સી.એ, બાલભવન, આર્ટ હેરિટેઝ દિલ્હી, મેક્સમુલર ભવન, લલિતકલા અકાદમી, બોમ્બે હાઉસ, લંડન અર્જમાઈક, સૂફી રૉયલ ઉલ્લીબાર, જર્મની, ઓસ્ટ્રેલિયા, જોસેફ આર્ટ સેન્ટર કેનેડા, અમદાવાદ ખાતે અનિલ બકેરી, હોટલ પ્રેસિડેન્ટ, હોટલ વૈશાલી, ભાનુ શાહ, જ્યોતિ ભટ્ટ વગેરેના સંગ્રહોમાં સંતોકમાના લોકશૈલીનાં ચિત્રો સંગ્રહાયાં છે.

આમ ચિત્રકલા જગતમાં સંતોકમા પોતાના લોકકળાનાં ચિત્રોથી જાણે કે છવાઈ ગયાં. સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના ધ્યાન પર આ વાત આવી. બેંકે એમનું જાહેર સન્માન કર્યું. એ સન્માન પ્રસંગે એમણે લાક્ષણિક જવાબ આપતાં કહ્યું : 'હાંભળો મોટા સાયેબો, મારા ચિતરની વાહ વાહ થઈ પણ વાહ વાહને હાંડલીમાં નાખવાંથી ખીસડી થોડી થાય? કોરા વખાણથી માણહનું પેટ ભરાતું નથી. મોંઘુદાટ લૂગડું (કેન્વાસ)ને મોંઘાભાવના રંગો ખરીદવાના પૈસા ખૂટી ગ્યા સે. કાં'ક ફદિયાંનો જોગ કરી આલો તો મારે અમર થઈ જવાય એવાં ચિતર આળેખવાં છે.' માડીની વાણીની જાદૂઈ અસર થઈ. સમારંભમાં હાજર રહેલા બેંકના મેનેજિંગ ડિરેક્ટરે પોતાની સત્તા વાપરીને રૂપિયા ૬૫ હજારની લોન એ કાળે મંજૂર કરી. બેંકના ઇતિહાસમાં ચિતર કરનારી અભણ બાઈને લોન આપવાની આ પ્રથમ ઘટના હતી. લોનની જોગવાઈ થતાં દૂધાત પરિવારે ૧ ઑગસ્ટ ૧૯૮૭ના કલાગુરુ રવિશંકર રાવળના જન્મ દિવસથી ભારતના મહાન ગ્રંથ

મહાભારતનો વિષય લઈને 'ચિત્રચરી' આરંભ્યો.

આમ મહાભારતનું ચિત્રરૂપે કાગળ પર અવતરણ થવા માંડ્યું. એક એક પ્રસંગમાં અજોડ અજાયબીઓ ઉમેરાતી ગઈ. મહાભારતના અઢાર પર્વમાંથી પ્રથમ આદિપર્વમાં પાંડવોનો જન્મ, ઋષિઓનું આશ્રમજીવન, ભીષ્મ અને ગંગાની કથા, દુષ્યંત-શકુન્તલાથી લઈને, કણ્વઋષિથી કશ્યમ મુનિ સુધીના પ્રસંગો ખૂબ જ સુંદર રીતે આલેખાયા. સભાપર્વના કૃષ્ણજીવનના પ્રસંગો, રાજ્ય માટેની તકરારો, ત્રીજા વનપર્વમાં પાંડવોનો વનવાસ, ચિત્રવિર્ય-વિચિત્રવિર્યનું યુદ્ધ આલેખાયું. ત્યાં બારસો મીટરનો પટ્ટ પૂરો થઈ ગયો. સને ૧૯૮૭થી શરૂ થયેલું ચિત્રકાર્ય સતત છ વર્ષ લગી ચાલ્યું.

સને ૧૯૯૨માં અમદાવાદમાં સંસ્કાર કેન્દ્ર ખાતે આ ચિત્રપટ્ટનું પ્રદર્શન યોજાયું. દસ દિવસમાં હજારો કલાપ્રેમીઓએ આ પ્રદર્શન નિહાળ્યું-માણ્યું. એ પછી મુંબઈ અને દક્ષિણ ભારતમાં ઉડુપિ ખાતે આ ચિત્રોનાં પ્રદર્શનો યોજાયાં. સને ૧૯૯૩માં માલતીબહેન ઝવેરીના પ્રયત્નોથી દિલ્હીમાં મહાભારત ચિત્રશ્રેણીનું પ્રદર્શન યોજાયું. ત્યાં શ્રીમતી કપિલા વાત્સાયન અને શ્રીમતી ઈન્દિરા ગાંધી સાથે સંતોકમાની મુલાકાત શુભેચ્છા મુલાકાત થઈ. એ પછી ૧૨૦૦ મીટર લાંબુ મહાભારતનું આ પટ્ટચિત્ર 'ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ'ના સંગ્રહમાં ખરીદાઈ ગયું. સંતોકમા માડીના હાથમાં અધધ થઈ જાય એટલા ટેક્સ ફ્રી ૨૦ લાખ રૂપિયા આવ્યા.

'કલાની દેવી'ના નામે સંબોધાયેલાં સંતોકમાના લોકશૈલીનાં આ ચિત્રોને કલાવિવેચકોએ 'નર-નારીના પ્રથમ નજરના પ્યાર જેવી તાજગી અને કુમાશવાળા, તપ્ત ધરતી પર પડેલા વરસાદના સરવડા પછી છૂટતી માટીની મીઠીમહેંક સાથે સરખાવ્યાં છે.'

સ્વ. શ્રી શાંતિ શાહે પોતાની કોલમ 'આકાર અને આકૃતિ'માં લખ્યું છે કે 'મહાભારતની કથામાંની વાત અને વાતમાંથી આડવાત જેવા પ્રસંગોની ગૂંથણી કેનવાસ ઉપર આલેખાઈ હોય તેવાં, જે ચિત્રોને કે તેનાં પાત્રોને છાયા, પ્રકાશ, પરસ્પેક્ટિવ કે દૂરત્વનો, અરે ગુરુત્વાકર્ષણના નિયમમાં પણ બંધાયા વિનાના અને માત્ર સ્વૈરવિહાર કરતાં હોય છતાં દર્શકોના મનમાં સોંસરા ઊતરી જતાં હોય તેવા નેગેટિવ કથાશૈલીમાં બનેલાં અસરકારક ચિત્રો છે.'

સંતોકમાની કલમ પીંછીએ પ્રગટેલા સૌરાષ્ટ્રની ધરતીની 'આગવીકલમ' જેવી તળપદી સૌરાષ્ટ્રી ગ્રામશૈલીએ સર્જાયેલાં આવાં ચિત્રો જોવા એ પણ એક લ્હાવો છે. કાઠિયાવાડી ભરતકામની પરંપરામાં ખૂબ જ સરળતાપૂર્વક અને સાવ સાહજિક રીતે સર્જાયાં હોય તેવાં વિશિષ્ટ પ્રકારનાં આ ચિત્રો છે.

બંસી બજાવતા કનૈયા અને રાધાના પ્રસંગચિત્રમાં ગાયોને ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ પડતો નથી. ઊભેલી એક ગાયની બાજુમાં જ શિર્ષાસન કરતી ગાય આ શૈલીમાં ખૂંચતી નથી, પણ પિક્ટોરિયલ વાત સુપેરે કહી જાય છે. દ્રૌપદી વસ્ત્રાહરણમાં મોરપીછધારી કૃષ્ણ એક બાજુથી મધ્યમાં ઊભેલી દ્રૌપદીને વસ્ત્રો પહેરાવતાં જાય છે, અને બાજુમાંથી દુઃશાસન એના ચીર ખેંચે છે. વચમાં મોર, પોપટ, સૂર્ય છે. આ ઉપરાંત સભામાં મહાનુભાવો બેઠેલા છે. આમાં મૂળ વાત પૂરી અસરકારક બની રહે છે.

એક ચિત્રમાં કુંભારે નિંભાડામાં પકવવા મૂકેલ માટીપાત્રોમાં ભૂલથી રહી ગયેલાં માંજારી(બિલાડી)નાં બચ્ચાં અગનજવાળામાંથી ઊગરી જાય છે. આ દશ્ય ચિત્રમાં નિંભાડામાં મૂકેલા ઘડાઓની વર્તુળાકાર ગોઠવણીથી પ્રસંગની રજૂઆતમાં વેધકતા સધાઈ છે. મહાભારતની આ પટ્ટકથા પર આગળ નજર કરીએ તો વલોણું કરતી જશોદા પાસે જાયો, નટખટ કાનુડો, વનમાં નદીકાંઠે વિહાર કરતાં અને બંસી બજવતા કનૈયાની સાથે એક હાથ કેડ્ય ઉપર અને બીજા હાથે લટકાળા નૃત્યનો અભિનય કરતી રાધા અને વચમાં સફેદ પંખીઓનો વિહાર, આવું બધું સાવ જ સરળતાપૂર્વક ચિતરાયું છે. આમ નરી સરળતાથી સર્જાયેલા અને કશાય અભરખા કે અબળખા વિનાના, માત્ર ચીતરવાની લિજ્જત માણવા માટે ચિતરાયાં હોય તેવાં અત્યંત સાદગીભર્યાં આ ચિત્રો દર્શનીય છે.

મહાભારતનાં આ ચિત્રો નિહાળ્યાં પછી પ્રસન્ન થયેલા સ્વ. શાંતિ શાહ નોંધે છે કે 'આ ચિત્રોની બીજી પણ એક વિશિષ્ટતા છે, જે દ્વારા મોટી શક્યતા ઊભી થાય છે અને તે એ કે જેમ બંગાળમાં કાલીઘાટના ચિતરાયેલાં માટીપાત્રો જોઈ, પચાવી એક અભિનય શૈલીના સર્જક જામિની રૉય થઈ શક્યા, તેવી જ રીતે એક મોટી શક્યતા આ સૌરાષ્ટ્રી શૈલીનાં ચિત્રો દ્વારા બને. આજે સંતોકમા એક રીતે આ 'પાયોનિયર' કાર્ય કરી રહ્યાં છે. તેઓ પોતે તો જામિની રોય ન બની શકે અને તે સ્વાભાવિક પણ છે, પણ તેમની આ અભિનય શૈલીની કૃતિઓ દ્વારા ગુજરાતને અવશ્ય એક એવા જામિની રૉય મળી જાય તો નવાઈ નહીં લાગે. નવોદિત ચિત્રકારો માટે આમાં પૂરો અવકાશ છે, અને એમને આહ્વાહન પણ છે.'

સૌરાષ્ટ્ર, કચ્છના પ્રત્યેક પંથકમાં વિધવિધ કલાઓના માહેર આવા ચીંથરેવીટ્યાં રતનો ઠેરઠેર પડ્યાં છે. એમની શક્તિને પિછાની રાજ્યની સંગીત નાટક અકાદમી, યુવક સેવા પ્રવૃત્તિઓ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા તેમની આંગળી પકડી જગત ચોકમાં મૂકવામાં આવે છે એ અભિનંદનીય છે.

'સજ્જનસ્મૃતિ'
૨, પ્રોફેસર્સ કોલોની, વિજય ચાર રસ્તા,
નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૪૦૨૮૩૨૬

ચૌદમી ઓગસ્ટઃ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ

- કિશોર મકવાણા

ભારત વર્ષ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. એવા સમયે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૪મી ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવાની એક અત્યંત મહત્ત્વની જાહેરાત કરી, એ સંદર્ભે ગેઝેટ પણ પ્રસિદ્ધ કર્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યુંઃ આપણા લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ૧૪મી ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવામાં આવશે. દેશના ભાગલાની પીડા ક્યારેય ભૂલી શકાય તેમ નથી. નફરત અને હિંસાને કારણે, આપણાં લાખો બહેનો અને ભાઈઓ વિસ્થાપિત થયા અને જીવ પણ ગુમાવ્યા. તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ૧૪મી ઓગસ્ટને 'વિભિષિકા સ્મારક દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

'Partition Horros Remberance Day'નો આ દિવસ આપણને ભેદભાવ, દુશ્મનાવટ અને દુરાગ્રહના ઝેરને દૂર કરવા માટે પ્રેરણા તો આપશે જ, પરંતુ તે એકતા, સામાજિક સમરસતા અને માનવીય સંવેદનાઓને પણ મજબૂત બનાવશે.

દેશ એમ જ સ્વતંત્ર નથી થયો. વિભાજન વિભીષિકા જાણવી ખૂબ જરૂરી છે. સિકંદર પહેલો વિદેશી આક્રમણખોર હતો, જેણે ભારતવર્ષની ભૂમિ પર (ઈ.પૂ. ૩૨૭) પગ મૂકવાનું દુઃસાહસ કર્યું હતું...

વડાપ્રધાનશ્રીની વાત સત્યથી ભરપૂર છે. ૧૫મી ઓગસ્ટે દેશ સ્વતંત્ર તો થયો, પણ ૧૪ ઓગસ્ટે ભારતના ફાડિયાં કરી નાખવામાં આવ્યાં ને ભારતની જ ધરતી પર આતંક-નફરતથી ભરપૂર એવો 'પાકિસ્તાન' નામનો દેશ પેદા થયો. આખરે એવું તે શું થયું કે દેશના ભાગલા કરવા પડ્યા? લાખો લોકોની કતલ કરવામાં આવી, હજારો બહેન-બેટીઓને ઉપાડી જવામાં કે એમના શીલભંગ કરવામાં આવ્યા, નાનાં-નાનાં ભૂલકાને જીવતા ભૂંજી નાખવામાં આવ્યાં અને એટલે જ 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' મનાવવો રાષ્ટ્ર માટે બહુ જરૂરી હતો, જેથી દેશની પ્રજા જાણી શકે કે દેશ એમ જ સ્વતંત્ર નથી થયો. વિભાજન વિભીષિકા જાણવી ખૂબ જરૂરી છે.

સિકંદર પહેલો વિદેશી આક્રમણખોર હતો, જેણે ભારતવર્ષની ભૂમિ પર (ઈ.પૂ. ૩૨૭) પગ મૂકવાનું દુઃસાહસ કર્યું હતું, પરંતુ ત્રણ જ વર્ષમાં એણે ભારતના પરાક્રમી વીર યુવાનો સામે પછડાટ ખાવી પડી. ભારે નાલેશી વેઠી અહીંથી ભાગવું પડ્યું. એના સૈનિકો ત્રાહિમામ્ પોકારી ગયા. આ ચાણક્ય અને ચન્દ્રગુપ્તની દીર્ઘદૃષ્ટિ, નીતિ-રણનીતિ અને પરાક્રમનો ચમત્કાર હતો કે સાત વર્ષની અંદર જ ભારતવર્ષની ભૂમિ પર એ વિશ્વવિજેતાનું કોઈ પદ્ચિહ્ન બચ્યું નહોતું. એ પછી મધ્ય એશિયાથી કુશાણ આવ્યા. એમની પણ દુર્ગતિ થઇ. એમણે ભારે પરાજય વેઠવો પડ્યો. જોતજોતામાં તેઓ રાષ્ટ્રજીવનની સાંસ્કૃતિક વેગવાન ધારામાં એકરૂપ થઇ ગયા. એમનો સુપ્રસિદ્ધ સમ્રાટ કનિષ્ક બૌદ્ધ ધર્મના ચરણમાં બેસી ગયો. એણે 'દ્વિતીય અશોક' હોવાનું બહુમાન મેળવ્યું. બૌદ્ધ ધર્મના દિવ્ય સંદેશનો એમણે દૂર સુધી પ્રચાર-પ્રસાર કર્યો. એ પછી આવ્યા શક (પ્રથમ શતાબ્દી) અને હૂણ (પાંચમી શતાબ્દી) આવ્યા. એમણે હિન્દુસ્તાનને મર્માતક ઘાયલ કર્યું. ઘણા સમય સુધી એમણે સંપૂર્ણ ઉત્તર ભારતને પોતાના પગ તળે કચડી નાંખ્યું. મિહિરગુલ અને તોરમાળના તીવ્ર આઘાતો સામે તે લથડવા માંડ્યું, પરંતુ પુનઃ ભારત માતાની કૂખેથી હર્ષવર્ધન, યશોધર્મા, વિક્રમાદિત્ય અને શાલિવાહન જેવા અનેક અદમ્ય સાહસિક-પરાક્રમી રાજાઓ અને રાજનીતિજ્ઞોએ જન્મ લીધો. એમણે મા ભારતીના ભાલ પર સ્વાભિમાન, સન્માન અને સ્વાતંત્ર્યનું વિજયી તિલક કર્યું અને પરાજય અને પરાભવની બેડીઓથી આ રાષ્ટ્રને મુક્ત કર્યું. ધીમે-ધીમે આક્રમકો આ દેશના સંમોહન પાસમાં બંધાઈ ગયા. આ દેશની સંસ્કૃતિમાં તેઓ એટલા એકાકાર બની ગયા, એવા તો હળીમળી ગયા કે એમને ઓળખવા જ મુશ્કેલ બની ગયા. એમની રગોમાં પણ ભારતની સાંસ્કૃતિક ધારા વહેતી થઈ ગઈ.



હઝરત મહંમદ સાહેબના નિધનના ઘણાં વર્ષો પછી ઈ.સ. ૬૩૨માં આરબોએ જેહાદી આતંકવાદી યુદ્ધ શરૂ કર્યું. ઇસ્લામના જેહાદીઓ એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન લઈને એજાજથી નીકળ્યા અને ત્યાંથી પર્શિયા, ઈરાન, મધરેબ, લેવેંટ અને બિઝેન્ટાઇમ સુધી ઝડપથી આવી પહોંચ્યા. ચારેબાજુ આતંક, હિંસા અને મારામારી કરતા કરતા રહ્યા.

આઠમી સદી સુધીમાં તો સ્પેન ઇસ્લામના પ્રભાવમાં આવી ગયું અને એમની નજર ફ્રાન્સની સીમાઓ પર પડી. આરબો પાસે ત્યારે જગતનું સૌથી મોટું સશક્ત અને સમૃદ્ધ રાજ્ય આવી ગયું. બિસકે (ઇશતભફુ)ની ખાડીથી લઈને સિંધુના કિનારા સુધી અને અરબ સાગરથી લઈને અપર નીલ (ગશહય) સુધી. ૬૬૨ ઈ. સુધીમાં ખલીફાની લોહી તરસી મહત્ત્વાકાંક્ષાઓ હિન્દુસ્તાનની સરહદ સુધી પહોંચવા લાગી. આરબોએ અનેક પ્રયત્નો કર્યા, પરંતુ હિન્દુઓએ એમને દર વખતે ધૂળ ચાટતા કરી દીધા. અંતે લગભગ ૪૦૦ વર્ષ પછી એમને ભારતમાં પગ મૂકવાનો અવસર મળ્યો. ૧૧મી સદી પછી જ ભારત વર્ષના કાબુલ, જાબૂલ અને સિંધ આરબોને આધીન થઈ ગયા.

ભારત પર પહેલું દરિયાઈ આક્રમણ ૬૩૬માં થયું હતું. એ આક્રમણ ત્રણ તબક્કામાં થયું હતું, પરંતુ થાણા, ગુજરાત અને સિંધના કિનારાઓ પરથી હિન્દુ વીરોએ એમને પાછા ખદેડી મૂક્યા

ભારત પર પહેલું દરિયાઈ આક્રમણ ૬૩૬માં થયું હતું. એ આક્રમણ ત્રણ તબક્કામાં થયું હતું, પરંતુ થાણા, ગુજરાત અને સિંધના કિનારાઓ પરથી હિન્દુ વીરોએ એમને પાછા ખદેડી મૂક્યા. ખલીફાએ ઇરાકના ગવર્નર પર ફરી દબાણ કર્યું કે એકવાર અમને સિંધ પર ફરી આક્રમણ કરવા દો. ઇરાકના ગવર્નરે પહેલી હાર, જે રાજા દાહિરના હાથે થઈ હતી, તેનો બદલો લેવા પોતાના જમાઈ (દામાદ) અને ભત્રીજા મોહમ્મદ બિન કાસિમને મોકલ્યો. મોહમ્મદ બિન કાસિમે પ્રતિજ્ઞા લીધી હતી કે 'ખુદા કી કસમ ઉઠાકર કહતા હું, ચાહે ઇરાક કા પૂરા ખજાના ક્યું ન ઈસ કામ મેં લગ જાયે પિછલી હાર કા બદલા લુંગા હી.'

૭૧૨માં રાજા દાહિર ગદ્દારીના કારણે યુદ્ધમાં માર્યા ગયા ત્યારે ઇસ્લામી આતંકવાદીઓને પહેલી સફળતા મળી. રાજા દાહિરનો સેનાપતિ લાંચ લઈને ફૂટી ગયો એના લીધે પરાજય થયો. રાજાની પત્નીએ જોહર કર્યું અને સતી થઈ ગઈ. દાહિરના પરાક્રમી પુત્ર આરબો સાથે લડવા માટે બચ્યા હતા. મોહમ્મદ બિન કાસિમને પાછો બોલાવી લેવાયો. ધીરે ધીરે રાજા દાહિરના પુત્રે ફરી સમગ્ર ગાંધાર (આજનું અફઘાનિસ્તાન) રાજ્ય પોતાના કબજામાં લઈ લીધું.

૯મી અને ૧૦મી શતાબ્દીમાં ખલીફાઓની શક્તિ ખૂબ ઓછી થઈ ગઈ. એનું વર્ણન ભારત આવનારા આરબ યાત્રીઓએ પણ કર્યું છે. એમણે એમ પણ વર્ણન કર્યું છે કે ભારતવાસીઓ કઈ રીતે મૂર્તિઓની રક્ષા ખાતર પોતાના પ્રાણની આહુતિ આપી દેતા હતા. ઇસ્લામની આતંકી લહેર ધીરે ધીરે વધતી જતી હતી અને સિંધથી પંજાબ સુધી પહોંચતાં પહોંચતાં ખાસી ધીમી પડી ગઈ હતી. ડૉ. રામગોપાલ મિશ્રાએ પોતાના પુસ્તક 'ઇન્ડિયન રેસિસ્ટેન્સ ટુ અર્લી મુસ્લિમ ઈન્વેડર્સ અપ ટુ ૧૨૦૬ એ.ડી.' માં લખ્યું છે કે ભારતના શાસકોએ એ બે સદીઓ દરમિયાન અરબોને દેશના સીમાડા ઓળંગવા દીધા નહોતા. એ જમાનામાં કાબૂલ (એ સમયે હિન્દુસ્તાનનો ભાગ) સીમા હિન્દુકુશ સુધી ફેલાયેલી હતી, એમાં જલાલાબાદ, પેશાવરનો સમાવેશ થતો હતો.

૬૪૩ માં પર્શિયા પર વિજય મેળવ્યા પછી આરબોએ ૬૫૦માં કાબુલ પર આક્રમણ કર્યું. એ અભિયાન સફળ ન થયું. ૬૫૩ માં તેમને આંશિક સફળતા મળી. ભારતના પ્રસિદ્ધ ઇતિહાસકાર અને 'રાજ તરંગિણી'ના લેખક કલહણે હિન્દુશાહીની પ્રશંસામાં અનેક કાવ્ય-પંક્તિઓ લખી છે. જોડે જોડે એમ પણ લખ્યું છે કે ધીરે ધીરે વીર રાજાઓ પણ ઇતિહાસના પાનાઓમાં ગુમ થઈ ગયા.

સમયની સાથે પરિસ્થિતિઓ બદલાતી ગઈ. હવે ભારત પર વારંવાર આક્રમણ થવા લાગ્યાં. ઇસ્લામી આક્રાંતાઓ ઇસ્લામના નામે ભારતનાં મંદિરો તોડવા અને મૂર્તિઓને ખંડિત કરવી, હિન્દુ બહેન-દીકરીઓની આબરું લૂંટવી, તલવારના જોરે મુસલમાન બનાવવા અને ધન સંપત્તિ લૂંટવા માટે જ આવ્યા હતા. ભારત પર આ ઇસ્લામી જેહાદનો આરંભ હતો. આમ ઇસ્લામનો પ્રવેશ ભારતમાં થયો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર એમના પ્રસિદ્ધ ગ્રંથ 'થોટ્સ ઓન પાકિસ્તાન'માં લખે છેઃ 'હ્યુએનસંગના આગમન સમયે આજનું અફઘાનિસ્તાન પણ હિન્દનો ભાગ હતું. ત્યાં વૈદિક ધર્મના કે બૌદ્ધધર્મના અનુયાયીઓ રહેતા હતા, પરંતુ હ્યુએનસંગના હિન્દથી પાછા ગયા પછી શું થયું? વાયવ્યમાંથી મુસ્લિમ ધાડાઓનું હિન્દ પર આક્રમણ તે અત્યંત મહત્ત્વની ઘટના હતી. સૌથી પહેલું આક્રમણ મહંમદ બિન કાસિમના નેતૃત્વ હેઠળ આરબોનું ઈ.સ. ૭૧૧ થયું અને તેણે સિંધ જીતી લીધું.' (પૃષ્ઠઃ ૫૨)

સાતમી સદીમાં અનેક મુસ્લિમ જાતિઓનાં આક્રમણો

શરૂ થયાં, પછી તો એની હારમાળા ચાલતી જ રહી. મહમૂદ ગઝનવી (૧૧ મી સદી) અને મોહમ્મદ ઘોરી (૧૨ મી સદી)ના નેતૃત્વમાં આ આક્રમણો પ્રચંડ વેગવાન હતાં. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન... તુર્ક, અરબ, ઈરાની, મુઘલ અને અફઘાન તીડનાં ધાડાંની માફક ભારતવર્ષ પર ચઢી આવ્યા. તેઓ પાછા તો ચાલ્યા ગયા, પરંતુ સમગ્ર ભારતમાં એમના ડંખ છોડતા ગયા. ભયંકર મારકાપ, વિનાશ અને અપવિત્રતાના ઘાનાં ચિહ્નો લાંબા સમય સુધી એમની કરુણ કથા કહેતા રહ્યાં. ડૉ. આંબેડકર લખે છેઃ મહંમદ બિન કાસિમ પછી ઈ.સ. ૧૦૦૧માં મહમૂદ ગઝનવીના ભયંકર આક્રમણોની શ્રેણીઓનો પ્રારંભ થયો. ઈ.સ. ૧૦૩૦માં મહમૂદનું મૃત્યુ થયું, પણ ૩૦ વર્ષના ટૂંકા ગાળામાં તેણે સત્તર વાર આક્રમણ કર્યું, કાફરોની કતલ કરવાનો મહમૂદને આનંદ આવતો. મહમૂદ ગઝનવી પછી મોહમ્મદ ઘોરીનાં આક્રમણો શરૂ થયાં. ત્રીસ વર્ષ સુધી મહમૂદ ગઝનવીએ હિન્દને પાયમાલ કર્યું અને ત્રીસ વર્ષ સુધી મોહમ્મદ ઘોરીએ દેશને તે જ રીતે પાયમાલ કર્યો... કુતબુદ્દીન ઐબકે એક હજાર મંદિરો તોડ્યાનું આંબેડકરે નોંધ્યું છે. ડો. આંબેડકરે મોગલ આક્રમણો બાદ છેલ્લે ઇ.સ. ૧૭૬૧માં અહમદશાહ અબ્દાલીએ કરેલા આક્રમણ સુધી અસંખ્ય હકીકતો આપ્યા પછી લખ્યું છેઃ 'આ મુસ્લિમ આક્રમણો માત્ર લૂંટ કે વિજયની ભૂખને કારણે નહોતા થયાં, તેની પાછળ બીજો હેતુ હતો.'

૧૮૫૭ની રાષ્ટ્રીય ક્રાંતિએ તો અંગ્રેજી રાજ્યનાં મૂળિયાં જ હચમચાવી નાખ્યાં. ભારતના કમભાગ્યે અંગ્રેજો સહેજમાં બચી ગયા. એમણે મુક્તિનો શ્વાસ પણ લીધો, પરંતુ રાષ્ટ્રના હૃદયમાં રાષ્ટ્રભક્તિની જે જ્વાળા ધધકી રહી હતી

૮૦૦ વર્ષ સુધી હિન્દુસ્તાન સતત સ્વાધીનતા-સંગ્રામમાં ઝઝૂમતું રહ્યું. વિશ્વ પટે કદાચ આવું બીજું અન્ય કોઈ ઉદાહરણ નથી. રાષ્ટ્રીય સ્વાધીનતા સંગ્રામનો આ સૌથી રોમહર્ષક-વીરતાથી ભરેલો યુગ હતો. સ્વાધીનતા-સંગ્રામના અગણિત વીરોએ આઠસો વર્ષ સુધી સ્વતંત્ર થવા માટેની જિજીવિષાની આ નૌકાનું નેતૃત્વ સંભાળ્યું અને ભયંકર મોજાઓ અને તોફાનોની પરવા કર્યા સિવાય તેઓ તેને હંકારતા રહ્યા. પરાક્રમની પરાકાષ્ઠા સર્જી તેનો સામનો કરતા રહ્યા. રાજસ્થાનમાં મહારાણા કુંભા, મહારાણા પ્રતાપ અને રાજસિંહ વગેરેએ, દક્ષિણમાં હક્ક, બુક્ક અને કૃષ્ણદેવે, મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી અને પેશવાઓ વગેરેએ, પંજાબમાં ગુરુ અર્જુનદેવથી લઈ ગુરુ ગોવિંદસિંહ સહિત શીખોના અનેક આત્મબલિદાની ગુરુઓ અને બંદા વૈરાગી તથા છત્રસાલ જેવા મહાવીરોએ વીરતાનાં જૌહર દેખાડયાં. એમના એકધારા પ્રચંડ પ્રહારોના પરિણામે જ ઈસ્લામની દુનિયાભરમાં અત્યાર સુધી અજેય રહેલી તલવાર અહીં ધૂળ ચાટવા માંડી અને એના ટુકડે-ટુકડા થઈ ગઈ. મૌલાના હાલીના અશ્રુપૂર્ણ શબ્દોમાં -

'वो दीने जाजीका बेबाक बेड़ा,
निशाँ व्हिसका अक्साए-आलममें पहुँचा;
मजाहम हुआ कोई खरता न जिसका,
न अम्माँमें ठटका न कुलजममें झिझका;
किये पे सिपर जिसने सातों समुन्दर,
वो डूबा दहानेमें गंगा के आकर ।

અર્થાત 'ઈસ્લામનો જહાજી કાફલો સાત સમુદ્રોને બેરોકટોક પસાર કરી ગયો અને અજેય રહ્યો, પરંતુ જ્યારે હિન્દુસ્તાન પહોંચ્યો તો ગંગાના પાણીમાં સદાને માટે ડૂબી ગયો.'

આ ખૂબ મોટો સંવેદનશીલ સંધિકાળ હતો. રાષ્ટ્રીયતાથી ઓળઘોળ શક્તિઓ એમની ભૂતકાળની સફળતા-વિફળતાનાં લેખાંજોખાં કરી શકે અને પોતાની ગુમાવેલી અજેય શક્તિ પુનઃ પ્રાપ્ત કરી શકે એ પહેલાં જ દેશ અગાઉ કરતાં પણ વધુ ચાલાક અને સંગઠિત આક્રમકોની નાગચૂડમાં સપડાઈ ગયો તે હતા અંગ્રેજ, પરંતુ ભારતવર્ષના વીર પુત્ર એકવાર પુનઃ નવા શત્રુના ગળાટૂંપામાંથી ભારતમાતાને મુક્ત કરવા માટે તત્પર બન્યા.

૧૮૫૭ની રાષ્ટ્રીય ક્રાંતિએ તો અંગ્રેજી રાજ્યનાં મૂળિયાં જ હચમચાવી નાખ્યાં. ભારતના કમભાગ્યે અંગ્રેજો સહેજમાં બચી ગયા. એમણે મુક્તિનો શ્વાસ પણ લીધો, પરંતુ રાષ્ટ્રના હૃદયમાં રાષ્ટ્રભક્તિની જે જ્વાળા ધધકી રહી હતી, એના ભયથી એ થરથર ધ્રૂજવા લાગ્યા. એમને કમકમાટી થવા માંડી. પોતાના સિંહાસન નીચે તેઓ એક ભભૂકતા જ્વાળામુખીનો અનુભવ કરવા માંડ્યા.



૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામની સાથે જ રાષ્ટ્રીય જાગરણ અને પ્રતિકારનાં મોજા ઉછળવાં લાગ્યાં. ધીરે-ધીરે દેશના એક ખૂણેથી બીજા ખૂણાને એ મોજાં સ્પર્શવા લાગ્યાં. પંજાબમાં સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજના માધ્યમથી રાષ્ટ્રપ્રેમ અને આત્મગૌરવની ચિનગારીને પુનઃ પ્રકટાવી, તો શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ અને યોગી અરવિંદ જેવા આધ્યાત્મિક મહાપુરુષોએ જનતા-જનાર્દનમાં આપણી સાંસ્કૃતિક પરંપરાનો મહાન મંત્ર ફૂંક્યો. પશ્ચિમમાં સ્વામી વિવેકાનંદના ઓજસ્વી ભાષણોએ ભારત પ્રત્યેનો જોવાનો દૃષ્ટિકોણ જ બદલી નાખ્યો, એ પછી દેશમાં એમના ઝંઝાવાતી પ્રવાસે લોકોના સુપ્ત પૌરુષને જગાડ્યું. નવયુવકોના હૃદયમાં રાષ્ટ્રીય ધ્યેય અને માં ભારતી પ્રત્યે ભક્તિ-શક્તિ, સ્વાભિમાન અને સમર્પણની પ્રેરણા જગાડી. એમણે યુવાનોને આહ્વાન કર્યું. દેવી-દેવતાઓને ભૂલી જાઓ. કેવળ મા ભારતીની ભક્તિ કરો.

પશ્ચિમમાં સ્વામી વિવેકાનંદના ઓજસ્વી ભાષણોએ ભારત પ્રત્યેનો જોવાનો દૃષ્ટિકોણ જ બદલી નાખ્યો, એ પછી દેશમાં એમના ઝંઝાવાતી પ્રવાસે લોકોના સુપ્ત પૌરુષને જગાડ્યું

બંકિમચંદ્ર ચેટરજીનું ઓજસ્વી 'વંદે માતરમ્' ગીત બંગાળના સીમાડા વટાવી સમગ્ર દેશના રાષ્ટ્રીય સ્વાધીનતા સંગ્રામનો જયઘોષ બની ગયું. સામાજિક અને રાષ્ટ્રીય પડકારોનો સામનો કરવા માટે અનેક સુધારણા આંદોલનો પેદા થયાં. રાજા રામમોહનરાય અને કેશવચંદ્ર સેન, મહાદેવ ગોવિંદ રાનડે અને મહાત્મા ફૂલે વગેરેએ બ્રહ્મ-સમાજ અને પ્રાર્થના-સમાજના માધ્યમથી લોકોમાં આત્મવિશ્વાસ જગાડવામાં ભરપૂર યોગદાન આપ્યું. ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાષ્ટ્રના પતન માટે નિદાન કર્યું કે ભારતના પતનનું કારણ આપસી ફાટફૂટ, વિશ્વાસઘાત અને જાતિવાદ જેવાં દૂષણો છે. એમણે સામાજિક દૂષણો નાબૂદ કરવા સામાજિક ક્રાંતિનો નૂતન મંત્ર ફૂંક્યો. રાષ્ટ્રના પતન અને અધોગતિનાં કારણોને સંપૂર્ણ નષ્ટ કરવા માટે બહુમુખી પ્રયાસ કરવામાં આવ્યા. આ આંદોલન રોજબરોજ જોર પકડવા માંડ્યું. સૌ કોઈ માનતા હતા કે એક સામૂહિક, સંગઠિત, સર્વમાન્ય અને નક્કર રાષ્ટ્રીય સંકલ્પનું જાગરણ થાય અને પ્રાંત, ભાષા, જાતિ-પંથ-સંપ્રદાય જેવા અનેક કૃત્રિમ ભેદભાવોની બેડીઓ તોડી શકાય.



એક તરફ આવા રાષ્ટ્રીયત્વથી ઓતપ્રોત મહાન નેતાઓ હતા તો બીજી બાજુ અંગ્રેજી રાજ્ય પ્રત્યે નિષ્ઠાના સોગંદથી બંધાયેલા કહેવાતા મવાળપંથીઓનો ફાળો પણ ઓછો ન હતો. એમની અંગ્રેજ ભક્તિ જગજાહેર હતી. સુરેન્દ્રનાથ બેનરજીની દેશવ્યાપી વ્યાખ્યાન યાત્રાના પ્રભાવ અંગે ૧૮૭૮માં બંગાળ સરકારના મુખ્યસચિવ સર હેનરી કાટને લખ્યું હતું: '૨૫ વર્ષ પહેલાં પંજાબમાં કોઈપણ પ્રકારના બંગાળી પ્રભાવની વાત પર કોઈ ભરોસો મૂકી શકે એમ હતા? તેમ છતાંય એમ બન્યું છે. ગયા વર્ષે ઉત્તર ભારતમાં અંગ્રેજી બોલનાર એક બંગાળી વક્તાનો પ્રવાસ સૌથી વધુ સફળ પૂરવાર થયો છે. અત્યારે સુરેન્દ્રનાથ બેનરજી મુલ્તાનની ઊગતી પેઢીમાં એટલા જ લોકપ્રિય છે જેટલા ઢાકામાં અને, એ યાદ રહે કે તે સમયે તો કોંગ્રેસનો ક્યાંય પત્તો પણ નો'તો.

સ્વાધીનતા સંગ્રામમાં ભરતી

દેશ તથા વિદેશમાં મૃત્યુ સાથે બાથ ભીડનારા અસંખ્ય ક્રાંતિકારી વીરોની સાહસપૂર્ણ દેશભક્તિના મહાન બલિદાની કાર્યોએ રાષ્ટ્રના અંતરાત્માને ઢંઢોળી મૂક્યો હતો. સ્વાધીનતા સંદેશનો તપતો લાવા યુવાનોની ધમનીઓમાં ઊકળવા લાગ્યો હતો. દેશવ્યાપી ક્રાંતિકારી સિંહગર્જના સામે વિદેશી શાસક થરથર કાંપવા લાગ્યા હતા. ક્રાંતિકારી આંદોલનના મહાન નેતા રામસિંગકુકા, વાસુદેવ બળવંત ફડકે, ખુદીરામ બોઝ, વીર સાવરકર, ચન્દ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, મદનલાલ ધીંગરા, રાસબિહારી બોઝ અને વી. વી. એસ. અય્યર જેવા અમર ક્રાંતિવીરોના વીરત્વથી માતૃભૂમિનાં ચરણોમાં ત્યાગ અને તપસ્યાનો અર્ઘ્ય ચઢાવવાનો મહિમા યુવાનોના હૃદયપટ પર અંકિત થતો ગયો. આ જ પ્રેરણાથી સિંચાયેલી એક પેઢીએ આગળ જતાં ટિળક અને ગાંધીજી દ્વારા ચાલતા વિરાટ સ્વતંત્રતા સંગ્રામનો મુખ્ય ભાર પોતાના મજબૂત ખભાઓ પર ઉઠાવી લીધો.

લોકમાન્ય ટિળક રાષ્ટ્રની નાડ બરાબર પારખતા હતા. એમણે સ્વાધીનતા સંગ્રામમાં સામાન્ય લોકોના સહયોગનું તત્ત્વ ગણેશ મહોત્સવ વડે ઉમેરી એને એક નિર્ણાયક દિશા આપી. વેલેન્ટાઇન કિરોલ નામના એક અંગ્રેજે ટિળકને 'ભારતીય અસંતોષના જનક' કહ્યા છે, એ સાચા અર્થમાં

એક સાર્થક ઉપમા છે. લાલા લજપતરાય, બાળ ગંગાધર ટિળક અને વિપિનચંદ્ર પાલ અર્થાત લાલ, બાલ, અને પાલની ત્રિપુટીએ રાષ્ટ્ર સમક્ષ સ્વાધીનતાનું સત્ય અને દિવ્ય સ્વરૂપ રજૂ કર્યું. રાષ્ટ્રના આ સ્વરૂપને અરવિંદ ઘોષ અને એની બેસન્ટે ઓર નિખાર્યું. અરવિંદ ઘોષ અને બંકીમચન્દ્ર ચેટરજીએ રાષ્ટ્રીયતાને આધ્યાત્મિક સાધનાના માધ્યમથી દૈવી સ્વરૂપમયી જગન્માતાની ઉપાસનાથી ઉદ્દાત રૂપે મઢી, તો લોકમાન્ય ટિળકે સિંહગર્જના કરી 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું એ મેળવીને જ જંપીશ' અને તેની પ્રાપ્તિ માટે કર્મયોગનો પંથ પ્રશસ્ત કર્યો.

દેશભરમાં આવી રીતે સ્વતંત્રતા માટેની તડપ વધી રહી હતી. મહાત્મા ગાંધી માટે મંચ તૈયાર હતો. એક યોગ્ય નેતૃત્વની જાણે રાષ્ટ્ર રાહ જોઈ રહ્યું હતું. મહાત્મા ગાંધીના હાથમાં નેતૃત્વ આવતાં જ એમણે ચરખા જેવા સાધારણ અસ્ત્ર વડે દેશના કોઈટ કોઈટ લોકોમાં સ્વતંત્રતા માટેની લલક જગાડી. રામનામને સ્વરાજ્ય સાથે જોડ્યું. ખારા સમુદ્રનું મીઠું અને જંગલનું ઘાસ રાષ્ટ્રીય પ્રતિકારના પ્રતીક બન્યાં. માત્ર રાજકારણના માધ્યમથી જ નહીં, બલ્કે અન્ય અનેક માધ્યમોથી અનેક કાર્યક્રમોનું બીજારોપણ કરવામાં આવ્યું. બીજી તરફ દેશના નવયુવાનોએ સશસ્ત્ર ક્રાંતિની રણભેરી વગાડી. હિંસા અને અહિંસાના બે માર્ગે ભારત માતાની મુક્તિનું અભિયાન શરૂ થયું.

અંગ્રેજો સમજી ગયા કે એમના દહાડા હવે ભરાઈ ચૂક્યા છે. એમણે ભારત છોડવાનો નિર્ણય કર્યો. એમણે ઘોષણા કરી દીધી કે અમુક દિવસે તેઓ ભારતીયોને સત્તા સોંપી દેશે

ગાંધીજીએ પોતાની સીધી સાદી, સંયમી રહેણીકરણી, સત્ય-અપરિગ્રહના કારણે તેઓ લોકોના હૃદયમાં બહુ જલદી પ્રતિષ્ઠિત થયા. સ્વતંત્રતા આંદોલનને એક ચોક્કસ દોરવણી આપવામાં એમનું સમર્પણ અને સફળતા બેજોડ હતી, છતાં એમણે ક્યાં ભૂલ કરી એ તો આપણે પાછળ જોઈશું, પરંતુ ભારત જેવા અનેક રંગરૂપોવાળા વિશાળ દેશમાં કરોડો લોકોને એમણે સહિષ્ણુતા અને નિર્ભયતા, અનુશાસન અને નિષ્ઠાના પાઠ ભણાવ્યા. અંગ્રેજોની ગોળીઓ અને દંડાઓનો સામનો કરવા માટે 'ભારતમાતા કી જય', 'વંદે માતરમ્', અને 'મહાત્મા ગાંધી કી જય'ના ઉદઘોષો અભેદ્ય કવચ બન્યાં હતા. એમાં સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ સેનાની 'જય હિન્દ'ની સિંહ-ગર્જના પણ આવીને ભળી. એણે અગ્નિનું કામ કર્યું, ક્રાંતિના આંદોલને વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. સુભાષબાબુના આ અંતિમ પ્રહારે ચેતવણી આપી કે સ્વાધીનતાનો સંગ્રામ એની પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે.

બીજી તરફ રણક્ષેત્રમાં બીજા વિશ્વયુદ્ધને કારણે અંગ્રેજોની સૈન્યશક્તિ સાવ ક્ષીણ થઈ ચૂકી હતી. ભારતીય ભૂમિ અને જળસેના, પોલીસ તથા વહીવટી સેવામાં પણ સ્વાતંત્ર્યની ભાવના ઝડપથી ફેલાવા માંડી હતી. અંગ્રેજો સમજી ગયા કે એમના દહાડા હવે ભરાઈ ચૂક્યા છે. એમણે ભારત છોડવાનો નિર્ણય કર્યો. એમણે ઘોષણા કરી દીધી કે અમુક દિવસે તેઓ ભારતીયોને સત્તા સોંપી દેશે અને ભારતમાં પોતાની સામ્રાજ્યવાદી સત્તા હંમેશ માટે છોડી ઈંગ્લેન્ડ ભેગા થઈ જશે. સ્વાધીનતાના સ્વાગત માટે ઐતિહાસિક ક્ષણ પસંદ કરવામાં આવી તે હતી ૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધરાતની વેળા...

• • •

૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધરાતની થોડીક મિનિટો પહેલાં સ્વાધીન ભારતના પ્રથમ વડાપ્રધાન બનનાર પંડિત જવાહરલાલ નેહરુએ ભાવવિભોર થઈ પોતાની કાવ્યમય ભાષામાં રાષ્ટ્રને સંબોધન કરતાં કહ્યું હતું કે, વર્ષો પહેલાં આપણે નિયતિને પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો હતો. બરાબર અડધી રાતે જ્યારે સમગ્ર વિશ્વ નિંદ્રાધીન હશે, ત્યારે ભારત જીવન અને મુક્તિના નવોન્મેષની અનુભૂતિ કરશે. એક એવી ઐતિહાસિક પળ ક્યારેક ક્યારેક આવે છે જ્યારે એક યુગ સમાપ્ત થાય છે અને આપણે પુરાણા યુગને છોડીને નવા યુગમાં પ્રવેશીએ છીએ. જ્યારે કોઈ રાષ્ટ્રનો હંમેશા કચડાયેલો આત્મા મુખરિત થઈ ઊઠે છે...' પંડિત નેહરુના પ્રવચનમાં સત્ય કરતાં લાગણીઓ વધુ હતી. થોડી જ પળોમાં અમાસની એ કાળી અડધી રાત વીતી ગઈ અને સ્વતંત્ર ભારતના સૂર્યોદયના સ્વાગતમાં ૩૧ તોપોની સલામી આપવામાં આવી. આઠસો વર્ષ પછી ભારત મુક્તિનો શ્વાસ લઈ રહ્યું હતું. જે ભારત પર ગર્વથી ઉન્નત 'યુનિયન જેક' એક છત્ર ફરકી રહ્યો હતો, એણે આખરે ઘૂંટણ ટેકવવા પડ્યા. એનું સ્થાન લીધું સ્વતંત્ર



ભારતના ત્રિરંગાએ... દેશ આનંદ-ઉત્સવના માહોલમાં મગ્ન હતો, પરંતુ આ ઐતિહાસિક વળાંકના થોડા જ કલાકો પહેલાં, ઇતિહાસ એક ઓર નિર્ણાયક વળાંક લઈ ચૂક્યો હતો. ભારતની ધરતી પર જ એક અન્ય સ્વતંત્ર રાજ્ય-પાકિસ્તાનનો જન્મ થઈ ગયો હતો. વિરાટ ભારતને ચીરીને એના બે ટુકડા કરી દેવામાં આવ્યા હતા!

કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવે છેઃ

વર્ષો પહેલાં આપણા નેતાઓએ 'નિયતિને પ્રાપ્ત કરવાનો' જે સંકલ્પ લીધો હતો, એમાં ઇતિહાસનો આ વિકટ-કરુણ - વેદનામય વળાંક પણ સામેલ હતો? શું ખંડિત ભારતના આ રક્તરંજિત ચિત્રને પંડિત નેહરુ કે અન્ય કોઈ સ્વતંત્રતા સેનાનીએ પોતાના મનમાં સેવ્યું હતું?

આ એક કરુણાંતક ઘટના હતી. એક સોનેરી સપનાની કડવી વાસ્તવિકતા. એક દઢ પ્રતિજ્ઞા કોરીધાકોર પ્રતિજ્ઞા બનીને રહી ગઈ. આથી આ વેદનાથી ભરપૂર ઘટનાના અંતિમ દશ્યને સંપૂર્ણપણે સમજવા માટે એ જાણવું જરૂરી છે કે સ્વયં એના પ્રમુખપાત્રોએ શું શું કહ્યું હતું?

'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ'નું ઐતિહાસિક અધિવેશન લાહોરમાં રાવી નદીના તટે (આ જગાએ હું ૧૯૯૯માં લાહોર ગયો હતો ત્યારે ગયેલો) ૧૯૨૯-૩૦માં જવાહરલાલ નેહરુની અધ્યક્ષતા હેઠળ ભરાયું હતું. ૩૧ ડિસેમ્બરની મધરાતે એમણે આપણા દેશવાસીઓ પાસે પૂર્ણ સ્વરાજ્ય પ્રતિજ્ઞા લેવડાવી હતી. રાવી નદીમાં વહેતું પવિત્ર જળ રાષ્ટ્રીય ધ્યેયની આ પ્રતિજ્ઞાનું સાક્ષી હતું, પરંતુ કેટલા દુઃખની વાત છે કે એ રાવી નદીનું સ્વતંત્ર ભારતમાં કોઈસ્થાન જ નહોતું કે જેના મુખ્ય કર્ણધાર પંડિત નેહરુ બનવાના હતા! જે લાહોર ધરતી પર આ રાષ્ટ્રીય પ્રતિજ્ઞાના શબ્દો ગુંજ્યા હતા એ ધરતી પોતાનાં સંતાનો માટે પારકી બની ગઈ. જે લાહોરની ગલીઓમાં ગુરુ અર્જુનદેવ, મહારાજા રણજિતસિંહજી અને ભગતસિંહ જેવા અગણિત ભારતપુત્રોનાં પગલાં પડ્યાં હતાં એ શહેર પરાયું બની ગયું.

સ્વતંત્રતા અધૂરી હતી. સ્વતંત્ર ભારતનું સ્વરૂપ વિકૃત થઈ ગયું હતું. શુભ પળે જ અપશુકન થયાં!!

પહેલાં મુસ્લિમ લીગે પાકિસ્તાનનો નારો લગાવ્યો હતો ત્યારે નેહરુએ એને 'વ્યર્થ બકવાસ' કહીને ઉડાવી દીધો હતો, પરંતુ એજ 'બકવાસ' હવે એક નક્કર વાસ્તવિકતા બન્યો હતો.

અને, મહાત્મા ગાંધીએ પોતાના મનમાં કયું સ્વપ્ન સેવ્યું હતું? શું એમાં માતૃભૂમિના આ વેરવિખેર અને વિકૃત રૂપને કોઈ સ્થાન હતું?

૧૯૪૦માં મુસ્લિમ લીગે પાકિસ્તાન અંગેનો ઠરાવ પસાર કર્યો હતો, ત્યારે આ માંગણી અંગે ગાંધીજીએ પોતાની પ્રતિક્રિયા 'હરિજન'ના અનેક અંકોમાં પોતાના લેખ દ્વારા આવી રીતે વ્યક્ત કરી હતીઃ

'...બે રાષ્ટ્રો'નો સિદ્ધાંત કઢંગો છે ઈશ્વરે જેને એક બનાવ્યો છે, શું માનવ એના ક્યારેય ભાગ પાડી શકશે? ('હરિજન', ૬-૪-૧૯૪૦)

'...ભાગલાનો અર્થ છે સત્યથી મોં ફેરવી લેવું. મારો સંપૂર્ણ આત્મા આ વિચાર સામે બંડ પોકારી રહ્યો છે. મારા મત પ્રમાણે આવા સિદ્ધાંતને સ્વીકારવો એટલે ઈશ્વરને નકારવા જેવું છે. હું પ્રત્યેક અહિંસાત્મક ઉપાયથી એને અટકાવીશ, કારણ કે એનો અર્થ છે એક રાષ્ટ્રના રૂપમાં સાથોસાથ રહેવા માટે અગણિત હિન્દુઓ અને મુસલમાનોએ સદીઓ સુધી જે પરિશ્રમ કર્યો છે, એના પર પાણી ફેરવી દેવું. ('હરિજન', ૧૩-૪-૧૯૪૦)

ભારતની ધરતી પર જ એક અન્ય સ્વતંત્ર રાજ્ય-પાકિસ્તાનનો જન્મ થઈ ગયો હતો. વિરાટ ભારતને ચીરીને એના બે ટુકડા કરી દેવામાં આવ્યા હતા!

...ભારતના બે ભાગમાં ભાગલા તો અરાજકતાથી પણ ભયંકર છે. આ અંગ-ભંગને સહન કરી શકાય નહીં. ભારતના ટુકડા કરતાં પહેલાં મારા ટુકડા કરી દો. આપ એ બધું નહીં કરો જે ભારતમાં બે સદીઓથી પણ વધુ સમયના પોતાના અતિ મુશ્કેલ શાસનકાળમાં મોગલોએ પણ કર્યું નહોતું.' ('હરિજન', ૨૨-૯-૧૯૪૦)

'...મને તો આમાં વધુ ઝઘડાની શક્યતા દેખાઈ રહી છે.'

ગાંધીજીના આ દઝાડતા શબ્દોથી વધુ સબળ કોઈ અન્ય દઢવાક્યો હોઈ શકે છે? વાસ્તવમાં ગાંધીજી એ દુર્ભાગ્યપૂર્ણ દિવસ સુધી ભારતના ભાગલાનો તીવ્ર વિરોધ કરતા રહ્યા. છતાંય એમની આંખો સામે ભારતના ભાગલાની આ મહા વિનાશક ઘટના બનીને જ રહી.

કોંગ્રેસના જ એક અન્ય મહારથી ડૉ. રાજેન્દ્રપ્રસાદે ૧૯૪૫માં પોતાના જેલવાસમાં 'ઇન્ડિયા ડિવાઇડેડ' નામના એક વિદ્વત્તાપૂર્ણ પુસ્તકની રચના કરી હતી. એમાં એમણે અત્યંત તટસ્થ અને તાર્કિક રીતે પાકિસ્તાનની માંગણીનું વિશ્લેષણ કરીને એ સિદ્ધ કર્યું હતું કે કેવી રીતે તે દરેક પ્રકારે એક બિલકુલ અવ્યવહારુ માંગણી હતી, પછી ભલે તે ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક, આર્થિક કે સંરક્ષણની દૃષ્ટિએ હોય, પરંતુ એમની કલમની શાહી હજી સુકાઈ પણ નહોતી ત્યાં તો એ 'અવ્યવહારુ' અને અશક્ય પ્રસ્તાવે

સાકાર રૂપ ધારણ કરી લીધું અને તે જીવનની એક નક્કર હકીકત બની ગયો. આ પુસ્તકના લેખક જેણે પાકિસ્તાનના ઠરાવને તદ્દન અવ્યવહારુ ગણાવ્યો હતો એમણે પોતે જ ખંડિત ભારતના લોકશાહી રાજયના પ્રથમ રાષ્ટ્રપ્રમુખના હોદ્દાને શોભાવ્યો.

ભારતના ભાગલા અને પાકિસ્તાન અંગે 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ'ના ઠરાવો પર પણ ધ્યાન આપવું વધુ જ્ઞાનવર્ધક બની રહેશે. મુસ્લિમ લીગે પાકિસ્તાન અંગેનો ઠરાવ પસાર કર્યો એ પછી તો કોંગ્રેસ પાસે એ બાબતમાં બીજો કોઈ વિકલ્પ જ ન રહ્યો કે તેઓ એ માંગણીને ધ્યાનમાં રાખી પોતાની નીતિ સ્પષ્ટ કરે. પંડિત મદનમોહન માલવિયા વિચારમાં પડી ગયા. એમને લાગ્યું કે લીગના પ્રસ્તાવને કારણે લોકોના મનમાં જે આશંકાઓ અને ભ્રમો પેદા થયાં છે એનું તરત નિરાકરણ થવું જોઈએ. એમણે ગાંધીજીની મુલાકાત લઈને પોતાના મનની પીડા રજૂ કરી. ગાંધીજીએ એમને હૈયાધારણ આપી કે તેઓ કોઈ પણ સ્થિતિમાં ભાગલા થવા નહીં દે... પરંતુ પંડિત માલવિયા ઈચ્છતા હતા કે એક સત્તાવાર ઠરાવ દ્વારા કોંગ્રેસે જાહેરમાં પોતાની આ નીતિની ઘોષણા કરવી જોઈએ. આ પૃષ્ઠભૂમિને કારણે જ ૧૯૪૨માં અલ્હાબાદ કોંગ્રેસ અધિવેશનમાં પંડિત જગતનારાયણ દ્વારા રજૂ થયેલો 'અખંડ હિન્દુસ્તાન'નો ઠરાવ સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં કોંગ્રેસે સ્પષ્ટ શબ્દોમાં દેશની અખંડતા અંગે પોતાની આસ્થાને વ્યક્ત કરી હતી અને દરેક પ્રકારના વિભાજનનો વિરોધ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો.

જાન્યુઆરી ૧૯૪૬માં નિર્ણાયક એવી મહા ચૂંટણીઓ થઈ. બધાને ખબર હતી કે એનાં પરિણામ દેશના ભાવિ રાજકીય જોડાણ માટે ખૂબ મહત્ત્વના પૂરવાર થવાનાં છે

દેશભરમાં એક તરફ મુસ્લિમ લીગે પાકિસ્તાન માટે લોહિયાળ જંગ ખેલવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી, બીજી તરફ કોંગ્રેસે દેશની પ્રજાને ભરોસો આપ્યો હતો કે કોઈપણ સ્થિતિમાં દેશના ભાગલા નહીં થવા દઈએ. આવા માહોલમાં જાન્યુઆરી ૧૯૪૬માં નિર્ણાયક એવી મહાચૂંટણીઓ થઈ. બધાને ખબર હતી કે એનાં પરિણામ દેશના ભાવિ રાજકીય જોડાણ માટે ખૂબ મહત્ત્વના પૂરવાર થવાનાં છે. ત્યાં સુધીમાં એક વાત એ પણ લોકોને સારી રીતે સમજાઈ ગઈ હતી કે અંગ્રેજોએ ભારત છોડવા નિર્ણય કરી લીધો છે. આથી દરેક વિચારશીલ ભારતીયના મનમાં એક પ્રશ્ન ઘુમરાઈ રહ્યો હતો કે 'અંગ્રેજોના ગયા પછી શું દેશ અખંડ રહી શકશે કે એના ભાગલા પડશે?

બે મુખ્ય પક્ષો કોંગ્રેસ અને મુસ્લિમ લીગ મેદાનમાં હતા. લીગે મુસ્લિમ મતદારો સમક્ષ અલગ પાકિસ્તાનનો નારો લગાવ્યો. બીજી બાજુ કોંગ્રેસે દેશની અખંડતાના રક્ષણ માટે રાષ્ટ્રનો આદેશ માંગ્યો. લીગના ઉમેદવારોનો મુસ્લિમ બહુમતી હતી ત્યાં ભારે બહુમતીથી વિજયી થયો. બીજી બાજુ હિન્દુ મતદારોએ માત્ર કોંગ્રેસને મત આપ્યા. હિન્દુઓએ કોંગ્રેસની એ પ્રતિજ્ઞા પર વિશ્વાસ રાખ્યો જેમાં તેણે દેશની અખંડિતતા જાળવી રાખવાનું પ્રજાને વચન આપ્યું હતું. કોંગ્રેસના વિજયથી પ્રજાને ભારે રાહત થઈ.

પરંતુ નવા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને ૩ જૂન, ૧૯૪૭ ના દિવસે સત્તા બદલાની યોજના જાહેર કરી ત્યારે લોકોના માથે જાણે વીજળી પડી. દેશભરમાં સન્નાટો વ્યાપી ગયો, કારણ કે કોન્ગ્રેસ દ્વારા મંજૂર રખાયેલી આ યોજનામાં ભારતના ભાગલાની અને નવા પાકિસ્તાનની રચનાની વ્યવસ્થા હતી.

લોકો હજીય એ માનવા તૈયાર જ નો'તા કે કોંગ્રેસ મુસ્લિમ લીગ અને અંગ્રેજોની સામે ઝૂકી જશે. પરંતુ ૧૫ જૂને પ્રજાની રહી સહી આશા પણ સમાપ્ત થઈ ગઈ. એ દિવસે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ વિભાજન-યોજના પર મંજૂરીની મહોર મારી દીધી. કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતા પોતાની પવિત્ર પ્રતિજ્ઞાથી વિમુખ થઈ ગયા હતા. લોકોને અપાયેલાં આશ્વાસનો પણ ઠાલાં આશ્વાસન રહી ગયાં. પ્રજા સાથે કોન્ગ્રેસે છળ કર્યું. ૧૪ અને ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ની મધરાતે શું થયું? જે કંઈ થયું, તે રાષ્ટ્ર સાથે નર્યો વિશ્વાસઘાત હતો. જે સ્વાધીનતા-સંગ્રામમાં અખંડ ભારતના સ્વપ્ન લઈને કૂદી પડ્યા હતા તેવા અગણિત સેનાનીઓ અને હુતાત્માઓનાં સ્વપ્નો સાથે વિશ્વાસઘાત હતો. ગાંધીજીએ સ્વયં આ વાતનો સ્વીકાર કર્યો. એમનું હૃદય આ મર્મભેદી ઘાથી લોહીલૂહાણ થઈ ગયું. પાકિસ્તાનમાં ભારતના રાજદૂત તરીકે કરાંચી જતા પહેલા શ્રી શ્રીપ્રકાશ ગાંધીજીને મળ્યાં હતાં. એ સમયે ગાંધીજીની વાણી રૂંધાઈ ગઈ હતી અને એમની આંખમાંથી આંસુ વહેવા માંડ્યા હતાં. એમણે કહ્યું હતું, 'મારા જીવનનું સપનું તૂટી ગયું છે. મારા તો જીવનનું ધ્યેય જ ધૂળ ભેગું થઈ ગયું.'

બધા રાજકીય નેતાઓ દ્વારા વિભાજન-યોજના સ્વીકારી લેવાની ઘોષણા કરવામાં આવી ત્યારે તેમણે વ્યથિત થઈને કહ્યું હતું, 'પચાસ વર્ષની તપસ્યા પર પાણી ફેરવી દેવાયું છે. મને તો માત્ર એક જ વસ્તુ દેખાઈ રહી છે, અને તે છે લપકતી જ્વાળાઓ અને લોહીની નદીઓ જેનો અર્થ છે - સર્વનાશ!'

વિભાજનથી માત્ર ગાંધીજી અને અસંખ્ય અન્ય

સેનાનીઓ તથા હુતાત્માઓનું સ્વપ્ન જ ધૂળ ભેગું ન હતું થયું, પરંતુ એથીય કંઈક ઉચ્ચ ભાવનાને વિભાજને સમાપ્ત કરી લીધી હતી. આ ધરતીના કણ કણ માટે પવિત્ર ભાવ હતો. અંતરાત્માની ગહન કંદરાઓમાં ભક્તિભાવ ગૂંજતો હતો, રાષ્ટ્રના રૂંવે રૂંવે પવિત્રતાનો વણાયેલો હતો. કોણ જાણે કેટલાય ઋષિ મુનિઓએ, કવિઓએ, મનીષીઓએ, દૃષ્ટાઓએ વૈદિક કાળથી લઈને આજ સુધી રાષ્ટ્રના માનસ-પટ પર દિવ્ય ભારતમાતાના આ અખંડ, એક-એકાત્મ-એકરુપ અને અવિભાજ્ય રૂપની દિવ્ય પ્રતિષ્ઠા કરી હતી. એમની દૃષ્ટિમાં ભારત માત્ર માટીનો કોઈ પિંડ ન હતો, તે દિવ્ય માતૃભૂમિ હતી, પુણ્યભૂમિ હતી, ધર્મભૂમિ હતી, દેવભૂમિ હતી, કર્મભૂમિ હતી, અને એ સૌના ઉદ્દાત રૂપનું પ્રતીક હતી એક વિરાટ ભારતમાતા. બંકિમચંદ્રની દૃષ્ટિમાં એમનું ત્રિવિધ સ્વરૂપ હતું. સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગાનું-રવીન્દ્રનાથ ટાગોરની કલ્પનામાં તે દેવી ભુવન મનમોહિની હતી. સ્વામી વિવેકાનંદની દૃષ્ટિમાં તે ૩૩ કરોડ દેવી-દેવતાઓની મા હતી. ગુરુજી ગોળવલકરેની દૃષ્ટિમાં તે મમતામયી માતા, રક્ષક પિતા અને આધ્યાત્મિક ગુરુની ત્રિવેણી હતી. ભારતની અખંડતા એની પ્રકૃતિને-એના સ્વભાવને એટલી અનુકૂળ છે, એનાં મૂળિયાં એટલાં ઊંડાં છે કે વાસ્તવમાં એને એના રાષ્ટ્રીય આત્માથી અલગ કરી શકાય નહીં. રાજકીય સ્વાર્થ-સિદ્ધિ માટે એને દાવ પર ન લગાવી શકાય.

શતાબ્દીઓથી ચાલી આવતી આ રાષ્ટ્રીય ભાવનાની, માતૃત્વના આ પ્રાણોથી પણ અદકેરા સ્વરૂપના ૧૪-૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ની રાતે ધજાગરા ઉડાડી દેવામાં આવ્યા. એની નિર્મમતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી.

જે. રૈમ્સે મેક્ડોનાલ્ડ નામના એક અંગ્રેજે, જે ક્યારેક બ્રિટનના વડાપ્રધાન હતા, લખ્યું છે, ભલે જે પણ હોય, હિન્દુ પોતાની પરંપરા અને પોતાના ધર્મ પ્રમાણે ભારતને ન કેવળ એક સાર્વભૌમશાસક હેઠળ એક રાજકીય એકમ માને છે, બલકે પોતાની આધ્યાત્મિક સંસ્કૃતિનું સાકાર મંદિર અને તેથીય આગળ વધીને દૈવીમાનું રૂપ માને છે. ભારત અને હિન્દુત્વ એકબીજા સાથે એવા જોડાયેલા છે. જાણે શરીર સાથે આત્મા. રાષ્ટ્રીયતાની વ્યાખ્યા કરવી, એની પરખ કરવી અને એને સાબિત કરવી એ એક અઘરું કામ છે... પરંતુ જ્યાં સુધી ભારત અને આર્યપુત્રનો સંબંધ છે, ચોક્કસપણે એણે એનું રૂપ નિશ્ચિત કરી દીધું છે. એણે ભારતને પોતાની સંસ્કૃતિનું પ્રતીક માન્યો છે. એણે એને પોતાના આત્મામાં પ્રતિષ્ઠિત કર્યો છે.'

આ મનમંદિરને, આ દિવ્ય માતાને, આ રાષ્ટ્રીય આત્માને ૧૪-૧૫ ઑગસ્ટની અમાસની રાતે કલંકિત કરવામાં આવ્યો. ભારતપુત્રોના સપનાને રગદોળી નાખવામાં આવ્યા.

ભારતવર્ષના લાખો-કરોડો લાડકવાયા લાલ રાતોરાત એક ધર્માંધ, હિન્દુ વિરોધી રાજ્યના આધિપત્ય હેઠળ મુકાઈ ગયા હતા. સિન્ધુ નદી પોતાનાં કરોડો સંતાનો માટે પરાઈ થઈ ગઈ હતી. અને જે ધરતી પર વેદોની ઋચાઓનું સર્જન થયું હતું એ ધરતી એના કટ્ટર વિરોધીઓને સોંપી દેવામાં આવી હતી. વિભાજન-રેખાથી બંને તરફના કરોડો ભાઈ-બહેનો એકબીજા માટે પરાયાં બની ગયાં હતાં. એ પછી જે ભીષણ નરસંહાર થયો, એમાં લાખો નિર્દોષ લોકો માર્યા ગયા. એમનાં શરીરો રસ્તાઓ પર રઝળતાં રહ્યાં. ઘોર અમાનવીય અત્યાચારોનો નગ્ન નાચ થયો. જ્યાં રોજ આરતી થતી એ લાહોર-ઢાંકા જેવા અનેક શહેરો-ગામડાઓમાં મંદિર, તીર્થસ્થાન અને બધાં પવિત્ર સ્થળ ધ્વસ્ત કરી દેવામાં આવ્યાં. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭નો જ એ દિવસ હતો જેણે આ બર્બર આફત નોતરી હતી. શું એનો અન્ય કોઈ વિકલ્પ હતો? શું ઇતિહાસમાં એના જેવું કોઈ ઉદાહરણ છે?

સ્વયં પંડિત નેહરુએ, જેઓ આ ધધકતા સર્વનાશના સાક્ષી હતા, પછી કહ્યું હતું, 'જો મને પહેલેથી આ ભયાનક પરિણામોની ખબર પડી હોત તો હું કદી પણ ભાગલા માટે તૈયાર થયો ન હોત.'

વર્ષો પહેલાં દેશે 'નિયતિ સાથે મિલન-પ્રતિજ્ઞા' કરી હતી. શું એ નિયતિ સાથે આથી વધુ દુઃખદાયી અન્ય કોઈ મજાક થઈ શકી હોત ખરી?

આપણા રાષ્ટ્રે ક્યારેય એવું વિચાર્યું હતું કે એને આ પ્રકારની ગતિ મળશે?

સ્પષ્ટ જ છે કે આટલી મોટી રાષ્ટ્રીય આપત્તિ એકાએક તો આકાશમાંથી ટપકી ન પડે. ઇતિહાસના આવા વિનાશકારી વળાંક કાળના ગર્ભમાં ત્યારે જ આકાર ધરી શકે છે, જ્યારે સતત એને અનુકૂળ ખાતર અને પાણી મળતાં રહે, તો આ વિષમય બીજ આવ્યાં ક્યાંથી? એ કયા કયા ખલનાયકો હતા જેમણે એ વિષબીજનું વાવેતર કર્યું? એમણે શું શું ભૂમિકાઓ ભજવી?

આવા અનેક પ્રશ્નો છે જે ૧૪-૧૫ ઑગસ્ટની ભાગલાની કાળરાત્રિના ગર્ભમાંથી પેદા થયા છે.

આઈ-૭, મધુરમ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ પાછળ,
જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૧૫
મો.-૯૮૨૫૦૪૪૭૩૪

સવાઈ ગુજરાતી માનવરત્નો સાથે વિહાર

- ભદ્રાયુ વછરાજાની

આપણે ગુજરાત અને ગુજરાતીઓને તો સારી રીતે ઓળખતા હોવાનો દાવો કરીએ છીએ.અલબત્ત, એ દાવો કેટલો સાચો છે તેની બહુ પરીક્ષા કરવા જેવું નથી. ગુજરાત એ વિશ્વસ્તરની માનવીય અસ્મિતાઓનો ખજાનો છે. આપણે ગુજરાતીઓને નાનીમોટી કલા કે કૌશલ્યોના કારણે વખાણતા રહ્યા છીએ, તેમના વિશે લેખ કે પુસ્તકો કરતા રહ્યા છીએ, પરંતુ જે જન્મે ગુજરાતી નથી અથવા તો જે વિશ્વમાનવ બનીને જીવ્યા છે તેવા સવાઈ ગુજરાતીઓને પ્રમાણમાં ખૂબ ઓછા પિછાનીએ છીએ. આવા સવાઈ ગુજરાતીઓનાં જીવન - કવન - ચિંતન અને મનનને વિહંગાવલોકન કરીને માણવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે. આપણી સમક્ષ એવી વ્યક્તિઓના વિચારો કે જીવનદૃષ્ટાંતો રજૂ કરવા છે કે જેઓ ગુજરાતી ભાષામાં કે ગુજરાતના સમાજ જીવનમાં સવાઈ ગુજરાતી થઈને છવાઈ ગયાં છે. એવાં માનવરત્નોની વાતો જાણીએ તો આપણને એમ થાય કે , "અરે, આ ગુજરાતી નથી ?"

આપણે અભ્યાસલેખમાં શ્રી વિનોબા ભાવે, શ્રી કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ, સાને ગુરુજી, ગુરુદયાલ મલિકજી, અમૃતલાલ વેગડ, ફાધર વાલેસ, અરુણાબેન જાડેજા, મુકુલ કલાર્થી અને શ્રીકાંત આપટેજી સાથે સ્વૈરવિહાર કરવાના છીએ. અને હા, અહીં કોઈ આભૂષણવાળી ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવવાનો નથી. પરંતુ આ વ્યક્તિવિશેષોના નજદીકી સહવાસને આપણે અનુભવી શકીએ તેવી પ્રસ્તુતિ અહીં થયેલ છે.

તો આવો આપણે સવાઈ ગુજરાતી માનવરત્નો સાથે સ્વૈરવિહાર શરૂ કરીએ.

૧) કદાચ મહાત્મા ગાંધી નામના વ્યક્તિવિશેષની ગેરહાજરી હોત તો આપણે જેમને મહાત્મા તરીકે ઓળખ્યા હોત તેવા સાધુચરિત્ર વ્યક્તિવિશેષ **શ્રી વિનોબા ભાવે**. વિનોબાજીની ઓળખાણ આપવા માટે કેટલાક પ્રસંગો જાણવા પડે.

વિનોબાજીના દાદા શંભુરાવ ધર્મપરાયણ, વિશાળ દિલના.. પોતાના મંદિરમાં હરિજનોને દર્શને આવવાની છૂટ. પુરબહાર આભડછેટના માહોલમાં દલિતોને મંદિરના વાર્ષિક ઉત્સવમાં ભોજન માટે નોતરે ને એમને જાતે પીરસે. એકવાર એક મુસલમાન ગવૈયો ગામમાં આવ્યો. તેમનાં ભજનકીર્તન શંભુરાવને ગમી ગયાં, તો એને મંદિરમાં રાખી લીધા!! ગામમાં વાત ફેલાણી ને ખળભળાટ મચી ગયો : "તમે તો રોજનું કરી દીધું, ભગવાનના આ મંદિરમાં.." ઉદાર દિલના શંભુરાવે કહી દીધું : "ભગવાનની નજરમાં કોઈ નથી હિન્દુ કે કોઈ નથી મુસલમાન.. બધાંય ભગવાનનાં બાળકો છે." શંભુરાવનો પ્રભાવ એવો કે સૌએ વિરોધને મ્યાન કરી દેવો પડ્યો !

કદાચ મહાત્મા ગાંધી નામના વ્યક્તિવિશેષની ગેરહાજરી હોત તો આપણે જેમને મહાત્મા તરીકે ઓળખ્યા હોત તેવા સાધુચરિત્ર વ્યક્તિવિશેષ શ્રી વિનોબા ભાવે. વિનોબાજીની ઓળખાણ આપવા માટે કેટલાક પ્રસંગો જાણવા પડે

વિનોબાને મીઠડી ને ગોરા ગોરા વાનધારી, ભક્તિ નીતરતી આંખોવાળી માતા રૂક્ષ્મણી બાઈ "વિન્યા" કહીને બોલાવતી. આ રખુમાઈએ વિનોબાજીનો પિંડ ઘડયો. વિનાયક ઉર્ફે વિનોબા ઉર્ફે અને વિન્યા ને નાના ત્રણ ભાઈ અને એક બહેન, બાલકૃષ્ણ, શિવાજી, દત્તુ અને શાંતા.. ગામનાં બાળકો સાથે આસપાસના ડુંગરાઓમાં રખડયા કરવાનું અને કુદરતના ખોળે મહાલ્યા કરવાનું, એમના ઘરમાં ફણસનું મસમોટું ઝાડ અને તેમાં ઘણી બધી પેશીઓ હોય. બાળકોને બહુ ભાવે. ઝાડ ઉપર પાકતું હોય ને ત્યાં બાળકોનાં મોમાં પાણી લાવે. ફળ ક્યારે ઊતરે એની રાહ જોઈને બાળકો દિવસો ગણતા. ઝાડ ઉપરથી જેવું ફળ ઉતરે કે તરત બાળકો માને વીંટળાઈ વળે પણ રખુમાઈ કહે : જરા થોભો. આ ફણસ તો આ ઋતુનું પહેલું ફળ, એને આપણે એકલા એકલા ન ખવાય, એને તો બધામાં વહેંચીને પછી વધે તે આપણે ખવાય. પોતાનાં



બાળકોના મોંમાં પેશી જાય તે પહેલા અડોશ-પડોશમાં બે પેશીઓ વહેંચવા બાળકોને મોકલી આપે. માઈ સીધીસાદી ભાષામાં સમજાવતી કે : જુઓ બીજાને ખવડાવવામાં કેવો આનંદ આવે છે એ અનુભવવા જેવું છે. દે તે દેવ અને રાખે કે રાક્ષસ. બેટા, તમને રાક્ષસ થવું તો નહીં ગમે ને ? વિનોબાજી કહેતા : બીજાને આપવાનો આનંદ ને ખવડાવીને ખાવાના સંસ્કાર મને મા પાસેથી મળ્યો. ભૂદાનનું મૂળ આમાં છે.

રોજ જમતાં પહેલાં રખુમાઈ પૂછતી : વિન્યા તુલસીને પાણી પાયું ? ગાયને રોટલી આપી? રખુમાઈએ આચરીને વિનોબાજીને આચાર્ય બનાવ્યા. ૧૦ વર્ષની ઉંમર સુધી ગાગોદામાં કુટુંબ રહે અને નરહર ભાવે વડોદરામાં નોકરી કરે. દિવાળીમાં પિતાજી ઘરે આવે ત્યારે બાળકો મીઠાઈની રાહ જોતા. એકવાર પિતાએ આણેલું પેકેટ લઈને વિન્યો દોડતો દોડતો રખુમાઈ પાસે આવ્યો. માઈએ ખોલીને જોયું તો બે પુસ્તક, રામાયણ અને ભાગવત ! માઈ કહે : બેટા, તારા બાપુ તો મજાની મીઠાઈ લાવ્યા છે. આનાથી રૂડી બીજી કઈ મીઠાઈ હોઈ શકે છે ! ત્યારથી વિનોબાજીને સદ્‌વાંચનનો ચસકો લાગ્યો તે જીવનના અંત સુધી રહ્યો. માઈ રોજ રાતે દહીં જમાવે ત્યારે પરમેશ્વરનું નામ લે. એક દિવસ વિન્યાએ પૂછ્યુંઃ મા, દહીં જમાવવામાં વચ્ચે ભગવાનને ઘુસાડવાની જરૂર છે? માઈ બોલી : વિન્યા આપણે આપણા તરફથી પૂરેપૂરી તૈયારી ભલે કરી હોય પણ તેમ છતાંય દહીં તો ત્યારે જ જામશે જ્યારે ભગવાનની કૃપા હશે, એટલે હું ભગવાનનું નામ લઈને દહીં જમાવું છું. વિન્યા મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપા! પોતાનાં ગીતા પ્રવચનોમાં બધું જ ઈશ્વર અર્પણ કરવાનો ગીતાબોધ વિનોબાજીએ સહજતાથી સ્પષ્ટ કર્યો છે તેનું કારણ હવે સમજાશે.



ગુરુજી એમનું આદરનું નામ, પરંતુ એમનું આખું નામ પાંડુરંગ સદાશિવ સાને. મહારાષ્ટ્રના કોંકણ વિસ્તારના એક ગામડામાં સાધારણ સ્થિતિના કુટુંબમાં એમનો જન્મ ૧૮૯૯, ૨૪મી ડિસેમ્બરે થયો. ધર્મપરાયણ તથા કોમળ સ્વભાવની મા પાસે પાંડુરંગનું નાનપણથી જ ભક્તિભાવવાળું ઘડતર થયું

૨) **કાકા કાલેલકર** તો એવું નામ છે કે તેઓને અ-ગુજરાતી કલ્પવા જ અઘરા છે. બહુ જ મીઠું ગુજરાતી બોલનાર અને લખનાર હિમાલયના પ્રવાસી અને એ પ્રવાસ વર્ણનોના રોમાંચક સર્જક કાકાસાહેબ કાલેલકરને ટૂંકમાં ઓળખીએ.

દસેક વખત જેલવાસ ભોગવનાર કાકાસાહેબે જેલમાં પણ પ્રકૃતિને પ્રેમ કર્યો અને જે વીત્યું તેને હોંશથી વ્હાલું કર્યું. તેઓએ લખેલાં નાનાં નાનાં ગદ્ય આપણને ''સવાઈ ગુજરાતી''ની સતત ઓળખ કરાવે છે :

''રામ ભજ તું પ્રાણિયા, તારા દેહનું સારથ થશે,
તારી કંચનની કાયા થશે, રામ ભજ તું પ્રાણિયા....''

જેલમાં ખિસકોલી અને કીડીને નિહાળવાનું અને તેઓની સાથે દોસ્તી બાંધવાનું રોજિંદુ કામ કાકા છાનુંમાનું કરતા રહેતા. તે અંગેની એક સ્પર્શી જાય તેવી વાત :

''એક દિવસ સુપરિન્ટેન્ડેન્ટ આવી અમને કહે, મેં સાંભળ્યું છે કે તમે ખિસકોલીઓને ખવડાવો છો ? મેં હા પાડી. તેણે કહ્યું, હા, આને લીધે જ ખિસકોલીઓ બહુ આવે છે ને તડકે નાખેલા કામળા કાતરી ખાય છે. રિટરેચમેન્ટના આ દિવસોમાં આટલું નુકસાન કેમ ખમાય ? તમારે આજથી ખિસકોલીઓને ખવડાવવાનું બંધ કરવું જોઈએ, નહીં તો મારે પાંજરાં લાવીને ખિસકોલીઓ પકડવી પડશે ને મારવી પડશે. હિંદુને જેર કરવાનો અકસીર ઈલાજ ભાઈસાહેબના હાથમાં આવી ગયો છે એમ હું સમજી ગયો. સાચે જ બીજે દિવસથી મેં ખિસકોલીઓને ખવડાવવાનું બંધ કર્યું ! બિચારીઓ આવી આવીને મારી તરફ જુએ.

આજે હું તેમને કેમ નથી ખવડાવતો તેનું કારણ તેઓ ક્યાંથી સમજે અને હું સમજાવી પણ કઈ રીતે શકું ? મારી આંખ ભરાઈ આવી. યુરોપમાં મહાયુદ્ધ થયું, ઇંગ્લેન્ડનું લોહી સુકાયું, માટે હિંદુસ્તાનને અઢળક ખર્ચમાં ઊતરવું પડયું, તેથી બધાં સરકારી ખાતાના ખર્ચ કમી કરવાનું નક્કી થયું અને તેથી એક ગરીબડી ખિસકોલીને રોજ મળતો રોટલીનો કટકો બંધ થયો ! શી કારણ પરંપરા !''

૩) **સાને ગુરુજી** આપણને મળ્યા એટલે વિનોબાજીનાં ગીતાપ્રવચનો આપણા સુધી પહોંચ્યા. આ સાને ગુરુજી એટલે પાંડુરંગ સદાશિવ સાને.

ગુરુજી એમનું આદરનું નામ, પરંતુ એમનું આખું નામ પાંડુરંગ સદાશિવ સાને.મહારાષ્ટ્રના કોંકણ વિસ્તારના



એક ગામડામાં સાધારણ સ્થિતિના કુટુંબમાં એમનો જન્મ ૧૮૯૯, ૨૪મી ડિસેમ્બરે થયો. ધર્મપરાયણ તથા કોમળ સ્વભાવની મા પાસે પાંડુરંગનું નાનપણથી જ ભક્તિભાવવાળું ઘડતર થયું. મા નાનપણમાં કાનમાં અને કાંડામાં ઘરેણાં પહેરાવતી ! એકવાર નિશાળમાં મોટા શિક્ષક પરીક્ષા લેવા આવ્યા. પાંડુરંગનાં ઘરેણાં જોઈ પૂછ્યું: ''દાગીના કોણ પહેરે ?''... ''બહેનો''... ''લોકો તને દાગીનાથી ઓળખે તે ગમે કે સદ્‌વર્તનથી?'' પાંડુરંગે જવાબ આપ્યો કે, ''સદ્‌વર્તનથી!'' બસ તે દિવસથી દાગીનાં છૂટી ગયાં અને સદ્‌ગુણો મેળવવાનું કામ શરૂ થયું !! રામકૃષ્ણ પરમહંસ, રવીન્દ્રનાથ અને ગાંધીજી આ ત્રિમૂર્તિ ગુરુજીના આરાધ્ય દેવતા હતા. આ ત્રણેયના ગુણો તેનામાં ઊતર્યા હતા. ઊઠતાં-બેસતાં, ખાતાં-પીતાં, આપતાં-લેતાં, બોલતાં-સાંભળતાં અને કામ કરતાં ચોવીસે કલાક પરાર્થે જ જીવતા.

મલિકજી એક સૂફી સંત પાસેથી ગૂઢ શક્તિઓ મેળવવાનો એક મંત્ર માગે છે પણ એ સાધના પોતે પૂરી કરી શક્યા નહીં, છતાં થોડાક ચમત્કારો થવા લાગ્યા અને એમાંથી અહંકાર જાગ્યો, એટલે અકળાઈને એમણે એ શક્તિઓ મંત્રના સ્વામી ભગવાનને પાછી સોંપી દીધી !!

વિનોબાજીએ એવું લખ્યું છે કે: ''ધુલિયાની જેલમાં અમે બંન્ને છ મહિના એક સાથે હતા. ત્યાં મને તો જાણે સંત-સમાગમ જ મળ્યો! સાને ગુરુજી, જમનાલાલ બજાજ અને આપ્ટે ગુરુજી જેવા લોકો ત્યાં હતા. આ બધાએ વિચાર્યું કે હું રોજ ગીતા પર કંઈક બોલું. હું દર રવિવારે ગીતા પર પ્રવચન કરવા લાગ્યો અને સાને ગુરુજીએ એ બધાં જ પ્રવચનો શબ્દશઃ લખી લીધાં !! એ ભગવાનની કૃપા જ હતી કે તેમના જેવી સિદ્ધહસ્ત વ્યક્તિ પ્રવચન લખવા માટે મળી. એમના અને મારા હૃદયમાં થોડું પણ અંતર હતું નહીં ,એટલે તેઓ હું બોલ્યો તે ભાવનાથી અને એકરૂપતાથી લખતા ગયા. આજે ગીતા પ્રવચનો બધા જ પ્રાંતોમાં પહોંચી ગયાં છે, એનું શ્રેય મારા કરતાં વિશેષ સાને ગુરુજીને છે. જો તેઓ ન હોત તો ગીતા પ્રવચન હવામાં લટકતાં હોત!!સાને ગુરુજીનું એક સૂત્ર યાદ આવે છે :''તમે કરશો ચર્ચા, અમે કરીશું અર્ચા.''સાને ગુરુજીનું વર્ણન કરવું હોય તો ઉત્તમ વર્ણન એ જ થઈ શકે કે તેઓ ઉત્તમ મા હતા!!''

૪) ગુરુજી પછી ચાચાજીને મળીએ. ચાચાજી એટલે **ગુરુદયાલ મલિકજી**. જેમના જીવનમાં અનેક દિવ્ય ચમત્કારો થતા રહ્યા અને એ ચમત્કારો જ એમની ઓળખાણ માટે પર્યાપ્ત છે.

ચાચાજીનું પોતાનું સૌથી મોટું પ્રેરક બળ પ્રભુપ્રાર્થના છે. આપણી વાત સાંભળીને તેઓ એમ જ છેવટે કહેઃ ''પ્રભુને હું પ્રાર્થના કરીશ કે તમારું દુઃખ દૂર કરે'' ''હું આજે પ્રાર્થનામાં તમને યાદ કરીને પ્રભુના ચરણમાં અરજ ગુજારીશ.'' કોઈ કોઈ વાર તો ઊંડા નિશ્વાસ સાથે તેઓ ઘેરા અવાજે ફક્ત એટલું જ બોલેઃ ''મા, મા''..ચાચાજી કહેતાઃ ''મારા જીવનમાં જે કંઈ બનવા પામ્યું છે એ પરમકૃપાળુ પ્રભુની કૃપાનું કિરણ છે. ગુરુદેવ રવીન્દ્રનાથે ''ગીતાંજલિ''માં ગાયું છે એમ, હું તો કહું છું કે હું માત્ર વાંસળી જેવો છું, એમાં સૂર પૂરનાર તો કેવળ પ્રભુ જ છે !!''

મલિકજી એક સૂફી સંત પાસેથી ગૂઢ શક્તિઓ મેળવવાનો એક મંત્ર માગે છે પણ એ સાધના પોતે પૂરી કરી શક્યા નહીં, છતાં થોડાક ચમત્કારો થવા લાગ્યા અને એમાંથી અહંકાર જાગ્યો, એટલે અકળાઈને એમણે એ શક્તિઓ મંત્રના સ્વામી ભગવાનને પાછી સોંપી દીધી !! ચમત્કારની બાબતમાં ચાચાજી જે નિર્ણય ઉપર આવ્યા છે તે ઘણું મહત્ત્વનું છે એટલે એમના જ શબ્દોમાં અહીં ટાંકીએઃ

''એક દિવસે એક ફકીર ઘર પાસેના રસ્તા પરથી ગીત



ગાતો ગાતો પસાર થયો. તે ગીતનો અર્થ હતોઃ સાધકોની સિદ્ધિઓ એક નૃત્યકારના નખરાઓ જેવી છે, તેથી તે પોતાનું બાહ્ય રૂપ દેખાડે છે એવા નખરાઓ અને સાચા નૃત્યમાં જમીન-આસમાનનો ફેર છે''.. તે દિવસથી કદી પણ સિદ્ધિ મેળવવાની મેં ઇચ્છા નથી રાખી અને સિદ્ધિઓની કાંઈ વિશેષ અગત્ય આધ્યાત્મિક જીવનમાં નથી એ પણ હું સમજી ગયો છું..!''

ચાચાજીનો જન્મ સાતમી મે ૧૮૯૬ના રોજ ડેરા ઈસ્માઇલખાન ખાતે થયો પરંતુ તેઓ જ્યારે અગિયાર વર્ષના થયા ત્યારે સાતમી મે ૧૯૦૭ના દિવસે એટલે કે એમના જન્મદિવસની તારીખે જ, ચાચાજીનાં બા પરલોકવાસી થયાં !! ચાચાજીનાં માતુશ્રીની વિદાય ચાચાજીના જીવન ઉપર બહુ મોટી અસર છોડી ગઈ.

એવું બન્યું હતું એ સમયે પ્લેગ ફેલાયો હતો અને આખું શહેર ખાલી કરાવવામાં આવતું હતું અને આજુબાજુના ગામમાં કે શહેરોમાં પોતાના સગા વ્હાલા મિત્રોને ત્યાં ચાલ્યા જવાનું સૌને કહેવામાં આવ્યું. સિકરપુર સિંધમાં આવેલી જગ્યા, જ્યાં ચાચાજીના મોટા કાકા રહે. દર્દીઓ માટે શહેરથી ૭ માઇલ દૂર કેમ્પ ઊભો કરવામાં આવ્યો હતો. દરેક દર્દીની સાથે એક સગું રહી શકે એવો તેમાં નિયમ. ચાચાજીનાં નાના મામી પ્લેગમાં સપડાયાં અને એમને એક ધાવણું બાળક ! મામાને એ ચિંતા હતી કે જો મામી જતાં રહેશે તો આ બાળકને કોણ મોટું કરશે ? એ સમયે ચાચાજીની માએ કહ્યુંઃ ભાઈ, આટલી બધી ચિંતા શું કામ કરો છો ? તમે બાળકને લઈને આપણી મોટીબેન ને ત્યાં જાવ. હું ભાભીની સેવા-ચાકરી કરવા કેમ્પમાં રહીશ અને પ્રભુને રાતદિવસ પ્રાર્થના કરીશ કે બાળકને ખાતર ભાભીને જિવાડે અને મારી પ્રાર્થનાના બદલામાં જો તને જરૂર હોય તો મારું જીવન લઈ લે... બા ચાચાજીને ડેરા ઈસ્માઇલ શહેરના છેડા સુધી મૂકવા આવી. બાની વિદાય વખતે સંતાનો રડવા લાગ્યા. બંનેને વળગીને માએ એમ કહ્યું કેઃ હું તમને જલ્દી પાછી મળીશ, તમારી મામી સારી થઈ જાય કે તરત શિકારપુર ચાલી આવીશ.

હા, ગુરુદયાલજીના પિતાશ્રી નારાયણદાસ એ સમયે બલુચિસ્તાનમાં ક્વેટામાં એવી સરકારી નોકરી કરતા હતા કે વર્ષમાં લગભગ દસ મહિના ઘોડા ઉપર કે ચાલતાં મુસાફરી કરવી પડે. જેથી ચાચાજીનાં માતુશ્રી તેજસ્વીદેવી બે ભાઈઓ અને બહેનને મૂકીને કેમ્પ તરફ વળ્યાં. ઈશ્વરને કરવું હતું તે મામીનો જીવ બચી ગયો પણ મામીની સેવામાં રત ચાચાજીના માતુશ્રી એ પોતાનો પ્રાણ ત્યાગી દીધો.. કહે છે કે ચાચાજીને પોતાની માતાના અવસાનનો અહેસાસ થઈ ગયો હતો. સાતમી મેના દિવસે ઊઠતાવેંત એમને એવું થયું કે મારી બા આ દુનિયામાં હવે નથી અને તેઓ જોરશોરથી રડવા લાગ્યા.. એમનું રુદન સાંભળીને એમના કાકાને ગુસ્સો આવ્યો અને એમણે એક થપાટ મારીને કહ્યું કે, તું અપશુકનિયાળ છે, સવારે ઊઠતાં પ્રભુનું નામ લેવાનું હોય કે રડવાનું હોય !! ચાચાનું રુદન કોઈ સંજોગોમાં બંધ ના થાય. ચાચાજી રડતાં રડતાં બોલી ઊઠ્યા કે, મારી બા ગુજરી ગઈ છે.. એ સાંભળીને એમને બીજી થપાટ પડી !! આ ઘટનાને લઈને ધ્રૂજતા ધ્રૂજતા ડૂસકાં ભરતા તેઓ સૂઈ ગયા પણ પાંચ કલાક પછી એમના કાકાને પોતાની ઓફિસમાં અગિયાર વાગ્યાના સુમારે તાર મળ્યો અને એમાં લખ્યું હતું કેઃ ગુરુદયાલનાં બા આજે સવારે ગુજરી ગયાં છે !!

ગુરુદયાલજીના પિતાશ્રી નારાયણદાસ એ સમયે બલુચિસ્તાનમાં ક્વેટામાં એવી સરકારી નોકરી કરતા હતા કે વર્ષમાં લગભગ દસ મહિના ઘોડા ઉપર કે ચાલતાં મુસાફરી કરવી પડે. જેથી ચાચાજીનાં માતુશ્રી તેજસ્વીદેવી બે ભાઈઓ અને બહેનને મૂકીને કેમ્પ તરફ વળ્યાં

ચાચાજી જયારે સાતેક વર્ષના હશે ત્યારે ઝરમર વરસતા વરસાદની વચ્ચે એક વયોવૃદ્ધ ભિખારણ ભિક્ષા માગવા આવી. ચાચાજીએ એને બારણાં પાસે બેસાડી, થોડું ખાવાનું ઘરમાંથી લઈ આવીને આપ્યું.

એમણે ઘણા પ્રેમથી ખાધું અને તેની આંખમાં આભારનાં આંસુ છલકાયાં. પછી ભગવાન જાણે ચાચાજીને શું થયું કે તેઓ આવેશમાં આવી જઈને એમને વળગી પડયા ! તે પણ ચાચાજીને વળગી પડીને વ્હાલથી બોલ્યાઃ ''મારો દીકરો'' ...પણ ''મારો દીકરો'' બોલ્યા સાથે જ ભિખારણ ત્યાં ને ત્યાં મરી ગયાં. ચાચાજી જીવનભર આ બાબતનું રહસ્ય શોધતા રહ્યા પરંતુ એમણે કહ્યું કે, ''મારા જીવનમાં હું એટલું શીખ્યો કે ગરીબોનો કોઈ દિવસ અનાદર ન કરવો, કારણ ગરીબનો અનાદર એટલે માનો અનાદર અને માનો અનાદર એટલે પ્રભુનો અનાદર !''


ચાચાજી નાનપણમાં રસ્તા પરથી પસાર થતા હતા, ત્યારે એક ફકીરબાબા સામેથી આવતા હતા. તેમણે ચાચાજી ને ઊંચકી લીધા અને આંખમાં આંખ મેળવી બે ઘડી તેને જોઈ રહ્યા. પછી ચાચાજીને નીચે મૂકી દીધા પરંતુ ફરી બે વખત એટલે કે કુલ ત્રણ વખત ચાચાજીને ઊંચક્યા, આંખમાં આંખ પરોવી અને પછી ફકીરબાબાએ કહ્યું : બચ્ચા, મારી એક વાત હંમેશાં યાદ રાખજે,, જ્યારે તું કંઈ પણ કરે, બોલે કે વિચારે ત્યારે તારા દિલને એક સવાલ

પૂછજે કે મારી માને આ ગમશે કે નહીં ?, એટલું કહીને એક ફકીરબાબા ચાલ્યા ગયા, પછી જીવનમાં એ ક્યારેય એમને ન મળ્યા, પણ આ વાત ચાચાના હૃદયમાં અંકાઈ ગઈ ! કશું જ કરવું હોય ત્યારે ચાચાજીના દિલમાંથી એક જ મંત્ર સદા જાગતો કે, મારી માને ગમશે કે નહીં ?

ચાચાજી શાંતિનિકેતન ગયા. પાંચ દિવસની લાંબી મુસાફરી પણ જરાય થાક ન લાગ્યો, કારણકે ચાચાજીના હૈયામાં અતિશય ઉમંગ અને આનંદ હતો. તેઓ જ્યારે શાંતિનિકેતન પહોંચ્યા ત્યારે ગુરુદેવ ત્યાં નહોતા. માંદગીને કારણે થોડા દિવસ પહેલાં જ કલકત્તા સારવાર માટે ગયા હતા, પરંતુ દીનબંધુ એન્ડ્રુઝે ઘણા વ્હાલથી ચાચાજીનું સ્વાગત કર્યું. દસ દિવસ પછી ગુરુદેવ શાંતિનિકેતન આવ્યા અને બીજે દિવસે (કે જે ચાચાજીનો ત્યાં રહેવાનો છેલ્લો દિવસ હતો) ગુરુદેવના દર્શન કરવા માટેની સૂચના મળી. જોકે દીનબંધુએ કહ્યું :ગુરુદેવ હજી બહુ અશક્ત છે, તેથી તેઓ તમને પાંચ મિનિટથી વધારે વખત નહીં આપી શકે.

જ્યારે ચાચાજી દાખલ થયા ત્યારે પદ્માસનમાં બેસીને તેઓ બારીની બહાર જોઈ રહ્યા હતા. એક-બે-ત્રણ- ચાર મિનિટ પસાર થઈ ગઈ. ગુરુદેવે ચાચાજીને ન તો બેસવા કહ્યું કે ન કંઈ વાત કરી !! ચાચાજીને મનમાં પાર વિનાનું દુઃખ થયું. સમય લગભગ પૂરો થવા આવ્યો, એટલે ગુરુદેવ પાસેથી વિદાય લેવા ચાચાજીએ પ્રણામ કર્યા અને ચમત્કાર થયો! કવિશ્રીએ પોતાનો જમણો હાથ ચાચાજીના માથા પર મૂક્યો અને એમની આંખોમાં જોઈને કહ્યુંઃ હું તમને જન્મ જન્માંતરથી ઓળખું છું.મારા આશ્રમમાં તમારા માટે એક આસન ખાલી છે. તમે હવે એના ઉપર બેસી જાઓ .. આ શબ્દો સાંભળીને ચાચાજી ભાવવિભોર થઈ ગયા.

૫) મૂળ ગુજરાતના પણ પછી બધી જ ઓળખને



ફેરવી નાખનારા **સ્વામી આનંદ** ગુજરાતી ગદ્ય સાહિત્યનું મોરપિચ્છ છે. સ્વામી આનંદ પ્રવાસી છે, સન્યાસી છે, ઉત્તમ ગૃહસ્થ છે અને સહજ આનંદના ધણી છે.

પોતાની પહેલી પચ્ચીસી સ્વામીએ સન્યસ્તમાં વિતાવી હતી. આ વર્ષો મહાસાગરમાં તરતી હિમશિલાની માફક બહુધા અછતાં રહ્યા છે. સ્વામીની જીવન તવારીખમાં એ વર્ષોનો ચોક્કસ હિસાબ-કિતાબ મળતો નથી પણ સત્તાવીસ વર્ષની ભરયુવાનીમાં ઠરેલા મન અને મજબૂત શરીર સાથે એ ગાંધીજીનો સંપર્ક પામે છે. સ્વામી ગાંધી પરિવારના સદાયના સદસ્ય બને છે. એમણે પોતાની જાતને હંમેશાં ગાંધીના કાસદ તરીકે ઓળખાવી અને એનું ભારોભાર ગૌરવ પણ કર્યું. જેમના પગે ભમરો હતો કે જે વર્ષો સુધી ક્યાંય પગ વાળીને બેઠા નહોતા એ જ સ્વામી ગાંધીજીના છાપા છાપવા ૩૨ કલાક એક આસને બેસીને પ્રૂફ વાંચે છે. જેવી સ્વામીની કર્મનિષ્ઠા એવી જ એમની સમયની ચોકસાઈ અને નિયમિતતા એવી કે સહકાર્યકર મિત્રોએ સદાય જાગતા રહેવું પડે. એમની એક સમય સૂચકતા પ્રસંગે ગાંધીજીએ બેધડક કહી દીધેલું કે, ''કાં તો ટ્રેન ખોટકાઈ હશે અથવા સ્વામી મરી ગયો છે, એ સિવાય સ્વામી મોડો ન પડે.''

સ્વામીદાદા સૌથી પહેલા કલાકાર,પછી ગુણના ભક્ત અને ત્યાર બાદ અવ્વલ નંબરના લોકસેવક. ગાંધીજીના અંતેવાસીઓમાં સ્વામીદાદા જેવું કોઈ વ્યક્તિત્વ હોય તો તે મહાદેવભાઈ હતા. ફેર એટલો કે મહાદેવભાઈ કદાચ વધુ મોટા ભક્ત અને જરા વધુ એકધારી કુમાશવાળા. સ્વામીદાદા ગાંધીજીના પ્રખર સાથી, પણ એમના ગમાઅણગમા તીવ્ર. પ્રકૃતિએ સાવ એકલવીર. આથી જ તેમની શબ્દસાધનાએ અજાણ્યાં ઊંચાણો છતાં કર્યા. આજથી સો વરસ પછી ગાંધીજીના સાથીઓનું સાહિત્યને અર્પણ મૂલવાશે ત્યારે સ્વામી આનંદનું નામ કદાચ મોખરે હશે. સ્વામી આનંદના જીવન અને સાહિત્યમાં જે સચ્ચાઈની ધૂણી ધખે છે તે કાળને માત કરશે.

શ્રી અશ્વિન મહેતા કહે છે કે : સ્વામી આનંદને ચારેક વાર રડતાં નજીકના લોકોએ જોયેલા.

(૧) એક કાશ્મીરી ભરવાડણે પીર પંજાલના ઊંચા પહાડોમાં તેમને કેવી રીતે બચાવેલા તેનું ઋણ સ્વીકાર કરતા બધાની વચ્ચે તેમણે આંસુની અંજલિ આપેલી.

(૨) બીજી વાર અતુલપ્રસાદના એક બંગાળી કાવ્યનું પઠન કરતા વરસાદ પછી શિરીષના ફૂલ-પાન પાણી ખેરવે તેમ તેઓ સહજ રીતે રડેલા.

(૩) સીતાજીનો ઉલ્લેખ માત્ર તેમના મર્મને વીંધી જતો. ચારણ કવિ દાદલનું એક ભજન ***"લખમણ મારાં રે રખોપાં કરશે રામ, રામનાં કોણ કરશે રે"*** એ વાંચતા અને

(૪) નિનુભાઈ મજુમદારનું "સીતાયણ" તેમને ટેપ પર સંભળાવતો હતો ત્યારે બહુ હોઠ પીસવા છતાં આંસુએ રસ્તો શોધી જ કાઢેલો, એનો હું સાક્ષી છું."

"સ્વામી આનંદની તંદુરસ્તીને જુસ્સો છેવટ લગી ટકી રહ્યાં એની પાછળનું ઘણું મોટું કારણ હિમાલય હતો. સ્વામી એટલે હિમાલય, ઘુઘવતી નદીઓ અને અડીખમ ચટ્ટાનો, ઉત્તુંગ બરફાનો અને ઘનઘોર જંગલો. મારાથી પૂછાઈ ગયેલું : તમે હિમાલયમાં કેટલા માઈલ ચાલ્યા હશો ? પહેલાં તો ઘણાં ગલ્લાંતલ્લાં કર્યાં, પણ પછી મેં જાતે જ અંદાજે બાર-પંદર હજાર માઈલનો આંકડો મૂક્યો ત્યારે ખૂબ સંકોચ સાથે માત્ર "હા" એટલું બોલેલા ને પછી ઠપકો આપીને કહે કે, સાધુ એવો હિસાબ રાખે નહીં અને એને પુછાય ય નહીં!!! દિવસના ૪૦- ૫૦ માઈલ ચાલતા ને ગેલનના હિસાબે દૂધ પીતા."

સ્વામીએ એમના મા-મેળાપની કૃતાર્થતાની લાગણી પ્રગટ કરતી વેળા લખ્યું છેઃ

"મારો નાનો આવ્યો?" હાથમાંથી માળા પડી જાય અને આંખેથી વહી નીકળે છે ગંગાજમના ! સ્વામીએ પૂછ્યું : "મા ગામમાં કોઈ જાણતું ન હતું કે હું આવવાનો છું અને તમે તો દરવાજો ઉઘાડતાની સાથે જ મારા નામે મને બોલાવ્યો તે કેમ કરતાં ખબર પડી ?" જવાબ મળ્યોઃ "આ હૈયામાં બીજું છે કોણ ? ચૌદ વર્ષથી માળા ફેરવું છું તે કેની ? રામની? રામનું તો નામ, રામ કેવો ને વાત કેવી? મારા દીકરા તે મારા રામ. બીજા રામને હું ઓળખતી નથી. તારે કઈ વાતે કમી હતી તે મને વલવલતી મૂકીને નાઠો ? આટલી ઉંમરે મને બાળી ? પણ બાળે તે



જ બાળક! ચાર ખંડ ધરતી ખૂંદી વળ, પણ આખરે તારી ધરતીનો છેડો માની પાની હેઠળ જ છે." પાવનકારી એ માના છેલ્લા દિવસોમાં સ્વામી એક અઠવાડિયું ઘેર તેમની સન્મુખ રહ્યા. એ આઠ દિવસો વિશે તેમણે તહેદિલથી લખ્યું છેઃ "એ આઠે દિવસ મારી જિંદગીના કીમતી વારસારૂપ છે. માના તરફથી મને જે વારસો જીવનમાં મળ્યો છે તેનું ખરું દર્શન આ આઠ દિવસોમાં થયું અને હું ધન્ય થઈ ગયો."

વગર સંસારનો આ સંસારી જીવ તેની આસપાસ આખી જિંદગી ગળાડૂબ રહ્યો છે છતાં આ મોહ-માયાનો પાસ સરખો લાગવા દીધો નહીં .

૬) એક સ્પેનિશ પાદરી જે ગુજરાતી પણ નહીં અને જન્મથી ભારતીય પણ નહીં અને છતાં જેને હોંશભર સૌએ સવાઈ ગુજરાતી કહીને ગૌરવ બક્ષ્યું એવા **ફાધર વાલેસ** સાથે રાજકોટ મુકામે થયેલા સંવાદ દરમિયાનના બે પ્રશ્નો વાંચીશું એટલે ફાધર વાલેસનું કાળજું કેટલું માનવીય છે તેનો ખ્યાલ આવશે.

રાજકોટની રાષ્ટ્રીય શાળામાં ફાધર વાલેસને પહેલીવાર પ્રત્યક્ષ મળ્યાનું સ્મરણ છે. આપણને ખૂબ વર્ષોથી કોઈ માણસ ઓળખતા હોય અને એ કેટલી હળવાશથી ને પ્રેમથી મળે તેમ ફાધર સૌને મળતા હતા. સુંદર અને હૈયે વસી જાય તેવું વક્તવ્ય આપેલું. પ્રશ્નોત્તરી થયેલી અને તે લાંબી ચાલેલી. ફાધર ઉત્તર આપવામાં રાજી રાજી હતા અને બરાબર ખીલેલા. સ્મરણ છે કે મેં એક યુવાન શિક્ષક તરીકે ફાધરને બે પ્રશ્નો પૂછેલા, તે અહીં ફાધરની નિરાળી મૌલિકતા પેશ કરવા રજૂ કરું છું.

પહેલો પ્રશ્નઃ ફાધર, હું શિક્ષક છું. મને એક દ્વિધા છે. શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગમાં આદર્શ હોય તે વાત કહેવી કે પછી વાસ્તવિકતાથી પણ અવગત કરાવવા??

ફાધર કહે : તમે શિક્ષક છો તેથી હું ખુશ થઈને જવાબ આપું છું, આપણે નાત-ભાઈઓ થયા ને ?? (ખૂલીને હાસ્ય..) જુઓ, શિક્ષકે વર્ગમાં તો આદર્શ હોય તે જ રજૂ કરવો, પણ પછી વર્ગ પૂર્ણ થાય ત્યારે હળવેકથી જે નરી વાસ્તવિકતા હોય તેનો ઉલ્લેખ તો અવશ્ય કરવો. શા માટે? કારણ માત્ર આદર્શ જ કહીશું અને વિદ્યાર્થી સમાજમાં તેથી ઊલ્ટું વાસ્તવ જાણશે તો તેને ધક્કો પહોંચશે કે મારા શિક્ષક ખોટા ?? આ ધક્કો તેની શિક્ષકમાંથી શ્રદ્ધા ડગાવી દેશે. એટલે શિક્ષકે જ કહી દેવું. ઉદાહરણ આપું ? તમે કહો કે ચોતરફ કેવળ સત્ય જ હોવું જોઈએ !! હવે શું બને ?? બાળક અસત્ય અનુભવાશે ત્યારે વિચારશે કે મારા શિક્ષક તો જુદું કહેતા હતા !! એટલે તમારે શિક્ષક તરીકે

કહેવું કે ચોતરફ સત્ય જ હોવું જોઈએ પણ ભાઈ આ તો માણસ છે, બધા ક્યાંથી સરખા હોય ?? એટલે કેટલાક લોકો અસત્યમાં જ માનતા હોય તો તે અસત્ય પણ બોલે, એવું પણ બને હો મિત્રો !! (સભાખંડમાં તાળીઓ અને ફાધર ખડખડાટ...)

બીજો પ્રશ્નઃ ફાધર, આપ તો સ્વૈરવિહાર કરો છો અને રખડતા મહેમાન તરીકે ઘણા બધા ઘરે બે-ત્રણ દિવસ રહેવા જાઓ છો, તો તેનો કોઈ યાદગાર પ્રસંગ કહેશો ??

ફાધર કહે : કહું ને.. થોડોક રમતિયાળ પ્રસંગ કહું: એક ઘરે હું મહેમાન થયેલો તે ત્યાં કુટુંબમાં બાળકો સાથે ગપ્પા મારતો હતો. એક કિશોરને મેં પૂછ્યું : બેટા, તમે ગાંધીજીને ઓળખો છો ? તેણે તરત કહ્યું : હા, હા, ફાધર, ઓળખું છું. હું તો બહુ ખુશ થયો એટલે મેં આગળ પૂછ્યું : ગાંધીજી કોણ, કહો તો ?? તરત તે પ્રામાણિકતાથી બોલ્યો : ફાધર, ગાંધીજી એટલે મારા ગુજરાતી પાઠ્યપુસ્તકનો આઠમો પાઠ !! હું થોડો ખિન્ન થયો કે અરેરે, આપણે ગાંધીને એક પાઠ બનાવીને રાખી દીધા ! પણ પેલા બાળકથી નારાજ ન થયો કારણ એ તો કેટલો નિર્દોષ-મૌલિક અને નિખાલસ હતો, જે જાણતો હતો તે જ કહ્યું !! આપણે તો એય ચૂકી જતા હોઈએ છીએ ને ?? (સભાખંડમાં સન્નાટો અને ફાધર ખિન્ન વદને ..)

૭) "ઉત્તમ વિચારો સમાજ સુધી પહોંચે એ જ આપણું મહેનતાણું." આવું માનનારા અને જીવનભરની લેખન રોયલ્ટી ગુજરાત વિદ્યાપીઠ અને નવજીવનને અર્પણ કરનાર **શ્રી મુકુલ કલાર્થી** બહુ ઓછું જાણીતું નામ પરંતુ જન્મે - કર્મે - લેખને - જીવને પૂરેપૂરા ગુજરાતી અને છતાં વર્ષો પહેલાં અઢળક ગુજરાતી સાહિત્ય સર્જનાર સૂફી કક્ષાના સર્જક શ્રી મુકુલ કલાર્થી આપણને નોખા જીવ લાગે છે.

મુકુલભાઈનું જીવન પણ દિવ્ય અને ચમત્કૃતિ ભરેલું. કેટલાક અચંબિત કરી મૂકે તેવી ઘટનાઓના સાક્ષી બનીએ.

મુકુલભાઈનું બાળપણ મુંબઈમાં વીત્યું. ધોરણ ૧૦ માં




પિતાની છત્રછાયા અને ધોરણ ૧૧ માં માતાની છત્રછાયા ગુમાવી. ધો.૧૧ માં એમનાં માતા ખૂબ બીમાર પડયાં એટલે નાયર હોસ્પિટલમાં દાખલ કરેલાં. મુકુલભાઈ બેઠા હતા અને એકદમ મન અંદર કંઈક એવું થયું કે, મા પાસે જવું જોઈએ. જ્યાં હતા ત્યાંથી દોટ મૂકી. રસ્તે ઠોકર વાગી, પડયા અને અંદર એવું થયું કે મા હવે નથી. ઊભા થઈ ફરી દોડતા પહોંચ્યા અને જે અંદરના માહ્યલાએ કહ્યું હતું એ જ થયું હતું.!!! આ એમના જીવનનો પહેલો પાઠ કે આપણી અંદર જે બેઠું છે એ આપણને દોરે છે તો એને સાંભળીને જીવન જીવવું રહ્યું. મા બાપની છત્રછાયા હવે મારી અંદર બેઠેલું તત્ત્વ બની રહેશે એવી દૃઢ આસ્થા સાથે ખૂબ મુશ્કેલભર્યું જીવન સ્વીકાર અને આંતર પ્રતીતિ અને શ્રદ્ધાપૂર્વક આગળ ચાલ્યું.

ફી ભરવાના દિવસે પણ પૈસા હાથમાં નહીં. ઘડીભર થયું કે વર્ષ બગડશે. પણ વિશ્વાસનો શ્વાસ લેતા લેતા નોટિસબોર્ડ તરફ ગયા. ત્યાં એમના નામનું પરબીડિયું જોયું. લીધું- ખોલ્યું અને આશ્ચર્ય ને કૃપા જોઈને ગદ્‌ગદિત થઈ ગયા. ફીના પૈસા કોઈકે મોકલેલા. ન નામ- ન ઠામ, બસ નરસિંહની હૂંડી પૂરેલી એમ મુકુલભાઈની ફી ભરાતી ગઈ. ગીતાવિદ અને સંસ્કૃત સાથે એમ.એ. થયા, જિંદગીએ બીજું શીખવ્યું કે અંદર જેમ દોરવાવાળો બેઠો છે એમ કાળજી લેવાવાળો પણ બેઠો છે.

એક દિવસ મુંબઈમાં ચાલતાં ચાલતાં મુકુલભાઈ પસાર થતા હતા. બિલ્ડિંગનું રિપેરિંગ કામ થતું હતું. એ ચાલતા હતા ત્યાં મોટી લોખંડની સાંકળ પડી. આજુબાજુ સાંકળ અને વચ્ચે પોતે સુરક્ષિત. લોકો દોડી આવ્યા અને મુકુલભાઈને સહી-સલામત જોઈને સૌને ખૂબ આશ્ચર્ય થયું. જીવનમાં ત્રીજો પાઠ શીખવા મળ્યો કે : પરમાત્માએ મને કોઈક કાર્ય માટે સર્જ્યો છે અને એથી મારો વાળ પણ વાંકો એણે થવા ન દીધો. ત્યારથી દરેક કાર્ય પરમાત્માએ સોંપેલ યજ્ઞરૂપે કરત. જીવનની દરેક ક્ષણ એ સજાગતાથી જ જીવતા રહ્યા એથી એમનાં કાર્યો ખૂબ નમ્રભાવે, પૂરી નિષ્ઠા, સમર્પણ અને ખૂબ જ ચીવટથી કરતા રહ્યા.

મુકુલ કલાર્થી નામનો નોખો જીવ અનોખા માનવ તરીકે એટલું પ્રદાન મૌનાવસ્થામાં કરી ગયો કે તેનો અંદાજ આજના કાળઝાળ બોલકા સમયમાં આપણાં ગજાં બહારની વાત છે. એમની એક દૃઢ શ્રદ્ધા રહી કેઃ આપણાં શરીર જુદાં છે, પરંતુ ચૈતન્ય તો એક અને અને માત્ર એક જ છે. છેલ્લે છેલ્લે તો લેખન-વાચન સંગોપાઈ ગયું. જીવન પથારો ચાર-પાંચ જોડી કપડામાં સંપેટાઈ ગયો. જીવનપાથેય



મુકુલજી લિખિત અનેક ગ્રંથોમાં સંગ્રહાઈ ગયું. જીવનભર સ્વયંપાકી રહેનાર મુકુલ કલાર્થી અસ્વાદ મહાવ્રતને પામતા ગયા. અઢાર-અઢાર કલાક માત્ર નામસ્મરણ ! પરમની યાત્રાએ જતાં પહેલાના દિવસે બારડોલી આવી સૌને મળી ગયેલા. આ નોખા જીવે પ્રશાંતિથી અલખ નિરંજનની વાટ પકડી લીધી !!

૮) શાંતિનિકેતનના વિદ્યાર્થી, ચિત્રકાર, લેખક અને સૌથી વિશેષ ''નર્મદા, તુમ કિતની સુંદર હો'' કહેતાં કહેતાં નર્મદાની પરકમ્મા કરનારા **શ્રી અમૃતલાલ વેગડ** ગુજરાત, મધ્ય પ્રદેશ, ભારત અને સમગ્ર વિશ્વને નર્મદાનાં દિવ્ય દર્શન કરાવે છે.

''મારા ગુરુ નંદલાલ બોઝે મને કહ્યું હતું કે જીવનમાં સફળ થતો નહીં, કારણ કે સફળ થનારાઓની કોઈ કમી નથી. તું જીવનને સાર્થક બનાવજે. ગુરુદેવની આ શીખ મારા જીવનનો મંત્ર બની ગઈ. એ શબ્દોએ મને ૪,૦૦૦ કિલોમિટર ચલાવ્યો. નર્મદાની પરિક્રમાનો અદ્‌ભુત અનુભવ આપ્યો. નીકળ્યો તો ચિત્રો કરવા માટે, પણ એ પ્રવાસમાં મને શબ્દો જડ્યા. રંગોના દેશનો માણસ શબ્દોના મુલકમાં આવ્યો.''


આ શબ્દો વિખ્યાત લેખક, ચિત્રકાર અમૃતલાલ વેગડના છે.

પહેલી યાત્રામાં અમને એક સંન્યાસીજી મળ્યા. એમની પાસે કાંઈ નહિ. માત્ર એક ધાબળો અને હાથમાં માટીનું કમંડળ. બધા એમને હાંડીવાલે બાબા કહેતા. અમારો સંગાથ થઈ ગયો. મને કહે, 'સ્વાદ શેમાં છે, જીભમાં કે ગુલાબજાંબુમાં?' મને રસ પડ્યો. કહ્યું, 'તમે જ આનો જવાબ આપો.' તો કહે, 'જુઓ, ગુલાબજાંબુમાં સ્વાદ હોય તો તે પ્લેટમાં પડ્યો પડ્યો જ સ્વાદ આપે. અને જો જીભમાં સ્વાદ હોય તો ગુલાબજાંબુ ખાવાની જરૂર જ શી છે? સ્વાદ નથી માત્ર જીભમાં કે નથી માત્ર ગુલાબજાંબુમાં; પણ બંનેના યોગમાં છે. એવી જ રીતે સાર્થકતા નથી માત્ર શરીરમાં કે નથી માત્ર આત્મામાં. બંનેના મિલનમાં છે.' હવે આ કેટલી ગંભીર વાત - શેનીય પણ અવહેલના ન કરવી જોઈએ શરીરની, ને આત્માની તો નહીં જ - આ વાત તેમણે કેવા સરસ ઉદાહરણથી સમજાવી ! એવી જ રીતે એક સાધ્વીજીને મેં કહ્યું, 'હું તો નોકરીમાં છું. તેથી પૂરી પરિક્રમા એકસાથે નથી કરી શકતો; રજાઓમાં કટકે કટકે કરું છું. તો કહે, 'બેટા, એનો રંજ ન કરતો. બુંદીનો લાડવો પૂરો ખાઓ તો પણ મીઠો લાગે ને ચૂરો ખાઓ તો પણ મીઠો લાગે. કેવો સુંદર જવાબ !

અમે જઈ રહ્યા હતા. સવારની વેળા હતી. બહુ તો એક કલાક ચાલ્યા હોઈશું. એક માણસ મોટરસાઈકલ પર નીકળ્યો. પાછળ ઘાસનો ભારો હતો. અમને જોઈને થોભ્યો, 'તમે શું પરકમ્મા કરો છો?' અમે કહ્યું, 'હા'. તો કહે, 'સામે દેખાય છે તે મારું ગામ છે. લીમડા નીચે મારું ઘર છે. ત્યાં આવજો, જમીને રાત ત્યાં રહેજો.' મેં કહ્યું, 'અમને બહુ મોડું થશે. આજ તો નેમાવર પહોંચવું જ છે.' એ બહુ નિરાશ થયો એટલે કહ્યું, 'લે ચાલ, થોડીવાર માટે આવીશું.' એણે બહુ સ્વાગત કર્યું અમારું. પછી મૂકવા ચાલ્યો. મેં કહ્યું, 'અમારી ચિંતા એ છે કે નેમાવરમાં ક્યાં રહીએ?' નાનું ગામ હોય તો કોઈના પણ ઘરે રહેવાય; પણ આ જરા મોટું - કસ્બા જેવું. તો કહે, 'તમે ચિંતા શું કામ કરો છો? ત્યાં મારી બહેન રહે છે, બિલકુલ નર્મદાને કાંઠે, લાલમાઈની કોઠીમાં.' પછી કહે, 'હું તમને મૂકવા ચાલું.' મેં કહ્યું, 'રોજ કેટલાય પરિક્રમાવાસીઓ નીકળે. વરસે તો હજારો નીકળે. આમ રોજ તમને તેમની સરભરા કરતાં કંટાળો ન આવે? ત્રાસ ન થાય?' તો કહે, 'જુઓ, ગરીબમાં ગરીબ માણસ પણ પોતાના કુટુંબનું ભરણપોષણ તો કરે જ છે. અમે પરકમ્માવાસીઓને અમારા કુટુંબના સભ્ય ગણીએ છીએ. એમને સાચવવા અમારી ફરજ છે, કેમ કે અમારું માનવું છે કે તેઓ જે પરિક્રમા કરે છે એમાં અમારો પણ હિસ્સો છે.'

૯) મહારાષ્ટ્ર છોડીને ગુજરાતમાં વસનાર અને ગુજરાત છોડીને પંજાબમાં સ્થિર થનાર સવાઈ ગુજરાતી **શ્રીકાંત આપટેજી**.

સ્વામી શ્રીકાંત આપટેજી ભગવાં વસ્ત્ર ન પહેરનારા પણ લાંબી સફેદ દાઢી અવશ્ય રાખનારા આજન્મ કર્મશીલ સન્યાસી અને અવિરત આત્મચિંતન કરનાર રાષ્ટ્રભક્ત સાધુ પુરુષ હતા. ગાંધીજી-વિનોબાજીના કંઈક નિકટના સમાગમમાં આવ્યા છતાં આપટેજીનું વ્યક્તિત્વ સ્વતંત્ર અને નિરાળુ રહ્યું. નાનપણથી જ એમને નાટકોનો



સારો શોખ હતો અને સ્વાતંત્ર સંગ્રામના સમયમાં તેમણે ભોગવેલા અજ્ઞાતવાસ દરમિયાન થોડો વખત એમણે નાટક મંડળીમાં પણ ગાળેલો. વળી પોતે બાલમંદિર ચલાવતા. "સર્વધર્મમંદિર" તરીકે એને વિકસાવતા. ક્યારે ભૂલકાઓને જુદી જુદી વેશભૂષામાં સજાવીને બાળકો સાથે શ્રીકાંત નાટક કરાવતા. ગુજરાતીમાં એમણે "સંત તુકારામ" નામે નાટક લખ્યું છે અને એને રંગભૂમિ પર પણ ઉતાર્યું છે. શ્રીકાંત આપટેજી સિત્તેર પંચોત્તેર વર્ષની ઉંમરે એક પ્રસંગે સ્ટેજ પર અક્ષરસઃ નાચવા લાગ્યા એ અનેરું દૃશ્ય જોઈને લોકો બોલ્યાઃ "અરે આ તો છૂપા રુસ્તમ છે.." બહારથી પ્રવૃત્તિમય એવા આપટેજી એકંદરે અજ્ઞાતવાસમાં મહાલતા રહ્યા. પોતાની જાતને સમાજથી દૂર રાખવામાં એમને મજા આવતી. ગાંધીજી સાથેના સહવાસને કારણે આપટેજી રાજકીય સંગ્રામમાં સક્રિય રહ્યા છતાંય વધુ તો રચનાત્મક કાર્યોમાં પરોવાયેલા રહ્યા. અંત્યોદયથી સર્વોદય સુધી પહોંચવાની એમની મથામણ અને કાર્યસેવા એકધારી ચાલી.

શ્રીકાંત આપટેજીએ પંજાબમાં અર્થપૂર્ણ રીતે પ્રવૃત્તિ કરી. ત્યાં તેમના નિવાસસ્થાનનું નામ હતું "સેવાઆશ્રમ". અદ્વિતીય આત્મા સમાન શ્રીકાંતજી દેશના એક ખૂણે આહ્લાદક મનોવૃત્તિથી અને ખુમારીથી જીવ્યા. "હિન્દ સ્વરાજ" કરતાં ગ્રામસ્વરાજ તેઓને વધારે ફળદાયી જણાયું. તેઓનો ભૌતિક વ્યાપ અલ્પ અને આધ્યાત્મિક આલાપ અનંત રહ્યો. તેઓના નાનીમાએ કહેલું વાક્ય બાળપણથી જ શ્રીકાંતે બરાબર યાદ રાખ્યું :"જેટલો વ્યાપ, તેટલો સંતાપ."ફૂલછોડથી ભરેલી નાનકડી જગ્યા પર એક નાના મકાનમાં રહેતા આપટેજી ખુલ્લા આકાશ સાથે બાથ ભીડીને રોજ કીર્તન પ્રવચનમાં મસ્ત રહેતા. એમના દૈનિક સત્સંગમાં પરમકૃપાળુ પરમેશ્વર "પ્રમુખ" પદે હોય, પોતે પ્રવચનકાર હોય અને શ્રોતા વર્ગમાં શ્રદ્ધાળુ તથા આસ્તિક એવા થોડા લોકો હોય. પોતાની દેહાત્મક જીવનકથામાં તેઓ લખે છે કે, "મારી લાંબી જીવનયાત્રામાં શું કર્યું, શું ખરાબ કર્યું એ અંગે ચર્ચા કરવાનો અધિકાર મેં વાચકોને સોંપીને સ્તુતિ નિંદાનાં ફૂલ કાંટા કૃષ્ણાર્પણ કરીને મુક્ત રીતે જીવવાનું રાખ્યું છે." ૧૫મી ઓગસ્ટ ૧૯૯૨ના સ્વાતંત્ર દિને પોતે અડગ આત્મવિશ્વાસ સાથે જાહેર કર્યું કે, "મને હવે સ્પષ્ટ સમજાઈ ગયું છે કે મેં મહારાષ્ટ્ર ખોયું તો ગુજરાત મેળવ્યું, ગુજરાત ખોઈને પંજાબ મેળવ્યું, હવે પંજાબ ખોઈને પરમેશ્વરની પ્રાપ્તિ એ મારે માટે નિશ્ચિત છે.."

૧૦) જન્મે મરાઠી પરંતુ પ્રભાવથી પાક્કા ગુજરાતણ **અરુણાબેન જાડેજા** આજે પણ અમદાવાદ અને ગુજરાતનું એક અદકેરું નામ છે.

અમદાવાદમાં રહેતા અને વિશ્વભરના ગુજરાતીઓમાં ઉત્તમ લેખિકા અને ઉમદા અનુવાદક તરીકે પ્રસિદ્ધ અરુણાબહેન જાડેજા જબરાં પુસ્તકપ્રેમી છે. તેમણે ૨૦૦૪ થી ૨૦૧૪નાં દસ વર્ષો વર્લ્ડ બુક ડે ની નોખી ભાત પાડતી ઉજવણી કરી. દર વર્ષે મિત્રોને અને પુસ્તકપ્રેમીઓને ટપાલથી અનોખી બુકમાર્કમાં પુસ્તક વિશે સુંદર સંદેશો મૂકે ! આવું કરવાનો આશય શુભ કે પુસ્તકની આંગળી પકડી સ્વજનો સાથે નાતો બાંધી રાખવો. અરુણાતાઈ કલા, ગૃહ સુશોભન અને રસોઈનાં ગજબનાક શોખીન એટલે બુકમાર્કમાં પુસ્તક વિશેના સંદેશામાં એ વાતોને વણી લે. અરુણાતાઈ મૂળ મહારાષ્ટ્રિયન અને પરણ્યા કચ્છના જાડેજા પરિવારમાં. કચ્છમાં રોટલા પીરસાય પણ તેમાં ઘી-માખણ ભરીને પીરસાય. એ રોટલાની મજા જ કંઈક જુદી. અરુણાબહેન જાડેજાએ એક બુકમાર્કમાં રોટલા પર કૂંચીથી૨૩-૪ : વિશ્વ પુસ્તક દિન લખ્યું અને તેમાં સંદેશો લખ્યો કે :ઓડકાર તો બેઉ લાવે : રોટલો ને પુસ્તક.




તો વળી એક વર્ષે જબરદસ્ત સંદેશ મોકલ્યો.ઘરઆંગણે થતાં પારિજાત અને ઘરમાં પુસ્તક હોય તો સ્વર્ગ જ સ્વર્ગ એવો ઉદ્‌ગાર મૂક્યો. અરુણાતાઈએ દસ વર્ષો વિશ્વ પુસ્તક દિનની આત્મીય ઉજવણી કરી. પ્રતિવર્ષ એક હજાર બુકમાર્ક જાતે પ્રિન્ટ કરાવ્યા, મિત્રોને મોકલ્યા અને ત્રેવીસ એપ્રિલે નગરમાં જ્યાં પુસ્તક દિન નિમિતે કાર્યક્રમ હતો ત્યાં જઈને સૌના હાથમાં મૂક્યા ! દસ વર્ષ પૂરાં થયા ત્યારે તેમણે વ્રત વધામણાંનું ઉદ્યાપન કર્યું, વિશિષ્ટ રીતે ! આંગણે દેવપૂજન પાસે જ ફૂલોની રંગોળી કરીને લખ્યું : World book day ઘર ટોડલે બુકનાં તોરણો બાંધ્યાં અને ઉંબરે અમદાવાદના ગરીબ કુટુંબોની છ છોકરીઓને તેડાવી તેને વધાવી વર્ષના બુકમાર્કર તેમને ભેટ ધર્યા, અને પુસ્તક વાંચવાનો ચેપ નવી પેઢીને લગાડયો.

લગ્નની ઉંમર રૂપે કુરુપા તો નહીં જ પણ અરુણા પોતાને અરૂપા માને ! અઠ્ઠાવીસ વર્ષ થયાં છતાં બેઉ બાજુ મેળ ખાતો નહોતો..ત્યાં જિંદગીએ વળાંક લીધો... અરુણાએ ડભોઈમાં બી.એડ. કર્યું ત્યારે એની નાની બહેન મંગલની એક બહેનપણી હતી, મંજુ જાડેજા. તેના પિતા ત્યારે ડભોઈના સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર. પછી તો એમની સુરત બદલી થઈ. મંજુ અને મંગલનો નાતો અહીં પણ ચાલુ, મંજુ અરુણાને મળે, તેનો નાનો ભાઈ સુરેન અરુણા પાસે નિબંધ વગેરે લખાવવા આવે. અરુણા પણ એકલી એટલે મંજુના ઘરે જાય. મંજુના બાપુજી જુવાનસિંહ જાડેજા કદી ઘરે જ ના હોય. એ રાંદેર પોલીસ ઈન્સ્પેક્ટર. મંજુનાં બા અરુણાનું બહુ રાખે, પણ મંજુના બાપુજી સાથે કંઈ લેવાદેવા નહીં. અચાનક મંજુનાં બા કારમી બીમારીમાં સ્વર્ગે સિધાવ્યાં. બીજે વર્ષે મંજુના લગ્ન થઈ ગયાં. એના બાપુજી જાડેજાસાહેબની પાલનપુર બદલી થઈ ગઈ. સુરતમાં અરુણા માટે એક ઘર ઓછું થયું ! લેક્ચરર તરીકે આઠ વર્ષ થયાં હતાં ત્યાં એક દિવસ અચાનક ફરી જાડેજાસાહેબને મળવાનું થયું. ઓગણત્રીસ વર્ષ : લગ્નની ઉંમર વટાવી ગયેલી એક કન્યા અને પચાસ વર્ષના ચાર સંતાનોના વિધુર સદગૃહસ્થ મળ્યા ! જાણે એકબીજાની રાહ જોતાં હોય તેવાં અધૂરાં - અધૂરાં બંને ! દોઢ વર્ષ વીતવા દીધું એ પ્રથમ આત્મીય મિલન પછી ચારેય સંતાનોની મરજી જાણી. તેઓ તો ઈચ્છતા જ હતા કે પિતાશ્રી ફરી ઠરીઠામ થાય. અરુણાના કુટુંબ દ્વારા સ્વાભાવિક વિરોધ થયો. અરુણા આગોતરું સજ્જ રહેવા ટેવાયેલ. દોઢ વર્ષનું હોમવર્ક કરીને ત્રીસ વર્ષની ઉંમરે અરુણા હવે શ્રીમતી અરુણા જુવાનસિંહ જાડેજા બની ! વડોદરાના ડીવાય.એસ.પી. જુવાનસિંહ જાડેજાની દીકરીઓ જ પોતાની નવી મા માટે પાનેતર, ઘરચોળું અને હાથીદાંતનો શુકનનો ચૂડલો લઈ આવી. ચારેય સંતાનોના લગ્ન તો થઈ ગયાં. સંતાનોને અરુણાએ કહેલું :તમારા માટે તો દીકરી નિર્મળા અને જમાઈરાજ ધર્મેન્દ્રસિંહે મન મોટું કરી પોતાની ત્રીજી અને સૌથી નાની દીકરી ચીકુ અરુણાતાઈના ખોળામાં મૂકીને એમને માતૃત્વ આપ્યું.

અરુણાતાઈ તો ન્યાલ થઈ ગયાં ! આમ છતાં, અરુણાને અઘરું તો પડયું અ-સાધારણ સંજોગોમાં. માથે તો ઓઢવાનું પણ ગામડે લાજ પણ કાઢવાની. બહુ વખણાયેલ પેલી નિખાલસતા ગામડાઓમાં જોવા ન મળી. અરુણાબેનના જ શબ્દોમાં કહું તો : ''ઉંમર સિવાય પણ ઘણો તફાવત. એ ઊંચા, હું નીચી. એ ગુજરાતી, હું મરાઠી, એ ક્ષત્રિય, હું બ્રાહ્મણ. એમનો સમાજ પ્રમાણમાં બંધિયાર, હું ખુલ્લા વાતાવરણમાંથી આવેલી. એ ગુસ્સાવાળા, હું પ્રમાણમાં શાંત. પૂરાં ૨૧ વર્ષનો તફાવત, પણ એમણે ક્યારેય કલપ લગાડયો નહીં. સધિયારામાં ઉંમરનો બાધ ક્યાં નડે ? હા, મીકુની નાનકડી બહેનપણી કહે કે તારા નાનબાપુના વાળ તો ધોળા છે પણ તારા નાનીમા ડાઈ કરે છે. મીકુ મને પૂછે કે હેં, તાઈ, ડાઈ એટલું શું ? મીકુને હું કેમ સમજાવું કે બેટા હુંય ડાઈ નથી કરતી પણ'' લગ્નનાં ત્રીજે વર્ષે વડોદરાથી અમદાવાદ બદલી અને ત્યાં જ ૧૯૮૮ માં જુવાનસિંહ જાડેજા નિવૃત્ત થયા. ૧૯૮૩થી ૨૦૧૩, પૂરાં ત્રીસ વર્ષથી અમદાવાદ. લગ્નને ૩૨ વર્ષ પૂરાં થયાં. બંનેનો એકસરખો શોખ, સંગીત, મોટેભાગે શાસ્ત્રીય !

અહીં સવાઈ ગુજરાતી તરીકે સિદ્ધ થયેલાં ૧૦ માનવરત્નોની વાત કરવામાં આવી છે. આ અભ્યાસને આગળ વધારીએ તો કદાચ હજુ પણ વધુ આવાં રત્નો મળી આવે. પણ આપણે રસનાં કૂંડાં નહીં પણ પણ ચટકા લેવાનું પસંદ કર્યું છે. આપણી વાતચીતમાં વારંવાર બોલાતી કહેવત છે ''બહુરત્ના વસુંધરા'' આ ૧૦ માનવરત્નોનો પરિચય આપણને એવું માનવા અવશ્ય પ્રેરશે કે ભારત અને તેમાં પણ ગુજરાત અસ્મિતાઓની ઓળખ કરવાનો પૂર્ણ લ્હાવો આપે છે. આપણે વાંચતા રહીએ, જાણતા રહીએ અને આવા વિરલ વ્યક્તિત્વોને આત્મસાત્ કરતા રહીએ તેવી પ્રાર્થના.

'પ્રેમ મંદિર',
નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, કાલાવડ રોડ પાસે,
રાજકોટ-૩૬૦૦૦૧.



"કાષ્ટ વૈભવ"
નટુ મિસ્ત્રી
મો. ૯૮૨૫૨૯૪૮૬૬



"શણગાર"
રમેશ હાલારી
મો. ૯૮૯૮૩૩૮૬૮૧



"ઝનકાર"
પ્રશાંત પટેલ
મો. ૯૪૨૭૫૫૪૧૪૬


"કબૂ... કબૂ..."
સંજીવ પંડ્યા
મો. ૯૯૯૮૯૯૯૮૦૯

ભારતીય સંસ્કૃતિને આદિવાસીઓનું પ્રદાન

- ડૉ. ભગવાનદાસ પટેલ

નવ પાષાણયુગમાં - પાંચ હજાર વર્ષ પહેલાં ભારતીય ઉપખંડમાં આદિવાસીઓ વસતા હતા. વેદોમાં આ પ્રજાતિનો ઉલ્લેખ 'નિષાદ' નામથી થયો છે. નિષાદ એ જ આજના 'ભીલ' આદિવાસીઓ એમ ડી.ડી. કોસામ્બી[૧] અને રોબર્ટ[૨] શેફર દ્રઢતાપૂર્વક માને છે. પ્રજાતિના અત્યારના અભ્યાસીઓ પણ આ ભીલ આદિવાસીઓને આગ્નેય કે આદિ નિષાદ કહે છે. ભીલ આદિવાસીઓ પૂર્વકાલીન જાતિઓમાં મહત્ત્વની પ્રજાતિ ગણાય છે. ગુજરાતમાં ભીલ આદિવાસીઓની અનેક ઉપજાતિઓ વસે છે. આ આદિવાસીઓ જ ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ આદિકાળથી અહીં વસતી હોવાથી એમને 'આદિમ જાતિ કે આદિવાસી' એવું નામ આપવામાં આવ્યું છે.

ભીલ આદિવાસીઓમાં કૉબરિયા ઠાકોરની કોળીનું અનુષ્ઠાન, ધૂળાના પાટનું અનુષ્ઠાન, દેવરાના રાતીજગાનું અનુષ્ઠાન જેવાં ધાર્મિક અનુષ્ઠાનોના પ્રસંગે તાજા અંગારા થાપળા (નળિયાં)ની વેદી પર મૂકીને લોટ, ચોખા કે ચૂરમાનો હોમ કરવાની પરંપરિત વિધિ છે. આ સમયે પૃથ્વીની ઉત્પત્તિકથાના મંત્રો ગાવામાં કે કથવામાં આવે છે. આ કથામાં પીપળ રખી(પિપ્લાદ ઋષિ), ધૂમ રખી (ધૌમ્ય ધૌમ ઋષિ), ગોતમ રખી (ગૌતમ ઋષિ) વગેરે ઋષિના ઉલ્લેખો આવે છે. આ વિધિ-વિધાનોનું પગેરું છેક તામ્ર-પથ્થરકાળની સંસ્કૃતિ- આશરે ત્રણ હજારથી છ હજાર વર્ષ સુધીના સમયખંડની સંસ્કૃતિ સુધી જવા સંભવ છે. ગોરના ઉત્સવ પ્રસંગે કરવામાં આવતી 'લિંગપૂજા', દેવરાની મૂર્તિઓ સ્થાપતી વખતે કરવામાં આવતી 'સર્પપૂજા' અને મોટી ન્યાત (મરણોત્તર ધાર્મિક ક્રિયા) સમયે કરવામાં આવતી 'વૃક્ષપૂજા'નાં મૂળ તામ્ર-પથ્થરકાળની સંસ્કૃતિથી પણ આગળ જવા સંભવ છે.

ભારતીય સભ્યતાના વિકાસમાં આ આદિનિષાદો કે આદિવાસીઓનું વિશેષ યોગદાન છે. ગુજરાતના ઉત્તરી-પૂર્વી અને ભારતના મધ્ય ઉપખંડમાં વસતા આ લોકોએ જ અહીં નવપાષાણયુગની સભ્યતાનો વિકાસ કર્યો છે. આ સભ્યતાએ જ આદિયુગથી ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ''વસ્તુઓની ગણતરી કોડી(૨૦)ના એકમથી કરવી, લગ્ન તથા ધાર્મિક વિધિઓમાં હળદર અને સિંદૂરનો ઉપયોગ, જાદુ અને ટોણામાં વિશ્વાસ, વૃક્ષ, સર્પ અને લિંગની પૂજા, મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ અને આત્માનો બીજી યોનીમાં જન્મ ધારણ કરવો વગેરે બાબતો પર અસ્પષ્ટ વિચાર, કૂર્મ વગેરે અવતાર કથાઓ, સૃષ્ટિ-રચના બાબતની અનેક કલ્પિત કથાઓ (જેમાંના કેટલાક વિચારો ઋગ્વેદના નાસદીય સૂક્ત સાથે મળતા આવે છે.), ઈંડામાંથી વિશ્વ-રચના જેવી કથાઓ નિષાદ કે આદિવાસીઓની ભેટ છે. એ કથાઓ પાછળથી પૌરાણિક હિંદુધર્મમાં અપનાવી લેવામાં આવી અને તે કેટલાંક પરિવર્તનો સાથે પૌરાણિક કથાઓ બની ગઈ.[૩]''

''તેમની કોલ કે મુંડા ભાષાઓમાંથી પક્ષીઓ, વૃક્ષો, કેટલીક ચીજવસ્તુઓ અને માનવશરીરનાં જુદાં જુદાં અંગોનાં નામ ભારતીય આર્ય ભાષાઓમાં આવ્યાં છે. દા.ત. શાલ્મલિ(શીમળો), બાલ(વાળ) અને કમ્બલ(કામળો) શબ્દ મુંડા ઉદ્‌ભવ ધરાવે છે. તેવી રીતે કદલી (કેળ), કર્પાસ (કપાસ), તાંબુલ (નાગરવેલનાં પાન), ચાવલ (ચોખા), લકુટ (લાકડી), લિંગ, બાલ, કૂડી(કોડી), માતંગ કે ગજ(હાથી), મરક્ (મરઘો-કૂકડો) જેવા ઘણા શબ્દો પણ એમાંથી ઉદ્‌ભવ્યા છે.[૪]''

વસતિ-ગણતરીના હેવાલમાં જે.એ. બેઈન્સ (ઈ.સ. ૧૮૯૧) અને જે.ટી. માર્ટિન (ઈ.સ. ૧૮૯૧) જેવા પરદેશી વિદ્વાનોએ આદિવાસીઓને પ્રકૃતિપૂજકો, ગૂઢ આત્માવાદી, પૂર્વજપૂજકો, જાદુ-ટોણામાં આસ્થા ધરાવનારા અને હિંદુધર્મથી અલગ 'આદિવાસી ધર્મ' પાળનારા લોકો તરીકે વર્ણવ્યા છે.

પરંતુ હિન્દુધર્મના પૂર્વકાલીન ધર્મગ્રંથો-વેદો તપાસવાથી સહેજે ખ્યાલ આવે છે કે આર્યો પણ પ્રકૃતિ-પૂજકો, પૂર્વજ-પૂર્વકો અને ગૂઢ આત્માવાદી હતા. આદિવાસીઓ કે પ્રાગૈતિહાસિક લોકોની માફક આર્યોએ પ્રકૃતિ તત્ત્વોનું માનવીકરણ કરી, તેઓને દેવી-દેવતા તરીકે સ્થાપી તેઓને રાજી રાખવા સ્તુતિઓ ગાઈ છે. તેઓમાં પણ પૂર્વજપૂજા પ્રચલિત હતી અને પૂર્વજોને ખુશ કરવા શ્રાદ્ધની વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી જે આજ દિન સુધી હિંદુઓમાં અને આદિવાસીઓમાં પ્રચલિત છે. તેઓનાં દેવી-દેવતાઓમાં ઉષાને પ્રભાતની દેવી, પૃથ્વીને બધાં પ્રાણીઓની માતા, આકાશને પિતા, ઈન્દ્ર અને વાયુને વરસાદના દેવતા અને બૃહસ્પતિને વાણીનો દેવ ગણવામાં આવ્યા છે. ઋગ્વેદકાલીન આર્યોએ 'પ્રાકૃતિક, અપ્રાકૃતિક અને ભાવાત્મક તત્ત્વો' ને દેવ-દેવીઓ તરીકે માન્યાં છે. આ દેવ-દેવીઓ આદિવાસીઓ કે પ્રાગૈતિહાસિક દેવ-દેવીઓ સાથે સામ્ય અને નજીકનો સંબંધ ધરાવે છે.

દેવોને વશ કરીને ઇચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા અને શત્રુઓનો વિનાશ કરવા અથર્વવેદમાં સંમોહન, વશીકરણ, ઉચ્ચાટન વગેરે વિદ્યાઓ તથા ઘાતક મંત્રતંત્રાદિ અને મણિ-મોતી-તાવીજો અને વિવિધ ક્રિયા-વિધિઓના પ્રયોગો બતાવ્યા છે. જે અત્યારે આદિવાસીઓની જિવાતી જીવનરીતિમાં પ્રચલિત છે. ઋગ્વેદકાલીન આર્યોમાં આ ધાર્મિક અનુષ્ઠાનો તેઓના પુરોહિતો કરતા, જ્યારે

અત્યારે આદિવાસીઓના ભૂવા(ભોપા) અને સાધુ આ ધાર્મિક વિધિઓ કરે છે. વર્તમાન આદિવાસીઓની જેમ આર્ય ઉપાસકોનો અધ્યાત્મભાવ સરળ છતાં ગૂઢ રહસ્ય સ્વરૂપે વ્યક્ત થયેલો હતો.

આર્યોને દ્રાવિડ-પુલિન, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે હિંદુધર્મનો ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે. આગળ દર્શાવ્યું છે તે પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિ અને અવતાર-કથા જેવાં ભારતનાં પૌરાણિક કથાનકો, કર્મ અને પુર્નજન્મ વિશેના વિચારો, સર્પ-વૃક્ષ-લિંગ-પૂજા, 'હોમ'ની વૈદિક વિધિથી ભિન્ન હિંદુ ઉપાસના - પૂજા વિધિ વગેરેનાં મૂળ આર્યેતર પ્રજામાં છે. આમ, વર્તમાન હિંદુધર્મનું સ્વરૂપ મુખ્યત્વે આર્ય અને દ્રવિડ, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કૃતિઓના મિલન અને યોગદાનનું મંગલદાયી પરિણામ છે. જેથી ભારતીય સંસ્કૃતિ એટલે આર્ય સંસ્કૃતિ એવું સમીકરણ પૂરતા પ્રમાણોના અભાવમાં માંડી નહીં શકાય.

''ભારતીય સભ્યતા કેવળ નોર્ડિક આર્ય જાતિની, કુલીન લોકોની જ સંસ્કૃતિ નથી. એ તો એકાદ પથ્થર સ્થાપીને એના પર સિંદૂર ચોપડી એની પૂજા કરનારા લોકોથી માંડીને, અદ્વૈતની મહત્તમ અનુભૂતિ સુધીનાં વૈવિધ્યોથી પોતાના જીવનમાં રંગ ભરનાર અને ભારતભૂમિને રંગમયી, વિચારમયી, ગતિમયી બનાવતી વિવિધ પ્રજાઓની સહિયારી સંસ્કૃતિ છે.''

ડૉ. ર.ના. મહેતા નોંધે છે એ પ્રમાણે, ''હિન્દુસ્તાનમાં સિંધુ નદીની સંસ્કૃતિના કાળ પછી આર્યોનું આગમન થયાની આપણી સદીના પૂર્વાર્ધની વિચારણા પ્રમાણાશ્રિત ન હોવાથી છોડી દેવી જોઈએ.[૫]'' રામકૃષ્ણ વેદાન્ત મઠના સ્વામી શંકરાનંદ પોતાના પુસ્તક 'હિન્દુ સ્ટેટ્સ ઓફ સુમેરિયા'માં નોંધે છે તે પ્રમાણે, ''સમન્વયકારી ભારતીય સભ્યતાના વિકાસરૂપ યુક્રેટિસના પટ પર અનેક હિંદુ નગર રાજ્યો વિસ્તરેલાં હતાં.'' આમ, ''આર્ય તત્ત્વોના તાણાઓ અને આર્યેતર તત્ત્વોના વાણાઓએ સમન્વયી ભારતીય સંસ્કૃતિનું પોત વણ્યું છે.'' અને આ ભારતીય સભ્યતા-સંસ્કૃતિનું ભાતીગળ રૂપ આર્યો અને અન્ય પ્રજાતિઓએ ભારત બહાર પણ પ્રસરાવ્યું છે.

આદિવાસી લોક-પરંપરા પૃથ્વી-પ્રકૃતિને જીવનથી નિરપેક્ષ નથી માનતી. પ્રકૃતિ અને સ્વયંના દેહને આધાર આપતી પૃથ્વી તરફ તેના માનસમાં આરંભથી પૂજ્યભાવ જાગ્યો છે. આથી તો મહામાર્ગી ભીલ આદિવાસી સાધુ પ્રાતઃકાળે જાગે છે ત્યારે વિચારે છેઃ

જેના ઉપર જીવનયાત્રાનો આજનો દિવસ આરંભ કરું છું એ પૃથ્વીમાતા શ્યામવર્ણ(રંગ)ની છે. પરંતુ, કમળદેહી છે. તેના પર પગ મૂકતાં જ તેને દુઃખ થશે. આથી તેની ક્ષમા માગતો મનમાં મંત્ર બોલીને પૃથ્વી પર પગ મૂકે છે.

આવો જ સંવેદનશીલ ભાવ તેને વૃક્ષ-વનરાજી તરફ પણ છે. દાતણ લેવા વૃક્ષ પાસે જાય છે ત્યારે સાધુ વિચારે છેઃ વૃક્ષમાં જીવ છે. તેની એક પાતળી ડાળી તેનું સજીવ અંગ છે. દાતણ કરવા કાપતાં તેને દુઃખ પહોંચશે. આથી તેની માફી માગતો મનમાં મંત્ર બોલીને પછી એક જ ડાળી કાપીને દાતણ કરે છે.

આવો જ ભાવ તેને જલચર સૃષ્ટિ સાથે પણ છે. સવારે સ્નાન કરવા જળાશય કિનારે જાય છે. ત્યારે સાધુ વિચારે છે :

જળાશયમાં જળ સૂતું છે. જળમાં જીવજંતુ પણ અત્યારે સૂતાં છે. સ્નાન કરવાથી સમય પહેલાં જાગશે, તેથી દુઃખ થશે. જેથી તેમની ક્ષમા માગતો મંત્ર બોલીને પછી સ્નાન કરે છે.

જેના આધારે આ જીવન છે એ પૃથ્વીને તંદુરસ્ત રાખવાનું જ્ઞાન આદિવાસી પાસે છે. માનવથી પૃથ્વી-પ્રકૃતિ અને વ્યક્તિથી સમાજ અગત્યનો છે- એ જીવનદર્શન આદિવાસીનું છે. પશ્ચિમની જીવનરીતિ અને જીવનદર્શન પ્રમાણે જીવન બચાવનારાં તત્ત્વો- પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશનાં નિર્મમ નાશને જ વિકાસનું નામ આપવામાં આવી રહ્યું છે. પશ્ચિમની આ વૈયક્તિક લોભની ઘેલછા 'વૈશ્વિકીકરણ' અને 'ઉદારીકરણ'ના સોહામણા નામે વિશ્વના ખૂણેખૂણામાં પ્રવેશી વનસંપત્તિ અને જળસ્રોતોને શોષી, બજારમાં કિંમત ઊભી કરી પૃથ્વીને રણમાં પલટી રહી છે. આવા કપરા સંજોગોમાં પૃથ્વી-પ્રકૃતિનું જતન કરતું, સૌનું મંગળ ઈચ્છતું, જરૂર પૂરતું જ કુદરતી સ્રોતનો ઉપયોગ કરતું, સામાજિક સ્તરભેદ વિનાનું સમતાવાદી આદિવાસી સમાજજીવન જ વૈયક્તિક વિઘાતક મૂલ્યોથી ઘેરાયેલા વિશ્વને વૈકલ્પિક જીવનરીતિ આપી શકશે. વૈયક્તિક ઉપભોગવાદથી ત્રસ્ત માનવજાત આદિવાસી પરંપરિત વિદ્યા-જ્ઞાન-જીવનરીતિ-જીવનદર્શનનો આશ્રય લઈને પોતાના નવા સમતાવાદી-ભાવવાદી સમાજનું નિર્માણ કરી શકશે. તેથી અત્યારે તો એક માત્ર જીવનદાયિની આદિવાસી સભ્યતા જ વિશ્વનું આશ્વાસન છે.

સંદર્ભ

૧. પ્રાચીન ભારત કી સંસ્કૃતિ ઔર સભ્યતા, કોસામ્બી ડી.ડી., પ્રથમ સંસ્કરણ, ૧૯૬૯.
૨. એન્થોગ્રાફી ઓફ એન્શિઅન્ટ ઇન્ડિયા, રોબર્ટ શેફર, પૃ.૨૧
૩. ૨૨, જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણી-ભારત દર્શન-૧ (ઇતિહાસઃ આદિયુગ), પ્રવીણચંદ્ર ચિ. પરીખ, પૃ.૧, પ્રથમ આવૃતિ : જાન્યુઆરી, ૧૯૮૨
૪. ભારતીય સંસ્કૃતિ, પુરાતાત્ત્વિક આધાર, લે. ગોવર્ધનરાય શર્મા, પૃ. ૮૧ અને ૮૪, પ્રથમ આવૃતિ : ૧૯૮૫
૫. '૨૦મી સદીમાં ગુજરાતમાં થયેલાં પ્રાગ અને આદ્યઐતિહાસિક અન્વેષણો અને ઉત્ખનનો,' વક્તાઓઃ ડૉ. રમણલાલ ના. મહેતા અને ડૉ. વિશ્વાસ એચ. સોનવણે, ગુજરાત ઇતિહાસ પરિષદ, ૧૧મું જ્ઞાનસત્ર, કેશોદ(સૌરાષ્ટ્ર)

૩૦૪, મિથિલા, વિજયા બેંકની ઉપર,
જજિસ બંગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં : ૦૭૯-૨૬૮૭૧૬૦૪ મો. ૯૪૨૮૧૯૯૫૭૯

વાંકાનેર

- યાસીન દલાલ

રાજકોટથી ટ્રેન રસ્તે સુરેન્દ્રનગર તરફ જઈએ એટલે પ્રથમ સ્ટેશન વાંકાનેરનું આવે છે. ટ્રેનમાંથી સામી બાજુ વાંકાનેરના રાજવીનો ભવ્ય મહેલ જોઈને આંખને ટાઢક થાય છે. સૌરાષ્ટ્રના બધા રાજ મહેલોમાં આ મહેલ આગવી ભાત છોડે છે. દૂરથી જોતાં લાગે છે કે મહેલ પર્વત ઉપર હશે. એકદમ ઊંચો મહેલ જોઈને અંદર જવાની ઇચ્છા થાય. ભૂતપૂર્વ રાજવી શ્રી દિગ્વિજયસિંહજી એક વખત કેન્દ્ર સરકારના પર્યાવરણ ખાતાના પ્રધાન રહી ચૂકયા છે. એમના પિતાશ્રી અમરસિંહજીનું બે એક વરસ પહેલાં સો વરસની ઉમરે અવસાન થયું.

થોડા સમય પહેલાં એન.ડી.ટી.વી.ની "ગુડ ટાઈમ્સ" ચેનલે વાંકાનેરના રજવાડા ઉપર એક કાર્યકમ પ્રસારિત કરેલો જેમાં હાલના રાજવી દિગ્વિજયસિંહજી ઉપરાંત રાજમાતા વિભાબાની મુલાકાતો પણ આવેલી. આ મહેલમાં ત્રણ માળનો એક કૂવો આવેલો છે જેની આસપાસ ચારેબાજુ બાંધકામ છે. મહેલમાં ઉપરથી પથ્થર ફેંકીએ તો કૂવામાં પડે ઉપરાંત અમરસિંહજીએ એક ભોંયરામાં મ્યુઝિયમ બનાવ્યું છે. આ મ્યુઝિયમમાં જાતજાતની દુર્લભ વસ્તુઓ સાચવવામાં આવી છે. મુખ્યત્વે સ્ટફ કરેલા પ્રાણીઓના શરીર જેમાં વાઘ, દીપડા અને સિંહ મુખ્ય છે. તેમણે કહ્યું કે દુનિયાના દરેક દેશમાં શિકારની પરંપરા છે. મેં દુનિયાના દરેક દેશમાં જઈને શિકાર કર્યો છે. કેટલાક દુર્લભ પ્રાણીઓનો શિકાર કરવા બદલ મને અફસોસ છે. અત્યારે મારું મુખ્ય કામ વન્યસૃષ્ટિના રક્ષણનું છે. એમણે ભોંયરામાં એક મ્યુઝિયમ બનાવ્યું છે જેમાં જાતજાતનાં હથિયારો છે. એક તલવાર વાંકાનેરમાં જ બનેલી છે. એણે એને 'નાગણ' નામ આપ્યું છે. એક તલવાર અલવરના મહારાજા તરફથી ભેટ મળેલી છે. એમણે જાતજાતની રિવોલ્વરોનો પણ સંગ્રહ કર્યો છે. એ પછી કાર્યક્રમના એન્કરે વિભાબાની મુલાકાત લીધી. વાંકાનેરના રાજવીએ પોતાના મહેલમાં કેટલાક કમરાઓમાં હેરિટેજ હોટેલ ઊભી કરી છે. વિભાબાએ કહ્યું કે મારો વિચાર જનાના હેરિટેજ ખોલવાનો છે . દૂરદૂરથી મહિલાઓ આવે એમની સાથે હું રહીશ અને એમની દેખરેખ રાખીશ. એમણે એક સોનીને બોલાવ્યો, સોનીએ જાતજાતનાં ઘરેણાં બતાવ્યાં જેમાં નેકલેસ, બંગડી અને ખિસ્સા ઘડિયાળનો સમાવેશ થાય છે. આ બધાં ઘરેણાઓમાં હીરા જડેલા હતા. એમણે દાવો કર્યો કે ભારતભરનાં રજવાડાઓમાં હજી પણ અમારાં દાગીના જાય છે.

આજનું વાંકાનેર મચ્છુ નદી ઉપર વસેલું છે. મૂળ વાંકાનેર હળવદ ધ્રાંગધ્રાના ઝાલા વંશમાંથી ઊતરી આવ્યું હતું. સરતાનજીએ બાબરિયા અને મહિયા પાસેથી જૂનું વાંકાનેર અને ૧૦૮ ગામડાં જીતી લીધાં અને ૧૬૦૫માં નવું વાંકાનેર વસાવ્યું. આ મુજબ આજે વાંકાનેરને લગભગ ચારસો વરસ થયાં. ત્યાંના મૂળ માલિક મહિયાઓ પછી મોરબીના સાદુળકા ગામ ચાલ્યા ગયા. પરંતુ તે પણ સરતાનજીએ લઈ લીધું. મહિયાઓ જૂનાગઢ પ્રદેશમાં આવતા રહ્યા તે આજસુધી માળિયા હાટીના વિસ્તારમાં વસે છે એમ કહેવાય છે કે ત્રણ મહાત્માઓ ફરતાં ફરતાં વાંકાનેર આવ્યા હતા. ફકીર મહમદ શાહ, હરજનપુરી ગોસાઈ અને વનમાળીદાસ વૈષ્ણવ ફરતાં ફરતાં વાંકાનેર આવ્યા. સરતાનજી એના દર્શને આવ્યા. મહમદ શાહે સરતાનજીને આશીર્વાદ આપ્યા. વાંકાનેરમાં સંકડાશ પડતાં ૧૬૫૦માં મચ્છુ નદી તથા પતાળિયા નામના વોંકળાની વચ્ચે નવું વાંકાનેર વસાવ્યું. આ પછી ત્યાં દરબારગઢ બંધાયો. ફકીર મહમદ શાહે ત્યાં દરગાહ સ્થાપી. એમને રાજય તરફથી અરણી ટીંબાનો ગરાસ અપાયો. વનમાળીદાસને ખીજડિયાનો ગરાસ અપાયો.

વાંકાનેર બીજા વર્ગનું સલામી રાજય હતું. ૪૧૭ ચોરસ માઈલનો વિસ્તાર હતો. ૧૦૨ ગામ હતાં. વાંકાનેરના ચાર મહાલ હતા. પહેલું વાંકાનેર મહાલ, બીજું તીથવા મહાલ, ત્રીજું મેસરિયા મહાલ અને ચોથું લુણસર મહાલ જેમાં ૧૦૨ ગામોનો સમાવેશ થતો. વાંકાનેર રાજયની વસતી ૧૮૮૧માં ૩૦૪૯૧, ૧૮૯૧માં ૩૯૩૩૮, ૧૯૦૧માં ૨૭૩૮૩, ૧૯૧૧માં ૩૨૬૩૫, ૧૯૨૨માં ૩૬૮૨૪ અને ૧૯૩૧માં ૪૪૨૫૯ની હતી. વાંકાનેર શહેરની વસતી ૧૮૮૧માં ૫૫૩૩, ૧૮૯૧માં ૭૦૦૧, ૧૯૦૧માં ૬૯૭૩, ૧૯૧૧માં ૭૮૮૭, ૧૯૨૧માં

૮૫૯૬, ૧૯૩૧માં ૧૧૧૩૨ અને ૨૦૦૧માં૪૦૧૯૧ હતી. એક એરપોર્ટ વાંકાનેરમાં પણ હતું.

વાંકાનેર રાજયના સ્થાપક સરતાનજીનો રાજયકાળ ૧૬૦૫ થી ૧૬૨૩નો હતો. તેઓ હળવદના રાજ સાહેબ મહારાણા ચંદ્રસિંહજીના પુત્ર પૃથ્વીરાજના પુત્ર હતા. સરતાનજીના પિતા ગુજરી ગયા ત્યારે તેમની માતા પોતાના દિયર થાન લખતર રાજયના સ્થાપક અભયસિંહજીના આશ્રયે થાનગઢમાં આવીને રહ્યાં. હળવદના રાજસાહેબે એમના રાજયને નુકસાન થશે એવી શંકાને લીધે થાનગઢમાં લશ્કર મોકલ્યું. અભયસિંહજીએ ભાભીને બીજે જતાં રહેવાનું કહ્યું, સરતાનજીની માને યાદ આવ્યું કે પોતે ચોટીલાના દરબાર લાખા ખાચરને રાખડીભાઈ બનાવ્યા છે. લાખા ખાચરને ખબર પડતાં જ તેમણે બારસો ઘોડા સાથે આવીને મદદરૂપ થયા અને પોતાના પિયર જાંબુડા પહોંચાડી દીધા. સરતાનજી મોટા થઈને હળવદ સામે બહારવટે ચડયા. પછી નવાનગરના જામની મદદથી એમને ઈડર પરણાવ્યા. જામે એમને એક હજાર અસવાર આપ્યા. પરિણામે એમનું લશ્કરી બળ મજબૂત બન્યું. ગઢિયાના ડુંગરમાં એમણે મહિયાઓ અને બાબરિયાઓ સાથે મૈત્રી બાંધી પણ એ લોકોએ સરતાનજીને મારીને એમની તમામ મિલકત પચાવી પાડવા પ્રયત્ન કર્યા. સરતાનજીએ આ સમાચાર જામને આપ્યા. જામે સરતાનજીને મદદ કરી પરિણામે બાબરિયા અને મહિયા શરણે થઈ ગયા. સરતાનજી વઢવાણથી સીધા વાંકાનેર આવ્યા એમ પણ કહેવાય છે. ડૉ. પ્રદ્યુમન ખાચર નોંધે છે કે “તારીખે સોરઠ-વ-હાલાર”માં દીવાન રણછોડજીએ લખ્યું છે કે વાંકાનેરમાં ભારાજી ઝાલાનું રાજ હતું જે પહેલાં હળવદનો ટીલાયત હતો. એના પિતા ગુજરી ગયા ત્યારે સરતાનજી ગામ બહાર એમના અગ્નિસંસ્કાર કરવા ગયા ત્યારે તેના ભાઈઓએ પાછળથી દરવાજા બંધ કરી સરતાનજીને બહાર જ રાખ્યા, તેથી સરતાનજી જામની સહાયતા લેવા ગયા અને તેમની મદદથી ૧૦૮ ગામો જીતી લીધાં.

સરતાનજીના મનમાં હજી હળવદ જીતવાની તમન્ના હતી. એમણે ઈડરના સાસરાપક્ષ- મદદ લઈ હળવદ જીતવાની યોજના કરી પણ કોઈ માણસે હળવદ જઈને અમરસિંહજીને વાત કરી દીધી. ઈ.સ.૧૬૨૩માં લડાઈ થઈ. જેમાં સરતાનજી માર્યા ગયા. તેમના મૃત્યુના ખબર રિસામણે બેઠેલાં એમનાં રાણી પ્રતાપકુંવરબાને ખબર પડતાં તેઓ સતી થઈ ગયાં. એમની સાથે એમની બહેનપણી સૂરજબાઈ પણ સતી થઈ ગયાં.

માનસિંહજી તેઓ વાંકાનેરના. બીજા શાસક હતા. ૧૬૨૩માં તેઓ ગાદીએ આવ્યા તેઓ સગીર હોવાથી રાજય તેમના કાકા રાજોજી ચલાવતા હતા. ૧૮૫૩માં તેમનું અવસાન થયું. તેમના પછી રાયસિંહજી ગાદીએ આવ્યા. એમણે ૧૬૫૩ થી ૧૬૭૯ સુધી રાજ ચલાવ્યું એને બે કુંવર હતા. એક ચંદ્રસિહજી અને બીજા વેરોજી. એમના અવસાન પછી ચોથા શાસક તરીકે ચંદ્રસિંહ પહેલા આવ્યા એમણે બાબી નજરઅલીખાનને હળવદમાં હરાવ્યા હતા. તેમણે ૧૬૭૯થી ૧૭૨૧ સુધી રાજ કર્યું. એમના પછી પૃથ્વીસિંહ સત્તા પર આવ્યા. તેમણે સાત વરસ રાજ કર્યું. ૧૭૨૮માં તેઓ ગુજરી ગયા. તેમને દીકરો નહોતો તેથી તેમના ભાઈ કેશરીસિંહ ગાદીએ આવ્યા. તેઓ વાંકાનેરના છઠ્ઠા શાસક હતા. જામસાહેબ ઈચ્છતા હતા કે કેશરીસિંહના બીજા ભાઈ વરસોજી ગાદીએ બેસે. વઢવાણે કેશરીસિંહને મદદ કરી રાજસિંહાસને બેસાડયા. ૧૭૪૯માં તેઓ ગુજરી ગયા. એમના પછી ભારોજી સાતમા શાસક બન્યા. એમના સમયમાં વાંકાનેરનું શાસન અસલામત બની ગયું. કાઠી દરબારો વાંકાનેર પંથક ધમરોળતા હતા. વાંકાનેરે પણ ભીમોરામાં લૂંટફાટ કરી. ભારોજીએ જૂનાગઢની સહાય માંગી. દીવાન અમરજીની મદદથી કાઠીઓને હરાવ્યા. તેઓ નિરંતર દાન કરનારા સાહસિક હતા. તેઓના દરબારમાં મહેમાનો માટે રોટલો એટલો મોટો આવતો કે ત્રણ માણસ સહેલાઈથી ખાઈ શકે.

૧૭૮૪માં કેસરીસિંહજી બીજા ગાદીએ બેઠા. ભારાજીના યુવરાજ મૃત્યુ પામ્યા હતા તેથી તેમના પૌત્ર કેશરીસિંહને ગાદી મળી. ૧૭૮૭માં ત્રણ વરસ શાસન કરીને તેઓ ગુજરી ગયા. એમની જગ્યાએ ચંદ્રસિંહજી બીજા આવ્યા. એમને પગે ખોટ હતી છતાં તેઓ બહાદુર હતા. રામપરડાના કાઠીઓએ છાબા અને હાપા, કરપડાએ વાંકાનેરની હદમાં આવીને લૂંટફાટ કરી. ચંદ્રસિંહજીએ રામપરડા ઉપર ચડાઈ - કરી અને કાઠી દરબારો પાસેથી બત્રીસ ઘોડીઓ લઈ આવ્યા એ જમાનામાં રિવાજ હતો કે વિજયના પ્રતીકરૂપે કંઈક લાવવું. રામપરડાના દરબારો ધ્રાંગધ્રાના રાજાના આશ્રયે હતા. જશવંતસિંહજીએ વેર વાળવા જામનગર અને જૂનાગઢની મદદ માંગી. આ બંને રાજવીઓને આમ પણ વાંકાનેર ઉપર ગુસ્સો હતો

જ. પરિણામે ત્રણેય રાજવીઓની ફોજે વાંકાનેરને ઘેરી લીધું. વાંકાનેરે જોરદાર મુકાબલો કર્યો. જશવંતસિંહજીએ કહેવડાવ્યું કે બત્રીસ ઘોડાઓ પાછા આપી ઘો તો ત્રણેય લશ્કર પાછાં જતાં રહેશે. વાંકાનેરે ના પાડી. પરિણામે આ ઘોડાઓ માટે લડાઈ થઈ. જામ અને નવાબના લશ્કર પાછાં જતાં રહ્યાં. વાંકાનેર ઠાકોરે ત્યાંના શેઠ આદમજી અને ઝવેર વાલમ પાસેથી ધનદોલત મેળવ્યાં હતાં. આમ રાજાની શૂરવીરતા અને ધનિકોના ત્યાગ આમાં કામ કરી ગયો. એમણે જ અંગ્રેજો સાથે વોકર કરારમાં સહી કરી હતી. એમનું ૧૮૪૯માં મૃત્યુ થયું. ચંદ્રસિંહજીના અવસાન પછી વખતસિંહજી ગાદીએ આવ્યા. તેઓ ધાર્મિક પ્રકૃતિના હતા. તેમની સાથે અનેક ધાર્મિક કથાઓ વણાયેલી છે. વખતસિંહજીને સાત કુંવર અને છ કુંવરી હતાં. ૧૮૬૦માં તેમનું અવસાન થયું. આ પછી બનેસિંહજી ૧૧માં શાસક તરીકે બેઠા. વખતસિંહજીને જશવંતસિંહજી નામના યુવરાજ હતા. પણ વીસ વરસની ઉમરે તેઓ મૃત્યુ પામ્યા તેથી પૌત્ર બનેસિંહજીને ગાદી મળી. તેમણે રાજયને પ્રગતિશીલ બનાવવાનાં ઘણાં પગલાં લીધાં અને રાજય ઉપરનું દેવું ભરી દીધું અને વાંકાનેરનો કિલ્લો રિપેર કરાવ્યો. નવી જેલ અને હોસ્પિટલ ખોલી. પોલીસ પ્રથા દાખલ કરી. તેમણે છ નવાં ગામ વસાવ્યાં- ૧૮૮૧ માં એમનું અવસાન થયું. એમના પછી વાંકાનેરની ગાદી ઉપર બારમા શાસક તરીકે અમરસિંહજી આવ્યા. એમનો જન્મ ૪/૧/૧૮૭૯ના રોજ થયો હતો. ૧૮૮૧માં તેઓ ગાદીએ બેઠા પણ તેમની ઉમર બે વરસ હોવાથી પોલિટિકલ એજન્ટની દેખરેખ નીચે વહીવટ ચાલતો. ૧૮૯૯માં એમને પૂરી સત્તા મળી પોલિટિક્લ એજન્ટ શ્રી હંટરે ભગવતસિહજીનાં મહારાણી અને વડીયા દરબાર શ્રી બાવાવાળાની હાજરીમાં એમને રાજ સોંપ્યું. તેઓ રાજકુમાર કોલેજમાં ભણ્યા હતા. રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ મેળવેલી. યુરોપનો પ્રવાસ પણ કર્યો હતો. અંગ્રેજ સરકારે એમને કે.સી.આઈ.ઈ.નો ઈલ્કાબ આપ્યો હતો. તેમણે પ્રથમ વિશ્વયુદ્ધમાં ભાગ લીધેલો. વાંકાનેરના પ્રજાજનોની અનિચ્છા છતાં તેઓ યુદ્ધમાં ગયા. યુરોપ પહોંચી આઠ મહિના યુદ્ધમાં ગાળ્યા. ૧૯૧૬માં વાંકાનેર પાછા આવ્યા. તેમની સાથે કુમાર શિવભદ્રસિંહજી પણ ગયા હતા. પ્રથમ વિશ્વયુદ્ધના મોરચેથી તેઓ પાછા આવ્યા ત્યારે ચાર દિવસ મહોત્સવ ઉજવાયો હતો.

તેમણે ઝાલા કુળના ઈતિહાસને આવરી લેતો વિસ્તૃત ગ્રંથ રાજકવિ નથુરામ શુક્લ દ્વારા તૈયાર કરાવ્યો જેમાં બાર વરસ લાગ્યાં. એમના શાસનમાં વાંકાનેરે જોરદાર વિકાસ કર્યો. દુકાળ વખતે તેમણે તળાવો ખોદાવ્યાં તેમજ કેનાલોનું સમારકામ કર્યું અને ગામે ગામ કૂવા ખોદાવ્યા. તેમણે અમરસસ, જામસર, ગોક્ળપર, છત્તર, કાશીપર સહિત ૧૭ ગામો વસાવ્યાં. એમણે પાતાળિયા વોંકળાનો પૂલ બંધાવ્યો, યુરોપિયન ગેસ્ટહાઉસ બંધાવ્યું અને મોટીબા હોસ્પિટલ બંધાવી, જેનું ઉદ્‌ઘાટન મુંબઈના ગવર્નરે કર્યું. ૧૯૧૩માં કાઠિયાવાડના એજન્ટ સ્લેડનના હાથે સર જયોર્જ હાઈસ્કૂલનો પાયો નંખાયો. ૧૯૧૫માં પાવરહાઉસનું ઉદ્‌ઘાટન કચ્છના મહારાજાના હાથે થયું. વાંકાનેરની મુલાકાતે લોર્ડ ઇરવિન તથા વિલિંગ્ડન પણ આવ્યા. એમને ત્યાં ૧૯૦૭માં મોટા પુત્ર પ્રતાપસિંહજી જન્મ્યા અને પ્રતાપસિંહજીને ત્યાં દિગ્વિજયસિંહજી ૧૯૩૨માં જન્મ્યા. ૨૦૦૧માં ધરતીકંપે વાંકાનેરને પણ નુકસાન કર્યું. પુલના દરવાજાઓને જબ્બર નુકસાન થયું. રણજીત વિલાસ પેલેસના થોડા કાંગરા ખરી પડ્યા.

સ્વાતંત્ર્ય સેનાની શ્રી જાદવજી મોદી વાંકાનેરના હતા. એ જ રીતે મનુભાઈ મહેતા વાંકાનેરના જ હતા. વાંકાનેરમાં ઘણા પાળિયાઓ આવેલા છે. અહીંના લુહારોના બનાવેલાં તાળાં વખણાય છે. તેમજ જવેલરી પણ પ્રખ્યાત છે.

'આશિયાના', ૭, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી,
રાજકોટ-૩૬૦૦૦૭
ફોન - ૨૫૭૫૩૨૭






Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.gujarat.gov.in


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

ઘટના પ્રધાન રચના

- દોલત ભટ્ટ

૧૮૫૭ના બળવાના સમયનું સૂરત

અઢારસો સત્તાવન મહા ભેંકારી
લાગી જોને બળવા કેરી લ્હાય,
સૂરત શહેર શું કરે બિચારું હિંદ કરે હાય હાય ... ટેક
પરદેશી ગોરાઓ આવ્યા સૂરતમોજારે
પાજીઓ કરવાને વેપાર,
કાવાદાવા પ્રપંચ કરીને પાસાં કર્યા પોબાર,
ઈસ્ટ ઈન્ડિયા સરકાર બની મતવાલી,
કરતી જ્યાં ત્યાં પગપેસાર,
ખાલસા નીતિ અજમાવે ખૂબીથી
લૂંટે રાજ દરબાર,
શીખ ગુરખાને જાટનું લશ્કર અતિ ભારી,
પઠાણ ડોગરા ફોજ કરી તૈયારી
રજવાડા કૈં રોળ્યાં સત્તાધારી,
ભારતમાં ડંકો વાગ્યો અંગ્રેજનો ભારી,
ગોરું સામ્રાજ્ય સ્થપાયું હિંદમાંય સૂરત(૧)
પરદેશી ગોરાઓ હિંદ પચાવી બેઠા,
હિંદીના હૈયે ઊઠી આગ,
દિલ્હીપતિ બહાદુરશાહ જુ કરે,
માંડ્યો અખંડિત જાગ,
લખનૌ નવાબ વાજીદ અલીશાહ ભાટી,
લશ્કર સજી પોતે બન્યા સજાગ
હાક વાગી સૌ હિંદી જાગ્યા
ધોવા દેશનો ડાગ.
હિંદી લશ્કરમાં પ્રગટી ઊઠી હોળી,
ભ્રષ્ટ કરે છે કારતૂસ કેરી ગોળી
દુષ્ટે એને ફક્કરની ચરણીમાં બોળી,
હિંદુ મુસલમાન દીધા રગદોળી,
લશ્કરો સામ સામે અથડાય. સૂરત(૨)
જુફરશાહને કીધા બંદીવાને,
ભાગતો ફરે મુગલનો વંશ,
ખોળી ખોળીને કતલ ચલાવે,
કરી નાખે વિધ્વંશ,
વાજીદ અલી શાહ લખનૌ ઘેરી લીયું
કેદ કરી શોધ્યો એનો અંશ.
કતલ કારમી કાનપુરની
સૂણતાં લાગે દંશ
અહમદશાહ હનુમંતસિંહ હોમાયા,
કુંવરસિંહે છક્કા એના છોડાવ્યા,
અમરસિંહે ઈતિહાસે નામ દીપાવ્યાં,
નાના સાહેબની પાછળ સહુ પટકાયા.
ગોરાએ મૂકી દીધી માજાય. સૂરત(૩)
જંગે ચઢી ઝાંસીની રાણી મરદાની,
હિંદવાલી કૂદી પડી મેદાન,
કંઈક ગોરા કર્નલના એ તે,
કીધાં રુધિર પાન,
રણચંડી મુઝે ભારતની નારી,
ગોરાનું ઉતાર્યું અભિમાન,
અમર બની ઈતિહાસે ગાજે,
લક્ષ્મીબાઈની શાન,
પ્રપંચ કરી પંજાબ પચાવી લીધું,
પઠાણ વીરોએ સરહદ રાખ્યું સીધું.
બળીઆ દેખી અંગ્રેજ સરકાર લીધું
નેપાળ ગુરખા વીરોએ નમવા નહિ દીધું.
અમર બની ઈતિહાસે વંચાય. સૂરત(૪)
અજનાબાના બૂરા અત્યાચારે
બકરી ઈદનો દિવસ દિલજાન,
ખોળી ખોળીને મુસલમાનોની,
કતલ કરી નાદાન,
બાળક બુઢ્ઢાને કતલ કરી કંઈ નારી,
લાશોનો કૂવો ભર્યો તે સ્થાન.
અંગ્રેજોના એ અત્યાચારને ભૂલ્યા મુસલમાન
નિઝામ ખંધો દેશદ્રોહી દિલજાને,
ગોરાને સોંપ્યા એણે પકડી મુસલમાને
અંગ્રેજે તેમની કતલ કરી હેવાને,
ભાઈભાઈને મરાવી પામ્યો માને
કર્મચંડાળ કંઈ થયા આ ભારતમાંય. સૂરત(૫)
બળવાની આગ સળગી ગઈ દેશમાં કારી

સૂરતની દશા કરું આ કામ.
ભયભીત થઈ કંઈ લોક ભાગતા
માયાળુજી લઈ હાય.
મારગમાં નોંધારા થઈને લૂંટાયા
બિચારા બની ગયા બેહાલ
ધનદોલત કંઈ લોકે દાટ્યાં
શાહુકારે આપ્યાં તમામ
જનતાના હૈયે ઉત્પાત મચ્યો અતિ ભારી,
સરકારે લશ્કરની કીધી ઘણી તૈયારી,
શેખ સયદ હુસેન એડ્સની લીધી યારી,
એણે હિંદુ મુસ્લિમ સર્વેને લીધાં વારી,
ગોરાથી શાને કરો છો બુરાઈ. સૂરત(૬)
આવ્યું ગોરું લશ્કર શહેર માં હાં રે,
મસ્તાના મચાવતા ઘમસાણ,
માલ પરાયો સમજી પોતાનો,
લૂંટી લેતા હેવાન,
ફરિયાદ કરે પણ કોણ સૂણે?
પોકારે ગાડું એ લશ્કર છે તોફાન
નામ લેશો તો નિશ્ચે તમારું,
આવી જશે અવસાન.
ગોરા સોલ્જરનો ભય લાગે બહુ ભારી
આવ્યું લશ્કર જાણી સૌ ઢાંકે બારણાં બારી
રસ્તે ઘાટે કોઈ ફરતી સુંદર, નારી,
પાજીઓ જોઈને પોંચા કરડે તે વારી
હવસના કૂતરાઓ કહેવાય. સૂરત(૭)
ભૂંડા હાલે કાંઈ લલના ઝીલી લીધી,
અબળાએ કરતી આંસુપાત,
સોલ્જર લોતી છાવણીમાં જઈ,
કરતી મહા કલ્પાંત,
વિષયના કીડા એનું રુધિર ચૂસી લેતાં,
જંપવા દેતા નહીં દિન રાત,
ગાજર મૂળાની જેમ સ્તન કરડીને
ફેંકી દેતા એનાં ગાત્ર,
કાચા માંસના કરતાં જેઓ આહારે
અબળા પર બહુ કરતા અત્યાચારે,
ગોરા સોલ્જર કેર કરે બહુ ભારે,
કોઈ કહેવા જાય તો ગોળીથી વીંધી મારે
ભૂડાની મોકાણો બહુ સંભળાય. સૂરત(૮)
બંડખોર એક સાધુ નિર્મળદાસે,
શહેરમાં કરે છે જૂઠો પ્રચાર,
ભેગી કરે મંદિરમાં મેદની,
સૌનો એ છે સરદાર,
ગોરા કલેક્ટરે હુકમ કર્યો તે વારે,
પકડીને લાવો આણે ઠાર.
નિર્મળદા અને પકડી લાવી,
પૂર્યા જેલ મોઝાર.
જેલમાં બેસી ચમત્કારો બહુ કરતા
ઘોડીએ બેસીને ફેરી નગરમાં ફરતા
મંદિરમાં જુઓ તો સંધ્યા આરતી કરતા
જેલરને પછાડ્યો બૂરો મોત મરતા
સંતપુરુષના મોટો એ મહિમાય. સૂરત(૯)
ગોરા અંગ્રેજના સ્થાને પહેરો છે ભારી
રાત પડે થાય મહા ધમરોળ.
છેડો વાળીને અબળા ઘણેરી કરતી રડારોળ,
પામી ગોરા તું સાધુને કેમ સતાવે?
મોત તારું ચઢી બેઠું ચકડોળ
ગોરો પૂછે સિપાઈ લોકને શાની છે ધમરોળ?
હિંદી સિપાઈએ વાત કહી વિસ્તારી,
સાહેબ અમૌ સૌ ગયા એનાથી હારી
કોઈ સંતપુરુષની લાગે છે સહિયારી
સાહેબ તમને શાપ દે છે બહુ ભારી
ગોરો ઝટ સમજી ગયો મનમાંય. સૂરત(૧૦)
સંત પુરુષને પ્રેમે શીશ નમાવી
ગોરાએ મુક્ત કર્યા દઈ માનવી
ભૂલ થઈ છે ભારે હમારી
દિલમાં ન દેશો ધ્યાન
મંદિરે આવતાં દિલમાં થયા ઉદાસી
સાધુ એક રામકિસન નિરવાણ
પકડી ગયા સિપાઈ પ્રપંચી
યજ્ઞ કરે તે સ્થાન
સદ્‌ગુરુ નિર્મલદાસ થયા ઉદાસી
પહોંચ્યા ગોરાની પાસ કરીને હાંસી
સાધુ જનને સતાવો સત્યાનાશી,
ગોરો સમજ્યો મનમાંય સાધુ સુખરાચી
સાધુને છોડી મૂક્યાં ક્ષણમાંય સૂરત(૧૧)
રાણા કોમના ભજનિકો બહુ ભારી

રાતે ભજન કરે દિલજાન
ભજનાંનદની ધૂન મચાવી
ભૂલી દેહનું ભાન
માજુમ રાતે આવ્યા સિપાઈઓ દોડી
સહુને પકડી ગયા નાદાન
કારાગૃહમાં પૂરી દઈને કીધાં બંદીવાન
નિર્મળદાસે વાત સાંભળી તે વારે,
સદ્‌ગુરુ ધાયા ભક્તજનોની વહારે,
સિપાઈઓ પકડી લાવ્યા અવિચારે,
સાધુની વાત ગોરાએ માની નિરધારે,
ભક્તોને મુક્ત કરાવ્યા ત્યાંય. સૂરત (૧૨)
શકમંદ થઈને ધરતી જડતી લેતા,
મંદિરો શોધી વળ્યા તમામ,
મસ્જિદોમાં નહિ થાય મેદની,
રાખ્યો ભૂંડો દમામ,
જોર કરી કંઈ લોહના જામીન લીધા,
લેશો નહીં બળવા કેરું નામ,
સૂરત શહેર ભયાનક દીસે, કાંપે લોક તમામ
શોધ કરતાં હથિયારો મળ્યાં બહુ ભારી,
બળવાખોરોની લાગી નહિ કાંઈ યારી,
છટકી ગયા સહુ પુરણ કરી બલિહારી.
શકમંદ જાણીને બતાવે જેલની બારી.
કોને જઈ કહેવો ગોરાનો ''ન્યાય''? સૂરત(૧૩)
દફતરમાં હતી નોકરી પટાવાળાની
સાહેબ વાત કરે બહુ પેર,
બળવા કેરી કથા સૂણીને સાંજે આવતો ઘેર,
ઘરને આંગમે મિજલસ મળે બહુ સારી,
વાત હું કરતો રૂડી પેર
આવી અચાનક, પકડી ગયા
સિપાઈને શાની મહેર?
ત્રણ વરસની સજા દીધી ફરમાવી
જેલર સાથે પ્રીત થઈ મનભાવી
એને બળવા કેરી વાતો બહુ સંભળાવી
જોયું સાંભળ્યું તે લખી લીધું ઘેર આવી.
હરિલાલને ભેટી બળવા કેરી બલાય. સૂરત(૧૪)
બત્રીસ માણસો કેદી હતા સૂરતના,
ભૂડાઓ પકડી લીધેના ન-કાળ
કાયર થઈને રૂવે બિચારા,
હૈયે રહે નહિ હામ,
સમય વીત્યો ને સજા થઈ ગઈ પૂરી,
કેદથી મુક્ત થયા તે કામ.
બળવાની આગ બુઝાયેલી દીઠી
ઘેર આવી બેઠા આરામ
ગુરુ બંસીલાલે કૃપા ઘણેરી કીધી
હેત કરીને શાયરી મુજને દીધી
જૂન અઢારસો ત્રેસઠને ચૌદમી સદી
ગોરાનાં અકર્મ કેમ ગવાય? સૂરત(૧૫)

શાયર હરિલાલ

ઈ.સ. ૧૮૬૩

(Appearing in "The Theosophist," May 1880 pp. 209.)

WELCOME THEOSOPHY !

By Narmadashankar Lalshankar, Esq.
(the Gujarati Poet)

Composed for, and read at, The fourth Anniversary of the Theosophical Society.

(સોરઠો)

રૂડો મળ્યો સમાજ, મિત્ર કવણને કામ આ?
કવણ પ્રસંગે આજ, કરવા કવણ વિચારને? -૧

(દોહરા)

અમેરિકાથી આવિયા, ભરતખંડ મોઝાર,
સ્થાપી કરવા વાસ્તે, મિત્ર થયા હિતકાર. -૨
બહુ જાણે વિદ્યા કળા, શોધક વળી સમર્થ,
જડ ચેતનના ધર્મમાં, વિશેષ દાખે અર્થ. -૩
આર્ય તણી વિદ્યા પરમ, તે પર મોટો ભાવ,
કરવા જિર્ણોદ્ધાર તે, શ્રમે કરે પ્રસ્તાવ. -૪
દેહ માહિનાં તત્ત્વનો, ઝાઝો કરવે શોધ,
સભા સ્થાપિ ન્યૂર્યોકમાં, લેવા દેવા બોધ. -૫
મુંબઈમાં શાખા કરી, જાણી ઘણી અગત્ય,
પ્રતિ માસે તે દાખવે, આર્ય શાસ્ત્રનાં સત્ય. -૬

(ગીતો)

તે મિત્રોને ત્યાં સઉ, છીએ મલ્યા આપણે અહીં આજે,
બહુ જીવો એ રોહો, પ્રસન્ન ઉદ્યમ સદાય સત્કાજે. -૭
યોદ્ધા ઉભે યશસ્વી, બ્લાવાસ્ટકી ઓલકોટ એ ઘુમતા,
શોધ ભૂમી પર નિશ્ચળ, પ્રતિપક્ષી તે મમત મુકી હઠતા.-૮

(પદ)

ઓચ્છવ છે આજ સઉ હર્ષ મિત્ર માણે
સભા સ્થાપી એહ દિવસ કીર્તિ કરે ગાણે-ઓચ્છવ. -૯
શાખા ત્યાં ત્યાં મળે જન સમારંભ ટાણે,
સાક્ષરો તો રાજી થઈ શ્રમ યશાળ જાણે-ઓચ્છવ -૧૦
સર્વે સંબંધી આવે સુપ્રતીતિ આણે,
ચિત્ત ધર્મ ગુઢ તોય સત્વ તે પ્રમાણે-ઓચ્છવ -૧૧
સત્ય સત્ય સત્ય જ્ઞાન આદિવેદ ખાણે,
બ્રાહ્ય બ્રૌધ્ય જૈન શાસ્ત્ર યોગને વકાણે-ઓચ્છવ -૧૨

(રોલા)

બાહ્ય ઈંદ્રિયે લહ્યું, તે જ સાચું બીજું નહિ,
આ શૈકામાં એમ, જગતમાં ચાલ્યું જહિં તહિં. -૧૩
જેનો બહુ દ્રઢ ભાવ, પૂર્વના સિદ્ધાંતો પર,
આર્ય તેહ પણ ભુલ્યા, બાજતાં મોહ તણો થર. -૧૪
યોગ સિદ્ધિનાં સત્ય, અતીસેં રેવિગુવાયાં,
તાણ્યા તૂણ્યા તર્ક, તૂત છળ વહેમ મનાયા. -૧૫
પિતૃદેવને ને ભૂત, વસ્તુતઃ નહીં જ કોએ,
કલ્પિત રૂપક નામે, બોધ દેવામાં સોએ. -૧૬
મંત્ર તંત્ર એ જુક્તિ, જુઠાં પાખંડ ગણાય.
ધુર્ત્ત વર્ગનાં કૃત્યે, રાંક અણજાણ ઠગાય. -૧૭
ફેરફાર એ થયો, ધર્મની પાળ ખણાઈ,
ચેતન વિદ્યા વડી, છેક નિસ્તેજ જણાઈ. -૧૮
અહિયા તેમજ બધે, જગત નો સ્થૂળ જ જોએ,
પદાર્થ વિદ્યા તણું, તેજ બળ ઝલકી મોંહે. -૧૯

(સાખી)

વળી આમ જુઓ(૩) બોલો કેમ જણાએ,
જુઠું જાણ્યું તે તો હવે સાચું થાએ. -૨૦

(રોલા)

વર્ષ અઢાર ઉપર અમેરિકાનાં લોકે,
ભૂતિયોની ભાણી સત્ય, દાખલાઓને થોકે. -૨૧
વર્ષ થયાં છે ચાર સભા થઈ થીઓસોફીની,
તે માને છે સત્ય વિભૂતિઓ સિદ્ધીની. -૨૨
પશ્ચિમવાસી બીજા અમુક મોટા વિદ્વાનો,
પરોક્ષ વિદ્યા વિષે કહે છે સાચી માનો. -૨૩
વર્ષ થયાં છી વીસ લખ્યું વિષ્ણુ બાપાએ,
દશ દિધું પ્રત્યક્ષ સત્યશ્રંગી માતાએ. -૨૪
પાંચ વર્ષમાં વલી હતા જે વિચારવંતા,
સંશય ટાલી થયા સિદ્ધિઓને માનતાં. -૨૫
પંડીતને પ્રખ્યાત દયાનંદ સ્વામીએ પણ,
આ વર્ષે સર્વત્ર સ્પષ્ટ ભાખ્યું શંકાઈણ. -૨૬
યોગક્રિયાએ કરે કર્મ અદ્વુત આત્માએ,
સંયોજી દે તત્ત્વ ભીતરનાં નિજ ઈચ્છાએ. -૨૭
સભા સ્થપાઈ અહીં આર્ય પણ થયા છ સાથી,
અહીંના જનતો થશે મુક્ત વેળા શંકાથી. -૨૮
નથી લોકને અર્થ જાણવે શાસ્ત્ર જ કોએ,
માની સિદ્ધિને સત્ય ક્રિયા કરશે દ્રઢતાએ. -૨૯
સિદ્ધિ લાભ છે તુચ્છ મહાત્ત્મા જ્ઞાની ભાખે,
તત્ત્વ જ્ઞાનને ધર્મ એહને અવશ્ય રાખે. -૩૦
પણ સાંપ્રતમાં વિષય અવશ્યે જો ચર્ચાએ,
સર્વ જગતને લાભ ખરો ને મોટો થાએ. -૩૧
મરણ પછીની જાણ અર્થ સંસારી કેરી,
ધર્મનીતિની જાણ વ્યાપી આત્મા પ્રભુ તેની. -૩૨
થાય વળી વિદ્વાન ધર્મ ચૈતનના જાણે
ભેદ લહી બહુ ભાત સુખદ ઉપયોગે આણે. -૩૩
થયો દીઠો આરંભ ફરતાં વિચાર કેરો
ચાલે છે ઉદ્યોગ સમયને જશું વેલ. -૩૪
સમય સૂચના કરે ફરીથી સિદ્ધિ મનાશે,
ચૈતન વિદ્યા તણું તેજબળ વિશેષ થાશે. -૩૫


(પદ)

પ્રભુતણું ચિંતન ધરીએ હૃદયમાં, પ્રભુ તણું ચિંતન ધરીએ,
સિદ્ધિ સ્વભાવે સમયે સિદ્ધિમતે વિવિધ કહેવાય હૃદયમાં -૩૬
પૂર્વ કર્મથી ક્રિય માણે ભેદે એમ મનાય-હૃદયમાં. -૩૭
મંત્રજપે વળી યોગ ક્રિયાયે સાધન યેલેખાય-હૃદયમાં.-૩૯
સિદ્ધેશ્વર અનુકુળ તો જ તપ, સિદ્ધ સફળ સોહાય-હૃદયમાં.-૪૦

(સોરઠા)

જય જય નિત્ય પ્રકાશ ! અસ્ત ઉદય લીલા રમે!
અસ્ત જાડ્યનો રાશ! ઉદય ઉદય થીઓસોફી. -૪૧

૨૫/૪ 'ઘ' ટાઈપ, સેક્ટર-૨૨, ગાંધીનગર.
મો. ૯૮૨૫૫૨૬૨૫૫



યોગેશ્વરકૃત કથાસાહિત્ય

- પ્રસાદ બ્રહ્મભટ્ટ

ગુજરાતના ગરવા સંતસાહિત્યકાર યોગેશ્વરજીનો જન્મ અમદાવાદ અને ધોળકાની વચ્ચે આવેલા સરોડા ગામમાં બ્રાહ્મણકુટુંબમાં ૧૫ ઑગસ્ટ, ૧૯૨૧ના રોજ થયો હતો. મૂળ નામ ભાઈલાલ. પિતાનું નામ મણિલાલ ભટ્ટ. આર્થિક સ્થિતિ સાધારણ. ભાઈલાલે પ્રાથમિક શિક્ષણ સરોડામાં લીધું. તેમની નવ વર્ષની વયે પિતાનું અવસાન થયું. પછી તેઓ મુંબઈ ગયા. મામાના પ્રયાસથી લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ થઈ શાળાનું શિક્ષણ પૂરું કર્યું. સત્તર વર્ષે મેટ્રિક પાસ થઈ વિલ્સન કૉલેજમાં દાખલ થયા, પણ પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થતાં, અભ્યાસ છોડી દીધો. કૉલેજકાળ દરમિયાન તેમના જીવનમાં મુખ્ય બે પ્રવાહનાં દર્શન થાય છે. આત્મોન્નતિની સાધનાનો અને સાહિત્ય વાચનલેખનનો. જીવનભર આ બંને પ્રવાહો સતત વહેતા રહ્યા.

'મહાભારતનાં મોતી' એ મહાભારતના પ્રસંગવિશેષોને આધારે લખાયેલો ચિંતાનાત્મક ગ્રંથ છે. ભગવદ્‌ગીતા પર તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે. 'ગીતાદર્શન'માં તો તેમણે વિરાટ વિશ્વદર્શન કરાવ્યું છે

ઈ.સ. ૧૯૪૩ થી ૧૯૮૪ સુધી સતત ચાલેલી કલમ દ્વારા યોગેશ્વરજીએ ૧૫૪ જેટલાં પુસ્તકોનું લેખન કરેલું. તેમાં ૪ દીર્ઘકથાકાવ્યો, ૨૫ ઊર્મિકાવ્યોના સંચયો, ૧૪ ગદ્યકાવ્ય સંચયો, ૧૪ નવલકથાઓ, ૧ નાટક, ૧ નવલિકાસંગ્રહ, ૩ જીવનચરિત્રો, ૫ આત્મચરિત્રાત્મક કૃતિઓ, ૬ પ્રવાસ પુસ્તકો, ૩ રેખાચિત્ર સંચયો, ૨ પત્રસંગ્રહો, ૩ પ્રસંગચિત્રો, ૭ યોગદર્શનવિષયક ગ્રંથો, ૭ ઉપનિષદ વિષયક ગ્રંથો, ૨૬ ધર્મવિચારના ગ્રંથો, ૩ ગદ્યાનુવાદો અને ૬ પદ્યાનુવાદોનો સમાવેશ થાય છે. તેમનું બૃહદ આત્મવૃત્તાંત 'પ્રકાશના પંથે' બે ભાગમાં પ્રકાશિત થયું છે. ૧૯૫૩માં પ્રકાશિત 'સરળગીતા'ની સંખ્યાબંધ આવૃત્તિઓ થઈ છે. તેમણે તુલસીદાસરચિત 'રામચરિતમાનસ'નો ગુજરાતીમાં ભાવાત્મક પદ્યાનુવાદ કર્યો છે. જેની પ્રસ્તાવના અનંતરાય રાવળે લખી છે. 'રામાયણ દર્શન' સીતાહરણ પછીની ઘટનાઓને કેન્દ્રમાં રાખી રચાયેલું દીર્ઘ કથાકાવ્ય છે. 'મહાભારતનાં મોતી' એ મહાભારતના પ્રસંગવિશેષોને આધારે લખાયેલો ચિંતાનાત્મક ગ્રંથ છે. ભગવદ્‌ગીતા પર તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે. 'ગીતાદર્શન'માં તો તેમણે વિરાટ વિશ્વદર્શન કરાવ્યું છે. ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રના ગ્રંથોનું તેમને અનુભવાત્મક જ્ઞાન હતું અને તે તેમણે સામાન્ય લોકો સમજી શકે એવી સરળ અને પ્રાસાદિક શૈલીમાં વ્યક્ત કર્યું છે. તત્ત્વચિંતનનું તેમણે આપેલું વિપુલ સાહિત્ય ગુજરાતના ધર્મતત્ત્વવિચારમાં અનોખી ભાત પાડે છે. ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે તેમણે 'ગાંધીગૌરવ' નામક મહાકાવ્ય રચેલું જે કાકાસાહેબ કાલેલકર અને મોરારજી દેસાઈના આમુખ સાથે નવજીવન દ્વારા પ્રગટ થયેલું. ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ મુંબઈમાં શ્રીમદ્ ભાગવત પર પ્રવચન આપતાં તેમણે દેહ છોડેલો. તેમનાં સમર્થ શિષ્યા મા સર્વેશ્વરી 'સ્વર્ગારોહણ' સંસ્થા દ્વારા યોગેશ્વરજીનું સત્સંગપ્રધાન જનકલ્યાણલક્ષી જીવનકાર્ય આગળ ધપાવી રહ્યાં છે. ગુજરાતમાં અને ગુજરાત બહાર તેમનો વિશાળ અનુયાયી વર્ગ છે.

યોગેશ્વરજીએ ૧૪ નવલકથાઓ અને ૧ નવલિકાસંગ્રહ દ્વારા ગુજરાતી કથાસાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ૧૯૬૩માં પ્રગટ થયેલી 'યોગાનુયોગ' તેમની પ્રથમ નવલકથા છે. તે પછી ૧૯૬૬માં 'પ્રેમ અને વાસના' (ભાગ૧-૨) તથા 'કાયાકલ્પ' પ્રગટ થાય છે. ૧૯૬૯માં 'ઉત્તરપથ'(પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ) તથા 'કાદવ અને કમલ' પ્રગટ થાય છે. ૧૯૭૦માં 'રસેશ્વરી', 'સમર્પણ' ભાગ ૧-૨ અને 'અગ્નિપરીક્ષા' પ્રકાશિત થાય છે. ૧૯૭૨માં 'પ્રીત પુરાની' અને 'આગ' પ્રગટ થાય છે. 'પરીક્ષિત' ૧૯૭૬માં અને 'રક્ષા' ૧૯૭૮માં પ્રગટ થાય છે. પ્રદીપ પ્રકાશન મુંબઈ દ્વારા 'સ્મૃતિ' અને પ્રેરણા પ્રકાશન મંદિર, મુંબઈ દ્વારા 'પરભવની પ્રીત' પ્રગટ થઈ હતી. તે પછી તેમણે 'દેવયાની' નવલકથા લખવી શરૂ કરેલી પણ તે પૂરી થઈ શકી ન હતી તેથી અપ્રગટ જ રહી. યોગેશ્વરજીનો એકમાત્ર વાર્તાસંગ્રહ 'રોશની' ૧૯૭૭માં પ્રગટ થયેલો.

યોગેશ્વરજીની નવલકથાઓ કલ્પના, સત્ય, ઈતિહાસ અને પુરાણ પર આધારિત છે. તેમણે ધાર્મિક, પૌરાણિક, ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ લખી છે. તેઓ ગાંધીયુગમાં અને ગાંધી દર્શનથી પ્રભાવિત સાહિત્યકાર હોવાથી તેમનો ઉદ્દેશ જીવનલક્ષી રહ્યો છે. માત્ર મનોરંજન

માટે તેમણે કલમ ચલાવી નથી. તેમના જીવન, વ્યક્તિત્વ અને સમગ્ર અસ્તિત્વમાં શિષ્ટતા છલકાય છે. તેમના કથાસાહિત્યમાં ક્યાંય સ્વચ્છંદતા, અશિષ્ટતા જોવા મળતી નથી. કથા લેખક તરીકે તેઓ આવશ્યકતાનુસાર રંગદર્શિતા, અશિષ્ટતા, અસામાજિકતાનું આલેખન કરે છે. પરંતુ અંતે તો સત્ય, શિષ્ટતા અને નીતિનો જ જય દર્શાવે છે. ભાવકને તેઓ અશિષ્ટતાથી સાવધ રહેવાનો સંદેશ આપે છે. તેમના જીવનમાં તથા સાહિત્યમાં તેમનો આદર્શવાદી અભિગમ જોવા મળે છે. તેઓ શીલ, સદાચાર તથા તત્ત્વજ્ઞાનને વરેલા માનવતાવાદી, માંગલ્યવાદી છે. સર્વમંગલ એ તેમનું ધ્યેય છે.

યોગેશ્વરજીનું મોટાભાગનું સાહિત્ય ધર્મચિંતનને અનુલક્ષીને રચાયેલું છે. કથાસાહિત્ય પણ તેમાં અપવાદ નથી. તેમની નવલકથાઓ પૈકી 'કાયાકલ્પ' કચ-દેવયાનીની કથા છે, 'ઉત્તરપથ' મહાભારત પર અવલંબિત છે. 'રસેશ્વરી' રાધાકૃષ્ણની કથા છે તો 'સમર્પણ રામાયણની કથા છે. 'પ્રીતપુરાની'માં શિવપાર્વતીની કથા છે, 'સ્મૃતિ'માં દુષ્યંત-શકુંતલાની કથા છે. 'પરીક્ષિત' પૌરાણિક કથા છે. આમ જોઈ શકાશે કે તેમની લગભગ અડધી નવલકથાઓ પૌરાણિક છે. 'યોગાનુયોગ', 'પ્રેમ અને વાસના', 'કાદવ અને કમળ', 'અગ્નિપરીક્ષા', 'આગ', 'રક્ષા' અને 'પરભવની પ્રીત' સામાજિક કાલ્પનિક વિષય વસ્તુ પર આધારિત છે. તેમાં પણ તેઓ સાચા પ્રેમ, ઉદાત્ત જીવન અને સમાજકલ્યાણનો આદર્શ અંકિત કરે છે. કેટલીકવાર તેમણે કરેલું પ્રણય, વાસનાવિલાસ અને વ્યભિચારનું વર્ણન અશ્લીલ લાગે પણ તેમનો કથાબોધ તો સુશ્લીલ જ છે. તેમણે પૌરાણિક વસ્તુ પર આધારિત નવલકથાઓમાં કથાપ્રસંગો અને ચરિત્રોમાં ફેરફારો કરીને નવલકથાને આધુનિક યુગને અનુરૂપ સ્પર્શ આપ્યો છે. ઊર્મિલા, મંદોદરી, દ્રૌપદી, દેવયાની, શર્મિષ્ઠા, મૈત્રેય જેવાં પાત્રોને તેમણે નવા રૂપરંગમાં રજૂ કર્યા છે.

નવલકથાઓમાં કથાપ્રસંગો અને ચરિત્રોમાં ફેરફારો કરીને નવલકથાને આધુનિક યુગને અનુરૂપ સ્પર્શ આપ્યો છે. ઊર્મિલા, મંદોદરી, દ્રૌપદી, દેવયાની, શર્મિષ્ઠા, મૈત્રેય જેવાં પાત્રોને તેમણે નવા રૂપરંગમાં રજૂ કર્યા છે



'યોગાનુયોગ' નવલકથા જીવનમાં સર્જાતા જોગસંજોગ પ્રમાણે મળતાં અને છૂટા પડતાં જીવનની કથા છે. 'પ્રેમ અને વાસના' માં સંસારમાં વહેતા પ્રેમ અને વાસનાના પ્રવાહોનું આલેખન થયું છે. જોકે તે વાસનામાંથી પ્રેમના ઊર્ધ્વીકરણની કથા છે. 'ઉત્તરપથ' મહાભારતના ઉત્તરાર્ધની કથા છે. તેમાં દ્રૌપદીના ચરિત્રને લેખકે પાંચ પાંડવોની પત્નીને બદલે માત્ર અર્જુનની પત્ની તરીકે આલેખ્યું છે. 'કાદવ અને કમળ' જીવનના પંક અને પંકજની રહસ્યાત્મક કથા છે. એમાં ભોગ તથા ત્યાગ, રાગ, અને વૈરાગ્યની સમીક્ષા કરીને જીવનના કાદવમાંથી નિર્લિપ્ત થઈને અનાસક્તિ અને સંન્યાસને માર્ગે આગળ વધતા સાધકની કથા નિરુપાઈ છે. 'અગ્નિપરીક્ષા' ભારતના ગ્રામજીવનની સમસ્યાઓને આલેખતી નવલકથા છે. ર.વ.દેસાઈની 'ગ્રામલક્ષ્મી'ને અનુસરતી લાગે છે. 'આગ' એક આદર્શવાદી સિદ્ધાંતનિષ્ઠ કલાકારની જીવનકથા છે. એક કલાકારને આ સંસારની કેવી આગમાંથી પસાર થવું પડે છે તે લેખકે દર્શાવ્યું છે. 'પરીક્ષિત' રાજા પરીક્ષિતની પૌરાણિક કથાનો નવો અવતાર છે. 'રક્ષા'માં લેખકે ચારિત્ર્યરક્ષાનો સંઘર્ષ આલેખ્યો છે. તેમાં શિક્ષણની ભૂમિકા ઉપર ફોકસ કરવામાં આવ્યું છે. રક્ષાબંધનની પવિત્રભાવના તેનો આદર્શ છે. 'પ્રીત પુરાની'માં શંકર અને પાર્વતીની જાણીતી રસિક કથાને આલેખવામાં આવી છે. 'સ્મૃતિ' કવિ કાલિદાસ કૃત 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટક ઉપરથી રચાયેલી દુષ્યંત-શકુન્તલાની પ્રેમકથા છે. દુષ્યંત શકુન્તલાને ભૂલી જાય છે પરંતુ પાછળથી વિસ્મૃતિમાંથી અભિજ્ઞાનની સ્મૃતિ લાધે છે અને વિરહી પ્રેમી પાત્રોનું સુખદ મિલન થાય છે. 'પરભવની પ્રીત'માં જિગર અને અમીની જેમ પરભવની પ્રીતની અદ્‌ભુત કથા આલેખાઈ છે.

યોગેશ્વરજીની કેટલીક નવલકથાઓ વિષે વિગતે વિચાર કરીએ. 'કાયાકલ્પ' સ્મૃતિ સાહિત્ય મંદિરની માંગલ્ય ગ્રંથાવલિ અંતર્ગત પ્રગટ થઈ હતી. પ્રકાશકે 'નિવેદન'માં તેને ભાવના અને ઊર્મિશીલ પૌરાણિક નવલકથા તરીકે ઓળખાવી છે. લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે : 'કચ,

દેવયાની, યયાતિ તથા શર્મિષ્ઠાની કથા શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધના અઢારમાં અધ્યાયમાં આલેખાયેલી છે. જ્ઞાની શિરોમણિ શુકદેવ તથા રાજા પરીક્ષિતના સંવાદરૂપે આલેખાયેલી એ કથાનો ઉલ્લેખ મહાભારતમાં પણ કરવામાં આવ્યો છે. મહાભારતમાં એ કથા વૈશંપાયને જનમેજયને કહી બતાવી છે. એ બંન્ને કથાઓની વિગતોમાં ખાસ ભેદ નથી દેખાતો. એ બંન્ને કથાઓમાંથી પ્રેરણા લઈને એમાં થોડો ઘણો જરૂરી સુધારોવધારો કરી આ નવલકથા મેં મારી રીતે લખવાનો પ્રયાસ કર્યો છે.' પોતે શર્મિષ્ઠાના પાત્રને પોતાની આગવી રીતે રજૂ કર્યું છે એમ તેમણે લખ્યું છે.

બત્રીસ પ્રકરણોમાં વિભાજિત પ્રસ્તુત નવલકથાનું પ્રથમ પ્રકરણ છે. 'ધન્યદિવસ'. તેનું પ્રથમ વાક્ય છે : 'બૃહસ્પતિ પુત્ર કચે શુક્રાચાર્યના સ્વચ્છ, શાંત ને વિશાલ ભવનના પ્રાંગણમાં પ્રવેશીને શુક્રાચાર્યને પ્રણામ કર્યા.' જોઈ શકાશે કે લેખક કશા આડંબર વિના, કશી ભૂમિકા વિના સીધા કથાપ્રવાહ પર આવે છે. કચના આગમનથી દેવયાની પ્રસન્ન થાય છે તેથી શુક્રાચાર્યને પણ કચના આગમનનો દિવસ ધન્ય લાગે છે.

ગુરુના આદેશાનુસાર કચ બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને શાંતિપૂર્વક રહે છે. ગુરુ અને ગુરુપુત્રી બંનેને સંતુષ્ટ રાખવાનો તે પ્રયત્ન કરે છે. કચના આગમનનો ઉદ્દેશ માત્ર સંજીવની વિદ્યા મેળવવાનો નથી. પણ એ દ્વારા દેવદાનવો વચ્ચેનો દ્વેષ-દુર્ભાવ દૂર કરી સ્નેહ-સંવાદ સાધવાનો છે એ જાણ્યા પછી દેવયાની ખુશ થાય છે પણ દાનવોની દુષ્ટતાથી સુપરિચિત હોવાથી તે કચને સાવધ કરે છે. યુવાવસ્થામાં પ્રવેશી રહેલી દેવયાની દિવસે દિવસે કચ પ્રત્યે વધુને વધુ આકર્ષણ અનુભવે છે. તેની સખી અને રાજકુમારી શર્મિષ્ઠા પણ કચ પ્રત્યે આકર્ષાય છે. પરંતુ પોતાના પિતાએ અને દેવોએ પોતાને શા માટે મોકલ્યો છે એની પૂરતી સભાનતા હોવાથી કચ પોતાનું મન સંયમમાં, ગુરુની સેવામાં અને સંજીવની વિદ્યાની પ્રાપ્તિમાં લગાડે છે. તેનો પુરુષાર્થ સફળ થાય છે. વિદ્યા પ્રાપ્ત કર્યા પછી તે ગુરુ પાસેથી પાછા ફરવાની અનુજ્ઞા માગે છે. ગુરુની અનુમતિ મળ્યા પછી કચ દેવયાનીને મળે છે. તે સ્વર્ગલોક પાછો ફરી રહ્યો છે એ જાણી દેવયાની કચને પોતાનું પાણિગ્રહણ કરવા પ્રાર્થે છે. કચ વિનયપૂર્વક તેના પ્રસ્તાવનો અસ્વીકાર કરે છે. તેથી ક્રુદ્ધ થયેલી દેવયાની 'તારી વિદ્યા નહિ ફળે' એવો શાપ આપે છે. કચ પ્રતિશાપ આપ્યા વિના શાંતિથી પ્રસ્થાન કરે છે.

ગુરુના આદેશાનુસાર કચ બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને શાંતિપૂર્વક રહે છે. ગુરુ અને ગુરુપુત્રી બંનેને સંતુષ્ટ રાખવાનો તે પ્રયત્ન કરે છે. કચના આગમનનો ઉદ્દેશ માત્ર સંજીવની વિદ્યા મેળવવાનો નથી

કચની વિદાયથી દેવયાની અને શર્મિષ્ઠા દુઃખી થાય છે. તેમની વચ્ચે કલહ થાય છે. આ કલહ કથાપ્રવાહમાં વળાંક લાવે છે. પછી યયાતિનો પ્રવેશ થાય છે. તે દેવયાની અને શર્મિષ્ઠા સાથે વિવાહ કરે છે. દેવયાનીથી તેને બે પુત્રો અને શર્મિષ્ઠાથી ત્રણ પુત્રો થાય છે. વર્ષો પછી દેવયાનીને પતિની બેવફાઈની જાણ થતાં તે ક્રુદ્ધ થઈ પતિનો ત્યાગ કરી પિતૃગૃહે જતી રહે છે. યયાતિ તેને મનાવવા જાય છે. તે માનતી નથી અને વ્યથિત થયેલા શુક્રાચાર્ય તેને તરત વૃદ્ધ થવાનો શાપ આપી દે છે. અકાળે વૃદ્ધ થયેલા પતિને જોઈ દેવયાની દુઃખી થાય છે. કોઈ પુત્ર સ્વેચ્છાએ પિતાનું વૃદ્ધત્વ લઈ લે તો યયાતિને પુનઃયૌવન પ્રાપ્ત થશે એવો શાપ નિવારણનો ઉપાય શુક્રાચાર્ય બતાવે છે. પાંચ પુત્રો પૈકી શર્મિષ્ઠાનો નાનો પુત્ર પુરુ પિતાની વૃદ્ધાવસ્થા પોતે લઈ પિતાને યૌવન પ્રદાન કરે છે. યયાતિ પુનઃ બંન્ને પત્નીઓ સાથે ભોગો ભોગવે છે પણ ભોગોની વાસના પૂરી થતી નથી. વિલાસ નહીં પણ સંયમ જ મનુષ્યને શાંતિ આપે છે એમ સમજાયા પછી તે પુત્ર પુરુને પુનઃ યૌવન આપી વૃદ્ધાવસ્થા સ્વીકારે છે અને પુરુનો રાજ્યાભિષેક કરી સંન્યાસ લેવાનો સંકલ્પ કરે છે. અંતિમ પ્રકરણનું શીર્ષક છે 'પ્રયાણ'. મુખ્ય પાત્રોને લેખકે અહીં પુનઃ એકઠાં કર્યાં છે.

કચ, દેવયાની અને શુક્રાચાર્ય પ્રથમ પ્રકરણમાં છે અને અંતિમ પ્રકરણમાં પણ હાજર છે. વચ્ચેનાં પ્રકરણોમાં શર્મિષ્ઠા અને યયાતિ મહત્ત્વનાં પાત્રો છે. પુરુષપાત્રોમાં યયાતિ કથાનો નાયક છે. સ્ત્રીપાત્રોમાં દેવયાની નાયિકા હોવા છતાં લેખકનો પક્ષપાત શર્મિષ્ઠા પ્રત્યે વધુ જોવા મળે છે. પોતાની



બંન્ને પત્નીઓ પૈકી પોતાને કઈ વધુ પ્રિય છે એ નક્કી કરવું જેવું યયાતિ માટે મુશ્કેલ હતું તેમ નવલકથામાં બંન્ને મુખ્ય સ્ત્રીપાત્રો પૈકી કયું ચડિયાતું છે એનો નિર્ણય કરવો કઠિન છે. અલબત્ત લેખકને શર્મિષ્ઠા પ્રત્યે કૂણી લાગણી (soft corner) છે એ જણાઈ આવે છે.

આ કથાનું શીર્ષક 'કાયાકલ્પ' લેખકે કેમ રાખ્યું એવો પ્રશ્ન કોઈને થઈ શકે. આમ તો ૨૯મા પ્રકરણનું શીર્ષક 'કાયાકલ્પ' છે અને એ પ્રકરણમાં કાયાકલ્પનો પ્રયોગ વર્ણવાયો છે. એ પ્રકરણમાં બે વાર કાયાકલ્પનો પ્રયોગ થાય છે. યયાતિ પુત્ર પુરુનું યૌવન ગ્રહણ કરે છે એ વખતે અને પુત્રને તેનું યૌવન પાછું આપી પોતે પુનઃ વૃદ્ધત્વ અંગીકાર કરે છે એ વખતે કૃતિમાં યયાતિનો કાયાકલ્પ બે વાર થાય છે. અલબત્ત બંને વાર શારીરિક કાયાકલ્પ થાય છે પરંતુ બીજીવારનો કાયાકલ્પ થતાં પૂર્વે તેને માનસિક કાયાકલ્પ પણ થાય છે. કથામાં બીજો માનસિક કાયાકલ્પ નાયિકા દેવયાનીનો થાય છે. સમગ્ર કથામાં કાયાકલ્પ અંતિમ ભાગમાં જ થતો હોવા છતાં તેનું મહત્ત્વ વિશેષ હોઈ શીર્ષક સાર્થક છે. લેખકની ભાષાશૈલી કથાવસ્તુને અનુરૂપ શિષ્ટ, સંસ્કારી છે. પાત્રો-પ્રસંગોનાં વર્ણનો સંક્ષિપ્ત પણ સૂચક છે. લેખકની આ આરંભિક કાળની કૃતિમાં ભાષાશુદ્ધિની સમસ્યા જોવા મળે છે. કેટલીક મર્યાદાઓને બાદ કરતાં કચ-દેવયાનીની કથાને માંગલ્યદર્શી અભિગમથી દેવ-દાનવો વચ્ચે સંવાદિતા સાધવાની શુભભાવનાથી નિરૂપવાનો યોગેશ્વરજીનો પ્રયાસ નોંધપાત્ર તો છે.

'રસેશ્વરી'ની પ્રસ્તાવનામાં લેખકે કહ્યું છે તેમ 'ભાગવત' તથા 'હરિવંશ' જેવા ધર્મગ્રંથોમાં ભગવાન શ્રીકૃષ્ણની જે ગુણગાથાઓ ભરેલી છે તેને લક્ષમાં લઈને તેમણે શ્રીકૃષ્ણ પ્રત્યેના પોતાના પ્રેમ અને પૂજ્યભાવથી પ્રેરાઈને આ નવલકથા લખી છે. આ પહેલાં 'ઉત્તરપથ'માં તેમણે મહાભારતનું વિસ્તૃત આલેખન કર્યું હોવાથી એમાં આલેખાયેલા કૃષ્ણજીવન સંબંધિત પ્રસંગોનો ચિતાર આમાં નથી આપ્યો. એ ગ્રંથોના અનુસંધાનમાં આ કૃતિની રચના થઈ હોવા છતાં આનું સ્વતંત્ર વાચન પણ રસપ્રદ થઈ પડશે એવી લેખકને શ્રદ્ધા છે. પ્રશ્ન થાય કે શ્રીકૃષ્ણ વિષયક નવલકથા હોવા છતાં તેનું શીર્ષક 'રસેશ્વરી' કેમ રાખ્યું? પ્રસ્તાવનાના ઉત્તરાર્ધમાં લેખક તેની સ્પષ્ટતા કરતાં કહે છે, ''લોકહૃદયમાં કૃષ્ણ સાથે રાધાનું સ્થાન પણ છે જ. કૃષ્ણ તથા રાધા સંકળાયેલાં છે. લોકો એમને એકસરખા આદર અને અનુરાગથી આજે પણ યાદ કરે છે કે પૂજે છે. મેં આ ગ્રંથમાં એ પ્રેમમૂર્તિ રાધાના પાત્રને પણ રજૂ કર્યું છે એ એની વિશેષતા છે.'' પ્રસ્તાવનાનું સમાપન કરતાં લેખક વિનમ્રતાપૂર્વક કહે છે : 'રાધા ને કૃષ્ણના વંદનીય વ્યક્તિત્વના અનંત અર્ણવમાંથી મેં તો થોડાંક બિંદુ જ રજૂ કર્યાં છે. એમના સંપૂર્ણ વ્યક્તિત્વને કોણ ઝીલી શકે? તો પણ આ રજૂઆત મારી જેમ અનેકને આનંદ આપશે એવી આશા છે.'

શ્રીકૃષ્ણના ભક્તો પૈકી કેટલાક ભક્તો શ્રીકૃષ્ણ કરતાં રાધાનો મહિમા વધુ કરતાં જણાય છે. રાધા જો રસેશ્વરી છે તો કૃષ્ણ રસેશ્વર હોવાની સાથે યોગેશ્વર છે, પૂર્ણ પુરુષોત્તમ પણ છે. તેમનું વ્યક્તિત્વ વિશાળ અને વ્યાપક છે. તેને એકાદ કૃતિમાં સુપેરે વ્યક્ત કરવું કપરું હોવાથી સુજ્ઞ સર્જકે 'રસેશ્વરી' શીર્ષક દ્વારા સૂચવી દીધું કે આ કૃષ્ણના નિમિત્તે મુખ્યત્વે રાધાની કથા છે. કૃતિ નવલકથા છે તેથી તેમાં આ બે મુખ્ય પાત્રો ઉપરાંત તેમની સાથે સંકળાયેલાં સંખ્યાબંધ ગૌણપાત્રો પણ આલેખાયાં છે. પુરુષ પાત્રોમાં કંસ, ઉગ્રસેન, વસુદેવ, બળરામ, સુદામા, જરાસંધ, નારદ, નંદ વગેરે ઉલ્લેખનીય છે તો સ્ત્રીપાત્રોમાં દેવકી, જશોદા, રુકિમણિ અને રાધાની સખીઓ સુપ્રિયા અને વિશાખા નોંધપાત્ર છે. આ બધાં પાત્રોને લેખકે કલમના બેચાર લસરકાથી જીવંત અને રક્ત ધબકતાં બનાવ્યાં છે. આ ગૌણપાત્રો મુખ્યપાત્રોની રેખાઓને ગાઢી કરવામાં ઉપકારક બને છે. કૃષ્ણ અને રાધાનાં પાત્રો અત્યંત પ્રભાવક અને અસરકારક બની શક્યાં છે. નવલકથાનું વાચન પૂર્ણ કર્યા પછી લાંબા સમય સુધી તેમને ભૂલી શકાતાં નથી. લેખકે એવી કુશળતાથી આ બંને પાત્રોને ઉપસાવ્યાં છે કે બેમાંથી કયું વધારે ચડિયાતું છે એ કહેવું સરળ નથી. હા, રાધાને શીર્ષકમાં સ્થાન આપી લેખકે પોતાનો પક્ષપાત પ્રગટ કરી દીધો છે.

નવલકથાનો ઘટનાક્રમ કારાગૃહથી શરૂ થાય છે અને કૃષ્ણના લીલાસંવરણ સાથે સમાપ્ત થાય છે. કથાવસ્તુને લેખકે પાંત્રીસ પ્રકરણોમાં વિભક્ત કર્યું છે પણ કથાપ્રવાહ સળંગ સાદ્યંત પાણીના પ્રવાહ પેઠે વહેતો લાગે છે. તેમાં ક્યાંય કશો અંતરાય અનુભવાતો નથી. તે અસ્ખલિત રીતે અનાયાસ વહે છે. વિવિધ પ્રકરણોને આપવામાં આવેલાં શીર્ષકો માત્ર વ્યવસ્થા માટે છે, સગવડ માટે છે. એનાથી રસાસ્વાદમાં કશો અવરોધ અનુભવાતો નથી. નવલકથામાં કથાવસ્તુ કરતાં તેની ગૂંથણીનું, કથાવિન્યાસનું મહત્ત્વ વધુ છે. લેખકે કુશળતાપૂર્વક સિદ્ધહસ્ત નવલકથાકારની હેસિયતથી કથાવસ્તુની ગૂંથણી કરી છે એ જોઈ શકાય છે.

ઘટનાઓ જે ક્રમમાં ઘટી છે એ ક્રમમાં જ લેખક તે આલેખે છે એવું નથી, આવશ્યકતાનુસાર લેખક ક્રમભંગ પણ કરે છે, કેટલીક ઘટનાઓ પીઠઝબકાર (flashblack) પદ્ધતિથી પણ પ્રસ્તુત કરે છે. લેખક કૃષ્ણ અને રાધાને કેન્દ્રમાં રાખી તેમની જીવનકથા નિમિત્તે રસમય પ્રેમકથા સર્જી છે. આ શરીર સાથે સંકળાયેલો સ્થૂળ પાર્થિવ પ્રેમ નથી પણ આત્મિક અપાર્થિવ સૂક્ષ્મ અમર પ્રેમ છે. વિશ્વના ઇતિહાસમાં આ અમર પ્રેમકથાનો જોટો જડી શકે તેમ નથી. ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણના જીવનને કેન્દ્રમાં રાખી સંખ્યાબંધ નવલકથાઓ, મહાનવલો લખાઈ છે પણ રાધાકૃષ્ણની પ્રેમકથા નિમિત્તે રસેશ્વરી રાધાની રમ્યકથા અન્યત્ર ભાગ્યે જ જોવા મળશે.

કથાવસ્તુની રમ્યતા, રહસ્યમયતાને અનુરૂપ શિષ્ટ, સંયમી, સુચારુ ભાષાશૈલી લેખકે સામર્થ્યપૂર્વક પ્રયોજી છે. પાત્ર-પ્રસંગના વર્ણનો લેખકના ભાષાપ્રભુત્વના નિદર્શક છે. તેમને કૃતિમાં યથાવકાશ ચિંતનકણિકાઓ વેરવાનો શોખ છે. જ્યાં તક મળે ત્યાં તેઓ ચિંતનકણિકા મૂકી દે છે. આ ચિંતનકણિકાઓની વિશેષતા એ છે કે એ મોટેભાગે પાત્રોની ઉક્તિરૂપે સંવાદોમાં ગૂંથાઈ છે તેથી જે તે પાત્રના આલેખનમાં ઉપકારક સિદ્ધ થાય છે. અને લટકણિયા રૂપ લાગતી નથી. લેખકની સંવાદશક્તિ પણ પ્રશસ્ય છે. પાત્રોનાં વ્યક્તિત્વને અનુરૂપ સંવાદો તેઓ સહજતાથી સર્જી શકે છે. પૌરાણિક પરિવેશનો નિર્વાહ પણ તેમણે કુશળતાપૂર્વક કર્યો છે. એકંદરે 'રસેશ્વરી'ની રસપ્રદ કથાસૃષ્ટિ આહ્લાદક અને આનંદદાયક છે.

'કાદવ અને કમળ' સાધકજીવનમાં આવતા ઝંઝાવાતની કથા છે. 'ધર્મનો માર્ગ શૂરાનો છે, નહિ કાયરનું કામ' એ વિચાર કથાની ધરીરૂપ છે. ભર્તુહરિએ એક શ્લોકમાં કામની વિચિત્રતાને ધિક્કારતાં લખ્યું છે : 'હું જે સ્ત્રીને ચાહું છું તે મારાથી વિરક્ત છે. તે તો બીજા કોઈને ચાહે છે, જે પાછો કોઈ અન્યના પ્રેમમાં છે, અને જે સ્ત્રી મને પ્રેમ કરે છે તેના માટે મારા હૃદયમાં પ્રેમ નથી. આથી તેને પેલાને, મદનને અને મને પણ ધિક્કાર હજો. धिक् ताम् च तं च मदनं च, इमा व मां च । પ્રસ્તુત નવલકથા જાણે કે આ શ્લોકનું સોદાહરણ ભાષ્ય ન હોય! તેનાં મુખ્ય પુરુષ પાત્રો છે સાધક જયદેવ અને યોગી જૈમિની. બંને મૂળ ગુજરાતી છે પણ મળે છે તપોભૂમિ, દેવભૂમિ, બદરીનાથમાં. કૃતિનો સ્થાયીભાવ વૈરાગ્ય છે. તેને પ્રબળ બનાવવા માટે બંને પાત્રો જે પ્રકારની પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે તેમાં જૈમિની અધઃપતન પામે છે જ્યારે જયદેવ સાદ્યંત સફળ રહી શકે છે. કૃતિનો મુખ્ય રસ ભક્તિ છે. ભક્તિ શૃંગારનો એક ભાગ ગણાય છે. ભક્તિ પ્રતિ ગમન કરવા માટે જે રીતે જૈમિનીનું અધઃપતન દર્શાવાયું છે ત્યાં લેખકે શૃંગારને ખીલવ્યો છે. એ દ્વારા તેઓ સંસારના કાદવને દર્શાવવામાં સફળ થયા છે. સમાંતર ચાલતી કથાના બંને પુરુષપાત્રો જે પ્રકારના પરિવેશમાંથી પસાર થાય છે તેમાં વૈરાગીએ ક્યાં અને કેવી રીતે સાવચેત રહેવું તે લેખક સૂચવે છે. કૃતિનાં સ્ત્રીપાત્રો જાજરમાન અને વાકપટુ છે. કેતકી ધ્યાનાકર્ષક છે. તેને ગૃહસ્થજીવનના ક્લેશે અવળે રસ્તે ચડાવી છે પણ તેની વૃત્તિ અધ્યાત્મ તરફ વળેલી છે. પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોએ તેનું અંતરમન ઘવાયું છે. તે પૂર્વપ્રેમી કેશવ અને જૈમિની વચ્ચે આંતર દ્વન્દ્વ પામતી રહે છે. તે જૈમિનીના પુરુષાતનને પોષે છે અને ટપારે પણ છે. જૈમિની તેને મળવા મુંબઈ જવાનો હોય છે ત્યારે જયદેવ તેને સાવધ કરતાં કહે છે, 'ગૃહસ્થીઓના વ્યવહારમાં ગાફેલ ન રહેવું, ખૂબ ચેતીને ચાલવા જેવું છે, જરાક ભૂલ થાય તો આવી બને.'' અધ્યાત્મમાર્ગના સાચા સાધકનાં અહીં દર્શન થાય છે. સાધક અને યોગી માટે પ્રત્યેક પળની સાવધતા, સભાનતા જરૂરી છે, એવો સંદેશ આપતી આ એક બોધપ્રધાન નવલકથા છે. વિજય શાસ્ત્રીએ આ નવલકથા સંદર્ભે યથાર્થ કહ્યું છે, 'આમ સુંદરતા અને શુદ્ધિના જીવનાદર્શનું કથાત્મક રોચક પ્રતિપાદન લેખકે કર્યું છે. આટલો ભવ્ય આદર્શ સૂચવતી હોવા છતાં કૃતિ સાદ્યંત સુવાચ્ય અને રસાત્મક પણ બની શકી છે તે લેખકમાં રહેલા કલાકારનું સુકૃત્ય છે.'('ગુજરાત મિત્ર, તા. ૧૬-૨-૭૦)'

'પરીક્ષિત' મહાભારત અને ભાગવત પર આધારિત પૌરાણિક નવલકથા છે. કૃતિની કેન્દ્રીભૂત સંવેદના પ્રાચીન છતાં સત્ત્વશીલતાની દૃષ્ટિએ સર્વકાલીન છે. 'માનવ-માનવતા જ મારી પ્રથમ અને પરમ નિસ્બત છે.' એવું માનનારા અને એને જીવનદર્શન બનાવનાર લેખક પોતાની આ રચના પૃથ્વીને-પ્રાણમય, પુલકિત, પ્રસન્ન કરનાર પ્રેમદેવતાને અર્પણ કરે છે. કૃતિના આરંભમાં જ લેખકનો કેમેરા યુદ્ધના વિજયોત્સવ પર નહીં પણ એમાં શ્રીકૃષ્ણની ભૂમિકા પર ફોકસ થાય છે. શ્રીકૃષ્ણ સર્વપ્રકારે સર્વત્ર સહાય કરે છે તેથી જ ઉત્તરા અને પરીક્ષિત ઊગરી ગયાં એવી કૃતજ્ઞતા પ્રથમ પ્રકરણમાં યુધિષ્ઠિર -દ્રૌપદી સહિત સહુ અનુભવે છે. બીજા પ્રકરણમાં પરીક્ષિતના રાજ્યાભિષેકથી કથા વેગ પકડે છે પણ એને ધાર, કહો કે આંચકો આપે છે. પરીક્ષિત-ઉર્વશીનો મેળાપ. પરીક્ષિતની સંસ્કારિતા અને

પત્નીપ્રેમ માટે આ કસોટીરૂપ તેમ જ નિર્ણાયક તત્ત્વ બને છે. ત્રીજા પ્રકરણમાં લેખક બની રહેલી ઘટનાઓના કાળચક્રનું આલેખન કરે છે. ઉદ્ધવ કૃષ્ણના લીલાસંવરણ પ્રસંગનું કરુણ વર્ણન કરે છે. પાંડવો અને દ્રૌપદી પરીક્ષિત-ઈરાવતી અને ઉત્તરાની વિદાય લે છે તે પ્રસંગ ભાવવાહી છે. નવલકથાનો કેન્દ્રવર્તી પ્રસંગ છે. પરીક્ષિતને મળેલો શાપ. કટોકટીની પળે ઉર્વશી આવી પહોંચે છે. એટલામાં શુકદેવજી પણ પધારે છે. તેઓ ભાગવતના શ્રવણનો ઉપદેશ આપે છે. કથાની પૂર્ણાહુતિ થતાં શુકદેવજી પરીક્ષિતને પૂછે છે, "હવે તમને તક્ષકનો ભય સતાવે છે ?' પરીક્ષિત ઉત્તર આપે છે : 'ના, મને તેનો લેશ પણ ભય નથી લાગતો હું અવિનાશી આત્મા છું, સુખ- દુઃખથી મુક્ત છું.' શુકદેવજી કહે છે, 'મારી કથા સફળ થઈ.' ભાગવતના કથાશ્રવણે પરીક્ષિતને પ્રશાંતિની પ્રાપ્તિ કરાવી જીવનને કૃતાર્થ કર્યું. 'પૃથ્વી પ્રેમથી ટકે છે' એ જીવનમંત્ર સાથે કથા સમાપ્ત થાય છે. લેખકે સાચું કહ્યું છે, 'આ કથા પુરાતન હોવા છતાં એનો સંદેશ સનાતન છે. પૃથ્વી પ્રતિશોધથી નહીં પણ પ્રેમથી ટકે છે ને જીવવા જેવી બને છે.' પૌરાણિક કથાવસ્તુમાં સનાતન જીવનમૂલ્ય ગૂંથી લેખકે એક રસપ્રદ નવલકથાનું નિર્માણ કર્યું છે.

યોગેશ્વરજીએ ૨૧ ટૂંકીવાર્તાઓનો સંગ્રહ 'રોશની' પણ આપ્યો છે. આ વાર્તાઓ ૧૯૬૦થી ૭૦ દરમિયાન લખાયેલી છે. તેઓ મુખ્યત્વે ધૂમકેતુ અને દ્વિરેફની વાર્તાકલાથી પ્રભાવિત થયા હતા. ગાંધીયુગની વાર્તાનું અનુસરણ તેમના સંગ્રહમાં જોવા મળે છે. આપણા દેશને આઝાદી મળી પણ ગરીબોના ઘરમાં રોશની થઈ નથી તેની વાત તેમણે 'રોશની' વાર્તામાં કરી છે. 'હૃદયની રાણી' વાર્તામાં ઈંગ્લેન્ડની રાણી એલિઝાબેથ ભારત આવ્યાં તે વખતનો પ્રસંગ છે. એમાં લેખકે ઈંગ્લેન્ડની રાણી કરતાં હૃદયની રાણી એવી પોતાની પત્નીનું મહત્ત્વ વિશેષ છે એ સમજાવ્યું છે. લેખકના હિમાલયનિવાસના આધ્યાત્મિક અનુભવોમાંથી 'ઢાલની ભેટ' અને 'મહાપુરુષની વાસના' જેવી વાર્તાઓ સર્જાઈ છે. પ્રથમ વાર્તામાં એક તપસ્વીનું ચરિત્ર અંકિત થયું છે. બીજી વાર્તામાં દેવાનંદ નામના મહાપુરુષની ઉદારતા વ્યક્ત થઈ છે. 'મોતી' એક મોચીની વાર્તા છે. 'ભાભીનું અંતર'માં ભાભીના હૃદયની વિશાળતા વ્યક્ત થઈ છે. 'પાપનું પ્રાયશ્ચિત' એક સ્ત્રીસંસ્થામાં ચાલતા વ્યભિચારની કથા છે. દાદાગીરી કરનારો માણસ પણ કેવો માનવતાવાદી અને સેવાભાવી હોઈ શકે એ બાબત 'મથુરદાસ દાદા'માં દર્શાવાઈ છે. 'ગીતાની સ્મૃતિ'માં ચમત્કારનું તત્ત્વ જોવા મળે છે. 'પરમાત્માનું દર્શન' આધ્યાત્મિક અભિગમવાળી વાર્તા છે. 'ગુમાન' એક સંન્યાસીના ગુમાનને પ્રગટ કરે છે. એક સામાન્ય મનુષ્ય કેવી રીતે પાગલ થાય છે એ 'પાગલ' વાર્તામાં લેખકે દર્શાવ્યું છે. 'જીવદયા'માં લેખકે જીવદયા કરનારા જનાર્દનનો દંભ છતો કર્યો છે. 'ફરજ'માં પોતાની ફરજ બજાવતી નાયિકા નીલેશ્વરીની કથા કહેવાઈ છે. 'યજ્ઞની આહુતિ'માં લેખક દંભી લોકોના અમાનવીય વર્તનને ખુલ્લું પાડે છે. 'પતન' અને 'મંગલમય મૃત્યુ' લોકકથા પર અવલંબિત વાર્તાઓ છે. 'દમયંતીનું દિલ'માં લેખકે કવિની હાંસી ઉડાવી છે. 'સ્વાનુભવ' વાર્તા પર ધૂમકેતુની 'પોસ્ટઓફિસ'ની અસર જોવા મળે છે. લેખકે મુખ્યત્વે મૂલ્યપ્રધાન વાર્તાઓ લખી છે. તેમની નવલિકાઓ ઘટનાપ્રધાન છે. તેમણે વાર્તાલેખન કર્યું તે સમયે જયંતિ દલાલ,સુરેશ જોષી વગેરેની પ્રયોગશીલ આધુનિક વાર્તાઓ પ્રગટ થઈ ચૂકી હતી, પણ તેમને તે ઝાઝી સ્પર્શી ન હતી. ધૂમકેતુ, દ્વિરેફ વગેરે ગાંધીયુગના વાર્તાકારોથી જ તેઓ પ્રભાવિત હતા અને અમુક અંશે એમનું અનુસરણ તેમણે પોતાની નવલિકાઓમાં કર્યું છે.

નવલકથાના સ્વરૂપમાં યોગેશ્વરને જેવી સફળતા સાંપડી છે તેવી નવલિકાના સ્વરૂપમાં સાંપડી શકી નથી. નવલકથાના સ્વરૂપમાં પણ તેમને સામાજિક નવલકથાઓ કરતાં પૌરાણિક નવલકથાઓમાં વિશેષ સિદ્ધિ મળી છે. તેઓ આધ્યાત્મિક અભિગમ ધરાવનાર ગાંધીવાદી લેખક હતા. તેમણે કલા ખાતર કલાના આદર્શ પ્રમાણે નહીં પણ જીવન ખાતર કલાના અભિગમથી સમગ્ર સાહિત્ય સર્જન કર્યું હતું. નવલકથા અને નવલિકાનું કથાસાહિત્ય પણ તેમાં અપવાદ ન હતું. કાન્તાની જેમ ઉપદેશ આપવાના સાહિત્યના પ્રયોજનને તેઓ પ્રાધાન્ય આપે છે, તેથી તેમના કથાસાહિત્યમાં જીવનદર્શન, મૂલ્યદર્શન પર ભાર મુકાયેલો જણાય છે. ઈયત્તા પર તેમનું ધ્યાન હોવાથી ગુણવત્તા, કલાત્મકતા સિદ્ધ કરવાની મથામણ તેમણે કરી નથી. પરિણામે ભાષાની અશુદ્ધિ, સંકલનની શિથિલતા જેવી મર્યાદાઓ પણ જોવા મળે છે. આવી કેટલીક મર્યાદાઓ છતાં પૌરાણિક નવલકથાઓમાં તેમણે જે સફળતા હાંસલ કરી છે એને કારણે કથાસાહિત્યના લેખક તરીકે તેઓ નોંધપાત્ર તો છે જ.

૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧.
મો. ૯૯૨૫૧૫૯૭૫૧

વેદમાતા ગાયત્રી

- પરમાનંદ માણેકલાલ ગાંધી

ગાયત્રી સૂર્યની અધિષ્ઠાત્રી

મનુષ્યને આત્મતૃપ્તિ અને આત્માનંદની અનુભૂતિ આવનાર ઉપાસનાઓમાં ગાયત્રી મંત્રનું આગવું સ્થાન છે.

ॐ भूभुर्वः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो योनः प्रयोदयात्

'અમે જ્યોતિર્મય સવિતાના એ અનશ્વર પ્રકારોનું ધ્યાન ધરીએ છીએ, કે જે પૃથ્વી આકાશ અને અંતરિક્ષને પ્રકાશિત કરે છે, તે અમારી બુદ્ધિમાં પણ પ્રકાશને ભરે- અમારી બુદ્ધિને પ્રકાશિત કરે.'

ચારેય વેદોના રૂપમાં હોવાથી આ ગાયત્રીમંત્ર ને વેદમાતા પણ કહે છે.

જુદા જુદા ગ્રંથોમાં તેનો ઉલ્લેખ નીચે મુજબ છે.

શ્રુતિ ગ્રંથો મુજબ વેદના દરેક મંત્રને છંદ ઋષિ અને એક દેવતા હોય છે તે લખાણ મુજબ

देवतं सविताप्यसां गायत्री छंद एव च ।
विश्वामित्र ऋषि चैव प्रोच्यते ऋषिसत्तम् ॥

હે ઋષિ શ્રેષ્ઠ! તે મંત્રના દેવતા સવિતા છે. તેનો છંદ ગાયત્રી છે અને વિશ્વામિત્ર તેના ઋષિ છે.'

દેવી ભાગવતમાં તેનો ઉલ્લેખ છે -

सवितुश्चाधिदेवो या मंत्राधिष्ठातुदेवता ।
सावित्री ह्वापि वेदानांसावित्री तेन कीर्तिता ॥ (દે.ભા.)

સૂર્યની અધિષ્ઠાત્રી હોવાથી તેનું બીજું નામ સાવિત્રી છે. વેદમંત્રોની અધિષ્ઠાત્રી દેવી છે તેથી તેને ગાયત્રી મંત્ર કહે છે.

અમરકોશમાં ગાયત્રી વ્યાખ્યા નીચે મુજબ છે.

सर्वलोकप्रसावनात् सविता सर्वतु कीर्त्यते ।
यनस्तद देवता देवी सावित्री त्युच्यते तदा ॥ (अतो)

'તે સૂર્ય ભગવાન સમસ્ત જગતને જન્મ આપે છે. એટલા માટે સવિતા કહેવાય છે. ગાયત્રી મંત્રના દેવતા સવિતા છે. એટલા માટે તે દૈવી શક્તિને સાવિત્રી કહે છે.'

'અમે જ્યોતિર્મય સવિતાના એ અનશ્વર પ્રકારોનું ધ્યાન ધરીએ છીએ, કે જે પૃથ્વી આકાશ અને અંતરિક્ષને પ્રકાશિત કરે છે, તે અમારી બુદ્ધિમાં પણ પ્રકાશને ભરે- અમારી બુદ્ધિને પ્રકાશિત કરે'

સ્કન્દ પુરાણ મુજબ

गायत्र्येव परो विष्णुर्गायत्रेव परः शिवः ।
गायत्र्येव परो ब्रह्मा गायत्र्येव त्रयी ततः ॥

'ગાયત્રી જ પરમાત્મા વિષ્ણુ છે. ગાયત્રી પરમાત્મા શિવ છે અને ગાયત્રી પરમાત્મા બ્રહ્મ છે. તેથી ગાયત્રીથી જ ત્રણે વેદોની ઉત્પત્તિ થઈ છે.' (સ્ક.પુ.કાશીખંડ ૯/૬૮)

દેવી ભાગવતમાં ગાયત્રીની ઉપાસનાનો ઉલ્લેખ છે.

परब्रह्मस्वरूपा च निर्वाणपददायिनी ।
ब्रह्मतेव्ज्ञोमयी शक्तिस्तदधिष्ठातृदेवता । (દે.મા. ૯-૧-૪૨)

'ગાયત્રી પરબ્રહ્મ સ્વરૂપ છે. નિર્વાણ પરમપદ આપનારી બ્રહ્મતેજોમયીની શક્તિ છે અને પરબ્રહ્મ જ તેના અધિષ્ઠાતા દેવતા છે.'

ઋગ્વેદના ત્રીજા મંડળમાં ॐ भूर्भुर्वः स्वः એ ગાયત્રી પ્રાર્થના છે અને તેનો છંદ ગાયત્રી છે.

મોટાભાગના બધા છંદ બે કે ચાર ચરણના છે પણ ગાયત્રી છંદ ત્રણ ચરણનો છે.

ગાયત્રીનું એક એક ચરણ એ ॐની એક એક માત્રા છે. ॐ ના અ, ઉ, અને મ છે. આ ત્રણે મળી ગાયત્રી મંત્ર છે. તેથી તે ત્રિપદા છે.

પહેલું ચરણ तत्सवितुर्वरेण्यं એમાં अ માત્રા છે.



બીજું ચરણ भर्गोदेवस्य धीमहि એમાં ઉ માત્રા છે.

ત્રીજુ ચરણ - धियोयनःप्रयोदयात् એમાં મ માત્રા છે.

આ રીતે આખો ગાયત્રી મંત્ર એ ૐ નું પ્રતીક છે ૐ એ પરમાત્માનું નામ છે અને જીવાત્મામાં અંતરાત્મારૂપે પણ એ જ છે. અને સમગ્ર વિશ્વમાં વિશ્વાત્મારૂપે પણ એ જ વિલસી રહ્યો છે.

भूर्भुर्वः स्वः એ ગાયત્રી મંત્રની વ્યાહૃતિ નથી ગણાતી પણ તે પરમાત્માનું સ્વરૂપ હોવાથી ૐ भूर्भुर्वः स्वः એમ ભગવાનનું સ્મરણ કર્યા પછી ગાયત્રી મંત્ર બોલાય છે.

भूर्भुर्वः स्वः માં भू : એટલે પૃથ્વી, ભૂવ એટલે અંતરિક્ષ અને સ્વઃ એટલે સ્વર્ગ- એ ત્રણ મળીને ત્રણ લોક થાય છે. ૐ પ્રણવ સાથેની વ્યાહૃતિ છે. તેથી તે ગાયત્રી મંત્રમાં નથી ગણાતી. પણ એ ત્રણે મળીને બ્રહ્માંડ થાય છે અને બ્રહ્માંડમાં જેમ જેમ અલગ અલગ હિસ્સા છે તેમ મનુષ્ય પિંડમાં પણ ત્રણ અલગ હિસ્સા છે. ભૂઃ એટલે દેહ, મૂળઃ એટલે પ્રાણ તત્ત્વ અને સ્વઃ એટલે મન-અંતરાત્મામાં આ ત્રણ પ્રકટ અંશ છે અને બ્રહ્માંડમાં સૃષ્ટિમાં પણ આ ત્રણ ભૂ-ભૂવઃ અને સ્વઃ છે જ. મતલબ મનુષ્યપિંડ અને બ્રહ્માંડનો મેળ પાડવા ૐ भूर्भुर्वः स्वः બોલીને ગાયત્રી મંત્ર બોલવામાં આવે છે. તેથી સમગ્ર મંત્રના હાર્દમાં પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગને પ્રકાશિત કરનાર વ્યાપક સચ્ચિદાનંદ પરમાત્માના પાપનાશક તેજનું અમે ધ્યાન ધરીએ છીએ કે જે અમારી બુદ્ધિને પ્રકાશિત કરે એ ભાવના છે.

ગાયત્રી મંત્રનું બીજું અર્થઘટન પણ થાય છે તે નીચે મુજબ છે.

ૐ (પરમાત્મા) ભૂઃ (પ્રાણસ્વરૂપ) ભુવઃ (દુઃખનાશક) સ્વઃ(સુખરૂપ) તતઃ (તે) સવિતુઃ (તેજસ્વી)વરેણ્ય (શ્રેષ્ઠ) ભર્ગો ।(પાપનાશક) દેવસ્ય (દિવ્ય) ધીમહિ (ધારણ કરે)



ધિયો (બુદ્ધિ) યો (જે) નઃ (અમારી) પ્રચોદયાત્ (પ્રેરિત કરે)

ગાયત્રીના અર્થમાં પણ આટલી ત્રણ વાતો છે.

(૧) ઈશ્વરના દિવ્ય ગુણોનું ચિંતન : આમાં ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. એટલે કે ગુણોને આપણા જીવનમાં ચરિતાર્થ કરવાના. આપણે તેવા બનવાનો જાગરૂક પ્રયાસ કરીશું, આપણે સમજી જીવનવ્યવહાર તે સભાનતાથી કરીશું તો નિશ્ચિત આપણે ભૌતિક તેમજ આધ્યાત્મિક - બંને રીતે ઉન્નતિ કરીશું.

(૨) ઈશ્વરને પોતાની અંદર ધારણ કરવા : પરમાત્માને આપણી અંદર ધારણ કરવાની ભાવના છે. અર્થાત્ તે આપણી અંદર છે જ. ગીતામાં સ્વયં ભગવાને જ કહ્યું છે, सर्वस्य चाहं हृदि संनिविष्ट (અ. ૧૫/૧૫)હું પ્રત્યેકના હૃદયમાં વસ્યો છું. તેનો અહેસાસ કરવાનો છે. તે જ રીતે ઈશાવાસ્યોપનિષદ માં જણાવ્યા મુજબ ईशावास्यनिदं सर्वम् ઈશ્વર બધે જ વ્યાપ્ત છે. તે ભાવના સાકારિત થાય છે. તે દૃષ્ટિ કેળવવાથી પોતાની નજીક પોતાની સાથે જ પ્રભુ છે, તે ભાવના માણસને આનંદથી રોમાંચિત કરે છે. એક સ્વર્ગીય આનંદની પ્રાપ્તિ થાય છે.

(૩) એમાં સદ્‌બુદ્ધિની સર્વોપરિતાનું પ્રતિપાદન છેઃ ભગવાનને પ્રાર્થના છે કે આપ અમારી બુદ્ધિને સન્માર્ગે દોરો. કારણ કે બુદ્ધિ સન્માર્ગે જવાથી બુદ્ધિ સાત્ત્વિક બને છે. ઊંચા આદર્શો રાખી તુચ્છ તૃષ્ણા અને વાસનાઓને નચાવનારી બુદ્ધિ જે કુબુદ્ધિ બને છે તે દૂર થાય છે. જેમ જેમ કુબુદ્ધિ દૂર થશે તેમ તેમ દિવ્ય ગુણવાળા પરમાત્માના દિવ્ય અંશનો અનુભવ રહેશે. ચિત્ત સદા પ્રસન્ન જ રહેશે.

ગાયત્રી ત્રિસ્વરૂપિણી છે. એક જ ગાયત્રી કાળભેદના કારણે ત્રણ રૂપોમાં વ્યવહાર કરે છે.

ॐ प्रातर्गायत्री रविमण्डलमध्यस्था रक्तवर्णा द्विभुव्धा।

अक्षसूत्रकमण्डलुधरा हंसासनारुढा ब्रह्माणी ब्रह्मदैवत्या कुमारी ॠग्वेदोदाह्यता ध्येया।

'પ્રાતઃકાળમાં ગાયત્રી રવિમંડળમાં સ્થિત છે. તે રક્તવર્ણા અને દ્વિભુજાવાળી છે. એક હાથમાં રુદ્રાક્ષ અને બીજા હાથમાં રુદ્રાક્ષ બાંધેલું કમંડળ છે. હંસ ઉપર સવાર થયેલી તેની બ્રહ્માણી કુમારી અવસ્થા છે.'

ॐ मध्याह्ने सावित्री रविमण्डलमध्यस्थाकृष्णवर्मा चतुर्भुव्धा

शङ्चक्रगदापद्महस्ता गरुडारूढा युवती वैष्णवी विष्णुदैवत्या यव्धुर्वेदोदाहताध्येया।

'મધ્યાહ્નકાળમાં સાવિત્રી રૂપે રવિમંડળના મધ્યમાં સ્થિત છે. તે ચાર ભુજાવાળી કૃષ્ણવર્મા છે. તેના હાથોમાં શંખ ચક્ર, ગદા તથા પદ્મ છે. ગરુડ ઉપર સવાર થયેલી તે યુવતીરૂપ વૈષ્ણવી છે અને યજુર્વેદની ઉદાહૃત થઈ છે.'

ॐ सायाह्ने सरस्वती रविमण्डलमध्यस्था

शुक्लवर्णा चतुर्भुव्झा त्रिशूलडमरुपाशपात्रकरा

वृषभासनसमारूढा ब्रह्मा रुद्राणी रूद्रदैवत्या

सामवेदोह्ता ध्येया ।

'સાયંકાળમાં તે સરસ્વતી છે, રવિમંડળ સ્થિત છે. શુકલવર્ણા છે. ચતુર્ભુજ છે, હાથોમાં ત્રિશૂલ, ડમરુ, પારા અને પાત્ર ધારણ કર્યાં છે, વૃષભ ઉપર આરૂઢ છે. રુદ્રાણી વૃક્ષા છે અને સામવેદ દ્વારા તેનું વર્ણન કરાયું છે.

મહર્ષિ વેદવ્યાસે આ ત્રણે સ્વરૂપો વિશે લખ્યું છે.'

गायत्री ब्रह्मरूपास्यात् सावित्री विष्णुरूपिणी ।

सरस्वती रुद्ररूपास्यात् उपास्या मूर्तिमंदन ॥

'બ્રહ્મરૂપિણી તે ગાયત્રી છે. વિષ્ણુરૂપિણી તે સાવિત્રી છે અને રુદ્રરૂપે તે સરસ્વતી છે. તેથી ત્રણ કાળમાં સંધ્યા ઉપાસનામાં ત્રણ રૂપોનું ધ્યાન કરવામાં આવે છે.'

- ગાયત્રીને પંચમુખી કહેવામાં આવે છે. તેની પાછળ પણ એક પ્રેરકભાવના છે. પંચમુખી ગાયત્રીનાં પાંચ મુખ પાંચ મસ્તક એ માનવીના પાંચ કોષનું પ્રતીક છે. અધિકાંશ માનવ અન્નકોષનો સહારો લઈ ભૌતિક સાધનો જેવાં કે પદ, પૈસા, પ્રતિષ્ઠા મેળવતા રહે છે. તેમની બુદ્ધિ આ ભૌતિક સંપદાના વિચારોમાં જ વપરાઈ જાય છે. બાકીના ચાર કોષોનો સક્રિય, સમર્થ અને સુવ્યવસ્થિત બનાવવામાં આવે તો તેનું સામર્થ્ય દેવોના જેવું થાય છે. આ કોષોનો વિકાસ ગાયત્રીની સાધનાથી થઈ શકે છે.

તે પોતે પ્રકાશક જ હોવાથી સાધકને તે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. અને વિશિષ્ટ બ્રહ્મવર્ચસ ઓજ તથા પ્રખર તેજ આપે છે. તેથી તેને શુભ્ર અગ્નિવાળી પણ કહે છે.

- ગાયત્રી મંત્ર ચોવીસ અક્ષરનો છે.

तत् स वि तु र्व रे णी यं भ र्गो दे व स्य धी

૧ ૨ ૩૪૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

म हि

૧૫ ૧૬

धि यो यो नः प्र चो द यात्

૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨૨૩ ૨૪

અને પ્રત્યેક અક્ષરમાં અગ્નિ, વરુણ ઈત્યાદિ ચોવીસ દેવતાઓ, અત્રિ, વસિષ્ઠ ઈત્યાદિ એકવીસ ઋષિઓ તથા ગાયત્રી અનુષ્ટુપ ઈત્યાદિ ચોવીસ છંદો છે અને એના શ્રવણ માત્રથી એનું ફળ મળે છે.(ભુવનેશ્વરી ભાગવત ..૧૨/૧/૨)

- ગાયત્રી એટલે જ્ઞાન ભક્તિ અને કર્મનો બીજમંત્ર.

આ મંત્રથી જ્ઞાન, ભક્તિ અને કર્મ - એ ત્રણ વાતો સાકારિત થાય છે. આ ત્રણે વાતો તેમાં બીજ રૂપે છે.

આ ભાવનાનું એકાંતમાં બેસી શાંત ચિત્તે ચિંતન, મનન અને સાધના માટે ખૂબ ઉપયોગી છે. આસન ઉપર સ્થિર બેસી તેનું ધ્યાન કરવામાં આવે તો તે જીવનને અકથ્ય આનંદ અને ઉત્સાહથી ભરેલું રાખશે. આ ત્રણે વાતોની સમજણ નીચે મુજબ છે.

(૧) જ્ઞાન - પરમાત્માનો પવિત્ર અંશ હું છું. પરમાત્મા પ્રાણસ્વરૂપ છે. હું પણ પ્રાણવાન છું. તેનો અહેસાસ થવાથી હું દુઃખરહિત છું. ઈશ્વર આનંદસ્વરૂપ છે. મારા જીવનને અને બીજાના જીવનને આનંદમય બનાવશે. હું પણ નીડર, સાહસી, વીર, પુરુષાર્થી બનીશ.

બ્રહ્મ શ્રેષ્ઠ છે શ્રેષ્ઠતા, મહાનતા, આદર્શવાદી સિદ્ધાંત જીવનમાં સ્વીકારી હું પણ પાપોથી, કુવિચારોથી અને કુકર્મોથી બચીને રહીશ.

પ્રભુ દિવ્ય છે. હું પણ દિવ્ય ગુણોથી મારા જીવનને વિભૂષિત કરીશ અને સંસારને કાંઈક આપતા રહેવાની દેવનીતિ અપનાવીશ.



(૨) ભક્તિ-ઉત્તમ ગુણવાળા પરમાત્માને હું મારી અંદર ધારણ કરું છું. હું તેનામાં તન્મયી રહીશ. તેને જ મારા હૃદયસ્થાને હું સ્થાપિત કરું છું. તે જ મારા છે અને તેનો જ હું છું. ભગવાન બધાના છે એ જ્ઞાન છે. ભગવાન મારો જ છે એ ભક્તિ છે.

એ ભાવનાથી વિશ્વમાનવમાં વ્યાપ્ત પરમાત્માની સેવા એ જ મારું લક્ષ્ય રહેશે.

(૩) કર્મ-સદ્‌બુદ્ધિ એ તો જીવનનું મોટામાં મોટું વરદાન છે. આત્મચિંતન કરી મારા અંતઃકરણ- મનબુદ્ધિ, ચિત્ત અને અહંકારમાં છૂપાયેલી કુબુદ્ધિને બારીકાઈથી તપાસીને તેને દૂર કરવામાં કોઈ મણા નહીં રાખું. મારી માન્યતાઓ, વ્યવહારુ દુરાગ્રહો દૂર કરી સત્યને સ્વીકારવામાં પ્રમાદ ન કરતાં તેને આત્મસાત્ કરીશ. મનને માલિન્યથી ખરડાયેલું ન રાખતાં સત્યમ્ , શિવમ્ , સુંદરમ્ ની ભાવનાથી વિભૂષિત કરીશ અને એ ભાવનાથી થતી ગાયત્રીમાતાની એ ભાવનાથી કરેલી ઉપાસના જીવનને આનંદિત કરી અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાનું સામર્થ્ય આપશે.

ગાયત્રી તેજની સાધના

ગાયત્રી સાધના ખરેખર તેજસ્વિતાની પ્રાણશક્તિની બ્રહ્મની ઉપાસના છે. જેથી તેની ઘનિષ્ટ સાધના બ્રહ્મવર્ચસ કહેવાય છે. આ સાધના કરનાર વ્યક્તિ સર્વતોમુખી પ્રગતિના માર્ગ પર આગળ વધે છે.

શ્રુતિના કહેવા મુજબ -

स्तुतो मया वरदा वेदमाता प्रयोदयन्ती पवने द्विव्जाता ।

आयुः पृथिव्यां द्रविणं ब्रह्मवर्चसं मह्या दत्वा प्रव्जातु ब्रह्मलोकम् ॥

‘જે વેદમાતા ગાયત્રી, આયુ, પૃથ્વી, દ્રવ્ય અને તેથી પણ વિશેષ બ્રહ્મવર્ચસ આપવાવાળી છે તે મને બ્રહ્મલોકનું સુખ આપો.’

ગાયત્રી સૂર્યનો આત્મા છે. સવિતાશક્તિ સાથે ઉપાસકને જોડે છે. તેના લીધે તે પરબ્રહ્મ મહાપ્રાણને માનવીના શરીર અને આત્માના- અંતઃકરણના પ્રમાણમાં ધારણા કરીને લૌકિક સુખ તથા આત્મિક શાંતિનો અનુભવ કરાવી માનવ જીવનમાં પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરાવે છે.

આ મહાપ્રાણ જ્યારે શરીરમાં પ્રવેશે છે ત્યારે આરોગ્ય, આયુષ્ય, તેજ, બળ, ઉત્સાહ, સ્ફૂર્તિ તથા ઈન્દ્રિયોની શક્તિ અનુભવવા મળે છે.

જયારે તે મનના ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે જીવનમાં ઉત્સાહ, સ્ફૂર્તિ, પ્રસન્નતા, એકાગ્રતા ધૈર્ય, સાહસ અને સંયમ જેવા સદગુણો પ્રાપ્ત થાય છે તથા તેનું અવતરણ જ્યારે આધ્યાત્મિક ક્ષેત્રમાં થાય છે, ત્યારે ત્યાગ, તપ, શ્રદ્ધા, વિશ્વાસ, દયા, ઉપકાર, પ્રેમ વિવેક ઈત્યાદિ ગુણોથી જીવન સુગંધિત બને છે.

ટૂંકમાં, જીવનના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક- આ ત્રણે ક્ષેત્રોમાં મહાપ્રાણ જેમ જેમ ભરાતા જાય છે તેમ મનુષ્ય અપૂર્ણતામાંથી પૂર્ણ, લઘુતામાંથી વિભુ, અને તુચ્છમાંથી મહાન બનવા લાગે છે. આત્મકલ્યાણનો આ જ માર્ગ છે. થોડુંક તાત્ત્વિક દષ્ટિથી પણ વિચારવાનું હોય તો જણાશે કે આપણા શરીરમાં જુદા જુદા ક્ષેત્રોમાં જે ક્રિયાશીલ પ્રાણ છે તે પણ ભૌતિક છે. પણ તેને નિયંત્રણ કરનારી મનોમય શક્તિ છે તેની ઈચ્છા અને સંકલ્પથી શરીરનો બધો વ્યાપાર ચાલે છે અને તે એટલે ગાયત્રી છે. મતલબ, ગાયત્રીમાં પંચભૌતિક જીવન વ્યવહાર, પ્રાણ અને મન એ ત્રણેય શક્તિનું સમગ્ર રૂપ આવી જાય છે.

શાસ્ત્રીય પરિભાષામાં કહેવું હોય તો ભૌતિક ક્લેશ અને પ્રપંચમાંથી મુક્તિ અપાવનાર આ વિદ્યા - આ ગાયત્રી સાધના છે.

આપણા પૂર્વજ, ગૌતમ, વસિષ્ઠ, વિશ્વામિત્ર અંગિરસ વગેરે ઋષિ મહર્ષિઓએ ગાયત્રી મંત્રની ઉપાસના દ્વારા જ અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત કરી હતી. ગાયત્રીના પ્રભાવથી જ વસિષ્ઠે વિશ્વામિત્ર ઉપર વિજય મેળવી બ્રહ્મર્ષિ પદની પ્રાપ્તિ કરી નવી સૃષ્ટિ રચનાની અપૂર્વ શક્તિ મેળવી હતી.

અંતમાં, ગાયત્રીની ઉપાસનાથી મનુષ્યમાં સદ્‌બુદ્ધિ, સદ્‌વિચાર અને સત્કર્મનો ઉદય થાય છે. અને બધા જ પ્રકારના વિઘ્નો દૂર થાય છે. અને તે બધાનું કલ્યાણ કરી જીવનમાં તેજનો સંચાર કરે એવી પ્રાર્થના.

૧૦૦૬/બી કલાસાગર, રત્નમણી કોમ્પ્લેક્સ પાછળ
જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૩૨૮૩૦૪૪૦૯
ફોન : ૨૬૭૪૩૫૮૬



આઝાદીની લડતમાં અમદાવાદનું પ્રદાન

- ડૉ. માણેક પટેલ 'સેતુ'

આપણે સૌ ભારતની આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. એ નિમિત્તે આપણે આઝાદી કેવી રીતે મેળવી અને તે માટે કેવો સંઘર્ષ - લડાઈ કરવી પડી હતી, એ જાણવું ખૂબ મહત્ત્વનું છે. આઝાદીની લડતમાં દેશના અન્ય શહેરો કરતાં અમદાવાદનું પ્રદાન સવિશેષ રહ્યું હતું.

સ્વાધીનતાના પ્રથમ સંગ્રામમાં ૧૮૫૭ના બળવાને આધારસ્તંભ તરીકે ગણીએ તો ૧૯૪૭માં આઝાદી મળી એ વચ્ચેનો ૯૦ વર્ષનો કાળ થાય. આ કાળમાં આઝાદીની લડત માટેની અમદાવાદમાં બનેલી મહત્ત્વની ઘટનાઓનો અત્રે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧૮૫૭ : વિપ્લવ : આ વિપ્લવમાં કેટલાક બળવાખોર સૈનિકો કે વિપ્લવવાદીઓ પકડાયા હતા. તેમને મોતની સજા થઈ હતી. પાંચ જણને તોપના ગોળે ઉડાડવામાં આવ્યા હતા. ત્રણને બંદૂકની ગોળીએ વીંધવામાં આવ્યા હતા. તેરને ફાંસીએ લટકાવવામાં આવ્યા હતા. આ ગુનેગારોને કેન્ટોનમેન્ટમાં આવેલી ફાંસી ખોલીમાં ફાંસી આપવામાં આવી હતી. આ સમયે શહેરમાંથી ૨૦,૦૦૦ જેટલાં શસ્રો મળી આવ્યાં હતાં. આ બળવાથી અંગ્રેજોની ઊંઘ ઉડી ગઈ હતી.

૧૮૫૭ના વિપ્લવમાં સારંગપુરના વિઠ્ઠલ ભગવાનના મંદિરના મહંત નારાયણ મહારાજની કૃપાથી મંદિરમાં એક બાજુ પૂજા-અર્ચન થતાં હતાં અને બીજી બાજુ શસ્રસરંજામો ઉતરતાં હતાં. બળવાખોર ક્રાંતિકારીઓ અહીં છૂપા વેશમાં રહેતા હતાં. અહીંથી બીજા શહેરોમાં અને ગામોમાં ગુપ્ત સંદેશાઓ મોકલવામાં આવતા હતા. અંગ્રેજ સરકારને આ બાબત ધ્યાનમાં આવતાં, મંદિરના મહંત નારાયણ મહારાજને પગમાં કાયમી બેડી સાથે ૧૪ વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી હતી.

૧૮૭૬ : સ્વદેશી ચળવળ : ભારતભરમાં સ્વદેશી ચળવળની પ્રથમ શરૂઆત અમદાવાદ શહેરમાં થઈ હતી. મહાત્મા ગાંધીજી અમદાવાદ આવ્યાના ૩૯ વર્ષ પહેલાં, ૧૮૭૬માં અમદાવાદમાં "સ્વદેશી વત્સલ' માસિક શરૂ થયું હતું અને "સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળ' સ્થપાયું હતું. જેમાં અંબાલાલ સાકરલાલ દેસાઈ, પ્રેમાભાઈ હીમાભાઈ રણછોડલાલ છોટાલાલ, હરગોવનદાસ કાંટાવાલા, બેચરદાસ લશ્કરી, લાલશંકર ઉમિયાશંકર વગેરે અગ્રેસર હતા.

ઉત્સાહી લોકોએ ભેગા થઈને ૧૮૮૪માં શહેરમાં પ્રથમ રાજકીય સંસ્થા - "ગુજરાત સભા'ની સ્થાપના કરી હતી.

૧૮૮૫ : કોંગ્રેસની સ્થાપના : મુંબઈમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ હતી. ૨૮મી ડિસેમ્બર, ૧૮૮૫ના રોજ આયોજિત પ્રથમ મહાસભામાં ભારતભરમાંથી ૭૨ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. એ પૈકી અમદાવાદના અંબાલાલ સાકરલાલ દેસાઈ સહિત છ પ્રતિનિધિઓ હતા.

૧૯૦૧ : હિંદદેવીના ચિત્રકાર : દરેક વ્યક્તિમાં આસ્થા સમાયેલી હોય છે. અમદાવાદમાં જમાલપુર વિસ્તારમાં રહેતા મ્યુનિસિપલ શાળાના શિક્ષક મગનલાલ શર્માએ હિંદદેવી - ભારત માતાનું પ્રથમ ચિત્ર દોર્યું હતું. જેને રાષ્ટ્રીય કક્ષાએ સ્વીકૃતિ પ્રાપ્ત થઈ હતી.

૧૯૦૨ : ૧૮મું કોંગ્રેસ અધિવેશન : અમદાવાદ શહેરમાં પ્રથમવાર કોંગ્રેસ અધિવેશન મિલમાલિક બાલાભાઈ દામોદરદાસના પ્રમુખસ્થાને સ્વાગત પ્રમુખ અંબાલાલ સાકરલાલ દેસાઈએ હઠીસિંગની વાડીમાં ૨૩ - ૨૫ મી ડિસેમ્બર, ૧૯૦૨ દરમિયાન આયોજન કર્યું હતું. આ પ્રસંગે' ઔદ્યોગિક પ્રદર્શનનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું - જેનું ઉદ્‌ઘાટન મહારાજા સયાજીરાવ ગાયકવાડે કર્યું હતું.

૧૯૦૬ : યુનાઈટેડ બંગાલ હોમ : બનારસમાં ભરાયેલ કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા ગયેલા અમદાવાદના પ્રતિનિધિઓના સંપર્કમાં કેટલાક બંગાળના ક્રાંતિકારી પ્રતિનિધિઓ આવ્યા હતા. અંબાલાલ સાકરલાલ દેસાઈ, મિલ વિવિંગ માસ્ટર કેશવલાલ મહેતા અને ચુનીલાલ ભટ્ટના આમંત્રણથી બંગાળથી ૪૦ જેટલા ક્રાંતિકારીઓ અમદાવાદમાં આવ્યા હતા અને ખાડિયામાં ચુનીલાલ ભટ્ટના મકાનમાં રોકાયા હતા. તેથી એમનું મકાન "યુનાઈટેડ બંગાલ હોમ" તરીકે જાણીતું થયું હતું. એમણે રોકાણ દરમિયાન આપણા યુવાનોને "વંદે માતરમ્" ગાતાં અને બોમ્બ બનાવતાં શીખવાડ્યું હતું.

૧૯૦૯ : લૉર્ડ મિન્ટો ઉપર બોમ્બ ફેંકાયો : રાયપુર દરવાજાથી સ્ટેશન બાજુ લોર્ડ મિન્ટો અને લેડી મિન્ટો બગીમાં પસાર થઈ રહ્યાં હતાં ત્યારે, મહિપતરામ રૂપરામ આશ્રમ સામે એમના ઉપર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ ઘટનામાં તેઓ બચી ગયાં હતાં પણ એક સફાઈ કામદાર મરણ પામ્યો હતો.

આ ઘટના પાછળ મોહનલાલ પંડ્યા અને કૃપાશંકર પંડિત સંકળાયેલા હતા. આ ઘટના સ્થળે એક સ્મારક જેવું સ્થાપત્ય જોવા મળે છે.

૧૯૧૫ : ગાંધીજીનું અમદાવાદમાં આગમન : સ્વાતંત્ર્યની આખી લડતને વળાંક આપવાનું શ્રેય જેના ભાગ્યમાં લખાયેલું હતું, જેને લોકો ભારતના ભાગ્યવિધાતા તરીકે પૂજવાના હતા, એવા પોરબંદરમાં જન્મેલા એક સપૂત મોહનલાલ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના સફળ પ્રયોગો કરી, ૧૯૧૫માં ભારતમાં આવ્યા. લોકોએ એમના આગમનને આદરપૂર્વક વધાવ્યું. ૧લી ફેબ્રુઆરી, ૧૯૧૫ના રોજ ગાંધીજી અમદાવાદ આવીને મિલ માલિક મંગળદાસ ગિરધરદાસ શેઠના મહેમાન બની એમના બંગલામાં રાત્રી રોકાણ કર્યું હતું. એમણે અમદાવાદને "કર્મભૂમિ" બનાવવાનું સ્વીકાર્યું.

ગાંધીજીએ બેરિસ્ટર જીવણલાલ વ્રજલાલ દેસાઈનો કોચરબમાં આવેલો બંગલો ભાડે લઈ ૨૫મી મે, ૧૯૧૫ના રોજ "સત્યાગ્રહ" નામ આપીને વિધિવત આશ્રમ શરૂ કર્યો.

ત્યારથી ભારતમાં ''ગાંધીયુગ''ના મંડાણ શરૂ થયાં.

પ્રેમળ જ્યોતિ તારો દાખવી : ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ ગાંધીજીને મળવા આવેલા સાક્ષર કવિ નરસિંહરાવ દિવેટિયાને એમને ગમતી કાર્ડીનેલ ન્યુમેનની ''Lead Kindly Light'' નામની કવિતાનું ગુજરાતી ભાષાંતર કરવા આપ્યું હતું. કવિએ ''પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ'' એ રીતે ગુજરાતીમાં કવિતા કરી આપી હતી, જે રચના ગુજરાતી સાહિત્યમાં ખૂબ જાણીતી બની હતી અને આજે પણ ગવાય છે.

અસ્પૃશ્યતા નિવારણનો પ્રથમ પ્રયોગ : હરિજન શિક્ષક દુદાભાઈ દાફડા પરિવાર સાથે ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ સત્યાગ્રહ આશ્રમમાં રહેવા આવતાં ગાંધીજીના મોટાં બહેન રળિયાત બહેને આશ્રમ છોડી દીધો હતો. મગનલાલ ગાંધી આશ્રમ છોડવા તૈયાર થયા. ચુસ્ત હિંદુ પરિવારોએ આશ્રમને આર્થિક મદદ કરવાનું બંધ કર્યું. તેથી આશ્રમ આર્થિક મુશ્કેલીમાં મૂકાયો. આ વાત જાણીને એક શેઠ રોલ્સ રોઈસ ગાડીમાં આવીને, ગાંધીજીને આશ્રમના દરવાજા આગળ એક કવર આપીને જતા રહે છે. તે કવરમાંથી રૂપિયા ૧૩,૦૦૦ નીકળ્યા હતા અને મદદ કરનાર શેઠ અંબાલાલ સારાભાઈ હતા. ગાંધીજીએ એમની આત્મકથામાં લખ્યું છે - ''મારી ઉપર આવી ભીડ પહેલીવાર નહોતી આવી, દરેક વાર છેલ્લી ઘડીએ શામળાએ મદદ મોકલી છે.''

૧૯૧૬ : મહમદઅલી ઝીણા અને લોકમાન્ય ટિળક અમદાવાદમાં : ગુજરાત પ્રાંતીય રાજકીય અધિવેશન મહમદઅલી ઝીણાના પ્રમુખ સ્થાને ભરાયું હતું. લોકમાન્ય ટિળકે તેમાં હાજરી આપી હતી.

૧૯૧૭ : સાબરમતી આશ્રમ : ગાંધીજી માનતા હતા કે ફળ, ઝાડ, ખેતી, ઢોર વિના આશ્રમ અપૂર્ણ કહેવાય. વળી કોચરબ આશ્રમનું મકાન ભાડાનું હતું. ગાંધીજીના મિત્ર પૂંજાભાઈ હીરાચંદ દ્વારા હાલની સાબરમતી આશ્રમવાળી જગ્યા મણિશંકરભાઈ પીતાંબરદાસ પાસેથી રૂપિયા ૨૫૫૩માં દસ્તાવેજ કરી ખરીદવામાં આવી હતી.

૧૯૧૭માં અમદાવાદમાં મરકી (પ્લેગ)ના રોગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે - ''બાળકોને હું સુરક્ષિત નહોતો રાખી શકતો, એથી સાવચેતીના અને અગમચેતીના પગલાંરૂપે સાબરમતીની જમીનનો કબજો મળતાં ગાડામાં સામાન ભરી આ સ્થળે આવી ગયાં. વરસાદની મોસમ હતી, તંબુ બાંધી રહેવાની શરૂઆત કરી.'' આ રીતે ૧૭મી જુલાઈ, ૧૯૧૭ના રોજ સાબરમતી આશ્રમ શરૂ થયો હતો.

ગાંધીજી લોકો સુધી પહોંચવા માંગતા હતા. એમણે ગૃહઉદ્યોગને ધ્યાનમાં રાખી ચરખાને માધ્યમ બનાવ્યું. ગાંધીજીએ વણકર બની આશ્રમમાં વણાટ કામ શરૂ કર્યું. એમણે ખાદી થકી લોકોને સ્વદેશીનો મહિમા સમજાવ્યો. એમણે સમૂહ કાંતણ, સમૂહ સફાઈ અને સમૂહ પ્રાર્થનાને આશ્રમના નિત્યક્રમ બનાવ્યા.

૧૯૧૭ : વલ્લભભાઈ પટેલનો જાહેરસેવામાં પ્રવેશ: બેરિસ્ટર વલ્લભભાઈ પટેલે ૧૯૧૩માં અમદાવાદ આવી વકીલાત શરૂ કરી. તેઓ ભદ્રમાં રહેતા હતા અને ફુરસદનો સમય નજીકમાં આવેલી ગુજરાત કલબમાં પસાર કરતા હતા.

એક કાર્યક્રમ માટે ગણેશ વાસુદેવ માવળંકર ગાંધીજીને લઈને ગુજરાત કલબમાં આવે છે. તેઓ કલબમાં બ્રિજ-પાનાં રમતા વલ્લભભાઈ પટેલના ટેબલ પાસેથી પસાર થાય છે. તેઓ બંને વચ્ચે કોઈ વાતચીત થઈ નહોતી. વલ્લભભાઈ ગાંધીજીને ''ઘેલો ગાંધી'' કહી હસી કાઢતા હતા.

માવળંકર દાદાએ વલ્લભભાઈ પટેલને ગાંધીજીને મળવા અને ચર્ચા કરવા ઘણીવાર જણાવતાં એકવાર વલ્લભભાઈ આશ્રમમાં પહોંચી જાય છે, ત્યાં ગાંધીજીને થાળીમાં અનાજમાંથી કાંકરીઓ વિણતા જોતાં, ''આ માણસ દેશને શું આઝાદી અપાવવાનો છે ?''' એવું વિચારતાં ત્યાંથી પાછા ફરી જાય છે.

૧૯૧૭માં ચંપારણમાં મોતીહારી ગામે ગાંધીજીએ બહાદુરીપૂર્વક કરેલા સત્યાગ્રહની વાત જાણીને અને પ્રેરણા લઈને વલ્લભભાઈ પટેલ જાહેર સેવામાં જોડાયા અને મ્યુનિસિપાલિટીની દરિયાપુર બેઠકની પેટા ચૂંટણીમાંથી મ્યુનિસિપાલિટીના સભ્ય તરીકે ચૂંટાયા. વલ્લભભાઈએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે સુંદર સેવાઓ આપી. ૧૯૧૮માં એમણે ખેડા સત્યાગ્રહની નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી હતી.

૧૯૧૯ : નવજીવન : ગાંધીજી માનતા હતા કે ''વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે.'' ગાંધીજીએ શરૂઆતમાં હસ્ત લેખિત ''સત્યાગ્રહી'' સમાચાર પત્ર શરૂ કર્યું હતું. એની સાઈકલોસ્ટાઈલ્ડ કોપી કાઢવામાં આવતી હતી જેની કિંમત એક પૈસો હતી.

એ સમયે ઈન્દુલાલ યાજ્ઞિક ''નવજીવન અને સત્ય'' નામથી સાપ્તાહિક પ્રકાશિત કરતા હતા. ગાંધીજીએ એમના વિચારોના પ્રચાર માટે ઈન્દુલાલ પાસેથી ''નવજીવન અને સત્ય'' માગી લીધું અને ''નવજીવન'' નામથી ૭મી સપ્ટેમ્બર, ૧૯૧૯થી પત્રિકાનું પ્રકાશન શરૂ કર્યું હતું. એ પછી એમણે અંગ્રેજીમાં ''યંગ ઈન્ડિયા''નું પ્રકાશન શરૂ કર્યું હતું બંને પ્રકાશનો આઝાદીની લડતનાં મીડિયા શસ્ત્રો તરીકે ઉપસી આવ્યાં હતાં.

રોલેટ એક્ટ : અંગ્રેજ સરકારે અમલમાં મૂકેલ ''રોલેટ એક્ટ''ના ''કાળા કાયદા''ના વિરોધમાં સત્યાગ્રહના પ્રતિજ્ઞાપત્ર ઉપર ગાંધીજીએ પ્રથમ સહી કરી હતી. ૯મી એપ્રિલે, ગાંધીજીની સરકારે દિલ્હી જતાં કોસીકલાં રેલવે સ્ટેશને ધરપકડ કરી તેમને રેલવે મારફતે મુંબઈ લઈ જવામાં આવ્યા. ગાંધીજીની ધરપકડના સમાચાર જાણતાં અમદાવાદમાં તોફાનો શરૂ થયાં. ૨૮ માણસો મરણ પામ્યા અને ૧૨૩ જેટલા ઘવાયા. ૧૩મી એપ્રિલે ગાંધીજીએ અમદાવાદ આવી ઉપવાસ શરૂ કરતાં અમદાવાદ શાંત થયું હતું.

૧૯૨૦ : ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના : ગાંધીજીએ ૧લી ઓગસ્ટ, ૧૯૨૦માં અસહકારની લડત શરૂ કરી. ગાંધીજીને મન રાષ્ટ્રીય શિક્ષણ, ગ્રામીણ જીવન અને કૃષિ મહત્ત્વના મુદ્દા હતા. આ વિચારોના પરિણામે પાલડીમાં ડાહ્યાભાઈ ઈજ્જતરામ મહેતાના બંગલામાં ગૂજરાત વિદ્યાપીઠની ૧૯મી નવેમ્બર, ૧૯૨૦ના રોજ સ્થાપના થઈ. ગાંધીજીએ વિદ્યાપીઠના ઉદ્‌ઘાટનના ભાષણમાં જણાવ્યું હતું -

''એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો (વિદ્યાપીઠની સ્થાપના કરીને) મેં ઋષિનું કામ કર્યું છે.'' ગાંધીજીએ કુલપતિ પદ સ્વીકાર્યું અને ગિદવાણીજી કુલનાયકપદે નિમાયા. પ્રથમ દિવસે ૫૯ વિદ્યાર્થીઓ વિદ્યાપીઠમાં જોડાયા. હાલમાં આશ્રમરોડ ઉપર આવેલી વિદ્યાપીઠનું ખાતમૂહૂર્ત ૧૯૨૩માં થયું હતું જેનું ઉદ્‌ઘાટન ગાંધીજીએ ૧૪મી જાન્યુઆરી, ૧૯૨૫ના રોજ કર્યું હતું.

૧૯૨૧ : કોંગ્રેસ અધિવેશન : કોંગ્રેસનું ૩૬મું અધિવેશન અમદાવાદમાં હાલની વાડીલાલ હોસ્પિટલની જગ્યાએ પ્રમુખ વલ્લભભાઈ પટેલ અને મંત્રી ગ.વા. માવળંકરની દોરવણી હેઠળ ભરાયું હતું. તેમાં મહાત્મા ગાંધીજીએ પ્રથમ વાર ચરખાવાળો રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હતો.

૧૯૨૨ : ધ ગ્રેટ ટ્રાયલ : ગાંધીજીને તેમના ''યંગ ઈન્ડિયા''માં છપાયેલા લેખો માટે અને શંકરલાલ બેન્કરને તેના પ્રકાશક તરીકે રાજદ્રોહી ઠરાવી, ૧૦મી માર્ચ, ૧૯૨૨ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. જસ્ટીસ આર. એસ. બ્રુમફીલ્ડે ગાંધીજીને છ વર્ષ અને શંકરલાલ બેન્કરને એક વર્ષની સજા ફરમાવી હતી. તે ''ધ ગ્રેટ ટ્રાયલ'' શાહીબાગ રોડ ઉપર આવેલા સરકીટ હાઉસમાં એ જમાનાની કોર્ટમાં કેસ ચાલ્યો હતો. ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળે કોર્ટમાં હાજર રહીને એ ઘટનાનું ચિત્ર દોર્યું હતું. એ ચિત્ર હાલમાં સરકીટ હાઉસમાં કોર્ટવાળી રૂમમાં જોવા મળે છે. શરૂઆતમાં ગાંધીજીને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા હતા અને પાછળથી એમને પૂનાની યરવડા જેલમાં રાખ્યા હતા.

૧૯૨૩ : નાગપુર સત્યાગ્રહમાં અમદાવાદના અગ્રણીઓ જોડાયા.

૧૯૨૭ : સાયમન ગો બેક : સાયમન કમિશનના વિરોધમાં ''સાયમન ગો બેક'ના પતંગો ચગ્યા.

૧૯૨૮ : વલ્લભભાઈ ''સરદાર'' બન્યા : વલ્લભભાઈ પટેલે ૧૯૨૪થી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ તરીકે નિષ્ઠાથી ફરજો બજાવી હતી. ૧૯૨૭માં શહેરમાં ૭૧ ઈંચ વરસાદ પડવાથી આવેલા જલ, રેલસંકટમાં વલ્લભભાઈએ રાતદિવસ કામ કર્યું હતું. ૧૯૨૮માં એમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું હતું. એ પછી એમણે બારડોલી સત્યાગ્રહના - સરદાર બની આગેવાની લીધી હતી. બારડોલી સત્યાગ્રહ સફળ થતાં એ પછી વલ્લભભાઈ 'સરદાર' તરીકે ઓળખાયા.

ગાંધીજીએ વલ્લભભાઈ પટેલની હાજરીમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીની ઈમારત ઉપર રાષ્ટ્રીય ધ્વજ તિરંગો ફરકાવ્યો.

૧૯૨૯ : ગુજરાત કૉલેજમાં આચાર્ય સિરાઝીની વિરુદ્ધમાં વિદ્યાર્થીઓએ રોહિત મહેતાની આગેવાનીમાં ૩૯ દિવસની હડતાલ પાડી હતી.

અસહકારની ચળવળના કાર્યક્રમો કરતા વલ્લભભાઈ પટેલની ધરપકડ થઈ હતી. આ વર્ષના અંતમાં ભરાયેલ કોંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીનો પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર થયો.

આઝાદીની લડતનું હેડક્વાટર અમદાવાદ :

અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેતાઓ ગાંધીજીને મળવા માટે સાબરમતી આશ્રમમાં આવતા હતા. તેઓ આશ્રમમાં 'નંદિની' નામના અતિથિગૃહમાં રોકાણ કરતા હતા. જેમાં કેલન બેક, બાદશાહ ખાન, ડો. રાજેન્દ્ર પ્રસાદ, પંડિત માલવિયાજી, પંડિત જવાહરલાલ નહેરુ, દીનબંધુ એન્ડ્રુઝ, હની પોલાક, રાજાજી વગેરે હતા. કસ્તુરબા મહેમાનોની કાળજી રાખતાં હતાં. કેટલાક મહાનુભાવો શહેરમાં રિલીફ રોડ ઉપર આવેલા ''મણિલાલ મેન્શન''માં સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર વગેરેનું રોકાયા હતા. 'મણિલાલ મેન્શન'માં પહેલા માળે આવેલા હાલમાં આઝાદીની ચળવળની સભાઓ થતી હતી. સૌને અમદાવાદ આઝાદીની ચળવળનું હેડક્વાટર લાગતું હતું !

૧૯૩૦ : દાંડીકૂચ : કોંગ્રેસ કાર્યકારી સમિતિએ ગાંધીજીને સંપૂર્ણ આઝાદી માટે સત્યાગ્રહ કરવાની સંપૂર્ણ સત્તા આપી. સરકારે મીઠાના ઉત્પાદનનો ઈજારો આપી કર નાંખ્યો. ગાંધીજીની આગેવાની હેઠળ દેશે બુલંદ અવાજે વિરોધ દર્શાવ્યો અને જાહેર કર્યું - 'આ કાયદાનો ભંગ સૌ પ્રથમ પોતે કરશે, તે માટે દાંડીકૂચ કરશે' સરદાર પટેલે દાંડીકૂચનો માર્ગ નક્કી કર્યો. ગૂજરાત વિદ્યાપીઠમાંથી ગુલામ રસુલ કુરેશીની આગેવાનીમાં અરુણ ટુકડીએ દાંડીયાત્રાના માર્ગમાં આવતા ગામોમાં જઈને મીઠાના કાયદા વિશે જાણકારી આપવાની, ગામ અંગેની માહિતી એકઠી કરવાની અને દાંડીયાત્રીઓ માટે સાદા ભોજનની વ્યવસ્થા કરવાનું કામ ઉપાડ્યું હતું.

અઠવાડિયા પહેલાં સાબરમતી નદીના પટમાં એલિસબ્રિજ નીચે પ્રાર્થનાસભાઓ થવા માંડી. ગાંધીજીએ કહ્યું: ''મારો જન્મ બ્રિટિશ સામ્રાજયનો નાશ કરવા થયો છે.'' દાંડીયાત્રાના પાંચ દિવસ પહેલાં સરકારે રાસ ગામેથી સરદાર પટેલની ધરપકડ કરી.

૧૦મી માર્ચે, ૧૯૩૦ની સાંજે વિશાળ જનમેદનીને ગાંધીજીએ સંબોધિત કરતાં કહ્યુ હતું - 'એમ હોઈ શકે કે સાબરમતી નદીકિનારે આ મારું અંતિમ ભાષણ હોય કે કદાચ મારી જિંદગીનું અંતિમ ભાષણ હોય.' આવું સાંભળીને લોકોનાં હૃદય દ્રવિત થયાં. ૧૧મી માર્ચની સાંજે ભારે ગિરદી વચ્ચે સંતવાણી જેવું વ્યાખ્યાન આપ્યું. આખી રાત ભજનો અને ગાંધીજીની જય પોકારવામાં વિતાવી.

૧૨મી માર્ચ, સવારે છ ને દશ મિનિટે ગાંધીજી એમના ઓરડામાંથી બહાર આવ્યા. એમની સાથે પ્રભાશંકર પટણી, મહાદેવભાઈ દેસાઈ અને પ્યારેલાલ હતા. ૧૪ પ્રાંતોના ૭૯ સત્યાગ્રહીઓ દાંડીયાત્રા માટે તૈયાર હતા. દાંડીયાત્રામાં જોડાતાં પહેલાં ગાંધીજી આશ્રમવાસીની બીમાર પુત્રીની ખબર કાઢી આવ્યા. આવો હતો એમનો બાળવાત્સલ્ય પ્રેમ !

કસ્તુરબાએ ''સૌ સત્યાગ્રહીઓને' કંકુ - અક્ષતના ચાંલ્લા કર્યા. પંડિત ખરેએ 'વૈષ્ણવજન' ગાવાનું શરૂ કર્યું અને દાંડીકૂચે પ્રયાણ કર્યું. મૃદુલા સારાભાઈએ સ્થાપેલી 'વાનરસેના'એ આશ્રમ પરિસરમાં દાંડીકૂચ કાઢી હતી. દાંડી માર્ગમાં ભાટ ગામે જાહેરસભામાં ગાંધીજીએ એલાન કર્યું - ''હું કાગડાના મોતે મરીશ, કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો ફરીશ નહી.'

૩૮૫ કિ.મી. લાંબી દાંડીકૂચ ૨૫ દિવસે પાંચમી એપ્રિલે દાંડી પહોંચી. ગાંધીજીએ વિશ્વને અપીલ કરી : ''બળિયા સામેના સંગ્રામમાં હું વિશ્વની સહાનુભૂતિ માગું છું.'' છઠ્ઠી

એપ્રિલે સવારે ગાંધીજીએ સમુદ્ર સ્નાન કર્યું અને છને વીસ મિનિટે ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો ભંગ કરી બોલ્યા - ''બ્રિટેશ સામ્રાજયની ઈમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું.'' દાંડીકૂચથી દેશની આઝાદીની લડત પ્રબળ બની હતી.

ગાંધીપ્રતિજ્ઞા અંગે : 'આઝાદી મેળવ્યા વિના આશ્રમમાં પાછો ફરવાનો નથી.' ગાંધીજીની આ ભીષ્મપ્રતિજ્ઞા વિશે લોકોમાં ગેરસમજ છે કે ગાંધીજી દાંડીયાત્રા પછી અમદાવાદમાં કે આશ્રમમાં આવ્યા નથી.

આશ્રમ ગાંધીજીનું ઘર હતું. આશ્રમવાસીઓ એ એમનો પરિવાર હતો. મારા સંશોધન અને અભ્યાસ મુજબ વર્ષ ૧૯૩૧ થી ૧૯૩૬ના સમયગાળામાં ગાંધીજી અમદાવાદમાં ૧૬ વખત આવ્યા હતા અને કુલ ૯૦ દિવસ રોકાયા હતા. આ અંગે ગાંધીજીએ નવજીવનમાં ખૂલાસો કર્યો હતો - 'આશ્રમમાં ક્યારેય પાછો નહિ ફરું, એનો અર્થ એ છે કે આશ્રમમાં રહેવાનું છોડી દઈશ.' ગાંધીજી અમદાવાદમાં એમના રોકાણ દરમિયાન આશ્રમમાં ક્યારેય રાત રોકાયા નહોતા.

કોંગ્રેસ ભવન : શેઠ અંબાલાલ સારાભાઈ અને શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના સહકારથી ભદ્રમાં ૧૯૩૦માં કોંગ્રેસ ભવનની ઈમારત તૈયાર થઈ હતી, જેમાં કોંગ્રેસ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી.

૧૯૪૦ : વ્યક્તિગત સત્યાગ્રહ : કોંગ્રેસ કારોબારીએ વ્યક્તિગત સત્યાગ્રહની જવાબદારી ગાંધીજીને સોંપી હતી. ગુજરાતમાં સર્વપ્રથમ સત્યાગ્રહી સરદાર વલ્લભભાઈ પટેલ અને બીજા ક્રમે ગણેશ વાસુદેવ માવળંકર પસંદ થયા હતા. તેઓ બંનેની ધરપકડ પછી મોરારજીભાઈ સભા સંબોધતાં એમની પણ ધરપકડ થઈ હતી. વ્યક્તિગત સત્યાગ્રહને લીધે દેશભરમાં તોફાનો થતાં વ્યક્તિગત સત્યાગ્રહ ઉપર બ્રેક મારવામાં આવી હતી.

૧૯૪૨ : ''હિંદ છોડો' આંદોલન : ૮મી ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ મુંબઈમાં કોંગ્રેસ મહાસમિતિમાં ગાંધીજીએ જાહેર કર્યું - ''આપણે આજે અંગ્રેજોને આખરીનામું આપી દેવાના છીએ કે તમે હવે અહીંથી ચાલ્યા જાવ.'' આમ, ગાંધીજીએ ''હિંદ છોડો'' આંદોલનમાં ''ક્વિટ ઈન્ડિયા'' અને ''કરેંગે યા મરેંગે'' જેવાં સૂત્રો આપ્યાં. ૯મી ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ વગેરેની ધરપકડો થઈ. અમદાવાદમાંથી જયંતિ દલાલ, ડો. જયંતિ ઠાકોર, નીરુભાઈ દેસાઈ, રમણિકલાલ શાહ, મન્મથરાય મહેતા અને અરવિંદ પટવા વગેરેની આગેવાનીમાં શહેરની શાળા-કૉલેજોમાં હડતાળ પડી. ૯મી ઓગસ્ટની વહેલી સવારે અમદાવાદમાંથી ગણેશ વાસુદેવ માવળંકર, ભોગીલાલ લાલા, નરહરિ પરીખ, અર્જુનલાલા, નીરુભાઈ દેસાઈ, જયંતિ દલાલ વગેરે ૧૭ જેટલા નેતાઓની ધરપકડો થઈ. ૯મી ઓગસ્ટના રોજ ખાડિયા પોસ્ટ ઓફિસ પાસે ઉમાકાન્ત કડિયા શહીદ થયો.

૧૦મી ઓગસ્ટના રોજ ગુજરાત કૉલેજમાં ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ''ઈન્કલાબ જિંદાબાદ''ના નારા સાથે પહોંચી ગયા. પ્રિન્સિપાલ આર. પટવર્ધન, પ્રો. એફ. સી. દાવર, પ્રો. એસ.એમ. શાહ અને પ્રો. ધીરુભાઈ ઠાકર વગેરે વિદ્યાર્થીઓને શાંત પાડતા હતા. એમાં વિનોદ કિનારીવાલા નામનો વિદ્યાર્થી તિરંગો ઝંડો લઈ આગળ આવ્યો અને પોલીસ અમલદારે એના ઉપર બંદૂકનો ઘોડો દબાવ્યો. 'ઈન્કિલાબ'ના અમરઘોષ કરતાં એણે શહાદત વહોરી હતી. તેની સાથે રમણીકલાલ શાહ, મન્મથરાય મહેતા, બ્રહ્મકુમાર ભટ્ટ ઉપરાંત ઘણા બીજા વિદ્યાર્થી નેતાઓ હાજર હતા. રમણિકલાલ શાહના પ્રમુખપદે ''રાષ્ટ્રીય વિદ્યાર્થી સંગ્રામ સમિતિ''ની રચના કરવામાં આવી. તેઓએ 'વિદ્યાર્થી' નામની પત્રિકા શરૂ કરી. અંગ્રેજ સરકારે મચક ના આપતાં અમદાવાદમા ૮૦,૦૦૦ જેટલા વિધાર્થીઓએ ૨૫૦ દિવસ લાંબી અભૂતપૂર્વ હડતાલ પાડીને ભારતભરમાં વિક્રમ સર્જ્યો.

શહેરસૂબા : ડૉ. જયંતિ ઠાકોર : કોંગ્રેસ તરફથી સ્થાનિક ધોરણે આઝાદીની લડતની જવાબદારી ડેન્ટિસ્ટ ડૉ. જયંતિ ઠાકોરને 'શહેરસૂબા' તરીકે સોંપવામાં આવી હતી. એમણે 'જયાનંદ' નામે નેતૃત્વ પૂરું પાડ્યું હતું. એમના ઓર્ડર કોંગ્રેસ પત્રિકામાં છપાતા હતા. એમને જીવતા કે મરેલા પકડી લાવવાનો સરકારે ઓર્ડર કર્યો હતો. શહેરમાં બોમ્બ બનાવવાની પ્રવૃત્તિમાં કે.જી. પ્રભુ અગ્રેસર હતા.

૧૯૪૬ : કોમી હુલ્લડ : શહેરમાં કોમી હુલ્લડ ને શાંત કરવા ગયેલા યુવા વસંત અને રજબે જાન ગુમાવ્યા હતા. જમાલપુરમાં તેમની ખાંભી જોવા મળે છે.

૧૯૪૭ : મધ્ય રાત્રે આઝાદી : બિહારથી અમદાવાદ આવેલા લોકનેતા જયપ્રકાશ નારાયણે ૧૦મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ શહીદ વિનોદ કિનારીવાલાની ખાંભીનું સ્થાપન કર્યું. - અનાવરણ કર્યું. તેના બરાબર પાંચ દિવસ પછી પંદરમી આંગસ્ટના રોજ આપણા દેશને આઝાદી મળી. લાલ કિલ્લા ઉપર જવાહર લાલ નેહરુએ ધ્વજ ફરકાવ્યો. અમદાવાદમાં ભદ્ર કિલ્લા ઉપર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ દિવસે અહીં રોશની કરવામાં આવી હતી. આઝાદીની લડતમાં અમદાવાદમાંથી મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, દાદા સાહેબ માવળંકર ઉપરાંત આચાર્ય કૃપલાની, મહાદેવભાઈ દેસાઈ, નરહરિ પરીખ, ડો. હરિપ્રસાદ દેસાઈ, ઈન્દુલાલ યાજ્ઞિક, મોરારજી દેસાઈ, રવિશંકર મહારાજ જેવા અસંખ્ય મહાનુભાવો અને કાર્યકરો અગ્રહરોળમાં સંકળાયેલા હતા. સમયની ગતિ ન્યારી છે. આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ.

૮૪, શંકર સોસાયટી, વિભાગ-૨,
કામેશ્વર મહાદેવ પાસે, અંકુર રોડ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૮૨૫૦૪૨૨૩૧


"સ્થાપત્ય વૈભવ"
રક્ષા ભટ્ટ
મો. ૯૯૭૯૮૬૫૬૮૬



"જય કનૈયાલાલ કી..."
રસિક ગલચર
મો. ૯૮૨૫૩ ૯૯૦૦૬



"એકાગ્રતા"
વિ. એલ. નિમાવત
મો. ૬૩૫૧૨૨૭૯૨૧



"અમે પ્રવાસી પંખી"
નાગજી પ્રજાપતિ
મો. ૯૮૨૫૯૭૯૪૪૬

વનરાજીથી ઘેરાયેલું રજવાડું ધરમપુર : પ્રાચીન અને અર્વાચીન

- અજય મો. નાયક

અંગ્રેજોના શાસન પહેલાં આપણે ત્યાં અનેક રાજા રજવાડાં હતાં. દરેકની એક વિશેષતા હતી. શિક્ષણ, સંસ્કૃતિ, કલા વગેરે તેમની વિચારસરણીને કારણે ઉત્તરોત્તર ઊજળાં બન્યાં હતાં. લોકોનું જીવન પણ કલ્યાણમય બને તેવું તેઓ વિચારતા હતાં. આવું જ એક રજવાડું દક્ષિણ ગુજરાતમાં સાવ છેવાડે હતું. મહારાષ્ટ્રની સરહદ નજીક આ રજવાડું નાનું હતું પણ બધી રીતે સમૃદ્ધ હતું. મહારાણા પ્રતાપના વંશજ એવાં સિસોદિયા કુળના રાજાઓએ ત્યાં વરસો સુધી રાજ કર્યું. એમાં વળી ગોંડલ, કાશ્મીરના રાજાઓ સાથે કૌટુંબિક સંબંધ થતાં વધુ સમૃદ્ધ બન્યું.

આજે ધરમપુર કેવું છે? ધરમપુરની પૂર્વમાં આવેલ મોહનગઢ ટેકરીઓ પાછળથી ઊગતો અને પશ્ચિમમાં આવેલ અરબી સમુદ્રમાં આથમતો સૂર્ય ધરમપુરના સ્થાપનાકાળથી એટલે કે ૧૩ મી સદીથી આજ દિન સુધી ઘણા ચઢાવ ઉતારનો સાક્ષી બન્યો છે. ધરમપુરમાં એક બાજુ એની પ્રાચીન સંસ્કૃતિ, રીતરિવાજો અને શ્રેષ્ઠ પ્રણાલિકાઓ અકબંધ રહેવા પામી છે, તો બીજી બાજુ પ્રવર્તમાન સાયન્સ અને ટેકનોલોજીનો પણ ધરમપુરને સ્પર્શ થયો છે. આપણને ધરમપુરની પ્રજા અને આસપાસનાં આદિવાસીઓની લગ્ન પ્રથા, વિવિધ ઉત્સવોની ઉજવણી, એમના ધર્મ અને એમના પ્રકૃતિ સાથેના તાદાત્મ્યમાં એમની સંસ્કૃતિની પ્રતીતિ થાય છે, તો બીજી બાજુ મહારાણા શ્રી વિજય દેવજી દ્વારા નિર્મિત ' રાજયારોહણ દરવાજા', મહારાણા શ્રી વિજય દેવજીના વફાદાર સલાહકારની સ્મૃતિમાં બંધાયેલી અત્યાધુનિક 'ધ વ્રજલાલ હોસ્પિટલ', તેમજ વિવિધ પ્રકારના સાહિત્યથી સમૃદ્ધ 'શ્રીમદ્ મહારાણા નારણદેવજી લાઇબ્રેરી', ધરમપુરની પ્રકૃતિ અને જીવનશૈલીને ઉજાગર કરતી વૈવિધ્યસભર કલાકૃતિઓ ધરાવતું 'લેડી વિલ્સન મ્યુઝિયમ', ધરમપુરની ધાર્મિક પ્રજાની આધ્યાત્મિક પ્રવૃતિના પ્રેરણાસ્રોત 'રાધા કૃષ્ણ' અને 'લક્ષ્મીનારાયણ' ના મંદિરો તો હાલના સમયમાં બ્રહ્માંડ અને વિજ્ઞાનની ગતિવિધિઓથી ધરમપુર અને દૂર દૂરના પ્રજાજનોને વાકેફ કરતું 'જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર' ધરમપુર નગરને આધુનિકતાનો ઓપ આપે છે. આમ, ધરમપુરમાં પરંપરા અને આધુનિકતાનો સુભગ સમન્વય એ કોઈ નવી વાત નથી. સેંકડો વર્ષ પહેલાંથી આ અદ્દભુત સાયુજ્ય એની પ્રગતિના પંથે દિન પ્રતિ દિન આગેકૂચ કરી રહ્યું છે.

પ્રવર્તમાન સાયન્સ અને ટેક્નોલોજીનો પણ ધરમપુરને સ્પર્શ થયો છે. આપણને ધરમપુરની પ્રજા અને આસપાસનાં આદિવાસીઓની લગ્ન પ્રથા, વિવિધ ઉત્સવોની ઉજવણી, એમના ધર્મ અને એમના પ્રકૃતિ સાથેના તાદાત્મ્યમાં એમની સંસ્કૃતિની પ્રતીતિ થાય છે

ધરમપુર સ્ટેટની સ્થાપના સને ઈ. સ.૧૨૬૨માં ઉદેપુરના સિસોદિયા પરિવારના રાજવી શ્રીમંત મહારાણા શ્રી રામસિંહ ઉર્ફ રામશાહજીએ કરી હતી. ત્યારે ધરમપુર રામ નગર તરીકે ઓળખાતું હતું. તે પછી સમયાંતરે સિસોદિયા વંશના ૧૫મી પેઢીના રાજવી શ્રી ધરમદેવજીએ ઈ. સ. ૧૭૫૮માં વેંગણિયા નદીના કાંઠે આવેલા માંડવેગણ નામે ઓળખાતી જમીન ઉપર ધરમપુર નગરની સ્થાપના કરી હતી અને માંડવેગણનું નામ બદલીને પોતાના નામ ''ધરમ'' ઉપરથી ધરમપુર રાખ્યું અને વેંગણિયા નદીનું પણ નામ બદલી 'સ્વર્ગ વાહિની' રાખ્યું . જે હાલના સમયે પણ આ બંને નામથી જ ઓળખાય છે.

આઝાદી પહેલાંના સિસોદિયા વંશના રાજવીઓએ ધરમપુર સ્ટેટમાં સને ૧૨૬૨થી ૧૯૫૦ સુધી રાજ કર્યું. આ દરમિયાન ધરમપુર સ્ટેટમાં મંદિરો, મહેલો, શાળા, દવાખાનાં વગેરે નાગરિકોના ઉપયોગ માટે બનાવ્યાં હતાં. રજવાડાં જતાં ધરમપુર સ્ટેટનું દેશમાં વિલીનીકરણ થયું. કાળક્રમે આ બધું ખંડેર થતું ગયું પરંતુ તે મિલકતો રાજ્ય સરકાર હસ્તક આવતાં ખંડેર મહેલો તથા અન્યો મિલકત નવું સ્વરૂપ પામી. જોકે મનહર ઘાટ ધરમપુર ખાતે એક



મંદિર લોકોની નજરોથી અને પોતાનું અસ્તિત્વ ભૂલી ગયું છે. વિજય અગ્નિમંદિર નામકરણ થયેલું આ મંદિર ધરમપુરના રાજવીઓએ બનાવ્યું હતું. ધરમપુર રાજ્યના મહારાજાઓ અને કોઈપણ રાજ્ય વિરુદ્ધ લડત ચલાવતાં પહેલા અથવા કોઈ મહત્ત્વપૂર્ણ મેગા પ્રોજેક્ટ શરૂ કરતાં પહેલાં સફળતાના અગ્નિ પ્રગટાવી હવન કરતા અને આ અગ્નિ દેવનો આશીર્વાદ લેતા હતા. સમય જતા આઝાદી પછી આ ઐતિહાસિક મંદિર લોકોની નજરોથી દૂર થતાં દુર્ભાગ્યવશ આ મંદિરને તાળું મરાયું છે. કોઈ કાળજી લેતું નથી. તે ધરમપુર, મનહરઘાટ, પવિત્ર સ્વર્ગવાહિની નદીના તટ પર સ્થિત છે.

ધરમપુર સ્ટેટમાં ઈ.સ. ૧૮૬૦થી ૧૮૯૧માં રાજ કરનાર રાજવી શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજીએ ધરમપુરમાં શિક્ષણનું મહત્ત્વ સમજીને ધરમપુર સ્ટેટના નાગરિકો ,બાળકોમાં અજ્ઞાનતાનો અંધકાર દૂર થાય , સારું ભણતર મળે એ ઉદ્દેશથી સને ૧૮૫૭માં શૈક્ષણિક માળખાના પાયામાં પ્રાથમિક શાળાઓની શરૂઆત કરી હતી. (ત્યારે જે શાળાઓ ગુજરાતી માધ્યમમાં ભણાવતી હતી તે બધી પ્રાથમિક શાળાઓ કહેવાતી હતી.) જે ધો.૭ સુધી દેશી શિક્ષણ આપતી હતી. ત્યારે દેશી/ સ્થાનિક ભાષાના અભ્યાસને વર્નાક્યુલર એજયુકેશન પણ કહેવાતું હતું. ધો ૭ની આગળ વિદ્યાર્થીઓને ઈંગ્લિશ શિક્ષણ માટે અભ્યાસની જરૂરિયાત વર્તાતા રાજવી શ્રી નારણદેવજીએ ઈ.સ.૧૮૮૭ માં એંગ્લો- વર્નાક્યુલર માધ્યમિક શાળાઓની સ્થાપના કરી હતી.

ધરમપુર સ્ટેટના રાજવીઓએ ધરમપુરના નાગરિકો માટે શિક્ષણ પ્રાપ્ત કરે એ માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા. તે માટે શાળાનાં મકાનો બનાવ્યાં હતાં. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી હતી તથા રાજ્ય બહાર શિક્ષણ માટે જતા વિદ્યાર્થીઓને ગ્રાન્ટ અપાતી

એંગ્લો- વર્નાક્યુલર માધ્યમિક શાળાઓમાં અંગ્રેજીને



એક વિષય તરીકે દાખલ કર્યો અને એ પછી અભ્યાસ પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓને ચાર વર્ષ સુધી દેશી વિષય સિવાય અંગ્રેજીને માત્ર એક વિષય તરીકે નહિ પરંતુ બીજા બધા વિષયો પણ અંગ્રેજી ભાષામાં શીખી મેટ્રિક્યુલેશનનો અભ્યાસ પૂરો કરાવાતો હતો અને આ મેટ્રિક્યુલેશન અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરે તેવા વિદ્યાર્થીઓને જ ધરમપુર સ્ટેટની બહાર કોલેજો, યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે યોગ્યતા પ્રાપ્ત થતી હતી. ધરમપુર સ્ટેટનું અને ગુજરાતનું શૈક્ષણિક માળખું આ મુજબ જ રચાયું હતું. ધરમપુર નગર તથા જુદા જુદા ગામડાઓમાં નવી શાળાઓ શરૂ કરવામાં આવી હતી. સને ૧૮૮૭થી ૧૯૨૦ દરમ્યાન ૧૮ જેટલી શાળાઓની સ્થાપના કરવામાં આવી હતી. જેનાથી આખા ધરમપુર સ્ટેટમાં ૨૩ જેટલી શાળાઓ શરૂ થઈ ચૂકી હતી. જેમાં ૨ વર્નાક્યુલર ગર્લ્સ સ્કૂલ, ૧ બોઈઝ સ્કૂલ, અને ૧ હાઈસ્કૂલનો સમાવેશ થતો હતો. શરૂઆત પ્રાથમિક શાળાઓથી કરી. ત્યારપછી એંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલો, હાઈસ્કૂલો, કોલેજો અને અનુસ્નાતક વિદ્યાપીઠનું શિક્ષણનું માળખું હતું.

ધરમપુર સ્ટેટના રાજવીઓએ ધરમપુરના નાગરિકો માટે શિક્ષણ પ્રાપ્ત કરે એ માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા. તે માટે શાળાનાં મકાનો બનાવ્યાં હતાં. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી હતી તથા રાજ્ય બહાર શિક્ષણ માટે જતા વિદ્યાર્થીઓને ગ્રાન્ટ તથા મેડિકલ કોલેજ બોમ્બે, ટાટા આર્ટ્સ સ્કૂલ, નવસારી જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા ઘણા વિદ્યાર્થીઓને દર માસે ૨૦૦ રૂપિયા જેટલી સ્કોલરશિપ ધરમપુર સ્ટેટ દ્વારા આપવામાં આવતી હતી. જેથી ધરમપુરના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શક્યા હતા.

સને ૧૮૬૦ થી ૧૮૯૧ માં ધરમપુર સ્ટેટમાં તત્કાલીન રાજવી શ્રી નારણ દેવજીએ શિક્ષણનો પાયો નાખ્યો હતો. તેમના પુત્ર રાજકુમાર શ્રી મોહનદેવજીએ ધરમપુર ઉપર સને ૧૮૯૧થી ૧૯૨૧ સુધી ૩૦ વર્ષ રાજ કર્યું હતું. તેઓ પણ પોતાના રાજ્ય ધરમપુરમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે સદા પ્રયત્નશીલ રહ્યા હતા. તેમના સમયકાળમાં ઘણી પ્રાથમિક શાળાઓનાં મકાનો બાંધવામાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સ્કોલરશિપ આપવામાં આવી હતી. તેઓના સમયકાળમાં વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને આગળનો અભ્યાસ શકે એ

માટે સને ૧૮૯૫માં માધ્યમિક શાળાઓની શરૂઆત કરવામાં આવી હતી. આ માધ્યમિક શાળાઓમાં સૌથી મોટી અને સૌથી સારું મકાન ધરાવતી એ. વી. માધ્યમિક શાળાના નામથી ઓળખાતી સ્કૂલ હતી, જે હાલ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર , ગાર્ડન રોડની સામે જર્જરિત અવસ્થામાં છે. આ મકાનમાં શ્રી મોહનદેવજી પ્રાથમિક કુમાર શાળા તથા એ. વી. માધ્યમિક શાળાના નામથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપવામાં આવતું હતું. નાંદોદ ઉતારા અને માજીરાજ બા કન્યાશાળાના મકાનની ડિઝાઈન તથા મકાન બનાવવાની જવાબદારી રાજવી શ્રી મોહન દેવજીએ તે સમયના ખ્યાતિ પ્રાપ્ત 'બોમ્બે ફર્મ મેઝર્સ ડબલ્યુ એ. ચેમ્બર્સ એન્ડ કંપની'ના મિસ્ટર ડીચમેનને સોંપી હતી. તેમણે આ ડિઝાઈન અને બનાવટ ખૂબ કલાત્મક બનાવી હતી. જે આજે પણ હેરિટેજ મકાન હોય તેવું લાગે છે. આ મકાનમાં આગળના ભાગે અંગ્રેજી માધ્યમિકની પ્રાથમિક શાળા અને પાછળના ભાગે ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાનું શિક્ષણ આપવામાં આવતું હતું.

ધરમપુર સ્ટેટમાં માધ્યમિક શાળા શરૂ થવાથી ધરમપુરના વિદ્યાર્થીઓ તથા આજુબાજુના વિસ્તારોના પણ વિદ્યાર્થીઓ અભ્યાસમાં રુચિ કેળવીને માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરતા થયા હતા. સને ૧૯૨૧માં ધરમપુર સ્ટેટમાં ધરમપુર તથા આજુબાજુનાં ગામોમાં કુલ ૨૮ પ્રાથમિક શાળાઓ હતી . જેમાં બધું મળીને વિદ્યાર્થીની સંખ્યા ૧૧૯૮ હતી. જે વધીને સને ૧૯૨૬ -૨૭માં ૧૩૯૭ જેટલી થઈ હતી. વિદ્યાર્થીઓ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ સહેલાઈથી લઈ શકે તે માટે મફત શિક્ષણ આપવામાં આવતું હતું. તેમને પુસ્તકો, સિલેટ મફત આપવામાં આવતાં હતાં. શરૂઆતમાં આ વ્યવસ્થા ફકત ધરમપુર નગરમાં આપવામાં આવી. ત્યાર બાદ દૂરદરાજના ગામડાના ગરીબ લોકો પણ મફત શિક્ષણનો લાભ લે એ માટે સમગ્ર રાજ્યનાં બધાં ગામડાઓમાં પણ તમામ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ, સ્લેટ, પેનો, પુસ્તકો,નોટબુકો મફત વિતરણ કરવામાં આવતાં હતાં.

એસ. એમ. એસ. એમ. હાઈસ્કૂલનું જૂનું મકાન હાલના જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ગાર્ડન રોડ, ધરમપુરની સામે હતું. સમય જતાં શિક્ષણનો વ્યાપ વધતા વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતા જતા આ મકાન વિદ્યાર્થીઓ માટેના શિક્ષણ, હોસ્ટેલ તથા અન્ય પ્રવૃત્તિઓ માટે (વિજ્ઞાન પ્રયોગ શાળા, લાઈબ્રેરી, શિક્ષકો માટે રૂમ, વ્યાખ્યાન ખંડ, કાર્યાલય વગેરે)ની જરૂરિયાત ઊભી થઈ તથા આ મકાનની આજુબાજુ રમત - ગમતનું મેદાન ન હતું. તેથી ધરમપુર સ્ટેટના તત્કાલીન રાજવી શ્રી વિજયદેવજીએ હાઈસ્કૂલ માટે નવું મકાન બાંધકામ કરવા જ્યાં શિક્ષણ માટેની બધી સુવિધાઓ હોય તેવી જગ્યા શોધવાનો નિર્ણય કર્યો. ધરમપુર નગરના પ્રવેશદ્વાર 'રાજય રોહણ ગેટ '(ત્રણ દરવાજા) પાસે ગૌરવ પથ ઉપર ખૂબ મોટી જગ્યા ઉપલબ્ધ હતી. તે જગ્યા રાજવીએ પોતે નકકી કરી ત્યાં હાઈસ્કૂલનું મકાન અને વિદ્યાર્થીઓ માટે રમતગમતનું મેદાન બનાવવાનો નિર્ણય લીધો. ભવિષ્યમાં ૨૦૦ વર્ષમાં પણ જગ્યાની અવગડ ન પડે એ સારા વિચારથી આ જગ્યા નકકી કરવામાં આવી હતી. જે ત્યારના રાજવીઓનું ધરમપુર અને એના નાગરિકોના શિક્ષણના ભવિષ્ય માટે કેવું સરસ વિઝન હતું તેનો ખ્યાલ આપે છે.આ જગ્યા ઉપર હાઈસ્કૂલના મકાનનું ખાતમુહૂર્ત ડિસેમ્બર ૧૯૨૨ના વર્ષમાં તે સમયના સુરતના કલેકટર શ્રી હાર્ટ શોનના શુભ હસ્તે ધરમપુરના રાજવી શ્રીમંત માહારાણા શ્રી વિજયદેવજી તથા અન્ય મહાનુભાવો, વિશાળ સંખ્યામાં ઉપસ્થિત નાગરિકો, વિદ્યાથીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ મકાનનું બાંધકામ ૧૦ વર્ષ ચાલ્યું હતું. આખરે આ કલાત્મક મકાનનું ઉદ્દ્ઘાટન તા. ૧ જૂન, ૧૯૩૨ના રોજ મધ્યપ્રદેશ રાજયના નાગોદ સ્ટેટના રાજવી તથા ધરમપુરના જમાઈ શ્રી રાજા સાહેબ મહેન્દ્રસિંહ જયુદેવ બહાદુરના

ધરમપુર નગરના પ્રવેશદ્વાર 'રાજય રોહણ ગેટ '(ત્રણ દરવાજા) પાસે ગૌરવ પથ ઉપર ખૂબ મોટી જગ્યા ઉપલબ્ધ હતી. તે જગ્યા રાજવીએ પોતે નકકી કરી ત્યાં હાઈસ્કૂલનું મકાન અને વિદ્યાર્થીઓ માટે રમતગમતનું મેદાન બનાવવાનો નિર્ણય લીધો



શુભ હસ્તે (હાલના ધરમપુરમાં રહેવાસી ધર્મુ દાદાના નામથી જાણીતા શ્રી ધર્મેન્દ્રસિંહ પરિહાર જે ધરમપુર સ્ટેટના ભાણેજ છે. તેમના પિતા શ્રી મહેન્દ્ર સિંહ જયુદેવ) ધરમપુર સ્ટેટના તત્કાલીન રાજવી શ્રી વિજયદેવજી તથા હજારો નાગરિકોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ હાઈસ્કૂલના મકાનનું 'એ. જે. મોદી હોસ્ટેલ' નામકરણ કરવામાં આવ્યું હતું. આ મકાનનું બાંધકામ જોતાં ભારતીય આર્કિટેકચરની શ્રેષ્ઠ ગુણવત્તાનાં પાસાઓને રજૂ કરે છે. દરેક રૂમમાં હવા, ઉજાસ આવે એ રીતના બનાવવામાં આવ્યા હતા. આ મકાન બાંધકામનો ખર્ચ તે સમયે અંદાજિત એક લાખ પચ્ચીસ હજાર જેટલો થયો હતો. આ મકાનમાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટેના રૂમો , એક વિજ્ઞાન પ્રયોગશાળા, વ્યાખ્યાન ખંડ, એક લાઈબ્રેરી અને શિક્ષકો માટે કોમનરૂમ અને કાર્યાલય હતું. આ મકાનની બાજુમાં જ ખૂબ મોટું રમત મેદાન પણ છે. સમય જતાં આ મકાનનું નામ બદલીને એસ. એમ. એસ. એમ. હાઈસ્કૂલ નામકરણ કરવામાં આવ્યું હતું. જે આજે પણ આ જ નામથી હાઈસ્કૂલ ઓળખાય છે. સને ૧૯૫૦ માં ધરમપુર સ્ટેટનું ભારત સરકારમાં વિલીનીકરણ થતા આ હાઈસ્કૂલનો વહીવટ પહેલાં મુંબઈ સ્ટેટ પાસે આવ્યો હતો. ત્યાર બાદ ગુજરાત રાજયની સ્થાપના ૧ મે ૧૯૬૦માં થતાં ધરમપુર વિસ્તારનો ગુજરાત રાજયમાં સમાવેશ થતાં આ હાઈસ્કૂલનો વહીવટ ગુજરાત સરકાર પાસે આવ્યો હતો . જે હાલ ગ્રાન્ટેડ હાઈસ્કૂલ તરીકે છે.

ગોંડલ સ્ટેટના રાજવી માહારાજા ભગવતસિંહજીના રાણી નંદકુંવરબાએ સને ૧૯૦૨માં પ્રવાસ ઉપર 'ગોમંડલ પરિક્રમા' નામનું પુસ્તક લખ્યું હતું જેમાં ઘણા દેશોના પ્રવાસ કરી એ દેશોનાં સારાં પ્રવાસસ્થળોની વિગતો લખી હતી

ધરમપુરના રાજવી કેટલા પ્રગતિશીલ હતા તેનો ખ્યાલ તેના રાજકુમારી અને ગોંડલ સ્ટેટના રાજવી તથા ભગવદ્‌ગોમંડળના સ્થાપક મહારાજા ભગવતસિંહનાં રાણી નંદકુંવરબાએ લખેલા પ્રવાસ પુસ્તક -ગો મંડળ પરિક્રમા પરથી આવે છે. ધરમપુર સ્ટેટના રાજવી તથા ધરમપુરમાં ૧૮૮૬માં લાઈબ્રેરીની સ્થાપના કરનાર શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજીના રાજકુમારી અને ગુજરાતી ભાષાની ગીતા સમાન 'ભગવદ્‌ગોમંડળ'ના રચયિતા ગોંડલ સ્ટેટના રાજવી માહારાજા ભગવતસિંહજીના રાણી નંદકુંવરબાએ સને ૧૯૦૨માં પ્રવાસ ઉપર 'ગોમંડલ પરિક્રમા' નામનું પુસ્તક લખ્યું હતું જેમાં ઘણા દેશોના પ્રવાસ કરી એ દેશોનાં સારાં પ્રવાસસ્થળોની વિગતો લખી હતી. પ્રવાસ વિષય ઉપર પુસ્તક લખનાર પ્રથમ તેઓ ભારતીય મહિલા હતાં. આ પુસ્તક ખૂબ દુર્લભ છે. આ પુસ્તક હાલમાં ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીમાં રેફરન્સ વિભાગમાં છે. ગોંડલ સ્ટેટના રાજવીએ ગુજરાતી ભાષાનો સૌથી મોટો શબ્દકોષ 'ભગવદ્‌ગોમંડળ' લખ્યો. જેની પ્રેરણા લઈને જ નંદકુંવરબાએ પ્રવાસ ઉપર પુસ્તક લખ્યું હતું. ગોંડલ સ્ટેટનાં મુખ્ય રાણી નંદકુંવરબા ધરમપુરના રાજકુમારી હતાં.

ધરમપુરનાં રાજમાતા કુશળ કુંવરબાને ભગવાન સ્વામિનારાયણનાં પ્રત્યક્ષ દર્શન થયા હતાં. ધરમપુરમાં ભગવાન પધાર્યા હતા અને વચનામૃતમાં પણ તેનો ઉલ્લેખ છે. ભગવાનની પધરામણીના ૧૫ દિવસ પછી કુશળકુંવરબા ધામમાં ગયાં હતાં. વડોદરા જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલા બોડેલી ખાતે જયાં બીએપીએસ સંચાલિત મંદિર છે ત્યાં ધરમપુર રાજવી પરિવારનાં સત્સંગી રાજમાતા કુશળકુંવરબાની પથ્થરમાંથી કોતરેલી મૂર્તિ મંદિરની દીવાલ પર જોવા મળે છે.

ધરમપુરનું મહત્ત્વ એટલા માટે પણ છે કે અહીં શ્રીમદ રાજચંદ્રે નિવાસ કર્યો હતો, પરિણામે અહીં શ્રીમદ રાજચંદ્ર કેન્દ્ર પણ બનાવાયું છે. અહીં અભ્યાસ થાય છે. ઘણા મુમુક્ષુ આવે છે. નિયમિત શિબિર પણ ચાલે છે. ગાંધીજી અને શ્રીમદનો સંબંધ તો જગજાહેર છે.

H-૫/૪૧, નિધી એપાર્ટમેન્ટ,
પ્રગતિનગર બસ સ્ટેન્ડ સામે,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
(M) ૯૮૨૫૪ ૬૪૪૮૧.



દલિત સાહિત્ય-પ્રતિબદ્ધ સર્જક : દલપત ચૌહાણ

- નટુભાઈ પરમાર

'મેં કોઈ દ્રોણનું શરણ લીધું નથી, એટલે મારો અંગૂઠો સલામત છે. એકલતાની વાત મેં ગાંઠે બાંધી છે.... મારા સર્જન-લેખનમાં કોઈની સાહિત્યકૃતિનો પ્રભાવ નથી. ઈર્ષાભાવ મને ફળ્યો છે. એક ઝનૂની પ્રાણીની જેમ મેં સાહિત્યને ઘૂંટ્યું છે.... મારું સાહિત્યકાર રૂપે અવતરવું એ જ તો ચમત્કાર છે - મહેનતનો ચમત્કાર.... કહે છે કવિઓ જન્મે છે.અમેય જન્મ્યા હતા, પણ કવિ તરીકે નહીં : અમે તો પાંત્રીસમાં વર્ષે કવિતા કરવાની શરૂઆત કરી.... લખ્યું છે, ઘણું વધારે લખવાનું બાકી છે. બસ એ વસવસો છે.... પદ-પ્રતિષ્ઠા ક્યારેય ઝંખનામાં આવ્યાં નથી. ઈનામ-અકરામ માટે લખતો નથી..... સમાજનો ઈતિહાસ-સાચો ઈતિહાસ લખવો છે. દલિત સાહિત્યધારા કાયમી રહે એવી ઈચ્છા છે.... બ્રાહ્મણો આવે તે પોતાની કથા લખે, પટેલો પોતાની લખે, ચૌધરીઓ પોતાનું લખે, તો પછી દલિતો પોતાનું લખે જ ને..... મને લખ્યા વિના જંપ નથી વળતો.... બધું રાબેતા મુજબ ચાલતું યુવાનીમાંય. જે કંઈ ઘટ્યું સાહજિક હતું એ વખતે. આજે ભયંકર - અતિ ભયંકર લાગે છે.... ૧૯૬૯ના કોમી હુલ્લડોમાં વહેતું લોહી, ૧૯૭૨-૧૯૭૪નાં રોટી રમખાણો. ૧૯૮૧ના અનામતિયાં હુલ્લડ, ૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૩ના કોમી હુલ્લડોનો એક ભાગ હતો હું. આ બધાથી મારામાંનું લલિત સાહિત્ય છૂટ્યું..... લેખન-સાહિત્ય સમાજનો ભાગ છે. સમાજ, વ્યક્તિ છે તો કલા છે. કલા છે તો સમાજ હોય એવું સમીકરણ વ્યર્થ ગણાય.... સાહિત્યકલા જીવન માટે છે ને હું એનો પક્ષધર છું.... વિશાળ વાચકવર્ગ તો ક્યારેય હતો જ નહિ. લોકોને રસ પડે તો વાંચે, વાંચવાનું ગમે તે વાંચે જ છે.... કોઈના ઘરમાં પાંચસો પુસ્તકો હોય એટલે તે તમામ તેણે વાંચ્યા જ હશે, એમ માનવું ભૂલ-ભરેલું છે. જ્યાં સુધી માણસ થોડો-ઘણો નવરો થઈ શકે તેમ છે, તે વાંચશે - જોશે અને વિચારશે.... જીવન ન હોય તેનાથી રૂપાળું ચિતરવું, આવા સાહિત્યનું 'વેચાણમૂલ્ય' છે, શાશ્વત મૂલ્ય નથી..... સાહિત્ય અકાદમી - દિલ્હી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ કે અન્ય સંસ્થાઓ તરફથી અપાતાં ઈનામ - ઍવૉર્ડ અંગે રાજકારણ પ્રવર્તે છે એ મત દઢ થયો છે. આ મતને હું મહદઅંશે સ્વીકારું છું..... સાહિત્યકારો સ્વમાં -સ્વસમાજમાં કે આજુબાજુ બનતી ઘટનાઓ વિશે લખતા- વિચારતા હોય એમ સામાન્ય રીતે જોવાય છે. તેઓ તેમના કુંડાળામાંથી બહાર નીકળતા નથી. અગાઉ જે રીતે લખાયું હોય તેની નકલ કરીને ચાલતા હોય છે. નવો ચીલો સાહિત્યના રૂપમાં પાડતા હોય છે, ઘટનાઓમાં નહીં..... કાળક્રમે સમાજમાં જે પરિવર્તન આવે તેની ખાસ અસર ગુજરાતી સાહિત્યકારો પર પડી નથી; ને તે જો પડી હોય તો ક્ષણિક હોય છે.... શરૂઆતમાં નવું સાહિત્ય થોડુંક નબળું હોય પણ પછી તે પોતાની સ્થિતિ જરૂરથી સુધારી લે છે. ગુણવત્તા ઉત્તમ થઈને રહે છે..... દરેક ધારા તેના ચોક્કસ ગાળા સુધી દબદબો રાખે છે ને પછી ધીમે-ધીમે વિલાય છે. એ જ તો ક્રમ છે. તેમાં કશું નવું નથી.'

સમર્થ દલિત સાહિત્યકાર દલપત ચૌહાણ હોવું એટલે શું ? એનો એક જવાબ આપણને મળે છે 'દર્દની વાત કરો એટલે સાહિત્ય આપોઆપ આવી જાય, તેથી જેમનું શોષણ થયું છે, તેમનું સાહિત્ય ન હોય તો જ નવાઈ'

ગુજરાતના દિગ્ગજ દલિત સર્જક દલપત ચૌહાણના મુખેથી બોલાયેલા આ વાક્યાંશો જે અહીં સંકલિત કરીને રજૂ કર્યા છે, તે મેં ગુજરાતના એવા જ દિગ્ગજ સર્જક ડૉ. સુમન શાહ સાથેના એમના વિસ્તૃત વાર્તાલાપમાંથી મેળવ્યા છે.

ગુજરાતી દલિત સાહિત્યના આરંભની ક્ષણથી આજપર્યંત પ્રતિબદ્ધતાપૂર્વક સતત સક્રિય રહેલા, ગુજરાતી દલિત સાહિત્યના આરંભના ઈન્કારથી આજની સ્વીકૃતિ સુધીની લાંબી મજલના સાક્ષી, સહયાત્રી અને એના તેના જાગૃત પહેરેદાર, ગુજરાતી દલિત સાહિત્યના પાયાના પથ્થર-એનો બળૂકો અવાજ, સમર્થ દલિત સાહિત્યકાર દલપત ચૌહાણ હોવું એટલે શું ? એનો એક જવાબ આપણને મળે છે 'દર્દની વાત કરો એટલે સાહિત્ય આપોઆપ આવી જાય, તેથી જેમનું શોષણ થયું છે, તેમનું સાહિત્ય ન હોય તો જ નવાઈ' એવું દઢપણે માનતા ને કહેતા રહેલા ડૉ. સુમન શાહના દલપત ચૌહાણ સાથેના આ વાર્તાલાપમાંથી.

૧૦ એપ્રિલ ૧૯૪૦ના રોજ મંડાલી (તા.ખેરાલુ) જિલ્લો મહેસાણામાં જન્મેલા દલપત ધુળાભાઈ ચૌહાણ આજે ઉંમરના ૮૨મા વર્ષના પડાવે યુવાનોને પણ શરમાવે તેવા જોમ, ઉત્સાહ અને પૂર્ણ દલિત સાહિત્યનિષ્ઠા સાથે અડીખમ છે - અવિરત કાર્યરત છે.

આ દિવસોમાં હું, ગાંધીનગરના એમના નિવાસસ્થાનના-એમના સર્જનકાર્યના કેન્દ્રબિન્દુ સમા બીજે માળે એમની સામે ચાર થી પાંચ વાર લગાતાર પલાંઠી વાળીને બેઠો છું ને તેમને સાંભળતો રહ્યો છું. તેમની સાથેની આ ગોષ્ઠિઓમાં તેમણે મને જે કહ્યું તે તેમના જ શબ્દોમાં:

'ગામ મંડાલીમાં એક વર્ષ (૧૯૪૭-૪૮) ગાયકવાડી ત્રણ ધોરણ સુધીની શાળામાં દાખલો. પણ ગામ સાથે સંઘર્ષ થવાથી ૧૯૪૯થી રખિયાલ (અમદાવાદ) ગુજરાતી શાળા નં. ૧ માં ફરીથી ૧લા ધોરણમાં દાખલો અને પ્રાથમિક શિક્ષણ લીધું. માધ્યમિક શિક્ષણ વી.એસ. ટ્યૂટોરિયલ હાઈસ્કૂલ, ત્રણ દરવાજા-અમદાવાદમાં અને ઉચ્ચ શિક્ષણ ગુજરાત કૉલેજ - એલિસબ્રિજ અને સિટી કોલેજ - લાલ દરવાજા, અમદાવાદમાં. બી.એ.ની ઉપાધિ અહીંથી જ મળી. ત્યારે કૉલેજની હોકી-કબડ્ડીની ટીમોમાં પણ મારી હિસ્સેદારી રહેતી.

બાળપણ ગામ અને શહેર વચ્ચે વહેંચાયેલું પરંતુ બાળપણનો મોટો હિસ્સો અમદાવાદ શહેરની જીવણલાલની ચાલીમાં વીત્યો. દરમિયાન ગામ મંડાલી જવા-આવવાનું પણ ચાલુ જ રહ્યું.

એ સમયમાં અસ્પૃશ્યતા હાડોહાડ હતી. ગાડી કે બસમાં બેસવામાં સાવચેતી રાખવી પડતી. અમે અમદાવાદથી સિદ્ધપુર થઈ ગાડી (રેલ ગાડી)માં બેસી ગામ મંડાલી જતા. રેલવે સ્ટેશને હિન્દુ પાણી, મુસ્લિમ પાણી માટે જુદી જુદી કોઠીઓ હતી. પરબની બહાર એક ચાર-પાંચ ફૂટનું નાળચું લગાવેલું હતું, તે નાળચે પરબવાળી બાઈ ઉપરથી પાણી રેડે તેને બીજેના છેડેથી ખોબો ધરી દલિતોએ પીવું પડતું. રસ્તા પરની પરબોએ પરબ સામે દૂર ઊભડક બેસી પાણી ખોબામાં રેડાય તે પીવાનું.

આઝાદી પછી શાળાની અંદર પણ જુદા ખૂણા કે ભીંત પાસે અમારે બેસવાનું. મોડા પડીએ તો દરવાજેથી દાખલ ન થવાય પણ બારીમાંથી કૂદીને અંદર જવાનું. સાહેબ (વર્ગશિક્ષક) જોઈ જાય તો છૂટી આંકડી મારે

આમ કહીએ કે તે વખતે ગામડાંમાં જે અસ્પૃશ્યતાના પ્રકાર હતા તે સર્વનો મને - અમને અનુભવ મળેલો. માથે ટોપી કે રૂમાલ, પાઘડી બાંધ્યા સિવાય ગામમાં જઈ ન શકાય. સ્ત્રીઓ ગામમાં ચંપલ / સપાટ પહેરીને જઈ શકે નહિ. પુરુષ પણ જો ઉઘાડા માથે હોય - તેણે વાળ ઓળ્યા હોય તો તેમાં સવર્ણો ધૂળ ભરી દેતા. હૂરિયો બોલાવતા.



મેં ટોપીનો ઉપયોગ ગામમાં જવા અને ખેતરે ખળામાં ખળું માંગવા (અનાજ માગવા) કરેલો. પુરુષ રંગીન કિનારવાળી ધોતી કે આંકડા ચઢાવેલી મૂછ ન રાખી શકે. દલિતો બાંધે એવી પાઘડી બાંધવી પડતી. ગામના હિન્દુ મંદિરમાં હું ક્યારેય ગયો નથી (યાને જવા દેવાયો નથી.)

અમારા ગામની શાળામાં એકથી ત્રણ ધોરણ. આઝાદી પછી શાળાની અંદર પણ જુદા ખૂણા કે ભીંત પાસે અમારે બેસવાનું. મોડા પડીએ તો દરવાજેથી દાખલ ન થવાય પણ બારીમાંથી કૂદીને અંદર જવાનું. સાહેબ (વર્ગશિક્ષક) જોઈ જાય તો છૂટી આંકડી મારે, જો અમને વાગે (યાને અડી જાય) તો પાણીની છાંટ નાખી આંકડી પાછી લઈ લે. બે શિક્ષક, એક હિન્દુ સુથાર, બીજો મુસલમાન. પણ બંને કટ્ટર અસ્પૃશ્યતાના પાળનાર.

આઝાદી આવી ત્યારે અમારા વાસે ગામની વેઠ (સવર્ણોની મજૂરી વિના મૂલ્યે ફરજિયાત કરવાની વેઠ) કરવાનું બંધ કર્યું. આઝાદી પછીની પહેલી હોળી આવી ત્યારે અમે હોળીનાં છાણાં ગામના હોળીને ચકલે નાખવા ન ગયા, તો એ હોળીના જ દિવસે ગામના સવર્ણોએ અમારા વાસ પર સામૂહિક હુમલો કરી, અમારા વણકર વાસમાં પહેલું (પ્રવેશતાં પહેલું) લવજીનું ઘર સળગાવ્યું. ખેરાલુ ફરિયાદ પણ થઈ છતાં હુમલાની બીકે પુરુષોએ ગામ છોડવું પડ્યું. અમે બાપા સાથે અમદાવાદ ગયા. બીજા સિદ્ધપુર. મારે પહેલું ધોરણ પાસ કરી બીજામાં જવાનું હતું ને મોટાભાઈને બીજું ધોરણ પાસ કરી ત્રીજામાં જવાનું હતુ પણ શાળાએ અમારા સ્કૂલ લિવિંગ પ્રમાણપત્ર અમને ન આપ્યાં. ૧૯૪૯માં અમે બંને ભાઈઓ રખિયાલ (અમદાવાદ) ગુજરાતી શાળા નં. ૧ માં નવેસરથી પહેલા ધોરણમાં બેઠા.

અમદાવાદમાં અમને આભડછેડને બદલે ગરીબી બહુ નડેલી.

છતાં મારે કહેવું જોઈએ કે જેટલા પ્રકારની અસ્પૃશ્યતા છે તેનો અનુભવ મને અહીં અમદાવાદમાં પણ થતો જ રહેલો.

નટુભાઈ, આ જોયેલું, જાણેલું, વીતેલું, અનુભવેલું મેં મારા સાહિત્યમાં જરાય દિલચોરી કર્યા સિવાય લખ્યું છે. મારી પાંચ નવલકથાઓ, સાંઠેક વાર્તાઓ, નિબંધો, નાટકો, પ્રવાસ નિબંધો, કવિતાઓમાં આ બધું અંકે કરવાનો પ્રયત્ન મેં કર્યો છે - કરતો રહ્યો છું. મજાની વાત તો એ છે કે મેં દલિત જાતિઓના બોલાતા શબ્દોનો 'કોશ' કરી તેને સાચવ્યા છે અભ્યાસુઓ માટે.

મેં ગુજરાતના દલિતોની હિજરતો જોઈ છે. બિલિયા, સાંબરડા, ચિત્રોડીપુરાના અને અન્ય હિજરતીઓને મળ્યો છું - તેમની વીતકકથાઓ સાંભળી છે.

વતન મંડાલીથી અમારેય અમદાવાદ આવવું પડ્યું એય અમારે માટે એક પ્રછન્ન હિજરત જ હતીને નટુભાઈ?'

હું કશું જ ન બોલી શક્યો પ્રત્યુત્તરમાં.

હું સ્તબ્ધ હતો, નિઃશબ્દ હતો.

તત્ક્ષણ હું એય વીસરી ગયો કે આ ગોષ્ઠિમાં આગળ મારે હજી તેમને બીજા વધુ સવાલો પૂછવાના છે ને તેના ઉત્તરો પણ મેળવવાના છે.

•

ગુજરાતી દલિત સાહિત્યના આરંભકાળના મહત્ત્વના જનકો પૈકીના એક હોવા છતાં - ગુજરાતમાં દલિત સાહિત્યની સંજ્ઞા સ્થિર થઈ ત્યારથી એટલે કે ૧૪ એપ્રિલ, ૧૯૭૮માં 'દલિત પેન્થર' સંસ્થાના કવિતા સામયિક 'આક્રોશ' (તંત્રી : ડૉ. રમેશચંદ્ર પરમાર અને સંપાદકો : નીરવ પટેલ, દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી) તેમજ ૧ લી ડિસેમ્બર, ૧૯૭૯થી પોતાના તંત્રીપદે શરૂ થયેલા કવિતાના સામયિક (અનિયતકાલીન) 'કાળો સૂરજ' થી સક્રિય હોવા છતાં, જેમને સર્જક પ્રવીણ ગઢવીએ 'ગુજરાતી દલિત કવિતાના આદ્ય' કહ્યા છે, એવા દલપત ચૌહાણ તો પણ મારા સવાલના જવાબમાં વિનમ્રતા દાખવતા કહે છે : 'ગુજરાતમાં દલિત સાહિત્યનો હું એક માત્ર જનક નથી. એ તો દલિત સાહિત્યકારોના સામૂહિક પ્રયાસનું પરિણામ છે. હા, દલિતો વિશે લખનારા સાહિત્યકારોને મેં એક છત નીચે ભેગા કર્યા, અદલિતો સામે ઊભા રહેવાની હામ આપી અને સૌએ પોતાના ગજા પ્રમાણે લખ્યું. દલિતો માટે લખનારા આઝાદી પૂર્વે પણ હતા. ડૉ. બાબાસાહેબના નિર્વાણ વેળા ૧૯૫૬માં સો જેટલા કવિઓ દ્વારા કવિતાઓ (શ્રદ્ધાસુમન રૂપે) લખાયેલી, પછી સંકલનના અભાવે બધા ખોવાઈ ગયા. કવિતાઓનું 'અંજલિ' નામે ૧૯૮૫માં સંપાદન થયું. પણ અહીં -આ વેળા અમે બધાને સાથે જોડ્યા. જોસેફ મેકવાન અને બી. કેશરશિવમ્ જેવા સર્જકોને ફરીથી દલિત સાહિત્યધારામાં લઈ આવ્યા. અને એક વાર સાથે જોડાયા પછી તમામ દલિત સાહિત્યકારો દલિત સાહિત્યને સ્થાપિત કરવા - તેનો પ્રસાર, પ્રચાર કરવા સ્થાપિત સાહિત્યની સંસ્થાઓની સામે થયા. દેખાવો કર્યા, માસિક-ત્રૈમાસિક પત્રિકાઓ કાઢી. કવિતાસંગ્રહો, વાર્તાસંગ્રહો, રેખાચિત્ર સંગ્રહો, નવલકથાઓ પ્રકાશિત થવા માંડી. અંતે દલિત સાહિત્યના આ પ્રવાહને ગુજરાતી સાહિત્યમાં 'દલિત સાહિત્ય ધારા' તરીકે તેમણે સ્વીકારવો પડ્યો.

ચાલીઓ અને ગામડાઓમાં દલિત કવિતાનાં સંમેલનો થયાં. સાંબરડા સત્યાગ્રહ, અનામત આંદોલનોમાં દલિત કવિઓ સક્રિય રહ્યા. ગુજરાત વિદ્યાપીઠમાં અજ્ઞેયજી સામે દેખાવો કરી ગુજરાતી સાહિત્યકારો વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો

લાલદરવાજા (અમદાવાદ) પોએટ્સ વર્કશોપ, દલિત સાહિત્ય સંઘ અને બીજી કેટલીક સાહિત્યની સંસ્થાઓ શરૂ થઈ. ચાલીઓ અને ગામડાઓમાં દલિત કવિતાનાં સંમેલનો થયાં. દલિતોના અત્યાચાર વખતે નીકળતી રેલીઓમાં કવિઓ ભાગ લેતા થયા. આમ દલિત કવિતાને મંચ મળ્યો. સાંબરડા (પાલનપુર) સત્યાગ્રહ, અનામત આંદોલનોમાં દલિત કવિઓ સક્રિય રહ્યા. ગુજરાત વિદ્યાપીઠમાં અજ્ઞેયજી સામે દેખાવો કરી ગુજરાતી સાહિત્યકારો વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો. સાહિત્ય પરિષદના વડોદરા અધિવેશનમાં ગાંધી હૉલ ખાતે દેખાવો કર્યા, 'કાળો સૂરજ'નું વેચાણ કર્યું. પાડોશના મુંબઈ અને મહારાષ્ટ્રના દલિત સાહિત્યકારોએ તેની નોંધ લીધી. અમદાવાદમાં સાહિત્ય પરિષદના જાતિવાદી પ્રમુખના ઘેરાવમાં ઘણા દલિત સાહિત્યકારોએ ભાગ લીધો. બગલથેલામાં 'કાળો સૂરજ'ના અંકો રાખી એ સંમેલનોમાં વેચ્યા-વહેંચ્યા. સૌથી મોટી વાત એ બની કે, આવા પગલાંઓને પરિણામે દલિત સાહિત્યકાર મેદાનમાં ઊતર્યો - ખૂલીને લખવા માંડ્યો.'

•

ગુજરાતી દલિત સાહિત્યના ઇતિહાસના આવા જાણતલ દલપત ચૌહાણના વિપુલ સર્જકકાર્ય પર એક નજર કરીએ તો, કવિતા સંગ્રહો : 'તો પછી' (૧૯૯૨), 'ક્યાં છે સૂરજ' (૨૦૦૦) અને નવલકથાઓ : 'મલક' (૧૯૯૧), 'ગીધ' (૨૦૦૧), 'ભળભાંખળું' (૨૦૦૪), 'રાશવા સૂરજ' (૨૦૧૨), પ્રકાશિત છે અને 'બપોર' (૨૦૨૧) નવલકથા પ્રકાશિત થવામાં છે, જે 'રાશવા સૂરજ'થી આગળ વધતી નવલકથા 'બપોર' છે. જેમાં ગામડું છોડી કસ્બામાં ને ત્યાંથી અમદાવાદ શહેર પહોંચીને આ સ્થળાંતરિત દલિત સમાજે વેઠેલી વિડંબનાઓની કથા છે. વાર્તાસંગ્રહો 'મૂંઝારો' (૨૦૦૨), 'ડર' (૨૦૦૯), 'ભેલાણ' (૨૦૧૩) અને 'ચૂંટેલી


દલપત ચૌહાણ

વાર્તાઓ : દલપત ચૌહાણ' (૨૦૧૯) ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરી છે. 'ઘાબાજરિયું' નામે વાર્તાસંગ્રહ આવનારાં વર્ષોમાં પ્રકાશિત થશે.

'પદચિહ્ન' (૨૦૦૩), 'દલિત સાહિત્યની કેડીએ' (૨૦૦૮), સમર્થન (૨૦૦૯), 'શબ્દભેદ' (૨૦૧૫) જેવા દલિત સાહિત્ય વિવેચનનાં સ્વતંત્ર પુસ્તકો ઉપરાંત 'વણબોટી વારતાઓ' (૨૦૦૦), 'ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ' (૨૦૦૯) જેવાં વાર્તા સંપાદનો અને 'દુંદુભિ' (૨૦૦૨ અન્ય સાથે) 'સ્વકીય' સમગ્ર દલિત સાહિત્ય (૨૦૧૨ - અન્ય સાથે) અને 'શબ્દે બાંધ્યો સૂરજ' (૨૦૧૨ - અન્ય સાથે) જેવાં દલિત કવિતા સંપાદનો કર્યા છે, દલપત ચૌહાણ માને છે કે દલિત સાહિત્યનાં વિવિધ સ્વરૂપોની તુલનાએ સૌથી ઓછું કામ થયું છે તે નાટ્યસાહિત્યમાં. તેમણે નાટક - એકાંકીમાં પણ ઉલ્લેખનીય અને મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. અહીં પણ તેમનો ઉદ્દેશ તો દલિત ચેતના જગાવવાનો જ રહ્યો છે.

તેમણે 'અનાર્યાવર્ત' (૨૦૦૦) નાટક સંગ્રહ અને 'હરીફાઈ' (૨૦૦૩-૨૦૧૧) એકાંકી સંગ્રહ આપ્યા છે. નાટક સંગ્રહ 'અનાર્યાવર્ત'માં ત્રણ નાટક છે. જેમાં 'પાટણને ગોંદરે' માં દલિતોના પ્રથમ ઉદ્ધારક વીરમાયાની કથાને નવીન ઓપ આપ્યો છે. 'અનાર્યાવર્ત' મહાભારતના મહાનપાત્રો દ્વૈપાયન, સત્યવતી અને ભીષ્મને આર્યોના 'આર્યાવર્ત' અને અનાર્યોના અનાર્યાવર્ત વચ્ચે ઝૂલતા, મનોમંથન કરતા દર્શાવ્યા છે. 'અંતિમ ધ્યેય'માં કૃષ્ણ દ્વારા યુદ્ધમાં એકલવ્યની કરાયેલ હત્યાની કથા વણી લેવામાં આવી છે. 'રાત રાજનગર'ની જે અમદાવાદના જન્મની કથા અને બાદશાહ દ્વારા કરાયેલ અત્યાચારની કથા છે. 'અનાર્યાવર્ત' બહુ ચર્ચિત નાટક છે. આ નાટકને નાટ્યવિદ નિમેશ દેસાઈએ નાટકનાં પાત્રો જેટલાં પાત્રો લઈ વિશેષ ટેકનિકથી વાચિકમ્ કરાવેલું.

તેમના એકાંકીસંગ્રહ 'હરીફાઈ'માં 'હરીફાઈ', 'અંતિમચરણ', 'અંગરાજ', 'સંજય અને છગન', 'પોપટ ભૂખ્યો નથી' વગેરે છે, જેનાં કેટલાંક એકાંકી અંગ્રેજી-હિન્દી, ભાષામાં ભજવાયાં છે. ઉપરાંત કેટલાંક એકાંકી પુસ્તક થવાની રાહ જુએ છે.



અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કે, 'રાશવા સૂરજ' નવલકથાનું નાટ્યકાર હર્ષદ પરમારે નાટ્ય રૂપાંતર કરેલું અને તેના પાંચેક પ્રયોગો થયેલા, દરમિયાનમાં જ હર્ષદભાઈનું દુઃખદ અવસાન થયું.

તેમણે કવિતા, વાર્તા, નવલકથા, નાટક, સંપાદન સહિત ઈતિહાસલેખન, નિબંધ, લોકસાહિત્ય, વિવેચન, દલિતોની પાટ પારંપરા, ધાર્મિક પરંપરાઓ (દલિતોની) અને તળ બોલીના શબ્દો - ભાષા પરના સંશોધનકાર્ય એમ સાહિત્યના તમામ પ્રકારોમાં ખેડાણ કર્યું છે. ઉત્તર ગુજરાત પ્રદેશની બોલી-ભાષા પરનું તેમનું પુસ્તક 'તળની બોલી' સંશોધકો - અભ્યાસુઓમાં વ્યાપક આવકાર પામેલું પુસ્તક છે. દલપતભાઈએ સૂચવેલા ઉત્તર ગુજરાતની લોકબોલીના કેટલાક શબ્દો આપણા સાર્થ ગુજરાતી જોડણીકોશમાં પણ સ્થાન પામ્યા છે.

તેમની નવલકથા 'મલક' Homeland નામે, 'ગીધ' Vultures નામે, ટૂંકી વાર્તાઓ Fear and Other Stories નામે અંગ્રેજી ભાષામાં તથા નવલકથા 'ભળભાંખળું' 'भोर' નામે હિન્દી ભાષામાં ટૂંકમાં પ્રકાશિત થશે. નવલકથા 'મલક'નો હિન્દી અનુવાદ 'मुलक' નામે રાધાકૃષ્ણ પ્રકાશન, દિલ્હી અને 'ठंडा खून' - દલિત વાર્તાસંગ્રહ શિલ્પાયન પ્રકાશન, દિલ્હીએ પ્રકાશિત કરેલ છે. તેમની કવિતાઓ, વાર્તાઓ, નાટક-એકાંકી અંગ્રેજી ઉપરાંત હિન્દી, મરાઠી, પંજાબી અને અન્ય ભારતીય ભાષાઓમાં રૂપાંતરિત થયાં છે. તેમની વાર્તાઓ, નવલકથા, નાટક, એકાંકી સંગ્રહની એકથી વધારે આવૃત્તિઓ થઈ છે.

તેમની કૃતિઓ પર દોઢસોથી વધુ લેખો લખાયા છે, તેના પર એક વિહંગાવલોકન જો કરીએ તો, તેમના મનગમતા સાહિત્યપ્રકાર એવા નાટકો પર સર્વ શ્રી ડૉ. ચિનુ મોદી, ડૉ. સંજય ભાવે, ડૉ. પ્રભુદાસ પટેલ, ડૉ. પરમ પાઠક, ડૉ. નરેશ શુક્લ, ડૉ. ભાવિકા પારેખ જેવા વિદ્વાનોએ મીમાંસા કરી છે. જ્યારે કાવ્યસંગ્રહો પર મોહંમદ ઈસ્હાક શેખ, ડૉ. જયંત પાઠક, ડૉ. હસિત બૂચ, યોસેફ મેકવાન, ડૉ. પથિક પરમાર, પ્રવીણ ગઢવી, રમેશ પારેખ, યશવંત વાઘેલા, ભી. ન. વણકર, પ્રાગજી ભામ્ભી, ડૉ. આલોક ગુપ્તા જેવા વિદ્વાનોએ આલેખનો કરીને તેમના કવિતાકર્મનાં ઓવારણાં લીધાં છે. વાર્તાસંગ્રહો પર ગુજરાતના વિદ્વાન સાહિત્યકારોએ અભ્યાસપૂર્ણ લેખો લખ્યા છે. સર્વ શ્રી ડૉ. ભરત મહેતા, હરીશ મંગલમ્, અરવિંદ વેગડા, ડૉ. પ્રવીણ વાઘેલા, બાબુ દાવલપુરા, ડૉ. મોહન પરમાર, રમણ વાઘેલા, ડૉ. સુમન શાહ, ડૉ. ચિનુ મોદી, ડૉ. બી. એમ. પટેલ

જેવા વિદ્વાનોએ - સર્જકોએ તેમની વાર્તાઓને નાણી છે, પ્રમાણી છે, વખાણી છે.

તેમની નવલકથાઓ પર વિશદ આલેખનો થયાં છે. રઘુવીર ચૌધરી, દેવહૂમા, ડૉ. રમેશ ર. દવે, ડૉ. જયંત ગાડીત, ડૉ. વિદ્યુત જોષી, ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાલા, અભિષેક દરજી, પારુલ કંદર્પ દેસાઈ, ડૉ. દિનુ ભદ્રેસરિયા, ધર્મેશ આર. પટેલ, નટવર હેડાઉ, ડૉ. હર્ષદ પરમાર, ડૉ. વસંત રોહિત, ડૉ. કાન્તિ માલસતર, યશવંત વાઘેલા, હરીશ મંગલમ્, ભી. ન. વણકર, ડૉ. મોહન પરમાર, ડૉ. નરેશ શુક્લ, ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રો. ગુણવંત વ્યાસ, બાબુ દાવલપુરા જેવા વિદ્વાનોએ-સાહિત્યના જાણતલોએ તેમની નવલકથાઓને વધાવી છે. વળી પ્રકીર્ણ પુસ્તકો ખાસ્સા ચર્ચામાં રહ્યાં છે.

સ્વયંમાં ગુજરાતી દલિત સાહિત્યની એક જંગમ વિદ્યાપીઠ સમા દલપત ચૌહાણ પ્રસંગોપાત, સમય અનુકૂળતાનુસાર ને નિમંત્રણ મળે, સેમિનારો, સમારંભો, અકાદમી- પરિસંવાદોમાં ન માત્ર પોતાની કૃતિઓ વિશે, સમગ્ર દલિત સાહિત્યના પક્ષમાં તેમનો વિદ્વત મત રજૂ કરતા રહ્યા છે. વિવિધ યુનિવર્સિટીઓ, સાહિત્યિક સંસ્થાઓ, સંશોધન કેન્દ્રોમાં તેમને વક્તવ્ય માટે નિમંત્રણ મળતાં રહ્યાં છે. તેમનાં આવાં વક્તવ્યો / પ્રવચનો પર એક નજર કરી એ તો, 'દલિત કવિતા તરફ એક નજર (મુંબઈ યુનિ.), 'દલિત પથ અને દલિત પ્રશ્નો' (દ. ગુ. યુનિવર્સિટી), 'આધુનિકોત્તર કવિતા' (એમ. એસ.યુનિવર્સિટી), 'દલિત સાહિત્યના લીમડાની 'મેંઠી' ડાળ' (ભાવનગર યુનિવર્સિટી), 'સાંપ્રત સંદર્ભે દલિત સાહિત્યની યથાર્થતા' (બી.એડ્. કોલેજ - મેઘરજ), 'આંબેડકર અને દલિત પીડિતોનું સાહિત્ય' (ગુજરાત યુનિવર્સિટી આંબેડકર ચેર), નવલકથા 'ભળભાખળું' વિશે ('અધિકાર'ના ઉપક્રમે), 'ગોવર્ધનરામ ત્રિપાઠી મારી દૃષ્ટિએ' (સાહિત્ય અકાદમી - દિલ્હીના ઉપક્રમે, અમદાવાદમાં), 'ઉપક્રમ - ગુજરાતી વાર્તાના ભાષાંતરનો' (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ), 'ટૂંકી વાર્તાઃ સ્વરૂપ અને સર્જન' (મુંબઈ યુનિવર્સિટી), 'આદિવાસી સમાજ એ હિન્દુ સમાજનો ભાગ છે?' (ભાષા કેન્દ્ર, આદિવાસી અકાદમી, તેજગઢ), 'અવતાર અંગુલિમાલનો : એકવીસમી સદીનું ગુજરાતી સાહિત્ય' (મુંબઈ યુનિવર્સિટી), 'મલક' (નવલકથા) અને 'હરીફાઈ' (એકાંકી)માં 'દલિત ચેતના' (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), 'નવલકથામાં દલિત ચેતના' (આર્ટ્સ કોલેજ - તલોદ), '૧૯૮૦ પછીના ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી સર્જકોનું પ્રદાન' (એસ. એન. ડી. ટી. કોલેજ - મુંબઈ), 'ગુજરાતી દલિત સાહિત્ય' (એસ. એન.ડી. ટી. કોલેજ - મુંબઈ), 'ગુજરાતી દલિત સાહિત્ય' (કલિંગ યુનિવર્સિટી - ભુવનેશ્વર) પ્રમુખ છે.

દલિત સાહિત્ય, લલિત સાહિત્ય કે તે બે વચ્ચેની તુલના - અંતર તથા તેવી કૃતિઓને સમગ્રપણે - દલિત સર્જકની દૃષ્ટિએ તપાસવાની નિપુણતા - ક્ષમતા ધરાવતા દલપત ચૌહાણનો મત લલિત અને દલિત સાહિત્યમાં અત્યંત આધારભૂત લેખવામાં આવે છે. આવા સર્જક આ ઉંમરે પણ આપણી વચ્ચે એમની પૂરી શખ્સિયત સાથે અડીખમ ઊભા છે, તે પણ ગુજરાતી દલિત સાહિત્યના અહોભાગ્ય.

દલિત સાહિત્યના સર્વસંગ્રહકોષ સમા, અભ્યાસુ સર્જક દલપત ચૌહાણના સાહિત્ય સર્જન પર અનેક વિદ્યાર્થીઓ એમ.ફિલ-પીએચ.ડી. કરી રહ્યા છે, કરી ચૂક્યા છે. એ પણ આનંદજનક છે કે, યુનિવર્સિટીઓ / મહાવિદ્યાલયોમાં હવે દલિત સાહિત્યને સંશોધનના એક વિષય તરીકે સ્વીકારનારા છાત્રો / પ્રોફેસરોની સંખ્યા વધી છે. આવા નિબંધોની સંખ્યા ૧૦૦ ઉપરની થવા જાય છે. દલપત ચૌહાણ પરના મહાનિબંધો જોઈએ તો 'દલપત ચૌહાણઃ વ્યક્તિત્વ અને વાંગ્મય' (રમેશ સોનારા - હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, ૨૦૧૫), 'ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણનું પ્રદાન' (એલ.પી. વણકર - ગુજરાત યુનિવર્સિટી, ૨૦૨૦), 'ગુજરાતી સાહિત્યમાં દલપત ચૌહાણ : સમીક્ષાત્મક અભ્યાસ' (ડૉ. રાજેન્દ્ર પરમાર - એમ. એસ. યુનિવર્સિટી, ૨૦૨૧), 'દલપત ચૌહાણનું ગુજરાતી દલિત સાહિત્યમાં ઐતિહાસિક પ્રદાન - ૧૯૪૦ - ૨૦૦૨' (વૈશાલી આનંદ - ગુજ. યુનિ.). ઉપરાંત દલપતભાઈની સાથે અન્ય એક કે બે દલિત સર્જકોના સર્જનકર્મ સાથે (મહાનિબંધ માટે) અભ્યાસ થયો હોય, તે સંખ્યા (મહાનિબંધોની) પણ ૧૦ જેટલી છે અને કેટલાક તુલનાત્મક અભ્યાસ થયા છે.

તેમની કેટલીક વાર્તાઓ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી (પાટણ) અને મુંબઈ યુનિવર્સિટીમાં, 'મલક' (નવલકથા) અને 'હરીફાઈ' (એકાંકીસંગ્રહ) નર્મદ યુનિવર્સિટી (સુરત)માં, 'ગીધ', 'મલક' નવલકથાઓ ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ) અને એમ. એસ.યુનિવર્સિટી (વડોદરા)માં ભણાવાઈ છે. ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી (દિલ્હી)માં કવિતાઓ અભ્યાસક્રમમાં



છે. તેમનું પુસ્તક 'દલિત સાહિત્યના ઇતિહાસની કેડીએ' યુનિવર્સિટીઓમાં રેફરન્સ બુક તરીકે ભણાવાય છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં તેમની કૃતિઓ સૌથી વધુ પુરસ્કૃત થઈ છે. (૧) ઈસ્કસ ઍવૉર્ડ (૧૯૮૩ કવિતા) (૨) અખિલ ભારતીય રેડિયો નાટ્ય લેખન પ્રતિયોગિતા પુરસ્કાર (૧૯૮૭ 'પાટણને ગોંદરે') અને (૩) (૧૯૮૯-૯૦ 'અનાર્યાવર્ત') (૪) ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક (દ્વિતીય) - ('અનાર્યાવર્ત') (૫) ગુજરાતી સાહિત્ય પરિષદનું બટુભાઈ ઉમરવાડિયા પારિતોષિક ૧૯૯૮-૯૯ (પ્રથમ) - ('દીવાલો' એકાંકી), (૬) ગુજરાત સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક (પ્રથમ) - (૨૦૦૩ - 'હરીફાઈ' એકાંકી) (૭) સંતોકબા સુવર્ણ ચંદ્રક - ૨૦૦૦ ('ગીધ' નવલકથા) (૮) ગુજરાત સરકારનો 'દાસી જીવણ' શ્રેષ્ઠ દલિત સાહિત્ય પુરસ્કાર - ૨૦૦૫/૦૬ ('ભળભાંખળું') (૯) ગુજરાતી સાહિત્ય પરિષદનો 'પ્રિયકાન્ત પરીખ' નવલકથા પારિતોષિક (ભળભાંખળું') (૧૦) ગુજરાતી સાહિત્ય પરિષદનો 'દોલત ભટ્ટ પારિતોષિક - ૨૦૦૪' ('ભળભાંખળું') (૧૧) ગુજરાત સાહિત્ય અકાદમીનો 'શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક - ૨૦૦૪' (પ્રથમ) ('ભળભાંખળું') (૧૨) ગુજરાત સાહિત્ય અકાદમીનો ૨૦૦૨નો શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક (દ્વિતીય) - ('ક્યાં છે સૂરજ' (કાવ્યસંગ્રહ) (૧૩) 'તાદર્થ્ય વાર્તા પુરસ્કાર (પ્રથમ) ૧૯૯૫' ('બાનું મૃત્યુ' વાર્તા) (૧૪) જલારામદીપ વાર્તા પુરસ્કાર ૨૦૦૮ (દ્વિતીય) ('ભેલાણ' વાર્તાસંગ્રહ) (૧૫) કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્યકાર પુરસ્કાર -૨૦૦૧/૦૨ (દલિત સાહિત્ય સર્જન અને સેવા) (૧૬) ગુજરાત દલિત સાહિત્ય અકાદમીનો શ્રી ઈબ્રાહીમ સરવૈયા પુરસ્કાર - ૨૦૦૯ (શ્રેષ્ઠ દલિત સાહિત્યકાર) (૧૭) ધૂમકેતુ વાર્તા પુરસ્કાર - ૨૦૦૯ ('ડર' વાર્તાસંગ્રહ) (૧૮) 'ગુજરાત સમાચાર વાર્તા હરીફાઈ પુરસ્કાર' (વાર્તા 'દરબાર') (૧૯) સયાજી વિદ્યાર્થી આશ્રમ સાહિત્ય પુરસ્કાર, જેવાં પુરસ્કારો - સન્માનો ગુજરાતી દલિત સાહિત્યના આ હરફનમૌલા - ઓલરાઉન્ડર સર્જક દલપત ચૌહાણના પ્રતિબદ્ધ સર્જકકર્મની સાહેદી પૂરે છે.



•

તેમનો સાહિત્યસર્જનનો આરંભ કવિતાથી થયો, જોકે હવે કવિતા થોડી પાછળ રહી ગઈ છે અને નવલકથા - વાર્તા - નાટક જેવી વિધાઓ તેમના સર્જનમાં અગ્રેસર થઈ છે. તેઓ આ વાત કબૂલે છે - તેમની કવિતામાં તેઓ અસ્પૃશ્યતાની વેદના - પીડાને આક્રોશ સાથે વ્યક્ત કરતા દેખાય છે :

ધ્રુજતા હાથે પાટીમાં એકડો નહીં,
બળબળતા સહરાની
અંગારભૂમિ શી ધબકતી છાતીમાં
લખી મારી જાત.
....
હા; હું એ જ છું
યુગોથી જેને તમે ઓળખવાનો
કરો છો ઈન્કાર.
....
જખમની વાત કરે છે તું,
જખમની સાથ જીવું છું હું.
....
એક અર્ધખીલી કોમળ કળીશી
દલિત કન્યા પર
*કેટલીવાર **Rape** કરી શકાય ?*
એક ધીંગા કંધોતર દલિત યુવકને
ઊભો ચીરતા
*કેટલાં લિટર **Blood** ભેગું કરી શકાય.*
એક નિઃસહાય દલિતની
ઝૂંપડી સળગાવી
કેટલા શિયાળા તાપી શકાય ?

તેમની નવલકથાઓ આઝાદીકાળના દલિતોની દયનીય સ્થિતિ, અન્ય સવર્ણ સમાજ દ્વારા પહોંચાડાયેલી યાતના - પીડાનો દસ્તાવેજ છે. 'મલક' દલિત પુરુષના સવર્ણ સ્ત્રી સાથેના સંબંધોને કારણે આખા દલિત સમાજ પર આવી પડતી આફત અને અંતે કરવી પડતી હિજરત અને માનવતાના મુદ્દે મુઠી ઊંચેરા પુરવાર થતા દલિતોની કથા છે. નવલકથા 'ગીધ' મહેનતકશ દલિત યુવાન ઈસાને શારીરિક રીતે પામવા મથતી સવર્ણ દિવાળી જ્યારે બીજા કોઈ પુરુષનું પડખું સેવે છે ત્યારે તેનું આળ તો ઈસા પર જ આવે છે. સાવ નિર્દોષ હોવા છતાં જાતિવાદના કારણે ઈસો હોમાઈ જાય છે. 'ભળભાંખળું' નવલકથામાં જેના પર એમની હથોટી છે અને જે જીવન એમણે જોયું છે - અનુભવ્યું

છે તે ગ્રામજીવનને તેમણે તાદશ્ય ખડું કર્યું છે. નાનકડી એવી દલિત કન્યા મણિને સ્કૂલ જવું છે પણ ગામ આખાનો વિરોધ છે. અહીં પણ દલિતોના સામાજિક જીવનની અનેક યાતનાઓ - વિટંબણાઓને યથાતથ વર્ણવી છે. 'રાશવા સૂરજ' અને હવે આવી રહેલી 'બપોર' નવલકથાના કથાતત્ત્વની અછડતી વાત હું આગળ કરી ચૂક્યો છું.

તેમના પાંચ વાર્તાસંગ્રહોમાંની સાંઠ ઉપરાંતની વાર્તાઓ તમામ દલિત ચેતના જગવતી વાર્તાઓ છે. તેમની પોતાની જ નહિ, તમામ દલિતવાર્તાકારોની વાર્તાઓ સંદર્ભે તેમણે કહ્યું છેઃ 'ગુજરાતી સાહિત્યમાં આધુનિક વાદનાં વાદળ એવાં છવાયાં હતાં કે, વાર્તા બિચારી, બાપડી, રાંક થઈ ગઈ હતી, તેને સંજીવની પાઈ છે દલિત વાર્તાઓએ. આજે અનુઆધુનિક સાહિત્ય પ્રવાહમાં દલિતવાર્તાઓ ધસમસતી વહી રહી છે.' તેમની વાર્તાઓ વિશે ડૉ. ભરત મહેતાએ પણ કહ્યું : 'દલિત સાહિત્યના મહત્ત્વના સર્જક તરીકે નીવડી આવી ગુજરાતી સાહિત્યની મુખ્યધારાને રળિયાત કરનારા સર્જકોમાંના એક દલપત ચૌહાણ છે'. (વાર્તા 'મૂંઝારો' નિમિત્તે)



દલપત ચૌહાણની અને મિત્રોની આગેવાનીમાં ૧૯૭૮માં - દલિત સંજ્ઞા હેઠળનું - પહેલ વહેલું દલિત કવિતા ઋતુપત્ર (સામયિક) પ્રકાશિત થયું ત્યારે દલિત સાહિત્યની વ્યાખ્યા, વિભાવના અને વિશિષ્ટતાને ઉજાગર કરતી વિશદ્ સંપાદકીય નોંધમાં તેમણે લખ્યું : 'દલિતોનાં દુઃખદર્દો, અપમાન, અન્યાય, અત્યાચાર-અનાચાર, તિરસ્કાર - ઘૃણા, જુગુપ્સા, વેઠ-વૈતરું, અસ્પૃશ્યતા, હિંસા, ગરીબી, નિરાશા, લાચારી, શોષણ, ભેદભાવ, ઓરમાયાપણું, પૂર્વાગ્રહ, લઘુતાગ્રંથિ અને તેની સામે એમનું ભોળપણ, સરળતા, સાલસપણું, દિલાવરી, સામાજિકતા, સ્વમાન, કૌશલ, સંસ્કાર અને અસ્મિતા, એ સઘળાને વર્ષોથી ઝીલતાં વ્યક્ત થતું મૂક આક્રંદ એટલે દલિત કવિતા.'

બસ આ જ વ્યાખ્યા દલિત સાહિત્યની તમામ વિદ્યાઓને પણ લાગુ પડે છે. સાથેસાથે દલિત માનવકેન્દ્રી વિભાવનાઓ, ભોગવેલો યથાર્થ - તેની રચના સાથે પૂરેપૂરી વફાદારી અને તળબોલી - ભાષા સાથેનું દલિત સાહિત્યનું જોડાણ તેને વિશિષ્ટ બનાવે છે. ક્યારેક ઉપલક દૃષ્ટિએ લલિત સાહિત્યકાર દલિત સાથે જોડાયેલા જણાય ત્યારે પણ તેમનો પ્રથમ પ્રેમ તો લલિત સાહિત્ય જ હોય છે.

તેઓ વિશાદ સાથે કહે છે કે, દલિત સર્જકે દલિત સાહિત્યને પ્રતિબદ્ધ હોવું નિતાંત જરૂરી છે. કિન્તુ આ સમયમાં આ વાત મિથ્યા થતી જાય છે. જ્યાં લલિત સાહિત્યની ધસમસતી નદી વહેતી હોય તેની વચ્ચે ટાપુ સમાન લખાતું દલિત સાહિત્ય ક્યારે એમાં ડૂબી કે તણાઈ જશે, તે કહી શકાય તેમ નથી. માટે જ હું કહું છું કે દલિત સર્જકે દલિત યથાર્થ જીવન, વિડંબના, પરિવેશ અને સંસ્કારને અંકે કરી શકાય, તે ચિત્રિત કરી લેવું જોઈએ. સમાજ ઝડપથી બદલાતો હોય છે. એટલે દરેક સાહિત્યપ્રવાહે પોતાના વિકાસનો માર્ગ શક્ય તે ઝડપે અંકે કરી લેવાનો રહે છે. સમયાંતરે સાહિત્યના સમયગાળા / યુગ નબળા પડતા જાય છે, નવીનધારાઓ ઉદ્ભવતી જાય છે. જુઓને, દલિત સાહિત્યધારાનો આવિષ્કાર થયો ત્યાર પછી તેની સાથે બીજાં કેટલાં સાહિત્યઝરણાં ફૂટી નીકળ્યાં હતાં. (નારીવાદ, ગ્રામ્યચેતના, સબાલ્ટન સાહિત્ય વગેરે વગેરે). આજે દલિત ધારાના (આજના) ક્ષીણ પ્રવાહ સિવાય અન્ય ધારાનું સાહિત્ય અલપ-ઝલપ જ દેખાય છે.

આમ છતાં આ કડવા સત્યની વચ્ચે આશા કે ધીરજ નહિ ગુમાવતા, તેઓ મક્કમપણે એમ માને છે કે, દલિત સાહિત્ય પ્રવાહની ધારાનું ઉઠમણું થવાનું નથી જ, સિવાય કે ગુજરાતી સાહિત્યનું બારમું થઈ જાય ! કારણ કે સાહિત્યને સમયે-સમયે એના નવતર સાહિત્યની રચના કરનારા મળી જ રહે છે. જેઓ આવશે, તેઓ તેમના સમયને આકાર આપશે. આવનારા સમયમાં દલિતો પ્રત્યે સમાજ આજે જેવો વર્તાવ કરે છે, તેવો જ વર્તાવ જો કરતો રહેશે તો દલિત સાહિત્યકાર તેના યથાર્થ અને પ્રતિકારનું સાહિત્ય રચતો જ રહેશે, તેમાં કોઈ શંકા નથી.

તેમના મતે, આ સમય એવો છે કે દલિત સાહિત્યને દિલથી સ્વીકારનારા લલિત સાહિત્યકાર હોય કે ન હોય, તેની કોઈ તમા આજે ગુજરાતી દલિત સાહિત્યને છે જ નહિ. દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ ભારતની અને જગતની અન્ય ભાષાઓમાં વત્તે-ઓછે અંશે જવા લાગ્યું છે, પોતાનું સ્થાન જમાવવા લાગ્યું છે અને એટલે જ એ ટકશે.

તેઓ પૂછે છે, રાજકારણ અને તિકડબાજી કયા વિષયોમાં નથી ? રસ્સાખેંચની રમત બધાં જ ક્ષેત્રે છે. સાહિત્યનું ક્ષેત્ર પણ એમાં બાકાત નથી. એ હકીકત છે કે, કોઈપણ સાહિત્યધારાને રાતોરાત સ્વીકારવામાં આવતી નથી, તેમ તેને તાત્કાલિક નાબૂદ પણ કરી શકાતી નથી. સાહિત્યની નવીન ધારા ઉદ્ભવે ત્યારે જેમ જેમ તેની રચનાઓ પ્રકાશમાં આવતી જાય તેમ તેમ તે જાતે પોતાના સાહિત્યિક માપદંડ-માનદંડને અવતારે છે. આથી જ્યારે કોઈ સાહિત્યકાર દલિત કથાવસ્તુ લઈને લખવા પ્રેરાય ત્યારે તેને તેના માપદંડ વિશે વિચારવાનું હોતું નથી. કથાવસ્તુ પોતે જ એના માપદંડ લઈને અવતરે છે. એટલે દલિત રચના હોય કે લલિત રચના, તે તો પોતાની રીતે રચાતી જાય છે. એમાં જ્યારે દલિત-લલિતની ભેળસેળ જો થઈ જાય છે તો આખી રચના જ અળપાઈ જતી જોવાય છે. તે નથી દલિત રહેતી કે નથી લલિત રહેતી !

'ગુજરાતી સાહિત્યના ઇતિહાસકારોએ દલિત સાહિત્યની ઘટનાઓની ખાસ નોંધ લીધી નથી. પરિણામ એ આવ્યું કે દલિત સાહિત્યમાં થયેલ ખરેખરા કાર્યની અવગણના થતી રહી, અને જયારે જયારે દલિત સાહિત્યની વાત કરવામાં આવી ત્યારે વાંચ્યાં વિનાનાં - અધકચરાં અને બેહૂદા ટાંચણો રજૂ કરવામાં આવ્યાં, ક્યારેક અન્ય ભાષાના દલિત સાહિત્ય વિશેના લેખને પ્રાધાન્ય આપ્યું. સરવાળે અનુઆધુનિક સાહિત્યની મજબૂત શાખા/ધારા એવા ગુજરાતી દલિત સાહિત્યને અન્યાય થયો' એમ જવાબદારીપૂર્વક અને સભાનપણે કહેતા, તેઓ કડવું અને અપ્રિય સત્ય કહેવા માટે પણ એટલા જ જાણીતા છે. તેમણે કહ્યું : 'બીજા વિશ્વયુદ્ધની અસર ગુજરાતી લેખકોને થતી નથી. ગાંધીવાદની થોડી અસર થાય છે, પણ ગાંધીના મૃત્યુ પછી તેનોય અસ્ત થઈ જાય છે. ભારત-પાકિસ્તાન ભાગલા વખતે રાષ્ટ્રની તમામ ભાષાઓ હચમચે છે, સિવાય ગુજરાતી ભાષા. ૧૯૫૬ થી ૧૯૬૦ સુધી ચાલેલી મહાગુજરાત ચળવળ, ૧૯૬૨ ચીન સાથે અને ૧૯૬૫ - ૧૯૭૧માં પાકિસ્તાન સાથે થયેલાં યુદ્ધો, ૧૯૫૬ થી ૧૯૬૦ અને ૧૯૭૪નાં રોટી રમખાણો, ૧૯૬૯નાં કોમી તોફાનો, બધામાં ગુજરાતી કવિ/લેખક મહદ્અંશે ચૂપ છે. પણ કટોકટીકાળમાં કવિ / લેખકો કકળી ઊઠે છે. મોટાં માથાં જેલમાં જાય એ જોઈ શકતા નથી. સ્થાપિતો, મૂડીપતિઓ, ઉચ્ચ મધ્યવર્ગોને દુ:ખ પડે તે તેમને કેમ પોસાય ? કેવળ ઉચ્ચ વર્ગોને જ માનવીય ગરિમા હોય, એવું કવિ / લેખકોએ સાબિત કર્યું. રાજકીય બૂમાબૂમ એમને ગમે છે. ગરીબ તરફી તો કાંઈ થવાતું હશે ?!'

'દલિત સાહિત્ય એ ગુજરાતી ભાષાના ઇતિહાસનું પરિશિષ્ટ નથી, પરંતુ આગળ વધતો ઇતિહાસ છે.' એવી સ્પષ્ટ ચેતવણી આપે છે. દલિત સાહિત્યની ગામઠી-જાનપદી ભાષા, નર્યાં અત્યાચાર - શોષણની વાતોથી તેને બીબાં ઢાળ કે નીરસ-એકસૂત્રી ગણીને, તેને ભાષા કલા-સૌંદર્યના દૃષ્ટિકોણથી માપી, તેનો છેદ ઉડાડવા મથતા દલિત સાહિત્યના વિરોધીઓને વળતો પ્રત્યુત્તર આપી, એમ કહેવાનું પણ ચૂકતા નથી કે, 'દલિત સાહિત્યે ગુજરાતી ભાષાને ક્યારેય નુકસાન પહોંચાડ્યું નથી. નવી વિભાવના - નવા શબ્દ - નવાં પ્રતીક અને નવસંધાન સાથે દલિત સાહિત્યે નવી ધારાનો આવિષ્કાર કર્યો છે. તેનો ઋણ સ્વીકાર તો ક્યારેય ન થયો. (ભલે તેમ થાઓ !) પણ (સમજી લેજો!) આથી આ કામ અટકતું નથી. અટકશે પણ નહિ.'

તેઓ બુલંદ સ્વરે કહે છે : 'દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્ય છે. ગુજરાતી સમાજના અધૂરા ચિત્રને તે પૂર્ણ કરે છે. દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્યથી સહેજ પણ દૂર નથી. અળગું નથી. તે એક વિશિષ્ટ સાહિત્ય છે.'

ગુજરાતી દલિત સાહિત્યના સતત ને સાતત્યપૂર્ણ સર્જન દ્વારા પ્રારંભથી માંડી આજદિન સુધી તેઓ સક્રિય રહ્યા છે. ગુજરાતમાં દલિત સાહિત્ય વિશે, ક્યાંયથી પણ જો કોઈ વિરોધનો સૂર ઊઠ્યો છે, તો તેનું સૌ પ્રથમ ખંડન કરનારા કોઈને તમે જો જોશો તો તે અવશ્યપણે દલપત ચૌહાણ જ હશે !

અહીં યાદ આવે ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'ના ઓક્ટોબર-૨૦૦૮ના અંકમાં પ્રસિદ્ધ થયેલો તેમનો પત્ર : જે છેક ૧૯૩૩માં લખાયેલા અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (હાલની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી-પાટણ)માં અભ્યાસક્રમમાં સ્વીકારાયેલા ઉમાશંકર જોષીના એકાંકી સંગ્રહ 'સાપના ભારા' માંના એક એકાંકી સામે દલિતો દ્વારા થયેલા વ્યાપક વિરોધ સંદર્ભે તેમણે લખેલો. એ નાટકના શીર્ષકથી તો ખરો જ, તેમાંના contentથી પણ ભણનારા અને ભણાવનારા દલિત વિદ્યાર્થીઓ / પ્રોફેસરો સહિતના બહુમતી દલિતો નારાજ હતા, અને તેને અભ્યાસક્રમમાંથી રદ કરવાની માંગણી કરતા હતા. અગાઉનાં વર્ષોમાં જે તે સમાજ વિશે ઘસાતો ઉલ્લેખ હોય એવી નામાંકિત સર્જકોની એકથી વધુ કૃતિઓ તે સમાજનો વિરોધ થવાને કારણે યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાંથી રદ કરાઈ હોવાનો હવાલો આપીને એ પત્રમાં દલપતભાઈએ બહુ જ પાયાના પ્રશ્ન ઉઠાવેલા અને લખેલું : 'લેખક તો ગમે તે લખવા સ્વતંત્ર છે, પણ શું ભણાવવું એ વિદ્વાનોએ નક્કી કરવાનું હોય. આવા વિવાદો થાય ત્યારે યુનિવર્સિટીમાં અભ્યાસક્રમનો નિર્ણય લેતા વિદ્વાનોએ અને સાહિત્ય પરિષદે તમામ પાસાંઓનો વિચાર કરી, સંબંધિત સમાજ, સમાજસેવકો અને સંસ્થાઓનો મત મેળવીને વિવાદનું નિરાકરણ લાવવાનું હોય.'

એ દિવસોમાં એ એકાંકીનો દલિતોએ ન માત્ર વિરોધ - એ પુસ્તકની માર્ગદર્શિકાની જાહેર હોળી પણ કરેલી. સફાળી જાગેલી સાહિત્ય પરિષદે દલિતોના વિરોધ સામે આંધળુંકિયું કરી દલિતોના વિરોધમાં ઠરાવ પસાર કર્યો ! ત્યારે પત્રમાં તેમણે સવાલો ઉઠાવ્યા : 'શું આ સાહિત્ય પરિષદ દલિતો અને દલિત સાહિત્યકારોના વિરોધ કરવાનું જ કામ કરે છે ? અગાઉ આવા વિવાદો થયા ત્યારે 'પરિષદ' અને સાહિત્યકારો કેમ ચૂપ રહેલા ?'

દલિતો વિરોધી ઠરાવ પસાર કર્યો ત્યારે સાહિત્ય પરિષદના પ્રમુખ ગાંધીજીના ખોળામાં રમેલા એક ગાંધીવાદી લેખક હતા.

આ નાટક છપાયું ત્યારે જ (૧૯૩૩માં) ડૉ. બાબાસાહેબ આંબેડકરના સાથીદાર ગુજરાતના પી. જી. સોલંકીએ વિરોધ નોંધાવેલો, તેનો પણ એ પત્રમાં દલપતભાઈએ ઉલ્લેખ કરેલો.

ઇતિહાસ સાક્ષી છે. રાજ ગુજરાતમાં પણ વહીવટની ભાષા મરાઠી ! તેથી આપણા આદ્યકવિ દલપતરામ તો ફાર્બસ સરને લઈ પહોંચ્યા ખંડેરાવ ગાયકવાડના રાજ દરબારે ને બુલંદ સ્વરે સંભળાવ્યું : 'દાખે દલપતરામ, ખુદાવિંદ ખંડેરાવ ! / રૂડી

ગુજરાતી રાણી વાણીનો વકીલ છું !'

હા. આ ગુજરાતી દલિત વાણી (સાહિત્ય) પાસેય તેનો એક વકીલ છે - દલપત ચૌહાણ ! જોકે મને એમને ગુજરાતી દલિત સાહિત્યના પ્રવક્તા કહેવાનું વધુ પસંદ પડે છે !

'ગુજરાતી દલિત સાહિત્ય એ ગુજરાતી સાહિત્યનો હિસ્સો છે, શાખા છે, ગુજરાતી સાહિત્યથી અલગ પાડીને તેની માપણી કરવી યોગ્ય નથી. હા, તેના માનદંડ - માપદંડ જુદા હોઈ શકે અને આ માપદંડો રચાઈ આવેલા સાહિત્યમાંથી આવકારવા કે સ્વીકારવા જોઈએ'... 'દલિત સાહિત્ય એ ફક્ત નકાર કે વિદ્રોહનું સાહિત્ય નથી. દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્યમાં ઉમેરણ કરે છે, સંવર્ધન કરે છે, ઉપરાંત તે ગુજરાતી સાહિત્યનું અવિભાજ્ય અંગ છે. દલિત સાહિત્ય એ યથાર્થનું સાહિત્ય છે. યથાર્થનું સાહિત્ય જીવન જેવું છે એવું જ એને ચિતરે છે, આલેખે છે' એમ અદલિત સાહિત્યકારોને તે કહી શકે છે, તેમ જન્મે દલિત અને લલિત ધારામાં ફંટાઈ ગયેલા પોતાના સર્જકોનેય સાચી વાત કહેવાનું ચૂકતા નથી.

'આપણે એક વાત સ્વીકારવી પડે કે, મરાઠી કે હિન્દી સાહિત્યમાં જેઓ દલિત સાહિત્ય લખતા થયા તેમણે દલિત સાહિત્યને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. જ્યારે ગુજરાતી દલિત સાહિત્યમાં તદ્દન વિપરિત પરિસ્થિતિ સામે આવી. જૂની પેઢીના કેટલાક દલિત સાહિત્યકારો એવા છે, જે લલિત સાહિત્ય લખતા હતા અને હવે દલિત ધારામાં આવ્યા તે દૂધમાં અને દહીંમાં હાથ રાખે છે. એટલે કે તેમને દલિત સાહિત્ય પ્રત્યે પૂર્ણ પ્રતિબદ્ધતા નથી. ઉપરાંત કેટલાક દલિત સાહિત્યકાર એવા છે, જેમને પ્રતિબદ્ધતા જાળવવી નથી છતાં પોકારી પોકારીને પોતાનો દાવો રજૂ કરતા રહ્યા છે. તેમની વિચારપ્રણાલી, ધારણાઓ બહુ જ જટિલ અને ન સમજાય તેવી છે. તેમની વિચારધારા પ્રગતિશીલ, આંબેડકરવાદી, ગાંધીવાદી અને કલાવાદીઓનો ખીચડો છે. તેઓ લખવા ખાતર લખે છે. બીજી વાત ખાસ જાણવા જેવી છે કે ગુજરાતી દલિત સાહિત્યની આવનાર પેઢીઓમાં દલિત સાહિત્યકાર જણાતા નથી. અર્થ એનો એવો નથી કે દલિત સમાજમાં સાહિત્યકાર પેદા થવા બંધ થઈ ગયા છે. જરૂર સારા કવિ, વાર્તાકાર, નવલકથાકાર આવી રહ્યા છે, પણ તેઓ પોતાને મુખ્ય ધારાના સાહિત્યકાર તરીકે ઓળખાવે છે. તેમને ક્યારેક સમાજ યાદ આવી જાય તો લખવાની આવડતનો ઉપયોગ કરી, એકાદ વાર્તા - કવિતા લખે પણ ખરા, પછી જાણે દલિત સાહિત્ય પર ઉપકાર કર્યો હોય એમ પોતાના શ્રેષ્ઠત્વની ડંફાસો હાંકતા ફરે છે.'

'કેટલાક પોતાને દલિત સાહિત્યકાર કહેવડાવે ખરા, પરંતુ તેઓ પચીસ ટકા દલિત સાહિત્ય અને પંચોતેર ટકા અદિલત સાહિત્ય લખતા નજરે પડે છે. હવે તેમની અને તેમના સાહિત્યની મૂલવણી થાય કેમની ? તેમની કૃતિઓમાં દલિત સાહિત્ય કેટલા અંશે પામી શકાય ? તેમની કૃતિઓમાં અદલિત વિભાવનાઓ અવિનાભાવે જોડાયેલી હોય છે. કેટલાક દલિત સાહિત્યકારો કલાની અવધારણાઓ, માનદંડ લઈને જ સાહિત્ય રચે છે. તે કૃતિઓને મૂલવીએ તો શું પરિણામ આવે ?! પ્રતિબદ્ધતા વિનાનો સાહિત્યકાર કાયમ અવઢવમાં જ હોવાનો.'

તેઓ કહે છે : 'જે સાહિત્યકારો (જન્મે દલિત) શિષ્ટ પ્રવાહમાં હતા અને તે પછી દલિત સાહિત્ય ધારામાં આવ્યા, તે સાહિત્યકારોએ તેમનું બધું સાહિત્ય દલિત સમાજ / વિભાવના/ પરિવેશને ધ્યાનમાં રાખીને લખ્યું નથી. તેમણે જ્યારે જે લાગ આવ્યો તે લખ્યું, પરિણામે તેમનું બધું સાહિત્ય દલિત સાહિત્યને નામે ચઢાવવામાં આવે, તે બરાબર નથી. આનો વિગતે ફોડ પાડવો જોઈએ.'



ગુજરાતમાં દલિત સાહિત્યનો જુવાળ આવ્યો. ખૂબ લખાયું, નોંધપાત્ર લખાયું, ચર્ચાયું, પુરસ્કૃત થયું, વિદ્યાલયો - મહાવિદ્યાલયોમાં સ્થાન પામ્યું ને હવે - જેના આરંભના પૂરાં પચાસ વર્ષ પણ નથી થયાં ત્યાં તેનો વેગ ઘટતો જતો હોવાની- પ્રવાહ મંદ પડી રહ્યો હોવાની ચિંતા થવા લાગે, એ ગુજરાતી દલિત સાહિત્ય માટે સારા સમાચાર નથી.

જેમના ઉલ્લેખ વિના ગુજરાતી દલિત સાહિત્યની ચર્ચા થઈ નથી શકતી, તેવા દલિત સાહિત્યના પીઢ - ઘેઘુર વડલા સમા આ સાહિત્યકારના સર્જનકર્મની કૃતિલક્ષી ચર્ચાને સહેતુક- સભાનપણે મેં ટાળી છે. એ તો અન્યત્ર પણ વાંચી શકાશે.

મોજ, આનંદ કે માન-મરતબો મેળવવાના નહિ કિન્તુ વર્ણાશ્રમ - જાતિવાદના પાપે એક વિશાળ માનવસમુદાયને થઈ રહેલા અન્યાય, અત્યાચાર, અપમાન સામે પ્રતિબદ્ધતા - ફરજ- જવાબદારી સાથે કલમ ઉપાડી, આવા શોષિતોનો અવાજ બની તેમનામાં જાગૃતિ - ચેતના આણવાના આશયને દલિત સાહિત્યના મૂળભૂત સિદ્ધાંત રૂપે ઓળખી કાઢવામાં આવ્યો છે ત્યારે, ગુજરાતમાં એક યા બીજા કારણે દલિત સાહિત્યથી વિમુખ થયેલા, પ્રવર્તમાન સમયમાં સર્જનકાર્ય કરી રહેલા અને નવા આવનાર દલિત સર્જકોએ તેમની આ ચિંતાને પારખીને તેમણે કહેલ શબ્દોને ગંભીરતાથી લેવા પડશે.

મરાઠી દલિત સર્જકો મોટે ભાગે સીધી રીતે આંદોલન સાથે જોડાયેલા હોય છે, તેવું ગુજરાતમાં પણ છે કે કેમ ? તેવા મારા સવાલના પ્રત્યુત્તરમાં તેમણે કહ્યું : 'આ સાહિત્યકારોની મહત્તા તેની પ્રજા, સ્વીકાર કરનારાઓ પર અવલંબે છે. મરાઠી સર્જકને પ્રેમ-પ્રશંસા ને પૈસા મળે છે, જ્યારે ગુજરાતનો દલિત સર્જક ગાંઠના રૂપિયા ખર્ચીને પોતાનું સાહિત્ય છપાવે છે. છતાં હું એટલું જરૂર કહીશ કે નવલકથા, વાર્તામાં ગુજરાતી

દલિત સાહિત્યનું જે ગજું છે, તે ભારતમાં ગમે તે ભાષા સાથે ખભેખભા મેળવી ઊભું રહી શકે તેવું છે. તેમાં બે-મત નથી. તેમણે કહ્યું : 'આપણા ગુજરાતમાં આજ સુધીના જે દલિત સર્જકો છે તેમણે દલિત અત્યાચારને આલેખિત કરવાનો પૂરો પ્રયાસ કર્યો છે. દલિતો પર થયેલા નાનામાં નાના અત્યાચારથી માંડી મોટી હોનારતોને દલિત સાહિત્ય નજર અંદાજ કરતું નથી. દલિત સર્જક અને દલિત અત્યાચારને જુદા પાડી શકાય નહિ. દલિત સાહિત્યના પાયામાં જ અત્યાચારની વેદના ધરબાયેલી છે. જેને જુદી પાડી શકાય નહીં.'

દલિત સાહિત્યજગતને કોઈ સંદેશ ?! તો તેઓ બોલ્યાઃ 'જ્યારે સમાજમાં પત્ર વ્યવહાર (પોસ્ટકાર્ડ)નો જમાનો હતો ત્યારે દલિત સમાજના લોકો પત્રના અંતે લખતા, 'વાંચનાર સુખી રહો, સાંભળનાર સુખી રહો !' મારેય કહેવું છે કે, દલિત સાહિત્ય લખનાર સુખી રહો !... પણ મારા અંતરની ઇચ્છા છે કે, દલિતો પરના આ સમગ્ર અત્યાચાર બંધ થાય, જેથી દલિતોએ દલિત સાહિત્ય જ લખવું ન પડે. 'એ' પણ ફૂલોની કવિતા લખે. એ અર્થમાં એ સુખી રહે.

...અને છેલ્લે, એમની સાથેની મારી લંબાણ બેઠકોમાં મને એય જાણવા મળ્યું કે, ગુજરાતી દલિત સાહિત્યનો પૂરો ઈતિહાસ જાણતા દલપતભાઈ, તેમની ખુદની પંદર પેઢીનો પૂરો ઈતિહાસ પણ જાણે છે ! એમના વહીવંચા બારોટો પાસેથી એમણે એમના દાદા-પરદાદાઓના નામો જાણ્યા છે, તદ્અનુસાર તેમની તેરમી પેઢીએ દાદા રાજસ્થાનના ક્ષત્રિય રાજપૂત હતા. તેઓ ક્યારે વટલાયા અને દલિત થયા તેની સિલસિલાવાર વિગતો પણ અલબત તેમની પાસે ઉપલબ્ધ છે! તેરમી પેઢીના પરદાદા માલોસિંહના દીકરા ઝેહોસંગ, તેમના પુત્રો-પ્રપોત્રો કમોસંગ, ખેંગારજી, ભીખુસંગ, પદમસંગ, અરજણ સંગ તે છેક નીચે ઊતરતી પેઢીએ દલપતભાઈના પિતા ધૂળાભાઈ સુધીના વંશવેલાનો ઈતિહાસ (પેઢીઆંબો) પણ દલપતભાઈએ જતનથી જાળવ્યો છે.

મૂર્ધન્ય સર્જક - ઈતિહાસકાર - સંશોધનકાર કે. કા. શાસ્ત્રી પણ કહી ગયા છે કે આજના દલિતો એક સમયના ક્ષત્રિયો છે ત્યારે આપણે પણ દલપત ચૌહાણને દલસંગ ચૌહાણ તરીકે ઓળખીએ તો કેમ ?!

સંદર્ભ :

(૧) 'ક્યાં છે સૂરજ ?' (દલપત ચૌહાણ)
(૨) 'શબ્દભેદ' (દલપત ચૌહાણ)
(૩) 'ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (દલપત ચૌહાણ)
(૪) 'ગુજરાતી દલિત નિબંધ' (ભગીરથ બ્રહ્મભટ્ટ)
(૫) 'નિસબત' - ૨૦૧૧ (ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૬) 'નિસબત' - ૨૦૧૩ (ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૭) 'નિસબત' - ૨૦૧૮ (ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૮) 'દુંદુભિ' (દલપત ચૌહાણ - હરીશ મંગલમ્ - પ્રવીણ ગઢવી)
(૯) 'દલપત ચૌહાણનું ગુજરાતી દલિત સાહિત્ય ઐતિહાસિક પ્રદાન' (વૈશાલી આનંદ)
(૧૦) 'ગુજરાતી દલિત સાહિત્ય' (ડૉ. ભીખુ વેગડા)
(૧૧) 'પ્રતીતિ' (મનોજ પરમાર - ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૧૨) 'અનન્ય' (સં.: હરીશ મંગલમ્, મધુકાન્ત કલ્પિત, અરવિન્દ વેગડા)
(૧૩) 'હયાતી' (દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર - વિશેષાંક) - ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી
(૧૪) 'હયાતી', 'દલિત ચેતના'ના અંકો
(૧૫) 'દલિત કાવ્ય સૃષ્ટિ' (સં. મોહન પરમાર)
(૧૬) 'દલિતાયન' (વિવેચન સંગ્રહ -કેસર મકવાણા)
(૧૭) 'વણબોટી વારતાઓ' (સં. - દલપત ચૌહાણ)
(૧૮) 'ભેલાણ' (વાર્તાસંગ્રહ - દલપત ચૌહાણ)
(૧૯) 'શબ્દે બાંધ્યો સૂરજ' (સં. ચંદુ મહેરિયા, દલપત ચૌહાણ)
(૨૦) 'સૂરજમુખી' વિશેષાંક (પ્રત્યાયન સાહિત્ય વર્તુળ - ધોળકા)
(૨૧) 'સમાજમિત્ર'ના વિવિધ અંકો
(૨૨) દલપત ચૌહાણનું સાહિત્ય સર્જન
(૨૩) દલપત ચૌહાણ દ્વારા લખાયેલા અને તેમના પર લખાયેલા વિવિધ લેખો
(૨૪) દલપત ચૌહાણ સાથે રૂબરૂ મુલાકાત.

'છાંયડો', પ્લોટ નં. ૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી,
સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪
મો. ૯૮૨૫૬૩૨૮૩૮



લગ્નગીતમાં વૃક્ષોનો મહિમા

- *લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી*

લગ્નોત્સવ લોકજીવનના જીવનોલ્લાસનો અવસર છે. એ માત્ર એક પરિવારનો ન રહેતાં સમગ્ર સમૂહ અથવા સમાજનો, પરિવારનો કે સમસ્ત ગામનો અવસર બની રહેતો હોય છે. તેથી તે અવસરે ગવાતા ગીતો પણ સમૂહ ગીતો, વૃંદગીતો છે. સમસ્ત ગામની સ્ત્રીઓ આ અવસરે ગીતો ગાવા આવે છે. આ ગીતો સમૂહગત હોવાને કારણે જ તેમાં સમૂહની સરલતા, સ્વાભાવિકતા અને મધુરતા નીતરતી હોય છે. આવા ગુણોને કારણે જ સમૂહ દ્વારા કંઠસ્થ થઈ શકે છે. તેમજ પેઢી દર પેઢી, વંશ પરંપરાગત, જ્ઞાતિ પંરપરાગત લગ્નગીત ગવાતાં રહે છે. તેમાં પ્રદેશ ભેદ તથા જુદી જુદી જ્ઞાતિઓની વિશિષ્ટ ખાસિયતોને કારણે, તેમજ લોકબોલીઓનાં ભેદને કારણે સામાન્ય ભેદ જોવા મળે છે. બહુધા તો બધાં જ લગ્નગીત એક જ સરખા વિષયવસ્તુવાળાં હોય છે. લગ્નવિધિઓની સમાનતાને કારણે તેમાં વિશેષ કોઈ મહત્ત્વનો ભેદ હોતાં નથી. ગીતોનું હાર્દ સર્વત્ર લગભગ એક જ સરખું જોવા મળે છે. લોકસાહિત્યમાં વિપુલ પ્રમાણમાં લગ્નગીતો સંગ્રહાયેલાં છે. લગ્નોત્સવ લોકજીવનનો અનન્ય આનંદનો લ્હાવો ગણાતો હોવાથી લગ્નગીતોમાં લગ્નજીવનની શુભભાવના, પ્રણય, મજાક અને સંસારની સમગ્રયતા હોય છે.

વ્યાખ્યા : લગ્નસંસ્કારની પ્રત્યેક ક્રિયાવિધિ પ્રસંગો, વર કન્યાનાં શીલ સૌદર્ય ને રુચિ, દેવ, દેવીઓ, પ્રકૃતિનું વર્ણન, ઋતુઓનું સૌંદર્ય, વિયોગ, વિનોદ, પરિહાસ, વ્યંગ, કટાક્ષ વગેરે લગ્નના માંગલિક અવસરે પરંપરાગત સમૂહસ્વરોનાં વૃંદગીતમાં જે લોકગીતો રજૂ થાય છે તેને લગ્નગીતો કહેવામાં આવે છે.

લગ્નગીતનું વિષયવસ્તુ : લગ્નોત્સવ ધાર્મિક અને સામાજિક અવસર છે, લગ્ન સંસ્કાર છે. લગ્નવિધિમાં ગણેશ સ્થાપન, મંડપારોપણ, માયરુ અને ચોરી એ મુખ્ય ધાર્મિક સંસ્કાર વિધિઓ છે, એ સિવાયની સામાજિક, લૌકિક ને કુળ પરંપરાગત, રીતરિવાજોના સંદર્ભમાં ૩૦ જેટલી અન્ય પેટાવિધિઓ લગ્નસંસ્કારમાં સંલગ્ન હોય છે. લગ્ન અવસરનો પ્રારંભ લગ્નની કુમકુમ પત્રિકાથી થાય છે. એક લગ્નપત્રિકાની વાંચના કરીએ તો સોનલવરણા સૂરજ ઊગશે, ગુણિયલ ગણેશજી બિરાજશે, લીલાછમ માંડવડા રોપાશે, હરિયાળાં તોરણો બંધાશે, ભાતીગળ ચંદરવા લહેરાશે. મોતીયલ ચાકળા પથરાશે ઘૂઘરિયાળા બાજોઠિયા ઢળાશે, શુકનિયાળ કંકુ, ચોખા ચોડાશે, કુંવારી કંકાવટી ઘોળાશે, રંગિયલ માણેકથંભ રોપાશે, સૂરાળી શરણાયું વાગશે, ત્રંબાળું ઢોલીડા ધડૂકશે, કોયલકંઠા ગાણાં ગવાશે, ફૂલ-સુંવાળાં ફટાણાં દેવાશે, નેહલ નાડાછડિયું વિંટાશે, ગરવા ગોતરીજ ભરાશે, નવગ્રહની નિરાંત થપાશે, પીતાળી પીઠીયું ઘોળાશે, કેસરિયાળ સાફા બંધાશે, કસુંબલ ઉપરણીયું ઓપાશે, સોનમૂઠી તલવાર્યું ઝૂલશે, દેવાંશી ફુલેકાં ચઢશે, પોરહભરી પહુ ભરાશે, ઉમંગે ઉકરડીયું ઊઠશે, જોબનભર્યાં રાસડા રમાશે, ઉજળાં રમણ દીવડાં પ્રગટશે, કંકુજળમાં કોડીયું રમાશે, ટેરવાના ટચાકે પરણ્યાં પોંખાશે, કન્યા વિદાયનો વિયોગ ઘુંટાશે, કાળજા કેરો કટકો વિદાય લેશે, આ વાનાં. આ વહેવાર, આ સંસ્કાર, આ રીત આ રિવાજ આ બધુંય લગ્ન ઓચ્છવમાં લગ્ન અવસરમાં ભવ્યતાથી તમ આવ્યાથી દીપી ઊઠશે.''

લગ્ન અવસરની પેટા વિધિઓમાં પ્રાદેશિક ભિન્નતાને જ્ઞાતિનાં રીતરિવાજો પ્રમાણે થોડો વધારો-ઘટાડો-સુધારો હોય છે. મુખ્ય પેટા વિધિઓ સર્વત્ર સમાન હોય છે તેમાં કન્યાપક્ષ દ્વારા લગ્ન લખવાં, કંકોત્રી લખવી, વરપક્ષ દ્વારા કંકોત્રીનો સ્વીકાર ને વધામણી. બંને પક્ષો દ્વારા સગાં, સંબંધીઓ, મિત્રવર્તુળને મોકલવામાં આવતી કંકોત્રી, ગણેશ માટલી ગોરમટી, ગોત્રજ માટે ગોતરડોવરધ, મામેરું, મીંઢોળબંધન, પીઠી, ગૃહશાંતિ, આંતક, મંડપારોપણ, સાંજી, ફુલેકું, વરઘોડો, પસ, ઉકરડી, જાનજોડવી, સામૈયું, વરપોંખણું, માયરું, હસ્તમેળાપ, ચોરી, કલવો, પહેરામણી, મમ્માટ, મા માટલું કુમકુમ થાપા, કન્યાવિદાય, વર-વધૂ પોંખણું, ગણેશપૂજન, ગોત્રજ પૂજન. કોડી, કોડાની રમત વગેરે લગ્ન અવસરની દરેક વિધિઓમાં વિધિ અનુસાર લગ્નગીત ગાવામાં આવે છે. જે વિધિ પ્રસંગને અનુકૂળ પ્રાસંગિક લગ્નગીતો હોય છે. આ લગ્નગીતોમાં કૌટુંબિક પરંપરા, કુળ પરંપરા, વર-કન્યાનું સૌંદર્ય, માતાની મમતા, દાદાને પિતાનું વાત્સલ્ય, અડાભીડપણું, ભાઈ-બહેનનો પ્રેમભાવ, ભાભી અને સખીઓનો, અનુરાગ, લગ્ન અવસરમાં ઉપયોગી થનાર ગોર, બ્રાહ્મણ, કુંભાર, દરજી, વાળંદ, સુતાર, માળી વગેરેનો ઉલ્લેખ, લગ્ન અવસરની વિધિઓનો ગુણાનુવાદ વ્યક્ત થતો હોય છે, કેટલાંક લગ્નગીતો કન્યા, કન્યાની માતા અને દાદાના ઉદ્‌ગારરૂપે પ્રસ્તુત થતાં હોય છે. ફટાણાનાં ગીતો દ્વારા પરિહાસ, મીઠી મજાક, વ્યંગ, હાસ્ય કે કટાક્ષ નિખાલસતાથી, નિર્દોષભાવે બંને પક્ષો દ્વારા કરવામાં આવે છે. લગ્ન અવસરની પ્રાથમિક પ્રારંભને આગલા દસ દિવસથી વર-વધૂ પરણી તેના નિવાસસ્થાને પહોંચે ત્યાં સુધીનાં અસંખ્ય લગ્નગીતો કંઠસ્થ પરંપરામાં સંગ્રહાયેલાં હોય છે. અત્યારનાં સમયમાં કંઠસ્થ ગીતો ન આવડતાં હોય તો ગાવાવાળી બહેનોને ગાવા માટે બોલાવવામાં આવે છે. ચારણ, કાઠી,

રાજપૂત વગેરે કૂળોનાં લગ્નગીતો સાંભળવા જેવાં હોય છે.

લગ્નગીતનું સંગીત અને પ્રસ્તુતીકરણ : લગ્નગીતોમાં ભાવોર્મિથી છલોછલ ભરેલાં વૃંદગીતો છે જે લગ્ન અવસરે, સ્ત્રીઓ દ્વારા ચાલતાં ચાલતાં, બેઠાં બેઠાં, ઊભાઊભા ને વિધિઓ જોતાંજોતાં વર અને કન્યા એમ બન્ને પક્ષે ગવાતાં ગીતો છે. લગ્નગીતો મંગલ, મધુરતાથી ભરપૂર હોય છે. ગાનારા શ્વાસ લેવા પણ થોભતા નથી. અદ્‌ભુત ને અલૌકિક તેની સૂરાવલિ ને સૂરાવટ હોય છે. લગ્નગીતોના સૂરો સૂરીલા અને સ્વાભાવિક, ગાવાના ઢાળો અને ગાવાની લઢણ પણ પરંપરાગત રીતે ઘુંટાઈ ઘુંટાઈને સમરસ આત્મસાત્ થઈ ગઈ હોવાથી કુદરતી રીતે જ સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દે તેવું સ્વરમાધુર્ય કેળવાયેલું હોય છે. વિલંબિત ઘુંટાયેલો સંગીત મઢ્યો સૂર, કર્ણપ્રિય વર્ણશબ્દોનું ગુંજન, ભાવવાદી વેધક, ચોટદાર, મર્મસ્પર્શી લોકઢાળ, ઊર્મિગર્જન, નાદવૈભવ એ લગ્નગીતનાં ગાનનાં મુખ્ય આભૂષણો છે. ભાવોર્મિ, શબ્દ સ્વર અને ગેયતાનો સુભગ સમન્વય લગ્નગીતોમાં સારંગરાગમાં અનાયાસે પ્રગટે છે. સારંગનો આવિર્ભાવ કેવળ સહજ સ્ફૂરણાગત હોય છે એ કારણસર લગ્નગીતોને સારંગ પ્રધાન કહેવામાં આવે છે. સેંકડો વર્ષોથી લગ્નગીતમાં સારંગને યથાયોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. ઢાળનું વૈવિધ્ય વધુમાં વધુ લગ્નગીતોમાં જોવા મળે છે. તેમ ઉપેન્દ્રભાઈ ત્રિવેદીનું માનવું છે. ચારણ જ્ઞાતિના લગ્નગીતોનાં સૂરો ધીરે ધીરે સંપૂર્ણ સ્વસ્થતાથી શરૂ થતાં પ્રલંબ લયે શ્વાસ લેવા થોભ્યાં વગર ઘૂંટી ઘૂંટી અંખંડિત આંદોલનની ધારાએ ધારાએ વહેતા વહેતા મોહક, કર્ણપ્રિય સો સો શરણાયું જેવાં સૂર સાંભળતાં થાકીએ નહી તેવાં અત્યંત મીઠા ને મધુરા લાગે છે. ચારણજ્ઞાતિનાં લગ્નગીતો અનેકવિધ વિવિધતા અને વિપુલતા ધરાવે છે. છત્રાવા (ઘેડા) ગામમાં વહેલી સવારે ચારણ આઈઓનાં લગ્નગીત સાંભળીને ગામ લૂંટવા આવેલાં બહારવટિયા ગામને લૂંટ્યા વગર ભાગી ગયા હતા.

લગ્નગીતોમાં વૃક્ષમહિમા : પ્રાણીમાત્રનું જીવન વનસ્પતિ ઉપર અવલંબિત છે. વનસ્પતિ પણ સજીવતાથી સભર હોય છે. ઈસ્થર બોલ્વીન યોર્ક કહે છે કે "વૃક્ષોની આપણી સાથે વાત કરવાની પણ એક રીત હોય છે. પણ એ વાતોમાં ઘણા શબ્દો નથી હોતા. જો આપણે કાન દઈને સાંભળીએ, આંખ માંડીને નીરખીએ અને જરા ઠરીને બેસીએ તો એમની એકધારી વાતો પણ સંભળાય ખરી. ગુજરાતમાં તો વનસ્પતિનો વિપુલ ભંડાર ભર્યો છે. સૌરાષ્ટ્રને તો વૈદ્યોની ભૂમિ તરીકે ઓળખાય છે. વૃક્ષોની અગત્ય વિશે લોકકવિ પિંગળશીભાઈ ગઢવી એક કાવ્યમાં કહે છે :

દોહો

વૃક્ષો સૌ જન વાવજો સાચો ધર શણગાર,
એનો સઘળા જીવ પર, અનહદ છે ઉપકાર

કાવ્ય

વૃક્ષો પ્રાણનો વાયુ આપે, વૃક્ષો દીર્ઘ જીવાયુ આપે
વૃક્ષો લાખ ને ગુંદર આપે, વૃક્ષો ઔષધ સુંદર આપે,
વૃક્ષો પ્રભુની ભક્તિ આપે, વૃક્ષો અનહદ શક્તિ આપે,
વૃક્ષો ચૂલા બળતણ આપે, વૃક્ષો ખાવા ગળપણ આપે.
વૃક્ષો ધર ધોવાણ મટાડી લેવરાવે છે લાવો,
ભારતને હરિયાળો કરવા વૃક્ષો વાવો વાવો.
તપતાને એ છાંયો આપે, માનવને એ માયા આપે,
ખાવાને એ ફળફૂલ આપે, અંગ ઢાંકવા પટકૂળ આપે,
બાળકને રમકડાં આપે, કિશોરને કૂદકડાં આપે,
મકાન એ રે'વાને આપે, સુખ દુઃખ સહી લેવાને આપે,
વૃક્ષો સૌનાં છે હિતકારી તે નવ ભૂલી જાવો,
ભારતને હરિયાળો કરવા વૃક્ષો વાવો વાવો.
વૃક્ષો તો વર્ષાને વધારે, વૃક્ષો ભોમાં ભેજ વધારે,
અંતરનો ઉલ્લાસ વધારે, ખેતીની પેદાશ વધારે
દેશની સદ્ધરતા વધારે, ઘરની સુંદરતાને વધારે,
ખેતરની કિંમત વધારે, ખેડૂતની હિંમત વધારે.

હાલ દેશના સમૃદ્ધ કરવા વિચારિયે સૌ આવો ભારતને હરિયાળો કરવા વૃક્ષો વાવો વાવો.

વૃક્ષો સૌ જન વાવજો સાચો ધર શણગાર,
એનો સઘળા જીવ પર, અનહદ છે ઉપકાર

વૃક્ષો પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કરે છે. ગુજરાત રાજ્યમાં ગામો, નેસડા, ધારો, વોકળાઓ અને ધોરી માર્ગોનાં નામકરણ પર વ્યાપકપણે વૃક્ષોના નામનો પ્રભાવ પડ્યો છે, જે આરણ્ય સંસ્કૃતિની પુષ્ટિ આપે છે. શ્રી જગદીશ ચ. છાયા 'શ્રેયસ' સૌરાષ્ટ્રનાં ગામોના નામકરણ પર વ્યાપક વનસ્પતિના પ્રભાવ લેખમાં અને શ્રીનરોત્તમ પલાણના ઘૂમલી સ્થળનામોમાં વનસ્પતિ ઉપરથી ગામ અને સ્થળોનાં નામોની વિસ્તૃત યાદી આપી છે. વૃક્ષો-વનસ્પતિઓ વિશે શ્રીકૃષ્ણ ઈન્દ્રજીના ગ્રંથો, અને શ્રી ઈસ્માઈલભાઈ નાગોરીનું વનસ્પતિ જીવન દર્શન ગ્રંથ મૂલ્યવાન પ્રકાશનો છે. વૃક્ષો કેટલું સુકૃત કરે છે તેની માહિતી આપતાં લોકકવિ શ્રી પિંગળશીભાઈ ગઢવી ભુજંગી છંદમાં કહે છે

દોહો

વૃક્ષો સૌ જન વાવજો, આવે છે વરસાદ,
સાચી એ છે સમૃદ્ધિ, દેશ બને આબાદ.

છંદઃભુજંગી

પશુપંખીને નોતરી તે જમાડે,
શિળી છાંવમાં બાળકોને રમાડે,
નદી પાર કરવા નૈયા થૈ તરે છે,
કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે? -૧
તપેલાજનોને મીઠી છાંય આપે,
હરી તાપ લેતાં એ શાંતિ સમાપે,
શ્રમિતો લહી છાંય શાંતિ ભરે છે,

કહો કરેલું વૃક્ષો સુકૃત કરે છે -૨
પ્રભાતે ઊઠી પંખીયો ગીત ગાતાં,
ઘણાં આવીને થાક ને સ્થિર થાતાં
ઊડી જંગલોમાં બધા વિચરે છે,
કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે -૩
તું ખરા અંતકાળે બને એ જ સાથી,
બીજું કોઈ નાં થાય ત્યાં તો સંગાથી
મરેલાજનો સાથમાં તે બળે છે,
કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે. -૪
થતાં ખુરશી ટેબલોને કબાટો,
વળી ખાટલાં પાટલાં, સાથ પાટો
મકાનો તણાં બાર બારી બને છે,
કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે. -૫
ચુલામાં હમેંશાં બળી ખાખ થાતાં,
પકાવી બધાં માનવી અન્નખાતાં,
ઘણી વ્યાધિઓ માનવી હરે છે,
કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે. -૬
વળી આંભમાંથી જુઓ મેઘ લાવે,
ધરા સાબદીને બહુ, ધુપાવે,
કરી ખૂબ કલ્યાણ કીર્તિ વરે છે,
કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે. -૭
ભલા થૈ બધા માનવી વૃક્ષ વાવો,
ઘણું થાય કલ્યાણ ફરજો બજાવો,
કહે વાત પિંગલ ગળે ઊતરે છે,
કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે. -૮

વૃક્ષો જીવન રક્ષક ઔષધ છે. એથી તેનો ગુણાનુવાદ કરતાં શબ્દો ટૂંકા પડે છે. દરેક વૃક્ષોની ગુણવત્તા, ઉપયોગિતા, અને મહત્તાને કારણે લગ્નગીતમાં તેને સ્થાન આપવામાં આવ્યું છે. પાનાની મર્યાદાને કારણે કેટલાંક વૃક્ષોનો લગ્નગીતમાં ઉલ્લેખ ગુણવત્તા, ઉપયોગિતા અત્રે ઉલ્લેખનીય છે.

મીંઢળ : લગ્ન વખતે વર-કન્યાના હાથને શોભાવે છે.મીંઢળ હાથમાં બાંધ્યા પછી ઘરની બહાર જવાનો, હાથ મિલાવવાનો નિષેધ છે. સ્પર્શથી રોગ ન થાય, નિર્જળ પ્રદેશમાં ઉત્પન્ન થતો હોવાથી ત્યાં પોતાની ગંધ ફેલાવે છે. તાત્કાલિક ઔષધનું કામ કરે છે. કોઢના રોગમાં મૂળ સુધી પહોંચી જાય છે. મીંઢળ, મધુર કડવું, ઉષ્ણવીર્ય, મળોને ખોતરનાર, ઊલટી કરાવનાર, વિદ્રધિ નામના અંદરના ગૂમડાને મટાડનાર રૂક્ષ છે. સળેખમ, શરદી, વ્રણ, કફ, આફરો, સોજા અને ગોળો મટાડનાર.

લગ્નગીત :

મીંઢળ પરણે ને ઝાડવા બાળ કુંવારા રે
વનરા તે વનમાં મીંઢોળ ઝાઝા રે.
હું રે તમને પૂછું બેની રે બેન
આટલાં તે લાડ તમને કોણે લડાવ્યાં?

વડ : વડ ટાઢો, ભારે, ઝાડાને રોકનાર વર્ણને સારો કરનાર, કફ, પિત્ત. વ્રણ, રતવા, દાહ તથા યોનિના દોષને મટાડે છે, તેના રસથી હલકા પ્રકારનું રબ્બર બને છે. પાંદડાને ગરમ કરી તેલ ચોપડી પોટીસ તરીકે ઉપયોગી થાય છે, કૂવાના રહેંટ બનાવવામાં થડ ઉપયોગી છે- યજ્ઞમાં સમિધ તરીકે વપરાય છે. છાલમાંથી મજબૂત દોરડાં પણ બનાવવામાં આવે છે. સોજો ચડેલ પગ ઉપર રસનો ઉપયોગ કરવામાં આવે છે. બીજ ઠંડા ને પુષ્ટિદાયક હોય છે. છાલમાંથી કાગળ પણ બનાવવામાં આવે છે. પાદડાંમાંથી પાત્રાળા બનાવાય છે. વટની વડ સ્વાસ્થ્ય, શાંતિ, શાંતિ માટે ઉપયોગી વૃક્ષ મનાય છે.

લગ્નગીત :

આવી ઊતર્યા વાડીના વડ હેઠ,
વડલો વરસે મોતીડે માણારાજ
નીલાં પીળાં વડલાના પાન
નીલડે પાને વડલો છાંયા માણારા
લેજો ચોપટ લેજો સોગઠા રે
વીરડા રમજો વાડીના વડ હેઠ
જીરે કેશરિયાં રમજો વાડીના વડલા હેદ
વડલો, વાઢીને કીધી વાયરે
ડુંગર ડોળીને કીધી વાટ રે
વેલ્યું છૂટિયું વાડીના વડ હેઠ
ધોરીડાં બાંધ્યાં રે વડને વાંકીયે હો રાજ
વાંકો વડલો ને વાંકી વડવાયું,
વાંકા બાંધે ભરતભાઈ મોડીયા
વાંકી છે માલતી વહુની જીભ
અવસર ઘેર આપણે

આંબો : ગુજરાતમાં કેસર કેરી સવિશેષ સુપ્રસિદ્ધ છે એક લોકમતાનુસાર આ કેરીનું સૌ પ્રથમ નામ આંબડી હતું. ત્યારબાદ જૂનાગઢ નવાબ રસુલખાનની બાબીની રખાતનું નામ કેસર હતું. તેના નામ ઉપરથી આંબડી કેરીનું નામ કેસર રાખવામાં આવ્યું છે. આવો એક લોકમત છે. આંબાના કાષ્ટનાં પાટિયાં બનાવવામાં આવે છે અને બારીઓ અને બારણાની સાખો બનાવવામાં આવે છે. આંબાનું ઝાડ સેંકડો વર્ષ જીવે છે. પિત્ત, વાત, કફનો નાશ કરે છે. વૈદક ગ્રંથોમાં કાચી તેમજ પાકી કેરીના ગુણ વિષે ઘણું લખવામાં આવ્યું છે. આંબાનાં જ પાકાં ફળ શક્તિવર્ધક, ચરબી વધારનાર, ખુશકારક, ઝાડો સાફ આવનાર, પેશાબ વધારનાર, લોહીના બગાડને મટાડનાર છે. વીર્યને વધારનાર, ભારે વાયુને હરનાર, હૃદયના વર્ણને સારું કરનાર, તરસ, ઊલટી મટાડનાર છે.

લગ્નગીત :

કોયલ બેઠી આંબાલિયાની ડાળ

મારો મોરલિયો ટહુકે ગઢના કાંગરે માણારાજ,
હોંશીલા વીરા તમે કોયલને ઉડાડો આપણે દેશ.
ઊંચી આંબલિયાની ડાળીઓ ડોલે રે
માંહી બેઠી કાળી કોયલ બોલે રે
આવ્યાં સખી એવાં સાસરી એવી રે
કહે ને સોહાગણ સાસરી કેવી રે
બેનના દાદાને આંગણે આંબલો
બેન રમતાં આંબલિયાની છાંય રે
આંબો મોર્યોને લીલાં ફળ ઘણાં રે
જાંબુડા લેરડે જાય કોયલ ચાલી સાસરે
બાગમાં રે'જો બેની બગીચામાં રહેજો
કાચી કેરીની સુગંધ લેજો બેનબા બગીચામાં રે'જો
આંબલિયો કોઈ સાચા મોતીયે ઝગમગે રે,
પાંદડે પોથીનો છે રંગ ડાળખીયે દીવા બળે રે.
આંબે ઢળીયા છે મોર માંડ ઢળ્યા બાજોઠ.
કોયલ બોલે રે બાગમાં-આંખ્યે ઢળીયા
આંબો રોપીને વાસુદેવ ગામ ચાલ્યા
આંબો ફાલ્યો રે ફલ્યા વાસુદેવ ઘરે આવ્યા
મામા આંબાના તોરણે હું નહીં પરણું
ભાણેજ ખમજો ઘડી બે ચાર
આંબલિયાનાં લીલાં પીળાં પાન,
પીળા પાને રે આંબો ખલવલે રેં.

પીપળો : પાણીના પૂરને ઓછું કરે છે. પિત્ત, કફ, વ્રણ તથા લોહીના બગાડને મટાડનાર, વર્ણને સારો કરનાર, સ્ત્રીરોગના દોષને દૂર કરનાર, મૂળિયામાં પાણી સિંચાય છે, કૃમિ, વીર્ય, તથા કફને વધારનાર છે. પીપળો પવિત્ર વૃક્ષ માનવામાં આવે છે.

લગ્નગીત :

આ દશ્ય આ દશ્ય પીપળો,
આ દશ્ય દાદાના ઘર જો
ખોળો વાળીને અહીં રમતી'તી બહેન.
હજી સૈયરના દાવ ન'તા ઊતર્યા.
આંબલી પીપળો સાદ પાડે એક વાર પાછું વળી જો.

આ રીતે દરેક વનસ્પતિની ઉપયોગિતા વર્ણવવામાં આવી છે જે અત્રે લગ્નગીત ઉલ્લેખનીય છે.

૧. *લીલુડી વાંસની વાંસળી મારી જાનમાં વાગતી જાય,*
ગામના પટેલિયે પૂછ્યું આ ક્યાંનો રાજા જાય રે
નથી રાજા નથી રાજવી મારો વીરો પરણવા જાય
૨. *સૂરજ ઊગ્યો રે કેવડિયાને થડ કે વાણલા ભલે વાયા રે*
સૂતા જાગો રે ગીતાબેનના કં થ કે
દાતણ કરજો કે તુલસીના ક્યારે કે વાણલા ભલે વા'યા રે
૩. *બહેની રમતી'તે આંબાની હેઠ્ય,*
આવ્યો એક પરદેશી પોપટડો
૪. *નાણાવટી રે સાજન બેઠું માંડવે*
જેવી ફૂલડિયાની વેલી, એવી વરરાજાની બહેની,
લાખો પતિ રે સાજન બેઠું માંડવે
૫. *બેની તો પાન સરીખા પાતળાં બેની તો સૂર્ય સરખાં તેજ રે*
ગીતાબેન તમારી તે તોલે કોઈ ના આવે.
૬. *લીલી લીલી લીમડાની છાયા એવી માત-પિતાની માયા,*
માયા છોડવી પડશે બેનને સાસરે જાવું પડશે.
૭. *જી રે રણઝણ કરતો ભમરો ઊડીયો*
જી રે જઈ બેઠો નાળિયેરીને થડ રે વાડીના ભમરા
દ્રાક્ષ મીઠી ને સાકર શેરડી
જી રે આટલા નાળિયેર દાદા શીદ વહોર્યા રે
જી રે આપણે ઘેર બેનીબાના વિવાહ રે વાડીના ભમરા
૮ *ખોળો વાળીને અહીં રમતી'તી બહેન,*
હજી સૈયરના દાવ ન'તા ઊતર્યા
આંબલી પીપળી સાદ બેની એક વાર પાછું વાળી જો.
૯. *આવી આવી વગડા વીંધી વેલ જો,*
ઘુઘરીએ ધમધમતા આવ્યાં ઘોડલાં
જોશું જોશું વહાલેરો વનવાટ જો
જો'શું રે મહિયરના જૂનાં ઝાડવાં
વસમી લાગે ભવની લાંબી વાટ જો
મહિયરને મારગડે શીળો છાંયડો.
૧૦. *કુંચી આપો બાઈજી*
તમે કીયા પટારે મેલી મારાં મહિયરની શરણાઈ જી
તમે કીયા કુહાડે વહેરી મારા દાદાની વડવાઈ જી.
૧૧. *મારો લાલ જાબુંડાનો વાટકો,*
મેં તો દીધો મારાં બેનીબાના હાથ રે.
૧૨. *આંગણે આસોપાલવ ઝાડ કે બગલા ઊડી ગયા આકાશ,*
કે પગલાં રહી ગયા રે રાજ
૧૩. *એક નીલું તે લીંબુ નહીં નમે, એની ડાળ નમી નમી જાય રે*
૧૪. *મારા ઘર પછવાડે નીલી લીંબડી*
મોર ટોડલિયે ટહુકે છે ઝીણા મોર
૧૫. *માલણ વીણે વીણે જાંવતરીના ફૂલ,*
માલીડો ગૂંથે વીંઝણો માલણ
૧૬. *વાડીના ભમરા દ્રાક્ષ મીઠી સાકર શેરડી,*
ભમરો જઈ બેઠો છે નાળિયેર કેરે ઝાડ.
૧૭. *માયલે આંગણિયે એલચડીનો છોડ રે લખીને આવે છાંયડે*
૧૮. *નીલકુડા રે નાળિયેર મેં તો હાટડે લાખાં દીઠા રે,*
હોંશીલા રે વીરડે મારે મુલાવીને લીધા રે.
૧૯. *ગૌરી તારાં નીલુડો છે વાંસ રે ઘોડે ચડશે ગોકુળિયો કાન રે*
૨૦. *ઘેરી ઘેરી દાડમ દ્રાક્ષ*
બીજો રે ઘેર્યો વેવાઈનો માંડવડો હો રાજ
૨૧. *પીઠી ભરીયો વીરો મારો વડલે ઊતર્યો રે*
વડલે ઊતર્યો લાડી વહુને મોલે ઊતર્યો રે
૨૨. *દૂધનો ઉછરેલ કાજુ કેવડો રે પાણી પિયારેલ નાગરવેલ,*
વેલે રે વાલમ ભાયો કાજુ કેવડો, દૂધનો ઉછરેલ
૨૩. *લીલુડા વાંસનો માંડવો રોપાવો,*
નાળિયેરી તોરણ બંધાવો, કોયલ બોલે
૨૪. *આસોપાલવનાં તોરણ બંધાવો, કેળના થંભ રોપાવો લાડડી.*
૨૫. *મારે આંગણિયે તુલસીનો ક્યારો,*
તુલસીના ક્યારે ઘીના દીવા બળે.

૯-એ- પટેલ કોલોની,
રોડ નં.૪ જામનગર - ૩૬૧૦૦૮.
મો. ૯૯૨૫૦૫૭૮૫૬

ગુજરાતના પ્રથમ જ્યોતિર્ધર ધર્મપુરુષ અને સંસ્કાર પુરુષ કલિકાલસર્વજ્ઞ : હેમચંદ્રાચાર્ય

- સોમાભાઈ વિ. પટેલ

ગુજરાત જેમના માટે હંમેશાં ગૌરવ લઈ શકે એવા થોડાક જ્યોતિર્ધરોમાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર એક અને અગ્રસ્થાને છે. આજની ગુજરાતી ભાષાનો પ્રસવકાળ ચાલી રહ્યો હતો ત્યારે એના આરંભના સાક્ષી, દૃષ્ટા અને ઘડવૈયા તેઓ હતા. માત્ર જૈનોમાં જ નહીં, માત્ર ગુજરાતમાં જ નહીં; ભારતભરમાં એમની વિદ્વતાનો પ્રકાશ પ્રસર્યો હતો .એમની વિદ્વતાથી સારા ભારતની પ્રજા ગૌરવ લઈ શકે પણ ગુજરાત સવિશેષ; કારણ ગુજરાતની ભૂમિનું એ સંતાન હતા; એટલું જ નહીં, ગુજરાતને સંસ્કાર-સમૃદ્ધ કરવામાં અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવામાં એમનો મૂલ્યવાન ફાળો હતો.

હેમચંદ્રાચાર્યની પ્રતિભાનો સર્વાંગીણ પરિચય આપવાનું કામ ઘણું મુશ્કેલ છે; કેમ કે, એમની પ્રતિભા અનેકવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલી હતી. તેઓ જૈન ધર્માચાર્ય તો હતા જ; સાથે સર્વ ધર્મ પ્રતિ સમત્વ ધરાવનારા હતા. એમણે સંસ્કૃત ભાષામાં ગ્રંથો લખ્યા છે પ્રાકૃતમાં લખ્યા છે, અને અપભ્રંશમાં પણ સર્જન દ્વારા પોતાની વિદ્વતાનો પ્રકાશ પાડ્યો છે. એમના સમયથી - પ્રાચીન ગુજરાતી (ગૌર્જર અપભ્રંશ) ભાષાના મંડાણ થયાં એમની કલમે કોઈ એક કે અમુક ક્ષેત્રે ન વિહરતા, એ સમયે પ્રચલિત લગભગ બધા જ વિષયોને સ્પર્શ્યાં છે, એટલું જ નહીં, એ દરેકમાં પોતાનું આગવું અને ઉત્તમ કોટિનું સર્જન કર્યું છે. એમણે કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર ,છંદશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વ્યાકરણ ગ્રંથો, ઇતિહાસ, કોશરચના વગેરે સંખ્યાબંધ વિષયો ઉપર પ્રમાણભૂત કહી શકાય એવું સર્જન કર્યું છે. વિદ્વાનોનો એ જમાનો હતો. આટલા બધા વિષયો ઉપર એમણે જે લખ્યું એથી ભારતભરના વિદ્વાનો એમનાથી અભિભૂત થયા હતા.ડૉ.બુલ્હર જેવા જર્મન વિદ્વાને પણ એમની જ્ઞાનસમૃદ્ધિની પ્રશંસા કરી હતી.

હેમચંદ્રાચાર્યની વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલી વિદ્વત્તાની તેમજ એ સમયના ગુજરાતના રાજકારણ અને પ્રજાજીવનમાં એમણે જે ચિરંજીવ સંસ્કાર-છાપ મૂકી હતી તેની વાત કરીએ તે પહેલાં તેમના જન્મ અને તેમના પ્રારંભિક ઘડતર વિશે થોડો આવશ્યક પ્રાથમિક પરિચય મેળવી લઈએ.

વિક્રમ સંવત ૧૧૪૫માં કાર્તિક પૂર્ણિમાના દિવસે ધંધુકાના મોઢ વણિક કુટુંબમાં હેમચંદ્રાચાર્યનો જન્મ. દેવદિવાળી જેવા' ચંગા'(સારા)દિવસે પુત્રજન્મ થયો હોવાથી માતા પિતાએ એનું નામ 'ચંગદેવ' પાડ્યું. પિતાનું નામ પણ ચાચીગ અને માતાનું નામ પાહિણી. ચંગદેવ પાંચ વરસનો થયો તે સમયે ત્યાં આવેલા એ સમયના મહાજ્ઞાની જૈનાચાર્ય દેવચંદ્ર સૂરિને તેનામાં અસાધારણ લક્ષણો જણાયાં. તેમણે માતા પાહિણીને આશીર્વાદ આપતાં પુત્રમાં રહેલાં અસાધારણ લક્ષણોની વાત કરી અને ચંગદેવને પોતાની પાસે મૂકી જવા કહ્યું. ધાર્મિક પ્રકૃતિનાં માતા પાહિણીએ એ જ સમયે પોતાના વહાલા પુત્રને ગુરુના ચરણે મૂકી દીધો .પછીના સમયમાં માતા પાહિણી પણ જૈન સાધ્વી બન્યાં હતાં.

ગુરુ દેવચંદ્રસૂરિએ ખંભાતમાં ચંગદેવને મોટા ઉત્સવ સાથે દીક્ષા આપી અને તેનું નામ 'સોમચંદ્ર મુનિ' પાડ્યું. મુનિ સોમચંદ્રએ ખંભાતમાં ૧૬ વર્ષ સુધી જૈનશાસ્ત્રો તેમજ અન્ય શાસ્ત્રોનું ખૂબ ઊંડું અધ્યયન - મનન કર્યું .સમય જતાં મુનિ સોમચંદ્રમાં સ્વતંત્ર અને પ્રખર તેજ



જણાતાં ગુરુદેવ ચંદ્રસૂરિએ પોતાની કંથા સોમચંદ્રને સ્વહસ્તે ઓઢાડીને પોતાનું આચાર્યપદ મોટો ઉત્સવ યોજીને વિધિવત્ તેને સોંપી દીધું; અને તેનું નવું નામ' હેમચંદ્ર સૂરિ' જાહેર કર્યું.

આચાર્યપદ ગ્રહણ કર્યા પછી પણ હેમચંદ્રાચાર્યનું પ્રવૃત્તિકેન્દ્ર ખંભાત જ રહ્યું હતું. અહીં તેમની પ્રવચન ધારા નિરંતર ચાલતી હતી. મંત્રી ઉદયન અને ખંભાતની પ્રજા તેમના માટે ગૌરવ લેતી હતી. એમની કીર્તિ પણ હવે ખંભાતના સીમાડા ઓળંગી પાટણ અને સમગ્ર ગુજરાતમાં પ્રસરી હતી. હવે એમને પણ લાગતું હતું કે ગુજરાતની સેવા અસરકારક રીતે કરવી હોય તો પાટણને કેન્દ્ર બનાવવું જોઈએ. કેટલાક સમય પછી એમણે પોતાના ગુરુ દેવચંદ્ર સૂરી અને ઉદયન મંત્રની સંમતિ મેળવી પાટણ તરફ પ્રયાણ કર્યું.

પાટણ એ વખતે સિદ્ધિના શિખર પર હતું. સિદ્ધરાજ જયસિંહની કીર્તિ ચારે તરફ ફેલાઈ હતી. એણે પોતાનાં શૌર્ય, મુત્સદ્દીગીરી અને રાજકીય દૂરદર્શિતાના પરિણામે પોતાના રાજ્યની સીમા વધારી હતી, સમૃદ્ધિને પોષી હતી અને પોતાનાં પ્રતિસ્પર્ધી રાજ્યોને પોતાની સત્તા હેઠળ આણ્યાં હતાં જૂનાગઢનો ગરવો ગિરનાર એણે નમાવ્યો હતો. લાટની અણનમ પ્રજાને પોતાની કરી હતી; અને ભારતભરમાં જેની કીર્તિ વ્યાપ્ત હતી એવા



માળવા નરેશને અંતે જીત્યો હતો.

એવા સમયે આચાર્ય હેમચંદ્રનું આગમન અનેક દૃષ્ટિએ લાભકારી હતું; કેમ કે સિદ્ધરાજ જેવો પરાક્રમી હતો એવો ધર્મપ્રેમી અને વિદ્યાપ્રેમી પણ હતો. એના રાજયકાળ દરમિયાન રાજયનો વિસ્તાર વધ્યો હતો અને ગુજરાતની કીર્તિ ચોમેર ફેલાઈ હતી; પણ ...રાજયમાં એને કંઈક ખૂટતું લાગતું હતું. રાજકીય સિદ્ધિ અને આર્થિક સમૃદ્ધિ સાથે સરસ્વતીનો પ્રવાહ પણ ગુજરાતમાં અસ્ખલિત વહેતો થાય એ જોવાની એની મહત્વાકાંક્ષા અધૂરી હતી .

આ સંદર્ભમાં એક પ્રસંગ જાણીતો છે. સિદ્ધરાજ જયસિંહ માળવાનરેશ યશોવર્માને જીતીને પાછો ફરે છે ત્યારે પાટણ અને ગુજરાત આખું હર્ષઘેલું બન્યું છે. રાજ્યની મોટી હસ્તીઓ અને પ્રજાજનો સૌ રાજાને ઉમળકાભેર વધાવે છે અને અભિનંદે છે, પણ ત્યારે સિદ્ધરાજના મુખ પર અપેક્ષિત હર્ષોલ્લાસનાં ચિહ્નો જણાતાં નથી. એનું હૈયું ખિન્ન છે; કારણ, ઉજ્જૈનનો ગ્રંથભંડાર જોયા પછી, માળવા અને માલવનરેશની વિદ્વતા અને વિદ્યાપ્રીતિ જોયા પછી એને પોતાનો આ વિજય મોળો લાગે છે. આ ગ્રંથભંડારમાં શું શું છે એવું જિજ્ઞાસાથી ત્યાંના ગ્રંથપાલને પૂછતાં તેણે કહેલું : ''મહારાજ, આમાં રાજાભોજે બનાવેલું 'ભોજવ્યાકરણ', જે દેશભરની શાળાઓમાં ચાલે છે. પાટણની પાઠશાળાઓમાં પણ આ જ વ્યાકરણ પ્રચલિત છે...''

સિદ્ધરાજ જયસિંહ માળવાનરેશ યશોવર્માને જીતીને પાછો ફરે છે ત્યારે પાટણ અને ગુજરાત આખું હર્ષઘેલું બન્યું છે. રાજ્યની મોટી હસ્તીઓ અને પ્રજાજનો સૌ રાજાને ઉમળકાભેર વધાવે છે અને અભિનંદે છે

સિદ્ધરાજને થયું : આપણી પાઠશાળાઓમાં આપણું વ્યાકરણ અને અલંકારશાસ્ત્ર ન હોવાને કારણે જ આપણા રાજ્યના વિદ્યાર્થીઓને પરાયું વ્યાકરણ ભણવું પડે છે ને ! એણે હેમચંદ્રાચાર્યને કહ્યું, ''આચાર્યવર,આપ કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર આદિ અનેક શાસ્ત્રોના જ્ઞાતા છો ; તો આપ પોતે જ સુંદર વ્યાકરણ, અલંકાર શાસ્ત્ર અને બીજા ગ્રંથો કેમ ન રચો..? અને હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજની ઈચ્છાને માન આપી પ્રથમ' સિદ્ધહૈમ શબ્દાનુશાસન ,' વ્યાકરણ ગ્રંથની રચના કરી, જેને આપણે 'સિદ્ધહેમ વ્યાકરણ' તરીકે ઓળખીએ છીએ.

સિદ્ધરાજ પોતાની મહેચ્છા પૂર્ણ થયેલી જાણી એટલો બધો ખૂશ થયો કે તેણે આ ગ્રંથને હાથી ઉપર પધરાવીને વાજતે ગાજતે આખા પાટણ નગરમાં યાત્રા રૂપે ફેરવ્યો હતો; એટલું જ નહીં, એ પછી ૩૦૦ લહિયાઓ બેસાડી તેની સંખ્યાબંધ નકલો કરાવી અન્ય રાજ્યોમાં મોકલી હતી. સિદ્ધહેમ વ્યાકરણે સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્યને અમર કર્યા, એટલું જ નહીં, ગુજરાતને ભારતભરમાં ગૌરવ અપાવ્યું.

હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન 'વ્યાકરણ ઉપરાંત બીજા અનેક ગ્રંથોની રચના કરી છે, જેમાં તેમની સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ, એ ત્રણેય ભાષામાં રહેલી વિદ્વત્તાનો પરિપાક જોવા મળે છે. તેમણે વ્યાકરણ ગ્રંથો ઉપરાંત અલંકારના જિજ્ઞાસુઓ માટે 'કાવ્યાનુશાસન, છંદના અભ્યાસ માટે 'છંદોનુશાસન', ઈતિહાસના જિજ્ઞાસુઓ માટે તેમણે ચાવડાવંશ અને કુમારપાળ સુધીના સોલંકી વંશની સિલસિલાબંધ માહિતીથી સભર ગ્રન્થ 'દ્વયાશ્રય મહાકાવ્ય', અભિધાન ચિંતામણી નામનો, તેના પર ટીકા સહિતનો બૃહદ શબ્દકોશ આદિ સંખ્યાબંધ વિદ્વતાપૂર્ણ ગ્રંથોનું સર્જન કરી સમગ્ર ગુજરાતને ગૌરવાંન્વિત કર્યું છે., એટલું જ નહીં ભારતના વિદ્વાનો એમની વિદ્વતાથી અભિભૂત થયા હતા.

હેમચંદ્રાચાર્યે તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતને જે વિશેષ આપ્યું તે એથીયે અધિક અને અસાધારણ મૂલ્યવાન હતું. તેઓ પ્રખર જૈનાચાર્ય હતા ; પણ સર્વધર્મ પ્રત્યે સમત્વના અને આદરભાવના સંસ્કાર એમણે ગુજરાતની પ્રજામાં સીંચ્યા

અહીં એ નોંધવું અતિ આવશ્યક છે કે આચાર્ય હેમચંદ્રનો પ્રભાવ એમણે રચેલા વિવિધ વિષયો પરના વિદ્વતાપૂર્ણ ગ્રંથો પૂરતો સીમિત ન હતો. હેમચંદ્રાચાર્યે તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતને જે વિશેષ આપ્યું તે એથીયે અધિક અને અસાધારણ મૂલ્યવાન હતું. તેઓ પ્રખર જૈનાચાર્ય હતા ; પણ સર્વધર્મ પ્રત્યે સમત્વના અને આદરભાવના સંસ્કાર એમણે ગુજરાતની પ્રજામાં સીંચ્યા. એમણે ગુજરાતની પ્રજામાં એકતા, અસ્મિતા અને સંસ્કારિતાનું ઘડતર કર્યું. ગુજરાતને એ સમયે હેમચંદ્રાચાર્ય મળ્યા ન હોત તો ગુજરાતનો ઈતિહાસ કંઈક જુદો હોત.કદાચ ઈતિહાસ માત્ર યુદ્ધો અને અથડામણોનો હોત. હેમચંદ્રાચાર્ય ન મળ્યા હોત તો ગુજરાતની એકતા અને અસ્મિતા મોડી પ્રગટી હોત.

મોટા ભાગના ધર્મપ્રવર્તકો પોતાના ધર્મને રાજધર્મ બનાવવાની ઝંખના સેવતા હોય છે. જૈનધર્મ અને બૌદ્ધધર્મના આવા પ્રયત્નો ઈતિહાસમાં જાણીતા છે. બ્રાહ્મણધર્મ પણ રાજાઓ પર પોતાનું આધિપત્ય રહે તે માટે ઓછા પ્રયત્નો નથી કર્યા. આચાર્ય હેમચંદ્ર પણ ધર્મના પ્રવર્તક અને ધર્મનેતા હતા. એ જ્યાં જ્યાં જતા ત્યાં જૈનધર્મનો ઉપદેશ આપતા અને જ્ઞાનસત્ર ચલાવતા. પાટણ તે સમયે ગુજરાતનું કેન્દ્રબિંદુ હતું. સિદ્ધરાજ ધર્મ સહિષ્ણુ હતો અને હેમચંદ્રાચાર્યની વિદ્વતા અને સર્વધર્મ પ્રતિ સમત્વની ભાવનાને કારણે તેમના માટે ઘણો આદર હતો. જ્યારે કુમારપાળ તો એમના એક આજ્ઞાંકિત શિષ્ય સમો હતો.આવા સમયે હેમચંદ્રાચાર્યે ઈચ્છ્યું હોત તો તેઓ જૈનધર્મને પાટણના રાજકારણમાં મહત્ત્વના સ્થાને સ્થાપી શક્યા હોત. એને રાજધર્મ બનાવી શક્યા હોત. પણ એમણે એ ન કર્યું ,એમાં એમની સર્વધર્મ પ્રતિ સમત્વની ભાવના અને ધર્મસહિષ્ણુતા હતી.

હેમચંદ્રાચાર્યે જૈનધર્મને રાજધર્મ ન બનાવ્યો; પરંતુ આ ધર્મના પ્રજાજીવનને ઉપકારક એવા કેટલાક સિદ્ધાંતોનો તેમણે રાજ્યમાં અમલ કરાવ્યો. સિદ્ધરાજના રાજ્યકાળ દરમિયાન રાજ્યનો વિસ્તાર વધ્યો હતો, સત્તાનો પ્રભાવ અને સમૃદ્ધિ વધ્યાં હતાં; પરંતુ એના સમયમાં યુદ્ધો થતાં અને ધર્મો પણ આપસમાં અથડાતા. એના પરિણામે રાજ્યમાં અવારનવાર અશાંતિ વ્યાપી જતી. કુમારપાળના સમયમાં આ ન બન્યું. હેમચંદ્રાચાર્યે રાજ્યમાં પશુવધ બંધ કરાવ્યો. માંસાહારનિષેધ, મદિરાત્યાગ, આદિ જૈન ધર્મ પ્રેરિત સુધારાઓનો રાજ્ય અમલ કરાવ્યો તેનું આ સુભગ પરિણામ હતું. રાજ્યની પ્રજાએ એ સમયે પોતાનો સુવર્ણકાળ જોયો અને રાજ્યમાં ચિર શાંતિનો અનુભવ કર્યો.

હેમચંદ્રાચાર્ય એ સમયના પ્રખર જૈનાચાર્ય હતા; પણ એમની ધર્મદૃષ્ટિ ઘણી વિશાળ હતી. તેઓ સર્વ ધર્મો પ્રત્યે આદર અને સમત્વભાવ ધરાવનારા હતા. ગુરુ જૈન ધર્મના પરમ ઉપાસક અને ઉપદેશક હતા; જ્યારે શિષ્ય કુમારપાળ શૈવધર્મી હતો.વિશેષ નોંધપાત્ર બાબત એ

હતી કે એ સમયના અતિ જિર્ણ થયેલ સોમનાથના શિવ મંદિરનો જિર્ણોદ્ધાર કરવાની અને તેનું પુનઃનિર્માણ કરવાની પ્રેરણા એમણે કુમારપાળને આપી હતી એટલું જ નહીં, સોમનાથના આ શિવ મંદિરનું પુનઃ નિર્માણ થયા પછી તેના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હેમચંદ્રાચાર્યે પદયાત્રા કરીને એમાં હાજરી આપી હતી અને તેમણે મંદિરમાં જઈ ભગવાન શિવની સ્તુતિ પણ કરી હતી. એ સ્તુતિ દરમિયાન તેમણે જે પંક્તિઓ ઉચ્ચારી હતી એ પણ એમની સમત્વની ધર્મભાવનાના સારરૂપ છે. એમાંના પ્રથમ શ્લોકની પંક્તિઓ આ હતીઃ

"ગમે તે સમયે, ગમે તે રીતે, ગમે તેવા નામ વડે જે વિતરાગ એક જ છે, તે તું હો તો હે ભગવન્ ! તમને મારા નમસ્કાર હો ! એક સુપ્રતિષ્ઠિત જૈન ધર્માચાર્ય પ્રસિદ્ધ શિવાલયમાં જાય અને ભગવાન શિવની સ્તુતિ કરે, એવા સમન્વય ધર્મના આવા પ્રસંગો સમસ્ત માનવતાના ઈતિહાસમાં વિરલ જ જોવા મળે છે. આચાર્ય હેમચંદ્રની સર્વધર્મ પ્રતિ સમભાવની આવી વિશાળ ધર્મદષ્ટિના પરિણામે જ ગુજરાતની પ્રજામાં સર્વધર્મસમત્વના સંસ્કારનું સિંચન થયું અને ગુજરાતની એકતા અને અસ્મિતાનું ઘડતર થયું. એની વ્યાપક અસરો આજે ગુજરાતની પ્રજામાં પ્રતીત થાય છે.

આવા, ગુજરાતની ભાષાના આદ્ય સ્વરૂપના દૃષ્ટા અને ઘડવૈયા, કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યાકરણ, ઈતિહાસ આદિ અનેક વિષયો પર વિદ્વતાપૂર્ણ સર્જન કરી ગુજરાતમાં અને ભારતભરમાં પોતાની વિશિષ્ટ સર્જક પ્રતિભાના તેજ પ્રસરાવનાર, ગુજરાતની પ્રજાની એકતા અને અસ્મિતાને ઉજાગર કરનાર ગુજરાતના પ્રથમ જ્યોતિર્ધર અને સંસ્કારપુરુષ આચાર્ય હેમચંદ્રને 'કલિકાલસર્વજ્ઞ' નું જે બિરુદ તે સમયના વિદ્વાનોએ આપ્યું હતું તે સર્વથા ઉચિત છે.

૧, રચના સોસાયટી,
શિવરંજની ચાર રસ્તા પાસે,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૭૨૬૪ ૮૫૧૧૬

પ્રાર્થના

- ડૉ.અશોક નારાયણ

ઘણીવાર ઘણા લોકો એમ પ્રેમથી ફરિયાદ કરતા રહે છે કે, અમે ઈશ્વરને કેટકેટલી પ્રાર્થનાઓ, જગતભરના અનુષ્ઠાન પણ કરી લીધાં છતાં અમારી યાતનાઓ દૂર ના થઈ.અમે જે ઇચ્છીએ તે નથી મળતું તેની પાછળનું કારણ એ તો નહીં હોય કે અમારી પ્રાર્થનામાં કસર રહી ગઈ હોય? એવું તો ન કહેવાય કે પ્રાર્થના - સાચા હૃદયથી કરી નહીં હોય..જે લોકો પોતાના દુઃખદર્દથી ચિંતિત છે એ સાચા હૃદયથી પ્રાર્થના કેમ ન કરે? બીજી તરફ એમ પણ કહેવામાં આવે છે કે પ્રાર્થનાથી બધું જ થઈ શકે..મહાત્મા ગાંધી કહ્યા કરતા કે, Prayer can move mountain.

પછી પ્રાર્થનાનું રહસ્ય શું છે?

પ્રાર્થના સ્થિતિ બાબતમાં બાબુજી મહારાજે ખૂબ સુંદર કહેલ છે કે આ વાત જેટલી, જે રીતે મારી સમજમાં આવી છે તે આ રીતે છેઃ

પ્રાર્થના કદીયે પોતાની ઇચ્છાપૂર્તિ માટેની ન હોવી જોઈએ..ઇચ્છાપૂર્તિની આશા રાખવી એ મોહ છે. અપેક્ષાઓ અમારી ઉન્નતિમાં બધી રીતે બાધક બનવાની..જો નિયત ordained છે. જેને માટે સર્જનહારનો હુકમ થઈ ચૂકયો છે એને માટે જ પ્રાર્થના કરવી જોઈએ...

પ્રાર્થના સમયે પોતાની જાતને એક ગરીબ ભીખારી સમજી લેવી જોઈએ. વાસ્તવમાં આપણે ભીખારી તો છીએ જ અમારી પાસે છે શું? ધન દોલત તો ગમે ત્યારે છીનવાઈ જાય. નોકરી પણ ગમે ત્યારે છૂટી શકે

પ્રશ્ન તો એ છે કે જે નિયત છે તે પ્રમાણે તો થવાનું જ છે અને તે પ્રમાણે થઈ પણ રહ્યું છે એના માટે પ્રાર્થનાની શી જરૂર?

બાબુ મહારાજ કહે છે જે નિયત છે તે તો થઈ જ રહેશે પણ પ્રાર્થના કરવી એ અમારા આચાર છે. શિસ્ત છે. બાબુજી મહારાજ ઉર્દુમાં કહેતા તો કદાચ અદબ કહેતા. આચાર અને અદબ બહુ સ્વાભાવિક છે પછી કોઈ પ્રશ્ન ઉદભવે જ કેમ? કોઈ આપણા ઘરે ભોજન કરવા આવે તો અમે થાળી પીરસીને પ્રાર્થના કરી ભોજન શરૂ કરવા વિનવણી કરીએ છીએ. ..જે ભોજન કરવા આવેલ છે તે ભોજન તો કરશે જ વળી થાળી પણ પીરસી છે પછી પ્રાર્થના શા માટે? વિનવણી કેમ? આ અમારાં શિસ્ત, આચાર છે.

બાબુજીએ એક વાત ખૂબ મહત્ત્વની કરી છે કે, પ્રાર્થના સમયે પોતાની જાતને એક ગરીબ ભીખારી સમજી લેવી જોઈએ.વાસ્તવમાં આપણે ભીખારી તો છીએ જ અમારી પાસે છે શું? ધન દોલત તો ગમે ત્યારે છીનવાઈ જાય. નોકરી પણ ગમે ત્યારે છૂટી શકે. સંસારમાં એવા કયા સગાંસંબંધી છે જે કદી વિખુટા ન પડી શકે? પછી અમારું છે શું? મનની પરિસ્થિતિ બદલાઈ શકે. બુદ્ધિ બગડી પણ શકે. અહંકાર સ્વ-ને વિસારી શકે. કઈ ઉપલબ્ધિ આપણી પોતાની છે? શરીર મુક્તિ પછી પણ જે કાંઈ શેષ વધે છે તે તો સંસ્કારોની ઈન્દ્રજાળ છે જે આસકિતના બંધનથી દોરાની જેમ પરોવાયેલા છે.

જો આસકિત ન બાકી રહે તો અમારી પાસે શેષ શું રહે?

માનો કે જે કાંઈ ભગવતકૃપાથી તમારી સાથે છે અને પોતાપણું સમજો છો, તે પછી છીનવાઈ જાય અને તમે રંક ભીખારી થઈ ગયા છો .હવે પ્રાર્થના કરો.આ આપની સૂક્ષ્મતમ સ્થિતિ છે.આ જ વાસ્તવિકતા છે, બાબુજી કહે છે કે તેને તમે ન પ્રકાશ કહી શકો છો કે અંધકાર.

આનાથી આગળ તો કરીને જોવાનું છે ,કહેવા સાંભળવાનું રહેતું નથી.

પ્રાર્થના માટે તો એમ પણ કહી શકાય કે જેમ માલિક ગુલામને કહે કે જે તે સમયે જે તે કામ મને યાદ કરાવી દેવું.પછી ગુલામની ફરજ થઈ જાય કે તે સમયે હાથ જોડીને અત્યંત ભાવુક હૃદયે પ્રાર્થના કરે કે, ઈશ્વર મારું જે તે કામ



કરી આપજે. પ્રાર્થનાનું અસલી સ્વરૂપ આ જ છે.

પ્રાર્થના એટલે નથી કરવામાં આવતી કે ઈશ્વર આપણી ઈચ્છાનુસાર ચાલે. પ્રાર્થનાનો હેતુ તો એ છે કે આપણે ઈશ્વરની મરજી મુજબના બનીએ. પ્રાર્થના કરવાથી માનો કે તમારી ઈચ્છા પૂર્ણ પણ થઈ જાય તો એવું સમજવું નહીં કે મારી પ્રાર્થનાને કારણે ઈચ્છા સાકાર થઈ.સાચું તો એ છે કે ઈશ્વરની મરજી હતી એટલે જ કામ સફળ થયું. અને જો અમારી ઈચ્છા પણ તે જ પ્રમાણે હોય તો આપણે ઈશ્વરના આભારી થવું જોઈએ. પ્રસન્નતા એ વાતની થવી જોઈએ કે ઈશ્વરની ઈચ્છાથી જે થયું તે થયું નહીં કે આપણી મરજીથી. જો ઈચ્છાથી વિપરિત કોઈ વાત હોય તો ઈશ્વરની માફી માંગવી જોઈએ કે અમારા મનમાં ઈશ્વરની મરજી વિરુદ્ધના વિચારો આવ્યા.

ઈશ્વરનો આભાર માનવામાં કોઈ ઔપચારિકતા નથી. કંઈ ઈશ્વર કોઈ પારકા નથી કે ઔપચારિતાથી વર્તવાની જરૂર પડે.આભારની ઈશ્વરને તો કોઈ જરૂર છે જ નહીં. હકીકતમાં તો આપણે પવિત્ર બની જઈએ છીએ. આભાર એ વાતનો માનવાનો ન હોય ઈશ્વરે આપણે જે જોઈતું હતું તે પ્રદાન કર્યું. ઈશ્વરનો આભાર તો ખરેખર એ વાતનો છે કે દરેક વસ્તુ એમની જ છે બધો જ અધિકાર એમનો. અરે આપણે પોતે પણ.જો આપણું કંઈક પણ હોત તો ગજબ થઈ જાત.

ઈશ્વરનો આભાર માનવામાં કોઈ ઔપચારિકતા નથી. કંઈ ઈશ્વર કોઈ પારકા નથી કે ઔપચારિતાથી વર્તવાની જરૂર પડે.આભારની ઈશ્વરને તો કોઈ જરૂર છે જ નહીં હકીકતમાં તો આપણે પવિત્ર બની જઈએ છીએ

એકવાર એક હોડી ભંવર અને તોફાનમાં ફસાઈ ગઈ અને હોડીમાં પાણી ભરાવા માંડયું.લોકો ગભરાઈને પોતાનાં વાસણોથી, હાથોથી પાણી ઉચેલવા લાગ્યા પણ એક પાગલ જેવો સાધુ પોતાના નાના વાસણથી પાણી નદીમાંથી લઈને ઊલટું હોડીમાં નાંખવા માંડયો. લોકોએ બૂમાબૂમ કરી તેને રોકવા પ્રયત્ન કર્યો પણ તે તો તેની ધૂનમાં જ હતો. લોકોએ કહ્યું કે એ તેના નાનકડા વાસણથી કેટલું પાણી ભરી શકશે ? એની તરફ ધ્યાન આપવાનું મૂકી આપણું કામ કર્યે રાખો. કેટલીકવાર પછી તોફાન શમી ગયું . હોડી સંકટમાંથી બહાર આવી ગઈ.બધાંએ નિરાંતનો દમ લીધો પણ પેલો સાધુ તો હોડીમાંથી જે થોડું પાણી હતું તે તેના નાનકડા વાસણથી બહાર પાણી નાંખવા માંડયો. લોકોએ કહ્યુંઃ બાબા રહેવા દો હવે કોઈ ભય નથી.પણ એ માને? લોકોએ તેના આ વિચિત્ર વ્યવહાર અંગે પૃચ્છા કરી તો તે કહેવા માંડયોઃ મારે વળી તોફાન ને હોડી ડૂબે કે ન ડૂબે તેથી શું? હું તો ઈશ્વરની હા માં હા ભરી રહ્યો હતો.જયારે તે એમ ચાહતા હતા કે હોડીમાં પાણી ભરાય તો હું પણ ભરતો હતો પણ જયારે એમની મરજી ના થઈ તો હું એ પાણી હોડીમાંથી બહાર ફેંકવા માંડયો. મેં જે કાંઈ કર્યું તે ઈશ્વવરાધીન જ હતું.

ઈશ્વર આપણા પર આવી જ કૃપા કરે કે આપણે તેમની મરજીમાં પ્રસન્ન રહીએ .એમની મરજી (સિવાય બીજી કોઈ વાતનો વિચાર ન કરીએ. આમીન.

જો મનમાં એવી જ વાત આવી વસે કે ઈશ્વરની ઈચ્છાનુસાર જ થાય તો પ્રાર્થના સમજી લો સાકાર થઈ. પછી પ્રાર્થના કરવાની કોઈ જરૂર છે જ નહીં. અથવા તો તમે એમ પણ કહી શકો કે પ્રાર્થના સફળ થઈ ગઈ..

હે પ્રભુ, આપ પ્રસન્ન થાવ.

અમે એ જ કરીએ જેમાં આપની પ્રસન્નતા હોય.

આપ છો પછી અમારું કોઈ અસ્તિત્વ જ નથી.

જે કાંઈ છે તે આપનાથી જ પરિપૂર્ણ છે.

આપનો સર્વત્ર, સદા જય જયકાર હો.

આપ પ્રસન્ન રહો.

અમારા પર કૃપા કરવા માટે

આપ અનેક રૂપમાં અમારી સામે પ્રગટ થયા છો

અમે સર્વ રૂપોમાં આપની સેવા કરીએ.

આપની જ આપેલી શકિતથી,આપે નકકી કરેલ નિયમોનુસાર

અમારી સેવા અપૂર્ણ હોય તો પણ :

દયા દાખવી સંતુષ્ટ રહો.

દેવ, આપ પ્રસન્ન થાઓ.

પ્રભુ અમે તો અજ્ઞાની છીએ.

આપ તો આત્મારામ છો, પૂર્ણકામ છો.

સચ્ચિદાનંદ છો,સદા પ્રસન્ન છો.

છતાં અમે ચાહીએ કે આપ એથી પણ વધુ પ્રસન્ન થાઓ.

અમે નથી જાણતા આપની પ્રસન્નતા શામાં રહેલી છે

અમારી ઈચ્છાઓ આપની પ્રસન્નતામાં બાધક ન બને.

આપની સહાય વિના આપની સેવા કરવા અમે અસમર્થ છીએ.

આપ એ જ કરશો જેમાં આપની પ્રસન્નતા સમાયેલ હોય.

'અમે જાણતા જ નથી કે અમે શું છીએ...'

અમને નિભાવી લેજો પ્રભુ.

અમારી ક્ષતિઓને ક્ષમા કરી દેજો. અમે જાણતા નથી કે આપની પ્રસન્નતાને અમે અનુકૂળ છીએ કે કેમ?

: અમને આપની પ્રસન્નતા અનુસાર અનુકૂળ બનાવી દો પ્રભુ.

આપના અતિરિક્ત અમારું કોઈ અસ્તિત્વ જ નથી

છતાં કોણ જાણે કેમ,

અમે અમારું અસ્તિત્વ અનુભવીએ છીએ.

આ પણ આપની પ્રસન્નતા માટે જ હોય. અમારા સુખદુઃખ, અનુભવમાં આપની પ્રસન્નતાનો જ હેતુ હોય.

"આપની પ્રસન્નતા હી પરમ શ્રેય છે."

આપ પ્રસન્ન હો..

જ્ઞાની આપના ચરણ કમળોની ઉપાસના કરે છે.

અસુર આપની ઈર્ષા કરે છે.

આપ જ્ઞાનીઓની ભકિતથી પ્રસન્ન થાઓ.

આપ અસુરોની દુષ્ટતાથી પણ પ્રસન્ન હો.

સર્વ જન એમના સ્વભાવ અનુસાર આપની પ્રસન્નતા માટે જ કર્મ કરે.

આપ ઉદારતા દાખવી બધી રીતે પ્રસન્ન થાઓ.

આ પ્રાર્થના અમોઘ છે.

આપે જ કહ્યું હતું કે ,

નાસતે વિદ્યતે ભાવો ના ભાવો વિદ્યતે સતઃ

આપની પ્રસન્નતા, પ્રસાદ સર્વત્ર છે, સદા છે.

સઘળું તેનાથી જ વ્યાપ્ત છે.

આ જ સત્ય છે

એ સિવાય બીજું કોઈ છે જ નહીં.

પ્રાર્થના હે-

આપ પ્રસન્ન હો. .

જયારે મનુષ્ય ગુલામ રાખે છે તો તે પોતે માલિક બની જાય છે અને ગુલામ પર સત્તા ભોગવે છે. જયારે ઈશ્વર ગુલામ રાખે છે તો હું ગુલામ બની જાઉ છું અને ઈશ્વર જે માલિક છે..જે કંઈ અનુભવમાં આવે છે તે તો ફક્ત ઈશ્વર કે માલિકનું જ રૂપ છે. હું તો માત્ર ગુલામ જ છું.

હે સર્વસ્વના માલિક

અમે જે કંઈ છીએ, જેવા છીએ તારા જ છીએ.

અને તારા ચરણકમલમાં સંપૂર્ણ સમર્પિત છીએ.

અમારી હાલતથી આપ સર્વ રીતે અવગત છો,

અમારી તમામ બાબત તમારા તાબા હેઠળ જ છે.

અમારા પર દયા કરો પ્રભુ,

અમારી ભૂલોને માફ કરી દો,

અમને સાચો રસ્તો બતાવો

કે જેથી અમે તમારા સાચા સેવક બની શકીએ.

માલિકના ચરણોથી અમને જે કંઈ પ્રદાન થયું

તે તેમની પ્રસન્નતાને ખાતર

અમે ધારણ કરેલ

હવે અમારા સંસ્કાર એ મુજબના જ હશે...આમીન.

આપણે માલિકના નામ પર જે ચાહીએ તે કરી શકીએ છીએ.અગર આ વાત પર પૂરો વિશ્વાસ હોય તો એનો અર્થ એ નહીં કે બધી જ ઈચ્છાઓ પૂર્ણ થઈ જશે.મનની ઈચ્છાઓથી અમારે શું મતલબ?

જયાં સુધી સુખદુઃખ, માન અપમાન, લાભ-અલાભ, યશ-અપયશમાં સમભાવ આવે નહીં ત્યાં સુધી અધ્યાત્મ કયાં? એ ત્યાં સુધી શકય જ નથી જયાં સુધી ઇચ્છાઓનું ખંડન ન થાય

જે કંઈ છે તે માલિકના ધન્યવાદ જ શ્રેષ્ઠ પ્રાર્થના છે . સારું છે કે પ્રાર્થના સ્વીકૃત પહેલાં જ આપણે માલિકને ધન્યવાદ આપી દઈએ. આપણને બીજું જોઈએય શું? બધું તો છે જ. માલિક સામે છે આપણે હાથ જોડી ઊભા છીએ. અશ્રુભીની આંખે..હાથમાં ભિક્ષા પાત્ર લઈને (હૃદય પણ એક ભિક્ષાપાત્ર જ છે.) માંગવાનું ભાન કોને છે ? ન માલિકને કે ન આપણને. .

તારા દર પર ઊભો છું પરંતુ,

માંગવાનું પણ ભાન નથી, અભાન છું.

અમારે બીજું જોઈએ શું?પ્રાર્થના કરવાની જરૂર જ નથી .જો દરવખતે આવી જ સ્થિતિ બનતી હોય તો...

કોઈ એમ કહે કે ઈશ્વરની કૃપાથી મારી તો બધી જ 'ઈચ્છાઓ પૂરી થઈ જાય છે અથવા તો મને તો અગાઉથી જ ખબર પડી જાય છે તો પછી એમ જ કહેવું પડે કે અધ્યાત્મની હજુ શરૂઆત જ નથી થઈ. જયાં સુધી સુખદુઃખ, માન અપમાન, લાભ-અલાભ, યશ--અપયશમાં સમભાવ આવે નહીં ત્યાં સુધી અધ્યાત્મ કયાં? એ ત્યાં સુધી શકય જ નથી જયાં સુધી ઈચ્છાઓનું ખંડન ન થાય. અને તે પણ એવું તેવું ખંડન નહીં., ખંડન એવું હોવું જોઈએ ...મન ખળભળી ઊઠે. ઈચ્છા પૂરી થતાં એકદમ ઊલટું થઈ જાય અને મનને ખબર જ ન પડે આમ કેમ થયું? જો આવું તો માલિકની કૃપા જ છે જેને લીધે મન મારીને પણ માલિકને સાચા હૃદયથી આભારવશ થવું જોઈએ.

અને જો એમ થઈ પણ જાય ચાહે ગમે તે થાય ,એવું જ લાગે જે કાંઈ થાય છે તે મારી મરજીથી જ થાય છે. મનને દુઃખ થાય તો પણ મારી જ મરજીથી જ તો...?પછી તો એમ જ સમજી લેવું કે રસ્તો સાફ છે ..કોઈએ કેટલી સરસ વાત કરી છેઃ-

મદહો જમત તફાવત મીકુન્દ
બનગરી બાશી કી અદબત મીકુન્દ

(જો તને હજુ પણ પ્રશંસા અને નિંદા પણ અંતરની ખબર પડે છે તો રાહ જો કે કોઈ તને શિસ્ત શિખવાડશે.)

છેવટે માલિક અને મારી મરજી અલગ અલગ કેવી રીતે હોઈ શકે? માલિકના સિવાય હું છું જ કોણ? પછી મારા મનને સુખદુઃખથી નિસબત જ શું છે? મારી તો કોઈ ઈચ્છા છે જ નહીં. હું તો પસંદગી વગર જ ઈચ્છાઓ કરું છું (Free choice which is desireless) મનને ભલેને સુખ થાય કે દુઃખ બંને મારી પ્રસન્નતાને લીધે જ છે.

અભાનતાની સાથે સભાનતા પણ કાયમ રહે છે. આને જ સહજ સમાધિ કહે છે. મન અને ઇંદ્રિયો પોતપોતાનું કામ કરતાં રહે છે. આસકિતનો બિલકુલ અંત આવી જાય છે. પણ લીલા તો ચાલતી જ રહે છે

જો કોઈ બાળક બિહામણું સ્વપ્ન જુએ ને મમ્મીને બોલાવે તો મા કંઈ એના સ્વપ્નમાં જઈને મદદ ન કરે. જો બાળક સ્વપ્નની વાત જણાવે તો પણ મા સાંભળતી નથી.ફક્ત તે સાંભળવાનો અભિનય કરે છે. એ તો એમ જ દર્શાવે છે કે સ્વપ્ન તો મિથ્યા છે.વાસ્તવમાં એવું કંઈ નથી. બની શકે મા કશું જ ન કહે .બસ બાળકને છાતીસરસો ચાંપી લે અને સાંત્વન આપે એ જ પૂરતું છે.

જયારે આપણે પરિસ્થિતિથી અનુકૂળ થઈને ઈશ્વરની મદદ લઈએ છીએ અથવા તો તેમના ચરણમાં જઈએ છીએ ત્યારે આવું જ થાય છે. અંતર બસ એટલું જ કે આપણે ફરી સપનામાં પરત આવવું પડે છે. કેમ કે જયાં સુધી સૂક્ષ્મ ,સ્થૂળ શરીર છે ત્યાં સુધી આ સ્વપ્ન તો ચાલતું જ રહેવાનું.

માલિક સામે જગને ત્યજી જવું જોઈખે. બધો જ બોજ માથા પર ને હાથમાં લઈને ઈશ્વરને પ્રણામ કેવી રીતે કરી શકો? સારું તો એ જ છે કે ઈશ્વર સમક્ષ જવાનું થાય તો બંને હાથ ખાલી હોય... અને સાથે કોઈ હેતુ જ ન હોય. શરીર ત્યજીને જવું સૌથી શ્રેષ્ઠ.ત્યારે જ સાચા આશીર્વાદની અનુભૂતિ થાય. જે ખરેખર ઈશ્વર આપવા ચાહે છે.


સમય આવ્યે જયારે ઈશ્વરની કૃપા થઈ જાય છે ત્યારે વાસ્તવિકતાની ચેતના પણ ટકી રહે છે અને સાથોસાથ જાગૃત સ્વપ્ન પણ ચાલતું જ રહે છે. એટલે કે અભાનતાની સાથે સભાનતા પણ કાયમ રહે છે. આને જ સહજ સમાધિ કહે છે. મન અને ઈંદ્રિયો પોતપોતાનું કામ કરતાં રહે છે. આસકિતનો બિલકુલ અંત આવી જાય છે. પણ લીલા તો ચાલતી જ રહે છે. જોનારાઓને એવું જ લાગે કે આ પણ સાધારણ માનવીની જેમ વ્યવહાર કરી રહ્યો છે.

એક નાટકમાં ઘણા પાત્રો છે. હું ભલે નાટકમાં ભિખારી હોઉં પણ વાસ્તવમાં તો હું રાજા છું.એક બીજું પાત્ર તો એ ભૂલી જ ચૂક્યું છે કે તે કોણ છે? એ તો સાચે જ પોતાની જાતને ભિખારી માની રહ્યો છે. પોતાના ભિખારી જીવનનું દુઃખ અનુભવે પણ પ્રથમ તો પોતાના દુઃખનો જ અભિનય કરે છે. એને સુખ કે દુઃખની કોઈ અસર નથી. આત્મવિસ્મૃત પાત્રનું જ્ઞાન સીમિત છે. ઊલટું એમ કહેવું જોઈએ કે અજ્ઞાની છે. પરંતુ પહેલું પાત્ર ત્યારે જ જ્ઞાની કહેવાશે જયારે પોતાને રાજા જાણતો હોવા છતાં ભિખારીનું પાત્ર એવું અસરકારક કરે બધા તેને ભિખારી જ સમજે.

વાસ્તવિક નાટકમાં એક જ છે જે અનેકોમાં અલગ થઈને અલગ અલગ અભિનય કરે છે અને તે બધો ખેલ પોતે જ જોઈ રહ્યો છે. એના કેટલાંક રૂપ એની અસલિયત જાણે છે અને કેટલાક નહીં, પણ તેથી શું ફરક પડે છે? એમાંથી એકમાં પણ અસલિયત જાણી લે તો તે પૂરતું છે.

જે આ બધી બાબતો જાણે છે તેની પ્રાર્થના કેવી રીતે નિષ્ફળ જાય? એને સઘળું પ્રથમથી જ મળી ગયેલ છે. પ્રાર્થના તો એનો સ્વભાવ છે ,એના સંસ્કાર છે.

પ્લોટ નં.૮૫૨,
સેકટર-૮, ગાંધીનગર.



વિનોબા : ગાંધીના બાગનું મઘમઘતું પુષ્પ

- વસંત ગઢવી

વિનોબાજીનું સ્મરણ કરવું તે કોઈપણ કાળમાં સાંપ્રત છે. ગાંધીજીના જીવનની જેમ બાબાના જીવન તથા તેમની અખંડ વિચારયાત્રામાંથી આજની આપણી અનેક કઠિન સમસ્યાઓના ઉકેલ માટેની દિશા મળી શકે તેમ છે. તેઓ આ ધરતી પર ૧૮૯૫માં અવતર્યા. આથી હમણાં જ (૧૯૨૦માં) તેમના જન્મની સવા શતાબ્દી સંપન્ન થઈ. આપણે વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે બાબા (વિનોબાજી માટે માનથી ઉપયોગમાં લેવાતો શબ્દ)ને કેટલા યાદ કર્યા તેનો વિચાર કરવો અસ્થાને નથી. ગાંધીજી કે વિનોબાજીની વિસ્મૃતિ એ આપણીજ સામૂહિક ખોટ છે. એ ખોટ અન્ય કોઈ રીતે ભરપાઈ થઈ શકે તેવી નથી. ઋગ્વેદની એક સુંદર પંક્તિ રમેશભાઈ સંઘવી (ભૂજ)એ બાબાને યાદ કરતાં ટાંકી છે. જે થોડામાં ઘણું કહી જાય તેવી સચોટ છે.

'' એતાવાનસ્ય મહિમા, અ તો જયાયાંશ્ચ પુરુષઃ ''

એટલો તો એના કામનો મહિમા છે પરંતુ એ પુરુષ તો એના કરતાંયે મોટો છે. ગાંધી કે વિનોબાના કામનો મહિમા કરીએ તો પણ તેમનું સાંગોપાંગ દર્શન તેમાંથી મળવું મુશ્કેલ છે. આ મહાપુરુષો તો તેમના કામના મહિમાના બંધનમાં પણ ક્યાં બાંધી શકાય તેવા છે ? ''બાથમાં ન આવે'' તેવા આ જીવન છે. ગીતા, ગાંધી, ગરીબ, ગામડું અને ગાય એ બાબાના જીવનમાં ભરપૂર રીતે છવાયેલાં રહ્યાં. ઉપરાંત સર્વધર્મ મમભાવનું મંગળ ગાન બાબાના નિત્ય જીવનમાંથી સતત પ્રગટતું તથા પમરતું રહ્યું. લોકારણ્યની બરાબર મધ્યમાં એકાંત સેવતા વિનોબાજીએ અનેક ગાંધી વિચારોને વાસ્તવિક જીવનમાં પ્રગટ કરી બતાવ્યા. ગાંધી એક સંભવ કરી શકાય, ઠોસ કાર્યમાં ઉતારી શકાય તેવું જીવન તથા દર્શન છે એ વાત વિનોબાજી સિવાય કોણ કરી શક્યું હોત ? બાબા જ તમામ અર્થમાં બાપુના વૈચારિક વારસ હતા. ગાંધી વિચારની જ્યોત ગાંધીજીના ગયા પછી પણ અડધી સદીથી વધારે સમય માટે તેમણે પ્રગટાવી તથા પ્રસરાવી હતી. આઝાદ થયેલા આપણા દેશની અનેક સમસ્યાઓને મૂળમાંથી ઉખેડવા માટે ગાંધી વિચારની પ્રસ્તુતિનું તેમણે નજરોનજર જોઈ શકાય તેવાં કાર્યો થકી પ્રમાણ આપ્યું હતું. કોઇ નિરાળી દુનિયાનો આ અવધૂત યાત્રી પોતાના કર્મયજ્ઞ, જ્ઞાનયજ્ઞ તેમજ વાકયજ્ઞથી આપણને સૌને ધન્ય કરીને ગયો. સમાજજીવનને સતાવતા કે પડકારતા મૂળભૂત પ્રશ્નો માટે રાજકારણમાં જઈને કોઈ પ્રયાસ કરવાના બદલે સર્વોચ્ચ સત્તા સમાન લોકસમૂહ સાથે રહીને કાર્યો અસ્ખલિત રીતે કરતા રહેવાનો જીવનમંત્ર તેમણે સતત ધારણ કર્યો. ગાંધીજીના ગયા પછી વિનોબાજી જેવું તથા જેટલું લોકહિતનું કાર્ય તેમજ શિવત્વનો સંદેશ કોઈ આપી શક્યું નથી. એ વાત પણ એટલી જ મહત્ત્વની છે કે વિનોબાજીની ઉજ્જવળ વિચારજ્યોતમાંથી જ જયપ્રકાશ નારાયણ, દાદા ધર્માધિકારી કે આપણા રવિશંકર મહારાજ જેવી અનેક ચિનગારીઓ સ્વતંત્ર હિન્દુસ્તાનના લોકોએ પ્રગટતી જોઈ છે તેમજ તેમને અનુસર્યા છે. બાબા કહેતા : 'હું સુપ્રિમ સિમેટિંગ ફેક્ટર છું' કારણ કે હું કોઈ પક્ષમાં નથી. સતત બદલાતા રહેવાની તેમજ નિરંતર વહેતા રહેવાની વિનોબાવૃત્તિ જગતમાં જવલ્લે જોવા મળે તેવી ઘટના છે.

ગાંધી એક સંભવ કરી શકાય, ઠોસ કાર્યમાં ઉતારી શકાય તેવું જીવન તથા દર્શન છે એ વાત વિનોબાજી સિવાય કોણ કરી શક્યું હોત ? બાબા જ તમામ અર્થમાં બાપુના વૈચારિક વારસ હતા. ગાંધી વિચારની જ્યોત ગાંધીજીના ગયા પછી પણ અડધી સદીથી વધારે સમય માટે તેમણે પ્રગટાવી તથા પ્રસરાવી હતી

૧૮૯૫ની ૧૧મી સપ્ટેમ્બરે વિનોબાજીનો જન્મ થયો. કોંકણ પ્રદેશના રાયગઢ જિલ્લામાં ગાગોદા નામના ગામમાં તેઓનું અવતરણ થયું. આ તો એક માહિતી થઈ પરંતુ તુકારામ કહેતા તેમ બાબાનું નિવાસસ્થાન તો 'ભુવનત્રયી' ત્રણે ભુવનમાં હતું. માતા રૂકમિણીદેવીના સંસ્કારે તેમનું બાળપણ મહોર્યું. માતાને નિત્ય સાંગોપાંગ પૂજા પછી પરમાત્મા સાથે આંખમાં અશ્રુધારા સાથે સંવાદ કરતી જોઈને બાળમનમાં કોઈ અનંત તત્ત્વ સાથેનું અનુસંધાન થયું અને સ્વાધ્યાયના બળે તે આજીવન ટકી રહ્યું. માતાને નિત્ય પ્રભાતે ઘંટી પર બેસી મીઠી હલકથી અભંગ કે ભજન ગાતી જોઈને બાળ વિનોબાના



મનમાં સંતોની વાણીનું ઊંડું સંસ્કાર સિંચન થયું. માતાના આ સંસ્કારના માધ્યમથી તુકારામ - જ્ઞાનદેવ તથા શંકરાચાર્યની વાણી સુધી બાબા પહોંચ્યા, તેને પામ્યા અને તેનો સુમધુર અર્ક આપણા સુધી પહોંચાડ્યો. સંત - આચાર્ય તેમજ ઋષિ વિનોબાએ આજીવન પોતાના ધ્યેયપૂર્ણ કર્મયોગથી માનવીય ગરિમાને અનોખું બળ તથા તેજ પ્રદાન કર્યાં. માતા પોતાના પુત્રનું સહજ ઘડતર કરવામાં કેવા સ્વાભાવિક પ્રયોગો કરે છે તે રૂકમિણીબાઈ તથા વિનોબાના કેટલાક સંવાદમાં પ્રગટ થાય છે. બાબાએ લખ્યું છે કે તેમના ઘરના ફળિયામાં એક ફણસનું ઝાડ હતું. જ્યારે સીઝનમાં પહેલું ફણસ ઝાડ પર ઊગે ત્યારે તેના ટુકડા કરી નાના એવા ગામના દરેક ઘરે પહોંચાડવા માટે બાળક વિનોબાને માતા મોકલી આપે. આમ કરવા પાછળનું કારણ સમજાવતા માતા કહે : 'જે બીજાને દે તે જ દેવ' બાળવયે વિનોબાને આ અમૃતફળ સમાન વિચાર મા પાસેથી મળ્યો. જે અમૃત તેમણે જગતના ચરણે ધરી દીધું. ખવડાવીને ખાવાનો આ સંસ્કાર કદાચ પહેલી નજરે સરળ લાગે પરંતુ જગતના આજના અનેક પ્રશ્નોનો અસરકારક ઉકેલ આ સહેલા દેખાતા વિચારબીજમાં પડેલો છે. ફળનો એકાદ ભાગ બીજાઓને વહેંચી શકાય. તે જ રીતે માણસ પોતાના હિસ્સાની જમીનમાંથી માત્ર છઠ્ઠો ભાગ આસપાસમાં જ રહેતા જમીનવિહોણાને કેમ ન આપી શકે ? ભૂદાનના આ ક્રાંતિકારી વિચારનું બીજ પુત્રમાં રોપી દેવામાં માતાનો આ વ્યવહાર કારણભૂત બન્યો હોય તેમ માનવાને ચોક્કસ કારણ છે. ઉપદેશથી નહિ પરંતુ વ્યવહારથીજ આવા સંસ્કારની વૃદ્ધિ થઇ શકે છે. આજના સંદર્ભમાં વિચાર કરીએ તો દુનિયાના અનેક લોકોની દારુણ સ્થિતિ સામે નાની સંખ્યાના અમુક લોકો નિરંતર સમૃદ્ધ થતા જાય છે. નજરે નિહાળી શકાય તેવી આ વરવી વાસ્તવિક્તાને કોઇ આધાર પુરાવાની જરૂર નથી. છતાં પણ અનેક અભ્યાસ કે સંશોધનનાં તારણો આવી આર્થિક અસમાનતાને આંકડાના બળે સમજાવે છે. આવી અસમાનતાને સ્થાને ટુકડામાંથી ટુકડો આપવાનો વિચાર સંતોની વાણીમાંથી પ્રગટ થયો. ગાંધીજી તથા વિનોબાજીએ તેને તાર્કિક રીતે સમજાવ્યો. અનેક ઉદાહરણોથી તેની પુષ્ટિ કરી. ભૂખ્યા જનોની પીડામાંથી પેદા થતો કોઈ નકસલવાદ કે સમાજને આંચકો આપે તેવા હિંસાનાં કૃત્યો જો નિયંત્રણમાં લાવવા હશે તો ગાંધી તથા વિનોબાના આ વિચાર તરફ વળ્યા સિવાય કોઈ બીજો ઉપાય આજે પણ દેખાતો નથી. કાયદાની ઉપયોગિતા છે જ પરંતુ તેના બળે આ સમસ્યા સર્વગ્રાહી રીતે ઉકેલી શકાય તેવી નથી તેમ કહેવાની ભાગ્યે જ જરૂર છે. વિનોબા ૧૯૫૧ના એપ્રિલ માસમાં આંધ્રના તેલંગાણા પ્રદેશના પોચમપલ્લી ગામમાં ગયા. સામ્યવાદી વિચારણસરણીનો પ્રભાવ આ ગામ પર હતો. ગામમાં કુલ વસતીના મોટાભાગના લોકો જમીન વિહોણા હતા. જે લોકો પાસે જમીનની માલિકી હતી તેમની પાસે મોટા પ્રમાણમાં ખેતીની જમીનનો જથ્થો હતો. આ ઊડીને આંખે વળગે એવી અસમાનતામાંથી જ દ્વેષભાવ તથા વેરભાવ થવાની સંભાવના રહે છે. ગામમાં આથી નાના-મોટા સંઘર્ષ પણ થતા રહેતા હતા. પોલીસ બંદોબસ્તના સહારે સરકારના કાયદો - વ્યવસ્થા જાળવવાના ઉપાયો કારગત નીવડતા ન હતા. આવા ગામમાં બાબાની સભામાં એક ભૂમિવિહોણાએ પોતાનું ગુજરાત ચાલી શકે તેટલી ખેતીની જમીન અપાવવા આગ્રહભરી વિનંતી કરી. વિનોબાજીએ સરકારમાં રજૂઆત આપીને કંઈક કરવાનો વિચાર પ્રથમ તો કર્યો. લોકશાહી વ્યવસ્થાની સરકારમાં આમ કરવું તે સ્વાભાવિક પણ ગણાય. પરંતુ સરકારી રાહે આ કામનો નિકાલ ક્યારે થાય તેની તેમને ખાતરી ન હતી. વિનોબાજીએ સહેજે ગામના જમીનદાર લોકો તરફ દૃષ્ટિ કરીને પૂછ્યુંઃ તમારામાંથી કોઈ આ ભૂમિવિહોણા ભાંડુને ગુજરાન ચલાવવા માટે જમીનનો ટુકડો આપી શકાશે ?'' જાણે કે એક ચમત્કાર થયો. ગામના એક જમીનદાર, નામે રામચન્દ્ર રેડ્ડીએ પોતાની ૧૦૦ એકર જમીન આપવા સ્વેચ્છાએ તૈયારી બતાવી. સભા સ્તબ્ધ થઈ ગઈ. રામચન્દ્રમાં સૂતેલો રામ જાગ્યો હશે તેમ જરૂર કહી શકાય. ભૂદાનની ગંગોત્રીનું પ્રથમ અને પાવન દર્શન બાબાને અહીંથી જ થયું. બાબાને તે રાત્રે ઊંઘ ન આવી. સમગ્ર દેશના ભૂમિહિનોને ગુજરાન ચાલે તેટલી જમીન આ સમજાવટની પદ્ધતિથીજ ન મળી શકે? ઈશ્વર ઉપરાંત ગણિત અને વિજ્ઞાન પર આધાર રાખીને ધારણા બાંધતા ઋષિ વિનોબાનો ભૂદાન મેળવવાનો સંકલ્પ દૃઢ થયો. કામ આગળ ધપાવવાનો ઈશ્વરી સંકેત તેમણે સાંભળ્યો અને ભૂદાન યજ્ઞનો આરંભ થયો. અર્થશાસ્ત્રીઓ કે સત્તાધીશો માટે જે ગણતરી તેમજ પદ્ધતિ અજાણી કે કદાચ અસ્વીકાર્ય હતી તે વિનોબાજીએ પ્રભુકૃપાથી અને ગાંધીના પારસમણી સ્પર્શથી અપનાવી તથા ભૂદાનની સફળતાનો ઠોસ ઇતિહાસ એ વાસ્તવિક બન્યો. કર્મયોગી વિનોબાએ કર્મયજ્ઞના બળે તેને સાર્થક કર્યો. એક અભૂતપૂર્વ ઇતિહાસનું સર્જન થયું. કરુણાના કહેણ અને સ્નેહના ભાવથી આરંભાયેલો આ યજ્ઞ પ્રજ્વલિત કરવામાં ઉત્તમ માનવીય તત્ત્વોને કારણે ચેતના પ્રગટી હતી. એમ જુઓ તો કોણ માનવા તૈયાર હતું કે અહિંસાના બળે આઝાદી મળી શકે ? પરંતુ ગાંધી નામના સૂર્યના તેજ તથા કર્મ પ્રધાન પ્રયાસોથી જગતને એક નવા

ફળનો એકાદ ભાગ બીજાઓને વહેંચી શકાય. તે જ રીતે માણસ પોતાના હિસ્સાની જમીનમાંથી માત્ર છઠ્ઠો ભાગ આસપાસમાં જ રહેતા જમીનવિહોણાને કેમ ન આપી શકે ? ભૂદાનના આ ક્રાંતિકારી વિચારનું બીજ પુત્રમાં રોપી દેવામાં માતાનો આ વ્યવહાર કારણભૂત બન્યો

ઈતિહાસનું પ્રત્યક્ષ દર્શન થયું. વિનોબાજીના ભૂદાનયજ્ઞમાં પણ આ જ બાબતનું પુનરાવર્તન થયું. ભૂદાન યજ્ઞનો પ્રારંભ થયો ત્યારે દેશ આઝાદ હતો. આપણી જ સરકારો કેન્દ્રમાં અને રાજ્યોમાં સત્તાસ્થાને હતી. વિનોબાજીનો વ્યક્તિગત પ્રભાવ પણ શાસનકર્તાઓ પર હોય તે સ્વાભાવિક છે. છતાં પણ બાબાએ રાજદરબારમાં જવાના બદલે લોકદરબારમાં જવાનું ગણતરીપૂર્વક પસંદ કર્યું. સંઘર્ષ કે સત્તાના બળની જગાએ માનવમાં પડેલા આતમરામને જગાડવાનો આ અદ્વિતીય પ્રયાસ હતો. આપનાર તથા ગ્રહણ કરનાર બન્નેની ગરિમા વધતી હતી. કડવાશનો રંજ માત્ર અનુભવ એકે પક્ષમાં રહેતો ન હતો. લોકમાનસમાં પરિવર્તન લાવવાનો આ યજ્ઞ હતો. લોકવિચારનું પરિવર્તન એ મહદ્અંશે સ્થાયી તેમજ દીર્ઘ હોય છે તે વાત આ વ્યવહારુ આચાર્ય સંપૂર્ણપણે સમજી શક્યા હતા. સમાજમાં Haves and Haves not તો મોટો તફાવત હોય તો એ સ્વસ્થ સમાજની નિશાની નથી. આજની આપણી ઘણી બધી અશાંતિના મૂળમાં આવી બે વર્ગ વચ્ચેથી આર્થિક ખાઈ મોટાભાગે જવાબદાર છે. આચાર્ય વિનોબાની લગભગ સાત દાયકા પહેલાની સમજ તથા પ્રતીતિ આજે પણ એટલી જ સંદર્ભયુક્ત છે. આથી ગાંધી - વિનોબાના વિચારો એ શાશ્વત વિચારો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

સંતોનાં વચન તથા શાસ્ત્રોના અધ્યયનને કારણે ઋષિ વિનોબામાં સર્વ પ્રકારે વાણી - વિવેક તેમજ વિચાર વિવેકનું સર્વાંગી દર્શન થાય છે. તુલસીદાસજી લખે કે ‘કવિ ન હું મૈં, ન ચતુર કહાઉં, મતિ અનુરૂપ રામ ગુન ગાઉં ! આ વિવેક તુલસીનો છે. વિનોબાજીએ ગાંધીજીની એકાદશ વ્રત પર ‘મંગળ પ્રભાત’ નામે પુસ્તિકા લખી છે. વિનોબાજીને ગાંધીબાપુના એકાદશી વ્રતનો ભારે મહિમા છે. મરાઠીમાં લખાયેલી આ કૃતિના પ્રારંભે જ જાણે તુલસીદાસની વાણી બોલતા હોય તેમ બાબા લખે છે :

પ્રેરણા પરમાત્માચી, મહાત્માચી પ્રસન્નતા,
વાણી સંતકૃપેચી, વિન્યાચી કૃતિશૂન્યતા.

બાબાનું પોતાનું કંઈ જ નહિ. બધો યશ સંતો - ગાંધી તથા પરમાત્માને અર્પણ કરવાનો આ ભાવ અનન્ય છે. માનવ હૃદયમાં ધરબાઈને પડેલી ભલાઈમાં તેમનો સંપૂર્ણ વિશ્વાસ છે. આથી જ તેઓ હંમેશાં કહેતા કે તેમની જિંદગીનું મુખ્ય કામ એ માનવમાત્રનાં દિલોને જોડવાનું છે. જમનાલાલ બજાજની ઈચ્છા તેમજ આગ્રહને કારણે બાપુએ વિનોબાને વર્ધા મોકલ્યા. ૧૯૨૧માં વર્ધા આશ્રમનો શુભ પ્રારંભ થયો. અનેકવિધ પ્રયોગો થકી તેમજ વિનોબાની હાજરીથી વર્ધા આશ્રમ દેશમાં ચર્ચાનો વિષય બન્યો. સમગ્ર દેશમાં એ બાબતમાં ઉત્સુક્તા હતી કે બાપુ વ્યક્તિગત સત્યાગ્રહમાં સૌથી પ્રથમ સત્યાગ્રહી તરીકે કોને પસંદ કરશે. વિનોબાજીના પૂર્ણ વ્યક્તિત્વનો તેમજ તેમની સાધનાનો આદર કરતા મહાત્માએ ૧૯૪૦માં વિનોબાને પ્રથમ સત્યાગ્રહી તરીકે જાહેર કર્યા. બાબાની આ પસંદગીમાં મહાત્માના વિવેક તથા દૃષ્ટિનાં દર્શન થાય છે.

વિનોબાજી અંતે તો એક મુમુક્ષુ સાધક હતા. ‘ગીતાઈ’ તથા ‘ગીતા પ્રવચનો’ નું પુસ્તક વાંચતા તેમની આ સરળ તેમજ સુપાચ્ય વિદ્વતાનાં દર્શન થાય છે. ‘ચરૈવેતિ ચરૈવેતિ’ નો નિરંતર મંત્ર તેમના જીવનમાં સાર્થક થયો છે. બાબા ગીતા, જપુજી, કુરાન તથા બાઈબલના આકંઠ અભ્યાસુ હતા. દરેકમાં ઈશ્વરી અંશનું તેમને દર્શન થયું હતું. ‘હું પુસ્તકને નહિ, ઈશ્વરને જ પકડું છું’ વિનોબાના આ નાના વિધાનમાં તેમની સારગ્રહણ કરવાની વૃત્તિનું દર્શન થાય છે. જ્ઞાન તથા કર્મનું તેમણે ઉચિત સંતુલન કર્યું. શિક્ષણમાં તથા જીવનમાં પણ કર્મ કે પરિશ્રમનો મહિમા તેમણે બુલંદ સ્વરે ગાયો. ગાંધીજીએ દીનબંધુ એન્ડ્રુઝને લખ્યું હતું : ‘વિનોબા એ આશ્રમનું દુર્લભ રત્ન છે. તેઓ લેવા નહિ પરંતુ આપવા આવ્યા છે.’ ઝવેરાતના પારખુ ગાંધીજીનું આ મૂલ્યાંકન વિનોબાની મહત્તાનું ઉચિત સન્માન કરે છે. સંત વિનોબાએ કદી દોષદર્શન કર્યું જ નહિ. પોતાની ટીકા થાય તેવા પ્રસંગોએ પણ બાબા સ્વસ્થ અને સમતોલ રહ્યા. દોષદર્શન એ ભીંત છે અને ગુણદર્શન બારણું છે તે ઉક્તિ તેઓ જીવી ગયા.

ભારત સરકારે ખૂબ જ ઉચિત નિર્ણય કરીને ૧૯૮૩માં તેમને મરણોત્તર ‘ભારત રત્ન’નો ખિતાબ આપ્યો. જોકે કોઈ બાહ્ય લટકણિયાના આ સંત મહોતાજ ન હતા. હા, ભારત રત્ન ખિતાબની શોભા બાબાના નામ સાથે જોડાવાથી જરૂર વધી હશે.

‘‘વિનોબા નિષ્ફળ ગયા તેમ તમને લાગે છે ? તેમની સાથે રહીને તમે પણ આ નિષ્ફળતાનો ભાગ બન્યા હો તેવી કોઈ લાગણી થાય છે ?’’ દાદા ધર્માધિકારીને કોઈએ પૂછ્યું. દાદાનો ઉત્તર સાંભળવા જેવો છે. ‘‘અન્ય લોકો સાથે રહીને સફળ થવા કરતાં વિનોબા સાથે રહીને નિષ્ફળ થવામાં પણ સાર્થક્તા છે.’’ એમ જુઓ તો જિસસ, બુદ્ધ કે ગાંધી પણ સ્થાયી સ્વરૂપે સમાજ પરિવર્તનમાં ક્યાં સફળ થયા છે ? પરંતુ આ બધા લોકોનાં કર્મ તથા ઉપદેશ થકી માનવજીવનના સંભવિત ઉત્તમ ગુરુશિખરનું દર્શન થયું છે. વિનોબાજીનું જીવન તથા તેમના વિચારો કાળના આકરા પ્રવાહમાં ઝાંખા-પાંખા થાય તેવા નથી.

૧૧૫/૨, સેક્ટર-૨ એ, ગાંધીનગર.
મો. ૯૯૭૮૪૦૬૧૩૦

સોહમ્ સાહેબ સબ ઘટ બોલે... (દીનહીનના બેલી સુખડો પીર)

- કાકડિયા મનસુખ વી.

અરે! આ મહામારીએ કેટલા બધાનો ભોગ લીધો છે. હે! પ્રભુ સૌને આમાંથી બચાવો. આ પ્લેગે (મરકી) તો ભલભલાનું પાણી ઉતારી નાખ્યું. એ અરસામાં સૌરાષ્ટ્રમાં મહાભયંકર મરકીનો રોગ ફેલાયો હતો. ગામડાંઓ ખાલી થઈ ગયા હતાં. સૌ લોક વાડીપડામાં ઝૂંપડી બાંધીને રહેતાં હતાં. વાડીએ જેમને મકાન હતાં તેઓએ એમાં રહેવાનું વધારે હિતકર માન્યું હતું. ગામ મોટા ભમોદરા (સા.કુંડલા-જેસર રોડ) આ મહામારીના રોગથી બાકાત શાને રહે? સૌ લોક પોતાના પરિવાર સાથે ખેતર કે વાડીમાં ઝૂંપડાં બાંધીને રહેતાં હતાં. ગામ તો ખાલીખમ અને ભેંકાર લાગતું હતું. રોગની મહામારી ઘટી હતી. છતાં ગામમાં રહેવા કોઈ રાજી હતું નહીં. પહેલ કોણ કરે?

આ કપરા ટાણે રોગની હળવાશ અનુભવતાં ધીમે ધીમે ફરી ગામમાં પોતાના ઘરમાં વસવાટ શરૂ કર્યો. મહામારીની જે બીકની ફડક હતી એ સૌના હૈયામાંથી ગઈ નો'તી. બરાબર આ વખતે મોટા ભમોદરા ગામે જેસરના પોલીસ સ્ટેશનમાંથી ફોજદાર સાહેબનું કોઈ કારણ વસાત્ આગમન થયું. એમના ઉતારાની વ્યવસ્થા સ્વામિનારાયણ મંદિરમાં ગોઠવાય. એ વખતે એમની સગવડતા ગામના લોકો સાચવતા. ગામના કોટવાળ રામભાઈ હતા. તેઓ ભજનમંડળીના આગેવાન પણ ખરા. ફોજદારે રામભાઈને પાગરણ ભેગું કરવાનો એક પોલીસવાળા મારફત હુકમ કર્યો. મહામારીને હિસાબે કોઈ ગામમાં જઈને પાગરણ માગીને લાવવામાં રાજી નો'તા. રામભાઈને પોલીસવાળો ધમકાવતો હતો. ન બોલવાનું બોલતો હતો. એ વખતે સીમમાંથી સુખરામબાપુ આવતા હતા. પાદરમાં પોલીસવાળો ધમકાવતો હતો. બાપુથી સહન થયું નહિ અને પોતાની પાસે રહેલી લાકડીથી પોલીસની છાતીમાં ઠોસો માર્યો. વાત વધારે વણસી ગઈ. ફોજદારને પોલીસે જઈને સર્વે બીના કહી સંભળાવી.

ફોજદારે એક ચિઠ્ઠી લખીને એ વખતના ગઢના દરબાર શ્રી ગોલણબાપુને મોકલી આપી. સૌનાં નામ લખ્યાં હતાં. ભજનમંડળીને જેસરગામના થાણામાં હાજર થવાનો હુકમ આપ્યો. આ વખતે મહુવા ગામના થાણામાંથી ડેપ્યુટી પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબ આવ્યા હતા. જેસરના થાણામાં સૌને એક પછી એક ભજન મંડળીના ભજનિકને બોલાવીને ખૂબ જ ઠપકો આપ્યો. ન બોલવાનું બોલીને ધમકાવીને સૌને જવા દીધા. એ વખતે મુખ્ય આરોપી સુખરામબાપુનું નામ કે બનાવ યાદ આવ્યો જ નહિ. એમને બોલાવ્યા નહિ. સૌ ભમોદરા આવ્યા. સુખરામબાપુ મનોમન રામદેવજી મહારાજને નમન કરીને કહેતા કે આપ તો દીનના તારણહાર છો પ્રભુ! મારી આપે લાજ રાખી મને બચાવ્યો. આપની લીલા અપરંપાર છે.

પોતાનું મન ઉદાસ રહેતું હતું. સમર્થ સદ્‌ગુરુને શરણે જવાનું વિચારી તેઓ પોતાની સાથે ભજનમાં સાથ આપનાર ભમોદરાના સિપાઈ અલીભાઈ, કાબાભાઈ ભરવાડ અને પોતે દરબારશ્રી ગોલણબાપુની રજા લીધા વિના ભમોદરા ગામમાંથી નીકળી ગયા. સવારનો સમય હતો. મોંસૂઝણાની શરૂઆત થઈ હતી. ગામ શેલણા આવ્યા ત્યારે અલીભાઈ દરબારશ્રીના ઠપકાથી ડરીને ત્યાંથી પાછા વળ્યા. જ્યારે ગામ વંડા આવ્યું ત્યારે કાબાભાઈ પણ હતાશ થઈ કહેવા લાગ્યા કે દરબારશ્રીનો ઠપકો સાંભળવા કરતાં હું અહીંથી પાછો વળું છું. મારે આવવું નથી. ખૂબ સમજાવ્યા પણ માન્યા નહિ. સુખરામબાપુ મનમાં વિચાર કરી કહેવા લાગ્યા કે જેવી રણુજાધણીની મરજી!

અમરેલી ઓઘાભગત વાંઝાની જગ્યામાં આવ્યા. દિ'આથમી ગયો હતો. અહીં રાત્રે વાળુપાણી કરીને ભજનભાવમાં જોડાયા. પોતાનો કંઠ સારો હતો એટલે સુખરામબાપુએ રામસાગર હાથમાં લઈને મધુર કંઠે ખૂબ જ ભાવથી ભજન ગાયાં. સૌની ઉપર પ્રભાવ પડ્યો. નાની ઉંમરમાં ભક્તિભાવ જોઈને ઓઘાભગત બાપુ પર ખૂબ રાજી થયા. ચાર દિવસ ખાસ રોકાયા. ઓઘાભગતને બધી વાત કરી મારે તો ગિરનાર જવું છે. જ્યાં સાધુસંતો જતિસતી નવનાથ અને તેત્રીસ કોટિ દેવોનો વાસ છે. કોઈ સમર્થ સદ્‌ગુરુથી મારે બોધ લેવો છે. ઓઘા ભગત કહે તમારા તીવ્રભાવને હું જાણી ગયો છું. મારા સમર્થ સદ્‌ગુરુ શ્રી બુદ્ધગીરબાપુ જેમની ઉંમર અત્યારે લગભગ બારસો વર્ષની કહેવાય છે. તેઓએ પાંત્રીસવર્ષની ઉંમરમાં કાયાકલ્પ કરેલો છે. તેઓ ચિરંજીવી મહાપુરુષ છે. હાલ ગિરનાર સાંખ્યની ખોડિયાર જ્યાં બિરાજમાન છે ત્યાંની ગુફામાં વાસ કરે છે. બાપુ માની ગયા.

સુખરામબાપુએ રામસાગર હાથમાં લઈને મધુર કંઠે ખૂબ જ ભાવથી ભજન ગાયાં. સૌની ઉપર પ્રભાવ પડ્યો. નાની ઉંમરમાં ભક્તિભાવ જોઈને ઓઘાભગત બાપુ પર ખૂબ રાજી થયા. ચાર દિવસ ખાસ રોકાયા. ઓઘાભગતને બધી વાત કરી મારે તો ગિરનાર જવું છે

ખૂબ જિજ્ઞાસા હોવાથી તુરત જવાનું ગોઠવ્યું. બંને પગપાળા ચાલીને સાસણગીરમાં થઈને શેત્રુંજી નદીના ઘુઘવતાં નીર નીરખી આગળ ચાલ્યા. ગીરનું અઘોર જંગલ અને ડાલામથ્થાની (સિંહોની) ત્રાડ સાંભળતાં મૂળ જગ્યાએ આવી પહોંચ્યા. અહીં ભોંયરા પાસે ત્રણ દિવસને ત્રણ રાત બેઠા ત્યારે બુદ્ધગીરબાપુનો મેળાપ થયો. બાપુના ચરણમાં દંડવત્ પ્રમાણ કરીને પોતાની સઘળી આપવીતી કહી સંભળાવી. ખૂબ જ ભાવથી બે હાથ જોડીને પોતાને પ્રમોદો, મારો ઉદ્ધાર કરો. એવું અરજ કરતા રહ્યા. બુદ્ધગીરબાપુએ આ નવયુવાન અને તીવ્ર ભાવ જોઈને સુખરામબાપુ પર કૃપા વરસાવી. બોધ આપી વચન, રે'ણી, ભજન, વિનય-વિવેક વગેરેની પૂર્ણતાથી મર્મવચન ભક્તિ ભેદ સમજાવી ભમોદરા ગામ જવાની આજ્ઞા ના આપી. ખૂબ જ ભજનભાવ વધારો હું તમારી સાથે જ છું. એવા આશીર્વાદ મસ્તક પર હાથ મૂકીને સંપૂર્ણ ઐશ્વર્યને એશ્વર્યતાથી ભરી દીધા.

રમણીય ને કલાવંતી નગરી એટલે ભાવનગર, એ જિલ્લાનું સા.-કુંડલા શહેર જેવું ગામ. આ ગામની પાસેનું લીખાળા ગામ અને એની પાસેનું છાપરી ગામ સુખરામબાપુનું મૂળ વતન. મુસલમાન સંધીનું કુળ છે. વિક્રમ સં. ૧૯૨૬માં એમનો જન્મ થયેલો. જ્યારે તેઓ છ વર્ષના થયા ત્યારે માતપિતાનું સુખ ગુમાવ્યું. પોતાને એક મોટાભાઈ અને એક નાની બહેન હતી. નિરાધાર થતાં ત્રણેયને ગારિયાધાર તાલુકાના ગામ ભંડારિયા મુકામે મોસાળમાં રહેવાનું થયું. એ પછી બંને ભાઈઓએ ત્યાંથી નીકળીને ગામ ઈંટિયા સંબંધીને ઘરે રોકાવાનું વિચાર્યું. રસ્તામાં મોટા ભમોદરા ગામે બંને ભાઈઓ એક ઝાડને છાંયે બેઠા છે. ભૂખ-તરસથી વ્યાકુળ છે. આ જ વખતે ત્યાંથી ગામ દરબારશ્રી ગોલણબાપુનો પસાયતો નીકળ્યો. બંને કુમળાં બાળકોને તેડીને(સાથે લઈને) ગઢમાં દરબારશ્રી પાસે લાવે છે. અહીં મોટાભાઈએ સઘળી હકીકત કહી સંભળાવી. અહીં ગઢમાં રોકાઈ જાઓ. આછુંપાતળું કામ કરજો. બધું સમય આવ્યે થઈ પડશે. મોટાભાઈએ કહ્યું છે આ મારો નાનોભાઈ રોકાશે અહીં હું તો નક્કી કર્યા મુજબ ગામ ઈંટિયા જઈશ. દરબારશ્રીએ કહ્યું કે જેવી તમારી મરજી. સુખરામબાપુ ગઢમાં ગાય-ભેંસોનું વાસીદું કરતા, સાથેસાથે નાનું મોટું જે કામ બતાવતા તે ખૂબ જ કાળજીપૂર્વક કરતા. રાત્રે બધાં જ કામમાંથી પરવારતા ત્યારબાદ તેઓ ભજનમંડળીમાં જતા. ત્યાં પોતેપણ ભજન ગાતા. સમય જતાં એક સારા ભજનિક તરીકે ખ્યાતિ પામ્યા. સમય કોઈની પણ રાહ નથી જોતો. ભક્તિભાવને તીવ્રતાવાળા સાધક હોવાથી પરમપુરુષ શ્રી બુદ્ધગીરબાપુનો ભેટો થયો.

સદ્‌ગુરુની આજ્ઞા મુજબ છેક ગિરનારથી તેઓ ચાલતા ભમોદરા આવ્યા. હવે તો પોતાની પવિત્રભૂમિમાં રહીને ભક્તિમાં ચાર ચાંદ લગાવવા છે. ભક્તિને પૂર્ણતાથી વરવું છે. પોતાના ખાસ બેઠકઉઠકના સત્‌સંગી પ્રેમજીભાઈ ભલાણીના ખેતરે બરાબર મોડી રાત્રે ગયા. તેઓ વાડીપડામાં જ રહેતા હતા. વિગતવાર વાત કરી. પોતાને પ્રભુભજન કરવું છે એવું જાણીને સુખરામબાપુએ કહ્યું એ મુજબ માથાબૂડ એક ઊંડો ખાડો ખોદી આપ્યો. અને કહ્યું કે હું અંદર બેઠો છું. એ કોઈને કહેશો નહિ. ઉપર હાથલિયા થોર મૂકી દેજો એથી કોઈ મને જોવે નહિ અને માથે છાંયો પણ રહે. સુખરામબાપુ પ્રભુભજન કરવા લાગ્યા. બાપુ મહાપુરુષના કહ્યા મુજબ ભજનમાં બેસી ગયા. આ અરસામાં મોટા ભમોદરા ગામના દરબાર શ્રી ગોલણબાપુનું અવસાન થયું. એમને બે દીકરા, મોટા કાંથડબાપુ અને નાના જીવાબાપુ. બંને ગોલણબાપુની હાજરીમાં જુદા રહેતા હતા. સમય જતાં પ્રેમજીભાઈએ સુખરામબાપુની ભજનભાવની વાત કાંથડબાપુને કહી દીધી. લગભગ એકવીશ દિવસ વીતી ગયા હતા. કાંથડબાપુ રૂબરૂ મળીને એમને ખૂબ જ ભાવથી કહ્યું કે આપ ગામને પાદર પધારો ત્યાં નાની સરખી ઓરડી છે એમાં ભજન કરો અને સત્‌સંગનો લાભ ગામજનોને આપો. સુખરામબાપુ માની ગયા. ત્યાં પધારી ઓરડીમાં રામદેવજી મહારાજની પાલખી અને લીલુડો ઘોડો પધરાવ્યાં. અહીં પછી પરમાર્થની પરબ બાંધીને ઉપાસના સિદ્ધ કરી. રણુજાના રાજા રામદેવપીર એમની વાણીમાં પધારીને વેણે વાતું કરતા. પોતે ભણ્યા હતા નહિ છતાં પરાવાણી અને પરિબ્રહ્મ મૂળજ્ઞાન પ્રગટ્યું. એમની સુવાસ દૂર સુધી ફેલાણી.

સુખરામબાપુએ કહ્યું એ મુજબ માથાબૂડ એક ઊંડો ખાડો ખોદી આપ્યો. અને કહ્યું કે હું અંદર બેઠો છું. એ કોઈને કહેશો નહિ. ઉપર હાથલિયા થોર મૂકી દેજો એથી કોઈ મને જોવે નહિ અને માથે છાંયો પણ રહે

વાણીબ્રહ્મની શરૂઆત શ્રી ગણપતિદાદાના ભજનથી થઈ. એ જ સમયે ભણેલા અને અક્ષરજ્ઞાન સારું ખોડાભાઈ દેવશીભાઈ આવતાં એમની પણ ભજનગાવાની હલક સારી હતી. તેઓ બાપુ ભજન બોલતાં અને ખોડાભાઈ લખી નાખતા. ‘‘ફેરો સુક્ષ્મણા માળા, દરસોને તમે આદિ દેવ દયાળા રે જી’’....

ગવરીનંદનની ગમ કરી લે,
સુમતિ આપે સુંઢાળાજી...
જોગ સિદ્ધિકા જીવન જાણો,
દુઃખભંજન હે દુંદાળા...દરસોને.

એ પછી તો વાણી આવવા લાગી અને સાથે સાથે લોકજીભે ગવાતી રહી.

"જોગકળાની તમે જુક્તિ જાણો છો,
સરવેના કાજ સુધારો રે,
નાથ મારા ગણપતિ વહેલા પધારો રે જી...

મહાન પુરુષ તો દયાના સાગર હોય છે. દરબાર શ્રી કાંથડબાપુના પસાયતા તરીકે ગરાણિયા અટકના આહિર દેસાભાઈ હતા. જેમનું ભાણું દરબાર સાથે પડતું પણ જોગસંજોગે દેસાભાઈને ગળતો કોઢ થયો. એટલે બાપુએ કામની અને સાથે જમવાની પણ ના પાડી આથી પોતે પોતાના ઘરની ફળીમાં ખાડો ખોદીને જીવતાં સમાધિ લેવાની શરૂઆત કરી. દેસાભાઈની બાએ સુખરામબાપુને ચરણે પડીને વિગતવાર વાત કરી. સુખરામબાપુ જાતે ગયા અને અહીં આશ્રમમાં એમને લઈ આવ્યા. જે ઓરડીમાં પોતે રામદેવજી મહારાજની પાલખી સ્થાપી હતી તે રૂમમાં દેસાભાઈને બેસાડી આપેલ મંત્રનો જાપ નિર્ભયતાથી કરવાનું કહ્યું. બધી જ સમજણ મુજબ દેસાભાઈએ કર્યું. ત્રીજે દિવસે પાલખી ઉપર ફણીધર સાપ દેખાયો. એનાથી બીયા વગર પોતે ભજનમાં બેસી રહ્યા હતા. એકાએક આકાશવાણી થઈ અને દેસાભાઈને સંભળાય એમ કહ્યું કે તારો કોઢ મટી ગયો છે. સુખરામબાપુને વિનંતી કરી એ પછી ઓરડીની બહારથી સાંકળ જે બંધ હતી. એ ખોલીને બહાર લાવ્યા. અહીં સુખરામબાપુનો પ્રથમ પરચો સૌએ જાણ્યો અને મહાપુરુષની મહાનતાને હૈયેથી ખૂબ જ ભાવથી સ્વીકારી.

પરમપુરુષથી જગતજનોનું દુઃખ જોવાતું નથી, અને કળજુગમાં પાપ પણ વધ્યું છે એ પણ એમની નજર બારું નથી. છતાં સૌનાં કલ્યાણ અર્થે પ્રાર્થના રૂપે પોકાર કરીને પ્રભુને જાણ કરે છે ધીરાભગતની કાફીના રાગના એક પદમાં જગતનું સુંદર જેમ છે એમ ચિત્ર રજૂ કરે છે

ભજન, કીર્તન, ઝિલણિયા, ગરબીઓ, પ્રભાતી ભજનો-ધોળ, રામગીરી અને વિવિધ રાગરાગણીમાં પદોની રચના થવા લાગી. રાત્રી ભજનભાવમાં સુખરામબાપાની વાણી ગવાવા લાગી. એક પછી એક ભજનની હેલી વરસવા લાગી.

"એવો મનનો ખેલ મોટો રે, બેસે નહિ ધીર તો ધરી,
એવું મમતીલું નવ માને રે, વાળ્યું જાય વેગ તો કરી....
"જોગી જતિને જપવા નવ દે, ભુલાવી દે ભાન,
થાપવા જાય તો સ્થિર ન રહે, ત્રણ ગણું કરે છે તાન."
એવું કબજે નહિ આવે રે, મુવા કંઈક મે'નત કરી..."

આ જ રાગમાં કળજુગ માટે સુખરામબાપુએ ગાયું છે કે :

"એવો કળજુગ આવ્યો ભારી રે,
જાગી જુઓ જુગના પતિ,
એવી શરમ તો ગઈ છૂટી રે,
મનુષની મુંજવી મતિ...
"પાપ પ્રસિદ્ધ પ્રજાતણું,
કરવા લાગ્યું પોકાર,
અનીતિના તો ઓઘ વળ્યાં,
કરવું કેમ કિરતાર.
એવા સૂતા સોડ તાણી રે,
સીતાવર ઊંઘમાં અતિ...

પરમપુરુષથી જગતજનોનું દુઃખ જોવાતું નથી, અને કળજુગમાં પાપ પણ વધ્યું છે એ પણ એમની નજર બારું નથી. છતાં સૌનાં કલ્યાણ અર્થે પ્રાર્થના રૂપે પોકાર કરીને પ્રભુને જાણ કરે છે. ધીરાભગતની કાફીના રાગના એક પદમાં જગતનું સુંદર જેમ છે એમ ચિત્ર રજૂ કરે છે. ભક્તને કાંઈ ભેદ લાગે નહિ પણ જગતની અવળી રીતભાત ગમે નહિ. જે કરવાનું છે એ કરતા નથી ને જે ન કરવાનું છે એ કરે છે. અને એટલે જ દુઃખી થાય છે.

"અદ્‌ભુત વાત એવી રે,
જગત કોઈ જાણે નહિ,
એવા ફોગટ ફાંફાં મારે રે,
સત્‌ વસ્તુ સૂઝે નહિ...
નાય ધોઈને નીમ પાળે,
કરમાં લે માળ,
કંકુ કેસરને જળમાં ઘોળી,
તિલક કરે કપાળ.
એવું અંતર ખોટું એનું રે,
રામ તો પ્રભુ રીઝેરે નહિ.....
પૂજા વખતે પવિત્ર થઈને,
પારખત રાખે પાસ,
ઈષ્ટ દેવને સનમુખ રાખી,
ઊર્મિ કરે ઉદાસ.
એવી સ્મરણ તણી શુદ્ધિ રે,
માલમી વિના મળે રે નહિ...

આવી મર્મવાણીથી સૌને વાકેફ કરે ને સાચી વસ્તુની પરખ કરાવે છે. પ્રભુને મેળવવા આવું બધું કરવાની જરૂર નથી એ તો સૌના હૈયામાં બેઠો છે. મારામાં છે એ જ તમારામાં છે. તમારામાં છે જ એજ મારામાં બિરાજમાન છે. માટે કોઈ માલમી કે જાણતલ સમર્થ સંતને શરણે જાવ. એથી એ જન્મમરણનું દુઃખ ટાળશે. પોતાની અંદર જે બેઠો છે એને શોધો, બહાર ભટકવાની જરૂર નથી. વચન રે'ણી ને સતધર્મ પાળો તો રામ રીઝે.

"પોતામાં પ્રભુ જોને પરગટ રીતે,
હરદમ દીયે છે હોંકારો,
ગમ રે વિનાના કરે રે ગુલામી,
કેમ કરી સૂઝે મુક્તિનો દુવારો..
ઘટોઘટ પરગટ પુરુષ પુરાણી,
પંચકોષથી રમે છે ન્યારો,
વૈભવ વિલાસ જેણે આપ્યા જગતને,
પોતે તો રહે છે પરબારો...
પડદે રહીને પોષણ કરાવે,
જગતનો ઈ છે જિવાડનારો,
રમતા રામની કરો ઓળખાણું,
હાથે આવી બાજી શીદને હારો...."

એ પછીના ભજનમાં ચેતવણી રૂપે સાવધાન કરીને ભક્તિ કરવાની યુક્તિ બતાવે છે.

"મોહ રે મટે ત્યારે મહાસુખ થાવે,
ઈશ્વર ભક્તિ અંતર આવે,
શીલને સંતોષ આવી રહે નિરંતર,
દુબજા ભાવ દિલથી જાવે...
આધીન થઈ ગુરુ ચરણે જાવું,
સમતાથી જઈ શીશ નમાવે,
કર રે જોડીને કહેવું કૃપાનિધિ,
જમનો ભય મટી કેમ જાવે...

આમ છતાં જગત તો જગતની રીતે જ વર્તે છે. ચોટ લાગ્યા વિના પરિવર્તન આવતું નથી.

"ભૂલી રે દુનિયા ભેદ ન જાણે,
પદ નવ પરખે પારખકા,
ભીતર બ્રહ્મ સનાતન બોલે,
અંક ન સમજે અણઘડકા...

મન અતિ ચંચળ છે. એ મર્કટની માફક શાંત બેસતું નથી. બધી જગ્યાએ ભટકવાની ટેવ પડી ગઈ છે. સંતમહાપુરુષ સાચું કહે છે પણ જીવને સમજાતું નથી. એને તો વિષયો જ ખૂબ ગમે છે. અનંત જન્મનો અભ્યાસ ખરોને ?

"સોહમ સાહેબ સબ ઘટ બોલે,
દેખ તમાસા ઈસ તનકા,
જાનનેવાલા જાહેર ખેલે,
અણસમજુકુ હે ભટકા...
ઉસ પુરુષકી કરલે આશા,
ઓર પંથ સબ પાખંડકા,
આદ્ય પુરુષકુ આપ ન દરસે,
જુતા ખાવે જઈ જમનકા...

આવાં અનેક ભજન પદો ચેતવણીરૂપે, જીવભાવરૂપે, આત્મજ્ઞાનરૂપે, તત્ત્વજ્ઞાનરૂપે,બ્રહ્મ પરિભ્રહ્મરૂપે અને બહાર ભટકવાથી કાંઈ પ્રાપ્ત થતું નથી. એવા બોધરૂપે પદની રચના જોવા મળે છે.

ગામ વેળાવદરના ભાવિક ભક્તોનું માન રાખી રામકથા સાંભળવાનું આયોજન ગોઠવાયું. એ ગામના માથાભારે ખોડાભાઈ ચાંદસુર જે મોટો ડાકુ, ચોર અને લૂંટફાટ કરતો હતો એને રાત્રે રામદેવપીરના પરચાનો અનુભવ થયો. દર્શન થયાં. આ સંતની પ્રાર્થનાનો પ્રતાપ. સવારે સુખરામ બાપાના ચરણોમાં પડી માફી માગી અને સુખરામબાપુની સેવામાં મોટાભાઈના દીકરાને અર્પણ કર્યો. સુખરામબાપુની ખ્યાતિ અને સત્સંગની, ભજનોની સુવાસ ચારો તરફ પ્રસરી હોવાથી મોટા મોટા લોકો બાપુના સેવકો બન્યા. ગામ ચરખા(ચાંપરાજવાળાનું) ત્યાંના દરબારે એક કણબીનું કારણવસાત્ ખૂન કર્યું. હાદાભગત ગઢમાં કામકાજ કરતા હતા. એ વખતે પોલીસ થાણે દરબારે કાવતરું રચીને હાદાભગતને જેલમાં મોકલી દીધા. હાદાભગત સુખરામબાપુની પ્રાર્થના કરે છે અને માનતા પણ માને છે કે આ દેહ રહેશે ત્યાં સુધી હું ભમોદરા જગ્યામાં સાધુસંતોની સેવા કરીશ. આમ હાદાભગતને જેલમાંથી નિર્દોષ છોડાવ્યા.

પ્રસંગો હજારો છે જે લખવા બેસું તો પાનાંનાં પાનાં ભરાય જાય. મૂળ વાત એ કે જે પરાવાણી સુખરામબાપુના મુખેથી "સુખ વિલાસ" નામે અનરાધાર વહી એની જ મજા અને નિજાનંદ માણવાની મોજ અનેરી છે

પછી તો પુત્ર માટે, બીમારી માટે અનેક પ્રકારની સંસારી દુઃખ, પીડા દૂર કરવા દૂર દૂરથી લોકો આવવા લાગ્યા. કાઠી દરબાર, કણબી, વાળંદ અને ગામધણીને ત્યાં પારણાં બંધાણાં. દીનદુઃખિયાના દુઃખ દૂર કર્યાં. અનેક સંસારી વિટંમણાઓ લોકોની દૂર કરી. ચિત્તલગામથી થોડે દૂર મોણપરના મંગળજીભાઈ લુવાણાનું દુઃખ મટાડ્યું. ભૂતપ્રેતને મુક્તિ આપી એમને સુખી કર્યા. મંગળજીભાઈને કાળના મુખમાંથી બચાવ્યા. સત્સંગ અને ભજન અર્થે કોઈ એવું ગામ નહિ હોય કે જ્યાં પોતે ગયા ન હોય, જુદા જુદા સંપ્રદાયના ગાદીપતિ ને આચાર્યો સાથે સત્સંગ કરી પોતાની ધર્મભાવના, ઐક્ય, ભેદાભેદ વગેરેના પંથાપંથીની ખેંચતાણ મટાડી. અહીં આવા પ્રસંગો હજારો છે જે લખવા બેસું તો પાનાંનાં પાનાં ભરાય જાય. મૂળ વાત એ કે જે પરાવાણી સુખરામબાપુના મુખેથી "સુખ વિલાસ" નામે અનરાધાર વહી એની જ મજા અને નિજાનંદ માણવાની મોજ અનેરી છે.

પાળિયાદના મહાન સંત એકવાર ભમોદરા દરબારશ્રી ભોજબાપુના મહેમાન બન્યા. સવારે જંગલ જવા ગયા ત્યારે રામાપીરનો લીલો નેજો રામાપીરની જગ્યામાં જોયો. ગઢમાં વળતી વખતે નહિ જતાં સુખરામબાપુ પાસે આવ્યા. સૌને જાણ થતાં આશ્રમમાં દોડી આવ્યા. અહીં બંને મહાપુરુષ

વચ્ચે સત્સંગ થયો. બપોરે એમની સાથે પ્રસાદ ગ્રહણ કર્યો. અને સૌ દરબારો તેમજ ભાવિકજનોને ઉદ્દેશીને કહ્યું કે "જેવા ખાચરોમાં વિસામણ પીર છે એવા જ ખુમાણોમાં આ મહાપુરુષ સુખડોપીર છે." સમય તો સમયનું કામ કર્યે જ જાય છે.

ધોબા ગામનાં સીમાડે કાંથડબાપુએ પોતાની હયાતીમાં એંશી વીઘા જમીન આપી હતી દાનમાં. આ જમીનનો વિવાદ એમના સ્વર્ગવાસ પછી થયો. લખાણ સાદું અને કાચું હતું. જે દસ્તાવેજ કરવામાં માન્ય ના ગણાય. સા.કુંડલા કોર્ટમાં કેસ થયો. ત્યાંના ન્યાયાધીશ સુરતના વતની ઈશ્વરલાલ હતા. તેઓ સાધુ સંતો અને બાવાઓનું જેમતેમ બોલ્યા ન બોલવાનાં વેણ કીધાં. આથી સુખરામબાપુને ખોટું લાગ્યું. ચુકાદો મુલતવી રાખ્યો. સુખરામબાપુએ શ્રીરામદેવજી મહારાજને પ્રાર્થના કરી. ન્યાયાધીશને એમને બંગલે અવનવા અનુભવ થયા. રામદેવજી મહારાજનાં દર્શન થયાં. બસ એ જ વખતે સુખરામબાપુના ઉતારે ગયા. દર્શન કરીને માફી માંગી. બીજા દિવસે જમીનનો ન્યાય આપી દસ્તાવેજ કરવાની ખાતરી આપી. અને કાયમી ધોરણે આશ્રમની માલિકી રહે એવું લખાણ આપ્યું. આવા ઘણા સુરતને બીજા ગામના પરચા પૂરી સૌને સુખી કર્યા અને સત માર્ગે વાળ્યા.

ન્યાયાધીશને એમને બંગલે અવનવા અનુભવ થયા. રામદેવજી મહારાજનાં દર્શન થયાં. બસ એ જ વખતે સુખરામબાપુના ઉતારે ગયા. દર્શન કરીને માફી માંગી. બીજા દિવસે જમીનનો ન્યાય આપી દસ્તાવેજ કરવાની ખાતરી આપી

ભજનમાં જાતિપાતિ, ભેદભાવ વગેરેનો ચોક્કસ ઉલ્લેખ કરી આત્મસ્વરૂપ એક જ સૌનું છે. શરીરનો ઘાટ જુદો છે. પણ આત્મા એક છે.

'તમે દોઈ દિનકુ માનો,
વામે અધિક ન્યુન નહિ જાનો રેજી...
રામરહીમ અક્ષરમેં પરખો,
સોયંમ રૂપ હે સરખો રે જી...
દોઈ દેખો તો લાવો દાખલો,
વાંચીને વેદ કુરાનો...
...લાયલ્લા, સોહંમ એક કહાવે,
સુરતી કલામ સુનાવે રે જી,
મુકરલ્લી મોમીન ભરોસા હિન્દુ,
અંધા તું ક્યું અથડાનો..

રાગ-કલ્યાણ-કીર્તન પ્રાર્થનાના રૂપમાં કેવું અદ્ભુત છે?

"જળહળ નેજા જેની નજરમાં
પરગટ પીર રામદેવ કેરા...
ભૂતપ્રેત તેને ભાળીને ભાગે,
જે સેવક પીરું કેરા,
જમ કિંકરનું જોર ન ચાલે,
નિશ્ચય નહિ આવત નેરા...

આ જ રાગમાં કીર્તન જમુનાજીના ગુણગાન સાથે કેટલું મધુર અને સુંદર છે.

"મહાદાની જમુના જગમાંહી,
સેવક હું હે સુખદાતા...
આશ કરી કોઈ આવે ચરણમેં,
નેણે નિરખે શ્યામલ ગાતા,
ધર્મ અર્થ અરૂ કામને મોક્ષ,
ચારે ફલ પલમેં પાતા...

કીર્તનમાં પણ કવ્વાલી રાગની મજા કંઈક ઓર છે. જે ભીતરમાં ભાવ જગાડે છે.

ભજીલે રામજી પ્યારા,
જગત સેં હોય જા ન્યારા,....
સમદમથી મનનેવાળી,
જ્ઞાનરૂપી જળમાં ગાળી,
સોહમ બ્રહ્મ સાધ એક તારા,
નિશ્ચે તેરા હોય નિસ્તારા...
માળા રઘુવીરને વાલી,
સુવાસો જાય નહિ ખાલી..
ભક્તિના ભેદ ને જાણી,
વરતિને નીમમાં આણી,
દમનના દોરને જાલી,
અધરધર રસ્તે ચાલી....
માથે વાગે મોતના ડંકા,
મૂરખને મન નહિ શંકા...
વિષય સુખમાં રહે રાજી,
ગઈ છે હાથથી બાજી,
પરસ્યો નહિ ગંગ કે મક્કા,
ખાશે અંતે જમના ધક્કા...

સુખરામબાપુ અભણ હોવા છતાં પદોનું લાલિત્ય અદ્ભુત ઊભરી આવે છે. તેઓ ગીતા, રામકથાનો અભ્યાસ



બ્રાહ્મણોનાં બાળકોને કરાવતાં. નાનીનાની દીકરીયુંને રાસ-ગરબા કેવી હલકથી ગાવા તેમજ શરીરથી તાળી પાડતાં તાલમાં રહીને નૃત્યના મરોડોમાં ગોળગોળ ફરીને જુદાજુદા રાગ-રાગિણીમાં લચક લેવી તે સૌને શીખવતા હતા. કીર્તનમાં સંયાનો કનડો, ધનાશ્રી રાગ, આશાગોડી તો વહેલી સવારે, બીજા પ્રહરમાં રાત્રે વગેરે સમય અનુસાર જુદાં જુદાં પદો ગાવા એ પણ શિખવાડતા. એમાં પરજ કીર્તન, લાવણી કીર્તન ગાઈને પ્રભુને પ્રાર્થનાના રૂપમાં, એક વિનંતીના રૂપમાં ગાવાની મજા તો જાણતલ ભજનિકને જ હોય !

"મુને રાંક જાણી રઘુનાથ, ચરણમાં રાખો,
મારી ભૂલચૂક ભગવાન, જાણી મત ઝાંખો....
મારું ચિત ફરે ચહું ઓર, ધીરજ નથી ધરતું,
આપ મળ્યા વિના મહારાજ, હાલે છે ભટકતું...

રાગ-બનજારામાં કીર્તનની કૃષ્ણભક્તિ માટેની છાયા-હલક-તાલ અને સૂરનું માધુર્ય તો વૈષ્ણવ હોય એને જ ખબર પડે.

"હવે મોહન માયા ઉતારી,
વન વિષે ગયા ગિરધારી...
કેવા રાસ મંડળમાં રમતાં,
સર્વે ગોપીથી અમે ઘણું ગમતાં રે,
કાકે વેરણ થઈ વ્રજનારી,
વન વિષે ગયા...

અરે! કાંતભાવનું કીર્તન જે પણ બનજારાના જ રાગમાં છે એ તો ચૈતન્યપ્રભુ(બંગાળમાં થઈ ગયેલા) મહાપ્રભુની નિજાનંદ મસ્તી અને જે રાધાભાવ ધારણ કર્યો હતો એ પણ મહાભાવના આનંદની મોજ માણી હોય એને જ ખબર પડે. પોતાના નૃત્ય કીર્તનથી સમગ્ર ભારતને ઘેલું કરેલું એવા અહીં જ ગુજરાતમાં મહાન ભક્તો થઈ ગયા. જેમના કીર્તનો ઘરેઘરે ગવાય છે.

"હું તો સૂતી'તી ઝબકીને જાગી,
વનરાવન મોરલી વાગી...
મને કામ ન સૂઝે કાંઈ,
હું તો ઘેલી ફરું ઘરમાંહી રે,
મને લગન લાલથી લાગી,
વનરાવન મોરલી..

આત્મજ્ઞાનના, બોધને ચેતવણીરૂપે ખરી આધ્યાત્મિક વસ્તુ બતાવી છે. ભક્તિમાં ડગલે ને પગલે આવરણોને અવરોધ આવવાના પણ સાચો ભક્ત સદ્‌ગુરુની મહેરથી બીતો નથી. એ તો વચનને પ્રાણસાટે પાળીને બસ આગળ ચાલ્યો જ જાય છે. એટલે તો એક કીર્તનમાં કહ્યું છે કે :

"ભ્રાંતિ મટે ત્યારે ભય ટળે,
સુજે સરખું સ્વરૂપજી,,,
આવરણમાં અટકે નહિ.
તત્પદ દેખે તદ્‌રૂપજી...
વિશ્વમાં જે વ્યાપી રહ્યો,
સર્વે તેનું સ્વરૂપજી,
બાગનાં ઝાડ બહુ ભાતનાં,
પોષણ કરે એક કુપજી...

સદ્‌ગુરુ સંતની અઢળક જ્યારે સાધકપર (સેવકપર) થાય છે ત્યારે રાગ-ગઝલને માણે.

"રણુંકારમેં ઝણુંકારા,
સૂણે કોઈ રામકા પ્યારા..
ધીરજથી ધારણા ધારી,
મેવાસી મનકુ મારી,
કરમકી મૂલ કટધારી,
જગત સેં હોય જો ન્યારા...
સિદ્ધાસન સહેજસેં કરના,
સુરતકુ મધ્યમેં ધરના,
શુકરકી સીડી બંધ કરના,
એહીં હે મુક્તિકા દ્વાર.....

કીર્તનપદોની નિજાનંદ મસ્તી તો દેવોને દુર્લભ છે. તો એક પછી એક ઝીલણિયા કૃષ્ણને રાધા-ગોપી ભાવના ઓછા ઊતરે એમ નથી. અંતરના તાર ઝણઝણાવી દે વગર યોગે-યોગક્રિયાએ અષ્ટસાત્ત્વિક ભાવને જગાવી દે છે.

"જેમાં ચારે વેદનો છે સાર રે,
વનમાંહી વગાડે વાલો વાંસળી...
શિવબ્રહ્મા સ્મરણ તજી સાંભળે,
સ્થિર થયાં જમુનાજીનાં નીર રે..
વ્રજવનિતા વ્યાકુળ થઈને ફરે,
કાંઈ ન સૂઝે ઘરના કાજ રે...

રાધા-કૃષ્ણની વડછડનાં પદો પણ એટલાં જ મધુર અને અદ્‌ભુત છે. ગોપીઓના ઠપકા અને મીઠાં વેણ-કવેણનાં પ્રેમ જતાવતાં પદો અલૌકિક છે.

"કુબજા મન મેલી જોજો નારી, કુબજા મન મેલી..

એક ગોપી કહે વાત છે સાચી, એ જી રે ધુતારીને મેં તો કળી'તી પે'લી...

ભક્તનો મહાભાવ થોડો ઓછો છે ? ઈ તો પ્રાણ પાથરી દે છે પોતાના ઈષ્ટ માટે, અને ક્યારે રાધાભાવમાં કે ગોપીભાવમાં આવી જાય છે એ ખબર રહેતી નથી."

"જન્મ માગું વ્રજવાસમાં, વિધિ દેજો રે,
મારા મનની ધારણા એહ પૂરી કરજો રે...
દૂધ દહીં છે અતિ ઘણાં નિત્ય જમવાને,

તીહાં જાજો ગોવાળુંનો સાથ, સંગે રમવાને...''

રાધાજીના ભાગ્યની, કૃષ્ણ સાથે નિકટતાની ઈર્ષા પણ આવે અને ભીતર મીઠીમીઠી વેદના પણ ઊપડે છતાં રાધાજી પ્રત્યે ગોપીઓને કે વ્રજવનિતાને અભાવો ના આવે. રાધા તો સૌમાં અગ્રેસર છે. એની વાત ન્યારી નિરાળી છે. એના ભાવની ચરસસીમા સુધી પહોંચવું એટલે લોઢાના ચણા ચાવવા બરાબર છે. એ રાધાભાવ-વેદના, લાગણીઓ-તડપન-વિહ્વળતા, સમર્પણતા, પ્રાણન્યોછાવર કરવાની આવડત અને સતત પ્રેમમય (તેલધારાવત્) વહેતાં વિરહનાં પ્રેમનાં આંસુ ક્યાંથી લાવવાં ? માટે તો કહે છે કે : રાધે બડભાગી, જોજો સખી, રાધે બડભાગી...કૃષ્ણ સેવામાં કાયમ રહેવું, એ જી રે મનમાંથી છળકપટ ત્યાગી...ત્રણ ભુવનના નાથની પાસે, એ જી રે મનગમતી મોજું લિયે માગી...

તો કૃષ્ણ થોડા ઓછા ઊતરે એમ છે ! એની વાત તો સૌથી અનેરી ને અદ્‌ભુત છે. કૃષ્ણ : ઊભી રહેને ગોવાળણી, કાંક કે'વું છે, હેઠા ઉતારને મહીના માટ, ગોરસ લેવું છે... રાધાઃ મફત મહી કાના નહિ મળે વિચારોને, છેટા રહેજો નંદકુમાર ગાયુ ચારેનો...કૃષ્ણ પ્રભુને ઓળખવા એમ સહેલા નથી. એને તો એના ભક્તો બહુ ગમે અને એમની આગળ પોતાનો ભેદ ખોલીને ખુલ્લા પડે. બાકીના તો વિચારતા જ રહે...

''અગમ ભેદ છે ભારી પ્રભુજીનો,
અગમ ભેદ છે ભારી...
મોટા મુનિઓના રે માપમાં ના'વે,
શું તો જાણે સંસારી...
જપ તપ જોગ ને જગન કરે તોઈ,
સ્વપ્ને ના'વે મોરારિ... વ્રત કરે
અન્નજળને ત્યાગી, કળા ન કળે કિરતારી...

સીતારામ ગુણગાન ગાવામાં સાતેય કોઠામાં નૂર પ્રગટાવી ને પરબ્રહ્મની મોજ પ્રસરાવી દે નખશિખ.

''રઘુવર ચરણ ઉપાસી,
અમે તો રઘુવર ચરણ ઉપાસી..
તીરથ વ્રત તે ચરણુંમાં જાણું,
ગંગા જમુના કાશી,
જે રે ચરણરજ શિવજી સાધે,
હંમેશ રહેત હુલાસી...

સુખરામબાપુની સુરતામાંથી કાંય બહારું છે જ નહિ. એ તો ગંગાજળથી પણ પરમાર્થની મહા પરબ લઈને બેઠા છે. પીવાવાળા ક્યાં ? ઝીલવાવાળા ક્યાં મળે? ગાવાથી તો ગળાની મીઠાશ ઉપજે પણ હૈયામાં, મનમંદિરમાં જ્યારે હોંકારો આપે ત્યારે જ ખરી ભક્તિ કહેવાય. બાકી તો

''ગાય એ ગાય છે ને ગાય ઘાસ ખાય છે.''
''રામચરણ સુખકારી, મેરે મન, રામચરણ સુખકારી..
હાથ બાજી કાં હારો, હરિજન, હાથ બાજી કાં હારો...
આદ્ય પુરુષ અવિનાશી, ઘટમાં,
આદ્ય પુરુષ અવિનાશી..

સુખરામ બાપુ તો પોતે ગરબી લેતા અને લેવડાવતા, ખૂબ જ ખંતથી સૌને શીખવતા. પવાના - રાગની ગરબીનું માધુર્ય અનોખું ને અનમોલ છે. ''જળ રે જમનાજીનાં ઝીલવાં, મોર્ય ચાલ્યા મહારાજ, સાથ લીધો છે ભેળો સંતનો, ચતુરંગી નિજ નિજ સાજ..ધેં'ધે નોબત વાગે છે ધૂનની, છત્રીશ વાજાનો અવાજ, છતર ફરે છે માથે શામને, ચમર કરે છે સમાજ... રામદેવજી મહારાજ પોતાના ઈષ્ટદેવ એને તો કેમ ભૂલાય? સંતોને ભેદાભેદ હોતો નથી એને બધાં સ્વરૂપો એક જ હોય છે.'' હાથીનાં પગલાંમાં બધાં જ પગલાં સીમિત.''

''પરગટ થયા છે પ્રભુ પીરાણી,
ગામ રણુંજે આવી રે,
મોરધ્વજ દેશ પર મહેર કરીને,
અચળ ગાદી જમાવી રે...

બીજી એક ગરબીમાં એના જે ભક્તો છે એની ભેરે રહીને આ અસારસંસારથી તારશે.

''જેની ભેરે ભાલાળી વાર છે, તેને પુત્ર અને પરિવાર છે. પીરાણી, જેની ભેરે નીમ ધરીને જે સમરે નકળંગને, અજમલ કુંવર તેને તારશે...દોર બાંધીને તમે જો દેવળમાં વાલાતણું ત્યાં વિશ્રામ છે...નેન કમળથી નીરખજો નાથને, સ્વરૂપ જેનું ઘનશ્યામ છે...અનુભવી હશે તેને ઈ ઘર જડશે, નેશ્ચલ પુરુષ નિરાધાર છે...પીરાણી....''

વહેલી પરોઢે ગવાતાં પ્રભાતિયાં ધોળ તો મડદાને પણ બેઠાં કરી દે, પ્રાણ પૂરી દે, ગમારને જ્ઞાનવાન બનાવી દે. પૂરા બ્રહ્માંડના રચિયતાને એનું સર્જન પંચતત્ત્વો વેદ સર્જન વગેરે બ્રહ્મત્વની ગૂંથણી અને સમગ્રતાને આવરી લેતી અદ્‌ભુત ને અતિ મૂલ્યવાન પ્રભાતિયું ગાયા વગર રહેવાતું નથી.

''આદ્ય ઓંકાર જે પ્રગટ થઈ પરવર્યો,
મનન કરતાં જેનું માપ ના'વે...
ચૌદે બ્રહ્માંડમાં જડને જગાવીયા,
ચેતન કીધા એમ વેદ ગાવે..
જળ ઈ થળ ઈ છે અગ્નિ આપે થયો,
પવનરૂપે થઈ સુગંધ લાવે..
તેજનું તત્ત્વ તે તેહને જાણવો,
માણવો મર્મ તે એક ભાવે...
આકાશરૂપે થઈ સર્વજીવ વિષે રહી,
અનંત આવરણ જેને અંગ ના'વે...

બોલના તોલનો મર્મ જાણ્યા વિના,
સુખદાસ જીવને સુખ ના'વે....

વહેલી પરોઢે રાજકોટ આકાશવાણી પરથી જે મુગુટલાલ જોષીના કંઠથી પ્રચલિત પ્રભાતિયું ગવાય છે એ આખા ગુજરાતનું લોકકંઠે ગવાતું પ્રભાતિયું બન્યું છે.

"ભાલાળા પ્રભુ તમે ભેરે રેજો,
રામ રણુંજાવાળા રે... દેવ દ્વારકાવાળા રે..
કળજુગમાં બીજું કોણ ઉગારે,
અદ્ભુત ખેલ અત્યારે રે,,
વિઘન સઘળાને કોણ વારે,
નજર કરોને નેજાળા રે...

ગામડાંગામમાં રાત્રે ભજનભાવ હોય ત્યારે સુખરામબાપુનાં ભજનો અચૂક ગવાતાં હોય છે. જે જે ખ્યાતનામ ગાયકોને ભજનિકો છે એમના કંઠે અને રામસાગરના સૂરે સુખરામબાપુની વાણી ગવાય છે.

"મેર કરીને મુને મોહન મળજો,
લટકાળા નંદબાળા રે..."
"રાધેકૃષ્ણ કહો મન મેરા,
મટે ભવકા ફેરા રે...જુગલ જોડી જગત પીતુ માતા,

...પ્રભાતી-ધોળ રાગમાં આખી રામકથાને ગાય છે. "મંગળ મૂળ જગતની રે માતા, જેને ભજે મુનિ સહિત વિધાતા-૧ માતાકુંતાને ઉમૈયા જેવા, જનકકુમારીની કરે છે સેવા-૨. હનુમાન ગોરખ જાલંધર જોગી, સીતા કૃપાથી બ્રહ્મરસ ભોગી...૩. અને પછી રામકથા ધોળ રાગમાં" ફોજ ચડી રઘુનાથની, ગઢ લંકામાં જાય રે. ૧.રીંછ વાંદરને જોઈને, અવની અકળાય રે...

પ્રભાતી ધોળ રાગમાં-ગુરુજીને સેવકના સત્સંગથી પ્રશ્નો અને જવાબનાં પદો એટલાં જ પ્રચલિત ને લોકજીભે ગવાય છે.

"ગુરુજી કહે સેવક ધરો કાન,
સંદેશો સતલોકનો,...
સાખી -નિગમ પ્રમાણે વરતવું,
અહિંસા પાળવો ધરમ,
જીવદશાને ટાળજો રે,
સેવક કોઈ નડે નહિ કરમ....

અનેક ભક્તિભાવનાં ભજનો, કીર્તનો, ઝીલણિયાં, ગરબીઓ, પ્રભાતિયાં, ધોળ વગેરે જુદા જુદા રાગોમાં આઠ પ્રહર મુજબ ગવાતાં- સમય સમયના રાગરાગણી સાથેના અદ્ભુત પદોની રચના એમણે કરી જગતને, સેવકગણને સુખવિલાસ તરીકેની પરમાર્થ પરબની ભેટ આપી. અઢારે વરણના લોકોનાં દુઃખ, આવરણો, મુશ્કેલીઓ દૂર કર્યાં છે. છેક રાજસ્થાનની ધરણી જ્યાં અલ્વર શહેર છે. ત્યાં ભમોદરાના શ્રી દેસાબાપુ અને આલાબાપુને પરચા પૂરીને કાર્ય પૂરું પાડ્યું. અનેકના અસાધ્ય રોગ મટાડ્યા છે.

શિષ્ય-સેવકોનો બહોળો સમુદાય મૂકીને સંવત ૧૯૯૭ના અષાઢ વદ- ૪ને શનિવારના રોજ જ્યોત-ભક્તિની જ્યોત મહાજ્યોતમાં મળી ગઈ. આશ્રમમાં દરવરસે નિર્વાણ તિથિ ખૂબ જ ભક્તિભાવ-ને ભજનિકોના કંઠે ગુણગાન સાથે ધામધૂમથી ઉજવાય છે. એમની ભક્તિનો વેલો ખૂબ ફૂલ્યો ફાલ્યો. નૂરાપીર-ગરીબદાસબાપુ, ઘોબા આશ્રમ અને ધારગામમાં શ્રી લક્ષ્મણબાપુ ગુરુશ્રી સુખરામબાપુનો સ્થાપેલ રામદેવ આશ્રમ ભક્તિની સુવાસ ફેલાવે છે. આજના સમયે જ્યાં જ્યાં આશ્રમો સ્થપાયા ને સેવકો જે છે ત્યાં ચોથી પેઢી હવે તો ચાલે છે.રામજીભગત ગામ પાટી. મોટા ભમોદરામાં ત્યાર બાદ ઉકારામબાપુ ગાદી પર બિરાજમાન થયા. સુખરામબાપુનો વેલો ભાવનગર-શોભાવડ ત્યાંથી કચ્છ-ગાંધીધામ, સુરત, અમદાવાદ-અમદાવાદમાં ગામ ગોમતીપુર પાસે મુખ્ય રસ્તા પર મોટી સોસાયટી બની એનું નામ "સુખરામનગર" રાખવામાં આવ્યું. આમ ભક્તિની જ્યોત સદાને માટે પ્રજ્વલિત થઈને અખંડ રહી છે. એમની અને એમનાં પદોની સુવાસ સદાને માટે લોકકંઠે ગવાતી રહેશે. પરાબ્રહ્મવાણી નિત્ય અખંડ અમર ને નિજાનંદ આપનારી રહેશે.

એ-૧૪, હરિઓમનગર સોસાયટી,
રમેશનગર પાસે, ઈન્ડિયા કોલોની,
ઠક્કરબાપાનગર રોડ, અમદાવાદ-૩૮૨૩૫૦.
મો. ૯૯૭૮૮૦૩૦૧૪



ગુજરાતની ચેતન - જીવંત સમાધિઓ

- ભૂપેન્દ્ર મો. દવે

મૃત્યુ એટલે મરણ. એટલે અવસાન એટલે નિધન એટલે નિર્વાણ એટલે મહાનિર્વાણ એટલે પરિનિર્વાણ એટલે સ્વધામ જવું તે.... આ બધા હિંદુ અને બૌદ્ધ અને જૈન ધર્મના શબ્દોનો એક જુદો અર્થ છે. મરણ શબ્દ સૌથી પ્રચલિત છે. મરણ વિશે ભગવત ગીતામાં કહેવાયું છે કે જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ, ધ્રુવં જન્મ મૃતસ્ય ચક્ર, જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્યંભાવી છે. બૌદ્ધ ધર્મનો નિર્વાણ શબ્દ સૂચક છે. વાણ એટલે દીવાની વાટ. જ્યારે દીવામાંથી તેલ ખૂટી જાય છે ત્યારે વાટમાંથી પ્રગટતી અગ્નિજ્યોતિ તદ્દન સ્થિર, સીધી અને અચલ થઈ જાય છે પછી ધીમે ધીમે એ જ્યોત બેસતી જાય છે અને જરા ભભકીને હોલવાઈ જાય છે. નિર્વાણનો આ જ અર્થ છે.

આદ્ય શંકરાચાર્યજીએ પૂર્વ સંસ્કાર બળથી આઠમે વર્ષે સકલ શાસ્ત્રોનું અધ્યયન પૂર્ણ કરી સોળમે વર્ષે ભાષ્ય લખ્યું. હિન્દુ ધર્મની રક્ષા કરી, તેમણે ૩૨ વર્ષની વયે કેદારનાથમાં લીલા સંકેલી લીધી હતી

મરણ અંગે વેદ વ્યાસ (મહાભારત શાંતિપર્વ) મહાભારતકાર કહે છે : ''સંપૂર્ણ સંગ્રહોનો અંત વિનાશ છે, સઘળી ઉન્નતિઓનો અંત પતન છે, સંયોગોનો અંત વિયોગ છે અને જીવનનો અંત મરણ છે.'' (મહાભારત ૧૨/૨૬/૩૦)

મૃત્યુને કદાચ સૌથી વિશેષ સમજતા હોય તો તે છે જૈનો અને હિંદુઓ. જૈનોમાં સંથારો છે. સંથારો એટલે ખાવાનું, પીવાનું, ઔષધિ આદિ લેવાનું બંધ કરવાના. દેહ જ્યોતિ બુઝાતી જાય, નિર્વાણ થઈ જાય, બસ એ જ દેહાંત, એ જ દેહાવસાન ! જૈનોના સેંકડો સંતો - મુનિઓએ સંથારો કરીને દેહત્યાગ કર્યો છે.

સંત વિનોબા ભાવેએ સંથારો કર્યો હતો. ગોપીચંદ વાલેચા નામના એક વેપારી ગૃહસ્થે મુંબઈ હાઈકોર્ટની નાગપુર બેન્ચમાં રિટ પિટિશન દાખલ કરી હતી કે વિનોબાની જિંદગી અતિ મૂલ્યવાન છે અને તેમને બચાવવામાં આવે. કારણકે વિનોબાએ ખોરાક અને પાણીનો ત્યાગ કર્યો હતો. કોર્ટે આ રિટ દાખલ કરી નહીં અને વિનોબાનો દેહાંત થઈ ગયો. કે.પી.એસ. મેનન આઈસીએસ હતા. ભારતના રાજદૂત હતા. એમણે પાલઘાટના એમના નિવાસસ્થાને જ દેહત્યાગ કર્યો. ખાવા-પીવાનું અને દવા બંધ કરી તેમણે કહ્યું કે મારે હોસ્પિટલમાં નથી જવું, મારા કુટુંબીજનો વચ્ચે જ, પરિવાર વચ્ચે જ હું આનંદથી મરવા માગું છું, અને અંત આવ્યો ત્યાં સુધી એમને હોશ હતા. એ ઘરમાં જ શાંતિથી મર્યા.

હિન્દુ ધર્મમાં પરંપરાથી અનેક સાધુ-સંતો, મહંતો, સન્યાસીઓ અરે વિરક્ત સંસારીઓએ પણ જીવતા સમાધિ લીધી હોવાના ઐતિહાસિક પુરાવાઓ બોલે છે.

સૌ પ્રથમ સીતાજીએ ભૂમિમાં જીવંત સમાધિ લીધી હતી અને ત્યાર પછી સ્વયં ભગવાન શ્રી રામે પણ સરયૂ નદીમાં જળસમાધિ લઈને પ્રાણાંત કર્યો હતો. શ્રી રામચંદ્રજી પરમધામ જવાનો નિશ્ચય કરે છે ત્યારે અયોધ્યાના પુરવાસી પશુ-પક્ષી સર્વે ભગવાનની સાથે પરમધામ જવા તૈયાર થઈ જાય છે. વિષ્ણુસ્વરૂપ રઘુનંદન સાથે સમગ્ર જન સમુદાયે સરયૂમાં જળસમાધિ લીધી છે. મહાભારતકાળે ઈચ્છામૃત્યુના અધિકારી ભીષ્મ પિતામહનું મૃત્યુ બાણોની શૈયા પર થયું હતું.

હવે કળિયુગની વાત કરીએ. આ કળિયુગમાં પણ એવી એવી વિભૂતિઓ થઈ ગઈ છે જેમને લાગ્યું કે પોતાનું જીવનકાર્ય - અવતાર કાર્ય પૂર્ણ થયું એટલે એ વયમાં પણ સ્વેચ્છાએ જીવતા સમાધિ લીધી છે. સંત જ્ઞાનેશ્વર, સંત હોથીજી, ભાણ સાહેબ, જેસલ-તોળલ, માલદે-રૂપાંદે આદિ ગણાવી શકાય. ઘણી સતીઓએ પોતાના અંગૂઠામાંથી અગ્નિ પ્રગટાવી દેહત્યાગ કર્યો છે, અનેક સતીઓએ જૌહર કરીને પ્રાણ ત્યાગ કર્યો છે.

આદ્ય શંકરાચાર્યજીએ પૂર્વ સંસ્કાર બળથી આઠમે વર્ષે સકલ શાસ્ત્રોનું અધ્યયન પૂર્ણ કરી સોળમે વર્ષે ભાષ્ય લખ્યું. હિન્દુ ધર્મની રક્ષા કરી, તેમણે ૩૨ વર્ષની વયે કેદારનાથમાં લીલા સંકેલી લીધી હતી. અગાઉ કહ્યું તેમ સંત જ્ઞાનેશ્વર માત્ર આઠ વર્ષની વયે પૂર્ણતાને પામ્યા. ૧૫ વર્ષની વયે



ગીતાભાષ્ય લખ્યું જે જ્ઞાનેશ્વરી ગીતા તરીકે પ્રસિદ્ધિ પામ્યું. સંત જ્ઞાનેશ્વરે ૨૧ વર્ષની ઉંમરે સમાધિ લીધી હતી. અન્ય મહાપુરુષોના આયુષ્ય વિશે જોઈએ તો ચૈતન્ય મહાપ્રભુજી ૪૮ વર્ષની વયે ધામમાં ગયા. સંત તુકારામે ૪૨ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. સ્વામી રામતીર્થે ૩૩ વર્ષની ઉંમરે ગંગાજીમાં જળસમાધિ લીધી હતી. મીમાંસા શાસ્ત્રના પ્રખ્યાત વિદ્વાન કુમારિલ ભટ્ટે અનેક શિષ્યોની સમક્ષ તુષાનલ અગ્નિ પર સૂઈને આત્મદાહ કર્યો હતો. શ્રી વલ્લભાચાર્યજીએ ગંગાજીમાં જળસમાધિ લીધી હતી.

મૃત્યુ એક એવો અનુભવ છે જે સામાન્ય મનુષ્યની સમજમાં આવતું નથી પણ જીવતા સમાધિ લેનાર સાધુ - સંન્યાસીઓ, સંતો માટે મૃત્યુ એ મોજ છે - મહોત્સવ છે. આધ્યાત્મિક સાધક માટે તો મૃત્યુ એ એક જીવનમાંથી બીજા જીવનમાં જવા માટેનો માર્ગ જ હોય છે. એમાં ''મૃત્યુ પામ્યા'' એમ કહેવાયું છે પણ ''જીવન પામ્યા'' એમ કહેવાવું જોઈએ. ખરી હકીકત એ છે કે મૃત્યુ એ માત્ર શરીરને ખંખેરી નાખવાની ક્રિયા છે એમ આ સંતો માને છે.

સંત દેવીદાસ, અમરબાઈ અને શાદુળ ભગત :

પરબ વાવડીની દેહાણ જગ્યાના સંત દેવીદાસ અને અમરબાઈએ જીવતાં સમાધિ લીધી તેની વિગતે વાત ''સોરઠી સંતો'' માં ઝવેરચંદ મેઘાણી લખે છે :

ચોક્કસ મહિનાની મુકરર તિથિએ, ચોક્કસ ચોઘડીએ ને ચોક્કસ ઘડીએ દેવીદાસજી અને અમરબાઈ સમાધિ લેવાના છે માટે સહ સંતો ઉજવણીને આવજો, એવી મતલબના શુભ કાગળો ગત્યમાં દશે દિશાએ લખી ખેપિયા રવાના કરવામાં આવ્યા અને જગ્યામાં જૂના સંતો જસા વોળદાનની બે કબરો હતી તેની બાજુમાં જ એ ખાડાઓ ખોદાયા. એક મહોત્સવ મચી ગયો. એ મહોત્સવ મૃત્યુનો હતો. જીવનનાં કર્તવ્યો ઉકેલી કરી, નવી દુનિયાની કોઈ નિશ્ચિત સફરે ઉપડવાનું હોય, મોટી યાત્રાએ, કોઈ પર્યટને ઉપડવાનું હોય એ જાતનો સમારંભ મચી ગયો, અષાઢી બીજનો ત્યાં મેળો ભરાયો ને દેવીદાસજીએ તથા અમરબાઈએ જાતે રાંધણું કર્યું. છ હજાર માણસોને પૂરું પાડી શકે એટલું ઘઉંનું ભરડકું બાફયું.

સમાધિ લેવાનું ટાણું આવી પહોંચ્યું. ભરવસ્તીમાં એક જ પ્રાણી રોતું હતું. શાદુળ રોતો હતો. શાદુળ શા માટે રોવછ બાપ ? શાદુળ કેમ કરી ને સમજાવે ! એનું ભીતર જલતું હતું. ન સમજી શકાય તેવી કોઈ મનોવ્યથા એને વીંધતી હતી. એને આશંકા પડી ગઈ હતી કે અમરબાઈના અંતરમાં એક દહેશત હતી તેથી જ એ દેવીદાસની જોડે સમાય છે.

''શાદુળ ! વીરા'' અમરબાઈએ આવીને પંપાળ્યો. તમને એકલા મૂકવા પડે છે. એકલવાયા હોય તોય તમે સમરથ છો. ભગત આપણે તો ત્યાં પાછા ભેગાં થવાનું જ છે ને !

સહુ સંતોને રામરામ કરીને પછી દેવીદાસજી અને અમરબાઈ પરસ્પર સન્મુખ થયાં.

અમરે કહ્યું : સત દેવીદાસ

દેવીદાસે કહ્યું : અમર દેવીદાસ

બંનેએ દશેય પ્રાણદ્વાર બંધ કરી લીધાં. થોડીવારે બન્ને શરીરોમાંથી આત્મા છૂટી ગયો.

બેઉ સંતોના નિષ્પ્રાણ કલેવરોને સમાધિના ખાડામાં ઓતર - દખણાદાં પધરાવ્યાં ને પછી ઉપર ધૂળ વાળી દીધી.

બેઉ સમાધિસ્થાનો પર હિન્દુ રીતિ મુજબની સમાધિ કે દેરી નહીં પણ આરામગાહ બાંધવામાં આવી, ઉપર સોડ ઢંકાવી શરૂ થઈ.

ત્યારબાદ કેટલાક સમય પછી શાદુલ ભગતે પરબની પાસે આવીને કીધું કે અહીં આ ઓટાની નીચે પગથિયાની જગ્યાએ મારી સમાધિ ગાળો. ઉપરની સમાતોને જુવારવા લોકો મારા કલેજા ઉપર ચરણ મૂકીને જ પહોંચી શકશે. હું એ સહુના કદમોમાં છૂંદાતો છૂંદાતો જ અહીં સૂતો રહેવા માગું છું. શાદુળ ભગતે ભજન ગાયું અને ભજન પૂરું કરીને ભગતે પોતાનું ખોળિયું છોડી દીધું.

આજે જસા વોળદાનની બે કબરો અને દેવીદાસ-અમરબાઈની મળી ચાર કબરો જે દેરીમાં છે તે દેરીના ઉંબર બહાર અણઘડ કાળો પથ્થર છે એ પથ્થરની નીચે સૂતેલું છે શાદુલ ખુમાણનું શબ. શાદુળ ભગતને પછી તો ત્યાં અમરી માતા, અમૂલાં બાઈ, મા હીરબાઈ અને ગંગદાસજી સમાયાં. સાંઈ શેલાનીએ પણ ત્યાં જ શરીર સંકેલ્યું અને આરામગાહી ઢાળી. અને શાદુળના શિષ્ય કરમણ પીર, દાનો બાવો વગેરે પણ ત્યાં જ વિરમ્યા છે તે તમામના મૃત્યુ-ઉત્સવો પર મનખ્યો ઊમટ્યો હશે. સર્વનાં કદમોને શાદુળના હૈયાએ હોઠે ચાંપ્યા છે. શાદુળો પીર કહેવાણો. શાદુળો દેવીદાસનો !

સંત મેકરણ :

કચ્છના સંત મેકરણ બાપાએ સંસાર લીલાનો સંકેલો કર્યો સવંત ૧૭૮૬ ના આસો વદ-૧૪ ના રોજ દિવાળીના આગલા પ્રભાતે જ ધ્રંગ - લોડાઈના સ્થાનકમાં સમાધિ ગળાવી. દસ જણ એની સાથે સમાધિ લેવા તૈયાર થયા. આજે એ સ્થાનકમાં ૧૧ સમાધો દેવળની અંદર છે. લાલિયા-મોતિયાની સમાધોને લોકોએ બહાર રાખી છે ગરવાની સમાધ પણ થોડે દૂર છે. હિન્દુ, મુસ્લિમ સર્વના ત્યાં મેળા ભરાય છે.

જેસલ - તોળલ :

આવું જ અંજાર કચ્છમાં બીજું જીવંત સમાધિનું સ્થાનક

છે જેસલ તોળલનું. સતી તોળલને બીજ ને શનિવારના રોજ મારવાડમાં ઉત્સવમાં જવા માટે વાયક મળેલું. તે મુજબ ગત્ય ગંગામાં ગયેલા. પાઠના દીવાની જ્યોત ઝાંખી ઝાંખી બળવા લાગી એટલે સતી સમજી ગયા કે અંજારમાં જેસલજી સ્વર્ગ પ્રયાણ કરી ગયા! તોળલે તુંરત પાટને વધાવી લઈ, ફરી વેલ્ય સજ્જ કરાવી. માર માર વેગે રાતોરાત પંથ કાપી પ્રભાતે અંજાર પહોંચ્યાં. સીમના ગોવાળે કહ્યું : હે સતી ! જેસલજીએ સમાધિ લીધાને ત્રીજો દિવસ થયો છે.

હાય રે, હા હા ! પૃથ્વી માતા ! મારગ ઘો મારે ને એને છેટું પડી ગયું ! મેઘાણી લખે છે : તોળલ સ્થાનકમાં પહોંચ્યાં. માણસો ચૂપચાપ ઊભા હતા. તાજી પુરેલ સમાધિ દીઠી. સમાધિને કાંઠે અબીલ-ગુલાલને લોબાનના ધૂપ દીઠા. કેટલાક લોકોની આંખોમાંથી પાણી પડતાં હતાં. જેસલે લીધેલીએ સમાધિ હતી. પછી ધૈર્ય ધરીને પોતે ઊભા રહ્યા અને કહ્યું તંબુરો લાવો, મંજીરા લાવો. હાથમાં એકતારો લઈને તોળલ ઊભી થઈ. સમાધિ ફરતી પ્રદક્ષિણા કરતી, નૃત્ય કરતી, બજાવતી ગાવા લાગી.

જાગો ઓ જાડેજા જેસલ ! તમારા સાથે સમાધિ લેવાના વચન સંભાળીને વહેલા જાગો ! વચનને ચૂકનાર માનવીને મુક્તિ નહીં મળે, ચોરાસીના ફેરામાં ભટકવું પડશે. જાગો જતિ! જાગો !

જાડેજા રે, વચન સંભારી વે'લા જાગજો !
વચન ચૂક્યા ચોરાસીને પાર ..... જાડેજા હો !
વચન સંભારી વે'લા જાગજો...

તોળલના પડકારા સમાધિની માટીને કંપાવવા લાગ્યા. માટી એની મેળે સરકવા લાગી. શબદ, સંગીત અને નૃત્યની ત્રેવડ ચોટ લાગી, બ્રહ્મરંધ્રમાં રૂંધાઈ રહેલો જેસલનો પ્રાણ નાડીએ નાડીએ પાછો વળ્યો. જેસલ આળસ મરડીને ઊભા થયા. એણે મેવાડથી તોળલની સાથે આવેલા રૂપાંદે માલદે જોડે પંજા મિલાવ્યા ને પછી તોરલ સાથે એકાંત - ચર્ચા કરી.

“જેસલ જાડેજા ! બસ હવે આપણે માટે એક જ વાત બાકી રહી છે. જીવનમાં જે નથી થઈ શક્યું તે મૃત્યુને માંડવડે પતાવી લઈએ. લ્યો જેસલજી ! આવતા ભવના આપણા પરણેતર ઊજવી લઈએ.''

તોળલે મસ્તક પર મોડિયો (પરણતી કન્યા માથે પહેરે છે) મૂક્યો. કુંવારી કન્યા પેઠે વાઘા સજ્યાં. બન્ને જણાએ સામસામાં કંકુ - કેસરનાં છાંટણાં કર્યાં અને પછી નવી બે સમાધિ જોડાજોડ ગળાવી. વળાવવા ગયેલા બીજા બધાય પાછા વળ્યા. ન વળ્યાં એક તોળલ દે. એ તો જેસલજીની સાથે સમાયાં.

જેસલજીએ અંજારમાં સમાધિ લીધી છે તેથી તોળલ દે તરત જ મારવાડથી અંજાર આવ્યાં. એમની સાથે મેવાડથી માલદે - રૂપાંદે પણ ગુરુની આજ્ઞા લઈ અંજાર આવ્યા. તોળલ દેએ પણ જેસલની સમાધિની બાજુમાં સમાધિ લીધી. માલદે-રૂપાંદે જેસલ-તોળલને વિદાય આપી અને મારવાડ આવી ગયા. દિવસો પસાર થવા લાગ્યા. જેસલ-તોળલની પછી રામદેવજી અને દિવાળીબાઈએ પણ સમાધિ લીધી ત્યાર બાદ ખીમડિયા કોટવાળ અને ડાળલદેએ પણ સમાધિ લીધી. સાંસતિયા કાઠીએ પણ સમાધિ લીધી. આ બધાથી રૂપાંદે-માલદેનું મન પણ સંસારમાંથી ઊઠી ગયું અને મેઘ ધારવાની સમાધિ પછી સવા મહિને બેઉએ એક સાથે સમાધિ લીધી.

ભાણસાહેબ :

સંવત ૧૭૫૪ના મહા સુદ અગિયારસના દિવસે ચરોતરના કિંખલોડ ગામે કલ્યાણજીભાઈ અને અંબાબાઈની કૂખે ભાણસાહેબનો લોહાણા પરિવારમાં જન્મ થયો. તેમણે દુધરેજના સંત ષષ્ટમસ્વામી પાસે દીક્ષા લીધી. ૪૦ શિષ્યો સાથે ફરતા એટલે “ભાણ ફોજ” કહેવાતી. ઝાલાવાડની નજીકના નળકાંઠાના કમીજળા ગામે એક મેપા ભરવાડના ઘરે ગયા ત્યારે મેપો ઢોર ચારવા વગડામાં ગયેલો. મેપાની ઘરવાળીએ આગ્રહ કર્યો પણ ભાણસાહેબ રોકાયા નહીં અને નીકળી ગયા. એ જ સમયે મેપો ઘેર આવ્યો અને ઘરવાળીએ વાત કરી કે ભાણ સાહેબ આવ્યા હતા પણ રોકાણા નહીં હમણાં જ ગયા.

મેપો પાછળ દોડ્યો. તળાવની પાળ માથે ભાણસાહેબને જોયા અને દૂરથી જ સાદ પાડ્યો ''એ ભાણસાહેબ ! બાપ એક ડગલું આગળ કે એક ડગલું પાછળ ભરો તો તમને રામ દુહાઈ છે.'' અને ભાણ ફોજ થંભી ગઈ. ભાણસાહેબથી ન આગળ જવાય કે ન પાછળ વળાય એટલે ત્યાં જીવંત સમાધિ લીધી. સાથે એક કૂતરી અને ઘોડીએ પણ ચૈત્ર વદ ત્રીજ ને સંવત ૧૮૧૧ ના દિવસે સમાધિ લીધી. જે હાલ પણ મોજૂદ છે. દરરોજ હજારો માણસો દર્શને આવે છે. હાલ મહંત શ્રી જાનકીદાસજી બાપુ ગાદીએ બિરાજમાન છે .

ત્રિકમ સાહેબ :

ત્રિકમ સાહેબનો જન્મ કચ્છ જિલ્લાના રામવાવ ગામે ગરો બ્રાહ્મણ સમાજમાં થયેલો. તેમના પિતાનું નામ ગોકળદાસ હતું. વ્યવસાયે વણાટકામ કરતા. કબીર સંપ્રદાયમાં હતા. તેમણે ખીમ સાહેબને ગુરુ ધારેલા અને પોતાના શિષ્યો સાથે ચિત્રોડ ગામે આશ્રમમાં રહેતા. તેમણે શિષ્યોને કહ્યું હતું કે મારા દેહત્યાગ પછી મારી સમાધિ રાપર ખીમ સાહેબની સમાધિની બાજુમાં આપજો. તેમણે સંવત ૧૮૯૨ના શ્રાવણ

વદ-૮ના જન્માષ્ટમીએ દેહત્યાગ કર્યો અને તેમના શિષ્યો તેમની પાલખી રાપર ખીમ સાહેબની જગ્યાએ લઈ આવ્યા. ત્યારે એક દલિત સમાજના સાધુને અમારી જગ્યામાં સમાધિ ન આપવા દઈએ એવું જગ્યાના સેવકોએ કહેતા શિષ્યો મૂંઝાણા. ત્યારે પાલખીમાંથી ત્રિકમ સાહેબ ઊભા થયા અને કહ્યું કે ખીમ સાહેબ કહેશે કે મારી સમાધિ અહીં આપવા દો પછી તો માનશોને ? અને ખીમ સાહેબની સમાધિમાંથી અવાજ આવ્યો કે ત્રિકમ સાહેબની સમાધિ મારી બાજુમાં આપવા દેજો.

હવે બધા રાજી થયા પણ ખીમ સાહેબની સમાધિની બાજુમાં એક આંબલીનું ઝાડ હતું. સમાધિ કેમ લેવી ? ત્યારે ત્રિકમ સાહેબે આમલીના ઝાડને દસ હાથ પાછા હટી જવા કીધું ને આંબલીનું ઝાડ ત્યાંથી ખસીને દસ હાથ દૂર જતું રહ્યું. એ જગ્યા પર ત્રિકમ સાહેબે સમાધિ લીધી. તે હાલ પણ પૂજાય છે.

મોરાર સાહેબ :

બનાસકાંઠાના થરાદમાં વાઘેલા રાજપૂતને ત્યાં સંવત ૧૮૫૮માં મોરાર સાહેબનો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ માનસિંહજી હતું. તેમને વૈરાગ જાગતા રવિસાહેબ પાસે દીક્ષા લઇ જામનગરના જામખંભાળિયા (જે હાલ મોરારસાહેબનું ખંભાળિયા પણ કહેવાય છે) વિક્રમ સંવત ૧૮૪૨ - ઈ.સ. ૧૮૮૬માં જગ્યા સ્થાપી.

તેમના એક સેવકને તેમણે કીધું કે હું તને મળ્યા વિના સમાધિ નહિ લઉં અને તેમનો સમય થતાં તેમણે ખંભાળિયામાં જીવંત સમાધિ લીધી. ત્યારે તેનો સેવક હાજર નહોતો. તે બીજા દિવસે આવ્યો, ત્યારે તેણે સમાધિ ઉપર રડતાં-રડતાં ફરિયાદ કરી કે બાપુ, આપ વચન આપીને વચન ચૂકી જાવ તે કેમ ચાલે ? ને સમાધિમાંથી અવાજ આવ્યો કે બેટા મૃત્યુના સમયને કેમ પાછો ઠેલવો ? કોઈ પાછો ઠેલી શક્યો નથી. મારો સમય થઈ ગયો એટલે જવું પડ્યું.

બાપુ, ભીષ્મપિતામહે છ મહિના મૃત્યુને પાછું ઠેલ્યું હતું તો મારા ગુરુ તો ''મોરારના મહિના બાર'' બાર માસ પાછા ઠેલે તેવા છે. આ સાંભળી મોરારસાહેબ સમાધિમાંથી બહાર નીકળ્યા ને એક વર્ષ સુધી મૃત્યુને પાછું ઠેલી સંવત ૧૮૪૯ ચૈત્ર સુદ બીજના દિવસે સમાધિ લીધી. હાલ પણ જામખંભાળિયામાં સમાધિસ્થળ આવેલું છે.

સંત મૂળદાસજી :

મૂળદાસજીનો જન્મ ઊના પાસેના આમોદરા ગામે લુહાર જ્ઞાતિના કૃષ્ણાજી અને ગંગાબાઈની કૂખે સંવત ૧૭૩૧ કારતક સુદ અગિયારસના દિવસે થયો હતો. લોહલંગરી બાપુ પાસે દીક્ષા લીધી. જામનગરના રાજા રાવળજામે પણ તેમને ગુરુ બનાવેલા. સંવત ૧૭૬૮માં તેમણે અમરેલીમાં આશ્રમ સ્થાપ્યો અને સંવત ૧૮૩૫ના ચૈત્ર સુદ નોમના દિવસે તેમણે દેહત્યાગ કર્યો. તેમને પાલખીમાં બેસાડી ગામમાં વાજતે - ગાજતે ફેરવતા હતા એ સમયે એક પટેલની દીકરીનું આણું વળાવવાનું હતું. ત્યાં પાલખી સામે મળી. અને દીકરીથી બોલાઈ ગયું, ''મુવા બાવાને મરતાંય ન આવડ્યું. આજે જ મર્યો ને મને અપશુકન કરાવ્યા. હાલો પાછા વળો ! '' આ શબ્દો પાલખીમાં બેઠેલા મૂળદાસજીના મૃતદેહના કાને પડ્યા. અને મૂળદાસજી ફરી બેઠા થયા અને પેલી દીકરીને કહ્યું, ''બેટા તું પાછી ન વળતી, તું તારે સાસરે જા. હું કાલે સમાધિ લઈશ. એમ તો તું તારા ધણીને મળવા જતી હતી તો હું પણ મારા ધણીને મળવા જતો હતો.'' અને પોતાના મૃત્યુને ૨૪ કલાક પાછું ઠેલી બીજા દિવસે જીવતા સમાધિ લીધી. જે આજે પણ મોજૂદ છે.

ધ્રાંગધ્રાના વાલબાઈ માતાજી :

ઝાલાવાડમાં જેમ અનેક વીર પુરુષો અને સાધુ સંતો થયા તે પ્રમાણે અનેક વીર નારી અને સ્ત્રી-સંતો, સ્ત્રી-ભક્તો થયા આ સ્ત્રી-સંતોની પરંપરામાં ધ્રાંગધ્રાના ટીંબે એક પ્રતાપી સ્ત્રી સંત થયાં તે વાલબાઈ માતાજી.

સંવત ૧૮૮૪માં ધ્રાંગધ્રામાં મેવાડા ભરવાડ કુટુંબમાં ભગવાનભાઈ અને બધીબેનને ત્યાં દીકરીનો જન્મ થયો અને તે દીકરી આગળ જતાં સમગ્ર પંથકમાં વાલબાઈ માતાજી તરીકે જાણીતાં થયાં.

વાલબાઈ માતાજીનો જન્મ પોષ વદ નોમના દિવસે. તેમણે દીક્ષા લીધી હતી તે દિવસ પણ વદ નોમ હતો. પોષ મહિનો આવી રહ્યો હતો એટલે પોતાના ભક્તોને બોલાવીને વાત કરી કે જે તિથિએ મારો જન્મ થયો, તે તિથિ એ મેં દીક્ષા લીધી હતી હવે મારો જવાનો હુકમ પણ આવી ગયો છે. જે તિથિએ જન્મ લીધો હતો તે તિથિએ જવાનું છે.

ધ્રાંગધ્રામાં માતાજી સમાધિ લેવાના છે એ વાત સારાય પંથકમાં વાયુવેગે પ્રસરી ગઈ. સૌ શોકાતૂર બની ગયા. માતાજીની સમાધિની તૈયારી કરી. સાધુ-સંતો, ભક્તો અને ભરવાડ જ્ઞાતિનાં ભાઈ-બહેનોની હાજરીમાં ગીતાના શ્લોક અને ભજનની ધૂન વચ્ચે વાલબાઈ માતાજીએ જીવતા સમાધિ લીધી. આજે વાલબાઈ માતાજી નથી, પણ તેમની ચેતન સમાધિ છે. તેમનાં સેવાકાર્યો દ્વારા આશ્રમની સુવાસ ફેલાતી રહી છે.

ઝીંઝુવાડાના સંત તેજાનંદ સ્વામી :

સંત અને શૂરા કોઈ એક જ કોમમાં પાકે એવું નથી

હોતું. હરિજન સંતોની ઉજળી પરંપરામા એક સંત દસાડા તાલુકાના ઝીંઝુવાડાના ટીંબે થઈ ગયા તે તેજાનંદ સ્વામી. હરિજન કુળમાં બ્રાહ્મણ કુળમાં સંવત ૨૦૦૭ના કારતક સુદ બીજ ને રવિવારના રોજ તેમનો જન્મ થયો. પિતાનું નામ રામદાસ સ્વામી અને માતાનું નામ લખમીબાઈ. માતા-પિતાનું બંનેનું જીવન ભક્તિમય અને સદાચારી. આ સંસ્કાર તેજાનંદ સ્વામીમાં પણ ઊતર્યા. તેમણે ગુરુ પાસે મંત્ર દીક્ષા લીધી અને સાધના કરવા માટે ઝીણાનંદ બેટ જે ઝીંઝુવાડાથી ત્રણ-ચાર કિલોમિટર ઉપર છે તે સ્થળ પસંદ કર્યું. એકાંત જગ્યા અને ગાઢ વનરાજીમાં એમણે તપ આદર્યું. અદ્દભુત સાધના કરી. તેમનાં વચનો સીધાં અને સાદાં છે છતાં વેદાંતના ગહન કોયડાઓ સાવ સાદી ભાષામાં લોકોને સમજાવ્યા :

તેજાનંદ તાળી લાગી તનમાં, ગુરુ મળ્યા રામાનંદ,
તિમિર હતું તે ટળી ગયું, ફીટ્યા માયાના ફંદ

તેજાનંદ સ્વામીએ ઝીણાનંદ તીર્થમાં જ્યાં તેઓ તપ કરતા હતા તે સ્થળે સંવત ૧૫૫૯ ને ભાદરવા વદ ચૌદશ ને ગુરુવારના રોજ જીવતા સમાધિ લીધી. આજે તેમની સમાધિના દર્શને લોકપ્રવાહ ચાલુ રહ્યો છે.

લીંબડીના શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામી :

સંવત ૧૯૧૪ના અષાઢ સુદ નોમ ને સોમવારના રોજ લીંબડીમાં એક પ્રતાપી આત્માએ જન્મ લીધો. માતા-પિતાએ તેનું નામ રાખ્યું વૈજનાથ.

તેમનાં પત્ની રેવાબાના અવસાન પછી તેઓ સંસારમાથી મુક્ત થયા. એક દિવસ તેમણે સ્વજનોને છોડ્યા. લીંબડી ગામ છોડ્યું. તીર્થયાત્રા કરતા કરતા તેઓ પૂરી પહોંચ્યા અને ત્યાં ગોવર્ધન મઠના શંકરાચાર્યજી મહારાજ મધુસૂદન સ્વામી પાસે સન્યાસ ગ્રહણ કર્યો. દીક્ષા લીધી અને વૈજનાથજીએ શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામી નામ ધારણ કર્યું. શંકરાચાર્યજીના ઉત્તરાધિકારી બન્યા. શ્રી મધુસૂદન સ્વામીની તબિયત અસ્વસ્થ હોવાથી તેમના પછી પુરીના ગાદીપતિ બનવાની એમની જરા પણ ઈચ્છા ન હોવાથી તેઓ સૌરાષ્ટ્ર તરફ ધર્મ પ્રચાર માટે આવ્યા.

સંવત ૧૯૭૨નો છેલ્લો ચાતુર્માસ તેમણે જામનગરમાં કર્યો અને ત્યારબાદ જડેશ્વર પધાર્યા. જડેશ્વર તથા વાંકાનેર થોડો સમય રોકાઈને સંવત ૧૯૬૨ના આસો વદ છઠના રોજ સ્વામી વઢવાણ કેમ્પ પધાર્યા. તે દિવસે તબિયત બગડતાં સ્વામીજીએ પોતાના શિષ્યોને કહ્યું હતું કે હવે આ શરીરની અવધિ પૂરી થઈ છે, અને એકાદશીનો દિવસ નિર્માણ થયો છે. સ્વામીજીની લીંબડીમાં આસો વદ દશમને શનિવારના રોજ પધરામણી કરવામાં આવી.

એકાદશીના દિવસે લીંબડી ઠાકોર સાહેબશ્રી દોલતસિંહજી સ્વામીના દર્શને આવી ગયા. તેમના ગયા પછી સ્વામીજીએ પોતે સ્વસ્થપણે પોતાના સ્વરૂપમાં, ધ્યાનમાં વૃત્તિ જોડી દીધી અને બપોરના સાડા ત્રણ વાગ્યે પ્રાણનો પોતાના સ્વરૂપમાં વિલય કર્યો. સ્વામીજીની સમાધિ લીંબડી જગદીશ મંદિરમાં છે.

આપણે જુદા જુદા જ્ઞાતિ સમાજના સાધુ-સંતો, સંન્યાસીઓએ તેમજ બીજપંથી મહામારગના સંતોએ લીધેલી જીવંત સમાધિના પ્રસંગો જાણ્યા. હવે આપણે દશનામ ગોસ્વામી સમાજની ચેતન સમાધિઓની વિગતો જોઈએ.

ગૌરવભરી વાત એ છે કે, આ દશનામ ગોસ્વામી સમાજના સંતોએ મૃત્યુની ગહન ફિલસૂફી સમજી છે. જગતભરના જીવો મૃત્યુના નામથી ભય પામે, જ્યારે આ સંતોએ તો મૃત્યુના માંડવા રોપી મૃત્યુના મહોત્સવ ઉજવ્યા છે. આવા સંતોની ચેતન - જીવંત સમાધિઓ ગામડે ગામડે જોવા મળે છે.

ધરમ ભારતીજી - લાલ ભારતીજી :

મારવાડના ખરેટિયા મઠમાંથી જોગેન્દ્રભારતીના મુખ્ય શિષ્ય મહાત્મા ધરમભારતી ઊંઝાના ટીંટોદણ ગામ આવી, ટીંટોદણ મઠની સ્થાપના કરી. તેમને ૧૦૧ શિષ્યો હતા. તેમના મુખ્ય શિષ્ય લાલભારતીજી. આ બંને ગુરુ - શિષ્ય સિદ્ધ પુરુષો હતા. તેમણે બંનેએ એક જ દિવસે, એક જ સમયે અને એક જ સ્થળે જીવંત સમાધિ લીધી. આ સમાધિઓનું પૂજન અર્ચન થાય છે.

મંગલ ભારતીજી - વાઘપુરી મહારાજ :

કમાણા મઠ (વિસનગર) મંગલ ભારતીજી બાપુના મઠમાં દસ જીવંત સમાધિઓ છે. સદુથલા મઠ (વિસનગર) વાઘપુરી મહારાજના આ અખાડામાં એક જીવંત સમાધિ છે. વાળીનાથ (તરભ) વાળીનાથ મહાદેવના સુપ્રસિદ્ધ મઠમાં ચાર જીવંત સમાધિઓ છે. ખડોસણ (વિસનગર) આ આશ્રમમાં એક જીવંત સમાધિ છે. બાસણા અમરપુરીજીના આશ્રમમાં એક જીવંત સમાધિ છે. વિસનગર રામદેપીર મંદિરમાં માતિનાથજી મહારાજની જીવંત સમાધિ છે.

સંત ત્રિકમગિરિજી :

ધ્રાંગધ્રા તાબાના સીથાના મઠ (સીતાપુર)નો ઈતિહાસ પ્રખ્યાત છે. આ મઠના સિદ્ધ પુરુષ સુંદરગિરિ પીરબાવાને રાજચરાડી ઠાકોરે ત્યાં મઠ બંધાવી આપ્યો. આ જ સંત પરિવારના સીથા મહંતશ્રી ત્રિકમગિરિજી બાપુએ દુષ્કાળ પડતા ગામની આથમણી ભાગોળે તળાવ બંધાવ્યું. લોકો આ તળાવને 'ત્રિકમ સાગર' કહે છે. તળાવની બાજુમાં

ખોદાણમાંથી અંબાજીની મૂર્તિ નીકળતા એની પ્રતિષ્ઠા પાળ ઉપર શિખરબંધ દેવળ બંધાવી સંવત ૧૭૫૮ ચૈત્ર વદ નોમના દિવસે કરી. સવંત ૧૭૯૯માં મહંતશ્રી ત્રિકમગિરિજીએ જીવતા સમાધિ લીધી. તેમનું શિખરબંધ સમાધિ મંદિર શિષ્ય મહંત મેઘગીરીજીએ કરાવ્યું. ત્યારબાદ મહંત તરીકે મેઘગીરી અને બ્રહ્મગીરીજી આવ્યા. તેમણે અનેક જનસેવાનાં કાર્યો કર્યા. તેઓ દેવલોક થતાં તેમની સમાધિની ઉપર પ્રખ્યાત બેનમૂન કલા - કારીગરીવાળું 'બાલગરનું દેવળ' નામે સમાધિ મંદિર બંધાવ્યું. જેની કલા - કારીગરી જોઈને કેશોદની અક્ષયગઢ હોસ્પિટલમાં તેને સ્થળાંતરિત કરવામાં આવ્યું છે.

લખનગિરિજી મહારાજ :

રાજકોટ જિલ્લાના સરપદડ ગામે સ્વામી લખનગિરિજી મહારાજે સંવત ૧૫૧૦માં મઠ બંધાવ્યો. આ વિરલ વિભૂતિએ સવંત ૧૫૫૨ના શ્રાવણ સુદ ૧ ને રવિવારે જીવતા સમાધિ લીધી. જેનું શિખરબંધ મંદિર આજે પણ મહાત્માની યાદ તાજી કરાવે છે.

સિદ્ધ શ્યામસુંદરગિરિજી :

આ સંત ધ્રોલ ઠાકોર શ્રી હરધોળજીના ગુરુ હતા. સંતના બગીચામાં ૩૫૦ આંબાઓ હતા. તે જોઈને દિવાનની દાનત બગડી. બગીચાની માગણી કરી. બાપુએ તે સાડા ત્રણસોએ આંબાને આંબલી બનાવી દીધી. આ ચમત્કાર જોઈને દિવાન ગભરાયો અને બાપુના પગ પકડી લીધા. આ ચમત્કારથી સંત હૃદયમાં પસ્તાવો થતાં જીવતાં સમાધિ લીધી. જે હાલ મોજૂદ છે. તેમના પરિવારો તેને પૂજે છે.

સિદ્ધ રામનાથગિરિજી :

વઢવાણના કાળેશ્વર મહાદેવના મહંતશ્રીને માતાજી વાઘેશ્વરી પ્રસન્ન થયા અને તેમની મૂર્તિ ફાટસરના તળાવમાંથી ખોદાવી તેના ઉપર પાકું મંદિર બંધાવ્યું. આ સંત રામનાથગિરિ બાપુએ જીવતા સમાધિ લીધેલ, તે આજે વાઘેશ્વરી મંદિરની જગ્યામાં આવેલ છે. તે સમાધિ મંદિર તેમના શિષ્ય શંકરગિરિજીએ પાકું બંધાવ્યું.

સંત મહાદેવપુરીજી :

રાજકોટ જિલ્લાના ચીભડા ગામે સંત મહાદેવપુરીજીએ સંવત ૧૮૭૨માં જીવતા સમાધિ લીધેલી. આ મહાત્માએ દુધાત્રા શાખાના એક કણબીને સમાધિ લીધા પછી દર્શન આપી કામળી અને કોરી (રૂપિયો) આપેલી. જે હાલ પણ દુધાત્રા શાખાના કણબી પટેલને ત્યાં મોજૂદ છે. તેઓ તેની પૂજા કરે છે. સંત મહાદેવપુરીજીના શિષ્ય ભીમપુરી અને તેમનો પરિવાર હાલ ખીરસરા, ચીભડા, કણકોટ અને મોરબીમાં વસે છે.

સંતશ્રી અમરપુરીજી :

મહેસાણા જિલ્લાના બાસણામાં સંત શ્રી અમરપુરીજીએ અનેક ચમત્કારોથી ભરપૂર જીવન જીવી સંત પરંપરા ઉજાળી છે.

અમરપુરીજી મહારાજના જન્મકાળની ખબર ન હોવા છતાં લોકોક્તિ પ્રમાણે તેઓ હિમાલય તરફથી આવ્યા હતા. સંસારી જીવોની મુક્તિ અને કલ્યાણ અર્થે ભ્રમણ કરતા હતા. ગુરુશિખર, કોમલગઢ થઈ સિદ્ધપુરમાં ધૂણી ધખાવી. ત્યાંથી વિસનગર અને ત્યાર પછી સિદ્ધ ટેકરી પર તળાવકાંઠે આંબલીના ઘટાદાર વૃક્ષ નીચે આસન જમાવી ધૂણીની સ્થાપના કરી. સેવકો પણ મહારાજ સાથે રહેવા માગતા હોઈ કુટુંબ સાથે વસવાટ કર્યો. ગામ વસ્યું. પ્રથમ તોરણ સવંત ૧૬૦૨ માં બાંધ્યું. બાવાના આસન ઉપરથી બાસણા ગામનું નામ પડ્યું.

અમરપુરી મહારાજે પોતાનું જીવન કાર્ય પૂરું કરીને જીવંત સમાધિ સૌને આશીર્વાદ આપીને લીધી ધૂણીવાળાના સોગંદ આજે પણ તે વિસ્તારમાં કોઈ ખોટા ખાતું નથી.

રૂગનાથ ગિરિબાપુ :

મહેસાણા જિલ્લાના વિરપુર તાલુકાના માણસા ગામે નરબદા કૂવાની ઉત્તર બાજુએ રૂગનાથગિરિ મહારાજ (બાવાજી મહારાજ) ની આશરે ૨૫૦ વર્ષ પહેલા લીધેલી જીવંત સમાધિ છે. તેમનું કદ ઠીંગણા કદનું દાઢી-જટા વાળું હતું. તેમનો આવેશ આવે છે, ત્યારે અલખ નિરંજન, આહલેકનો નાદ ગજાવે છે. તેમને સુખડીનું નૈવેદ ધરાવવામાં આવે છે.

અજીતવનજી :

ખેડા જિલ્લાના આંકલાવ ગામે ૪૩૭ વર્ષ પહેલાં નાગરવાડા વડોદરાથી ગિરધરવનજી આવેલા. ત્યારબાદ તેમના શિષ્ય અજીતવનજી આવ્યા. તેમણે ૧૨ વર્ષ આબુ પર્વત પર જઈ તપ કર્યું અને ત્યાંથી આવી ઈ.સ. ૧૬૦૫માં આંકલાવમાં જીવતાં સમાધિ લીધી. તેમની સવાર - સાંજ પૂજા - અર્ચના કરવામાં આવે છે.

ગંગાગિરિજી :

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ગોઠડા ગામે ધામણી નદીના કિનારે ગોદડિયા મહાદેવજીની જગ્યામાં સંત શ્રી ગંગાગિરિજીએ જીવતાં સમાધિ લીધેલી છે. જે આજે પૂજાય છે.

લાલ ભારતીજી :

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના વાવ ગામે આજથી ૬૦૦ વર્ષ પહેલાં સિદ્ધપુરથી આવીને સંતપુરુષ લાલ

ભારતીજીએ જીવતાં સમાધિ લીધેલી. આજે આ સમાધિ પાસે ખોટા સોગંદ ખાઈ શકાતા નથી. હાલ આ સમાધિ પૂજાય છે.

હરીપુરીજી :

બનાસકાંઠાના ડીસા તાલુકાના ગોઢા ગામે સંત હરદેવપુરીજીના શિષ્ય હરીપુરીજીએ વિશાળ ધાર્મિક પૂજા વચ્ચે અહાલેકના નાદે ભૂમિમાં જીવતા સમાધિ લીધી હતી. સમાધિના દર્શને આજે પણ હજારો ભાવિકો આવે છે.

મુનિ મહારાજ :

બનાસકાંઠાના પાલનપુર તાલુકાના માંલકા ગામે મુનિ મહારાજે જીવંત સમાધિ લીધી છે. તેઓ મૌનવ્રત પાળતા તેથી લોકો તેમને મુનિ મહારાજના નામથી ઓળખતા. તેમની અખંડ ભક્તિ તથા સિદ્ધિથી દાંતા સ્ટેટના મહારાજ શ્રી ભવાનીસિંહ તથા પાલનપુર નવાબ શ્રી તાલમહંમદખાન ખૂબ આદર આપી તેમને ગુરુ તુલ્ય માનતા હતા.

ગોપાલપુરી મહારાજ :

બનાસકાંઠાના સૌથી મોટા મઠ રાજપુરના મઠાધિપતિ પૂજ્ય ગોપાલપુરીજીએ જીવંત સમાધિ લીધેલી. તેઓ તપસ્વી હતા અને કૃષ્ણની માફક ગાયોના ગોવાળ તરીકે રહેતા. આજે રાજપુર મઠની બાજુના પંદરેક ગામોમાં એમનાં પગલાંની પ્રતિષ્ઠા કરી ભવ્ય મંદિરો બાંધી તેમની સવાર-સાંજ પૂજા કરવામાં આવે છે.

ફકીરનાથ ગિરિબાપુ :

દેશ વઢિયારના ગામ શંખેશ્વરના મઠમાં સિદ્ધ ફકીરનાથ બાપુએ સંવત ૧૫૭૭માં જીવતા સમાધિ લીધી. જેનું પાકું દેવળ તેમના શિષ્ય મહંત રામનાથગિરિ બાપુએ બંધાવેલ છે.

સંત આણંદગિરિજી મહારાજ :

ઈ.સ. ૧૪૦૦માં એક સંત થયા. ગોસ્વામી આણંદગિરિજી. તેમણે પોતાના નામ પરથી આણંદ ગામ વસાવ્યું. જે હાલ ગુજરાતની અમૂલ ડેરીવાળું વિખ્યાત શહેર ગણાય છે. હાલમાં પણ આણંદમાં ગોસાઈ ફળિયું - મઠ - હનુમાન મઢી વગેરે સ્થળો આ ઇતિહાસની સાક્ષી પૂરે છે. ઈ. સ. ૧૪૦૬માં આણંદગિરિ બાપુએ જીવતાં સમાધિ લીધી. જે સમાધિ મંદિર હાલ મોજૂદ છે. મૃત્યુની મોજ માણવી એ ગોસ્વામી સમાજના સંતોની પ્રણાલી છે. મૃત્યુ તેઓને નહીં પરંતુ તેઓ મૃત્યુને બોલાવતા અને મૃત્યુના માંડવા રોપી મહોત્સવ મનાવતા.

ખેતપુરીજી અને સંતપુરીજી મહારાજ :

કમાણા મઠમાં સવાળા મઠના મહંત શ્રી ભભૂત ભારથીજીના ગુરુભાઈ શ્રી નારાયણ ભારતીજી મહંત પદે આવ્યા. આ યોગનિષ્ઠ મહાત્માના સમયે ઉત્તર તરફથી શ્રી સંતપુરી (શિવપુરીજી) અને બીજા ચૈતન્ય પુરુષ ખેતપુરીજીનું આગમન થયેલ. આ બન્ને મહાત્માઓએ ત્યાં તપનિષ્ઠ જીવન વ્યતીત કર્યું. જેમાં ખેતપુરીજીની ધૂણી પૂજવવામાં આવે છે. આ મઠમાં શ્રી ખેતપુરીજી અને સંતપુરીજીએ જીવંત સમાધિ લીધી છે.

ગંગાગિરિ તપસ્વી બાપુ :

ઝાલાવાડના મૂળી માંડવરાયજીના શ્રી ગંગાગિરિજીએ સવંત ૧૬૦૭માં જીવતા સમાધિ લીધી. તેમના શિષ્ય સુખરામગિરિએ ત્યાં પાકી સમાધિ બંધાવેલ છે.

સંત દયાલવન :

મોરબી તાબાના ધુનડા ગામે સવંત ૧૫૪૬માં સંત દયાલવનજીએ જીવતાં સમાધિ લીધી. આ પરિવાર જડેશ્વર (સજનપર) મહાદેવ (વાંકાનેર) ના પૂજારીઓ છે. તેમના વંશજ વાંકાનેર, ધુનડા, ઢુવા, વઘાસિયા, લુણસર વગેરે ગામે રહે છે.

દિગંબર સુખદેવગિરિજી :

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં વાસુકી મઠમાં મહંત દિગંબર શ્રી સુખદેવગિરિજી મહારાજે સવંત ૧૬૩૨માં જીવતા સમાધિ લીધી. જે હાલ તેમના વંશજો પૂજે છે.

મયાગિરિજી :

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં ભોગાવા નદીને કાંઠે ફુલેશ્વર દાદાની દક્ષિણ બાજુએ સંત શ્રી મયાગિરિજી બાપુએ પાંચસો વર્ષ પહેલાં જીવંત સમાધિ લીધી છે. આ સંતની અનેક લોકો માનતા માને છે.

એકરાણગિરિ બાપુ :

આ સંત પુરુષ હરિદ્વાર, કચ્છ, અંજાર થઈ જાડેજા દરબારો સાથે કાલાવડ આવેલ અને નગરનાકા બહાર મઠ સ્થાપેલ. તેઓ સિદ્ધપુરુષ હતા. તેમણે સંવત ૧૭૦૨ના મહા સુદ અગિયારસને સોમવારે જીવતા સમાધિ લીધેલી. જે હાલ પૂજાય છે.

સલુગિરિ બાપુ :

કાલાવાડ તાલુકાના લલોઈ ગામે સલુગિરિબાપુએ સંવત ૧૬૦૦માં જીવંત સમાધિ લીધી. ત્યાં વિશાળ આશ્રમ હતો. તેમાં ઘણા સંત - સાધુઓ રહેતા અને આજુબાજુનાં ગામોમાં ધર્મ પ્રચાર કરતા. તેથી વિધર્મીઓએ આશ્રમ ઉપર આક્રમણ કર્યું. લોહીલુહાણ લડાઈ થઈ. લોહીની નદી ચાલી. તેથી આશ્રમવાળા ગામનું નામ લલોઈ પડ્યું. તે વખતે સલુગિરિબાપુ અને તેના અમુક શિષ્યો બચ્યા હતા. આ બનાવથી સલુગિરિબાપુને દુઃખ લાગતાં તેમણે જીવંત સમાધિ લીધી. તપોનિષ્ઠ સંતની આજે માનતાઓ થાય છે.

સંવત્સરીના દિવસે ગામના બાળકોને જમાડવામાં આવે છે. ભજન, શક્તિપૂજન થાય છે. ખેડૂતો વાવણી વખતે બાપુને શ્રીફળ વધેરી દીપ પ્રગટાવી પછી જ વાવણી કરવા જાય છે.

લક્ષ્મણગિરિ બાપુ :

જામનગર જિલ્લાના કાલાવડ (શીતલા) દશનામ મઠમાં સંત શ્રી લક્ષ્મણગિરિબાપુએ વિક્રમ સવંત ૧૩૦૦માં જીવતા સમાધિ લીધી છે. સંવત ૭૧૫માં કાઠી આપા કાળાને શીતળા માતાજીએ સ્વપ્નમાં દર્શન આપી ગામ વસાવવા આદેશ આપેલ. કાલાવાડી નદીને કાંઠે કાળેશ્વર મહાદેવને ધ્યાનમાં રાખી ગામનું નામ કાલાવડ રાખ્યું. તે વખતે કાળેશ્વરમાં લક્ષ્મણગિરિજીએ આશ્રમ સ્થાપેલ. આજે તેમની માનતા ચાલે છે અને લોકો દર્શને પણ આવે છે.

વાચક દોસ્તો ! આ પ્રકરણનો અંત ક્યારેય ન આવી શકે. અસંખ્ય સંતો, સંન્યાસીઓ, સાધુઓએ જીવતાં સમાધિઓ લીધી છે. અસંખ્ય વીરાંગનાઓ - સતીઓએ સ્વેચ્છાએ અગ્નિમાં સળગીને પ્રાણોત્સર્ગ કર્યા છે. ઝાલાવાડના હળવદ શહેરમાં આવું સતીઓના પાળિયાઓનું નગર છે. અનેકનેક જૈન સંતોએ સંલેખના ધારણ કરી જીવનલીલા સંકેલી લીધી છે. સમાધિસ્થાનકો ગામડે - ગામડે છે. તેથી આપણે અહીં જ અટકીએ અને જીવતા સમાધિ લેતી વખતે જે દશનામ ગોસ્વામી સમાજમાં વિધિ-વિધાન થાય છે તેની ટૂંકમાં વિગત જોઈએ.

સમાધિનું પ્રમાણ :

સમાધિની ઊંડાઈ દંડી સંન્યાસીના દંડ જેટલી એટલે કે આશરે પાંચ થી છ ફૂટ અને પહોળાઈ ૩.૫ થી ૪ ફૂટની ભૂમિના તળને અનુસરીને રાખવી. તેમાં મૃતદેહને બેસાડવાની ગુફાનું માપ : પહોળાઈ ૩ થી ૩.૫ ફૂટ, લંબાઈ ૨ થી ૨.૫ ફૂટ અને ઊંચાઈ ૩ થી ૩.૫ ફૂટ મુજબ રાખવું.

મૃત ક્લેવર જેને આપણે મૂર્તિ કહીએ છીએ તેને શક્ય હોય તો સ્નાનવિધિ વખતે અષ્ટોત્તર એટલે ૧૦૮ કળશ વડે રુદ્રાભિષેકથી સ્નાન કરાવવું. બાદ ભગવું વસ્ત્ર, રુદ્રાક્ષ ધારણ કરાવી ભસ્મનું ત્રિપુંડ કરવું. સાંસારિક બંધનોથી પર/દેહ જીવાત્મા મુક્ત થયા બાદ શિવરૂપ બનતો હોઈ, વાજતે - ગાજતે પાલખીમાં સમાધિસ્થાને લઈ જવાય છે.

સમાધિમાં પ્રથમ ગોબરનો ઓટો કરવો પછી સબરસ (નિમક) અને વિભૂતિ (ભસ્મ) નો પટ આપવો. ગુફામાં જ્યાં મૂર્તિ બિરાજવાની છે ત્યાં વાઘાંબર મૃગચર્મ અથવા દર્ભાસન પાથરી તેના ઉપર મંત્રોચ્ચાર સાથે મૂર્તિ પધરાવવી. પાવડી આપી જમણી બાજુ પાણીનું કમંડળ (તુંબી) મૂકવી. નૈવેધ તથા દીપ મૂકવાં. દંડી સન્યાસી હોય તો દંડનું વિસર્જન કરી તેના ત્રણ ટુકડા કરીને ત્રિકોણ આકૃતિ રૂપે તેની સામે મૂકવા. ત્યારબાદ નિમક ભસ્મ અને મૃતિકા (માટી) મસ્તક દેખાય ત્યાં સુધી ભરવા પછી કુંડું મસ્તક પર રાખીને કાચી સમાધિ પૂર્ણ કરવી.

કાચી સમાધિ પર ગોખ કરવો. ગાયના છાણ વડે લીંપી જળ અભિષેક કરવો. અબીલ, ગુલાલ, કંકુ અને પુષ્પો વડે સમાધિને પૂજવી. દીપ પ્રગટાવો. શ્રીફળ અને સાકરને નૈવેધ રૂપ ધરવા અને તેનો પ્રસાદ આપવો.

નોંધ : ગુફા ઉત્તરાભિમુખ રખાય છે. તેનું પ્રયોજન કે દેવોની વાસ ઉત્તર દિશામાં છે.

સમાધિ માટેની વસ્તુઓ :

(૧) શ્રીફળ (૨) ભગવું કાપડ (ડોલી માટે ૮ મીટર પાલખી માટે મીટર) (૩) તુંબી નંગ-૧ (૪) કોડિયાં નંગ-૪ (૫) કંડુ નંગ-૧ (૬) રામરસ (નિમક) ૨૫ થી ૫૦ કિલો (૭) અગરબત્તી (૮) ગાયનું ઘી (૯) રૂ (૧૦) પવનપાવડી (૧૧) ગાયનું ગોબર - છાણ (૧૨) અબીલ (૧૩) ગુલાલ (૧૪) કંકુ (૧૫) ગંગાજળ (૧૬) હાર નંગ-બે તથા છૂટાં ફૂલ (૧૭) રુદ્રાક્ષનો પારો (૧૮) સુખડ કે ચંદન (૧૯) ભભૂતિ (૨૦) અત્તરની શીશી નંગ - ૧ (નાની)

દશનામી અંતિમ સંસ્કાર વિધિ - કૈલાશવાસીના ઘરે કરવાની વિધિ

ચોકો (ઘેર) આપવાનો મંત્ર

ૐ ગુરુજી
ધરતી કી માટી ઔર ગંગા જમના કા નીર
ગાય કી ગોબરી ચોકો દેવે હનુમંત વીર,
તહેં ચંદન, કંકુ ચોક પુરાયા
ઈતના ચોકો મંત્ર પૂરણ ભયા,
કૈલાશ પર બેઠકર મહાદેવજીને
પાર્વતી કો સુનાયા
બોલો સંતો સદાશિવ હર.....

આસન આપવાનો મંત્ર

ૐ ગુરુજી
જાણ જાણ ગાયત્રી જાણ,
અવતરવાની ચારો ખાણ
કંઈ નર આવે કંઈ નર જાવે
કંઈ નર ધરતી મેં સમાયે,
અંત ઘડી ગત ગંગા ખડી
મુખસે ગાયત્રી સુનાવે
સુનકર હંસા મુક્તિ ફૂલ પાવે
આસન લગાને કા મંત્ર પૂરન ભયા
કૈલાશ પર બેઠકર મહાદેવજીને

પાર્વતી કો સુનાયા
બોલો સંતો સદાશિવ હર....

અક્ષય મંત્ર (કાનમાં કહેવાનો)

ૐ ગુરુજી
અક્ષય નામ ! અલખ પુરુષ રખવાળા
જે હી નામસે નારાયણ કી કાયા :
ઘટ છૂટે સો જીવ મોક્ષ પામે
અક્ષય નામ સે પાર લગાયા
હંસા ભવસાગર છોડકર
જબ અમરલોક મેં જાય
લગા, પટા પરવાના સંપૂર્ણ કિના
તબ અલખ ધણીને દર્શન કિના
મોર છાપ સંપૂર્ણ કિના
શંભુ ગોરા પ્રત્યે કહી દિના
અક્ષય મંત્ર પૂરન ભયા
કૈલાશ પર બેઠકર મહાદેવજીને
પાર્વતી કો સુનાયા
બોલો સંતો સદાશિવ હર....

કાનમાં કહેવાના અક્ષય મંત્ર પછી સ્નાન કરાવવાનો મંત્ર જેને અઘોર ગાયત્રી કહે છે તે બોલાય. ભગવા મંત્ર (રંગવા અને પહેરાવવાના) બોલાય, રુદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર, ભસ્મ - વિભૂતિ મંત્ર, ઝોળી આપવાનો મંત્ર બોલાય, તુંબી મંત્ર બોલાય અને પછી સમાધિ ખોદતા પહેલાં જમીન ગાળવાનો અને જમીન અમર કરવાનો મંત્ર બોલાય, જમીન ખોદવાનો મંત્ર શરૂ થાય, જમીન ખોદાય જાય પછી જ્યાં સમાધિ આપવાની ત્યાં સમાધિમાં ચોકો દેવાનો મંત્ર બોલાય, સમાધિમાં મૂર્તિ બેસાડવાનો મંત્ર, સબરસ (નમક) નાખવાનો મંત્ર બોલાય, સમાધિમાં માટી આપવાનો મંત્ર બોલાય, પવનપાવડી આપવાનો મંત્ર, પાવડી આપ્યા પછી કંકુ વાળવાનો મંત્ર બોલાય, સમાધિ દેવાયા બાદ શિવ ગાયત્રી, ગણેશ ગાયત્રી બાદ વિષ્ણુ ગાયત્રી બોલાય છે. છેવટે શિવ સ્તુતિ અને મૃત્યુંજય જાપ બોલાય છે. સ્થળસંકોચને લીધે ઉપરોક્ત બધા મંત્રો આપી શકાય તેમ નથી એટલે વિધિ-વિધાનનો ઉલ્લેખ કર્યો છે.

પરાપૂર્વ અનાદિકાળથી સ્થૂળ શરીર છોડી જતા આત્મા પછી ચેતન રહિત શરીરનો અંતિમ સંસ્કાર વેદોક્ત કાળથી અસ્તિત્વ ધરાવે છે. વેદોક્ત સંસ્કૃતિ મુજબ માનવીને જન્મથી મરણ સુધી ૧૬ સંસ્કાર કરાય છે. તેમાં અંત્યેષ્ટિ એ સોળમો સંસ્કાર પંચમહાભૂતોના પૂતળાને જલ્દી પંચમહાભૂતમાં ભેળવી દેવા નીચે મુજબની પ્રણાલિકા પ્રચલિત છે.

અરણ્યદાહ : શબને અરણ્ય (જંગલમાં) છોડી દેવું.

જલદાહ : મૃત શરીરને જલ પ્રવાહમાં છોડી દેવું.

અગ્નિદાહ : અગ્નિસંસ્કાર કરવા. સાંપ્રત કાળમાં વિદ્યુતદાહ પણ દેવાય છે.

ભૂમિદાહ : સમાધિ આપવી.

પંચમહાભૂતો પૈકી પ્રથમ જ્યોતિ તત્ત્વ ચાલ્યું જાય, ત્યાર પછી આકાશ અને વાયુતત્ત્વ પણ છોડી જાય છે. પણ પૃથ્વી અને જળતત્ત્વ પાર્થિવ દેહમાં બાકી રહે છે.



યોગીઓ, સંન્યાસીઓ, મુનિઓ અને શિવશક્તિ સંપ્રદાયના તથા વૈરાગી સાધુઓ, ભક્તોને તેમની અને ભક્તોની ઇચ્છા મુજબ અગ્નિદાહ કે ભૂમિદાહ એટલે કે સમાધિ અપાય છે.

સાધુ - સંતો અને પરમ ગુરુજનોની સ્મૃતિ કાયમ રહે, તે માટે તેમના શિષ્યો અને ભક્તજનો ભૂમિદાહ (સમાધિ) ના સંસ્કાર કરીને તે જગ્યાએ સમાધિ બનાવતા. આ પ્રથા સાંપ્રત કાળમાં પણ ચાલુ છે. કારણ કે સમાધિ હોય તો તેમના અનુયાયીઓ અને કુટુમ્બીજનો સમાધિદર્શનથી પોતાની ભાવના મૂર્ત કરી શકે છે. અનેક સાધુ - સંન્યાસીઓ, સંતોએ સમાધિ લીધા બાદ આપેલ પરચાની સાબિતીઓ સૌરાષ્ટ્ર - ગુજરાત - કચ્છમાં અનેક સ્થળોએ મોજૂદ છે.

સંદર્ભ :

(૧) મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળ, સુવર્ણ જયંતી ગ્રંથ.
(૨) દશનામ ગોસ્વામી સમાજ, સુરેન્દ્રનગર શહેર, પરિવાર પરિચય પુસ્તિકા.
(૩) આંતરરાષ્ટ્રીય લોકકલાકાર ગોપાલ બારોટ, સુરેન્દ્રનગર.
(૪) જૈન ધર્મ, દર્શન અને સાહિત્યના જૈન પંડિત મહાસુખભાઈ રતિલાલ શેઠ, સુરેન્દ્રનગર
(૫) 'સંતોનાં ચરણોમાં' અને 'સંત પરમ હિતકારી' પુસ્તકો. સંપાદકો : અરવિંદ આચાર્ય અને ભૂપેન્દ્ર દવે.
(૬) 'સોરઠી સંતો' ઝવેરચંદ મેઘાણી.

"પૂર્વાલય", ૮, પરિમલ સોસાયટી,
દાળમિલ રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧
મોબાઈલ : ૯૪૨૭૬ ૮૬૦૦૬

લોકગીતોમાં સાસુ-વહુ : ક્યાંક સામે સામે, ક્યાંક સાથે સાથે !

- નીલેશ પંડ્યા

'સાસુ' શબ્દ બોલતાં, સાંભળતાં કે વાંચતાં બે પ્રકારના ચહેરા નજર સમક્ષ તરવરવા લાગે; એક શાંત, સૌમ્ય, મૃદુભાષી, સ્મિત ફરકાવતાં સાસુ ને બીજાં કઠોર, ક્રૂર, મેણાં બોલનારાં, હાથ ઉપાડનારાં, પક્ષપાતી સાસુ ! આપણી આજુબાજુ બન્ને પ્રકારનાં સાસુઓનો વાસ હોય છે. જે વહુવારુ સદનસીબ હોય એને પ્રથમ પ્રકારનાં સાસુ મળે પણ દરેક કન્યાની અંતરતમ તમન્ના એવી હોય છે કે એવા ઘરમાં એનું સગપણ થાય જ્યાં સાસુ હોય. સાસુ વિનાનું ઘર છતવિહોણા મકાન જેવું ભાસતું હોય છે. જેવાં પણ હોય, વહુ માટે સાસુ-મા હોય છે !

અનુભવનું શાસ્ત્ર એમ કહે છે કે જે સાસુનું વહુ સાથે ને વહુનું સાસુ સાથે અંતર એકાકાર થઈ ગયું એ ઘરમાં ખુશહાલીનો હંમેશાં ગુણાકાર જ થયા કરે છે. સાસુને ગમતી વહુને આંગણે ક્યારેય દુઃખના દરિયા ઘૂઘવતા નથી, ઊલટું સુખના સમંદરમાં કાયમ ભરતી જ આવ્યા કરે છે; એટલે જ તો બાલિકાઓ, કુંવારિકાઓ અને પરિણીતાઓ માટે મોળાંવ્રત, જયાપાર્વતી, દિવાસો, એવરત-જીવરત, ફૂલકાજળી, કેવડાત્રીજ જેવાં વ્રતો અસ્તિત્વમાં આવ્યાં ને નદી-તળાવમાં શીતજળે સ્નાન,એકટાણું, ઉપવાસ, અલૂણાં ભોજન, અડધી રાતનું જાગરણ, આખી રાત-દિવસનું જાગરણ દ્વારા દીકરીઓ-વહુવારુઓને સાસરિયામાં 'એડજસ્ટ' થઈ જવાની 'ઈન્ટર્નશિપ' કરાવાતી હોય છે.

જ્યારે ચૌદ-પંદર વર્ષની દીકરી કોઈ ઘરની વહુ બની જતી; પાંચીકે રમવાની ઉંમરમાં 'બાલિકાવધૂ' ને રોટલા ઘડવા પડતા; શરૂઆતમાં રસોઈ બગડે, વસ્તુની ઢોળફોડ થાય તો એનું આવી બને. અહીં વહુથી માટીની એક ઢાંકણી ફૂટી ગઈ ને સાસુના મોંમાંથી મેણાંનું બોમ્બાર્ડિંગ થવા લાગ્યું

સો-બસો કે એનાથી પણ વધુ વર્ષો પૂર્વે આપણે ત્યાં સાસુ-વહુ વચ્ચે કેટલું સાયુજ્ય, કેટલું ખેંચતાણ, કેટલી સંવાદિતા-વિસંવાદિતા હતી એ જાણવું હોય તો લોકગીતોના 'રેપિડ ટેસ્ટ' દ્વારા તરત જ જાણી શકાય. સાસુ-વહુના ખટ્ટમધુરા સંબંધો ઉજાગર કરતાં અનેક લોકગીતો ગૂર્જરી ગિરામાં મળે છે ને એના થકી સમજાય છે એ કાળનું સાસુ-વહુનું પુરાણ.

દાદા હો દીકરી, વાગડમાં ના દેજો રે સૈ,
વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે...
દી'એ દળાવે મને રાતડીએ કંતાવે રે સૈ,
પાછલે રે પરોઢિયે પાણીડાં મોકલે રે...દાદા૦
ઓશીકે ઈંઢોણી મારી પાંગતે સીંચણિયું રે સૈ,
સામે રે ઓરડીએ મારું બેડલું રે...દાદા૦

અતિશય લોકપ્રિય આ લોકગીતમાં સાસુ માટે 'વઢિયારી' અને 'દોહ્યલી' જેવા શબ્દ વહુએ ઉચ્ચાર્યા છે. વઢિયાર પંથકનું હોય તે વઢિયારું પણ વઢિયારા બળદ ઘણા જ બળુકા, સ્ફૂર્તિલા ને મારકણા હોય છે. અહીં સાસુ 'વઢિયારી' છે ! દોહ્યલું એટલે દુર્લભ પણ વહુએ જે પ્રકારના ત્રાસનું અહીં વર્ણન કર્યું છે એ જોતાં સાસુ એવી દુર્લભ છે કે એના જેવો સિતમ ભાગ્યે જ કોઈ ગુજારી શકે !

ઓતરાદા દેશ મહીં દીકરી જન્મ્યાં
ને પાટણમાં પરણાવ્યાં જી રે,
પરણાવીને દીકરીને સાસરે વળાવ્યાં
સાસુએ રાંધણામાં નાખ્યાં જી રે.
રાંધતાં રાંધતાં ઢાંકણી નાંદી,
સાસુજી મેણાં બોલ્યાં જી રે,
પાળે તે બેઠાં હો પંખીડાં !
મહિયરીએ જઈ આવો જી રે,
મારા દાદાને એટલું તે કે'જો,
દીકરીનાં મેણાં ભાંગો જી રે.

નવીસવી વહુને રસોડું સોંપી દીધું. આ એ યુગની વાત છે જ્યારે ચૌદ-પંદર વર્ષની દીકરી કોઈ ઘરની વહુ બની જતી; પાંચીકે રમવાની ઉંમરમાં 'બાલિકાવધૂ' ને રોટલા ઘડવા પડતા; શરૂઆતમાં રસોઈ બગડે, વસ્તુની ઢોળફોડ થાય તો એનું આવી બને. અહીં વહુથી માટીની એક ઢાંકણી ફૂટી ગઈ ને સાસુના મોંમાંથી મેણાંનું બોમ્બાર્ડિંગ થવા લાગ્યું. મૂંઝાયેલી, ડરેલી વહુએ તેના પિતાને સંદેશો મોકલ્યો કે મારાં મેણાં ભાંગો, તમે નવી ઢાંકણી લાવી આપો ત્યારે જ હું ગુનામુક્ત થઈશ !

મારી સાસુ તે મરચાં જેવડી
ચાંદલિયા વીર ! માને કે'જો આણાં મોકલે,
મારી સાસુ તે મરચાં જેવી
કાંઈ તીખી લાગે, કાંઈ તીખી લાગે...

વહુ ચાંદાને સંબોધીને પોતાના પિયર સંદેશો મોકલે છે

કે ઝટ મને આણું તેડી જાય તો મરચાં જેવાં સ્વભાવવાળાં સાસુથી મને થોડાં દિવસ છૂટકારો મળે !

પિયરિયું અત વાલું રે, ના મા
નૈ જાઉં સાસરિયે રે.
સાસરિયે જાઉં તો મારી સાસુજી ભૂંડાં
દળણાં દળાવે રે ના મા,
નૈ જાઉં સાસરિયે રે.
પિયરિયે રહું તો મારી માતાજી સારાં
દીકરી કહી બોલાવે રે ના મા,
નૈ જાઉં સાસરિયે રે.

સાસુ અને માતા વચ્ચે અહીં વર્તણૂકનો ફરક નોંધનીય છે. કામ કરવાથી કોઈ વહુ ક્યારેય થાકતી નથી પણ એની સાથે વહેવાર કેવો થાય છે એ બહુ અસર કરે છે. આવાં અન્ય લોકગીતો પણ છે, જેમકે-

શરદપૂનમની રાતડી રંગ ડોલરિયો
માતાજી રમવા ઘો રે રંગ ડોલરિયો
રમી ભમી ઘેર આવિયાં રંગ ડોલરિયો
માતાજી જમવા ઘો રે રંગ ડોલરિયો
માતાએ પીરસી લાપસી રંગ ડોલરિયો
મહીં પળી એક આલ્યાં ઘી રે રંગ ડોલરિયો
બાઈજીએ પીરસ્યું બાજરિયું રંગ ડોલરિયો
મહીં ટીપું આલ્યાં તેલ રે રંગ ડોલરિયો

નકારાત્મક કે પ્રતિબંધિત વાત કે વસ્તુ ઝટ પ્રસાર પામે છે એ ન્યાયે સાસુ-વહુની ચાર દીવાલો વચ્ચે થયેલી મૌન કે શાબ્દિક લડાઈ જગતના ચોક્માં પ્રકાશિત થઈ ગઈ પણ કેટલીય સાસુ-વહુ વચ્ચેના માતા-પુત્રીવત્ વ્યવહારો ઓછા ગવાયા

અહીં માતા અને સાસુ વચ્ચેનો ભેદ ઊડીને આંખે વળગે છે પણ હદ તો ત્યારે થઈ જ્યારે પોતાના માટે પિયરિયે માતાએ અને સાસરિયે સાસુએ ખાટલા ઢાળ્યો-

માતાએ ઢાળ્યા ઢોલિયા રંગ ડોલરિયો
ઓશીકે નાગરવેલ રે રંગ ડોલરિયો
સાસુએ ઢાળી ખાટલી રંગ ડોલરિયો
ઓશીકે કાળો નાગ રે રંગ ડોલરિયો

સાસુ અને પરિજનોની અવકૃપાનો ભોગ બનેલી સહસ્ત્રાધિક વહુવારુઓ 'આજે નહીં તો કાલે સુખ આવશે' એવી રાહે જીવનદીપ જલતા રાખતી હતી પણ અસહ્ય-અમાપ ત્રાસદી સહ્યા પછી કેટલીય વહુઓની જીવનનૈયા મધદરિયે જ ડૂબી ગયાના દાખલા પણ બન્યા છે. જનજનના હોઠે રમતું આ લોકગીત એની જ સાક્ષી પૂરે છે-

ગામમાં સાસરિયું ગામમાં પિયરિયું રે લોલ,
દીકરી કે'જો સખદઃખની વાત જો !
કવળા સાસરિયામાં જીવવું રે લોલ.
સખના વારા તે માતા વહી ગયા રે લોલ,
દુઃખનાં ઊગ્યાં છે ઝીણાં ઝાડ જો !
કવળા સાસરિયામાં જીવવું રે લોલ.
પછવાડે ઊભી નણદી સાંભળે રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો !
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

● ● ●

સોનલા વાટકડે અમલ ધોળિયાં રે લોલ,
પીઓ ગોરી નકર હું પી જાઉં જો !
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.
ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ,
ઘરચોળાની ઠાંસી એણે સોડ્ય જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

આમ, 'મોટાં ખોરડાં' ની 'આબરૂ' સચવાય એ માટે વહુને જીવ દઈ દેવો પડ્યો !

આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ,
કેમ કરી મારા દઃખના દા'ડા જાય રે
પરણ્યો હાલ્યા રે વેરણ ચાકરી રે લોલ.
ઘરમાં સાસુને નણંદ દોહ્યલાં રે લોલ,
મૈયારિયાની લાંબેરી છે વાટ રે
પરણ્યો હાલ્યા રે વેરણ ચાકરી રે લોલ.

● ● ●

સાહેલડી રે સુણ સાહેલડી
કોને કે'વી દલડાની વાતું,
દુઃખ આ નથી રે જીરવાતું
રે સુણ સાહેલડી
સાહેલડી રે સુણ સાહેલડી
મારી સાસુ મેણાં બોલે
ઈ તો મારા મનને મૂંઝાવે
ઈ તો મારા દલને દુભાવે
રે સુણ સાહેલડી.

આવાં કેટલાંય લોકગીતોમાં સાસુ-વહુ વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો ગવાયા છે.

નકારાત્મક કે પ્રતિબંધિત વાત કે વસ્તુ ઝટ પ્રસાર પામે છે એ ન્યાયે સાસુ-વહુની ચાર દીવાલો વચ્ચે થયેલી મૌન કે શાબ્દિક લડાઈ જગતના ચોક્માં પ્રકાશિત થઈ ગઈ પણ

કેટલીય સાસુ-વહુ વચ્ચેના માતા-પુત્રીવત્ વ્યવહારો ઓછા ગવાયા; છતાં સાવ નથી પ્રગટ થયા એવુંય નથી; આ જુઓ-

એક રંગભર રસિયે પૂછિયું;
રાણી રાજવણ રે તને વા'લું કોણ?
રાતી રે રંગ ચૂડી લ્યો.
સાસરિયામાં વા'લી મારી સાસુડી
મહિયરીએ રે મને વા'લી મા
રાતી રે રંગ ચૂડી લ્યો.

પતિ પૂછે કે તને કોણ વ્હાલું? તો પત્ની પહેલા સાસુને યાદ કરે છે ને પછી એને પોતાની માતા સાથે મૂલવે છે !

આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીઉં રે સાહેલી મારા સપનામાં

આ લોકગીતમાં સસરાને વહુએ ડોલતા ડુંગર જેવા તો સાસુને ડુંગરથી દડતી સ્નેહસરિતા જેવાં કહ્યાં છે.

સોએ સો ટકા કિસ્સામાં સાસુ જ વહુને કનડતાં ? ના, લોકગીતો તો એવું પણ કહે છે કે કેટલીય વહુઓ સાસુઓ પર સિતમ કરતી હતી, જુઓ, અહીં કેવું ચિત્ર ખડું થયું છે-

મેંદી લેશું મેંદી લેશું, મેંદી મોટાં ઝાડ
એક હલાવું ડાળ ત્યાં તો ડાળાં હલે ચાર
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે વાસીદાં વાળી મેલ્ય
મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે કોડમાં દીવો મેલ્ય
મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે.

સાવ 'ભોળી' વહુને સાસુ જે કામ ચીંધે એનાથી ઊલટું જ કરે છે ને હદ તો ત્યારે થઈ જયારે સાસુએ ઢોરઢાંખર બાંધવાની જગ્યા એટલે કે કોડમાં દીવો મૂકવાનું કહ્યું, વહુ તો પહેલેથી જ ભોળી છે એટલે એણે સાસુની સોડમાં દીવો મૂકી દીધો !

આવું જ વધુ એક લોકગીત મળે છે-
મારી સાસુએ એમ કહ્યું કે ભરી આવો વહુ પાણી,
હું કેવી હૈયાની ભોળી, બેડું નાખ્યું ફોડી,
લાલ મેંદી લેવા ગ્યાં'તાં.

આવી જ એક 'નિર્દોષ' વહુ પોતાની સાસુની સામેના મકાનમાં જુદી રહે ને સાસુની સ્પર્ધા કર્યા કરે એનું લોકગીત જુઓ-

બાઈજીને આંગણ આંબલો રે સંઘલાલ,
મારે આવે રૂડી છાંય મોરી સંઘલાલ.
વહુનો વીરો વણજારો રે સંઘલાલ,
હું ને મારી બાઈજી લાડિયાં રે સંઘલાલ,
આવ્યાં અમે ઢીંકાઢીંક મોરી સંઘલાલ
વહુનો વીરો વણજારો રે સંઘલાલ,

બાઈજીએ લીધું સાંબેલું રે સંઘલાલ,
મેં રે લીધી મોટી ઈસ મોરી સંઘલાલ,
વહુનો વીરો વણજારો રે સંઘલાલ,

સાવ 'ભોળી' વહુને સાસુ જે કામ ચીંધે એનાથી ઊલટું જ કરે છે ને હદ તો ત્યારે થઈ જયારે સાસુએ ઢોરઢાંખર બાંધવાની જગ્યા એટલે કે કોડમાં દીવો મૂકવાનું કહ્યું, વહુ તો પહેલેથી જ ભોળી છે એટલે એણે સાસુની સોડમાં દીવો મૂકી દીધો

બાઈજીનું સાંબેલું ભાંગિયું રે સંઘલાલ,
ઈસ નખાવે ચીસ મોરી સંઘલાલ,
વહુનો વીરો વણજારો રે સંઘલાલ,

અવી વહુઓ પણ હોય છે, જે સાસુને ઢીંકે ઢીંકે મારે, (લાકડાની) ઈસથી સાસુને ફટકારે !

ટૂંકમાં, લોકજીવનમાં સાસુ અને વહુ- બે અભિન્ન અંગો છે, એ બન્ને ઘરની આધારશિલાઓ છે. એના વિના ઘર સૂનું, બન્ને પાત્રો ભલે ઝઘડે, વઢે, દાંત કચકચાવે, એ બેય સામે સામે હોવા છતાં સાથે સાથે છે.

'વાણી', ૧ નટરાજનગર,
યુનિવર્સિટી રોડ, રાજકોટ (૩૬૦૦૦૫)
મો.નં. ૯૪૨૬૪-૮૧૩૮૭



"શું ભણતરની ઉપયોગીતા ઓછી થઈ જશે ?"
Exploitation to Irrelevance

- વાગ્મિન બૂચ

ઐતિહાસિક પરિપેક્ષ્યમાં જુદા જુદા સમયે ખાસ પ્રકારની ક્રાંતિઓ થઈ, જેમાં ૧૯મી સદીમાં "ઔદ્યોગિક ક્રાંતિ" પ્રખ્યાત બની. આ ક્રાંતિમાં અનેક પોલિટિકલ પાસાં છે પણ ઘણું અગત્યનું નેગેટિવ પાસું ઔદ્યોગિકીકરણથી જન્મેલી exploitationની સ્થિતિ ગણાઈ એનાથી વિશ્વભરમાં આંદોલનો પણ થયાં ને રાજકીય સમીકરણો પણ બદલાયાં.

હવે નવી ઈન્ફર્મશન ટેકનોલોજી અને બાયોટેકનોલાજીની ક્રાંતિ ખૂબ ઝડપથી આપણાં જીવનમાં પ્રવેશી ચૂકી છે ત્યારે એના કારણે અનેક ફાયદાઓ સાથે કેટલીક વિપરીત પરિસ્થિતિઓ ઊભી થશે તેને પહોંચી વળવું એ ખૂબ કપરી ચેલેન્જ થશે. આ બે ટેકનોલોજીની રોજિંદા જીવનમાં અને આર્થિક ક્ષેત્રોમાં એટલી બધી અસર થશે કે જુદા જુદા પ્રકારના રોજગાર વ્યવસાયમાં માણસની જરૂર જ નહીં રહે અને પરિણામે અગાઉ exploitation થયું તો હવે ભણેલો માણસ પણ નકામો- Irrelevant થઈ જશે એવો ભય સેવાઈ રહ્યો છે.

I will be much harder to struggle against irrelevance they a against exploitation (U.N.Harari)

પરિણામે આ નવી ટેકનોલોજિકલ ઉથલ-પાથલ અંગે સમાજ અને રાજકીય વ્યવસ્થા સમયસર જાગશે નહીં તો મોટી Crisis સર્જાશે.

આ ટેકનોલોજિકલ ક્રાંતિથી જે ઉથલ-પાથલ થાય એ સેમિનાર અને લેખોમાં ચર્ચાય ત્યાં સુધી એની ખાસ ગંભીરતા જણાતી નથી પણ જયારે એની અસર સીધી Job Market પર પડશે ત્યારે ચોક્કસ મોટો ખળભળાટ સર્જાશે.

ઈન્ટરનેટનો પંજો લગભગ દરેક વિષય અને કામગીરીને આવરી લેવા લાગ્યો છે અને ખૂબ વિશાળ પ્રમાણમાં



Database ઊભો થઈ રહ્યો છે. એમાંથી AI-Artificial Intelligenceની નવી પદ્ધતિ ઊભી થઈ રહી છે. દરેક વિષયના વિશાળ Data(માહિતી) ભેગી કરી એનું કોમ્પ્યૂટર દ્વારા ખૂબ ઊંડાણથી ને વ્યવસ્થિત વિશ્લેષણ કરી નિર્ણય, અભિપ્રાય કે નિદાન માટેની પદ્ધતિ ઝડપથી વિકસી રહી છે. પરિણામે વાહન ચલાવવા માટેના સેન્સર, મેડિકલ ટ્રીટમેન્ટ માટેની તમામ જાણકારીના ડેટા, કે કાયદાના પ્રશ્નો માટે બધાં જ પ્રકારના પાસાને સમાવી લેતા ડેટાથી એવી સવલત ઊભી થશે કે વાહન ચલાવવા ડ્રાઈવરની જરૂરત નહીં રહે. મેડિકલ સલાહ માટે ડૉક્ટરની જરૂર નહીં રહે. નાણાકીય સલાહ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કાયદાકીય સલાહ માટે વકીલની જરૂર નહીં રહે. આવું લગભગ દરેક ક્ષેત્રમાં ઝડપથી પ્રસારિત થશે. આને નવું AI = Artificial Intelligence (Machine Intelligence) અપાયું છે જે માણસની બુદ્ધિનો પર્યાય બનશે.

સામાન્ય રીતે માણસની શક્તિઓ / આવડતને ન પહોંચી શકે એવી બે ખૂબ અગત્યની બાબતો અંગે AI સરસ કામ લાગી શકે છે. i.e. કનેક્ટિવિટી અને અપડેટિબિલિટી (Connectivity & Updateability) એક માણસને અનેક માણસ સાથે અથવા અનેક વ્યક્તિઓને અનેક વ્યક્તિઓ સાથે સંપર્ક કરવા જે મુશ્કેલી પડે એની સામે કોમ્પ્યૂટર નેટવક અને અલ્ગોરિધમના ડેટાબેઝ મારફતે થોડી મિનિટોમાં જ વિશ્વભરના સંપર્કોને જોડો શકાય છે. દા.ત. એક મેડિકલ ટ્રીટમેન્ટ માટે વિશ્વભરમાં થયેલ સંશોધનો અને ડાયગ્નોસીસ ખૂબ ઝડપથી ઉપલબ્ધ થઈ શકે એટલે એનાથી એવું બને કે મેડિકલ ટ્રીટમેન્ટ માટે નિષ્ણાત ડૉકટરોની મર્યાદિત જરૂર રહે કારણ AI મારફતે વિશ્વભરની નિષ્ણાત સલાહ ઉપલબ્ધ થઈ શકે ઉપરાંત આ અંગેના છેલ્લામાં છેલ્લા ડેટા (સંશોધનો અને તારણો) પણ AI અને અલ્ગોરિધમ મારફત સતત ઉપલબ્ધ થાય. જે એકલદોકલ ડૉક્ટર માટે મુશ્કેલ બને.

આવું માત્ર મેડિકલ ક્ષેત્રે જ નહીં પણ દરેક વિષયના ક્ષેત્રે થઈ શકે છે પછી તે કાયદાકીય ક્ષેત્ર કે એકાઉન્ટિંગ ક્ષેત્ર પણ હોઈ શકે આ બધા ક્ષેત્રોમાં વિશ્વભરનાં સંશોધનો અભિપ્રાયો વગેરે ઉપલબ્ધ થઈ શકે તેમ જ સતત અપડેશનનો પણ લાભ મળી શકે પણ સાથે ચિંતાનો મુદ્દો એ પણ રહે છે કે ધીરે ધીરે માણસને બદલી AI દ્વારા જ સેવાઓ મળતી જાય તો માણસની જરૂરિયાતની ઉપયોગિતા નહીં રહે ને એક તબક્કે માણસ Irrelevant બની જાય.

બુદ્ધિયુક્ત કામગીરીમાં AI મારફત ચંચુપાત એ

હમણાંનો મુદ્દો છે પણ છેલ્લાં ઘણાં વર્ષોથી હાથ પગથી થતી કામગીરી માનવયંત્રો-રોબોટ વગેરેથી માણસની જરૂરિયાત ઘટવા માંડી છે. દા.ત. આજથી પચીસ-ત્રીસ વર્ષો પહેલાં પ્રિન્ટિંગ પ્રેસની કામગીરી મેન્યુઅલ થતી હતી તે કમ્પ્યૂટર મારફત થવા માંડી છે પરિણામે પ્રિન્ટિંગના જૂના કામદારો બિનઉપયોગી/નકામા થઈ ગયા હવે જ્યારે ડ્રાઇવર વગરની કાર આવી રહી છે ત્યારે ડ્રાઇવરની જરૂરિયાત નહીં રહે અને એમ કહેવાય છે કે આવી Self-driven કારથી ૯૦% અકસ્માતો ઘટી જશે.

એક માન્યતા એવી છે કે કલા-સંગીત-સાહિત્યના ક્ષેત્રમાં હજી AI માણસની હરીફાઈ નહીં કરી શકે. મહદ્અંશે આજની તારીખે આ વાતમાં તથ્ય છે એમ કહેવાય છે પણ અત્યારે પણ મોટા તાનપુરાની જગ્યાએ એક બોક્સ આવી ગયું છે અને ગાયકના અવાજને પણ બદલી શકાય છે ઉપરાંત કરાઓકે દ્વારા અનેક ગીતોના મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા તૈયાર મળી રહે છે પરિણામે હવે વાદ્યકારો વગર પણ ગીત ગાવા માટે સરસ મ્યુઝિકલ ટેકો મળી રહે છે એટલે એક સમય આવશે કે વાદ્યકારોની જરૂરિયાત મર્યાદિત થઈ જશે. એવું જ ચિત્રકળા, શિલ્પકળા કે અન્ય કળાઓમાં ટેકનોલોજી પ્રવેશી રહી છે. સદીઓથી સૌથી બુદ્ધિચાતુર્યની રમત ગણાઈ એ ‘‘ચેસ’’માં વર્લ્ડ ચેમ્પિયન કાસ્પારોવને સ્ટોકફીશ-૮ પ્રોગ્રામથી કોમ્પ્યૂટરે હરાવી દીધો. જે એક સેકન્ડમાં ૭૦૦૦૦ ચેસ પોઝિશન ગણી શકતું હતું પણ હવે ગૂગલે આલ્ફાગીરો મારફતે તેની જગ્યાએ ૮૦૦૦૦ ગણતરીની ઝડપ લાવી દીધી અને ચાર કલાકમાં જ એ ‘‘જિનિયસ’’ ચેમ્પિયન થઇ ગયું.

એવો ભય સેવાઈ રહ્યો છે કે, પરિસ્થિતિ એવી વિચિત્ર હશે કે, એક બાજુ ભણેલા-ગણેલા વકીલો, ડૉક્ટર્સ કે એકાઉન્ટન્ટ Useless - Irrelevant નકામાં થઇ શકે છે. બીજી બાજુ જે પ્રકારના Manpowerની જરૂરિયાત પડશે એ મળશે નહીં એટલે બાવાના બેય બગડયા જેવી સ્થિતિ સર્જાશે. અગાઉ દર્શાવ્યા મુજબ વકીલ કે ડૉક્ટરની ડ્રોન પાયલોટ કે ઓપરેટરની અછત હોય એમાં ઉપયોગ થઈ ન શકે. AI માટે અલ્ગોરિધમ ખૂબ મોટા પાયા પર માહિતી ભેગી કરી એનું સતત વિશ્લેષણ કરી અને ચોક્કસ નિર્ણય કે સૂચના તૈયાર કરવા માટે ખાસ પ્રકારની આવડતવાળાની જરૂરિયાત ઊભી થશે પણ એ કામ ફાજલ થયેલ ડૉક્ટર, વકીલ કે એકાઉન્ટન્ટ ન પણ કરી શકે. છેલ્લાં થોડાં વર્ષોમાં Atomizationને કારણે માણસની જરૂરિયાત ઓછી થવા માંડી છે પણ AI ને કારણે તો એક પ્રકારના ઉચ્ચ કક્ષાનું ભણેલા પણ નકામા થઈ શકે છે

આવી AI ક્રાંતિને કારણે અનેક ધરખમ ફેરફારો આવવાની શક્યતા છે જેમાં માણસની સમગ્ર જીવનની કેરિયર સતત એક જ રહે નહીં એ મુદ્દો પણ છે એક એકાઉન્ટન્ટ, વકીલ કે ડૉક્ટરે ગમે તે તબક્કે જુદા પ્રકારના વ્યવસાયમાં જોડાવું પડે. આ પરિસ્થિતિ પણ એક જાતનો માનસિક તનાવ ઊભો કરશે અને એટલે માત્ર નવી ટેકનોલોજી સાથે કદમ ન મિલાવી શકનારને પ્રશ્નો હશે. એ સાથે આવા વ્યવસાયિક ફેરફારને કારણે ઊભા થતા માનસિક તનાવથી પણ ‘‘જોબ માર્કેટ’’ને વિપરીત અસર થઈ શકે છે.

અલબત્ત ઉપરની વિગતો ભવિષ્યમાં થનારા ફેરફારોથી થનારા મોટા પ્રશ્નો અને એમાંય ખાસ કરીને ‘‘જોબ માર્કેટ’’ના અનુસંધાને છે. આ એક ધારણા ઉપર આધારિત છે એટલે એવી વિષમ સ્થિતિ ન પણ સર્જાય. છેલ્લી અડધી સદીમાં ઓટોમેશનને કારણે ઘણા પ્રશ્નો થયા છે પણ એનાથી મોટા પ્રમાણમાં બેકારીની સ્થિતિ સર્જાઈ નથી અને નવા પ્રકારના નોકરી વ્યવસાયની તકો પણ ઊભી થઈ છે ઉપરાંત એવું પણ બને કે જેનાથી બેકારીનો મોટો ભય થવાની શક્યતા હોય એવા કિસ્સાઓમાં એનો અમલ ધીરે ધીરે થાય એવા પગલાં પણ સરકાર-સમાજ લઈ શકે છે. પણ તેથી કરીને જે ઇન્ટરનેટ-બાયોટેક ટેકનોલોજિકલ ક્રાંતિથી જે ધરખમ ફેરફારોની શક્યતા રહે છે એ અંગે સમાજ અને રાજકર્તા આંખ આડા કાન ન જ કરી શકે. ૧૯મી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ ત્યારે તે સમયની સમાજ વ્યવસ્થા અને રાજકીય વિચારસરણી આ પ્રકારની હલચલ મચાવે એવા ફેરફારો માટે તૈયાર ન હતી અને પરિણામે ઘણા મોટા પ્રમાણમાં અનેક મુશ્કેલીઓ સર્જાયેલી એટલે નવી AI અને બાયોટેકના કારણે જે મોટા ફેરફારો આવશે એને પહોંચી વળવા અત્યારથી અનેક ક્ષેત્રે વિચારણા કરવી પડશે કારણ કે એના ફાયદા પણ એટલા બધા હશે કે એનો અમલ રોકવો પણ પ્રગતિની વિરુદ્ધ હશે. એમ મનાય છે કે, આ નવી ટેકનોલોજિકલ ક્રાંતિ અગાઉના સ્ટીમ એન્જિન, રેલવે, ઇલેક્ટ્રિસિટીની ક્રાંતિથી વધારે ગૂંચવણભરી સ્થિતિ સર્જાશે જેને પહોંચી વળવું વધારે અઘરું થઈ શકે છે.

આ સંદર્ભમાં મુખ્યત્વે (A) નોકરી વ્યવસાય છૂટી ન જાય એના પ્રયત્નો (B) નવી નોકરી વ્યવસાયની તકો ઊભી કરવી અને (C) જો નવી તકો કરતાં જૂની નોકરી વ્યવસાયની તકો છૂટી જવાની સ્થિતિ કંટ્રોલમાં ન રહે તો .... વગેરે મુદ્દાઓ સત્વરે ધ્યાને લેવા પડે. ‘‘આ નવા સમયની મોટી ચેલેન્જ છે. ઘણા પાસાં છે પણ અહીં અત્યારે મોટી Job Crises પરત્વેની સમસ્યાને વાચા આપી છે..’’

પ્લોટ નં. ૨૯૦/૧,
સેક્ટર-૭/એ, ગાંધીનગર.
મો. ૯૯૦૯૯૦૦૬૫૦

ગુજરાતની ઊગતી પેઢીને એક પત્ર !

- પાર્થિવી અધ્યારુ-શાહ

ગુર્જર ભાષાની આશા સમા મારા વહાલા મિત્રો,

પોતાની માતૃભાષા પ્રત્યેનો તમારા સૌનો જરાક બદલાઈ રહેલો અભિગમ જોઈને મને કંઈક કહેવાનું મન થયું છે અને એટલે જ આ પત્ર દ્વારા તમને સૌને મારાં સ્પંદનોના વહેણમાં ભીંજવી રહી છું. ગુજરાતી ભાષા વિષે બે શબ્દ કહેવાનું આ સાહસ એટલા માટે જ કરી રહી છું કે તમે સૌ પોતાની માતૃભાષા પ્રત્યે થોડા સંવેદનશીલ બનો અને તેના મૂળ સ્વરૂપ અને વિવિધ પાસાઓ વિષે જાણો.

તમારા સૌની બહુભાષિતાની પ્રતિભાની ઝલક વિષે તો અમને ખ્યાલ છે જ અને તેનું ગૌરવ પણ છે; પણ હા, એક વાત ચોક્કસ છે કે બીજી અન્ય ભાષાઓ પર પ્રભુત્વ ભલે મેળવો પણ પોતાની માતૃભાષાને તો હૃદયમાં ઉચ્ચ સ્થાને જ રાખવી જોઈએ. માતૃભાષા બોલવા, વાંચવા, લખવામાં થોડો રસ લેતા થશો તો તમારો એના પ્રત્યેનો અભિગમ ચોક્કસ બદલાશે.

આપણી ભાષામાં અનેક સમૃદ્ધ સાહિત્ય લખાયાં છે પણ આપણી માતૃભાષા વંચાશે નહીં, બોલાશે નહીં, સચવાશે નહીં તો આટલું રચનાત્મક સાહિત્ય પછી વાંચશે કોણ ? ભાષા જ નહીં બચે તો સંસ્કાર, સંસ્કૃતિ, વ્યાકરણ, શબ્દભંડોળ બધું જ લુપ્ત થઈ જશે !

ભાષા એ વાતચીતનું માધ્યમ માત્ર જ નહીં પણ પોતાની, પોતાના મૂળની એક સાચી ઓળખાણ છે. ભાષાના ઉચ્ચારો, શબ્દોની પસંદગી, ભાષાની સંરચના અને લઢણ એ બધું તમને છેક મૂળ સુધીની સામાજિક ઓળખ પ્રસ્થાપિત કરવા સુધી લઈ જાય છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોઈએ તો પણ માતૃભાષાનું મહત્ત્વ કંઈક વિશેષ છે. ભાષા એ મૈત્રીનો વિસ્તાર કરવાનું સાધન છે અને સાથે પોતાને નજીક અને દૂરનાને પોતાના કરવાનું સાધન પણ છે. સરખી બોલી, લઢણ, શૈલી વગેરે ભાષામૈત્રી ઊભી કરી શકે છે, એવી તાકાત છે માતૃભાષામાં ! અન્ય ભાષાઓ દ્વારા તમે મૈત્રી કેળવી જ શકો છો પરંતુ માતૃભાષા એ તો આપણા રોમરોમમાં વહેતાં સ્પંદનોથી સર્જાયેલી ભાષા છે આથી તે સહજ અને સરળ છે.

ચાલો, માતૃભાષાના ઈતિહાસ વિષે હવે થોડી વાત કરું. ઈ.સ. ૧૮૪૮માં અમદાવાદના આસિસ્ટન્ટ જજ સાહેબ - ફાર્બસ સાહેબે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરવા માટે એ વખતે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી. આ સંસ્થા દ્વારા પ્રકાશિત ‘‘બુદ્ધિપ્રકાશ’ નામક સામયિકના કવિ દલપતરામ અને પછીથી રમણભાઈ નીલકંઠ સંચાલક હતા. જાણવા જેવી વાત એ છે કે, આજે પણ એ સંસ્થાની ગુજરાતની મહાન સાહિત્યિક સંસ્થાઓમાં ગણના થાય છે.

અઠ્ઠાવન અર્વાચીન લિપિઓમાંની એક એવી આપણી ગુજરાતી ભાષામાં પંદરમા સૈકાની શરૂઆતમાં ભક્તકવિ નરસિંહ મહેતા, મીરાંબાઈ, ભક્તકવિ ભાલણ ને તે પછી સોળમા સૈકામાં કવિરાજ વસતો, વચ્છરાજ અને તુલસી જેવા વિદ્વાનો થઈ ગયા કે જેઓ પછીના સમયના અનેક મહાકવિઓના માર્ગદર્શક બની રહ્યાં. તે પછી ગુજરાતના સુવર્ણકાળ દરમિયાન ગુજરાતી ભાષાને અખો, પ્રેમાનંદ, શામળ જેવા મહાકવિઓ મળ્યા. કવિ શામળના કેટલાંક વાક્યો તો આજે પણ આપણી ભાષામાં કહેવતો તરીકે સ્થાન પામ્યા છે.

એ પછી અઢારમી સદી કે જે અશાંતિનો સમય રહ્યો હતો, તે વખતમાં આધ્યાત્મિક કવિતાનો પુનર્જન્મ થયો. આ યુગના કવિગણમાં સર્વશ્રી દયારામ, ધીરો, પ્રીતમ, દેવાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ આજે પણ વંચાય છે. તે વખતમાં દિવાળીબાઈ, કૃષ્ણાબાઈ જેવાં સ્ત્રીકવિઓ પણ થઈ ગયાં. છેવટે ૧૮૮૭ની સાલથી ગુજરાતી સાહિત્ય માટે એક નવા યુગનો આરંભ થયો, જેનાં મૂળ કવિ નર્મદ અને કવિ દલપતરામના સમયમાં જ નંખાઈ ચૂક્યાં હતાં, તેમ કહેવાય છે. અઢારમી સદીની આખરમાં અને ઓગણીસમી સદીની શરૂઆતમાં ગદ્યનો ઉદય થયો. કવિ નર્મદ પહેલા ગદ્યનું અસ્તિત્વ ન હતું, એમ તો ન કહી શકાય પણ ગુજરાતી ગદ્ય સાહિત્યની ખરી શરૂઆત કવિ દયારામ પછી થઈ એમ કહી શકાય.

એ પછી ધીમેધીમે ગુજરાતી ભાષામાં અરબી, ફારસી, તુર્કી ને તે પછી હિંદી, પોર્ટુગીઝ ને પછી અંગ્રેજી શબ્દોનો ઉમેરો થતો ગયો ને કાળક્રમે ભાષાઐક્ય લુપ્ત થતું ગયું. આ છે એકદમ ટૂંકમાં વર્ણવેલો ગુજરાતી ભાષાનો ઈતિહાસ !

ઈતિહાસ વાંચીને મનમાં ભાર થઈ ગયો હશે નહીં! તો, ચાલો હવે થોડી હળવી વાતો કરીએ. ગુજરાતી ભાષાનો પ્રચાર અને પ્રસાર એ દરેક ગુજરાતીની જવાબદારી છે. આપણી માતૃભાષા એ મીઠડી અને મોજીલી ભાષા છે. આ ભાષાના શબ્દે-શબ્દે પોતીકાપણું નીતરે છે કારણ કે એ આપણા દરેકની ભીતરે ધબકે છે! ગુજરાતી ભાષા આજે વિશ્વભરના ગુજરાતીઓમાં ઓછેવત્તે અંશે બોલાય છે, વંચાય છે અને જિવાય પણ છે પણ ‘‘કાલ’નું શું ? - એ સવાલ ચિંતા કરાવી જાય છે. હવે જો આપણે આપણી માતૃભાષાને આપણામાં ધબકતી રાખવી હશે તો તેને આપણી રોજિંદી પ્રક્રિયાઓમાં વણતા રહેવું પડશે ! એ વિષે અવનવા અખતરાઓ કરતા

રહેવું પડશે ! આપણી વહાલી ભાષાને જો પળેપળે પોતાની પરમ સમીપે રાખીને માણીશું તો તેનો ગુંજારવ ભાષાને આપણાથી અળગી નહીં જ થવા દે તેની મને ખાતરી છે.

મિત્રો, આપણી ભાષા તો આપણી ધરોહર છે. એક લેખિકા અને પત્રકાર હોવાને કારણે સમાજના વિવિધ લોકોને મળવાનું રહે છે અને એ દરમિયાન મે એ વાત નોંધી છે કે, ગુજરાતી માતૃભાષાથી મહદ્અંશે વિમુખ થઈ રહ્યા છે. વિદેશ અભ્યાસ અર્થે જઈ રહેલા ગુજરાતી વિદ્યાર્થીઓમાં ઉત્તરોત્તર નોધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે તો શું ''જનરેશન નેક્સ્ટ' એટલે તમને-ગુજરાતની ભાવિ પેઢીને ભાષાની દૂર થતી અમારે જોઈ રહેવાની ? માતૃભાષાને છાંયડે કોઈકવાર વિસામો લેશો તો સમજાશે કે આપણી પોતાની માતૃભાષા તો માના શીતળ પાલવ જેવી છે.!

ગુજરાત ગિરાના વાંચન, મનન અને આલેખનથી અનુભવાતી આ શીતળતા, શાંતિ, મધુરતા, શોભા અને પ્રભા એટલે જ ભાષાવૈભવ ! ગુજરાતની ઉત્તરે આવેલા મા અંબેના કંકુમાંથી ઊગતા સૂર્યની લાલિમા એટલે આપણી માતૃભાષા! ગિરનારની તળેટીમાં ધૂણી ધખાવીને બેઠેલા બાવાઓના ''અલખ નિરંજન''ના નાદનો સાક્ષાત્કાર એટલે આપણી વહાલી ભાષા ! સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી ભાષા એટલે આપણી મીઠડી માતૃભાષા ! રાણોજી કાગળ મોકલે રે, દેજો મીરાંને હાથ'માં આલેખાયેલી ભાવનાત્મકતા એટલે આપણી ભાષા ! ચૌદ વરસની ચારણકન્યાના ચંચળ ચિત્તમાં રમતી ચાહત એટલે આ ભાષા ! અરે, મારા વહાલા મિત્રો, આ તો એવી ભાષા છે કે જેમાં આંધળી મા કાગળ લખી જાણે છે તો ક્યાંક આકાશ આમ ઝૂકીને ફૂલોને કેમ છો પૂછી લે છે ! ક્યાંક અજવાળાં પહેરીને શ્વાસ ઊભા રહે છે તો ક્યાંક ટેકરીઓ ધીમેધીમે ઢાળ ઊતરી જાય છે! ક્યાંક કોઈના નયણામાં સપનાં આળોટે છે તો ક્યારેક હવામાં કોઈક સૂર્યનો સિક્કો ઉછાળી જાય છે ! આ ભાષા તો એવી છે કે ક્યાંક ડોસો વાંચે છે ને મોતિયો ડોસીને આવી જાય છે ને ક્યાંક વળી વરસાદી છંદની છાલક વાગતાં પાન ખરી જાય છે !

રસપ્રદ છે ને ? સાહિત્યનું વાંચન થોડું પણ હોય તો ઉપરોક્ત વાતો વાંચીને ખ્યાલ આવી જાય કે આ જાણીતા સર્જકોની કૃતિઓમાંથી લીધેલાં વાક્યોને રૂપક બનાવીને આલેખન કર્યું છે. અનેક સર્જકોના સાહિત્યના આવા અનેક રસથાળ આ ભાષામાં પિરસાયા છે, જેને માટે આ લેખની શબ્દમર્યાદા ઓછી પડે!

ફાધર વાલેસ અને કાકાસાહેબ કાલેલકર જેવાં સવાયા ગુજરાતીઓ આપણા વ્યક્તિત્વ ઘડતર માટે કેટકેટલું શબ્દધન આપી ગયાં છે ! આપણી ભાષા સાથે આપણા ''દિવસો જુદાઈના જાય' એ ન જ ચાલે ! હાઈકુ કાવ્યપ્રકારના પ્રણેતા સ્નેહરશ્મિને યાદ કરીને ગુજરાતી તરીકે માણસાઈના દીવા પ્રગટાવતાં રહેવું જોઈએ એટલું અહીં ચોક્કસ કહીશ. સાહિત્યકારોનો ગુજરાતમાં શ્રેષ્ઠતમ અન્નકૂટ ભરાયો છે - રામનારાયણ પાઠક, પન્નાલાલ પટેલ, લાભશંકર ઠાકર, નર્મદાશંકર દવે, ધૂમકેતુ, નિરંજન ભગત, ક્લાપિ, કવિ ન્હાનાલાલ, હરીન્દ્ર દવે, ક.મા. મુનશી, જયભિખ્ખુ - અરે, કેટકેટલાં રત્નો ગુજરાતની ભોમકાને આજે પણ દીપાવી રહ્યાં છે. બને તેટલાં મહાન સર્જકોનો, તેમની રચનાઓનો, કૃતિઓનો, આલેખનો અને પુસ્તકો કે પછી તેમનાં નામો વગેરેમાંથી અંશ લઈને તેમનો ઉલ્લેખ કરવાનો પ્રયત્ન કર્યો છે. હજી તો કેટલાય સાહિત્યકારો અને કવિઓનો ઉલ્લેખ નથી થઈ શક્યો એ માટે હું માફી ચાહું છું પણ આ પરથી તમે એટલું ચોક્કસ સમજી શકશો કે ગુજરાતી સાહિત્ય અનેક કવિરત્નો અને લેખકરત્નોથી મઢાયેલું છે !

આપણે એ કહેણ ખોટું ન પડવા દઈએ કે ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત !'' એ આપણાં સૌની જવાબદારી છે. ભલે, અંગ્રેજી શબ્દોની વાછંટ આવે કે ધોધમાર વરસાદ પણ સાથે માતૃભાષાની છત્રી ઓઢતા રહેશો તો બીજી ભાષાઓના વરસાદી પ્રવાહમાં એટલા બધા નહીં ભીંજાઈ જાવ ! માતૃભાષાને વાગોળતા રહેશો તો એ તમારી જીભે રમતી રહેશે. અન્ય ભાષાઓના પ્રભાવથી અંજાઈ જઈને પોતાની ભાષાથી વિમુખ થતાં જવું એ તો જે ડાળ પર બેઠા છો તે જ ડાળ કાપવા જેવી વાત છે, એ વાત ચોક્કસ યાદ રાખજો. ''જ્યાં જ્યાં નજર મારી પડે, ત્યાં ત્યાં ભાષા મારી ગુજરાતી જડે !'' સૂત્ર આપીને હું તમારી કુમળી માનસિકતામાં માતૃભાષાની કૂંપળ ઉગાડવાનો પ્રયત્ન કરી રહી છું. સવારની ચ્હાનો આહ્લાદક સમય હોય કે પછી રાત્રે પોતાના સપનાને જીવવાનો મઝાનો સમય, બપોરનો હુંફાળો પારિવારિક સમય હોય કે ઓફિસમાં ટટ્ટાર બેસવાનો સમય કે પછી રજાના દિવસે મિત્રો સાથેનો મસ્તીખોર સમય... માતૃભાષાને પરમસમીપે રાખવાનો તમારો અંતરમનનો પ્રયત્ન જ તમને એની સાથે જકડી રાખશે.

આશા રાખું છું કે તમે આ પત્ર ઝીણવટપૂર્વક વાંચશો અને વાગોળશો. તમે સૌ તો આવતીકાલની ભાષાની પરિભાષા છો ! માત્ર, એટલું વચન આપજો કે માતૃભાષા ગુજરાતી બોલવામાં કદી નાનમ નહીં માનો. વિશ્વના કોઈ પણ ખૂણે હોવ અને ગમે એટલી મોટી કે ઊંચી પદવી પર હોવ, માતૃભાષાને હૃદયમાં સલામત ચોક્કસ રાખજો. જય જય ગરવી ગુજરાત.

લિ. પાર્થિવી અધ્યારુ-શાહના

જય ગુજરાત !

15, Shaligram 3, Avlon Hotel Road,
Near Sangini Bunglow, Thaltej,
Ahmedabad - 380059
Cell Number : 96870 55444

સંશોધનોની સાંસ્કૃતિક સુવાસ

- *પુલક ત્રિવેદી*

માહિતી અને જ્ઞાન વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. લોકો મોટાભાગે માહિતીને જ્ઞાન સમજવાની ભૂલ કરી નાખતા હોય છે. એક ભાઈનો દીકરો અંગ્રેજી મિડિયમમાં આઠમા ધોરણમાં ભણે. એક દિવસ આ બાળકે શાળાએથી આવીને સાંજે ટીવી જોતાં જોતાં પપ્પાને કહ્યું, 'ડેડી, તમને ખબર છે વિમાનની શોધ રાઈટ બ્રધર્સે કરી, પરમાણુ બોમ્બની શોધ રોબટ્સ ઓપન હાઈમરે કરી. દુનિયાની પ્રગતિમાં આ વૈજ્ઞાનિકો અને સંશોધકોનો જબરજસ્ત ફાળો છે.' ટીવી જોતાં પિતાને બાળકના જ્ઞાન ઉપર ગર્વ થયો. એમણે વાતમાં સૂર પુરાવતાં કહ્યું, 'હા, બેટા આજે વિશ્વની આધુનિક ગતિશીલતાના પાયામાં યુરોપિયન અને અમેરિકન દેશોના વૈજ્ઞાનિકોનો મોટો ફાળો છે.

આ ભાઈ અને એમના બાળકની વાત થોડી સત્ય છે, પણ ઘણી મોટી જાણકારીનો અભાવ છે. ખરેખર તો પ્રાચીનકાળથી ભારત ઉપમહાદ્વીપમાં જ્ઞાનના પ્રકાશનો ઉજાસ હતો. કલા, ગણિત, વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતનું યોગદાન આદિ અનાદિ કાળથી અવિસ્મરણીય રહ્યું છે. આધુનિક યુગના એવા તો ઘણા આવિષ્કારો છે કે, જેને હજારો વર્ષ પૂર્વે ભારતના તજજ્ઞો અને ઋષિ મુનિઓએ સંશોધિત કરી તેના સફળ પ્રયોગો કર્યા છે.

ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે સ્ટીફન હોકીન્સ જેવા વૈજ્ઞાનિકોનાં સંશોધનો અને પ્રયાસોને સન્માન જરૂર છે પરંતુ ભારત વર્ષના પૌરાણિક ગ્રંથોમાં ખગોળ વિજ્ઞાનને ઉજાગર કરતા ઉલ્લેખો માનસપટ ઉપરથી કેમેય કરીને ખસતા નથી. ઋગ્વેદમાં ૩૦ જેટલા શ્લોક ખગોળ વિજ્ઞાનને લગતા છે. જ્યારે યજુર્વેદમાં ૪૪ અને અથર્વવેદમાં ૧૬૨ શ્લોક ખગોળીય જ્ઞાનને લગતા છે. યુરેનસને એક રાશિમાં આવવા માટે ૮૪ વર્ષનો સમય લાગે છે અને નેપ્ચ્યુનને ૧૬૪૮ વર્ષ, પ્લુટોને ૨૮૪૪ વર્ષ થાય છે એ વાતનો વેદોમાં સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. આપણા પૌરાણિક ઋષિમુનિઓ પાસે ગ્રહોની ચાલ અને એની સ્થિતિનું ચોક્કસ આકલન હતું. એમની પાસે ખગોળીય ઘટનાઓનું સચોટ જ્ઞાન હોવાનું આનાથી મોટું પ્રમાણ શું હોઈ શકે ?

ચિકિત્સાક્ષેત્રમાં હિન્દુસ્તાનના તજજ્ઞો દ્વારા કરાયેલા સંશોધનનું અદ્‌ભુત સ્થાન છે. વિશ્વને ભારતે આયુર્વેદ અને યોગની સૌથી મોટી ભેટ આપી છે. ભારતના ઋષિઓએ એમની આધ્યાત્મિક યાત્રામાં આવનારી શારીરિક અડચણોનું નિવારણ કરવા માટે આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનો આવિષ્કાર કર્યો. આયુર્વેદનું સૂત્ર છે, 'શરીરં ખલુ ધર્મ સાધના' અર્થાત્ પહેલું સુખ તે જાતે નર્યા. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને સુવ્યવસ્થિતરૂપ આપવાનું શ્રેય ધન્વંતરિ, ચરક, ચ્યવન અને સુશ્રુત મહર્ષિઓને જાય છે.

ચરક ઋષિએ ઈસવીસન પૂર્વે ૩૦૦માં આયુર્વેદનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ 'ચરકસંહિતા' લખ્યો. આજે સ્કિન સ્પેશ્યાલિસ્ટનું જે સ્થાન છે એવું એ જમાનામાં ત્વચા ચિકિત્સક તરીકે મહર્ષિ ચરકનું સ્થાન ગણાતું. મહર્ષિ ચરકે શરીરશાસ્ત્ર, ગર્ભશાસ્ત્ર, રક્તાભિસરણશાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર જેવા મહત્ત્વપૂર્ણ વિષયોમાં ઘણી ઉપયોગી જાણકારી સંશોધિત કરી હતી. મધુમેહ એટલે કે ડાયાબિટીસ, ક્ષય એટલે કે ટીબી, હૃદયવિકાર એટલે હાર્ટએટેક જેવા રોગો માટેની ઔષધિઓ ચરક મહારાજે હજારો વર્ષો પહેલાં સંશોધિત કરી દીધી હતી. એ પછી છેક આઠમી સદીમાં ચરક સંહિતાનો અરબી અને અન્ય ભાષાઓમાં અનુવાદ થયો. ત્યાર પછી આ જ્ઞાનનો પશ્ચિમના દેશોને ખ્યાલ આવ્યો. મહર્ષિ ચરક અને ચ્યવનનાં સંશોધનો ઉપરથી આજની યુનાની ચિકિત્સા પદ્ધતિનો વિકાસ થયો છે.






શલ્યચિકિત્સા પદ્ધતિ એટલે કે પ્લાસ્ટિક સર્જરી. પશ્ચિમના વિજ્ઞાનીઓ દાવો કરી રહ્યા છે પ્લાસ્ટિક સર્જરી ક્ષેત્રનું સંશોધન એમણે કર્યું છે. પરંતુ હકીકત તો એ છે કે, આચાર્ય સુશ્રુતે ઈસવીસન પૂર્વે ૧૦૦૦માં એ સમયના ચિકિત્સકો સાથે મળીને પ્રસવ, કેટરેક્ટ, કૃત્રિમ અંગ પ્રત્યારોપણ, ફ્રેક્ચર, પથરી અને પ્લાસ્ટિક સર્જરીની ચિકિત્સા પદ્ધતિના સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા હતા. યુદ્ધમાં ઘવાયેલા અનેક સૈનિકોની એમણે પ્લાસ્ટિક સર્જરી કરી હોવાનાં પ્રમાણો મળે છે.

આજે ગર્વ સાથે પ્રત્યેક ભારતીય કહી શકે છે કે, જો 'શૂન્ય'ની શોધ ભારતીય મહર્ષિઓએ ન કરી હોત તો દુનિયાનો વિકાસ 'ઝીરો' હોત. હજારો વર્ષો પહેલાના સમયમાં વિશ્વમાં જુદી જુદી અનેક અંક ગણિતની પ્રણાલીઓ પ્રચલિત હતી. પરંતુ ઉત્તર વૈદિક કાળમાં 'શૂન્ય'ના આવિષ્કાર થયા બાદ ગણિત અને વિજ્ઞાનમાં ક્રાંતિ સર્જાઈ. ભારતે શૂન્ય ઉપરાંત અંકોની વિશ્વને જાણકારી આપતા વૈશ્વિક અંક ગણિત વિજ્ઞાનનું સ્વરૂપ જ બદલાઈ ગયું.બીજગણિત, કોણનીતિ, કલમ, સ્થાન મૂલ્યપ્રણાલી અને દશકપદ્ધતિ પણ ભારતની જ દેન છે.

ભારતના સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યજીનું નામ વિશ્વભરમાં બહુ આદરથી લેવાય છે. ૧૧૧૪માં જન્મેલા ભાસ્કરાચાર્યજીએ લખેલા ગ્રંથો વિદેશની અનેક ભાષામાં અનુવાદિત થતાં દુનિયાના વૈજ્ઞાનિકો અને સંશોધકો માટે તેમનાં શોધ કાર્યો માટેના નવા માર્ગો ખૂલી ગયા. ન્યૂટનથી ૫૦૦ વર્ષ પહેલાં ભાસ્કરાચાર્યજીએ ગુરુત્વાકર્ષણના નિયમને એમના ગ્રંથ 'સિદ્ધાંત શિરોમણી'માં સ્પષ્ટ કર્યો હતો. આ ગ્રંથમાં એમણે નોંધ્યું છે કે, 'આકાશ તરફ ફેંકાયેલી વસ્તુને પૃથ્વી સ્વશક્તિથી પોતાની તરફ ખેંચી લે છે. પૃથ્વીની સ્વશક્તિના કારણે આકાશી પદાર્થ પૃથ્વી ઉપર પડે છે.' આનાથી એ વાત સિદ્ધ થાય છે કે, હજારો વર્ષ પહેલાં ભાસ્કરાચાર્યજીએ પૃથ્વી ઉપર ગુરુત્વાકર્ષણની શક્તિ છે એ વાત પ્રતિપ્રાદિત કરી હતી. ભાસ્કરાચાર્યજીના અન્ય ગ્રંથ 'લીલાવતી'માં ગણિત અને ખગોળ વિજ્ઞાન ઉપર ઊંડો પ્રકાશ પાડવામાં આવ્યો છે. ૧૧૬૩માં એમણે 'કરમકુતૂહલ' ગ્રંથમાં સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના સચોટ આકલનના સિદ્ધાંતો સમજાવ્યા છે.



વિમાનની શોધ રાઈટ બ્રધર્સે કરી એ વાત સર્વ વિદિત છે પરંતુ એમાં થોડું પરિવર્તન કરી એમ કહી શકાય કે, રાઈટ બ્રધર્સે 'આધુનિક વિમાનો'ની શોધ કરી છે. હવાઈ ઉડ્ડયનના જનક તો ભારદ્વાજ ઋષિને કહેવા પડે. હજારો વર્ષ પહેલાં એમણે લખેલા ગ્રંથ 'વૈમાનિક શાસ્ત્ર'માં હવાઈ જહાજ બનાવવાની ટેકનિકનું વર્ણન જોવા મળે છે. એવા ઉલ્લેખો પ્રાપ્ય છે કે, 'ગૌધા' પ્રકારનું હવાઈ જહાજ અદૃશ્ય થઈ જતું. 'પરોક્ષ' જહાજ દુશ્મનના જહાજોને તોડી પાડવા સક્ષમ હતું. 'પ્રલય' વિદ્યુત ઊર્જાનું શસ્ત્ર હતું. 'જલદરૂપ' હવાઈ જહાજ વાદળા જેવું લાગતું. સ્કંદ પુરાણના ખંડ-૩ના ૨૩માં અધ્યાયમાં ઉલ્લેખ છે કે, કર્દમ ઋષિએ તેમની ધર્મપત્નીના વિહાર માટે હવાઈ જહાજનું નિર્માણ કર્યું હતું. રામાયણના પુષ્પક વિમાનથી કોઈ અજાણ નથી.

અગસ્ત્ય ઋષિએ વીજળીનો આવિષ્કાર કર્યો હતો. અગસ્ત્ય સંહિતામાં વિદ્યુત ઉત્પાદન સંબંધી અનેક સૂત્રો જોવા મળે છે. રોબર્ટ્સ ઓપન હાઈમરને પરમાણુ બોંબ જેવા ઘાતક શસ્ત્રના જનક માનવામાં આવે છે. રોબર્ટ્સ અને એના વૈજ્ઞાનિકોની ટીમે બનાવેલા પરમાણુ બોંબનું પહેલું પરીક્ષણ વર્ષ ૧૯૪૫માં કરવામાં આવ્યું. પરમાણુ સિદ્ધાંતોની વાત આવે એટલે જોન ડલ્ટનને હંમેશાં લોકો યાદ કરતા હોય છે. જોકે આના પણ ૨૫૦૦ વર્ષે પહેલાં કણાદ ઋષિએ વેદોમાં લખેલા સૂત્રોના આધારે પરમાણુ સિદ્ધાંતોને ઉજાગર કર્યા હતા. ઋષિ કણાદને પરમાણુ શાસ્ત્રના પિતામહ માનવામાં આવે છે.

શોધ, સંસ્કાર અને સંસ્કૃતિની ત્રિવેણી ભારતીય ઉપમહાદ્વીપમાં સુપેરે જોવા મળે. નવાં સંશોધનો અને નવા વિચારોને હૃદયપૂર્વક આવકાર ચોક્કસ પણ વેદ, ઉપનિષદ, ચરક સંહિતા, અગસ્ત્ય સંહિતા, વૈમાનિક શાસ્ત્ર, લીલાવતી ગણિત જેવા ભારતના મહાન ગ્રંથોના અનુવાદો વિશ્વના શોધકર્તાઓએ તેમના શોધકાર્યમાં સંદર્ભ માટે ઉપયોગમાં લીધા છે એ વાત કોઈપણ હિન્દુસ્તાની કેવી રીતે ભૂલી શકે? હિન્દુસ્તાનના મહર્ષિઓનાં શોધ અને સંશોધનોના સત્ય અને તથ્યને વિશ્વ સમક્ષ હજુ વધુ સારી રીતે મૂકવામાં આવે તો એનો અર્થ સ્પષ્ટ બને અને નવા વિચારો તથા સંશોધન કાર્યને બળ પણ પ્રાપ્ત થાય. ભારતે સમગ્ર વિશ્વને જ્ઞાનનો અને સંસ્કારનો રાહ આપ્યો છે.

૫૩૩/૨, સૌરભ સોસાયટી,
સેક્ટર-૨૩, ગાંધીનગર
મો. ૯૯૯૮૪૦૫૮૩૫


"આકાશી લાલિમા"
વિક્રમ પગી
મો. 9426408225


"પ્રભુતામાં પગલાં"
રમેશભાઈ ગોહિલ
મો. 9427559875

નવલિકા સંપુટ

મહમ્મદ માંકડ
ડૉ. દિનકર જોષી
રજનીકુમાર પંડ્યા
વર્ષા અડાલજા
ડૉ. કેશુભાઈ દેસાઈ
ડૉ. ચંદ્રકાંત મહેતા
રમેશ ર. દવે
રાઘવજી માધડ
રમેશ ત્રિવેદી
ભી. ન. વણકર
નીતિન ત્રિવેદી
નટવર પટેલ
દશરથ પરમાર
અલતાફ પટેલ
નીલમ દોશી

નટવર ગોહેલ
અવિનાશ પરીખ
માવજી મહેશ્વરી
ડૉ. સુરમ્યા જોષી
પ્રવીણ ગઢવી
ડૉ. સ્વાતી નાયક
રેખાબા સરવૈયા
દર્શના ભગલાણી
પિનાકિન દવે
પ્રફુલ્લ કાનાબાર
સંજય થોરાત 'સ્વજન'
ગિરીશ ભટ્ટ
રાજ ભાસ્કર
પરીક્ષિત જોશી
અન્નપૂર્ણા મેકવાન
આશિષ અજિતરાય આચાર્ય
ડૉ. અનિલ ચૌહાણ



“ખળખળ સંગીત”

હરિભાઈ દા. ટંડેલ
મો. 9265718400

જીવવું

- મહમ્મદ માંકડ

મંગળદાસે ધીમેથી પગ ઊંચા કર્યા અને સામે ટિપોય પડી હતી એના ઉપર લંબાવ્યા. સિગારેટ સળગાવી. સિત્તેર વરસની ઉંમરે પણ હજી એ તંદુરસ્ત હતા અને એ જ મોટું દુઃખ હતું.

મંગળદાસ એકવડિયા બાંધાના હતા. ચહેરો લાંબો હતો. આંખો મોટી હતી. માથાના વાળ સાવ સફેદ થઈ ગયા નહોતા, પણ હવે ઝડપથી સફેદ થતા જતા હતા.

સિગારેટ એમણે ખેંચી, આંખો મીંચી ગયા. ધુમાડો બહાર કાઢવા માટે હોઠને ગોળ વાળ્યા. હજી મોઢામાં દાંત સલામત હતા. ધુમાડો ધીમે ધીમે બહાર નીકળ્યો અને હવામાં નાનાં નાનાં વર્તુળો રચાતાં ગયાં. બધો ધુમાડો બહાર નીકળી ગયો. મંગળદાસે સિગારેટ ફરી મોઢામાં મૂકી.

જમણો હાથ લંબાવીને મંગળદાસે ટેબલ ઉપર પડેલી ચોપડી હાથમાં લીધી, વોટર્લૂના યુદ્ધના નકશા ઉપર એમની આંખો સ્થિર થઈ. ઘણી વાર સુધી આંખો સ્થિર રહી. પછી ધીમે ધીમે એ જોવા લાગ્યા. ઘણીવાર સુધી નકશો જોયો. ચોપડી મૂકી દીધી.

આગળના ભાગમાં ભારે તોપો હતી. પાછળ ફ્રેંચ સૈન્ય હતું. ટુકડીઓ અર્ધચંદ્રકાર ગોઠવાયેલી હતી. પાયદળ, હયદળ, રિઝર્વ ટુકડીઓ. એક છેડાથી બીજા છેડા સુધી મેદાન ભરાઈ ગયું હતું. અંગ્રેજો હતા. ફ્રેંચો હતા. સામસામે હતા. આકાશ ગોરંભાયેલું હતું. વરસાદ વરસી ગયો હતો. છતાં આકાશ ગોરંભાયેલું હતું. ફ્રેંચ, અંગ્રેજ, ડચ, બેલ્જિયન, હાઈલેન્ડર, પ્રુશિયન, ઓસ્ટ્રિયન કાળા ડગલાવાળા, લાલ ડગલાવાળા, સફેદ પોશાકવાળા...

મંગળદાસની પત્ની અનસૂયાએ નજીક આવીને કાંઈક કહ્યું. મંગળદાસે એના સામે જોયું. સફેદ પોશાકવાળા આવતાં આવતાં અટકી ગયા. અનસૂયા ફરી કાંઈ બોલી નહીં. એક ખુરશીમાં બેસી પડી. મંગળદાસ ઠીક વાર સુધી એની સામે જોઈ રહ્યા.

વોટર્લૂના મેદાન.. ના, મેદાન નથી... હા, મેદાન જ છે. વેલિંગ્ટન, બ્લૂચર, માર્શલ સ્લોત, જનરલ ને, અને... નેપોલિયન.... સફેદ ઘોડો... સફેદ રંગ... સફેદ દીવાલો.. સફેદ કપડાં... સફેદ પોશાકવાળા માણસો... પણ આકાશ ગોરંભાયેલું છે...

મંગળદાસે એક પગ ઉપાડીને ટિપોય ઉપરથી નીચે મૂક્યો. સિગારેટ બુઝાઈ ગઈ હતી. બુઝાયેલી સિગારેટ હજી મોઢામાં હતી. એક હલચલ થઈ ગઈ હતી. અનસૂયા આવીને થોડે દૂર બેસી ગઈ હતી. થોડી ગરબડ થઈ ગઈ હતી. પણ હવે એ ગરબડ શાંત થઈ ગઈ હતી. શાંત થઈને આથમતી સાંજ સાથે ભળી ગઈ હતી. હવે સાંજ હતી. લાંબી લાંબી સાંજ હતી અને કશી જ હલચલ નહોતી.

મંગળદાસ એક વખત યુવાન હતા - સામાન્ય મધ્યમવર્ગના યુવાન હતા, પણ સમયનાં મોજાંઓ ઉપર સવારી કરીને બહુ ઊંચે પહોંચી ગયા હતા. બહુ આગળ નીકળી ગયા હતા. ખૂબ પૈસા બનાવ્યા હતા. જે ધંધા ઉપર એ હાથ મૂકતા તે સોનાનો બની જતો. એમની પત્ની અનસૂયા સુંદર હતી, સુશીલ હતી, આનંદી સ્વભાવની હતી. પણ એક વાતનું એમને દુઃખ હતું. છોકરું નહોતું. મનમાં એક ખટકો કાયમ રહેતો હતો, યુવાનીની દોડધામ વચ્ચે ક્યારેક એક આડશ આવી જતી હતી. ધંધામાં કોઈ મોટો કૂદકો મારવો હોય ત્યારે મન સહેજ આંચકો ખાઈ જતું હતું. મંગળદાસ ચાલીસ વરસ વટાવી ગયા હતા.

પરંતુ એ વાત પણ બની ગઈ. મંગળદાસે એવરેસ્ટ શિખર પણ સર કરી લીધું. સુડતાલીસ વરસની ઉંમરે એમને ત્યાં દીકરાનો જન્મ થયો. અનસૂયાની ઉંમર એ વખતે બેંતાલીસ વરસની હતી. એની એ પહેલી સુવાવડ હતી - અને છેલ્લી હતી.

મંગળદાસનો દીકરો કાકુ સ્વાભાવિક જ બહુ લાડકોડમાં ઊછર્યો હતો. પણ લાડકોડથી એ બગડ્યો નહોતો. મિત્રો કહેતા કે છોકરો ભાગ્યશાળી પણ એવો જ હતો. મંગળદાસને સ્વીકારવું પડ્યું હતું. છોકરાના જન્મ પછી એમની સંપત્તિ અને રિદ્ધિસિદ્ધમાં વધારો થયો હતો.

પણ એ બધું... આમ તો કાકુ બાવીસ વરસનો થયો હતો. પુખ્ત, યુવાન, સોહામણો, નમણો, વિવેકી, શિષ્ટ, સુસંસ્કૃત...

નેપોલિયન સફેદ ઘોડા ઉપર બેસતો હતો... મંગળદાસ, મોટરનું સ્ટિયરિંગ ઘુમાવતા હોય એમ પોતાના વિચારોને મરડી રહ્યા હતા, પણ... હા, સફેદ ઘોડો તો ઠીક... સફેદ દીવાલો શા માટે ? સફેદ દીવાલો વચ્ચે સફેદ કપડાંવાળા માણસો શા માટે ? અને નેપોલિયન પંદર વરસ... વીસ વરસ... કેટલાં વરસ યુરોપમાં ઘૂમ્યો ? પણ જાણે એક ઝબકારો - પ્રકાશનો એક ઝબકારો...

'ચાલો જમી લો,' અનસૂયા બોલી.

મંગળદાસ પત્ની સામે જોઈ રહ્યા હતા. પત્નીને એ જોઈ શકતા નહોતા - પત્ની સામે જોઈ રહ્યા હતા. સાંજ આવી રહી હતી. જીવનના લાંબા પટ ઉપર સાંજ પડી રહી હતી. અનસૂયા બેઠી હતી. સાંજના આછા અજવાળામાં મંગળદાસને અનસૂયા દેખાવા લાગી. એ ઊભી થઈ. મંગળદાસ પણ ઊભા થયા.

એક મોટા ડાઈનિંગ ટેબલ પર પતિ-પત્ની બેઠાં. અનસૂયા કંઈક બોલતી હતી. બાજુમાં રસોડું હતું. એક બાઈ રસોડામાંથી આવીને મંગળદાસને અને અનસૂયાને જમવાનું પીરસતી હતી. એ રસોયણ હતી. ઘણાં વરસથી નોકરી કરતી હતી. પહેલાં એના હાથ નીચે બીજા બે માણસો નોકરી કરતા હતા. હમણાં એ એકલી જ હતી. મંગળદાસ પાસે આવીને એણે ધીમેથી કાંઈક પૂછ્યું. મંગળદાસે માથું હલાવ્યું. માથું શા માટે હલાવ્યું એની એમને પોતાને પણ ખબર ન પડી.

જમવાનું આસ્તે આસ્તે ચાલ્યું. પૂરું થઈ ગયું. મંગળદાસ ઊભા થયા, હાથ-મોં ધોયાં. વર્ષોથી જમ્યા પછી હાથ-મોં ધોતા

હતા. અનસૂયાએ નેપ્કિન આપ્યો. વરસોથી, અનસૂયા જમ્યા પછી હાથ લૂછવા માટે સુગંધી નેપ્કિન આપતી હતી. મંગળદાસે આથમતી સાંજમાં બહુ જ ચીવટથી હાથ-મોં લૂછ્યાં.

ફરીથી પોતાના રૂમમાં એ જતા રહ્યા, ઘણી વાર સુધી એક ખુરશી પાસે ઊભા રહ્યા. પછી ધીમેથી ખસ્યા અને સોફામાં બેસી ગયા.

સાંજ આથમી ગઈ. અંધારું થવા લાગ્યું. મંગળદાસ અંધારાને આવતું જોઈ રહ્યા. બહાર મેદાનમાંથી, રૂમની બારીઓમાં થઈને અંધારું અંદર આવતું હતું. એને રોકી શકાય તેમ નહોતું. રોકવાની જરૂર પણ નહોતી. મંગળદાસે ધીમેથી એક ટિપોય નજીક ખેંચી અને એના ઉપર પગ લંબાવી દીધા. સોનેરી કેસમાંથી સિગારેટ લીધી અને હોઠ વચ્ચે મૂકી.

અંધારું, આજુબાજુ, બધે આવી ગયું હતું. વધતું જતું હતું. મંગળદાસ અંધારામાં નજર કરતા હતા. રૂમની દીવાલો જાણે દૂર જતી હોય એમ લાગતું હતું. વચ્ચેના અવકાશમાં અંધારું ધીમે ધીમે ગૂંથાતું જતું હતું. મંગળદાસને એક ઓડકાર આવ્યો, પણ નીચેથી ધીમે ધીમે એ ઉપર આવ્યો અને અવાજ કર્યા વિના જ મોઢામાંથી બહાર નીકળી ગયો. મંગળદાસે એ વખતે હોઠ વચ્ચેથી સિગારેટ લઈ લીધી. ભીની થઈ ગઈ હતી. આંગળી અને અંગૂઠા વચ્ચે દબાવીને, ભાંગીને, એશ-ટ્રેમાં નાખી દીધી. શરીરને એક ખટકો લાગ્યો. આંખો સામે એક ઝબકારો થઈ ગયો.

હા, માત્ર એક ઝબકારો. વીસ-બાવીસ વરસ કાકુ સાથે... પણ એ તો માત્ર પ્રકાશનો એક ઝબકારો.

કાકુ... અંધકારમાં વીજળીના લિસોટા જેવો-તરવરિયો, ચંચળ, ચપળ, પણ...

એપેન્ડીસાઈટિસ તો ગમે તેને થાય. અરે, એ તો સાવ સામાન્ય ગણાય. એપેન્ડીસાઈટિસ કાંઈક ડિઝીઝ ગણાય ? ડૉ. નંદનવાલા હસતા હતા. એપેન્ડીસાઈટિસ નાવા'ડેઝ ઇઝ નોટ એ ડિઝીઝ. એ તો નખ કાપવા જેટલું સહેલું ગણાય. અરે, સેપ્ટિક થઈ ગયું હોય તો પણ શું ? અને આમાં તો એવું કશું જ નથી. ડોન્ટ વરી.

ડૉ. નંદનવાલા... બેસ્ટ સર્જન... બેસ્ટ ઈન ઇન્ડિયા. ગોરો ગોરો વાન અને હસ્યા જ કરે, જાણે ફિરસ્તો. અરે, એનેસ્થેસિયા આપ્યા વિના દર્દીના શરીર પર કાપ મૂકી દે તો પણ ખ્યાલ ન આવે એટલો મોહક. માણસ ઉપર વશીકરણ કરી દે. ડૉ. નંદનવાલા એટલે... બેસ્ટ ઈન ઇન્ડિયા...

કાકુને ઓપરેશન રૂમમાં લઈ જતા હતા. મંગળદાસ ચિંતાથી ઊભા હતા. સફેદ કપડાંવાળી નર્સો, ડૉક્ટરો, પટાવાળાઓ, અવાજ કર્યા વિના, હવા જેમ પસાર થઈ જતાં. આ તો એક સામાન્ય બાબત હતી. માત્ર થોડી મિનિટોનું કામ. દાઢી કરવા જેવું અથવા બાલ કાપવા જેવું અથવા તો નખ કાપવા જેવું... ગંભીર તો જરાય નહીં.

મંગળદાસ સોફામાંથી ઊભા થયા. કેટલા વખત પછી આજે મગજમાં ધમધમ થતું હતું, ખટાખટી થતી હતી, દોડાદોડી થતી હતી. એમણે માથું હલાવ્યું. ઘણા વખત પછી આટલા ઝટકાથી માથું હલાવ્યું. આટલી ઉગ્ર હલચલ ઘણા વખત પછી એમણે કરી. હજી ધમાધમ ચાલુ હતી.

ટેબલ પરથી વોટર્લૂના યુદ્ધની ચોપડી લઈને એ જોવા લાગ્યા, પણ એમને અક્ષરો બિલકુલ દેખાય નહીં. આંખો સામે માત્ર સફેદ કાગળ જ દેખાતો હતો. ચોપડીનાં પાનાં ઉપર કાંઈક જોવા એમણે ઘણો પ્રયત્ન કર્યો, કાંઈ જ નહોતું ફિકો, કોરો, નિષ્પ્રાણ કાગળ હતો...

અને વોટર્લૂના યુદ્ધમાં સામસામે ગોઠવાયેલી સેનાઓ હતી. વિશાળ મેદાનમાં ગોઠવાયેલી સેનાઓ. ખૂબ ધ્યાનથી એ જોવા લાગ્યા. બારીકાઈથી જોવા લાગ્યા. દિવસ ઊગી ગયો હતો.

આઠ વાગે નેપોલિયન નાસ્તાના ટેબલ પર આવ્યો. પછી... અંગ્રેજોની સેના પર એણે નજર માંડી. એ હસી પડ્યો, આહા અંગ્રેજો ! આખરે આવી ગયા !

પોતાના સેનાપતિઓ તરફ ફરીને નેપોલિયન કહેતો હતો, આ લોકોને હરાવવા એ મારા માટે નાસ્તો લેવા જેટલું સહેલું કામ છે.

એમને હરાવવા માટે એ જાણે બહુ ઉતાવળમાં નહોતો. એ વાત બહુ ગંભીર નહોતી.

મંગળદાસે એકાએક ચોપડીનો ઘા કર્યો. સોફામાં એ બેસી પડ્યા.

અનસૂયા બહારથી રૂમમાં આવી. સ્વિચ દાબીને એણે લાઇટ કરી. રૂમની દીવાલો આછા ગુલાબી રંગની હતી, પણ મંગળદાસને એ દીવાલો ઘણી વાર સુધી સફેદ જ લાગી અને સફેદ દીવાલો વચ્ચે... સફેદ દીવાલો વચ્ચે... કાકુ ઓપરેશન ટેબલ ઉપર જ... ડૉ. નંદનવાલા... ઠીક છે, બેસ્ટ ઈન ઇન્ડિયા. પણ... આ તો કાકુનું હાર્ટ જ બેસી ગયું... કોણ જાણે શું થયું ! શા માટે - શા માટે એમ થયું ?

આખાયે મંગળદાસમાં એક મોટી ઉથલપાથલ થઈ ગઈ. ઘણા વખત પછી, એક ધમાધમ થઈ ગઈ. ડમરીઓ ચડી ગઈ. મંગળદાસ કંપતા હતા. અનૂસયા મંગળદાસની નજીક આવી કાંઈક બોલી. મંગળદાસ પત્ની સામે તાકી રહ્યા, એમની આંખોની નીચેની કિનારી ઉપર લાલ આંસુ ભરાઈ આવ્યાં હતાં. એમણે આંખો બંધ કરી દીધી. કરચલીવાળા ગાલ ઉપર આવીને આંસુનાં બિંદુ સહેજ કંપ્યાં અને પછી ખરી પડ્યાં.

મંગળદાસે સિગારકેસમાંથી સિગારેટ લઈને મોઢામાં મૂકી. ધીમેથી સળગાવી. અનસૂયા દૂર ખસીને એક ખુરશીમાં બેસી ગઈ. મંગળદાસ સોફામાં સહેજ આડા પડ્યા. સિગારેટ ખેંચી, ખેંચી, ખૂબ ખેંચી, હોઠને ગોળ વાળ્યા. ધુમાડો હળવે હળવે બહાર નીકળ્યો. મંગળદાસ એના સામે જોઈ રહ્યા. નાનાં નાનાં વર્તુળો રચાતાં હતાં - ઘણાં વર્ષોની એ આદત હતી. વર્તુળો રચાતાં હતાં - વર્તુળો રચવાનાં હતાં. વર્તુળો ભાંગી ગયાં... ધુમાડો ફેલાઈ ગયો... ધુમાડો અદૃશ્ય થઈ ગયો... મંગળદાસે ફરી સિગારેટ મોઢામાં મૂકી અને હળવે હળવે ખેંચી. ખેંચ્યા કરી. જીવવાનું હતું. જીવ્યા કરવાનું હતું.

૧૫૩/બી, રાજભવન સામે, સેક્ટર-૨૦,
ગાંધીનગર-૩૮૨૦૨૦. ફોન નં. ૨૩૨૬૦૨૧૬
મો. ૯૮૨૫૦૨૦૩૬૩ ૯૪૨૮૮૧૪૨૮૦

રાત પૂરી થઈ

- ડૉ. દિનકર જોષી

ટાઉનશીપ શહેરથી ખાસી દૂર હતી પણ મેડમ ચંપાને એથી કોઈ અગવડ નહોતી પડતી. ચંપાની બદલી ઉદયપુરના પ્લાન્ટની ઓફિસમાં સાહેબ તરીકે થઈ હતી. ૨૦ વર્ષ એક કર્મચારી તરીકે કામ કર્યા પછી કંપનીએ ચંપાને સાહેબ બનાવી ઉદયપુરના પ્લાન્ટમાં એને મેનેજર તરીકે મોકલી. ચંપાને એમાં કંઈ વાંધો નહોતો પ્લાન્ટની ઓફિસના મેનેજર તરીકે એને સત્તા મળતી હતી અને રહેવા માટે અદ્યતન સગવડોવાળો બંગલો તથા અવરજવર માટે કંપનીની ગાડી પણ મળતી હતી.

ઘરે ચંપાને સૌ ચંપુ કહેતા પણ હવે ચંપુ કહે એવા એક હસમુખકાકા જ બચ્યા હતા. માતા-પિતા વિદાય થઈ ચૂક્યાં હતાં. ભાઈભાભી એને ચંપા જ કહેતાં. હસમુખકાકા પિતાના જૂના મિત્ર અને કુટુંબ સાથે વ્યવહાર રાખેલો એટલે તેમને માટે તો એ ચંપુ જ રહેતી. ચંપુ નાની હતી ત્યારે ગોળમટોળ અને ભારે હસમુખી હતી અને હસમુખકાકા આ ઢીંગલી જેવી ચંપુને ખભે બેસાડીને ફેરવતા.

પણ એ વાતને તો વરસો વીતી ગયા. ચંપુ પરણી. માતા-પિતાએ પરણાવી ત્યાં જ પરણી પરંતુ આ લગ્નજીવન લાંબુ નભ્યું નહીં. થોડાંક વરસમાં જ લગ્નવિચ્છેદ થઈ ગયો. સદભાગ્યે સંતાન કાંઈ હતું નહીં, એટલે છડેછડી ચંપુ લગ્નવિચ્છેદ પછી પિતાના ઘરે પાછી આવી. પિતાએ પુત્રીને વિશ્વાસપૂર્વક કહ્યું હતું કે બેટા. તું ભણેલી છે, સમાજમાં આપણી ઓળખાણ પિછાણ પણ છે તેને હું ક્યાંક સારી જગ્યાએ નોકરી અપાવી દઈશ અને જો તું રાજી થાય તો હજી કાચીકુંવારી હો એવી જ લાગે છે તને બીજે પરણાવી દઈશ.

પણ આ બેમાંથી એકેય વેણ સાચું ઠરે એ પહેલાં જ પિતા જતા રહ્યા અને આમેય ચંપાને પુનર્લગ્નમાં રસ નહોતો. માતા-પિતાની ગેરહાજરીમાં ભાઈભાભીના આશ્રયે ઘરમાં રહેવું ન પડે એ માટે સ્વતંત્ર આવક ઊભી કરવા એ ભારે ઉતાવળી હતી.

અને આ ઉતાવળ હસમુખકાકાએ પૂરી કરી. શહેરમાં એક કંપનીનો નવો પ્લાન્ટ થતો હતો તેમાં હસમુખકાકાની ઓળખાણથી તેને મજાની નોકરી મળી ગઈ. પછી તો બા પણ જતાં રહ્યાં. ભાઈભાભીની દુનિયા જુદી થઈ ગઈ. ચંપુને કંઈ તેનો હરખશોક નહોતો. એક હસમુખકાકા સાથે નાનપણથી એનો જીવ મળી ગયો હતો અને હસમુખકાકાને પણ ચંપા સાથે પહેલેથી મનમેળ હતો એટલે એ બંને વચ્ચે ઠીકઠીક નિકટતા જળવાઈ રહેલી.

ઉદયપુરના પ્લાન્ટમાં બદલી થઈને આવ્યા પછી થોડોક સમય તો ચંપુને સારું લાગેલું પણ ટાઉનશિપમાં રહેઠાણની જે વ્યવસ્થા હતી તે એકલવાયું લાગે તેવી હતી. કંપની તરફથી ઘરે સંભાળવા માટે એક નોકરબાઈને રાખવામાં આવી હતી. ગાડી અને ડ્રાઈવર પણ હતા. પણ આમ છતાં આસપાસ હળવામળવા માટે કે કોઈને ઘરે આવવા-જવા માટે કોઈ અવકાશ નહોતો. આવી અવસ્થામાં થોડોક સમય વીતી ગયા પછી એને ઘર સાંભર્યું. આ ઘરમાં હવે માતા-પિતા તો હતાં નહીં. ભાઈ-ભાભી અને ભાઈ-ભાભીનાં સંતાનો ચંપુને યાદ આવતાં અને એથીયે વિશેષ તો હસમુખકાકા યાદ આવતા. હસમુખકાકા હવે નિવૃત્ત થઈ ગયા હતા. અને એથીયે વિશેષ તો એ હતું કે હવે હસમુખકાકા એકલપંડે હતા. પાંસઠેક વર્ષની ઉંમરના હસમુખકાકા નિવૃત્ત થયાને પાંચ-સાત વર્ષ થયા હતા પણ શરીરે હજુ હૃષ્ટપુષ્ટ અને કડેધડે હતા. કાકીના નિધન પછી હસમુખકાકાનો સમય નવા વ્યવસાયમાં પસાર થતો હતો. હસમુખકાકા એન્જિનિયર હતા. મશીનો વિશે તેમનું જ્ઞાન ભારે ઊંડું હતું. હસમુખકાકાએ નિવૃત્તિ પછી મોટી મોટી કંપનીઓનાં મશીનોનું ઓડિટ કરવાનું શરૂ કર્યું હતું. આમાં એમને પણ રસ પડતો હતો. કંપનીઓ હસમુખકાકાને સામેથી બોલાવતી અને હસમુખકાકા મશીનોના ઓડિટર તરીકે વ્યવસાયમાં ખૂંપેલા હતા.

વ્યવસાયમાંથી સમય મળે ત્યારે નવરાશના વખતે ચંપુ હસમુખકાકા પાસે જતી અને એમની સાથે વાતો કરતી - નવનવું જાણતી અને નવાનવા અનુભવોમાંથી કંઈને કંઈ શીખતી. બંને પરિવારોમાં આ બંને જણાની દોસ્તી કહો તો દોસ્તી અને પરિવારિક સંબંધ કહો તો પારિવારિક સંબંધ, સારી રીતે જળવાયેલો રહેતો.

તે દિવસે ચંપુ ખુશખુશાલ થઈ ગઈ જ્યારે કંપનીની વડી ઓફિસેથી સંદેશો આવ્યો હતો કે ઉદયપુરના પ્લાન્ટની મશીનરી ઓડિટ કરવા માટે એમણે હસમુખભાઈની નિમણૂક કરી છે. અને ફલાણી તારીખે ત્યાં આવશે. એક દિવસ રોકાશે અને એમને જે જરૂરી સવગડ જોઈએ તેની વ્યવસ્થા ઉદયપુર

ઓફિસે કરવી. આ સંદેશો વાંચતાવેંત ચંપુ રાજીના રેડ થઈ ગઈ. હવે લાંબા સમય પછી હસમુખકાકા મળશે. એક દિવસ પોતાના ઘરે રોકાશે. ઢગલાબંધ વાતો થઈ શકશે. હસમુખકાકાના આગમનની તૈયારી માટે જે કંઈ ઓફિસકક્ષાએ જરૂરી હતું તે બધું તેણે ઝડપભેર ગોઠવવા માંડ્યું એટલું જ નહીં હસમુખકાકાને ટેલિફોન કરીને એણે પોતાનો ઉત્સાહ ઠાલવી દીધો હતો. હસમુખકાકા પણ ચંપુને મળશે, તેની સાથે વાતો થશે અને એકલવાયી ચંપુને કંઈક સારું લાગશે, તેવા વિચારથી રાજી થયા હતા.

ઉદયપુરના એરપોર્ટ ઉપર હસમુખકાકા ઊતર્યા કે તરત જ ચંપુએ તેમનો કબજો લઈ લીધો. ઓફિસના અને પ્લાન્ટના બીજા જરૂરી કર્મચારીઓ હસમુખકાકાની મદદે હાજર જ હતા. મેનેજર તરીકે ચંપુએ આ ઓડિટરની સાથે જ આખો દિવસ રહેવાની જરૂર નહોતી, આમ છતાં ચંપુ કાકાની સાથે ને સાથે જ રહી. મશીનરી વિશે ચંપુને ઝાઝી માહિતી નહોતી. એ કામ તો પ્લાન્ટના મેનેજરનું હતું અને આમ છતાં પ્લાન્ટના મેનેજરની સાથે જ કાકાની તહેનાતમાં રોકાઈ.

મશીનરીના ઓડિટનું કામ તો હસમુખભાઈએ સાંજ સુધીમાં પતાવી દીધું. ચંપુએ કાકા પાસેથી એમના આગમન પહેલાં જ પોતાના ઘરે ભોજન માટે આવવાનું નિમંત્રણ પાકું કરી લીધું હતું. પ્લાન્ટના ઓડિટનું કામકાજ જેવું પતી ગયું કે તરત જ ચંપુ કાકાને પોતાના ઘરે લઈ જવા માટે ઉતાવળી થઈ. કાકાએ જ્યારે જાણ્યું કે ટાઉનશિપ વીસેક કિલોમિટર દૂર છે ત્યારે તેમણે કહ્યું પણ ખરું ‘‘ચંપુ - બેટા વીસ કિલોમિટર એટલે અડધો પોણો કલાક થશે આવતાં જતાં. આટલો બધો સમય વેડફવા કરતાં આપણે અહીં જ કંપનીના રેસ્ટરૂમમાં બેસીએ.’’

‘ના’ કાકા, તમારે મારી સાથે જ આવવું પડશે. અહીં સુધી આવો અને મારે ઘરે ના આવો તે કેવું કહેવાય ?’

હસમુખકાકા પાસે તેનો જવાબ નહોતો. એ થોડુંક હસ્યા અને પછી બોલ્યા - ‘‘તું નાની હતી ત્યારે પણ આવી જ જિદ્દી હતી. ચાલ તારી વાત કબૂલ.’’



ટાઉનશિપમાં જ્યારે ચંપુના ઘરે પહોંચ્યા ત્યારે સમી સાંજના પડછાયા ઝંખવાઈ ચૂક્યા હતા. ચંપુના ઘરની વ્યવસ્થા જોઈને હસમુખકાકા રાજી થયા. ચંપુએ બહુ હોંશથી આખા ઘરની વ્યવસ્થા દેખાડી. કાકાએ હસતાં હસતાં કહ્યું પણ ખરું - ‘‘આટલું સરસ ઘર છે, આટલો સરસ તારો પગાર છે, હવે કોની વાટ જોવે છે ? સમય પૂરો થઈ જાય પછી કંઈ નહીં થાય.’’

‘‘કાકા, તમે મને એકવાર ઘર બહાર કાઢી મૂકી હતી. બીજીવાર હું નહીં જાઉં. ચંપુએ એવા જ રણકા સાથે જવાબ વાળ્યો. વાતોનો ઢગલો તો ખૂટે એમ જ નહોતો. ફરીવાર ક્યારે આ રીતે વાતો કરવાનો અવસર મળે એનો તો કંઈ અંદાજ નહોતો. એટલે ચંપુ સતત વાતો કર્યા કરતી હતી. ડાઈનિંગ ટેબલ ઉપરનું કામ પતી ગયું એટલે હસમુખકાકાએ ચંપુને કહ્યું - ‘‘બહેન, કાં તો તારા ડ્રાઈવરને બોલાવ અથવા મારા ડ્રાઈવરને બોલાવી લઉં. મારે હવે જવું જોઈએ. મારી સૂવાની વ્યવસ્થા કંપનીના ગેસ્ટહાઉસમાં કરી છે. સવારે ફ્લાઇટનો ટાઇમ વહેલો છે એટલે હું રજા લઈશ.’’ ‘‘આ શું બોલ્યા કાકા ?’’ ચંપુ ચોંકી ઊઠી હોય તેમ બોલી. ‘‘આજે તમારે ક્યાંય જવાનું નથી. તમે પેલા સૂવાના રૂમમાં જઈને ટીવી જુઓ. મેં બંને ડ્રાઈવરને છૂટા કરી દીધા છે. હું થોડુંક આ બહારનું કામ પૂરું કરીને હમણાં જ તમારી પાસે આવું છું. પછી વાતો કરીશું. રાત પડશે જ નહીં. સવારે તમને એરપોર્ટ પર સમયસર પહોંચાડવા માટે મેં મારા ડ્રાઈવરને બોલાવી રાખ્યો છે.’’

‘‘આ શું બોલી ચંપુ ? મારે સૂવા માટે તો ત્યાં જ જવું જોઈએને ? અહીં શી રીતે સૂઈ શકાય ?’’

‘‘કેમ ન સૂઈ શકાય ?’’ ચંપુ હઠ કરતા નાના બાળકની જેમ બોલી ઊઠી. ‘‘તમને વળી આ શું સૂઝ્યું ?’’

‘‘મને નથી સૂઝ્યું’’ કાકા હસીને બોલ્યા. આ તો આખી દુનિયાને સૂઝેલું છે. હવે તું મોટી થઈ કહેવાય.

‘‘મારે કંઈ નથી સાંભળવું. તમે ટીવી જુઓ અને હું થોડીવારમાં આવું છું.’’

એટલું કહીને ચંપુ પીઠ ફેરવી ગઈ. કાકા જોઈ રહ્યા. થોડુંક હસ્યા, પણ થોડુંક મૂંઝાયા પણ ખરા. હવે ચંપુને મનાવવી અઘરી હતી અને જો પોતે અહીં સૂઈ રહે તો એમને કોઈ પણ પ્રકારની માનસિક વ્યગ્રતા પણ ન હતી. કાકા હળવેકથી પલંગમાં પડ્યા અને પછી છત સામે જોઈ રહ્યા.

આવું એકવાર અગાઉ પણ બન્યું હતું. ત્યારે ચંપુનાં માતા-પિતા ગુજરી ગયાં હતાં. કાકાનાં પત્ની પણ રજા લઈ ચૂક્યાં હતાં. કાકા નોકરીમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા હતા. એક સાંજે એમને અચાનક તાવ ચડી ગયો. પરિવારજનોએ

કોલનવોટરના પોતાં મૂક્યાં. બરફની કોથળી મૂકી પણ તાવ ઓછો નહોતો થતો. ચંપુને એના ઘરે જેવી ખબર પડી કે, તરત જ કાકા પાસે દોડતી આવી ગઈ. આવતાવેંત તેણે કાકાની સંભાળ લેવા માંડી.

"તમારે કોઈએ હવે ચિંતા કરવાની જરૂર નથી. કાકાને હું સંભાળી લઈશ. હું આજે રાત્રે કાકાના પલંગ પાસે સૂઈશ...

પણ એવું ખરેખર ન બન્યું. રાત જેવી ઘટ્ટ થઈ ગઈ કે, તરત જ હસમુખકાકાના બંને પુત્રો તેમની પત્નીઓ તથા ચંપુના ભાઈભાભી પણ બોલી ઊઠ્યાં - "ચંપુબેન, તમે કેમ સમજતા નથી. તમારે અહીં ન સુવાય. આ બધા ભાઈઓ એમની સંભાળ લેશે.

"કેમ ન સુવાય ?" ચંપુ સમજી શકતી નહોતી. એણે જિદ્દપૂર્વક કહ્યું." જો અહીં તમે બધા સૂઈ શકો તો હું કેમ ન સૂઈ શકું ? કાકા તમારા જ છે અને મારા શું નથી ?

વાતચીત ઠીકઠીક લાંબી ચાલી. પરંતુ ચંપુનું ધાર્યું નહોતું થયું. ચંપુનું ધાર્યું કેમ નથી થતું એ ચંપુને સમજાતું નહોતું. મોઢાનો તોબડો ચડાવીને એ ત્યાંથી જતી રહી હતી.

અત્યારે ચંપુના સૂવાના ઓરડામાં સૂતા પછી હસમુખકાકા વિચારે ચડી ગયા. પોતે આજે ખૂબ થાક્યા હતા. સવારથી મશીનો વચ્ચે ઊભા ઊભા કામ કરવું પડ્યું હતું. એમને અચાનક યાદ આવ્યું કે, પોતે આવા થાકી જતા ત્યારે એમના બા એમના મસ્તકમાં તેલ ઘસી દેતાં. હસમુખકાકાને ઊંઘ આવી જતી. પછી તો બા જતાં રહ્યાં. હસમુખકાકાનાં લગ્ન થયા. એમને યાદ આવ્યું.

લગ્નજીવનમાં પત્ની પાસેથી હાથપગ દબાવવા જેવી સેવાનો એમણે ઘણીવાર લાભ લીધો હતો. થાક્યા હોય, કશીક માનસિક વ્યગ્રતાથી ઘેરાયા હોય, કંઈ ગમતું ન હોય ત્યારે પત્ની હળવેકથી પૂછતી પણ ખરી - "લાવો માથું દબાવી દઉં." અને પછી થોડીક ક્ષણો પત્નીના હાથનો સ્પર્શ શરીર ઉપર ફરતો ત્યાં એમના ઉપર નીંદર અસવાર થઈ જતી.

શું હતું આ સ્પર્શમાં ?

પત્ની મૃત્યુ પામ્યાને કેટલાં વરસ થયાં ? અકારણ જ કાકાએ ગણતરી કરવા માંડી. જમણા હાથની આંગળીઓના વેઢા ઉપર એમણે અંગૂઠો મૂક્યો. એક... બે... ત્રણ... ચાર... પાંચ... છ... હા, બરાબર છ વરસ થયાં. આ છ વરસમાં કેટલીયે વાર માથું દુઃખ્યું હશે, હાથ-પગમાં કળતર થયા હશે. મશીનો પાસે ઊભા રહીને થાક્યા હશે... પણ ક્યારેય આવી કોઈ પળ સાંભરી નહોતી. ક્યાંથી સાંભરે ? હસમુખકાકાએ આંખ મીંચી દીધી. હમણાં ચંપુ આવશે આ ચંપુ એટલે -

ખરેખર ચંપુ આવી પહોંચી.

"ચંપુ, તારા ડાયવોર્સ થયે કેટલાં વર્ષ થયાં ? અચાનક કાકાએ પૂછ્યું.

પલંગ પાસે આવીને ચંપુ એની ધાર પાસે આવીને ઊભી રહી અને પછી બોલી - "તમને અત્યારે એ ક્યાંથી યાદ આવ્યું ?"

"યાદ આવવાનું કારણ તે જ આપ્યું છે. નાની હતી ત્યારથી તને ખભા ઉપર બેસાડીને મેં ફેરવી છે."

ચંપુ આંગળીના વેઢા સાથે ગણત્રી કરતી પલંગની પાંગત પાસે બેસી ગઈ. બોલી - "ત્રેવીસ વર્ષની ઉંમરે તમે મને પરણાવી. ચોંત્રીસ વર્ષની ઉંમરે અમારાં લગ્ન પૂરા થયાં. એ વાતને આજે સત્તર વર્ષ થયાં. હું પણ હવે એકાવન વર્ષની થઈ."

કાકા કશું બોલ્યા નહીં. જોઈ રહ્યા. ચંપુ એકાવન વર્ષની તો નહોતી લાગતી. અચાનક એમના મનમાં એક જ ઝબકારો થયો. પોતે હજુ થોડીવાર પહેલાં જ માતા અને પત્નીના સ્પર્શને યાદ કરતા હતા. પત્નીનો સ્પર્શ છૂટા પડ્યાને છ વર્ષ થયાં. માત્ર છ તો પછી આ ચંપુને આવા કોઈ સ્પર્શનું સ્મરણ નહીં થયું હોય. એના પતિથી વિખૂટી પડ્યાને સત્તર વર્ષ થયાં અને આ સત્તર વર્ષ પહેલાં પણ એના સંસારમાં મીઠાશ ક્યાં હતી ?

કાકા કશું બોલ્યા નહીં. વિચારે ચડી ગયા. ચંપુ પણ આંખ બંધ કરીને કાકાના પગ પાસે બેઠી બેઠી આવા જ કોઈ વિચારના ચકરાવે ચડી ગઈ હોવી જોઈએ. બધું જ શાંત હતું. ક્યાંય કશો પણ અવાજ નહોતો. દીવાલ પરથી ઘડિયાળની ટિકટિક જાણે કે કરોળિયાના જાળાની જેમ ગોળ ગોળ વીંટળાઈ રહી હતી.

102/A, Park Avenue, Dahanukarwadi,
M. G. Road, Kandivali (W),
MUMBAI-400067. M. 9969516745







Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.gujarat.gov.in


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

પેટ્રોલનો કૂવો

- રજનીકુમાર પંડ્યા

હવે બકુલભાઈ શું કરવું તે વિચારે છે. બંગલાના પાયાને વધુ ઊંડા કરાવવાનું કામ અટકાવી દીધું છે. નસીબનો ચમત્કાર છે. આખા ભાવનગરમાં નહીં નહીં તો અત્યારે બસો-અઢીસો જગ્યાએ પાયા ખોદાતા હશે. ક્યાંક ક્યાંક થોડા ફૂટ ઊંડે જતાં પાણી બી નીકળતું હશે. પણ પેટ્રોલ ? આખા હિંદુસ્તાનમાં ક્યાંય નીકળેલ સાંભળ્યું છે ?

વધુ વિચારતાં ચકરાવે ચડી જવાય તેવું છે, તેલના કૂવા તો અરબસ્તાનમાં હોય. અમેરિકાના ટેક્સાસ જેવા સ્ટેટ્માંય હોય. પણ આપણા ફળિયામાં તે કદી હોય ? અને હોય તો એનો મતલબ એટલો જ કે ખુદા છપ્પર ફાડકે દેતો હશે પણ આપણા ભગવાને તો ''ધરતી ફાડ કે દીધા હૈ''. નવો બંગલો બનાવવા માટે સો ઠેકાણે પ્લોટો જોયા. પણ ક્યાંય મન ઠરતું નહોતું. પણ ત્યાં તો રવિવારે વેવાઈનો ફોન આવ્યો કે મારા છોકરાના સાઢુભાઈનો સોનાની લગડી જેવો પ્લોટ વેચાઉ છે, તમારી નજીકમાં જ છે. ઝડપી લ્યો, ફાયદામાં અપાવી દઈશ, પાર્ટીને રૂપિયા-પૈસાની પડી નથી. એ લોકો તો હવે ન્યૂઝીલેન્ડ સેટલ થાય છે. બસ, આને કહેવાય ઈશ્વરી સંકેત ! જીવનભર સાચક રહ્યા તેનું આ પ્રાપ્ત ફળ !

મામલો ?

જગ્યા-જગ્યાએ ટીચાવાને બદલે આ પ્લોટનું ફાઇનલ કર્યું. દસ દિવસ પછી ભૂમિપૂજન કરીને પાયા ખોદવાનો આદર કર્યો, પણ એ જ સાંજે લગભગ સાડા પાંચના સુમારે દીકરો સિરીલ ધડધડાટ ઘેર આવ્યો. અને સિકલ પર ભારી ઉત્તેજના સાથે આ વાત કરી. અંદરના ઓરડે બકુલભાઈને લઈ ગયો. કહે : ''પપ્પા, આ પ્લોટ મારા સસરા કહેતા હતા તેમ સોનાની લગડી નથી.''

''મતલબ ? તારો સસરો ખોટું બોલ્યો?''

''અરે, ખોટું નહીં, ઓછું બોલ્યા, આ પ્લોટ સોનાની લગડી નથી, પેટ્રોલનો કૂવો છે. અરે આપણી તો આવનારી બોંતેર પેઢી તરી ગઈ,''

તરત બકુલભાઈને યાદ આવ્યું. હા, એનાય પાયા નખાઈ ગયા કહેવાય. આવતા મહિને વહુના સીમંતનો પ્રસંગેય છે.

પણ પછી સિરીલે ધીરે ધીરે ફોડ પાડ્યો. સવારના મજૂરો સારો એવો પાયો ખોદીને ગયા. પછી કેટલું કામ થયું છે એ જોવા મેં જરા ખાડામાં નજર કરી તો પાણી ! પણ એ પાણી સાધારણ પાણી - એચ ટુ ઓ - નથી પપ્પા ! એ કાચું પેટ્રોલ છે. એમાંથી રીતસર પેટ્રોલની જોરદાર ગંધ આવે છે.

''હેં !''

''ભગવાન સોગન, પપ્પા'' સિરીલે કહ્યું: ''હું તો અગમચેતી ખાતર ખાડા માથે પતરાં ઢાંકીને આવ્યો છું.''

''એ બહુ સારું કર્યું,''

મૃદુલાબહેનને વાત કરી, વહુએ પણ જાણ્યું. એ બન્નેને મન તો બાપ-દીકરા બેઉએ તરત સફેદ ચોલા વગરના આરબ શેખનો ભાવનગરી અવતાર ધારણ કરી લીધો. છતાં મૃદુલાબહેન બોલવા જતાં હતાં ''ધારો કે આ રિઅલમાં પેટ્રોલ ન.''

ધારવાની વાત નથી ''સિરીલ ચિડાઈને બોલ્યો:'' તમને મારી વાત પર વિશ્વાસ નથી ? અરે, આપણાથી ઠેઠ સાતમા ઘરે થાવરમલ સિંધીના રસોડે જો ડુંગળીનો વઘાર થતો હોય તોય હું નથી નાક આડે રૂમાલ દેતો ? એમાં આ તો પેટ્રોલની ગંધ ! મારું અનુભવી નાક બોલ્યા વગર રહે ?''

બકુલભાઈ ગંભીર થઈ ગયા. બોલ્યા: ''અમેરિકાના ટેક્સાસમાં પણ પેટ્રોલના કૂવા છે. અને એની પહેલ-વહેલી શોધ પણ આમ જ થયેલી એમ મેં વાંચેલું, ત્યાંય કો'ક છોકરે બાપને કીધેલું. એના સગડે સગડે જ ત્યાં પેટ્રોલના પહેલા કૂવાની બાતમી મળી ને અત્યારે જો ! અત્યારે તો એ ટેક્સાસ પેટ્રોલના સેંકડો કૂવાઓને કારણે ન્યાલ થઈ ગયું છે,'' પછી એ 'એમ આપણે બી...' બોલવા જતા હતા પણ સવારે બોલશું એમ માનીને અટક્યા.

''હવે ?''

''સવારે સીંચણિયું નાખીને ડોલ ભરી લાવીએ.

લેબોરેટરી ટેસ્ટ સાંજ સુધીમાં કરાવી લઈએ. અને પછી જો...''

''પપ્પા, તમારી લેબૉરેટરી ટેસ્ટની વાત તો બરાબર છે. એમ તો આપણે સરકારના પેટ્રોલિયમ ખાતાનેય જાણ કરવી પડશે. એય હું સમજું. પણ હજુ તમારી આ ''જો'' અને ''તો'' વાળી આદત મને ગમતી નથી. અરે, જે વસ્તુ આકાશ-પાતાળ જેટલી પાક્કી છે એમાં 'જો' અને 'તો' શું વળી ?''

''ચાલો, ચર્ચા બંધ કરો... સંશય ના કરવો. સંશયાત્મા વિનશ્યતિ. બધાં સૂઈ જાઓ.''

સવારે બકુલભાઈ અને સિરીલ બંને સાઈટ પર ગયા. સાથે યાદ કરીને મજબૂત દોરી લીધી. નાનકડી પ્લાસ્ટિકની બાલ્ટી બી. મજૂરો કામ પર આવે તે પહેલાં આ ભેદી પેરવી પતાવી દેવી જોઈએ. જિંદગી ધરીને કૂવામાંથી પાણી સીંચવાની વેળા નથી આવી અને જુઓ, તકદીરના ખેલ ! આજે આવી તો પેટ્રોલ સીંચવાની સોનેરી વેળ આવી ! પતરાં ખસેડ્યાં. અને અંદરથી તરત પેટ્રોલની સોડમ, ના, ગંધ આવી. અલબત્ત, કાલ સાંજ કરતાં જરી ઓછી. સિરીલ બોલ્યો :'' આટલા લેવલે જેટલું નીકળ્યું હોય તેમાંથી અડધ તો પાછું રાતે શોષાઈ ગયું હોયને પપ્પા, એટલે લગીર ઓછી આવી. પણ હવે વધુ શારકામ કરાવશું તો પાછી હતી તેનાથી ડબલ છૂટશે...'' પછી અટકીને બોલ્યો :'' પણ પેટ્રોલ છે એ તો નક્કી ને ?''

''છે, છે,'' ડોલતા મસ્તકે બાપે રિ-કન્ફર્મ કીધું : છે, છે,

ત્યાં પાછળ કોઈનો બોલાશ સંભળાયો. જોયું તો ચમકી જવાયું. આ તો કાલવાળા જ બેય મજૂરો, અને પાછો વધુ આંચકો તો એ લાગ્યો કે એમના હાથમાંય એક ડોલ અને પ્લાસ્ટિકની દોરી ! માય ગૉડ, શું એ લોકોનેય ગંધ આવી ગઈ? આપણામાં ભાગ પડાવશે એ બેય ? કે પછી નકરા ઇનામ-બક્ષિસના જ ઘરાક ?

સામે એ બેયના ચહેરા પરેય નવાઈનો પાર નહીં !'' અરે, શેઠિયાવ, તમેય તે અત્યારમાં ? ડોલ ને દોરી લઈને ?''

બીજાએ પૂછ્યું : ''તમારુંય કાંઈ પડી ગયું હતું, નાના શેઠ ? પછી જરા અટકીને કહ્યું : ''તો તો અમને કહેવું હતું ને ? અમારા ભેળું તમારું ય કાઢી દેત કૂવાની માલીપાથી. તમારે મોટા માણસને શું કરવા જાત્યે આવી કાહટી કરવી જોવે ?''

જવાબ દેવા કરતા સિરીલને સવાલ પૂછવાનું સહેલું લાગ્યું. પૂછ્યું : ''તે તારું શું પડી ગયું હતું અંદર ??''

''અરે, મારા કાકાનો છોકરો મુંબઈથી મારા માટે બે લાઈટર લાવ્યો હતો પરમ દિ, અને એક 'એણે બાજુવાળા ભણી ઈશારો કર્યો :'' અને એક આને માટે... મેં મૂરખે વળી બેય લાઈટર પે'રણના ઉપલા ખિચામાં રાખેલાં, આ ખાડામાં ડોકિયું કરવા જરી વાંકો વળ્યો કે ટપ ટપ કરતા બેય લાઈટર સીધા અંદર પાણીમાં, તે અટાણે આને લઈને એને બારા કાઢવા આવ્યો છું.''

ના. ના, હજુ શંકા ઉપજાવે તેવો આ જવાબ કહેવાય, લાઈટર જેવી મામૂલી ચીજ માટે તે કોઈ આટલો દાખડો કરતું હશે ? નક્કી એમનેય પેટ્રોલની બૂ...

સિરીલના મનનો સવાલ એ મજૂર આગોતરા વાંચી ગયો, બોલ્યો : ''ને લાઈટરેય એમ કાંઈ નાખી દીધા જેવા નો'તા, પેટ્રોલથી આખા ભરેલા હતા, મારા શેઠ, નઈં નઈં તો ત્રણસે ત્રણસેના તો હશે જ. પેટ્રોલ તો ઘોળ્યું પાણીમાં ભળી ગયું હશે પણ લાઈટરનું બૉડી તો સ્ટીલનું હતું. ઈ તો પાછું હાથ કરી લેવાયને ?''

બાપ-દીકરે સામસામે જોયું. લાગેલા આંચકાની આંખથી પરસ્પર લેવડદેવડ કરી. પણ એ તો એક ક્ષણ જ. પછી કશી વધુ વાત કર્યા વગર બંનેએ પીઠ ફેરવીને ઘરભણી ચાલવા માંડ્યું.

રસ્તામાં સિરીલે બકુલભાઈને કહ્યું : ''પપ્પા, બીજું તો કાંઈ નહીં, ભલે પેટ્રોલનો કૂવો ગયો તો ગયો, પણ આપણે આ બંગલાનું નામ ''ટેક્સાસ'' રાખીએ તો કેમ ?

બકુલભાઈએ કહ્યું : ''ર...ર...રાઈટ !

બી-૩/જી એફ-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ,
જયમાલા ચોક, મણિનગર-ઈસનપુર રોડ,
અમદાવાદ-૩૮૦૦૫૦. મો- ૯૮૯૮૦૧૫૫૪૫



કહાં જાના હૈ ?

- વર્ષા અડાલજા

રજત રોષથી ફળફળતો ઘર બહાર નીકળી ગયો. ધડામ્ બારણું પછાડ્યું હરિપ્રસાદની બૂમ રાજુ... પણ ઘરમાં જ વસાઈ ગઈ.

લિફ્ટની રાહ જોયા વિના એ ઝડપથી બેગ ખેંચતો દાદર ઊતરી ગયો. પસાર થતી ટેક્સીને હાથ કર્યો. હરિપ્રસાદ બહાર આવી બૂમ પાડવા જાય છે ત્યાં રજત ટેક્સીમાં બેસી ગયો અને ટેક્સી બપોરના ટ્રાફિકમાં ભળી ગઈ. હરિપ્રસાદ કોરીડોરની પાળીનો ટેકો લઈ ઊભા રહ્યા. રસ્તાનો ટ્રાફિક, એનો ઘોંઘાટ એમને ઘેરી વળ્યો હોય એમ ચક્કર આવી ગયાં. સમજતા હતા હવે રજત ક્યારેય આ ઘરમાં પગ નહીં મૂકે. જે રસ્તે એ નજર સામેથી જ ચાલી ગયો ત્યાંથી એ પાછો નહીં વળે.

થોડીવાર ઊભા રહ્યા. ધીમે પગલે પાછાં ફરતાં બારણામાં જ અટકી ગયા. બેય બાજુનાં બારણે સુરેખાએ સરસ ભાત પાડી લાભ શુભ લખ્યા હતા અને નીચે ઉંબરા પર લક્ષ્મીનાં પગલાંનું સ્ટીકર. બારસાખે મોતીનું તોરણ. સુરેખાએ પોતે બનાવેલું. પોપટ અને મોરનું તોરણ બાનાં ગામને ઘરેય બાંધેલું. બા તો સુરેખા પર ઓળઘોળ. કહેતા આવી ઘરરખ્ખું, પ્રેમાળ અને કમાતી વહુ તો પરભવનાં પુણ્યે જ મળે. મારો હરિ જરા પાછો પડે. એને સાચવજે.

ગૃહપ્રવેશ ટાંકણે જ બા બોલેલી અને મનોમન એ કોચવાયેલો. બાએ તો વહુ આવતાં પહેલાં મારો કાંકરો કાઢી નાખ્યો !

હરિપ્રસાદ લાભ શુભ જોતા રહ્યા. બાની વાત તો સાચી ઠરી હતી, સુરેખા આ ઘરનું લાભ શુભ જ હતી. ઘરમાં આવ્યા પણ બારણાં બંધ કરવાનું મન ન થયું. ઘરનો સુનકાર ભીંસી લેવાનો હોય એમ ભય પામી ગયા.

દીવાલ પર સુરેખાના ફોટાને હજી હમણાં જ મઘમઘતો હાર રજતે પહેરાવ્યો હતો. સુરેખાની તેરમાની પૂજાવિધિમાં બાપદીકરો સાથે બેઠા હતા. પૂજા પૂરી કરી પંડિતજી ગયા હતા. હજુ તો પાટલા, પૂજાપો, પૂજાવિધિનાં વાસણો બધું જેમનું તેમ હતું. રજતે અંદેશોય આવવા દીધો નહોતો કે સુરેખાની વિધિ પૂરી થતાં જ એ આમ ઘર બહાર, એમના જીવનની બહાર નીકળી જશે !

આઘાતથી સૂન્ન એ સોફામાં ઢગલો થઈ ગયા. પતિ પત્ની, પુત્રનું કલ્લોલતું કુટુંબ હતું પણ ત્યારેય એ મનોમન જાણતા હતા, રજત જેટલો સુરેખાનો દીકરો હતો એટલા એ એના પિતા ન હતા.

હરિપ્રસાદે પરાણે ઊભા થઈ ભીંત પર નજર કરી. સુરેખાએ એમના ફોટા સરસ મઢાવી દીવાલે રાખ્યા હતા. રજત કિલકિલાટ હસતો એમની પીઠ પર સવાર... પેલો દરિયાનાં ઘૂઘવતાં મોજામાં પગ બોળી હાથ પકડી ઊભેલા ત્રણેય...

આ તો સઘળાં શૈશવનાં. પછી ? એમણે અધીર આંખે દીવાલ પર નજર ફેરવી. સુરેખા અને રજત... આ લોનાવલાનો... પેલી ગંગાકાંઠે હરદ્વાર પર સુરેખા અને રજત ફૂલ દીવો વહેતો મૂકી રહ્યાં છે.

એ ક્યાં છે ! કે ક્યાંય ન હતા ! મા દીકરાના જીવન વર્તુળની બહાર ઊભેલા.

નિશ્વાસ મૂકી એ ઊઠ્યા અને પૂજાનો સામાન થોડો ઠેકાણે પાડ્યો પણ ખૂબ થાક લાગ્યો હોય એમ પાછા બેસી પડ્યા. હશે, જયાબાઈ આવશે, એ કરશે. પવનમાં સુરેખાની તસ્વીર પરનો હાર ઝૂલતો હતો. સુરેખા હસી રહી હતી, હંમેશની જેમ. એમની આંખો છલકાઈ ગઈ. શું કામ તું મારાથી પહેલાં ચાલી ગઈ ? તું તો મારા સંસારનું છત્ર હતી. તું ચાલી ગઈ. રજત ચાલી ગયો. હું ઉઘાડો પડી ગયો.

માથું ઢાળી એમણે આંખો મીંચી દીધી.

તું તો ખૂબ દૂર ચાલી ગઈ. સુરેખા તારે જવું પડ્યું એટલે તું ગઈ. પણ રજત ! એ તો પોતાની મેળે જ. આ પાટલા પરથી ઊઠીને સડસડાટ ચાલી ગયો. પથ્થરની જેમ એમની તરફ ફેંકાયેલા શબ્દો...

હું જાઉં છું પપ્પા... સોરી હરિપ્રસાદ. તમે જિંદગીભર મારીમાનું લોહી ચૂસીને જીવ્યા જળોની જેમ. તમે નોકરી છોડી તે છોડી પછી મમ્મી બ્રેડવિનર બની. આખી જિંદગી સ્કૂલમાં માસ્તરાણી રહી. ઢગલો પરીક્ષા પેપર તપાસી આંખ ફોડી, ટ્યૂશનો કર્યાં. મારી ફીઓ ભરી, બે ટાઈમ આપણાં ભાણાં ભર્યાં અને તમે ? આરામ-ખુરશીમાં બેસી છાપાં વાંચ્યાં. બિલ્ડિંગમાં સેક્રેટરી બની પોરસાયા. ભાઈબંધો સાથે ગપ્પાં માર્યાં...

જવા દો, તમને બાપ કહેતાં શરમ આવે છે.

સાંભળ તો બેટા... કહેતાં એ સફાળા ઊઠ્યા. બેબાકળા ચારે તરફ જોયું. રજતના શબ્દો જંતરડાની જેમ ફરી જોરથી ફેંકાયા. ઢીમડું ઉપસી આવ્યું હોય એમ સિસકારો બોલી ગયો. હજી જંતરડો ઘૂમ ઘૂમ અવાજ સાથે ઘૂમી રહ્યો હતો.

હજી સાંભળવું છે ? તો સાંભળો હરિપ્રસાદ. તમારા સંસારનો ઢસડબોળો કરવામાંય મા રાજી હતી. હું સમસમીને સહન કરી લેતો, કાંઈ પણ તમને કહેત તો ઝઘડો થઈ જાત અને મા નારાજ થઈ જાત. એણે કેટકેટલાં બલિદાન આપ્યાં છે એનીયે ખબર છે કે નથી ? એને મ્યુઝિકનો, ભરતગૂંથણનો કેટલો શોખ ! ઘર સજાવવાનું કેટલું ગમતું ! તમે નોકરી કરી હોત અને મા ઘરે હોત તો એ મનગમતું સુંદર જીવન જીવી હોત ! તો પછી બાદશાહી કોણ ભોગવત ! મા તો હવે નથી. કહેવાય છે બાર દિવસ મૃતાત્મા અહીં જ રહે છે. પછી વિદાય લે છે. એટલે આજે આ પૂજા પછી હું જાઉં છું. વી વીલ નેવર મીટ અગેઈન. બાય.

આંખ ખૂલી ગઈ. ઘર સ્તબ્ધ. નિશ્ચલ. સુરેખા અને રજત જતાં જતાં સમેટીને સાથે લઈ ગયા હતા કશુંક. શું હતું એ ! કેમેય કરી એની પર આંગળી ન મૂકી શકાઈ. ભૂતકાળનું વજનદાર પોટલું માથા પર હોય એમ માથું ભારે થઈ ગયું.

સવારે જ શાંતાકાકી દૂધપાક પૂરી રાંધીને ગયાં હતાં. પણ થાય ત્યાં સુધી અપવાસ પછી જમી લેજો. પંડિતજીને જમાડજો. પંડિતજી તો ભોજન દક્ષિણા લઈ પછી ગયા હતા. રજત પાણી પીવાય રોકાયો ન હતો. ભૂખ લાગી હતી, દૂધપાક ગળે ઊતરે એમ નહોતો.

ભાઈ, બારણાં ખુલ્લા કેમ, કહેતી જયાબાઈ આવી. અરેરે બેન વિના તો ઘર સૂનું પડી ગયું, બબડતાં પૂજાનો સામાન સમેટ્યો. ઘરની સફાઈ કરી, સામે આવી ઊભી રહી.

'ભાઈ, જમવાનું દઉં ?'

'ના, ચા બનાવી દો અને બે ચાર પૂરી. બાકી તમ બધું ઘરે લઈ જાઓ.'

પરાણે ચા પૂરી ખાધાં. હવે તો આમ જ રહેવાનું છે. રોજ મનપસંદ જુદું જુદું રાંધી જમાડતી સુરેખા હવે નથી. જયાબાઈ જતાં જતાં બારણું બંધ કરતી ગઈ. જાણે પૂરાઈ ગયા હોય એવી ગુંગળામણ થઈ આવી. સ્મૃતિઓમાં ભૂતકાળમાં કેદ. સ્મૃતિઓના કારાગારમાંથી કોણ છૂટી શક્યું છે !

શરીર ખેંચતા ઊભા થયા. ધીમે પગલે બેડરૂમમાં આવ્યા. ચોતરફ સુરેખાની ફિંગરપ્રિન્ટ હતી. કંપતા હાથે કબાટ ખોલ્યો. રંગબેરંગી સાડીઓ, પરફ્યૂમની બાટલીઓ, નીચેનાં ખાનામાં ચાંદીનાં વાસણો, કેવી રીતે આ બધું એણે ભેગું કર્યું હશે ! એ કહેતી, તમને શું ખબર પડે ! આપણા રજતની વહુ રૂમઝૂમ પગલે આવશે તો આ બધું વાપરશે. ઘર ઝગમગશે જોજો ને !

હા, એ જોઈ રહ્યા હતા. ઘરમાં અંધારું ઊતરવા માંડ્યું હતું. બાજુમાં રહેતાં માલિનીબહેન બે વાર ખબર પૂછી ગયાં. કામ હોય તો કહેજો, હું જમવાનું આપી જઈશ. સુરેખાબેનની તમને ખોટ પડી, અમનેય પડી. રજતને ખીચડી ચાલશે કે એને કંઈ બીજું બનાવી આપું ?

રાત્રે બેડરૂમમાં લાઇટ ચાલુ રાખીને સૂતા પણ ઊંઘ આવે એમ નહોતી. બાજુમાં ખાલી જગ્યામાં હાથ ફરતો રહ્યો.

પહેલી રાત્રે આ જ પલંગ પર કેવી ઉમળકાભરી સોહાગરાત મનાવી હતી ! સારી નોકરી, ખેતર વેચીને બાએ અપાવેલું આ મોટું ઘર, અને ઘરમાં કંકુપગલાં પાડનારી સુરેખા. સ્વયં નિયતિએ ભાલે કુમકમ તિલક કરી આશીર્વાદ આપ્યા હતા, સુખી થજો.

અને ખરેખર સુખનો પ્યાલો છલોછલ ! સુરેખાએ એના જીવનને અભરે ભરી દીધું. એ મોતીનાં તોરણ, પોપટ મોર ભરતી કે ટહુકાથી પ્રભાત ઊગતું. ઓશીકાના ગલેફ પર ભરેલા સ્વીટ ડ્રીમ્સથી સોનેરી સોણલાં આવતાં. એને દીકરીની બહુ હોંશ અને રજતનો જન્મ થયો. ઘર અને જિંદગી કલબલી ઊઠ્યાં. સુરેખા ઘર સજાવતી, રજતને ભણાવતી. નીતનવી રસોઈ... મોબાઇલમાં વ્હોટ્સેપ પર એ સરસ સ્ટીકર કે રમૂજી ઈમોજી મોકલે. ઓફિસમાં કામમાં હોય પણ મોં મલકી પડતું.

સુરેખા... સુરેખા... બાજુની ખાલી જગ્યામાં હાથ ફેરવતાં નિશ્વાસ મૂકતાં ધ્રુજી ઊઠ્યા. બસ, તું ચાલી જ નીકળી ! શું ઓછપ હતી જીવનમાં ! બેઠા થયા. ફ્રિઝમાંથી ઠંડું પાણી પીધું. અંદર ભડભડ અગ્નિ બળતો રહ્યો.

અચાનક ધરતીકંપ થાય અને આખી નગરી ગારદ થઈ જાય એમ કંપની દેવામાં ડૂબી ગઈ. બોસ પરિવારને લઈ કેનેડા ચાલી ગયા. કાટમાળ નીચે દબાઈ ગયા હોય એમ ગુંગળામણ થઈ આવી હતી.

પછી એક વિષચક્ર શરૂ થયું. જ્યાં નોકરી માટે પગથિયાં ચડે ત્યાં, વ્હેર ઈઝ ધી રેકમેન્ડેશન લેટર ? ડિગ્રી સર્ટિફિકેટ્સ ? એજ ?

ત્યારે એમને ખ્યાલ આવ્યો કે એ એક ઘરેડમાં જીવતા હતા ત્યારે આખી દુનિયા ઊલટસૂલટ થઈ ગઈ હતી. ડિગ્રીઓની ભરમાર હતી. ફૂટડા યુવાનો પરદેશની ડિગ્રીઓ, ઑનલાઇન કોર્સીસ, વર્કશોપ્સની ફાઈલો લઈ જોબમાર્કેટમાં કતારમાં ઊભા હતા. કતારમાં ઊભા રહી વર્ષો તપ કરે તોય કોઈ કંપની તથાસ્તુ કરવાની નહોતી. અનુભવની કિંમત કરતાં સર્ટિફિકેટના એક કાગળનું વજન વધુ હતું.

એક દિવસ સુરેખાએ કહ્યું.

ચિંતા ન કરો, મને નોકરી મળી ગઈ છે. એ અચંબાથી પત્નીને જોઈ રહ્યા હતા. નોકરી ? સુરેખા નોકરી કરશે ? એને તે વળી કોણ નોકરી આપે ?

''આપણા ઘરની પાછળ પેલી ગુજરાતી કન્યાશાળા છે ને, માતુશ્રી વીરબાઈ કન્યાશાળા ? કમાલ છે, તમને ખબર જ નથી ? ત્યાં હું પ્રિન્સિપાલને મળી. એક શિક્ષિકાબહેન મેટરનિટી લીવ પર છે એટલે ત્રણ મહિના માટે...''

''પણ તારી પાસે ડિગ્રી-ડિપ્લોમા છે શું ?''

''મારું ગુજરાતીનું જ્ઞાન એ મારી ડિગ્રી. આ પ્રાઈવેટ નાની સ્કૂલ છે, અને ત્રણ મહિના માટે છે... ચાલો, એમ તો એમ. આપણું ગાડું ગબડશે ને !''

''અરે પણ તું નોકરી...''

''કાલથી જ જવાનું છે. રજત સાથે જ રજાઓ અને વેકેશન એટલે વાંધો નહીં આવે. બધું ગોઠવાઈ જશે.''

બેડરૂમમાં આછો પ્રકાશ ફેલાવા લાગ્યો હતો. એ ઘરમાં ફરવા લાગ્યા. વહેલી સવારે સુરેખા તુલસીને પાણી પાઈ દીવો કરતી હોય, રજત પાલવ પકડી જોડેજોડે ફરતો હોય, સુરેખા રસોડામાં મોબાઇલમાં એને ગમતાં ગીતો મૂકી ચા નાસ્તો, રસોઈની તૈયારી કરતી હોય.

હા, સુરેખાએ ધાર્યું હતું એમ બધું ગોઠવાઈ ગયું હતું. મેટરનિટી લીવ પર ગયેલી બહેન પાછી ન ફરી. સુરેખાના કામથી ખુશ ટ્રસ્ટીઓએ પગાર વધારા સાથે કાયમી નોકરીનો પત્ર આપ્યો હતો. હેન્ડિક્રાફ્ટના વર્ગોના અલગ પૈસા મળતા હતા. કન્યાશાળાની વિદ્યાર્થિનીઓ રંગોળીની હરીફાઈમાં પહેલું ઇનામ લાવતી હતી. ક્યાંક મહિલા મંડળોમાં સુરેખાનું ડેમોસ્ટ્રેશન... પ્રવચન...

ધીમે ધીમે બંનેની ભૂમિકાઓ બદલાતી ગઈ હતી. સુરેખા ઘર ચલાવતી હતી એ ઘર સંભાળતા હતા.

એ રસોડામાં આવ્યા. ચા મૂકી બહારથી દૂધની થેલી લાવી ગરમ કરવા મૂક્યું. કોફીનો મગ તૈયાર કર્યો પછી ખ્યાલ આવ્યો. રજત તો નથી. કોને માટે કોફી ? કે રસોઈ કે પછી કંઈ પણ કોને માટે ? શું કામ ?

ચા ઉભરાઈ ગઈ. ગેસ બંધ કરી, ચા ગાળી બહાર આવ્યા. એ જ વિચારોમાં ઘૂંટડો ભર્યો. મોં દાઝી ગયું.

કાલે રજત શું કહેતો હતો, કામ કરી કરી સુરેખા આ ઘરમાં ઘંટીમાં ઓરાતી, ધીમું દળાતી રહી અને તમે નિરાંતે જીવતા હતા. મોર્નિંગ ઈવનિંગ વૉક, ભાઈબંધો સાથે સેરસપાટા. બિલ્ડિંગમાં ચેરમેન થઈને પારકાં કામ કર્યાં...

છાતીમાં તીવ્ર શૂળ ઊપડ્યું હોય એમ અત્યંત વિચલિત થઈ ગયા.

પછી નોકરી સાચેસાચ ન મળી કે પત્નીનું દીધેલું એશોઆરામનું જીવન કોઠે પડી ગયું હતું ? આવો પ્રશ્ન પોતે પોતાને પૂછ્યો નહીં. કે સૂઝ્યો જ નહીં ! સુરેખાનાં વાણી - વર્તનમાં તો ઝીણો ઝીણો અંદેશોય નહીં. એ તો કહેતી કે તમે છો તો મને કેટલી નિરાંત છે !

રજતના મનમાં આ બધું ધરબાયેલું હતું એની કદી ખબર જ ન પડી ! અને અચાનક જ જામગરી ચાંપી દીધી હોય એમ બધું તહસનહસ કરી એ ચાલી ગયો !

એ સુરેખાની તસ્વીર સામે ઊભા રહ્યા.

તું તો પુણ્યશાળી જીવ હતી. પુષ્પક વિમાનમાં તું ઈશ્વરના દરબારમાં પહોંચી ગઈ. પણ હું હવે શું કરું ? ન મેં તને સાચવી, ન આપણા દીકરાને મારો કરી શક્યો.

હરિપ્રસાદ બે હાથમાં મોં છુપાવી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા.

રજતે ટેક્સી ડ્રાઈવરને કહ્યું.

મરીન પ્લાઝા, મરીન ડ્રાઈવ.

ટેક્સી દોડતી રહી. એણે આંખો બંધ કરી બેઠક પર માથું ઢાળી દીધું. મમ્મીની આંગળી પકડીને ચાલતાં ચાલતાં એ તો દૂર નીકળી ગઈ અને એ પાછળ એકલો રહી ગયો. હરિપ્રસાદ માત્ર પોતાને માટે જીવ્યા હતા. મમ્મીએ ઘરને, અમને બન્નેને સ્નેહસેતુથી જોડી રાખ્યા હતા, પણ હવે એને ન ઘર હતું, ન પિતા હતા.

''ઓ ભાઈસાબ પીકે ગાડીમેં બૈઠે હો ક્યા ?''

એ ઝબકી ગયો. પૈસા ચૂકવી એ ઊતરી પડ્યો. રિસેપ્શન ડેસ્ક પરથી રૂમ કાર્ડ કી લઈ રજિસ્ટરમાં સહી કરી એ ત્રીજે માળની રૂમમાં આવ્યો. હવે થોડા દિવસ આજ એનું ઘર હતું. ઘર છોડવાનો નિર્ણય કર્યો ત્યારે જ એણે હોટલ બુકિંગ કરી લીધું હતું. મનમાં ગાંઠ વળી ગઈ હતી, પપ્પા સાથે તો નહીં જ રહેવાય. ત્યાં જિવાયેલું જીવન, મમ્મીની સ્મૃતિ સતત ઊંડી ઊતરી ગયેલી ફાંસની જેમ ચૂભશે.

બેસાયું નહીં, રાખમાં ઢબૂરાયેલા અગ્નિની જેમ હજી અંદર પીડાનો તિખારો બાળી રહ્યો હતો. બાલ્કનીના કાચમાંથી દૂર ઘૂઘવતો દરિયો જોઈ રહ્યો. મોબાઈલની રિંગ વાગી રહી હતી. નથી લેવો ફોન. હરિપ્રસાદનો જ ફોન. રિંગટોન સતત ગુંજતો હતો. ગુસ્સામાં ફોન લીધો. કૌશલનો ફોન.

''હે વ્હેર આર યુ ? ક્યારનો ફોન કરું છું.''

''મરીન પ્લાઝા.''

''તું હોટલમાં છે ? ત્યાં શું કરે છે ?''

''માણસ હોટલની રૂમમાં શું કરે ? રહું છું. આઈ હેવ ચેકડ ઈન. આ મારું ઘર.''

''મૂરખ જેવી વાતો ન કર.''

એણે ફોન સ્વીચ ઑફ કરી દીધો. ઉપદેશ, સલાહ, સૂચનો કશાનો ખપ ન હતો. રૂમ સર્વિસમાં ફોન કરી ચા ટોસ્ટનો ઓર્ડર આપી પથારીમાં એણે લંબાવ્યું. મનનો ભાર શરીર ઉપાડતું હોય એમ ખૂબ થાક લાગ્યો હતો. આંખો બંધ કરતાં જ, બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મની જેમ શૈશવના મમ્મી સાથેનાં અનેક દૃશ્યો તાદૃશ્ય થતાં ગયાં. મમ્મીનાં બાળપણની, શાળાની, તોફાનની વાતો સાંભળવી ખૂબ ગમતી એ પૂછતો.

''મમ્મી તને આટલું બધું કેમ યાદ રહે છે ?''

તરત એણે કહ્યું.

''રજજુ, ભૂતકાળને ભૂતની જેમ ઊંધા પગ હોય છે. તમે જેમ ચાલો એમ પાછળ જ જવાય પછી તમને જે જે બની ગયું હોય તે દેખાય. હું પોતે જ ભૂત છું.''

પછી આંખો પહોળી કરી એને બીવડાવતાં બન્ને ખડખડાટ હસી પડ્યાં હતાં. એ પણ આજે ભૂત થઈ ગયો હતો ?

ડોરબેલ વાગી. હાશ, ચા આવી. બારણું ખોલે તો કૌશલ !

''તું ?''

''સામે તો ઊભો છું, ચલ ખસ. અંદર આવવા દે.''

''છૂટકો છે ? આવ. પણ જો...''

''જોયું, તું આમ ઘર છોડીને આવ્યો છે. ઈડિયટ છે તું.''

ચા આવી.

''ચાલ શેર કરીએ. મેં તને કહ્યું હતું કૌશલ, મને કોઈ ઉપદેશ નહીં જોઈએ.''

''આપીશ અને ધરાર આપીશ. આ ઉંમરે હરિકાકાને એકલા મૂકી દેતાં તમને શરમ ન આવી ?''

''શરમની વાત જ શી છે ! એમણે આખી જિંદગી લહેર કરી અને મમ્મીએ મજૂરી. સાથે રહીને રોજની રોજ એ વાત મને સતત પજવે, નો નો. મારે એમની સાથે રહેવું નથી, બસ.''

''એગ્રીડ, હવે મને એક વાત કહે, તમે બંને સામસામે બેસીને ક્યારેય આ વિશે વાત કરી છે ?''

''નો. નેવર.''

''તો તને કેમ ખબર પડી કે એ કામ ન કરીને ખુશ હતા ! જેમ તારા મનમાં તું બધું ભરી દઈને જીવ્યો, એમ એમને પણ નિરાશા, ડિપ્રેશન, નિષ્ફળતાનો કડવો સ્વાદ મોંમાં, મનમાં નહીં રહ્યો હોય !''

રજત ધૂંધવાતો બોલી પડ્યો,

''ના ના ના.''

કૌશલે વળતું જ કહ્યું,

''રજત, જેમ તારી પાસે તારા મનની વાત છે, એમ એમની પાસે એમની વાત હોવી પોસિબલ છે ને ! કમ ઓન, લેટ્સ ગો. ઘરે ચાલ, શૈલી આપણી રાહ જુએ છે.''

''જો કૌશલ...''

''લંચમાં જો અને તો શું ! રૂમમાં પુરાઈને આખો દિવસ કરશે શું ? અરે હા, પછી શું કરવા ધાર્યું છે ? એક્ઝેક્ટ પ્લાન શું છે ? મુંબઈમાં બીજું ઘર લેવાનો છે ? પરવડશે ?''

''હૈદ્રાબાદ જવાનો છું.''

''શું ?''

''હા, મમ્મીને બ્રેસ્ટ કેન્સરની ખબર પડી ત્યારે જ ડૉક્ટરે મને વોર્નિંગ આપી હતી, ત્રણથી ચાર મહિના ત્યારે જ હું મુંબઈ બહાર જોબ શોધતો હતો.''

"સ્કૂલ ડેઝથી આપણે ક્યારેય એકમેકથી કોઈ વાત નથી છુપાવી અને... યુ ડીડન્ટ ટેલ મી એનીથીંગ ?"

રજતે ધીમેથી કહ્યું,

"ઓ સોરી દોસ્ત, પણ મને.. એમ કે... તું... આઈ મીન... મને સમજાવીશ."

"એટલે કે ઉપદેશ આપીશ. હું પોથી પંડિત નથી અને પોઝિટિવ થિંકિંગનાં લેકચર્સ આપતો નથી. તને ખબર છે. પણ, હવે શૈલી રાહ જોતી હશે. અરે હા, ધાર કે મેં તને ફોન ન કર્યો હોત તો તેં કર્યો હોત ? કે સીધો હૈદ્રાબાદ ?"

"ચાલ, બહુ થયું કૌશલ. તને રાત્રે ફોન કરત કાં તારે ત્યાં સીધો પહોંચી જાત."

"થેન્ક્સ. અબ ચલે !..."

શૈલીએ ટેબલ સજાવી રાખ્યું હતું.

★★★

"રજતભાઈ, સુરેખામાસીના તેરમાને દિવસે આમ ભાવતા ભોજન પીરસવાનું મને મન તો નહોતું પણ પછી મને થયું માસી એકદમ ખુલ્લા દિલનાં ખુશમિજાજ વ્યક્તિ. તમે કોઈને તર્પણ વિધિમાં તો બોલાવ્યા નહોતા એટલે મને થયું હું જ એમને સ્મૃતિઅંજલિ.. તરીકે..."

રજતને કશો જવાબ સૂઝ્યો નહીં. સહુ ચૂપચાપ ટેબલ પર ગોઠવાયાં. શૈલી આગ્રહ કરી પીરસતી રહી, પણ રજત માંડ થોડું ખાઈ શક્યો. કૌશલ પાન લેવા ગયો. શૈલી રજતની સામે જ બેસી ગઈ.

"તમને એક ન્યૂઝ આપવા છે, આમ તો હરખના સમાચાર છે, તમને કહું ન કહું, આજના દિવસે એવી વિમાસણમાં હતી. પછી થયું આ સુરેખામાસીના જ આશીર્વાદ છે એટલે..."

"પ્લીઝ શૈલી. તો તો મને ચોક્કસ કહે."

"આઈ એમ પ્રેગ્નન્ટ. અમે તો ભણતા'તાંને જ પરણી ગયા હતા, કોર્ટમેરેજમાં તમારી તો સહી છે. મારાં મા-બાપનો સખત વિરોધ હતો એ પણ ખબર છે તમને, એમને સમજાવ્યા હતા સુરેખામાસીએ જ એ ખબર છે ?"

રજત નવાઈ પામી સાંભળતો રહ્યો, મમ્મીએ તો આવું, કશું નથી કહ્યું !

"ઘણીવાર સ્કૂલમાં લંચટાઈમમાં જતી. અમે સાથે જમતાં. ઘણી વાતો અમે શેર કરતાં. મને કહેતાં, હરિપ્રસાદ જેવો પતિ ભાગ્યશાળીને મળે."

રજત ચમકી ગયો. શું કહી રહી હતી શૈલી !

"હા, રજત. એમને હતું કે એમણે ઘર બહાર પગ મૂક્યો તો એમણે વિશાળ દુનિયાનું નવું રૂપ જોયું. મેં તો શીખવ્યું પણ હું પણ કેટલું નવું નવું શીખી ! પતિની કોઈ રોકટોક નહીં. એક રાત્રે તો..."

રજત અધીર થઈ ગયો.

"પણ શૈલી !"

"તમને તો ખબર જ હશે કે માસી સ્કૂલની ગરીબ વિદ્યાર્થિનીઓને ખૂબ મદદ કરતા ! કોઈને મા-બાપ ઉઠાડી લેતા એમને સમજાવવા તમારા પપ્પા પ્રસાદજીને સાથે લઈ જતા. એક વખત સ્કૂલના શિક્ષકે જ વિદ્યાર્થિનીને હેરાન કરી... યુ નો વ્હોટ આઈ મીન ! ત્યારે પ્રસાદજી રાત્રે સુરેખામાસીને લઈને પોલીસ સ્ટેશન ગયા હતા..."

"એક મિનિટ, અને મને જ ખબર ન પડી ?"

"ત્યારે તમે કોલેજ તરફથી ફૂટબોલ મેચ માટે લખનૌ ગયા હતા. યાદ છે ને કૌશલને ઈજા થતાં એ પાછો આવ્યો હતો ! એ પણ પોલીસ સ્ટેશન ગયો હતો. મેચમાં હારીને પાછા આવ્યા ત્યારે ફાઈનલ્સની તૈયારીમાં હતા એટલે તમારા પપ્પાની જ સૂચના, રજતને ડિસ્ટર્બ ન કરતા."

ઉપરાઉપર ડોરબેલ..

"લ્યો, આ તમારો સાક્ષી આવી ગયો."

કૌશલે પાન અને આઈસ્ક્રીમ ટેબલ પર મૂક્યાં. અને ટ્રે બાઉલ્સ લેવા રસોડામાં ગયો. શૈલીએ આઈસક્રીમ રજતને આપતાં કહ્યું :

"હૈદ્રાબાદ આઈસ્ક્રીમ માટે ફેમસ નથી. હજી વિચારી જુઓ. આજે સુરેખામાસી બહુ યાદ આવે છે. લગ્ન પછી કોઈ નાની વાત માટે આ મહાશય સાથે ઝઘડો થઈ ગયો. હું માસી પાસે પહોંચી ગઈ, મારે ડાયવોર્સ જોઈએ છે. બસ, જોઈએ જ."

"અરે ! કૌશલે તો ક્યારેય કહ્યું નથી !"

"ત્યારે માસીએ એક સરસ વાર્તા કહી હતી. એક નાનકડી છોકરીને દૂરબીન જડ્યું. એમાંથી જોતાં ઘર સાવ પાસે લાગે. બીજી બાજુથી જુએ તો ખૂબ દૂર. એમણે કહ્યું, શૈલી, તું દૂરબીનમાં બીજી બાજુથી જો, તને નજીકથી દેખાયેલું દૃશ્ય દૂર સરી જશે. જીવનનું એક મોટું લેસન માસીએ તે દહાડે શીખવેલું."

"લે, દોસ્ત પાન જમાવ. આપણું ફેવરિટ. એ રજત, એક કામ કરને ! તું બેગ લઈ અહીં જ આવી જા. હોટલમાં એકલો શું કરીશ ?"

"હા, રજતભાઈ. તમારી હૈદ્રાબાદની ટિકિટ ક્યારની છે ? કંપનીમાં ક્યારથી જોઈન્ટ થવાનું છે ?"

"જોઈન તો આવતે મહિને. થયું, થોડા દિવસ વહેલો જાઉં તો સાઉથમાં ફરી લઉં. જોકે, નક્કી નથી."

શૈલી હસી પડી.

"શું મારા ભાઈ તમે. એકલા ભૂત જેવા ક્યાં ફરશો ? અહીં જ રોકાઈ જાઓ, મેરેજનું વિચારો. માસી અને પ્રસાદજી મને કાયમ કહેતા, અમારો રજત બહુ મૂડી અને ભોળો છે, એને સરસ છોકરી શોધી આપ."

કૌશલે વચ્ચે જ કહ્યું,

"શું શૈલી તું પણ એક જ વાત લઈને બેઠી છે ? આવતો હશે તોય અહીં નહીં આવે. ચાલ, રજત. તારી બેગ લઈ આવીયે."

"હું આવી જઈશ. સાંજે યાર. ચાલ ઊઠું ? થોડો આરામ કરીશ." ઓકે બાય. થેંક્સ શૈલી ફોર લંચ.

રજત નીચે ઊતર્યો. પસાર થતી ટેક્સીને હાથ કર્યો, ટેક્સી ઊભી રહી. ડ્રાઈવરે પૂછ્યું, કહાં જાના હૈ, દરવાજો ખોલી રજત ડ્રાઈવરને તાકી રહ્યો.

એ/૨, ગુલબહાર, મેટ્રો આઈનોક્સ થિયેટર પાછળ,
બેરેક રોડ, મુંબઈ-૪૦૦૦૨૦. મો. ૯૮૩૩૦૭૬૬૭૩

એક્સ્ટ્રા

- ડૉ. કેશુભાઈ દેસાઈ

જેવી આકાશને ગોરંભાયેલા વાદળોની અકળામણ પડતી હશે એવી જ મોંઘજીકાકાને આ નજરકેદ કઠી રહી છે. એ પણ આકાશની જેમ એમના મનનો ઉકળાટ વ્યક્ત નથી કરી શકતા. હું એમના ચહેરા પર લેપાયેલી વાદળી ઉદાસી વાંચી શકતો એ પણ એમને ગમતું હશે કે કેમ એ પ્રશ્ન છે. જાણે કશુંક અંદર ધરબાયેલું લીક ન થઈ જાય એની સતત ધાસ્તી રહ્યા કરે છે આ બુઝર્ગ નિવૃત્ત ડીએસપીને આખી જિંદગી ગુનેગારોને મારી ઠોકીને અંદરનું સત્ય ઓકાવનાર પોતે કેવા ઓશિયાળા બની ગયા છે ! ઉંમર, તું કેટલી કઠોર છે ! થર્ડ ડિગ્રી ટોર્ચર કરનારો પોલીસ અધિકારી તારી આગળ, શિયાંવિયાં, મીંદડી મ્યાઉં !

એક વાર દબાઈ ચંપાઈને ઈવનિંગ વૉક લેતાં સવાલ કરી જ બેઠો : કાકા, સાવ મૂંગામંતર કેમ થઈ ગયા છો ? જુઓને, મોસમ કેવી ખીલી છે ! વરસાદ વરસી ગયા પછી આકાશ બાળકની આંખ જેવું ચોખ્ખુંચણાક બની ગયું છે. સૂરજની આસપાસ કેસરી કૂંડાળું વળી ગયું છે. ઝાડપાનને ધરાઈને આકાશી અમી પીવા મળ્યાં એટલે એ પણ તરોતાજા, ખુશખુશાલ લાગી રહ્યાં છે. તમે કેમ આટલા ઓઝપાયેલા લાગો છો ?

એમણે છાછિયું નહોતું કર્યું. હસવાનો પ્રયાસ કરવા ગયા હતા પણ ગળું રૂંધાઈ ગયું હતું. ખોંખારો ખાઈને કહે : તું શાહજહાંની છેલ્લી અવસ્થા વિશે તો જાણતો હોઈશ ! એમ સમજ કે કાકો એકવીસમી સદીનો શાહજહાં છે. 'શાહજહાં' એ તો તાજમહેલ બંધાવેલો, બેગમની યાદમાં' - મને થયું : મારે એવી કૉમેન્ટ નહોતી કરવી જોઈતી. ગામવાળા મરનાર ફૂલીકાકીની પાછળ કાકા કોઈ મોટું દાન જાહેર કરશે એવી આશા રાખીને બેઠા હતા. કાકીના નામની તકતી લાગે એવું તો એમની એકની એક દીકરી વિમુ પણ ઇચ્છતી હતી. પપ્પાજી આગળ લાંબી દલીલ ન કરાય. એ ગમે તેમ તોય પોલીસ ખાતાના માણસ એટલે વિમુ ફક્ત આડકતરો ઈશારો કરીને અટકી ગયેલી : પપ્પા, મમ્મીની ત્રીજી પુણ્યતિથિ આવશે. આ નવરાત્રીના દિવસોમાં...

'મને ખબર છે.' એમણે મોઢું કટાણું કરીને સામો સવાલ કર્યો હતો : 'હવે એવી પચાસ પુણ્યતિથિઓ આવે તોય તારી મમ્મી પાછી આવવાની છે ? ગયું તે ગયું. એને સંભારીને દુઃખી જ થવાનું કે બીજું કાંઈ ?'

વિમુ ચૂપ થઈ ગઈ હતી. જમાઈ અશોકકુમાર તો શરૂથી જ એક સલામત અંતર જાળવતા હતા. આખા દિવસ દરમિયાન 'જયશ્રીકૃષ્ણ પપ્પાજી'થી આગળ ભાગ્યે જ બીજો શબ્દ ઉચ્ચારતા. એ ભલા અને એમનું કામ ભલું. વિમુ કશુંક લઈ આવવાનું યાદ કરાવે તે પહેલાં જ એ હાજર કરી દેતા. વડીલને લગારે ઓછું ના આવવું જોઈએ - એટલી કાળજી લેવાની તાકીદ તો ગામડે રહેતા એમના પિતા પણ અવારનવાર કરતા રહેતા.

'એમને અહીં કોઈને તકલીફ નથી.' સાસુમા વેવાઈની ખબર પૂછતાં ત્યારે વિમુ અમને હસીને કહેતી : 'તમે દૂર બેઠાં બેઠાં ખોટી ચિંતા કરો છો. બંગલામાં આખેઆખો ઉપરનો માળ એમના હવાલે છે. અમારી પાસે છે તે તમામ સુવિધાઓ એમના એકલા માટે કરાવી દીધી છે. ટીવી, એમને ગમતો રેડિયો પ્રોગ્રામ માણવા માટે સોનીનું ટ્રાંઝિસ્ટર, બેડરૂમ સાથે એટેચ્ડ વૉશરૂમ, લાઈબ્રેરી... એમનો અલગ બારરૂમ પણ ખરો. આપણને ન ગમે પણ એમણે આખી જિંદગી પીધું હોય એ થોડું છૂટે ? લાઈસન્સ ધરાવે છે એટલે બીજી ચિંતા પણ નથી.'

પણ વિમુને સતત એક ચિંતા જરૂર કોરી ખાતી. મોડી સાંજે ઝરૂખામાં ડિમલાઈટમાં બેઠા બેઠા એકલા એકલા પીતા હશે ત્યારે એમને કોઈ કમ્પનીની અપેક્ષા જરૂર રહેતી હશે. કહી નહોતા શકતા પણ જૂની ફિલ્મોનાં કરુણ ગીતો ગણગણતા ત્યારે એનાથી અચાનક ડૂસકું જરૂર મુકાઈ જતું. એની મમ્મી ગુજરી ગયાં એ કરતાં પપ્પાજીની ગુજરી ગયા હોત તો કેવું સારું - એવો વિચાર આવી જતો. મમ્મીને સાચવવી અઘરી ન પડત. ઊલટાની એ તો ભક્તાણીઓ ભેગી કરીને બંગલાને મંદિરમાં ફેરવી દેત. ટીકુ અને ભોલો તો એના હેવાયા થઈને મોમ-ડેડનેય ભૂલી જાત...

પણ જીવાદોરી જ ટૂંકી લઈને આવી'તી બિચારી. નહીંતર એકસઠ વરસ તે કોઈ મરવાની ઉંમર છે આ બાયપાસ સર્જરી અને કિડની ટ્રાન્સપ્લાન્ટના જમાનામાં ! પણ બિચારીએ કોઈની પાસે પાણીય ક્યાં માગ્યું હતું ? રાતે ભજન મંડળીમાંથી આવી અને સવારે ટેવ મુજબ પપ્પાજીને બેડ ટી ન પહોંચી ત્યારે ખબર પડી. સૂઈ ગઈ તે હંમેશને માટે સૂઈ ગઈ. મોઢા પર દુઃખની એક રેખા સુધ્ધાં નહીં. મલકાઈને ના મીંચી દીધી હોય આંખો - બાળકો એકમેક સાથે અટકચાળા કરતાં હોય એમ - બસ, હલાવી, બોલાવી પણ બોલે એ બે ખાય !

એ તો ગઈ. પાછળ રઝળતા મેલી ગઈ મુછાળા મરદને. કેટલું કરગર્યાં, દીકરી જમાઈએ એમની બે આંખો જેવાં કુમળાં ભૂલકાંના સોગન ખવડાવ્યા ત્યારે કચવાતા મને તૈયાર થયા

હતા. ના ફાવે મને. ખોટો આગ્રહ કરો છો. મારી લાઇફ સ્ટાઇલ તમને નહીં કે તમારા વડીલોને અનુકૂળ નહીં આવે. ખોટાં મનદુઃખ થાય એ કરતાં મને મારા હાલ પર છોડો. જરૂર પડશે, ત્યારે બોલાવી લઈશ. આપણા મકાનો વચ્ચે વૉકિંગ ડિસ્ટંસ તો છે. ગામડે રહેતો હોઉં તો તમને ચિંતા થાય. અહીં મારા જૂના સાથીદારો આવે, સાથે જ પાર્કમાં ફરવા જઈએ, ક્યારેક લોન્ગ ડ્રાઈવ પર નીકળી જઈએ. તમારે ત્યાં આવીશ એટલે કટ ઓફ થઈ જઈશ મારી દુનિયાથી.

- પણ વિમુએ હઠ નહોતી છોડી. એ પપ્પાજીને નજર સામે રાખવા માગતી હતી. મમ્મીની જેમ જ એમને બેડ ટીથી ડિનર સુધી સાચવી લેવા કૃતસંકલ્પ હતી. આખરે દીકરીનાં આંસુમાં પિતાનો નન્નો ઓગળી ગયો હતો અને એ ઉફરા મને એના ઘરે રહેવા આવી ગયા હતા. પરંતુ હું જાણું છું : એ નહોતા આવ્યા. ફક્ત એમનું ખોળિયું જ આવ્યું હતું... એમનો જીવ તો એકાદ-બે કિલોમિટર દૂર આવેલા એમના 'આશિયાના'માં જ મૂકીને આવ્યા હતા.

'નથી ફાવતું યાર !' એમણે કાલે સાંજે જ પાર્કમાં ફાસ્ટ વૉકિંગ કરતાં કરતાં ધમણની જેમ શ્વાસ છોડતાં કહ્યું હતું 'સાવ એકલો પડી ગયો છું. દીકરીના ઘરે મારા પર્સનલ ગેસ્ટ્સ અને થોડા બોલાવી શકું ? મારા હાથ નીચે કામ કરનારી લેડીઝ પણ ઓશિયાળી થઈ ગઈ છે. મારા બંગલે તો બિન્ધાસ મને સલામ કરવા આવતી. રીતસર વારા કાઢતી. મિસિસને પણ એમની અવરજવર ગમતી. એ બિચારી જાણતી હતી કે હું જરા વધુ પડતો ફીટ હતો, ઉંમર મને આભડી નહોતી. એ કોથળો થઈ ગઈ હતી એટલે મારી સાથે લોન્ગ ડ્રાઈવમાં આવવામાં પણ એને રસ નહોતો રહ્યો. અડધોઅડધ વખત એ વિમુના ઘરે પસાર કરી દેતી. એને ભાણેજિયાં બહુ વહાલાં - એ ભૂલકાં પણ નાનીને જુએ એટલે મમ્માનેય ભૂલી જતા. મને પણ વિમુની મમ્મી વિમુના ઘરે જ પડી રહે એ ગમતું...' એ અતીતની ગુફામાં અટવાઈ ગયા હતા.



મારે નાના મોઢે એવડા મોટા માણસને શું કહેવું ? હું એમના મર્દાનગીના પર્યાય જેવા ચહેરા પર લેપાયેલી ઓશિયાળ વાંચી - તો શકેલો પણ એમને આશ્વાસન નહોતો આપી શક્યો. છૂટા પડતાં કમ્મર પર લટકતી રિવોલ્વર પર હાથ મૂકી બોલી ઊઠેલા : ક્યારેક તો જયેશ, એવું લાગી આવે છે કે, આવી નજરકેદમાં સબડતા અને સડતા રહેવા કરતાં લમણે નાળચું ટેકવી ટ્રિગર દબાવી દઉં... થોડી વાર પૂરતી જે પીડા થવી હોય તે થાય પણ કાયમી છુટકારો તો ખરો !

હું તો એમની વાત સાંભળી રીતસર ધ્રૂજી જ ગયેલો. આખી રાત એમના જ વિચારો આવતા રહ્યા. કેવી છે આ જિંદગી ! મને 'આનંદ' ફિલ્મનું પેલું જાણીતું ગીત યાદ આવી ગયેલું.

જિંદગી... યે કૈસી હે પહેલી,
કભી યે હસાયે, કભી યે રુલાયે...

ઊંઘ ન આવી. પડખાં ઘસતો રહ્યો. જવનિકાને પણ નવાઈ લાગી. 'આજે કેમ જાણે...' એ કંઈ પૂછે, કશી શંકા-કુશંકા કરે એ પહેલાં જ મેં ખુલાસો કરી દીધો હતો, 'પેલા મોંઘજીકાકા નહીં ? આપણી નાતમાંથી સૌથી પહેલા ડીએસપી જેવા ઊંચા હોદ્દા પર પહોંચેલા છે તે ?'

'એમની કાંઈ ઓળખાણ આપવાની હોય ? કાકાએ કોણ જાણે સમાજના કેટલા છોકરાઓને નોકરીએ વળગાડી દીધા છે ! જ્યાં જુઓ ત્યાં કોઈને કોઈ આપણાવાળો તો મળી જ રહે ! વિમુબેન એમને બહુ સાચવે છે હોં ! બાકી બીજી કોઈ સ્ત્રી બાપને પોતાના ઘરે રાખવાનું જોખમ ન ખેડે, ખાસ તો પોલીસખાતામાં આખી જિંદગી જોહુકમી ચલાવીને રિટાયર થયેલા વિધુર બાપને !'

'કેમ, વિધુર થવું એ કોઈ ગુનો છે ?' મારાથી સહજભાવે પુછાઈ ગયું. જવનિકાએ મને ગાલ પર હળવેકથી ટપલી મારી અને કહ્યું : 'વિધુર થવું એ મોટો અભિશાપ છે ડિયર. તમે એવા પુરુષની મનોદશાની કલ્પના પણ ન કરી શકો કારણ કે હું જીવું છું ! પણ આ મોંઘજીકાકો તો...' એણે વાક્ય પૂરું કરવાનું જોખમ ના ખેડ્યું.

મને પણ ખબર જ હતી જ. કાકો એનો ઈગો ખભે ઊંચકીને ફરે છે. એક વાર એ દારૂના નશામાં ને નશામાં બંગલાના ઝરૂખામાં રિવોલ્વર સાફ કરી રહ્યા હતા. કારતૂસ બહાર કાઢે એ પહેલાં જ ટ્રિગર પર આંગળી મુકાઈ ગયેલી... પછી તો જે ભડાકો થયો છે !!! બુલેટ સામા બંગલાના ઝરૂખામાં ઘૂસી ગઈ હતી. ઊહાપોહ મચી ગયો હતો. સામા બંગલાવાળી મારવાડી શેઠાણીએ રોકકળ કરી મૂકેલી. ભાઈસા'બ, મે'રબાની

રાખો. કે'તાં હો તો મકાન વેચીને બીજા એરિયામાં જતાં રહીએ. એ તો ઉપરવાળાની કિરપા કે મારા નિહાલચંદનો બાબો ઝરૂખામાં રમતો ન'તો - બે મિનિટ પે'લાં જ આવીને સિરિયલ જોવા બેસી ગયેલો, નહીંતર હું તો લૂંટાઈ ગઈ હોત...

એ રાડારાડ છતાં વિમુ કે એના હસબન્ડે કાકાને એક શબ્દ પણ નહોતો કહ્યો. સામા બંગલાવાળા શેઠાણીના ઘરે સામા પગલે જઈ ચૂપચાપ વડીલ વતી માફી જરૂર માગી આવ્યાં હતાં. પણ મોંઘજીકાકાનું મન ઊઠી ગયું હતું: આવા કન્જેસ્ટેડ એરિયામાં ના રહેવાય ! આપણે રહ્યા વગડાના વેઝુ. સારું થયું કે બુલેટ કોઈને વાગી નહીં, નહીંતર કેવી ટ્રેજેડી સરજાઈ હોત !

મેં એ પ્રકરણ ના ખોલ્યું પણ જવનિકા એથીય વધુ રોમાંચક એપિસોડ ખોલી બેઠી.

'કાકાને જાણે ઉંમરનો તો ખ્યાલ જ નથી રહેતો. કામવાળી બિચારી વાંકી વળીને એમના પલંગ નીચે પોતું મારતી હોય ત્યારે એવી રોમેન્ટિક કોમેન્ટ કરી બેસે કે પેલી શરમાઈને કોકડું વળી જાય. ક્યારેક તો તાનમાં આવી જઈને તેની પૂંઠ પર ટપલી પણ મારી દે. કામવાળી થોડો વિરોધ કરવાની હતી ? ના તો વિમુબહેનને કશી ફરિયાદ કરી શકે કે ના સાહેબને કંઈ કહી શકે. એક વાર હિંમત કરીને એને હસતું મોં રાખી સીધું જ સંભળાવી દીધું : દાદા, જુવાની આવી છે કે શું ?

'- તો શું હું તને ઘરડો લાગું છું ?' - કહી કાકાએ તો એનાં બાવડાં પકડીને બચી જ ભરી દીધી ! બિચારી ચંપા તે ત્રણ દિવસથી બીતી બીતી એમના રૂમમાં જાય છે અને ચુપચાપ કચરાપોતું પતાવી નીકળી જાય છે. મને કહેતી'તી : શું કરીએ જવનીબેન, અમારે ગરીબ માંણહને પેટ ખાતર વેઠ કરવી પડે ! સામું બોલવા જઈએ તો બીજા દા'ડાથી કામ છૂટી જાય... એટલું કહેતાં કહેતાં ડબ... ડબ... એની આંખો ચૂવા લાગેલી :

'કાકાએ કોઈ સરખી ઉંમરનું પાત્ર શોધી લેવું જોઈએ - એવું નથી લાગતું ?'

'એની જળોજથા તો એમના મનમાં ઘોળાતી જ રહેતી હશે. બિચારાં વિમુબહેન પણ હવે તો -' એને પડોશમાં રહેતાં વૈષ્ણવ વિધવા સુમતિબેન સામે તરસી ડાંસ નજરે ટીકી રહેતા મોંઘજીકાકાની દયા ખાતાં ઉમેર્યું : વિમુબહેન થોડાં એમનું ગોરપદું કરે ? પણ જ્યારે ને ત્યારે કાકા તો એમને ટપાર્યા જ કરતા : કેટલો સરસ કોયલ જેવો કંઠ છે ! જાણે વૃંદાવનની ગોપીઓ ગરવી ગુજરાતણનું રૂપ લીધું છે... એ કૃષ્ણભક્તિનાં પદ ગાય છે ત્યારે મારી રિવોલ્વર વાંસળી બની જાય છે !

'કાકા કાકીના ગયા પછી વધુ રોમેન્ટિક બની ગયા હોય એવું નથી લાગતું ?'

મારો સવાલ સાંભળી જવનિકા પથારીમાં બેઠી થઈ ગઈ. પૂછવા લાગી : 'જરા કાન માંડીને સાંભળો તો ? બારીમાંથી શ્રાવણી ઝરમરમાં ભીંજાઈને આવતો આ અવાજ ઓળખાય છે ?'

'અરે, કાકા ફિલ્મી ગીત લલકારી રહ્યા લાગે છે -' મેં કાન સરવા કર્યા. ગીતના શબ્દો વધુ સ્પષ્ટ થતા ચાલ્યા.

તેરી દુનિયા મેં જીને સે
તો બહેતર હૈ કિ મર જાયેં !

'કાકા બિચારા ડિપ્રેશનમાં આવી ગયા લાગે છે ! આખી જિંદગી નાયક તરીકે પસાર કરી હોય, બધાને આદેશ કરતા રહ્યા હોય એવા માણસની છેલ્લી ઉંમરમાં એક્સ્ટ્રા જેવો રોલ મળી જાય એ થોડું ગમ ?'

'સાચ્ચું કહું ? સાંજે તમે કાકા સાથે પાર્કમાં ફરવા ગયા ત્યારે વિમુબહેનની કામવાળી આપણા ઘરે આવેલી. એણે પેટ છૂટી વાત કરી દીધી : હવે તો બાપ, આ ડોસલાએ માઝા મૂકી દીધી છે ! આજે તો મને રીતસર પકડીને બેડમાં જ ખેંચી લીધી. મારાથી ચીસ પડાઈ ગઈ. હું કંઈ બોલું નહીં એટલા માટે એણે મારા મોંમાં નેપ્કિન ખોસી દીધો અને -

આગળની વાત કહેવાની એનામાં તાકાત જ ક્યાં બચી હતી ? એનો ડૂમો વેરાયો ત્યારે બોલી : નીચેના માળેથી વિમુબહેન દોડી ના આવ્યાં હોત તો મારી શી વલે થાત ?

'રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી...' બારીમાંથી બીજો એક મધુર સૂર રેલાતો રેલાતો અમારા ઉજાગરામાં ઓગળી ગયો. ક્ષણભર અમે બેઉ કાન માંડીને નરસિંહ મહેતાના પદનો શબ્દે શબ્દ વાગોળી રહ્યા.

'સુમતિબેન ગાતાં લાગે છે.'

હજી હું આગળ કશું બોલું એ પહેલાં ધડામ કરતો રિવોલ્વરની બુલેટ છૂટ્યાનો અવાજ સંભળાયો.

મારાથી અનાયાસ બોલાઈ ગયું : ખેલ ખતમ થઈ ગયો બકા.

કાકા ગયા !

૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨,
સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો. ૯૮૭૯૫૪૩૧૩૨



ગુલમહોર

- *ડૉ. ચંદ્રકાંત મહેતા*

રાત્રિનો સમય. એમાંય અમાવસ્યાની ઘોર અંધારી રાત. આકાશમાં ગાંડાતૂર બનેલાં વાદળોની વણજાર. એમ લાગે છે કે આજે બારે મેહ ખાંગા થશે. પપ્પા નાનકડા ફ્લેટની બાલ્કનીમાં બેઠા છે. એમની જ જેટલી ઉમ્મરની આરામખુરશી હવે સેવાસન્યાસ માગે છે. પપ્પાની નજર ફ્લેટના કોમન પ્લોટ પરના ગુલમહોર વૃક્ષ પર છે. ગુલમહોર પ્રત્યે એમને પારાવાર લગાવે છે.

મેં પપ્પાજીને પૂછ્યું. ‘‘પપ્પા, તમને ગુલમોહર પ્રત્યે આટલો બધો પ્રેમ છે. આપ દરરોજ જેનું પઠન કરો છો એ ભગવદ્‌ગીતામાં તો ‘અશ્વત્થ’ એટલે કે પીપળાનાં ગુણગાન ગાવામાં આવ્યાં છે !’’

પપ્પાએ થોડીવાર મૌન ધારણ કર્યું અને મારા મસ્તક પર પ્રેમાળ હાથ ફેરવતાં કહ્યું : ‘‘બેટા અંશુલ, મારા પિતાજી એટલે કે તારા દાદાજી મને કહેતાઃ ‘‘દીકરા, જિંદગી એક ગુલમહોર જેવી છે. એનામાં તપવાની તાકાત જોઈએ. ગુલમહોરની એ ખાસિયત છે કે, જેમ - જેમ આકરો તડકો પડે તેમ-તેમ એ પ્રસન્ન ચહેરે વિકસે છે. જિંદગીને લજામણીનો છોડ બનાવશો જિંદગી કરમાઈ જશે.’’ એટલે મેં લજામણીના છોડનો પાલવ પકડવાને બદલે ગુલમહોરને મારો આદર્શ બનાવ્યો છે. કપરા સંજોગોમાંય મેં પરાજય સ્વીકાર્યો નથી !’’

અંશુલ મનોમન વિચારે છે : અમારો ખોબા જેવડો ફ્લેટ, એમાં હું મમ્મી, પપ્પા, મારી બે બહેનો આત્મજા અને ઉદ્‌ભવનાએ ગુજારો કરવાનો.

પપ્પાજી ખાનગી કંપનીમાંથી નિવૃત્ત થયા છે. એમને ઉષ્માભરી વિદાય સાથે પધરાવી દેવામાં આવી છે, નિવૃત્તિ લાભોની રકમ રૂપિયા ૪ લાખ. પપ્પા કદી લાગવગમાં માનતા નહીં. એટલે પુત્ર તરીકે મને કોઈએ વગદાર નોકરી પણ નથી અપાવી. શું મારે પણ ગુલમહોરની જેમ તપસ્વી બની અંગારામાં શેકાવું પડશે ? કળિયુગમાં સત્‌યુગના માનવી તરીકે જીવવું એ અપરાધ છે. મારે પપ્પાજીની જેમ સત્‌પંથી નથી બનવું.

પપ્પા દરરોજ પોતે ચૂકવવાની લહેણી રકમ અને પુત્રીઓનાં લગ્ન માટે થનાર ખર્ચની સંભવિત યાદી બનાવે છે અને ફાડી નાખે છે.

હજી ગઈકાલે એમના જૂના મિત્ર ઉન્મેષરાય પપ્પાને મળવા આવ્યા હતા, ત્રીસ વર્ષે.

આપણે ફરી મળીશું, પણ મને ‘પ્રેક્ટિકલ’ થવાની પાઠશાળાનો વિદ્યાર્થી બનાવવા ન આવશો. મૈત્રી સુદામા અને કૃષ્ણની જેવી હોય, દુર્યોધન અને કર્ણ જેવી નહીં

એમણે કહ્યું : ‘‘યાર ! સત્યેન્દ્ર, તારા માથાના વાળ કાળામાંથી ધોળા થઈ ગયા, પણ તને જીવતાં ન આવડ્યું. ઘડપણને ઘરડી નજરે ન જોવાય. ઘણા માણસો યૌવન પછી ઘડપણ આવવાનું છે, એનો વિચાર જ નથી કરતા. તું થોડો ‘પ્રેક્ટિકલ’ થયો હોત તો મારી જેમ વટભેર જીવી શકત. પરંતુ હજીયે મોડું નથી થયું. તારી પાસે ‘ફિક્સ ડિપોઝિટ’ની મોટી રકમ છે. એને વટાવ એટલે બેડો પાર.

‘‘હું કાંઈ સમજ્યો નહીં’’ - સત્યેન્દ્રરાયે કહ્યું...

‘‘તો સાંભળ, હું તારા રૂપાળા દીકરા અંશુલ માટે એક ગર્ભશ્રીમંત પરિવારની દીકરીનું માગું લઈને આવ્યો છું... પણ...’’

‘કેમ અટકી ગયા ? અંશુલમાં તમને શી ખામી દેખાઈ ?’

‘ખામી અંશુલમાં નહીં, તારામાં છે દોસ્ત. તું એ ગર્ભશ્રીમંતની બરાબરીનો નથી !’

અત્યાર સુધી શાંત બેઠેલા પપ્પાજીનો મિજાજ ગયો. એમણે પોતાના મિત્ર ઉન્મેષરાયને કહ્યુંઃ મેં માન્યું હતું કે ત્રણ દાયકા પછી તું મને મળે છે, એટલે અંદરથી શિક્ષિત

થયો હોઈશ. પણ તમારા જેવા ધનલોભીઓ માટે માણસને મૂલવવાનો એકમાત્ર આધાર રૂપિયો છે. આટલા વિશાળ દેશમાં એવા દસ માણસો નથી નીકળ્યા કે જેઓ મારી પીઠ થાબડીને કહે કે તમે પ્રામાણિકતાપૂર્વક નોકરી કરી જીવનની ચાદર નિષ્કલંક રાખી છે. કાળાં- ધોળાં કરવાની કુશળતા એ શું માણસની અસલી કાબેલિયત છે ? જિંદગીને છેતરવી એ જ શું જીવન જીવવાની અસલી કલા છે ? બાંધી આવકના કારણે મેં મારાં સંતાનોને મોજશોખના રવાડે ન ચઢાવ્યાં અને આત્માને ભોગે રૂપિયાનો રણકાર કાને ન ધર્યો, એ શું મારી મૂર્ખતા છે ? મને સૌથી વધુ નફરત છે 'પ્રેક્ટિકલ' શબ્દ વિશે. વ્યવહારુ બનવાનો દંભ કરી સિદ્ધાંતોને ભસ્મીભૂત કરી લાભ અને લોભને સર્વસ્વ માનવા તૈયાર થાઓ એ જ શું 'પ્રેક્ટિકલ' બનાવવાની રીત છે ? મેં ગાંધીને મારામાં જિવાડ્યા છે. એ મારી ભૂલ ગણતા હો તો એક નહીં સાત જનમારા સુધી હું એવી ભૂલો કરવાની ભગવાનને ગૅરન્ટી આપું છું… મારી પાસે સત્વની મૂડી છે એમાં પણ ધાડપાડનો વિચાર ન કરશો. મારે ગર્ભશ્રીમંતની પુત્રી પુત્રવધૂ તરીકે નથી જોઈતી, મારી 'બરાબરી'ની પુત્રવધૂ જોઈએ છે, ભલે મારો અંશુલ કુંવારો રહે. મારું 'ગુલમહોરવ્રત' મને મુબારક. ફરી મળીશું, પણ મને 'પ્રેક્ટિકલ' થવાની પાઠશાળાનો વિદ્યાર્થી બનાવવા ન આવશો. કૃપા કરી મને એકલો રહેવા દો. મૈત્રી સુદામા અને કૃષ્ણની જેવી હોય, દુર્યોધન અને કર્ણ જેવી નહીં.''

''દીકરા, જિંદગી એ 'ગુલમહોર' જેવી છે. એનામાં તપવાની તાકાત જોઈએ. જિંદગીને 'લજામણી' નો છોડ બનાવશો તો કરમાઈ જશે''

અંશુલ ગભરાઈ ગયો. પેલા આગતુંક મિત્ર પણ હેબતાઈ ગયા. પોતાના પપ્પા સત્યેન્દ્રને સૂકુંભઠ રણ માનતા હતા, એ તો 'રણદ્વીપ' છે એ વાત અંશુલને સમજાઈ ગઈ.

અંશુલે વિચાર્યું કે ઉન્મેષરાય અંકલને માઠું લાગ્યું છે એટલે એમને આદરપૂર્વક વળાવી ખુશ કરવા જોઈએ, એટલે એ ઉન્મેષરાયની પાછળ પાછળ ચાલવા માંડ્યા. એના પપ્પા સત્યેન્દ્રરાય હજી શાંત થયા નહોતા. પોતાની ત્રીસ વર્ષની તપ સ્યાને એક મિત્રે એળે ગયાનો આરોપ મૂક્યો, એનાથી તેઓ હચમચી ઊઠયા હતા. પેલા 'પ્રેક્ટિકલ' થવા જે જાડી ચામડી જોઈએ, તેનો સત્યેન્દ્રરાયમાં સદંતર અભાવ હતો.

મને પોતાની પાછળ આવતો જોઈ ઉન્મેષરાય અંકલે કહ્યું : તમે જ આ ઘરના સૌથી મોટા દીકરા ને ? તમારા પપ્પાના આદર્શોની ઘેલછાએ તમારી જીવનકુંડળીમાં નિષ્ફળતા જ લખી છે. તમારે જમાના મુજબ ચાલતા શીખવું જોઈએ. તમારા પપ્પા તો ઘરડું પાન ! તમારી બબ્બે બેનો કુંવારી છે. પિતૃભક્ત થવા કે શ્રવણ બનવા માણસે પોતાની વિચારશક્તિને હોડમાં ન મૂકવી જોઈએ. પણ મારી વાત કદાચ તાત્કાલિક તમને નહીં સમજાય. પણ જ્યારે તમને 'પ્રેક્ટિકલ' બનવાની ચળ ઊપડે ત્યારે મુંબઈ દોડી આવજો. લો, આ મારું વિઝિટિંગ કાર્ડ અને આ પેલા ગર્ભશ્રીમંત શેઠનું કાર્ડ. એમની દીકરીનું જ માગું લઈને હું આવ્યો હતો, પણ તમારા સત્યવાદી હરિશ્ચંદ્ર પિતાએ મારી વાત ઠુકરાવી. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે 'મેકઅપ' કરવાનો વિચાર કરવાને બદલે મોં જ આગળ ધરવાનું હોય.''

મેં કહ્યું : ''આપની વાત સાચી છે. બે બહેનોનાં લગ્નની અને ત્યાર બાદ મારા લગ્નની જવાબદારી મારે શિરે છે. પપ્પા માંદા પડે તો એમની દવા કરાવવા માટેય મારી પાસે ફૂટી કોડી પણ નથી ! અતિશય ભાવનાશીલતા માણસને ભડવીર બનવા દેવાને બદલી કાયરોની પંક્તિમાં હડસેલી મૂકે છે.''

અંશુલની વાત સાંભળી ઉન્મેષરાયે કહ્યું : ''તમારી ચિંતા દૂર કરવા માટે તો હું સામે ચાલીને મળવા આવ્યો. તમારા રૂપ, ગુણોનાં વખાણ મેં બે-ત્રણ ઠેકાણેથી સાંભળ્યાં હતાં. તમારા ઘરની આર્થિક સ્થિતિ જાણ્યા પછી તો તમને 'ઠેકાણે' પાડી સુખી કરવાની મારી ઇચ્છા વધુ પ્રબળ બની. મારા એક તવંગર મિત્ર બહુ જ મોટા વેપારી છે. તેમને પુત્ર નથી પણ એક પુત્રી છે ! દીકરીને પોતાની સઘળી સંપત્તિ આપી દઈને તેઓ હરિદ્વારમાં રહી ભક્તિ કરવા ઇચ્છે છે. બોલો, આને સોનેરી તક કહેવાય કે નહીં ? મેં માન્યું હતું કે તમારા પપ્પાજી આવી સુંદર 'ઓફર' લઈ આવવા બદલ મારો આભાર માનશે. પણ એમણે મને

'પુરસ્કૃત' કરવાને બદલે 'તિરસ્કૃત' કર્યો. મેં માન્યું હતું કે પોતાની જવાબદારીઓ જોતાં મારા પપ્પા એ લક્ષ્મીને ઠોકર નહીં મારી હોય. પણ મને લાગે છે કે લક્ષ્મીનું સરનામું ભાવના નહીં પણ બુદ્ધિ છે. જે બુદ્ધિ ન વાપરે તેને લક્ષ્મી 'બુદ્ધિશાળી' માનવાને બદલે 'બુદ્ધુ' માને છે. તમારા પપ્પાજી એ પૈકીના એક છે. પણ હજીયે તમારો 'આતમરામ' જાગતો હોય અને ૨૧મી સદીના બાદશાહ બનવાનો મોકો હાથથી જવા દેવા ન ઇચ્છતા હોય તો મારા આ ગર્ભશ્રીમંત મિત્રનું કાર્ડ તમારી પાસે રાખો અને મુંબઈ જવાનું થાય તો મારું નામ દઈ જરૂર તેમને મળજો. તમારો ફેરો ફોગટ નહીં જાય.'' ઉન્મેષરાય અંકલ ટેક્સીમાં બેઠા. હું ઉતાવળે-ઉતાવળે ઘેર પહોંચ્યો.

પપ્પાના હાથમાં ગીતા હતી અને ટેબલ પર એમણે સ્વહસ્તે અંકિત કરેલું ગુલમહોરનું ચિત્ર હતું. પપ્પા નાના બાળકની જેમ શાંતિથી ઊંઘી ગયા હતા. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો પચાવનાર માણસ ઘડપણમાં પણ બાળકની જેમ કેટલો નિર્દોષ રહી શકે છે. એનું હરતું-ફરતું ઉદાહરણ પપ્પા હતા.

મને ચેન નહોતું. પપ્પાજીની સંપત્તિનો સર્વે કરવા મેં નજર કરી. મારી આંખને એ માટે દોઢ મિનિટથી વધુ સમય ન લાગ્યો. જૂના મોડેલનું ટી.વી., ચાર વયોવૃદ્ધ ખુરશીઓ, બે સૂટકેસ, ધર્મ અને અધ્યાત્મનાં બસ્સો પુસ્તકો, મમ્મીના ગળામાં પાતળું મંગળસૂત્ર અને જરૂરિયાત પ્રમાણે પોતાના કદનું બલિદાન આપની સોનાની વીંટી.

પપ્પાના ટેબલ પર પડેલી હતી તેમના બેંક ખાતાની 'પાસબુક', જેમાં પચ્ચીસ હજાર જેવી 'માતબર' રકમની એન્ટ્રી હતી. પપ્પાને 'પાસબુક' શબ્દ સાંભળીને હસવું આવે છે. કારણ કે એમાં ઇન્કમટેક્સ અધિકારીની પરીક્ષામાં 'પાસ' થવાય એટલી જ રકમ જમા કરાવતા હોય છે.

પપ્પાની નાનકડી બચતમાંથી નવું ટેનામેન્ટ ખરીદવાનું 'આકાશ કુસુમવત્' હતું બે જવાનજોધ બહેનો મંગલફેરાની પ્રતીક્ષામાં હતી. અને મારો નાનકડો પગાર ! આજીવન ગરીબીમાં સડવા માટેનાં તમામ સાધનો જાણે મારી મજાક ઉડાવી રહ્યા હતા... મારા મનમાં ઉન્મેષ અંકલના શબ્દો ગુંજતા હતા : ''લક્ષ્મી તો દુધાળી ગાય છે. એને દોહવાની કળા માણસને આવડવી જોઈએ. લક્ષ્મીને હેત કરતા પણ આવડે છે અને લાત મારતાં પણ આવડે છે !

હું આખી રાત સૂઈ શક્યો નહીં. મારા દિમાગમાં ઝંઝાવાતી પવન ફૂંકાતો હતો. એ પવન મારા પૂજ્ય પિતાશ્રીએ અપનાવેલા સિદ્ધાંતોને તણખલાની જેમ ઉડાડી રહ્યો હતો.

અંતે મેં 'નસીબ' અજમાવવા મુંબઈ જવાનો નિર્ણય કર્યો.

સારા પગારની નોકરીની ઓફરનું બહાનું કાઢી મેં મુંબઈ જવાનું નક્કી કર્યું, પપ્પાની રજા માગી. પપ્પાને ન જાણે કેમ પણ મનમાં શક પડ્યો. એમણે કહ્યું : ''તું ઇન્ટરવ્યૂ આપવા ભલે જાય, મારા પેલા મિત્ર ઉન્મેષરાયને ન મળતો. એ તારું 'બ્રેઇનવૉશ' કરી અવળા માર્ગે ચઢાવી દેશે. જેવી હોય તેવી પણ આપણી દુનિયા એટલે આપણી દુનિયા, કોઈનો મહેલ જોઈ આપણી ઝૂંપડીની નિંદા ન થાય. નકલી સુખો નકલી માણસ બન્યા વગર મળતા નથી.''

મેં પપ્પાને આશ્વસ્ત કર્યા અને મમ્મી-પપ્પાના આશીર્વાદ લઈ પેલા મુંબઈ નિવાસી ગર્ભશ્રીમંત વેપારીનું વિઝિટિંગ કાર્ડ લોટરીની ટિકિટની જેમ પાકીટમાં સલામત રાખી મેં ગુજરાત મેઈલ દ્વારા મુંબઈ જવા પ્રસ્થાન કર્યું.

મારી આંખોમાં રંગીન સ્વપ્નો નાચતાં હતાં... હું પેલા ગર્ભશ્રીમંતનો જમાઈ બનીને તવંગર બનીને પાછો આવીશ. ટેનામેન્ટ નહીં, ભવ્ય બંગલો ખરીદીશ. બહેનોનાં લગ્ન ધામધૂમથી ઉજવીશ કરીશ. મારો લગ્નોત્સવ તો એટલી ધામધૂમથી ઉજવીશ કે લોકો મારું વૈભવશાળી લગ્ન જોઈ મોંઢામાં આંગળી નાખશે.

સવારે હું મુંબઈ પહોંચ્યો. પેન્ટ-કોટ-ટાઈમાં સજ્જ બન્યો. આખરે મારે એક ગર્ભશ્રીમંતની નજરમાં સુપાત્ર ઠરવાનું હતું. એમની પુત્રી ધારિતા પસંદગીની મહોર મારે એટલે પોતે બની જશે માલામાલ.

મેં ટેક્સી ભાડે કરી પેલા ગર્ભશ્રીમંત શેઠના બંગલાનું સરનામું આપ્યું. ટેક્સીવાળો એ શેઠને સારી પેઠે ઓળખતો

હતો. એણે કહ્યું : ''શ્યામનારાયણ શેઠ કો કૌન નહીં જાનતા ? શાયદ તુમ ઉન કે નિકટ કે રિશ્તેદાર નહીં હો, વર્ના શેઠ કી ગાડી તુમ્હેં રેલવે સ્ટેશન યા એરપોર્ટ પર લેને આતી.''

વૉચમેને ખબર આપી એટલે શેઠનો ક્લાર્ક મને 'રિસિવ' કરવા આવ્યો. મુલાકાત કક્ષમાં હું પહોંચ્યો ત્યારે મને શેઠ શ્યામનારાયણનું વિઝિટિંગ કાર્ડ આપનાર ઉન્મેષરાય અંકલ ત્યાં જ બેઠેલા હતા. મેં હાશકારો અનુભવ્યો. મને લાગ્યું ભાગ્યદેવી રીઝી રહી છે એટલે પાસાં સવળાં પડી રહ્યાં છે !

થોડી જ વારમાં શેઠ શ્યામનારાયણ આવી પહોંચ્યા. એમને પ્રભાવિત કરવા મેં હસ્તધૂનનની કોશિશ કરી. પણ શેઠે કેવળ 'નમસ્તે'થી કામ પતાવ્યું.

ઉન્મેષરાય અંકલે મારાં વખાણ શરૂ કર્યાં. છેલ્લે તેમણે ઉમેર્યું : ''જોયું, બાપ-દીકરામાં કેટલો ફેર છે ! દીકરો તો હીરો છે, હીરો પણ ચીંથરે વીંટ્યું રતન છે. આપ એ ચીંથરું હટાવી દો એટલે હીરો ઝગમગી ઊઠશે.''

મને લાગ્યું કે, ગાડી પાટા પર છે. મેં કહ્યું : ''શેઠ સાહેબ, પપ્પાનો જમાનો જુદો છે અને આજનો જમાનો જુદો છે. સુખી થવું હોય તો સ્વમાનનો ઝંડો લઈને ન ફરાય. એટલે તો હું પપ્પાની રજા વગર આપની પાસે સીધો જ દોડી આવ્યો.''

શેઠ શ્યામનારાયણે અંશુલને આગળ બોલતા અટકાવ્યો અને કહ્યું : ''તમે ન આવ્યા હોત તો હું પોતે જ તમારા ઈમાનદાર પપ્પાનાં દર્શન કરવા આવવાનો હતો. પણ અહીં જાતે આવીને તમે તમારી મૂર્તિને જાતે જ ખંડિત કરી નાખી. હું તો તમને એક નેક પિતાના પુત્ર માનતો હતો, પણ તમે તો 'વેચાણ પાત્રતા'નું લેબલ ચિપકાવીને સામેથી દોડી આવ્યા. આજે ક્યાં છે તમારા પપ્પા જેવા ગરીબીને પણ અભિશાપ ન માની સ્વમાનભેર જીવતા માણસો ? તમને જમાઈ બનાવીને એક પુણ્યશાળી માણસના જીવનમાં મારું પ્રભુત્વ નથી જમાવવું... તમારા પપ્પાજીની જેમ મારો આદર્શ પણ 'ગુલમહોર' છે. દુઃખ મને તોડી શક્યું નથી. આફતોના ગંજ વચ્ચે પણ મેં 'ગુલમહોર'ની જેમ જ વિકસવાનું ચાલુ રાખ્યું છે. મારે તમારી નહીં એક 'સાચુકલા' ઈન્સાનની કદર કરવી છે એટલે હું તમારા પપ્પાજીને ચિંતામુક્ત બનાવવા ઈચ્છું છું. મારા બે ભત્રીજાઓ સાથે તમારી બંને બહેનોનાં લગ્ન ગોઠવીશ અને અમદાવાદમાં અમારી પેઢીની એક બ્રાન્ચ ખોલી તેના વડા તમારા પપ્પાને બનાવી એમને પૂરક આવક ઊભી કરી આપીશ. અને તમે પણ તમારા પપ્પા અને મારો 'ગુલમહોર'નો આદર્શ સ્વીકારી જિંદગીનો આકરો તાપ વેઠો અને જાતે જ પોતાનો વિકાસ કરો.'' - કહી શ્યામનારાયણ શેઠ પોતાની પેઢી પર જવા વિદાય થયા.

હું હતપ્રભ બની ગયો : ધરતી જગા આપે તો સમાઈ જાઉં, પણ એ માટે સતી સીતાજી જેવું ચારિત્ર્ય ક્યાંથી લાવું ? પપ્પા, આપના પ્રિય 'ગુલમહોર'ને કહો કે મારા જેવા તકસાધુને આશીર્વાદ આપી જિંદગીની કેડી ઈમાનદારીથી કંડારવાની પ્રેરણા આપે.''

૧૬, હેવનપાર્ક, રામદેવનગર પાસે,
શેલ્બી હોસ્પિટલ પાસે, ઈસરો-સેટેલાઈટ રોડ વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૭૫૬૭૭૪૦૮૦૬



પ્લીઝ... મારા પપ્પા પાછા આપો !

- રમેશ ર. દવે

વિનાયકરાવ અમારા ઓફિસ સ્ટાફમાં સોથી મોટા, અમારા વડીલ, મુંબઈ જેવા, માણસો-છલક્યા શહેરમાં પણ મને, એમના જેવા પોતીકા માણસ મળ્યા - એ મારું સદભાગ્ય ! પોતે તળ મહારાષ્ટ્રના પણ પ્રાન્તીયતા-પ્રદેશવાદ ક્યાંય નડે નહીં. નવો-સવો અહીં આવ્યો ત્યારે સૌથી વિશેષ રસ-રુચિ દાખવીને એમણે મને પોતાના કરી લીધો. મકાન ભાડે લઈ આપનારા કે રેશનની દુકાન ચીંધનારાની ખોટ ન હતી... ખોટ તો હતી, હૈયું ખોલીને બે-ચાર વાતો કહી શકાય એવા માણસની, અને મને દાદા મળી ગયા ! સીટી-બસ સ્ટોપ કે ચાયની હોટલે બેસીને કરેલી મનભરી વાતોના તાણાવાણાથી અમારો સંબંધ... ગાઢ સંબંધ વણાતો ગયો.

અલબત્ત, એમનો સાચો પરિચય તો એમની વાચનભૂખ અને સંગીત પ્રેમે કરાવ્યો. મને સંગીતનો 'ગ' ય ન આવડે પણ વાચન અને એમાંય જો નવલકથા મળી ગઈ... તો પછી સવાર-સાંજ કશું યાદ ન રહે !

ગુજરાતી નવલકથા વિશેની વાતો-વખાણ દાદાએ સાંભળેલાં... પણ ગુજરાતી વાંચતા ક્યાંથી આવડે ? એકવાર મુનશીની નવલકથાની વાત મેં માંડી ને એ તો રાજી-રાજી ! મને કહે - એ બધી કથાઓની વાર્તા તું મને ન કહે ? પણ હું શું કરું ? દાદાને જેવું અઘરું ગુજરાતી એવું જ અઘરું મને મરાઠી પણ તોય અમારી બેઠકો જામી-એમાં દાદાનો શ્રવણરસ કે મારી, વાર્તાકથનકલા - કોણ ચઢિયાતું એ તો કોઈ ન જાણે !

એ દિવસ હતો - ઓફિસમાંથી નિવૃત્ત થતા દાદાજીના વિદાયમાનનો ! ભાવભર્યા એ પ્રસંગ પછી ઘેર જતાં અમ સૌનાં હૈયે-હોઠે એક જ વાત હતી : આવું શીળું-વહાલભર્યું વ્યક્તિત્વ કોનું હોય ? સારા એવા ઊંચા હોદ્દા પર ને તેમ છતાં મોં પર એ હોદ્દાનો કે હુકમબાજીનો કોઈ ભાવ નહીં ને વેળા આવી ત્યારે, સરપ કાંચળી છોડે એમ બધું આરામથી છોડી દીધું.

ઘેર આવી, ચા બનાવીને પીધાં પછી કપ-રકાબી ધોતો હતો ત્યાં બારણે ટકોરા પડ્યા, ખોલું તો દાદા !

હજી હમણાં તો છૂટા પડ્યા છીએ, આંખે નીતરેલાં આંસુય સુકાયાં નથી ને સામે ઊભા છે દાદા ! હાથમાં પેલું લેધર-પર્સ ઝૂલતું હતું. થયું : ઘેર ગયા જ નહીં હોય કે શું ?

'અરે, આમ આડો ઊભો છે તે અંદર તો આવવા દે ! નિવૃત્ત જીવનના પહેલે પગથિયે ઊભેલા આ માણસ, એમનો રમૂજી સ્વભાવ ક્યારેય ભૂલશે જ નહીં ને ?'

પાણી આપી, આરામ ખુરશી ઝાપટીને એમને બેસાડતાં પૂછ્યું - 'તરત કેમ આવ્યા ? કંઈ ભળ-ભલામણ રહી ગઈ કે શું ?'

હા... હા, કામે જ આવ્યો હોઉં ને ? પણ તું બેસ તો ખરો...'દાદાએ પર્સ ખોલી ને, છાપાના કાગળ વીંટ્યું, એક બંડલ આપતાં કહ્યું - 'આ વાંચજે, તને મઝા પડશે.'

પેકેટ ખોલીને જોઉં તો, એમાં તો બે-ત્રણ ડાયરી. એક ખોલીને વાંચવા જાઉં ત્યાં પાછો ટપાર્યો - 'એ તારે માટે જ છે, વાંચજે નિરાંતે ને સાંભળ, આજ આખો દિવસ તમારી બધાની સાથે ઊભા-ઊભા રહીને થાકી ગયો છું, જરા આડે પડખે થાઉં ?'

બેડસીટ બધી બાજુથી તાણી, કરચલીઓ કાઢી, એકની ઉપર બીજું ઓશીકું મૂકીને પાતળી ચાદર ઓઢાડી, પંખો ધીમો કર્યો અને ડાયરીઓ લઈને હું બહાર આવ્યો... કઈ ખોલું ? વિમાસણ મિટાવવા, ટિપોઈ પર મૂકીને આંખો બંધ કરી, હાથમાં આવી તે ઉપાડી, જોયું તો...

દસ માર્ચ...

પપ્પા સુનંદાને ત્યાં કેમ જતા હશે ? મમ્મી કંઈ કમ છે ? આઈના શબ્દો યાદ કરીએ તો... ભગવાને થોકે-થોકે રૂપ આપ્યું છે અમારા વહુરાણીને !... પણ તો પછી પપ્પા આમ કેમ કરતા હશે ? એમને એવો તે શું અસંતોષ હશે ?

મમ્મી સાથે રોજિંદી-ઘરેલુ વાત સિવાય, ક્યારેય નિરાંતે એની સાથે બોલતા-બેસતા નથી. ને પેલી સુનંદાને ત્યાં આટલો બધો સમય... ત્યાં શું આ કલાકોના કલાક મૂંગા બેસી રહેતા હશે ? પૈસાદાર બધા પુરુષોની જિંદગીમાં આવા ઈતર...ના, ના... આડસંબંધ હશે કે પછી... શહેરમાં જ નહીં, તાલુકા આખામાં પાંચમાં પુછાતા પપ્પાને, એકલા પડે કે રાતે ઊંઘ ન આવે ત્યારે, એમના આવા વર્તન વિશે મનોમન કંઈ મૂંઝવણ નહીં થતી હોય ?

એક વાર ઓફિસ જતા હોય ત્યારે, આડા ઊભા રહીને, રસ્તો રોકીને એમને સીધુંસટ પૂછ્યું હોય તો ? - 'પપ્પા, તમે ત્યાં શું કામ જાવ છો ?' જોકે મારે, એમની દીકરીએ એમને આવો સવાલ કરાય ? પપ્પા આમ તો નિખાલસ છે... પણ... અવઢવ માત્ર એટલી જ છે કે આમ પૂછ્યા પછી, મારે જાળવવી જોઈતી સ્વસ્થતા હું રાખી શકું ખરી ? મારું અકળાતું... આમ ધૂંધવાતું મન રખે ને કંઈ ન પૂછવાનું પૂછી બેસે તો ? તેમ થાય તો... તો પછી ખેલ ખલાસ...

ના, કદાચ પપ્પા વાત ટાળી જાય. પણ એમ ન થઈ શકે કે જરૂરી ધીરતાથી હું પૂછવાની વાત પૂછું ! તો પછી એમના ચહેરે છવાઈ જતી અકળામણ ને... ને પકડાઈ ગયાની ગિલ્ટ-ફિલિંગ...

પણ મને આવી કલ્પના-ધારણા કરવી કેમ ગમે છે ? શું હું પપ્પાને પીડવા ઇચ્છું છું ? ના... ના, કદાપિ નહીં, નહીં જ નહીં !

તો પછી મમ્મીના મોં પર સતત છવાયેલી રહેતી અવગણના અને અન્યાયની લાગણીનું શું ? એ ભલે દિલ ખોલીને કંઈ કહે નહીં પણ લગ્નવેદીની ફરતાં ફરેલાં - ભરેલાં

સાત પગલાં ને પપ્પાને ખભે શોભતા ખેસ અને મમ્મીના પાનેતરના છેડે વળેલી ગાંઠનું હવે કંઈ વજૂદ - મહત્ત્વ જ નહીં - એમ ?

હવે દ્વિધામાં અટવાવું નથી. એમની ગ્રેજ્યુએટ થયેલી દીકરી છું - આવી ચોખ્ખી વાત પૂછવાનો મારો અધિકાર નહીં ? માની લઈએ કે પપ્પા ચિડાઈ ગયા, તો શું તે હાથ ઉપાડશે ? એમ થાય પણ ખરું - મૂળ વાત તો અકળાવનારી જ છે ને ? પણ ના, પપ્પા કંઈ એ હદે કઠોર ન જ બને. આખરે જે થશે તે જોયું જશે... પણ એક દિવસ પૂછીશ તો ખરી જ. મમ્મીને કંઈ આમ રહેંસાતી - રહેંસાતી જીવવા દેવાય ?

લોકો કહે છે - સુનંદા બહુ રૂપાળી-સુંદર છે. એમ તો મમ્મીય ક્યાં કમ છે, આ ઉંમરેય ? પપ્પાએ ત્રણ-ત્રણ માગાં ઠેલીને, મમ્મીને જ પસંદ કરી હતી ને ?

મારી અકળામણ ઠાલવવા આ બધું તો લખ્યું પણ હજુ મન પીછો નથી છોડતું, આમ તેમ આમતેમ થયા જ કરે છે... ઘણું લખ્યું, હવે પૂરું કરું - એમ થાય છે ત્યાં જ એક ન જ આવે એવી વાત મનમાં આવે છે... ના, એ આવે એ પહેલાં ડાયરી બંધ કરી દઈશ... પણ ના, એમ ન કરાય. ડાયરી તો મારી ઈનર સેલ્ફ છે, એમાં નાની-મોટી કશી અંચઈ ન કરાય...

કહી ન શકાય એવી વાત તો... આજે હું મારી મમ્મી, પપ્પા અને પેલાં સુનંદા આન્ટી વિશે આટલી બધી અસ્વસ્થ થઈ જાઉં છું, પણ એ સુનંદા જ મારી મમ્મી હોત તો ? તો શું હું એમને... હા, વહાલી દીકરીના સાવ સાચા સોગન્દ આપીને - લેવડાવીનેય એમને હાથે થતા અન્યાયને...

ત્યાં કોણ હતું ? પપ્પા ? ના, એ તો હજુ ખાસ્સા મોડા આવશે... મમ્મી જ હશે. અધરાત - મધરાતે પોતાના પતિની રાહ જોતી આ સ્ત્રી...

★★★

અધૂરો-નિરાળો મરોડ ને મનની ગતિની ઝડપે લખાતા શબ્દો - અક્ષરો વાંચતા તકલીફ પડતી હતી પણ ખેતરમાં પાડેલા સીધાસટ ચાસ જેવી લીટીઓ શોભતી હતી. પાનું ફેરવ્યું પણ તારીખનો મેળ અને વાતનો દોર સંધાતો નહોતો. એણે બીજી ડાયરી સામે જોયું ને એક ઉપાડી ખોલી -

૧૮ માર્ચ

સૌ સૂતાં છે, સુલભાની મમ્મી પણ. આમ તો સુભી વાંચતી-લખતી હોય છે કંઈ ને કંઈ એની સ્ટડીનું, આજે કદાચ થાકી-કંટાળીને વહેલી સૂઈ ગઈ હશે... કે પછી હું રોજ કરતાં મોડો છું ?

આ સુનંદા પણ ગજબની સ્ત્રી છે. કશું બોલ્યા વિના એમ જ બાંધી રાખે છે એની આસપાસ... સઘળું ભૂલી - પરવારી જવાય છે એની હાજરીમાં... પણ હું... હું... આવું ઘણી વખત થાય છે. લોકો મારા વિશે શું વિચારતા હશે ? પાસ-પડોશી ને સમાજ તો ઠીક, મારી સુભી શું ધારતી હશે ? હવે તો એ સમજણી થઈ. આમ તો ડાહી છે પણ કદાચ-ક્યારેક મોઢામોઢ પૂછી બેસે તો ? આ તો પાછી નવી પેઢી ને ? વળી, મારું જ સંતાન... એમ કંઈ સસ્તામાં છોડી નહીં દે. જોકે આ બધી તો મારી આગોતરી ધારણા જ છે ને ! પણ તોય તૈયારી રાખવી સારી. હા, બધે બધું માંડીને કહીશ. આમ તો સમજદાર છે. આટલી ઉંમરે આવી મૅચ્યોરિટી ક્યાં જોવા મળે ? માનવીય નબળાઈ-મર્યાદા ને ભાવભર્યા સંબંધ... ને સુનંદાને છોડવા મેંય કંઈ ઓછી મથામણ કરી છે ? બે વર્ષ પહેલાં, પાક્કો પૂરો એક મહિનો ને ઓગણીશ દિવસ ગયો હતો એની પાસે ? પણ વીસમી રાતે મા-દીકરીને સૂતાં મૂકીને... નયના પણ મારી આ બધી પીડા ને વિટંબણાની સાક્ષી છે જ ને !

આજે આગળ શું લખું ? મનનો દીવોય ઓલવાઉં-ઓલવાઉં કરે છે. અણઉકેલ સવાલોના અડાબીડ જંગલમાં અટવાઉં છું... જોકે કેડી-માર્ગ તો મારે જ ગોતવાનાં છે પણ મારું મન આ હરામી...

★★★

૨૨ માર્ચ

કાલે કોલેજથી પાછા ફરતાં સુનંદાને ત્યાં જઈ આવીશ. દિવસે તો ઠીક પણ રાતે, મોડે સુધી આ વાત પીછો છોડતી નથી. અલબત્ત, કામ કંઈ સહેલું નથી. પહેલો સવાલ તો એ જ કે જઈનેય હું શું કહી શકીશ ? આ બંને પ્રૌઢ પ્રેમી જનોને... શું પોતાનાં આવાં વર્તન-વ્યવહાર વિશે મારે સમજાવવાનાં હોય ? ને મનમાં પાછું એમ પણ થયા કરે છે - જાઉં તો ખરી પણ કહેવાની વાત કહી શકીશ ? એ પાછાં મારી વાત સાંભળે ખરાં ?

માની લઈએ, વાત સાંભળશે... પણ વળતો સવાલ એ મને પૂછશે - 'જે વાત મને કહેવા આવી છે, એ વાત તેં તારા પપ્પાને કેમ ન કહી ?' - તો ? શો જવાબ છે મારી પાસે ?

પણ ના, આ બધી ઘડભાંજમાં તો મોડું થઈ રહ્યું છે... ના, હવે આ વાત, એમ અધૂરી નહીં જ મૂકું... જવું છે એટલે જઈશું... જઈશ... જઈશ... ઉપરવાળોય મને સધિયારો આપશે જ ને ?

★★★

બાકી રહેલી ત્રીજી ડાયરી જોવાનું મન થયું. એ ખોલતાં જ ખરી પડી સુકાઈને પીળી પડી ગયેલી ગુલાબ-પાંદડીઓ. સુકાવા છતાં ગુલાબે સુગંધ ગુમાવી નહોતી. મહેકતાં એ પાનાં ને મોતીની સેર સમા અક્ષરો... ધીરજ રહે તોય કેમ કરીને ?

★★★

૨૪ માર્ચ

આમેય અમારાં મનપંખી માળે નથી હોતાં. અમારી આ શાપિત જિંદગીમાં પણ ક્યારેક ધૂપસળીની સુગંધ સમાણી હળવે-હળવે વહેતી શીતળ લહેરખી વહી આવે છે અને ત્યારે, મનમંદિરમાં ઝાલર વાગવા માંડે છે.

મારે ઘરે એનું આમ આવવું એ જ નવાઈની વાત. અમારે ઉંબરે, આવી કોઈ મઝાની યુવતી આવતી હશે ? યુવાન નબીરાઓની તો વાત જ મૂકો... પણ આવા સુખી ઘર-પરિવારમાંથી આવેલી આ સુલભા... અને કેવી રઢિયાળી એની ચાલ ! પેલા ગીતમાં ગવાય છે ને - શાંત સાગરે લહેરાતી જાણે દેવનૌકા ! ના, ફિલ્મનું નામ યાદ નથી પણ સુલભાને તો ક્યારેય ભૂલીશ નહીં. ન જ ભુલાય ને ? કેવી સાવ સરળતાથી

કહેવાની વાત કહી એણે ? અંદર બધું ઉપરતળે થઈ રહ્યું છે... વાત તો આકરી જ હતી ને ! પણ એના શબ્દો, એની ધીરજ ને આંખમાં ડોકાતી ભીની-ભીની આશા... કંઈ ક્યાં ભુલાયું છે ?

એક સ્ત્રીના, મધુમાલતી વેલ-છાયેલા લગ્ન સંસારનો એક સ્ત્રી દ્વારા જ આવો ઘોર વિનાશ ? આપણી સ્ત્રી જાતિની ગરિમા, સૌને માટેનો સમભાવ ને... ને વાત્સલ્ય શું આમ જ મરી પરવારે ?

અને પ્રેમ... પ્રેમ તો આપણને મળેલું અમોલું વરદાન નથી ? એ પ્રેમ જ કોઈની લીલી વાડીને આમ ઉજ્જડ-વેરાન કરી નાખે ?

ના, પપ્પા બીજે કશે, કોઈ બાજારુ ઔરત પાસે જતા હોત તો હું શું આમ એની પાસે જવાનું વિચારું ? તમે તો... તમે તો કલાકાર છો, કેવું સરસ ગાયન-વાદન કરો છો ? કદાચ નૃત્ય પણ કર્યાં જ હશે... પણ જવા દો એ બધું. આજે હું - મારાં મમ્મી-પપ્પાના પ્રેમસાગરનું મધુરું મોજું-તમારી સામે મારા આ દુપટ્ટાની ઝોળી લઈને ઊભી છું... પ્લીઝ મને મારા પપ્પા પાછા આપો !

આટલું કહેતાં તો એની આંખો ચૂઈ પડી. મારાથી ન રહેવાયું, એને છાતીએ વળગાડી ને... ને... હુંય રોઈ પડી. એ તરત સ્વસ્થ થઈ ગઈ ને મારાં આંસુ લૂછતાં કહ્યું -

આજે તો મેં મારી વાત કહી, અને તમે સાંભળી. પણ મન શાંત થાય પછી વિચારજો... પપ્પા સાથે આટલાં વર્ષોથી સંબંધ છે એટલે એમ કંઈ... આ થોડું તારીખિયાનું પત્તું છે કે, સવાર પડી એટલે ફાડીને ફેંકી દેવાય... છતાં એક શ્રદ્ધા સાથે આવી હતી ને એ જ શ્રદ્ધા સાથે જાઉં છું.'

એ ગઈ અને હું એમ જ ખડી ઊભી રહી. પણ આ સુલભા... ના, એણે જ આગ્રહ કર્યો હતો : મને સુભી કહેવાનું... આવી પુત્રી તો ભાગ્યે જ મળે ને ?

★★★

૩ એપ્રિલ

હમણાં હમણાં સુભી કંઈક બદલાયેલી કેમ ફિલ થાય છે ? સામે મળે છે ત્યારે, એના મલકાટને સ્થાને કશુંક પૂછી લેવાની અવઢવ અને બેચેની હોય છે. એના આવા ચહેરાને જોતાં મનમાં ઊંડે-ઊંડે વિચારી બેસાય છે - સુભીને શું પેલો, પૂછી નહીં શકેલો પ્રશ્ન જ પૂછવો હશે ? ને હુંય શું મારી પલાયનવાદી અનિર્ણયાવસ્થાની ખીણમાંથી બહાર નહીં જ આવી શકું ? તો પછી મહાભારતના દુર્યોધનની માફક 'જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ' અને 'જાનામિ અધર્મ ન ચ મે નિવૃત્તિ'નું દુર્ભાગ્ય જ જીવવાનું છે મારે ?

★★★

નવ એપ્રિલ

પૂર્વે કદીય ન અનુભવાયેલી લાગણી... ના, એને માત્ર લાગણી - સંવેદના ન કહેવાય, શબ્દ નથી જડતો પણ એ સુખદ છે કે દુઃખદ એ જ નક્કી થઈ શકતું નથી. કંઈક એવું અજબ, નામ જ ન પાડી શકાય - એવું સતત અનુભવ્યા કરું છું મનોમન. હા, એક અંદેશો, જે માનવમનની સુખદ સંભાવનાની સાથે ઊગી નીકળે છે એ સતત અવઢવની કરવતથી કાપ્યા-વહેર્યા કરે છે મને !

સુનંદાજીએ મારી વાત, સાવ અશક્ય-અસંભવ વાત અને સંકલ્પ સ્વીકારી લીધાં એનું સુખદ આશ્ચર્ય છે. એમને પહેલી વાર મળવા ગઈ ત્યારે, તો આવી વાત મારા મનમાંય ક્યાં હતી ? પણ એમને પ્રસ્તાવ મૂક્યો ત્યારે, એમના ચહેરે પણ મારા મનમાં હાલ ચાલી રહી છે - એ ગૂંચવણભરી અવઢવ જ ચિતરાઈ હતી પણ બીજી-ત્રીજી વારની નિરાંતની બેઠકે સફળ થવાયું...

સ્ત્રી-નારી હૃદય માટેની મારી અપાર-અસીમ આસ્થા-શ્રદ્ધાના શિખર પર બેઠી છું - એક બાજુ અખૂટ ધૈર્યવંતાં મારા મમ્મી તો બીજી બાજુ, મારા જેવી યુવાન અને અજાણી છોકરીની વાત-વિનંતી પર, અકલ્પ્ય નવજીવનના પથ પર ચાલી નીકળનારાં સુનંદાજી !

★★★

શી વાત છે આ બધી ? ત્રણેય ડાયરીનો સરવાળો કરવા મથું છું પણ આ અઘરા દાખલામાં પદ મંડાતાં જ નથી. હવે વાત ક્યાં, કેમ આગળ વધી હશે ? - વિચારતાં સુનંદાની ગુલાબ મહેકતી ડાયરી જ પકડાઈ ગઈ.

★★★

બાર એપ્રિલ

તેઓ મારા માટે શું વિચારશે ? આવા મઝાના, વર્ષોથી પ્રેમડૂબ્યા માણસ સાથે આમ કરાય ? મન પાછું પડે છે, ના... ના... કરતું અજંપ છે. સુલભાને ચોખ્ખી ના પાડી દઉં- આવું જોખમ, ના જોખમ નહીં, પાપ. હાસ્તો પાપ જ... કરાય ? પણ... પણ એક દીકરી પોતાની મા માટે, એનું પોતાનું સોનેરી ભવિષ્ય, આમ સાવ અજાણી દિશામાં ઓરી દે અને પાછી પોતાની મરજી મુજબ !

અને હવે તો મારે પામવું શું ને છોડવું શું ? બસ, એને સથવારે ચાલી નીકળવાનું જ છે ને ? પણ ગજબની હિંમતવાળી ને વિચારશીલ છે. એણે જે કંઈ વિચારી રાખ્યું છે, પ્લાનિંગ કરી રાખ્યું છે. એની તો મને કલ્પનાય ન આવે ! કેવા-કેવા મઝાના મનસૂબા કરી... ના, ફક્ત કરી નહીં, ક્યાંય કોઈ ખામી ન રહી જાય - એમ ઘડી રાખ્યા છે...

આ શહેરથી દૂર-દૂર એના કોઈ ગુરુજને સ્થાપેલી સંસ્થામાં કામ કરતાં કરતાં પોતાનો અભ્યાસ પૂરો કરશે, એ જ સંસ્થામાં, આમ તો એક જ વર્ષ બાકી છે. વળી, મારી ચિંતાય છોડી નથી, ત્યાં જ મનેય સંગીત શિક્ષિકા તરીકે ભણાવવા મળશે. અને અમારો પરિચય પણ કેવો આપ્યો છે ? મારી સાથે મારાં ફોઈ પણ આવે છે ! આ બધું હોવાં છતાં... આમ તે કાંઈ કરાતું હશે - એનું રટણ શ્વાસ લેતાં ને મૂકતાં થયા જ કરે છે. પણ ના, હવે કંઈ નહીં વિચારું. આવી દીકરીના આવા સારા કામમાં ભગવાનનીય ભેરુબંધી તો હશે જ ને ?

★★★

દોડાદોડ કરતી જિજ્ઞાસાએ એનો હાથ વિનાયકરાવની ડાયરી તરફ લંબાયો -

૧૫ એપ્રિલ

સુભી... મારી દીકરી... મારી સાથે આવું કરી બેઠી... એને જરાય વિચાર નહીં આવ્યો હોય - આમ, આવું કરતાં કે ક્યાં એની મમ્મીની મૂંગી સહનશીલતા અને ક્યાં એનું આમ ઝંઝાવાતી વર્તન ?

પણ એની આવી વાત સુનંદાએ કેમ સ્વીકારી હશે ? એની સાથેનો મારો આટલા વર્ષોનો સંબંધ આમ ફૂંક મારતાં ઊડી ગયો ? જોકે હકીકતે તો તે પણ... તેના અને મારા આ સંબંધથી વેરાન થઈ રહેલા ઘર-સંસારથી ક્યાં રાજી હતી ? એણે એક મહિનો... ના, કદાચ દોઢ મહિનો મારા માટે એનાં બધાં બારણાં બંધ નહોતાં કરી દીધાં ? પણ હું ન માન્યો તે ન જ માન્યો ને !

તે સાંજે દાદર ચડતી વેળા, સામી બારીમાંથી દેખાતું, અલપઝપ જોયેલું મોં તો સુનંદાનું જ હતું. કેટલા દિવસે ઉમંગભેર એણે મને બોલાવ્યો હતો ! ફોન પર પણ તેની અધીરાઈ કંપતા અવાજ પર છવાયેલી હતી. પણ ભીંત તો હું જ ભૂલ્યો ને ? પૂરા સાજ-શણગાર સાથે, જાણે મારાથી નારાજ હોય એમ રિસાઈને, મોં ફેરવીને અવળી બેઠી હતી. હમણાં એની મલમલી-સુંવાળી કેડ પર નાની ચૂંટી ખણીને, ગલીપચી કરીને મનાવી લઈશ- એના તાનમાં... સુભીને... મારી દીકરીને ન ઓળખી શક્યો ? ફટ્ટ... છે મને ! લિબાસ જ નહીં, બેસવાની ઢબછબ પણ અદ્દલ સુનંદાની જ જોઈ લ્યો ! પણ તેથી શું ? એક પિતા, એની પુત્રીને ન ઓળખી શક્યો ? લજ્જાભર્યો એણે તાણેલો ઘૂંઘટ ઉઠાવતાં ?

એની રડીને લાલ સૂજી ગયેલી આંખો અને વ્યથા - વેદનાભર્યો એ ચહેરો... આંખોનાં તેજ ન ઓલવાય ત્યાં સુધી કેમ કરીને ભુલાશે ?

★★★

પેલા ફિલ્મી ગીતમાં ગવાયું છે - 'જિંદગી કે રંગ કઈ રે !' એ આમ સાચું પડી શકે ? પણ દાદાની વેદના તો... અટકી જઈ એણે ડાયરી લીધી પણ એ તો સુનંદાજીની હતી. પાછી મૂકી સુલભાની ડાયરી ખોલી -

★★★

૧૫ એપ્રિલ

ના પપ્પા,

કાલની ઘટના અકસ્માત નહોતી. મેં તમારી સાથે આમ કેમ કર્યું ? - એ પ્રશ્ન, હું સમજું છું - તમારી જાતને - ખુદ પોતાનેય નહીં પૂછી શકો. જોકે તમને એમ તો થવાનું જ - મારી સુભી, મારી સાથે આમ, આટલી નિર્દય થઈ શકે ? પણ મારે તો... બસ, મારી મમ્મીને મારા પપ્પા પાછા લાવી આપવા હતા.

તમે આ વાંચતા હશો, આંસુભરી આંખે ત્યારે અમે બંને અમારા સુનિશ્ચિત માર્ગે આગળ વધી ગયાં હોઈશું. કશી ચિંતા કરશો નહીં - એમ તો કેમ લખું ? પણ અમને બેયને અમારો સધિયારો છે...

હા, મમ્મીને માથે તો આભ જ તૂટી પડ્યું હશે પણ... પણ... જવા દો એ વાતનું પારાયણ પણ નથી કરવું - હા... હવે તમે, માત્ર ને માત્ર મમ્મીના જ થઈ રહેજો. એણે તેમને મેળવતાં શું ગુમાવ્યું છે એ તો જન્મદાત્રી મા જ... હા, મારી મમ્મી પણ સુનંદાજીને આ બધી વાતે-બાબતે ન્યાયબુદ્ધિથી જુએ - મૂલવે એ માટે, એમની ડાયરી મૂકું છું. મમ્મીને કહેજો તમે, એ પણ આ ડાયરી વાંચે. સુનંદાજી સમી સ્ત્રી એમના આ વ્યવસાયમાં મળી આવે ખરી ? એમણે મારી વાત સ્વીકારી અને મેં ધાર્યું હતું તેમ કરવા દીધું તે મારું અહોભાગ્ય છે.

આથી વધુ તો શું લખું ? તમારી કદીય મરવાની નથી, એ તમારી સુભીના પ્રણામ.

તા.ક.

મારી આ ડાયરી સુનંદાજીની ડાયરી સાથે જ તમારા રીડિંગ ટેબલ, તમારી નજરે ચડે તેમ મૂકું છું... ડ્રોઅર ખોલીને, તમે નિયમિત લખો છો, એ તમારી ડાયરી વાંચવાનું મન થઈ આવ્યું પણ અટકી ગઈ... છતાં એ લોભ જતો ન કરી શકી. તમે તમારી જાતની બહુ અઘરી ઉલટતપાસ કરી છે... તમારું મનોમંથન પણ મમ્મી જાણે એ માટે એ પણ તમે એમને વંચાવશો ને ? ના, હવે મોડું નહીં કરાય, સુનંદાજી મારી રાહ જોતાં હશે.


★★★

એ જ પાના ઉપર દાદાની લખેલી નોંધ જોઈ એ અધીર થઈ ગયો -

પ્રિય,

ડાયરીઓ વાંચી ? હું પૂરતી સ્લીપિંગપીલ્સ લઈને સૂતો છું. તું જગાડીશ તો ય નહીં જાગું. આમ તારે ત્યાં, તારી સામે ચિરનિંદ્રામાં પોઢી જવાનું સુખ સાથે લઈ જાઉં છું !

'વૈશાખ', ૨/૨, વીમાનગર,
અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૦૧૨૪





"એક નજર નાખી લઉં પાછળ"
વિમલ હેમાણી
મો. ૯૪૦૮૧૮૭૬૮૭



"પુસ્તક લઈ લ્યો !"
જગદીશ મેવા
મો. ૯૪૨૬૭૬૬૩૭૭



"પીઠોરો"
દુર્ગેશ ઉપાધ્યાય
મો. ૯૮૨૪૩૧૦૬૭૯


“અંતરનાદ”
દર્શન પુરાણી
મો. ૭૪૦૫૫૦૯૪૬૫

ખેલ

- રાઘવજી માધડ

'અરે...!' કહેતાં મારાથી ચીસ નીકળી જાય એવું થયું હતું : 'તમારે જે ખેલ કરવો હોય, વેશ કાઢવો હોય... રમત માંડવી હોય તે માંડો પણ આ પિંગલા અને રાજા ભરથરીવાળું મહેરબાની કરીને રહેવા દો !'

વૉકિંગમાંથી પાછા ફરતાં મારા કાને સૂર અથડાયા હતા : 'એ વાલી વીજળીને કેમ લાગી વાર...' હું ઊભો રહી ગયો હતો. અને ફરી વળતો સૂર સંભળાયો હતો : 'અમે સોનાના શણગાર સજીએ, હુકમ હોય તે જલદી ફરમાવો...'

'કદાચ ક્યાંક ભવાઈની જૂની ઓડિયો કેસેટ વાગતી હોય એવું બને !'

પણ એ બધું ગણકાર્યા વગર, પગપાળા ચાલી થોડા ખાંખાંખોળા કર્યા તો, એક સેક્ટરની અંદરના કોમન પ્લોટમાં ભવાઈવેશ ભજવાઈ રહ્યો હતો. સ્ટ્રીટલાઇટના અજવાળે, થોડી જગ્યા કરી, તેમાં એકબાજુ સાજિંદા ને બીજા ચાર-પાંચ કલાકારો વેશ ધારણ કરી ભવાઈ ભજવી રહ્યા હતા.

એક તો ગાંધીનગર શહેર, કોરોનાકાળ ને તેમાં આ વિસરાઈ ગયેલી, લુપ્ત થવાના આરે ઊભેલી કળાની પ્રસ્તુતિમાં કોને રસ પડે ? વળી નવી પેઢીને આવું જોઈને જ નવાઈ લાગે... તેથી સાવ ગણ્યાગાંઠ્યા પ્રેક્ષકોની ઘડી-બેઘડી માટે આડાઅવળા ઊભા રહ્યા પછીની અવરજવર થતી હતી.

- કોઈ પુરુષ, સ્ત્રીનો વેશ ધારણ કરી આવું નાટક કે નાચ-નખરાં શા માટે કરે છે ?

આ સવાલ કરતાં, જાણવાની જિજ્ઞાસા જ પસાર થતી વ્યક્તિઓને પ્રેક્ષકના પિંજરમાં કેદ કરી રહી હોય એવું સામાન્ય રીતે લાગતું હતું. કદાચ એવું જ હોય !

એક જગ્યા જોઈ અહ્રે દ્વારકા સમજી બેઠક લઈ લીધી હતી. ઘરે પરત જવામાં નિયત સમય કરતાં મોડું થાય એવું હતું એટલે તરત જ સેલફોનમાં કહી દીધું હતું : 'મારે ઘરે આવતાં મોડું થશે !'

- વરસો પછી ભવાઈ જોવા મળી રહી હતી તેનો સવાયો આનંદ હતો. તેમાં વળી વાર્તા લખવા માટેની આમાંથી કાચી સામગ્રી, મસાલો મળી જાય એવી ધખના પણ ઊંડે ઊંડેથી સળવળવા લાગી હતી.

આ કોરોનાકાળમાં અનેક આપત્તિઓ ઊભી થઈ છે. તેમાં આ ભવાઈ કલાકારોને પણ આર્થિક પ્રશ્નો ઉદ્‌ભવ્યા હશે. એક તો જગતનું મનોરંજન મોબાઇલ દ્વારા માણસની મુઠ્ઠીમાં આવી ગયું છે... વળી આ પેઢીને ભવાઈકલાની ખબર નથી. તેમાં સૌથી મોટો ભય કોરોનાના સંક્રમણનો... તેના લીધે ભીડ થઈ શકે નહીં.

પણ કોરોના-કરફ્યુમાં છૂટછાટ મળી છે તેનો લાભ લઈ જે ખિસ્સાખર્ચી જોગ, થોડી ઘણી રકમ મળે એ આશાએ અહીં ખેલ માંડ્યો હશે... એવું મનથી ધારી, ખિસ્સામાં હોય તે રકમ ફાળામાં આપવી એવું પણ નક્કી કરી લીધું હતું.

પણ ત્યાં -

'મારા વા'લા, આજે તમે શેનો વેશ ભજવવાના છો ?' સ્ત્રીપાત્ર ભજવતી ઝેરુડીએ પૂછ્યું હતું.

- ઝેરુડીના સ્ત્રીપાત્રમાં ઉંમરલાયક પુરુષ ઓળખાઈ આવતો હતો. એક તો જાડો, ઘોઘરો અવાજ, મોં પરનો ઓઘરાળાવાળો મેકઅપ, હાથ પરના બરછટ વાળ...ને લાંબાં-ટૂંકાં સાડી-બ્લાઉઝ...!

પણ જાણકાર પ્રેક્ષકોએ માની લેવાનું હોય, આ પુરુષ નહીં પણ સ્ત્રી છે !

ત્યારે રંગલો ઉર્ફે ડાગલાએ લટકો કરીને જવાબમાં જણાવ્યું હતું : 'તમારો સાથ હોય તો આજે અમે રાણી પિંગલા ને રાજા ભરથરીનો વેશ ભજવવાના છીએ !'

'હેં...!!' વેશની વિગત સાંભળી મારી બેઠકના ભાગમાં કાંઈક કરડ્યું હોય એમ મારાથી ઊંચા-નીચા થઈ જવાયું હતું. અને છાતીમાં અણખમ સબાકો પણ આવ્યો હતો.

પણ આવું કાંઈ થયું નથી એવું દાખવી, ભવાઈમાં મન પરોવવા લાગ્યો હતો.

ડાગલાએ માથા પર અણીદાર ટોપી પહેરી હતી. મોં પર લાલ-પીળાં ટીલાં-ટપકાં કર્યાં હતાં ને લઘરવઘર પોશાક ધારણ કર્યો હતો. આ વેશ તેના પાત્રને બરાબર ઉપસાવતો હતો. જોકે ડાગલાની ભૂમિકા ઑલ ઇન વન જેવી... ખેલમાં જ્યાં જરૂર પડે ત્યાં કોઈપણ પાત્રના વિકલ્પમાં ઊભા રહી જવાનું હોય !

પણ કોઈ અસાધ્ય રોગ ઉથલો મારે અથવા હુમલો કરે તેમ એકાએક મારામાં કડાકા, ધડાકા સાથે વંટોળ ફૂંકાવા લાગ્યો હતો. જો જાતને ઝાલી ન રાખું તો કદાચ કડબના પૂળા માફક ફંગોળાઈને દૂર ફેંકાઈ જઈને પછી ફોદા ફોદા થઈ ચારે બાજુ વિખેરાઈ જઈશ... એવો ભય પણ ભીતરથી ઊભરી આવ્યો હતો.

- એક વેળા તો ભારે થઈ પડ્યું હતું, અંદરના ઉત્પાતને સંભાળું કે પછી ભવાઈને માણું !

રાણી પિંગલા અને રાજા ભરથરીની આ કથા જૂની - પુરાણી છે... તેનાથી સભાન હોવા છતાં આ કથા સાંપ્રતકાળની છે અને તે પૈકીની એક ઘટના મારા સાથે પણ ઘટી ગઈ હોય એવું લાગી રહ્યું હતું !

તેથી મારે ભવાઈ જોવા બેસી રહેવું કે ઊભા થઈ જવું...

આ કાંઈ મારા કહ્યામાં રહ્યું નહોતું.

મને ભવાઈ જોવાનો પહેલેથી જ ભારે મોહ. રાતવેળાએ, અંધારું ને ઉજાગરો માથે લઈ એક ગામથી બીજા ગામ લગી ચાલીને પણ ભવાઈ જોવા જતા... તેના બદલે વરસો પછી ઘરે બેઠાં ગંગા પ્રગટી હતી ! કેમ પણ મારાથી ભવાઈ છોડી, ઊભા થઈ શકાયું નહોતું.

એક સમયે, ખાસ કરી ગ્રામીણ વિસ્તારમાં મૂલ્ય-સંસ્કાર અને મનોરંજનના માધ્યમ તરીકે ભવાઈ ઉત્તમ ગણાતી. લોકો હોંશે હોંશે ભવાઈને આવકારતા ને રાતભર જોતા. કોઈ એવો વેશ હોય તો આખી રાત વીત્યા પછી છેક સવારે નવ-દસ વાગ્યે વેશ પૂરો થાય. ત્યાં સુધી ગ્રામજનો કામ-ધંધા છોડી ભવાઈ વેશને માણે. અદકાભાવથી ગજા સંપન્ન ફાળો પણ નોંધાવે. પછી નાયક આવીને ઘરેઘરેથી રોકડું ઉઘરાણું કરી જાય.

વળી આ કથા વીસરી, વાર્તા-સર્જન માટેના મણકા ગોઠવવા એ કાળને વાગોળવા લાગ્યો હતો -

એ વખતે રામાયણ, મહાભારત સિરિયલો શરૂ થઈ... ગામડામાં ટેલિવિઝન આવ્યું... પછી તો મનોરંજનનું એક આકર્ષક ને પ્રભાવશાળી માધ્યમ ઘરમાં આવી ગયું. નટ-બજાણિયા, રામલીલા, ભવાઈ જેવી ભજવાતી લોકકલાઓનાં વળતાં પાણી થવા લાગ્યાં...ને કલાકારો, આજીવિકા અર્થે અન્યત્ર કામ-ધંધામાં જોડાતા, ગોઠવાતા રહ્યા...

'આ બધું, સામાજિક ને સાંસ્કૃતિક પરિવર્તન વાર્તામાં ઝિલાવું જોઈએ...' હું આ કબૂલી ચૂક્યો હતો : 'હા, હા... મને ખબર છે !'

'હા, આ બધું તો આવશે, વાર્તામાં હોંશે હોંશે લખશો પણ ઘરની ઘટનાનું શું કરશો, લેખક !?'

વળી પાછું મારાથી હલબલી જવાયું હતું. આ સવાલનો મારા પાસે કોઈ સદ્ધર જવાબ નહોતો.



'આ કથા જ મોહભંગ થવાની અને જાંઘ ઉઘાડી કરનારી છે...' પછી જાતે જ બોલાઈ ગયું હતું : 'વાર્તામાં ઘરની ઘટના વિશે સાવ સાચું લખવામાં પાણીનો રેલો પગ નીચે આવીને ઊભો રહેશે !' મારાથી પગ ઊંચા કરી, ઉભડક પગે બેસાઈ ગયું હતું જાણે ડબલું ભરી કોઈ અવાવરું જગ્યામાં બેઠો હોંઉ !

'પિંગલા તો આજેય જીવે છે..!' મારાથી સ્વગત બોલાઈ ગયું ને ફરી એકવાર ઊભા થઈ નીકળી જવાનું મન થઈ આવ્યું હતું : 'વાર્તામાં સાવ સાચું લખીને પામવાનું શું !?'

'કાંઈ નહીં...' જાતે જવાબ વાળ્યો હતો : 'વાર્તામાં સત્યના પાયા પર કલ્પનાની દીવાલ રચી, રંગરોગાન કરવાનાં હોય...' મેં વાર્તા - સર્જન માટેનું સમાધાન સાધી લીધું હતું.

પણ ત્યાં : 'મહારાજાનો જય હો...' કહી એક પાત્ર પડમાં આવીને ઊભું રહ્યું હતું. મારું ધ્યાન ત્યાં, પાત્રોમાં હતું પણ મનમાં તો આખી કથાની પછવાડે રહેલી કથાનો દરિયો ડહોળાઈ રહ્યો હતો.

- બાણું લાખ માળવાના ધણી રાજા ભરથરીને અમરફળ મળે છે. અમરફળ જે આરોગે તે અમર થઈ જાય. તેથી પોતાની પ્રિયતમા જેવી રાણી પિંગલાને અમરફળ આપે છે... પણ પિંગલા પોતે આરોગવાના બદલે, તેમના પ્રિયજન અશ્વપાલને આપે છે. પણ અશ્વપાલ, રાજા અમર થાય તે યોગ્ય છે એવું સમજી ને અમરફળ રાજા ભરથરીને આપે છે. ભરથરી હર્ષાવેશમાં આવી, પિંગલાને બોલાવે છે ને તેમને આપેલું અમરફળ માંગે છે...

આ કથાના આધારે વાર્તામાં પ્રેમ, પ્રપંચ, સંઘર્ષ, સસ્પેન્સ... અને છેલ્લે સાવ અણધાર્યો વળાંક ને અંત આવશે... વાર્તા બરાબરની જામશે. વાચકોને પકડી ને જકડી રાખશે ! આવું મારામાં ઘૂંટાવા લાગ્યું હતું. વળી આજકાલ સાહિત્યમાં ઉત્તમ વાર્તા - સર્જનમાં ઓટ ને ખોટ વરતાઈ રહી છે... આવું મહેણું પણ કદાચ આ વાર્તા ભાંગે તો નવાઈ નહીં !

હું ભવાઈ જોવાનું ભૂલી જઈ એક વાર્તાકાર તરીકે વાર્તાના કમઠાણમાં ખોવાઈ જવા લાગ્યો હતો.

થોડીવારે પડમાં રાજા ભરથરીની, ભૂંગળની ભેરી સાથે પધરામણી થઈ હતી. માથે રાજમુગુટ, શેરવાની, અચકન... વગેરે જોતાં પોશાક ઠીકઠીક જામ્યો હતો. તેમાં રાજાને શોભે એવો રુઆબ જરાપણ ઓછો નહોતો. રાજ-સિંહાસન સમજી, રાજા ભરથરીએ દીવાને આમ અને દીવાને ખાસ પર વારાફરતી નજર ફેરવ્યા પછી ઉચ્ચ સ્થાન ગ્રહણ કરતા હોય એવી રીતે સેલો કંપનીની ખુરશી પર બેઠક લીધી હતી.

'ઘણી ખમ્મા અન્નદાતાને, ઘણી ખમ્મા બાણું લાખ માળવાના ધણીને...' પછી અશ્વપાલ સમયની મર્યાદામાં પોતાની ભૂમિકા પૂરી કરવા ઝડપથી બોલી ગયો હોય એવું થયું હતું : 'આપના માટે અમરફળ લઈને આવ્યો છું. આ ફળ જે આરોગે તે અમર રહે !'

આ દૃશ્ય અને સંવાદ જોઈ, સાંભળી મારો જીવ અધ્ધર

થઈ ગયો હતો. આંખો ફાટી રહી હતી. કહેવાનું મન થઈ આવ્યું હતું : 'ભાઈ, અમરફળનું રહેવા દે મારા ઘરમાં ઘો ઘરશે !'

પણ ખબર હતી, આ કથા અને આખો ખેલ જ અમરફળ આધારિત હતો !

- જ્યારે કોરોના પરાકાષ્ઠા વટાવી રહ્યો હતો, સંક્રમિત થનારાઓની સંખ્યા રાત-દિવસ વધી રહી હતી. હોસ્પિટલો કીડિયારાં જેમ ઊભરાવા લાગી હતી. જરૂરી દવાઓ દુર્લભ થવા લાગી હતી. ક્યાંક અસલી-નકલી દવાઓના કાળાબજાર પણ થવા લાગ્યા હતા. આવા નાજુક સમયે સાવ અનાયસે જ મૂળ ભાવમાં એક દવા મળી ગઈ હતી. પત્નીને કહ્યું હતું : 'સાચવીને ફ્રીઝમાં મૂકી દે.' પછી તે કાંઈ કહે એ પહેલાં જ કહી દીધું હતું : 'કોરોના થાય તો, ખરા સમયે ખપમાં આવે..!'

'કોરોના થાય મારા દુશ્મનને...' આવું સામે સંભળાયું હતું પણ ગણકારવા પાત્ર લાગ્યું નહોતું.

'વાહ, વાહ... અતિ ઉત્તમ..' ભરથરી ઉત્સાહમાં આવી ઊભા થઈ ગયા હતા : 'આવું એક ફળ અમોએ રાણી પિંગલાજીને પણ આપ્યું છે...!'

રાજાનું આવું કહેવું સાંભળી અશ્વપાલના મોતિયા મરી ગયા હતા. પગ ધ્રૂજવા લાગ્યા હતા.

ઘણું જીવો... કહ્યા પછી રાજા ખુશી થઈ કાંઈક અણમોલ બક્ષિશ આપશે... આવી અપેક્ષાને ત્વરિત ફંગોળી, હડસેલી તે ઝડપથી સાવધાનની સ્થિતિમાં આવી ગયો હતો. એક પળે એવું પણ થયું હતું, આ કરવા જેવું કાર્ય નહોતું. પિંગલાના પ્રેમની પાવક પ્રસાદી સમજી જાતે જ આરોગી અમર થવા જેવું હતું...

પણ અશ્વપાલ માટે રાંડ્યા પછીનું ડહાપણ હતું !

અશ્વપાલની જેમ હું પણ ટેન્શનમાં આવી ગયો હતો.

આ ઈતિહાસ કથામાં હવે શું થાશે, અંત શું આવશે તે સૌ કોઈ જાણે છે. પણ ટૂંકીવાર્તામાં અંત સુધી વાચકને ખ્યાલ ન આવવો જોઈએ કે, છેલ્લે શું થાશે... એક ચોટ આવવી જોઈએ.

મન કહેતું હતું : હા લખો, વાર્તામાં ચોટ આવે એવું જ છે. પણ પ્રશ્ન એ હતો કે, જે હકીકતની ખુદને પણ ખબર પડી નથી તે વાચકોને ક્યાંથી ખબર પડે ! હવે તો વાચકો તરતજ, સેલફોનમાં સંભળાવી દે છે : 'આ સમજાય નહીં એવું લખવાનું રહેવા દો !'

પણ વાર્તા તો છુપાવીને કહેવાની કળા છે.

- શું કરવું... કથાબીજની ભ્રૂણહત્યા કરી, વાર્તા લખવાનું જ માંડી વાળવું કે પછી સાચેસાચું સબોડી મારવું ? ખરું કહું તો ઘરની ઘટના કરતાં વાર્તા-સર્જને મને બરાબરનો ગળેથી ઝાલ્યો હતો. હું તેમાંથી છૂટવા માટે તરફડિયાં મારવા લાગ્યો હતો. આવી કફોડી હાલતમાં વેશ જોવા, માણવાનું વિસરાઈ જાય એવું હતું.

'વાહ, વાહ... રાજના સેવકની ઉદારતા... કોઈ જાતની અપેક્ષા વગર રાજા માટે આવી અદ્વિતીય ભાવના રજૂ કરી...' ભરથરી ભાવવિભોર થઈને હોઠે આવ્યા તે સંવાદ બોલી ગયા હતા : 'ધન્ય છે, ધન્ય છે અશ્વપાલ આપની જનેતાને, જેમણે આપ જેવા ઉદાર ને મહાન માનવને જન્મ આપ્યો !'

એક તો કલાકારોની સંખ્યા ઓછી ને સામે પ્રેક્ષકો પણ ગણ્યાગાંઠ્યા હતા... તેથી ભરથરી જાતે જ તાળી પાડી ઊઠ્યા હતા. તેમાં એકાદ કિશોર અને યુવાનને કાંઈ ટપ્પો પડ્યો નહોતો. પણ ખુદ રાજાએ તાળી પાડી તેથી તે પણ તાળીઓ પાડવા લાગ્યા હતા.

'આ અદ્વિતીય અવસરે રાણી પિંગલાજીને બોલાવો...' પછી ભરથરીએ ભારપૂર્વક કહ્યું હતું : 'કહો સાથે, પોતાના પાસે છે તે અમરફળ લેતાં આવે !' અમર થવાની આશાએ ભરથરી ફૂલ્યા સમાતા નહોતા.

- વાહ... પિંગલાના જવાબમાં જ વાર્તા બનશે. આ છે વાર્તાક્ષણ...

આ એક જ વાર્તાના લીધે, ખ્યાત થઈ જઈશ એવો નશો મારી રગેરગમાં પ્રસરી ગયો હતો. પણ દારૂડિયાને તેની પત્નીને સામે આવતી જોઈ નશો ઊતરી જાય એમ પળના પા ભાગમાં નશો ઊતરી ગયો હતો. અને ઉદ્વેગ સાથે ઊંચા સાદે બોલવાનું મન થઈ આવ્યું હતું : 'મહેરબાની કરી પિંગલાને વચ્ચે ન લાવો... આ ખેલ અહીં જ પૂરો કરો !'

'કેમ, લેખક તમને શું વાંધો છે !?'

'ભાઈ વાંધો તો ન કહ્યા કે ન સહ્યા જેવો છે. ઘરમાં કજિયો થશે !'

પણ જવાબના બદલામાં બેઠક તળે પાણી આવું ગયું હોય અથવા તો ભીનું થયું હોય એમ એકદમ ઊભા થઈ જવાયું હતું. ખરેખર તો, વડલાના પાકીને નીચે પડી ગયેલા ટેટા માથે બેસાઈ ગયું હતું.

આ બાજુ પિંગલા તો પડખે જ ઊભાં હતાં તે એકદમ સામે આવી ગયાં હતાં.



'પિંગલાજી, અમોએ આપેલું અમરફળ ક્યાં છે ?'

પિંગલા માટે આ સવાલ જ કલ્પના બહારનો હતો. પણ મન-ગોઠવણ મુજબ બોલી ગયાં હતાં : 'એ તો હું ભૂલી ગયો મહારાજા...!'

'શું કહ્યું, ફરીથી બોલોતો..?' આ વેળા ભરથરીનો અવાજ ઊંચો થઈ ગયો હતો.

પણ પિંગલા તો સાવ નફિકરાઈથી બોલી ગયાં હતાં : 'ભૂલી ગયો...!'

- ભૂલી ગઈ... ને બદલે ભૂલી ગયો... આવું બોલવાનું ? ખુદ ભરથરી અકળાઈ ગયા હતા.

પણ આ ભૂલ કોઈને પકડાઈ કે સમજાઈ નહોતી. તેથી ગાડું ગબડી ગયું હતું.

'ભૂલી ગયાં એ કદાપિ ચલાવી ન લેવાય...' ભરથરી કૃત્રિમ રોષ સાથે બોલી ગયા હતા : 'આકરામાં આકરી સજા કરવામાં આવશે !'

'જે સજા કરવી હોય તે કરો...' પછી ગોઠણભેર થઈ રડવાના અભિનય સાથે પિંગલા બોલ્યાં હતાં : 'અમો ને આવી ખબર નહોતી કે...!'

'ખબર નહોતી એટલે...' ભરથરી થરથર કંપવા લાગ્યા હતા : 'કહેવા શું માંગો રાણી પિંગલા ?'

પિંગલા, રાજા ભરથરીના સવાલ સામે જવાબ આપવાના બદલે સ્ટેચ્યૂ જેવા થઈ ગયાં હતાં.

અને તેના લીધે મારો જીવ તાળવે ચોંટી ગયો હતો : ખરા સમયે સાચું કહી દેવું જોઈએ, પતિથી વળી શું છુપાવવાનું હોય !

'એ... જગત જાણતું હોય પણ પોતીકું જણ જ ન જાણતું હોય, સમજ્યા ?'

તંગડી ઊંચી રાખવી હોય એમ વળતો જવાબ આપ્યો હતો : 'હું તો સમજીને જ બેઠો છું...!'

'શું સમજીને બેઠાં છો !!?' આ સવાલ સામે ખરેખર જીભ સિવાઈ ગઈ હતી.

તે વખતે બનવાકાળ પત્નીને જ કોરોના પોઝિટિવ આવ્યો હતો. તેને તત્કાળ હોમ ક્વૉરેન્ટાઈન કરવામાં આવી હતી. તે બહુ ગભરાઈ ગઈ હતી પણ મને નિરાંત હતી. કારણ કે ઈમરજન્સીમાં ઉપયોગી થઈ શકે તેવી દવા ઘરમાં જ હતી. ડૉક્ટર કહે, એટલે આપી દેવાની !

કોરોના સંક્રમણ ન થાય તેની સાવચેતી સાથે દૂર ઊભા રહી, પૂછ્યું હતું : 'દવા ક્યાં મૂકી છે ?'

પણ જવાબ આપવામાં ગભરાટ અનુભવતી હોય એમ આંખો બંધ કરી ગઈ હતી.

ફરી ઊંચા અવાજે પૂછ્યું હતું ત્યારે જવાબમાં ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી હતી. કાંઈક કહેવા કે બોલવા જતી હતી પણ જીભ ન ઊપડતી હોય એવું લાગતું હતું. શંકા જાગી હતી, નક્કી દાળમાં કાંઈક કાળું લાગે છે.

- અહીં જ વાર્તા બને તેમ હતી... શંકા, રહસ્યનું સ્થાન લે તેવી શક્યતા નકારી શકાય તેવી નહોતી.

'લેખક, વાર્તા મુખર થવી ન જોઈએ હો !' હું બોલી ગયો હતો : 'મને ખબર છે...'

દવા અને અમરફળવાળી આ બંને ઘટના વચ્ચે વાર્તાનું પારણું કરીને ઝૂલતો હોઉં તેમ ઉભડક પગે બેસી, આમતેમ ઝૂલવા લાગ્યો હતો. મન ડોલાયમાન થઈ ઊઠ્યું હતું. એક ક્ષણે થઈ આવ્યું હતું, મને વિશ્વાસ છે... પિંગલા જેવું તો ન જ હોય અથવા એવું એ ન કરે !

તો પછી દવા ક્યાં છે અથવા ક્યાં ગઈ... એ કહી દેવામાં શું તકલીફ હતી ?

મને ઝૂલાની જેમ હાલકડોલક થતો કોઈ જોઈ જશે ના ભયથી સરખો થઈ ગયો હતો.

પછી તો અશ્વપાલ બોલી ગયો હતો : 'પિંગલાએ અમરફળ મને આપ્યું હતું...'

કોરોનાની ગાઈડલાઈન મુજબ સમયની મર્યાદામાં ખેલ પૂરો કરવાનો હોઈ, અશ્વપાલે ઉતાવળમાં સઘળો ભાર પોતાના શિરે લઈ લીધો હતો.

'વાહ અશ્વપાલ વાહ... પિંગલાએ ભલે અત્યાર સુધી મગનું નામ મરી ન પાડ્યું પણ તું ખરો મરદ નીકળ્યો. તે સામેથી કબૂલી લીધું !' આવું ઊંચા અવાજે બોલાઈ ગયું હતું.

ત્યારે ખુદ અશ્વપાલે પણ અછડતી નજરે સામે જોઈ, સ્વયં પોરસાયો હોય એવું લાગ્યું હતું.

- પણ આ શાબાશી ખરેખર કોને અને શું કરવા આપી તે મને ખુદને સમજાયું નહોતું.

ત્યાં રાજા ભરથરી શરીરની હોય એટલી તાકાત સાથે તાડૂકી ઊઠ્યા હતા : 'પિંગલાએ કેમ તમને અમરફળ આપ્યું હતું ??'

સભામાં સન્નાટો છવાઈ જવો જોઈતો હતો. પણ...

પણ પછી જવાબની રાહ જોયા વગર ભરથરી ખડખડાટ હસવા લાગ્યા હતા ને પછી જાતે જ જાહેર કર્યું હતું : 'આ બધું મિથ્યા છે... હું રાજ-પાટનો ત્યાગ કરી ભગવો ભેખ ધારણ કરું છું !'

આ વેળા ભરથરી કરતાં મને વધારે પીડા થઈ આવી હોય એવું લાગ્યું હતું. પીડા વચ્ચે વાર્તા ઊગવા, ઊછરવાના બદલે મૂરઝાવા લાગી હતી.

રંગલા ઉર્ફે ડાગલાએ કાંડા ઘડિયાળમાં જોઈ જાહેર કર્યું હતું : 'ખેલ સમાપ્ત થાય છે.'

ખુદને પણ ન સમજાય એવી અવસ્થામાં હું ઊભો રહ્યો હતો.

પણ પછી 'ખેલ સમાપ્ત થાય છે... એવું ભરથરી જેમ હસતાં હસતાં સ્વયં બોલી, ઘર તરફ ચાલવા લાગ્યો હતો...

'અભિષેક' પ્લોટ નં. ૭૧૫/૧,
સેક્ટર-૭-બી, ગાંધીનગર.
મો. ૯૪૨૭૦૫૦૯૯૫

શેફાલી ફૂલનું નામ છે !

- રમેશ ત્રિવેદી

સાડા દશ વાગે ત્યાં સુધીમાં તો હું જમી લઉં, પછી સ્કૂલબૅગ લઈ મમ્મીને 'જય શ્રીકૃષ્ણ' કહું. દાદા મારી રાહ જોઈને બાલ્કનીમાં ઊભા હોય, એમની સામે હાથ ઊંચો કરું, પછી સાઇકલ મારી મૂકું. શેફાલી એની સોસાયટીના ગેટ પાસે ઊભી હોય, પણ હિનાડી તો એકદમ ઠંડીગાર ! એને લગભગ રોજ મોડું થાય, ને સ્કૂલમાં અમારે મૅડમનો ઠપકો સાંભળવો પડે. શેફાલી અને હું એ જ બેન્ચ પર પાસે પાસે બેસીએ, ને હિનાડી છેક છેલ્લી બેન્ચ પર બેસે. ઠોઠિયું છે ઠોઠિયું ! શેફાલી આ વરસે જ આવી છે, જૂનમાં એમની ટ્રાન્સફર અમદાવાદમાં થયેલી, ને એ લોકો હિનાડીની સોસાયટીમાં આગલી રૉ - માં આવેલા ફ્લેટમાં રહે છે. શેફાલી ભણવામાં સ્કોલર ખરી, પણ તબિયત એકદમ નાજુક હોં ! શરદી તો સદાય રહે, તે વારે વારે છીંકો આવ્યા કરે, એની મમ્મીએ તો મને કહેલુંય ખરું : 'લી. છોકરી, તું સાચવજે હોં, ચેપ ના લાગે ! '...તે એ સાંભળીને મેં કીધેલું : ''આન્ટી, તમે મારી ચિન્તા ના કરતા હોં ! અમે તો મૂળ ગામડાના, ને તેય પાછા મેસાણા બાજુના, તે અમને તો કંઈ પથરાય ન પડે, સમજ્યા !!... '-પછી આ સાંભળીને આન્ટી તો મૂઆ, શું હસ્યાં ! શું હસ્યાં !!

ભગવાન જાણે શેફાલીને એવું તે કેવું કારણ હશે ?... એક મહિનાથી સ્કૂલેય આવતી નથી. એના ફ્લૅટ પર બે - ત્રણ વાર જઈ આવી, પણ બારણે તાળું ! સામેવાળાં શર્મા આન્ટીને, પૂછ્યું, તો કે ''કુછ પતા નહીં, સબ લોગ મુંબૈ ગયે હૈ...'' પછી મેં હિનાડીનેય પૂછ્યું, તો એણે વળી પોતાની આગવી સ્ટાઈલમાં બે ખભા ઊંચા કર્યો, ને ઉડાઉ જવાબ આપ્યો : ''કોણ ક્યાં જાય છે એની મને શી ખબર ? 'પણ ગયા અઠવાડિયે જ એ બહેનબા સામે ચાલીને મારે ઘેર આવ્યાં, મોં એકદમ ઊતરી ગયેલું. મારા મનમાં કે કદાચ એ હોમવર્કની નોટબુક લેવા જ પધાર્યાં હશે ! પણ ? એ એકદમ ચૂપ બેસી રહી. 'શું થયું ?'' - મેં પૂછ્યું, તો એણે કીધું : 'લી, એક વાત કઉં ?' 'હા' પાડી કે તરત એ બોલી : 'તને ખબર છે શેફાલીને ઑપરેશન કરાવ્યું છે ?

''તને કોણે કીધું ?''

'મારી મમ્મીએ, એ શૉક લેવા ગયેલી, તે શેફાલીની બાજુવાળાં રેખાબહેન મળેલાં, તે એમણે બધી વાત કરી !...

''શેફાલી હોસ્પિટલમાં છે ? એને શાનું ઑપરેશન ? - મને તો બળ્યું, એકદમ જીવ બળવા માંડ્યો હો !

''ગોડ નોઝ... પણ રેખાબહેન કે'તાં તાં કે ઑપરેશન સિરિયસ...?...

''હિના, તુંય યાર એકદમ પાગલ છે, કો'કે કીધું એટલે બધું માની લેવાનું ?' - હું એકદમ અકળાઈ ગઈ તે કપાળે પરસેવો પરસેવો !...

પછી તો હિનાનું મોં પડી ગ્યું, એણે કીધું : 'મારી મમ્મીએ મને કીધું, ને એમને વળી રેખાબહેને, તે એમાં હું શું કરું !?....'

અને હું ચૂપચાપ બેસી રહી, એટલે થોડીક આડીઅવળી વાતો કરીને હિના ઊઠી. એના ગ્યા પછી હું એકદમ શિયાવિયા થઈ ગઈ. મનમાં થયું : હાય ! હાય ! હિનાડીની મૂઈની વાત સાચી હશે તો ?? તો બિચારી શેફાલી ?... ઓહ !... 'ને તરત હું તો દાદા પાસે ગઈ. એમને બધી વાત કરી, તે એમણે કીધું : 'જો, શેફાલીને કંઈ જ નહીં થાય, ને મુંબૈથી આવે એટલે એક વાર એને તું મારી પાસે લઈ આવજે, હજુ મેં તો એને જોઈ ય નથી !...'

'ભલે દાદા !' - કહીને પછી હું સીધી શેફાલી પાસે પહોંચી ગઈ. માય ગૉડ ! આ શેફાલી છે' !?... - એને જોતાં જ મને તો રડવું આવી ગ્યું, પણ શેફાલી તો જબરી હિંમતવાળી હોં, એ તો હસી પડી, મને કે' 'ગાંડીબેન, આઈ એમ ઓ.કે. !...'

'પણ તારા વાળ કયાં ?'

'અરે યાર, એ તો કિમોથેરાપીને લીધે... ફરી પાછા હતા એવા વાળ આવી જવાના, સમજી !?...'

પછી તો હિનાડીય આવી પહોંચી, એણે તો આવતાંની સાથે જ રોવા જેવું મોં કરીને પૂછી નાખ્યું : 'શેફાલી, તને આમ એકાએક આ શું ?...'

શેફાલીએ તો હિનાને પણ હસતાં હસતાં કહી નાંખ્યું : 'મને વળી શું થયું છે ?...'

હિનાની તો એકદમ બોલતી બંધ થઈ ગઈ. એ મારી સામે જોઈ રહી ને શેફાલી અમારા બંને સામે જોઈને બોલી ઊઠી : 'જુઓ, ડૉક્ટર, અંકલે મને કહી દીધું છે કે શેફાલી, તું લકી છે લકી, તે તમે લોકો સમયસર આવી ગ્યાં, આ ઑપરેશન પછી તું પૂરાં સો વરસ જીવવાની !...'

આ મન્ડેથી તો શેફાલી સ્કૂલેય આવતી થઈ ગઈ !

એને જોતાં જ ક્લાસની બધી છોકરીઓ, ને મૅડમ બધાં

એને વીંટળાઈ વળેલાં. માથે બાંધેલો સ્કાર્ફ, ને માંદલું મોં, દૂબળું દડાક શરીર જોઈને બધાંયનાં મોં એકદમ ઢીલાં પડી પેલાં, પણ શેફાલી ? અરે, એ તો એકદમ બિન્ધાસ ! સૌની આગળ ડૉક્ટર અંકલે કહેલા શબ્દો કહ્યા કરતી, ને હસ્યા કરતી, બોલો ! જાણે કશું બન્યું જ નથી !!

આજે તો રવિવાર, ને પાછો શેફાલીનો બર્થડે ! મેં આગ્રહ કરીને એને મારે ઘરે બોલાવી, જો કે મમ્મી તો શેફાલીની ખબર કાઢી આવી'તી, પણ દાદા ઘરની બા'ર પગ મૂકે નહીં એટલે શેફાલી જ સામે ચાલીને આવી. મમ્મીએ તો એને જોતાં જ ગામડાના રિવાજ મુજબ ઓવારણાં લીધાં, ને હરખઘેલી થઈને કહ્યું; 'સો વરહની થા બુન !' ને એ સીધી કિચનમાં પહોંચી ગઈ, પછી મમ્મીને 'થેન્ક યુ' કહીને શેફાલી મારી સાથે દાદા પાસે આવી. દાદા હીંચકા પર બેઠાં બેઠાં માળા કરતા હતા, એમને જોતાંની સાથે જ 'આવ, દીકરી !...' કહીને માળા - ગોમુખી બાજુ પર મૂક્યાં, ને પછી એ મારી સામે જોઈ રહ્યા, શેફાલીએ દાદાને પ્રણામ કર્યા કે તરત દાદાનો કમ્પતો હાથ એના માથે મુકાયો. 'આજે શેફાલીનો બર્થડે છે !' - હું બોલી ગઈ, પણ દાદા તો સૂનમૂન બની શેફાલી સામે જોઈ રહ્યા. પછી બોલવા શબ્દો શોધતા હોય તેમ મારી સામે જોયું. 'દાદા, આ શેફાલી, મારી બેસ્ટ ફ્રેન્ડ, ...એનો બર્થડે છે !...' હું બોલી ગઈ. 'એમ !' — કહી દાદા હસ્યા, ને છતાં એ ન સમજાય એ રીતે શેફાલીના મોં સામે વળી વળીને, કેમ, અરે !?' એ ઊભાય થઈ ગ્યા ? મેં પૂછ્યું : 'ક્યાં ચાલ્યા દાદા ? તો જાણે સાંભળ્યું જ ન હોય તેમ એ ધીમે ધીમે બે - ચાર ડગલાં ચાલ્યા, ને પાછા ઊભા રહી ગ્યા ! શેફાલી સામે જોયું, હોઠ ફફડ્યા : 'કોનો બર્થડે છે ?' મેં ફરી કીધું : 'આ શેફાલીનો, મારી ફ્રેન્ડ છે આ !' 'એમ !!' - કહી એ ફરી હસ્યા, શેફાલી સામે જોયું: 'શતં જીવ શરદઃ' - ધીમા અવાજે આટલું બોલી, ફરી એ



આગળ વધ્યા, શેફાલીને તો દાદાનું આવું વર્તન સમજાયું ના હોય તેમ એ નવાઈ ભરી નજરે મારી સામે જોઈ રહી. મેં કહ્યું : 'શેફાલી, દાદા છે ને હવે પેલા ચોપડીઓના કબાટ પાસે જશે, કબાટ ખોલશે, એક પછી એક ચોપડી હાથમાં લેશે, ને ચોપ ડીનાં પાનાં ખોલશે, ચોપડી મૂકશે, લેશે, બસ, આમ કયાંય સુધી ચાલ્યા કરશે, ને પછી થાકશે એટલે આવીને પાછા હીંચકે બેસી જવાના...'

'પણ દાદા આમ કેમ કરે છે ?' - શેફાલીને હજુય નવાઈ લાગતી હતી. મેં કીધું : 'મારે એક ફોઈ હતાં, એ દશેક વરસનાં હતાં ત્યારે એમને ટાઈફૉઈડ થયેલો, મમ્મી કે'છે કે એ વખતે દાક્તર ગરમ પડે એવી દવા આપતા, એટલે તારી જેમ દર્દીના માથાના વાળેય ખરી પડતા. ફોઈને ખોળામાં બેસાડીને ત્યારે દાદીએ ફોટો પડાવેલો, એ ફોટો તો એક વાર મેં પણ જોયેલો, એ વરસો પે'લાં જ ટાઈફૉઈડમાં !?...' 'એ ફોટો કયાં છે ? મારે જોવો છે ?...' શેફાલી મારી સામે જોઈ રહી. મેં કીધું : 'લી, ફોટો મળતો નથી એની જ બધી રામાયણ છે ને ! દાદાએ ખુદ આડે હાથે કયાંક ચોપડીમાં કે પછી બીજે ગમે ત્યાં મૂકી દીધો છે. ને હવે તો દાદાને કશું યાદ નથી રે'તું, ઘડીક પે'લાં કહેલી વાત એ ભૂલી જાય !?'

દાદા કબાટ બંધ કરીને ફરી ધીમા ધીમા પગલે હીંચકા પાસે આવ્યા, આવતાંની સાથે જ 'આ કોણ છે ?' એવું ઇશારાથી મને પૂછ્યું મેં શેફાલી સામે જોયું : 'જોયું ને ? હમણાં તો મેં દાદાને કહેલું કે આ શેફાલી મારી ફ્રેન્ડ છે, એનો બર્થડે છે આજે ! ને તોય ?' દાદા હીંચકે બેઠા. શેફાલી ખુરશીમાંથી ઊભી થઈ. દાદા પાસે ગઈ, ફરી એણે પ્રણામ કર્યા. દાદાએ ફરી હસીને 'શતં જીવ શરદઃ' કહ્યું. ને એમણે મારી સામું જોયું : 'દીકરીનું નામ શું છે ?' હું ફરી શેફાલી સામે જોઈને હસી, ને એ પણ માંદલું હસી : 'દાદા, મારું નામ શેફાલી છે !...' 'એમ !' - કહી દાદા એની સામે ઘડીક જોઈ રહ્યા, પછી હાથના ઈશારાથી એને નજીક બોલાવી, ને કહ્યું : 'અહીં મારી પાસે બેસ !' શેફાલી ખુરશીમાંથી ઊઠીને હીંચકા પર બેસી પડી. દાદાએ ધીમેથી પોતાના કમ્પતા હાથમાં શેફાલીનો હાથ લીધો, ને ધીમે ધીમે પંપાળતા એ એની સામે ઘડીક જોઈ રહ્યા. પછી ખૂબ વિચારીને બોલ્યા : 'શેફાલી તો એક ફૂલનું નામ છે, નહીં ને ?'

શેફાલી હસી : 'હા, દાદા !'

મેં તરત પૂછી નાંખ્યું : 'દાદા, તમે શેફાલીનું ફૂલ જોયું છે ?....'

દાદા મારો સવાલ સાંભળીને એકાએક મૂંઝવાઈ ગયા,

હોય તેમ ઘડીકમાં મારી સામે, ઘડીકમાં શેફાલીની સામે તાકી રહ્યા - એકદમ સૂનમૂન બનીને.

મેં ફરી પૂછ્યું : 'દાદા, તમે શેફાલીનું ફૂલ જોયું છે ?...'

દાદા બોલ્યા નહીં, એમની ચૂંચળી આંખો શેફાલી સામે મંડાઈ ગઈ, એ હસ્યા. એમણે શેફાલીની હથેળી પર હાથ ફેરવતાં ફેરવતાં એને પૂછ્યું : 'તેં જોયું છે, દીકરી ?'

'ના, દાદા ! મેં નથી જોયું હોં !...' શેફાલીને થોડીક ગમ્મત પડી હોય તેમ એ મારી સામે જોઈ રહી, પછી એણે દાદા સામે જોયું : 'તમે જોયું છે ને, દાદા ?'

દાદા બોલ્યા નહીં. એમની આંખોમાં એકાએક ઝળઝળિયાં આવી ગયાં. નજર એમની શેફાલીના ગાલ પરના તલ પર સ્થિર થઈ ગઈ હતી !...

શેફાલીએ હળવેથી પોતાની હથેળી દાદાના હાથમાંથી સેરવી લીધી, દાદાની નજર હજુય શેફાલી સામે મંડાયેલી હતી. શેફાલીએ ઊભા થતાં થતાં મારી સામે જોયું :

'....તો ઊઠું ત્યારે ?...' ને એણે દાદાને કહ્યું : 'હું જાઉં ત્યારે ?...' દાદા બોલ્યા નહીં. એમણે મારી સામે જોયું : 'શેફાલીનો બર્થડે છે ને આજે ?...'

મેં કહ્યું : 'હા, દાદા !...'

દાદાની નજર ફરી શેફાલીના માથા પર, સ્કાર્ફ પર મંડાઈ ગઈ. ને એ ક્ષણે જ જાણે એ આકળવિકળ થઈ ગયા. 'ઊભી રે' દીકરી !...' - કહીને એમણે શેફાલીનો હાથ પકડ્યો. એ ઊભા થયા. શેફાલી મારી સામે જોઈ રહી. મેં એને સાનમાં સમજાવી દીધું : 'ગભરાઈશ નહીં, ને દાદા શું કરે છે તે જોયા કર !...'

દાદા પા પા પગલી ભરતાં ભરતાં ખૂણામાં પડેલા પાલખા તરફ ચાલ્યા. પાછળ જોયું, અને અમને પણ હાથના ઈશારે સાથે આવવા કહ્યું. અમે બંને જણ બોલ્યાં - ચાલ્યાં વગર પાછળ પાછળ ગયાં. દાદા ઢીંચણે હાથ મૂકીને ધીમેથી પાલખાની સામેના ટેકણવાળા પાટલા પર બેસી પડ્યા, અમને પણ નીચે આસન પર બેસવા ઈશારો કર્યો. અમે બેસી પડ્યાં. પછી દાદાએ પાલખાની નીચેથી તરભાણું કાઢ્યું. બાજુમાં પડેલો તાંબાનો લોટો, આચમની લીધાં. અને તાંબાના લોટા પર બંને હાથની કમ્પતી હથેળીઓ મૂકી રાખી, આંખો બંધ કરી, હોઠ ફફડવા માંડ્યા. થોડીક વાર સુધી આ રીતે મંત્ર જાપ કર્યા પછી આંખો ખોલી, ને પછી એ શેફાલી સામે જોઈ રહ્યા - સૂનમૂન બનીને.

મેં કહ્યું : 'દાદા, અમે ઊઠીએ !...'

દાદાએ આંચકો કરતાં હોય તેમ જરા મોટેથી કીધું : 'બેસ, કઉં છું !'

મેં સહેજ હસીને શેફાલી સામે જોયું. એ સાવ ડઘાઈ ગઈ હોય તેમ મારી સામે, દાદા સામે જોઈ રહી.

દાદાએ ધ્રૂજતા હાથે લોટામાંથી આચમન ભરી જળ લીધું, શેફાલીને એની હથેળી સામે ધરવા કહ્યું, જળ હથેળીમાં મૂક્યું, ફરી બે આચમની ભરીને જળ હથેળીમાં મૂક્યું, ને પછી એ પી જવા માટે ઈશારો કર્યો, શેફાલીએ મારી સામે જોયું, ને પછી દાદા સામે જોતાં જોતાં હથેળીમાંનું જળ મોમાં પધરાવી દીધું. દાદાની આંખો હસી ઊઠી : 'મૃત્યુંજય'નાં એક કરોડ જપનું પુણ્ય ફળ તને અર્પણ કર્યું છે, હોં દીકરી !...' આમ કહીને એમણે શેફાલીના માથે હાથ મૂક્યો : 'તને કંઈ નહીં થાય હોં... હવે !...'


શેફાલીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ઘડીક એ દાદા સામે, પાલખામાં કરેલી ઝબક્ઝબક થતી લાઇટો સામે... દેવ - દેવીઓના ફોટા સામે, તુલસીદલ, ફૂલથી ઢંકાયેલા શિવલિંગ - લાલજી ભગવાન સામે જોતી રહી...

પછી દાદાને પ્રણામ કરીને અમે ઊભા થઈ ગયાં.

'હું જાઉં દાદા ?' - શેફાલીએ ફરી એક વાર દાદા સામે જોયું. 'ભલે, સુખી થજે બેન !....' કહી એમણે કમ્પતો હાથ ઊંચો કર્યો.

મને થયું : હમણાં શેફાલીના ગયા પછી, દાદા ફરી પાછા તરત મને પૂછવાના : 'એ કોણ આવ્યું'તું ?' હું કહીશ : 'દાદા, શેફાલી મારી ફ્રેન્ડ આવી'તી, તે આજે એનો બર્થડે હતો...' ને પછી દાદા ફરી પાછા કહેવાના : 'દીકરી, તને ખબર છે. શેફાલી એક ફૂલનું નામ છે ?...' ને આમ બોલ્યા પછી એ સૂનમૂન બનીને હીંચકે બેઠા બેઠા - કબાટમાં મૂકેલાં પુસ્તકો સામે જોયા કરશે - ક્યાંય સુધી !

૩૩, રૉયલ વ્યુ, કડી-કરણનગર રોડ,
કડી (ઉ.ગુ.) ૩૮૨૭૧૫.
મો. ૯૪૨૭૯૦૯૯૦૨






Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.gujarat.gov.in


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

લાપશી

- ભી. ન. વણકર

ભલો ઉતાવળે ઘેર આવ્યો, દૂધનું ડોલચું ખીંટીએ ટીંગાડી ચા-ગોળનું પડીકું ગોખલામાં મૂક્યું. ઘરમાં ધુમાડો થયેલો જોઈ ભલાની નજર ઓચિંતી ચૂલા તરફ ગઈ ચૂલા ઉપર મૂકેલું લાપશીનું તપેલું ખાલી જોઈ, તેનો ગુસ્સો આસમાને ગયો. ઘરમાં એક બે આંટાફેરા મારી ભલો બહાર આવ્યો. તેણે બાંડિયા ખમીશના ખાલી ખિસ્સામાં હાથ નાખી, ઊંડો નિસાસો લીધો.

મંગુ ભલાની પહેલાં ઘેર આવી હતી. થાકેલી હોઈ આંગણામાં જ બેસી રહી હતી. બારણું અધખુલ્લું જોઈ, તર્કવિતર્ક કરવા લાગી હતી, ભલાને બહાર આવેલો જોયો. ભલાના ભવાં ચઢેલાં હતાં. મંગુથી સહજ બોલાઈ ગયું, 'કેમ ગુસ્સામાં છો ? ખિસ્સું ખાલી થઈ ગયું છે કે શું ?'

ભલો કંટાળીને આવ્યો હતો, ગુસ્સે તો હતો જ. મંગુનો ટોણો તેનાથી સહન ના થયો, ઘાંટો પાડી બોલી ઊઠ્યો, '... એટલે, તું મારો હિસાબ લઈ રહી છે, એમ ને ? સાંભળી લે, હિસાબ ચોખ્ખો છે. મારી પાસે બે-બે ના ચાર સિક્કા હતા. ઉપરાંત એક પાંચનો અને એક, એકના ત્રણ સિક્કા હતા. હવે બોલ કેટલા થયા ? તેમાંથી ચા-ગોળ અને દૂધ લાવ્યો. મેં કાંઈ વેડફ્યા નથી. સમજી ! બાકી કેટલા રહ્યા, વધ્યા તે ઉધાર લાવ્યો હતો, તેના દુકાનદારે જમા લીધા. દવાખાનામાં દાક્તર નવરા બેઠા હતા. મને જોઈને તેમણે બૂમ પાડી હતી. પણ હું ચાલ્યો આવ્યો છું, તેમનું દવાનું બિલ હજુ બાકી છે, એટલે...' ભલાનો ગુસ્સો હજુ શમ્યો નહોતો.

મંગુ કંઈક કહેવા જતી હતી, ત્યાં તો ભલાએ ઘરમાંથી ખાલી તપેલું લાવી સામે ધર્યું, પછી તાડૂક્યો, 'ક્યાં ગઈ લાપશી ? તપેલું તો ખાલીખમ છે. હવે આપણી લાડલી શું ખાશે ? ભૂખી હશે એટલે રડારડ કરી મૂકશે... ઘીવાળી લાપશી જોઈ તારાથી ના રહેવાયું ? ભૂખડીબારસ ! મને દુકાને મોકલી તું એટલા માટે વહેલી ઘરે દોડી આવી હતી ? બોલને હવે ? કેમ મૂંગીમંતર...? લાડલી તને યાદ ના આવી ?' કહેતાં ભલાથી રડી જવાયું.

ભલો આજે મંગુ ઉપર વિફર્યો હતો. મંગુ બોલવામાં કાંઈ બાકી રાખે એવી નહોતી, પણ... કોણ જાણે કેમ, આજે ચૂપ રહી હતી, 'કોણ ખાઈ ગયું હશે મારી લાડલીની લાપશી ?' મંગુની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં.

ચૂલામાં ભરેલાં છાણાંનો ધૂમાડો ચોમેર પ્રસરી રહ્યો હતો.

★★★

ભલો વતન છોડીને રોજી-રોટીની શોધમાં પરિવાર સાથે અહીં આવીને વસ્યો હતો. ભલો અને તેની વહુ મંગુ દરરોજ સવાર-સાંજ પથા પેઢીવાળાના ડેલામાં ઢોરોનું છાણ ભરવા વાસવચાળે થઈ જતાં આવતાં હતાં. ભલાના હાથમાં જરમનનું ડોલચું, પગમાં ટાયરનાં જૂનાં ચંપલ, માથે મેલો રૂમાલ અને બરડેથી ફાટેલું બાંડિયું ખમીશ, જ્યારે મંગુ જર્જરિત કપડાંમાં, માથે મોચેલા ઉપર તપેલું મૂકી ભલાની પૂંઠે ચૂપચાપ જતી આવતી સૌને જોવા મળતી. સાવ અભણ, પણ કોઠાસૂઝ ખરી, હાડે બંને જણ સાવ કંકાલ હતાં. ગરીબીએ એમનું હીર હણી લીધું હતું. પરિવારમાં એકમાત્ર પાછલી વયમાં જન્મેલી નાનકી હતી. એને વહાલમાં લાડલી કહીને બોલાવતા હતા. કોથળામાં થોડાં વાસણ, પ્લાસ્ટિકની ડોલ અને સગડી હતી. જ્યારે બીજા બચકામાં ગોદડી અને થોડા ફાટેલા ગાભા હતા - આ હતો તેમનો અસબાબ !

★★★

વાસના મોભી ગણાતા કરસન માસ્તર સ્કૂલ છૂટ્યા બાદ રોજની ટેવ મુજબ આખાય ગામનું ફૂલેકું ફરી ઘેર આવતા. પરંતુ આજે વહેલા ઘેર આવ્યા હતા. ખુલ્લા આંગણામાં ખાટલો ઢાળી બેઠેલા જોઈ, પાણીનો ગ્લાસ ભરી, ઘરમાંથી બહાર આવી સવિતાએ સ્મિત સાથે કહ્યું, 'લો સાહેબ પાણી !'

કરસન માસ્તરે પાણી પીતાં પીતાં ભલાના ઘર તરફ નજર નાખી. ભલાના આંગણે વાસના લોકોનું ટોળું ઊભેલું જોઈ કશુંક બોલવા જતા હતા, ત્યાં તો સવિતાએ કહ્યું, 'સાહેબ આ લોકો શાંતિથી જીવતા શીખ્યા નથી.'

'સવિતા, એ બિચારાં દુઃખિયારાં ને વળી શાંતિ કેવી હોય ? પણ થયું છે શું ?

કરસન માસ્તર અને સવિતા વૈચારિક સાયુજય ધરાવતાં પતિ-પત્ની હતાં. સમાજના ઉત્થાનમાં તેમને રસ હતો. સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક હતા. સાંપ્રત સમસ્યાને સમજવા ગહન ચિંતન પણ કરતાં. તેથી જ વાતને વળ આપતાં સવિતાએ કહ્યું, 'સાહેબ આ રોજની રામાયણ જેવું છે... તમે આખો દિ' સ્કૂલમાં હોઈ, જાણો નહીં એટલે....?' સવિતા થોડું અટકી ફરી કહેવા લાગી, 'આજે અખાત્રીજ એટલે ખેડૂતોને હળ જોડવાનું ટાણું હતું. તેથી હળોતરાના શુકનનો કંસાર પથુ પેઢી વાળાના ત્યાંથી આ લોકોને વાળુમાં મળેલો. એમની લાડલી આજે તો તમારી સાથે નિશાળે આવી હતી. એટલે સાંજે આવીને ખાશે એમ સમજી, કંસારની તપેલી ચૂલા પાસે મૂકી હતી. તેઓ ડેલાનું છાણ ભરીને આવ્યા, એટલામાં કંસાર કોઈ ખાઈ ગયું. તેનો કકળાટ છે. પણ કોઈ ખાઈ જાય ખરું ? બકરી કે ભૂંડ તો વાસમાં આવતા નથી. ડાઘિયો કૂતરો છે. પણ બાંધેલો રહે છે, તેની બીકે બીજું કોઈ કૂતરું વાસમાં ફરકતું નથી, પછી ? એમની લાડલી તો આજે નિશાળે...'

કરસન માસ્તર ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા, એટલે કહેવા લાગ્યા, 'ભૂખ્યા માણસો રોટલાના ટાઢા ટૂકડા માટેય લડતા હોય છે, પણ અન્યાય સામે લડે તો તેમનું દુ:ખ અને ભૂખ ટળી જાય.'

'પણ સાહેબ, એમનીય મજબૂરી હોય છે.' સવિતાએ કહ્યું.

કરસન માસ્તર લાગણીસભર થઈ કહેવા લાગ્યા, 'એકવીસમી સદીમાં માનવીની સંવેદના જ બુઠ્ઠી થઈ ગઈ છે. તેથી જ માણસ ઠેબે ચડ્યો છે, ને ?' માસ્તરની આંખો ભીની જોઈ, સવિતાથી સહેવાયું નહીં, કહે, 'સાહેબ સૌએ પરિસ્થિતિને અનુકૂળ થઈ જીવવું જોઈએ.'

કરસન માસ્તરના ચહેરા ઉપર ઘેરો વિષાદ હતો.

★★★



ભલાનો કકળાટ સાંભળી, સવિતાથી રહેવાયું નહીં, 'સાંભળો છો ? ભલાને સમજાવી આવો ને ? થોડું તેમનું ગામ છે ? રહેવા આવ્યા છે તો શાંતિથી રહે'.

અને કરસન માસ્તર ઘર તરફ ગયા.

'ભલાભાઈ તમારું નામ એવા ગુણ હોય, પછી જ ઝઘડો છો કેમ ? પારકા ગામમાં શાંતિથી રહેવું જોઈએ.' કરસન માસ્તરનો મીઠો ઠપકો સાંભળી મંગુને હિંમત આવી. 'સાહેબ મને શી ખબર કે અહીં આવીને પણ આવું કરશે ? નહીં તો હું મારી માને ઘરે ચાલી જાત. મંગુને કહ્યું.

'હજુ ક્યાં મોડું થયું છે ? ચાલી જા. તને રોકવા નહીં આવું. કેટલા શેરે મણ થાય છે તેની તને પછી ખબર પડશે. પણ મારી લાડલીને હું તને સાથે લઈ જવા નહીં દઉં, સમજી ?' ભલો ઉશ્કેરાઈને બોલી રહ્યો હતો.

'તમારા ઘેર આવી મેં સુખ નથી ભાળ્યું, પણ લાડલીને લીધે... નહીં તો ?'

'તારા બાપના ઘેર રાજપાટ હતું.'

'રાજ નહોતું પણ દુ:ખય નહોતું સમજ્યા ?'

'માસ્તર સાહેબ છે એટલે ? તું મને જેવો તેવો ના સમજ, ગાંઠનો રૂપિયો છેડે બાંધી, તગડી મૂકીશ.' ભલાના ચહેરા ઉપર રોષ હતો.

કરસન માસ્તરથી રહેવાયું નહીં, 'હવે ઝગડવાનું બંધ કરો. આરતીનો સમય છે. કજિયાનું મોં કાળું હોય છે. કહેતા ઘર તરફ જવા લાગ્યા.

મંગુ માથા ઉપરની સાડી સરખી કરતાં, પાસે આવી, બે હાથ જોડી 'માસ્તર સાહેબ !' કહેતાં બોલી, 'પેલા પેઢીવાળા આગળ તો ગરીબડી ગાય બની ગયા છે. પાણીના ઘડા ને સાંઠો અડી ગયો અને પાણી ઢળી ગયું એમાં તો...? અમને ગુલામ બનાવી દીધા, ત્યાં તો બકરી બેં બની ગયા છે, સાહેબ સાચું કહો આમ કોઈના ગુલામ થઈને થોડું રહેવાય ? આ નહીં તો બીજો મલક ! લોહીનો પરસેવો પાડીને રોટલો કમાનાર મજૂર બાપડો થઈને જીવે તો એનો જન્મારો ધિક્ છે. અમને સ્ત્રીઓને તો બોલવાનોય અધિકાર નથી રાખ્યો પણ ક્યાં સુધી ? મંગુ ક્રોધાવેશમાં બોલી રહી હતી.

'માસ્તર સાહેબ, હું હાચ્ચું કહું ?' હંમેશાં ચૂપ રહેનાર મંગુ આજે મ્હોંફાટ બોલી રહી હતી. 'કેટલાય દિવસથી અમારી

આ લાડલી લાપશી ખાઉં, ખાઉં કરતી હતી. પણ અમારા ગરીબના ઘરમાં, લાપશી ક્યાંથી બને ? એટલે એને મનાવીને રાખી હતી. મંગુથી રહેવાયું નહીં; ધ્રૂસકે ધ્રૂસકે રડતાં, લમણે હાથ મૂકી નીચે બેસી ગઈ. મંગુના કાનમાં નાનકીના શબ્દો ગુંજવા લાગ્યા...

'માડી આજે અખાત્રીજ છે ને ?'

'હા, બેટા હા ! કેમ ?'

'મારી બહેનપણીઓ કહેતી હતી, અમારી મમ્મી આજે લાપશી બનાવવાની છે, તું અમારા ઘેર લાપશી ખાવા આવીશ ને ?... હેં માડી, આપણે ઘેર લાપશી ક્યારે બનશે ?' નાનકી મંગુની સામે જોઈ, આંખોના પલકારા કરતી હસવા લાગી.

મંગુ નાનકીના માથે વ્હાલથી હાથ ફેરવી કહેવા લાગી, 'બેટા આજે અખાત્રીજના હળોતરા છે, તેથી ડેલાવાળાને ત્યાંથી આપણને શુકનની લાપશી મળશે, એય ઘીવાળી.

'પણ આજે તો હું નિશાળે જવાની છું, સાહેબે કહ્યું છે. મધ્યાહ્ન ભોજનમાં સુખડી ખાવા મળશે... હું નિશાળેથી છૂટીને ઘેર આવીશ, પછી હું મારી બહેનપણીઓને લાપશી ખાવા બોલાવીશ. ઘીવાળી લાપશી ખાવાની મજા પડશે, મને મજા પડશે. કહેતાં નાનકી હસતાં હસતાં તાળીઓ પાડવા લાગી હતી...

ડૂસકાં ખાતી મંગુ સાડીના છેડા વડે આંખો લૂછતાં બોલી, 'હવે તમે જ કહો સાહેબ, મારી લાડલી માટે રાખેલી લાપશી હું મા થઈને ખાઈ જાઉં ? હું ઘેર આવી ત્યારેય બારણું તો અધખુલ્લુ જ હતું. એટલે...?' મંગુ ઘડીક અટકી કહેવા લાગી, 'નાનકી નિશાળેથી છૂટી બહેનપણીઓ સાથે ઘેર આવી હતી, પછી રમવા ચાલી ગઈ છે, હું કોને કહું ?'

'હશે જેણે લાપશી ખાધી હશે, એય ભૂખ્યું જ હશે ને ? એમ જ સમજી લો હવે. પણ લડશો નહીં.' કહેતાં કરસન માસ્તર ગમગીન બની ઘેર આવી, ખાટલામાં બેઠા.

★★★

કરસન માસ્તરને મૂંગા બેઠેલી જોઈ સવિતા ચાનો કપ લઈ આવી. 'સાહેબ લ્યો, ચા !' કહેતાં સવિતા કહે, 'આ લોકોની વીતક તો તમે ક્યાંથી જાણો ? તેમના ગામમાંય એમને મજૂરી તો મળતી હશે, પરંતુ કંટાળીને અહીં આવ્યા લાગે છે. નહીં તો વતન કોને વહાલું ના હોય ?'

કરસન માસ્તર ચાનો એક ઘૂંટ ભરી, મૌન રહીને સાંભળી રહ્યા હતા. સવિતા ભલાની વીતક કથા કહી રહી હતી : 'આ લોકો પહેલા જ દિવસે પંથ પેઢીવાળાના ખેતરમાં બાજરી વાઢવા ગયા હતા. મજૂરીએ ના જાય તો ખાય શું ? પણ સાહેબ, અક્કરમીનો પડિયો કાણો હોય છે. બાજરીની ઓળ વાઢી પાણી પીવા બાવળના છાંયડે ઘડીભર ઊભા રહ્યા હતા. પથુ પેઢીવાળાની ડોશીએ પાણીનો ઘડો, એરંડાના છાયડે કાળિંગડાના વેલા ઉપર મૂક્યો હશે, શી ખબર ? મંગુએ બાજરીનો સાંઠો ખેંચ્યો, ભેળો વેલોય ખેંચાણો, તેથી પાણીનો ઘડો ઢળી પડ્યો. એમાં એનોય શો વાંક ?'

આ જ સમયે પથુ પેઢીવાળા ખેતરમાં આંટો મારવા આવી ચઢેલા. તેઓ જોઈ ગયા. આ લોકોના માથે પાતક કર્યાની આળ લગાવી. ઘડો તાંબાનો છે એટલે ગુનો મોટો કર્યો છે. વીસ રૂપિયા દંડ પેટે આપો. વીસ રૂપિયા ના આપો ત્યાં સુધી ડેલામાં ચાર બળદ, છ ભેંસ અને બે ગાયનું સવાર-સાંજ તમારે છાણ ભરવાનું રહેશે. ભલો અને મંગુ બન્ને પાયલાગણ કરી, રડ્યા. 'અમે ગરીબ માણસ છીએ, ભૂલ માફ કરો' પણ ડેલાવાળા ને મફતમાં ગુલામ મળ્યા હોય તેમ કહ્યું, 'સવાર-સાંજ વાળુ લઈ જજો,' 'બિચારા બહારના માણસ, બીજું કરે પણ શું ? ભૂખે-દુઃખે મૂંગામોંઢે દિવસભર ઢસરડા કર્યા કરે છે, ક્યારેક ક્યાંક કોઈના ટાંપાટીયાં કરીને પૈસા બે પૈસા કમાય તો ચા-પાણી અને દવા-દારૂમાં ખર્ચાય, પછી મકાન ભાડુંય ક્યાંથી ભરશે ?'

'બિચારા દુઃખિયારાં જીવ, આમ શી રીતે જીવતા હશે ?' કરસન માસ્તર હળવેથી બોલ્યા, 'દરિદ્રતા એ દોષ નથી પણ સમાજે થોપેલો અભિશાપ છે. શોષિતનું અજ્ઞાન જ શોષકને શયતાન બનાવે છે, સવિતા ! સાચું કહું, 'માણસે કાગડા જેવા નાનકડા પંખી પાસેથી શીખ લેવી જોઈએ. કાગડો ઝાડ ઉપર માળો બાંધ્યા પછી આખા ઝાડ ઉપર કેવું



આધિપત્ય જમાવે છે ? અને માણસ નિર્માલ્ય બની અન્યાય સહી લે ? માણસે લડતાંય શીખવું જોઈએ. સવિતા, મારે મન લાપશીનો ઝઘડો નથી, પણ ભૂખનો ઝઘડો છે.' કરસન માસ્તરે ઊંડો શ્વાસ લીધો. ફરી મનોમન કહેવા લાગ્યા, 'દુનિયામાં ભૂખની લડાઈએ જ ક્રાંતિઓ સર્જી છે, હવે સમાજનો મૂળસોતો ઢાંચો બદલાઈ જવાનો સમય આવી રહ્યો છે કરસન માસ્તરની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી

સવિતા ઘડીભર સૂનમૂન ઊભી રહી પછી કહેવા લાગી, 'સાહેબ હવે જમવાનોય સમય થયો છે.'

'હવે એ લોકો, બિચારા ભૂખ્યાં જ સૂઈ જશે ને ? પણ નાનકીએ શું ખાધું હશે ? બાળકને ભૂખ સહન કરવી કપરી હોય છે. દુનિયાભરનું કોઈપણ બાળક ના ભૂખ્યું સૂવે, ના અભણ રહે, તો આ ધરતી સ્વર્ગ બની જાય...!'

'સાહેબ, લોકો ઊંઘમાં સ્વપ્ન જુએ છે અને તમને સ્વપ્ન ઊંઘવા દેતાં નથી, ખરું ને ? કહેતાં સવિતાથી ઘડીભર સ્વપ્નામાં વિહાર કરતાં કહેવાઈ ગયું, 'સાહેબ આપણે પણ એક નાનકી હોત તો ! સવિતાએ ઊંડી આહ ભરી. પેટ ઉપરની સાડી સરખી કરતાં બોલી, 'આપણેય શેર માટીની ખોટ તો છે જ ને ?'

'દીકરી કોને વહાલી ના હોય, સવિતા ! પણ... હવે આ નાનકીને જ આપણી લાડલી બનાવી દઈએ. કરસન માસ્તરે શાંત ચિત્તે કહ્યું : 'આપણી જ માનીને એનું જતન કરીએ.'

સવિતાની આંખોમાં હર્ષના આંસુ ઊભરાઈ રહ્યાં હતાં.

★★★

નાનકી બહેનપણીઓ સાથે વાસના ચોગાનમાં ચંદ્રમાના આછા અજવાળે ફેરફૂદડી ફરતાં ફરતાં ગાઈ રહી હતી...

'હું આજે નિશાળે ગઈ'તી મોરી સૈયર,
હું કાલે નિશાળે જઈશ મોરી સૈયર !'

'સાહેબ, સાંભળો છો ? આપણી લાડલી કેવા મધુર સ્વરે ગાઈ રહી છે ! આજે તમે તેને નિશાળે લઈ ગયા હતા ને ?' સવિતાએ કહ્યું.

કરસન માસ્તર ધ્યાનથી સાંભળી રહ્યા... પછી મનોમન બોલ્યા, 'શિક્ષણ તો સિંહણનું દૂધ છે.'

સવિતાના ચહેરા ઉપર પ્રસન્નતા છવાઈ ગઈ હતી.

★★★

'સૂઈ જવાનો સમય થઈ ગયો છે. પણ આપણી લાડલી હજુ ઘેર આવવાનું નામ લેતી નથી. તેને ઘીવાળી લાપશીય ખાવાની યાદ નહીં આવતી હોય ? આપણે તો ચા પી લીધી છે.' ભલો બોલતાં બોલતાં ઘરમાંથી ગોદડી લઈ આવી ખુલ્લા આંગણામાં ભોંય ઉપર પાથરી સૂઈ ગયો.

'મારી લાડલી ભૂખી થઈ નહીં હોય ? પણ... ભૂખી હોય તો દોડતી આવી ગઈ હોય. શી ખબર બહેનપણીઓ સાથેય...? રમીને થાકશે એટલે આવીને સૂઈ જશે.' નાનકીની રાહ જોઈ મંગુએ દીવો રામ કર્યો, 'મારી લાડલી વિના ઊંઘ પણ કેમની આવશે ?' કહેતાં ખુલ્લા આંગણામાં લાંબી ખેંચી.

ચંદ્રમાનું આછું અજવાળું ધીરે ધીરે પ્રસરી રહ્યું હતું.

★★★

પહેલી જ ઊંઘમાં ભલો ઓચિંતો જાગી ગયો. બગાસું ખાતાં બોલી ઊઠ્યો, 'જાગે છે ?'

'હા, કેમ ? હવે ઊંઘી જાઓ ને ?' મંગુએ અર્ધનિદ્રામાં કહ્યું.

'ભૂખે ઊંઘ આવે ખરી ?' ભલાથી કહેવાય ગયું. તેને નાનકી યાદ આવી, ચિંતાભર્યા સ્વરે કહ્યું, 'સાંભળે છે...? લાડલી આવી ?

'આ મારી પડખે આવીને સૂઈ ગઈ.' કહેતાં મંગુએ નાનકીના માથે હાથ ફેરવ્યો, પડખું ફેરવી હળવેથી નાનકીને બાથમાં લઈ, 'મારી લાડલી !' કહેતાં વહાલથી મોઢું ચૂમી લીધું.

નાનકી ઘસઘસાટ ઊંઘી રહી હતી...

૫૧૬, ગાયત્રી સોસાયટી,
સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨૦૨૮.
મો. ૯૪૦૮૨૮૮૦૩૫




એ કોરેન્ટાઈન લવસ્ટોરી

- નીતિન ત્રિવેદી

જયને થોડોક પણ ધ્રૂજારો અનુભવાય કે રોનીને હસવું આવી જાય. એને મજા આવી રહી હતી. કારણ, પેલો કંઈ પણ કરે એમાં ડર ભળેલો હતો. એનો આ ડર રોની માણી રહી હતી. અલબત્ત, એ જાણતી હતી કે પેલાએ એનું કશું બગાડયું નહોતું. બસ, એ ફ્લાઈટમાંથી ઊતર્યો ત્યારે, એ બહુ જ સરળતાથી એમની સાથે થઈ ગઈ હતી.

પેલો તો એક ગામથી બીજા ગામ, એક દેશથી બીજા દેશ ધંધા માટે આવ-જા કર્યા કરતો. એની જીવનશૈલી નિર્દોષ હતી, લવચીક હતી. લાખો માણસો હોય છે એવો હતો.

...પણ જેવો એ 'પૉઝિટિવ' જાહેર થયો કે તરત એમની સાથેનો સહુનો વ્યવહાર 'નેગેટિવ' થવા લાગ્યો હતો. એકાએક એ અસામાન્ય બની ગયો હતો. ઘરમાં એ ચૌદ દિવસ માટે એકાંત કારાવાસ માટે ધકેલાઈ ગયો હતો. આ ઓરડો હવે એની દુનિયા - ચોરસ દુનિયા બની ગયો હતો.

રોનીએ આ વખતે ફક્ત નિરીક્ષણ તરીકેની ભૂમિકા ભજવવાનું નક્કી કર્યું હતું. હા, એના ગ્રૂપે કામગીરી આરંભી દીધી હતી અને પોતે એડમિન હતી.

રોનીને જયની એકેએક ચેષ્ટા નિહાળવાની મજા આવી રહી હતી. એવુંય નહોતું કે એણે આવી ચેષ્ટા કદી નિહાળી નહોતી. પણ આ વખતની વાત અલગ હતી.

મુંબઈની ફ્લાઈટમાંથી જય જેવો ઊતર્યો ત્યારથી રોનીનો પીછો ચાલુ હતો. જયને આની ખબર કદી પડવાની ન હતી.

જય અહીં પહોંચ્યો. થોડા સમયમાં એને તાવ આવ્યો... ઉધરસ થવા લાગી... છીંકો આવવા લાગી... શ્વાસ ચડવા લાગ્યો... પછી રેપિડ ટેસ્ટ... સીટી વૅલ્યુ... અને, ઓહ પૉઝિટિવ !

એ ગભરાઈ ગયો. માત્ર શંકા જ હતી ત્યાં સુધી તો મોત કથ્થક નૃત્ય કરી રહ્યું હતું. રિપોર્ટની હકીકત પછી મોત તાંડવ નૃત્ય કરતું હોય એવું લાગ્યું એવું અનુભવવા લાગ્યો હતો.

છાપામાં વાંચતો. ટીવીમાં જોતો. સોશિયલ મીડિયામાં કેટલાંક દશ્યો નિહાળતો. પછી અધમૂવો થઈ જતો. એની આસપાસ પીપીઈ-કિટ-ધારકો રાસ રમતા લાગતા હતા. પેલી રોનીને બહુ મોજ પડવા લાગી હતી.

ઘરનાં, બહારના, વચ્ચેના સહુ આઘાં આઘાં અને પાછાં પાછાં થવા લાગ્યા હતા. પડોશીઓ, સોસાયટીવાળાઓ અને બીજાં કેટલાય વગેરેઓ વગેરેઓ માટે એ નજરથી પણ અસ્પૃશ્ય થઈ ગયો હતો. આ એક જય પૉઝિટિવ, સામે અનેક પરાજય નેગેટિવ. ઓરડામાં એ એકલો હતો, તો પણ માસ્ક પહેરીને આંટા મારતો હતો. ગુંગળામણ થાય તો માસ્ક કાઢી નાખતો. એને ત્યારે એવું લાગે કે એનું ઑક્સિજન લેવલ ઓછું થઈ ગયું છે. એકવાર એ માસ્ક વગર રસ્તા પરથી નીકળેલો ત્યારે પાંચસો રૂપિયા દંડ ભર્યો હતો. અત્યારે એ ઓરડામાં હોવા છતાં એને પોલીસનો દંડો દેખાયો. એણે તરત માસ્ક પહેરી લીધું. આ જોઈ રોની ખડખડાટ હસી. અલબત્ત, જયને રોની, બોની કે ફોની કે રોના, ધોના, ટોના કોઈનું કશુંય સંભળાતું ન હતું. આમ છતાં જયને પોતાને પણ હસવું આવ્યું. રોની હસતાં અટકી ગઈ અને નવાઈથી રોનીને જોવા લાગી.

જયને હસવું આવ્યું એ ક્ષણે એણે કંઈક રાહત અનુભવી.

પહેલાં તો એ ડરના જરૂરી હૈં - એમ માનીને સઘળું કરતો હતો. અત્યારે એને લાગ્યું કે હંસના જરૂરી હૈ, ડરું છું તો ત્રાસત્રાસ લાગે છે. હસું છું તો હળવાશ લાગે છે.

જયને હસતો જોઈ રોની રડમસ થઈ ગઈ. જયને ફેસબુક યુનિવર્સિટી કે વ્હૉટ્સઅપ મહાવિદ્યાલયનું સ્મરણ થયું. ઓછું કામનું અને વધુ નકામું હતું. જય એમાં પીએચડી નહોતો એટલું જ. પણ એનામાં મગજનું ઘણું ઘણું નકામું ખંખેરી શકવાની તાકાત અનુભવાતી હતી. ત્યાં સુધી કે એ એવી રીતે નાસ લેતો, જાણે સુવાસ લેતો હોય.

ફોન પર, વ્હૉટ્સઅપ પર, મેસેન્જર પર વણમાંગેલી થોકબંધ સલાહોનો જયને અપચો થવા લાગ્યો હતો. જયે જીભના ચટાકા બંધ કરી દીધા હતા. હવે તો એ ઈમ્યુનિટી વધે એવી ખાદ્ય અને પીદ્ય કોમ્યુનિટીનું ભક્ષણ કરવા લાગ્યો હતો. રોનીની રોનક આ સઘળું જોઈ ઊડવા લાગી હતી. એણે બારી બહાર જોયું. રોનીએ પોતાની જમાતનાં ટોળાં રસ્તા પરથી

પસાર થતાં જોયાં. રોનીને થયું કે પોતે બારીમાંથી કૂદીને બહાર જતી રહે અને પેલાં ટોળાંમાં ભળી જાય. પણ રોનીએ બ્રેક મારી. એ ટોળાશાહી માનસની ન હતી. પોતે આ કોમ્યુનિટીમાં કંઈક વિશેષ પ્રકારની હતી, સ્પેશિયલ કેટેગરીની હતી. ટોળામાંથી કેટલાકની નજર રોની પર પડતાં જ સીટીઓ મારવા લાગ્યા. રોનીને પોતાની આ જમાત પર ગુસ્સો આવ્યો.

ટોળાના નેતાએ સિટીમારક નરસમૂહ પર તીરમારક નજર નાંખી. એટલે પેલા ચૂપ થઈ આગળ ચાલ્યા. રોનીનું સમગ્ર ધ્યાન અત્યારે જયને પરાસ્ત કરવા પર કેન્દ્રિત હતું.

જય ઉકાળો પણ એવી રીતે પીતો હોત, જાણે વ્હિસ્કી પીતો હોય, રોની ઊકળી ઊઠી, પણ જાણે લાચાર હતી. જય માટે એણે રિસ્કી થતાં જવાનું હતું, પણ એ તો બદલાઈ રહ્યો હતો. જય ઊંડા શ્વાસ લેતો, ક્યાંય સુધી અટકાવી રાખતો. પછી ધીમેધીમે બહાર કાઢતો. રોનીએ નોંધ્યું કે જયના શ્વાસ-કુંભક-ઉચ્છ્વાસનો રેશિયો ૧:૪:૨૦ મુજબ રહેતો હતો. પણ આ સમયે રોનીના ગ્રૂપ મેમ્બર્સ પણ બહાર ફેંકાતા નજરે ચડતા હતા. રોનીનો જીવ આ બધું જોઈ વધુ ચુંથાવા લાગતો.

જય આનંદમાં દેખાતો હતો. એની અંદરનું ટેમ્પરેચર ટાઢું પડતું જતું હતું. અને એના નાક, કાન, ગળા, ફેફસાંમાંથી તો...

જય ડાયરી લખવા બેસતો ત્યારે રોનીને લાગતું કે એ વસિયતનામું લખી રહ્યો છે. લખતાં લખતાં જયના ચહેરા પર આનંદની રેખાઓ ફરવા નીકળી પડતી એ જોઈને રોની...

જય વધુ મોજમાં આવતો જતો હતો. રોમેન્ટિક ગીતો પણ ગાવા લાગતો. અત્યાર સુધી રોનીએ તમામ કેસોમાં સક્રિય ભાગ લઈને અને હવે નિરીક્ષક તરીકે બહુ આનંદ



માણ્યો હોત. પણ આ જયલાએ રોનીની પરપીડનવૃત્તિ મંદ પાડવાની શરૂઆત કરી હતી. જયની નજરે એ ચડી નહોતી, છતાં પોતે જાણે જયના નિશાન પર હોય એવું એવું રોનીને લાગવા માંડ્યું હતું.

રોમેન્ટિક ગીત ગાતાં ગાતાં જયે એના મોબાઈલ ફોન પર રિંગ કરી. રોની તરત ફોન પાસે ગોઠવાઈ ગઈ. જેમના પર રિંગ ગઈ એણે ફોન રિસિવ કર્યો. ઠંડકસભર અવાજ જયના કાને આવ્યો - 'બોલ...'

"મારે તને ત્રણ-ત્રણ શબ્દોના બે જ વાક્ય કહેવા છે. કહું કે ?"

"બે વાક્યો સાંભળી લીધાં. હવે ફોન મૂક."

"ના, ત્રણ-ત્રણ શબ્દોવાળા વાક્યોની વાત જ છે ડિયર."

"ડિયર-ફિયર કર્યા વગર બોલ."

જય હસ્યો. "આહ્હા !!! અદા તો બસ તારી જ. તું આવું બોલે છે ત્યારે પણ ડિયર લાગે છે, ફિયર લાગતો નથી."

"ઠીક છે, પણ હવે મુદ્દા પર આવ, જો હોય તો."

"ઓકે, પેલાં બંને વાક્યો પછી કહીશ. પહેલા એ કહી દઉં કે હું કૉરેન્ટાઈન છું."

"વ્હોટ ?"

"હા, એક અઠવાડિયું થઈ ગયું."

"વ્હોટ ?"

"હવે મારો કોઈ ભરોસો નથી."

"વ્હોટ ?"

"હા, ગમ્મે ત્યારે મારી વિકેટ પડી શકે છે."

"વ્હોટ ?"

"એટલે હું વિલ લખવા બેઠો હતો, કાલે."

"વ્હોટ ?"

"હા, પણ વિલ કરું કઈ રીતે? મારું તો કશું છે નહીં."

"વ્હોટ ?"

"જો મારું કશું હોય જ નહીં, તો વિલનો શો અર્થ ?"

"વ્હોટ ?"

"હા અને આ તું શું ક્યારની વ્હોટ કરે છે? વોટિંગ કરવાનું હોય ત્યારે પણ કોઈ આટલું વોટ વોટ કે વ્હોટ વ્હોટ નથી કરતું !"

"વ્હોટ ? માથે મોત છે ને મજાક કરે છે?"

"જે ગણે તે. પણ હું જીવવાનો આનંદથી, મરવાનો પણ આનંદથી..."

"ઉફ્ફ !"

"વ્હોટથી થાકી એટલે ઉફ્ફ શરૂ કર્યું ?"

"તું મને આ બધી છેક હવે જાણ કરે છે ?"

"પણ તું કેવી અને કેટલી રિસાઈ ગયેલી ? અને મને કશીક માંદગી આવી છે એ તો તને ખબર હતી જ ને ?"

"હા, બટ..." થોડી ક્ષણો પછી "આઈ એમ સોરી"

"વ્હોટ ?"

"યસ ડિયર આઈ લવ યુ."

"વ્હોટ ?"

"બસ હવે વાયડો થા મા."

"અરે ડાર્લિંગ, આઈ એમ નોટ એ વાયડા. મારે તને ત્રણ-ત્રણ શબ્દના બે-બે વાક્ય કહેવા હતા, એ તો તે મને કહી દીધા."

"વ્હોટ ?"

રોની આવા આવા સંવાદો સાંભળી ચકરાઈ ગઈ હતી. આ જયલો એની કોઈ જયલી સાથે ફરી જોડાઈ રહ્યો હતો. ને અહીં પોતે એને અંતિમ શ્વાસની પ્રતીક્ષા કરી રહી હતી.

મારે શા માટે આને કે કોઈને મરતાં જોવા જોઈએ ? આવું કરવું મારે જરૂરી છે ? એ પળેપળે મરે એમાં આનંદ લેવા જેવું આમ તો કાંઈ નથી. પોતાના માટે આ કંઈ નવો કેસ પણ નથી. - રોની ને નવાઈ લાગતી હતી. જય માટે નહીં, પોતાના માટે. આવું પરિવર્તન કદી અનુભવ્યું નહોતું. કોણ જાણે, કેવી ઘડીએ આ જયલાનો શિકાર કરવા લલચાઈ ગઈ. એનો ટારગેટ જયના ફેફસાનો પૂરો કબજો કરી લેવાનો હતો. પણ ફેફસાની નિકટતમ રહેલા હૃદયમાં કોઈ જયલી અદશ્ય તાકાત બનીને ફાઈટ આપી રહી હતી.

જયલો મિનિટે મિનિટે અજાતશત્રુ થઈ રહ્યો હતો. એણે મોત સ્વીકારી લીધું હતું. છતાં નાસ લઈ રહ્યો હતો. નિરાંતના શ્વાસ લઈ રહ્યો હતો. હળવોફૂલ થઈ રહ્યો હતો. જે હાથમાં હતું એ માની રહ્યો હતો. જીવનનું રહસ્ય જાણી રહ્યો હતો. ઓરડામાં એકલો હતો. ખરેખર તો એ જાણે સઘળે હતો. ખૂબ રિસાયેલાને ક્ષણોમાં મનાવી લેતો હતો. ઉત્સવ ઉજવવાની તૈયારી કરતો હોય એમ એ ઉલ્લાસમાં હતો. પોતાના ભલે દૂર થઈ ગયા હતા, પણ દૂરનાને એ પોતાના કરી રહ્યો હતો.

"હેલો... કેમ છે દોસ્ત ?"

"મોજેમોજ છે. રોજેરોજ છે." જય હસે છે.

"પણ તેને તો કોરોના છે ને ?"

"હા, હમણાં એ કોમ્યુનિટી સાથે મારી કોન્ફરન્સ ચાલી રહી છે."

"ઓહ, વેરી બેડ !"

"બેડ ? વેરી બેડ ? ના યાર, એના કારણે તો આટલાં વરસે હું તેમને યાદ આવ્યો." જય હસ્યો. "હું તેમને યાદ આવ્યો એટલે મારી આ કોન્ફરન્સ સફળ રીતે ચાલી રહી છે એમ ગણાય."

રોની આવું સાંભળી આભી થઈ ગઈ. શું કરવું એ એને સમજાયું નહીં. રોનીના અવતાર કૃત્યમાં ક્યાંય કશું વિચારવાનું આવતું નહોતું. ફક્ત આક્રમણ, આક્રમણ અને આક્રમણ, છેલ્લા શ્વાસ સુધી, કોના છેલ્લા શ્વાસ ? જેના પર આક્રમણ કર્યું હોય એના

જય ખીલ્યે જતો હતો. ઑક્સિમિટર કશું એબ્નોર્મલ બતાવતું ન હતું. જયના વલણ, એનો વ્યવહાર, એની વાતચીતમાં ક્યાંય કશો ઉચાટ નહોતો. એ કોરોના સામે લડી રહ્યો છે એવું પણ કોઈને કહેતો નહોતો. ફોન પર એ બધા સાથે વાતો કરતો હતો ત્યારે સામાવાળાને એવું સહેજ પણ લાગતું નહોતું કે જય કોરોના પેશન્ટ છે. અરે, જય ખુદ માનતો નહોતો કે પોતે પેશન્ટ છે. ચૌદ દિવસની એકાંત આરાધના માનતો હતો.

જયથી કોઈને કોઈ કારણોસર રિસાયેલાઓ, રિસાયેલીઓ, દૂર જનારાં, દૂર થનારાં સૌ કોઈ યથાવત્ રીતે જયના થતા જતા હતા. રોની દરેક ફોનનો દરેક સંવાદ સાંભળતી હતી. વળી પાછો ફોન રણક્યો. વળી પાછો જયે



ફોન લીધો. વળી પાછા પ્રશ્નો થયા. વળી પાછો જઈ હસતો. સામેવાળાને એવું લાગવા માંડતું કે જય પેશન્ટ નથી, પેશન્ટ તો પોતે છે. જય ખડખડાટ હસતો.

રોનીનું ગ્રૂપ ધીમે ધીમે બિનઅસરકારક થતું જતું હતું. જયને હસવું આવે ત્યારે રોનીને રડવું આવે. જય હસી લે, રોની રડી ન શકે. એને મૂંઝારો થતો. અકથ્ય મૂંઝારો થતો.

વળી પાછો આ જયલો ફોન પર કોઈને કહી રહ્યો હતો - "સાચું કહું દોસ્ત, મેં કોરોનાનું કશુંય બગાડ્યું નથી. એ મારું કશું બગાડતા નથી. એ આમ તો મારું મિત્રમંડળ ગણાય, પણ હું તો એને મિત્રમંડળથી પણ..."

આવું આવું સાંભળીને રોની ભારે અચંબામાં મુકાઈ જતી હતી.

"હા, હું એને મિત્રમંડળથી પણ વિશેષ ગણું. એ સહુ મારા માટે ડૉક્ટરોની ટીમ છે."

"ડૉક્ટરોની ટીમ ? આ કોરોના ?"

હા, આપણે ત્યારે માંદા પડીએ છીએ જ્યારે રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય. હવે એ આપણને ખબર હોવા છતાં આપણે એ શક્તિ વધારવા કંઈ કરીએ છે ખરા ? નથી કરતા. હવે આ રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે મારો કોરોના મિત્રમંડળ મને એનું શિક્ષણ અને તાલીમ આપી રહ્યું છે, યાર. તો હું એને દુશ્મન કઈ રીતે ગણું, હેં ? આઈ લવ કોરોના..."

રોની હોશ બચાવવા મથવા લાગી.

"અને ખરું કહું યાર." જય ફોન પર આગળ બોલ્યે જતો હતો. "હું એ આજ સુધી ભૂલી ગયો હતો કે મારી ભીતર પણ કોઈ દુનિયા છે. મારી અંદરની દુનિયામાં ગયો તો ત્યાં ભારે મોજ પડી ગઈ. મારી જે દુનિયામાં મેં જ કદી પગ મૂક્યો નહોતો ત્યાં ખૂબ જ હર્યોફર્યો ને ભર્યોભર્યો થઈ ગયો. અને હા, ત્યાં અંદર કોરોના પણ મળ્યા. એમની સાથે ગોષ્ઠિ કરી. એમને પણ એવી મોજ પડી જાય મારી સંગતમાં, કે હું બહાર આવું ત્યારે મારી જ આંગળી પકડી જાણે પાછા બહાર આવી જાય. બહાર આવીને તારા જેવા દૂર દૂર રહેતા મિત્રો સાથે ફોનથી આમ નજીક આવતો જાઉં. બહુ મોજ પડે છે યાર !." જયની આવી પ્રસન્નતાથી રોની રેળાતી જતી હતી.

"...અને તને તો ખબર છે ને કે હું પહેલેથી રોમેન્ટિક સ્વભાવનો માણસ છું." જય બોલ્યો કે રોનીના કાન સરવા થયા. "આ કોરોના સમૂહમાં જો કોઈ સારી કોરોની મળી જાય તો એને મારે કહી દેવું છે -" "આઇ લવ યુ કોરોની."

રોની ધડકી ઊઠી. એને રોનક યાદ આવી ગયો. એના કોરોના ગ્રૂપના કેપ્ટન સાથે પ્રેમ હોવાથી એ એને "રોનક" કહેતી. ને રોનક એની આ કોરોની પ્રેમિકાને "રોની" કહેતો. રોનીને જયના આ રોમેન્ટિક વાક્યમાં રોનક રણકતો લાગ્યો. મારો આ રોનકો જયના ગળામાં જઈને આઇ લવ યુ... આઇ લવ યુ... બોલતો હશે ? રોની ઘડીકવાર જાણે દુલ્હન બની ગઈ.

પણ જયની અંદર ક્યાંય કશે પણ રોનીનો એક પણ ગ્રૂપ મેમ્બર હવે નહોતો. જયલો એકેએકને જાણે પ્રેમપૂર્વક બહાર લઈ આવ્યો હતો.

"...અને યાર, હું આટલી બધી કોરોનીઓમાં તો..." જય હજુ પણ બોલી રહ્યો હતો. "જેને હું આઇ લવ યુ કહીશ એને હું કાંતો રાની કહીશ, કાં તો રોની."

જય એમ જ બોલ્યો, પણ આ રોની થનગની ઊઠી. એ ઊઠીને જયના કાન પાસે આવી ગણગણી ઊઠી. -"આઇ લવ યુ ટુ ડિયર."

જયને કંઈક ઝણઝણાટી થઈ, પણ રોની ઊડીને હવે સાવ બહાર જતી રહી. જય અમસ્તો જ બારી પાસે ગયો. રોનીએ પાછળ જોયું. એને લાગ્યું. જય એને ગુડબાય કહી રહ્યો છે. રોની એને "ગુડબાય" કર્યું, ને પછી 'સીયુ...' એમ કહેવા જઈ રહી હતી, પણ એમ કહેતા કહેતા અટકી ગઈ.

પ્લોટ નં. ૧૧-સી, સિદસર રોડ, કામિનિયાનગર,
જૂના તળાજા જકાતનાકા પાસે,
ભાવનગર-૩૬૪૦૦૨. મો. ૯૪૨૮૫૮૯૯૨૩



રિહર્સલ વિનાનું ત્રિઅંકી નાટક

- નટવર પટેલ

હસુભાઈની ઊંઘ હરામ થઈ ગઈ હતી. જયાબહેન પણ ઊંઘમાંય બડબડાટ કરતાં જ રહ્યાં... આપણો દીકરો સાવ આવો નીકળશે એવું મેં ધાર્યું ન'તું. મને ઈમ કે મારો દીકરો મારું વેણ નંઈ અંડોળે... પણ આ તો...

'ધીમે બોલ, ક્યાંક દીકરી સાંભળી જશે તો ઉપાધિ થશે.'

'ઉપાધિ તો થયેલી જ છે ને ! જવાન દીકરીનેય ખ્યાલ તો આવી જ જાય ને કે ભઈ રાત પડી તોય કેમ ન આયો ? એય ફોન કરીકરીને થાકી પણ એ ઉપાડતો જ નથીને...'

'તેં દીયાને બધી વાત તો કરી નથી ને ?'

'પણ સૂરજ છાબડે ઢાંક્યો ક્યાં લગી રે'શે ?'

'સમય આવ્યે દીકરીનેય કહીશું - પણ હાલ આ બાબતે કેમનું કરવું એ જ સૂઝતું નથી. ફોન ઉપાડે તો ખબર પડે કે હાલ એ ક્યાં છે, કઈ છોકરીને લઈ ભાગ્યો છે... ને શું કરવા માગે છે...?'

'કેમ ? તમારા મોબાઈલમાં મેસેજ તો આયો જ છેને ?'

હસુભાઈ ચૂપ રહ્યા. ફરી મોબાઈલમાં મેસેજ ચેક કર્યો... પપ્પા-મમ્મી, મેં રોમા સાથે મેરેજ કરી લીધા છે.... ને હાલ અમે અમદાવાદથી દૂર છીએ. તમે અમને માફ કર્યા છે એવો મેસેજ કરશો પછી ઘેર આવીશું... વારંવાર વાંચ્યા પછી મેસેજ પણ મોઢે થઈ ગયો હતો. જયાબહેન તો એક ઘાને બે કટકામાં જ માનતાં હતાં. 'કાન ખોલીને સાંભળી લો... એ છપ્પરપગીને હું ઘરમાં પેસવા દેવાની નથી.'

'પણ લગ્ન કરી લીધાં છે.'

'તે છૂટાછેડા આપી દેશે.'

'એ કંઈ આમ બોલવા જેટલી સહેલી વાત નથી.' આ સાંભળી જયાબહેન મૂંગાં થઈ ગયાં. હસુભાઈ પણ આંખો મીંચી પથારીમાં પડ્યા પડ્યા વીતી ગયેલી ઘટનાઓ પર વિચારવા લાગ્યા. કહ્યાગરો ગૌરવ છેક આટલી હદે છૂપી રમત રમી જશે એવો અંદાજ ગણતરીબાજ વેપારી માનસ ધરાવતા પિતાને પણ આવવા ન દીધો. ખરેખર... નવી પેઢી હોશિયાર થઈ ગઈ છે !

આમ તો કાલુપુર માર્કેટના વેપારી ચંદુલાલની દીકરી હીરલ સાથે બધું પાકે પાયે હતું. ખુદ ગૌરવ જ હીરલને જોઈ આવ્યો હતો, ને હા પણ પાડી હતી. ન ગમવાનુંય કોઈ કારણ ન હતું. વળી જયાબહેનની ગણતરી મુજબ વેવાઈ પણ એકની એક દીકરીને મોંમાંગ્યું દહેજ પણ આપવાના હતા. જોકે હસુભાઈને જયાબહેન બહારથી એવો ડોળ કરતાં હતાં કે એમને દહેજની જરાય પડી નથી. પરંતુ અંદરખાને એવું ઈચ્છતા હતા કે ચંદુલાલના અને અમારા ઘરના મોભા પ્રમાણે આવનારી વહુ સમાજમાં વટ પડે એટલો દાયજો લઈને આવે !

ને ચાંલ્લા વિધિનો દિવસ પણ નક્કી થઈ ગયો. બધું સમુંસૂતર ચાલતું હતું ને ત્યાં બે દિવસ અગાઉ ગૌરવ અચાનક ગૂમ થઈ ગયો. જીવનમાં પહેલી વાર, આજ ગણતરીબાજ હસુભાઈ પોતાની ચાલમાં થાપ ખાઈ ગયા હતા. જોકે જયાબહેને બે-ત્રણ દિવસ અગાઉ કહેલુંય ખરું.... 'કહું છું સાંભળો છો ?... તમે માનો ન માનો પણ મને ગૌરવનું મન બદલાયેલું લાગે છે. કદાચ એને હીરલ પસંદ નથી. આ તો તમારી બીકે બોલતો ના હોય...' ત્યારે હસુભાઈએ હસીને કહેલું... એ તારા મનનો વહેમ છે. યુવાન થાય એટલે આમ જ શરમાય. આપણી સગાઈના દિવસોમાં હુંય આમ જ સૂનમૂન રહેતો હતો પણ મનમાં તો...

...ને પછી ગૌરવે ભાગી જઈને મનગમતી છોકરી સાથે લગ્ન કરી લીધાં. ફક્ત મેસેજ મૂક્યો. ન ફોન... ન વાતચીત... જયાબહેન તો પતિ આગળ બળાપો ઠાલવતા રહ્યાં. કહોને કે લાખોનું દહેજ ગુમાવવું પડ્યું એને રડતાં હતાં. લવ મેરેજ કરનારીનો બાપ દહેજ થોડો આપવાનો હતો ? હસુભાઈ તો માથા પર બરફ રાખી પત્નીને ઘણું સમજાવતા હતા... હવે ઢોળાઈ ગયેલ ઘી પર પસ્તાવો કર્યે શું વળશે ? તું જરા શાંત પડે તો મારો પ્લાન સમજાવું.

'શું ધૂળ શાંત પડું ? દીકરાએ તો કુટુંબનું નામ બોળ્યું. હવે સમાજમાં શું મોં લઈ ફરશું ?'

'હજુ બંધ મુટ્ઠી ખૂલી ગઈ નથી. પડોશીનેય ગંધ આવી નથી ને જો તું ચૂપ રહીશ તો આવશેય નહીં.'

માંડમાંડ શાંત પડેલાં જયાબહેને હાર સ્વીકારી: 'બોલો, શો પ્લાન છે તમારો ?'

'નજીક આવ ને ધ્યાન દઈ સાંભળ. મારી પૂરી વાત સાંભળી પછી વકીલની જેમ જે કહેવું હોય એ કહેજે.' થોડીવાર અટકી હસુભાઈ બોલ્યા : 'પ્રથમ તો મેસેજ કરી કહી દઈએ કે આપણે એને માફ કરી દીધો છે. આ લગ્ન અમને મંજૂર છે. તું ઝટ ઘેર આવી જા, રિસેપ્શન જેવું ગોઠવી સગાઓનેય મનાવી લઈશું.'

'હં... એટલે હજી સમાજમાં ધજાગરો કરવાનો રહી જાય છે ?'

'તું સાંભળ તો ખરી ?.... આમ કરી આવનાર છોકરીને આપણે રાજીખુશીથી પુત્રવધૂ તરીકે આવકારીશું.'

'હવે કાંઈ કે'વાનું બાકી રહી જાય છે ?'

'તું હજી આગળ તો સાંભળ. આ તો ત્રિઅંકી નાટકના પહેલા અંકની વાત થઈ. હવે શરૂઆત છે. નાટકનો બીજો અંક પુત્રવધૂ ઘરમાં આવે એટલે આપણે બંનેએ તેના પર ઉપર - ઉપરથી વહાલ દેખાડવું. અને આ નાટક જેવું કૃત્રિમ ન લાગવું જોઈએ, સમજી ? અને આપણે બહાર તો લોકોને એમ જ કહીશું કે અમે દહેજ લીધા વગર દીકરાના લગ્ન કર્યાં. આમ કહી સમાજમાંય નામના કમાઈશું.'

'આવી લુખ્ખી નામનાને શું ચાટવાની ? એનાથી કંઈ દહેજ જેટલા પૈસા મળી જવાના ? આપણી દીકરીનો હાથ દહેજ વગર કુણ પકડશે ?'

'હવે હું એ જ વાત પર આવું છું. પણ તું મને બોલવા દે તો ને ? સાંભળ, આ હતી બીજા અંકની વાત. ને હવે ત્રીજો ને છેલ્લા અંકની વાત.. એક દિવસ આ ઘરની પુત્રવધૂને અકસ્માત થાય છે. ઘરની દીવાલોમાંથી ચીસો ઊઠે છે, ને શાંત થઈ જાય છે ! બિલકુલ શાંત ! એના વિરહમાં આપણે ખોટેખોટાં આંસુ સારીએ છીએ.. દીકરાનેય આશ્વાસન આપીએ છીએ. ને પછી

થોડા મહિના બાદ એ નડતરરૂપ કાંટાને સ્થાને મહેક-મહેક થતું ફૂલ, એટલે કે ચંદુલાલની હીરલ ગોઠવાઈ જશે. ને તારો-મારો દહેજનો પ્રશ્ન પણ હલ.'

જયાબહેન થોડીવાર વિચાર કરી બોલ્યાં, 'પણ આ બધું ધાર્યા પ્રમાણે પાર પડશે ખરું ?'

'હા, જો તું તારા મોં પર તાળું મારે તો, આપણી જાનકીનેય કશી વાત કરવાની નથી.'

'એ મને નંઈ કેવું પડે. પણ ચંદુલાલ ત્યાં લગણ રાહ જોશે ખરા ?'

'એ ચિંતા તું મારા પર છોડી દે. ચંદુલાલને અષ્ટમ્ પષ્ટમ્ સમજાવી દઈશ.'

ને પછી શરૂ થયો ત્રિઅંકી નાટકનો પ્રથમ અંક ! ગૌરવ હરખભેર રોમાને લઈ ઘેર આવ્યો. મા-બાપની ખુશી-સ્વીકાર... રિસેપ્શન ને પ્રથમ અંક સમાપ્ત.

પછી શરૂ થયો લાંબો અને કંટાળાજનક બીજો અંક. પુત્રવધૂ રોમા ઘરનાં સૌનો દૂધ જેમ ઉભરાતો પ્રેમ જોઈ અરધી અરધી થઈ જતી, સાસુ-સસરાનો મા-બાપ જેવો પ્રેમ એને સ્વપ્નવત્ લાગતો હતો. ગૌરવને પ્રથમ તો ડર હતો કે, જૂનવાણી મમ્મી-પપ્પા એમના લવમેરેજને મંજૂર નહીં રાખે. પણ... ઘરનું વાતાવરણ ધાર્યા કરતાં શાંત અને પ્રસન્ન ભાસતું હતું. પપ્પાય રોમાની સેવાથી કેટલા ખુશ હતા. મમ્મીય કદી રોમાને વઢતી નહીં. જ્યારે બહેન દીયા તો ભાભીની સોડમાં ભરાઈ જતી હતી. ને રોમા પણ આ ત્રણેનાં વખાણ કરતાં ધરાતી ન હતી. 'ગૌરવ, તું તો કહેતો હતો કે મારાં મમ્મી-પપ્પા ઓર્થોડોક્સ છે ! એ આપણા મેરેજને મંજૂર નહીં રાખે... પણ પપ્પાને મારી કડક મીઠી ચા વગર ચાલતું જ નથીને !' ગૌરવને પણ લાગવા માંડયું કે કદાચ રોમાના પગલે ઘરમાં ખુશી આવી લાગે છે !

પરંતુ જયાબહેનની અકળામણનો પાર ન હતો. મહિનાથી ચહેરા પર પરાણે ખુશી રાખી કંટાળ્યા હતાં. એકાંત મળતાં જ પતિદેવનો ઊધડો લઈ લેતા, ત્યારે હસુભાઈ હસીને કહેતા : ઘણાં કામ સમય માગી લે છે. ખોટી ઉતાળવે કામ બગડે.

જયાબહેનને વહેમ હતો કે પતિ પુત્રવધૂની સેવા આગળ ઢીલા પડી ગયા છે. રોમાનેય કાયમ હસતી નિહાળી એમનેય મનમાં થતું કે માનો ન માનો પણ વહુમાં સૌને વશ કરવાની કળા તો છે. નહિતર હઠીલી, ગુસ્સાવાળી નણંદ દીપાનેય વશ કરી શકે ખરી ?

એક દિવસ એમના રૂમમાં ચા પીતાં પીતાં હસુભાઈએ ધડાકો કર્યો, 'જો સાંભળ, આજે ત્રીજો ને છેલ્લો અંક સમાપ્ત !' જયાબહેનની આંખો ચમકી. 'આજે બપોરે શરૂ ને સાંજ પડતાં પહેલાં ખતમ !... મારો પ્લાન સાંભળ... તું દીપાને ફોસલાવી તારી સાથે લઈ તારા ભાઈને ઘેર જતી રહે. હું નાદુરસ્ત તબિયતનો ઢોંગ કરીશ. આજે ગૌરવ અને રોમા પિક્ચર જોવા જવાનાં છે. પિક્ચરમાંથી વહુ આવશે ત્યારે હું બીમાર હોઈશ. ગૌરવ વહુને મૂકી પેઢી પર જશે... તેને હું ચા બનાવી લાવવા કહીશ. તે સમયે હું છાનોમાનો રસોડામાં જઈ તેની સાડીનો છેડો...'

'જો જો પાછા, હિંમત ન હારી જતા.'

'એવી ચિંતા ન કર.'

'પણ એ ચીસાચીસ કરશે ને લોક ભેગું થઈ જશે તો ?'

'થાય.. થવું જોઈએ.. સાક્ષી હોવા જોઈએ... ને પછી છેલ્લો અંક....' જયાબહેનના શરીરમાંથી એક ઠંડુ લખલખું પસાર થઈ ગયું.

ને પછી ક્લાઈમેક્સ ધરાવતો ટૂંકો ને છેલ્લો અંક શરૂ. દીયાને જયાબહેન ભાઈને ઘેર રવાના થયાં. પપ્પાએ નાદુરસ્ત તબિયતનું બહાનું કાઢ્યું ને ઘેર જ રહ્યા. ગૌરવ-રોમા પિક્ચર જોવા ઊપડી ગયાં. પિક્ચર પૂરું થતાં ઘેર આવ્યાં. રોમાને મૂકી ગૌરવ પેઢી પર ગયો. રોમા બીમાર પપ્પાને ચા અંગે પૂછવા ગઈ. ને પછી ગઈ રસોડામાં ધીરે રહી મક્કમ નિર્ધાર સાથે હસુભાઈ પલંગમાંથી નીચે ઊતર્યા અને...

... થોડીવારે જ્યારે રોમા ચાનો કપ લઈ રૂમમાં આવી ત્યારે.... ? હસુભાઈ પથારીમાં ન હતા. ફર્શ પર ફસડાઈ પડ્યા હતા. આ જોઈ રોમા તો ગભરાઈ જ ગઈ. પણ અચાનક ગૌરવે તેને પપ્પાના હાઈબ્લડપ્રેશર અંગે વાત કરેલી એ યાદ આવી ગઈ. રોમા બધું જ સમજી ગઈ.

રોમાએ ઝટપટ કપ ટિપોઈ પર મૂક્યો. હસુભાઈને સીધા કર્યા. પણ તે પથારીમાં ઊંચકીને કઈ રીતે મૂકી શકે ? એટલે પછી ભોંય પર જ તકિયો ગોઠવી સુવડાવ્યા. પંખો ફૂલસ્પીડે કર્યો. ગૌરવના કહેવા પ્રમાણે ટેબલના ખાનામાંથી ટેબ્લેટ કાઢી. પાણીનો ગ્લાસ ભરી આવી. ગોળી ગળાવી. ૧૦૮ને ફોન કર્યો.

રોમાની આપસૂઝ અને પ્રાથમિક સારવારથી હસુભાઈ મોતના મુખમાંથી ઊગરી ગયા. હોસ્પિટલવાળાઓએ પણ રોમાની સૂઝનાં વખાણ કર્યા. દવાખાને જતાં જતાં રોમાએ ગૌરવ અને મમ્મીને પણ ફોન કરી દીધા હતા.

ત્રણ દિવસની સારવાર પછી હસુભાઈ ઠીક થઈ ગયા. ત્રણેય દિવસ રોમાએ પપ્પાની ખડેપગે સારવાર કરી. જ્યારે હસુભાઈ - જયાબહેન એકલાં મળ્યાં ત્યારે જયાબહેને કહ્યું, 'છેવટે આપણી યોજના ઊંધી વળી.'

'ના, જયા, કુદરતે બધું સીધું જ કર્યું !'

'હા, તમે તો એમ જ કહેવાના ? બીજું શું ?'

'સાચું કહું છું, જયા આવનાર વહુ દહેજમાં દાયજો લાવે તો જ એ કંકુપગલી ? આજ લગી મારી મતિનેય તાળાં વાગી ગયાં હતાં. મને હતું કે, લવમેરેજ કરનારી બધી છોકરીએ નઠારી જ હશે. પણ રોમાએ મારા મગજનાં તાળાં ખોલી દીધાં. કુદરતેય મને જબરી ઠોકર મારી, આજે રોમાના લીધે જ હું નવું જીવન પામ્યો છું. સાચું કહું છું... એને હરાવવા જતાં હું જ હારી ગયો છું. એના નિર્દોષ હાસ્ય ને પ્રેમે મને જીતી લીધો છે. હવે તો એ જ આપણી પુત્રવધૂ...'

'તો પછી દહેજનું....'

'મને ખબર છે તારી એ ભૂખની. મનેય એવું જ હતું. પણ તું જ કહે ભગવાને આપણને શું નથી આપ્યું ? રોમાએ દહેજને બદલે મને નવું જીવન આપ્યું એ કંઈ ઓછું છે ? ને ક્ષુલ્લક દહેજ ખાતર આપણે આપણી જાતને ભિખારીની લાઈનમાં ઊભી કરીશું ? આજ તારો ચૂડલો અખંડ રહ્યો એમ માની હવે બધું ભૂલી રોમાને સમજ...'

જયાબહેન ચૂપ રહ્યાં. ધીરેધીરે એમના હાથ ન નંદવાયેલ હાથની ચૂડીઓ પર ફરી રહ્યા !

એચ-૫૦૩, નિશાન રેસિડેન્સી, આનંદ પાર્ટી પ્લોટ રોડ,
ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૭૦.
મો. ૯૬૬૨૭૮૦૪૩૭

ઓરતા

- દશરથ પરમાર

સફેદ-ભૂખરી દીવાલો... લીલા રંગના મેલા-ઘેલા પરદા... દવાઓની તીવ્ર વાસમાં ભળીને નાકને બાળી મૂકતી કશીક અણગમતી, અજાણી ગંધ... ગળામાંથી નીકળતા પીડાયુક્ત ઉંહકારા... ત્રણ-ચાર માણસોની દબાયેલા અવાજે થતી વાતચીત... ઉપર સળગી રહેલા બલ્બનું આંખોમાં ભોંકાતું અજવાળું... ઠંડુ હિમ વાતાવરણ... બરફની પાટ પર સૂતી હતી કે શું ? પેટ-પેઢુંમાં મૂકાતા અસહ્ય વાઢ... અંદર વલોણાની જેમ ચક્કર-ભમ્મર... ઘેનમાં ઘેરાયેલો દેહ. અકથ્ય પીડાનું મસમોટું પોટલું. અને તડાક...

ઘડીક પહેલાં જ મીંચાયેલી જશીની આંખ ફટાક કરતી ઊઘડી ગઈ. એ ભડકીને બેઠી થઈ. થોડીવાર આંખો પટપટાવતી રહી. ગભરાયેલી નજરે આસપાસ જોયું. ઘરમાં જ હતી. દૂર બળતા ફાનસના આછા અજવાળામાં ઘરનો અસબાબ ઝાંખો-પાંખો ભળાયો. બાજુમાં જ બે દીકરીઓ સૂતી હતી, પરસ્પર વિરુદ્ધ દિશામાં, ટૂંટિયાં વાળીને. બંને દીકરીઓના વિખરાયેલા વાળ પર વહાલથી હાથ ફેરવી એ અમળાઈને ઊભી થઈ. આખાય દા'ડાનો થાક રગેરગમાં પ્રસરી ગયો હતો. પીંડીઓ કળવા લાગી. ગળામાં શોષ પડ્યો હતો. પરાણે પાણિયારે પહોંચી. ગ્લાસ ભરીને પાણી ગટગટાવતાં બહારનો બોલાશ કાને પડ્યો. લથડતી ચાલે ઓસરીમાં આવી. થોડીવાર આઘી પાછી થતી રહી. પછી જાળવીને કોરી જગ્યામાં ઊભા પગે બેસી પડી. ડોશી ઓસરીની જેર પર ઊભાં-ઊભાં ગમાણમાં ઊભેલા ડોસાને કશુંક સંભળાવી રહ્યાં હતાં. એના પર નજર પડતાં જ એમણે વિષય બદલ્યો : ઑ... હો... હો... હો...! આંયાંનં જુવોં ક... હમી હાંજે ઊંઘ આવ સ તે... જાંણી કાંમ કરીનં ઊંધાં પડી જ્યાં વૉય ઈમ...!

જશી કશુંય બોલી નહીં. એમની વાતનું માઠુંય ન લગાડ્યું. માથા પરથી સરી પડેલા સાડલાના છેડા વડે કપાળે-મોઢે વળી આવેલો પરસેવો લૂછતી બહાર તાકી રહી. ઉકળાટ થતો હતો. સવારથી જ લાઈટ નહોતી. વહેલી પરોઢથી શરૂ થયેલા વરસાદે સાંજે વળી થોડો વિરામ લીધો હતો. પરંતુ, વચ્ચે-વચ્ચે પતરાં પર પડતાં ફોરાંના અવાજ પરથી પરખાતું હતું કે એ સાવ બંધ નથી થયો. જશીએ સામે જોયું. ઢાળિયામાં ભૂરી ભેંસ કરાંજતી હતી. એનો રેંકવાનો દર્દયુક્ત અવાજ આખીય શેરીમાં ગાજતો હતો. ડોસા ઢાળિયામાં રઘવાયા થઈને આઘાપાછા થતા હતા. ગમાણમાં સળગતા ફાનસના પીળા ઉજાસમાં એમનો લાંબો-ટૂંકો થતો પડછાયો... સામેની વાડમાં ભરાઈ રહેલાં તમરાંનો નિરંતર તમતમાટ... આખાય આંગણામાં વરસાદી પાણીથી ભરાયેલાં ખાબોચિયાં...

જશીથી સો મણનો નિસાસો નંખાઈ ગયો. એ ઓશિયાળી આંખે જોઈ રહી. કેવો તાકડે તાકડો સંધાયો હતો ! એક કોર ભરપૂર વરસતો ભાદરવો. અને બીજી કોર ભૂરી ભેંસ...! દસ મહિના ઉપર બીજા સાત-આઠ દહાડા પસાર થઈ ગયેલા. ગમે તે પળે વિયાવાની તૈયારી. પણ એ દહાડો આજનો જ હશે, એવું ઘરના કોઈએ વિચારેલું નહીં. ભૂરીએ બપોર પછી ઉપાડો લીધો હતો. આખી ગમાણ માથે કરેલી. ખીલો તોડી નાખે એવું જોર કાઢતી હતી. કરાંજતી વેળાએ એની આખીય કાયા કમાનની જેમ વાંકી વળી જતી હતી. એને ખૂબ કષ્ટ પડી રહ્યું હતું. એ શક્ય એટલું જોર પણ કરી રહી હતી. પરંતુ, કેમેય કરીને મેળ પડતો નહોતો. ડોસાએ ખૂબ ઉધામા કર્યા. દિવસે ગામમાંથી બે-ત્રણ જાણકાર લોકો આવીને એમના ઉપાયો પણ અજમાવી ગયા હતા. આડાં થઈ ગયેલાં પાડાં સુધ્ધાં રમતાં-રમતાં ખેંચી નાખનાર જાયમલ રબારીનેય બોલાવ્યો હતો. પણ એય થાકીને જતો રહ્યો. કોઈની કારી ફાવી નહોતી. છેવટના ઉપાય તરીકે બચ્યો, પશુ દવાખાનાનો ડૉક્ટર. એ સ્કૂટર પર અઠવાડિયે એકાદ આંટો મારી જતો. આજે સવારથી ડોકાયો નથી. એનો વારો કદાચ બીજા કોઈ ગામે હશે. મોડી સાંજે થાકીને ડોસાએ, વસંત-એના ધણીને ધકેલ્યો હતો, બાજુના ગામે. ત્યાંથી વળી ડૉક્ટર મળી જાય તો. વસંત ઝીણા ફોરે વરસતા વરસાદમાં છત્રી લીધા વગર, ઉઘાડા પગે દોડ્યો

હતો. જશીને એની ચિંતા થઈ આવી. નથી ને અંધારામાં ક્યાંક એરું-ઝાંઝરું... એણે મનોમન કુળદેવીનું સ્મરણ કર્યું : બધુંય સમુંસૂતરું પાર પડી જાય એવું કરજે, માડી...!

ભૂરીનું આ કંઈ પહેલું વેતર નથી. બીજું વેતર છે. ખરેખર તો પહેલા વેતર વખતે તકલીફ પડવી જોઈતી હતી. પરંતુ, થયેલું સાવ અવળું. એ સવારે ટોળામાં ગઈ હતી. સાંજના ચારેક વાગ્યે પાછી આવી ત્યારે જશીએ ગમાણમાં ખીલે બાંધી કે તરત જ, કોઈ પણ જાતના કષ્ટ વગર વિયાઈ ગઈ હતી. જશી રાજી થઈ ગયેલી. પણ ખેતરેથી આવતાંવેંત ડોશીની; કાનના કીડા ખરી પડે એવી ગાળો સાંભળીને એનો રાજીપો હવાઈને ભીની માટીના લોંદા જેવો થઈ ગયેલો. ડોશી પાડાને ધધડીને દૂર લઈ જતાં હતાં. ચેલૈયા કુંવર જેવા પાડાને ભૂરીથી વેગળો થતો જોઈ જશીનો જીવ કટકેને કટકે કપાઈ ગયો હતો. બિચારો...! એ જાણતી હતી કે, આમ ને આમ ચાલશે તો એ વધુમાં વધુ આઠ-દસ દા'ડાનો મે'માન ! કેમ કે, એ પછીય ડોશી એને ભૂરીની નજીક ઢૂંકવા દેતાં નહોતાં. ભૂરીને દોહતાં પહેલાં ઘડીક એને ભૂરી પાસે લાવતાં. એનું મોઢું આંચળે અડકે ન અડકે ત્યાં તો ખેંચીને અળગો કરી દેતાં. દૂધના વિકલ્પે એને છાશમાં બાજરીનો લોટ ઉમેરીને નાળ વડે પિવડાવતાં. એય દહાડામાં એકાદ વખત. માથી વિખૂટા પડી, ભૂખે ટળવળતા અને રેંકમરેંક કરતા નાનકડા પાડાને જોઈ જશીનો જીવ મૂંઝાતો. એના કરતાં તો પિયરમાં બધાય કરતા એમ શહેરની પાંજરાપોળમાં મેલી આવવાનું એને મન હતું. પણ ડોશી કે ઘરના કોઈ એ વાતે તૈયાર નહોતા. ડોશીની, એનો વહેલામાં વહેલી તકે નિકાલ કરી દેવાની પાક્કી ગણતરી હતી. તેમ છતાંય



એ ક્યાંક આઘાંપાછાં થાય તો જશી એ ભૂખ્યા જીવને સાચવીને ભૂરી સાથે વળગાડી દેતી. પરિણામે અઠવાડિયાને બદલે એણે દોઢ-બે મહિના ખેંચી કાઢેલા. પણ એકવાર જશીને બે-ત્રણ દિવસ બહારગામ જવાનું થયું. અને એ ક્રમ તૂટી ગયો. આખા દિવસની થાકી-પાકી પાછી ફરેલી એ રાત્રે આવીને સીધી સૂઈ ગયેલી. અને સવારે જાગીને જોયું તો...

રોહિતવાસમાંથી દોડતો આવેલો એમનો ઘરાક અમથો વળતી જ પળે મૃત પાડાને ટોપલીમાં ઘાલીને ચાલતો થઈ ગયો હતો. દસ-બાર દહાડા સુધી ભૂરીએ ધરાઈને ખાધું નહોતું. બેય ટાઈમ શેડ કાઢતાં બરાબરનો વખો પડાવતી. ખીલે માથું-શિંગડાં પછાડતી. આમ-તેમ અમળાઈ-વમળાઈને સાંકળ તોડી નાખે એવું જોર કાઢ્યા કરતી. એની અવિરત રેંકમરેંક જશીને દહાડે તો ઠીક રાત્રેય જંપવા દેતી નહીં. ભૂરીની વેદનાને એ બરાબર અનુભવી શકતી હતી. પણ એ કશુંય કરી શકે એમ ન હતી. એ જાણે છે કે, ભૂરી એના માટે કેવળ એક ભેંસ નથી. એની મા-જણી બેન સમાન છે. અને કેમ ન હોય ? એ એના પિયર-ઘરથી મળેલી ભેટ હતી. વાત જાણે એમ હતી કે, એક આઠમે એ મેળો કરવા પિયર ગયેલી. ઘરનાં બધાંય આંગણામાં ચિંતાતુર ચહેરે બેઠાં હતાં. જશીએ જેવો આંગણામાં પગ મૂક્યો કે તરત જ બાપાની ભેંસ વિયાયેલી. બધાં રાજીના રેડ ! સૌથી વધારે હરખ બાપાને થયેલો. તે કે', બુન...! તૈણ્ય દા'ડાથી રાહ જોતાં'તાં, વિયાતી ન'તી. બચાડો જીવ બૌ કહટાતો'તો.. અમે તો આશા છોડી દીધેલી. પણ, તારા પગલે એ છૂટી. એક કાંમ કર્ય, આ ફેરા હાલ્લો-બાલ્લો કાંય લેવો નહીં. આ પાડી તનં આલી જા..!

- પણ પસં તમે હું કરશ્યો, બાપા?

- અમારી ચંત્યા કર્યો વના તું તાર લૈ જા, બુન...! આંમય જ્યારામં તનં ધાંમેણું (ભેંસ) આલી હક્યાં નહીં. અનં અમારં તો પંદર દા'ડા પસં બીજી વિયાવાની તિયારીમં જ સ.

જશી અડવડિયાં ખાઈને ઊભી થવા જતી પાડીને જોઈ રહી હતી. એના નાનકડા દેહ પર આછી-આછી સોનેરી રુંવાટી. કપાળમાં નાનકડી સફેદ ટીલી.. જશીને થયું, આમેય એની સાસરીમાં ભેંસ સમૂળગી વસૂકી જવા આવી હતી. સાવ

અનિયમિત. કોઈકવાર રીઝી જાય તો એક ટંક દૂધ આપે.તો વળી કોઈ દા'ડો વળી સાવ ખાલીય જાય. ડોશી એને વેચવાની વેતરણમાં જ હતાં. એ વેચાય ત્યાં સુધીમાં તો આય તૈયાર થઈ જશે. અંતે, બાપાની ઈચ્છાને માન આપીને પાછા ફરતી વખતે જશીનો ભાઈ એને દોરીને અહીં મૂકી ગયો હતો. ડોશીય રાજી-રાજી. અને જશી તો જાણે પોતાના આંગણે પિયરના કોઈ મોંઘેરા મહેમાન પધાર્યા હોય એમ આઠેય પહોર એની આગતા-સ્વાગતામાં જ રચી-પચી રહેવા લાગી હતી. એને ભાળતાંવેંત પિયર બેઠું થઈ જતું. સહેજ જીવ મૂંઝાય કે તરત એની સાથે કાલીઘેલી ભાષામાં વાતો કર્યા કરતી. એનું નામ ''ભૂરી'' પણ એણે જ પાડ્યું હતું. ત્રણેક વરસમાં તો એની કાયા એવી ભરાવદાર બની ગયેલી કે, પહેલીવાર જોનારને લાગે જ નહીં કે આ પૅ'લ્યાત કે ઝોટું હશે..!

વરસાદનું જોર વધ્યું. ઝીણા ફોરે વરસતો એ ત્રમઝાટ વરસવા લાગ્યો. ડોસા કંટાળીને ગમાણમાંથી નીકળી ઑસરીમાં આવ્યા. બીડી સળગાવી. ધુમાડાના ગોટા છોડતાં-છોડતાં ડૉક્ટરને ભાંડતા રહ્યા : આ નૅનળિયો...! આંમ તો આખોય દા'ડો ફટફટિયા ઉપર ગાંમ આખામં આંટા-ફેરા માર્યા કરં સં. નં તાકડે..

ડોશી પણ એમાં સૂર પૂરાવવા લાગ્યાં. એમની વાતો સાંભળી જશીને હસવું આવ્યું. પચીસ-ત્રીસ હજારની ભેંસનો સવાલ છે, એટલે કેવાં આકળ-વિકળ થાય છે? આટલો રઘવાટ તો મારી બે દીકરીઓના જન્મ વખતેય નહોતાં કરતાં. જશીને બરાબર યાદ છે. પહેલીવારની પ્રસૂતિ વખતે તો એ પિયરમાં હતી. એને ત્યાંથી રાતોરાત સરકારી દવાખાને લઈ જવી પડેલી. બાપાએ તાબડતોબ સમાચાર મોકલાવેલા તોય ડોશી કામનું બહાનું કાઢીને ત્રણ દા'ડા કેડે ઊભાઊભ મહેમાનની જેમ આવેલાં. અને બીજીવાર તો જાણે એમણે આડો આંક વાળી દીધેલો. છોકરીનું મોઢું જોવાય રોકાયાં નહોતાં. એ પછીય શેરીની બીજી સ્ત્રીઓ આગળ કાયમ રોદણાં રોયા કરતાં : મારો, વસંત બચાડો એકાવો સ. કોઈનો ટેકો નંઈ. નં ઉપરથી આ વેજા, બબ્બે વંતરીઓ...

- ઘર્ર્ર્ર્ર્ર... ધમધમાટ કરતું સ્કૂટર આંગણામાં આવી ઊભું. ડોસા હડફભેર ઊભા થઈને ગમાણ તરફ ધસી ગયા. લથરપથર વસંત સ્કૂટર પરથી નીચે ઊતર્યો. હાથમાંની ડૉક્ટરની પેટી ગમાણની પાળ પર મૂકી છીંકો ખાતો, ધ્રૂજતો સીધો ઘરમાં પેઠો. જશી પણ ઊભી થઈ. એની પાછળ-પાછળ ગઈ. કબાટમાંથી વસંતનાં કોરાં લૂગડાં કાઢ્યાં.

- ઠરી જ્યો, મું તો દિયોર ! ના વૉય તો થોડો ચા બનાય 'લ્યા. આદૂ-બાદૂ નાંશીનં ! આ ડૉક્ટર શાયેબનંય પાવો પડશ્યે...! : આદેશ કરીને વસંત લૂગડાં બદલતો-બદલતો બહાર નીકળ્યો. લીલાં લૂગડાં ઓસરીમાં છૂટ્ટાં નાખી ગમાણ તરફ સરકી ગયો. જશી ચૂલાગર પાસે ગઈ. તપેલી શોધી ચાનું પાણી ચૂલા પર ચડાવ્યું. વરસાદને લીધે ભેજવાળાં થયેલાં લાકડાં સળગતાં નહોતાં. ઘરમાં ધૂમાડો થયો. એની સૂતેલી છોડીઓ અમળાવા લાગી. એણે ફાનસ લીધું. ઢાંકણું ખોલી, થોડું નમાવીને એમાંથી કૅરોસીનની ધાર કરી. દીવાસળી ચાંપી. ભમભમાટ... ચા ઉકળવા લાગી. એના ઉભરા સામે જોતાં-જોતાં જશીને યાદ આવ્યું કે, આ વખતે તો ડોશીએ ગામ-ગોંદરાની માતાની બાધા રાખી હતી : હે જોગઈણયાંમા..! અલી ફેરા આ ભૂરીનં પાડી આવશ્યેં તો તનં હવાશેર જીની હુખડી ચડાવોય..!

જશીય મનથી ઈચ્છતી હતી કે ડોશીની બાધા ફળે તો સારું ! જોકે, એ સારી પેઠે જાણતી હતી કે આ તો બધી મન મનાવવાની વાતો. બાકી, આવી જ બાધા ડોશીએ એના માટેય રાખી જ હતી ને ! પરંતુ શું થયું એનું ?

આછરતા જતા ધુમાડામાં, જશીની આંખો સામે શહેરના



પ્રાઈવેટ દવાખાનાનું અણગમતું દશ્ય અચાનક ઉપસી આવ્યું. એકાદ મહિના પહેલાં બાજુના શહેરમાં રહેતી એની શિક્ષિકા નણંદ અચાનક સાંજે આવી ચડેલી. જશીને સારા દા'ડા હતા. એને સમાચાર મળી જ ગયા હશે, તેથી ડોશી સાથે મળીને એણે કારસો રચેલો. વહેલી સવારની બસમાં એ જશીને પોતાની સાથે લઈ ગયેલી. એણે શહેરની કોઈ મહિલા ડૉક્ટર સાથે બધી વાતચીત કરી રાખી હતી. બસમાંથી ઊતરીને સીધાં દવાખાને ગયેલાં. જશી કશુંય બોલ્યા વગર સંકોચ સાથે અંધારિયા ખંડમાં એક ટેબલ પર ચત્તી પડી રહેલી. પેટ-પેઢુ પર વારે ઘડીએ લગાવવામાં આવતું ચીકાશયુક્ત પ્રવાહી... એના પર મશીનનો ગોળ-ગોળ ફરતો દાંડિયો... બીપ-બીપ અવાજ... અને અડધા-પોણા કલાકની જહેમત પછી ડૉક્ટરે માથું ધૂણાવતાં એની નણંદ સામે નિરાશ નજરે જોયેલું. છેવટે એમણે નક્કી કર્યા પ્રમાણે...

ચાની કીટલી અને રકાબીઓ લઈ જશી ઑસરીમાં આવી. ડૉક્ટર હજી ભૂરીનું પેટ તપાસી રહ્યા હતા. એમણે પાછળથી હાથ નાખીને પણ જોઈ લીધું. પછી પેટીમાંથી એક મસમોટું ઇન્જેક્શન કાઢીને ખોસી દીધું. થોડીવારમાં ભૂરીના રેંકવાનો અવાજ મંદ પડવા લાગ્યો. હાશ...! જશીના જીવને થોડી ટાઢક વળી. એ વસંતનાં લૂગડાં ઑસરીમાં વળગણી પર સૂકવવા લાગી. થોડીવારમાં જ ભૂરીનો છૂટકારો થયો. એ હરખઘેલી બની એની પાસે દોડી જવા થનગનતી હતી. ત્યાં તો, પગ પછાડતાં, ઓસરી તરફ આવી રહેલાં ડોશીની મોંકાણ સંભળાઈ :

ચિયા જલમનું વેર વાળવા આઈ સ, એ જ હમજાતું નહીં...! આ ઉપરા ઉપરી બીજુંય વેતર બગાડ્યું. મું તો આ ટૈડ્યાનંય કૈ-કૈનં થાચી, ચ્યાંક ફટકારી મારીનં બીજી લાવોં, પણ મારું તો કુણ માંન સ..?

જશી હેબતાઈને ડોશીના કાળઝાળ મોઢા સામે જોઈ રહી. એને સાંભરી આવ્યું. તે દા'ડે એ દવાખાનેથી બીજી દીકરીને લઈને ઘેર પાછી ફરેલી ત્યારેય એમણે આવાં જ કશાંક વેણ ઉચ્ચારેલાં. એ ભાંગેલા પગે ઑસરીની જેર પર આવી ઊભી. ડૉક્ટરે ચાની ખાલી રકાબીની સાથોસાથ કેટલીક દવાઓ વસંતના હાથમાં આપી. સ્કૂટર ચાલુ કર્યું. એની ઘરઘરાટી થોડીવાર શેરીમાં તીવ્રતાપૂર્વક પડઘાતી રહી. પછી ધીરે-ધીરે શમી ગઈ. ડોસા અને વસંત થાકીને બીડીઓ ફૂંકતા ઓસરીમાં આવી બેઠા. એમના ચહેરા પર લીંપાયેલા નિરાશાના ભાવ પણ સ્પષ્ટ કળાતા હતા. જશીની નજર ભૂરી પર પડી. એ સાવ લેવાઈ ગઈ હતી. જાણે બેભાન થઈને ઢળી પડી હતી. એના મોઢા પાસે ભાદરવાની રાત જેવો જ નાનકડો પાડો આડો પડ્યો હતો. જશીથી રહેવાયું નહીં. એ ઑસરીનાં પગઈથયાં ઊતરી ગમાણમાં ગઈ. ભૂરી પાસે બેસી પડી. એની આંખોમાં જોયું. એ છળી મરી. આ તો ભૂરીની આંખો હતી કે...? એક નિસાસો નાખીને એણે નાનકડા પાડાના શરીર પર હાથ ફેરવ્યો. પછી એને બાથમાં ઘાલી બબડવા લાગી : પીટ્યા કાળમુખા...! આ રાંડના પેટે જલમીનં કાંય ગણ-જહ ભાળવાનો નહીં... ઈના કરતાં તો મારા જેવી અભાગણીના પેટે...

એની આંખમાંથી ભરપૂર ભાદરવો વહેવા લાગ્યો હતો. એ હજુયે બબડાટ કરતી હોત. પણ તાકડે જ ગમાણમાં રહેલું ફાનસ ભફ-ભફ થવા લાગ્યું. એનો ગોળો કાળો પડી ગયો હતો. જશી ઊભી થઈ. એને થયું, કદાચ કૅરોસીન થઈ રહ્યું હશે. ઝાંખા થતા જતા ઉજાસમાં એ ફાનસ લગી પહોંચે ત્યાં સુધીમાં તો એ હોલવાઈ ગયું. બીજી જ પળે બળી ગયેલા કૅરોસીનની તીવ્ર વાસ સાથે આખીય ગમાણમાં અંધારું પથરાઈ ગયું...

૯, પુષ્પકુંજ સોસાયટી, ગુરુકુળ હાઈસ્કૂલ સામે,
કાંસા રોડ, વિસનગર-૩૮૪૩૧૫. (ઉ.ગુ.)
મો. ૯૪૨૭૪૫૯૩૦૫



નરગિસ...

- *અલતાફ પટેલ*

હજારો સાલ નરગિસ અપની બેનૂરી પર રોતી હૈ તબ જાકર ચમન મેં હોતા હૈ દિદાવર પૈદા, ડૉ. અલ્લામા ઈકબાલ સાહેબની આ રચનાથી કોણ પરિચિત ન હોય ? શાયરનું કહેવું છે કે, નરગિસનું ફૂલ હજાર વર્ષમાં એક જ વાર ખીલે છે. તે ઈશ્વર પાસે સતત પવિત્ર ધરા પર અંધકારમાંથી ઉજાસ તરફ આવવા વિનવણી કરે છે. આવું મહામૂલું ફૂલ હજારો વર્ષમાં એકવાર ખીલે છે તે વાત સાથે અમે એક એવી સ્ત્રીની વાત સાંકળવા માંગીએ છીએ જેનું નામ પણ નરગિસ છે, સદનસીબ કે બદનસીબ એ સર્જનહારની દેણ છે. તેના માટે કોઈ કડવા વહેણ કહેવા અનુચિત ગણાય, ચાલો તેના જીવન વિશે વિસ્તારથી જાણી લઈએ.

હુસેન સાથે શાદી કર્યા પછી નરગિસ મુંબઈની ગોરેગાંવની ઝૂંપડપટ્ટીમાં રહેવા આવી, નાનપણથી જ તે એટલી ખૂબસૂરત હતી કે તેની અમ્મીજાન ગાળે, કપાળે પણ કાજળ ટીલું કરવાનું ભાગ્યે જ ચૂકતા. આજુબાજુનાં ઝૂંપડાઓના ગંદા વિસ્તારમાં પણ પોતાનું ઝૂંપડું સાફસૂફ કરીને મા-બાપની સાથે નરગિસ પણ પાંચે સમયની નમાજ પઢવાનું ચૂકતી નહીં, એના ઘરથી થોડે દૂર જ મા-બાપના અવસાન બાદ, એકલો જ લારી ખેંચી જીવનનિર્વાહ ચલાવતો હુસેન દેખાવમાં ખાસ નહોતો પણ સ્વભાવમાં ઉમદા વ્યક્તિત્વ ધરાવતો હોવાથી નરગિસના અબ્બાજાને ખૂબ જ સાદાઈથી તેના નિકાહ હુસેન સાથે કરાવી દીધા... છોકરા-છોકરીની પસંદગી હોય તો જ શાદી કરવાનો અલ્લાહપાકનો હુકમ હોવાથી નરગિસને તેની અમ્મીજાને હુસેન માટે પૂછ્યું તો તેણે શરમાઈને માત્ર એટલું જ કહ્યું : જો આપ ચાહેં વો મુજે મંજૂર હૈ. મુજે કોઈ ઐતરાઝ નહી, ...મા-બાપ બચ્ચોં કા ભી બુરા ન ચાહેં...

અને એ પ્રમાણે નરગિસ હુસેનની શાદી સામેની મદીના મસ્જિદમાં થઈ ગઈ. હુસેનના ઝૂંપડામાં કંઈ ખાસ નહોતું. હોય પણ શું ?... થોડાં વાસણો, લોખંડનો ચુલો, એક નાનકડા કબાટમાં થોડાં કપડાં ને રેશમી કપડામાં લપેટીને મૂકેલું કુરઆન, એક નાનકડું ફાનસ, એક નાનકડી પાણીની માટલી, બસ આટલું જ એની પાસે... જે મિલકત ગણો એ... સવારથી જ શાકભાજીની લારી લઈને હુસેન નીકળતો તે છેકે સાંજે ઘરે આવતો. રસ્તામાં કોઈક લારીએ નાસ્તો કરી પેટ ભરી લેતો... અત્યંત માયાળુ, ખામોશ સ્વભાવનો હુસેન કોઈ પણ ગ્રાહક સાથે રકઝક કરતો નહીં. પોતે ગરીબ હોવા છતાં કોઈ ગરીબ બાઈ શાક લેવા આવતી તો ભાવોભાવ આપી દેતો. એ હંમેશાં ઈસ્લામની વાત દોહરાવતોઃ અલ ગૈના ગયનન નફ્સી... એટલે કે દોલત ભલે ગમે તેટલી હોય, દિલ મોટું હોવું જોઈએ...

નરગિસના ગૃહપ્રવેશ બાદ હુસેન પોતાની જાતને ખૂબ જ ભાગ્યશાળી સમજે એ સ્વાભાઈવક હતું... કેમ કે તેના જેવી સામાન્ય વ્યક્તિને અત્યંત સૌદર્યવાન પત્ની મળી તેથી તે અલ્લાહપાકનો ખૂબ જ શુક્ર અદા કરતો... નરગિસ પાંચે નમાઝ પઢતી તો તે પણ સાથસાથ પઢતો... નરગિસનો સ્વભાવ ખૂબ જ સેવાભાવી જે તણે તેના અમ્મીજાન પાસેથી જોઈને શીખી લીધો હતો એટલે તે પણ હુસેનની ખૂબ જ સેવા કરતી... વહેલી સવારથી જ ફજરની નમાઝ બાદ હુસેનની લારી સાફ કરતી, બધાં શાક ધોઈને સુંદર રીતે ગોઠવી આપતી. હુસેનના કપડાં ધોઈને સરસ તકિયા નીચે દબાવીને પહેરવા આપતી... અરે હુસેનનું માથું સુધ્ધાં ઓળી આપતી... આવક ઓછી હતી પણ કરકસરથી ચલાવવામાં નરગિસ પાછી પડે તેમ નહોતી... હુસેન સાથે કદી ફરિયાદ કરતી નહોતી, દરેક વાતથી સંતુષ્ટ થવાની દોલત અલ્લાહપાક તરફથી તેને મળી હતી.

એક દિવસ બપોરની વાત છે. તેની દૂરની એક સહેલી મીના નરગિસને જોઈને પાસે આવી... નરગિસે તેને ઘરમાં બોલાવી બેસાડી. મીનાએ તેને કહ્યું : જો હું સામેની સોસાયટીમાં કામ કરું છું... મહિને બે હજાર કમાઈ લઉં છું તું પણ ધારે તો કમાઈ શકે છે... મારી સાથે મારી બાજુના બંગલામાં જ મોહનશેઠ રહે છે. ખૂબ જ માયાળુ લોકો છે. તને સારામાં સારા પૈસા આપશે ને ખાવાનું પણ. કોઈ સારી છોકરી શોધી આપવા કયારથી શેઠાણીએ મને કહ્યું છે... તું તારા પતિને પૂછી લેજે કાલે આ જ સમયે કામમાંથી પરવારી અહીંથી પસાર થઈશ તો તને મળીશ... હા પાડે તો તૈયાર રહેજે... તારા પતિને મદદ મળશે અને તું પગભર થઈશ તો કાલે બાળકો થાય તો તેમનું જીવન પણ સુખી નીવડે... કયારથી નરગિસના ચહેરાને તાકી રહેલી મીના હસતાં હસતાં બોલી : અબે તું તો યાર બિલકુલ હીરોઈન જૈસી હૈ... મુંહપે માસ્ક રખના વર્ના કીસીકી નઝર લગ જાયેગી...

નરગિસે તેને ચુંટલી ખણતાં કહ્યું... સબ અલ્લાહકી દૈન હૈ. મુજમેં ઈત્ની કોઈ ખૂબી નહીં... મુજમેં કોઈ તકબ્બુર નહીં...

નરગિસે તેનો ખૂબ જ આભાર માન્યો... તેની તો ખુશીનો પાર જ નહોતો. ઘણા સમયથી આવી તકની રાહ જોતી જ બેઠી હતી... હુસેન બપોરે જમવા આવ્યો ત્યારે તેણે બધી વાત કરી... હુસેન બીજાના ઘરે ઘરકામ કરાવવા રાજી ન હતો... પણ નરગિસે ખૂબ જ પ્રેમથી સુખદ ભવિષ્યનો ચિતાર આપ્યો એટલે હુસેને સંમતિ આપી. એ દિવસે બધી નમાઝોમાં નરગિસે વધારાનો સજદો કરીને અલ્લાહપાકનો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો...

બીજે દિવસે બરાબર તૈયાર થઈ નરગિસે મીનાની રાહ જોવા માંડી. હુસેનની જમવાની થાળી બરાબર તૈયાર કરી. તે રસ્તા પર નજર નાંખતી જ હતી અને મીના એ દૂરથી સલામ કરી...

ચાલ ચાલ શેઠશેઠાણી તારી રાહ જોઈને જ બેઠાં છે. ઝૂંપડીનો દરવાજો બરાબર વાસી બંને મોહનશેઠના બંગલે પહોંચી ગયા... મીનાએ શેઠ શેઠાણીને નરગિસનો બધો પરિચય કરાવ્યો...

માયાળુ શેઠાણીએ રૂપાળી નરગિસને માથે હાથ ફેરવી પૂછી લીધું : બેટા સમયસર આવીશ તો ખરી ને... અહીં કોઈ વાતની રોકટોક નથી. રસોડું સંભાળવાનું છે તને રસોઈ તો આવડે છે ને ? મહિને બે હજાર આપીશ... ખાવાનું પણ લઈ જજે...

નરગિસનો ચહેરો સહેજ મલક્યો...

રસોઈ તો હું તેને શીખવાડી દઈશ... તમે ચિંતા ના કરશો... આ ખૂબ જ હોંશિયાર છે. હા એના નમાઝનો સમય થઈ જશે તો દસેક મિનિટ એ લેશે...

મીનાએ મુદ્દાની વાત કરી.

શેઠશેઠાણી એકબીજાને તાકી રહ્યા. હા હા કશો વાંધો નહીં... અમારે તારા જેવી નેક છોકરીની જ જરૂર હતી... બેટા આજથી જ કામ શરૂ કરી દેજો... તમારી સાથે બીજી છોકરીઓ પણ છે તે તમને મદદરૂપ થશે...

નરગિસ કશું જ બોલી શકી નહીં તેણે હકારમાં માત્ર માથું જ ધુણાવી રાખ્યું...

ધીમે ધીમે ઘરની પરિસ્થિતિ ને દરેકની ભાવતી રસોઈનો તાગ મેળવી નરગિસે લગભગ પોતાની આગવી લાક્ષણિકતાથી બધાંનું દિલ જીતવા માંડયું... તેની રસોઈના તો ખરા જ પણ તેની શિસ્ત અને શાણપણથી પણ બધા ખૂબ પ્રભાઈવત થયા. કિચનમાં કોઈ પણ વસ્તુનો બગાડ થાય નહીં તેની ખૂબ ચીવટ તે રાખતી... કયારેક જરૂર પડયે શેઠશેઠાણીને નિયમિત યાદ કરીને દવા પણ આપી દેતી...

એક દિવસ બધા બહારગામ લગ્નમાં ગયેલા. શેઠનો એકનો એક દીકરા તીર્થની તબિયત સહેજ સારી નહોતી એટલે આરામ સારુ ઘરે રહેલો. એ સમયે તેના કેટલાક મિત્રો તેને મળવા આવ્યા. ઝડપથી દોડીને તીર્થે રસોડામાં જઈ માસ્ક પહેરીને કામ કરતી નરગિસને કહ્યું : પાંચેક કપ ચા ને નાસ્તો મોકલાવજો...

એ પાછો ફરતો જ હતો ને તેની આંખ નરગિસ પર ઠરી ગઈ... તે નરગિસની આંખો તાકતો ત્યાં જ સ્થિર થઈ ગયો... આટલી સુંદર તેજસ્વી આંખો કયારેય તેણે જોઈ નહોતી...

અનાયાસે તેને પૂછી લીધું : શું નામ છે તમારું ?

બાજુમાં ઊભેલી છોકરીએ તુરત જવાબ વાળી દીધોઃ નરગિસ છે નવી આવી છે.

નરગિસે સહેજે તીર્થ સામે જોયા વગર તેનું કામ ચાલુ રાખેલું...

એ પછી તીર્થ એક યા બીજા બહાને નરગિસને જોવા માટે તલસી રહ્યો... તેણે ઘણી છોકરીઓ જોઈ હતી પણ પ્રથમવાર નરગિસને જોયા પછી તેની ઊંઘ ઊડવા માંડેલી...

એક સાંજે નરગિસ બંગલેથી નીકળી ઘરે જતી જ હતી ને તીર્થે ગાડી બાજુમાં ઊભી રાખી દીધી.

બેસી જાવ...

નકારમાં માત્ર માથું ધુણાવી નરગિસ ઝડપથી આગળ પગલાં ભરી ગઈ. તીર્થનું માન ઘવાયું... ભલભલા તેની સાથે જીવન નિભાવવા તૈયાર થયા ને આ એક કામવાળી છોકરીનો આટલો મિજાજ તીર્થ બરાબર ઘવાયો... તેણે નરગિસની બધી વિગત મમ્મી પાસેથી જાણી લીધી. તે પરણેલી છે તે જાણીને તેને આઘાત પણ લાગ્યો... મમ્મીને વહાલ કરતાં તીર્થ કહે : મમ્મી મને આ છોકરી ખૂબ ગમે છે...

ગાંડો ના થા બેટા... નરગિસ પરણેલી છે... ખૂબ પવિત્ર સ્વભાવની છે... ભલે ઝૂંપડામાં રહે છે પણ ખૂબ સ્વમાની છે... તું એનું ભૂત મનમાંથી કાઢી જ નાંખજે...

ઝૂંપડામાં એ રહે છે મમ્મી ? એનો પતિ શું કરે છે ?

હા બેટા, એનો પતિ શાકની લારી ફેરવે છે...

તીર્થ ખંધુ હસ્યો... તો તો કામ આસાન છે એને મેળવવાનું... તેણે પોતાના મિત્રોને આ વાત કરી મિત્રોએ પણ નરગિસને જોઈ મોઢામાં આંગળાં નાંખી દીધાં...

તીર્થના મનની દરેક વાત જાણતો ને દરેક વાતમાં સલાહ-સૂચન કરતો આદર્શ કહે : અરે એમાં શી મોટી વાત છે... આપણે મોકો જોઈને તેના પતિને મળીશું. એને સમજાવી તલાક લઈ લઈશું. વાત સીધી સટ... ગરીબ માણસને નવી નકકોર નોટો ધરો તો કલાકમાં શું ક્ષણમાં તલાક ધરી દે.

રવિવારનો દિવસ આવ્યો. બધા મિત્રો ભેગા થયા...

નરગિસ જેવી બંગલે આવી કે નક્કી કર્યા પ્રમાણે નરગિસના પતિ હુસેનને મળવા ગાડી લઈને બધા પહોંચી ગયા...

ઝૂંપડામાંથી લારી લઈને હુસેન નીકળતો જ હતો ને તીર્થ મિત્રો સાથે તેની પાસે આવ્યો. હુસેન તો બધાને જોઈ પહેલાં તો આશ્ચર્યમાં પડી ગયો...

આપ નરગિસકે ખાવિંદ હૈ ?... આદર્શે પ્રથમ પ્રશ્ન કર્યો.

તીર્થ મનોમન બબડયો : સાલો કેટલો કદરૂપો છે ને હીરોઇન જેવી પત્નીનો પતિ શીટ...

જી હાં કયા બાત હૈ ?... સહેજ ચિંતાતુર ચ્હેરે હુસેન પૂછયું...

આદર્શે તીર્થની બધી ઓળખાણ કરાવી...

પ્રથમ જીભ તો આદર્શથી ઉપડતી નહોતી, પણ હિંમત એકઠી કરી આદર્શ પૂછ્યુંઃ આપસે એક ખાસ કામ હૈ...

હા હા બોલીયે ગભરાઈએ મત... મેં તો ગરીબ આદમી હું મુજસે વૈસે ગભરાના ભી કયા...

તીર્થે ખીસ્સામાંથી કોરી કટ સોની નોટનું બંડલ કાઢી હુસેનના હાથમાં મૂક્તા કહ્યું : મુજે નરગિસ કી જરૂર હૈ... મુજે જાનસે જયાદા યે પસંદ હૈ...

આદર્શ ઉતાવળે બોલી પડયો : અગર તુમ નરગિસ કો તલાક દેતે હો તો તીર્થ ઉસસે શાદી મનાના ચાહતા હૈ... ઉસ્કી જિંદગી બદલ દેગા. મહેલ મેં રાજ કરેગી... ઈસ ઝૂંપડી મેં બિચારી કા કયા ફયુચર હૈ...

એ સાંભળી હુસેને બંડલ પાછું વાળતા કહ્યું : તુમ ગલત જગાપે આયે હો સાહબ... યે બાત આપ મુજસે નહીં નરગિસ સે પૂછ લીજીયે... અગર વો રાજી હૈ તો મેં ઉસ્કી ખુશી કે લિયે સબ કુછ કુરબાન કર દૂંગા... ઔર ખાસ બાત તો યે કે અચ્છે ઘરાને કે હો કે ઐસી બેહુદી હરકત કયોં કર રહે હે ? ગરીબ કે સંસાર મેં કયું ઝહર ઘોલ રહે હો... આપ તો ચાહે ઉસે પા શકતે હો...

દિલ કા મામલા હૈ, તુમ નહીં સમજોગે હુસેન... જતાં જતાં તીર્થ એટલું જ બોલી પાછો ફર્યો...

પણ રજાના દિવસે ફેકટરી બંધ હોવાથી બધા જ બંગલે હાજર હતા. શેઠશેઠાણી, તીર્થ તેના મિત્રો સાથે બિઝનેસ - ડેવલપમેન્ટ માટે ગોષ્ઠિ કરી રહ્યા હતા ને નરગિસે ચ્હેરા પરથી માસ્ક હટાવી નમ્ર સ્વરે કહ્યું. મેં કલસે કામપે નહીં આઉંગી. મુજે માફ કર દીજીયે...

શું થયું અચાનક તને બેટા... અમારાથી કોઈ ભૂલ...

નહીં બા આપસે કોઈ ભૂલ નહીં હુઈ, હો ભી નહીં સકતી મગર મેં સાફ સાફ સબકે બીચ મેં બતા દૂં... યે તીર્થસાબ નામુમકીન, બેહુદા બાતે કરતે હૈ તો મેરા જી જલ જાતા હૈ... મેં જાન દે દૂંગી મગર હુસેન કો નહીં છોડુંગી, વો હી મેરે ખુદા હૈ, ઝોપડી મેરે લિયે મહેલ હૈ. હમારી નમાઝી કી હમ કભી બેવફા નહીં હો સકતે... અલ્લાહકા ખૌફ હમે મારે વકત રહેતા હૈ...

એ સમયે શેઠે અને શેઠાણીએ પણ તીર્થને ઠપકો આપ્યોઃ બેટા, આવું ના કરીએ. જબરદસ્તીથી પ્રેમ ન થાય... તું માફી માગી લે... હવે આ વાત રિપીટ થવી જોઈએ નહીં...

તીર્થે નીચું જોઈ એટલું જ કહ્યું : સૉરી..

આંસુ સારતી નરગિસ ત્યાંથી ચાલતી થઈ...

સળંગ ચાર દિવસ તે કામ પર ગઈ નહીં એટલે શેઠશેઠાણી જાતે ગાડી લઈને આવ્યા ત્યારે ખબર પડી કે હુસેનને ત્રીજા સ્ટેજનો ટીબી થઈ ગયો છે. તેને હોસ્પિટલ લઈ ગયા છે...

એક મિનિટની પણ રાહ જોયા વિના શેઠશેઠાણી બતાવેલ હોસ્પિટલ દોડી ગયા. ડોકટરને મળી બધી જ સહાયની વાત કરી. કેટલાક પૈસા નરગિસના હાથમાં મૂકતાં શેઠાણીએ ગળગળા સાદે કહ્યું : બેટા તું મારી દીકરી જેવી છે જરાય ચિંતા કરીશ નહીં... તને બધી જ મદદ કરીશું... અમને આટલું મહામૂલું પુણ્ય કમાવા દેજે...

નરગિસ શેઠાણીના ખોળામાં માથું મૂકી રડી પડી...

એ સાંજે તીર્થ પણ ખબર જોવા આવ્યો, એટલું જ નહીં ડૉકટરને ફરી એકવાર વાત કરી હુસેન ગમે તે ભોગે સાજો થઈ જાય તે માટે તાકીદ કરી...

મુજે માફ કર દેના સાહબ... ઉસ દિન મૈંને આપકા સબ કે બીચ મેં અપમાન કર દીયા. મેં હોંશ મેં નહીં થી... આપ બહોત અચ્છે ઈન્સાન હો યે મૈંને જાન લીધા હૈ. આપકો માફી માંગને કી કોઈ જરૂરત નહીં...

તીર્થનો ચ્હેરો સહેજ મલકાયો. તેણે નરગિસના માથે હાથ મૂક્યો. હુસેનને પણ આશાએષ આપી ફેકટરી જવા નીકળી ગયો... એ પછી અવારનવાર તીર્થ હુસેનની ખબર કાઢવા જવા માંડયો, ક્યારેક મોડી રાત સુધી રૂમની બહાર બેસી રહેતો...

આપ ઘર જા કે સો જાઈએ... આપકી તબિયત બગડેગી... મેં યહાં કાફી હું...

નહીં આપ જાગે ઔર મેં ચૈન કી નીંદ સોઉં, મુજે અચ્છા નહીં લગતા...

નરગિસે કરુણાસભર નયને તીર્થ તરફ એક દૃષ્ટિ નાંખી...

પણ ગુરુવારની રાત્રે હુસેનની તબિયતે અચાનક ઉથલો ખાધો ને તેણે જીવ છોડી દીધો... નરગિસ તેની છાતી પર માથું મૂકી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી...

બધાં જ ભેગાં થઈ ગયા. નરગિસને ખૂબ સમજાવી હિંમત આપી. એ બપોરે ઝોહરની નમાઝ પછી જનાજાની નમાજ મસ્જિદમાં પઢાવવામાં આવી ને તે પછી દફનક્રિયા થઈ... નરગિસના અશ્રુ કેમેય સુકાતા નહોતા. તેના આગ્રહ પ્રમાણે તે ઝૂંપડામાં પાછી આવી...

મુજે અબ ઈદ્દતમેં રહેના પડેગા... ખૂબ જ ઉદાસ ચહેરે શેઠશેઠાણી, તીર્થની હાજરીમાં નરગિસે કહ્યું...

બેટા યે ઈદદત કયા હૈ...? શેઠાણીએ સમજાયું નહીં એટલે પૂછી લીધું...

હમારે મજહબ કે અનુસાર જબ ઉસકા ખાવિંદ ફૌત હો જાતા હૈ ઉસ્કે બાદ વિધવા કો ચાર મહિને દસ દિન તક ઘર મેં હી રહેના પડતા હૈ... કહીં ભી આનાજાના, બહાર નીકલના નહીં હોતા, જિસ્સે પતા ચલતા હૈ કી વો પ્રેગનન્ટ હૈ કે નહીં ઉસ્કે બાદ વો શાદી ભી કર સકતી હૈ... હમારા દિન ઉસુલોસે બડા હી મહેરબાન, રહેમદિન હૈ અમ્મા...

બધાએ નરગિસને ખૂબ આર્શીવાદ આપ્યા ને ધરપત પણ આપી કંઈ પણ કામ હોય તો જરૂર અમને કહેજે... અમે આવતા જતા રહીશું... તારું ટિફિન અમે મોકલાવી આપીશું...

નહીં અમ્મા મેં ખાના બના લુંગી...

એ પછી નરગિસની ના છતાં, ફેકટરી પર જતાં પહેલાં તીર્થ ટિફિન નરગિસને આપી આવતો... બહારથી જ સામે જોયા વગર ઝૂંપડામાં એક બાજુ મૂકી દેતો... અંદરથી એટલો જ અવાજ તીર્થ સાંભળતો : ક્યું ઈતની તક્લીફ લેતે હો સાબ... હમેં અપને તરીકે સે જીને દો...

તીર્થ કશું જ બોલતો નહીં ચૂપચાપ ચાલ્યો જતો...

જોતજોતામાં ઈદદતનો ચાર મહિના ને દસ દિવસ પૂરા થયા... હવે નરગિસ બંગલે કામ કરવા જતી નથી... તેણે હાથ સિલાઈ મશીન લઈ લીધું છે જે કાંઈ પરચુરણ કામ મળે તેમાં સંતોષ મેળવી લેતી. તે દર ગુરુવારે કબ્રસ્તાન જતી... કબ્રસ્તાનમાં સ્ત્રીઓને સખત મનાઈ હોઈ, તે દરવાજાથી થોડે દૂર રહી હુસેનને ફાતીહા (પ્રાર્થના) આપી રડી પડતી... અચાનક એક વાર તેની નજર પડી તો હુસેનની કબર પાસે ફૂલો ચઢાવી તીર્થને દુવા કરતાં જોયો... આવું એકવાર નહીં ઘણીવાર બન્યું... નરગિસને તેની નિખાલતા માટે ખૂબ આદર જાગ્યો.

એક સાંજે તીર્થનો ડ્રાઇવર ખબર આપી ગયો કે તીર્થને હોસ્પિટલમાં દાખલ કર્યા છે... તેની તબિયત અચાનક બગડી છે. એ જાણીને નરગિસને ખૂબ દુઃખ થયું... તે તૈયાર થઈને તુરંત હોસ્પિટલ પહોંચી ગઈ... જોયું તો તીર્થ ઑક્સિજન પર... બધા જ ગમગીન બેઠેલાં.. યા-અલ્લાહ અબ મેં કયા કરું... તે મનોમન કલ્પાંત કરવા માંડી...

શેઠાણીએ ગદગદ સ્વરે નરગિસનો હાથ પકડી કહ્યું. તું જ બચાવી શકે... રાત્રે પણ તારું જ રટણ કરતો હતો...

એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના નરગિસ તીર્થના સ્પેશિયલ રૂમમાં દોડી ગઈ... તેની નજીક બેસી તેણે તીર્થના માથે હાથ ફેરવવા માંડયો... તીર્થનો ચહેરો મલકી ઊઠયો... તે બેઠો થઈ ગયો... ડૉકટરે ઑક્સિજન માસ્ક ખસેડી લીધો... બધાં એકઠાં થઈ ગયાં... ડૉકટરનો પર્ણ તીર્થનો આનંદમય ચહેરો જોઈ આશ્ચર્યનો પાર રહ્યો નહીં...

નરગિસે ધીમેથી તીર્થના કાનમાં કહ્યું : કયા હમ મેં તુમ દેખ ગયે... હમ તો બિલકુલ ગવાર, અનપઢ, ના લિહાઝ... ઐસે ભી કોઈ કયા દીવાના બનતા હૈ, ભલા...

હીરે કી કિંમત ઝવેરી હી જાનતા હૈ... તીર્થે એટલું જ કહ્યું ને બંને ભેટી પડયાં...

બહાર આકાશમાં ચાંદ ખીલી રહ્યો હતો... શીતળ હવા ધીમે ધીમે બારીમાંથી અંદર આવતી હતી... કુદરતની કમાલને બંને વંદતા ઘરે આવ્યા ત્યારે આખો બંગલો પ્રકાશથી ઝગમગી રહ્યો હતો...

ઝમાને કે યેહી થે ઈશારે લો અબ હો ગયે તુમ્હારે,
વકત કા ફેંસલા કુબુલ અલતાફ લો ખત્મ હવે કિસ્સે સારે.

પ્લોટ નં. ૬૫૮/૧, મસીહા અસ્રા,
સેક્ટર-૨૯, ગાંધીનગર-૩૮૦૦૨૯.
મો. ૯૪૨૩૫૬૭૫૯



પાપમાં નથી પડવું

- નીલમ દોશી

તારીખ બે જાન્યુઆરી...

પૂરા તેર દિવસ વીતી ગયા. આ તેર દિવસ લગભગ આખો વખત સુનીતા પાસે રહી એમ કહી શકાય. નાનપણની બહેનપણી. વરસોની અમારી મિત્રતા કોઈ જખમ વિના, કોઈ ઉઝરડા વિના લીલીછમ્મ રહી શકી છે એ શું જેવી તેવી વાત છે ? સુનીતા માટે મને કેટલી લાગણી છે એ કંઈ કહેવાની જરૂર થોડી છે ? બિચારી સુનીતા. સફેદ સાડલામાં તેને જોઈને મન કરુણાથી ભરાઈ આવ્યું. હંમેશાં ડાર્ક રંગોની શોખીન સુનીતાની જિંદગીમાંથી કાયમ માટે રંગોની બાદબાકી થઈ ગઈ કે શું ? સાજા સારા કંદર્પભાઈ ઘડીકમાં આમ હતા નહતા થઈ જશે એવી કલ્પના પણ કોને હોય ? પણ જિંદગીમાં માનવીની કલ્પના બહારનું કેટકેટલું બનતું જ હોય છે ને ? એક સાવ સાજો સારો માણસ ઘડીકમાં ધુમાડો થઈ ગયો. એક અસ્તિત્વ પૃથ્વીના પટ પરથી અને ખાસ તો સુનીતાની જિંદગીમાંથી ભુંસાઈ ગયું.

પંચાવન વરસની ઉંમર કંઈ આ જમાનામાં વધારે ન કહેવાય. જોકે સુનીતા હિંમતવાળી ખરી. બે દિવસ રડી લીધું પણ હવે કેવી સ્વસ્થતાથી સ્વીકારી લીધું ?

શ્યામા, મને ખબર છે કે લાખ માથા પટકીશ તોયે કંદર્પ હવે પાછો આવવાનો નથી. હસીને કે રડીને સ્વીકાર કરવાનો જ છે. જનાર પાછળ કોઈ જઈ શકતું નથી. મારે જીવવાનું છે એની મને જાણ છે. હું જીવીશ. સારી રીતે જીવીશ. ઈશ્વરે આપેલા જીવનનો અનાદર શા માટે ? અઘરું લાગશે પણ એનો કોઈ ઉપાય નથી.

બિચારી સુનીતા ! ભગવાન, આ ઉંમરે આમ કોઈને એકાકી ન બનાવે. કેમ કાઢશે બિચારી હવે આવું એકાકી આયખું ?

તારીખ ૩૧ જાન્યુઆરી

સુનીતાયે ખરી છે. તેના દીકરો વહુ તો બેંગ્લોરથી હંમેશ માટે અહીં આવી જવા તૈયાર હતાં. પણ સુનીતા એ જ ના પાડી દીધી.

“બેટા, હું એકલી જરૂર થઈ ગઈ છું પણ તૂટી નથી ગઈ. મારી સંભાળ લઈ શકીશ. કદીક બહુ એકલતા લાગશે ત્યારે તમારે ઘેર આવીશ જ ને ?”

સુનીતા હિંમતવાળી તો કહેવાય જ હો. ભગવાન દુઃખ આપે ત્યારે એ સહન કરવાની હિમત પણ સાથે આપી જ દેતો હશે. હમણાં રોજ તેની પાસે જવાનું મન થાય છે. પણ પતિદેવ કહે, તેર દિવસ જઈ આવીએ એ ઘણું. હવે રોજરોજ કંઈ દોડવાની જરૂર ન હોય. તારી બહેનપણી એકલી છે, તું નથી. તારે ઘરબાર છે કે નહીં ? અહીં મને કેટલી અગવડ પડે છે એ ખબર છે ?

અરે, અગવડ શેની ? એમનું બધું કામ પતાવીને તો જતી હતી. બપોરે ચા કરી દેવા માટે ઘરમાં વહુ છે. પણ..

“ના, મને તારા હાથની જ ચા જોઈએ.”

જોકે મને ખબર છે કે આ બધાં તો બહાનાં છે. હું ન હોઉં તો આખો દિવસ ઓર્ડર કોની પર છોડવાના ? વહુ થોડી એમની કચકચ સાંભળવાની છે ?

શ્યામા, પાણી... શ્યામા, મારો ટુવાલ, શ્યામા, મારી બી.પી.ની દવા, શ્યામા મારો ફોન ક્યાં ? શ્યામા, ટીવીનું રિમોટ નથી દેખાતું ? કોણે ખસેડયું અહીંથી ? શ્યામા, મને જરાક લીંબુ પાણી આપજે તો. આજે બે ભજિયાં ખાવાનું મન થયું છે. આજે દાળમાં કંઈ ઠેકાણું ન હોતું. તારું ધ્યાન ક્યાં હોય છે ? શ્યામા... શ્યામાની બૂમ સાંભળવાની આ દીવાલોને પણ આદત પડી ગઈ છે.

હું કોના નામની બૂમ પાડું ?

તારીખ... ૨૦ માર્ચ

આજે માંડ સમય કાઢીને સુનીતાને ઘેર ગઈ હતી. પણ

ઘેર તાળાં. મને એમ કે બિચારી એકલી છે તો કંપની આપવાની મારી ફરજ કહેવાય. મારે ઘેર તો બહેનપણીઓ આવે એ પતિદેવને ગમે જ નહીં. ચાર ચોટલા મળીને પંચાત જ કરવાના કે બીજું કંઈ? એ એમનું બ્રહ્મ વાકય. એમના દોસ્તારો આવીને અડ્ડો જમાવે, જાતજાતનું ખાવાપીવાની ફરમાઇશ કરે ને ખિખિયાટા કર્યા કરે એનું કંઈ નહીં ?

સુનીતાને ફોન કર્યો તો કહે, મારી ચિંતા ન કર શ્યામા, મેં મારું જીવન મારી રીતે ગોઠવી લીધું છે.

ઠીક છે. ગોઠવાઈ ગઈ એ સારું કર્યું. હું નકામી ચિંતા કરીને અડધી થતી હતી.

આજે પતિદેવે ફરીથી સંભળાવ્યું. વાતવાતમાં ટોણા મારવાની તેમની આદત શું કદીયે નહીં બદલાય ? જીવનભર એ સાંભળતું રહેવાનું ? લગ્નના ચાલીસ ચાલીસ વરસો પછીયે ? મેં મૂરખીએ લાગણીના પ્રવાહમાં તણાઈને વાત કરવાની ભૂલ કરી નાખી. મને શું ખબર કે વાતનું આ રીતે વતેસર થશે ?

લગ્નની શરૂઆતના એ દિવસોમાં... કોલેજમાં હું ને અખિલ સાથે ભણતા. અમારે બહુ સારું બનતું. એ મારો સારો મિત્ર હતો.

બસ આટલું મારાથી કહેવાઈ ગયું અને એની સજા રૂપે રોજ મેણાંટોણાં...? કેમ ધ્યાન તારા પેલા દોસ્તારમાં હતું ?

કોઈપણ સાથે ફોન કરતી જુએ એટલે...



દોસ્તાર સાથે વાત ગપાટા ચાલે છે ? ફોન તો આવતો જ હશે ને તારા પેલા દોસ્તારનો ? જો કે મને કોઈ વાંધો નથી. હોય હોય... દોસ્તાર તો હોય... જમાનો બદલાયો છે ભાઈ, હવે સ્ત્રીઓનેયે દોસ્તાર હોવાના. અમારે એ બધું હવે ચલાવવાનું છે. નહીંતર અમે જૂનવાણી ગણાઈએ..'

એવા કોઈ કટાક્ષના ચાબખા ચાલુ જ રહે.

લાખ સમજાવવાની કોશિશ કરી જોઈ કે એ બધી તો વરસો પહેલાની વાતો અને એ પણ એટલી જ વાત હતી કે કોલેજમાં અખિલ સાથે મારે સારું બનતું. અમે કંઈ પ્રેમી નહોતા. પણ પતિદેવના મનમાં તો...

મને તો અખિલ કયાં છે એનીયે જાણ નથી. ન જાણે કેમ એ તો એને મનમાં સંઘરીને જ બેઠા છે. પુરુષની જાત...

તારીખ... ૨૪ એપ્રિલ

આજે સુનીતાને ફોન કર્યો કે એને જરૂર હોય તો કંપની આપવા આવું. એકાદ બે વારના અનુભવ પછી નક્કી કર્યું છે કે એને ઘેર ફોન કર્યા સિવાય ન જવું. એ ઘરમાં હોતી જ નથી. કંદર્પભાઈના ગયા પછી એનું બહાર ફરવાનું વધી ગયું છે. હશે બિચારી... બીજું કરેયે શું ?

સારું થયું ફોન કરી લીધો. મને કહે,

" હું તો સિમલામાં છું. અમે ચાર બહેનપણીઓ સાથે આવ્યા છીએ અને એન્જોય કરીએ છીએ. મારાથી કહેવાઈ ગયું કે મને કહ્યું હોત તો હું પણ આવત ને ?"

તો કહે,

" અરે, તને એકલીને સંદીપભાઈ થોડા જ આવવા દેવાના ? આ તો મારા જેવી જ બધી બહેનપણીઓએ એક ગ્રૂપ બનાવ્યું છે અમે બધા સાથે હરીએ ફરીએ છીએ... એન્જોય કરીએ છીએ. જીવનના દુઃખને હળવું કરવાનો પ્રયાસ કરીએ છીએ... બીજું હવે કરવાનું પણ શું છે ? ચાલ, આવજે... અત્યારે અમે બધા પહાડ ખૂંદવા નીકળીએ છીએ. શ્યામા, ખરેખર શું સરસ વાતાવરણ છે !"

દુઃખ હળવું કરવા... વાહ ! આમાં મને તો દુઃખની

એકાદી રેખાયે ન દેખાણી. બધી ભેગી મળીને જલસા જ કરે છે કે બીજું કંઈ ? ઘરમાં કોઈ પૂછવા કે કહેવાવાળું ન રહ્યું. કંદર્પભાઈ પૈસો પણ સારો એવો મૂકી ગયા છે. પછી ફરે જ ને ? કહેવાય એમ કે ગમતું નથી એટલે ફરીએ છીએ. દુઃખને ભૂલવા માટે... હું તો કદી આ રીતે કયાંય ફરવા પામી નથી. સંદીપને કામ સિવાય બીજું કશું કદી સૂઝયું જ કયાં છે ? મારા નસીબમાં તો આખી જિંદગી બસ ઢસરબોળો જ લખ્યો છે.

તારીખ ૩૦ એપ્રિલ

આજે સુનીતાએ કહ્યું કે તેણે હવે ડાન્સ કલાસ અને મ્યુઝિક કલાસ જોઈન કર્યો છે. શ્યામા, વરસોથી મને એમાં રસ હતો અને શીખવાની બહુ ઈચ્છા હતી પણ સંજોગોને લીધે કદી શકય ન બન્યું. હવે આમ પણ એકલા-એકલા સમય ખાવા દોડે છે, કંદર્પની યાદમાંથી બહાર નથી નીકળાતું. એથી મારી રીતે બીઝી રહેવાનો પ્રયાસ કરતી રહું છું.

આ ઉંમરે ડાન્સ ક્લાસ શરૂ કર્યા ? સુનીતા પણ ખરી છે. કંદર્પભાઈ હોત તો કદી કરી શકી હોત ? કંદર્પભાઈએ તો સુનીતાને જાણે મુક્તિ આપી. મને તો એવી મુક્તિ સોરી... હે ભગવાન, માફ કરજો... આવો વિચાર મનમાં કેમ આવી ગયો ?

પણ પ્રામાણિકતાથી કહું તો સાલ્લું પોતાની રીતે, પોતાની મરજી મુજબ જીવવાનોયે એક રોમાંચ હોય હોં. બધું મન ફાવે ત્યારે ને મન પડે એમ કરવાનું. મન થાય ત્યારે તાળું મારી નીકળી જવાનું કોઈ લપ્પન-છપ્પન નહીં. કોઈને ગમશે કે નહીં ગમે.. ચિંતા જ નહીં. અને પાછું દુઃખી છું, ગમતું નથી કહીને બધાની સહાનુભૂતિ તો ઉઘરાવતાં જ રહેવાનું.

તારીખ ૪ મે.

આજે સુનીતા સામે ખાસ્સી વાતો કરી. સંદીપ બપોરે ઘરમાં ન હોય એટલીવાર જ વાત થાય. બાકી તો...

સુનીતા તેની દિનચર્યા વર્ણવતી હતી.

“શ્યામા, રોજરોજ એકલા માટે શું રાંધવું ને શું ખાવું. મને તો એજ સમજાતું નથી. સવારે ઊઠતાની સાથે શું કરવું એની પણ ઘડીકવાર તો ગતાગમ નથી પડતી. પછી ધીમેધીમે બધું ચાલુ થાય. બધી વસ્તુની આદત પડતી જાય છે. ભગવાન દુઃખ આપે છે ને સાથે એને સહન કરવાની શક્તિ પણ આપી જ દે છે.

હું તો મન થાય એ એકાદ વસ્તુ બનાવી નાખું. પછી ગમે કે ન ગમે, છાપાને ટીવીનો સહારો જ લેવો રહ્યો. સવારમાં તો કયાં જવું ? ડાન્સની પ્રેક્ટિસ કરી લઉં. મનને બહુ સારું લાગે. ગમે તેમ તોયે વરસોની અધૂરી તમન્નાને ? બપોરે પછી તો ઘરમાં રહી જ ન શકું. કંદર્પની યાદ મને ઘેરી વળે... સારું છે મારા જેવી ચાર-પાંચ બહેનપણીઓ અહીં શહેરમાં છે. કોઈએ કશોક પ્રોગ્રામ બનાવી જ લીધો હોય. એટલે સમય સારી રીતે પસાર થઈ જાય છે. સાંજે મોટે ભાગે તો બહાર થોડું ઘણું કંઈક આચર - કૂચર ખાઈ લઈએ. રાત્રે વળી પાછો ટીવીનો સહારો, ફોનમાં દીકરા સાથે વાતો અને બસ... દિવસ પૂરો. બસ શ્યામા, શ્વાસ ચાલે છે ત્યાં સુધી સમય પસાર કરતી રહું છું.”

સુનીતા જાણે પોતે બહુ દુઃખી હોય એમ રોદણાં રડતી રહી. મને તો ન જાણે કેમ પણ આમાં દુઃખનો ઓછાયોયે ન દેખાયો. અરે, આવી રીતે... મરજી મુજબ જીવવા મળે એ તો સ્ત્રી માટે એક કલ્પના જ કહેવાય ને ? આને જો દુઃખ કહેવાતું હોય ને તો હું તો કહું ભગવાન આવા દુઃખ સૌને આપે. વધારે તો શું લખું ?

તારીખ ૧૨ મે

આજે બપોરે સુનીતાએ ઘેર ગેટ ટુ ગેધર રાખ્યું હતું. બધી બહેનપણીઓ અને મિત્રોને બોલાવ્યા હતા. ખાસ્સી ધમાલ કરી હતી. મનેય મજા આવી. અમારી સાથે કોલેજમાં ભણતો પેલો



ચિંતન પણ આવ્યો હતો. બોલાવ્યો હશે તો જ આવ્યો હોયને ? કંદર્પભાઈ હતા ત્યારે સુનીતાની મજાલ હતી કે આમ દોસ્તારોને ઘેર બોલાવી શકે ? કે કોઈ પુરુષ સાથે આ રીતે હસીહસીને, લટકા કરી કરીને વાતો કરી શકે ? હું આવું વિચારી પણ શકું ? સરસ મજાનો ગોળમટોળ પહેલા કરતી હતી એવો જ ચાંદલો, એ જ મંગળસૂત્ર અને કાનમાં એ જ હીરાની ઝગમગતી સરી... કંઈ ફેર પડયો છે ખરો ? હવે તો સુધારાવાદી ગણાય આ બધું. બાકી હું આવા કોઈ સુધારા કરવા જાઉંને તો મારા સગાઓ તો મને ફોલી જ નાખે. સખે જીવવા જ ન દે.

તારીખ... ૧૫ મે.

આજે તો સુનીતાએ હદ જ કરી નાખી. મારી બહેનપણી ખરી.. એ ચાંદલો કરે કે બંગડીઓ રણકાવે એ તો જાણે સમજ્યા. હું કંઈ એવી જૂનવાણી નથી કે મારી ખાસ બહેનપણીની ટીકા કરું. પણ આજે તો સુનીતાએ હાથમાં મહેંદી મૂકી હતી. હું તો એના રાતા-ચોળ હાથ જોઈ જ રહી. મને કહે,

"કાલે અમારી લેડીઝ કલબમાં મહેંદી હરીફાઈ હતી. તને ખબર છે મને મહેંદી મૂકતા સરસ આવડે છે અને મને ગમે પણ ખૂબ. આમ તો હરીફાઈમાં ભાગ લેવાનું મન નહોતું પણ બધાએ બહુ આગ્રહ કર્યો એટલે પછી ના ન પાડી શકી. પહેલો નંબર પણ મારો જ આવ્યો. શ્યામા, કંદર્પને મારો મહેંદીવાળો હાથ જોવો બહુ ગમતો. એને યાદ કરીને કાલે તો ખૂબ રડી લીધું ત્યારે મન શાંત થયું. હવે તો જીવન આમ જ જીવવાનુંને ?"

અરે, મારી બઇ, આનાથી વધારે સારું જીવન વળી કેવું હોય ? અરે, મારે હવે મહેંદી મૂકવી હોયને તોયે સો વાર વિચાર કરવો પડે. સૌથી પહેલો વાંધો સંદીપને જ આવે. આ ઉંમરે આવું શોભતું હશે ? કાલે તારા રંગેલા નખ જોઈને મનેય રંગવાનું મન થઈ આવ્યું. પણ હું કંઈ એવી સ્વતંત્ર થોડી જ છું ? હવે આ ઉંમરે આ બધાં નખરાં શોભતાં નથી એવી ટકોર સૌ પહેલી સંદીપની જ આવે એની મને કયાં ખબર નથી ?

તારીખ ૨૦ મે

આજે સુનીતાના દીકરો વહુ આવ્યાં હતાં. મને કહે,

"આંટી, મારી મમ્મી એકલી પડી ગઈ છે એનું ધ્યાન રાખજો હોં. તમે બધાં એની નજીક છો એટલું સારું છે. પપ્પાની યાદમાં મમ્મી એકલી એકલી હિજરાયા કરે છે. જુઓ છોને કેટલું વજન ઊતરી ગયું છે એનું ?"

હવે મારાથી એમ થોડું કહેવાય છે કે એ તો રોજ ડાંસ કરવા જાય છે અને પછી ઘેર પ્રેક્ટિસ કરે એટલે નાચી નાચીને વજન ઊતર્યું છે. કંઈ દુઃખને લીધે નથી ઊતરી ગયું. મોઢા પર ચમક કેવી આવી ગઈ છે એ જોને. તારા પપ્પા હતા ત્યારે કદી જોઈ હતી તારી માના ચહેરા પર આવી ચમક ? સાવ મારા જેવી જ લાગતી હતી. આ તો હવે..


પણ આવું કશું બોલાય છે થોડું ? મનમાં ભલે ને સમજતા હોઈએ.

ખેર ! બધાનાં નસીબ કંઈ સુનીતા જેવા થોડાં હોય છે ?

કાલથી મારે ડાયરી લખવી જ નથી. નકામું મનમાં દુઃખ થાય અને સાલી ન કરવી હોય ને તોયે સરખામણી થઈ જાય છે. નકામું પાપ લાગે ના, ના મારે એવા પાપમાં નથી પડવું. નથી પડવું...

શ્યામાએ ડાયરીનો ઘા કર્યો અને ન જાણે કેમ ધ્રૂસકે ધ્રૂસકે રડી ઊઠી.

બી-૬૦૩, ઈન્દ્રપ્રસ્થ ગ્રીન્સ, શ્યામલ ક્રોસ રોડ પાસે,
શિખર ટાવરની સામે, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૭૯૯૦૨૯૦૦૬૭



છેદ

- નટવર ગોહેલ

ઊંચા ઘટાદાર લીમડાની છાયા તળે હિલોળા લેતી હીરાકણી જેવી ટેકરીનો ઢોળાવ ચડીને તેની ટૉચે ઊભા રહી નજર નાખો એટલે તમને લાલજીની લીલીછમ વાડી દેખાય. પડખે જ એનું હર્યું ભર્યું ઉપજાઉ ખેતર પણ છાનું રહે નહીં.

છરહરુ બદન ધરાવતો લાલજી આમ તો મનથી તનકારા કરતો સુખી જીવ. તેની પત્ની અને તેનો છ વર્ષનો દીકરો ટપુ એની માયા મૂડી. વાડીની વચાળે આવેલું બેઠા ઘાટનું ત્રણ ઓરડાનું એનું મકાન એટલે તેને મન મહેલ, હૈયાની રાજધાની.

આ ત્રણ વચ્ચે એક ચોથો જણ, નામ એનું અજુ. ચાર ચોપડી ભણેલો અજુ વાડી અને પેલા ખેતરનો રખોપિયો. ખુદની જસણની માફક વાડી-ખેતરનું તે દિલથી ધ્યાન રાખે. માણસોને કામ સોંપે. કામ કેવું થાય છે તેનું ધ્યાન પણ રાખે.

ખેતર અને વાડીથી એક ગાઉ છેટે આવેલ મોરલ ગામમાં લાલજીની અનાજની દુકાન, દુકાનમાં રાખેલો નોકર જીવણ પણ જીવ રેડી કામ કરે. બપોરે લાલજી ઘરે આવે. એકાદ કલાક રોકાઈને પાછો જાય. અજુ લાલજીનો મિત્ર. સાવ અનાથ, આગળ પાછળ કોઈ નહીં. બ્રાહ્મણનો દીકરો, સેવાપૂજા ફાવે નહીં, પણ લાલજી સાથે ફાવી ગયું હતું.

બપોરે લાલજી જમવા આવે ત્યારે અજુ પણ ગમછાથી હાથ લૂછતો આવી ચડે. બંને એક જ ગામના, સાથે જ રમ્યા, મોટા થયા. પાછા દૂધભાઈ એટલે પૂછવું જ શું, બે ખોળિયા પ્રાણ એક.

બંને મિત્રો થાળીમાં શાક રોટલો ખાય, ક્યારેક છાશ, ક્યારેક દૂધ, વળી વાડીનાં બે-ત્રણ ફળોનું ભોજન હૈયે, હાથે અને હોઠે જમાવટ કરતું

એ દિવસે બપોરે...

''બે દિ' પછી મહાદેવ મંદિરનો મેળો આવે સે... હોં, ગાંઠે ફદિયા બાંધી તિયાર રે'જો !' અજુ અને લાલજીની સામે પડેલી ભોજન થાળીમાં પીરસતા કલ્લીએ વેણ ઉચ્ચાર્યું: 'આ વરહે પણ મેળે તો જાઉ સે...'

લાલજીની પત્ની કલ્લીએ એક સાથે બન્ને મિત્રો તરફ નજર નાખી, હૈયાની વાત પણ પીરસી દીધી : 'દુકાન જીવણને સોંપજો અને વાડી ખેતરને એક દિ' સાટુ કલ્યાણને ભળાવજો. ટપુ હવે કાંઈ નાનો નથી રિયો, ભલેને બચાડો હાકલા કરે, કાં...તમે બેય ભાઈબંધ સું ક્યો'સો...!'

'ઈમા કાંઈ ના નો કે'વાય !' અજુ સામે નજર નાખીને લાલજીએ કહ્યું : 'હા, ઢેબરા, પૂરી અને રીંગણ બટેટાનું શાક ભુલાય નહીં, હાર્યે કેરીનું અથાણું બાંધવું પડે'.

'ઈ વાત તમે નો કરો, એ સંધુએ મારા મનમાં સે, મારા ટપુને લાડુ ભાવે સે એટલે ઈય ભેળા લેવાની સું, કાં અજુ ?' કલ્લીએ અજુ સામે જોઈ હોઠ મલકાવી લીધા.

ક્ષણાર્ધ માટે આંખ ઊંચકી પછી, થાળીમાં આંખ અને હાથ પરોવી, 'એલા, અજુ ! મેળે જાવાની તિયારી કર. વરહે એક દિ' જાવું સે ને ભલા ! જિંદગી આખી કામ રે'વાનું, કાંક જીવ જુદા થાય તો મનનેય ગોઠે,' હૈયાની વાત લાલજી એ પ્રગટ કરી.

એ દિવસે ભોજન પતાવી લાલજી દુકાને જવા માટે નીકળ્યો. ઠેઠ વાડીની ઝાંપલી સુધી કલ્લી ગઈ : 'લ્યો તંઈ જાળવીને ગાડી હંકવજો.'

એણે બાઈક દોડાવી મૂક્યું. અજુ ગમછાથી મોઢું લૂછતો વાડીના કામમાં પરોવાયો. કલ્લી તે પછી વાસણ-કુસણ ઊટક્યાં અને કચરા-પોતાના કામે જોતરાઈ.

કલ્લી નામની આ સ્ત્રીને સર્જીને ઈશ્વરે હાથ ધોઈ નાખ્યા હતા. અંગેઉપાંગે કલ્લી ખરેખરી ખીલી હતી. લૂમેઝૂમે હિલોળે ચડેલો યૌવનનો ઘેઘૂર વડલો જોઈ લો.

ધરતી પણ ધમધમી ઊઠે એવી એની ચાલ હતી. એના નયન-નકશ મોહાંધ કરે તેવા અતિ કામણગારાં હતાં. એનું બોલવું. ચાલવું, હસવું અને લહકા સાથે વાત કરવું એટલે બસ, એની તોલે કોઈ આવી જ શકે નહીં.

'એક પડખે અજુ અને બીજે પડખે તું...' આમ કરીને લાલજી ઉમેરતોઃ ''ભાઈ મારા તો ભાગ્ય વગર સાબુયે ઊંઘડી ગ્યા સે હોં !'''

'પણ, તમને દેવાનું સે ઈ તમને જ દેવાનું સે ! ઈયે એટલું હાચું ! મેં તો પરભવમાં હજાર હાથે દેવલા પૂજ્યા હશે તેં તમારા જેવો ધણી હાથ લાગ્યો.' ઝાઝા હરખે કલ્લી બોલતી.

'એક વાત કઉં...?'

'તે ક્યોને... !'

'હું સાચનો પૂજારી'

'હુંયે હોં...'

'ઈ મને ખબર્ય.' લાલજીએ કહેલું : 'હું એકવાર વદુ એટલે વાત પૂરી.'

'હું કાંઈ નો સમજી.'

'નો સમજી ?'

'સું કે'વા જાવ સો ?'

'મારું વેણ એટલે પાણા માથે લીટો' લાલજીએ સ્હેજ ગંભીર થઈને કહ્યું : 'તારી, હાર્યે છેડાછેડી કરવામાં મોડું નો

કર્યું. ઝટ કઈ દીધું, હું હથેવાળા માટે તિયાર સું'

'ઈ સાચું'

'જૂઠની હાર્યે વેર ! એક ભૂલ એકવાર માફ કરું, બીજીવાર નહીં હોં !' વાતને ગોળગોળ ફેરવ્યા વગર સીધું સટ કહી દીધું : 'હવે કંઈ સમજી !'

'વાહ, ભઈ, તમે તો મારા કનૈયાલાલ છો. કાળિયો ઠાકર જ ક્યોને - હેં - ને ?' આમ કહી કલ્લી હસી પડી હતી અને એ હાસ્યનો રેલો પંખીડાના ટહુકાઓ સાથે ઓળઘોળ થઈ ગયો હતો.

★★★

મેળા આડે હવે એક જ દિવસ બાકી રહ્યો હતો. લાલજી, અજુ અને કલ્લીએ સઘળી તૈયારી કરી દીધી હતી. ટપુ પણ ઘણો ખુશ જણાઈ રહ્યો હતો. સમયની સાથે શહેર અને ગામડાની રંગતમાં, માણસના વલણ-વ્યવહારમાં બદલાવના રંગ ઉમેરાયા હતા.

હા, મેળાની સંસ્કૃતિમાં વણાઈ ગયેલી છાંટમાં ઝાઝો ફરક પડ્યો ન હતો. બળદગાડાનાં પૈડાની ધડબડાટી કાળની ગર્તામાં ઊતરી ગઈ હતી. અવનવાં વાહનો રસ્તાને વળોટી જતાં. ઘોડે ચડીને ખેતરનો આંટો મારવાની વાત હવે જૂની થઈ ગઈ હતી. સાફાવાળો જણ માતાના વાળ ટૂંકા કરીને બાઈકને દોડાવતો થયેલો.

મેળે જવાનો એ શુભ દિવસ પણ આવી ગયો. કલ્લી અને ટપુના ચહેરા પર આનંદ છલકાતો હતો. એક બાઈક પર લાલજી, ટપુ અને કલ્લી ગોઠવાયાં. જ્યારે અજુ પોતાની બાઈક પર આરૂઢ થયો હતો.

એ દિવસે જરૂરી સામાન સાથે રાખીને લાલજીની સવારી મહાદેવ મેળાની વાટે ચડી. સવારનો માહોલ વાદળછાયો હતો. હવામાં મનગમતી ઠંડક છવાયેલી હતી.

★★★

ગ્રામ્ય પ્રજા મેળો મ્હાલવા નીકળી પડી હતી. યુવાનો અને યુવતીઓ માટે મેળાનું મનોરંજન આગવું બની રહેતું, ઘરની સુખડી અને બટાકાનું શાક વધારે સ્વાદિષ્ટ બની જતાં. નાનાં બાળકો માટે તો કિલ્લોલ કરવાનું પટાંગણ જોઈ લ્યો.

ટપુને વારંવાર વ્હાલ દાખવી સતત કલ્લીની નજરમાં જોડાયેલા રહેવાનો ઉપક્રમ અજુ દ્વારા થઈ રહ્યો હતો. એ જોઈને લાલજીનો ચ્હેરો લાલચોળ બની રહ્યો હતો.

ફુગ્ગા લાવીને અજુએ ટપુને આપ્યા, તેને તેડીને ચકડોળે ચડ્યો. ટપુએ ખમણ માંગ્યું તો તે પણ લાવી આપ્યું. અરે, ખમણનો એક ટુકડો લઈને એણે કલ્લીના મુખમાં પણ મૂકી દીધો.

'લ્યો, તંઈ ખાવ...' અજુએ લાલજી સામે જોઈને ઉમેર્યુંઃ 'દીકરા ભેળી માને ખાવા ટુકડો દેવો જોઈ કે નઈ...' આમ બોલી એ હસી પડ્યો.

કલ્લીના ગાલમાં ખંજન પડ્યાં, આ ખંજન લાલજીને ખૂબ ગમતાં. પણ પહેલીવાર તેનો ચહેરો કટાણો બની ગયો. તેને એ બપોરનો સમય યાદ આવી ગયો.

લાલજી ખાવા માટે ઘરે આવ્યો. ઘરે કોઈ નહીં. ટપુ તો નિશાળે ગયો હતો. તો પછી આ કલ્લી ક્યાં ગઈ...? શું લેવા ગઈ હશે ? ઘર સૂનું મૂકીને આમ જવાય ? એને ખબર નથી હું આવવાનો છું ? અજુ પણ કાં કળાતો નથી...?

પણ, આ બરાબર ના થયું કહેવાય, ઘર રેઢું મૂકીને ચાલી નીકળાય નહીં. આમ વિચારતો લાલજી વાડીમાં પ્રવેશ્યો. ત્યાં ખિલખિલાટ હાસ્ય સંભળાયું. જોયું તો અજુ કલ્લીની કેડમાં પાણીનો હાંડો ગોઠવી તેના ગાલ પર...

કૂવાકાંઠાનું એ દૃશ્ય લાલજીને ભીતરથી કરડવા લાગ્યું. તે તરત જ પાછો વળ્યો. એ દિવસે અજુ સાથે માંડ-માંડ કટકબટક કરી, 'હાળુ પેટમાં દુઃખે છે' કહીને તે ઊભો થઈ, ફટાફટ બાઈક દોડાવી દુકાન તરફ ધસી ગયો.

'સાંભળો સો હાલો તમારી થાળી કાઢી... તમે અને અજુભાઈ જમી લ્યો !' કલ્લીએ વિચાર મગ્ન બનેલા લાલજીનો વિચારભંગ કર્યો.

લાલજીના બગલથેલામાં થાળી હતી. તે બોલ્યો : 'અજુ તું ખાણીપીણીનો સામાન લઈ ઓલ્યા વડલા હેઠે જા. હું જરીક આવું.' આમ કહી લાલજીએ કલ્લીનું બાવડું પકડ્યું : 'મારી ભેળી આવ...'

લાલજી કલ્લીને તળાવકિનારે લઈ ગયો. બગલથેલામાંથી થાળી કાઢી. એ થાળીમાં લાલજીએ હાથ ફેરવ્યો. એની આંખમાં તિખારો હતો.

'કલ્લી ! મારું વેણ એટલે પાણા માથે લીટો ! જૂઠની હાર્યે વેર, એક ભૂલ એકવાર માફ કરું, બીજીવાર તઈ હોં...' આમ કહી લાલજીએ પેલી થાળી તળાવમાં ફગાવીઃ 'આ થાળીમાં છેદ થયો છે. હવે અજુ મહારાજ મંદિરમાં મારા ખોરડે, ખેતર કે વાડીમાં નહીં. તને પ્રથમ ભૂલ માટે માફ કરું સું હોં !'

લાલજી ચાલી નીકળ્યો.

એના પગ વડલા તરફ વળ્યા, પણ એ પગમાં જોર ન હતું. કલ્લીનું શરીર પણ આઘાતથી થીજી ગયું હતું. તેના કાન સાથે પેલું વાક્ય વારંવાર અથડાઈ રહ્યું હતું : મારું વેણ એટલે પાણા માથે લીટો એ દિવસે લાલજીએ જુદા ભાણે ભોજન લીધું હતું.

ડી/૬૬, માયા રોહીદાસ ટેનામેન્ટ,
કાશી વિશ્વનાથ સોસાયટી, વિભાગ-૧ની બાજુમાં,
ઈસનપુર, અમદાવાદ. મો. ૯૮૨૪૯૨૧૫૮૦

"સલૂણી સાંજ"
હર્ષ પગી
મો. 9724124626


"મણિ મંદિર"
ભાટી એન
મો. 9825636040


"રે પંખીડા સુખથી ચણજો"
કિશોર પીઠડીયા
મો. ૯૮૨૫૧૧૨૬૭૧


"ધાવજે રે મારાં બાળ..."
આનંદ શાહ
મો. ૯૪૨૫૯૬૩૩૫૦

પિયરયાત્રા

- અવિનાશ પરીખ

બેંકની દીર્ઘ સેવાઓ બાદ રશ્મિકાંત નિવૃત્ત થયા. નિવૃત્તિ વેળાએ તે બેંકના જનરલ મેનેજરપદે હતા. પોતાની સ્વચ્છ કારકિર્દી દરમિયાન તેમણે સતત બેંકના હિતને જ નજર સમક્ષ રાખીને કાર્ય કર્યું હતું. તેમની સેવાઓ બદલ બેંકે તેમને અનેકવાર નવાજ્યા હતા. એક ગજબના આત્મસંતોષ સાથે તેમણે બેંક છોડી હતી.

રશ્મિકાંતનાં પત્ની રજનીબાળા શિક્ષિત મહિલા હતાં. રૂઆબદાર વ્યક્તિત્વ ધરાવવા ઉપરાંત તે ભારતીય ક્લાસિકલ સંગીતના પણ રસિયા હતાં. સિતાર પણ સરસ વગાડી લેતાં. બીજાઓ ઉપર વર્ચસ્વ જમાવવાનું તે પસંદ કરતાં.

પણ, પોતાની ફેશન ડિઝાઈનર પુત્રવધૂ રાજશ્રી ઉપર તે વર્ચસ્વ જમાવવામાં નિષ્ફળ ગયાં હતાં. રાજશ્રી રિતેશની પત્ની હતી અને પુત્ર રિતેશ માના કહ્યામાં જરૂર હતો. રાજશ્રી ગર્ભશ્રીમંત કુટુંબની કન્યા હતી અને ત્રણ વર્ષ પહેલાં રિતેશ સાથે પ્રેમલગ્ન કરીને રશ્મિકાંત અને રજનીબાળાની વહુ બનીને ઘરમાં પ્રવેશી હતી.

રિતેશનો પોતાનો સ્વતંત્ર ધંધો હતો અને તે અઢળક કમાઈ લેતો હતો. તેની પત્ની રાજશ્રી ઠસ્સાદાર, સ્વાભિમાની માનુની હતી. તે નમ્ર પણ તેટલી જ હતી. સાસુ-સસરા અને પતિને પૂરતો આદર આપતી.

રિતેશની નાની બહેન એકતા સુખી ઘરમાં પરણીને ઠરીઠામ થઈ હતી. સ્વભાવે તે મા ઉપર ગઈ હતી. પોતાની ભાભીની તે ભારોભાર ઈર્ષ્યા કરતી. શિક્ષિત હોવા છતાં તે સાસરીમાં આરામ ફરમાવ્યા સિવાય કોઈ કામ કરતી નહોતી. ભાભી રાજશ્રીની પ્રગતિ તેનાથી જીરવાતી નહોતી. એક જ શહેરમાં પરણી હોવાથી મહિનામાં બે વાર પિયેરના ચક્કર લગાવવાનો તેણે ક્રમ બનાવી લીધો હતો.

રશ્મિકાંતની નિવૃત્તિને અઠવાડિયું પસાર થઈ ગયું હતું. પત્ની સાથે શાસ્ત્રીય સંગીત સાંભળીને, જૂનાં ચલચિત્રો જોઈને, મનગમતું વાંચન કરીને તે સમય પસાર કરી લેતા. સવારનો મોર્નિંગવૉક, યોગાસનોનો ક્રમ તે આજીવન જાળવી રાખવાનું પ્રણ લઈ ચૂક્યા હતા. મિત્રો ખૂબ ઓછા હતા. ફોન ઉપર તેમની સાથે વાત કરી લેતા. કોઈના ઘરે જવાનું તે ટાળતા. સ્વભાવે તે અંતરમુખી હતા.

સોમવારની સવાર હતી.

રશ્મિકાંત બંગલાની લોનમાં છાપું વાંચી રહ્યા હતા. રજનીબાળા મોબાઈલમાં ડૂબેલા હતાં. રિતેશ અને રાજશ્રી કામ ઉપર જવા નીકળી ચૂક્યા હતા. રજનીબાળાએ મોબાઈલ ઉપર આવેલો એક જોક પતિને સંભળાવ્યો. રશ્મિકાંત હસી પડ્યા.

તે હસતાં હસતાં જ બોલ્યા, "આખા દિવસમાં, મોબાઈલ ઉપર એકાદ સારો જોક આવી જાય છે ખરો. મને જોક ગમ્યો."

"મારા બધાં જ ગ્રૂપ કલાસિક છે. અમે લોકો આલતુફાલતુ પોસ્ટ શેર કરતા જ નથી." રજનીબાળાના સ્વરમાં ગર્વની છાંટ હતી.

"બધાં જ આવું કહેતા હોય છે." રશ્મિકાંત ધીમેથી બોલીને મુસ્કુરાયા.

તરત જ રજનીબાળા બોલી ઊઠ્યાં. "મારી ગણતરી બધાંમાં ન કરશો. આઈ એમ એ ફેસ ઈન ધી ક્રાઉડ."

રશ્મિકાંત મૌન બનીને મનોમન સ્મિત કરતા રહ્યા. પત્નીના સ્વભાવને તે સારી પેઠે સમજતા હતા. પત્ની બડાઈખોર તો હતી જ. આત્મશ્લાઘા તેનો પરમ ગુણ હતો. પોતાની જાતને અન્યથી અલગ ગણવી, પોતે કરેલા કામનો ઢોલ અવિરત પીટવો, બીજા કોઈને મહત્ત્વ જ ન આપવું - રજનીબાળાનાં જન્મજાત લક્ષણો હતાં.

"સાંભળો છો..." રજનીબાળા મંદ સ્વરમાં બોલ્યાં. બોલીને પતિને તાકતાં રહ્યાં.

"યાદ છે, તમે એકતાને શું કહ્યું હતું ?"

"શું કહ્યું હતું ?"

"રિટાયર થયા પછી તેના ઘરે જવાનું, તે પણ અઠવાડિયા માટે, તમે આપણી દીકરીને કહ્યું હતું."

"કહ્યું હતું, પણ, એક દિવસ માટે."

"તો, આવતીકાલે જઈશું, ત્યાં ?"

"તારો આગ્રહ છે તો જઈશું. પણ, મને એકતાના સંયુક્ત કુટુંબમાં જતા સંકોચ થાય છે." રશ્મિકાંતના સ્વરમાં ખચકાટનો ભાવ હતો.

"કેટલા સારા લોકો છે તે બધાં. એકતા કરતાં એ સહુ આપણને રહેવા માટે હંમેશાં બોલાવે છે."

"તો જઈ આવીએ.... એક દિવસ માટે. તું એકતાની સાસુને ફોન કરી દેજે. અને હા, એકતા સાથે રાજશ્રીની બૂરાઈનો કાર્યક્રમ ત્યાં આકાર લેવો ન જોઈએ. રાજશ્રીની ઈર્ષા... મા-દીકરી ઓછી કરતા હોવ તો...!"

રજનીબાળાએ મોં મચકોડ્યું.

બીજે દિવસે પતિ-પત્ની એકતાને ત્યાં પહોંચી ગયાં. આખા કુટુંબના દરેક સભ્યે તેમને મધઝરતો આવકાર આપ્યો. ચા-નાસ્તો થયો. વાતોનાં વડાં તળાયાં. એકતાની ખુશી પરાકાષ્ઠા ઉપર હતી. માતા-પિતા પ્રથમવાર તેને ત્યાં રહેવા માટે આવ્યાં હતાં.

શાનદાર લંચના કાર્યક્રમ બાદ, આરામ માટે એકતા પોતાનાં માતા-પિતાને મહેમાનોના ખંડમાં લઈ ગઈ. રશ્મિકાંતે પોતાના પલંગમાં નિરાંતે કાયા લંબાવી. એકતાએ મા પાસે પલંગમાં સ્થાન લીધું. તે અત્યંત પ્રસન્ન ભાસતી હતી.

"મા."

"હં..."

"ભાભી સાહેબા મજામાંને ?" એકતાએ રાજશ્રી પુરાણનો આરંભ કરી દીધો.

રશ્મિકાંતે વ્યંગાત્મક સ્મિત ધારણ કરી લીધું. રજનીબાળા સમજતાં હતાં પતિના અણગમાને. પણ, વહુની બૂરાઈ કરવાનું આથી શ્રેષ્ઠ સ્થળ તેમને ક્યાં મળવાનું હતું ! તેમણે પતિ તરફ જોયું.

"તે બોલ્યાં, "તમે કાન બંધ કરી દો. મા-દીકરી વચ્ચે ન આવશો."



રશ્મિકાંતે નેત્રો બીડી દીધાં.

"તારી ભાભીનું ઘમંડ દિન-પ્રતિદિન વધી રહ્યું છે." રજનીબાળાના સ્વરમાં રાજશ્રી માટેનો ઉકળાટ બહાર આવી ગયો.

"પૈસાદાર બાપની દીકરીને વહુના રૂપમાં ઘરમાં લવાય જ નહીં, મા. ભાઈએ તેના જીવનની મોટામાં મોટી ભૂલ કરી છે." એકતાએ અંગારા ઓક્યા.

"આખો દિવસ ઓફિસમાં હોય છે. ઘરે આવીને મોબાઇલ ઉપર અંગ્રેજીમાં વાતો ચાલુ કરી દે છે. મને પણ અંગ્રેજી ફાંકડું આવડે છે. હું બોલું છું કામ વગર ? મારે તેનું અંગ્રેજીનું અભિમાન ઉતારવું જ પડશે."

રશ્મિકાંત બેઠા થયા.

તે ઠંડકથી બોલ્યા, "અરે, તેના ક્લાયન્ટ હાઈક્લાસ છે. અને આજકાલ અંગ્રેજી બોલવાનો મહિમા ઠેરઠેર પ્રવર્તમાન છે. તેમાં તારા પેટમાં શું દુઃખે છે ! તું પણ મારી સાથે અંગ્રેજીમાં બોલજે. તારા આત્માને સંતોષ થશે."

"ડેડ..." એકતા નારાજગી વ્યક્ત કરતા બોલી. "તમે ભાભીની આટલી બધી ફેવર શા માટે કરો છો ?"

"કેમ કે રાજશ્રી અત્યંત ઉમદા વહુ છે. ત્રણ વર્ષમાં તેણે એક પણ વાર ઊંચા અવાજે વાત કરી નથી. તારી મા અને મને આદર આપે છે. રવિવારે બધાં માટે ચા બનાવે છે. શનિવારનું ડિનર પણ તે જ તૈયાર કરે છે. બંગલાનું ધ્યાન પોતે રાખે છે. નોકરો ઉપર રોફ જમાવતી નથી. પોતાની આવડતના જોરે લાખો રૂપિયા કમાય છે. ગયા અઠવાડિયે તારી માનું માથું દુઃખતું હતું. તેણે માના કપાળે બામ ઘસી આપ્યો હતો. ઘણી વાતો છે જે રાજશ્રી માટે કહી શકાય. હું માનું છું તું અને તારી મા... ઈર્ષા તત્ત્વને ખતમ કરી નાખો તો રાજશ્રીને તમે પણ ચાહવા માંડશો." રશ્મિકાંતની કેફિયત પૂરી થઈ.

એકતા અને રજનીબાળા મૌનની આડશમાં પોતાના ક્ષોભને સંતાડવા મથી રહ્યાં હતાં. મા-દીકરી નતમસ્તકે બેઠાં હતાં. રશ્મિકાંત પત્ની અને પુત્રીનું અવલોકન કરી રહ્યા હતા.

તે બોલ્યા, "રાજશ્રી ગર્ભશ્રીમંત કુટુંબની કન્યા છે. તેનામાં રૂઆબની જે છાંટ છે તે અકુદરતી નથી. ઘરમાં તે એક પણ શબ્દ અંગ્રેજીમાં બોલતી નથી. ફેશન ડિઝાઈનર છે તેથી આધુનિક વસ્ત્રો પહેરે છે. પણ તેનાં વસ્ત્રો ક્યાંય પણ મર્યાદાનું ઉલ્લંઘન કરતાં નથી. તેના વાણી, વર્તન અને વ્યવહારમાં

જન્મથી પ્રાપ્ત થયેલો ઠસ્સો છે પણ, ગર્વિષ્ઠપણું નથી. મારી વહુ ઉપર મને ગર્વ છે.''

એકતાને પિતાની વાત ન ગમી. તેના મુખ ઉપર નારાજગી દૃષ્ટિગોચર થઈ રહી હતી. તેણે મા તરફ જોયું. રજનીબાળા પુત્રીની નારાજગી સાથે પોતાની નારાજગીનો મેળ સાધી રહ્યાં હતાં. મા-દીકરી એક જ નાવના મુસાફરો હતાં. બંનેની નાવમાં જાણે તોફાન ઊમટ્યું હતું. રશ્મિકાંત બેઉની મનોદશાનો આનંદ ઉઠાવી રહ્યા હતા.

અંતે, એકતા ભારેખમ સ્વરમાં બોલી, ''ડેડ, તમે હજુ હમણાં જ રિટાયર થયા છો. અત્યાર સુધી ઓફિસ જ તમારું ઘર હતું. કદાચ. ઘરમાં તમે સૂવા માટે જ આવતા હતા. ભાભીનો પરિચય તમને હજુ થયો જ નથી. હવે તમે ભાભીના અસલી રંગ જોઈ શકશો. મને ખાતરી છે કે આવતે વર્ષે ભાભી માટે તમારો અભિપ્રાય બદલાઈ ચૂકયો હશે.''

રજનીબાળા સ્વસ્થ સ્વરમાં બોલ્યાં, ''એકતાની વાતમાં દમ છે. તેની વાતને હું ટેકો આપું છું.''

રશ્મિકાંત પલંગમાંથી બહાર આવ્યા. તે ખંડમાં ટહેલવા માંડ્યા. પાંચ મિનિટ સુધી તેમની આ ક્રિયા ચાલુ રહી. અંતે, તે અટક્યા. પત્ની અને પુત્રી પાસે આવીને તે બેઠા. તેમના મુખ ઉપર સ્મિત હતું.

તેમણે ઊંડો શ્વાસ લીધો. ''એકતા, તું ઘણા દિવસથી પિયેર આવી નથી. અઠવાડિયું રહેવા આવી જા. મજા આવશે. તારી ભાભી કહેતી હતી કે તું જો પિયેર રહેવા આવે તો તે પોતાના કામને આરામ આપીને તારી સાથે સમય પસાર કરશે. એક અઠવાડિયામાં... મને ખાતરી છે કે તું, તારો, તારી ભાભી માટેનો અભિપ્રાય બદલી નાખીશ.''

એકતા મૌન હતી. પિતાની વાત તેના મસ્તિષ્કમાં ઘૂમરાઈ રહી હતી. પિયેર જવા માટે તેનું મન આમ પણ તલપાપડ થઈ રહ્યું હતું. અંતે, તેણે પિયરે આવવા માટેનો પોતાનો રાજીપો જાહેર કરી દીધો. રજનીબાળા વિશેષ ખુશ હતાં.

★★★

બે દિવસ બાદ એકતા પિયેર આવી ગઈ. તે અઠવાડિયું રોકાવાની હતી. રાજશ્રી નણંદના આગમનથી પ્રસન્ન હતી. તેણે અઠવાડિયા માટે ઘરમાં જ રહેવાનો નિર્ણય અમલમાં પણ મૂકી દીધો હતો. રિતેશ ખૂબ જ વ્યસ્ત હતો પણ બહેન સાથે સમય પસાર કરવાની ગોઠવણ તેણે કરી લીધી હતી રશ્મિકાંત એક મહત્ત્વપૂર્ણ સમયગાળાના મૂકસાક્ષી બનવાના હતા.

પ્રથમ દિવસના લંચ માટે આખું કુટુંબ ટેબલ ઉપર ગોઠવાયેલું હતું. રાજશ્રીએ મુખ્ય વાનગીઓ પોતાના હાથે બનાવી હતી. એકતા પોતાના માટે બનેલા ખાસ ભોજનથી મનોમન હરખાઈ રહી હતી. પણ પ્રસન્નતા વ્યક્ત કરવાની ક્રિયાથી જાતને તે દૂર રાખી રહી હતી.

હસાહસના વાતાવરણમાં ભોજનકાર્ય ચાલી રહ્યું હતું. રશ્મિકાંત વારેવારે ભોજનની તારીફ કરી રહ્યા હતા. રજનીબાળા અને એકતા તેમની આ ચેષ્ટામાં ભાગીદાર થવા ઈચ્છુક નહોતા. રિતેશ મૌન રહીને સમજદારીનાં દર્શન કરાવી રહ્યો હતો. રાજશ્રી આગ્રહ કરીને સહુને જમાડી રહી હતી. રિતેશે પોતાનું ભોજન આટોપી લીધું અને કામ હોવાથી નીકળી ગયો.

લંચ બાદ સહુ બેઠકખંડમાં આવ્યાં. રાજશ્રીએ એકતા સાથે ઘણી વાતો કરી.. એકતા ભાભી તરફથી મળી રહેલાં આદર અને સન્માનથી મનોમન ક્ષોભ પામી રહી હતી. રાજશ્રી માટેની તેમની કટુતા પ્રથમ દિવસે જ એકતાને ગુનાહિત ભાવ પ્રદાન કરીને જ રહી.

રજનીબાળા પુત્રીની મનોભાવના તરત જ પારખી ગયાં. ''આ વિષયમાં દીકરી સાથે વાત કરવી જ પડશે.'' તે મનોમન બોલી ઊઠ્યાં. વહુ સામેના ગુપ્ત મોરચામાં તે એકલા પડવા માગતા નહોતાં.

બપોરના સમયે પોતાના ખંડમાં આરામ કરી રહેલી એકતાની પાસે તે પહોંચી ગયાં. એકતા ભાભીના જ વિચારોમાં ગુમ હતી. તે પલંગ ઉપર બેઠી થઈ ગઈ. મા સામે જોઈને મુસ્કુરાઈ.



"રાજશ્રી જાદુગરણી છે, એકતા. બહુ પ્રભાવિત ન થતી." રજનીબાળા ભારપૂર્વક બોલ્યાં અને પુત્રીની પ્રતિક્રિયાની રાહ જોવા માંડ્યાં.

"મા..." એકતા ગંભીરતાથી બોલી, "હું તેલ જોઈશ, તેલની ધાર જોઈશ."

રજનીબાળા તરત જ બોલી ઊઠ્યાં. "બસ, આ જ મુદ્દાને લઈને હું તારી પાસે આવી છું."

"બીજી વાતો કરીશું ?" એકતાનો પ્રશ્ન રજનીબાળાને હતાશ કરી ગયો.

થોડી આડીઅવળી વાતો કરીને તે પોતાના બેડરૂમમાં આવી ગયાં. રશ્મિકાંત પુસ્તક વાંચી રહ્યા હતા. પત્નીની મુખમુદ્રા નિરાશા વ્યક્ત કરતી હતી. તેમણે પુસ્તક બંધ કર્યું.

તે બોલ્યા, "રસોઈ સરસ હતી, નહીં ?"

"રાજશ્રીને ઈનામ આપ્યું કે નહીં ?" રજનીબાળા દાઢમાં બોલ્યાં.

"એકતાને આજનું ભોજન પસંદ આવ્યું જ હશે ! ખરુંને ?" રશ્મિકાંત ઘા ઉપર હળવું મીઠું ભભરાવી રહ્યા હતા.

કોઈ પણ પ્રતિક્રિયા વગર રજનીબાળા પલંગમાં આડાં પડ્યાં.

★★★

બીજે દિવસે બપોરના રાજશ્રી એકતાને લઈને હેન્ડલૂમ વસ્ત્રોના પ્રદર્શનમાં ગઈ. રજનીબાળા પણ સાથે હતાં. પ્રદર્શનનું આયોજન રાજશ્રીની સખી દ્વારા જ કરવામાં આવ્યું હતું. ઉચ્ચ વર્ગની આધુનિક મહિલાઓ અને યુવતીઓ પ્રદર્શનની મુલાકાતે આવી હતી. પ્રદર્શનની સાથે વેચાણ પણ થઈ રહ્યું હતું. વસ્ત્રો મોંઘા હતાં. રાજશ્રીએ આગ્રહપૂર્વક પોતાની નણંદને મનગમતાં વસ્ત્રોની પસંદગી કરવાનું કહ્યું. એકતા ના ન પાડી શકી. એકતાની ખરીદીનું બીલ રાજશ્રીએ તેની હજાર આનાકાની છતાં હસતે મુખે ચૂકવી દીધું. સાસુ માટે પણ તેણે કિંમતી સાડી ખરીદી લીધી હતી.

એકતાને આવ્યે ચાર દિવસ પસાર થઈ ગયા હતા. એકતા હવે ભાભીને બહેનપણીના રૂપમાં જોવા માંડી હતી. બેઉ જણ દરરોજ બહાર જતા. રજનીબાળા તો સાથે હોય જ. રજનીબાળા પુત્રીમાં આવેલા ભાભી માટેના વલણના બદલાવથી નાખુશ હતા. તેમણે એકતા સાથે રાજશ્રી અંગેની વાત કરવાનું જ છોડી દીધું હતું. રશ્મિકાંતની અનુભવી દૃષ્ટિ બધું જ પારખી ચૂકી હતી.

એકતાના જવાના આગલા દિવસે ડિનરના ટેબલ ઉપર આખું કુટુંબ હતું. રાજશ્રીએ એકતા માટે તેની મનગમતી ચાઈનીઝ વાનગીઓ બનાવી હતી. એકતા ખૂબ જ ભાવપૂર્વક ભોજનનો આસ્વાદ લઈ રહી હતી. રાજશ્રીએ પોતાનાં સાસુ-સસરા માટે તેમનું ભાવતું ભોજન બનાવ્યું હતું. બંગલાના રસોઈયાને તો મિની વેકેશન મળી ગયું હતું જાણે.

તે રાતના હોમ થિયેટરમાં સહુએ શમ્મી કપૂરની "પ્રોફેસર" ફિલ્મ નિહાળી. શમ્મી કપૂર ઘરના સહુનો જ લાડકો હતો. ફિલ્મ પૂરી થયા બાદ બેઠકખંડમાં પરોઢ સુધી વાતો ચાલી. કોઈ ઊંઘવા જ માગતું નહોતું. અંતે, પરાણે સહુ છૂટાં પડ્યાં.

બીજે દિવસે સાંજના એકતાને વિદાય આપવા માટે બધાં બેઠકખંડમાં એકઠા થયા હતાં. એકતા વધુ રોકાઈ જાય તેમ સહુ ઈચ્છી રહ્યાં હતાં. પણ, એકતા ખુદ જવા માટે મક્કમ હતી. તેનો પતિ તેને લેવા માટે આવ્યો હતો.

એકતા રાજશ્રી પાસે આવી.

તેની આંખોમાં ભીનાશ હતી.


"રાજશ્રી..." એકતા બોલી, "... સખી... આવજે."

ભાભી-નણંદનો સંબંધ હવે ઔપચારિકતાના સીમાડા વટાવી આત્મીયતાના ઉપવનમાં પ્રવેશી ચૂક્યો હતો. રાજશ્રીએ પોતાની હથેળીથી ત્વરાથી આંખો લૂછીને હસી પડતા નણંદને બાહોમાં ભરી લીધી. રજનીબાળાના ગળે ડૂમો ભરાઈ આવ્યો હતો. પશ્ચાતાપની લાગણી તેમની આંખોમાં તરબતર થઈ રહી હતી. રશ્મિકાંત સાક્ષીભાવે બધું જોઈ રહ્યા હતા.

એકતા જતી રહી.

તેની પિયરયાત્રા યાદગાર બની હતી.

૨, "વૃન્દાવન", એસ બી આઈ સોસાયટી,
ભાવસાર હોસ્ટેલ નજીક, નવા વાડજ,
અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૮૨૫૯૧૨૩૧૭



કપાઈ ગયેલો ચંપો

- માવજી મહેશ્વરી

જીનલના કાન પર ઊભા રહી ગયા હતા તે પાછી વળી આવી તે છતો. સાંજથી તે રોમાંચિત હતી. ઘણા સમય પછી તેને ગીત ગણગણવાનું પણ મન થયું હતું. તેણે પોતાનું ગમતું ગીત નહાતી વખતે ગાયું પણ ખરું, સૂરજ આથમી ગયો તેને ખાસ્સી વાર થઈ ગઈ હતી. તેનો ડાઇનિંગ હૉલ અને ખાસ તો બેડરૂમ મઘમઘતા હતા. તેણે ઊંડા શ્વાસ ભરીને રોજની પરિચીત સુવાસ કરતાં જરા જુદી જાતની સુગંધ ફેફસામાં ભરી જોઈ. નહાતાં પહેલાં તેણે ફરી એકવાર પોતાના બેડને જોયા કરેલો. આજે જ નવી બેડશીટ પાથરી હતી. આમ તો તેને લઈ આવ્યાને પંદરેક દિવસો થઈ ગયા હતા, પણ તેણે મનોમન ચોક્કસ ગણતરી રાખી હતી કે આ તારીખે જ આ બેડશીટ પાથરવાની છે. છ બાય છે ફૂટની એ બેડસીટની વચ્ચે સામસામે બે મોર હતા. તેણે ખત્રીને ખાસ કહેલું કે તેને મોરલાની ભાતવાળી બેડશીટ જ જોઈએ. તે વખતે હાજર નહોતી તો તેણે દુકાનદારને મગાવી દેવાનું કહ્યું. દુકાનદાર છોકરો પણ અવારનવાર આવતી ઓછી વાતો કરતી, ભાવતાલ ન કરાવતી પોતાની ગ્રાહકની માગ પૂરી કરી. તેણે કોઈને કહ્યું પણ નહોતું કે આવી કોઈ બેડશીટ લઈ આવી છે. એકેય સળ વગરના બેડને જોઈને તેનાં શરીરમાં રોમાંચ ફરી વળ્યો હતો.

તેણે હૉલમાં લગાવેલી ઘડિયાળ સામે જોઈને ફરી એકવાર મુખ્ય દરવાજા સુધી જઈને ઊભી રહી. હીંચકો સ્થિર હતો. તે હીંચકા ઉપર બેઠી. હીંચકાનાં કડાંએ જરાક અવાજ કર્યો. જીનલને લાગ્યું કે જાણે તેને કોઈએ બોલાવ્યો. તેણે ફર્શ ઉપર અંગુઠો ટેકવી હીંચકાને ધક્કો માર્યો. તેને ગમ્યું. બે પગ વચ્ચે હવા ભરાવાથી સાડી ઉપર ચડી ગઈ. આમ તો યાદ કરવું ગમતું નથી. છતાં યાદ આવી ગયું. લગ્નના શરૂઆતના દિવસોમાં ગામડાના ઘેર ઓશરીમાં હીંચકો હતો. સાંજે સાસુ-સસરા બહાર જાય. દરરોજનો એમનો ક્રમ હતો. ત્યારે સંજય નોકરી કરતો. સાંજે નોકરીથી આવીને એ હીંચકાની સામે જ ખુરશી પર બેસી છાપું વાંચે. એકવાર ઉપર ફરતા પંખાની હવા સાડીમાં ભરાઈ. સાડી છેક ઘૂંટણ સુધી ઉપર ચડી ગઈ. એજ વખતે સંજયે સામે જોયું. તે હસીને બોલ્યો હતો. એય જીલુ સંભાળીને બેસને.

બાપ રે ! તે એટલી સહજતાથી બોલ્યો હતો કે રાતની વાટ જોવાનું ભારે પડી ગયેલું. તે પછી સંજયે નોકરી છોડી દીધી. નાનો નાનો ધંધો કરવા લાગ્યો. શહેરમાં નાનું એવું મકાન લીધું. સુખના ઝાડવાં સુગંધી ફૂલોથી લચી પડ્યાં. એ જ ઘરમાં બે ટાબરિયાએ પહેલો શ્વાસ લીધો અને મોટા થવા લાગ્યાં. જીનલે અચાનક પગ ખોડી દીધા. આંચકા સાથે હીંચકો અટકી ગયો. કડાંનો અવાજ વિરમી ગયો. તેણે ઉદાસ આંખે રસ્તા સામે જોયું.

તે ફરી ઘરમાં આવી ડાઇનિંગ રૂમમાં સજાવેલી મોંઘી વસ્તુઓને જોયા કર્યું. આમ તો સંજયના આવવાનો સમય ક્યારનો થઈ ગયો હતો. પણ હવે તેનું ચોક્કસ સમયે, ઘડિયાળના કાંટે આવવાનું ક્યાં રહ્યું છે ? એ ઘડિયાળ પણ ક્યાં છે જે દર કલાકે ટકોરા પાડતી. ચોક્કસ જાતનો અવાજ થતો. ખબર હોય કે આટલા વાગ્યા છે તે છતાં ટકોરા ગણવાનું મન થતું. તેણે બારણામાં ઊભા રહી સ્વીપ સિસ્ટમથી સરકતા સેકન્ડ કાંટાને જોયા કર્યું. પતિ-પત્ની બંનેની છબીવાળા ખાસ કેશવાળી મોટી વૉલ ક્લોક પરથી સમય સરતો હતો કે સ્થિર થઈ ગયો હતો ? તેને સાવ નિરર્થક પ્રશ્ન થયો. તેવું ઘર મુખ્ય રસ્તાના વળાંક પાસે હતું. સંજયે એ પ્લોટની ખરીદી ખાસ ગણતરીથી

જ કરેલી. સોસાયટીના ત્રણ બાજુના રસ્તા તેના ઘર પાસેથી પસાર થતા, એટલે ઘર આગળનો રસ્તો હંમેશાં ગાજતો રહેતો. જીનલ બહારથી અંદર આવી, એટલામાં પાંચેક વાહનો પસાર થઈ ગયાં. તે સંજયની કારનો અવાજ તેના કાનમાં સમાઈ ગયો હતો. કારનું હોર્ન પણ તે ઓળખતી હતી. એટલે કાર દૂર હોય ત્યારે જ ખબર પડી જાય કે સંજય આવે છે. પરંતુ આજે તેના કાન વારંવાર ભૂલા પડવા લાગ્યા. મનોમન તે છોભીલી પડી ગઈ કે આવું કેમ થયું ? ત્રણેક વાર એને લાગ્યું કે સંજય આવ્યો, કાર ઊભી રહી. પણ પોતાના કાન ખોટા પડ્યાનો તેને અફસોસ થયો.

દસ વાગવા જતા હતા. સામાન્ય રીતે નવ વાગે આવી જતો સંજય હવે કયારેક દસ, તો ક્યારેક અગિયાર વગાડી દે છે. સંજયનું આવવું હવે દિવસે દિવસે અનિયમિત થઈ ગયું હતું. જીનલે અકારણ ચાલુ રાખેલું ટીવી બંધ કરી, ફરી બેડરૂમમાં આવી. બેડરૂમની ટ્યૂબલાઇટ ચાલુ રહી ગઈ હતી. કબાટમાં જડેલા ફૂલ સાઇઝનો અરીસામાં તેણે પોતાનું પ્રતિબિંબ જોયું. ડાર્ક લવંડર કલરની સાડીમાં ચમકતી આછી જરી, પાટલીના સળ. ડાબી કૂખ પાસે દેખાતી ગોરી ચામડી, પાંત્રીસ વર્ષે પણ જરાય નહીં ફૂલેલું સપાટ પેટ અને વાળ તો હજી એવા ને જ એવા ! જીનલે હલકો ઝાટકો મારી ચોટલો હાથમાં લીધો. તાજા



ધોવાયેલા કોરા વાળમાંથી શેમ્પુની સુગંધ આવતી હતી. તેણે ફરી એકવાર અરીસામાં ધારીને જોયું. તેના હોઠ પર સ્મિત આવી ગયું. ફરી બેડશીટ ઉપર નજર ગઈ. પતિ પત્ની વચ્ચે સૂતેલાં બાળક જેવું દિલ આકારનું નાનું ગુલાબી ઓશીકું બે મોટા ઓશીકાં વચ્ચે ચૂપચાપ બેઠું હતું. એ સુંવાળા ઓશીકાને ઉપાડી છાતી સાથે ચાંપવાનું તેને મન થયું. તેણે આખાયે બેડરૂમની સજાવટને જોઈને ફરી ઊંડો શ્વાસ લીધો. ફેફસાંમાં મીઠી સુગંધ ભરાઈ.

ગેટ પાસે હોર્ન વાગ્યું. આજે સંજયે જ ગેટ ખોલ્યો, કાર આંગણામાં પાર્ક કરી, જીનલને થયું આટલીવારથી સંજયની વાટ જોતી હતી અને એ આવ્યો ત્યારે જ કેમ ખબર ન પડી ? જીનલ રીતસર દોડી અને મુખ્ય દરવાજાની જરા બહાર ઊભી રહી. કારની અંદરથી પર્સ, ફાઇલ બધું લઈ બારણું બંધ કરી સંજયે જકડાઈ ગયેલા શરીરને આમતેમ નમાવ્યું.

જીનલ ઝડપથી આગળ જઈ સંજયના હાથમાંથી પર્સ અને ફાઇલ લઈ લેતા ધીમેથી બોલી - બહુ થાકી ગયા છો ?

અરે ! યાર થાકી જ જવાય ને સખત ટ્રાફિક વચ્ચે રોજ ચાલીસ કિલોમિટર ડ્રાઈવ કરવું, તેમાંય રાત પડી ગઈ હોય. એ શું બધું સહેલું પડ્યું છે ? ચાલ બાથરૂમનું ગીઝર ઑન કર, આજે બહુ થાક લાગ્યો છે. ખાધાં પીધાં વગર સૂઈ જવાનું મન થાય છે. ક્યાં ગયા બેય ?

આશિષ સૂઈ ગયો છે. રાજુ એના મિત્રને ઘેર વાંચવા ગયો છે. એ રાત્રે ત્યાં સૂઈ જ જશે. કહી જીનલે ફાઇલ અને પર્સ શો કેશ ઉપર મૂક્યાં, સંજય ડાઇનિંગ ટેબલની ખુરશી પર જ બેસી ગયો. જીનલે પાણીનો ગ્લાસ ધર્યો, સંજય એને તાકી રહેતા બોલ્યો- તે શું આજે સજી - ધજીને બેઠી છો ને ? કયાંથી જવાનું તો નથી ને ? હું થાક્યો છું. પ્લીઝ અત્યારે મને ક્યાંય બહાર જવાનું ન કહેતી. મને યાર હવે બહાર જવાની એલર્જી થઈ ગઈ હોય એવું લાગે છે.

જીનલ સંજયના મોં ઉપર ફેલાતી અણગમાની રેખાઓને જોઈ રહી, સંજય બે ઘૂંટડામાં પાણી પી ગયો. તેણે ગ્લાસ પાછો આપતાં કહ્યું- આ સાડી તને સરસ લાગે છે. ક્યારે લીધી છે ?

જીનલે થોડીવાર સંજય સામે સ્થિર નજરે જોયા કર્યું. પછી ધીરેથી બોલી એ સાડી મેં લીધી નથી. મને ભેટમાં મળી છે.

ખરીદનારની ચોઈસ સારી છે. આવી સુંદર સાડી ભેટમાં આપનાર વળી કોણ હતું ?

જીનલનું ગળું સુકાઈ ગયું. તેને કશું બોલવાની ઈચ્છા ન થઈ છતાં બોલી ગઈ. આ સાડી મારા ઘરવાળાએ ચાર વર્ષ પહેલાં મને ભેટ આપી છે. સમજ્યા તમે ?

સંજયે કપાળમાં સળ પાડતાં કહ્યું : અરે હા, યાદ આવ્યું. ચાર વર્ષ પહેલાં તું જીદ કરીને મને શોપિંગ માટે લઈ ગઈ હતી. પણ તું એટલા બધાં કપડાં ભેગાં કરીને બેઠી છો કે યાદ જ રહેતું નથી. પાણી મૂક્યું ?

યાદ ક્યાંથી રહે ? યાદ તો એને રહે જે યાદ રાખે.

બસ બસ, મને ખબર છે તું સાહિત્યની શોખીન છો. તારી સાહિત્યિક વાતો સાંભળ્યા પછી મને ઊંઘ નથી આવતી.

તે અહીં પણ કોને આવે છે ? એમ કહીને જીનલ રસોડામાં ચાલી ગઈ.

નહાઈને આવેલા સંજયે ડાઈનિંગ ટેબલ ઉપર મૂકેલી થાળી સામે જોતાં કહ્યું - તમને પત્નીઓને એવો તે કયો રોગ છે કે જેટલું હોય એટલું બધું પતિને ખવડાવી દેવું ? તમને મજૂરી કરવાનો કોઈ શોખ છે. ? આજે આમેય સાંજે નાસ્તો કર્યો છે. મને ચા બનાવી દે એટલે એક પરાઠો ખાઈ લઉં. તારે ખાવું હોય તો ખા. જીનલે સંજયના મોં સામે જોયું. સંજયની આંખોમાં ઊંઘ નહોતી, કોઈ જુદી જાતની ઉતાવળ હતી. સંજય જલદી જલદી ખાઈને ઊઠી ગયો. જીનલ બેય થાળી ઢાંકી દઈ જાણે બેડ ઉપર પડતું મૂક્યું. અડધી રાત વીતવા આવી. પહોળી સેટી પર ચત્તી પડેલી જીનલ છતને તાકી રહી. બાજુના રૂમમાં સંજય કોમ્પ્યુટરમાં હિસાબો કરતો હતો. બેડરૂમમાં બળતો નાઈટલેમ્પ આછો પ્રકાશ પાથરતો હતો. તેણે સાડી બદલી પણ બદલી નહીં. આછા પ્રકાશમાં તેની સાડીની જરી ચમકતી હતી.

તે વિતેલા સમયને યાદ કરતી રહી. વિતેલો સમય દૂર ગયો નહોતો, તોય એ સમયમાં પાછું જઈ શકાય એમ જ નહોતું. તેને યાદ આવ્યું આ આલીશાન મકાનની જગ્યાએ ક્યારેક બે રૂમ રસોડાવાળું નાનું ઘર હતું. બીજું આખું મકાન બને એટલું મોટું આંગણું હતું. આંગણામાં લાલચંપાનું મોટું વૃક્ષ હતું. લીલાં પાન વચ્ચે લાલ રંગના ફૂલના ગુચ્છા દૂરથી ધ્યાન ખેંચતા. ચંપા નીચે એક સ્કૂટર ઊભું રહેતું. ચંપાની બાજુમાં જ વાવેલી મધુમાલતીની વેલ છેક છત ઉપર ચડી ગઈ હતી. આંગણામાં મધુમાલતીની સુગંધ વેરાતી. સ્કૂટરની પાસે જ રાતે બે ખુરશીઓ રહેતી. યુવાન પતિ - પત્ની ખુરશીઓ ઉપર બેસતાં. એ ખુરશીઓ પાસે જ બે ટાબરિયાં રમતાં રમતાં સૂઈ જતા. લૂંગી અને ગંજીભેર બેઠેલા પતિનું માંસલ શરીર જોઈને પત્નીને વહાલ જાગતું. એ મનોમન મલકાતી. ધીમે ધીમે રાત ઠરતી, આંગણાનો બલ્બ ઓલવાઈ જતો. પતિ - પત્ની પાસે વાતો ખૂટતી જ નહીં. પત્ની ખુરશી ખસેડી પતિની સામે આવી જતી. પતિ પોતાના બેય પગ સ્કૂટરની સીટ ઉપર મૂકી દેતો. પત્નીની સુંવાળી હથેળીઓ પતિના પગ ઉપર ફરતી રહેતી.



આકાશમાં તારા ઝબુક ઝબુક થતા. પત્ની પોતાના પતિ સામે અર્થપૂર્ણ રીતે જોતી. પતિ સમજી જતો. બેય જણ સૂઈ ગયેલાં બાળકોને ઊંચકતા. થોડીવાર પછી બારણાં વસાઈ જતાં. ઘરની અંદરનું અંધારું સુખની સુગંધથી ઘુંટાતું રહેતું.

થોડા વર્ષો સ્કૂટરની જગ્યાએ બહાર એક નાની કાર ઊભી રહેવા લાગી. પછી તો એ ઘરને પણ પાડી દેવામાં આવ્યું. દિવસો સુધી મજબૂત ભીંતોની રજ ઊડતી રહી. વધી ગયેલો ચંપો નવા મકાનના નકશામાં આડો આવતો હોવાથી એને કાપી નખાયો. મધુમાલતીનાં મૂળિયાં એક ઓરડાનાં ભોંયતળિયા નીચે દટાઈ ગયાં. બધું જ બદલી ગયું. પવનની આવ-જાના રસ્તા બદલી પણ ગયા. ન બદલી એક જીનલ.

સેટી પર પડેલી જીનલને લાગ્યું તેનાં નસકોરાંમાં ફરી મધુમાલતીની સુગંધ ભરાવા માંડી છે. ઉખેડાઈ ગયેલાં ચંપાના મૂળિયાં ફૂટવા લાગ્યાં છે, એ ધીમેથી ઊઠી અને બાજુના રૂમમાં કોમ્પ્યુટર ઉપર હિસાબો કરી રહેલા સંજયની પાછળ ઊભી રહી. કોમ્પ્યુટરના સ્ક્રીન પર આડી ઊભી લીટીઓમાં પુરાયેલા આંકડામાં અટવાઈ ગયેલા સંજયને ખબર પણ ન રહી કે જીનલ પાછળ આવીને ઊભી રહી છે. તે આંખો તાણીને ચશ્માંમાંથી આંકડાને તાકતો રહ્યો. જીનલથી ન રહેવાયું. તેણે ધીરેથી સંજયના કાનની ઉપલી ધાર ઉપર આંગળી ફેરવી. અચાનક ચોંકી ગયેલા સંજયે પાછળ ઉભેલી જીનલ સામે ખેંચાયેલા ચહેરે કહ્યું - અરે આ શું છોકરમત માંડી છે ? તેણે માઉસ હાથમાં લઈ કર્સરને ચોક્કસ ફિગર પર ગોઠવતાં કહ્યું - પણ તું હજુ સૂતી કેમ નથી ?

જીનલને થયું એ કોમ્પ્યુટરને મળતો વીજપ્રવાહ જ બંધ કરી દે. પણ તે જરા ધીમેથી બોલી : બાકીનું કાલે કરી લેજો. મૂકોને બધું.

ના તને ખબર ન પડે, હિસાબ બધા અપડેટ રાખવા પ ડે. અમારા ધંધા માં જરાય ગફલત ન ચાલે.

એમ ? બીજા હિસાબોય અપડેટ રાખતા હો તો.

જીનલના જવાબથી અકળાયો હોય તેમ સંજયે કહ્યું - આવ્યો છું ત્યારથી જોઉં છું કે તું ઉખડેલી ઉખડેલી લાગે છે, કંઈ બન્યું છે ?

ના. ખાસ તો કશું બન્યું નથી. બન્યું એટલું જ છે કે આજે આપણા લગ્નની તિથિ છે, મતલબ મેરેજ એનિવર્સરી.

અરે ! એટલે સજી ધજીને બેઠી હતી એમ ? હું તો સાવ ભૂલી ગયો. આઇ એમ વેરી સોરી, યાર આ ધંધાની પળોજણ એવી છે તે સમજુ છો. તારે મને ફોન કરીને યાદ દેવડાવવું જોઈએ ને, આજે તો હવે કંઈ ન થાય. પ્રકાલે મારી સાથે ચાલજે. તને જે જોઈએ તે ખરીદજે. સાંભળ, આજે ખાસ્સો નફો થયો છે. બહુ ખુશ છું. કાલે તને ખુશ કરી દઈશ. મને હજુ કલાકેક લાગશે. તું મને એક કપ ચા બનાવી ન દે ?

જીનલ ધીમે પગલે રસોડામાં ઊભી રહી. જાણે ચા બનાવવાનું ભૂલી ગઈ હોય તેમ મોટાં રસોડામાં મૂકેલી નાની મોટી બરણીઓની ઉપર નજર ફેરવી બહાર બાઉન્ડરીની ધારે વાવેલા ઊંચા વધી ગયેલા પેન્ડ્યૂલા વૃક્ષને જોયા કર્યું. એ વૃક્ષ જોયું તો વધી ગયું હતું, પણ ન તો તેની છાયા હતી, ન ફળ કે ન ફૂલ, તેણે અભાનપણે બર્નર પાસે લાઇટર દબાવ્યા કર્યું. જાણે તેને ઓચિંતું જ યાદ આવ્યું કે ચૂલાનો નોબ જ બંધ પડ્યો છે.

સંજયના રૂમમાંથી કી બોર્ડનો અવાજ આવતો હતો.

૧૯૯/૬, મહાદેવનગર,
અંજાર-કચ્છ-૩૭૦૧૧૦.
મો. ૯૮૨૫૭૨૫૫૯૬



પરી

- ડૉ. સુરમ્યા જોષી

"રોશની, જલ્દી જો... જો...!" કહેતા રોનકે રોશનીને બોલાવી. હજી તો એમના પપ્પા ફૂટપાથ પાસે સ્કૂટર પાર્ક કરે અને મમ્મી સ્કૂટર પરથી નીચે ઊતરે તે પહેલાં તો બંને ભાઈ-બેન ઊતરી ને દોડતાં પાસેની હારબંધ દુકાનોની સામે પહોંચી ગયા'તા.

'સન્ની', 'શીતલ', 'મુન્ના-મુન્ની', 'વટ્ટ છે', જેવાં આકર્ષક નામોવાળી બાળકોનાં તૈયાર કપડાંની દુકાનોમાંની એક દુકાનની બહાર, શોકેસની સામે ઊભેલો ભાઈ શું જોવા બોલાવે છે તે જોવા દોડતી - કૂદતી પહોંચી ગએલી રોશની શોકેસ સામે જતાં જ "વાઉ.." કહેતી ઊભી રહી ગઈ અને પાછી બન્નેના મ્હોંમાંથી, "ફેરી ફ્રોક" એવું એક સાથે નીકળી ગયું. નમ્રતાની નજર બન્ને બાળકોની ગતિવિધિ ઉપર હતી જ. તે પતિ પ્રતીક સાથે ઝડપથી ત્યાં જઈ પહોંચી, બન્ને બાળકોએ મમ્મી તરફ જોયું. નમ્રતાએ પણ શોકેસમાંનું ફેરીફ્રોક જોયું; લાલચટક, ઉપર લાલ ફૂલ અને લેસ લગાડેલું, ઝૂલ-ઝૂલવાળું સુંદર ફ્રોક જોતાં જ એણે બાજુમાંની બીજી દુકાનો તરફ પગ ઉપાડ્યા. બધા શોકેસ જોતાં જોતાં એ ચોથી દુકાન પાસે ઊભી રહી ગઈ અને બંને બાળકોને, "કમ હીઅર, સી ! જુઓ ! કેટલું ફાઇન પર્પલ પાર્ટી ફ્રોક છે ! અને રોનક માટે બ્લ્યૂ શર્ટ પેન્ટનો સેટ પણ છે, વીથ પર્પલ બટન એન્ડ પર્પલ બો ટાઇ, મેચિંગ મેચિંગ," કહેતાં ત્યાં બોલાવ્યાં. બન્ને બાળકોને લાલ ફ્રોક પાસેથી ખસવું નહોતું તોય કમને મમ્મી પાસે ગયાં, પાછળ પાછળ પ્રતીક પણ જોડાયો, ત્યાં સુધીમાં તો નમ્રતા દુકાનનું પગથિયું ચઢી ગઈ અને પાછળ ત્રણેય ને દુકાનમાં અંદર આવવા ઈશારો કર્યો. દુકાનદારને વિનંતી કરી ને એણે ડિસ્પ્લેમાં છે તેવાં જ ફ્રોક અને શર્ટ પેન્ટ દેખાડવા કહ્યું અને તે દરમિયાન બાળકો અને પ્રતીક સાથે આડી અવળી વાતો કરવા માંડી.

થોડીવારમાં તો બંને બાળકોની સામે કાઉન્ટર પર એમને માટેનાં કપડાં મુકાઇ ગયાં. નમ્રતાએ પ્રતીકને ઈશારો કર્યો અને પછી બંનેએ ફ્રોક અને શર્ટ-પેન્ટનાં ખૂબ વખાણ શરૂ કર્યો, દુકાનદાર પણ એમાં જોડાયો અને જ્યારે એણે પ્રિન્સ એન્ડ ફેરી શબ્દો વાપર્યા ત્યારે તો રોશનીએ ખુશ થઈને રોનકને તાળી આપી. નમ્રતાએ કપડાંની સાઈઝ માપીને પેક કરાવી દીધાં અને દુકાનમાંથી નીકળીને પ્રતીકને સ્કુટર સીધું આઇસક્રીમ પાર્લર પર લેવા કહ્યું. દસ વર્ષના રોનક અને પાંચ વર્ષની રોશનીને વધારે મૂડમાં લાવવા માટે એ પૂરતું હતું.

અઠવાડિયા પછી પાતાની મેરેજ એનિવર્સરીએ નમ્રતાએ પોતે નવાં કપડાં પહેર્યાં, પછી રોનક અને રોશનીને નવા બ્લ્યૂ શર્ટ પેન્ટ અને પર્પલ ફ્રોકમાં સુંદર તૈયાર કર્યા. રોશનીને બ્રેસલેટ, મોજડી અને માથે મુગટ પહેરાવીને પરી જ બનાવી દીધી અને રોનકને ઘડિયાળ, નવાં બૂટ-મોજાં અને નવી ટોપી પહેરાવીને પ્રિન્સ બનાવી દીધો. બંને બાળકો તરત જ આગલી રૂમમાં દોડ્યાં અને દાદા-દાદી સાથે વીડિયો કોલ પર વાતો શરૂ કરી દીધી અને પોતાની નવી નવી વસ્તુઓ બતાડવામાં પડી ગયાં. ચારેય જણના આનંદભર્યા અવાજ સાથે વાતાવરણમાં મસ્તી જ મસ્તી છવાઈ ગઈ. થોડીવાર ત્યાં બેસીને આ મસ્તી નિહાળવાનો આનંદ લઈને નમ્રતા પાછી પોતાની રૂમમાં આવી. ડ્રેસિંગ ટેબલની સામે નાનકડા મુડા ઉપર બેસીને એણે ચહેરા પર આછો આછો મેકપ કર્યો. ઘરેણાંના બોક્સમાંથી ભારે નેકલેસ અને લટકતી બુટ્ટી અને નકશીદાર કડાં પહેર્યાં. આરસીમાં પોતાનું પ્રતિબિંબ જોઈને મંદ સ્મિત કરતી બેસી રહી.

આજે એણે મરુન રંગનું નવું પેન્ટ અને સિલ્કની કુર્તી પહેર્યાં હતાં. ઘેરો ગુલાબી રંગ અને એમાં ગોલ્ડન બુટ્ટા, ગોલ્ડન બાંય અને ગળા ઉપર ગોલ્ડન બોર્ડરવાળી આ કુર્તી સરસ બની હતી, નમ્રતાને ગમી. વળી પાછું મંદ સ્મિત એનાંય ચહેરા પર રમી રહ્યું.

લગ્નની આજે બારમી એનિવર્સરી હતી છે. અત્યાર સુધીની દરેક એનિવર્સરીમાં એણે આજ કપડાનાં વસ્ત્રો પહેર્યા છે ! રેકોર્ડ ! અને એ વાતની એક વિશેષ મઝા એનાં અને પ્રતીકના સ્નેહમાં પ્રત્યેક વર્ષે બમણો વધારો કરતી રહી છેને ! નમ્રતાએ પ્રેમથી પોતાની ગુલાબી કુર્તીની બાંય પર હાથ પસવાર્યો.

મૂળ તો આ એક ઘરારા સૂટ હતો. લગ્નનાં શરૂઆતનાં વર્ષોમાં તો એ મૂળ સૂટ જ એને બંધ બેસતો થઈ રહેતો. તેનાં થોડાં વર્ષો પછી એનું ટોપ ખોલાવીને બાંય નવી મુકાવેલી. તો વળી તે પછી ઘરારાના કપડામાંથી ટોપ અને બીજા કાપડનું ચૂડીદાર કરાવેલાં અને હવે આ વર્ષે મૂળ ઘરારાના ભારે દુપટ્ટામાંથી આ ઘૂંટણ સુધીની સરસ કુર્તી બનાવડાવી હતી.

આ આખીય બાબત રસપ્રદ તો છે જ ! તો પછી એને જરા જાણી લઈએ ! નમ્રતાના સ્મૃતિભવનમાં જઈએ !

...તે દિવસે એની ખાસ બેનપણી નૈયાના લગ્ન નિમિત્તે લગ્નના બીજા દિવસે મીઠાઈનાં અને નાસ્તાનાં બોક્સ, ચાંદીનો પૂજાપો અને એક મોટું પેકેટ એમ વિવિધ ભેટ નમ્રતા અને એના પરિવાર માટે આવેલી.

"આટલી બધી રિટર્ન ગિફ્ટસ હોય આંટી ?" નમ્રતાએ નૈયાનાં મમ્મી, માલા આંટીને ફોન કરીને કહ્યું ત્યારે એમણે

પ્રેમથી છલોછલ જવાબ આપેલો કે, " આ તો ઓછું છે, તારા લગ્ન માટે બાકી રાખ્યું છે." અને પછી ઉમેરેલું, "મીઠાઈઓ તાજી છે, ફ્રીજમાં મૂકી દેજે અને બાકીની ગિફ્ટ્સ કેવી લાગી તે ચોક્કસ કહેજે." "હા આંટી શ્યોર, થેંક્યુ વેરી મચ, લ્યો ફોન મમ્મીને આપું," કહેતાં એની મમ્મીને ફોન આપીને નમ્રતા પોતાની જોબ પર ગઈ. પછી માલા આંટી અને મમ્મીની વાતો લાંબી ચાલી, પેલું મોટું પેકેટ ખોલવાનું તે દિવસે તો રહી ગયું.

બીજે દિવસે છેક સાંજે નમ્રતાના મમ્મીને યાદ આવ્યું અને એમણે પેકેટ ખોલ્યું. "નમ્રતા..." મમ્મીએ બૂમ મારીને એને બોલાવી. "હં..." કહેતાં કહેતાં તે ત્યાં આવી અને સોફા પર બેઠેલી મમ્મીના ખોળામાંનું પેકેટ જોઈને ત્યાં પાસે આવી.

"ઓ માય ગોડ ! બાપ રે, શું છે આ ?" એનાં મોંમાંથી નીકળી ગયું જે સાંભળીને એના પપ્પા પણ ત્યાં આવી ગયા. ખુલ્લા પેકેટના પ્લાસ્ટિક પરનું નામ અને અંદરની વસ્તુ જોઈને નમ્રતાનાં મ્હોંમાંથી ઉફ્ફ નીકળી ગયું. "શું છે આ ?" પપ્પાએ પૂછ્યું કે તરત જ તે બોલી પડી," અરે શું પપ્પા ! સખત હેવી ઘરારા સૂટ છે. આમ્રપાલીમાં સાદા ડ્રેસ મળે છે જ ક્યાં ?" "લે, સારું ને," મમ્મી એ પ્રતિક્રિયા આપી. "અરે પણ મમ્મી તું જો તો ખરી ! કેટલો ડાર્ક પિંક અને ગોલ્ડન બુટ્ટા !" કહેતી તે ધબ્બ દઈને બેસી પડી. "મને તો બહુ ગમ્યો," મમ્મી બોલી. "મને પણ, હોં, ફેસ્ટીવ મૂડ માટે પરફેક્ટ ચોઈસ છે," પપ્પાએ પણ વખાણ કર્યા. નમ્રતાએ કંઈ પણ બોલ્યા વગર પેકેટ બંધ કર્યું અને અંદર લઈ જઈ ને કબાટમાં મૂકી દીધું પણ એનાં મમ્મીએ તરત જ નૈયાને ઘેર ફોન કરી ને માલાબેન સાથે વાતો કરી, બધી જ ગિફ્ટ અને વિશેષમાં પૂજાપાનાં અને ડ્રેસનાં ખૂબ વખાણ કરીને આભાર માન્યો. તે દિવસે એ પેકેટ કબાટમાં મૂક્યું તે મૂક્યું, તે પછી એને નમ્રતાએ ખોલ્યું જ નહોતું.

જ્યારે નૈયાની લગ્ન વિષયક વાતચીત ચાલતી'તી ત્યારે નમ્રતાનું પણ એવું જ હતું. એણે પણ ઘણા બધા યુવકો જોયેલા અને હંમેશાં સકારાત્મક તેમજ ઉત્સાહી વલણ જ રાખેલું, વળી બધા સારા જ હતા પણ કંઈક ને કંઈક કારણસર વાત આગળ વધી નહોતી. હવે તે કંટાળી હતી અને એણે કહી દીધેલું,



"પ્લીઝ, પપ્પા-મમ્મી, થોડા મહિના મને ફ્રી રાખો. નો મોર મિટિંગ્ઝ નાઉ."

એ વાતને છ-એક મહિના થયા હશે ત્યાં એનાં પપ્પાએ એક દિવસ હરખભર્યા સ્વરે જણાવ્યું, "અરે કહું છું, નમ્રતા અને એની મમ્મી, એક ફાઈન વાત છે. મેં ન્યૂઝપેપરમાં એડ જોઈને એક છોકરા માટે ફોન કર્યો તો, બાયોડેટા જોતાં સરસ પાત્ર લાગે છે. એ લોકોનો રિસ્પોન્સ આવ્યો છે. બસ, હવે મિટિંગ ગોઠવી દઈએ." નમ્રતાએ માથે બે હાથ મૂક્યા ને મમ્મી સામે જોયું. મમ્મીએ એને મનાવવા માટે પ્લીઝની મુદ્રામાં ડોકું હલાવ્યું. પપ્પાનું દિલ ના દુઃખાય તે જ માત્ર કારણે એણે, "ઓક્કે..." કહીને નામરજી સાથે પણ તૈયારી બતાડી.

મિટિંગના મુકરર દિવસે નમ્રતા તૈયાર થવા માટે કબાટ ખોલીને બેઠી. એનાં મમ્મી પપ્પા આગલી રૂમમાં એની રાહ જોઈને બેઠાં હતાં. જ્યારે તૈયાર થઈને તે બહાર આવી ત્યારે બંને અવાચક થઇ ગયાં. માલા, આંટીવાળો ગુલાબી અને ગોલ્ડન ઘરારો, ઉપર ભારે દુપટ્ટો અને કોઈક એક વખતે મમ્મી એને માટે લાવેલી તે મોટ્ટી બુટ્ટી જે આજ પહેલાં કદી પહેરી નો'તી. એનો આ પહેરવેશ અત્યારના આ પ્રોગ્રામ પ્રત્યેનો એનો અણગમો સ્પષ્ટપણે સૂચવી રહ્યો હતો જોકે મમ્મી પપ્પા તો દીકરીનું આ અલગ જ સ્વરૂપ જોઈને રાજી જ થયાં કારણ કે તે ઘણી જ શોભી રહી હતી છતાં કંઈ પણ ના બોલતાં, "ચાલો, નીકળીએ !" કહેતાં પહેલા પપ્પા ઊભા થયા, પાછળ એનાં મમ્મી પણ જોડાયાં, પાછળ પાછળ નમ્રતા પણ જોડાઈ.

યુવક બહાર ગામનો હોઈ અહીં એમના કોક સંબંધીને ત્યાં મિટિંગ ગોઠવાઈ હતી. ત્રણેય જણ ત્યાં પહોંચ્યા, આખે રસ્તે કોઈ કંઈ જ બોલ્યું નહીં. યુવક તેમજ તેનાં માતા-પિતા, પેલા સંબધી અને નમ્રતાનાં માતા-પિતા, સહુ પ્રથમ ઔપચારિકતા પછી મોકળાશથી વાતો કરી રહ્યાં હતાં, માત્ર નમ્રતા બિલકુલ નહીંવત્ ભાગ લઈ રહી હતી. જોકે હવે એને ખ્યાલ આવ્યો હતો કે પપ્પાનું જજમેન્ટ સાચું લાગે છે, યુવક બધી રીતે યોગ્ય જણાય છે. ચા નાસ્તો પત્યા પછી જ્યારે યજમાને સૂચવ્યું કે 'બંનેને કંઈ પૂછવું હોય તો...' ત્યારે," હા હા, ચોક્કસ," કહેતાં યુવક તો તરત જ ઊભો થઈ ગયો. હવે નમ્રતા મૂંઝાઈ, એણે મમ્મી-પપ્પા સામે જોયું અને પછી યુવક સાથે વાત કરવા બીજા રૂમમાં એની પાછળ પાછળ ગઈ. બન્ને બેઠાં. એકબીજાનાં શોખ, બંનેની કેરિયર, લાઈફની ફિલોસોફી વગેરે વાતો ચાલી. ટોટલ બધી રીતે ઘણું સારું પાત્ર છે તેની પ્રતીતિ નમ્રતાને થઈ ત્યાં તો યુવકે અણધાર્યું જ પૂછ્યું, "તમે કાયમ જ આમ, એટલે કે આવી રીતનાં તૈયાર થાઓ છો?" 'ઓહ, નો... નો... ઓહ ગોડ ! નમ્રતાને પોતાની ઉપર સખ્ખત ખીજ ચઢી. અત્યાર સુધી આવા દરેક પ્રસંગે તેમજ કોઈ પણ ફંક્શન હોય, એનો તો સિમ્પલ જ પહેરવેશ હોય. ભારે કપડામાં પણ એનું રીચ એન્ડ સિમ્પલનું સ્લોગન જ દેખાય અને આજે જ એને

આ ઠઠારા કરવાના થયા ! રીસમાં ને રીસમાં આવું કર્યું તેમાં હવે પહેલી વાર આટલું પરફેક્ટ મેચ મળે છે તે જવાનું.' એને એટલો તો અફસોસ થયો કે આંખમાં પાણી આવી જ જાત. એ નીચું જોઈને ચૂપચાપ બેસી રહી, જે થોડું વધારે લાંબુ ચાલ્યું હશે કારણ કે યુવકે હળવો ખોંખારો ખાઈને એનું ધ્યાન દોર્યું ત્યારે એણે ઊંચું તો જોયું પણ તેની સામે જોવાનું ટાળ્યું. "ના, એટલે ! બહુ સરસ છે, તમારો ડ્રેસ અને તમારું ડ્રેસિંગ," યુવકે કહ્યું અને નમ્રતાએ તરત જ તેની તરફ જોયું કારણ કે એ મજાક કરતો હશે તેની એને પૂરી ખાત્રી હતી. "તમે મારી ફીરકી લો છો !" એણે ક્ષોભ સાથે કહી નાંખ્યું. "અરે ના ના, બિલકુલ નહીં, ઈનફેક્ટ આઈ લાઈક ઈટ વેરી મચ. એક્ચ્યુઅલી મને આવી મિટિંગોમાં આ બાબતે જ મતભેદ પડયા છે," યુવકે સાચેસાચી કબૂલાત કરતો હોય તેમ કહ્યું પછી ઊમેર્યું, "યુ નો, આજકાલ સિમ્પલ એન્ડ સોફિસ્ટિકેટેડનો જમાનો છે પણ, મને આવું ગમે છે, ફોર માય ઓન રીઝન્સ.." કહીને એણે વાક્ય અધૂરું છોડી દીધું. જવાબમાં નમ્રતાએ સસ્મિત થેંક્યુ કહ્યું. થોડી બીજી સંગીત, સ્પોર્ટ્સ જેવા વિષયો પર વાતચીત થઈ અને આ મુલાકાત પૂરી થઈ.

નમ્રતા અને યુવક, બન્નેએ પોતપોતાનાં માતા-પિતાની આગળ બીજી મિટિંગની ઈચ્છા વ્યક્ત કરેલી તે મુજબ બે દિવસ પછી એ લોકો નમ્રતાને ત્યાં પધાર્યાં. થોડી મહેમાનગતિ પત્યા પછી, નમ્રતાએ એના પપ્પાને કહી રાખેલું તે પ્રમાણે એમણે તે બન્નેને કંઈ ખાસ પૂછવું કહેવું હોય તો... કહ્યું ને બન્ને ટેરેસ પર જઈને બેઠાં.

આજે નમ્રતાએ એને પોતાને ગમતો સફેદ અને પીળો સાદો ડ્રેસ પહેર્યો'તો. વાતચીતની શરૂઆતમાં જ એણે કહી દીધું કે, "મેં આ માટે જ બીજી મિટિંગનું કહેલું, હું ખરેખર તો આવી જ હોઉં છું, પેલે દિવસે પહેલી જ વખત એટલો ઠઠારો કરેલો." "ઈન ધીસ ટૂ યુ લુક ઇક્વલી ગૂડ," યુવકે પ્રશંસા સાથે કહ્યું. થોડી વધુ મુલાકાતો થઈ તે પછી લગભગ પાકું થતાં પહેલાં એક મુલાકાતમાં યુવકે નમ્રતાને કહ્યું, "મારે બે વાત કરવાની છે. પહેલાં કહી દેવી જરૂરી છે, કદાચ તમારે વિચાર બદલવો હોય...!" નમ્રતાને ટેન્શન થયું. યુવકે આગળ કહ્યું, "એક તો... તમે લગ્ન પછી હંમેશાં ઘરમાં તૈયાર થઈને રહેશો ? એટલે કે તમારી ભાષામાં 'ઠઠારો...' અને બીજું, આપણા એન્ગેજમેન્ટ, મેરેજ, રિસેપ્શન એકેયમાં તમે લાલ રંગ ના પે'રશો. બીજો કોઈ પણ, પિંક, ઓરેંજ, યલો... કોઈ પણ પે'રજો પણ લાલચટક નહીં, પ્લીઝ !, મારી વ્યક્તિગત ઈચ્છા છે, ફોર માય ઓન રીઝન્સ."

રંગવાળો આગ્રહ માન્ય રાખવામાં નમ્રતાને કંઈ વાંધા જેવું લાગ્યું નહીં, અલબત્ત નવાઈ જરૂર લાગી પણ, પહેલો આગ્રહ ! થોડીવાર રહીને મલકીને એણે જવાબ આપ્યો, "થોડા તુમ્હારા, થોડા હમારા.. વચલો, સેમી ઠઠારો..!"

...પહેલી મુલાકાતની એ સ્મૃતિ તાજી રાખવા હંમેશાં નમ્રતા મેરેજ એનિવર્સરીએ એ જ ઘરારો પહેરતી, જેમાં ધીમે ધીમે ફેરફારો કરાવતાં કરાવતાં આજે આ કુર્તી બની હતી. મીઠી યાદો માણતાં આરસીની સામે બેઠેલી નમ્રતાને કાર પાર્ક થવાનો અને ઘરનું બારણું ખૂલવાનો અવાજ સંભળાયો જ નહીં, જ્યારે આવીને એની પાછળ ઊભેલા પ્રતીકનું પ્રતિબિંબ દેખાયું ત્યારે જ એને તેની હાજરીનો ખ્યાલ આવ્યો. "હેપી એનિવર્સરી," ગુલાબી-ગોલ્ડન કુર્તી જોઈને આનંદસભર નેત્રે પ્રતીકે પત્નીને અભિનંદન આપ્યા. પપ્પાને જોઈને બાળકો પણ ત્યાં દોડી આવ્યાં. સાંજ શાનદાર ફેમિલી ડિનર સાથે પૂરી થઈ.

એ વાતને અઠવાડિયું થયું હશે ત્યાં એક દિવસ નમ્રતા ઈસ્ત્રીવાળા કપડાં કબાટમાં મૂકી રહી હતી, એનાં હાથમાં પેલી કુર્તી જોઈને પ્રતીક ખડખડાટ હસી પડયો ને પ્રેમથી બોલ્યો," નમુ, હવે નેક્સ્ટ ઈયર જો આ ના આવી' રે તો નવી સાડી લઈએ તારે માટે !" "હા, પણ રંગ તો આજ, ગુલાબી એન્ડ ગોલ્ડન !," એવાં જ દિલખુશ હાસ્ય સાથે નમ્રતાએ જવાબ આપ્યો.

"બેસ." અચાનક જ પ્રતીક દ્વારા ગંભીર સ્વરે બોલાયેલ આ શબ્દ સાંભળીને નમ્રતાને કંઈ સમજાયું નહીં, એ સાચે જ ત્યાં પલંગ પર બેસી ગઈ, સામે પ્રતીક પણ બેઠો. "નમુ, તેં મને આટલા બધાં વર્ષોમાં કદી પૂછ્યું જ નહીં કે મેં લાલ રંગ પે'રવાની કેમ ના પાડી હતી ? એટલું જ નહીં, તેં તારે માટે ને રોનક, રોશની માટે પણ આજ સુધી કદી લાલ રંગનું એકપણ કપડું ઘરમાં નથી આવવા દીધું." હા, વાત તો સાચી હતી, પણ નમ્રતાને કદી પૂછવાની જરૂર નહોતી જણાઈ. પહેલી વખત આ વાત કરતી વેળા જ પ્રતીકે, 'ફોર માય ઓન રીઝન્સ' એમ કહેલું, જે બાબતનું નમ્રતાએ સાહજિક રીતે જ હંમેશાં પૂરેપૂરું માન રાખ્યું હતું.

"બહુ જૂની, મારા નાનપણની વાત છે." પ્રતીકે વાત માંડી, "અમારું મોટું કુટુંબ હતું નમુ, અને મોટા ઘરમાં અમે, એટલે કે હું, મારાભાઈ જનકભાઈ, અમારા બે કાકા, દાદા-



દાદી, મમ્મી-પપ્પા અને બે ફોઈ રહેતાં... બંને ફોઈ ખૂબ સુંદર, ખૂબ પ્રેમાળ, અભ્યાસ, કામકાજ બધામાં કુશળ. અરે, નમું, તું તો મળી જ છું ને બન્નેને !'' નમ્રતાના ચહેરા પર આશ્ચર્યના ભાવ જોઈને પ્રતીક ફિક્કું હસ્યો અને આગળ બોલ્યો, ''હા, તેં જેવા જોયાં છે બન્ને ફોઈ ને તે પરથી તું કલ્પના જ નહીં કરી શકે મારાં, સિનેમાની હીરોઈનને પાછી પાડી દે તેવાં સ્વરૂપ વાન અને ચંચળ ફોઈઓની.'' સ્હેજ અટકીને, જાણે ક્યાંક ખોવાઈ ગયો હોય એમ પ્રતીક આગળ બોલ્યો, ''હું નાનો હતો પણ મને બરોબર યાદ છે બન્ને ફોઈનાં લગ્ન. એકનાં થયેલા ઉનાળામાં અને એકના શિયાળામાં. લાલચટક સાડીમાં અત્યંત સુંદર દેખાઈ રહેલાં તેમને જોઈને હું અને ઘરનાં સહુ એટલાં રાજી રાજી હતાં. તે પછી થોડા વખત સુધી બંને ફોઈ ઘેર આવતાં ત્યારે પણ એવાં જ સજીધજીને શોભતાં પણ, ધીમે ધીમે એ સુંદરતા, એ મીઠું મુક્ત હાસ્ય ખોવાઈ ગયું જાણે. તે વખતે મને બહુ સમજ નહીં, પણ કંઈક અલગ લાગતું. ઘરમાં પણ જાણે કે આનંદ ઓછો થઈ ગયો. પછી તો કાકાનાં લગ્ન થયાં, પપ્પાની નોકરી બીજે શહેર થઈ, અમે મોટા થયા. ફોઈઓને મળવાનું તો કોક પ્રસંગે જ થતું પણ નમુ, મને ત્યારથી મનમાં એમ જ થઇ ગયું કે તે દિવસે એમણે લાલ સાડી પહેરી'તી ને, ત્યારથી જ આવું થયું, હા બસ એમ જ. માત્ર મારાં ફોઈઓ જ નહીં, અન્ય પણ ઘણી પરિચિત બહેનોની બાબતમાં મેં આવું જ જોયેલું અને પછી એ વાત મારા મનમાં એવી તો બેસી ગઈ કે મને લાલ રંગ પર જ અણગમો થઈ ગયો. વધુ મોટા થયા પછી સમજતો થયો કે લાલ તો શુભનો રંગ છે અને દરેક માતા-પિતા માટે એમની દીકરી એ પરી અને રાજકુંવરી જ હોય છે ને તેથી જ એના સુખદ ભાવિ માટેનું પાનેતર લાલ હોય છે પણ મેં મનોમન મારી જાતને પ્રોમિસ કરેલું કે મારી પત્ની લગ્નમાં લાલ રંગ નહીં પહેરે, એનાં જીવનમાં સાજ શણગાર ચાર દિવસની ચાંદની બનીને નહીં રહી જાય. એ તો હંમેશાં હસતી, ગાતી, સુંદર જ રહેશે. કદીયે એ મુરઝાઈ નહીં જાય.''

આટલાં બધાં વર્ષો પછી આજે પોતાની આગળ દિલની વ્યથા ઠાલવી રહેલા પ્રતીકનો હાથ નમ્રતાએ હાથમાં લીધો અને સજળ નયને એને જોઈ રહી. ''તને ખબર છે નમુ ? આપણી પરી, આપણી રોશની માટે પણ મને એવું જ થાય છે અને એટલે જ તો...'' બોલતાં પ્રતીકે વાક્ય અધૂરું છોડી દીધું. નમ્રતાએ માત્ર સ્મિત કરીને પ્રતીકને હાથ ઝાલીને ઊભો કર્યો, બન્ને બહાર બાલ્કનીમાં જઈને ઊભાં રહ્યાં. ઘણી બધી વાર સુધી એમ જ ઊભા રહ્યા પછી, જાણે સ્વગત જ બોલતી હોય એમ નમ્રતા બોલી, ''પ્રતીક, હું તમારું મન અને દિલ સમજી શકું છું અને હંમેશાં તમારા આ આગ્રહને સન્માનીશ પણ આપણી આ નાનકડી રોશની ! હજી તો નાની છે અને ડાહી છે એટલે જીદ નથી કરતી પણ મોટી થશે એમ એને મૂંઝવણ અને આશ્ચર્ય થશે ને કદીક તમને પૂછશે પણ..., ત્યારે એને સમજાવી શકશો ? અને એ શું યોગ્ય હશે ?'' પછી પ્રતીક સામે જોઈને મૃદુતાથી બોલી, ''તમારો આ ભય, આ ચિંતા, અજાણતાં જ એની આસપાસ, સુખને બદલે ભાવિમાં એનાં અસુખની શક્યતાનું વર્તુળ રચતી જાય એવું ક્યાંક ના બને !'' બસ, આટલું કહીને એ ચૂપચાપ ઊભી રહી અને દૂર શૂન્યમાં તાકી રહી.

એ વાતને લગભગ બે મહિના જેટલો સમય થયો હશે. રોશનીની વર્ષગાંઠ આવી રહી હતી એટલે વળી પાછું નવાં કપડાં લેવા જવાનું હતું ને બાળકો ઉત્સાહમાં હતાં. તૈયાર કપડાની એમની પેલી મનગમતી દુકાનો આગળ પ્રતીકે સ્કૂટર પાર્ક કર્યું અને રોશનીનો હાથ પકડીને એક પછી એક દુકાનના ડિસ્પ્લે જોવા માંડ્યા ને પછી રોશનીને ખભેથી પકડીને ઝુલાવતાં એક દુકાનનાં પગથિયેથી અંદર મૂકી દીધી અને પાછળ પોતે પણ અંદર જઈ ઊભો. એની પાછળ નમ્રતા અને રોનક ત્યાં પહોંચ્યાં ત્યારે કંઈક આવો સંવાદ ચાલી રહ્યો હતો, ''બહાર ડિસ્પ્લેમાં રેડ ફ્રોક છે તેમાં આની સાઈઝનું છે ?'' દુકાનદારે કાઉન્ટર પરથી વાંકા વળીને નાનકડી રોશનીને જોઈ, પછી હસીને બેચાર બોક્સ કાઢ્યા, એકમાંથી રોશનીની સાઈઝનું ફ્રોક કાઢીને પાથર્યું. પ્રતીકે ફ્રોક લઈને રોશની પર ધરીને માપી જોયું. ''સાઈઝ પરફેક્ટ છે સાહેબ, આપણી ગુડિયાને એકદમ ટોપ લાગશે,'' દુકાનદારે સસ્મિત અભિપ્રાય આપ્યો. ''અમારી ગુડિયા તો પરી છે પરી,'' કહેતાં પ્રતીકે પ્રેમાળ સ્મિત સાથે રોશનીને પૂછ્યું, ''લઈએ ને આ ?'' હકારમાં ડોકું હલાવતાં નમ્રતાએ સામું સ્મિત કર્યું જેમાં પ્રતીક પ્રત્યે ભારોભાર પ્રેમ તો હતો જ, સાથે જાણે કે એક વાત્સલ્ય પણ છુપાયેલું હતું. મમ્મીએ પણ હા પાડી તે જોઈને રોશનીએ 'યે...' બોલતાં બોલતાં ઠેકડા માર્યા, રોનકે એને તાળી આપી. પોતાની આંખો છલકાઈ જાય તે પહેલાં નમ્રતા પાછળની ભીંત પરના શોકેસમાંથી મેચિંગ માળા પસંદ કરવાને બહાને ઊંધી ફરી ગઈ.

૫૩/સી, હસ્તિનાપુર કૉલોની,
કારેલીબાગ, વડોદરા-૧૮
મો, ૯૪૦૯૨૭૯૨૯૭




જસમા

- *પ્રવીણ ગઢવી*

પરમ ભટ્ટારક ત્રૈલોકયગંડ, સિદ્ધ ચક્રવર્તી, અવંતીનાથ, બર્બરકજિષ્ણુ સિદ્ધરાજ જયસિંહના રાજ્યનો સૂર્ય ગુર્જરદેશની ભૂમિ પર મધ્યાહ્ને તપતો હતો.

આનર્ત પ્રદેશની સીમામાં સિદ્ધરાજ જયસિંહે પોતાના સૈન્યબળ અને પરાક્રમથી સોરઠ, માળવા, શાકંભરી, ભિન્નમાલ, લાટ પ્રદેશો ઉમેરીને સાંભરથી સોર્પારક અને ઉજ્જયનીથી દ્વારકા સુધી સીમાઓ વિસ્તારી હતી. બુંદેલખંડના મહોબક સુધી જયસિંહના અશ્વો હણહણ્યા હતા અને તલવારો ચમકી હતી. ચંદેલરાજા મદનવર્મા છન્નુ કરોડ દ્રમ્મ આપી માંડ છૂટ્યો હતો.

રાજધાની અણહિલ્લ પટ્ટક પત્તન સુખ સમૃદ્ધિમાં આળોટતું હતું. સ્તંભતીર્થના સમુદ્રમાં વહાણો પર ચોર્યાસી દેશના વાવટા ફરકતા હતા. ઇસ્લામી આરબ વેપારીઓ ત્યાં વસતા હતા અને મસ્જિદમાં નમાઝ પઢતા હતા. રાજકોષ દ્રમ્મથી ઊભરાતો હતો. પત્તન કેવળ લક્ષ્મીથી નહીં, સરસ્વતીથી પણ શોભતું હતું.

વડનગરના પ્રજ્ઞાચક્ષુ શ્રીપાલ અને વાગ્ભટ્ટ જેવા કવિઓ સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં હીરા-માણેકની જેમ શોભતા હતા. ભિન્નમાલથી આવેલા ચારણ કવિઓ આણંદ કરમાણંદે કંકાલણ ભાટડીને કાવ્યસ્પર્ધામાં પરાજિત કરી, તો પ્રસન્ન થઈ ગામોનાં દાન દીધાં હતાં. જયસિંહ માળવા વિજય કરી પાછા આવ્યા ત્યારે કેવળ માળવાની લક્ષ્મી જ નહીં, માળવાની સરસ્વતી - ભોજનો ગ્રંથભંડાર પણ હરી લાવ્યા. 'ભોજ વ્યાકરણ' ગ્રંથ એમને એટલે તો ગમી ગયો કે એમણે જૈનસૂરિ હેમચંદ્રાચાર્યને ગુર્જરભાષાનું એવું જ વ્યાકરણ રચવા વિનંતી કરી, અને તે માટે રાજકોષ ખુલ્લો મૂક્યો. 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન' ગ્રંથ પરિપૂર્ણ થયો, ત્યારે અમાત્ય મંડળે તે ગ્રંથની શોભાયાત્રા કાઢવા સૂચવ્યું. મહારાજા જયસિંહ સિદ્ધરાજે પોતે હસ્તિ પરની અંબાડી પર બેસવાને બદલે ગ્રંથને તેમાં મૂકાવ્યો, અને પોતે પદયાત્રા કરી. પત્તનની પ્રજા એમના ગ્રંથપ્રેમ અને આદરથી અભિભૂત થઈ ગઈ.

આમ ગુર્જર દેશમાં કોઈ વાતે દુઃખ નહોતું. શૈવ, જૈન, પારસીક અને ઇસ્લામિક ધર્માવલંબીઓ ધર્મપાલનની સ્વતંત્રતા ભોગવતા. એકવાર પારસીકોએ મુસ્લિમોના પ્રાર્થનાસ્થાન મસ્જિદને તોડી નાંખી,તો મહારાજા સિદ્ધરાજ જયસિંહે રાજ્યના ખર્ચે પુનઃનિર્માણ કરી આપ્યું. જૈનસુરિ હેમચંદ્રાચાર્ય મહારાજાના ગુરુવર્ય સમાન હતા, તો રાજપુરોહિત પ્રહલાદને પણ મહારાજા એટલો જ આદર આપતા.

વર્ષા પણ નિયમિત પ્રમાણસર થતી. ખેતરોમાં ગોધુમ, વ્રિહી, જાર, બાજરી જેવાં ધાન્ય અને મૃદંગ, તુવેર, માષ જેવાં કઠોળ થતાં અને ખેડૂતોના કોઠાર ધન-ધાન્યથી ઉભરાતા હતા.

પત્તન, સ્તંભતીર્થ અને ભૃગુકચ્છમાં વણકરોના ઘરે ઘરે સાળ ચાલતી અને સુતરાઉ કાપડ દેશ-પરદેશ જતું. સામે સ્તંભતીર્થના સમુદ્રતીરે ચીનાંશુક ઊતરતું અને મલમલ વહાણોમાં ચઢતું. મહારાજા સિદ્ધરાજ જયસિંહે માળવાથી સાળવીઓને બોલાવી પત્તનમાં વસાવ્યા હતા. અને તેમના દ્વારા કૌષેય-સુવર્ણના તારથી વણેલી સાટિકાઓ દેશ-વિદેશમાં પત્તનનાં પટોળાં તરીકે ખ્યાત હતી. ચર્મકારો ઉત્તમ ચર્મ કમાવી તૈયાર કરતા અને તેય બસરા જતું.

આમ સૌ સારાં વાનાં હતાં, પરંતુ છેલ્લાં બે-ત્રણ વર્ષથી ન જાણે કેમ ઈન્દ્રદેવ રિસાઈ ગયા હતા. બે વર્ષમાં તો લોકોના અન્નભંડાર ખાલી થઈ ગયા. મહારાજા સિદ્ધરાજ જયસિંહે કૃષિકર જતો કર્યો હતો. પરંતુ પત્તન નગરમાં પીવાના પાણીની રાડ ઊઠવા લાગી.

મહારાજા સિદ્ધરાજ જયસિંહની માતામહ ઉદયમતીએ બાંધેલી સાત માળની વિશાળ અને સુંદર વાપિમાં પાણી હતું. પરંતુ તે રાજદુર્ગમાં વપરાતું. જ્યારે નગરજનો માટે દામોદર કૂપ હતો. તેમાં હવે પાણી ડૂકવા લાગ્યાં હતાં. દુર્ગ બહાર વસતા

શૂદ્રો તો સરસ્વતી નદીમાં વીરડા ખોદી છાલિયે છાલિયે કુંભ ભરતા. વાયુ, જલ, અને અન્ન વિના માનવી રહી ન શકે. હવે અંજળ ખૂટ્યાં હતાં. લોકોની રાડ મહારાજ સિદ્ધરાજ જયસિંહ સુધી પહોચી.

એમણે મહાઅમાત્ય અને ગંગાધરને જલ સમસ્યાના નિવારણ અર્થે બોલાવ્યા. 'તત્કાલ તો સરસ્વતી નદીના પટમાં કૂપ ખોદી જલ સમસ્યા નિવારી શકાય.' મહાઅમાત્ય ઉદયને સૂચવ્યું.

'પરંતુ પત્તન નગરની જલસમસ્યાનો કાયમી ઉકેલ શો ?' મહારાજે પૂછ્યું.

'મહારાજ, આપણે સરસ્વતી નદી પર એક આડબંધ બાંધી વર્ષાૠતુમાં આવતો જલપ્રવાહ રોકીએ, અને બંધની પડખેથી કુલ્યા (નહેર) કાઢી, તે કુલ્યાને દુર્લભ સરોવરમાં લાવીએ. જેથી દુર્લભ સરોવર ભરાઈ જાય.'

'પરંતુ ગંગાધર, દુર્લભ સરોવર હવે પંકથી પુરાઈ ગયું, છીછરું થઈ ગયું છે.' જયસિંહે કહ્યું. દુર્લભ સરોવર પ્રપિતામહ નાગરાજના વરિષ્ઠ બંધુ અને ગુર્જરનરેશ દુર્લભરાજે સો-સવાસો વર્ષ પહેલાં બાંધ્યું હતું.

'મહારાજ, તે સરોવરને ખોદીને આપણે ઊંડું કરીએ અને વિશાળ પણ કરીએ. 'ગંગાધરે ત્વરિત ઉપાય સૂચવ્યો.

'સાધુ ! સાધુ ! ગંગાધર, આપ તો સ્વયમંસિદ્ધ સ્થપતિ છો હોં !' મહારાજ પ્રસન્ન થઈ ગયા.



'તે સરોવરને સિદ્ધ સરોવર નામ આપીએ, મહારાજ!' મહા અમાત્યે મહારાજને પ્રસન્ન કરવાની તક ઝડપી લીધી. જયસિંહે સ્મિત આપ્યું.

★★★

ગંગાધરે કચ્છના વાગડથી ઓડ લોકોને સરોવરના ખોદકામ માટે બોલાવ્યા. ત્યાંના ઓડ લોકો ઊંડા ખાડા ખોદવા માટે ખૂબ પાવરધા ગણાતા. કેમ કે કચ્છમાં વારંવાર દુષ્કાળ પડતા, તેથી લાખા ફુલાણીએ ઘણાં વાપિ-તડાગ કરાવેલાં.

ગંગાધર અને પદ્મસેને દુર્લભ સરોવરમાં ખોદકામ શરૂ થયું, એવી માહિતી મહારાજા સિદ્ધરાજ જયસિંહને આપી, ત્યારે સિદ્ધરાજ જયસિંહે સ્થળ નિરીક્ષણ માટે જવાનું નક્કી કર્યું. પ્રિય કવિ મિત્ર વાગ્ભટ્ટને બોલાવી લીધા. શ્રીપાલ તો પ્રજ્ઞાચક્ષુ હતા, તેથી તેમનું કામ નહીં. અમાત્ય અંબાપ્રસાદને પણ સાથે લીધા.

હેમંતૠતુની સંધ્યા ઢળવા આવી હતી. સૂર્ય સોનેરી કિરણો પાથરી રહ્યો હતો. સૂર્યનાં કિરણ હોવા છતાં તે ચંદકિરણ જેવાં શીતળ લાગતાં હતાં. રાજપ્રસાદમાંથી સવારી ઊપડી.

દુર્ગની બહાર પશ્ચિમ દિશામાં એકાદ યોજન દૂર દુર્લભ સરોવરની પાળી પર હણહણતા અશ્વો ચઢ્યા, ત્યારે જોયું તો સહસ્ર ઓડ લોકો ખોદકામ કરી રહ્યા હતા. પુરુષો તીકમ વડે ચોકડી ખોદતા હતા, પાવડા વડે તબડકામાં માટી ભરતા હતા. સ્ત્રીઓ માથે છાબડીઓ ઊંચકી ગર્દભના બંને પડખાનાં ખોયાંમાં માટી નાંખતી હતી. ગર્દભો પાળો ચઢી પાળાપર માટી ઠાલવતાં હતાં. માટી નાંખવાને કારણે ધૂળ ઊડતી હતી, તેથી ધૂળકોટ જેવું થયું હતું અને તે કારણે સૂર્ય ઝાંખો પડી ગયેલો પણ લાગતો હતો.

'કેટલા લોકો કામ કરે છે ?' સિદ્ધરાજે ગંગાધરને પૂછ્યું.

'ત્રણસો ઓડ કુટુંબ આવ્યાં છે.'

'ક્યાંથી આવ્યાં?'

'કચ્છ વાગડથી. વાગડમાં ઓડ લોકો ઘણા વસે છે.'

'એ લોકોને રહેવાની શી વ્યવસ્થા કરી છે ?' સિદ્ધરાજને પ્રજાના યોગક્ષેમની ખૂબ ચિંતા કરવાની ટેવ હતી.

'ઓડ લોકોને તો આભનું ઓઢણ અને ભોંયપોઢણ હોય મહારાજ, પરંતુ આપણે ઉત્તર દિશામાં સરસ્વતી તીરે એમની

વસાહત બનાવી છે. ત્યાં સાંઠી-પૂળાનાં ઝૂંપડાં બનાવી દીધાં છે. નદી પડખે છે એટલે વીરડાને કારણે પાણીની સમસ્યા નથી. આખો દિવસ તો એ લોકો બાળકો સાથે અહીં જ હોય. છોકરાંને બાવળની ડાળે ખોયું બાંધી સુવડાવે અને આખો દિવસ માટી ઉપાડે.' પદ્મસેને વિગતવાર સમજાવ્યું.

'આ ઓડ લોકોનો કોઈ મુખી તો હશેને ?' અમાત્ય અંબાપ્રસાદે પૂછ્યું.

'હા, ત્રિકમ ઓડ છે. એ જ આ લોકોને લાવ્યો છે.'

'બોલાવો એને. એને સાંભળીએ તો ખરા, કોઈ સમસ્યા-પ્રશ્ન હોય જાણીએ.' સિદ્ધરાજે કહ્યું.

'એને અહીં બોલાવીએ કે એની રાવટીમાં જઈએ મહારાજ ?' પદ્મસેને અચકાતાં અચકાતાં પૂછ્યું.

'હા, ચાલો, એમ જ કરીએ.' સિદ્ધરાજ જયસિંહે સંમતિ દર્શાવી.

સવારી રાવટી પ્રતિ ઊપડી. ત્રિકમ તો મહારાજાને જોતાં ભાવવિભોર થઈ ગયો.

'અહાહા! અવંતીનાથ મારે આંગણે! ધન ઘડી, ધન ભાગ મારાં !' એણે પાઘડી ઉતારી.

સિદ્ધરાજ માટે ફટાફટ ઢોલણી આવી, તેની ઉપર રેશમી ધડકી પાથરી. મશરૂનાં ઓશીકાં મૂક્યાં. 'મહારાજા માટે કળશ્યો લાવો.'

એની ઘરવાળી જસમા કરગઠિયાં મૂકી, ચૂલો સળગાવવા ચકમક ઘસતી હતી. ચિનગારી રૂના પૂમડામાં પાડી, પૂમડું કરગઠિયાં નીચે મૂકી, એ ઊભી થઈ.

એણે ઊનનું કાળું થેપાડું અને લીલી ચોળી પહેરી હતી. માથે ઓઢણી ઓઢી હતી. કાનમાં લોળિયાં, પગમાં ઝાંઝર, ડોકે હાંસડી અને નાકે અષ્ટમીના ચંદ્ર જેવી સોનાની નથણી અને હાથમાં રૂપાના ચૂડા શોભતા હતા. માટી જેવી ભીને વાન હતી. મુખ પૂર્ણચંદ્ર જેવું ગોળ હતું. એણે આવીને મહારાજનાં ઓવરણાં લીધાં.

લાકડાની ઘોડી પર ગોઠવેલા માટીના શીતળ કુંભમાંથી કળશ્યો ભરીને જળ લઈ આવી અને કેડથી જરા નમીને મહારાજને કળશ્યો ધર્યો.

'અહા! કેટલું શીતલ અને કેટલું મીઠું અમૃત જેવું જળ છે ! ત્રિકમ, તમારા કુંભમાં સાકર નાંખી છે કે શું ?' સિદ્ધરાજે હસીને પૂછ્યું.

ત્રિકમ હસી પડ્યો. જસમા પણ મરકમરક હસી રહી, 'અમે અમરત તો ચ્યાંથી લાવીએ રાજાજી, આ પાંણીને જ અમરત માનજો.' જસમાએ સહેજ સંકોચાઈને ઓઢણીથી વક્ષ ઢાંક્યું.

'અહા ! વાણીમાંથી તો કાવ્ય ઝરે છે, મહારાજ !' કવિ વાગ્ભટ્ટે કાનમાં કહ્યું.

'ત્રિકમ, આપ લોકોને કોઈ સમસ્યા હોય તો કહો.' સિદ્ધરાજ જયસિંહે પૂછ્યું.

'આપ અમારે આંગણે પધાર્યા છો, તો થોડું વેતન વધારી આપો. હવે ઉનાળો આવશે તોય ધોમધખતા સૂરજ હેઠ અમારું લોક માટી ઉથાપશે.'

'અત્યારે કેટલા દ્રમ્મ આપો છો, સ્થપતિશ્રી ?'

'દૈનિક પચીસદ્રમ્મ.'

'પચાસ કરો.' સિદ્ધરાજે આદેશ કર્યો.

ત્રિકમે આ સાંભળી મહારાજાના પગ પકડીને દબાવ્યા. 'મહારાજાનો જય હો!'

સિદ્ધરાજ જયસિંહે ઊઠીને વિદાય લીધી. સિદ્ધરાજની સોરઠના સાવજ જેવી ચાલ જસમા જોઈ રહી. 'મહારાજની રાણીઓ કેટલી ભાગ્યશાળી !' જસમાને બે ઘડી ઈર્ષા



આવી ગઈ. પાછું મનમાં થયું, 'પોતેય ક્યાં ઓછી રૂપવાન હતી? રાજદુર્ગમાં શોભે એવી !' ત્રિકમ ઘણીવાર કહેતો, 'રાજ કુટુંબમાં જન્મી હોત તો તું મહારાણી હોત હોં કે!'

સિદ્ધરાજ જયસિંહના મનમાં જસમાનું ભરાવદાર રૂપ વસી ગયું. એ તો રાજરાજ્ઞી રૂપે શોભે તેવી હતી. રાજવી પરિવારને બદલે ઓડ પરિવારમાં એ જાણે કે ભૂલથી જન્મી હતી.

જસમાને જોયા પછી રાત-દિવસ કળ ન વળી. દિવસે એની ઢળકતી ચાલ દૃષ્ટિ સામે દેખાયા કરે, રાત્રે સ્વપ્નમાં એના પુષ્ટ વક્ષની હૂંફ અનુભવાય. જસમાની મૃતિકા મૂર્તિ ભૂલી ભૂલાતી નહોતી.

આખરે એમણે કવિ વાગ્ભટ્ટ સમક્ષ હૈયાની વાત મૂકી. 'કવિ, જસમા ઓડણ મનમાં વસી ગઈ છે. રાત દિવસ ચેન પડતું નથી. મારે એને રાજરાજ્ઞી બનાવવી જ છે. ગમે તેમ કરી એના સ્વામી ત્રિકમને સમજાવો, એને છૂટી કરાવો. ત્રિકમ જે માંગે તે આપો. ઈચ્છું તો હું એનું હરણ કરી શકું, પરંતુ મને તેમ કરવું શોભતું નથી, જચતું નથી.'

કવિ વાગ્ભટ્ટ ત્રિકમને મળ્યા. બધી વાત કરી. 'મહારાજા ભલા હૃદયના છે, અન્યથા ઈચ્છે તો બળાત્કારે પણ જસમાને રાજ્ઞીવાસમાં રાખી શકે, તું માને તો તને દશ ગ્રામનો કૃષિકર અપાવું. હાથી, ઘોડા પાલખી, હવેલી અપાવું.'

'મરી જાઉં પણ જસમા ન દઉં. એ તો મારા જીવ સમાન છે.' ત્રિકમ હાથ જોડી રડી પડ્યો. 'જસમા જ મારો ગિરાસ છે, બાપા ! ઈના સિવાય મારે કાંય બીજું જોઈતું નથી.'



'જસમા, જસમા, પત્તનપતિ તારા રૂપને મોહ્યો છે. એ હવે તને મારી નહીં રહેવા દે' ત્રિકમ જસમાના શરીર ઉપર મસ્તક ખોસી રડી પડ્યો.

'મારું રૂપ જ મારું શત્રુ થયું. સ્ત્રીને તો એ જ થાય છે. ચાર ભોમનો ધણી કાં મને રાણીવાસમાં પૂરશે, કાં જીવવા નૈં દે !' જસમા પણ રડી પડી.

'આપણે વાગડ જતાં રહીશું તોય એના સૈનિક આપણને આંબી જશે.'

'સ્વામી ધરપત રાખો. હું જીવતાં તો એને વશ નહીં જ થાઉં.'

'તો ?' ત્રિકમ સમજ્યો નહીં.

'હું પેટ કટારી ખોસીશ.' બોલી જસમાએ ત્વરિત ત્રિકમની કેડે ભેટમાં ખોસેલી કટારી ખેંચી લીધી અને ક્ષણાર્ધમાં માખણ જેવા મૃદુ ઉદરમાં પરોવી દીધી, એવો જ રક્તનો ફુવારો છૂટ્યો. જસમા બેવડ વળી ગઈ. ત્રિકમે પણ જસમાના હાથમાંથી કટારી ખૂંચવી ત્વરિત પોતાના પેટમાં ખોસી દીધી અને તેય લથડીને ભોંય પર પડ્યો.

ગુર્જરપતિ સિદ્ધરાજ જયસિંહ જસમા ત્રિકમના આત્મઘાતના સમાચાર સાંભળી ધ્રૂજી ગયા અને કપાળ કૂટ્યું, 'મને અભાગીને ઈચ્છા રાણી કદાપિ મળતી જ નથી. રાણકને ઈચ્છી તો તે ભસ્મ થઈ ગઈ, જસમાને ઈચ્છી તો એય...'

'મહારાજ ભૂમિ જીતી શકે છે, પરંતુ ભામિની જીતી શકતા નથી.' વાગ્ભટ્ટે શ્રીપાલ સમક્ષ દુઃખ વ્યક્ત કર્યું.

પ્લોટ નં. ૪૬૬/૨,
સેક્ટર-૧, ગાંધીનગર-૩૮૨૦૦૭
મો. ૯૯૭૯૮ ૯૩૯૯૦



સારાંશ

- ડૉ. સ્વાતી નાયક

"માત્ર સારાંશ, આખી વાર્તાનો સારાંશ કહો મિ. સીડ, વિસ્તાર નહીં... ટૂંકો... એકદમ ટૂંકો સારાંશ... પછી નક્કી કરીએ કે ફિલ્મ બનશે કે નહીં... વાર્તામાં કંઈક નવું હોવું જોઈએ... કૈંક અલગ. હટકે... સમજ્યા ? જે લોકોને નવું લાગે. તો જ ફિલ્મ હિટ જાય... સમજ્યા ? બાકી તમે એક્ટર તો સારા જ છો તો તમને વળી આ વાર્તા લખવાનું સૂઝ્યું ક્યાંથી ?" પ્રોડ્યુસરે કહ્યું... ને એણે પ્રશ્નને આડે રસ્તે ચડાવી વાર્તા માંડી... એટલે કે માંડીને નહીં... સારાંશ... ટૂંકમાં કહેવાનો પ્રયત્ન કરવા માંડ્યો... હાથમાં ખાલી ચડી ગઈ હતી... હોઠ ધ્રૂજ્યા થોડા... જીભ સુકાતી હતી... પાણી પીધું... આમ તો એના ગમતા પીણાંથી ગ્લાસ ભરેલો હતો છતાં... હોશમાં રહેવાનું હતું... છેલ્લો પ્રયત્ન કરી લેવો હતો... આ વાર્તા પ્રોડ્યુસરને ગમવી જ જોઈએ. ઘણા સમયથી કોઈ નવી ફિલ્મ નથી મળી. આ એક ફિલ્મ મળી જાય...

હા, એ જ, એ જ દિવસ યાદગાર છે. વાર્તા ત્યાંથી શરૂ થઈ હતી... એ દિવસ... એ રાત... કદાચ ત્યાં જ અંત પણ હોય તો વાંધો નહીં... આખી વાર્તાનું મનગમતું દશ્ય...

તાળીઓનો ગડગડાટ... કેમેરાના ફ્લેશ, આછી મદ્ધમ રોશની... છલકતા યૌવન... આંખો આંજી દેતી સ્ટેજ સજાવટ, દિગ્ગજ અભિનેતાઓ અભિનેત્રીઓ, સાથે અગ્રિમ હરોળમાં સ્થાન... આ જ... આ જ તો સપનું હતું સૌહાર્દનું... એટલે કે હવે સૌહાર્દમાંથી 'સીડ' બનેલા હીરોનું...

"એન્ડ ધ ઍવૉર્ડ ગૉઝ ટુ... સીડ મહેતા" શબ્દો સાથે એક અધૂરું ચિત્ર પૂરું થયું... ઇન્ડસ્ટ્રીમાં પગ મૂક્યાને માંડ બે વરસ થયા હતાં અને આ ઍવૉર્ડ... શ્રેષ્ઠ અદાકાર... બહુ આત્મવિશ્વાસથી સીડ સ્ટેજ પર ગયો... માઇક હાથમાં લીધું ત્યાં જ તાળીઓનું એક પ્રચંડ મોજું આખા હૉલમાં ગુંજી રહ્યું.. "સિતારોં કે બીચ મકાં બના લિયા હમને... એક ટુકડા આસમાં ચૂરા લિયા હમને... જન્નતકી ખ્વાહિશ ક્યું કરે અબ હમ... ખુદ કો હી ખુદા અબ બના લિયા હમને..."

આખા હૉલમાં લોકો ઊભા થઈને સીડને વધાવી રહ્યા હતા. એક અદ્‌ભુત અનુભૂતિવિશ્વમાં સીડ તરવા લાગ્યો... પાંખો ફૂટી... ઊડવા લાગ્યો... મા-બાપ... ભાઈ-બહેન બધાં બેઠાં હતાં ત્યાં ગયો... પપ્પાને પગે લાગ્યો... મમ્મીને બાથ ભરી... ભાઈ-બહેન ચીયર અપ કરી રહ્યાં... આ જ એનું સ્વર્ગ... અહીં જ સિતારાઓ ઝગમગે... અહીં જ સિતારાઓ વચ્ચે એ સૂર્યની જેમ ચમકવા આવ્યો હતો ને... અભ્યાસ અધૂરો મૂકીને. કાયમ ભણવામાં અવ્વલ રહેતો એ. બધા જ કહેતા, ડૉક્ટર બનશે. ત્યારે તો એય એવાં જ સપનાં જોવા લાગેલો સફળ કાર્ડિયોલોજિસ્ટ... સપના જોવામાં સીડ ક્યારેય કંજૂસાઈ ક્યાં કરતો હતો ? ને એને પૂરા કરવા માટે મહેનત કરવામાંય ક્યાં પાછળ પડતો હતો ? એક વાર તો સપનામાં ચૉકલેટનું ઝાડ આવેલું... તે ડઝનબંધી ચૉકલેટ લાવીને એણે ખરેખર ચૉકલેટનું નાનકડું ઝાડ બનાવેલું... એક વાર શ્રવણ બનવાનું સપનું આવ્યું... સતત ત્રણ મહિના જિમમાં પ્રેક્ટિસ કરીને એણે જાતે બનાવેલા ત્રાજવામાં મા-બાપને ઊંચકી આખા ઘરમાં ફેરવેલાં... લેટેસ્ટ ફોન લેવાનું સપનું પૂરું કરવા નાઈટ ડ્યૂટી કરી પૈસા ભેગા કરેલા... સીડનાં સપનાં પણ જાણી ગયાં હતાં હવે... કે સીડની આંખોમાં આવ્યાં કે બસ... સાકાર થવાનો અવસર આવવાનો જ છે... એવું જ એક સપનું કોલેજમાં નાટક ભજવતાં ભજવતાં મનમાં રોપાઈ ગયેલું... હીરો બનવાનું સપનું... કોઈ અદ્‌ભુત ફિલ્મમાં અભિનય કરવાનું સપનું... લોકોનાં હૃદયમાં સ્થાન મેળવવું જોઈએ... એક જિંદગીમાં અનેક જિંદગી જીવવી અને... અનેક કિરદાર નિભાવી અમર થઈ જવું બસ... અને... એ જ સાંજે નાટક સ્પર્ધાના નિર્ણાયક તરીકે આવેલા દિગ્દર્શક સાધુજીએ એને કહેલું..." અચ્છા કામ કરતે હો. મુંબઈ આ જાઓ."

જોકે જ્યારે સીડ ખરેખર મુંબઈ ગયો ત્યારે બહુ ધક્કા ખવડાવેલા એમણે... છેવટે એક સામાન્ય ફિલ્મમાં પાંચ મિનિટનો રોલ આપેલો. પણ એ પાંચ મિનિટથી શરૂ થયેલો

પ્રવાસ આજે સીડને નેશનલ ઍવૉર્ડ સુધી લઈ ગયો. આજે સીડ આગલી હરોળમાં અને સ્ટેજ પર સ્થાન પામી ચૂક્યો અને એ સાધુજી... આજે આ ફંક્શનમાં એ પાછલી હરોળમાં બેઠા છે ક્યાંક... જુએ છે સીડ તરફ... દેશ-વિદેશમાં છવાઈ ગયેલ હીરો તરફ... પાંચ મિનિટ વાત કરવાની તક મળે તો પોતાની ફિલ્મમાં કામ કરવા સમજાવી શકે...

જોકે એ આખી ફિલ્મને ઘણા ઍવૉર્ડ્સ મળ્યા. ફિલ્મ રોમાંચક બની હતી. હોલીવુડની ફિલ્મોની બરાબરી કરી શકે એવી... અદ્‌ભુત દશ્યો હતાં. ટેકનોલૉજીની કમાલ એવી કે યુવા વર્ગ જ નહીં આબાલવૃદ્ધ સહુ કોઈ એ જોઈ ગાંડા ગાંડા થઈ જતા... સીડ શું હેન્ડસમ લાગતો હતો ! અને એમાં શિરમોર સમો આ ઍવૉર્ડ... ઓહ... આજે તો ખરેખર સ્વર્ગમાં જ હતો સીડ... રાત્રે બધાંને ઘરે મોકલી એણે પોતાની ગાડી મંગાવી ત્યારે એક બીજું સપનું સદેહે એની રાહ જોતું ઊભું હતું... રોશની... એ પહેલીવાર મળેલી ત્યારથી રોજ સપનામાં આવતી રોશની... આવો જ સફેદ ગાઉન પહેરીને... ગજબની સુંદર હતી એ... માખણ જેવી સફેદ... ઊંચી પાતળી... રેશમી સીધા વાળ... એની કમનીય દેહાકૃતિ ભલભલાને આકર્ષતી... એની આંખોની મારકણી અદા ભલભલા દિગ્ગજોને એની નોંધ લેવા મજબૂર કરી મૂકતી. એની આસપાસ રહસ્યનું ધૂમ્રવલય રચાયેલું રહેતું. અને એ જ સીડ પાર નહોતો કરી શકતો. રોશની સપનામાં તો આવતી પણ એને પોતાના સપનાના ઘરમાં વસાવાય ખરી? એ



પ્રશ્ન મૂંઝવતો રહેતો કારણ કે એના સપનાના ઘરનો દરવાજો ખોલતી એની સ્વપ્નપરી તો આરતીના દીવાની ધીમી જ્યોતિ જેવી હતી જ્યારે રોશની હજાર વૉલ્ટના વીજળીના ગોળા જેવી દઝાડે એવી.

એણે સામે ચાલીને સીડને પૂછ્યું : ‘‘હાઈ સીડ, આજે મને લિફ્ટ મળશે ? મારો ડ્રાઇવર નથી આજે...’’

‘‘અરે આ તો મારું સદભાગ્ય. ચાલ મૂકી જાઉં...’’

‘‘સોરી, જો તારે કોઈ પાર્ટીમાં જવાનું હોય તો...’

‘ના, ઘરે જ જઈશ, રસ્તામાં જ આવે છે તારું ઘર, જોયો છે મેં એ એરિયા,’

ને શરૂ થઈ સીડની એ સ્વપ્ન સફર... આખા રસ્તે ફિલ્મોની જ વાતો થતી રહી... એકબીજાની પ્રસંશા... એકબીજાની પસંદ-નાપસંદ... મા-બાપ... ઘર... જિંદગી... સપનાં...

રોશનીનું ઘર આવ્યું ત્યારે એણે કહ્યું... ‘‘કૉફી મૂકતા આવડે છે મને... જો તને રસ હોય...’’

‘‘રસ તો છે જ ને...’’ કહી સીડે એની સામે આંખો મીંચકારી..., તારામાં...’’

એક જ કલાકમાં આત્મીયતાનાં પગથિયાં ચડી ગયેલાં બંને. કદાચ આ જ ફિલ્મી દુનિયાની કમાલ હતી. અને પછી... કૉફીને બદલે ભરાયેલો એ પેગ... પહેલી વાર સીડના સંસ્કારી હોઠ એ પેગ ચાખીને નશીલા થયા... અધીરા થયા, તરસ્યા થયા. ડૂબી ગયો સીડ એ નશીલી પળોમાં... બોલીવુડમાં હવે એનો અધિકૃત પ્રવેશ થયો. કદાચ... જોકે રોશનીએ સળગાવેલી જોઇન્ટના ધૂમ્રવલય કે આલ્કોહોલ સીડનું સપનું નહોતા જ... પણ રોશની એ વલયો વચ્ચે વધુ સ્પષ્ટ દેખાતી... સમજાતી હતી... અનુભવાતી હતી. એકલી... બહુ એકલી હતી એ... તરસનો આખો દરિયો હતી એ...ને સીડ... સીડ તાજા વરસાદી વાદળ જેવો... ઋજુ, છલોછલ... એક વણજોયેલા સપનામાં ડૂબી જવાની મઝા માણી એ ઘરે પહોંચ્યો ત્યારે જોયું કે એનો ફોન અભિનંદનના મેસેજોથી છલકાતો હતો... ઊંઘમાં પણ આખા દિવસનાં દશ્યો સ્વપ્ન થઈ દેખાતાં રહ્યાં... પહેલી વાર એવું બન્યું હતું કે હકીકત સપનું થઈ દેખાઈ રહી હતી... બસ... હવે થોડી સફળ ફિલ્મો થઈ જાય એટલે સરસ ઘર

વસાવી નિરાંતે રહેવું છે... નક્કી કર્યું એણે... છતાં સપના તો ઍવૉર્ડ્સનાં જ આવ્યાં.

સવાર બોઝિલ હતી... શરાબથી દૂર રહેવાનું નક્કી કરવા છતાં શરાબ અને સિગારેટ પિવાઈ ગયેલી એ વાતનો ભાર માથાના દુઃખાવામાં ઉમેરો કરી રહ્યો હતો..' બસ, હવે તો કોઈ દિવસ દારૂને નહીં જ અડું...'

પાછી પ્રતિજ્ઞા લઈ લીધેલી એણે. છતાં રોશની મળી કે તરત પ્રતિજ્ઞા તૂટી... ગજબનું આકર્ષણ હતું એ છોકરીમાં... એ આસપાસ હોય ત્યારે જાણે કોઈ અદશ્ય પાલવ લહેરાઈ રેશમી રેશમી અડતો હોય એવું લાગતું... રોશનીનો સ્પર્શ પણ નશીલો હતો. એની બધી વાત ઝગમગાટ જાણે. અંજાઈ જવાય એવો ઝળહળતો ઉજાસ. એના સિવાય કશું દેખાય જ નહીં... સપના પણ નહીં, મંજિલ પણ નહીં, રસ્તો પણ નહીં. પ્રતિજ્ઞાઓ લેવાતી રહી અને તૂટતી રહી વારંવાર... રોશનીના ચકાચૌંધ અજવાળામાં બાકીનું બધું ધૂંધળું પડવા લાગ્યું. એની હીરોઈન એક જ : રોશની... સ્વિત્ઝર્લેન્ડના શૂટિંગ દરમિયાન તો રોશની અને સીડ એટલા નજીક આવી ગયાં કે લોકોએ એમના લગ્નની કંકોત્રી મનોમન છાપી જ નાંખી... પણ સીડ હજુ વધારે સફળ થવા માંગતો હતો... પાંચ રૂમના પેન્ટહાઉસમાંથી સીફેસ બંગલો ખરીદવામાં જ હતો... પણ... રોશનીની વર્ષગાંઠ પર એને ફાર્મહાઉસ ગિફ્ટ કર્યું... ઘર... એનું પોતાનું ઘર... મા-બાપ, ભાઈ-બહેન... બધું પાછળ છૂટી રહ્યું હતું... વખતોવખત બસ પૈસા મોકલી સંતોષ માની લેતો હતો એ... પણ હવે એની દુનિયા અલગ હતી... સાવ અલગ... રાતો જાગતી. દિવસો ઊંઘતા... સમય હવે એના સપના જેવો નહોતો. રોશનીનાં સપનાઓનો હતો. એના ચોવીસ કલાકનો હિસાબ રોશની રાખતી, શૂટિંગ હવે મઝા નહીં... બસ કામ કે રૂટિન થઈ ગયા હતા... એની અસર એના પરફોર્મન્સ પર દેખાવા લાગી... સી ફેસ બંગલો ખરીદાયો તો ખરો પણ... એ લોનના હપતા ચૂકવતા નાકે દમ આવી ગયો, અને એ ત્યાં રહેવા ગયો ત્યારે રોશની બીજા હીરો સાથે શૂટ પર હતી... બહુ ઓછા ફોન કરતી... એને શોધવા સીડ ધૂમ્રવલયો રચતો... એમાં એ અલપઝલપ દેખાતી... ભૂંસાતી...

"...અરે આ તમે શું માંડી બેઠાં ? બે લાઇન... બસ બે લાઇનમાં વાર્તાનો સારાંશ કહો... સપના... બંગલો... આવી કેવી વાર્તા, આ તો બધાની રોજની જિંદગી છે, એમાં કોને રસ પડે ?"

"પણ સાંભળો તો ખરા... હજુ જે કહેવાનું છે એ તો... બાકી જ છે..."

"હા તો એ જ કહો ને... નશામાં કંઈપણ બોલ્યા કરો છો... આ તો તમે છો એટલે સાંભળું છું બાકી કોઈ લેખકડો હોત તો ક્યારનો કાઢી મૂક્યો હોત... સા...ને."

"થેન્ક યુ... સર... હવે... હવે... સાંભળો સીડ... સીડે પોતાની જાતને ખેંચીને પોતાના સપનામાંથી બહાર કાઢી... જોકે આમ તો એ પોતાની જાતને ખુદ પોતાનામાંથી બહાર કાઢી જ ચૂક્યો હતો. કદાચ તો એ એનું જોયેલું સપનું જ જીવતો હતો. કે પછી જે જીવતો હતો એ સપનું થઈ જતું હતું ? પણ... છતાં... જે જીવતો હતો એ કદાચ એનું સપનું નહોતું... એનું સપનું તો... શું હતું ?? ઍવૉર્ડ્સ ? રોશની ? મા-બાપ ? ઘર ?... આ પ્રશ્નપ્રદેશ કાંટાળો હતો.'

"કંટાળો"

"નહીં સર. કંટાળો નહીં, કાંટાળો."

"અરે યાર, કંટાળો આપી દીધો તમે..."

પ્રોડ્યુસરે સીગરેટ સળગાવી, ધુમાડાનું એક ઘર રચાયું, એમાં એ એકલો ? રોશની કયાં ? રોશનીને ઘરે રહેવાનો કંટાળો આવતો... કે પછી એ સીડથી કંટાળી હતી ? ધુમાડાના ઘરમાં હવે સીડ એકલો હતો... વાદળ વરસી ગયા પછી આખા



આકાશમાં એકલું તરસ્યું રખડ્યા કરે એમ... હવે એ વરસે નહીં તો એનું કામ પણ શું ?

રોશની માંડ કોઈક વાર મળે કે તરત સીડને ધૂમ્રવલયોમાં કેદ કરીને એકલો છોડી દેતી... સાવ એકલો... એ મમ્મીને ફોન લગાડતો... લગાડીને તરત એને ખ્યાલ આવતો કે... બહુ મોડું થઈ ગયું છે... મમ્મી તો ઊંઘી ગઈ હશે... પપ્પાય... બહુ મોટી ભૂલ કરી એણે... આટલું મોડું કરવા જેવું નહોતું... હવે તો પાછા ફરાય એવુંય નહોતું... એની જગ્યાએ બધે જ એના રૂપિયા ગોઠવાઈ ગયા હતા... બધે જ... ને એ રૂપિયાએ રૂપ બદલવા માંડ્યા હતા... પેલી વાર્તામાં આવતા રાક્ષસની જેમ... હવે સીડને સપનામાં એ રાક્ષસ દેખાવા લાગ્યા હતા... ને એનાં સપના તો સાકાર થવાનું શીખી ગયાં હતાં. રાક્ષસો સીડની આસપાસ ગોઠવાવા માંડ્યા...''

''જુઓ સાહેબ... હવે બસ. આને કંઈ સારાંશ ન કહેવાય... અને આ વાર્તામાંય દમ નથી લાગતો. એક કામ કરો તમે ઘરે જાવ... તમારી દવાનો સમય થયો હશે... કાલે સવારે... બસ બેત્રણ નહીં તો પાંચ દસ લીટીમાં સારાંશ લખી આપો... આપણે જોઈ લઈશું ઓકે ?''

એમની વાતમાં આદેશ હતો... એ સીડને સમજાઈ ગયું... એક સમયે આ જ પ્રોડ્યુસર સીડ જાગે તેની રાહ જોતો પાંચ કલાક એના ઘરની બહાર રોકાયો હતો અને આજે એની પાસે સીડ માટે પાંચ મિનિટ પણ નથી !

એ ઘરે ગયો... ધ્રૂજતા હાથે કાગળ લીધો. પેન પકડી... સારાંશ... શું લખું ?' પછી રાક્ષસ ધુમાડો બની સીડને ગળી ગયો ? કે પછી ખાધું, પીધું ને મોજ કરી ?' 'પપ્પાને પૂછું ? નાનપણમાં નિબંધ લખતા અટકે તો એ પપ્પાને જ પૂછતો એમ ?'

એણે ફોન કર્યો... રિંગ વાગતી રહી... મમ્મીને... દીદીને... ભાઈલુને... બધાંને... પણ બધે જ... રિંગ વાગતી રહી... રોશનીને કર્યો... એ તો ઊંચકી જ લેશે... એને તો ખબર હશે... સારાંશ વિષે.. એને તો આમ પણ શોર્ટકટ બહુ ગમે... એક રિંગ... બીજી રિંગ અડધી વાગી ત્યાં તો... એણે કટ કરી દીધો... કટ... આટલી વારમાં ? આટલી વારમાં સીન ઓકે થઈ ગયો ? કટ... કટ્ટ... કટ્ટ...

ઊંઘવું છે... નિરાંતે... કદાચ સપનામાં અંત દેખાય... કે સારાંશ... સ્લીપિંગ પીલ્સ.. સીડે મુઠ્ઠી ભરી... સારાંશ એટલે બીજું વળી શું ?... મુઠ્ઠીભર સપનાં...

ત્યાં જ ડોરબેલ વાગ્યો... અત્યારે કોણ હશે ? રોશની જ હશે... સીડ ઉઠ્યો... બારણું ખોલ્યું... ''મમ્મી ? પપપ્પા ?'' ''સીડ થોથવાયો...'' પપપ્પા, વાર્તા... આઆ સ્લીપિંગ પિલ્સ, મારે એક વાર્તા શોર્ટમાં... એટલે કે ટૂંકમાં... સારાંશ... આખી વાર્તા... બહુ લાંબી છે... આઆ રસ્તો... બહુ લાંબો છે. થાક લાગ્યો છે મમ્મા...''

સીડ મમ્મીના ખોળે ભરાયો... ''એક ઘર આપવું છે તને મમ્મી... પપ્પા પછી આપણે બધા સાથે... બસ એક વાર્તાનો શોર્ટ સારાંશ, શોર્ટકટ મને કેમ નથી આવડતો ?''

''બેટા, શોર્ટકટ આપણા માટે નથી... આપણી જિંદગી રસ્તાનો અનુભવ છે, મંઝિલ સુધી પહોંચવાની દોડ નથી બેટા, આપણે તો નિરાંતે જીવવાનું... આપણી વાર્તાનો અંત ન હોય, નવો વળાંક જ હોય. અમે તને લેવા જ આવ્યા છીએ... ચાલ, મોડું થઈ જાય એ પહેલાં...''

બીજા દિવસે છાપાની હેડલાઈન હતી ''ઍવૉર્ડ વિનર, દિગ્ગજ કલાકાર... સીડ મહેતા રાતોરાત ક્ષેત્ર સન્યાસની જાહેરાત કરી અચાનક ગાયબ... કારણ અકળ...''

''યસ્સ... આ સસ્પેન્સ છે.. આની ફિલ્મ બનાવી નાખીએ... નેશનલ ઍવૉર્ડ પાક્કો... મારો બેટો કલાકાર ખરો ને ! વાર્તા ભજવીને કહી ગયો... બનાવો ફિલ્મ... આપો ટાઇટલ...'સારાંશ'''

૪૫, રુકમણી સોસયટી, ટીઘરા જકાતનાકા,
ગણદેવી રોડ, જમાલપુર, નવસારી-૩૯૬૪૪૫.
મો. ૯૮૭૯૪૬૦૬૧૨



"નિયતિનો ન્યાય"

- રેખાબા સરવૈયા

બહુચર્ચિત નિત્યા રેપ કેસ જ્યારથી બોર્ડ ઉપર આવ્યો ત્યારથી ન્યાયાધીશ મિસ. નટરાજનને હૃદય ઉપર એક જાતનું ભારણ અનુભવવાથી ઊંઘ ન આવતી અને આજે કેસનો આખરી ચુકાદો આપી દીધા પછી તો મન હળવાશ અનુભવવું જોઈએ એનાં બદલે, એક બેચેનીએ મન ઉપર એવો તો કબજો જમાવ્યો હતો કે વિચારોની વણથંભી વણઝાર ચાલી રહી હતી અને એમાં ઊંઘનો મુકામ કયાંય નહોતો ! - વ્યગ્ર જજસાહિબા પથારીમાંથી બેઠાં થઈ, કમરાની જોડે જ ખુલતી ગોળાકાર અગાસીમાં આવીને ઊભાં. રાત્રિની નીરવતામાં હાજરી પુરાવતાં ચંદ્ર, તારા, આકાશ અને અવિરત તરંગિત સમુદ્રને નજર ભરીને નીરખી રહ્યાં.

કાજળઘેરા અંધકારના પરદા ઉપર સવારના કોર્ટરૂમનું દૃશ્ય જીવંત બનીને આંખો સમક્ષ ઉપસી આવ્યું.

★★★

'મિ. લોર્ડ...! બળાત્કાર કર્યાનું હવે સાબિત થઈ ચૂકયું છે ત્યારે નામદાર કોર્ટ પાસેથી બળાત્કારીને સખતમાં સખત સજા થાય એ જ અપેક્ષા રહે. અદાલતની સજા ન્યાયોચિત જ હોય, એમાં શંકાને કોઈ સ્થાન નથી. પણ મને મારી છેલ્લી વાત કહેવા દો... આપના દ્વારા ફરમાવવામાં આવે તે સખત સજાની એટલે કે જેલની ચકકી પીસવા કે પથ્થરો ફોડવાની સરખામણી પીડિતાના વીંધાયેલા શરીર કે હંમેશ માટે ખતમ થઈ ગયેલા એના આત્મસન્માન અને નિર્મમપણે ઘાયલ થયેલાં આત્મા સાથે થઈ શકશે ખરી ?'

આ ઘટનાની કરુણતા એ છે કે... જેની નજર સામે આ જઘન્ય કૃત્ય આચરવામાં આવ્યું એ નિત્યાની સગી બહેન ફકત ૧૨ વર્ષની કિશોરી છે. મિ. લોર્ડ...! પીડાની ચરમસીમા તો એ કે ભોગ બનનાર યુવતીની અસહાય ચીસો અને લાચારીભરી સ્થિતિથી એ કિશોરી કેટલી બધી ડરી ગઈ હશે કે એ પોતાની વાચા (વાણી) ગુમાવી બેઠી છે ! એના મંદબુદ્ધિ ચિત્ત ઉપર કેટલાં ઉઝરડા પડયા હશે ? એ તો, ભગવાન જાણે ! પણ એની અણકથ પીડાની ચર્ચા કરવાને બદલે લોકોએ તો પોતપોતાની મતિ મુજબ વાતો કરી, કહ્યું : "રાત્રિના અમુક વાગ્યા પછી છોકરીઓએ ઘર બહાર નીકળવાની શી જરૂર હતી ? એમાંય ખુલ્લા વાળ, મેકઅપ કરેલ ચહેરો, ઓફ શોલ્ડર ડ્રેસ, અને ઉપરથી રાત્રિનો સમય એ બધું જ ભેગું થઈને પેલા યુવાનોને ઉશ્કેરી મૂકવા પર્યાપ્ત હતું અને પરિણામે આ ઘટના ઘટી !" મિ. લોર્ડ ! નિત્યા પોતાની મંદબુદ્ધિ બહેનને લઈને એક જગ્યાએ ફંકશનમાં ગયેલી અને રાત્રિના ઘરે પાછા ફરતી વખતે રસ્તામાં એનું સ્કૂટર ખરાબ થયું, નજીકના પેટ્રોલપંપ પાસે ઊભેલા મોટર સાઈકલવાળા યુવાનો પાસેથી એણે મદદ માંગી બસ... આટલી જ વાત અને એમાં તો આખો સમાજ "જજમેન્ટલ" થઈ ગયો ! અગણિત સવાલોથી પીડિતાને વીંધી નાંખી. - શેમ ઓન ધીસ રિડીકયૂલસ મેન્ટાલિટી ! મિ. લોર્ડ !"

મહિલા વકીલ શ્રીમતી નિરૂપમાનો ચહેરો હવે લાલાશ પકડી રહ્યો હતો : 'યુવાનોએ પોતાની ઉત્તેજનાને કેવી રીતે 'હેન્ડલ' કરવી, એ આપણા સમાજમાં ચર્ચાનો વિષય કેમ નથી બનતો ? મિ. લોર્ડ ! આપણી કુટુંબ વ્યવસ્થામાં દરેક જાતના નિયમો અને મર્યાદાઓનું પાલન ફકત છોકરીઓ માટે છે, છોકરાઓ એમાંથી બાકાત કેમ છે ? આ તો એના જેવી વાત થઈ કે રાજાના પગમાં કાંટો ન વાગે એટલે આખાય નગરને ચામડાથી મઢાવી દેવાનું ફરમાન ! પુરુષો પોતાને કાબૂમાં નથી રાખી શકતા. એ સ્વીકારવાને બદલે સ્ત્રીઓએ પોતાનાં વાણી - વર્તન - વ્યવહાર કેવા રાખવાથી માંડીને કેવા કપડાં પહેરવાં અને રાતના સમયે બહાર જવા ઉપર કાબૂ રાખવાની નસીહત દેતા સમાજમાં આવી ઘટનાઓ બને એમાં શી નવાઈ ?'

- મહિલા વકીલ આછું કંપી રહ્યાં હતાં.

'મિ. લોર્ડ ! આ જગતનો સૌથી ભયંકર રોગ એઇડ્ઝ કે રકતપિત નથી પરંતુ કોઈ પણ રીતે વિવશ કે લાચાર થયેલી વ્યક્તિ જ્યારે એવું માનવા મજબૂર થઈ જાય કે આ દુનિયામાં હું કોઈના ભરોસાને લાયક નથી, આવડા મોટા જગતમાં હવે હું કોઈનાય દ્વારા પ્રેમ પામી શકું એમ નથી. હું જીવીને શું કરું ? જ્યારે કોઈને પણ મારી જરૂર નથી. - આવી હીનભાવનાથી પીડાવું એ જ આ દુનિયાનો સૌથી ભયંકર અને નિંદનીય રોગ છે. આવું વિચારીને જ તો ભોગ બનનાર સ્ત્રી આત્મઘાતી પગલું ભરી બેસે છે. વિચારણીય તથ્ય તો એ છે કે, નિત્યાએ જ્યારે આત્મઘાતી પગલું ભર્યું ત્યારે એની મંદબુદ્ધિ અને આઘાતથી મૂઢ નાનીબહેને જ એને બચાવવાનો મરણિયો પ્રયાસ કર્યો હતો. એ વાત જુદી છે કે નિત્યા હાલ કોમામાં છે. ધારો કે એ જીવી જાય અને બાળકને જન્મ આપે, તો ?

માતૃત્વનો મહિમાગાન કરતો આપણો કહેવાતો સભ્ય સમાજ, ભોગ બનેલી સ્ત્રીના માતૃત્વનો સ્વીકાર કરી શકશે ખરો ? 'હકીકત તો એ છે કે, આપણે આ સમાજમાં હજી સુધી એવી કોઈ જગ્યા નથી બનાવી શકયા કે જ્યાં - સહી ગયેલી સ્ત્રી કે યુવતી પોતાનું ખોવાયેલું ખમીર અને આત્મસન્માન પુનઃ મેળવીને નવેસરથી આત્મનિર્ભર બની - ટટ્ટાર થઈને જીવી શકે...!!'



'મિ. લોર્ડ ! સ્ત્રીના સમગ્ર અસ્તિત્વ અને આત્મસન્માન ઉપર રેપ એટલો નિર્મમ અને ક્રૂર ઘાવ કરે છે કે જે સ્ત્રીના જીવતેજીવત કયારેય રુઝાતો નથી.'

આખો કોર્ટ રૂમ સ્તબ્ધ !!

'નિત્યાએ આત્મહત્યાનો નિર્ણય ફકત એટલા માટે તો નહીં કર્યો હોય કે એની ઉપર 'રેપ' થયો...! બલ્કે એવી ભયાવહ દુર્ઘટના પછી જ્યારે એને સૌથી વધુ હૂંફ અને પ્રેમના ટેકાની જરૂર હતી એવા સમયે જ એના મંગેતરે એની સાથેની પોતાની સગાઈ ફોક કરી નાખી... એટલું ઓછું હોય એમ નિત્યાની 'સમાજ ભીરુ' માતા આ 'બેવડો' આઘાત જીરવી ન શકી, ને મૃત્યુ પામી, નિત્યાએ માતાના મૃત્યુને આડકતરી રીતે પોતાની ઉપર લઈ લીધું. 'મારે કહેવું તો ન જોઈએ પણ ધારો કે પીડિતા જીવી જાય તો પણ બાકીનું જીવન સાધારણ રીતે જીવી શકશે કે કેમ ? એ પણ વિચારવા જેવું છે કેમ કે એણે આ સમાજના સવાલોથી, વેઠતાં-વેઠતાં, પળે-પળે પોતાની પવિત્રતાના પૂરાવા આપવા પડશે અને સામેવાળાની શક્તિ નજર કે ઉભડક વહેવારનો સામનો ન કરી શકવાની કોઈ નબળી ક્ષણે જીવન ઉપરની શ્રદ્ધા ગુમાવી ને વહેલા - મોડું જીવતર ટૂંકાવી દે તો કોઈને નવાઈ ન લાગવી જોઈએ મિ. લોર્ડ !

જોકે... આ કેસની સારી વાત આપે ખુદ નોંધી છે કે... સમાજથી ઉફરી ચાલ ચાલીને, બદનામીનો ડર રાખ્યા વગર એના પિતાજીએ હિંમતથી આ કેસ દાખલ કર્યો...! આપ નામદાર કડક અને સખત સજા ફરમાવશો એટલી શ્રદ્ધા તો છે જ પરંતુ મિ. લોર્ડ ! સફરજનને કાપનારી છરી એનાં બીજને કાપી શકશે ખરી ? સજા સિવાયનાં જે બીજ છે એનું શું? વણનોંધાયેલાં અગણિત આવા લોકો ઘરમાં - ઓફિસમાં અને સમાજમાં ખુલ્લાં - છૂટા ફરે છે...! એકાદ-બે જણને સજા આપવાથી આ સડો ભલે નિર્મૂળ નથી થવાનો... પરંતુ હા... કાયદાના દાયરાથી સખત અને આકરી સજાથી અપરાધિક માનસિકતા ધરાવતો કોઈ પણ પુરુષ કમ-સે-કમ એક વાર તો પોતાના હલકટ વિચાર માત્રથી જ ધ્રૂજી ઊઠવો જોઈએ એવું કોઈક બળ કે ભય તો

ચોકકસરૂપથી એ સજામાં હોવા જ જોઈએ.''

જજસાહિબા સહિત કોર્ટરૂમ એક કાન થઈને મહિલા વકીલની દલીલો સાંભળી રહ્યાં હતાં.

'સમાજે ખરેખર તો આવા લોકો જ શર્મનાક સ્થિતિમાં મૂકવો જોઈએ. એને કડકમાં કડક સજા કરવી જોઈએ. એના બદલે આપણે તો ભોગ બનનાર સ્ત્રીને જ શરમના દલદલમાં ધકેલી દઈએ છીએ. જ્યાં કદાચ એ જીવી જાય તો પણ બદનામીના દલદલમાંથી જીવતેજીવ તો જવલ્લે જ બહાર આવી શકે. આપણે સૌ જાણીએ છીએ પણ... અત્યારે પ્રસંગોચિત ગણાશે એમ જાણીને સમાજની વધુ એક વક્રતા વિશે કહું તો... જે દેશમાં દરેક તહેવાર કે વિધિને કોઈને કોઈ દેવી સાથે જોડવામાં આવતો હોય અને એ પરંપરાનું શ્રદ્ધાથી પાલન પણ થતું આવતું હોય એ જ દેશની કોઈપણ સ્ત્રી... એ ઘરની દીકરી હોય, પાડોશમાં કે કામકાજના સ્થળ ઉપરની કોઈ પણ બહેન - દીકરીઓની સાથે, એને દેવી નહીં તોય, એટલીસ્ટ, એક સામાન્ય માણસ કે સામાન્ય વ્યક્તિ ગણીને સન્માનપૂર્વકનું વર્તન આપણે કેમ નથી કરી શકતા મિ. લોર્ડ ?''

- મહિલા વકીલ નિરૂપમા રીતસર ક્રોધથી ધ્રૂજી રહ્યાં હતાં.

★★★

કોર્ટરૂમમાં નિત્યાના પક્ષે રજૂ થયેલી દલીલો થકી જજસાહિબાને નિરૂપમા માટે માનની લાગણી ઉપજી હતી કારણ કે રેપકેસ મફતમાં લડી આપતાં એ સન્નારી પોતે પણ સન્માનને લાયક તો હતા જ. એની દલીલનું સત્ય હજી પણ - ન કેવળ કાન બલ્કે હૃદયમાં ગુંજી રહ્યું હતું.

એ કેસમાં આજે પોતે આખરી ચુકાદો આપ્યો હતો. ગેંગરેપ મુજબ IPC કલમ ૩૭૬ મૃત્યુદંડ અને નિત્યાને મરવા માટે આડકતરી રીતે ઉશ્કેરણી કરવા બદલે IPC-૩૬૦-B મુજબ ૧૦ વર્ષની સખત સજા અને નિત્યાની બેનને કાયમી રૂપથી 'વાચા' ગુમાવવાની મહાવ્યથા આપવા બદલ કલમ IPC-૩૨૬ મુજબ ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવતી વખતે જજસાહિબાની કાનની બૂટ ગરમ થઈ ગયેલી. અને અત્યારે પણ આ શીતળ ચાંદનીમાં એ વિચારથી એના લમણા ઉપરથી પરસેવાના રેલા હાલતા થયા.

★★★

જજસાહિબાએ આંખો મીંચી તો રાત્રિના અંધકાર કરતાંય વધુ ડરામણું એક અંધારું પૂર બનીને એને વીંટળાઈ વળ્યું. અંધારામાં તિખારો ઝરતો હોય એમ એક ઘટના તણખા વેરતી સજીવન થઈ ઊઠી !

વર્ષો પહેલાં એક રાત્રે પરિવાર સાથે થિયેટરમાં ફિલ્મ જોવા ગયેલા તે વખતે ૧૦-૧૨ વર્ષની નિયતિના પપ્પાનાં ફોઈના દીકરાએ થિયેટરના અંધારાનો લાભ લઈ ત્વચા ઉપર પ્રથમ પોતાની આંગળીઓ ફેરવી !

આ બધું વીજળીવેગે બની ગયું.

હતપ્રભ થયેલી નિયતિ જોરથી હોઠ ભીડીને આંખો મીંચી ગઈ.

એની મુઠ્ઠીઓ બંધ થઈ ગઈ.

કાન, ખભો, ગરદન, કમર, નિતંબ અને છેલ્લે સાથળ ઉપર જાણે કે... જીવતો સાપ સરકતો હોય એવા ડરથી કૂમળી કળી જેવી છોકરી સંકોચાઈ ગઈ.

ઘરે આવીને લગાતાર ૪-૪ રાત્રિ સુધી પથારીમાં પેશાબ થઈ જાય એવા ભયના ભોરીંગે એની ભૂખ- તરસ અને



નીંદર હરામ કરી નાખ્યાં.

પાંચમા દિવસે માતાએ સૂનમૂન બાળકીને ખોળામાં લઈને, પુચકારીને, ફોસલાવીને કારણ પૂછ્યું ત્યારે કાચું માટલું પાણીનો ભાર ન ખમી શકે અને ફસકી પડે એમ દીકરી ફસકી પડી.

વાત સાંભળીને માતા સ્તબ્ધ ! દીકરીને છાતીસરસી ચાંપીને મા હેઠે હાથ ધોવાય એવી રોઈ પડી. દીકરી પણ હીબકે ચડી. પોતાની વાતનું સમાધાન કરવાને બદલે હૈયાફાટ રડતી માતાને જોઈને દીકરી વધુ મૂંઝવણમાં પડી, કંઈ સમજ ન પડતાં દીકરીએ અચકાતાં - અચકાતાં બધી વાત પિતાજીને કરવાનું સૂચન કર્યું કે તરત જાણે અંગારા ઉપર પગ પડયો હોય એમ માતા ગભરાઈને દીકરીના મોં આડો હાથ દઈ લાચારીથી માથું ધુણાવ્યું.

ઘરના પુરુષને વાત કરવામાં માતાએ જોયેલું જોખમ ! પતિના અવળચંડા સ્વભાવથી વાત વધુ બગડવાની બીક અને કુટુંબની આબરૂ જવાના ભયથી, માતાએ કરેલો મૂંગા રહેવાનો નિર્ણય કેવડી મોટી કિંમત વસૂલવાનો હતો દીકરી પાસેથી !!? તે વખતે તો આ કંઈ જ નિયતિને નહોતું સમજાયું.

પણ ઉંમર સાથે ઊગેલ સમજણે સમજાવ્યું કે...

માતા થકી દીકરીની સાથે અજાણતાં જ કેવડો મોટો અન્યાય થયો હતો ! એ બનાવ પછી ઊગીને ઊભી થતી દીકરી ઉપર વગર વાંકે માતાએ લાદેલા અગણિત નિયંત્રણોના ભારથી લદાયેલી નિયતિ જીવનભર કોઈ જ પુરુષનો ભરોસો ન કરી શકી. પોતાને થયેલા અન્યાયની ભરપાઈ કરવા બદલ, અર્ધજાગૃત મનથી પોતાની સમજણ મુજબ એણે નિર્ણય કર્યો... મોટા થઈને ન્યાયાધીશ બનવાનો...

★★★

- અને આજે મિસ. નિયતિ નટરાજને જ્યારે સૂરજની સાખે અપરાધીઓને સખત સજા ફરમાવી ત્યારે કોર્ટરૂમમાં ન્યાયતંત્ર ઉપરની નિષ્ઠા ફળીભૂત થતાં લોકો હર્ષથી કિલકારી ઊઠયા હતા. અને અત્યારે ચંદ્રની સાક્ષીએ શીતળ ચાંદનીમાં એણે એક નિર્ણય કર્યો કે : નિર્મમ ઘટનાની સાક્ષી બનીને પોતાની વાચા ગુમાવી દેનાર પેલી બાળકી - નીનુ - ને પોતે બીજી નિયતિ નહીં બનવા દે... હરગીઝ નહીં.

અંતરની અદાલતમાં કરેલા આ ન્યાયથી ન્યાયાધીશ મિસ નિયતિ નટરાજનની આત્મતેજથી પ્રકાશિત આંખોમાંથી સંતોષભરી એક ખારી રેખા દદડીને એનાં મન - આત્માને ગજબની મીઠાશ અર્પી રહી.

★★★

વિશેષ નોંધ :

ઉપરોકત વાર્તા એક સત્યઘટનાના બીજ ઉપર આધારિત છે. વાર્તાનું સ્વરૂપ ઘડવા માટે ગૂંથણીમાં થોડી કલ્પના ઉમેરી છે તેમજ પાત્રોની ઓળખ ગુપ્ત રહે તે માટે સ્થળ અને નામો બદલાવ્યાં છે.

★ ★ ★

'નીતિ' - સાંઈબાબાના મંદિર પાસે,
ઝાંઝરડા રોડ, જૂનાગઢ.
મો. ૯૯૨૫૦૧૭૫૮૪




“નદી-નાવ-સંજોગ”
નટુ પરીખ
મો. ૯૮૨૪૪૦૮૩૯૨



"રંગોળી"
પશાભાઈ મકવાણા
મો. ૭૬૦૦૨૫૩૩૭૫

“વ્હાલ”
એન. પી. વૈશ્યક
મો. ૯૪૨૭૬૦૭૮૨૪


"માની દીકરી"
પ્રિયા પરિયાણી
મો. ૯૮૯૮૩૩૬૮૧

વન રેઈની નાઈટ

- દર્શના ભગલાણી

'હર્ષિતને વાર્તા ગમી.' વોટસએપ પર વાર્તાનો એક પેઇઝનો સ્ક્રીનશોટ દેખાય છે અને સાથે જ મેસેજ. પહેલાં તો લાગ્યું કે મને ભાસ થયો કદાચ બેતાળા છે એના લીધે મને બરાબર સૂઝતું નથી એટલે વાંચવા સમજવામાં ફેર પડયો હશે. વધુમાં સામેની વ્યક્તિ મેસેજ કરે એ પણ માની શકાય એમ નહોતું એ સંજોગોમાં ભાસ થવો અને એવું માનવું એ સ્વાભાવિક હતું. ઊંડો શ્વાસ લઈ, આંખો ચોળી, ચશ્માં ચડાવીને ફરી જોયું. હમ્મ્મ્મ, મેસેજ જ હતો અને અચરજ સાથે ફરી એક એક અક્ષર બરાબર વાંચ્યો.

'અરે વાહ, ખૂબ સરસ. હર્ષિતને વ્હાલ...' તુર્તજ એ ક્ષણેમનમાં જે આવ્યું એ મુજબ ઉત્સાહભેર જવાબ વાળ્યો.

'હર્ષિત તરફથી થેંક્યુ.' ફરી મેસેજ સ્ક્રીન પર ઝિલાય છે. બહાર એકધારો વરસાદ વરસી રહ્યો હતો. વરસાદની વાછંટ ઘરની બંધ બારીઓમાંથી ઠેકીને અંદરની તરફ રેલાઈ રહી હતી. વીજળીના જોરદાર કડાકા સાથે થોડીવાર પહેલાં જ લાઇટ જતી રહેલ એટલે બહાર ઘનઘોર અંધારપટ્ટ છવાઈ ગયેલ. નાનકડા એવા આ શહેરમાં ભાગ્યે જ લાઈટ જતી હોઈ અને એકલા જીવને કંઈ ખાસ જરૂર ન હતી એટલે મીણબતી કે ટોર્ચ કે એવું કંઈ સાધન વસાવવાની આવશ્યકતા જણાઈ નહોતી. અનિવાર્ય સંજોગોમાં મોબાઈલ માંહેની ટોર્ચથી કામ ચાલી જતું એટલે એમ પણ વિકલ્પ મળી રહેતો. ચોમાસું તો ક્યારનું બેસી ગયેલ અને અગાઉ વરસાદ સારો પડી ગયો હોઈ, વાતાવરણમાં બફારો કે ગરમીનું પ્રમાણ સાવ ઓછું થઈ ગયેલું. એવામાં આજે ફરીથી મોસમનો બીજો રાઉન્ડ શરૂ થયો હોઈ એમ બપોરથી ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો જેથી ઘરની અંદર એકદમ ઠંડક પ્રસરી ગઈ હતી. ચાલુ વરસાદે, ચારેતરફ ગાઢ અંધકાર છવાયેલ હોઈ અને ઘરની બહાર નીકળવાની જરૂર નહોતી અને હિંમત પણ નહોતી એટલે દરવાજો બંધ કરી બ્લેન્કેટમાં જાતને ઢબુરી પથારીમાં લંબાવેલું.

આકાશ એકરસ થઈને નીતરી રહ્યું હતું. બંધ દરવાજાની નીચેની તિરાડમાંથી પણ વરસાદનું પાણી વિના પ્રયાસે ઘરમાં ઘૂસી આવતું હતું. ક્યારેક એ તરફ સહજ જોઈને વળી મોબાઈલ તરફ નજર વળી જતી. આંખ સામે વોટ્સએપમાં આવેલ ઉપરનો મેસેજ તરતો હતો. ફરી ફરીને વાંચતા આશ્ચર્ય સાથે જ મનમાં આનંદનો ઓચ્છવ...

★★★

હા, બરાબર એક વરસ થવા આવ્યું હશે ઉપરની નાની અમથી વોટ્સએપની વાતચીતને ! આજે પણ આ લખાય છે ત્યારે રાત્રીના બહાર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ગત વર્ષે, એ વરસાદી રાત્રે આવેલ મેસેજ અને એ વખતે અનુભવેલ આનંદ અત્યારે ફરી મનને વીંટળાઈ વળ્યો. એ વખતે મીઠી મૂંઝવણ એ થયેલ કે હર્ષિત તો હજુ ઘણો નાનો છે એને વાર્તા સમજાઈ હશે !!! સ્મૃતિપટના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ વચ્ચે ઉછળતી વહેતી વાર્તામાં કાળપ્રવાહ ધસમસતા પૂરની જેમ વહ્યે જતો હોઈ, એમાં એ શું સમજ્યો હશે ??? સ્વાભાવિકપણે વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણેય કાળખંડની ચોટલી વાર્તા લખનારના હાથમાં હોય છે અને સાથે જ લેખકનું ભાવજગત પણ ખરું. વાર્તાનું વિષયવસ્તુ પણ લાશોની વચ્ચે ધરબાયેલું અને કંઈક અંશે ડરામણું ખરું. અરે, આપમાંથી ઘણાં મિત્રોએ હર્ષિતે વાંચેલ એ વાર્તા ગત વર્ષે અહીં આ જગ્યાએ જ વાંચી હશે ! અમારા પરિવારનો એ નાનકડો ટાબરિયો શું સમજ્યો હશે એ વાર્તામાં એવો ક્ષણિક વિચાર આવેલ પણ પછી થયેલ કે ના, હું નાહક વધુ વિચારું છું હર્ષિતને વાર્તા ખરેખર સમજાઈ હશે અને ગમી પણ હશે.

વધુમાં એ ઉંમરની જ અસર હોઈ શકે કે જે ઉમરે ડરનું અસ્તિત્વ જ નથી હોતું અથવા તો ડર અંગેનો વિચાર પણ કદાચ તુચ્છ લાગતો હશે. ભૂત, પ્રેત, ડાકણ, શાકણ અને પિશાચીની વાર્તામાં જ હોઈ શકે વાસ્તવમાં તો નહીં જ. અને અહીં તો હર્ષિત નાનો ભલે હોય પણ તેની પાસે પુષ્કળ વાંચન અને સાહસનો ભવ્ય વારસો હતો. એ સાહસ કથા માંહેની વન રેઈની નાઈટ, ઓહ યેસ્સ્સ, એક વરસાદી રાતની વાતને વહી ગયાને આજે ત્રીસ કરતાં વધુ વર્ષો થઈ ગયાં હશે છતાં પણ આજેય એમાં થ્રીલ છે, તાજગી છે અને રિપીટ વૅલ્યુ પણ યથાવત્ છે.

★★★

રાત્રીના નવ વાગ્યા હતા અને નાનકડા તાલુકા મથક પરનું એ એસ.ટી. સ્ટેન્ડ મુસાફરોની ભીડભાડ વગરનું સૂમસામ ભાસે છે. અંધારામાં આકાશ ઓગળી ગયું છે અને વરસાદ ઝીણાં ફોરાં સ્વરૂપે સતત ટપકી રહ્યો છે. બસ સ્ટેન્ડના ગ્રાઉન્ડમાં ક્યાંક ક્યાંક પાણીનાં ખાબોચિયાં ભરાયેલ છે. પાણીનાં આ નાનાં નાનાં તળાવડાં ઉપર સાર્વજનિક લાઇટના થાંભલા પરથી રેલાતા પ્રકાશનું પરાવર્તન થતાં અજવાળું બેવડાઈ જતું હતું. બસસ્ટેન્ડના ગ્રાઉન્ડ પર પથરાયેલ ડામર પર ફરી વળેલ પાણી ઉપર લાઇટનો પ્રકાશ પડી રહ્યો હતો અને ડામર જાણે ન્હાઈ ધોઈને ચમકી રહ્યો હતો.

બસસ્ટેન્ડમાં મોડી રાત સુધી પૂછપરછની બારી ખુલ્લી હોવાનો પ્રશ્ન નહોતો કેમ કે આટલા નાના તાલુકા મથક પર એ અપેક્ષિત પણ નહોતું. ઠંડાં પીણાં અને નાસ્તા માટેના એકાદ બે સ્ટોલ હજુ ખુલ્લા હતા.

એક છોકરો અને એક છોકરી બન્ને બસસ્ટેન્ડના ખુલ્લા પટ્ટના મધ્યમાં ઊભાં છે. હજુ હમણાં જ એક બસ આ બન્ને છોકરાંવને અહીં ઉતારીને નીકળી ગયેલ. બન્ને જે રીતે ગડમથલ અનુભવતા ઊભાં હતાં એ જોતાં આગળ જવાનું હતું એ નિશ્ચિત હતું. ચાલો હું જ જણાવી દઉં આપને કે

પેલાં છોકરા-છોકરીને જ્યાં જવાનું હતું એ ગામ, આ તાલુકા મથકથી અઢાર કિલોમિટર જેટલું છેટે આવેલ. અને હા, મને આ વાતની કેમ ખબર એ અત્રે અસ્થાને છે પણ એ વાત નક્કી હતી કે સાંજે સાત વાગ્યા પછી એ ગામ તરફ જતી એકપણ બસનો રૂટ ન્હોતો એટલે બસ મળવાની સંભાવના પણ શૂન્યવત્ હતી. કુલ અઢાર કિલોમિટર અંતર પૈકી બે તાલુકાના મુખ્ય મથકને જોડતા સ્ટેટ હાઈવે પર બાર કિલોમિટર જેટલું અંતર કાપવાનું રહેતું. ત્યારબાદ ત્યાંથી સ્ટેટ હાઈવે છોડીને અંદરની તરફ વળવાનું હતું. અંદરના ગાળે પણ બે વળાંક આવતા હતા જેમાં અંદરની તરફ વળતાં જે પ્રથમ ગામ રસ્તા ઉપર આવે ત્યાં સુધી ત્રણેક કિલોમિટરનું અંતર કાપ્યા પછી ફરી મુખ્ય માર્ગ છોડી દઈને અંદરની તરફનાં સાવ ધૂળિયા માર્ગે વળી જવાનું હતું. આખરી મુકામ પર પહોંચવા માટે એટલે કે જે ગામ જવાનું હતું એ ગામ સુધી પહોંચવા મારે ફરી અઢી-ત્રણ કિલોમિટરનું અંતર કાપવાનું હતું. આમ, આ આખો એમનો રોડમેપ હતો એમ કહો તો ચાલે !

બે તાલુકામથકને જોડતા સ્ટેટ હાઈવેના રોડ પર કદાચ કોઈક સાધન મળી જાય પણ સતત ધીમી ધારે વરસતા આ વરસાદમાં એ શક્યતા પણ ઘણી ખરી ધોવાઈ ગયેલ. પેલો છોકરો અને છોકરી બન્ને ખૂબ થાકેલ જણાતાં હતાં. આખા દિવસની અંદાજે અઢીસો કિલોમિટર જેટલી મુસાફરી કરી તેઓ નજીકના તાલુકામથક સુધી તો આવી ગયેલ પણ છેવટના ગામ સુધી પહોંચવાનું હજુ બાકી હતું. અત્યારે રાત્રીના નવ થવા આવેલ અને પેલા બન્નેના ચહેરા ઉપર આખા દિવસની ભૂખ અને મુસાફરીનો થાક સ્પષ્ટપણે વર્તાતો હતો. રાતની રાતનો જ પ્રશ્ન હતો અને અત્યારે જે ગામ તાલુકા મથકથી સાવ નજીક લાગતું હતું એ આજથી ત્રણ દાયકા પૂર્વે ખૂબ છેટે હોય એમ લાગતું.

હવે તો રોડ-રસ્તાની આંતરમાળખાકીય સુવિધામાં ખૂબ સુધારો થવા પામેલ હોઈ અને સરકારી સાથે ખાનગી વાહન વ્યવહારની સુવિધા પણ વધવા પામેલ હોઈ બસો અઢીસો કિલોમિટરનું અંતર કાપવું તો આજના સમયમાં રમત વાત લાગે પણ એ વખતે તો પંદર સત્તર કિલોમિટરનું અંતર પણ જોજનો દૂર લાગતું.

પેલો છોકરો અને છોકરી એકબીજા સાથે વાત કરતાં હોય એમ જણાતું નહોતું. બન્ને લગભગ ચોતરફ જોતાં, સાથે હોવા છતાં સાથે ન હોય એમ અબોલ ઊભાં હતાં. તાલુકામથક પર રહેતા પરિચિતોને બન્નેએ કદાચ મનોમન યાદ કરી જોયા



હશે પણ કોઈ રડ્યુંખડ્યું યાદ આવ્યું હોત તો પણ બન્ને કોઈના ઘરે જાય એમ નહોતા. એ વખતે હજુ છકડો રિક્ષાનું પણ આગમન જ થયેલ એટલે આજના સમયનાં સુલભ શૌચાલય, જેમ એ સમયે દુર્લભ હતાં કંઈક એવું જ છકડો રિક્ષાનું હતું. હા, કાળા-પીળા કલરની એમ્બેસેડરનો જમાનો ખરો પણ વરસતા વરસાદની એ રાત્રે ક્યાંય એમ્બેસેડર પણ દેખાતી નહોતી. જોકે એમ્બેસેડર હોત તો પણ પેલાં છોકરા-છોકરીને એ ગાડી ભાડે કરવાનો વિચાર સુધ્ધાં ન આવત કેમ કે એ લક્ઝરી ગણાય કે ન ગણાય, ભાડે પરવડે કે ન પરવડે એ તો પછીની વાત પણ એવી કોઈ કલ્પના માત્ર સપનાથી પણ પર હતી. દૂરથી જોતાં સ્પષ્ટ થતું હતું કે છૂટાછવાયાં વાક્યો છોકરો બોલતો હતો અને જરૂર જણાય ત્યાં છોકરી અવ્યક્તપણે માથું ધુણાવી હામી ભરતી હોય એમ લાગતું હતું.

‘ના, કોઈના ઘરે નથી જવું... રસ્તામાં વાહન મળશે તો ઠીક છે... પહેલા સોંદરડા ઝાંપે તો જઈએ કદાચ ત્યાં કંઈક મળી જાય...’ છોકરો કહે છે અને છોકરી મૂકપણે માથું ધુણાવે છે. બન્ને બસસ્ટેન્ડમાં એક નજર નાંખી બહાર નીકળી રોડ પકડી ચાલવાનું શરૂ કરે છે. કોઈપણ વાત મનથી એક વખત નક્કી કરી લઈએ અથવા સ્વયંસ્પષ્ટ થઈ જઈએ પછી આવનાર પહાડ જેવી મુશ્કેલી પણ સહજ લાગે. અહીં પેલાં બન્નેએ જેવો ચાલી નીકળવાનો નિર્ણય કર્યો એવા જ થાક, ભૂખ અને કંટાળા સહિતના વિચારો જાણે ગાયબ થઈ ગયા !

સોંદરડા ઝાંપો પણ બસ સ્ટેન્ડથી બે કિલોમિટર તો છેટે ખરો. વરસાદની અવિરત ઝરમર ચાલુ હોવાની સાથે રાત્રીના કલાકો પણ ધીમી ગતિએ આગળ વધી રહ્યા હતા. ટાવર રોડની બન્ને તરફની લગભગ બધી દુકાનો બંધ થઈ ગયેલ. ક્યાંક ક્યાંક પાન-બીડીના ગલ્લા ખુલ્લા હતા. સોંદરડા ઝાંપે પણ નીરવ શાંતિ સિવાય કોઈ ચહલ પહલ ન હતી કે એક પણ વાહન દેખાતું નહોતું. છોકરી ચાલતાં ચાલતાં જ ચારે બાજુ નજર ફેરવે છે પરંતુ છોકરો એમ જ ચાલ્યે રાખે છે. છોકરી પણ વગર બોલ્યે છોકરાં પાછળ ચાલતી રહે છે. તાલુકા મથકનો એ છેવાડો આગળ ઉપર અર્ધા કિલોમિટરના અંતરે જતાં સંદતર નિર્જનતામાં ફેરવાઈ જવાનો હતો. કેમ કે અત્યારે ચારે તરફ વિકસીને પથરાઈ ગયેલ આ શહેર, એ વખતે તો સંકોચાઈને પડ્યું હતું. હવે વાહન મળવાની કોઈ શક્યતા જ રહી ન હોઈ, છોકરીએ પણ છોકરા સાથે પગ ઉપાડ્યા.

જીવનમાં દરેકને હર ક્ષણ પોતપોતાનાં સંઘર્ષો અને લડાઈઓ હોય છે. પણ એ સમય એવો હતો કે જ્યાં સંઘર્ષ સહજ હતો અને લોકો ખડતલ હતા કે જેમને મન આવું વિચારવાની પણ ફુરસદ નહોતી. છોકરો-છોકરી બન્ને વચ્ચે ઉંમરનો ત્રણેક વરસનો તફાવત જણાતો હતો. બન્ને ઉંમરના એ પડાવ ઉપર હતાં કે જ્યાં કોઈ વાતને અમલમાં તુર્ત જ મૂકી દેવાની અને પરિણામનો વિચાર પછી કરવાનો રહે. ચાલતાં ચાલતાં લગભગ ભાભડ ભૂત જેવા દેખાતા પેલાં બન્નેએ તાલુકા મથકને ઘણું પાછળ છોડી દીધું.

બન્ને હવે સ્ટેટ હાઈવે ઉપર આવી ગયેલ. રસ્તાની બન્ને બાજુ ઘેઘૂર વડલા પથરાઈને વરસાદમાં નીતરતાં ઊભા

હતાં. બે તાલુકા મથકને જોડતા એ સ્ટેટ હાઈવે પર આજે પણ રસ્તાની બન્ને બાજુ વડલાઓની હારમાળા જોવા મળે છે. હવે તો કદાચ રસ્તા પહોળા કરવાની આવશ્યકતાનાં લીધે ક્યાંક ક્યાંક વડલાઓના ઝૂંડમાં પારવાપણું જોવા મળે છે. પરંતુ એ સમયે તો રસ્તાની બન્ને તરફ ગીચ વડલાઓનું કીડિયારું જાણે... એકબીજાને વહાલ કરતાં... આપસમાં ગૂંથાઈને, ગૂંચવાઈને... અને રસ્તાની સામસામે ઊભેલ વડલાઓ પણ પરસ્પર બાથ ભીડતા હોય એમ વળગીને ઊભેલ જોવા મળતા.

ભારે પવન સાથે વરસાદનું જોર ધીમી ગતિએ પણ સતત વધી રહ્યું હતું. પેલાં છોકરા-છોકરી જે રીતે ચાલ્યા જતાં હતાં એ જોતાં એ બન્નેને એમ જ ત્રણ ચાર કિલોમિટર તો ચાલવાનો મહાવરો હશે એમ જણાતું હતું પણ એ તોફાની રાતની વાત જ અલગ હતી. ગાજવીજ સાથે બારે મેઘ ખાંગા થયા હોય એમ અનરાધાર વરસાદ વરસી રહ્યો હતો અને કાન ફાડી નાખે એવી વીજળીની ગર્જનાઓ અને છાતી સોંસરવા નીકળી જાય એવા પવનના સુસવાટા. ભીના લથબથ કપડાં સાથે બન્ને છોકરાવનું શરીર વરસાદના જોર સામે માંડમાંડ સમતુલા જાળવી શકતું હતું. રસ્તા ઉપરથી છૂટકછૂટક ક્યારેક વાહનો પસાર થઈ રહ્યાં હતાં પરંતુ છોકરાએ કદાચ મનોમન નક્કી કરી લીધું હતું કે હવે કોઈ વાહન ઊભું રખાવવું નથી. વળી ચાલુ વરસાદમાં અર્ધી રાત્રે છોકરી સાથે હોય અને રસ્તા ઉપર અજાણ્યા વાહનને રોકવું એ સાહસ કરવા જેવું લાગતું નથી. ઊલટું રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોમાંથી કોઈ વાહન ઊભું રાખી નાહક કંઈ પૂછપરછ ન કરે તો સારું એવું કદાચ એ બન્ને મનોમન ઇચ્છી રહ્યા હશે.

ક્યારેક ભારે, ભરખમ ખટારા જેવાં વાહનો, ખટારા જ સ્તો, હવે આપણે ટ્રક કહીએ પણ એ જમાનામાં તો ખટારા કે ભારખટારા જ કહેવાતા એ પસાર થતા અને એની હેડલાઇટમાં બન્ને છોકરાવની આંખો ઘડીકવાર અંજાઈને મીંચાઈ જતી અને પાંપણો નીતરી રહેતી. ચોમાસામાં હંમેશની માફક રસ્તા પર મોટાં મોટાં ગાબડાં પડી ગયેલ. ગાબડા પૂરવા મારેલ ડામરનાં થીગડાં તો વળી ગાબડાં કરતાં પણ ખરાબ. ગાબડાં પરથી પસાર થતાં વાહનો, તેની હેડલાઇટના પ્રકાશની છોળો વચ્ચે જોરદાર ઊડતી વરસાદની છાલક અને ટાયરની તીણી ચિચિયારીઓ વચ્ચે ફરી છવાઈ જતો ઘોર અંધકાર અને બિહામણા એકાંત વચ્ચે પેલાં બન્ને છોકરાંવ સતત ચાલી રહ્યા હતાં. કોઈ વાહન પસાર થતું ત્યારે બન્ને થોડાં સંકોચાઈ જતાં. બન્નેની હાલત જોતાં કોઈ વાહનચાલક ધારીને જુએ તો જ છોકરા, છોકરીનો ભેદ કળાય અન્યથા બન્ને વરસાદી રાતમાં ઊતરી આવેલ 'ઓળા' જ લાગે ! કોને ખબર, કોઈ વાહનચાલકને તો તેઓ રસ્તા ઉપર ભટકતાં 'આત્મા' કે 'ભૂત' જેવા પણ લાગતા હશે એટલે વાહનચાલક પણ એ છોકરાંવને જોઈને વાહન ઊભું રાખવાનું જોખમ લેવા તૈયાર ન હોય એમ સડસડાટ પસાર થઈ જતા હતા.


એ ગામડાઓમાં આજે પણ વાહનવ્યવહાર મોટા ભાગે છકડો રિક્ષા મારફત થતો હોય છે. આખા દિવસમાં ગામમાં ફક્ત સવાર સાંજ બે બસ આવતી હોઈ, જે હટાણું કરવા એટલે કે નાની મોટી ખરીદી કરવા માટે તાલુકા મથક સુધી જવા આવવા માટે કામ આવે. બાકીના સમયમાં તો છકડો રિક્ષા જ હાથવગું સાધન.

વરસાદ અટકવાનું નામ લેતો નહોતો જાણે આજે એણે પણ ભરપૂર વરસી લેવાનું મન બનાવી લીધું હોય એમ એકધારો ચાલુ હતો. રસ્તા ઉપરથી વહી રહેલ પાણીનો પ્રવાહ, રસ્તાની બન્ને તરફ ઉછળતા કૂદતા ઊતરીને, ખળખળ વહેતા જળધોધમાં ફેરવાઈ જતો હતો. જે રીતે પેલાં છોકરા, છોકરી રોડ ઉપર જઈ રહ્યાં હતાં એ જોતાં તેઓએ રસ્તાના પૂરેપૂરા જાણકાર હોય એવું લાગતું હતું જાણે ભોમિયા જ જોઈ લ્યો ને !

વચ્ચે ક્યાંય પોરો ખાધા વગર બન્ને વરસાદ અને પવનના વેગ સામે ઝઝૂમતા ચાલી રહ્યા છે. આ સ્ટેટ હાઈવે ઉપર તો ક્યાંય ઊભા રહેવાનો કે પોરો ખાવાનો પ્રશ્ન જ નથી. ઘેઘૂર વડલાની વડવાઈઓ આડા દિવસે હીંચકવા કે મોજ-મસ્તી માટે સૌને પ્રિય એ વડલા અને તેની વડવાઈઓ આજે નકામી હતી કેમ કે પાંદડે પાંદડું અને ડાળીએ ડાળી વરસી રહી હતી ત્યાં ક્યાં જઈને ઊભાં રહેવું. જોકે બન્ને કદાચ ક્યાંય બેસીને પોરો ખાવાનું વિચારતા પણ નહોતા. મોઢાં પર પડતો વરસાદ એ જ કદાચ એમના માટે ગળામાં પડતા પાણીના શોષનો વિકલ્પ હતો કેમ કે બન્નેના સામાનમાં પાણીની બોટલ હોવાનું જણાતું નહોતું. એ વખતે મુસાફરો માટે બસસ્ટેન્ડમાં પાણીની પરબ રહેતી એટલે જ્યાં સ્ટેશન આવે ત્યાં પીવાનું પાણી સરળતાથી મળી રહેતું.

આકાશમાં થતાં વીજળીના ચમકારામાં આગળના વળાંક સહિતની સડક સાફ દેખાતી પણ તેનો અંત ક્યાંય નજરે પડતો નહોતો. છોકરા-છોકરી પાસે સામાનમાં ખાસ કંઈ હતું નહીં. ભારે વરસાદની તો, શું છાંટણાની પણ કલ્પના નહીં હોય એટલે છત્રી કે રેઇનકોટ કશું જ સાથે હોય એવું જણાતું નથી. છત્રી હોત તો પણ ખોલતાવેંત કાગડો થઈ જાત અને અત્યારે તો કાગડાભાઈ ભારે પવનમાં હાથમાં રહેવાના બદલે તુર્ત જ ઊડી ગયા હોત કેમ કે અહીં તો છોકરો-છોકરી બન્ને લથબથ કપડામાં જાતને સાચવતાં, વરસાદ સામે ઝીંક ઝીલતાં માંડ માંડ ચાલી રહ્યાં હતાં ત્યાં છત્રી કેમ સચવાત ! આટલું જ અંતર શિયાળાની સવારની ઠંડીમાં કે ઉનાળાની બપોરની ગરમીમાં ચાલવાનું બન્યું હોત તો શરીરને આટલી હાડમારી વેઠવી પડી ન હોત.

બિહામણી રાત, સૂમસામ નિર્જન રસ્તો, ભારે વરસાદ,



તીવ્ર પવન, ભયંકર વીજળીના કડાકા અને ભડાકા એવામાં રસ્તો કોઈ રીતે કાપવો મુશ્કેલ બની રહ્યો હતો છતાં પેલાં બન્ને મૂંગેમૂંગાં ચાલ્યા જતાં હતાં. પેલી છોકરી સતત છોકરા સાથે ચાલવા મથી રહી હતી. બન્ને વચ્ચે એકપણ શબ્દની આપલે થતી નહોતી.

બસ હવે થોડીવારમાં જ બે તાલુકા મથકને જોડતા આ સ્ટેટ હાઈવેથી અંદરના રસ્તે વળવાનું પાટિયું આવતું હતું. અંદર ગાળાના રસ્તે વળતા વળાંક પર જો કોઈ ગામ ન હોય તો એ વળાંક સામાન્ય રીતે પાટિયા તરીકે ઓળખાતો હોય છે. આવાં પાટિયાનાં નામોમાં ઘણું વૈવિધ્ય જોવા મળે છે. ઘણી વખત અંદરની તરફ વળતા પ્રથમ જે ગામ આવતું હોય તે ગામનાં નામ ઉપરથી તે પાટિયું ઓળખાતું હોય છે. ક્યારેક વળી સાવ અલગ જ નામે આવાં પાટિયાં ઓળખાતાં હોય છે. કેટલાંક પરિચિત નામ જોઈએ તો ઢાંઢણીનું પાટિયું, ડોકામરડીનું પાટિયું, ચરની ધાર, ટીંબો, હરિપુર પાટિયા, છાપરી, સીમાડો વગેરે યાદ આવે. આ સ્થળ પણ આવું જ એક પાટિયું હતું અને પેલો છોકરો, છોકરી એ પાટિયા પાસેથી સ્ટેટ હાઇવે છોડી અંદરના માર્ગે વળે છે.

રાત્રીના અઢી વાગ્યા હશે, અનુમાન સ્તો કેમ કે બન્નેમાંથી એકેય પાસે સમય જોવા માટે ઘડિયાળ પણ હોય એવું લાગતું નથી. હવે વધુ નિર્જન, ભેંકાર રસ્તાની શરૂઆત થાય છે. એ ગ્રામ્યમાર્ગનો આંતરિક રસ્તો હતો જ્યાં દિવસે પણ વાહનોની અવરજવર નહીંવત્ રહેતી હોય ત્યાં આવા ભારે વરસાદમાં અર્ધી રાત્રે તો વાહન ક્યાંથી જોવા મળે ! વરસાદ દેમાર વરસી રહ્યો છે, રાત પણ વહી રહી છે અને પેલાં છોકરાંવ પણ અવિરામ ચાલી રહ્યાં છે.

આ ગ્રામ્ય માર્ગ પર સડકની બન્ને બાજુ ઝાડવાં સાવ જ પાંખાં એટલે વીજળીના ચમકારામાં માઇલો સુધી પથરાયેલ ખુલ્લી જમીન નજરે ચઢે છે. સામી છાતીએ આવતા વરસાદનાં ફોરાં ચહેરા પર અથડાય ત્યારે રીતસર બરફની કણીની માફક ધારદાર વાગે છે. રસ્તા પર એક ગામ દેખાય છે અને થોડાં કાચાં કે નળિયાવાળાં છૂટાછવાયાં મકાનો ઊભાં છે. એ નાનકડા ગામની બસસ્ટેન્ડની છાપરી તરફ પેલી છોકરી લલચામણી નજરે જુએ છે.

એ વખતે ગામના પાદરમાં બસ સ્ટેન્ડની છાપરી



હોય તો ઠીક છે બાકી લીમડા, પીપળાના ઝાડની ફરતે સરસ મજાના ઓરસચોરસ કે ગોળાકાર સિમેન્ટ કોન્ક્રીટના ઓટા બનાવેલ હોય, જે મોટાભાગે બસસ્ટેન્ડની છાપરીની ગરજ સારે. મુસાફરો, રાહદારીઓથી લઈને અમસ્તા જરા બહારની હવા ખાવા નીકળેલ ગ્રામજનો કે ઘરમાં ન સચવાતા જણ માણાહ કે છોકરાં છાબરાઓ માટે આવા ઓટા, બેઠકથી લઈને આળોટવાનું સ્થળ. જોકે તક મળે ત્યારે આવા ઓટા પર કૂતરાં - બકરાં પણ ચડીને આરામ ફરમાવતા હોય ખરાં ! છોકરીના પગ ધીમા પડે છે પણ પેલો છોકરો, એ તો જાણે મંઝિલે પહોંચવાની ધૂનમાં હોય એમ નફિકરાઈથી ચાલ્યે જ રાખતો હતો. છોકરીને પાછળ ખેંચાવા સિવાય કોઈ જ ચારો નહોતો. એટલે ફરી પગને આગળ ધકેલે છે અને ફિર વોહી રફતાર...

થોડો ચડાણવાળો અને ઊબડખાબડ એવો એ રસ્તો ધાર કહેવાતો. ભારે વરસાદના લીધે રસ્તો ધોવાઈ ગયેલ અને પથ્થર, કાંકરા સાવ ઉઘાડેછોગે બહાર નીકળી આવેલ તે રીતસર પગે અથડાઈને ખૂંચે અને પીડા થાય પણ બન્ને ગણકારતા નથી. વરસાદનું જોર થોડું ઘટ્યું હોય એવું લાગે પણ ઉપર આભમાં ભગવાન કૃષ્ણ ગેડી દડે રમવા નીસરી પડ્યા હોય એમ સતત કડાકા-ભડાકા સંભળાતા હતા.

આવી મેઘલી રાત્રે અને ભારે વરસાદમાં આ છોકરા-છોકરી ક્યાંથી આવતાં હશે, ક્યાં જતાં હશે, કોણ હશે, શું હશે ? એવા વિચાર કોઈને પણ આવે. જોકે એક વાત સાફ હતી કે એ છોકરો હતો ખૂબ હિંમતવાળો ! ડર જેવું નામોનિશાન તેનાં ચહેરા પર ન હતું. કદાચ છોકરી સાથે ન હોત તો એ છોકરો જે થોડો ઘણો સંકોચાય છે એ સંકોચ પણ જોવા ન મળત અને વધુ બિંદાસ્તપણે ચાલતો હોત. બન્ને વચ્ચે કોઈ જ વાતચીત થતી નહોતી. બસ એમ જ વણબોલ્યે, વણથંભ્યે ચાલ્યે જ રાખે છે. છોકરી સતત છોકરાની સાથે ચાલવા પ્રયત્ન કરે છે.

ફરી એ ગ્રામ્ય માર્ગ છોડી છેલ્લા સ્ટેશન તરફ જવાનો એપ્રોચ રોડ શરૂ થાય છે. ફરી વધુ ને વધુ સૂમસામ થતા જતા રસ્તા તરફ વળવાનું આવે છે. રાત્રીના સાડા ત્રણ થવામાં હશે. એ અંતિમ પડાવ નજર સામે ભળાય છે એમ કહીએ તો ચાલે પણ હવે બાકીનો રસ્તા વધુ કઠિન હતો. એ વિસ્તારની માટી, પીળી અને ચીકણી લોંદા જેવી. એ માટીમાંથી નાના નાના ઘોડા, હાથી અને બળદ બનાવીને એ રમકડાં સાથે રમવાની તક એ છોકરા-છોકરી, બન્નેને નાનપણમાં સાંપડેલ. જોકે અત્યારે ભારે વરસાદમાં આ રસ્તા પરની મૂળ તકલીફ એ હતી કે એ ચીકણી માટીમાં પગ લસરીને ખૂંપી જતા હતા. એક પગ માંડ ઉપાડે ત્યાં બીજો પગ એ ચીકણી માટીમાં ખૂંપતો અને અતિ પ્રયત્ને બીજો પગ ઉપાડે તો પહેલો ખૂંપી જતો.

હવે વરસાદનું જોર થોડું ધીમું પડી રહ્યું હતું અને વીજળીબાઈને પણ વિરામ લેવાનો વિચાર આવ્યો હોય એવું લાગે છે એટલે નાના નાના ચમકારા કરી વળી શાંત થઈ જાય છે. છોકરો હવે નિશ્ચિંત બનતો દેખાય છે. મુકામ નજીક છે, મન થોડું હળવું છે, હવે શરીરમાં થાક પણ જણાય છે. છોકરો આગળ જુએ છે અને ચાલ્યો જાય છે. છોકરી થોડું થંભી પાછળ નજર નાંખે છે. ઓહો, કેવડો પંથ કાપ્યો, માનવામાં ન આવે

એવું ! ઘણી વખત વાર્તામાં જે શક્ય હોય એ વાસ્તવમાં શક્ય નથી હોતું પણ અહીં તો એ વરસાદી રાત્રે ભાભડ ભૂતડા જેવાં પેલાં બન્ને છોકરાંવનું આમ સત્તર અઢાર કિલોમિટર ચાલવું...

ઊંહું, હજુ તો મામાનું ઘર કેટલે, દીવા બળે એટલે, એમ અહીં ગામ તો સામે જ દેખાતું હતું પણ ગામની ફરતે પાણી ફરી વળ્યાં હતાં. મોટાભાગે આપણા ગામડા ગામની ભૌગોલિક રચના એવી હોય છે કે ગામ થોડું ઊંચું ટેકરા પર હોય અને આસપાસનો વિસ્તાર થોડો નીચાણવાળો એટલે ભારે વરસાદની પરિસ્થિતિમાં ગામ ફરતે પાણી ફરી વળે પરંતુ ગામમાં ભાગ્યે જ પ્રવેશ કરે.

અત્યારે અહીં પણ ગામ ફરતે કેડસમાણાં તો પાણી ભરાયેલાં છે. છોકરી ક્ષણિક અટકી આગળ ચાલ્યે જતા પેલા છોકરાંની સામે જુએ છે પણ એ તો નિજ ધૂનમાં પાણીના પ્રવાહમાં જાતને ધકેલે છે. પેલી છોકરી પણ છોકરા પાછળ સાવધાનીપૂર્વક ખેંચાય છે.

એ વખતે રાતના સાડા ચાર થવા આવ્યા હતા બસ થોડીવારમાં પરોઢ થવાનું હતું. નાનું ગામ અને ટીવી તો હજુ દૂરદર્શન જેવું. હા, બે-પાંચ ઘરે રેડિયો જોવાં મળે તે સાંજે આવતો 'ગામનો ચોરો' કાર્યક્રમ સમૂહમાં સાંભળી બધાં છૂટા પડી જાય તે રાત્રીના નવ વાગ્યે તો ગામ આખું જંપી જાય. વહેલાં ચાર-પાંચ વાગ્યે તો બધાને સવાર પડી ગઈ હોય. છોકરો-છોકરી પાણી સોંસરવા નીકળી ગામમાં પ્રવેશે છે. બન્ને છેલ્લા છ-સાત કલાકથી વરસાદમાં જ ચાલતાં હોઈ, કેડ સમાણા પાણીના પ્રવાહમાંથી બહાર આવતાં તેઓનાં માટે પરિસ્થિતિમાં કંઈ ખાસ ફરક પડ્યો નહીં.

ગામ વીંધીને બીજે છેડે આવેલ એક ખુલ્લા ડેલામાં બન્ને દાખલ થાય છે. ડાબા હાથ બાજુ ત્રણેક રૂમ, સળંગ ઓસરી સાથે, એક હરોળમાં આવેલ છે. મોઢાં સામે પણ એજ રીતે ખુલ્લી ઓસરીવાળા એક હરોળમાં ત્રણેક રૂમ દેખાય છે. જમણા હાથ બાજુ છેક સામે ખૂણામાં રસોડું અને ઓસરીમાં પાણિયારું દેખાય છે અને બાકીના ભાગમાં ઢાળિયું હતું. ડાબા હાથ બાજુના સામેના ખૂણા ઉપરના ઘરની સાંકળ છોકરો ખટખટાવે છે અને દરવાજો ખૂલે છે. બહાર ફળિયામાં ફરી ધોધમાર વરસાદ ચાલુ થાય છે અને ઘરમાં...

★★★

'હાય, હાય અત્યારે ? આટલા વરસાદમાં ?' માવતર પૈકી મા બોલી ઊઠે છે.

'હોવે...' છોકરો જવાબ વાળે છે. કેવી રીતે આવ્યા એ પૂછવાનું કદાચ અસ્થાને હતું કેમ કે માવતર સારી રીતે જાણતાં હતાં કે અધરાતે આટલા વરસાદમાં વાહન તો કોઈ કાળે મળે જ નહીં પણ છતાં સહજ ભાવે પુછાય જાય છે. છોકરો પોતે ચાલીને આવ્યા એ વાત એથીય વધુ સહજતાથી બે લીટીમાં કહી દે છે.

'પરિણામ ???' માવતર પૈકીના બાપ પેલી છોકરીને પૂછે છે.

'ફેઈલ...' છોકરીએ જવાબ વાળ્યો. બહાર ફરી વરસાદની ઝરમરે પોતાની ચાલ બદલી અને ફરી રમઝટ શરૂ થઈ. આટલા ભારે વરસાદમાં આખી રાત ચાલીને આવેલ એ છોકરાંવના સાહસને વખાણવું કે વખોડવું કે પછી ફેઈલ થયેલ પેલી છોકરીને ઠપકો આપવો, એવું કશું એ માવતરને સૂઝતું ન હોય એમ મા-બાપ બન્ને એકબીજાનાં મોઢાં સામે તાકી રહે છે. છેવટે માવતરને થોડી કળ વળતાં પેલાં બન્નેને શરીર લૂછી કરાવી, કપડાં બદલાવીને સૂવાની તાકીદ કરે છે. વળી કંઈક યાદ આવ્યું હોય એમ પાછું ઉમેરે છે કે સવારે આડોશ-પાડોશમાં કોઈ પૂછપરછ કરે તો આખી રાત ચાલીને આવ્યા એમ ન કહેતાં. માવતર માટે આવા વરસાદમાં, આટલે છેટે, આ રીતે ચાલીને આવવું એ કદાચ નર્યું ગાંડપણ હતું. અને આજથી ત્રણ દાયકા પૂર્વે એ વાત નાનકડા એવા ગામમાં બહાદુરી કરતાં મુર્ખામી વધુ ગણાતી હશે. વળી કોઈપણ માવતર ન ઈચ્છે કે તેમનાં છોકરાવની છોકરમત હાંસીપાત્ર બને ! જોકે પેલાં બન્ને છોકરાંવ બીજા દિવસે બપોર સુધી તો ક્યાં ઊઠવાનાં હતાં...?

★★★

એ વરસાદી રાત્રે ભૂત જેવાં પેલો છોકરો અને છોકરી કોણ હતાં ખબર છે ? હમ્મ્મ, એ છોકરો હર્ષિતના પપ્પા હતા અને એ છોકરી હર્ષિતના પપ્પાની બહેન હતી, ફઈની દીકરી બહેન. બહેન હશે અઢારેક વર્ષની અને હર્ષિતના પપ્પા એટલે કે પેલો છોકરો હતો પંદરેક વરસનો.

બહેનનું પરિણામ લેવા અઢીસો કિલોમિટર છેટે ગયેલ એ છોકરાવનું, એ વરસાદી રાત્રે કરેલ સાહસ ત્યારબાદ ઘણી વખત ઘરમાં ગૌરવ કે રમૂજ સાથે યાદ કરાતું રહેતું હોય છે. બહેન એ વખતે બારમાં ધોરણમાં ફેઈલ થાય છે અને છોકરો, એ પછી દસમાં ધોરણમાં ફેઈલ થાય છે પણ પેલી વરસાદી રાતના સાહસની માફક બન્ને પાછા ચોટલી બાંધી ભણવા વળગે છે અને આજે બન્ને ભાઈબહેન એમનાં નોકરી, વ્યવસાયમાં સફળ છે.

અરે હા, એક વાત કહેવાની તો રહી ગઈ... એ વરસાદી રાત્રે આવેલ મેસેજ કે હર્ષિતને વાર્તા ગમી એ પેલાં છોકરાએ કરેલ હતો અને પેલી છોકરીને વિશ્વાસ છે કે હર્ષિતને એની આ વાર્તા અગાઉની વાર્તા કરતાં પણ વધુ ગમશે અને દુનિયાભરનું આશ્ચર્ય એની આંખોમાં સમાવી પેલા છોકરાને એટલે કે એના પપ્પાને જરૂર પૂછશે કે હેં પપ્પા, એ રાત્રે આટલા વરસાદમાં... સાચે જ !!

મુ. માળીયા હાટીના, "શ્રી", C/o. જયેશભાઈ એમ. મહેતા,
તા. માળીયા હાટીના, જિ. જૂનાગઢ-૩૬૨૨૪૫.
મો. ૯૮૨૫૩૩૬૮૦૮







Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.gujarat.gov.in


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

આનલ

- પિનાકિન દવે

સાંજનો સમય હતો પોતાના બંગલાની અગાસીમાં ઈરા સાથે વાર્તા કરતી આનલ બેઠી હતી.

એકાએક એ બોલી ઊઠીઃ 'ડેડી આવી ગયા લાગે છે.'

'તને શા પરથી ખબર પડી ?' ઈરાએ ચારેતરફ જોતાં પૂછ્યું.

'તેમની સાઇકલની ઘંટડીના અવાજ પરથી. આનલ બોલી.'

'યાર તારા ડેડી સાઈકલ વાપરે છે તે વિચિત્ર લાગે છે !'

'શું કરીએ ? અમે બધાં સમજાવીને થાકી ગયાં, પણ એ છે જ એવા કંજૂસ.

પોતાની માટે એક પૈસો નહીં વાપરે. મારા માટે ને એમના થનારા જમાઈ માટે વધુ ભેગું કરે છે. આનલ હસી.

'ચાલો, ત્યારે કાલે કોલેજમાં મળીશું બાય.' કહેતાં ઈરા ચાલી ગઈ.

આનલ પણ નીચે આવી. એને દેખતાં જ એના પિતાએ પૂછયું : 'ક્યાં અગાશીમાં બેઠી હતી ?'

'હા.'

'હું તને જ શોધતો હતો. મારી તારી સામે એક ગંભીર ફરિયાદ છે. તું આજકાલ ભણવા કરતાં રખડવામાં વધારે પડી છે. આજે જ મેં તને કોઈ છોકરા સાથે હોટલમાંથી બહાર આવતી જોઈ હતી. તારે શું કહેવું છે ?'

આનલે બેફિકરાઈથી ઉત્તર વાળ્યો : 'તે જોઈ હશે. હું અને વિનીત હૉટલમાં ગયેલ. ભૂખ લાગી હતી, મને અને વિનીત બન્નેને.'

એના મમ્મી બોલ્યાં વિના રહી ન શક્યાં. 'જાણે કાંઈ વાત જ ન હોય એમ બોલે છે. શરમા જરા. તારા ડેડીએ તને વધારે પડતી છૂટ આપી છે, તેનું ફળ એ ભોગવશે.'

'એમાં કશું શરમાવા જેવું હોતું નથી મમ્મી : છોકરા-છોકરી સાથે હોટલમાં ન જાય ?'

'હા. હું કહું છું ન જાય. ભલે તું મને જૂનવાણી ગણે.'

'નો ડેડી. વિનીત મને પ્રેમ કરે છે, એ મારા પર ફિદા છે. મને પણ એ ઈન્ટરેસ્ટિંગ લાગે છે.' આનલ બોલી.

'તું સમજવાની કોશિશ કર, આ સારું ન કહેવાય. આપણા સમાજમાં આવા વ્યવહારની છૂટ હોતી નથી. કાલે તારું સગપણ કોઈની સાથે ગોઠવીએ તો તેમાં આવી વાતો આડી આવશે.'

એના પિતાએ સમજાવતાં કહ્યું

'હેલ વીથ ઇટ, આઇ ડોન્ટ કેર. મારું સગપણ તમારે નહીં ગોઠવવું પડે. હું મારી જાતે જ ગોઠવી દઈશ. અને હું તેમને કહી દઉં છું કે એ માટે તમારે ક્યારેય દિલગીર થવાનો વારો નહીં આવે.'

'તું કરે છે એ તેથી અમે કાંઈ છૂટી જઈએ ? દિલગીર થવાનો વારો આવે ત્યારે શું કરીએ ?'

'મારા નામનું સ્નાન કરી નાખજો. ભૂલી જજો કે તમને આનલ નામની છોકરી હતી. બસ !' કહેતાં ગુસ્સાના આવેશમાં ત્યાંથી ઊઠી પોતાના રૂમમાં ચાલી ગઈ. રૂમનું બારણું બંધ કરી પલંગમાં ઊંધી પડી રડવા લાગી.

મા-બાપની આ તે કેવી ગુલામી ? આપણને જન્મ આપ્યો, ઉછેર્યા તેથી આપણા પર તેમનો આટલો બધો અધિકાર ! આપણી કશીયે સ્વતંત્રતા નહીં ? આના કરતાં તો ઘર છોડી ચાલ્યા જવું સારું. આના કરતાં તો મરી જવું સારું. આનલ વિચારતી હતી.

એને વિનીત યાદ આવતો હતો. આજે જ હોટલના એકાંતમાં એનો હાથ પકડી ચૂમતાં બોલ્યો હતો : 'તારા હાથની રેખાઓ સાથે મારા હાથની રેખાઓ મળી જાય તેમ કરને.'

'રેખાઓ મળે તેથી કાંઈ મન મળતાં નથી.' એણે કહ્યું હતું. 'જેનાં મન મળે તેની જ રેખાઓ મળે.' એ બોલ્યો હતો.

'તું કોઈ વાર એવું મીઠું બોલે છે કે...' આનલ બોલતાં અટકી ગઈ.

'શું થાય છે ? વિનીતે આંખોમાં આંખો પરોવતાં પૂછ્યું.

'બસ, સાંભળ્યા જ કરું. પણ પછી વિચાર આવે છે કે, આ બધાં તો વાક્યો તું કોઈકની ચોપડીઓમાંથી લખેલાં બોલે છે. મારા પહેલાં પણ તું એ કોઈને કહી ચૂક્યો હોઈશ ને હવે પછી પણ કોઈકને કહીશ.'

'તું જો સંમત થાય તો બીજા કોઈને કહેવાનો પ્રસંગ જ ન આવે. આપણે લગ્ન કરી લઈએ.'

'નહીં, લગ્નની વાત મને પસંદ નથી. મારે હજી ઘણું ભણવું છે, મારે કાંઈક બનવું છે. લગ્ન કરી તારા માટે રસોઈ બનાવવી, તારાં કામ કરવાં, તારે માટે છોકરાં પેદા કરવા. આ બધું મને ગમતું નથી. મારા ભવિષ્યની કલ્પનામાં હું એક જ છું, કેન્દ્રસ્થાને હું. પછી વર્તુળના બીજા છેડા પર ગમે તે હોય.'

વિનીત હસીને હળવેથી બોલ્યો હતો : 'જો, વર્તુળનો દેખાવું શૂન્ય જેવો હોય છે. તેમ કરતાં તું શૂન્ય બની જાય.'

'શૂન્ય બનવા માટેની પ્રક્રિયા હું માણી શકીશ. મારા માટે હું જ પૂરતી છું. મારાથી વિશેષ પણ કશું નહીં અને ઓછું પણ કશું નહીં.'

'ભલે આનલ, તું કહે તેમ. પણ તું મને ગમે છે. 'તે બોલ્યો હતો.'

આનલે પલંગમાં પડખું બદલ્યું. વિનીતની આંગળીઓ કેવી નાજુક ને સુકોમળ હતી ! એનો રતુંબડો હાથ... પોચી પોચી ગાદી જેવી હથેળીઓ.' એ વિચારતી હતી, અને ડેડી કોણ જાણે કેવા છોકરાને પસંદ કરશે ?'

એની આંખો સામે એક ચિત્ર ઊભું થયું. 'નાક પરથી નીચે લસરી પડતાં ચશ્માં ઊંચે ચડાવતો કોઈક છોકરો એની સાથે બનાવટી સ્મિત કરતાં બોલે છે : 'હેલો આનલ, મને તારી સાથે લગ્ન કરવા માટે પસંદ કર્યો છે. મને પણ તું ગમે છે. તારો શો વિચાર છે ? આપણી પાસે લખલૂટ રૂપિયા છે - એ બધા તારા.'

એ પલંગમાં બેઠી થઈ ગઈ. ઓશીકું ખોળામાં રાખી. તેના પર કોણી ટેકવી, હથેળીમાં મોઢું રાખી વિચારવા લાગી - પાસે લખલૂટ રૂપિયા હોય એ પણ ગમે એવું છે. પૈસા વિના

તો શી રીતે ચાલે ?

'બીજે દિવસે આનલને સમજાવતાં એના પિતા શ્રીનાથભાઈએ કહ્યું !' 'આનલ, જિંદગી સાથેનો છે આ ખેલ તેં માંડ્યો છે તે તને ભારે ન પડે તો સારું. કોઈ વાર તું વિનીતનું નામ લે છે, કોઈ વાર વિષાંકનું, કોઈ વાર વળી કોઈ ત્રીજાનું...'

'કોલેજ - જીવનની આ જ મજા છે.' આનલે કહ્યું ને ચાલી ગઈ.

આનલને રોજરોજ ક્યાંક પાર્ટી હોય, ક્યાંક આઉટિંગ હોય, ક્યાંક ટૂર હોય. આનલ ઘરમાં ઓછું ને બહાર ઝાઝું રહેતી. અનેકવાર રાત્રે મોડે સુધી ઘરે ન આવતી ત્યારે બધા જ ચિંતામાં જાગતા બેસી રહેતાં.

પરંતુ એક રાત્રે એ ઘરે આવી જ નહીં. જાગતાં - જાગતાં જ એનાં માતા-પિતાએ તે રાત વિતાવી. સુધાબહેન વારેવારે શ્રીનાથભાઈને પૂછતાં : 'તમને શું લાગે છે ? આપણી આનલ ક્યાં ગઈ હશે ? એણે છાનેછાને કોઈની સાથે લગ્ન તો નહીં કરી લીધાં હોયને !'

'આપણે એને ક્યાં કોઈ દિવસ રોકી-ટોકી છે તે છાનેછાને લગ્ન કરી લેવાં પડે ?'

'એ જ તો બધાં દુઃખનું મૂળ છે. તમે એને કાંઈ કરતાં રોકી જ નહીં.'

શ્રીનાથભાઈએ સમજાવતાં કહ્યું : આજકાલનાં છોકરાં વધારે પડતાં સેન્સિટિવ થઈ ગયાં છે. એમને લડાય નહીં; ક્યાંક અજુગતું પગલું ભરી બેસે. આપણે બધી રીતે વિચારીને વર્તવું પડે.'

'તો પણ થવાનું હોય તે તો થાય છે જ. શું થયું હશે મારી આનલને ?' રડતાં રડતાં સુધાબેન બોલ્યાં...

'એને કોઈ કોઈ વખત ઘરે આવતાં મોડું થતું તો કોઈક મૂકી જતું. પણ એ આવી જતી તો ચોક્કસ. આજના જેવું કોઈ વખત બન્યું નથી. 'આપણે તપાસ પણ ક્યાં કરવી ? આપણને તો એના કોઈ ફ્રેન્ડસનાં સરનામાની પણ ખબર નથી.'

'શું ભગવાને આ દિવસ દેખાડવા માટે આનલ આપી હતી ?'

બીજે દિવસે શ્રીનાથભાઈ તપાસ માટે પોલીસ સ્ટેશન પણ ગયા. ત્યાંથી પાછા ફર્યા ત્યારે સુધાબહેને સવાલો પૂછી તેમને વધારે મૂંઝવ્યા.

'શું કીધું પોલીસે ? તમે કેમ કાંઈ બોલતા નથી ? કેમ આમ સાવ સૂનમૂન બની ગયા છો ?'

પોતાની જાતને સ્થિર કરતાં શ્રીનાથભાઈ બોલ્યા; તેઓ તપાસ કરશે. બધાં પોલીસ સ્ટેશનોમાં ખબર પહોંચાડી દેવામાં આવશે. તેમને કાંઈ પણ ભાળ મળશે કે તરત જ આપણને જણાવશે.

'પણ આપણી આનલ પાછી મળી તો જશેને ?'

આનો ઉત્તર શ્રીનાથભાઈ પાસે નહોતો. તેઓ બે ક્ષણ મૂઢની જેમ પત્નીને તાકી રહ્યા પછી નિસાસો નાખી, માથે હાથ દઈને બોલ્યા : 'ભગવાને ધાર્યું હશે તેમ થશે.'

'તમે તો કાંઈ ચોખ્ખું બોલતા જ નથી. ચાલોને, આપણે શોધવા જઈએ.'

બન્ને જાણતાં હતાં કે તેમના શબ્દો અર્થ વગરના હતા. થોડીવારે શ્રીનાથભાઈએ કહ્યું : 'આપણી જિંદગી શી રીતે જશે ? આનલે આટલો પણ વિચાર ન કર્યો ?'

તે દિવસે બંન્નેની આંખ મળતી ને આંસુ ધસી આવતાં. આંસુનું પૂર ઓછું થયું પછી પોલીસ સ્ટેશનમાંથી ફોન આવ્યો. 'નદીમાંથી એક લાશ મળી છે. ઓળખ માટે તમે સિવિલ હોસ્પિટલ પહોંચી જાઓ. કદાચ તમારી છોકરીની હોઈ શકે. હમણાં એનું પોસ્ટમોર્ટમ કરે છે, પછી તમને લાશ જોવા મળશે.'

શ્રીનાથભાઈને થયું : આનલની લાશ શી રીતે જોવાશે ?

સુધાબહેને આ જાણી મક્કમ સ્વરે કહ્યું. 'ગમે તે થાય પણ મારી આનલ આપઘાત ન કરે. એ લાશ બીજા કોઈકની હશે... હું આવું તમારી સાથે ?'

'ના ત્યાં બૈરા માણસનું કામ નહીં. ઘણી બધી લાશો ત્યાં પડી હોય. કહોવાઈ ગયેલી, ચીરફાડ કરેલી. તું તો એ જોઈને જ બેહોશ થઈ જાય. 'તો તમારાથી એ શી રીતે જોવાશે ?'

'બીજો કોઈ ઉપાય છે ? આ છોકરી ન જોવાનું જોવાના દિવસો લાવી. આપણે એની તપાસ તો કરવી જ પડે ને !'

ઘરની બહાર નીકળતાં શ્રીનાથભાઈના ખભા પર હાથ મૂકી સુધાબહેને કહ્યું : તમે જરા હિંમત રાખજો. જોકે મને ખાતરી છે કે, એ લાશ આપણી આનલની નહીં હોવાની... એ આપઘાત ન કરે.

'મને પણ ખાતરી છે... પણ માનો કે કોઈકે એને નદીમાં ધક્કો દઈ દીધો હોય.

શ્રીનાથભાઈના મોંઢે હાથ દેતાં સુધાબહેને કહ્યું : 'આવું માઠું ન બોલશો.'

છેક સાંજ ટાણે શ્રીનાથભાઈ ઘેર પાછા ફર્યા. બારણામાં જ તેમને સુધાબહેને પૂછી નાખ્યું : 'પછી એ લાશ કોની હતી ?'

ઘરમાં દાખલ થઈને ખુરશીમાં બેસી પડતાં શ્રીનાથભાઈ બોલ્યા : 'મને કાંઈ ગતાગમ ના પડી. લાશ પાણીમાં રહીને ફૂલી ગઈ હતી. જનાવરો કે માછલાંએ ફોલી ખાધી હશે. ઓળખાય એવી હતી જ નહીં. મેં તો કહી દીધું - આ લાશ મારી પુત્રી આનલની નથી ને કાગળ પર સહી પણ કરી દીધી... પણ મનમાં કચવાટ બહુ થાય છે. ડૉક્ટરે રિપોર્ટમાં બતાવ્યું હતું કે, છોકરીના પેટમાં ત્રણ માસનો ગર્ભ હતો મેં કહ્યું. મારી આનલ તો પરણેલી હતી જ નહીં, કુંવારી હતી.'

આ સાંભળી પોલીસ હસતા હતા - ગર્ભ રહેવા માટે પરણવાની જરૂર હોતી નથી. ગર્ભનો નિકાલ કરવા માટે જ આ છોકરીએ આપઘાત કર્યો હોય એમ લાગે છે... પછી કોઈકે એને જવાબદારીમાંથી છટકવા માટે નદીમાં ધકેલી દીધી હોય એમ પણ બને.

તે રાત્રે સુધાબહેને દબાયેલા અવાજે પૂછી નાખ્યું : 'તમને શું લાગે છે ? એ લાશ આપણી આનલની હતી ? આનલે...'

બીજે દિવસે આનલના ફોટાઓનું આલબમ લઈ બેઠેલાં સુધાબહેનને શ્રીનાથભાઈએ અત્યંત ધીમા અવાજે કહ્યું. 'ચાલને, આપણે પણ મરી જઈએ.' આમ પણ જીવતરમાં શું રહ્યું છે ? જો આંખો બંધ થઈ જાય તો આંખો સામે ફરતો આનલનો ચહેરો દેખાતો બંધ થાય.

૫, ન્યૂ ઉમિયાવિજય સોસાયટી,
રન્નાપાર્ક પાસે, ઘાટલોડિયા,
અમદાવાદ-૩૮૦૦૬૧. ફોન: ૨૭૪૭૧૯૬૯

અંતિમ સત્ય

- પ્રફુલ્લ કાનાબાર

ત્રીસ વર્ષનો યશપાલ એટલે આલીશાન બંગલામાં રહેતો અમદાવાદનો ધનાઢ્ય ઉદ્યોગપતિ. યશપાલની ઓફિસ સીજી રોડ જેવા પોશ વિસ્તારમાં આવેલી હતી.

યશપાલનો જન્મ થયો એ અરસામાં જ તેના નિઃસંતાન ફૈબા વિધવા થતાં પિયરમાં રહેવા આવી ગયાં હતાં. યશપાલ બાળપણથી જ ફૈબાનો વધારે હેવાયો હતો. યશપાલે માત્ર સાત વર્ષની ઉમરે એક માર્ગ અકસ્માતમાં માતા-પિતા બન્નેને ગુમાવ્યા હતા. યશપાલના ઉછેરમાં તેના ફૈબાનો સિંહફાળો હતો. પિતા ગર્ભશ્રીમંત હતા તેથી તેમના અવસાન બાદ પણ યશપાલને આર્થિક તકલીફ ક્યારેય પડી નહોતી. કોલેજનું ભણતર પૂરું કરીને યશપાલે પિતાના જ વ્યવસાયને આગળ ધપાવીને બમણો કર્યો હતો. યશપાલના નસીબમાં તેના નામ પ્રમાણે જ યશ પણ હતો અને લક્ષ્મી પણ હતી. બિઝનેસમાં એ જે નવું સાહસ કરતો તેમાં હંમેશાં નફો જ થતો. પૈસો પૈસાને ખેંચે એ કહેવત મુજબ યશપાલના ધનવૈભવમાં ઉત્તરોત્તર વધારો થતો જતો હતો. હવે યશપાલને ધંધાના કામ અંગે વિદેશમાં જવાનું પણ અવારનવાર થતું રહેતું. ફૈબા ઘણી વાર કહેતાં..'' યશપાલ, હવે આપણા ઘરમાં એક વહુની જરૂર છે''. યશપાલ હસીને કહેતો ''ફૈબા, કોઈ સારી છોકરી નજરમાં આવશે ત્યારે તમને પૂછવા પણ નહી રહું. એને સીધો હાર પહેરાવીને કોર્ટ મેરેજ કરીને ઘરે જ લઈ આવીશ''.

''જોજે... હો એવું ભૂલથી પણ ન કરતો. તને ગમશે તેની સાથે જ તને પરણાવીશ પણ તારા લગ્ન તો ધામધૂમથી જ કરવા છે. આપણા ઘરમાં તારા લગ્નનો પહેલો જ સારો પ્રસંગ આવવાનો છે''.

યશપાલ ફૈબાનો ઉત્સાહ સમજી શકતો હતો. લગ્નની ઉમર પણ વીતતી જતી હતી. છેલ્લાં ત્રણ વર્ષથી નાતમાંથી યશપાલ માટે માગાં આવતાં જ રહેતાં પણ છોકરીના બાયોડેટા પર અછડતી નજર કરીને યશપાલ વાતને આગળ વધવા દેતો નહીં. યશપાલનું વર્તન જોઈને ફૈબા પણ વિમાસણમાં પડી જતાં. યશપાલ હવે નાનો નથી અને પોતાનું હિત સમજી શકે તેટલો પરિપક્વ છે એ વાત ફૈબા સારી રીતે સમજતાં હતાં તેથી તેમણે હવે યશપાલને લગ્ન બાબતે વારંવાર કહેવાનું બંધ કરી દીધું હતું.

એક રવિવારે સવારે યશપાલ ગાંધીનગર હાઈવે પાસે નવી ઓફિસ માટે પ્લોટ જોવા પોતાની કાર લઈને નીકળી પડયો હતો. યશપાલને ડ્રાઈવિંગનો શોખ હતો તેથી ઘણી વાર ડ્રાઈવર વગર જ એ આ રીતે નીકળી પડતો. સવારના નવ વાગ્યા હતા. ટ્રાફિક નહીંવત્ હતો. થોડે આગળ એક છોકરી એક્ટિવા લઈને જઈ રહી હતી. પાછળ તેને વળગીને પાંચેક વર્ષનો એક બાળક બેઠો હતો. હાઈવે પર ઓઈલ ઢોળાયેલું હોવાથી અચાનક એક્ટિવા સ્લીપ થઇ ગયું હતું. એક્ટિવા પરથી એ છોકરી અને નાનો બાળક રસ્તા પર પડ્યાં હતાં. યશપાલ બ્રેક મારીને તરત કારની બહાર આવ્યો હતો. તેણે બન્નેને ઊભા થવામાં મદદ કરી હતી. સદ્‌નસીબે બેમાંથી કોઈને ખાસ વાગ્યું નહોતું પણ બન્ને ગભરાઈ ગયાં હતાં. યશપાલે જોયું કે એ છોકરી બેહદ ખૂબસૂરત હતી. એનો નાજુક હાથ હજુ યશપાલના હાથમાં જ હતો. એનો સફેદ ડ્રેસ ઓઈલના ડાઘાથી ખરડાઈ ગયો હતો. પેલો બાળક રડી રહ્યો હતો. પાછળથી આવી રહેલ ત્રણ ચાર કારવાળા આગળ કોઈ મોટો અકસ્માત થયો છે તેમ માનીને કાર ઊભી રાખીને ફટાફટ ઊતરીને એ તરફ ધસી આવ્યા. સૌ કોઈને એવું લાગી રહ્યું હતું કે આ મોંઘી કારવાળા યુવાને જ એક્ટિવાને ટક્કર મારી હોવી જોઈએ. ગેરસમજને કારણે મામલો બિચકે એ પહેલાં યશપાલે બાજી સાંભળી લીધી. તેણે એક્ટિવા સાઈડમાં લઈ જઈને સ્ટેન્ડ પર ચડાવીને હાઈવેની બાજુમાં જ આવેલી એક રેસ્ટોરંટમાં પાણી અને કોલ્ડ્રિંક પીવા માટે એ છોકરીને અને બાળકને રાજી કરી દીધાં. હાઈવે પર જામ થયેલો ટ્રાફિક વિખેરાઈ ગયો.

રેસ્ટોરંટમાં બેઠા બાદ યશપાલે પેલા બાળકની સામે જોઈને પૂછયું ''શું નામ છે તારું ?''

"કુણાલ"

યશપાલે જોયું કે કુણાલ એકદમ સ્માર્ટ હતો. યશપાલે બે કોલ્ડ્રિંક અને કુણાલ માટે આઈસક્રીમનો ઓર્ડર કર્યો. છોકરી હજુ તેના ડ્રેસ પરથી પાણી વડે ડાઘા દૂર કરવાની કોશિશ કરી રહી હતી. અચાનક કુણાલ બોલ્યો "મમ્મી, આ અંકલ કેટલા ભલા છે નહીં ?" "મમ્મી ?" યશપાલ ચમક્યો. આટલી સુંદર અને સફેદ ડ્રેસમાં સજ્જ માંડ ચોવીસ પચ્ચીસની દેખાતી છોકરીને પાંચેક વર્ષનો દીકરો હોય એ વાત માનવા યશપાલનું મન બિલકુલ તૈયાર નહોતું. તેણે એની આંખોમાં જોઈને કહ્યું "હું તો માનતો હતો કે આ બાબો તમારો નાનો ભાઈ કે ભત્રીજો હશે".

કુણાલ એકદમ મોટેથી બોલ્યો.." મારું નામ કુણાલ છે. મને બાબો નહીં કહેવાનું".

"બેટા, અંકલ સાથે આ રીતે મોટેથી વાત કરાય?" પેલીએ આંખો કાઢીને કહ્યું.

કુણાલે જોયું કે એ સુંદરતાના ખજાના પાસે સુંદર આંખો ઉપરાંત અવાજ પણ મધુર હતો.

"અરે રહેવા દો... પ્લીઝ તેને ધમકાવશો નહીં. પહેલા મારો પરિચય આપી દઉં". યશપાલે શર્ટના ઉપલા ખિસ્સામાંથી તેનું વિઝિટિંગ કાર્ડ કાઢીને ટેબલ પર મૂક્યું. "મારું નામ યશપાલ શાહ છે. વસ્ત્રાપુરમાં રહું છું... તમે ?"

મારું નામ માહી જૈન છે, અમે મા દીકરો ગોતા પાસે જ રહીએ છીએ. યશપાલે નોંધ્યું કે "મા દીકરો" શબ્દ પર માહીએ એવી રીતે ભાર આપ્યો હતો કે એ બન્ને એકલા જ રહેતા હોય."

"માફ કરજો.. માહી, પ્રથમ મુલાકાતમાં મારે પૂછવું તો



ન જોઈએ પણ પૂછી જ લઉં છું... કુણાલના પપ્પા શું કરે છે ?"

"એમને ગયા વર્ષે જ કોરોના ભરખી ગયો છે". બોલતાં બોલતાં માહીની આંખમાં ભીનાશ ઊતરી આવી.

"ઓહ... આઇ એમ સોરી". યશપાલ એકદમ બોલી ઊઠયો.

કુણાલ આઈસક્રીમ ખાવામાં વ્યસ્ત થઈ ગયો. વેઈટર બીલ લઈને આવ્યો ત્યાં સુધી યશપાલ અને માહી વચ્ચે ભારેખમ મૌન પથરાઈ ગયું.

છૂટાં પડતી વખતે યશપાલે માહીનો ફોન નંબર લઈ લીધો અને શાલીનતાથી કહ્યું હતું "મારે લાયક કાંઈ પણ કામકાજ હોય તો જરૂર કહેજો".

એ દિવસથી યશપાલને રાત દિવસ માત્ર માહીના જ વિચારો આવવા લાગ્યા હતા.

માહીનો નંબર તો તેની પાસે હતો પણ એકદમ એક વિધવા સ્ત્રીને ફોન કરવા માટે કોઈક ચોક્કસ કારણ હોવું જરૂરી હતું.

એક દિવસ બપોરે એકાએક કારણ સામેથી જ ચાલતું ચાલતું યશપાલ પાસે આવી પહોંચ્યું. એ દિવસે યશપાલ એની ઓફિસમાં એકલો બેઠો હતો. અચાનક તેના આશ્ચર્ય વચ્ચે માહી આવી પહોંચી.

કૅબિનનો દરવાજો અડધો ખોલીને માહીએ મધુર અવાજે ટહુકો કર્યો..." ઓળખાણ પડી ?"

યશપાલ ખુરશી પરથી ઊભો થઇ ગયો. "અરે માહી, તમે ? આવો આવો પ્લીઝ આવો".

"ખોટું નહીં બોલું કે આ બાજુથી નીકળી હતી એટલે આવી ચડી... પણ સાચું જ કહીશ કે ખાસ તમને મળવા માટે જ આવી છું". માહીએ સસ્મિત ચહેરે કહ્યું.

"માહી, મને તમારી નિખાલસતા ખૂબ ગમી. જો તમને ઉપયોગી થઈશ તો હું મારી જાતને જરૂર નસીબદાર સમજીશ".

"કુણાલને થલતેજની સરસ્વતી સ્કૂલમાં ઍડ્મિશન લેવાનું છે. એ લોકો જે ડોનેશન માંગે છે એ તો અમારા જેવા મધ્યમ વર્ગના માણસોને પોષાય તેમ નથી. મને વિચાર આવ્યો કે તમે શહેરના પ્રતિષ્ઠિત બિઝનેસમેન છો. કદાચ તમારે ત્યાં

કોઈ ઓળખાણ નીકળી આવે તો...''

હા... હું પ્રયાસ કરીશ. યશપાલે બેલ મારીને પટાવાળાને કોલ્ડ્રિંકનો ઓર્ડર આપી દીધો. જોગાનુજોગ યશપાલને એ સ્કૂલના એક ટ્રસ્ટી સાથે છેડા અડી ગયા. કુણાલને એડમિશન મળી ગયું. આમ માહી સાથે યશપાલનો સબંધ મજબૂત બન્યો. હવે યશપાલ અને માહી નિયમિત ફોનમાં વાત કરતા થઈ ગયાં હતાં. સમય વીતતો ગયો. દર રવિવારે યશપાલ માહીના ઘરે જતો થઈ ગયો. યશપાલ હવે માહીને તુંકારે બોલાવતો થઈ ગયો હતો. નાનકડા કુણાલને પણ યશપાલ અંકલની કંપની ગમતી હતી. એક રવિવારે સાંજે માહી યશપાલને મૂકવા માટે ઝાંપા સુધી આવી ત્યારે ધીમેથી બોલી,

''અમારી મિડલક્લાસ સોસાયટીમાં આપણા સંબંધ વિષે લોકો મન ફાવે તેમ બોલવા લાગ્યા છે. હવે તમે દર રવિવારે અહીં ન આવો તો સારું''.

યશપાલ ઊભો રહી ગયો. તેણે માહીની આંખમાં જોયું. ''માહી, આપણા સંબંધને નામ આપવા હું તૈયાર છું. જો તું મને પતિ તરીકે અપનાવી લે તો...''

માહીની આંખમાં આંસુ ઊમટી આવ્યાં. એ તરત ઘરમાં જતી રહી.

રાત્રે યશપાલે માહીને ફોન જોડયો હતો. ''માહી, શું વિચાર્યું ?''

''યશપાલ, તમે ગર્ભશ્રીમંત છો. હું તો તદ્દન મધ્યમ વર્ગની ગૃહિણી છું. હું જે ઘરમેળે ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિ કરું છું એ આધારે તો મારું ઘર ચાલે છે... વળી તમે કાચા કુંવારા છો... તમને તો એક કહેશો ત્યાં અનેક કુંવારી છોકરીઓ મળી રહેશે... જ્યારે હું તો એક વિધવા છું માત્ર એટલું જ નહીં પાંચ વર્ષના દીકરાની મા પણ છું''.

''માહી, મેં મારા ઘરમાં બાળપણથી જ મારા વિધવા ફૈબાને જોયાં છે. તેમની આંખની લાચારી જોઈને જ હું મોટો થયો છું. હું તારી આંખમાં એવી લાચારી જોવા માંગતો નથી. એમ સમજને કે તારા જીવનમાં અકાળે બેઠેલી પાનખરને હું વસંતમાં ફેરવવા માંગુ છું !''

''ઓહ... તો તમે મને સહાનુભૂતિથી અપનાવવા માંગો છો ? મને મદદ કરવાની ભાવનાથી મારી સાથે લગ્ન કરવા માંગો છો ?'' માહીનું આત્મગૌરવ બોલી ઊઠયું હતું.

''ના માહી, એવું બિલકુલ નથી. જો માત્ર મદદ કરવાની જ ભાવના હોત તો તને મારી ઓફિસમાં મોટા પગારની નોકરી આપીને પણ તને રાખી શક્યો હોત ! હકીકતમાં તું મને પહેલી જ નજરે પસંદ પડી ગઈ હતી. હું સમજી શકું છું કે આગલા પતિને ભૂલીને તારા માટે ફરીથી સંસાર વસાવવો એ મુશ્કેલ બાબત છે પણ તું માત્ર તારું વિચારવાને બદલે કુણાલનો વિચાર કરી જો... કારણ કે કુણાલને પણ પિતાનો પ્રેમ મળશે. વળી એ મારો એક માત્ર વારસદાર પણ બનશે.''

''એક માત્રનો મતલબ ?''

''મતલબ એમ કે આપણા લગ્ન બાદ હું મારા બાળકનો આગ્રહ નહીં રાખું બસ ? હું તને વચન આપું છું કે આપણે સંતાન થવા જ નહીં દઈએ.''

માહી વિચારમાં પડી ગઈ હતી. માહીએ બીજે દિવસે ગામડે રહેતાં માતા-પિતાને પૂછાવતાં તેઓ તરત અમદાવાદ દોડી આવ્યાં હતાં. તેઓ રાજીખુશીથી યશપાલ સાથે દીકરીના બીજા લગ્ન કરવા માટે તૈયાર થઈ ગયાં હતાં. લગ્ન માટે એક વિધવા તથા એક બાળકની માની પસંદગી કરવા બદલ ફૈબાએ શરૂઆતમાં અણગમો વ્યક્ત કર્યો હતો. જોકે યશપાલની જીદ સામે તેઓ જલ્દીથી ઝૂકી ગયાં હતાં. ફૈબાએ આખરે માહીને ગૃહલક્ષ્મી તરીકે સ્વીકારી લીધી હતી !

સમયનું ચક્ર ફરતું ગયું. બે દાયકા વીતી ગયા. કુણાલ એમબીએ થઈને યશપાલના દેશ વિદેશમાં ફેલાયેલા બિઝનેસને





સંભાળતો થઈ ગયો હતો. વનમાં પ્રવેશતાં જ અચાનક યશપાલનું સિવિયર એટેકને કારણે અવસાન થયું હતું. પંદર દિવસ બાદ માહીના હાથમાં યશપાલનો લખેલો એક કાગળ આવ્યો હતો. માહીએ સજળનેત્રે વાંચવાનું શરૂ કર્યું...

પ્રિય માહી,

આજે હું એક ઘટસ્ફોટ કરી રહ્યો છું. મેં તારાથી એક વાત છુપાવી છે, જેના અપરાધભાવથી હંમેશાં પીડાતો રહ્યો છું. આપણો વારસદાર માત્ર કુણાલ જ રહે તેથી આપણું બાળક ન થવા દેવાની મારી ઈચ્છા એ માત્ર મારો દંભ હતો. હકીકતમાં આપણો પરિચય થયો તે પહેલાં અમેરિકામાં હું એક માર્ગ અકસ્માતનો ભોગ બન્યો હતો. ત્યાંની લેટેસ્ટ ટ્રીટમેન્ટને કારણે મારું પુરુષાતન તો બચી ગયું હતું પણ હું ક્યારેય પિતા નહીં બની શકું તેવું ડૉક્ટરોએ સ્પષ્ટ કહી દીધું હતું. તારી સાથે લગ્ન કરવાનું મુખ્ય કારણ મને કુણાલ જેવો રેડીમેડ વારસદાર મળી જાય એ જ હતું. મને માફ કરી દેજે. લિ. તારો જ યશપાલ.

માહી સજળનેત્રે સામેની દીવાલ પર હાર ચડાવેલા યશપાલના ફોટાને તાકી રહી. અચાનક માહી બોલી ઊઠી...'' યશપાલ, આપણા લગ્નના એકાદ વર્ષ બાદ અનાયાસે જ કબાટમાંથી તમારી એ મેડિકલ ફાઈલ મારા હાથમાં આવી ગઈ હતી. મેં એ ફાઈલ મારા જૂના પરિચિત ડૉક્ટરને બતાવી હતી. તમે મને શારીરિક સુખ આપવા સક્ષમ હતા પણ પિતા બનવા માટે અસક્ષમ હતા... મને તરત ખ્યાલ આવી ગયો હતો કે મને અપનાવવા પાછળનું મુખ્ય કારણ મારો દીકરો કુણાલ જ છે ! જોકે એ બાબતે સ્પષ્ટતા કરીને હું તમને વધારે દુ:ખી કરવા માંગતી નહોતી. આમ તમે જેને ઘટસ્ફોટ કહો છો એ મારા માટે તો વર્ષોથી સ્વીકારેલું એક અંતિમ સત્ય જ હતું !

જી/૨૨, સચિન ટાવર, પ્રહલાદનગર રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૨૫૬૬૫૬૦૫

નયનને બંધ રાખીને...!

- સંજય થોરાત 'સ્વજન'

'**ન**યનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયાં છે, તમે છો એના કરતાં પણ વધારે તમને જોયાં છે...' ઈનોવા કારના ૨૨ ડિગ્રી ઠંડા તાપમાનમાં સંકેતે સ્નેહાની આંખોમાં આંખો મિલાવી અને પ્રેમનો દસ્તાવેજ પાક્કો કર્યો. સંકેતનું મનગમતું ગીત વાગતું હતું. બન્ને જણા બહાર વરસતા વરસાદની સાથે રોમેન્ટિક મૂડમાં હતાં.

સ્નેહાનો આજે જન્મદિવસ હતો. સંકેતે સવારે જ કહ્યું હતું, 'આજે રસોઈ બનાવતી નહીં, હું તને લંચ માટે બહાર લઈ જાઉં છું; એક અલગ જગ્યાએ, અલગ ટ્રીટ માટે...' લગ્નને દસ વર્ષ થઈ ગયાં હતાં. સંકેતને સ્નેહા હવે એકદમ ઓળખી ચૂકી હતી. કંઈક ઇનોવેટિવ કરવાનો એનો સ્વભાવ હતો. આશ્ચર્યજનક અનુભવ કે અલગ જ દુનિયા બતાવવાની એની અલગ સ્ટાઈલ હતી. પરિવારમાં અવનવા પ્રસંગો ઊભા કરવા અને લોકોને ભેગા કરી સેલિબ્રેશન કરવામાં એ માહેર હતો. લૉકડાઉન બાદ શાળાઓ ખૂલી ગઈ હતી અને બન્ને બાળકો ચાર વાગ્યે ઘરે પરત આવવાનાં હતાં એટલે લંચ માટે માત્ર સંકેત અને સ્નેહા જ જવાનાં હતાં.

બરોબર બપોરે બારના ટકોરે ગાડી નીકળી ચૂકી હતી, સંકેતે ગાડીની સ્પીડ વધારી, વચ્ચે જ કંઈક વિચાર આવતાં ગાડીની સ્પીડમાં અચાનક વધઘટ થતી હતી. અને એ સ્પીડ પરથી જ સ્નેહાને ખબર પડતી હતી કે આજે પણ કંઈક અનોખો કે રોમાંચક પ્રસંગ મારી સાથે બનવાનો છે. કાર શહેરના એક વિકસિત વિસ્તારમાં આવેલા નવા મૉલ પાસે આવીને ઊભી રહી. કોરોના વૈશ્વિક મહામારી પછી આમ પણ હૉટેલમાં જવાનો આ પહેલો પ્રસંગ હતો. કારને પાર્કિંગમાં મૂકી, ટોકન લઈ બન્ને લિફ્ટમાં દાખલ થયાં. સંકેતે આઠમા માળનું બટન દબાવ્યું. સ્નેહા સમજી ગઈ કે આ તો એકદમ ટૉપ ફ્લોર, ત્યાં મલ્ટિપ્લેક્સ હશે, ક્વિક લાઈટ્સના સ્ટોલ હશે... ત્યાં શું બર્થ ડે સેલિબ્રેટ કરવાનો? આમાં શું નવું?... એટલામાં તો આઠમો માળ આવી ગયો. ડાબે-જમણે બધી બાજુ ખાણીપીણીના વિવિધ સ્ટોલ દેખાતા હતા. બપોરનો સમય એટલે પરિવાર ઓછા અને પ્રેમીપંખીડાં વધારે દેખાતાં હતાં.

સંકેત ક્યાંય ન રોકાતાં સડસડાટ ચાલ્યો જતો હતો અને સ્નેહા એની પાછળ-પાછળ. છેલ્લે બન્ને એક બારણા પાસે આવીને રોકાયાં. ત્યાં બૉર્ડ માર્યું હતું, Dialogue in the dark. સ્નેહાને આશ્ચર્ય થયું, અંધારામાં વાર્તાલાપ? એને આ સ્ટોલનું નામ જ વિચિત્ર લાગ્યું. બારણું ખોલીને અંદર ગયાં તો ત્યાં ફક્ત એક જ કાઉન્ટર હતું અને એ કાઉન્ટર પાછળ ટાઈ-સૂટ પહેરેલો એક માણસ. ટેબલ-ખુરશી, માણસો કશું જ નહોતું. એ બન્નેને જોતાં જ કાઉન્ટર પરથી એ માણસ સ્વાગત કરવા સામે આવ્યો, 'વેલકમ સંકેત સર. હેપ્પી બર્થ ડે ટુ યુ મેડમ!' સ્નેહા મનમાં બબડી, 'આનો મતલબ સંકેત આને મળીને બધું ગોઠવીને જ આવ્યો છે.'

'સર, મેડમ, યુ આર અવર સ્પેશિયલ ગેસ્ટ ટુડે. શું લેશો એ નક્કી કરો.' બન્નેને કાઉન્ટર પર લઈ જઈને મેનુ કાર્ડ આપ્યું અને સંકેતે એ સ્નેહાને આપ્યું. સ્નેહા હજુ પણ વિચારોમાં ખોવાયેલી હતી. ટેબલ પર બેસતાં પહેલાં જ ઓર્ડર આપવાની પ્રથા એણે પહેલી વાર જ જોઈ હતી. એને બધું વિચિત્ર લાગતું હતું. હસતા ચહેરે સંકેત સ્નેહાની મજા લઈ રહ્યો હતો. સ્નેહાએ ઓર્ડર આપ્યો અને પેલો ભાઈ બોલ્યો, 'સર, બન્નેના મોબાઈલ અહીં જમા કરાવી દો. તમને કોઈ ડિસ્ટર્બ ન કરવું જોઈએ. અને એ બન્નેને લઈને ચાલવા લાગ્યો.'

એક દરવાજો ખોલીને તેઓ અંદર પ્રવેશ્યાં. માત્ર બે કે ત્રણ જણા જ ચાલી શકે એવો સાંકડો રસ્તો હતો. સ્નેહા-સંકેત એ ભાઈની પાછળ-પાછળ ચાલતાં હતાં. પહેલો રાઈટ ટર્ન આવ્યો અને ધીમેધીમે બહારનું અજવાળું કપાતું ચાલ્યું. એ પેસેજમાં કોઈ લાઇટ, ફાનસ કે દીવાની વ્યવસ્થો નહોતી. બીજા બે-ત્રણ વળાંક પછી તો સદંતર અંધારું થઈ ગયું. સ્નેહાએ સંકેતનો હાથ મજબૂતીથી પકડી લીધો અને બીજા હાથથી દીવાલને અડીઅડીને ચાલવા લાગી. સંકેત સ્નેહાના હાથ પર હાથ દબાવી ચિંતા ન કર એવો અહેસાસ કરાવતો હતો. છેલ્લા વળાંક પછી તો આંખોમાં આંગળી નાખી આંખો પહોળી કરો તો પણ દેખાય નહીં એવું કાળું અંધારું છવાઈ ગયું, પણ ત્યાં ઠંડો પવન આવવો શરૂ થયો એટલે જણાયું કે બન્ને એક હૉલમાં પહોંચ્યાં હતાં.

'સંતોષ!' એમની સાથે રહેલા ભાઈએ અવાજ આપ્યો.

'યસ સર!' અંધારામાં અવાજ આવ્યો અને કોઈ પાસે આવતું હોય એવો આભાસ થયો.

'આ આજના આપણા સ્પેશિયલ ગેસ્ટ છે. મેડમનો આજે બર્થડે છે. એમને સ્પેશિયલ ટ્રીટ આપજે. ઓર્ડર મેં લીધેલો છે, આ લે કાગળ અને એમને ટેબલ પર લઈ જા.'

'યસ સર!' અંધારામાં જ અવાજ આવ્યો. હવે સંતોષ એ બન્નેનો હાથ પકડીને ધીમેધીમે ચાલતો હતો. એણે ખુરશી ખેંચી એનો અવાજ આવ્યો. એણે સ્નેહાનો હાથ ખુરશીની પીઠ પર મૂકી આપ્યો, એવી જ રીતે સંકેતનો પણ. એ બન્ને બેસી ગયાં. સામેના ટેબલ પર હાથ ફેરવીને અંદાજ લેતાં હતાં. આ ઘનઘોર અંધારામાં જમવાનું દેખાશે કેવી રીતે? અમે જમીશું કેવી રીતે? આ વળી શું સંકેતે દુનિયા કરતાં અલગ પાર્ટીનું

આયોજન કર્યું ? આવા કેટલાય પ્રશ્નોની ઝડી સ્નેહાના મનમાં ઊઠી હતી. આવો તે કંઈ બર્થડે હોતો હશે ? પણ સ્નેહાને સંકેત પર વિશ્વાસ હતો, એ નક્કી કોઈ અલગ વિશ્વની અનુભૂતિ કરાવશે એવી એને ખાતરી હતી.

ટેબલ પર ડિશ મુકાવાની શરૂઆત થઈ ગઈ હતી. વેઈટર આવતાં-જતાં હતા એ અવાજ પરથી સમજાતું હતું. સંતોષે હાથ પકડીને ડિશ ક્યાં છે એ બતાવી અને હાથમાં ચમચી પણ આપી. એટલામાં ઓર્ડર કરેલી વસ્તુઓ આવવા લાગી એ મહેકતી સુવાસ પરથી ખ્યાલ આવી ગયો. 'પીરસું છું હોં !' કહેતાં સંતોષ એક બાદ એક વસ્તુ ડિશમાં પીરસવા લાગ્યો. બધું પિરસાઈ ગયા બાદ સંતોષ બોલ્યો, 'મેં બધું પીરસ્યું છે. તમને કશું દેખાશે નહીં, પણ સુગંધ અને સ્પર્શનો ઉપયોગ કરી જમવાની એક અલગ જ મજા આવશે અને તમને આ ભોજનનો આનંદ મળશે એની ખાતરી આપું છું.'

એ અંધારામાં સ્નેહાએ શોધખોળ કરી રોટલી ગોતી, એનો ટુકડો કર્યો. અંદાજથી એને શાકમાં બોળી કોળિયો મોંમાં નાખ્યો. પછી ચાર-પાંચ કોળિયા આમ જ અંદાજ કરી કરીને મોંમાં મૂક્યા. ડાબા હાથે એણે પ્લેટ પકડી રાખી હતી એટલે પ્રત્યેક પદાર્થની જગ્યા હવે જમણા હાથને ખબર પડવા લાગી હતી. અને એ હવે ખુશીથી બોલી ઊઠી, 'સંકેત, આ આશ્ચર્ય તો જો, આટલા અંધારામાં પણ હવે હું સહેલાઈથી જમી શકું છું.' આ અલગ જ અનુભવ વાનગીઓનો ટેસ્ટ તો આપતો જ હતો પરંતુ આ રમતનો આનંદ પણ એટલો જ હતો. 'શેનો કોળિયો મોંમાં મૂક્યો ?' એમ સ્નેહા પૂછે એટલે સંકેત પણ સામે એવો જ પ્રશ્ન કરતો. ક્યારેક એ બન્નેનો જવાબ એક જ આવતો તો ક્યારેક અલગ-અલગ... ડાર્કનેસમાં ડાયલોગની રમત જામી હતી. આ અંધારામાં સ્પર્શ, સુગંધ અને અવાજ જ કામ કરતાં હતાં. વચ્ચે-વચ્ચે સંતોષ શાક પીરસી જતો, ફરસાણ મૂકી જતો. એ બન્નેને વસ્તુઓ ખલાસ થઈ કે નહીં ? એ ખબર પડતી નહોતી પણ એને દિવ્ય દૃષ્ટિ હોય એમ એ બન્નેની બરાબર કાળજી લેતો હતો.

સ્નેહાને પ્રિય એવાં ગુલાબજાંબુની સ્વીટ ડિશ છેલ્લે આવી અને એ સંતોષે માત્ર એમના હાથમાં મૂકી. મારો જન્મ દિવસ, અંધારામાં જમણનો અનોખો આનંદ આપી ગયો. કદાચ કેન્ડલ ડિનર કરતાં પણ મને આમાં વધારે મજા આવી. સ્નેહાએ રોમાંચિત થઈને કહેતાં ગુલાબજાંબુ અડધું મોંમાં મૂક્યું અને સંકેતનો 'આ...' કરવા કહીને અવાજની દિશામાં જઈને બરાબર એના મોંમાં અડધું ગુલાબજાંબુ મૂકી દીધું અને ત્યાં વાગતા ગીતનો અવાજ થોડો મોટો થતાં સંભળાયું કે, તમે છો એના કરતાં પણ વધારે તમને જોયાં છે !

'તમારે જ્યારે નીકળવાનું હોય ત્યારે કહેજો, હું તમને બહાર મૂકી જઈશ' કહેતાં સંતોષે મુખવાસની પ્લેટ મૂકી દીધી. 'સ્નેહા, જઈશું ? બિલ તો આપણે બહાર જ આપવું પડશે !' સંતોષે હળવેકથી સ્નેહાની ખુરશી ખેંચી અને હાથ પકડી લીધો અને એમ જ સંકેતને પણ ઊભો કરી સાથે લઈ લીધો. એ બન્નેને લઈને ફરી એ જ અંધારા રસ્તે બહાર લઈ જવા લાગ્યો. એક હાથ આપોઆપ દીવાલે ફરતો હતો અને રસ્તાનો અંદાજ લેતો હતો. બે વળાંક પછી આછું અજવાળું દેખાવા લાગ્યું અને બન્ને સંતોષનો હાથ મૂકીને હવે જાતે ચાલવા લાગ્યાં. એ બન્ને જણાં કાઉન્ટર પાસે પહોંચ્યાં. સંકેત બિલ આપવા ગયો. સ્નેહાએ પોતાની વ્યવસ્થિત કાળજી લેવા બદલ સંતોષનો આભાર વ્યક્ત કરવા પાછળ ઊભેલા સંતોષને બૂમ પાડી. સંતોષ આવીને ઊભો રહ્યો. એની સામે જોતાં જ સ્નેહા જગ્યા પર જ બરફની જેમ થીજી ગઈ. સંતોષની આંખની જગ્યાએ માત્ર ઊંડા ખાડા જ હતા, એ સદંતર અંધ હતો !

'યસ મેડમ !' શું કહેવું ? શું બોલવું ? સ્નેહાને કંઈ જ સૂઝતું નહોતું. પણ એના મોંમાંથી સહાનુભૂતિભર્યા શબ્દો નીકળ્યા, 'સંતોષ. આ પરિસ્થિતિમાં પણ તેં અમારો સરસ આતિથ્યસત્કાર કર્યો. મારો આ બર્થડે મને કાયમ યાદ રહેશે !'

'મેડમ ! તમે જે અંધકારનો અનુભવ એકાદ-બે કલાક માટે કર્યો ને એ તો અમારો કાયમી છે. પણ અમે એની સાથે જીવતાં શીખી લીધું છે, કોઈપણ ફરિયાદ વગર. We are not disabled, we are differently abled people. We can lead our life without any problem with all joy and happiness as you enjoy.' સ્નેહાને એના સહાનુભૂતિભર્યા શબ્દોથી શરમ આવી. સહાનુભૂતિની ગરજ ન હોય એવા એક સશક્ત માણસ સાથે સંકેતે આજે મુલાકાત કરાવી હતી. સ્નેહાને યાદ આવ્યું કે જ્યારે ઓર્ડર આપ્યો ત્યારે લખનારના હાથમાં કોઈ અલગ જ પ્રકારની પેન-પટ્ટી હતી. એટલે કે એણે બ્રેઇલ લિપિમાં ઓર્ડર લખ્યો હતો !

સંકેતે ખરેખર મારો જન્મ દિવસ યાદગાર બનાવી દીધો. એટલામાં સંકેત બિલ આપીને મોબાઇલ લઈને સ્નેહા પાસે પહોંચ્યો. કાયમ સંકેતના બિલના આંકડાનું ઓડિટ કરનારી સ્નેહા બિલ જોવા ગઈ તો નીચે લખેલી સૂચના પર ધ્યાન ગયું, We do not accept tips, please think of donating your eyes, which will bring light to some body's life.

સ્નેહા અને સંકેત સડસડાટ કરતાં લિફ્ટ દ્વારા નીચે ઊતરી, કારમાં ગોઠવાઈ ગયાં. 'ડિયર સંકેત, રિયલી પ્રાઉડ ઓફ યુ. આઇ લવ યુ ડિયર.' એણે સંકેતનો હાથ પોતાના હાથમાં લીધો. 'ડિયર, હવે એક બર્થડે રિટર્ન ગિફ્ટ મારા તરફથી, તું આજે જ મારી આંખો ડોનેટ કરવાનું ફૉર્મ ભરી દેજે...' બન્નેની ઝળઝળિયાંવાળી આંખો ચાર થઈ, ગાડી ચોથા ગિયરમાં ગઈ અને જ્યાંથી અટક્યું હતું ત્યાંથી જ પેલું ગીત ફરી શરૂ થયું, નયનને બંધ રાખીને...

પ્લોટ નં. ૬૩૫/૨,
સેક્ટર-૮-બી, ગાંધીનગર.
મો. ૯૪૨૮૮ ૮૦૪૦૦

ગૃહપ્રવેશ

- *ગિરીશ ભટ્ટ*

એ સાંજે, એ હવેલી જેવા ઘરમાં તેનો વિધિવત્ ગૃહપ્રવેશ થયો હતો.

સાસુએ તેને પોંખી હતી. સ્ત્રીવૃંદ, સુકેતુનું મિત્રવૃંદ, નાથા વોરાની પોળની કુતૂહલ પ્રિય સ્ત્રીઓ એ દશ્યમાં હતી.

બિસ્મલાખાનના શરણાઈવાદનના સૂર, ટોળાનો કલબલાટ, પુરોહિતના મંત્રોચ્ચાર, આવતાં-જતાં વાહનોની ઘરઘરાટી - બધું સમાંતરે ચાલતું હતું. રોશનીમાં સ્ત્રીઓનાં વસ્ત્રો પરની ટીકીઓ ચમકતી હતી.

સોનલના પાનેતરમાં સેન્ટની સાથસાથ પ્રસ્વેદની બૂ પણ હતી.

નવું ઘર હતું અને હવે એ તેનું હતું.

સત્યાફોઈએ બધું વર્ણન વિસ્તારથી કર્યું હતું : ભાભી, એ લોકોનું હવેલી જેવું મકાન છે. નાથા વોરાની પોળમાં. આંગણામાં બે ગાડીઓ, બાઇક ને સાઇકલો. સાઇકલો વણોતરોના ટાપાટૈયા માટે દોમ દોમ સાહ્યબી. ત્રણ પેઢીઓથી ધીકતો ધંધો ઘડિયાળુંનો, છેક લોલકવાળાં ઘડિયાળોના ચાલ હતો ને એ કાળથી. દામિનીના શરીર પર ઢગલો અલંકારો - પીળા ધમરખ જેવાં.

ફોઈ શ્વાસ લેતા રોકાયાં હતાં. તે બારસાખ ઝીલીને એક ખૂણામાં ઊભી હતી, રસપૂર્વક સાંભળતી હતી. તેને સત્યાફોઈ પર માન થયું હતું : કેવી સરસ વર્ણનશક્તિ હતી ? આબેહૂબ ચિત્ર ખડું કરી દીધું હતું.

સત્યાફોઈ ધસમસતાં દોડી આવ્યાં હતાં : ભાઈ, ભાભી, ક્યાં છો તમે બધાં ?

સોનલ તૈયાર થઈને બહાર જતી હતી ને ફોઈએ તેને રોકી હતી : ના જતી ક્યાંય. તારી જ વાત છે.

સમજ પડી કે શાની વાત હોઈ શકે, એક વયમાં આવેલી છોકરીને ?

બે છોકરાઓ તેને નકારીને રસ્તે પડી ગયા હતા, ને તે નાસ્તાની તાસકો સાફ કરતી હતી.

એકના તો દાંત પીળા હતા, વાતો કરવાની ઢબ નહોતી અને… જાણે ચીજ પસંદ કરવા આવ્યો હોય એવી માનસિકતા ધરાવતો હતો.

તેણે તેની ઇચ્છાને દબાવી હતી, બહાર સારા સમાચાર પ્રાપ્ત કરવા સહુ તલપાપડ હતા.

ખાસ તો તેની ના હોવી જોઈએ નહીં.

સોનલે જાહેર કર્યું હતું : ગમ્યું, મને તો.

ભીતર ચચરતું હતું : આ સહુને તે ગમી ગયો હશે ?

એ લોકોએ ના પાડી ને તે ખુશ થઈ હતી : બચી ગઈ. તેણે જ બચાવી. આ સારા કૃત્યનું ફળ તેને મળો ને આ સત્યાફોઈ આવ્યાં હતાં નવી વાત લઈને. તે કાન દઈને સાંભળી રહી હતી. ફોઈ તેને ગમતાં હતાં. ક્યારેય ગુસ્સે ના થાય. ભૂલ થાય તો સમજ પાડે : આમ કર્યું હોત તો યોગ્ય થાત ખરું ને ? તારામાં તેમ કરવાની આવડત તો છે જ. તેમણે જ સલાહ આપી હતી : ગાલ, ગરદન બધે હળદરની પેસ્ટ લગાવતી જા. ચહેરા પર ચમક આવશે. એ લોકો ચહેરો જ જોવાના.

સત્યાફોઈ મૂળ વાત પર આવ્યાં હતાં. સુકેતુની આવજા ખરી. આવે, બેસે, બે વાત કહે ને બાય કરતો ચાલ્યો જાય.

સુકેતુ - એ ઘડિયાળવાળાનો કુંવર. આપણું ઘર એ જ પોળમાં, મેડી પર. ને કેવું થયું ? એ સાંજે તેણે આવીને આલબમ જ ઉઘાડ્યું. ટિપોઈ પર પડ્યું હતું દિવસોથી. અને પહેલો ફોટો સોનલીનો.

તે ચોંકી હતી : હા… યાદ આવ્યું. વિનાયકે તેને સ્ટેચ્યૂ કરીને, જેવી લાગતી હતી એવી સ્નેપ કરી હતી. ગમ્મત ખાતર. ક્યાં કશું વિચાર્યું હતું ? બસ… અચાનક. બસ તો… એ જ…

'અરે, સુકેતુને ફોટો ગમ્યો ને છોકરી પણ ગમી' ફોઈએ સહુને ખુશ કરી દીધા.

કહે, આન્ટિ-મને આ છોકરી ગમી. મારે તેને જોવી છે. ક્યારે મેળવો છો ?

સહુ વિસ્મયમાં હતા પરંતુ સોનલ તો તરબોળ હતી. તે સત્યાફોઈને ભેટી પડી હતી.

સોનલ એકાએક કેન્દ્રમાં આવી ગઈ હતી.

આમ તો તે નીરવ સરને ત્યાં જતી હતી.

સ્વાતિએ સરનામું, ફોનનંબર, એંધાણીઓ ને સમય કહ્યાં હતાં.

વાર્ષિકોત્સવમાં નૃત્યનાટિકા ભજવવાની હતી અને પાત્રવરણી સરને ત્યાં કરવાની હતી.

પણ… ફોઈ આવ્યાં હતાં, સુકેતુની વાત લઈને.

સ્વાતિને ફોન કર્યો હતો. વિલંબ થવાનો.

પણ ક્યાં જઈ શકી હતી ?

કોઈએ કહ્યું હતું : ક્યાંય ના જતી હમણાં. એ આવશે, તને જોવા. ગમી ગયોને ફોટો ? તું પણ ગમી જઈશ. સુખમાં પડીશ. ફરજે બાઇકમાં. કાળાના નસીબ કાંઈ કાળા ના હોય.

રાતે સ્વાતિનો ફોન આવ્યો હતો : ના આવીને ? તારું પાત્ર વનલીલાને મળ્યું. તે કાળીનાગની બીજી પત્ની બનશે. પહેલી તે અને ત્રીજી શમા.

કાલીનાગને ત્રણ ત્રણ પત્નીઓ.

તે પણ કોઈની પત્ની બનવાની હતી. ના કહ્યું સ્વાતિને. આ તો પરીકથા જેવું હતું : ફોટો ગમી જાય પણ મૂળ સોનલ ના ગમે. અને નાટક તો ગયું. કાલીનાગની બીજી પત્ની બનવાનું

નસીબમાં નહીં હોય. હોંશ હતી. અરીસામાં જોઈને હાવભાવ કરી લેતી હતી. આ વાતમાં શ્યામ ત્વચા સહાયરૂપ થવાની હતી. કાલીનાગ શ્યામ હોય તો તેની પત્નીઓ શ્યામ જ હોય ને ? આ ભેદ ક્યાં કોઈને કહ્યો હતો ?

તેણે સ્વાતિને સુકેતુની વાત પણ ના જણાવી. મનમાં ડર હતો, પ્રસન્નતા પણ હતી.

રાત દરમિયાન તે સુકેતુના વિચારોમાં ડૂબી હતી. સ્વપ્નમાં કાલીનાગની પત્ની પણ બની ગઈ હતી.

વનલીલા... કાંઠે ઊભી ઊભી રડી રહી હતી.

નીરવ સર કાળીનાગ હતા.

સ્વાતિ અને શમા તો હતાં જ નહીં.

સવારે જાગતાં જ બધું સ્મરણમાં આવ્યું હતું. હસી પડી હતી. ગમ્યું પણ હતું.

દિવસ દરમિયાન સોનલ ઘરમાં રહી હતી. ફોઈએ કહ્યું હતું : એ લોકો ગમે ત્યારે આવશે. તૈયાર રહેવાનું. બહુ કામકાજ હોય બિઝનેસના.

સોનલે વિચાર્યું કે તે એ ફોટાવાળો ડ્રેસ પહેરશે. યાદ જ હતું કે શું પહેર્યું હતું.

ચાલો, ફોટોમાંની સોનલ તો પસંદ થઈ ગઈ ! એ પણ ગમ્યું. આ સોનલ પણ કદાચ...! તેણે બધું તૈયાર રાખ્યું હતું.

ફોન આવેને બે મિનિટમાં તૈયાર થઈ જવાય. ભાભીવાળો ઓરડો વ્યવસ્થિત કરી નાખ્યો હતો. ભાભીએ બે ખુરશીઓ ગોઠવી હતી. ટિપોય પર ચોપડીઓ ને પલંગ પર નવો ઓછાડ, ખીંટીઓ પરની ચીજો પણ વ્યવસ્થિત, કબાટનો અરીસો સ્વચ્છ. બેયને જે ઠીક લાગ્યું એ કર્યું હતું.

અચાનક ડેલી પાસે ગાડી ઊભી રહી હતી. પછી સમય ક્યાં રહ્યો હતો ડ્રેસ બદલાવવાનો, સમોસા તળીને નાસ્તો ધરવાનો ?

ભાભીએ કહ્યું હતું : આવો, તમે જ...

ઓરડો વ્યવસ્થિત હતો પણ ખુદ સોનલ...?

વાળ છૂટા હતા. થોડી લટો ખભાની આ તરફ અને થોડી પાછળ. આંખો ચકિતને ચકચકિત.

નીરવ સર યાદ આવ્યા હતા. ખાસ બોલાવી હતી નૃત્યનાટિકા માટે. અરે... પાત્ર પણ નક્કી જ હતું - કાલીનાગની બીજી પત્ની ! સર ભલા હતા. એમ લાગે કે તે જાણે વર્ષોથી તેમને ઓળખતી હતી ! ભાભીની પાછળ તે ઊભી હતી. કવિતા ક્યાં હતી ? બાપુ અને મોટાભાઈ પણ નહીં.

પ્રથમ દર્શન હતું સુકેતુનું.

અચાનક આગમન થયું હતું, સત્યાફોઈનો ફોન પણ નહોતો.

'તું જ સોનલને ?' તેના હાથમાં એ ફોટો હતો.

તેણે પરસાળમાં ઊભાં ઊભાં તેને નીરખી, બે ત્રણ એંગલથી. મોબાઇલમાં સ્નેપ પણ લીધા.

તે એમ જ ઊભી હતી, નતમસ્તક, મનમાં ચિંતા હતી : નહીં પસંદ કરે. વર્ણ તો જોશે જ. એ ક્યાં ઢાંકી શકાય ? હા... ફોટામાં... એ ના આવે.

શબ્દો સંભળાયા હતા : 'શું નામ તારું ? હું... સોનલ. હું તને બીજા નામથી બોલાવીશ. તું ગમી. અદ્દલ... એવી જ છું. મમ્મી, મળવા આવશે.

બાપુને તો બિઝનેસમાં કેટલો સમય આપવો પડે.

મમ્મી... બધું નક્કી કરવા આવશે. લગ્નની તારીખ વગેરે. તારી હા છે ને ? જો, ના પાડવાની નથી. તું મને ગમી છું. હું સત્યામાસીનો આભારી છું.

સુકેતુ માત્ર દશબાર મિનિટમાં તો વિદાય પણ થયો હતો. ભાભીએ બનાવેલું સરબત પણ પૂરું ક્યાં પીધું હતું ?

તે... હળવી બની શકી નહોતી : શું આ પરીકથા હતી ? કે તે કલ્પવૃક્ષની નીચે ઊભી હતી ?

દામિની પણ આવી હતી લગ્ન નક્કી કરવા.

માએ કહ્યું હતું : હવે શી જરૂર છે કોલેજના અભ્યાસની ? એ લોકો ભણેલાને નોકરીઓમાં રાખતા હતા ? પ્રાણજીવનભાઈને સમય પણ ક્યાં હતો મળવાનો ? ફોન પર કહેતા હતા : દીકરાને ગમે એટલે... ભયો ભયો.

શું કહેતી હતી. દામિની ? જુઓ, લાઇન લાગતી હતી. દીકરીવાળાઓની.

નામો ગણાવ્યાં હતાં : ભદ્રા, આયુષી, સૌમ્યા, વિજયા..., મુદ્રા... !

પણ સુકેતુને તું જ ગમી.

જાણે કે તેમને ના ગમી હોય !

આપણે ત્યાં કન્યાવિદાયના કરુણાસભર, ચોટદાર ને પાંપણો ભીંજવતાં કેટલાં બધાં ગીતો હતાં ? એમાંનાં બે ત્રણ ગીતો સોનલના લગ્નમાં ગવાયાં હતાં, સ્ત્રીઓની આંખો ભીની થઈ હતી.

માંડવડો ચોધાર આંસુએ રડી પડ્યો હતો.

પુરોહિતે શાસ્ત્રવચનો, સપ્તપદીના મંત્રો બુલંદ સ્વરમાં ઉચ્ચાર્યા હતાં. લગ્નગીતો ગવાયાં હતાં. ચારેય મંગળ વર્ત્યા હતાં. ગુલાબજળનો છંટકાવ ને પુષ્પો, અક્ષતવર્ષા પણ થયાં હતાં.

મંગલાષ્ટક ગાન થયું ત્યારે સોનલને નીરવ સર યાદ આવ્યા હતા. કેવું શીખવતા હતા કવિ કાન્તનું વસંત વિજય ? સ્પષ્ટ ઉચ્ચારણો અને રસળતો વાણી પ્રવાહ.

અને આ મંગલાષ્ટક તો શાર્દૂલ છંદ, ઓગણીસ અક્ષરો, બારમે યતિ. ઓહ ! ચોપડીઓ પડી હતી અભેરાઈ પર ! હવે કશી કામની ક્યાં હતી ? સર પરપુરુષ અને ચોપડીઓ થપ્પી થયેલો અતીત. અને કાલીનાગની બીજી પત્ની બનવાની એ નૃત્યનાટિકા શું ? તેને નકારનારા બે છોકરાઓ ?

કવિતાએ ધ્યાન દોર્યું હતું, વિધિઓમાં ધ્યાન દેવાનું. સુકેતુ તેની જમણી બાજુ બેઠેલો એનો પુરુષ હતો.

પુરુષવૃંદમાં લગ્ન વિશેના ટુચકાઓ કહેવાતા હતા.

સ્ત્રીવૃંદ... ગીતો ગાતું હતું.

તેને અચાનક ભાન થયું હતું કે નીરવ સર તેને ગમતા હતા. કેટલાં ? તે ભીતરમાં ભીની થઈ હતી. દામિની ત્યારે પણ કોઈને કહી રહી હતી : અરે, કેટલાં મા-બાપો ક્યૂમાં હતાં ? સુકેતુને આ ગમી.

હવે તે ઘરમાંથી અને સરમાંથી નીકળી ગઈ હતી. થયું હતું કે તે હવે સુકેતુની પત્ની હતી. તે સ્વામી ને તે સ્વામિની, પવિત્ર અગ્નિની સાક્ષીએ.

તેને સુકેતુએ પસંદ કરી એ એક ચમત્કાર જ હતો, મમ્મી શું કહેતી હી ? પ્રશ્ન મોટીનો હતો બાકી નાનીને તો એ લોકો... તરત, પસંદ કરી લેવાના. ને તે ચીડથી કહેતી હતી : પરણવું છે જ કોને ? તે ભણશે,નોકરી કરશે, ઘરમાં કડકડતી નોટો લાવશે.

છેલ્લી બે રાતે તે અતીત ડખોળતી હતી.

બાવીસની થઈ ત્યાં સુધીનું કેટલું યાદ હતું ?

મા-બાપ, ભાઈ-ભાભી, કવિતા, સખીઓ, પાડોશીઓ, સ્વજનો, જાણ્યાઓ, અજાણ્યાઓ, ગુરુજનો. આખું ભાવવિશ્વ જોડાયેલું હતું.

હવે તેણે જાણે જૂનાં વસ્ત્રો ઉતારવાનાં હતાં, નવાં ધારણ કરવાના હતાં.

સોળમે વર્ષે સ્વાતિએ ચકિત થઈને કહ્યું હતું : તને આટલી ખબર નથી ? લગ્ન પછી આવું થાય. સાવ બોઘી છું તું.

વીસમે વર્ષે લીલાએ આમંત્રણ આપ્યું હતું : આવ ઘરે તને ફોટા દેખાડીશ.

ઇચ્છા થઈ હતી પણ ગઈ નહોતી.

તેણે સુકેતુ સાથે ચોથો ફેરો ફરી લીધો હતો. પુરોહિત અગ્નિ પ્રજ્વલિત કરી રહ્યા હતા. હવે સર, કોને પરણશે ? ‘તે વિચારતી હતી. સ્વાતિએ એક વેળા કહ્યું હતું : શું તું સરના પ્રેમમાં તો પડી નથી ને ? તારાં લક્ષણ એ જ છે. સુકેતુ મિત્રો સાથે વાત કરતો જ હતો. તેને એક વાર સાવ ધીમેથી સંબોધી હતી : કેમ છે, આયશા ? તે મલકી હતી.’

અને એ સાંજે એ હવેલી જેવા ઘરમાં સોનલને ગૃહપ્રવેશ થયો હતો.

ઘરમાં મહેમાનોની ભીડ હતી. તે સહુના કેન્દ્રમાં હતી. સુકેતુની વહુ, સુકેતુની વહુ સંભળાતું હતું ને ગમતું પણ હતું. તે કોઈની પત્ની હતી. ત્યાં નાટિકામાં કાલીનાગની બીજી પત્ની બનવાની હતી એનો પણ આનંદ હતો. પત્ની હોવું એટલે શું ? માતાને તો પત્નીની ભૂમિકામાં જોતી આવી હતી, સમજ આવ્યા પછી સભાન બનીને અને તે ગૂંચવાઈ હતી.

અને ભાભીને પણ રોજ સવારે મલકાતી જોઈ હતી. ભાભી ક્યારેક કહેતી તેને. સોનલી, પરણજે. સુખો મળશે.

રાત્રે બારણું બંધ કરે ત્યારે ત્યારે તેના ઝાંઝર રણકતાં.

શયનખંડ સરસ રીતે શણગારાયેલો હતો. તે પ્રવેશી ને ખીખી કરતું સ્ત્રીવૃંદ બહાર નીકળી ગયું હતું. તે બેઠી, છત્રી-પલંગની કિનાર પર. લીલી યાદ આવી હતી. અને ભાભી તો કામમાં હતી ક્યાં સમય મળ્યો હતો તેમને મળવાનો ?

ભીંત પર મોટો અરીસો હતો, ભીંત ઘડિયાળ હતું. તેને થયું કે તે અરીસામાં તેની જાતને પણ એ પહેલા સુકેતુ આવ્યો હતો. બારણું બંધ થયું હતું.

તેનું પહેલું વાક્ય આયેશા વિશે હતું : અસલ તું આયશા જેવી છું. અને એટલે જ તું ગમી ગઈ.

પછી ફોટાઓ કાઢ્યા જો, આ તેના ફોટાઓ. છું ને અદલ તું. આપણી પેઢીમાં નોકરી કરતી હતી.

પત્ર વહેવાર કરે, ટાઈપ કરે, રેકર્ડમાં નોંધ રાખે. રવિવારે ચર્ચમાં જાય. શ્યામ, તારા જેવી. નમણી પણ તારા જેવી. જેમ કહું તેમ કરે. મને ખુશ રાખે.

‘અરે... ફોટામાં જ સાવ નિર્લજ...!’

સોનલને આઘાત લાગ્યો : આ શા માટે...? ને અત્યારે ? હા... તેના જેવી હતી ! બીજી સોનલ...! થોડી ગમ્મત થઈ : બીજી સોનલ...! તે ગમતી હતી ને એટલે તે ગમી. ને એટલે જ અહીં સુધી...! પહેલી રાતે કહ્યું : હું તને આયેશા જ ગણીશ, આયેશા કહીને બોલાવીશ.

ભલે... એમ. જરા મોજ પડી.

બીજી રાતે પણ એ જ વાતો : તું અદલ... તે...! બીજાં ફોટાઓ, બીજાં સ્મરણો... બાઇક પર વળગીને બેસી જાય.

સોનલ... થાકી : પરણવું તું ને તેને ?

ત્રીજી રાત, ચોથી રાત... સાતમી રાત. બસ એ જ શરીર તેનું અને બધું તે. શું કહેવું - મોહ ? ઘેલછા...?

દામિનીએ કહ્યું : હતી એક...! પણ તું આવી. બાકી તો લાઇન લાગી’તી : ભદ્રા, આયુષી, રોમા, રેખા, વ્યોમા...!

શ્વશુરે પૂછ્યું હતું : શું નામ હતું વહુનું ? અરે, મારાં ચશ્માં ક્યાં મૂક્યાં ? અને, ક્યાં ગઈ રોઝી ?

રોઝી પેટડોગ હતી.

સખી સ્વાતિએ સલાહ આપી : તું પણ કોઈ પુરુષને કલ્પી લે... સે... આપણા સર !

ભાભી બોલ્યાં : ભલી થઈને ત્યાં પડી રહે. કેટલું સુખ હતું ? તે તને આયેશા, ગણીને પ્રેમ કરે છે, એમાં શું ? એ તો સમય જતાં ભૂલી જશે. પેલી ક્યાં ચોંટી જાય છે તને ?

તે ભાંગી પડી હતી.

એમ લાગતું હતું કે, તેનો ગૃહપ્રવેશ હજી થયો જ ક્યાં હતો ?

અંદર ગઈ હતી એ તો બીજી સ્ત્રી હતી.

તે તો હજી બારણે જ ઊભી હતી, પ્રસ્વેદ - આંસુ - સેન્ટની સુગંધ મિશ્રિત પાનેતરમાં -

---

પ્રશાન્તિ નિલયમ, માધવનગર,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
મો. ૬૩૫૩૯૬૯૧૩૯

દિવાળીની ખરીદી

- રાજ ભાસ્કર

દિવાળીની ખરીદી માટે આ છેલ્લો જ રવિવાર હતો. અનિકેત અને આસ્થાએ અઠવાડિયાથી બધું જ લિસ્ટ બનાવી લીધું હતું. નવમા ધોરણમાં ભણતા દીકરા શ્લોક માટે શું લેવું એની પણ યાદી બની ગઈ હતી. સવારે દસ વાગ્યે જ ત્રણેય જણ કાર લઈને નીકળી પડ્યા. બજારમાં ખાસ્સી ભીડ હતી. કેટલાય મહિનાઓથી ધંધા વિના ગાંડા જેવા થઈ ગયેલા વેપારીઓએ દુકાનો અને કમાવાના અરમાનો બન્ને શણગારી રાખ્યાં હતાં. મોલ, દુકાન, લારીઓ, ખૂમચા બધે જ માસ્કવાળા અને માસ્ક વિનાના લોકોની ભીડ હતી. સોશિયલ ડિસ્ટન્સિંગને બદલે સોશિયલ ગેધરિંગનો માહોલ સર્જાયો હતો.

સાંજ સુધીમાં લગભગ પાંત્રીસ હજારની ખરીદી થઈ ગઈ. છેલ્લે લો ગાર્ડન એક મોલમાંથી ખરીદી કરીને આસ્થા અને શ્લોક મોલના ગેટની બહાર આવીને ઊભા રહ્યાં. અનિકેત કાર લેવા બેઝમેન્ટ પાર્કિંગમાં ગયો હતો. એટલી વારમાં એક પંદરેક વર્ષનો મેલોઘેલો છોકરો એમની પાસે આવીને ઊભો રહી ગયો.

'બહેન, રંગોળી આપું ! દસ રૂપિયાની ચાર પડીકી છે.'

'ના, નથી જોઈતી !'

'ભગવાન તમારું ભલું કરશે. દસની તો લઈ લો. સવારથી કંઈ વેચાયું નથી !' છોકરો કરગરી પડ્યો. એ રંગો વેચતો હતો પણ એના જીવનમાં એક માત્ર ગરીબીનો કાળો રંગ જ હતો. એની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. આંસુનાં ટીપામાં જાણે પીડા, વ્યથા, ભૂખ અને દુઃખની રંગોળી પુરાઈ ગઈ. એ છોકરો આસ્થાની એકદમ નજીક આવી ગયો. એના કૂરતાને ખૂણેથી સ્હેજ જ અડ્યો, 'બેન, એવું હોય તો પાંચની ત્રણ લઈ લો. મને ભૂખ લાગી છે. કંઈ ખાધું નથી.' છોકરો કુરતાને સ્હેજ સ્પર્શ્યો ત્યાં જ આસ્થાએ એને ધધડાવી નાંખ્યો, 'સાલા, ભાન વિનાના ! ગધેડા ! કોરોના ચાલે છે ! કંઈ ભાન બાન છે કે નહીં ! ભીખારા સાલા ! અડતો નહીં હવે મને. ચાલ ભાગ અહીંથી.'

આ બધું અનિકેતે જોયું. એ કાર સાઇડમાં મૂકીને તેમની પાસે આવ્યો.

આસ્થા બોલી, 'જોને, આ ભીખારો છાલ જ નથી છોડતો.'

'હું ભીખારી નથી બેન ! તમને ખરીદી કરવાનું કહી રહ્યો છું. મેરબાની કરો ! કંઈક તો લો !'

અનિકેત તો ગુસ્સામાં આસ્થાનોય બાપ હતો. એનો પિત્તો આસમાને પહોંચી ગયો. એણે છોકરાના ગાલ પર બે લાફા ઝીંકી દીધા અને ધક્કો માર્યો. છોકરાનું માથું ફૂટી ગયું અને રંગોળી વેરાઈ ગઈ. આ જોઈ શ્લોકને ખૂબ દુઃખ થયું. પણ પપ્પાનો ગુસ્સો જ એવો હતો કે સામે એક શબ્દય ના ઉચ્ચારાય. છોકરો નીચે પડીને રડતો રહ્યો અને અનિકેત નીકળી ગયો.

એ સાંજે શ્લોકને જમવાનું પણ ના ભાવ્યું. રાત્રે ઊંઘ પણ ના આવી. આખી રાત પેલો રંગોળી વેચનારો છોકરો એની આંખ સામે કરગરતો રહ્યો. એ પંદર વર્ષના છોકરાના મનમાં પંદરસો કરોડ વેદનાના વીંછીઓ ડંખી રહ્યાં હતા.

સવારે દસ વાગ્યે નાસ્તાના ટેબલ પર અનિકેત અને આસ્થાએ કહ્યું, 'બેટા, મારે અને પપ્પાને એક કામ છે. અમે જોડે જઈએ છીએ. હું બપોરે આવી જઈશ. તું ક્યાંય બહાર ના નીકળતો.'

'ઓ.કે મમ્મી !' શ્લોકે કહ્યું. અનિકેત અને આસ્થા બહાર નીકળ્યા. તરત જ શ્લોકના મનમાં એક વિચાર સ્ફૂર્યો. એણે તરત જ પોતાનો ગલ્લો તોડ્યો. એમાંથી સાતસો રૂપિયા જેવી રકમ નીકળી. એ રકમ ખિસ્સામાં નાંખીને એ સાઇકલ લઈને નીકળી પડ્યો. અનિકેત અને આસ્થા પણ એ જ વિસ્તારમાં હતા. શ્લોકને સાઇકલ લઈને મારંમાર જતો જોઈ એમને આશ્ચર્ય થયું. તેમણે એનો પીછો કર્યો. શ્લોક લો-ગાર્ડનના પેલા મોલ પાસે પહોંચ્યો અને રંગોળીવાળા છોકરાને શોધવા લાગ્યો. આખરે એક ફૂટપાથ પરથી એ એને મળી ગયો. કાલે અનિકેતે એને ધક્કો માર્યો હતો એના કારણે એના કપાળે મોટું ઢીંમણું થઈ ગયું હતું. એના પર લોહીનું ભીંગડું બાઝી ગયું હતું. શ્લોક સાઇકલ ઊભી રાખી એની પાસે ગયો. પેલો છોકરો ભૂખથી સાવ નિષ્પ્રાણ થઈ ગયો હતો. એ શ્લોકને ઓળખી ગયો. શ્લોકે ખિસ્સામાંથી પૈસા કાઢ્યા અને એને આપ્યા, 'લે દોસ્ત !'

છોકરાની ભૂખી જીભેય ખુમારી ટપકી પડી, 'હું ભીખારી નથી !'

'સોરી, સોરી... એક કામ કર ! તારી બધી રંગોળી કેટલાની છે ?'

'ચારસો રૂપિયાની, કેમ ?'

'એ મને આપી દે ! અને લે આ સાતસો રૂપિયા !'

'ના, સાહેબ ! ચારસોની છે ચારસો જ આપો !' આટલું બોલતા એ રડી પડ્યો. એને ખબર હતી કે આ છોકરો એની મદદ કરવા જ બધી રંગોળી લઈ રહ્યો હતો. શ્લોક એને ભેટી પડ્યો. આસ્થા અને અનિકેત દૂરથી આ દશ્ય જોઈ રહ્યાં હતાં. આટલી નાની ઉંમરમાં દીકરાની લાગણી અને ભાવના જોઈ એમને પોતાની ભૂલ સમજાઈ. એ કારમાંથી ઊતરીને એની પાસે ગયા. એમને જોતાં જ શ્લોક અને પેલો છોકરો બન્ને ગભરાઈ ગયા. અનિકેત અને આસ્થાએ પેલા છોકરાના માથે હાથ ફેરવ્યો અને કહ્યું, 'સોરી બેટા !'.

એ પછી પરાણે એ છોકરાને આસ્થા અને અનિકેત હોટેલમાં જમવા લઈ ગયા. ત્રણ દિવસના ભૂખ્યા એના પેટમાં અનાજ પડ્યું એ સાથે જ એના સાતેય કોઠે દિવાળી પહેલાં જ રંગોળી પુરાઈ ગઈ.

એ-૨, મયુર પાર્ક, સિલ્વર જ્યોત સોસાયટી, ભગત પેટ્રોલ પંપની બાજુમાં, સતલુજ હોટલ સામે, નરોડા રોડ, પોસ્ટ-કુબેરનગર, અમદાવાદ-૩૮૨૩૪૦. મો. ૯૮૨૫૬૧૧૬૯૪

વર્ષાછાયા

- *પરીક્ષિત જોશી*

પોતાના જીવનના ટર્નિંગ પોઇન્ટ જેવી એ ઘટનાને યાદ કરતાં-કરતાં હસમુખરાય ભૂતકાળમાં સરી પડ્યા. એમની આંખો આગળ પણ સ્મૃતિમાં સંઘરાયેલો એ કાળખંડ જાણે ફરીથી જીવંત બની ઊઠ્યો. એ યાદ કરી રહ્યા હતા એ ઘટના. ત્યારે સૂકીભઠ્ઠ બની ચૂકેલી ખજૂરીનાં લાંબા પાનાને હલાવી પવન પણ એમાં પોતાની સાહેદી પૂરી રહ્યો હતો.

★★★

આખો દિવસ અલકમલકની વાતો કરતાં હસમુખરાય આજે બે શબ્દ પણ સ્પષ્ટ રીતે ઉચ્ચારી શક્તા ન હતા. એક જમાનામાં હોલિવૂડ સ્ટાર જેવા લાગતા હસમુખરાયની આજની પરિસ્થિતિ જોઈ કોઈ એમના એ સ્વરૂપની કલ્પના પણ કરી શકે એમ નહોતું.

'શું થયું વ્હાલા, બોલો શું કહેવું છે ?' એમના કાયમી શુભેચ્છક એવા મિત્રસિંઘે પૂછ્યું. એ આવતાં જતાં 'હસુરાય'ની ખબર કાઢતા જતા.

'સર...ખ્.ઉ..., ઉ...' થૂંક ઉડાડતાં ઉડાડતાં આટલું બોલ્યા ત્યાં તો હસુરાયની જીભ થોથવાઈ. એમની આ ગૂઢ ભાષા ઉકેલનારું અહીં કોઈ ન હતું. ગુજરાતી એમની ભાષા ન હતી છતાં મિત્રસિંઘ મહેનત કરીને ભાંગ્યુ તૂટ્યું સમજી લેતા, જેવું હસુરાય ભાંગ્યું તૂટ્યું બોલતા હતા, એમ.

'અરે યારા, દિલ છોટા મત કર. ઉપરવાલે કે ઘર પર દેર હૈ પર અંધેર નહીં હૈ. હૌસલા રખ. રબ સબ ઠીક કર દેગા.'

હસુરાયની જેમ મિત્રસિંઘને પણ ખબર હતી કે, આ બધાં ઠાલાં આશ્વાસનો છે પણ છેલ્લામાં છેલ્લી હકીકતથી બેય વાકેફ હતાં છતાં એની ચર્ચા કરી શકે એમ ન હતા. અનુભવે વયોવૃદ્ધ બની ગઈ હોય એમ ખજૂરી પણ ઠાવકાઈથી નિ:શબ્દ ઊભી હતી, ત્યારે.

★★★

હસુરાય અને ખજૂરી બેયમાં હવે લગભગ કોઈને રસ ન હતો. ક્યારેક તો હસમુખરાય પણ પોતાની વાતમાં, પોતાની જાતમાં રસ ન હોય એમ વર્તતા. કોઈ પણ પાત્ર એ આબાદ ભજવી લેતા, આજે એ કળા એમને ઘણી કામમાં આવી રહી હતી. ખજૂરી પણ એક ખૂણો સાચવીને એમની આ કળાનો આસ્વાદ કરતી ઊભી હતી, અડીખમ, એકલી અટૂલી...

મૂળમાં તો હસુરાય નાટકનો જીવ. કોલેજ જીવનમાં અનેકવાર સ્ટેજ પણ ગજવી ચૂકેલા. અરે, ગામમાં જયારે દિવાળીના ટાણે નાટક-ભવાઈના ખેલ થાય ત્યારે ગામના લોકોય એમની અદાકારીની વ્યાવસાયિક ભજવૈયાઓ સાથે હરીફાઈ થતી જોઈને પોરસાતા. પછી વરસ આખું ગામના કેટલાક યુવાનો થોડી ઘણી તાલીમ લેવાય આવતા અને રાયજી પોતાની સૂઝસમજ પ્રમાણે શીખવતા પણ ખરા.

હસમુખરાય પાસે હવે વગર ખર્ચે તો કરવા માટે તો માત્ર ટાઈમ ટ્રાવેલ જ હતી, જે એમણે મનોમન શરૂ કરી દીધી હતી.

તેઓ વિચારી રહ્યા હતા, 'કેવા સુંદર, ભર્યાભર્યા દિવસો હતા. ગામ આખામાં પોતાની એક કલાકાર તરીકેની નામના હતી. વ્યાવસાયિક રીતે ભૂમિકાઓ તો ઘણી મળતી હતી. ભગવાનનું આપેલું બધું જ હતું પણ...' અને, હસમુખરાય અટકી પડ્યા.

એમને અચાનક એ દિવસ યાદ આવી ગયો. પોતે એક નાટકમંડળી સાથે પ્રવાસે નીકળેલા. એ ગાળામાં માતાનું અચાનક અવસાન થયું. માતાના અંતિમ દર્શન ન કરી શકેલા હસુરાયને એ ઘડીએ નાટક છોડીને વાસ્તવિકતાનો સામનો કરવાનો આવ્યો. માતાની સાથે નાટક છૂટ્યું એ છૂટ્યું. આ ઘટનાની યાદ આવે એટલે હસમુખરાય અચાનક ક્યાંક ખોવાઈ જતાં. ખજૂરિયા ઓઘાં પરથી સતત આવતો પવન, ખજૂરીનાં પાના ખખડાવીને પણ એમનું ધ્યાનભંગ કરી શક્તો નહીં.

★★★

પછી તો હસુરાય પાસે પોતાની વીતેલી જિંદગીના સુખદ પ્રસંગોને વાગોળવા માટે પૂરતો સમય હતો. એમને હરવા-ફરવાનો ભારે શોખ. કંઈ કેટલાય પ્રવાસો ખેડી નાંખેલા. એમનું કિસ્મત પણ સારું કે નોકરી મળી તો એય મજાની.

હસમુખરાય પોતાની વ્યાવસાયિક રખડપટ્ટીને પણ યાત્રા-પ્રવાસનું માન આપતાં કહેતા પણ ખરા કે, 'નોકરી તો ઠીક મારા ભાઈ, કામનું કામ અને પ્રવાસનો પ્રવાસ. મીટર રીડર તરીકે ગામડે-ગામડે ઘેર-ઘેર ફરી-ફરીને વીજ વપરાશનું મીટર રીડિંગ કરવાનું રહેતું. પ્રવાસ પણ ભાતભાતના થતા -

ક્યારેક બસમાં, ક્યારેક ટ્રેક્ટર કે બાઈકની લિફ્ટ મેળવીને કે પછી ક્યારેક પગપાળા.'

★★★

હસમુખરાય પોતાની કારકીર્દિની શરૂઆતના દિવસો યાદ કરી રહ્યા હતા. એક વીજળીએ એમના જીવનમાં પ્રવેશ કરી, એમનું આર્થિક પાસું સુધારી દીધું હતું. એવામાં બીજી વીજળીનો પ્રકાશ એમના જીવનમાં ફેલાશે એવું નક્કી થવાનું ટાણું આવ્યું. ખજૂરી પણ ચહેકી ઊઠી હતી, એની ઉપર એક પંખીએ માળો બનાવ્યો હતો. પોતાને જોઈતું હતું એવું પાત્ર મળ્યું એટલે હસમુખરાય બરાબર ખીલ્યા. વર્ષાનો પ્રેમ પામી 'રાયજી' પોતાની જાતને સૌભાગ્યશાળી માનતા.

વર્ષાની યાદ આવતાં જ હસુરાયની આંખ સ્નેહથી ભીંજાઈ ગઈ. વર્ષો પછીય, વર્ષાની સ્નેહની સરવાણી એ ભૂલ્યા ન હતા. એની સાથે કરેલો એક-એક સંવાદ રાયજીને સ્પષ્ટ રીતે યાદ હતો.

'તમેય શું રાયજી, આમ જ વર્તશો તો લોકો કહેશે કે વહુઘેલા થઈ ગયા છો તમે. છોડો, મને.' વર્ષાના ગાલ શરમથી લાલ-લાલ થઈ જતા પણ છોડે તો રાયજી શાના ? એમની પ્રણયમસ્તી તો ચાલતી જ રહેતી, સ્થળકાળ ભૂલીને. હજુ તો બેય ગળાડૂબ પ્રેમમાં પડ્યા જ હતાં, અને વર્ષાના જીવ પર જોખમની વાત ફરીથી યાદ કરીને રાયજીને ડૂમો ભરાઈ ગયો.

ત્યારે ગાયનેક ડૉક્ટરે કહેલો એક-એક શબ્દ હસુરાયને યાદ હતો. 'બહેનના જીવને જોખમ છે. અમે અમારાથી બનતા પૂરતા પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ એમની સ્થિતિ એવી છે કે જીવ બચે એવી શક્યતા ઘણી ઓછી છે.'

'વર્ષા, મારી વર્ષાને બચાવી લો, સાહેબ... મારું બધુંય વેચીને આપીશ, જાતે વેચાઈને પણ તમારી ઝોળી છલકાવી દઈશ... બસ, સાહેબ મારી વર્ષાને...' એકદમ લાગણીશીલ બની ગયેલા હસુરાય ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યા હતા.



ત્યારે એમનો પડછાયો બનીને છાયા સતત એમની સાથે રહી હતી. ક્યારેક બહેનની સેવા તો ક્યારેક જીજાજીની કાળજી, એ જ છાયાનો જીવનમંત્ર બની ગયેલો. પણ બનવાકાળ બન્યું. મા પછી મળેલા એક પ્રિય પાત્ર સાથે પણ ક્રૂર ઘટના બની ગઈ. હસુરાય આ આઘાત જીરવવા બિલકુલ તૈયાર જ ન હતા. છાયાએ એમને સધિયારો આપ્યો. એના ખોળામાં વર્ષાની એક નિશાની સ્વાભાવિક રુદન કરી રહી હતી ત્યારે ખજૂરી પરના માળામાંથી બચ્ચાનો અવાજ એમાં સૂર પૂરાવી રહ્યો હતો.

★★★

મા પછી પત્નીને ગુમાવી હસમુખરાય સાવ ખાલી થઈ ગયા હતા. હસુરાયની દશા જોઈને એમના સાસરિયાં સગપણમાં દૂરની સાળી, છાયા જરા વધુ દ્રવિત થઈ ગઈ. એ હસુરાયની વધુને વધુ નજીક સરકવા માંડી હતી. બાળક પર પણ એનો સ્નેહ કોઈનીય નજરથી છાનો ન હતો. હસુરાયને છાયામાં વર્ષાની છબી જણાવા લાગી હતી.

'બહેનની પાછળ તમે આમ સાવ ઉદાસ ફર્યા કરો એ મને ન ગમે. બહેન ગઈ, એક સ્વજન ગયું એ તો મારુંય ગયું અને તમારુંય. દુઃખ તો મનેય છે. તમે જાતે તો દુઃખની બહાર નીકળતા નથી અને બીજાને પણ એમાં ખેંચી રહ્યા છો. વર્ષા જ મારું તો સર્વસ્વ હતી. એના પડછાયામાં જ હું તો મોટી થઈ છું.' છાયાએ કહ્યું.

જીજાજીનું મૌન સાંભળીને એણે આગળ ચલાવ્યું, 'તમારો વિચાર ન કરો તો કાંઈ નહીં, આ બાળક સામે તો જુઓ.'

પત્નીના આકસ્મિક અવસાનના આઘાતમાં સતત ડૂબેલા રહેતા હસુરાયે બાળકના નામ આવતાં જાણે દુઃખમાંથી જરાક જેટલા બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હોય એવું છાયાને લાગ્યું. વડીલોએ પણ બેયના પ્રત્યે છાયાની લાગણી જોઈ, જાણી અને એમના સંબંધ પર પોતાની સંમતિની મહોર મારી. જીવનભર મીઠાં ફળ આપતી ખજૂરીએ પણ હસુરાયના જીવનમાં વ્યાપેલી આ પ્રણય મીઠાશના પુનઃપ્રવેશને વધાવ્યો.

★★★

'વર્ષાના ગયા પછી જાણે સુખ સાથે આજન્મ વેર બંધાયું હતું એવું મને લાગેલું પણ છાયા રૂપે એ પાછી આવી અને મને ફરી સંસારની માયા લગાડી.' હસમુખરાયે વિચારના બધા બંધ તોડી નાંખ્યા હતા.

'વર્ષાની જેમ છાયા સાથે પણ સુખના દિવસો જાણે ટૂંકા બનતા બનતા આખરે ખૂટી ગયા.' ચાના ઘૂંટડામાં જાણે કડવો લીમડાનો રસ પી લીધો હોય એવી કડવાશ એમના ચહેરા પર વ્યાપી ગઈ. પ્રેમની તીવ્ર તરસથી વ્યાકુળ હરસુખરાયને પરબ તો દેખાઈ હતી, પોતાની બિલકુલ નજદીક, એમની પોતાની જ હતી પણ સમય સરખો ન હતો. સ્નેહના શિખરે બિરાજ્યા છતાં પોતાની છાયા કોઈને છાંયો આપી શક્તી નથી એ સ્વીકારતી ખજૂરી એમના વિચારોને મૂંગા મોંઢે સાંભળી રહી હતી.

★★★

ઘરને પ્રકાશિત કરતી વીજળી એક દિવસ વેરણ બની. છાયા માટે તો ક્ષણ-ક્ષણ કિંમતી હતી. એનો સમય બચશે તો પોતાના ભાગમાં પણ થોડો સમય આવશે એવી સ્નેહલાગણીથી હરસુખરાય હરખાયા.

'ફરી આ વીજપ્રવાહ ખોરવાયો. હજુ તો કેટકેટલું કામ બાકી છે...' છાયા સ્વગત બોલી.

છાયાને સરપ્રાઇઝ આપવાના શુભાશયથી હસમુખરાયે પોતાની આવડત કામે લગાડી. રિપેરિંગ દરમિયાન અચાનક જ એમાં વીજપ્રવાહ વહ્યો, એક ઝાટકા સાથે હસમુખરાય ઉછળીને ઊંધા માથે પડ્યા. મોંઢેથી ચીસ પણ નીકળી ગઈ, 'ઓય મા, મરી ગયો.'

છાયા સહિત આડોશી પાડોશી સૌ કોઈ ભેગાં થઈ ગયા હતા. હસમુખરાયની હાલત જોઈ છાયા ગભરાઈ ગઈ હતી. રાયજીનું શરીર કાળું પડી ગયું હતું. એમના મોંઢામાંથી ફીણના ગોટેગોટા નીકળી રહ્યા હતા. કોઈકે દવાખાને લઈ જવાની વ્યવસ્થા કરી. રાયજીનું સદભાગ્ય કે રજાનો દિવસ હતો છતાં ડૉક્ટર દવાખાને હાજર હતા. પ્રાથમિક સારવાર થઈ. હસમુખરાયનો ચહેરો સાવ કરમાઈ ગયો હતો.

'જુઓ બહેન, એમનો શરીરનો ડાબો ભાગ ખોટો પડી ગયો છે. લકવાની અસર છે. સાજા થતાં લાંબો સમય પણ લાગી શકે છે. વધુ સારવાર માટે એમને શહેરની મોટી હોસ્પિટલમાં દાખલ કરવા પડશે. હું ચીઠ્ઠી લખી આપું છું, તમે એમને તાત્કાલિક ત્યાં લઈ જાઓ.' ડૉક્ટર દ્વારા બોલાયેલા આટલા શબ્દોએ હસમુખરાય તો ઠીક, છાયાની પણ જિંદગી ધરમૂળથી બદલી નાંખી હતી. છાયાના બધાં જ સપનાં અચાનક પડછાયા બની ચૂક્યાં હતાં.

★★★

હસમુખરાય હવે સૂનમૂન બેસી રહેતા. દવાખાનામાં એમના ઓરડાની બારી, બહારની દુનિયા સાથેના સંપર્કનું એમનો એકમાત્ર સેતુ હતો. પણ હસુરાયની આંખો પોતાના બેય માણસોને શોધી રહી હતી.

લકવાની અસર તળે એમની જીભ હવે થોથવાતી હતી. પ્રિયજનનો વિરહ હવે એમને વધુ સાલતો હતો. રાયજીની આ દશા માટે પોતાને મનોમન જવાબદાર ગણતી હોય એમ છાયા એમની આંખ સામે આવવાનું લગભગ ટાળતી. ઘટનાની જે બે જણને ખબર હતી એમાં એક બોલી શક્તા ન હતા અને બીજીથી બોલાય એમ ન હતું.

એક દિવસ છાયા આવી. 'મારાથી તમારી આ હાલત જોવાતી નથી. ઈચ્છા છતાં સાથે રહીને તમારી સેવા ચાકરી કરી શક્તી નથી. મારા કારણે આ બધુ બન્યું છે એવું મને સતત લાગ્યા કરે છે... આના કરતાં તો... મેં તમને પરણવાની જીદ ન કરી હોત તો...'

છાયાએ તો બોલીને પોતાની વેદના ઠાલવી દીધી પણ હસુરાય તો બોલીને વ્યક્ત પણ કરી શકે એમ ન હતા. છાયા માટે એમના મનમાં સ્નેહાદર હતો એનાથીય વધી ગયો હતો. મેડિકલ ગ્રાઉન્ડ પર નોકરીમાંથી પણ એમને લાંબી રજાઓ મળી હતી. પણ છાયા ગામડે રહી શકે એમ ન હતી. ફરી હસમુખરાય એકલાપંડે હતા. ઉનાળાની કાળઝાળ ગરમીમાં છાંયા માટે ખપમાં ન લાગતું ખજૂરીનું ખખડધજ વૃક્ષ એક અફસોસ સાથે ખોડંગાતા રાયજીનું સ્વાગત કરતું ઊભું હતું.

★★★

'કોઈ દિવસ નહીં ને આજે ટપાલી આ બાજુ ! ઓફિસનો કોઈક સરકારી કાગળ-પતર આવ્યો હશે.' ટપાલીને નાળિયામાં છેક અંદર સુધી આવતા હસમુખરાયને લાગ્યું.

ઓફિસનો નહીં પણ સરકારી કાગળ તો હતો જ. છાયાએ હસમુખરાય પાસે પોતાનું ભરણપોષણ માગતી અરજી કરી હતી.



'છાયાએ પોતાની ખાનગી નોકરી છોડી દીધી. મારી સ્થિતિથી વાકેફ છે છતાં...' પ્રેમપત્ર આ સ્વરૂપે આવેલો જોઈને હસમુખરાય રડી પડ્યા.

'ભરણપોષણ. આ પરિસ્થિતિમાં. બધી બાબત ખબર હોવા છતાં...' મનોમન વિચારતાં રાયજીને અચાનક ફીટ આવી ગઈ. ટપાલી ત્યાં જ ઊભો હતો એણે પ્રાથમિક ઉપચાર કર્યો. હવે રાયજી સાચા અર્થમાં ભાનમાં આવ્યા. પાંદડાના અવાજથી કોલાહલ કરતી ખજૂરી સ્થિતપ્રજ્ઞ સમી ઊભી હતી.

★★★

માલમિલકત તો હતી નહીં અને કપાત પગારે લાંબી રજાઓ પર હતા એટલે ખાધા-ખોરાકીનું પોતાનું કરજ પણ કેવી રીતે ભરવું એ ચિંતા રાયજીને કોરી રહી હતી. થોડા દિવસ રહી ફરીથી ટપાલી નાળિયાની છેક અંદર સુધી આવ્યો. રાયજીને ફાળ પડી.

'ફરી પાછું સરકારી પતાકડું આવ્યું કે શું. રજા પૂરી થવામાં છે એટલે કદાચ હાજર થવા વિશે હશે.'

એમણે પત્ર ખોલ્યો. વીજળી સાથે તો એમને ઘરોબો હતો પણ આ વખતે તો આખું વાદળ જ પડ્યું હોય એવું એમણે અનુભવ્યું. છાયાએ રાયજીની અક્ષમતાની જાણ સરકારી કચેરીમાં કરી અને એમના બદલે પોતાને એ નોકરી મળે એની અરજી કરી, એ સંબંધે પત્ર હતો.

એકલી અટૂલી અડીખમ ઊભેલી ખજૂરી સામે જોઈને રાયજી વિચારી રહ્યા હતા.

'થોડાક જ સમયમાં કેટકેટલું બદલાઈ ગયું. મા ગઈ, વર્ષા ગઈ, મારી આ હાલત થઈ, હવે આ છાયા પણ ગઈ અને કદાચ હવે નોકરી પણ...' આટલું સ્વગત બોલતાં તો એમની આંખમાંથી બે અશ્રુબિન્દુ સર્યાં. રાયજીના દુઃખે દુઃખી હોય એમ ખજૂરીનાં બે પાન પણ ખરી પડ્યાં.

★★★

જિંદગીમાં કદીય પોલીસ સ્ટેશન કે અદાલત જોઈ ન હતી હસમુખરાયે. હવે ત્યાંના આંટાફેરાથી ટેવાઈ જવાનું હતું. પ્રેમ શું-શું બતાવી શકે એના પરચા જોઈ રહ્યા હતા એ... ભરણપોષણ માટેના પૈસા ન હોવાથી પહેલીવાર જેલવાસ થયો. સંસારના સંજોગોએ રાયજીને ફિલસૂફ સ્તરે પહોંચાડી દીધા હતા. મૂછમાં હસતાં એમને વિચાર આવ્યો.

'સ્વાતંત્ર્ય લડત વખતે જેલવાસ થયો એમને બધાને આઝાદી પછી પેન્શન મળ્યાં. માન-અકરામ મળ્યા, પદ-પ્રતિષ્ઠા મળી. અહીં તો નોકરી, પગાર, બચત, સ્વજન બધુંય ગયું અને સિલકમાં રહ્યો આ જેલવાસ.' જેલવાસને કારણે રહેમરાહે ચાલતી સરકારી નોકરી પણ ગઈ.

હસમુખરાય બેકાર બની ગયા હતા. જોકે, ઓફિસે એમના મળવાપાત્ર બધા હક્કો ચૂકવી દીધા હતા. છાયાનો નોકરીનો હક્ક-દાવો પણ ફગાવાયો હતો. આ બેય ઘટના સાથે વાતાવરણમાં પલટો આવ્યો હતો પણ હવે હસમુખરાય સાક્ષીભાવે બધું જોઈ રહ્યા હતા. અચાનક એ ખડખડાટ હસી પડ્યા. ખજૂરીનાં પાંદડાં પણ પોતાની સાથે ખડખડાટ હસતાં હોય એવું રાયજીએ પહેલીવાર અનુભવ્યું.

★★★

પત્ની વર્ષાની છાયામાં રહેલી સાળીને પત્ની બનાવવાની ચેષ્ટા આજે એને અર્થસભર રીતે સમજાઈ રહી હતી. ચૂલા પર ચઢાવેલી ચા ઊભરાઈ રહી હતી અને હસમુખરાયની લાગણી પણ. એમને ગળે ડૂમો બાઝી ગયો હતો. અવાજ તો આમ પણ નીકળતો ન હતો અને અત્યારે તો સાવ જ અટકી પડ્યો હતો.

અશ્રુધારાઓ અનરાધાર વહી રહી હતી. કમોસમી માવઠું પણ તૂટી પડ્યું હતું. આજીવન મીઠાં ફળ આપીને સાવ સૂકાઈ ચૂસાઈ ચૂકેલી ખજૂરી હજુપણ અડીખમ ઊભી હતી. હસમુખરાય ખજૂરી સામે છાતી કાઢી ટટ્ટાર ઊભા રહ્યા. અકાળે આવેલા વૃદ્ધત્વને ખંખેરીને ઊભેલા રાયજીની આ છટા જોઈને ખજૂરી પરના માળામાંથી પંખીએ પણ ટહુકો કર્યો. દિવ્યાંગ હસમુખરાયે આત્મવિશ્વાસ સાથે એકલતાનો ઉત્સવ મનાવવાનું નક્કી કર્યું. વાત પામી ગયેલી ખજૂરીએ પણ પાંદડા ખખડાવીને એ નિર્ણયને બહાલી આપી ત્યારે ફરી વીજળી ગર્જી. હસમુખરાય આકાશ તરફ અનિમેષ નજરે જોતા રહ્યા...

૬, તપસ્વી જલારામ સોસાયટી, રામતીર્થ સોસાયટી પાસે,
જ્ઞાનદા બસસ્ટેન્ડ, જીવરાજ પાર્ક માર્ગ, વેજલપુર,
અમદાવાદ-૩૮૦૦૫૧. મો. ૯૦૯૯૦૧૬૨૬૧

આફ્ટર શોક

- અન્નપૂર્ણા મેકવાન

લૉકડાઉનના ત્રણ મહિના પૂરા થયા હતા અને ધીરે ધીરે અનલૉક-૧-૨-૩ થઈ રહ્યું હતું. લોકો ત્રણ મહિનાથી આમ તો જેલમાં પુરાયેલા જેવા હતા એટલે જેવું પહેલું અનલૉક જાહેર થયું, તેવું જ લોકોએ બહાર જવાનું ચાલુ કરી તો દીધું હતું પણ ડરતાં ડરતાં ! જોકે ઘણા બહાદુરો હતા કે જેમના માટે માસ્ક પહેરવું, સોશ્યલ ડિસ્ટન્સિંગ રાખવું એ જાણે કે હસવા માટે હોય તેવું તેમનું વર્તન જોવા મળતું. જોકે પછી પોલીસની ડંડાવાળીથી ગભરાઈને નિયમો પાળતા થઈ ગયા હતા.

વાસંતીએ ત્રણ મહિને આ 'સ્વાગત' સોસાયટીમાં પગ મૂક્યો હતો. વાસંતી કામવાળી હતી. લોકો કોરોનાની મહામારીથી ડરતા તો હતા. પણ વર્ષોથી ઘરનું કામ કરવાનું છોડી દીધું હોવાને કારણે કે પછી બીમારીને કારણે કે પછી વૃદ્ધાવસ્થાને કારણે કામ કરી શકાય તેમ ના હોય તેવા લોકોએ કામ કરાવવાનું ચાલુ કર્યું હતું એટલે વાસંતીએ આજથી કામ ચાલુ કર્યું હતું. આ જ સોસાયટીમાં તે પાંચ ઘરે કામ કરતી હતી. તેમાથી ત્રણ ઘરનાએ ચાલુ કરાવ્યું હતું. ''બીજા બેને પૂછી જોઈશ, કામ ચાલુ થાય તો સારું ! નહીં તો પછી બીજે કામ શોધવું પડશે...'' મનોમન આવા બધા વિચાર કરતી તે બંગલા નંબર ત્રણમાં પ્રવેશી અને કામ આટોપ્યું. આમ એક પછી એક ત્રણેય બંગલાનાં કામ પૂરા કરીને તે પાછી જવા નીકળી. અને બાકીના બન્ને બંગલાવાળાને પૂછી લીધું પણ ત્યાંથી તેને જવાબ નકારમાં મળ્યો. તે થોડી નિરાશ જરૂર થઈ પણ 'પછી ચાલુ કરાવીશું !' તેવા જવાબથી નિરાશા ખંખેરીને તે પાછી ઘરે જવા નીકળી.

અને ત્યાં તેણે બાજુના બંગલામાં રહેતાં સંતોકબાને જોયાં. એટલે તે તેમની કંપાઉન્ડ વૉલથી થોડી દૂર ખસી અને રસ્તાની વચ્ચે આવીને ચાલવા લાગી. પણ સંતોકબા તેને જોઈ ગયા અને બૂમ પાડી ઊઠ્યા 'કોણ ! વાસંતી તો નહીં ?'

''હા બા હું છું'' જવાબ આપીને વાસંતી ચાલવા લાગી.

'અરે ! જરા ઊભી તો રહે. કામ ચાલુ કર્યું ?'

''હા, બા આજથી ચાલુ કર્યું છે.'' રસ્તા પર ઊભા રહીને જ વાસંતી બોલી અને પાછી ચાલવા લાગી.

''કેમ બોઉ ઉતાવળમાં છું કે, બે-ઘડી જરા ઊભી તો રે. અને આમ છેક દૂર ઊભી ઊભી શું બોલે છે. જો તો કેટલો તાપ છે. હજુ વરસાદ આવવાનું નામ નથી દેતો ! અહીં જરા છાંયડામાં આઈને વાત કર.''

''ના બા, હું અય જ બરોબર છું. શું કો 'છો ?' જરા અચકાતા વાસંતી બોલી અને માથા ઉપર સાડીના પાલવનો છાયો કર્યો.

'કેમ અલી નજીક નથી આવતી, કોરોના થઈ જશે તેની બીક લાગે છે !?'

વાસંતી હવે બરોબર મુંઝાઇ. શું જવાબ આપવો તે ક્ષણાર્ધ વિચારી રહી અને બોલી. 'ના બા મને એવું નથી, પણ હાચવવું તો પડે ને ?'

'હા હો... એ વાત તારી હો ટકા હાચી. પણ થોડી નજીક તો આય. આટલા દૂર રહ્યે કેમની વાત થાય કે'તો !' વાસંતી મૂંઝાતી થોડી નજદીક આવી. પણ સોશિયલ ડિસ્ટન્સિંગ કરતાં પણ વધારે દૂર ઊભી રહી. સંતોકબાના એક-બે વખત કહેવા છતાં પણ તે તેમના ઘર આગળના ઝાડ નીચે પણ ના આવી. એટલે પછી દૂર રહ્યે રહ્યે સંતોકબાએ ખાસ્સી વાર સુધી વાસંતી જોડે વાતો કરી. 'કેટલાં કામ મળ્યાં?... કેટલા છૂટી ગયાં... લૉકડાઉન વખતે શું કર્યું?... ઘરવાળાની કપડાની ઈસ્ત્રીનું કામ ચાલુ છે કે નહીં ?... છોકરાની સ્કૂલનું કેમનું છે ? '...અને તેના ઘરની - કુટુંબને લગતી અન્ય બાબતોની પૂછપરછ કરી. સામે વાસંતી તાપમાં તપતી જવાબો આપતી રહી !

વાસંતી મનોમન કંટાળતી પણ હતી સંતોકબાની આ લપથી ! પણ છૂટકો જ ક્યાં હતો. પૈસાવાળાની આ સોસાયટીમાં કામ કરવા તેને આવવાનું હતું. એટલે તેમાંના કોઈને પણ માઠું લગાડવાનું તેને પોસાય તેમ ન હતું. ભલેને તેમના ઘરે તે કામ ના કરતી હોય ! તે મનોમન આવું બધું વિચારતી હતી. અને ત્યાં તો 'ઊભી રહેજે' કહીને સંતોકબા ઘરમાં ગયાં અને પાછાં આવ્યાં અને તેને નજીક બોલાવી. વાસંતી હજુ અસમંજસમાં ઊભી હતી. તે થોડી નજીક આવી પણ તેને ફરી નજીક બોલાવીને તેનાં હાથમાં બે હજાર રૂપિયા સંતોકબાએ મૂક્યા અને બોલ્યાં -

'લે અત્યારે આટલા લઈ જા. ગમે ત્યારે જરૂર પડે એટલે

થોડાક ઘરમાં રહેવા દીધા છે. પણ જો તારે કશી જરૂર પડે ને તો ગભરાયા વગર માગજે હો.' અને પછી 'વત્સલાબેન (તેમના ઘરે કામ કરનાર)ના આવે ને તો તું મારા ઘરનું કામ ચાલુ કરી દેજે' અને 'કેટલો તાપ છે ઊભી રે પાણી લાવું' કહેતા પાછા તે અંદર ગયાં.

વાસંતી દિગ્મૂઢ બની ગઈ હતી. ગાડીનું હોર્ન વાગતાં તે ઝબકી અને ત્યાં તો સંતોકબા હાથમાં પાણીની બોટલ લઈને આવ્યાં અને તેને આપી અને જવાનું કહ્યું. વાસંતીએ ચૂપ ચાપ બોટલ લીધી અને ઘરના રસ્તે પડી. જોકે આખે રસ્તે તે સંતોકબાના વિચારોમાં ખોવાયેલી રહી.

તેણે ઘરે જઇને પરભુ, તેના વરને બે હજાર રૂપિયા આપ્યા અને પછી આખી વાત જણાવી. તેનો વર પણ સંતોકબાના આજના વર્તનથી નવાઇ અનુભવી રહ્યો. મા-બાપની વાત સાંભળી રહેલી તેમની આઠમા ધોરણમાં ભણતી દીકરીને તથા તેનાથી નાના દીકરાને પણ આશ્ચર્ય થયું. દીકરીએ તો શબ્દોમાં વ્યક્ત પણ કર્યું, 'મમ્મી, હાચે હાચ પેલા નવ નંબરના 'વિસામો' બંગલાવાળા સંતોકબાની તું આ વાત કરશ ?!' અને આમ બન્ને પતિ-પત્ની અને દીકરા-દીકરી એમ ચારેય જણાં સંતોકબાના આજના વર્તન વિશે આશ્ચર્ય અનુભવતાં રહ્યાં અને અનુમાનો લગાવતાં રહ્યાં.

વાસંતીને અને તેના ઘરનાને સંતોકબાનું આજનું વર્તન સમજાય તેવું ન હતું પણ આશ્ચર્ય ઉપજાવતું હતું. અને તેમાં એકલી વાસંતી જ નહીં પણ આખી સોસાયટીમાં તેમનું આજનું વર્તન વાતોનું વિષય બન્યું હતું, સાંભળનાર દરેકને આશ્ચર્યનો આંચકો આપતું હતું. અને તે માટેનું કારણ હતું સંતોકબાની અમુક જ્ઞાતિ, જાતિ પ્રત્યેની તેમની જૂનવાણી માનસિકતા.

વાસંતી સોસાયટીથી થોડે દૂર મ્યુનિસિપાલિટીની ખુલ્લી જમીનમાં ઝૂંપડું બાધીને રહેતી હતી. તેનું ગામ તો હતું ગોધરા પાસે. પણ તેનો વર નોકરીની શોધમાં અહીં આવ્યો હતો. પણ શરૂઆતમાં કામ-ધંધો ના મળતાં. પછી ગટરો સાફ કરવાનું કામ કરતો હતો. પણ વાસંતીએ ગામડેથી આવીને લોકોનાં ઘરનાં કચરાં-પોતાં, વાસણ -કપડાં ચાલુ કર્યાં હતાં. એટલે પછી પરભુએ ગટર સાફ કરવાનું છોડીને મકાન બંધાઈ ત્યાં જઈને માલનાં તગારાં ઊંચકવાનું ચાલુ કર્યું હતું. પણ પછી બાંધકામ સાઇટ પર એક્સિડન્ટ થતાં તેને પગે ખોડ રહી હતી. એટલે તે કામ બંધ કરીને કપડાને ઈસ્ત્રી કરવાનું ચાલુ કર્યું હતું, જે સારું ચાલતું હતું. પણ ગટર કામનો અનુભવ હોવાથી વાસંતી જ્યાં કામ કરતી ત્યાં તથા અન્ય સોસાયટીઓમાં પણ કોઈને ઘરે ગટર કે ખાળ કૂવો ભરાઈ જવાનો પ્રશ્ન ઊભો થતો ત્યારે પરભુ સાફ કરી આપતો કે પછી કૂતરું કે બિલાડી એવા કોઈ પ્રાણી સોસાયટીમાં મૃત્યુ પામતાં ત્યારે પણ પરભુ તેનો નિકાલ કરી આપતો.

સંતોકબા ઉજળિયાત વર્ગના. વધારે પડતી ધાર્મિક વૃત્તિ ધરાવે. થોડા જૂનવાણી વિચારોવાળાં. પોતાનો જ ધર્મ સાચો. પોતાનો જ સપ્રંદાય ચઢિયાતો. તેવું માનનારા. 'આ લોકોને અડકવાથી કે તેમનો પડછાયો લેવાથી પાપમાં પડાય !' તેવું દઢ પણે માને. એટલે સાચવે ખૂબ. ઘરમાંથી બહાર જતાં-આવતાં કે પછી મહેમાનના ગયા પછી મુખ્ય દરવાજે ગંગાજળ છાંટ્યા કરે ! પડોશીઓ સાથેનું વર્તન પણ તેમનું અયોગ્ય. કોઈને ત્યાં માંદે-સાજે કે મરણ પ્રસંગે પણ જાય નહીં. તેમના આવા વર્તનથી પડોશીઓમાં પણ તે અપ્રિય બની રહેલા. હદ ત્યારે થયેલી કે સોસાયટીના એક સભ્યએ પોતાના મોટા દીકરાનું લગ્ન પોતાના ગામમાં રાખ્યું હતું અને સોસાયટીમાં બધાને આમંત્રણ આપ્યું હતું. વાહન કરીને બધા લગ્નમાં ગયા. બપોરનો જમણવાર હતો. તે પતાવીને પાછા આવતાં થોડે દૂર પ્રસિદ્ધ મહાદેવજીનું મંદિર હતું. બધાંએ દર્શન કરવા જવાની ઈચ્છા વ્યક્ત કરી અને દર્શન કરવા ગયાં અને ત્યાં સંતોકબાએ પોતાની પોથી કાઢીને માળા ચાલુ કરી. પૂજારીને ચાંદલો પણ ના કરવા દીધો. સતીશભાઈ તેમના પતિ પણ સાથે હતા. તેમને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેમણે સંતોકબાને સમજાવ્યા પણ ખરા કે, 'આપણા બધાનો ધર્મ એક જ છે અને તે હિંદુ ધર્મ. અને તેના આ અલગ પંથ છે.' પણ સમજે તે સંતોકબા બીજા ! જોકે આ બનાવ પછી સતીશભાઈએ તેમને સમજાવવાનું તો ઠીક, તેમની સાથે બહાર જવાનું પણ છોડી દીધેલું.

તેમનું આવું વર્તન તેમના ઘરનાં બધાંને પણ અકળાવતું. તેમના ઘરમાં તેમના પતિ સતીશભાઈ તથા તેમના બે દીકરા અને તેમની પત્નીઓ તથા દીકરાઓનાં ત્રણ બાળકો એમ હર્યુંભર્યું ઘર. પણ તેમના સિવાય કોઈ આવું બધું વિચારે નહીં. તે લોકો હંમેશાં આ વાતને લઈને સંતોકબાને ટોકે. સતીશભાઈ તથા દીકરાઓ તો ગુસ્સો પણ કરે. પણ સંતોકબા તેમના આ વિચારોને વળગી રહે. જેને લઈને વાસંતી અને તેના જેવા કેટલાય કામવાળાનું અપમાન પણ કરે.

આ વાસંતીની જ વાત કરીએ તો...

સંતોકબાના ઘર આગળ સરસ મજાનો આસોપાલવ

અને ઘટાદાર લીમડો. ઉનાળાના ધોમધખતા તાપમાં ભૂલથીય જો વાસંતી તેની નીચે ઊભી રહે કે પછી તેનો નાનો છોકરો તે ઝાડ નીચે રમતો સંતોકબાની નજરે ચઢે એટલે પછી આવી બન્યું સમજો. લાકડી ઠપકારતાં હડે... હડે.. કરીને બૂમાબૂમ કરે અને ઝાડ નીચેથી તેને ભગાડે ત્યારે જ ઝંપે. સ્કૂલમાં રજા હોય ત્યારે વાસંતીની આઠમા ધોરણમાં ભણતી છોકરી તેને કામમાં મદદ કરવા આવે. તેને તો આ ખૂબ જ ખરાબ લાગે. એટલે એક દિવસ ના રહેવાતાં તેનાથી સંતોકબા સામે બોલાઈ પણ ગયું હતું પણ પછી વાસંતીએ વાત વાળી લીધી હતી. તેને કામની ગરજ હતી. વળી સોસાયટી ઘરની નજીક હતી અને ખાસ્સા ઘરનાં કામ મળ્યાં હતાં. એટલે કામ અને ઘર બન્ને તેનાં સારી રીતે સચવાતાં હતાં. તદઉપરાંત સોસાયટીમાંથી કપડાને ઈસ્ત્રી કરાવવાવાળા પણ મળી રહેતા હતા એટલે તેના વરને પણ કપડાં આપવા-લેવા વધારે દૂર જવાનું રહેતું નહીં. આમ ઘરખર્ચના બે છેડા સારી રીતે મળી રહેતા અને બન્ને બાળકોને પણ તે સ્કૂલ મોકલી શકતી. એક સંતોકબાને બાદ કરતાં સોસાયટીમાં બીજા બધાંનો વ્યવહાર તેની સાથે સારો રહેતો. એટલે વાસંતી સંતોકબાના તેની સાથેના વર્તનને હળવાશથી લેતી.

સોસાયટીના લોકોની વાત જવા દઈએ તો ખુદ સંતોકબાના ઘરના જ સભ્યો વાસંતી પ્રત્યે સારું વર્તન રાખતા. તેમની બન્ને પુત્રવધૂઓ સંતોકબાની નજર ચુકાવીને કે પછી તેમની ગેરહાજરીમાં વાસંતીને કપડાં - પૈસા - ખાવાનું આપતી રહેતી. બન્ને પુત્રવધૂઓ પણ સાસુના આ સ્વભાવથી કંટાળી હતી. કારણ સાસુના આ સ્વભાવને લઈને કામવાળા રાખવાની મનાઈ હતી. ‘કોઈ આપણા જેવું ઉજળિયાત મળે તો ઘરમાં બોલાવાય. આવાને ઘરમાં ઘાલીએ તો આખું ઘર અભડાઈ જાય !’ સામે ઉજળિયાત વર્ણ કંઈ કોઈના ઘરનું કામ કરવા થોડું આવે ?! એટલે તે બન્ને પુત્રવધૂને બધું કામ જાતે કરવું પડતું હતું. પણ શું કરે !? પણ પછી નાની વહુએ દોડધામ કરીને દૂર ગામમાંથી પોતાના સમાજનાં એક ગરીબ વિધવા બહેન શોધ્યાં હતાં. પણ તે બહેન રજા ખાસ્સી પાડતાં. જોકે તે વખતે જો સંતોકબાની ગેરહાજરી હોય તો તેનો લાભ લેવાતો અને વાસંતી કે પછી અન્ય કોઈ કામવાળા પાસે પુત્રવધૂઓ ઘરનું કામ કરાવતાં.

જોકે વાસંતીને તો આ બધા સામે કશી ફરિયાદ હતી નહીં. એ પોતાની મજબૂરી સમજતી હતી. પણ તેને ગુસ્સો ત્યારે અચૂક આવતો કે જ્યારે સંતોકબાના ઘરના બાથરૂમ-સંડાસની ગટરલાઇનમાં કશી મુશ્કેલી સર્જાતી, ત્યારે તેના વરને બોલાવીને ઘરમાં લઈ જવાતો. અને ત્યારે સંતોકબાનું હડે... હડે... બંધ થઈ જતું. અને ‘પરભુ, બેસ આ ઓટલા પર અને ચા પી, નાસ્તો કર !’ કહેવાતું. હા, તેની કપ-રકાબી અને ગ્લાસ-ડિશ અલગ રહેતી કે પછી પરભુના ગયા પછી તે જગ્યાએ ગંગાજળ થોડું વધારે છંટકાતું ! તે જોઈને વાસંતી ગુસ્સે પણ થતી અને પછી દુઃખ પણ અનુભવતી.

‘આવું બધું ચાલ્યા કરે. જીવ નય બાળવાનો. બળિયાબાપાએ જ આપણા કરમમાં આ લખ્યું છે. પછ્હી હું કે તું હુ કરવાનાં !?’ કહીને પરભુ કપડાને ઈસ્ત્રી કરવા લાગી જતો અને વાસંતી પણ પછી ઘરનાં કામમાં જીવ પરોવતી.

★★★

માર્ચ-૨૦૨૦ અને એક દિવસ કોરોના ધ ગ્રેટે એન્ટ્રી પાડી હતી. એન્ટ્રી પણ કેવી ધમાકેદાર હતી. આખા વિશ્વમાં હાહાકાર મચાવ્યો હતો. ગરીબ-તવંગર, દલિત-ઉજળિયાત, કાળા-ધોળા, પૂર્વ-પશ્ચિમ, શહેર-ગામડું નાનાં-મોટાં એમ બધે જ એકસરખી તેના નામની રાડ પોકારાવાતો આગળ વધી રહ્યો હતો.

અને તેની ઝપેટમાં સંતોકબા આવ્યાં હતાં. અને તેમને હોસ્પિટલાઇઝ્ડ કરવા પડ્યાં હતાં. અને પછી શરૂ થઈ હતી તેમની કહાનીની શરૂઆત.

તેમની આગળ પાછળ છેક માથાથી તે પગ સુધીનું આખું શરીર ઢંકાય તેવાં કપડાં પહેરેલા માણસોની દોડધામ ચાલ્યા કરતી. રૂમમાં આજુબાજુ કોઈ માણસો જોવા ના મળે પણ જાતજાતની પાઇપો લગાડેલા પલંગ જ જોઈ લો !! છેક દશ દિવસે તેમાંથી બચીને બહાર આવ્યાં ત્યારે માણસો દેખાયાં. પણ બધા જ અજાણ્યા ચહેરા. અને તેમાં નાતજાતની ખબર ના પડે ! બાજુના પલંગમાં કઈ જાતિનો માણસ હશે ?! તેમને દવા આપતી, તેમની કાળજી રાખતી, સેવા કરતી પણ કઈ જ્ઞાતિની હશે ?! બા... બા... કરીને ઘરનાઓ સાથે વીડિયો કૉલ પર વાત કરાવતો કયા ધર્મનો હશે ? ‘ચિંતા ના કરશો બા તમને સારું થૈ જશે’ આશ્વાસન આપતો ડૉકટર કયા સંપ્રદાયનો હશે !? તેમને ઊંચકીને સ્ટ્રેચર પર સુવડાવનાર તથા હોસ્પિટલ લઈ આવ્યા તે પણ કયા પંથનો હશે ? તેમને અડક્યો હશે તે કઈ જાતિનો હશે ?! હોસ્પિટલમાંથી જમવાનું અપાતું તે બનાવનારની જ્ઞાતિ પણ કઈ હશે !?... હોસ્પિટલમાં રહ્યા

ત્યાં સુધી જો આવા કશા જ વિચાર સંતોકબાને આવ્યા હોય તો !!?...

પછી તો તે ઘરે આવ્યાં અને પાછું ચૌદ દિવસ આઇસોલેશનમાં રહેવાનું આવ્યું. નીચેના માળે એક બેડરૂમ ડ્રોઇંગ-કિચન. નીચેનો બેડરૂમ તે તથા તેમના પતિ વાપરતા. બીજા માળે બન્ને દીકરાના બેડરૂમ અને ત્રીજો રૂમ બાળકોના વાંચવા-લખવા માટેનો હતો. આ બન્ને માળે તો ઘરની વ્યક્તિઓની આવન-જાવન ચાલતી હોય એટલે આઇસોલેશન કે પછી સોશ્યલ ડિસ્ટન્સિંગ સચવાય નહીં !! જ્યારે ત્રીજા માળે બે બેડરૂમ હતા. એટલે પછી તેમને છેક ઉપરના ત્રીજા માળે રાખવામાં આવ્યાં.

આખો સમય તેમણે એકલા રૂમમાં બેસી રહેવાનું આવ્યું. કોઈની સાથે વાત કરવાનું મન થોય તો ફોન દ્વારા વાત કરવાની. હોસ્પિટલમાં રહીને આવેલાં એટલે ઘરના સ્વજનો સાથે બેસવાનું, રૂબરૂ વાત કરવાનું મન થાય. પણ કોઈ વાત કરવા આવે નહીં. તેમના પતિ સતીષભાઈ પણ નહીં. ઘરના દરેક તેમની સાથે ફોનથી વાતો કરે કે પછી ખૂબ દૂર ઊભા રહીને વાતો કરે. અને મોં પરથી સહેજ પણ માસ્ક હટવા ના દે. જમવાનું આપવા આવે ત્યારે પણ રૂમની બહાર થાળી મૂકીને ચાલ્યા જાય. સંતોકબાને આ બધું ખૂબ જ ખરાબ લાગતું. પોતાનું અપમાન જેવું લાગતું. 'પોતે કાંઈ ધાનની ભૂખી નથી. પેટ તો પશુઓ પણ ભરે છે. જ્યારે પોતે તો માણસ છે. અને તે પણ આ જ ઘરની વ્યક્તિ છે અને છતાં તેમની સાથે આવો અસ્પૃશ્ય જેવો વ્યવહાર !!' પોતાની અવહેલનાથી તેમને રીતસરનું રડવું આવતું. ખાવાનું પણ ભાવતું નહીં. તે ઈશ્વરને પોતાની પાસે બોલાવી લેવાની આજીજી કરતાં. પણ તે સમયે તો ઈશ્વર સખત કામમાં હતો ! ઓવરટાઈમ કરવો પડતો હતો. તેને તો શ્વાસ લેવાની પણ ફુરસદ હતી નહીં. એટલે સંતોકબાની તે ઇચ્છા ફળી નહીં.

બાકી હતું તે એક દિવસ...

નાના દીકરાની પાંચ વર્ષની દીકરી ધરાને નાનપણથી તેમની માયા વધારે હતી. રાત્રે પણ બા સાથે સૂવાની તેની જિદ્દ હોય. માંડ માંડ તેનાં મમ્મી-પપ્પા સાથે સૂવા જાય. તેને તો ઘરનાએ માંડ માંડ આટલા દિવસથી સંતોકબાથી અળગી રાખી હતી પણ એક દિવસ બધાની નજર ચુકવીને તે બા પાસે પહોંચી ગઈ હતી. પણ તેમની પાસેથી ધરાને રીતસરની છીનવીને નાની વહુ તેને લઈ ગઈ હતી. આ જોઈને મોટા દીકરાની પાંચમામાં ભણતી દીકરી બોલી ઊઠી, 'તે હે મમ્મી, બા પણ પેલા વાસંતી આન્ટી જેવાં થઈ ગયાં છે એટલે તેમની પાસે જવાનું નહીં, તેમને અડકવાનું નહીં !' જોકે પછી તેની મમ્મી-પપ્પા તથા ઘરનાં બધાએ તેને આ કોરોના રોગની સમજ પાડી હતી. જોકે ત્યારે તે બોલી ઊઠી હતી, 'ઓહો... હવે સમજણ પડી કે વાસંતી આંટીને પણ કોરોના થયો છે અને એટલે બા તેનાથી દૂર રહે છે !!' ઘરના બધા સ્તબ્ધ થઈ ગયા હતા. અને સંતોકબા તો આઘાતના માર્યા કાપો તો લોહી ના નીકળે તેવા નિર્જીવ બની ગયા હતાં. ખાસ્સી વારે તેમને કળ વળી હતી અને પછી તેઓ વિચારે ચઢી ગયાં હતાં !

તેમને વાસંતી તથા તેના જેવી વ્યક્તિઓ સાથેનું તેમનું આજ સુધીનું વર્તન યાદ આવું. અને તેઓ પશ્ચાતાપથી ભાંગી પડ્યા.

★★★

બીજે દિવસે વાસંતી સંતોકબાની પડોશના બંગલાએ કામ કરવા આવી. તેણે કલ્પનાબહેનને સંતોકબાના તેની સાથેના ગઈકાલના વર્તન વિશે વાત કરી. એટલે કલ્પનાબહેને વાસંતીને સંતોકબાને કોરોના થયો હતો અને તેમાંથી તેઓ માંડ માંડ બચ્યાં હતાં. નવું જીવન મેળવ્યું હતું તેની વિસ્તારથી વાત કરી. 'ઈશ્વરનો આભાર કે સંતોકબા બચી ગયાં.' છેલ્લે કલ્પનાબહેન બોલ્યાં અને તેમાં વાસંતીએ પોતાનો સૂર મેળવ્યો. હવે વાસંતીને સંતોકબાનું આ બદલાયેલું સ્વરૂપ સમજાયું. તેણે મનોમન સંતોકબા બીમાર પડે નહીં તેના માટે બળિયાબાપાના મંદિરે ચાલતાં દર્શન કરવા જવાની બાધા રાખી. જોકે મોઢેથી તે બોલી કે, 'આ કાળમુખો કોરોના જાય તો સારું !' તેના આ શબ્દોમાં કલ્પનાબહેને પણ ટાપશી પુરાવી.

'મરી ગઈ હોત તો સારું એક વખતમાં જાન છૂટત. પણ પેલા અપમાન અને અવહેલનાથી તો બચી જાત ! ઈશ્વર આવા દિવસ તો કોઈનેય દેખાડતો નહીં !' પોતાના ઘરમાં બેસીને આ બધું સાંભળી રહેલા સંતોકબા મનોમન વિચારી રહ્યાં.

'સ્વર્ગમ્' ૪૭૩/૨, સેક્ટર-૨-બી,
ગાંધીનગર-૩૮૨૦૦૨.
મો. ૯૯૧૩૨૪૪૧૫૦

આમંત્રણ

- આશિષ અજિતરાય આચાર્ય

'હું શું કહું છું...! ત્યાં જવાની શી જરૂર છે !?', સુધાબહેનની અનિચ્છા સ્પષ્ટ વર્તાતી હતી.

'જવું જોઈએ !', શેરવાનીનાં બટન બીડતાં પરેશભાઈએ ઇચ્છા દર્શાવી.

'...પણ આપણાંથી ત્યાં કઈ રીતે જવાય !?', સુધાબહેને વધુ એક દલીલ કરી.

'કેમ ? કેમ ન જવાય ? કિશોરભાઈ આમંત્રણ આપવા આવ્યા તો હતા ! ભૂલી ગઈ ?', પરેશભાઈએ કારણ આપ્યું.

'તમે સમજતા કેમ નથી !' સુધાબહેન અકળાયાં.

'હું બધું સમજું છું, સુધા ! પણ આ બધામાં સ્વાતિનો શો વાંક ?' લાગણીવશ થઈ પરેશભાઈ સુધાબહેન પાસે બેઠા. સ્વાતિનું નામ સાંભળી સુધાબહેન ઢીલાં થઈ ગયાં. એમના ખભે હાથ મૂકી પરેશભાઈ બોલ્યા, 'આપણે સ્વાતિ માટે જવું જોઈએ. લગ્નમંડપમાં એ આપણને નહીં જુએ તો એને દુઃખ લાગશે. તેં તો એને દીકરી જ માની હતી ને ! એ આપણા ઘરની વહુ નહીં બને તો શું થયું, એની માટે લાગણી થોડી ઓછી થઈ જવાની છે !'

સુધાબહેન આંસુ ન રોકી શક્યાં. પરેશભાઈએ સાંત્વના આપી. હૃદયની પીડાને માંડ શાંત કરી સુધાબહેન બોલ્યાં, 'એ આવતી ત્યારે ઘરમાં કેવી રોનક આવતી ! સમીર કરતાં એને આપણી સાથે વધુ ફાવતું !'

'એ એવું જ કહેતી ને કે સમીર તમારો દીકરો નહીં, જમાઈ છે. હું તમારી દીકરી છું !' પરેશભાઈ પણ અતીતમાં સરી પડ્યા.

સમીર. પરેશભાઈ ને સુધાબહેનનો એકનો એક પુત્ર. એન્જિનિયરિંગ કૉલેજમાં ભણતા સમીરને એના જ ક્લાસમાં ભણતી સ્વાતિ સાથે પ્રેમ થઈ ગયો હતો. સમીર સ્વાતિને પહેલી વાર ઘરે લાવ્યો ત્યારે જ સુધાબહેન ને પરેશભાઈને એ ગમી ગઈ હતી. દિવસો વીતતા ગયા, એમ સ્વાતિ એ ઘરની સભ્ય જ બની ગઈ હતી. સમીર ન હોય ત્યારે પણ સ્વાતિ ઘરે આવતી. સમીરને નોકરી માટે રાજકોટ જવાનું થયું ત્યારથી સ્વાતિ રોજ ઘરે આવતી.

એક સાંજે પરેશભાઈએ લગ્નની વાત કાઢી, 'સ્વાતિ બેટા ! અમને જેમ તારા ને સમીરના પ્રેમ વિશે ખબર છે, એમ તારાં મમ્મી-પપ્પાને પણ જાણ છે ને !?'

'હા... પપ્પા...' સ્વાતિ પરેશભાઈને પપ્પા અને સુધાબહેનને મમ્મી જ કહેતી હતી !

'...તો તારા પપ્પાને પૂછજે, અમે ક્યારે મળવા આવીએ !?' પરેશભાઈએ હસીને કહ્યું.

'તમે આવશો...!? પપ્પાને મળવા...!?' સ્વાતિના સવાલમાં આશ્ચર્યની સાથે ચિંતા ભળેલી હતી. પણ પરેશભાઈ ખાલી આશ્ચર્ય જ વરતી શક્યા, 'હા, અમારે જ આવવું પડે ને ! દીકરીનાં મા-બાપ છીએ તો...!' કહેતાં પરેશભાઈ હસી પડ્યા. સ્વાતિ શરમની આડમાં ડર છુપાવી રસોડામાં ચાલી ગઈ.

એ દિવસ પણ આવી ગયો. પરેશભાઈ અને સુધાબહેન સ્વાતિને સરપ્રાઇઝ આપવા એના ઘરે પહોંચી ગયાં. આલીશાન બંગલોનો દરવાજો ખખડાવ્યો. નોકરાણીએ દરવાજો ખોલ્યો એટલે સુધાબહેને પૂછ્યું, 'સ્વાતિ છે ?' નોકરાણીએ નકારમાં માથું ધુણાવ્યું. એટલામાં કિશોરભાઈ એમના રૂમમાંથી બહાર આવ્યા, 'સવિતા, કોણ આવ્યું છે ?'

'સ્વાતિબેનને મળવા આવ્યાં છે.' નોકરાણી સવિતાનો જવાબ સાંભળી કિશોરભાઈ દરવાજે આવ્યા. સસ્મિત નમસ્તેની મુદ્રામાં હાથ જોડી પરેશભાઈએ પોતાની ઓળખાણ આપી. પછી કહ્યું, 'અમે સ્વાતિને નહીં, તમને જ મળવા આવ્યાં છીએ.' કિશોરભાઈએ બંનેને આવકાર્યા. સૉફા પર બેસતાં જ સુધાબહેને પૂછ્યું, 'સ્વાતિ ક્યાંય બહાર ગઈ છે ?'

'એ ખરીદી કરવા ગઈ છે. આવતા મહિને એનાં લગ્ન છે.' કિશોરભાઈનો રૂક્ષ જવાબ સાંભળી બંને સ્તબ્ધ થઈ ગયાં.

'લગ્ન...!? સ્વાતિનાં...!?' સુધાબહેન આટલું જ પૂછી શક્યાં.

'હા. આવતા મહિનાની ૨૫ તારીખે સ્વાતિનાં લગ્ન છે. એણે તમને નથી કહ્યું !? બહુ કહેવાય ! એ તો રોજ આવતી હતી ને તમારા ઘરે ?' કિશોરભાઈ કટાક્ષમાં બોલ્યા. બંને નિઃશબ્દ થઈ એમને તાકી રહ્યાં હતાં. 'તમારો દીકરો સમીર મારો... શહેરના ટોચના બિઝનેસ મૅન કિશોર દામાણીનો જમાઈ બનવાનાં ગજા બહારનાં સપનાં જોતો હતો અને તમે...! તમે

બંનેએ તો હદ જ કરી નાખી ! શું જોઈને મારી દીકરીનો હાથ માગવા આવ્યાં છો !? તમે તમારી હેસિયતનો પણ વિચાર ન કર્યો !?' કિશોરભાઈના શબ્દો પરેશભાઈ અને સુધાબહેનનાં હૃદયમાં ઊંડો ઘા કરી ગયા. એમને આ અપમાનની કલ્પના સુધ્ધાં નહોતી. 'સ્વાતિ હમણાં આવતી જ હશે. હું ઇચ્છું છું કે એ આવે તે પહેલાં તમે બંને આ ઘરમાંથી નીકળી જાઓ અને સ્વાતિના જીવનમાંથી કાયમ માટે નીકળી જાઓ !'

અપમાનનો આ છેલ્લો ઘૂંટડો પરેશભાઈ ને સુધાબહેન માટે વજ્રાઘાત સમાન હતો. બંને ભારે હૈયે ઘરે પહોંચ્યાં. બંનેનાં મન વ્યાકુળ હતાં. પરેશભાઈના રૂંધાઈ ગયેલા ગળામાંથી માંડ શબ્દો નીકળ્યા, 'સ્વાતિએ આપણને અંધારામાં રાખ્યાં !? સ્વાતિએ આવું કેમ કર્યું !?' બંને ક્યાંય સુધી મૌન બેસી રહ્યાં.

સ્વાતિ આજે કચવાતા મને ઘરે આવી પણ દરવાજો ઓળંગવાની હિંમત નહોતી થતી. સુધાબહેનનું ધ્યાન ગયું એટલે બોલ્યાં, 'તારા પપ્પાએ ભલે અમને હડધૂત કર્યા પણ તારા માટે આ ઘરના દરવાજા કાયમ ખુલ્લા જ રહેશે !' સુધાબહેને રડમસ અવાજે સ્વાતિને આવકારી અને સ્વાતિ દોડીને સુધાબહેનને વળગી પડી. બંને, સુધાબહેન અપમાનિત થઈને અને સ્વાતિ અપરાધ ભાવથી, ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં.

'સવિતાએ મને બધું જ કહ્યું. મારા પપ્પાએ તમારું અપ માન કર્યું છતાં તમે મને આવકારો છો ! તમે બંને આટલા સારા કેવી રીતે હોઈ શકો !', સ્વાતિ પોતાને માફ નહોતી કરી શકતી.

'બેટા ! એમણે જે કર્યું એ તો હજી સહન કરી લેવાય. કારણ કે અમે પહેલી વાર જ મળ્યા હતા ! પણ તું... તું તો ૩ વર્ષથી અમને ઓળખે છે. સમીર જેટલો જ હક્ક તને આપ્યો હતો, છતાં તેં અમને અંધારામાં રાખ્યાં !?', પરેશભાઈ વ્યથિત સ્વરે બોલી રહ્યા હતા, 'તારે સમીર સાથે લગ્ન નહોતાં કરવા તો કહેવું જોઈતું'તું !'

સ્વાતિ રડતાંરડતાં પરેશભાઈના પગમાં પડી માફી માગવા લાગી. પરેશભાઈએ એને ઊભી કરી ગળે વળગાડી, 'તું આજે પણ આ ઘરની જ દીકરી છે, બેટા ! બસ, તેં કહી દીધું હોત તો આ ઉંમરે આમ અપમાન સહન કરવાનો વારો ન આવ્યો હોત. પણ કિશોરભાઈની વાત સાચી છે, ભૂલ અમારી જ છે. સમીરનાં તારી સાથે લગ્નનો વિચાર કરતા પહેલાં અમારે અમારી હેસિયતનો વિચાર કરવો જોઈતો હતો !'

'પપ્પા... આ શું બોલો છો... તમારા પ્રેમ આગળ મારા પપ્પાના કરોડો રૂપિયા નકામા છે. ભૂલ મારી જ છે કે હું સમીરને પ્રેમ કરી બેસી ને તમારા જેવા પવિત્ર લોકોના દુઃખનું કારણ બની,' પરેશભાઈના બંને હાથ પકડી સ્વાતિ બોલતી હતી, 'મેં સમીર સાથે લગ્ન કરવાની ઘરમાં વાત કરી તે પહેલાં જ પપ્પાએ, એમના બિઝનેસ રાઈવલના દીકરા સાથે મારાં લગ્ન નક્કી કરી નાખ્યાં હતાં. મારાં લગ્ન એ બે બિઝનેસમૅન વચ્ચેની દુશ્મનાવટ દૂર કરવાનું બહાનું છે.' રડમસ અવાજે આટલું કહી સ્વાતિ ઘરની બહાર નીકળી ગઈ. સુધાબહેન અને પરેશભાઈ, બંને સ્વાતિની વાત સાંભળી અવાક્ થઈ ગયાં.

દિવસો સુધી ઘરમાં ઉદાસી છવાયેલી રહી. સ્વાતિનાં લગ્નના બે દિવસ પહેલાં કિશોર દામાણીની આલીશાન કાર પરેશભાઈના ઘર પાસે આવીને ઊભી રહી. પરેશભાઈ પુસ્તક વાંચી રહ્યા હતા ને સુધાબહેન સાંજની રસોઈની તૈયારી કરી રહ્યાં હતાં. કિશોરભાઈએ દરવાજા પર ટકોરા માર્યા અને પરેશભાઈના આવકારની રાહ જોયા વિના જ કિશોરભાઈ ઘરમાં આવી ગયા. પરેશભાઈના હાથમાં કંકોતરી આપી બોલ્યા, 'બે દિવસ પછી શહેરના નામાંકિત બિઝનેસમૅન કિશોર દામાણીની દીકરીનાં લગ્ન છે. તમને ખાસ આમંત્રણ આપવા આવ્યો છું. તમે બધાં આવજો. સમીરને પણ આવવા માટે ખાસ કહેજો,' બંને સામે કટાક્ષભર્યું સ્મિત વેરી કિશોરભાઈ જતા રહ્યા. પરેશભાઈએ વાંચ્યા વિના જ કંકોતરી ટેબલ પર મૂકી. એટલામાં એમના મોબાઇલ ફોનમાં સ્વાતિનો મૅસેજ આવ્યો, 'વ્હાલાં પપ્પા-મમ્મી ! તમને બંનેને આ સંબોધન કરવાનો હવે કદાચ મને અધિકાર નથી. આ ૩ વર્ષમાં મને તમારી પાસેથી જે પ્રેમ મળ્યો છે, એવો પ્રેમ ઘરમાંથી પણ નથી મળ્યો અને એટલે જ હું તમને જ મારાં મમ્મી-પપ્પા માનવા લાગી હતી. હું સમીરને પ્રેમ કરું છું પણ એની સાથે લગ્ન નહીં કરી શકું, એ કહેતાં મારી જીભ ક્યારેય ન ઊપડી અને મારે કારણે તમારે અપમાન સહન કરવું પડ્યું. મને માફ કરજો. મને હજી પણ દીકરી માનતા હોવ તો એક વાર આશીર્વાદ આપવા આવજો. તમે આવશો તો સમજીશ કે તમને મને માફ કરી છે.'

પરેશભાઈએ એ જ મૅસેજ સુધાબહેનને ફરી સંભળાવ્યો. 'હવે તું જ કહે... આપણે જવું જોઈએ કે નહીં !?' સુધાબહેન આંખ લૂછી ઊભાં થયાં અને કબાટ ખોલીને પૂછ્યું, 'કઈ સાડી પહેરું !?'

બી-બી/૬, રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ, ઓન્લી ઢોસાની પાછળ,
મૅનેજમેન્ટ એન્કલેવ પાસે, વસ્ત્રાપુર,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૯૭૮૯ ૧૨૫૪૫

રામ જાણે

- ડૉ. અનિલ ચૌહાણ

ગાંડા માણસોમાં દિલચસ્પી થાય એવું કશું હોય છે, ખરું ? ગાંડો એટલે ગાંડો. નવુંનક્કોર એપલનું લેપટોપ, પણ હાર્ડડ્રાઈવ જ ઊડી ગયેલી. મારા જેવા કોમ્પ્યૂટર એન્જિનિયરને પૂછો તો ક્રેશ હાર્ડડ્રાઈવ એન્ડ નોન રિકવરેબલ ડેટા. ડેટા બધો જંક થઈ ગયો હોય. અક્ષરોને વાક્યો એકબીજા પર એવી રીતે થોપાઈ ગયા હોય, ચોંટી ગયા હોય કે કોઈ લિપિ જ ખબર ના પડે. વિચાર હોય પણ એમાં એટલા બધા અલગ-અલગ આ વિચારોની ભેળસેળ થઈ ગઈ હોય કે, મૂળ વિચાર શું હશે, એ જ નક્કી ના થઈ શકે. કશી એકસૂત્રતા જ નહીં; ને પાછો વિચાર ઊગતાની સાથે સીધો જ અમલ, વિચારને વિચારવાની તો વાત જ નહીં.

આ ગાંડા કોઈને નડે ખરા ? ગાંડાઓની પાછળ દિવસે કૂતરાં ભસતાં હોય, તો રાત્રે એ જ કૂતરાં ગાંડાઓની સોડમાં નિર્ભીક થઈને સૂઈ ગયા હોય. તમે કોઈ ગાંડાને ગાય કે ભેંસને મારતો જોયો ? એવું બન્યું હશે કે કોઈ ગાંડો ગીતો ગાતો હશે, કે એકદમ ઉગ્ર થઈને ગાળો બોલતો હશે. પણ તમે થોડાક ધ્યાનથી જોશો તો, એ કોઈને સંબોધીને ગાતો નથી, કે નથી કોઈની હાજરીના કારણે ગાળો બોલતો. આ તો ગાંડાનું ગાંડપણ ડાહ્યા માથે લઈ લે છે, એની બધી રામાયણ છે. ગાંડા કોઈ ને નડે નહીં તોય બધા એનાથી બીએ, ખબર નથી પડતી કે બધા આટલું બીતા કેમ હશે ? એક વખત એક જણાને મેં પૂછેલું, તો જવાબ મળેલો... ''રોડ પર ચાલતા ટ્રકને જોઈ ડર લાગે ?... ના લાગે ને ! પણ કોઈ બ્રેક વગરની સાઇકલ લઈને પુરપાટ આવતો હોય તો ?...'' જોકે આ ઉદાહરણ પણ ગાંડાની બાબતમાં મને એકદમ બંધબેસતું નથી લાગતું... પણ જવા દો...

તમે રસ્તા પર શાંતિથી ચાલ્યા જતા હોય અને કોઈ અચાનક ચપ્પુ લઈને તમારી સામે આવી જાય તો ? કદાચ તમે છળી ઊઠો ? નાસી છૂટો કે સામો પ્રહાર કરી બેસો... કંઈ પણ થઈ શકે. મનનો ઘટનાક્રમ સમજવા બેસીએ તો થોડું કોમ્પ્લિકેટેડ છે. કોઈ ચપ્પુ લઈને આવે તો...?!! તમારી આંખો જુએ એને, કાન સાંભળે એને... આ ઘટનાનું સમગ્ર બીનાને મનોવૈજ્ઞાનિક રીતે જોઈએ તો, આવેલા આઘાતનો મન આપોઆપ જ પ્રત્યાઘાત લાવે છે. તમારી ઈચ્છા હોય કે ન હોય.

આ તો સાચી ઘટનાની વાત થઈ હવે મનના રોગના કારણે, કોઈ આઘાત વગર જ મનને એમ લાગે કે આઘાત આવ્યો છે તો...?!! મન તેનો પ્રત્યાઘાત આપવાનું જ.

ગાંડાનું ગાંડપણ કાલ્પનિક આઘાતના વાસ્તવિક પ્રત્યાઘાતનું પરિણામ છે.

એ જમાનાની વાત કહું, ત્યારે મારી પ્રોફેશનલ જિંદગીની શરૂઆત ને હું હમણાં-હમણાં સાહિત્યિક ભાષામાં કહું તો ઊડતાં શીખેલો. દુનિયા માટે કોમ્પ્યૂટર પ્રોગ્રામિંગ સાવ નવું-નવું.ને મેં છેક એ જમાનામાં કોમ્પ્યૂટરને લગતી બધી ચોપડીઓ દિમાગમાં છાપી નાખેલી. પછી તો જિંદગીનું ગાડું ચાલ્યું સડસડાટ. થોડું હસ્યા, થોડું રડ્યા ને થોડું જીવ્યા પણ ઘણું મથ્યા, છેલ્લે પણ પરિપાક રૂપે આ બધું... જે તમે જુઓ છો એ બધું જ.

હમણાં... હમણાં... ચોક્કસ કહું તો, સાત દિવસ પહેલા ચીફ પ્રોગ્રામ ડાયરેક્ટર તરીકે રિટાયર્ડ થયો. પછી કોણ જાણે કેમ, આ ગાંડાઓમાં મને રસ પડવા માંડયો છે. શહેરમાં ફરતો રહું છું. એક ડાયરી ને પેન પાસે રાખું, ને ગાંડાઓની તમામ ગઈતવિધિઓ નોંધી લઉં. તમને થશે કે ગાંડો એટલે ગાંડો... નોંધવાલાયક વળી હોય શું ?!!! પણ શાંતિથી જોવા બેસો તો બહુ ઈન્ટરેસ્ટિંગ હોય છે... આ ગાંડાઓ.

ગાંડા એટલે ગાંડા... બધાં એવું માને કે, હસહસ કર્યા કરે એટલા બધા ગાંડા પણ સાચું કહું તો એવું ખાતરી બંધ સ્ટેટમેન્ટ આપવું એ પણ ગાંડપણ છે. ગાંડા રડતા પણ હોય છે,

મોંફાટ રડતાં હોય છે. દુઃખી દુઃખી થઈને અંદરથી વલોવાઈને સાચોસાચ રડતા હોય છે.

ગાંડા કોઈ વિશેષ સુખ સગવડ કે પ્રયત્ન વગર કઈ રીતે આટલી લાંબી જિંદગી જીવતા હશે ? એ તો રામ જાણે... ઊંઘવા ઊઠવાનું ઠેકાણું નહીં. નાહવા-ધોવાની તો જાણે બાધા. ક્યારેક ખાય, ને દિવસો ના દિવસો ના પણ ખાય..., ખાય પણ પાછું કેવું ? કોઈક સાત મિષ્ટાન્ન આપી જાય, તોય ફેંકી દે ને ઉકરડામાંથી કચરો વીણી વીણીને લિજ્જતથી આરોગે. પાણી ?!!! ગાંડા ને તરસ લાગે ? અરે ભાઈ, આ તરસની પરાકાષ્ઠાએ તો આ ગાંડાને ગાંડો બનાવ્યો છે... ના સમજ્યા તમે ? ભલે જવા દો. ડૉક્ટર ગાંડાને દવાની ગોળીઓ આપે. ગોળીઓ-દવાઓ ખાવાથી ગાંડામાં પરિવર્તન આવે ? મને તો લાગે છે કે, આ ગોળીઓ જ ફેંકી દેવી જોઈએ દરિયામાં. ગોળીઓ ખાઈખાઈને કોઈ ગાંડો દુનિયામાં ડાહ્યો થયો હશે કે કેમ, એ તો રામ જાણે... ને થોડો ઘણો ડાહ્યો થાય તોય પાછો રિબાય, પૂરેપૂરો ડાહ્યો ના થઈ શકે કે ના મજાનો ગાંડો થઈ શકે. ગાંડાને દવા પિવડાવવી એટલે પી-વન કોમ્પ્યૂટરમાં મારી-મચડીને વીંડોનું લેટેસ્ટ વર્ઝન નાખવાનો પ્રયત્ન. બેમાંથી એકે બરોબર ચાલે નહીં.

મને ફોટોગ્રાફીનો શોખ હતો. આ શોખ કઈ રીતે ઉદ્ભભવ્યો એ તો રામ જાણે પણ જ્યારે હું કોમ્પ્યૂટર ડિવિઝનલ ડાયરેક્ટરની જગ્યાએ હતો ત્યારનો શોખ એટલે, એકદમ



ડૂબી જવાય એવો શોખ. શરૂ શરૂમાં તો ફોટો કામ્પિટિશનમાં પણ ભાગ લેતો. તમે દુનિયાભરના જાત-જાતના થીમવાળી ફોટો કોમ્પિટિશન જોઈ હશે. હાથીઓના ફોટાઓની, દોડતા ઘોડાઓના ફોટાઓની, અરે, કીડી અને ઉધઈના, ઊડતા પતંગો ના કે ડૂબતા વહાણના. દારુણ ગરીબીના કે એકસો પંચાવન માળના સેવન સ્ટાર બિલ્ડિંગના કેટકેટલા થીમને કેટકેટલી કોમ્પિટિશન્સ. ફોટોગ્રાફરો ઘણી વખત સાવ નાખી દેવા જેવા થીમ પરના ફોટા પાડવામાં કલાકોના કલાકો... દિવસોના દિવસો... એકધારું તપ કરતા હોય છે. પણ વિચારજો ક્યાંય કોઈ ગાંડાઓના ફોટા પાડે છે ખરું ? કોઈ જગ્યાએ ક્યાંય કોઈ ગાંડાઓના ફોટોગ્રાફિક થીમવાળી કોમ્પિટિશન જોઈ ? જસ્ટ વિચારો મગજમાં છવાયેલ, ગુગલમાં જોયેલ કે વોટસએપમાં આવેલ ફોટાઓ જોઈ મનમાં આવતા રૂટિન થીમ સિવાય... ચાલો, હું સાવ નવા ફોટોગ્રાફિક થીમ આપું. કાગળના ડૂચા ખાતો ગાંડો, રેલવેની માલગાડી પર ટ્રેનના પાટા પાસે પડેલા પથ્થરો માલગાડી પર ફેંકતો ગાંડો..., સાવ ઉઘાડો પણ ખાલી બૂટ પહેરેલો ગાંડો..., લાંબા વાળ ને કોકડું વળી ગયેલી દાઢી... મેલો ગાંડો..., ધૂળ ને ગંદકીથી કાળો મેશ શરીર પર ઈંટાળો ઘસતો ગાંડો..., કોઈકની રદ્દી સાડી પહેરેલો ગાંડો... ધૂળ ઉડાડી હસતાં હસતાં નહાતો ગાંડો...

ખૂટે નહીં તેટલા વિષયોની સભર છે આ ગાંડાઓની સૃષ્ટિ, છતાં કોણ જાણે કેમ ?... આ એક જ વિષય વણખેડાયેલો રહ્યો છે વર્ષોથી. આ ગાંડાઓ બસસ્ટેન્ડે જ કેમ ભટકતા હોય છે ? રામ જાણે... મુસાફરી કરીને ક્યાં પહોંચી જવું હશે છે એમને...?!! પાછા ત્યાં, બસસ્ટેન્ડે પાટલી પર સૂતા હોય છે. પાટલી પર જ સુવાય એટલું થોડું ઘણું તો ડહાપણ આપ્યું હશે ભગવાને. બસસ્ટેન્ડની પાટલી પર બેઠેલા કોઈ ગાંડાનું નિરીક્ષણ કરો... એકાદ કલાક સામેની બાજુ મોં કરીને બેસે, પછી અચાનક એનો વિચાર બદલાઈ જાય પછી, ઊંધા ફરી બેસી જાય, એવું તો શું વિચારતા હશે...? સાવ "યુ ટર્ન" એ તો રામ જાણે...?!! પાછું થોડીવારમાં સડપ લઈને ઊભા થઈ

જાય. તમે ગાંડાની આંખમાં જોવાનો પ્રયત્ન કર્યો છે ? ગાંડા તમારી સામે નહીં, પણ ક્યાંક દૂર દૂર અનંત તરફ જોતા હોય એમ જોયા કરતા હોય.

મેં હમણાં કહ્યું ને… બરોબર એક અઠવાડિયા પહેલાં હું રિટાયર થઈ ગયો. આખી જિંદગી કામ કર્યું. ખૂબ મથ્યો, ભેગું કર્યું, બહુ ભેગું કર્યું, બહુ ભેગું કર્યું એની જ મજા કે, બહુ ભેગું કર્યું એની જ મોકાણ, એ તો રામ જાણે… આમ બોલું ત્યારે ઘણી વખત વિચાર આવે કે આ ઉપર સ્વર્ગમાં આમ રામ હશે ખરો ? રામ જાણે…

હા, તો અઠવાડિયા પહેલાં રિટાયર્ડ થઈ ગયો. લેપટોપના ઓગણચાલીસ પોઈંટ બાસઠ સેન્ટિમિટરના સ્ક્રીન પર સાડા ત્રણ નંબરના કોન્ટેક લેન્સ પહેરેલી આંખોએ પૂરા જોબમાં પાંત્રીસ વર્ષ પૂરા કર્યા. જરૂરિયાત કરતાં મોટો બંગલો બનાવ્યો. શેરબજારનો પોર્ટફોલિયો તગડો થઈ ગયો. બેંકની પાસબુકમાં આંકડા ભરાતા ગયા, ભરાતા ગયા. નેટબેંક બેલેન્સ શરૂઆતમાં પાંચ આંકડામાં આવ્યું. પછી છ આંકડામાં, સાત આંકડામાં, રિટાયર્ડ થઈ ગયા પછી ઘરે આવી પહેલું જ પત્નીને કીધું કે, દુનિયાની મરજી મુજબનું બહુ કામ કર્યું. હવે તો મારે મારી અંતરની ઇચ્છા મુજબનું જ કશું કરવું છે.

પત્નીને ?… જવા દો, પત્ની વાત, પાછી. એ વળી પાછો નવો ટોપિક. પણ એટલું તો નક્કી કર્યું હૃદયની ઇચ્છા મુજબનું જ જીવવું. રૂપિયા મળે તોય ભલું અને ના મળે તોય, બસ પછી તો… આ એક જ, દુનિયાના સિલેબસમાંથી ઓપ્શનમાં કાઢેલો, ગાંડાઓનો વિષય લઈને ગાંડાઓને સમજવાનું કામ આદર્યું… પહેલા જ દિવસે હાથમાં પેન અને ડાયરી, ને બંદા તો ઊપડ્યા સિટીના સેન્ટ્રલ બસસ્ટેન્ડ પર… ત્યાં કેટલાંય જાહેરાતના હોર્ડિંગ્સ લાગેલાં હોય છે. લોખંડના પતરા પર આવા એક હોર્ડિંગ્સની નીચે એક ગાંડો બેઠો હતો. આ ગાંડાને જબરો શોખ, નકામાં ચીંથરાં ભેગાં કર્યા કરે… ભેગાં એટલે કેટલાં ભેગાં કરેલાં, તમે નહીં માનો ત્રણ-ચાર કોથળા ભરીને… ક્યાંક દરજીની દુકાનમાંથી, કતરણ જોઈ ગયો હશે, કે કેમ, એ તો રામ જાણે… પણ જાતજાતના અને ભાતભાતના લાલ, પીળા, પોપટી ને જાંબલી. ક્યાંક સફેદ તો, ઘણા પચરંગી કોટન, સિલ્ક ને વુલના… લાંબા-ટૂંકા ને કેટલાક સીધે-સીધા રિબીન પટ્ટી જેવા, તો કેટલાક આડુંઅવળું વેતરાયેલા, થોડા નવા, તો કેટલાક મેલા, ગંદા, ગંદકી વાળા…

એકએક પસંદ કરી કરીને લાંબા ચીંથરાની પટ્ટીઓ એ બાંધે હાથે, એ બાંધે પગે, કયારેક માથે બાંધે… એ જ્યાં રહેતો ત્યાં લોખંડની એંગલો ઉપર જાહેરાતનું મોટું પતરાનું બોર્ડ, આ બોર્ડ સુધી તો પહોંચાય નહીં. પણ આ એન્ગલ પર લોખંડના સળિયા પર બધે ખૂબ માવજતથી એક-એક ચીંથરું બાંધતો જાય, ઘડીક પાછો વિચાર બદલાય તો, અહીંથી બાંધેલું ચીંથરું ત્યાં બાંધે અને ત્યાંથી ચીંથરું છોડીને અહીં બાંધે. આસપાસ ચીંથરાઓનો દરબાર ભરીને બેઠો હોય, એવો તો એનો ઠાઠમાઠ.

કોઈ દયાવાન ખાવાનું લઈ આવે તો, એ કદી વાસણમાં ના ખાય. જૂનાં છાપાં ઉપર પણ નહીં. થોડું મોટું ચીંથરું હાથમાં લે અને એમાં નાંખે… અરે દૂધ કોઈ આપી જાય તોય, ચીંથરામાં નાખીને ખાય. શું કહ્યું તમે ?… દૂધ કઈ રીતે ચીંથરામાં ભરાય ?…

ભાઈ, તમે બહુ ડાહ્યા લાગો છો… બહુ વિચાર કર્યા વગર ખાલી સાંભળો.



કોઈવાર ખાતાં ખાતાંય રડી પડતો..., ને ચીંથરાને બસ-સ્ટેન્ડની કેન્ટીન નજીકના ગટરના ગંદા પાણીથી સાફ કરી દેતો. કોઈવાર કોઈ નજીક જાય તો પથ્થર હાથમાં લઈ ઊભો થઈ જતો. કોઈના પ્રત્યે આમ તો દુશ્મનાવટ નહોતી. પણ... એને હંમેશ બીક રહેતી કે એના ચીંથરા કોઈ લઈ જશે તો ?... એકાદ ચીંથરુય કૂતરું તાણી જતું તો પથ્થર લઈ કૂતરાની પાછળ પડતો ને કૂતરા કરતાંય વધારે સ્પીડમાં દોડીને પોતાનું ચીંથરું પાછું લઈ આવતો.

પહેલે જ દિવસે હું, આખો દિવસ ત્યાં જ એ ગાંડા સામે બેઠો. જોકે એને મારી કશી દરકાર નહોતી. એકેએક વિગત પેનથી મારી ડાયરીમાં લખી. રાત પડી અગિયાર વાગ્યા... બાર વાગ્યા... એક વાગ્યો... આ ગાંડાઓ રાત્રે ઊંઘી જતા હશે ? શું ગાંડા જેવી વાતો કરો છો ? ભૂખ, તરસ, થાક અને ઊંઘ તો ડાહ્યા માણસોના લાડ છે. બાય ધ વે... આખી રાત પળે પળે નિરીક્ષણ કર્યા પછી પરોઢિયે પાંચ વાગ્યે હું મારા ઘેર પહોંચ્યો.

ઘેર પહોંચી કબાટમાંથી મારી બધી ચોપડીઓ કાઢી. આખી જિંદગી જેમાંથી ભણેલો એ..., માર્કની, ઝુલીસનની અને લેટેસ્ટ પ્રોગ્રામિંગ ઓફ કોમ્પ્યૂટરની બધી ચોપડીઓ... આ બધાં પુસ્તકો ઘરની વચ્ચોવચ ઢગલો કર્યો, મને મળેલા થોડા ઍવૉર્ડ્સ મૂક્યા ઢગલા પર વચ્ચો-વચ્ચ...ને ઉપર નાખ્યું તેલ, રસોડામાંથી દિવાસળી લાવી સળગાવ્યું બધું... એવા ભડકા થયા. એવા ભડકા થયા. તે ના પૂછો વાત, ને પાછું યાદ આવ્યું તો, એ તાપણામાં નાખી પાસબુકો ને બંગલાના દસ્તાવેજો, ચેકબુકો, શેરમાર્કેટનાં કાગળિયાં. બસ, પછી સાવ ખાલી થઈ ગયો. સાવ ખાલીખમ્મ. ભગવાન બુદ્ધ શૂન્યની વાત કરે છે ને એવો શૂન્ય જેવો.

એ દિવસે જે હસ્યો છું... જે હસ્યો છું..., જિંદગીમાં પહેલીવાર એટલું હસ્યો કે આંખમાંથી પાણી નીકળી ગયાં, પછી તો ઉપરના માળેથી બધા દોડી આવ્યા.

જસ્ટ અઠવાડિયા પહેલા જ રિટાયર્ડ થયો, ને પહેલા જ દિવસે થયેલો આ મોટામાં મોટો ભડકો. ઘરમાં ને જિંદગીમાં. બાય ધ વે, આ રિટાયર્ડ લાઇફની એક મોટી મોકાણ... કોઈ મારી વાતને સિરિયસલી લેતું જ નથી.

...શું કહ્યું તમે ? ઓળખો છો મને એમ ? ને તમને મેં આ ભડકો કર્યો,

એનીય ખબર છે... વાહ ભઈ વાહ...

શું વાત કરો છો... આ વાતને દસ-દસ વરસ થઈ ગયા છે, એમ ?... દસ વરસ ?

બહુ કહેવાય...


ના હોય...?! દસ વર્ષ...?!... ખરેખર...!!!

હવે... તમે કહો છો તો, હોય પણ ખરા કદાચ...

જે હોય એ. સાચું... ખોટું...

રામ જાણે...

૫૧૮, આદર્શનગર, સેક્ટર-૨૪,
ગાંધીનગર-૩૮૨૦૨૪.
મો : ૯૯૨૫૦ ૩૧૦૯૨




“તુમસે પ્યારા ઔર ન કોઇ !”
જયેશભાઇ જાદવ
મો. 9825669742


"મન ચેતના"
ગાયત્રી ત્રિવેદી
મો. 9426282138

વિનોદિકા સંપુટ



રતિલાલ બોરીસાગર

નિરંજન ત્રિવેદી

પ્રવીણ દરજી

હરિકૃષ્ણ પાઠક

હર્ષદ પંડ્યા ‘શબ્દપ્રીત’

ડૉ. જગદીશ ત્રિવેદી

ડૉ. નલિની ગણાત્રા

પરાગ મ. ત્રિવેદી

અધીર અમદાવાદી

જીતેન્દ્ર ઠક્કર

કિશોર અંધારિયા

નગીન દવે

મધુકર દિ. ધ્રુવ

ભર્ગદેવ ભટ્ટ

કલ્પના દેસાઈ

પ્રદ્યુમ્ન આચાર્ય

દિલીપ આર. શાહ ‘રસીલા’

રમેશ પટેલ ‘ક્ષ’

સુષમા શેઠ


"દુષ્યંત - શકુંતલા"
ડૉ. અશોક જી. પટેલ
મો. 9428811003

ગુજરાતી ભાષામાં પુરુષો માટેના કેટલાક હીનતાવાચક શબ્દો - એક અધ્યયન

- રતિલાલ બોરીસાગર

'તમે આપણી ભાષાના કેટલાક શબ્દો જુઓ. મોટા-મોટા હોદ્દાઓ માટેના શબ્દો કેવળ પુરુષવાચક ! આ શબ્દોનાં સ્ત્રીલિંગ રૂપો જ નથી ! દા.ત., 'વડાપ્રધાન' શબ્દ. સ્ત્રીને પુરુષની સમાન દરજ્જો અપાવવા જે જીવનભર ઝઝૂમ્યા એવા ગાંધીજીની ગૂજરાત વિદ્યાપીઠના, ગાંધીજીના સમયમાં બહાર પડેલા, શબ્દકોશમાં પાના નં. ૭૪૫ પર 'વડો પ્રધાન' શબ્દ આપ્યો છે અને એનો અર્થ આપ્યો છે. 'પ્રાઇમ મિનિસ્ટર.' તમે માની લીધું ને કે દેશનો પ્રાઇમ મિનિસ્ટર તો કોઈ 'વડો' જ હોય 'વડી' ન હોય ! આવા કેટલાક શબ્દો ગણાવું તમને ! સેનાપતિ, ન્યાયાધીશ, વકીલ, કલેક્ટર, મામલતદાર, સચિવ, મુખ્યપ્રધાન, મંત્રી, વક્તા, પત્રકાર, કલાકાર, સંગીતકાર, ચિત્રકાર, આ અને આવા અનેક શબ્દો અધિકારભૂખ્યા પુરુષમાનસની ચાડી ખાય છે ! (તાળીઓનો ગડગડાટ...)

મારા એક મિત્રનાં પત્ની નારીમુક્તિ આંદોલનની જે સંસ્થાનાં મંત્રી (મંત્રિણી ?) છે તે સંસ્થાના આશ્રયે મળેલી એક સભામાં બોલાયેલા, એક મહિલા વક્તાના શબ્દો ઉપર ટાંક્યા છે.

આ વ્યાખ્યાન સાંભળ્યા પછી દિવસો સુધી મારા મન પર એની અસર રહી. એ મહિલાની વાત સાવ કાઢી નાખવા જેવી નથી, એમ પહેલી નજરે મને લાગ્યું. પણ જેમ જેમ હું એના વિશે વિચાર કરતો ગયો તેમતેમ મને લાગ્યું કે આ મુદ્દાની બીજી બાજુ પણ છે.

ઉત્તમતા દર્શાવતા કેટલાક શબ્દો કેવળ પુરુષો માટે આરક્ષિત છે, તો અધમતા દર્શાવતા કેટલાક શબ્દો પણ કેવળ પુરુષો માટે જ આરક્ષિત છે. કેટલાક શબ્દો તો મને તુરત જ મળી આવ્યા. વિશેષ ચિંતન કરતાં બીજા પણ આવા શબ્દો મળી આવે એની મને ખાતરી છે.

ગુજરાતી ભાષામાં એક એકાક્ષરી શબ્દ છે : 'ઢ'. 'ઢ' એટલે શુદ્ધ ઠોઠ. કેવળ પુરુષ માટે જ આરક્ષિત એવો આ શબ્દ છે. 'ઢ' પુલ્લિંગ શબ્દ છે અને એનું સ્ત્રીલિંગનું કોઈ રૂપ જ નથી ! 'ઢ' એટલે મહાઠોઠ પુરુષ. કોઈ સ્ત્રી 'ઢ' હોય જ નહીં એવું નથી એ સૌ જાણે છે, છતાં 'ઢ' તરીકે ઓળખાવા માટે આ જગતમાં કેવળ પુરુષોનું જ નિર્માણ થયું છે ! સંસ્કૃત ભાષાની લિપિમાંથી ગુજરાતી જેવી જે જે ભારતીય ભાષાઓની લિપિ ઊતરી આવી છે તે બધીના મૂળાક્ષરો (ક... ખ... ગ... વગેરે)ના આકારો બદલાઈ ગયા છે. માત્ર 'ઢ' દરેક ભારતીય ભાષાની લિપિમાં એના ઓરિજિનલ સ્વરૂપે અણનમ રહ્યો છે. દરેક લિપિમાં 'ઢ'એ પોતાનો મૂળ આકાર અકબંધ જાળવી રાખ્યો એ કારણે 'ઢ'નો અર્થ સ્થિતપ્રજ્ઞ - સાધુ એવો થવો જોઈએ. કોઈ પણ પરિસ્થિતિમાં - સુખમાં-દુઃખમાં કે જય-પરાજયમાં જે એવો ને એવો રહે છે એ માણસને 'સ્થિતપ્રજ્ઞ' કહેવામાં આવે છે અને દરેક લિપિમાં એવો ને એવો રહ્યો એ અક્ષરનો અર્થ 'ઠોઠ' માત્ર ઠોઠ જ નહીં સુપર ક્વૉલિટીનો ઠોઠ એવો થાય છે !

'ઢ'નો અર્થ 'સ્થિતપ્રજ્ઞ' એવો કેમ કરવામાં ન આવ્યો? આવો અર્થ તો ન કરવામાં આવ્યો, પણ જેના પર કશી અસર થતી નથી, જેના પર કશા સંસ્કાર ચડતા નથી, જેને વિદ્યા ચડતી નથી એ 'ઢ' - એવો અર્થ રૂઢ થયો અને આ 'ઢ' પુરુષવાચક જ રહ્યો કાયમ ! જગતનો જે આટલો બધો વિકાસ થયો - ખાસ કરીને વિજ્ઞાનના ક્ષેત્રે - એમાં પુરુષોનો ફાળો કેટલો બધો છે ! અને છતાં મહાઠોઠ, શુદ્ધ ઠોઠ એવો જેનો અર્થ થાય છે એ શબ્દ 'ઢ' કેવળ પુરુષો માટે જ વપરાય છે ! વિજ્ઞાનના વિકાસમાં પુરુષોના ફાળાની વાત વાંચી અમારા મિત્રનાં પત્ની જેવી મહિલાઓ તરત કહેશે કે પુરુષોએ અમને આવી તક આપી છે કદી ? પણ આ તકરારમાં હું પડવા માગતો નથી. મારે તો નમ્રતાપૂર્વક એટલું જ કહેવાનું છે કે 'ઢ' જેવો અધમતાવાચક અપમાનવાચક શબ્દ કેવળ પુરુષો માટે આરક્ષિત છે !

'ઢ'નો સાવ નજીકનો સગો એવો એક શબ્દ છે : 'ઢગો' માત્ર પુલ્લિંગ શબ્દ છે (સાર્થ જોડણીકોશ પાના નં. ૩૯૫). 'ઢગો'નું સ્ત્રીલિંગ રૂપ 'ઢગી' થઈ શકે, પણ કરવામાં નથી આવતું. પુરુષજાતિ માટે આનાથી અપમાનકારક વાત બીજી કઈ હોઈ શકે ? 'ઢગો' તો માત્ર ને માત્ર પુરુષ જ. 'ઢગો' એટલે મૂર્ખ પુરુષ - મૂર્ખ હોવાનો ઈજારો માત્ર પુરુષજાતિએ જ રાખ્યો હોય જાણે ! 'બળદિયો' શબ્દ પણ અક્કલનો છાંટો ન હોય ને માત્ર મજૂરી કરી જાણે એવા મૂર્ખ પુરુષના અર્થમાં વપરાય છે, પરંતુ 'ગાય' શબ્દનો અર્થ 'મૂર્ખ સ્ત્રી' એવો નથી થતો. અન્યાય ! અન્યાય !

પરણવાની પરમ ઈચ્છાવાળા અને છતાં પરણવામાંથી રહી ગયેલા પુરુષ માટે વપરાતો શબ્દ છે -'વાંઢો'. કેવો ક્રૂર શબ્દ છે ! 'વાંઢો' એટલે ? રા.વિ. પાઠકના શબ્દોમાં કહીએ તો 'વાંઢો' એટલે જગત બહારનો, પુરુષો માટે આવો અધમતાવાચક શબ્દ વાપરવામાં સ્ત્રીઓને તો ઠીક, પુરુષોને પણ અપાર આનંદ આવે છે. ખરેખર તો પ્રગટપણે પુરુષો માટે

પુરુષો જ આ શબ્દનો વધુ ઉપયોગ કરે છે. પુરુષ 'સારી-નરસી', 'નાની-મોટી' કરતો રહે ને પછી જીવનભર 'તૂં છુપી હૈ કહાં, મૈં તડપતા યહાં' ગાતો રહે આવું બનતું હોય છે. એક લોકટુચકો છે : એક પુરુષ 'આ છોકરી નાની છે, ને આ છોકરી મોટી છે' કહેતો રહી ગયો. જેને 'નાની છે' કહીને રિજેક્ટ કરેલી એવી એક છોકરીને - છોકરી સ્ત્રી બની ગયા પછી - મળવાનું થયું. સ્ત્રીએ પેલા પુરુષને કહ્યું, 'મારી સાથે તમારા વેવિશાળની વાત ચાલેલી. તમે જે જે છોકરી જોતા હતા તેને 'આ નાની છે' અને 'આ મોટી છે' કહી નાપાસ કરતા હતા. એ રીતે વર્ષો પહેલાં મનેય નાપાસ કરેલી. આમ, તમે નાની-મોટી કરતા રહ્યા અને મારે ઘેર ખમ્મા બે છોકરા અને એક છોકરી રમે છે ! આવા નાની-મોટી કરતા રહી જનારાઓને જગત 'વાંઢો' શબ્દથી નવાજે છે. 'વાંઢો' શબ્દનું સ્ત્રીલિંગનું રૂપ 'વાંઢી' આપણી ભાષામાં છે. (સાર્થ જોડણીકોશ પાના નં. ૭૬૭). આમ છતાં, મોટી ઉંમર સુધી કે કાયમ માટે કુંવારી રહી જનારી સ્ત્રીને કોઈ 'વાંઢી' કહેતું નથી અને કોઈ કહે તો સાંભળનારની રુચિને આઘાત પહોંચે છે, ને કહેનાર વિશે હલકો અભિપ્રાય બંધાય છે. લગ્ન પહેલાં યુવાન છોકરી 'કુમારિકા' જેવા લાલિત્યપૂર્ણ શબ્દથી ઓળખાય છે. લગ્નની માન્ય ઉંમર વટાવી ગયા પછી પણ એને કોઈ 'વાંઢી' કહેતું નથી. હવે તો ચિરકુમારિકાઓ માટે 'સુશ્રી' જેવો બીજો લાલિત્યપૂર્ણ શબ્દ પ્રચારમાં આવ્યો છે - સુશ્રી જયલલિતા, સુશ્રી માયાવતી વગેરે. લગ્ન પહેલાં યુવાન છોકરો 'કુમાર' તરીકે ઓળખાતો નથી, પણ જેવો એ છોકરો લગ્નની માન્ય ઉંમર ક્રૉસ કરે કે તરત સૌ એને વાંઢા તરીકે ઓળખવા માંડે છે. વાંઢો પુરુષ સૌની મજાકમશ્કરીનું પાત્ર બને છે. કવિ દલપતરામે એમના 'વેનચરિત્ર' નામના દીર્ઘકાવ્યમાં વાંઢાની મશ્કરી કરી છે. નવરંગી નામનો વાંઢો પુરુષ ભગવાનને ઠપકો આપતાં કહે છે :

અરે પ્રભુ, તેં અગણિત નારી, અવની પર ઉપજાવી,
પણ મુજ અરથે એક જ ઘડતાં આળસ તુજને આવી.

ઈશ્વરને ઠપકો આપતી વાંઢા પુરુષની ઉપરોક્ત પંક્તિઓ ખરેખર તો કરુણરસની પંક્તિઓ છે, પણ એ હાસ્યરસનો અનુભવ કરાવે છે ! પુરુષવાચકો પણ આ વાંચીને હસ્યા હશે, એની મને ખાતરી છે. આ કેવી કરુણતા છે !

આવો એક શબ્દ છે 'ઘાંઘો'. 'ઘાંઘો' એટલે 'સાનભાન ભૂલી જનારો' સાનભાન જવાનો ઈજારો એકલા પુરુષોનો નથી. ખરેખર તો સાનભાન ભૂલી જવાનો ગુણધર્મ સ્ત્રીઓનો છે. કૃષ્ણની વાંસળી સાંભળી ગોપીઓ સાનભાન ભૂલી જઈ, વાંસળીના અવાજની દિશામાં દોટ મૂકતી. સાનભાન ભૂલતી એટલે કેવું ભૂલતી ! વાછરુંની જગ્યાએ છોકરું બાંધી દેતી. નાકનું ઘરેણું કાનમાં ને કાનનું ઘરેણું નાકમાં, પગનું ઘરેણું હાથમાં ને હાથનું ઘરેણું પગમાં પહેરીને બસ કૃષ્ણને મળવા દોડવા જ માંડતી ! આમ છતાં ગોપીઓ માટે ક્યારેય 'ઘાંઘી' શબ્દ ઉપયોગમાં લેવાયો જાણ્યો નથી ! ઊલટું, કવિઓને તો આ આખું દૃશ્ય અત્યંત કમનીય ને કાવ્યમય લાગ્યું છે. આવી ગોપીઓ માટે 'બાવરી' જેવો કવિતાથી ભર્યોભર્યો શબ્દ વપરાયો છે. આ જ શબ્દ પુરુષ માટે વપરાય - 'બાવરો' - તો એ પાછો એટલો કાવ્યમય ન રહે. 'બાવરો' એટલે સુપર ઘાંઘો - લગભગ પાગલ. (આમાં એક 'બૈજુ બાવરો' અપવાદ છે.) કોઈ પુરુષ કોઈ સ્ત્રીની પાછળ એક પગમાં સ્લિપર ને એક પગમાં ચંપલ પહેરીને, ધોતિયા પર કોટ અને ટાઈ પહેરીને, માથું ઓળ્યાબોળ્યા વગર દોડવા માંડે તો એની કવિતા થાય ? થાય તો હાસ્યરસની કવિતા થાય. આ કેવો અન્યાય છે પુરુષોના પ્રતિ એનો ખ્યાલ આવે છે ?

'ડફોળ' અને 'ડોબો' પણ એવા જ પુરુષો માટે - ફક્ત પુરુષો માટે વપરાતા અધમતાવાચક શબ્દો છે. 'ડફોળ'નો અર્થ મૂર્ખ થાય. 'ડફોળ' પુરુષ કે સ્ત્રી કોઈ પણને માટે વાપરી શકાય, પણ વપરાય છે કેવળ પુરુષ માટે ! શેઠ એના પુરુષકર્મચારી માટે પ્રગટ રીતે અને બૉસ એના પુરુષકર્મચારી માટે મનમાં 'ડફોળ' શબ્દનો પ્રયોગ કરે છે. જગતમાં જાણે 'ડફોળો' જ જન્મે છે. 'ડફોળીઓ' જન્મતી જ નથી !


'ડોબું' શબ્દનો અર્થ પણ તદ્દન મૂર્ખ એવો થાય. આ શબ્દ પણ પુરુષ-સ્ત્રી બંનેને લાગુ પડી શકે, પણ લાગુ પાડવામાં આવે છે કેવળ પુરુષોને. જગત જાણે ડોબાઓથી જ ભરેલું છે, જગતમાં ડોબીઓ જાણે છે જ નહીં !

એક શબ્દ છે 'બાઘો'. 'બાઘું' એટલે મૂઢ, ગતાગમ વગરનું. આ શબ્દ પણ છે તો પુરુષો અને સ્ત્રીઓ બંને માટે, પણ આરક્ષિત છે કેવળ પુરુષો માટે ! જગતમાં બાઘાઓ જ ઠેર-ઠેર જોવા મળે છે, બાઘીઓનું જાણે આ જગતમાં અસ્તિત્વ નથી !

વાણીવ્યવહારમાં પુરુષોને થતા અન્યાય વિશે જેમ જેમ વિચારતો ગયો તેમ-તેમ અનેક શબ્દો મનમાં ઊભરાઈ આવ્યા, પણ પછી પુરુષ તરીકે મારું હૃદય ભરાઈ આવ્યું. હે પુરુષો ! આ અન્યાય સામે તમે ક્યારે જાગૃત થશો ?

એફ/૬૭, રતિલાલપાર્ક, એસ. આર. રોડ,
અમદાવાદ-૧૪. મો. ૯૯૨૫૧૧૧૩૦૧





મોરનાં ઈંડાં ક્યારેક મીંડાં, ક્યારેક ટહુકાર ?

- *નિરંજન ત્રિવેદી*

લોકો કહેવત ટાંકે કે એ તો મોરનાં ઈંડાં છે. તેમાં કહેવું ન પડે પણ વાત ક્યારેક અલગ જોવા મળે.

સુનીલ ગવાસકર અદ્ભુત ક્રિકેટર, તેનો પુત્ર રોહન ગવાસકર પણ ક્રિક્ટર ખરો પણ અદ્ભુત નહીં. સેંકડો સદીનો મારો કરનાર વીર સદીવાળો તેંડુલકર, તેનો પુત્ર અર્જૂન તેંડુલકર પણ ક્રિકેટર, પણ આ અર્જૂન લક્ષ્યવેધ કરી શક્યો નથી. એને રમવા માટે રાજ્યોમાં રખડવું પડે છે.

રાજકારણની વાત કરવા જેવી નથી, તેમાં પણ રાજકારણ જ ચાલે છે. શેક્સપિયરે કહ્યું હતું તેમ પરાણે તેમના માથે મહાનતા ઠોકી બેસાડાય છે.

સંગીતકારમાં ઉસ્તાદ રશીદખાન મહાન છે. તેનો દીકરો બીજા વર્ગમાં આવે.

આપણા મહાન હાસ્યકાર જ્યોતિન્દ્ર દવે ના સંતાનમાં કોઈ હાસ્યલેખક નથી. કંઈક જરૂર હશે. વિનોદ ભટ્ટના પુત્ર સારાં ટેક્નિશિયન છે. અને હાલમાં તે સારા જ્યોતિષ પણ છે.

આપણા હાસ્યલેખક રતિલાલ બોરીસાગર અદ્ભુત છે. તેમના સંતાન હાસ્યલેખન કરતા નથી પણ આગળ કહ્યું તેમ ચમકારા તો મોરના જોવા મળે ખરા. એક વાત તેની. મેં એકવાર બોરીસાગરને ઘેર ફોન કર્યો.

પૂછ્યું ! રતિભાઈ છે ? ફોન તેમના ઈંડાંએ ઉપાડેલો જેને અમે ભીખુ કહીએ, તેણે કહ્યું ના, મેં પૂછ્યું 'તમે કોણ ?' ભીખુએ કહ્યું કે હું તેમનું નબળામાં નબળું સર્જન છું.'

ઘરની વાત કરું મારો પુત્ર અંકુર હાસ્યલેખન કરતો નથી. પણ ચમકારો જરૂર દેખાડે મારા ઘેર કેટલાક વરસ પહેલાં અશોક દવે ફેમિલી સાથે આવેલ. અશોકની દીકરી એક-બે વર્ષની હશે ત્યારે તે પણ આવેલ. મારા પુત્રએ અશોકને પૂછ્યું 'અંકલ, અશોક દવેની દીકરી)ને કોણ વધુ વહાલું ? મમ્મી કે પપ્પા ?' અશોકે કહ્યું એનો મમ્મી જ હોય ને ?! પણ બેટા કેમ પૂછવું પડ્યું ?

'અંકલ તેણે જે ટી-શર્ટ પહેર્યું છે તેનાં ઉપર લખ્યું છે. આઈ લવ ડ્રેકુલા !!

આ હાસ્ય લેખકો ભલે મોર જેવા હોય કદાચ પણ ઈંડાંમાં ઝલકથી આગળ.નહીં અશોકનો પુત્ર સમ્રાટ જીઓ ફોનની વાત કરતા કરતા કહે. આ ફોન અંબાણીનો છે. ધીરુભાઈ અંબાણીએ બજારમાં મૂક્યો છે. તેણે તે ફોનની વાત કરતા કહ્યું જીઓ સારો જે પણ તેમાં ધીરુ-ધીરુ સંભળાય છે !!

આવા ચમકારા જરૂર મળે. ઈંડાની એક વાત આપણે નોંધવી જોઈએ, કેટલાંક મોરના ઈંડામાં સાદા રંગ મળે. જેમ કે ગુણવંતરાય આચાર્ય, તેમની બંને પુત્રી જોરદાર લેખક છે. વર્ષાબેન અડાલજા તો મોટા ગજાના લેખક, સાહિત્ય પરિષદના પ્રમુખ પણ બન્યાં. બીજા પુત્રી ઈલા આરબ મહેતા સારા લેખક અને નારીવાદની ચળવળમાં અગ્રેસર અને નારી સંરક્ષણ અંગે આક્રમક વક્તા પણ ખરા એમને માટે મેં કહ્યું હતું તેમની આક્રમકતા જોતાં ઈલા આરબ મહેતા કરતાં ઈલા ઈઝરાયેલ મહેતા કહેવું ઠીક કહેવાય. ધૂમકેતુ જબરજસ્ત વાર્તાકાર કહેવાય પણ તેમના ઈંડા ચમક્યા નહીં. એમના પુત્ર એક સારા વાર્તાકાર કહેવાયા પણ ધૂમકેતુની નજીક ન આવે.

રમતક્ષેત્ર કે સંગીતક્ષેત્ર કે કલાના ક્ષેત્રે પિતાના સંતાનો જે છે તેને મોરના ઈંડાં ન કહી શકાય.

આ કુદરતી છે કોઈ પણ ક્ષેત્રે મહાન લોકોના સંતાનો મોરના ઈંડાં થઈ શક્યા. કેટલાક મીંડાં કે કોઈ મીંડી. બસ અપવાદ રૂપે કવિ દલપતરામના પુત્ર ન્હાનાલાલ સવાયા થયા કારણ એવું જણાય છે ભગવાન સહજાનંદ સ્વામીએ દલપતરામજીને આશીર્વાદ આપેલા.

વિચારશો તો સંતાન ન ઝળ કેવા ઘણા મળી આવશે.

ન્યૂયોર્ક સીટી,
યુ.એસ.એ.



સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...







મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

▶ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▶ અધિકૃત માહિતી ▶ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
▶ લોકકલ્યાણની વાત ▶ રાજ્ય સરકારના નિર્ણયો ▶ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
▶ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▶ અતિથિની કલમે ▶ વિદ્વાનોના વિચારો ▶ વાંચકોની વાત
▶ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▶ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

ગુજરાત પાક્ષિકની PDF www.gujaratinformation.gujarat.gov.in લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫૦/-

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

▼ માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.





▼ શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

▼ રાજ્યભરમાં ૨૦,૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.

▼ રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.

▼ રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

▼ ભરતી ઉપરાંત સ્વરોજગાર વિષય લેખ, મૂંઝવણ અને માર્ગદર્શન, જનરલ નોલેજ ક્વિઝ કોર્નર તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંબંધી વિજ્ઞાપનો.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૩૦/-

ગજબ ! કમાલ !

- પ્રવીણ દરજી

લો મિત્રો, તમે 'સિલસિલા'માં રેખાના મુખે ઉચ્ચારાયેલા શબ્દોની નકલ કરતાં બુધાલાલ માટે જે ઉમળકાથી કહો છો કે- 'બુધાલાલ, અમારો પ્રેમ, પ્રેમ છે' એ બુધાલાલની જ આજે કથની કહું છું. આખી કથની તો મહાભારત જેવી દીર્ઘ અને વ્યાસ જેવા જ કહી શકે તેવી રંગીન રંગીન છે. અમે ક્ષુદ્ર જીવ તો આચમની જેવું જ પાન કરાવી શકીએ, અને તેય તેમના અંગત મિત્રમાં અમારું નામ સામેલ કરાયું છે તેથી. બાકી બુધાલાલ રંગ બદલતું આકાશ છે, રંગ બદલતી ધરતી છે, રંગ બદલતો કોઈ હાઈટેક શો છે અરે, હીનોપમા ન લેખો તો રંગ બદલતી કોઈ પ્રજાતિ છે. પણ મિત્રો, બુધાલાલ અલ્પોકિતઓ અને અનલ્પોક્તિઓથી પર છે. કહોને છેલ્લા દોઢેક વર્ષથી તે દેખાણા જ નથી. ચકલીની જેમ દુર્લભ બની ગયા છે. તેમનું લાજ વિનાનું ગાજવું હવે કંઈક અટક્યું છે તેવું સૌને લાગ્યા કર્યું છે. તેઓ સદેહે પૃથ્વી પર જ હશે, પણ આત્મા હિમાલયની કોઈ ગુફામાં થોડો વખત નિવસી આવ્યો છે તેવી ઊડતી વાત પણ આવી છે. અમે અમારા મોબાઈલને વારંવાર મચડ્યા કર્યો હતો ત્યારે, પણ સામેથી પેલો 'હે...લો...' એવો તરસભર્યો સરસ અવાજ સાંભળવા જ મળ્યો નહીં. લાગે છે આ ઓફલાઈન અને ઓનલાઇનની પળોજણમાં ક્યાંક ફસાઈ ગયા હશે...

પણ દરેક વખતની જેમ આ વેળાય અમે તેમને ઓળખવામાં કાચા પડ્યા. દાઢી-મૂછ વિનાની તેમની તસ્વીરો તો નિહાળી હતી, પણ એકાએક તેમણે ફ્રેંચકટ મૂછ-દાઢીમાં ઓનલાઇન દેખા દીધી. અમારા કેટલાક મિત્રોએ હરખથી ફોન કરી, લિંક મોકલી બુધાલાલના અભૂતપૂર્વ થઈ રહેલા વ્યાખ્યાનમાં સહભાગી થવા જણાવ્યું. અમે તત્કાલ કૃષ્ણઘેલી ગોપીઓની જેમ જ અવળસવળ વસ્ત્રો સાથે ફોન હાથમાં પકડ્યો. લિંક સાથે અમારી લિંક જોડાઈ પણ દુર્ભાગ્ય અમારું કે તેમની એ અપૂર્વ ગિરાનાં છેલ્લાં બે-ચાર વાક્યો જ સૂણ્યાં. ફ્રેંચક્ટ દાઢીવાળા બુધાલાલને મન ભરીને નિહાળીએ તે પહેલાં તે અલોપ થયા, અર્થાત્ સ્ક્રીન પરથી તેમનો લોપ થયો... બાકી તો તેમના ઑક્સિજનનું લેવલ હજી બરાબર રહ્યું છે. તો વાત આમ છે. બુધાલાલ ઉર્ફ અમારા મિત્ર, બુધાલાલ ઉર્ફ અનેકોને લોલીપોપનો સ્વાદ ચખાડનાર, બુધાલાલ એટલે અનેકનાં સર્જન પર રંદો ફેરવતાં ફેરવતાં તેને પોતાના જ સર્જન રૂપે પરિવર્તિત કરી દેનાર કીમિયાગર અને ઉર્ફ, ઉર્ફ, ઉર્ફ બીજું શું નહીં ?

હા, ગુફામાંથી એ બહાર આવી ગયા છે, અરે, મંચ પર પણ આવી ગયા છે. પણ તેઓ હજી કોરોનાનો મલાજો પાળી રહ્યા છે. તેના વિશે માર્ક ઝકરબર્ગના પંથે જઈ ઊંડું ખોદકામ કરી રહ્યા છે. કોરાના થવાથી માંડી, તેના ઉપાયો અને રસી સુધીની સમસ્યાઓ વિશે તેઓ તીતીઘોડા કે તિત્તિર જેટલા સતર્ક થઈ ગયા છે. સંભવ છે કે તેમનું લક્ષ્ય કોરોના જો ટકી જ જશે તો જીવનનાં તમામ ક્ષેત્રોનું નવી-નોખી રીતે પુનઃસ્થાપન કેમ કરવું તેના સંશોધન પાછળ પણ કાર્લ માર્ક્સની જેમ દત્ત ચિત્તે એકાગ્ર થઈ જગતને આશ્ચર્ય આપવામાં રત હોય. લાગે છે કે, વર્ચ્યુઅલ દુનિયા અને ભવિષ્યના સમાજનું ચિત્ર તેમની સામે હૂબહૂ થયું હશે. લાગે છે કે, વર્ચ્યુઅલ રીતે જ પરસ્પર માનવ જોડાયેલો રહે તે માટેની તેમની મથામણ હોય, લાગે છે કે મનુષ્યને તેનાથી જ મનોરંજન મળશે, તેનાથી જ તેનાં સમણાં પૂરાં થશે. વર્ચ્યુઅલ ! વર્ચ્યુઅલ !' વર્ચ્યુઅલ !

અમારા મિત્ર, બુધાલાલ અલબત્ત, જાણે છે કે, હાથીના દાંત ચાવવાના જુદા અને દેખાવના પણ જુદા. તેમણે વર્ચ્યુઅલના નારા વચ્ચે વાસ્તવિકતાની ભોંય પરથી તેમનો પગ ઊઠાવ્યો તો નથી જ, પણ મિત્રો કહે છે તેમ, આ દોઢ વર્ષમાં તેને ધરતી સાથે વધુ સખ્ત રીતે જોડવાનો મરણિયો પ્રયાસ પણ કર્યો છે. અમે ભૂતકાલીન બુધાલાલને જાણીએ છીએ એ રીતે સંભવ છે કે લોકોની વાતમાં તથ્ય પણ હોય... બુધાલાલે હમણાં એમ બેવડી રમત પર કાબૂ પ્રાપ્ત કરી લીધો છે. વર્ચ્યુઅલ જિહ્વાગ્રે અને રિયાલિટી હૃદયસ્થ ! એટલે તેમનો 'ગુપતરસ' કઈ દિશામાં વહે છે કે, વહી રહ્યો છે તેની તેમના મિત્રોનેય જાણ નથી. અમને પણ નહીં હોં ! તેમનું ચિત્ત મહામારીને નિમિત્તે અનેકધા કામ કરતું થયું છે. બહારના એજન્ડા રૂપે તેમણે વર્ચ્યુઅલની ઝીણામાં ઝીણી સૃષ્ટિ વિશે - વિગતો સાથે ઓનલાઇન વાતો કરવાનું શરૂ કર્યું છે. કટારો લખો, વ્યાખ્યાનો ધડાધડ આપો, સામયિકોને કબજે કરો, સંસ્થાઓને કબજે કરો, નુકતેચીની કરો - બસ, બધે છવાઈ જાવ, માત્ર બુધાલાલ જ - નરી આંખે કે, આંખ ચોળીને કોઈ જુએ ત્યારે પણ - દેખાય, અત્ર, તત્ર, સર્વત્ર. થાય કે આ જ ખરો તારણહાર, આ જ ખરો ભાષણબાજ, આ જ ખરો 'ગુરુ'... અવતરણ ચિહ્નમાં લખવું પડે તેવો ગુરુ ! 'ધ પ્લેગ' 'ઇડિપસ ધ કિંગ', 'ઇલિયડ', કે 'ધ યર ઓફ ધ ફ્લડ' વગેરે સંદર્ભે ઓનલાઇન તેમને સાંભળ્યા ત્યારે લાગ્યું કે બુધાલાલ રાતોરાત વાચનપતિ ! શબ્દપતિ !

ભાષાપતિ ! વાંકદેખુઓ કહેવા લાગ્યા કે આ તેમના નારદ પ્રકાશનની જૂની ગાઈડોમાંની અધ્ધરતાલીય પ્રસાદી છે !

અમે તો કંઈ સમજયા નહીં, બુધાલાલના અમે મિત્ર છીએ. મિત્રનો ધર્મ દોષોને ઢાંકો, તેનેય ગુણમાં બદલીને તેમની વાહવાહ કરો, એ છે. બુધાલાલે કોરોના બિફોર અને કોરોના આફ્ટર વિશે પણ ઓનલાઇન વીજળીની જેમ ત્રાટક્યા કર્યું છે. તે ભીના અવાજ, ઊંચા અવાજે, ધીમા અવાજે, વ્યંગ્યસભર અવાજે, અધિકાર ભાવનાભર્યા અવાજે બોલી શકે છે તેનો તેઓએ હવે લગાતાર પરિચય કરાવવા માંડ્યો છે. મિત્ર, બુધાલાલમાં એમ હવે નવું પરિમાણ જન્મી આવ્યું છે. બુધાલાલ હવે માત્ર બુધાલાલ નથી પણ ડિજિટલ બુધાલાલ છે. કરોડરજ્જુની ય ત્યાં જરૂર પડતી નથી !

વિચારો મિત્રો, આવા થ્રીડાઈમેન્શન જેવો મિત્ર દોઢ દોઢ વર્ષ સુધી રૂ-બ-રૂ ન મળે તો વિરહીજનોની દશા કેવી થઈ રહે? બિચારી ગોપીઓ હોત તો કહેતે પણ ખરી, 'એ મથુરા પહોંચ્યો માળો અને અહીં ગોકુળમાં અમારાં હૃદયમાં સૂનકાર... ક્યાં સુધી વલવલ્યા કરવાનું?' પણ બુધાલાલનો અસલ પ્રેમરંગ એમ કંઈ લુપ્ત નથી થયો. જુદે જુદે રૂપે તે ક્યાંક ને ક્યાંક તો ઢોળાતો રહ્યો છે ! સીધી રીતે તેમનો અતોપતો નથી. રહસ્યભેદી છે એ પણ જુઓ, આજે વહેલી પરોઢે, કૂકડાના અવાજ વચ્ચે, એમનો વીડિયો કોલિંગ ! અમે તો ઊછળ્યા, આશ્ચર્યથી તરત પૂછ્યું : 'અરે, ઈદકે ચાંદ કહાં હો જી, ઈધર સબ જગહ પે બુધાલાલ, બુધાલાલ કી બાત હો રહી હૈ. કબ મિલને વાલે હો !' - અને બુધાલાલે કૂકડાની ડોકની કલગી જેવા ગરવા-ટટ્ટાર શબ્દોમાં નાટકીય ઢબે કહ્યું : 'જી આજકલ ઓ.એમ.સી. મેં વ્યસ્ત હૂં.' અમે તો આ 'ઓ.એમ.સી.' શબ્દ જ સાંભળ્યો નહોતો. એમણે ખાસ અમારી વિનંતીથી ફોડ પાડતાં કહ્યું - 'ઓસ્કાર ઍવૉર્ડ ફેસ્ટિવલ !' પછી પેરિસ, લંડન, શિકાગોની વાતો... વડાં તળાતાં ગયાં, વર્ચ્યુઅલ રીતે અમે ખાતા ગયા...! ઓહ ! અમારા બુધાલાલ તો જગતભરની ઊડાઊડમાં ! રેડ કાર્પેટ પર ચાલવું, નવાનવાં વસ્ત્રો પરિધાન કરવાં, પરફ્યુમ્સને પૈસાની રેલંછેલ... વાહ !... થયું બુધાલાલ પાસે વાક્છટા તો છે પણ બાપડો ત્યાં કઈ ભાષા બોલતો હશે ? અને તેમણે અમારું ફીડબેક માગ્યું ! બુધાલાલ મોબાઇલના સ્ક્રીન પરથી અદશ્ય થયા - પરગ્રહ વાસીની જેમ ! થોડાક દિવસ પછી ફરી પાછો બુધાલાલનો વીડિયો કોલિંગ.. અરે, બુધાલાલ, આટલી વ્યસ્તતા વચ્ચે મિત્રને ભૂલ્યા નથી. જય હો જી. દોઢ વર્ષના વિ-યોગનું સાટું વાળી દીધું ! પણ અમે કશું આગળ વધીએ તે પહેલાં જ કહ્યું : 'અરે, મારાં સર્જન-વાર્તા કાવ્યો ઇન્સ્ટા પર આવે છે, પાર વિનાની 'લાઈક્સ' મળે છે, કમેન્ટ્સ પણ ઉત્તમ આવે છે તે મિત્ર, તમારી જ કોઈ કમેન્ટ્સ કે લાઈક નહીં ! મને વાંચો, મને બીજો કોઈ વાંચે તેમ પણ કરો. હું આપણી ભાષામાં નવો ઇતિહાસ રચી રહ્યો છું. તમે ત્યાંથી કંઈક પ્રેરણા મેળવશો..' અને સર્‌ર્‌ર્‌ર્ બુલબુલની જેમ ટહુકો કરી ઊડી ગયા બુધાલાલ સ્ક્રીન પરથી...!

અમે મૈત્રીઘેલાએ ઇન્સ્ટા પર તેમની વાર્તા જોઈ - વાંચી અરે, વાર્તા તો નામફેરે મારા એક બીજા જ મિત્રની તેમણે પોતાના નામે ચઢાવી દીધી હતી ! પછી તો તેમનો ફોન જ ન લાગે... અને એક ઢળતી સંધ્યાએ ફોન ઉપાડ્યો તો બુધાલાલ કેફી અવાજમાં ઉવાચ... 'અરે, આ વર્ચ્યુઅલ વિશ્વ છે. મારું - તારું છોડો - બધું આપણું જ છે !' હું કશું કહું તે પૂર્વે તેમણે ફરિસ્તે કા સચ બોલ દિયા ! વાત તો એથી આગળ પેલા બીજા મિત્રની ઉઠાંતરી કરેલી વાર્તાની ફિલ્મ પણ બની ગઈ ! બુધાલાલનો 'મિત્રધર્મ' આવો નિઃસીમ રહ્યો છે. આકાશ જેવો ! ઇન્ટરનેશનલ ફિગર છે ને એ ! અ-દ્વૈતના અભ્યાસી નો પાછા ખરા જ...

અને લો, અ-પાર સિદ્ધિઓનું પોટકું લઈને સાક્ષાત્ બુધાલાલ જ આવી પહોંચ્યા... આપણી સામે ! તેમણે વાતનો દોર પોતાના હાથમાં લઈ લીધો. મોઘમમાં કહ્યું, 'ગઈ ગુજરી ભૂલી જાવ દોસ્ત ! હવે તો રિયાલિટી એ છે કે તમારા આ મિત્રને ઊંચે ને ઊંચે ચઢવા અનેક નિસરણીઓ સામેથી આવી ગઈ છે. કાલે ક્યાંક કોઈ સંસ્થાનો વડો પણ બનું અરે, એથીય આગળનું બને, સમજો. તમે જે મિત્રની વાર્તા વિશે કહો છો એનો કોઈ અત્યાર સુધી ભાવ પૂછતું હતું ? મેં તેમાં ફેરફાર કરી મારા નામે રજૂ કરી એ ઉઠાંતરી નથી, પણ સમયોચિત પુનઃસંસ્કરણ છે. એમ કહો કે એ મિત્રની વાર્તાને ઇન્ટરનેશનલ મેં બનાવી દીધી ! ને બુધાલાલ રોબોટની જેમ ભેટી પડ્યા ! ને ભેટ્યા એટલે ભોળવાયા... સાહેબ ! બુધાલાલ અરે, કઈ માટીના છે ! મેં રિયલ અને વર્ચ્યુઅલ માણસ જોયા છે. પણ બુધાલાલનું કોમ્બિનેશન તો સાવ જુદું છે. અમીબાના કુળમાં તેઓને મૂકવા કે પછી હુમા પક્ષીના કુળમાં મૂકવા ? મિત્રની આવી રંગબદલતી મુદ્રાઓ વિશે અમને થાય છે કે, હવે તેમનું જીવનચરિત્ર કોઈકે લખવું જોઈએ. તથ્યનું આચમન અને કલ્પનાનો ઘુઘવાતો સમુદ્ર - બંનેનું ભાતીગર મિશ્રણ ! બુધાલાલને અમે છેલ્લે છૂટા પડતાં તેથી કહેલું 'અરે, મિત્ર, શું મિશ્રણ છો તમે તો ! ગજબ ! કમાલ !'

વાગીશા, ફુવારા પાસે, લુણાવાડા,
જિ. મહિસાગર-૩૮૯૨૩૦.
મો. ૯૮૨૫૩૫૬૫૫૧

સાત અંગ, આઠ નંગ અને -

- હરિકૃષ્ણ પાઠક

કોઈ વિદેશી વિદ્વાને એવું વિધાન કર્યાનું સાંભળ્યું છે કે, કોઈ પણ દેશ-પ્રદેશના ચોક્કસ ભાષાભાષીઓનું હાસ્યનું સાહિત્ય મને લાવી આપો, તે દેશ-પ્રદેશના લોકોનો-પ્રજાનો બૌદ્ધિક આંક કેટલો છે તે હું કહી બતાવીશ.

મને એવો વહેમ થાય છે કે, ન કરે નારાયણ ને બંગાળી, મરાઠી, હિન્દી ભાષી કોઈ વિદ્વાન ગુજરાતમાં આવો સર્વે કરવા આવે તો શું થાય ? આ પ્રશ્ન માત્ર હાસ્યલેખકોનો ન રહેતાં સમગ્ર ગુજરાતી પ્રજાનો બની જાયને ! આવી કોઈ દહેશતને કારણે આપણા એક વિદ્વાન વિવેચક, સંશોધક, સંપાદક પંડે જ હાસ્યસર્જન તરફ વળ્યા હશે અને એક નક્કર સંગ્રહ પેશ કર્યો. પુસ્તકનું શીર્ષક જરા વિચિત્ર લાગશે. માણસ પોતાના અંગ વિશે તો જ્ઞાન હોવાનો, પણ તે 'નંગ' કોને અને શેને ગણે છે તે પ્રશ્ન તો થવાનો જ. ઉક્ત પુસ્તકના લેખક શ્રી રમણ સોનીનો ઉલ્લેખ કરું તો તેમના વિવેચનમાંય કટાક્ષ-તીખો કે મધુર કટાક્ષ-કરી લેવાની તેમની શક્તિની તો ઘણાને જાણ હશે જે, પણ અહીં એમણે મધુર રહેવાનું રાખ્યું છે. પુસ્તકને આપણા જૂના જોગી મુ. શ્રી મધુસૂદન પારેખની ઉમળકાભરી પ્રસ્તાવના મળી છે. મનુષ્યને કુદરતે આપેલ દેહ અને તેના વિશેષાંગો કાળે કરીને શિથિલ થતાં જાય ત્યારે કેવી કેવી વિટંબણા જન્મે તેની લેખકે કરેલી વાત ટૂંકમાં જોઈએ.

હાસ્યનો વિસ્ફોટ કે આતશબાજી એ લેખકનું લક્ષ્ય નથી તેથી અહીં હાસ્યને ઝીણી નજરે ને સરવા કાને પામવા-માણવાનું રહે છે.

ઘૂંટણની તકલીફ છતાં ઓપરેશન ન કરાવવા લેખક મક્કમ છે, પણ છેવટે 'જીર્ણ મનસૂબાગઢ' તૂટે છે. પોતાની વાત લેખક કેવી નોખી રીતે કહે છે તેનું પ્રમાણ જોઈએ -

'ઓપરેશનની પૂર્વ સંધ્યાએ એક કનિષ્ઠ (જુનિયર) તબીબે મારો ટૂંકો ઈન્ટરવ્યૂ લીધો : 'તમને કશાની એલર્જી છે?' 'ના, સિવાય કે બીમાર પડવાની.' 'ઓપરેશન પહેલાં કોઈ ચિંતા કે ગભરામણ જેવું થાય છે ?' 'ના, મારે ક્યાં ઓપરેશન કરવાનું છે ?' 'આ પહેલાં કોઈ ઓપરેશન કરાવેલું છે ?' 'ના, દવાખાનામાં દાખલ જ પહેલી વાર થાઉં છું. કેવી કેવી સગવડો હોય છે ?' - મારા જવાબોમાં જ પ્રશ્નો વધી જતાં એમણે ટૂંકા ઈન્ટરવ્યૂને વધુ ટૂંકાવ્યો.'

જ્યારે ઘરે જવા માટે હોસ્પિટલમાંથી વિદાય લે છે ત્યારે સૌએ કહ્યું. 'આવજો' લેખક આનો માયનો સમજી જાય છે.

'- કારણ કે હજી બીજો પગ બાકી હતો.'

પોતાને ઓછું સંભળાય છે તેનીયે વાત માંડે છે -

'અમારા એક પડોશી, મને બહેરો ઠરાવવા કે પછી હું શિક્ષક છું એટલે મારી કસોટી કરવા માટે, એક વાર પૂછે કે, સાહેબ, આ 'મધુર' પરથી 'માધુર્ય' થાય છે તેમ 'બધિર' પરથી 'બાધિર્ય' થાય કે નહીં ?' -

આજ સિલસિલામાં કહે છે કે, ઓછું દેખાતું હોય કે હાથપગની તકલીફ હોય તો આપણે હસતા નથી. એવં કરીએ તો બેઅદબી ગણાય 'આંધળો' શબ્દ યોજવાને બદલે સૂરદાસ કે અંધજન જેવો રિસ્પેક્ટેબલ શબ્દ યોજીએ છીએ, પરંતુ જો 'બધિરજન' જેવો શબ્દ વપરાશમાં લાવવા જોઈએ તો તે હાસ્યજનક બને, કદી સન્માનજનક ન બને. અને ઉમેરે છે કે - 'આંધળે બહેરું કુટાય' એ કહેવતમાં પણ કુટાઈ જાય છે તો બહેરો જ ! લેખકે પુસ્તકનું નિવેદન પણ 'નેપથ્યે'થી કર્યું છે. તેમાં લખે છે કે, પોતે હળવું લખવું શરૂ કર્યું તો તેની માંગ ઊભી થઈ. પોતે આ શું માંડી બેઠા-એવી મૂંઝવણમાં ઉત્તર રૂપે કહે છે : 'મારા શરીરે જ મને આ નિરાશામાંથી બહાર કાઢ્યો, બલકે પ્રેર્યો. આંખની અને દાંતની ચાલ્યે જતી તકલીફો, કાનની મર્યાદિત થતી જતી શક્તિ, માથામાં વિસ્તરતું જતું મેદાન... એ નબળાં અંગોએ જ મારામાં લખવાની સ્ફૂર્તિ જગાડી' -

પોતે ડાબોડી છે તેની વાત કરતાં કહે છે કે ભોજન કરવા સિવાયનાં તમામ કાર્યો તો ડાબા હાથે જ કરે છે, ને જમણા હાથે ચમચી પકડવાનું તો હજીયે નથી ફાવતું 'જન્મ પછી, જ્યારે મારા હાથ ચાલતા થયા ત્યારે પ્રથમ ક્રિયાવંત થયેલો ડાબો હાથ, પછાડવું, ભાંગવું, મારવું, ઝાપટ મારવી, ઝાપટ મારીને ખાવું - એમ બધો ક્રિયાકલાપ હું ડાબે હાથે કરતો' ને તેથી જીવનનો પહેલો (ને કદાચ છેલ્લો) ઍવૉર્ડ મળ્યો તે 'ડાબોડી'નો ! 'ડાબોડિયા'ને બદલે, ગૌરવ જાળવવા. કોઈ લેખકને કહે છે કે, 'તમે ડાબે હાથે લખતા હોવા છતાં તમારા હસ્તાક્ષર સારા આવે છે.' ત્યારે તેમને એ વખાણ લાગવાને બદલે પોતાનું - આખા ડાબોડી જગતનું અપમાન લાગે છે. ગાંધીજી બંને હાથે લખતા તે અંગે લેખક તેમના અક્ષરને 'બેવડા ખરાબ' અક્ષર કહે છે.

પોતાની જ 'દંતકથા' કહેતાં ઉપરની દંતપંક્તિ દૂર થયા પછી લેખકને લાય છે તે મોં કેવું દેખાશે તેની નહીં, પણ બોલાશે કે નહીં તેની હતી. જોકે કેટલાંક ઉચ્ચારણોને સ્હેજ નુકસાન થયું હતું. તેથી આનંદમાં ને આનંદમાં પોતાના એક પંડિત ગણી શકાય તેવા મિત્રને લખી જણાવે છે -

'સંપ્રતિ સ્વવદનપુરમ્‌માં ઉર્ધ્વ દંતમહાલય ધ્વસ્ત થયું છે. પણ ધ્વનિલોકમાં કોઈ મહા-હાનિ થઈ નથી. સર્વ સ્વર કિન્નરીઓ સંપૂર્ણ સુરક્ષિત છે. કેવળ કેટલાક વ્યંજન-પુરુષોને ક્વચિત્ અંગવિક્ષેપ થયો છે... ઇતિ વાર્તા.'

એક વિદ્વદ્‌જન કરી શકે તેવો વિનોદ અહીં સતત મળતો રહે છે. 'નાક રાખે તેમ રહીએ'માં 'રામ'નું ગૌરવ 'નાક'ને આપ્યું છે. ચહેરાની આબરૂ નાક બગાડી પણ નાખે તે અંગે લેખક સભાન છે, તેથી 'નાક - નકશા'નું મહત્ત્વ જેટલું કિશોર-કિશોરીઓ માટે તેટલું જ પ્રૌઢો માટે એવો તેમનો મત જણાય છે. નાક સાથે સંકળાયેલાં નસકોરાંના નાદનેય યાદ કરી લે છે નસકોરાં વિશે નિશાળમાં શીખેલા તે પહેલાં તેમણે નસકોરાં સાંભળેલાં. 'એક દૂરના સગા આવેલા. મહેમાનને બા-બાપુજીએ પ્રેમથી જમાડેલા એથી પણ

વધારે પ્રેમથી તેઓ પોતે જમેલા !' આગ્રહ કરવા પહેલાં અને એ પછી પણ તેઓ સારું એવું જમી ગયેલા. બાપુજી થોડું સંસ્કૃત જાણે એટલે કહેલું કે 'સાલો વૃકોદર છે.' આ શબ્દના મૂળ અર્થની લેખકને ત્યારે ખબર ન હતી પણ એનો લક્ષ્યાર્થ એ પામી ગયેલા.

આ રીતે અંગોની વાતો 'નેત્રથી નેત્ર દર્શન' અને 'મસ્તકે ચંદ્રશાળા' - વિસ્તરતી જતી ટાલનીયે કરે છે.

સાત અંગો પછી લેખક આઠ નંગની વાત માંડે છે. તેમાં 'મારી સાઇકલ', 'મારું સ્કૂટર', 'મારું કબાટ', 'અમારા ડાઇનિંગ ટેબલો', 'હું અને હિંચકો', 'હું અને ઝભ્ભો', 'હું અને રિક્ષા', 'હું અને પુસ્તકો' - શીર્ષક વાંચતાં જ ખ્યાલ આવી જાય કે આ બધી સ્થૂળ સંપત્તિ આપણને કેવું કેવું શીખવે, વિતાડે એની આ વાત છે. સહુ કોઈને પોતપોતાની રીતે પનારાં પડ્યાં જ હોય. અહીં એક બે દૃષ્ટાંત જોઈએ. સાઇકલ શીખવાના પ્રયત્નો તો જ્યોતીન્દ્ર દવેએ પણ કરેલા. પોતે જે દિશામાં જવા માગતા હોય તેનાથી વિપરીત દિશામાં સાઇકલ વળી જતી. સ્કૂટર પછી પોતે રિક્ષાવાળા થયા તેમ કહીને તરત સ્પષ્ટતા કરે છે. રિક્ષા ચલાવનારા નહીં, તેમાં બેસવાવાળા !

લેખક નાના સરખા છાત્રાલયમાં, ઝભ્ભો પહેરનાર એક માત્ર, દાખલ થાય છે. ને સહછાત્ર આંખો ઉછાળીને કહે છે, 'વાહ કવિરાજ !' લેખકને લાગે છે પોતે લઘરા લાગતા હશે તેથી 'કવિ' કહ્યો હશે.

કવિઓ-કલાકારોમાં વિખ્યાત એવા દરજી પાસે લેખક ઝભ્ભો સીવડાવવા જાય છે. જો કે એ કલાકાર તો ટીશર્ટ-જિન્સમાં સજ્જ હતા. લેખકના એ અગણિત માપ લે છે. લેખકને લાગે છે કે, એ પહેલાં પોતાનું સ્ટેચ્યૂ તૈયાર કરશે તે પછી તેના પર ટ્રાયલ લેશે ! અહીં સાટું સુધરતું નથી. ઝભ્ભાની લંબાઈના મુદ્દે વાંધો પડે છે તેથી લેખકના એક જમણોડી મિત્રને જમણે હાથે ફ્રેક્ચર થયું, છ માસ સુધી ડાબે હાથે જમવાની ટેવ જળવાઈ. જમણો હાથ સાજો થયા પછીયે જમણા હાથે જમવાનું ન ફાવ્યું ને ડાબો જ ઉપયોગમાં લેવાતો રહ્યો. 'તેમનાં પત્નીને સાંસ્કૃતિક ચિંતા થઈ : હવે ?'

મિત્રે કુદરતી રીતે જ કહ્યું : 'હવે તો ડાબો હાથ ભાંગે ત્યારે બને.'

આંખમાં નવો નેત્રમણિ મૂકવાના પ્રસંગની વાત કરતાં કહે છે કે, 'ઓપરેશનની જગાને થિયેટર કહેવામાં આવે છે તે મને પહેલેથી જ ગમે છે.'

આઠ નંગ પૈકી રિક્ષાવાળાનો પરિચય કે પરચો તેમાં બેસનારને ક્યારેક તો મળે જ. લેખકનું નિવાસસ્થાન સ્ટેશનથી નજીક તેથી કોઈ રિક્ષાવાળો ઓછા અંતરનું ભાડું લેવા રાજી ન થાય પણ એક વાર લેખક ધરાર રિક્ષામાં બેસી ગયા. સત્યાગ્રહને પરિણામે રિક્ષાવાળાએ પૂરા કચવાટ સાથે રિક્ષા એવી બેફામ ચલાવી કે ઘરે પહોંચતાં પહેલાં ટૂંકા રસ્તે સ્વર્ગમાં પહોંચી જવાશે તેમ લાગ્યું. આ અનુભવથી ઘરે જીવતો પહોંચ્યાના આનંદમાં સંકલ્પ કરે છે કે 'સત્યાગ્રહનો પણ મર્યાદિત ઉપયોગ કરવો. પુસ્તકો સાથેનો પોતાનો લગાવ અને ખરેખર અ-વાચકોની જ સંસ્કૃતિ વિકસતી જાય છે. તે સ્થિતિની વાતમાં લેખકની ગ્લાનિ પણ પ્રગટ થાય છે. પુસ્તકો ભેટ રૂપે લેનાર પણ કોઈ નથી તેથી પોતાનું પુસ્તકાલય અંશતઃ અનાથાલય બની ગયાનું કહે છે. હાલના ઇ-બુક્સના જમાનામાં એકાદ કિન્દલ કે ટેબ્લેટમાં હજારો પુસ્તકો સમાઈ જાય ને જરૂર પડ્યે એક ક્લિકથી હાજર થઈ જાય - એ સવલતને સમજાવવા ગીતાની વાગરીતિને ખપમાં લે છે - 'અહો જે જગા રોકતો નથી, જેને વજન નથી, જે ભીંજાતો નથી, બળતો નથી, ફાટતો નથી, ખોવાતો નથી એવા આ અમૂર્ત ઇ-પુસ્તકે અવતાર ધારણ કરી લીધો છે.' બાકીના નંગો વિશે પણ આવી અરૂઢ, નવતર શૈલીએ લેખકે હાસ્ય સર્જ્યું છે. 'અને અનન્ય' - એવા છેલ્લા વિભાગમાં લેખકે 'પ્રવાસની આંતરકથા', 'એ કેફ', 'કેરી - શા શા સ્વાદ વખાણું !' 'ભૂલી જવાતું છો બધું', 'મોભાદાર નકારવાદ', 'આકાશ એ જ સીમા' અને 'રાજગરો' જેવાં શીર્ષકોથી થોડું કલ્પનોત્થ અને થોડું અનુભવજન્ય હાસ્ય પીરસ્યું છે. સાહિત્ય સંસ્થાને દાન આપવા પધારેલની એક જ શરત છે કે, વ્યાજની રકમમાંથી અર્ધી રકમ સંસ્થા રાખે ને બાકીની રકમમાંથી દાતાને દર વર્ષે એક ઍવૉર્ડ આપે. સંસ્થાના સાક્ષરરત્ન સાથે ચર્ચા (કે રકઝક)ને અંતે એવું ઠરાવાયું કે દર ત્રીજા વર્ષે ગમે તેને - લેખકને પણ - ઍવૉર્ડ આપી શકાશે. અને સાક્ષરશ્રી દાતાને પ્રશ્ન કરે છે -

'બાય ધ વે મુરબ્બી, આપની ઉંમર કેટલી ?'

'પળભરમાં વાત પામી ગયેલા એવા એ અંતર્યામીએ જરાય વિચલિત થયા વિના કહ્યું : 'જુઓ ભાઈ, તમારે મને મરણોત્તર ઍવૉર્ડ પણ આપવાના રહેશે.'

સાહિત્યજગતને એના કાર્યકલાપને જાણી ગયેલા ને આપણા હાસ્યસાહિત્ય વિશે કશો અંદાજ આવી ગયાને પરિણામે લેખકે પોતાને સહજ એવી હાસ્યવૃત્તિ અને શક્તિનો હિસાબ આપ્યો છે ને એક અપેક્ષાયે જન્માવી છે - હજી વધારે મળે તે માટેની.

લેખના આરંભે જે અંદેશો અને ચિંતા પ્રગટ કર્યાં છે તે અંગે વિચારતાં એવું લાગે કે કોઈ 'સર્વેયર' ખરેખર આવી ચડે તો શું કરવું ? કોને આગળ ધરવા કે કોનું સાહિત્ય પેશ કરવું ? મને લાગે છે કે જ્યોતીન્દ્ર દવે, બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટનું સાહિત્ય આપણી વહારે ચડશે. એક માત્ર આગળ ધરવા જેવી પ્રતિનિધિરૂપ હયાત વ્યક્તિ છે રતિલાલ બોરીસાગર. તેમનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું ત્યારે જ તેમને જ્યોતીન્દ્ર દવેના ગોત્રના જ ગણવામાં આવેલા, જોકે પછીથી તેઓ રમણભાઈ નીલકંઠના વારસ તરીકે પણ પોંખાયા. હાસ્યની નિષ્પત્તિ શબ્દમાં સાધવી તે મુશ્કેલ બાબત છે. સ્ટેજ પર (કે. ટી. વી.ના સ્ક્રીન પર) થતા કવિ સંમેલનો ધીરે ધીરે મુશાયરા થઈને હસાયરા થતા જાય છે. જેઓ માત્ર હાસ્યકલાકારો છે તેઓ સૌથી વધારે લોકપ્રિય બની રહે છે. રૂબરૂ રજૂ થવાના બે-ત્રણ લાભ મળે. વાચિકમ્ ઉપરાંત આંગિકમ્ મદદે આવે અને ક્યારેક કલાકારની અંગત ગણાય તેવી 'પ્રોપર્ટી' પણ ખપમાં આવે. અલબત્ત, આ જ કલાકારો જ્યારે કલમ દ્વારા હાસ્ય નિષ્પત્તિ માટે પ્રવૃત્ત થાય છે ત્યારે તેમને સ્ટેજ પર જે સફળતા મળે છે તેવી ભાગ્યે જ લેખનમાં મળતી હોય છે.

આવે સમયે શ્રી રમણ સોની પોતાની કશીક જવાબદારી સમજીને પડમાં પધાર્યા છે એવું મને લાગે છે. તેમનું ભાવભર્યું સ્વાગત.

પ્લોટ નં. ૬૨/૨, સેક્ટર-૨-એ,
ગાંધીનગર-૩૮૨૦૦૭.
મો. ૯૪૨૮૯૦૬૭૭૪

દિવાળીમાં વાઇફની ચાણક્યનીતિ....!!!

- હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

"દિવાળી નજીક આવી અને હજી સાફસૂફી પણ થઈ નથી." વાઈફે હાથમાં નવો જ સાવરણો પકડી મને ધમકાવતાં કહ્યું, "ક્યારેય એમ થાય છે કે આજે રવિવાર છે તો લાવ જરા મદદ કરું ? બેસી'ગ્યા હાથમાં છાપું લઈને..."

જ્યારથી અર્જુન અને પંખીની આંખ વીંધવાની વાર્તા વાંચી છે ત્યારથી અર્જુનને મેં મારો રોલમોડલ માન્યો છે. અર્જુનદૃષ્ટિ અપનાવવાની બાબતે મેં સારી એવી પ્રેક્ટિસ કરી છે. મારું ધ્યાન છાપામાં જ હતું એટલે વાઈફ છંછેડાઈ, "તમને કહું છું."

"હા બોલો." છાપાનું પાનું ઉલટાવતાં મેં કહ્યું, "આજે રજા છે. કોઈ પ્રોગ્રામ બ્રોગ્રામ કરવો હોય તો કહી દે, બંદા ખુશ છે !"

"બંદા કેમ આજે આટલા બધા ખુશ છે ?" વાઈફને આશ્ચર્ય થયું, "બોનસ ફોનસ મળ્યું છે કે શું ?!"

"વાહ ! તને કેવી રીતે ખબર પડી ?!"

"તમારો ઉત્સાહ જોઈને !" વાઈફે ચાણક્યનીતિ અપનાવી ? આવો ઉત્સાહ કોણ જાણે કેમ મારા નસીબમાં ક્યારે આવશે ?

"અરે બોલ, બોલ... આ દિવાળીમાં શું જોઈએ છે ?" મેં કર્ણ કરતાંય વધારે ઉદારતા બતાવતાં કહ્યું, "માંગ, માંગ, માંગે તે આપું !"

"મારે કશું જોઈતું નથી." વાઈફે એકદમ શાંત થઈને કહ્યું, "ઊલટાનું મારે તો તમને આપવું છે !"

"વાહ ! ઓફિસના બોસે કાલે મને બોનસ આપ્યું અને ઘરના બોસ આજે મને કંઈક આપવા માગે છે ! વાહ પ્રભુ, મારા નવા વર્ષની શરૂઆત સારી રીતે થઈ રહી હોય એવાં એંધાણ દેખાઈ રહ્યાં છે હોં ! બોલ તારે મને શું આપવું છે ?"

"પહેલાં પ્રોમિસ આપો કે હું જે આપું એ સ્વીકારવાની તમે ના નહીં પાડો."

"અરે યાર હું પ્રોમિસ આપું છું કે તું જે કંઈ મને આપશે, એ હું હરખભેર સ્વીકારી લઈશ. સ્વીકારી લઈશ એટલું જ નહીં, જિંદગીભર એનું જતન કરીને સાચવી રાખીશ, બોલ !"

"જો જો હોં, પ્રોમિસ પાળવાનું પાછા ભૂલી ન જતા."

"હોય કાંઈ ? હું થોડો રાજકારણી છું ! બોલ...."

"તો... લો... આ પકડો." કહીને એણે મારા હાથમાં નવો સાવરણો પકડાવી દીધો.

"અરે ?!" મને આશ્ચર્ય થયું. આમ તો મને આશ્ચર્ય જેવું ક્યારેય થાય નહીં. હા, ક્યારેક મારી વાણી કે વર્તનથી સામેની વ્યક્તિને આશ્ચર્ય ચોક્કસ થાય ! પણ આજે મને આશ્ચર્ય થયું - અને મને આશ્ચર્ય થયું એનું આશ્ચર્ય વાઈફનેય થયું !

"આ.. સાવરણો ?!" સાવરણાને આમતેમ ફેરવતાં મેં પૂછ્યું, "પણ આને હું શું કરું ?!"

"એય મારે શિખવાડવાનું ?" ઓ.કે. ! એનોય મને વાંધો નથી. વાઈફે ફરીથી ચાણક્યનીતિ અપનાવી, "આજ સુધી તમે મને ઘણું ઘણું શિખવાડ્યું છે તો મારેય તમને કશુંક શીખવવું જ જોઈએ, જુઓ સાવરણો આ રીતે પકડી... આ રીતે સાફ કરાય."

"તું સાફ કરવાની તો વાત જ ન કરીશ." હું સહેજ અકળાયો.

"તો પછી સાવરણો આપવાનો અર્થ શો ?" વાઇફે માળિયા તરફ દયાદૃષ્ટિ કરતાં કહ્યું, "માળિયું ક્યારનુંય તમારી રાહ જુએ છે."

વાઇફને ખબર છે કે કોઈક મારી રાહ જુએ, એ મને ખૂબ ગમે છે. બોલો, માળિયું મારી રાહ જુએ !

"માળિયે ?" હું અકળાયો, "મારે માળિયે જવાનું ?"

"હા, પેલી કહેવત નથી ? કે મન હોય તો માળિયે જવાય !"

"માળિયે નહીં, માળવે જવાની વાત છે."

"એ બધું એકનું એક જ કહેવાય !" વાઇફે ત્રીજીવાર ચાણક્યનીતિ અપનાવી, "તમારા બોસે તમને ખુશ કર્યા, તો તમારા બોસને તમે ખુશ નહીં કરો ?!"

બસ, આટલો જ ફેર છે ઓફિસના બોસ અને ઘરના બોસ વચ્ચે ! ઓફિસનો બોસ હુકમ કરે, ઘરનો બોસ વિનંતી કરે !

છેવટે મારે ઘરના બોસને ખુશ રાખવા જ પડ્યા.

વાર-તહેવારે પતિ નામની વ્યક્તિએ પત્નીને મદદ કરવી જ જોઈએ એવું 'આદર્શ લગ્ન જીવન' નામના પુસ્તકમાં એક કુંવારા લેખકે બહુ જ વિગતવાર લખ્યું છે. ભૂલથી આ પુસ્તક વાઇફના હાથમાં આવી ગયું. પત્યું... અમારા લગ્નજીવનને આદર્શ બનાવવા માટે અને બીજાં પતિ-પત્ની માટે પ્રેરણારૂપ બનવા માટે મારે ક્યારે ક્યારે, કેવાં કેવાં કામ કરવાં જોઈએ એની આખી યાદી વાઇફે બનાવી અને એની ઝેરોક્સ કોપી મને તો આપી, પોતાના મહિલા મંડળની બહેનો પણ વહેંચી.

"બે દહાડા પહેલાં તમે સાફ-સફાઈ કરવાની વાતે કેમ અકળાઈ ગયેલા ?"

"અકળાઈ જ જાઉંને." મેં છાપાનો આશરો લેતાં કહ્યું, "છત પર અને માળિયામાં બાઝેલાં બાવાં મારે સાફ કરવાનાં ? 'બાવાં' અને 'સાફ' આ શબ્દ જ મને ગમતો નથી."

"તમે તો શબ્દપ્રીત છો !" વાઇફે ચોથી વાર ચાણક્યનીતિ અપનાવતાં કહ્યું, "શબ્દને પ્રીત કરનારા !"

"અરે યાર... ખિસ્સાં અને તિજોરી સાવ સાફ થઈ ગયાં છે...."

"તો એમ બોલોને સાહેબ !" વાઇફે પાંચમીવાર ચાણક્યનીતિનો અમલ કરતાં કહ્યું, "સાફ કરવાની તમારી સારી ફાવટને કારણે જ આ દિવાળીએ મેં તમને માળિયે ચડાવવાનું વિચાર્યું. આવતી દિવાળીએ આખું ઘર તમને સોંપ્યું બસ ! બાર મહિના પહેલાં એડવાન્સમાં બુકિંગ ! તમને

સહેજપણ ઓછું ન લાગવું જોઈએ કે તમારી આવડતનો ઉપયોગ થતો નથી...''

મારામાં કોણ જાણે કેમ એકદમ હિંમત આવવા માંડી. ક્યાંથી આવી કંઈ ખબર ન પડી. મારો આત્મા મને કહી રહ્યો'તો કે કલ્પના ચાવલા અને અન્નોશેહ અન્સારી જેવી મહિલાઓ અંતરિક્ષમાં જઈ શકે તો, હે પામર જીવ, તું એક માળિયે નથી જઈ શકતો ? આ તો તારા ખુદના ઘરનું માળિયું છે. પારકાનું માળિયું હોય તો વિચાર કરવો પડે... હિંમત રાખ. હિંમતે મરદા તો મદદે ખુદા... માળિયે ચડવાનો પડકાર ઝીલી લે... બહુ ઓછા પતિઓને આવી સોનેરી તક મળતી હોય છે. પ્રેમીઓ પોતાની પ્રિયતમાઓ માટે આકાશના તારા તોડી લાવવાની હિંમત બતાવતા હોય છે અને તું માળિયેથી બાવાં નથી તોડી લાવતો ? પ્રેમી નથી તો શું થયું, પતિ તો ગયોને ? આઈમીન થયો ને ? ચડ જા બેટા માળિયે પર...

શાસ્ત્રમાં લખ્યું છે કે આત્માનો અવાજ કહે એ પ્રમાણે કરીએ તો સુખી થવાય. મારે ખરેખર સુખી થવું'તું એટલે મેં આત્માના અવાજનું પાલન કરવાનો નિર્ણય કરી સ્ટુલ જેવું નાનકડું ટેબલ ગોઠવવા માંડ્યું. ''પંડ્યા'' ઘરમાં પ્રવેશતાં જ મારા હમઅકલ બાબુ બોસે કહ્યું. ''સુથારીકામ ક્યારે શીખ્યો ? ટેબલ સરસ બનાવ્યું છે હોં !''

''ઓહ બાબુ !'' મેં ઊભા થઈને કહ્યું, ''સારું થયું તું આવી ગયો ! આપણામાં પેલી કહેવત છે ને કે દાને દાને પે લિખા હૈ, ખાનેવાલે કા નામ !''

''હું તો જમીને આવ્યો છું,'' બાબુએ કહ્યું, ''આજે રજા છે એટલે થયું કે લાવ બહાર થોડો સમય પસાર કરી આવું. ઘરમાં તો ક્યાંય આરામ કરાય એવું છે જ નહીં...''

''કેમ ?'' મારાથી પૂછાઈ ગયું, ''બધાં કોરોનામાં સપડાઈ ગયાં છે ?''

''અરે એના કરતાંય ભયાનક બીમારી...'' બાબુએ આંખો બંધ કરી ગૃહદર્શન કરતાં કહ્યું, ''સાફસૂફી ચાલે છે, ઘરમાં પગ મૂકવાનીય જગા નથી. માણસ પોતાના જ ઘરમાં આટલો ઓશિયાળો થઈ જતો હશે એ તો આવી સાફસૂફી વખતે ખબર પડી. પણ તું નસીબદાર છે હોં !''

''અરે નસીબદાર તો કેવો,'' બાબુને ઈર્ષા થાય એવો હરખ બતાવતાં મેં કહ્યું, ''હું તો માળિયે પણ આરા... મથી બેસી શકું એમ છું !''

''યુ આર રિયલી લકી,'' બાબુએ ઈર્ષાથી કહ્યું કે છૂપા આનંદથી એ હું સમજી ન શક્યો. એણે એવા જ અંદાજમાં કહેવાનું ચાલુ રાખ્યું, ''પણ હમણાં તું કહેવત બોલેલો, કે દાને દાને પે...''

''અરે હા, યાદ આવ્યું ?'' મેં હરખાઈને કહ્યું.

''બસ, એ કહેવતની જેમ એક બીજી કહેવત પણ મને યાદ આવી, કે સાવરણે સાવરણે પે લિખા હુઆ હૈ સાફ કરનેવાલોં કા નામ !''

''મતલબ ?'' બાબુને શંકા પડી.

''મતલબ એ જ કે અમારા આ બચ્ચન સાવરણાના નસીબમાં બાબુ તારો હાથ લખાયો હશે,'' મેં એને સાવરણો પકડાવતાં કહ્યું,

''તું એકવાર આ સાવરણો લઈને સાફસૂફી કરવા માંડે, તારે એને છોડવો હશે તોય એ તને નહીં છોડે. હાથ ઓળખવાની એને સારી ફાવટ છે.''

''અરે યાર, હું તારી કંપની લેવા આવ્યો અને તું મને સાવરણો પકડાવે છે ?'' બાબુએ સહેજ દૂર ઊભા રહીને કહ્યું, ''એટલે તો ઘેરથી ભાગીને હું અહીં આવ્યો...''

''તમારી વાત સાચી છે બાબુભાઈ,'' વાઈફે બાબુને નસીબનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું, ''માણસને ભલે આખી દુનિયા છોડી દે, પણ એનું નસીબ એને ક્યારેય નથી છોડતું. નસીબ તો સાથ આપે જ. તમારા નસીબમાં અમારું માળિયું લખાયું હશે, બીજું શું ?''

''જો બાબુ,'' મેં એનો દયામણો ચહેરો જોઈને આશ્વાસન આપ્યું, ''શક્ય છે કે માળિયે ચડતાં તને ન ફાવે... વળી માળિયાંનો તને અનુભવ પણ કદાચ ન હોય... તું એક કામ કર - મારી જેમ લુંગી પહેરી લે અને ફાટેલું એક બનિયન આપું છું, એ પહેરી લે... આપણે એકબીજાને ઓળખી જ નહીં શકીએ. ઓળખીએ તો શરમ આવે ને ?''

મેલોઘેલો એવો ફાટેલો લેંઘો અને ઓપરેશન કરેલું બનિયન પહેરી હું યાહોમ કરીને માળિયે પહોંચી ગયો.

''તમે લોકો અડધા કલાકમાં બધું સાફ કરી નાખો. ત્યાં સુધી હું સામેના ફ્લેટમાં રહેતાં મીનાન્ટી (વાઇફને 'સંધિ જોડો' પ્રશ્નમાં પૂરા માર્ક્સ આવતા. એટલે એને દરેકનું નામ સંધિ જોડીને જ બોલવાની ટેવ - ખરેખર તો. મીના આન્ટી)ના ઘેરથી થોડું દૂધ લઈ આવું. બાબુભાઈને આજે જૂના વરસમાં મારા હાથની ચા પિવડાવવી છે !'' કહીને વાઈફ મીના આન્ટીના ઘેર ગઈ.

માળિયામાં દાખલ થયાના અડધા કલાકમાં તો હું ખુદને ઓળખી શકું નહીં એવો અજનબી થઈ ગયો. બાબુ બાજુના રૂમમાં કબાટ સાફ કરી પુસ્તકો ગોઠવતો'તો, હજી વાઈફ કેમ નહીં આવી હાપ ? એમ હું વિચારતો ત્યાં જ ડોરબેલ વાગ્યો. બાબુએ બારણું ખોલ્યું.

''ભાભી છે તો જબરાં,'' પડોશણ બહેને કહ્યું, ''બબ્બે રામલા રાખ્યા છે તોય કામની બૂમો પાડે છે !''

પછી મારી સામે જોઈ એમણે કહ્યું, ''ક્યાં ગયાં તારાં શેઠાણી ?''

હું કંઈ જવાબ આપું એટલામાં જ વાઈફે દૂધ લઈને પ્રવેશ કર્યો.

''ઓહોહોહો.... આવો બહેન આવો, બેસો,'' વાઈફે દૂધ ભરેલી તપેલી બતાવતાં કહ્યું, ''દૂધ લેવા ગઈ'તી...''

''તમે ગઈકાલ સુધી તો રામાની ફરિયાદ કરતાં'તાં'' પડોશી બહેને કહ્યું, ''અને આજે બબ્બે રામલાઓને કામે લગાડી દીધા !''

- વાઈફ શું બોલે ? ઈજ્જત તો દરેકને વહાલી હોય ને !

બી/૧૦, દેવસિટી બંગલોઝ,
આર. સી. ટેકનિકલ રોડ, ઘાટલોડિયા,
અમદાવાદ. મો. ૯૭૨૪૫૦૧૯૮૭

અમારી અડધી ગ્રંથતુલા

- ડૉ. જગદીશ ત્રિવેદી

તા. ૧૨/૧૧/૨૦૧૯ની સત્ય ઘટના છે.

તે દિવસે દેવદિવાળી હતી. તે દિવસે સાંજે સુરેન્દ્રનગરના મેડિકલ હૉલમાં એક સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું. અમારા જિલ્લાના એકાવન જેટલા શ્રેષ્ઠ શિક્ષકોનું આદરણીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ હસ્તે સન્માન હતું અને ત્યારબાદ શિક્ષણમંત્રીશ્રીની મીઠાઈ તુલાનો કાર્યક્રમ હતો. મીઠાઈ તુલા સંપન્ન થાય એટલે આશરે પંચોતેર કિલો જેટલી મીઠાઈ સાવ સાચા જરૂરિયાતમંદ લોકોની ઝૂંપડીમાં જઇને વહેંચવાની હતી. એ ગરીબોની દિવાળી કેવી ગઈ હશે તેની માહિતી નથી પરંતુ મંત્રીશ્રીની મીઠાઈ તુલાથી એમની દેવદિવાળી સુધરી જવાની હતી.

"કહે છે કે બાળકો ઘરનાં દિવાળી છે, દિવાળી છે
ખબર એને નથી ઘરમાં ન ઘઉંની એક પાલી છે
રાંધે શું ? બાફે શું ? વઘારે શું ? વધારે શું ?
ન છાંટો તેલ ઘરમાં છે, તપેલી ઘરમાં ઠાલી છે
માખણ ને મલાઈ તો હશે ધનવાનના ઘરમાં
છે મોંઘાં છાશનાં ટીપાં, ગરીબની દોણી ખાલી છે
મઝા છે એને 'શેખાણી' જેની પાસે પૈસો છે
એને હરદમ દિવાળી છે, ગરીબને રાત કાળી છે."
- સ્વ અબુભાઈ શેખાણી

માણસ જ્યારે નિસ્વાર્થ ભાવથી કોઈ સંકલ્પ કરે છે ત્યારે કુદરત એને આપોઆપ મદદ કરે છે. શિક્ષણમંત્રીશ્રી ચુડાસમાએ વરસો પહેલાં એક શિવસંકલ્પ કર્યો કે જ્યાં સુધી અયોધ્યામાં રામમંદિરનો ચુકાદો ન આવે ત્યાં સુધી હું કોઈ પણ પ્રકારની મીઠાઈ આરોગીશ નહીં. એમણે આ વ્રત લીધું ત્યારે એમને ડાયાબિટીસનું દર્દ નહોતું. વ્રત લીધા પછી અમુક સમય બાદ થયું. મંત્રીશ્રીને તો જે ભાવતું હતું એ વૈદ્યે બતાવ્યું એવું થયું. દાક્તરે ગળ્યું ખાવાની મનાઈ કરી ત્યારે મંત્રીશ્રીએ હસીને કહ્યું કે, આમ પણ હું મિષ્ટાન ક્યારે ખાતો જ નથી.

શિક્ષણમંત્રીશ્રીની મીઠાઈ તુલાના તારીખ ૧૨/૧૧/૨૦૧૯ના આ કાર્યક્રમના આયોજકો આપણી માતૃભાષાના કોઈ સુપ્રસિદ્ધ સાહિત્યકારને અતિથિ વિશેષ તરીકે બોલાવવા માટે પ્રયત્નશીલ હતા, પરંતુ યોજકોના બદનસીબે અને લખનારના સદનસીબે વ્યસ્ત સાહિત્યકારો ખરેખર વ્યસ્ત નીકળ્યા. જોકે એમાંથી અડધા જ વ્યસ્ત હતા બાકી અડધા તો વ્યસ્ત હોવાનો ડોળ કરતા હતા. કાર્યક્રમને બે-ચાર દિવસની જ વાર હતી છતાં અતિથિ વિશેષનો મેળ પડતો નહોતો. અંતે એક સાંજે યોજકોએ વિચાર્યું કે આમ તો ઘરકી મુર્ગી દાલ બરાબર ગણાય પરંતુ કોઈ સારો સાહિત્યકાર મળતો નથી તો હવે નાછૂટકે જગદીશ ત્રિવેદીથી ચલાવી લેવું પડશે. આમ પણ ગુજરાતી હાસ્યરસિકો જ્યોતીન્દ્ર દવે, તારક મહેતા, બકુલ ત્રિપાઠી અને વિનોદ ભટ્ટના ગયા પછી અશોક દવે, રઈશ મનીઆર અને જગદીશ ત્રિવેદી વગેરે... વગેરેથી ચલાવી રહ્યા છે તો એક દિવસ આપણે પણ ચલાવી લઈએ. નહીં મામા કરતાં કાણો મામો શું ખોટો છે ?

યોજકોએ ઉપર મુજબ વિચારીને નાછૂટકે અમને ફોન લગાડ્યો, અને જણાવ્યું કે શિક્ષણમંત્રીશ્રીની મીઠાઈ તુલામાં આપે અતિથિવિશેષ તરીકે પધારવાનું છે. આ સાંભળીને અમને ગલગલિયાં થવા લાગ્યાં પણ અમે કલાકારો અને સર્જકો અમારા આનંદને અપ્રગટ રાખવામાં ખૂબ નિપુણ હોઈએ છીએ. મને બરાબર ખબર હતી કે, તે દિવસે મારે નખ કાપવા સિવાય બીજું કંઈ જ કામ નથી, છતાં મેં મારી વ્યસ્તતા દેખાડવા કહ્યું કે તે દિવસે સવારે એક કાર્યક્રમ છે પરંતુ સાંજ પહેલાં ફ્રી થઈ જઈશ.

યોજકોએ અમને ફોનમાં આમંત્રણ આપ્યું હતું એટલે

આમંત્રણ મૌખિક જ હોય તે સ્વાભાવિક છે, છતાં આપણે એવા હરખપદુડા કે બીજા દિવસે મારતી રિક્ષાએ યોજકો પાસે જઈને લેખિતમાં સંમતિપત્ર આપી આવ્યા. આમ કરવાનું કારણ એ હતું કે યોજકોનો વિચાર બદલે એ પહેલાં અમે વાત પાકા પાયે એટલે કે અંકે કરી લેવા માંગતા હતા.

યોજકોએ અમારા સાક્ષાત્કાર સમયે પણ અમારા આવાગમન બાબતે કોઈ પણ પ્રકારનું દાક્ષિણ્ય દાખવ્યું ન હતું છતાં અમે વધુ પડતા વિવેકી થઈને કહ્યું કે, કાર્યક્રમના દિવસે આપ માનનીય શિક્ષણમંત્રીશ્રી તેમજ સાંસદ એને બે-ત્રણ ધારાસભ્યો તથા અન્ય માનવંતા મહેમાનોની આગતાસ્વાગતામાં વ્યસ્ત હશો એટલે અમને લેવા-મૂકવાની ચિંતા કરશો નહીં. અમારા નિવાસસ્થાનેથી કાર્યક્રમના સ્થળ સુધી શટલિયા રિક્ષા માત્ર દસ રૂપિયામાં લઈ આવે છે. જો તે દિવસે શટલિયું મેળવવામાં વિલંબ થશે તો અમે પચીસ રૂપિયા જેવી માતબર રકમ ખર્ચીને સ્પેશિયલ રિક્ષા બાંધી લઈશું પણ આપના કાર્યક્રમમાં મોડા હરગીઝ પડીશું નહીં. અમે જીવનમાં ક્યારે મોળા પડ્યા નથી અને મોડા પણ પડ્યા નથી. અમારી વાત સાંભળી યોજકોને થયું કે અતિથિવિશેષ તો આવા જ રાખવા જોઈએ. કોઈ રીઢા અતિથિવિશેષ કરતાં આવો કોઈ શિખાઉ અતિથિવિશેષ હોય તો ઘણી ચિંતા ઓછી થઈ જાય.

★★★



દેવદિવાળીની સાંજે એકાવન શિક્ષકોનું સન્માન થયું. માનનીય શિક્ષણમંત્રીશ્રીની મીઠાઈ તુલા થઈ ત્યારબાદ પ્રવચનોનો મારો શરૂ થયો. અમે સમારંભના અતિથિવિશેષ હોવાથી અમને પણ પ્રવચન માટે પાંચ મિનિટ જેટલો ખાસ્સો સમય ફાળવવામાં આવ્યો હતો.

કોઈની જાનમાં ગયેલો વાંઢો માણસ જે રીતે વરરાજાના વખાણ કરવાને બદલે પોતે કુંવારો રહી ગયો છે એના જ રોદણાં રોવે એવું જ અમારા પ્રવચનમાં થયું. અમે કહ્યું કે, સંતો, મહંતો, નેતાઓ તથા દાનવીરોને સમાજ સોનાથી, ચાંદીથી, રક્તથી કે મીઠાઈથી જોખે છે પરંતુ અમારા જેવા કલાકારો કે લેખકોને કોઈ કપાસિયાથી પણ જોખતું નથી, ચાર મણ કપાસિયાનો બહુ ખર્ચ પણ નથી છતાં સમાજમાં કોઈને એવો વિચાર જ આવતો નથી. અમને કપાસિયાથી તોળીને એ કપાસિયા કોઈ ગાયને ખવડાવો, જો ગાય ન મળે તો કોઈ આખલાને ખવડાવો તો પુણ્ય તો થવાનું જ છે.

અમારા પ્રવચનની સભાગૃહમાં બેઠેલા ત્રણ વૃદ્ધો ઉપર અતિશય અસર થઈ. એ ત્રણે વૃદ્ધોએ મળીને દસ વરસ પહેલાં એક સાહિત્યિક સંસ્થા સ્થાપી હતી. સંસ્થાના સ્થાપના સમયે જ એ વૃદ્ધ હતા અત્યારે તો એ ઓવરવૃદ્ધ થઈ ગયા હતા. સંસ્થાની સ્થાપનાને દસકો થયો છતાં સંસ્થાએ એકપણ કાર્યક્રમ કર્યો ન હતો. એ ત્રણે મહાવૃદ્ધોને સાથે વિચાર આવ્યો કે, આ માણસ જો જોખાયા વગર ગુજરી જશે તો અવગતે જશે માટે આપણી સંસ્થાનો પ્રથમ કાર્યક્રમ ભલે અંતિમ કાર્યક્રમ પણ બને પરંતુ આ માણસની તુલા કરવી છે.

બીજા દિવસે એ ત્રણે વૃદ્ધો એક રિક્ષામાં ખડકાઈને અમારા ઘરે આવ્યા અને અમારી જ્ઞાનતુલા અર્થાત્ ગ્રંથતુલા કરવાની ઇચ્છા પ્રગટ કરી. આ સાંભળીને અમને ફરી ગલગલિયાં થવા લાગ્યાં પરંતુ આ વખતે પણ અમે કુશળતાપૂર્વક અમારા ગલગલિયાંને અપ્રગટ રાખીને પૂછ્યું કે અમે તો કપાસિયાથી જોખાઈ જવાની ઇચ્છા પ્રગટ કરી હતી

છતાં આપે કપાસિયાથી મોંઘા એવા પુસ્તકો ઉપર પસંદગી ઉતારી એનું કારણ જાણી શકું ?

એ ત્રણમાં એક ડોસો આખાબોલો હતો. એણે અમને મોઢામોઢ ચોપડાવ્યું કે શિક્ષણ મંત્રીશ્રી મીઠાઈ ખાતા નહોતા એટલે એમની મીઠાઈ તુલા કરી અને તમે ક્યારેય પુસ્તક વાંચતા નથી એટલે તમારી ગ્રંથતુલા કરવી છે ! તમે ક્યારેય તમારું લખેલું પુસ્તક વાંચ્યું છે ? તમે એકવાર તમારું પોતાનું પુસ્તક વાંચો તો તમને ખ્યાલ આવે કે ગુજરાતી ભાષાના વાચકો કેટલા સહનશીલ છે ?

એ ડોસાએ અમને આ પ્રમાણે કહ્યું છતાં અમારે કોઈપણ ભોગે જોખાવું જ હતું એટલે એમની વિનંતી ગ્રાહ્ય રાખી. એમણે અમારું વજન પૂછ્યું તો અમે અતિ ઉત્સાહી થઈને થોડા દિવસ પહેલાં કરાવેલા વજનની ટિકિટ જ એમને આપતાં કહ્યું કે બરાબર એંસી કિલો છે. હવે એનાથી વધશે નહીં એની ખાતરી આપું છું.

અમારી ગ્રંથતુલાની તમામ વાત પાકી થઈ ગઈ પછી અમારાં ધર્મપત્ની ચા-નાસ્તો પણ લઈને પ્રગટ થયાં. અમારાં પત્ની રસોડામાં હોય પરંતુ તેમના બંને કાન ડ્રોઈંગરૂમની દિશામાં હોય. આપણે રેડિયો ઉપર સ્ટેશન મેળવીએ એમ એ કાનને મેળવી રાખે. જેવી વાત પાકા પાયે થાય પછી નાસ્તાના ડબ્બા ખોલે. અમારે ક્યારેય ખોટી ઉતાવળ ન કરે.

એ લોકોએ અમારી ગ્રંથતુલા માટે ૧૩ જાન્યુઆરી ૨૦૨૦ અને સોમવારનો દિવસ પસંદ કર્યો હતો. જે ઉત્તરાયણની પૂર્વ સંધ્યા હતી. અમે તારીખ, વાર, સ્થળ અને સમયની અમારી ડાયરીમાં પાકી નોંધ કરી લીધી. એમના પ્રમુખે અમને જતી વેળાએ કહ્યું કે અમારી સંસ્થામાં અમે ત્રણ જ છીએ વળી ત્રણે એંસી વર્ષ ઉપરના છીએ. બીજું અમારી શેરીમાં પણ અમને કોઈ ઓળખતું નથી એટલે આપની ગ્રંથતુલામાં દર્શકો લઈ આવવાની જવાબદારી આપના ઉપર જ રાખો એવી વિનંતી છે. અમને ક્ષણવાર તો થયું કે ના પાડી દઉં પરંતુ અમારે કોઈપણ ભોગે જોખાવું જ હતું એટલે આ પ્રકારની અનિચ્છનીય જવાબદારી પણ અમે સ્વીકારી લીધી.

અમે બીજા જ દિવસે સવારથી સાઇકલ લઈને આમંત્રણ આપવા નીકળી જતા હતા. જે અમને ઓળખતા હતા એમને તો ભારપૂર્વક આમંત્રણ આપ્યાં પરંતુ જે અમને ઓળખતા નહોતા એમને ઓળખાણ કાઢી કાઢીને આમંત્રણ આપ્યાં. અમારા પંદર દિવસના નિષ્ઠાભર્યા પ્રયાસો બાદ અમે પચાસેક લોકોને ગ્રંથતુલા જોવા પધારવા માટે રાજી કરી શક્યા હતા. ગ્રંથતુલા બાદ અલ્પાહાર પણ રાખવામાં આવ્યો છે એવું ભારપૂર્વક કહેવાથી આટલા લોકો માંડ તૈયાર થયા હતા. અલબત્ત અલ્પાહાર પણ તુલાવાંછું સર્જક તરફથી જ હતો કારણ પેલી ત્રણ વૃદ્ધોની સંસ્થા પાસે એવા કોઈ ખોટા ખર્ચ માટે ભંડોળ જ નહોતું.

★★★

અંતે કયામતનો દિવસ આવી ગયો. ૧૩ જાન્યુઆરી ૨૦૨૦ની સવારે તો અમે અહીંયા નાહ્યા જ હતા પરંતુ આજે જીવનમાં પ્રથમ વખત જોખાવાનું હોવાથી સાંજે પણ નાહ્યા. અમને ત્રણ વખત ખાવાની ટેવ પણ બે વખત નાહવાની ટેવ નહીં એટલે બીજું કાંઈ ન થયું પણ શરદી થઈ. એ શરદી પણ એવી ઉચ્ચકક્ષાની થઈ કે અમારું નાક એવી રીતે ટપકવા લાગ્યું કે નાક છે કે નળ એ નક્કી કરવું મુશ્કેલ થયું.



યોજકોએ અમારું સ્વાગત ખાદીના હાથરૂમાલથી કર્યું એ ખૂબ સારું કર્યું કાર્યક્રમ દરમિયાન એ રૂમાલ વડે સતત નાક લૂછતો રહ્યો. સદરહુ રૂમાલ ખાદીનો હોવાથી થોડો ખરબચડો હતો તેના વડે બળપૂર્વક વારંવાર નાક ઘસવાથી ટામેટા જેવું લાલચોળ થઈ ગયું. અમને આ રૂમાલ નાક સાફ કરવા મળ્યો છે કે, નાક સાવ દૂર કરવા મળ્યો છે એની અવઢવ થઈ.

અંતે મને છાબડામાં બેસવાની આજ્ઞા થઈ. અમે તો પલાંઠી વાળીને ગણપતિની માફક ગોઠવાઈ ગયા. યોજકોએ કોઈ પ્રકાશક પાસેથી કુલ એંસી પેકેટ મંગાવ્યાં હતાં. પ્રકાશકે ન વેચાતાં હોય એવાં પુસ્તકો પંચોતેર ટકા ડિસ્કાઉન્ટથી આપ્યાં હતાં. એમાંથી મોટા ભાગનાં પુસ્તકો અમારાં જ હતાં એ એક દુઃખદ યોગાનુયોગ હતો. એક પછી એક બધાં પેકેટ્સ મુકાઈ ગયાં પણ અમે જે છાબડામાં બેઠા હતા એ છાબડું જમીનનો મોહ છોડવા તૈયાર ન થયું. અમે કલાકાર કે લેખક તરીકે તો જીવનમાં ક્યારેય ઊંચા આવ્યા નથી પરંતુ આ રીતે ઊંચા આવવા માટે ગરીબડા ચહેરે અને ટપકતાં નાકે યોજકો સામે જોઈ રહ્યા. આમ પણ આ અમારા નાકનો સવાલ હતો.

ત્યારબાદ એક વૃદ્ધે બીજા વૃદ્ધને પૂછ્યું કે બધાં પેકેટ્સ આવી ગયાં ? પેલા વૃદ્ધે કહ્યું કે હા, આપણે એંસી પેકેટ્સ મંગાવ્યાં હતાં એ તમામ મૂકી દીધાં છે. આ સાંભળી પેલા ક્રોધી વૃદ્ધે મને છણકો કરતાં પૂછ્યું કે તમે વજન તો સાચું જ કહ્યું હતું ને ? મેં છાબડામાં બેઠા-બેઠા કહ્યું કે મેં તમને થોડા દિવસ પહેલાં જ કરેલા મારા વગરની ટિકિટ આપી છતાં ભરોસો નથી ? બીજું પંદર દિવસ સુધી લોકોને આમંત્રણ આપવામાં સાઈકલ ચલાવી એના લીધે ઘટ્યું હશે પરંતુ વધ્યું નહીં હોય. જો તમને વિશ્વાસ ન હોય તો બાજુના છાબડામાં પુસ્તકોને બદલે વજનિયાં મૂકીને જોખી શકો છો.

ત્યારબાદ એક વૃદ્ધે સૌ કોઈ સાંભળે એમ પ્રકાશકને ફોન કર્યો અને પૂછ્યું કે તમે બધાં પેકેટ્સ એક કિલોના જ મોકલ્યા છે ? ત્યારે પ્રકાશકે ફોડલો ફોડ્યો કે બધા એક શેર એટલે કે પાંચસો ગ્રામના જ છે. મારી પાસે ન વેચાય એવાં ચાલીસ કિલો પુસ્તકો જ હતાં. હવે ઠેર ઠેર પુસ્તક મેળા થાય છે એટલે ન વેચાતાં હોય એવાં પુસ્તકો પણ ખપી જાય છે જે રીતે પસંદગી મેળામાં ન પસંદ કરવા જેવા યુવક-યુવતીઓ પણ ખપી જાય છે.

વૃદ્ધો અત્યારે તાત્કાલિક બીજા ચાલીસ કિલો પુસ્તક ક્યાંથી લાવવા એની ચિંતામાં પડ્યા. આટલું ઓછું હોય એમ વજનકાંટાનો માલિક કાંટો લઈ જવા માટે આવ્યો. એણે ઓડિયન્સ સાંભળે એમ પેલા વૃદ્ધને ખખડાવ્યા કે તમે મને છ વાગે કાંટો પાછો આપી દેવાનું કહ્યું હતું અને આઠ વાગ્યા છે. કાલે ઉતરાયણ છે અને મારે શેરડીનો વેપાર છે. મને અત્યારે જ મારો કાંટો ખાલી કરી આપો.

આ સાંભળીને મારા અંગત સગાં-વહાલાં નહોતા એવા દર્શકો પણ હસવા લાગ્યા. એમાંથી અમુક તો ઊભા થઈને અલ્પાહારના કાઉન્ટર તરફ જવા લાગ્યા. અંતે અમારે અમારી અડધી ગ્રંથતુલાથી સંતુષ્ટ થઈને અનિચ્છાએ છાબડામાંથી ઊભા થઈ જવું પડ્યું. આજે અડધી થઈ છે તો ભવિષ્યમાં પૂરી પણ થશે એવી ઉદાર ભાવના હૈયે સંઘરી અમે છાબડામાંથી બહાર આવ્યા.

૨૦, શારદા સોસાયટી,
જીનતાન રોડ, સુરેન્દ્રનગર.



નિર્દોષભાવે દોષ-દર્શન

- ડૉ. નલિની ગણાત્રા

ઘણીવાર એવું બને છે કે સીધા માણસોથી કોઈક કિંમતી ચીજ-વસ્તુ આડે હાથે મુકાઈ જતી હોય છે. કિન્તુ આડા અંગ્રેજોએ આપણી એક કિંમતી ચિકિત્સા પદ્ધતિ સાવ સીધા હાથે તળિયે મૂકી દીધેલી. એ પ્રાચીન અને પરમ પવિત્ર ચિકિત્સા પદ્ધતિ એટલે આમચી આયુર્વેદ. જોકે સતત ફરતા અને બદલાતા રહેતા સમયચક્રની અસીમ કૃપાથી એ જ આયુર્વેદ આજે ફરી પાછું તળિયેથી ટોચની નજીક આવી ગયું છે. એટલું જ નહીં, આ કહેવાતી દેશી ચિકિત્સા પદ્ધતિ આજે પરદેશમાં પણ લોકપ્રિય થઈ ગઈ છે. અને એનું મને ભારેથી અતિ ભારે ગૌરવ છે કારણ કે હું એક વૈદ્ય છું. બહુમાળી બુદ્ધિનું પ્રદર્શન કરતા કેટલાક મને પૂછતા હોય છે કે, નલિનીબેન તમે આયુર્વેદિક વૈદ્ય છો ? હું કહું કે ના રે, હું તો એલોપેથિક વૈદ્ય છું. મારે શું કામ મારી બટકેલ બુદ્ધિનું પ્રદર્શન કરવું પડે હેં...?!!

જોકે વૈદ્ય તરીકે મને એક પોઝિટિવ ખેદ એટલો જ છે કે, અમારું ''ખાનદાની નિર્દોષ'' આયુર્વેદ ખુદ ત્રિદોષ પર ટકેલું છે. એ ત્રિદોષ એટલે વાયુ, પિત્ત અને કફ. પ્રિન્ટ મીડિયાની પરમ કૃપાથી આ વાયુ, પિત્ત, અને કફને હવે પ્રજા સારી રીતે ઓળખી ચૂકી છે. જોકે 'ત્રિદોષ' નામ તો વાયુ, પિત્ત, કફને મળેલું તખલ્લુસ છે. બાકી તેઓશ્રી કાંઈ જન્મથી દોષો નથી. પ્રાકૃત અવસ્થામાં તો તેઓ શરીરને સુપેરે ચલાવવામાં મુખ્ય ભૂમિકા ભજવતા હોવાથી 'શરીર ધારણાત્ ધાતવઃ' અનુસાર તેમનું મૂળ નામ ત્રિધાતુ છે. હા, એમનો મિજાજ પેલા શે'ર જેવો તેજો તર્રાર ખરો -

''કિસીને કહા હૈ કિસી કો છેડો નહીં,
મગર જો તુમકો છેડે ઉસકો છોડો નહીં.''

માણસ લોગના મનસૂફી વહેવારથી એટલે કે મિથ્યા આહાર-વિહારથી આ ત્રિપુટી વિફરે છે અને ત્યારે પોતે વિષમ (વધે-ઘટે) કે વિકૃત થાય તો શરીરને બાનમાં લઈ દૂષિત કરી સ્વાસ્થ્યને ખોરવી નાખે છે. આમ દૂષિત કરવાનો અસ્વાભાવિક સ્વભાવ ધરાવતા હોવાથી તેમને 'ત્રિદોષ'ની ઉપાધિ મળી છે.

મહોબ્બત મરજીવાઓ પોતાની નાદારી નોંધાવતા કબૂલ કરી ગયા છે કે -

''મહોબ્બતને હમેં નિકમ્મા કર દિયા,
વર્ના હમ ભી આદમી થે કામ કે.''

આ કહેવાતા ત્રિદોષ પણ સદરહુ આશિકો જેવો ખરખરો કરતા કહે છે -

''બેપરવાહ લોગોને હમે 'દોષ' બના દિયા,
વર્ના હમ ભી સેહત કે રખવાલો મેં સે થે.''

મિત્રો, ગભરાશો નહીં, આજે તમારા પર ત્રિદોષ કે આયુર્વેદનો એટેક નથી કરવાની. આ તો આ લેખનું જસ્ટ વેલકમ ડ્રિંક કે સ્ટાર્ટર હતું ! મેઈન કોર્સનું મેનુ કંઈક અલગ જ છે.

આ કહેવાતા ત્રિદોષ જ અમ વૈદ્યોનું આધારકાર્ડ છે. મતલબ એના આધારે જ અમારે રોગનાં નિદાન અને ચિકિત્સા કરવાની હોય છે અને એટલે જ દોષદૃષ્ટિ રાખવી, કેળવવી એ ઉત્તમ વૈદ્યનો ગુણધર્મ ગણાય છે.

ધર્મગુરુઓ કહે છે કે, કોઈકના દોષ ન જુઓ. (દોષ જોવાની ટેવ પડી જાય તો 'આંધળા' અનુયાયીઓને ગુરુના દોષ પણ દેખાવા માંડે ને ?!!) અને અમારું આયુર્વેદ કહે છે કે દોષદૃષ્ટિ રાખો ! હવે આ પ્રકારના ધરમ સંકટમાં ફસાયેલા મારા જેવા ભોળા માણસે કઈ સાંકળ ખેંચવી ? જોકે ધંધામાં તો હરકોઈ પોતાની છૂકછૂક ગાડીને ચાલતી રાખે એવી જ સાંકળ ખેંચે, ગાડીને રોકે એવી નહીં.

એટલે વૈદ્ય હોવાના નાતે મેં તો મારા અગણિત ગુણોને બાજુ પર મૂકી દઈને મારી દોષદૃષ્ટિનો વિકાસ કર્યે રાખ્યો. એમાં બન્યું એવું કે ઉત્તમોત્તમ વૈદ્ય બનાવવાની લાયમાં મેં મારી દોષદૃષ્ટિને એટલી બધી ધારદાર બનાવી દીધી કે એ રોગ પૂરતી સીમિત ન રહેતા બોર્ડર પાર કરીને એકવાર એક ફિલ્મી સોન્ગ પર હુમલો કરી બેઠી. એ હુમલાગ્રસ્ત ગીતના શબ્દો છે -

''...સજન રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ,
ના હાથી હૈ, ના ઘોડા હૈ... વહાઁ પેદલ હી જાના હૈ...''

અંતાક્ષરીના ગાયકો મોજને વરેલા હોવાથી તેઓ તો આવા ગમ ગીતો પણ ઊછળી કૂદીને મજેથી ગાઈ લેતા હોય છે. કિન્તુ ત્રિદોષને વરેલી મારી દૃષ્ટિએ તો આ ભક્તિગીતમાં પણ વફાદારીપૂર્વક દોષ-દર્શન જ કર્યાં. આવો, તમને પણ દર્શન-લાભ આપું.

આ ગીતની પહેલી પંક્તિમાં સાવ બુટ્ઠી બીક બતાવતા કહે છે કે - ''હે મણિ - મૂળચંદ ! મુદત પૂરી થતાં ખુદા પાસે જવાનું જ છે. માટે પ્લીઝ, જૂઠું ન બોલો.''

આમાં હા એ હા કરનારાને હા એ હા કરવાની છૂટ છે. પર હમ હા એ હા કરનેવાલો મેં સે હરગીઝ નહીં હૈ. ઈસ લિયે હમારી શાર્પ દોષદૃષ્ટિને તો ઈસ કડવે જૂઠ મેં સે નોંચકર મીઠા સચ હી નિકાલા. અહીં મારું કહેવાનું એવું થાય છે કે, ખુદા પાસે જઈને તો વાંકા રહીને સાચું સાચું જ બોલવાનું છે, તો અહીં તો બંદાને શાંતિથી જૂઠું બોલવા દો. જૂઠને જો પાપ ગણવામાં આવતું હોય તો પણ, જે જૂઠ માણસને સત્યની જીવલેણ સાઈડ ઈફેક્ટથી બચાવી લે એ જૂઠ તો 'પવિત્ર પાપ'માં સમાય જાય, વાત શું કરો છો ?

ગણિત-ગણતરીના માણસો દાખલા વગર નહીં માને-સમજે. ચાલો એક સાર્વજનિક દાખલા સાથે જ સમજાવું.

જેમ કે એક પામર પતિ, સોરી બહુધા પામર પતિઓ જો નિયમિત જૂઠું બોલવાનો મહાવરો ન રાખે તો એ લાઇન બહાર ગયેલા માસુમોને રોજ સાંજે છૂટાછેડા લેવા માટે 'ડ્રાઈવ-થ્રુ-ડિવોર્સ'ની લાઇનમાં ઊભા રહેવાનો વારો આવે. અથવા તો રોજ કોમ્યુનિટી હૉલ ભાડે લેવો પડે. તો તમે કહો, એ બાપડો બિચ્ચારો લેવાય જાય કે નહીં ? અને આ તો એક દિવસ નહીં, પરંતુ રોજ છૂટાછેડાની નોબત આવે ! કિતના આસાં હૈ કહેના, સજન રે જૂઠ મત બોલો... સહુ પહેલાં સજને જ જૂઠ બોલવું જરૂરી છે. એના થકી જ એ વિજેતા બનીને બહાર આવી શકે છે.

બીજો દાખલો રીઢા ગુનેગારનો ગણીએ. (ઉપરનો દાખલો રીઢા ગુનેગારનો જ નહોતો ? એવું કોણે પૂછ્યું ?) એક રીઢા ગુનેગારને થર્ડ ડિગ્રીમાં તો સાચું બોલવું જ પડે છે એટલે એ શું કરે છે ? ફર્સ્ટ અને સેકન્ડ ડિગ્રીમાં મળ્યું એટલું માણવાનાં ધોરણે જલસેથી જૂઠમજૂઠ જ ચલાવે છે ને ? તો આપણે વળી કયા નવજાત ગુનેગાર છીએ તે ઉતાવળે ફટાફટ સાચું બોલવાની આ માથાકૂટમાં પડીએ ? ઉપરની વાત ઉપર જઈને... અહીં ગ્રાઉન્ડ ફ્લોર પર તો ગમતું કરી લઈએ.

જૂઠું જ જેઠાને થર્ડ ડિગ્રીથી તત્કાલ બચાવે છે. અરે જૂઠ જ શાહુકારોનો જીવન ટેકો છે. ત્રીજો અને છેલ્લો દાખલો ગણાવું. જેમ કે વરસોથી પાળેલા પોતાના પહેલા ખોળાના લેણિયાતને 'લલ્લુપ્રસાદ' એવું કહે કે, "જા, માર્ચ મહિનાની 'પહેલી એપ્રિલે' હું નયણા કોઠે, તારા નાણાં મારા નયન જ્યૂસ (આંસુ)થી ધોઈને ચૂકવી દઈશ..." તો એ પોતાની જ લક્ષ્મીનો તરસ્યો લાખેણા લેણિયાત તળિયા વગરના લોટાની જેમ ગબડીને જતો રહે કિન્તુ પરંતુ.... જો લલ્લુપ્રસાદ દોઢડાહ્યો થઈને સાચ્ચે સાચ્ચું કહી દે કે, "આગામી આઠ જન્મ સુધી તો આશા જ ન રાખતો. નવમા જન્મે પણ જોગ થશે તો જોઈશ."... તમે જ કહો, જીગો ઝાલ્યો રહે ? અરે, એ તો બૂમ પાડીને આજુબાજુના બાર જણને બોલાવીને કહે કે, મને પકડો... આજે હું જાતે ઝાલ્યો નહીં રહી શકું !

આમ જૂઠથી જ માણસ ઝાલ્યો રહે છે. જૂઠથી જ હિંસા અટકે છે. અને જૂઠથી જ સંબંધો અને સંસાર ટકી રહે છે. તો જૂઠ બોલને મેં ઘાટા હૈ ક્યા ? ફિર ક્યૂં મના કરતે હો ? અને હિંસા અટકવાથી આપણા ગાંધીજી રાજી રાજી થઈ જાય એ તો વ્યાજનાય વ્યાજ જેવો નફો !! કેટલાક જૂઠ ભીરુઓએ તો પોતાની ભીરુતાને ઢાંકવા એવું સુવાક્ય ચલાવ્યું છે કે, સત્ય બોલેલું યાદ નથી રાખવું પડતું, જ્યારે જૂઠ બોલેલું સતત યાદ રાખવું પડે છે, તો એ તો સારી વાત થઈને ! સતત યાદ રાખવાના અભ્યાસથી તો યાદશક્તિ તેજ થાય. યે તો ડબલ મુનાફાવાલી બાત હુઈ. બાય ધ વે, કોઈને જૂઠ બોલવું ગમતું ન હોય. પરંતુ સત્યના ખાટા, ખારા, કડવા, તીખા, તૂરા અનુભવોથી આકળો થયેલો માણસ આખરે જૂઠના રંગીન રવાડે ચડે છે.

હજુ પાછું ગીતમાં બોગસ બીક બતાવતા આગળ કહે છે કે - "ખુદા પાસે જવા માટે હાથી ઘોડા નહીં મળે, ચાલતા જવું પડશે," લો બોલો... કેમ જાણે સજનો આખી જિંદગી હાથી - ઘોડા ઉપરથી હેઠો જ ન ઊતર્યો હોય ?! અને હા, વિચાર્યા વગર ઘોડે ચડવાની ભૂલ તો આખી જિંદગીમાં એકાદવાર કરી નાખી હોય પણ હાથી ઉપર તો બેસવા માટેનો વિચાર કરવાનુંયે લાઇસન્સ લેવું પડે. ઘણાએ તો - રથયાત્રા સિવાય હાથી જોયાય ન હોય. એટલે એ તો જૂઠ બોલીશું તો હાશ, હાથી ઘોડા ઉપર બેસીને નહીં જવું પડે એમ માનીને જૂઠને જ વળગી રહે. એટલે એ ભૂમિપુત્ર ભાયડાને ભય એવો બતાવાય કે, "ન સાઈકલ હૈ, ન શટલિયા હૈ." તો કુછ બાત બને. અત્રે હું એટલું જ કહેવા માગું છું કે બીક બતાવવાનો આફરો ચડ્યો હોય તો ભલે બીક બતાવો... પણ વાહન તો વાજબી રાખો. ભલા માણસ !

ગીતના છેલ્લા શબ્દો તો સત્યને - હકીકતને જ સરાસર જૂઠ સાબિત કરે છે... વહાં પૈદલ હી જાના હૈ. અહીં તો ખુલ્લી ચેલેન્જ આપું છું કે, જે કોઈએ આજ સુધી કોઈ મુર્દાને પગે ચાલીને ખુદા પાસે જતો જોયો હોય એણે મને વીડિયો - વૉટ્સઅપ કરવો. એ વીડિયો ને લાઈક, શેર, સબસ્ક્રાઈબ અને વાઈરલ કરવાની જવાબદારી મારી બૉસ, જાવ ! સદેહે ઉપર પહોંચી ગયેલાના પગ પાસે મગનું કટ્ટુ ઠલવી દઈએ તો, 'મગ ચલાવે પગ' કહેવત પણ કામ ન કરે. એ પગ તો શું પગની આંગળી યે ન હલાવી શકતો હોય એ 'ઉપર' હાલતો - પૈદલ જાય ? ઈવડો ઈ તો, 'હું તો આ સૂતો' કહીને ચત્તોપાટ થઈ જાય છે. જેને ગરજ હોય એ ખભ્ભે ઊંચકીને સદરહુ 'RIP'ને છેક છેલ્લા સ્ટેશને - સ્મશાને લઈ જાય છે. પછી તો એ વગર વિઝાએ પરલોકે હવા હવાઈ... જાય છે. છતાં ગામ હારે આપણે ય ગાઈએ છીએ... વહાં પૈદલ હી જાના હૈ. આ ગપોડી ગાયકને આપણે પૂછીએ કે, પૈદલ જતા હોય તો પગલાંની નિશાની બતાડો લ્યો. અને એવું કહીએ તો તરત ફેરવી તોળીને સાચું ગાવા માંડશે કે -

"દુનિયા સે જાનેવાલે જાને ચલે જાતે હૈ કહાં...
કૈસે ઢૂંઢે કોઈ ઉનકો નહીં કદમોં કે ભી નિશાન."

આ તો મારે લેખ આપવાની ડેડલાઈન નજીક આવી ગઈ એટલે 'ડેથ' ની વાત કરી. બાકી માણસે જીવતે જીવ શું કામ કરવાની વાત કરવી પડે ? વિદ્વાન વૈદ્ય તરીકે હું તો સ્વસ્થ જીવન માટે અંતે (મારા નહીં, લેખના અંતે) એટલી જ સલાહ આપું છું કે, જીવતા પૈદલ ચાલવાનું નિયમિત રાખીશું તો Late (સ્વર્ગસ્થ) થવાનું થોડું 'Late' કરી શકાશે ! બાકી તો દુનિયા મેં હમ આયે હૈ તો 'જાના' હી પડેગા...

છમ્મવડું : ખુદ નિર્દોષ શબ્દમાં 'દોષ' લપાયા વગર બિન્દાસ બેઠેલો છે. તો દોષી માણસ પાસે શું અપેક્ષા રાખવાની ?!

એ-૭૦૪, સંપાર્ય ટાવર,
નંદદીપ બંગલા પાસે, વસ્ત્રાપુર,
અમદાવાદ. મો. ૯૪૨૮૩૫૧૧૨૦

નહીં ને ?

- પરાગ મ. ત્રિવેદી

"હેલ્લો...?" મારી બાજુમાં બેઠેલા ભાઈએ મોબાઈલમાંથી નંબર જોડી વાત ચાલુ કરી.

સ્વાભાવિક જ, મને, સામેથી વાત કરનારનો અવાજ નહોતો સંભળાતો. પણ આગળ વાંચતા તમને ખ્યાલ આવી જશે કે મારે સામેથી વાત કરનારનો અવાજ સાંભળવો જરૂરી નહોતો. બિલકુલ જરૂરી નહોતો !

"હેલ્લો પુરોહિત સાહેબ ?"

"............"

"હં... અ.... પુરોહિત સાહેબને... ?"

"............"

"હેં.... અ... એ સાહેબ, રજા ઉપર તો નથી ને ?"

"............"

"હેં.... ? નહીં ને ?"

"............"

"હં.... અં... ક્યા ગામ છો. સાહેબ ?"

"............"

"હેં ? ઓફિસમાં જ છો ? સર્વિસ ઉપર જ છો, એમને ?"

"............"

"એ સાહેબ ! અત્યારે ક્યા ડિપાર્ટમેન્ટમાં છો ?"

"............"

"અચ્છા, એમાં જ છો. એમને ! હં.... અ... તો પછી સાહેબ, જમવા તો નથી બેઠાને ?"

"............"

"હેં....? નહીં ને ?"

"............"

"આ તો કદાચ રિસેસ પડી હોય ને જમવા બેઠા હોય..."

"............"

"નહીં ને ? તો નાસ્તો કે એવું કંઈ... ?"

"............"

"નહીં ને ! એ.. તો પછી સાહેબ... બહુ કામમાં તો નથીને ?"

"............"

"નહીં ને ? હં.... અ... આમ તો મેં આ ટાઈમે એમ વિચારીને જ ફોન કર્યો કે અત્યારે સાહેબ થોડા ફ્રી હશે..."

"............"

"નથી ને બહુ કામમાં.... ?"

"............"

"ફ્રી છો ને ?"

"............"

"સાવ ફ્રી છો, સાહેબ ? એ સારું કહેવાય કે અત્યારે સાવ ફ્રી..."

"............"

"અચ્છા, થોડું કામ ચાલે છે..."

"............"

"એ સાહેબ, તો હું પછી ફોન કરું..... ?"

"............"

"હ....અ.... વાત થાય એમ છે. હં.... અ... આમ તો મને હતું જ કે અત્યારે સાહેબને વાત કરવા જેટલો ટાઈમ તો હશે જ.... હં.... અ... હા... છે ને ?"

"............"

"હા, તો સાહેબ મેં ફોન એટલે કર્યો હતો... કે... કે... જાણવા મળ્યું કે તમારી બદલી થઈ ગઈ...!"

"............"

"હા... હા... તમારી !"

"............"

"... અહીં અમારા ગામમાં...!"

"............"

"હા... હા... ખરેખર કહું છું !"

"............"

"પણ મને વાત મળી કે તમે બદલી થઈને અમારા ગામમાં, અમારી ઓફિસની બાજુના મકાનમાંની ઓફિસમાં આવી ગયા...!"

"............"

"અરે, આજે જ સવારે વાત સાંભળી અને પાછી ખાતરીપૂર્વક."

"............"

"મારા મિત્રએ મને કહ્યું કે, પુરોહિત સાહેબની બદલી થઈ... નહીં ને ?"

"............"

"હં... અ... તો ઠીક. પણ એણે મને એમેય કહ્યું કે પુરોહિત સાહેબને વિદાય-સમારંભમાં કોઈક ગિફ્ટ આપતું હોય એવો ફોટોય એણે જોયો - વોટ્સએપના ગ્રૂપમાં !"

"............"

"એટલે સાહેબ, એવો કોઈ વિદાય સમારંભ થયો નથી ને ?"

"............"

"નહીં ને ? હં... અ... અને કોઈએ કંઈ ગિફ્ટ આપી હોય અને ફોટો પાડીને વોટ્સએપમાં..."

"............"

"નહીં ને ?"

"............"

"અચ્છા... અને સાહેબ, તમે અમુક સમય પહેલાં સર્વિસ મૂકી દેવાનું વિચારતા હતા... તે મૂકી તો નથી દીધી ને !"

"............"

"નહીં ને ? હા... એ તો તમે હમણાં કહ્યું કે તમે ઓફિસમાં જ છો ને થોડા કામમાં છો... ને..."


"............"

"... આ તો મને ગિરિયાએ તમારા વિદાય સમારંભના ફોટાનું કહ્યું એટલે મને થયું કે તમે સર્વિસ છોડી દીધી હશે...?"

"............"

"નહીં ને ?"

"............"



"હા... એ... તો તમે કહ્યું, પણ આ તો આવી પાકી વાત મળે એટલે એમ થાય કે સાહેબે...."

"............"

"... અને ગિરિયાએ પાછું એમ પણ કહ્યું કે સાહેબ તમારી ઓફિસની બાજુના જ બિલ્ડિંગમાં..."

"............"

"નહીં ને !"

"............"

"હજી ત્યાં જ છો, એમને ! એ જ ડિપાર્ટમેન્ટમાં અને એ જ ગામમાં."

"............"

"સારું, સારું... આ તો આજે સવારે 'જલદ પાન'ની સામેની લોન્ડ્રીની બાજુની ગલી પાસે મને ગિરિશ મળ્યો અને મને કહે કે તેણે ફોટો જોયો તમારા વિદાય સમારંભનો...! એટલે મેં કીધું કે લાવ ફોન કરવા દે પુરોહિત સાહેબને પૂછવા દે કે બદલી થઈ ગઈ કે શું...?"

"............"

"નહીં ને ! નથી થઈ ને.....?"

"............"

"પણ સાહેબ, સાચું કહું ? તમે તમારી માગણી તો ચાલુ જ રાખજો હો. બદલીની - અમારા ગામમાં..."

"............"

"અને સાહેબ, તમે ફેમિલી અહીં સેટ કર્યું છે તો એટલી તો અપેક્ષા હોય જ ને, કે તમને અહીં બદલી આપી દે."

"............"

".... એટલે માગણી તો સાહેબ, મૂકયે જ રાખજો. કોને ખબર છે - ક્યારે ચાન્સ લાગીયે જાય ? અને સાહેબ...."

"............"

"અને સાહેબ, બીજું - નોકરી છોડવાનો વિચાર નહી કરતા સાહેબ... હજી તમારે ચારેક વર્ષ બાકી ખરાને ? હં... અ...."

"............"

"હા, તો સાહેબ, ખેંચી નખાય હો !"

"............"

"ના, ના ! આ તો તમે થોડા સમય પહેલાં કંઈક કહેતા હતા ને કે... પણ નોકરી મૂકાય નહીં, સાહેબ."

"............"

"નહીં ને ? પછી ઘરે બેસીને કંટાળીએ. આ તો નોકરી

ચાલુ હોય તો બે ઘડી આવી રીતે મિત્રો સાથે વાતચીત થાય ને મઝા આવે !''

''............''

''અને.. હું પણ સાહેબ. આવી અફવાઓમાં માનું નહીં પણ ગિરીશ સવારે... ગિરીશને ઓળખ્યો ને સાહેબ ?''

''............''

''અરે, પેલા ઝાપડિયા સાહેબના મામાનો દીકરો...''

''............''

''સાહેબજી...! ઝાપડિયા સાહેબ એટલે તમારા જૂના બોસ રાવલ સાહેબના પહેલા બોસ કીકાણી સાહેબના બેચમેટ !''

''............''

''અરે, સાહેબ ! કીકાણી સાહેબ એટલે મારા જૂના મકાનમાલિક વીરુભાના કાકાના જમાઈ !''

''............''

''ઓળખ્યા ?''

''............''

''હા ! તો એ જ ગિરીશ ! આમ તો હું એને ગિરિયો જ કહું - મારો જૂનો મિત્ર ખરોને ! એના કાકા ને મારા માસા....''

''............''

''એ ગિરીશ મને ઊભો રાખીને કહે, 'તને ખબર પડી ?' મેં કીધું શાની ? તો કે લે તને ખબર નથી ? મેં કીધું - પણ શાની ? તો કે, 'પુરોહિત સાહેબની બદલી થઈ ગઈ... તમારા ગામમાં...'''

''............''

''હેં ? નહીં ને, સાહેબ ?!!''

''............''

''ત્યાં જ છો ને ? એ જ ગામમાં ?''

''............''

''નહીં, પણ આ તો પાછું એમ કીધું ને કે મેં સાહેબનો વિદાય સમારંભ વખતનો ફોટો જોયો...' એટલે મને થયું કે લાવ જરા ફોન કરીને પૂછું કે....''

''............''

''નહીં ને ?''

''............''

''એ જ ડિપાર્ટમેન્ટમાં, એમ ને ?''

''............''

''હેં. અં... અચ્છા સાહેબ, તમારે કોઈ જોડકા ભાઈ ખરા ?''

''............''

''નહીં ને ?''

''............''

''હં.... અં... આમ તો તમને આટલાં વર્ષથી ઓળખું એટલે ખબર તો હતી કે, કોઈ જોડકા ભાઈ છે નહીં. પણ પૂછ્યું એટલા માટે કે ગિરિયાએ જે ફોટો જોયો... વૉટ્સએપના ગ્રૂપમાં - એ તમારા જોડકા ભાઈનો...''

''............''

''નહીં ને ?''

''............''

''એ સારું, સાહેબ, આવજો...''

''............''

''... અને બદલીની માગણી ચાલુ રાખજો.''

''............''

''આ તો અફવા હતી, પણ આ અફવા સાચી બને અને હું તને ફરી વખત સાચેસાચા અભિનંદન આપતો ફોન લગાવું એવી શુભેચ્છા !''

''............''

''આવજો... આવજો... સાહેબ... આવજો...''

''............''

ફોન મૂકતાં બબડ્યા - 'ગિરિયાને ફોન કરીને પૂછું કે વૉટ્સએપમાં ક્યા ગ્રૂપમાં ફોટો જોયો ? મને ફોરવર્ડ કરવાનું કહું... ગિરિયો આમ તો ભૂલ ખાય એવો નથી...'

સી-૧૦૪, સત્યમ સ્કાઈલાઈન,
એ.ઈ.સી. ચાર રસ્તા, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩.



બાલ્કનીમાં વૃંદાવન

- અધીર અમદાવાદી

અનેક પુરુષોની જેમ અમને પણ બાલ્કનીમાં બેસીને છાપું વાંચવાની ટેવ છે. પણ શી ખબર કેમ, છાપાં અને સ્ત્રીઓને જૂનું વેર છે. સ્ત્રીઓ પસ્તીના બંડલને કચકચાવીને દોરી બાંધતા જુઓ તો તમને હું કહું છું એ સમજાશે. ગુજરાતી છાપામાં મંગળવારે ખાસ મહિલાઓ માટે પૂર્તિ છપાતી હોવા છતાં. પુરુષોના તો વરસાદમાં છત્રી લઈને જતા ફોટા પણ નથી છપાતાં કે નથી એમની અલગ પૂર્તિ છપાતી, છતાંય પુરુષો મહિલાઓની સરખામણીમાં વધુ છાપાં વાંચે છે. જોકે એ આડવાત થઈ, મૂળ વાત એ છે કે પતિ બાલ્કનીમાં બેસીને સવાર સવારમાં છાપું વાંચતો હોય તો એ પત્નીઓને દુષ્કર થઈ પડે છે. એમ તો પતિ મોબાઈલમાં જોઈને મરકે તો પણ એ પત્નીઓ માટે સંશયનો વિષય બની જાય છે. એ જ પતિ મોબાઈલમાં જોઈને જો ખડખડાટ હસે તો એ એમને એટલું વાંધાજનક નથી લાગતું. આવું કેમ થતું હશે ? આ પ્રકારના વૈવિધ્યપૂર્ણ વિચારો પણ અમે બાલ્કનીમાં બેઠાં બેઠાં જ કરીએ છીએ.

પહેલાના સમયમાં સિનેમા થિયેટરમાં બેઠક વ્યવસ્થામાં બાલ્કની, અપર-સ્ટૉલ અને લોઅર-સ્ટૉલ એમ ત્રણ ભાગ પડતા. સૌથી આગળની બે-ત્રણ રો-લોઅર સ્ટૉલ કહેવાતી જેની ટિકિટ પચાસેક પૈસા સૌથી ઓછી રહેતી, અને ફિલ્મ સિનેમાસ્કોપ હોય તો ટેબલ ફેનની જેમ માથું ફેરવી-ફેરવીને ફિલ્મ જોવી પડતી. ઘણીવાર તો ડાબી બાજુ હીરો-હીરોઈનનો લવ સીન ચાલતો હોય અને જમણી બાજુ વિલન આવી પહોંચ્યો છે એની લોઅરવાળાને ખબર પણ નહોતી પડતી. એ સમયે બાલ્કનીમાં પિક્ચર જોવું સ્ટેટસ સિમ્બૉલ ગણાતું, એમાં જેણે ફર્સ્ટ ડે ફર્સ્ટ શૉમાં અમિતાભની ફિલ્મ બાલ્કનીમાં બેસીને જોઈ હોય એ તો મહિના સુધી કૉલેજમાં કૉલર ઊંચા રાખીને ફરતો ! સિંગલ સ્ક્રીન થિયેટર બંધ થવા લાગ્યા છે, એટલે આવનાર સમયમાં બાલ્કનીઓ લુપ્ત થઈ જશે. પરંતુ ફ્લેટની ફૂલ હવાદાર બાલ્કનીઓ હજુ પણ કબૂતરો અને માણસો માટે હોટ જગ્યા છે.

અમે નવા ફ્લેટમાં રહેવા ગયા, અને અમે બાલ્કનીમાં બેસી છાપું વાંચવાનું શરૂ કર્યું તે; શ્રીમતીજી, વાઈફ અથવા તો જેને બેટરહાફ કહે છે તેમને ખાસ પસંદ નહીં આવ્યું હોય એની પ્રતીતિ અમને થોડા જ સમયમાં થઈ. એક સોનલ સવારે હંમેશની જેમ એક હાથમાં કપ, બીજામાં છાપું, અને મોબાઈલ ખીસાવગો રાખીને અમે બાલ્કનીમાં પ્રવેશ કરી અમારી સુનિશ્ચિત જગ્યાએ બેસવા ગયા, ત્યાં પાછળ કશુંક ભોંકાયું હોય એવું લાગ્યું. વળીને જોયું તો બાલ્કનીમાં અમારી બેસવાની ખુરશીની જગ્યાએ પાંચેક કૂંડાં દેખાયાં. અમારું ઝૂકવું પાંચ પૈકીના એક ગુલાબના છોડને પોતાની પ્રાઈવસીમાં ભંગ લાગ્યું હશે એટલે એનો એક કાંટો લેંઘાને વિચ્છેદીને અમારી માંસ-પેશીમાં ઘૂસી ગયો. અમારું ધ્યાન પંચર તરફ હતું એનો લાભ લઈ અમારા કપમાંથી થોડી ચા ઊછળીને જમીન પર ઢોળાઈ.

ખુરશીની જગ્યાએ આ ફૂલછોડ આવી ગયા, કાંટો



વાગ્યો, ચા ઢોળાઈ, ઉપરાંત ચાના ઢોળાવા વિષે પભવિષ્યમાં લેક્ચર સાંભળવું પડશે; આ બધી બાબતો અંગે અમને ખીજ ચઢી હોવા છતાં અમે પત્નીની આયોજનશક્તિને મનોમન દાદ આપી. જે અમને પાછળથી ખબર પડી એ કે, આ કૂંડાં અમદાવાદ શહેરમાં યોજાતાં અદ્ભુત ફ્લાવર શૉમાંથી આવ્યાં હતાં. અમારી મદદ વગર ફ્લાવર શૉથી રિક્ષા સુધી, રિક્ષામાંથી લિફ્ટ સુધી, અને લિફ્ટથી બાલ્કની સુધી પાંચ પાંચ કૂંડાં, એ પણ માટી સાથે પહોંચાડવા માટે મૅનેજર જેટલી આવડત જોઈએ. ખાસ કરીને બીજા પાસે કામ કરાવવું હોય ત્યારે તો ખાસ. એક હાથમાં છાપાં અને બીજા હાથમાં ચાના કપ સાથે અમે બધું ભૂલી કોઈ જોતું નથી એ જોવા ચારેતરફ નજર કરી, ત્યાં નીચે જોયું તો વૉચમેન પપ્પુભાઈએ અમને સલામ ઠોકી. તરત તાળો મળી ગયો.

જોકે કાંટો ભોંકાયો એટલે અમારાથી હળવી ચીસ નીકળી ગઈ હતી એ સાંભળીને પત્ની બાલ્કનીમાં દોડી આવી. અને અમારી ધારણાથી વિપરીત, ધારણા કહો કે પછી એષણા - જે કહો તે, અમને શું થયું તેની સહાનુભૂતિપૂર્વક પૃચ્છા કરવાને



બદલે એ ગુલાબની ડાળી તો તૂટી નથી ને? તે ચકાસવા લાગી.

'આ બધું શું છે ? અને મારી આરામ ખુરશી ક્યાં ગઈ ?' હળવા ગુસ્સા સાથે અમે પૂછ્યું. લગ્નના દસેક વર્ષ પછી ગુસ્સો ક્યારે, કેટલો અને કયા ટોનમાં કરવો તે પતિઓને આવડી જાય છે.

'એ અંદર લઈ લીધી છે, છોડની કેર કરવામાં તકલીફ પડે એટલે'. ગુલાબની ડાળી તૂટી નહોતી એવું એના અવાજથી પ્રતીત થયું. એટલે અમે કાયદેસર વાંધો નોંધાવવાનું નક્કી કર્યું.

'તો હું છાપું ક્યાં જઈને વાંચું ?'

'ગમે ત્યાં વાંચ, ડ્રોઈંગરૂમ છે, બેડરૂમ છે, અને લોકો તો કમોડ પર બેસીને પણ છાપું વાંચે છે'.

પત્ની મજાકના મૂડમાં હોય તેવું જવલ્લેજ બનતું હોય છે, માટે આવા સમયે ગુસ્સો કરી શકાય જ નહીં. એટલે અમે થોડી નરમાશ સાથે કહ્યું:

'પણ મને બાલ્કનીમાં ફાવી ગયું છે ડાર્લિંગ'.

'પણ છોડને તો સૂર્યપ્રકાશ જોઈએ એટલે બાલ્કનીમાં જ રાખવા પડે સમજ પડી?'

'અને મારે સૂર્યપ્રકાશથી વિટામિન-ડી લેવું છે એનું શું ?' અમે સાચવીને અપીલ ચાલુ રાખી.

'એ તો તું ઓફિસ જાય એટલે રસ્તામાં મળી રહે, છોડને એમ સાથે લઈને બહાર ના જવાય'. અમે કલ્પનાબેનનો ઘોડો દોડાવ્યો, કે અમે ઓફિસ જવા નીકળીએ છીએ અને પત્ની બે કૂંડાં સાથે લઈ જવાનું કહે છે 'લે જરા આને તડકો ખવડાવતો આવજે ને'.

'તો આપણે એક જ બાલ્કની છે, એ વિચારીને છોડ લાવવો જોઈએ ને ?' અમને જોખમ ના જણાતા દલીલ ચાલુ રાખી.

'જો છોડ આવી ગયા છે, હવે એ કંઈ પાછા અપાય નહીં'. આ ક્ષણે આ આવું જ છે અને બીજું કશું ના હોઈ શકે,

એમ સ્વીકાર ભાવના કેળવો તો તમને નિરાશા ભાવ નથી થતો. આવું ક્યાંક સાંભળેલું અમને યાદ આવ્યું. પત્નીએ અમને લાગુ પડતી બાબતો માટે એ જીવનમાં ઉતારેલું છે.

'કેમ અપાય નહીં ? તારા જેવા કોઈ શોખીનને ગિફ્ટમાં અપાય'. અમારા એક દોસ્ત જેના પર અમને કોઈક કારણસર ખીજ છે એની પત્નીને અમુક છોડ ગિફ્ટ આપવા જોઈએ એવો વિચાર પણ અમને આવી ગયો.

'આ છોડ અહીં જ રહેશે'. હાઈકોર્ટ સ્ટેટ્સ કવૉ જાળવવા હુકમ કરે એમ પત્નીએ નિર્ણય જાહેર કર્યો. કચવાતાં કચવાતાં અમે છાપું વાંચવા માટે બીજી જગ્યાની શોધ શરૂ કરી. પત્ની નામની હાઈકોર્ટ સ્ટે આપે પછી સુપ્રિમ કોર્ટમાં અપીલમાં જવાતું નથી એ પ્રમાણે છોડ બાલ્કનીમાં જ રહ્યા અને અમારી આરામ ખુરશી ડ્રોઇંગરૂમમાં સોફાની હરોળમાં સ્થાન પામી.

★★★

પણ પછી તો એકાદ અઠવાડિયામાં જ અગાઉ ભેટમાં આવેલા, કે જે આવડતના અભાવે અને વધારે પડતી માવજત છતાં મરી ગયેલા, અથવા આ બંનેમાંથી એક કારણે મરી ગયેલા, એવા જૂનાં ત્યજી દીધેલા કૂંડાંમાં સગાસંબંધી-પિયર-પાડોશીને ત્યાંથી ચોરી લાવેલી મની-વેલ દેખાઈ. હા, મનીવેલ ચોરીને લગાડવાનો રિવાજ છે. સ્વાભાવિક છે કે આ નવો રિવાજ છે. જે દર્શાવે છે કે આપણો સમાજ કેટલો ભ્રષ્ટ થઈ ગયો છે. બૂટ ચોરવાનો અને એ ચોરેલા બૂટ એની મૂળ કિંમત કરતા વધારે રૂપિયા લઈને પાછાં આપવા જેવા રિવાજો આમ તો કંઈ નવા નથી. પણ બીજા અઠવાડિયામાં તો જૂનાં ઠામડાં શોધીને એમાં બારમાસી, તુલસી, ઓફિસ ટાઇમ, અને કેક્ટસની વાવણી થઈ ગઈ. અને નવા લાવેલા ફૂલ સાથેના છોડ નવ દહાડા તો એવા ખીલ્યા કે જાણે તમે બાલ્કનીમાં નહીં વૃંદાવનમાં આવી ગયા હોવ !

સ્ત્રી ધારે તો ઘરને સ્વર્ગ-વૃંદાવન-એન્ટિલા બનાવી શકે છે. આવું બધા કહે છે. પણ ઘરને નહીં તો બાલ્કનીને તો વૃંદાવન ચોક્કસ બનાવી શકે. એ પણ ખાલી એકાદ મહિનામાં. આવું અમને લાગે છે. પણ બાલ્કની વૃંદાવન બનતા પુરુષની હાલત 'આરબભાઈ અને ઊંટ' વાળી વાર્તામાં આવતા આરબભાઈ જેવી થાય છે.

જોકે ગાર્ડનિંગના સામાજિક ફાયદા પણ છે. જો તમને છોડના અંગ્રેજી નામ અને કુળ ખબર હોય તો ગાર્ડનિંગનો હોબી તમને ઉચ્ચ વર્ગમાં સ્થાન અપાવી શકે છે. અને અમે તો માનીએ છીએ કે નકામી પંચાતમાં સમય બગાડવા કરતા ગાર્ડનિંગ કરવું સારું. આ સુવિચાર અમને જ લાગુ પડશે એ જોકે પછી ખબર પડી. લાઉ એરિક્સન કરીને કોક મહાનુભાવ કહી ગયા છે કે ગાર્ડનિંગ કરવામાં ખૂબ પાણીની જરૂર પડે છે; મુખ્યત્વે પરસેવાના સ્વરૂપે. એક મહિનામાં તો અમે કૂંડાં ખસેડવાનું, અગાઉ ખસેડ્યા હોય તેવા કૂંડાં ફરી મૂળ જગ્યાએ પાછાં મૂકવાનું, કૂંડાં નીચેથી સાફ થઈ શકે તે માટે ઈંટો શોધી લાવવાનું, ઈંટ મૂકી એના ઉપર કૂંડાં ગોઠવવાનું, ડોલ ભરીને પાણી પહોંચાડવાનું, જૂના કૂંડાંની પથ્થર જેવી થઈ ગયેલી માટી



ખોદી કાઢવાનું, બાજુની કન્સ્ટ્રક્શન સાઇટ પરથી ગુણ ભરીને જણાવેલી ક્વૉલિટીની માટી લઈ આવવાનું, જૂનાં કૂંડાંને ગેરુથી રંગવાનું, વેલ ચઢાવવા માટે ઊંચે ભીંત પર ખીલો ઠોકવાનું, હાથ પર હથોડી વાગે એનું ડ્રેસિંગ કરવાનું, બજારમાંથી વેલ ચઢાવવા માટે દોરી લાવવાનું અને એ બાંધવાનું, દવા લાવવાનું, દવા પમ્પમાં ભરી આપવાનું, પમ્પ ચાલુ કરી આપવા જેવાં અનેક નાનાં-મોટાં કામોમાં પરસેવો પાડવા લાગ્યા હતા.

આટલા કઠોર પરિશ્રમ છતાં બાલ્કનીને વૃંદાવન બનાવવાનો દસ ટકા યશ પણ આજની તારીખમાં અમને મળ્યો નથી, એ પણ હકીકત છે. એટલે જ કદાચ સામેની બાલ્કનીમાંથી અમારી આ પ્રવૃત્તિઓ જોઈ છાપું વાંચતાં વાંચતાં ઉપાલંભભર્યું સ્મિત આપતા પડોશી સતીશિયાનું તો ડોકું મરડી નાખવાનું મન પણ અમને થયું; પરંતુ એ ઘરમાં કૂતરું રાખતો હોવાથી એ વિચાર અમે મોકૂફ રાખ્યો. તમે નહીં માનો, પણ પોમેરિયન એ કૂતરું જ કહેવાય ભલેને એ કદમાં ગમે તેટલું નાનું હોય !

જોકે આટલી મહેનત કર્યા પછી અમને બે વાતનો સંતોષ છે; એક એ કે અમારું બાલ્કની કમ વૃંદાવન અમેરિકામાં રહેતા અમારા મિત્રોના ઘરમાં છે એટલા મોટા બગીચા જેટલું નહોતું, નહીંતર કોલેજકાળમાં અને નોકરીની શરૂઆતનાં વર્ષોમાં જે અમને સાંભળવા મળતું તે ‘ઘાસ કાપવાનું’ કામ પણ કરવું પડત. બીજું એ કે અમારા ઘરમાં માત્ર એક જ બાલ્કની છે.

★★★

ગુલાબ સ્ત્રીઓને પ્રિય ફૂલ છે. અમે એન્ગેજમેન્ટથી લગ્નની પહેલી વર્ષગાંઠ સુધી ગુલાબ પાછળ સારો એવો ખર્ચો કરેલો છે. કૉલેજમાં પણ રોઝ ડે ઉજવાતા હોય છે. લોકોને પોતપોતાના પ્રિયપાત્રને ગુલાબ આપતા જોઈને ગુલાબની ખેતી કરવામાં એન્જિનિયર થવા કરતાં વધારે તક છે એવો વિચાર પણ અમને આવી ગયો હતો. ગુલાબથી શેક્સપિયર યાદ આવે. શેક્સપિયરના ફેમસ રોમિયો-જુલિયેટમાં જુલિયેટ પણ બાલ્કનીમાં ઊભી ઊભી જ બબડતી હોય છે ને ? જોકે એ રોમિયોને પાર્ટીમાં પહેલીવાર જ મળી છે, માટે એ ગુસ્સામાં નહીં પ્રેમથી બબડતી હોય છે. દુશ્મન પરિવારના એવા રોમિયોના નામ વિષેની વાતમાં જુલિયેટ કહે છે કે બળ્યું નામમાં શું રાખ્યું છે, ગુલાબનું બીજું કોઈ નામ હોત તો પણ એ એની સુગંધ એટલી જ હોત. બાલ્કનીમાં ગુલાબ ઉગાડવાની ઘેલછા આ રોમિયો અને જુલિયેટની પ્રણય કથા જેટલી જ કરુણાંત નીવડે છે. નવા ગુલાબના છોડ નવ તો નહીં તો વધુમાં વધુ નેવું દહાડામાં નવા છોડ માટે જગ્યા કરી આપે છે ! અને પતિઓનું કામ વધારે છે !

આજે ફ્લાવર શૉને લગભગ સાડા ત્રણ મહિના થયા છે. અમે ફરીથી બાલ્કનીમાં નિરાંતે છાપું વાંચીએ છીએ.

ફૂલ-ટૉસ

ફેરા ફરવાથી ફેર ચઢે છે.

ડી-૧૨, ન્યુ વૈભવ ફ્લેટ, સમર્પણ ફ્લેટ સામે, ચન્દ્ર કોલોની, ઓફ સી. જી. રોડ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૦૬ મો. ૭૬૯૮૯૮૭૫૭૫





“છપ્પર ફાડ કે”


અર્પણ કાપડિયા
મો. ૮૯૦૫૨૩૯૫૭૮



“અલખનો આનંદ”
ભૂમિકા ભાવસાર
મો. ૯૮૨૪૦૮૯૬૭૭



“ચાચર ચોકમાં...”
પ્રિતેશ પટેલ
મો. 9924266108


“ના મારો પિચકારી”
જગદીશ જોશી
મો. ૯૪૨૭૯૮૭૭૪૦

"નવરી બજારનું ટેલિફોનિક બેસણું"

- જીતેન્દ્ર ઠક્કર

કોરોનાકાળમાં લોકોએ ના જોવાનું બધું જ જોઈ લીધું. રૂપાળી સ્ત્રીઓએ પણ મોંઢા ઢાંકીને જવું પડે, એનાથી મોટી દુઃખદ ઘટના કઈ હોઈ શકે ? લગ્ન પછી પણ જાહેરમાં દો ગજ કી દૂરી રાખવી પડે ? આજે વિનીયો, હિતીયો અને પદીયો ખૂબ ઉદાસ હતા. ભરતીયા ભૂખ્ખડના બાપા કોરોનાને કારણે ઉકલી ગયા હતા. બાપા વારસામાં પીત્તળના બે વાટકા અને સ્ટીલનું એક બુઝારું મૂકીને ગયા હતા. ભરતીયો ભીડભંજન નાટક મંડળીમાં મુખ્ય કલાકાર હતો. છેલ્લા એક વર્ષથી ઘરની બહાર નીકળ્યો નહતો, એટલે નાટક ભજવ્યાનો તો સવાલ જ ન હતો. ગામના સુખી માણસોએ ફંડફાળા કરીને લોકોને અનાજ-ઘરવખરીની કિટો વહેંચી હતી, એમાં ભરતીયાનો મેળ પડી જતો હતો એટલે રોટલી-શાક ખાવાનો વાંધો આવ્યો નહીં. એવામાં બાપા ટપક્યા.

ચાની કીટલીએ વિનીયો અને હિતીયો ચુસકી મારી રહ્યા હતા, ત્યાં પદિયો પાન થૂંકતો ટપક્યો, "અલ્યા આ ભરતીયા ભૂખ્ખડના બાપા કોરોનામાં ગયા, હવે બેસણું કરવું પડશે ને !" વિનીયાએ જવાબ આપ્યો. "અલ્યા ભઈ અત્યારે બેસણા પ્રથા બંધ છે. માત્ર ટેલિફોનિક બેસણું ચાલે છે."

એટલામાં ભરતીયો ટપક્યો... ત્રણેય જણાએ દૂરથી નમસ્કાર કરીને ભરતીયાને આશ્વાસન આપ્યું. ભરતીયાએ શરૂ કર્યું, "અલ્યા, બાપા કોરોના કાળમાં ગયા એ સારું થયું નહીંતર હું બેસણાના ખર્ચામાં ઉકલી જાત... હવે ઉધારી કરીને પણ બારમું કરવું જ પડશે..." હિતીયાએ ઉત્સાહથી સૂર પૂરાવ્યો... "અલ્યા ટેલિફોનિક બેસણું ક્યારે છે ?" ભરતીયાએ કહ્યું, "કાલે જ છે, મારી પાસે કાબરચીતરા ઝભ્ભા છે, તારી પાસે સફેદ ઝભ્ભો હોય તો આપને ! બેસણામાં પહેરવા જોઈશે ને !" હિતીયાએ તરત જવાબ આપ્યો, "અલ્યા, ટેલિફોનિક બેસણામાં તારા ઝભ્ભા કોણ જોવાનું છે !"

ભરતીયો વધારે ભડક્યો, "અલ્યા તને ખબર નથી, અમુક વાયડાઉ તો વીડિયો કોલ કરે છે... આપણી આંખો લાલ છે કે નહીં ? એ પણ ચેક કરે છે..." પદીયાએ સૂર પૂરાવ્યો, "હા, અત્યારે હરખપદુડાઓ ખાસ પંચાત કરવા વીડિયો કોલ કરે છે..." ટૂંકમાં ભરતીયાએ હિતીયાને નવોનક્કોર ઝભ્ભો પડાવી લેવાનું વચન લઈ લીધું... ઘેર જતી વખતે ઝભ્ભો લેતા જવાનું પણ ફાઈનલ થયું.

બેસણાની સવાર પડી. ભરતીયો અને તેની ખૂબ જાડી વાઈફ સુવર્ણલતા બાજુમાં ગોઠવાઈ ગઈ. સુવર્ણલતાએ શરૂ કર્યું, "સાંભળો, મોઢું જરા રડતું રાખજો... બાપ જેવો બાપ ગયો છે... નાટકમાં કરો છો એવી થર્ડ ક્લાસ એક્ટિંગ ના કરતા.. વાચિકમ ઉપર જરા ભાર આપજો..." ભરતીયો ભડક્યો, "ઓ વાચિકમની મા, તું તારું સંભાળનો ! તું ઓવરએક્ટિંગ ના કરતી એટલે બસ..." એટલામાં ફોન રણક્યો, ભરતીયાએ ઉપાડ્યો... "બાપા, ગયા... ખૂબ



પુણ્યશાળી આત્મા... ચૌદસની સવારે જ ગયા.'' સામેથી કોઈ ભડક્યું, ''ઓ ચૌદસની મા... કાન્તિ કરિયાણાવાળો બોલું છું... પાંચસો બત્રીસ રૂપિયા ત્રણ મહિનાથી બાકી છે, એ ક્યારે મોકલે છે ?'' ''ભરતીયાએ કહ્યું, ઓમ શાંતિ, આજે મારા બાપુજીનું ટેલિફોનિક બેસણું છે. કાલે મોકલી આપીશ. ઓમ શાંતિ...'' ભરતીયાએ ફોન કટ કર્યો. થોડી વારે બીજો ફોન આવ્યો.... ''ભરતભાઈ, બાપુજીના સમાચાર સાંભળ્યા. ખૂબ દુઃખ થયું. એ રોજ અમારી હોટલે ફાફડા ખાવા આવતા. બે વાર પપૈયાનો સંભારો લે, ત્યારે એમને મજા આવતી. ઉપર બે કડક ચા પણ પીવા જોઈએ. ખૂબ મજાના માણસ... ભગવાન એમને શાંતિ આપે...'' ફોન કટ કર્યો. ફોન સ્પીકર ઉપર હતો, એટલે આ વિગતો સુવર્ણલતાએ પણ સાંભળી. સુવર્ણલતા ભડકી... ''મને હતું જ કે તમારા બાપા બપોરે કેમ ઓછું ખાય છે ! બહાર ફાફડા ઝાપટીને આવતા હોય પછી ઘરનું કોણ ખાય ?'' ભરતે જોડાણ કર્યું, ''સુવર્ણલતા, આ રોજ ફાફડા ખાવાની આદતના કારણે જ, બાપુજી વારસામાં એક બુઝારું અને પીત્તળના બે વાડકા મૂકીને ગયા છે...'' એટલામાં બીજો ફોન રણક્યો, ''બાપુજી કેમ કરતા ગયા ?'' ભરતીયાએ જવાબ આપ્યો. ''કોરોનાને કારણે હોસ્પિટલમાં હતા. નાકમાં ઑક્સિજનની નળી હતી. એટલામાં એમને છીંક આવી... નળી નીકળી ગઈ અને થોડીવારમાં બાપુજીનો જીવ પણ નીકળી ગયો...''

આ સાંભળીને સુવર્ણલતાએ પોક મૂકી.... ફોનમાંથી અવાજ આવ્યો. ''આ ભેંસાસુર કોનો છે ?'' ભરતીયા પાસેથી ફોન ઝૂંટવીને સુવર્ણલતાએ શરૂ કર્યું, ''ભેંસાસુર તારી મા... મારા સસરા ગુજરી ગયા એટલે હું રડું છું એ પણ તારાથી સહન નથી થતું ?'' સામાવાળા સજ્જન ડઘાઈ ગયા. એમણે ફોન મૂકી દીધો. તરત જ કોઈ વીડિયો કોલ આવ્યો. વીડિયો કોલમાં કોઈ બેન હતાં. એમણે રડવાનું શરૂ કર્યું. જવાબમાં ભરતીયાએ પણ ભેંકડો તાણ્યો. ભરતીયાએ સુવર્ણલતાને ઠોંસો મારીને રડવાનો ઈશારો કર્યો. ત્રણે જણા છ મિનિટ સુધી રડ્યાં. અચાનક સામેવાળા બેનની નજર સુવર્ણલતાની બુટ્ટી પર ગઈ... રડવાનું બંધ કરીને પૂછ્યું, ''અલી સુવર્ણી, આ બુટ્ટી તો મારી છે, તું ક્યારે લઈ ગઈ ?''

સુવર્ણલતા ભોંઠી પડી... તેણે જવાબ આપ્યો, ''હેં ! તારી છે ! મને થયું જ કે મારી પાસે તો આવી બુટ્ટી હતી નહીં ! આવી ક્યાંથી ! કશો વાંધો નહીં. કાલે આ બાજુ નીકળે તો લેતી જજે... આપડે કોઈની બુટ્ટી રાખીને શું કામ છે !'' ફોન કટ કરી નાખ્યો. ટૂંકમાં સુવર્ણલતાએ બેનપણીની બુટ્ટી તક જોઈને તફડાવી લીધી હતી. ભરતીયો ભરવાયો... તેને થયું કે હવે વધુ વાર બેસણું ચાલુ રાખીશું તો નક્કી ઉઠમણું થઈ જશે. આમ ભરતીયાએ આબરૂ બચાવવા માટે ટેલિફોનિક બેસણું પૂર્ણ કર્યું.

૩, સંજય પાર્ક, સુંદરવનની પાછળ,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૫૩૬૫૪૪



અસંખ્ય પ્રવાસો કર્યા પછી મળી આવેલું સત્ય : ધરતીનો છેડો ઘર !

- કિશોર અંધારિયા

આમ તો કોરોનાના આગમન પછી ઘરની બહાર નીકળવું એ પણ હવે તો મોટો પ્રવાસ કર્યો ગણાય એવું થઈ ગયું છે. સૌ કોઈએ (ભ્રમરવૃત્તિ જ નહીં પણ) ભ્રમણવૃત્તિ પર કાબૂ રાખવો પડે એવો સમય આવી ગયો છે નહીંતર કોરોના બેકાબૂ થઈ જાય એવી દહેશત છે.

અમારા એક મિત્ર કહે છે, 'આ પહેલું વર્ષ છે કે મેં મારી યુરોપ-અમેરિકાની ટૂર આ કોરોના પેન્ડેમિકને કારણે કેન્સલ કરી... બાકી દર વખતે પૈસાને અભાવે જ એ વિચાર રદ કરવો પડે છે !'

ટ્રાવેલિંગનો શોખ હોય તો ટ્રાવેલિંગના પ્લાનિંગ, એને લગતા કેટલોગ જોવાં, પ્રવાસવર્ણનો વાંચવાં, દેશ-દુનિયાના પ્રવાસન સ્થળોના ફોટોગ્રાફ જોવા, કયાં સ્થળો એકબીજાથી કેટલાં દૂર છે અને કઈ રીતે ત્યાં પહોંચી શકાય ? કઈ સીઝનમાં ત્યાં સારું વાતાવરણ હોય છે ? વગેરે જાણવાનું ઈન્ટરેસ્ટિંગ કામ ઘરની પણ બહાર ગયા વગર થઈ શકે છે. વગર ખર્ચે. ઘેર બેઠાં જો ગંગા મળે તો હરદ્વાર-હૃષીકેશ સુધી શા માટે ધક્કો ખાવો ? આખરે આપણા પોતાના અનુભવ હોય છે કે બહુ બધે ફરવા જઈએ ત્યારે અંતે તો ઘર જ યાદ આવે છે કારણ સાચું જ કહેવાયું છે કે ધરતીનો છેડો ઘર.

એક કોરોના ફ્રી ઐતિહાસિક સમય હતો કે જ્યારે વેકેશન પડે એટલે શ્રીમતીજીઓની ભ્રમણવૃત્તિ ઉત્તેજિત થઈ ઊઠતી. બાળકોને તો સ્વાભાવિક ઘરને બદલે બહાર રહેવું વધુ ગમે એટલે પતિ અને પિતાનો રોલ ભજવતા પુરુષને ઘરવાસ છોડી પ્ર-વાસ પર જવાની નાછૂટકે તૈયારી કરવી પડતી.

એક ઈતિહાસ વિષયક ગોષ્ઠિમાં વક્તાએ વક્તવ્યમાં કહ્યું, 'આ તમે જ કહો, તાજમહેલ કઈ વાતનો સાક્ષી છે?' ત્યારે કોઈ શ્રોતા તેના નીરસ પ્રવચનથી કંટાળીને બોલ્યું, 'સ્ત્રી જીવતે જીવ તો ઠીક, મર્યા પછી પણ એના પતિના ખિસ્સાં ખાલી કરાવી શકે છે તે વાતનો આ તાજમહેલ પુરાવો છે !'

પહેલાં તો વેકેશન પડે એ સાથે લોકોને પ્રવાસ માટે થનગનાટ થવા લાગે. શ્રીમતીજી કહે, 'બાજુમાં રહેતા પોપટભાઈ ને મેનાબેનને જુઓ, ચારેય ધામની યાત્રા કરી આવ્યાં... દર વર્ષે ક્યાંક ને ક્યાંક તો ફરવા જાય જ છે ને !'

ત્યારે આપણે મજાકમાં કહેવું પડે, 'મેનાબેન અને પોપટભાઈ તો નામથી જ પંખીની જાત તે આમતેમ ઊડ્યા કરે... આપણાથી થોડું એવું થાય છે !'

ના છૂટકે ટ્રાવેલિંગનું પ્લાનિંગ કરવું જ પડે એટલે વેકેશનમાં સૌથી મોટો પ્રશ્ન હોય છે ટ્રેનની ટિકિટ બુક કરાવવાનો. કેટલાંક નયનરમ્ય અને ગમતા પ્રવાસન સ્થળો એટલે છોડવા પડે છે કે ટિકિટો વેઈટિંગ કવોટામાં મળે. હવે બધાં સાથે હોય અને એક-બે ટિકિટ કન્ફર્મ ન થઈ તો કોને ઘરે રાખીને જવાય ?

આવે વખતે 'શું કરીશું બોલ ?' પતિ એ આશાએ પત્નીને કહે છે કે રખે ને પ્રવાસમાં જવાનું જ ટળે.

'ચાલશે હવે, ગમે ત્યાં બહાર જ જવું છે ને ! ગમે ત્યાં ગોઠવી નાખો ને ! મુંબઈ નહીં તો પછી દિલ્હી. ત્યાં ન થાય તો ઉટી. નહીંતર પછી જયપુર કે ઉદેપુર. આપણો દેશ તો ઘણો મોટો છે. હું ક્યાં તમને અમેરિકા કે ફ્રાન્સનું કહું છું ?'

'જરાક અક્કલ તો વાપર, ત્યાં ક્યાં ટ્રેન જાય છે ?'

'મેં એ જ કહ્યું ને ?' પત્ની હસી, 'એટલે તો હું અમેરિકા કે ફ્રાંસનું નથી કહેતી ! મને એટલું જી.કે. તો છે હો ! અને જી.કે. એટલે શું એ તો ખબર છે ને ?!'

'તું ગમે તે ઝીંકે ન રાખ ! મને બધી ખબર છે... અને ટિકિટ મળે તે સ્થળ ગમે તે હોય ત્યાં ફરવા જવાનું છે એ પણ સમજાઈ ગયું છે.'

પછી પતિને નાછૂટકે જે સ્થળની ટ્રેનની ટિકિટ મળી શકે તેમ હોય તેના આધારે પ્રવાસનું આયોજન કરવા લાગે છે.

આમ તો પ્રવાસનો મૂળભૂત હેતુ શાંતિ, આનંદ અને રૂટિન લાઈફમાંથી ચેઈન્જ મેળવવાનો હોય છે. પરંતુ પ્રવાસનું નક્કી કરીએ ત્યારથી માનસિક શાંતિ જોખમાય છે. ટૂરના આયોજનમાં જ પ્રવાસનો અડધો થાક તો લાગવા માંડે છે. પ્રવાસની તારીખો, ક્યાં જવું ? ક્યા સ્થળે કેટલું રોકાવું ? વળી એ સ્થળથી પાછું પહેલા ક્યાં જવું અને પછી ક્યાં જવું ? એ પ્લાનિંગ પ્રમાણે ટિકિટ મળે છે કે નહીં ? જો ન મળતી હોય તો એ આયોજનની મહેનતને પાણીમાં નાખી એમાં નાહી નાખીને, ફ્રેશ થઈને પ્રવાસનો નવો રૂટ શોધવો. આખરે આપણા પ્રવાસના તો આપણને જ ધરાર કોલંબસ બનાવ્યા છે ને શ્રીમતીજીએ !

મને-કમને પ્રવાસ ગોઠવાઈ જ જાય પછી એની પૂર્વ તૈયારીઓ શરૂ થાય છે. શું શું સાથે લઈ જવાનું છે એની યાદી વાઈફ બનાવે છે ત્યારે થાય છે આના કરતા શું શું નથી લઈ જવાનું એની યાદી બનાવી હોત તો એ ટૂંકી અને સરળ બનત. એમાંય ટ્રેનમાં અને ગંતવ્ય પ્રવાસના સ્થળે ખાવાપીવાનું કશું મળવાનું જ નથી એવી તૈયારી સાથે એ ઘરે થેપલાં, ચેવડો, પૂરી, સક્કરપારા વગેરે બનાવે છે ત્યારે લઈ જવાનો બીજો લગેજ ઓછો કરવો પડે છે. આખરે બધો ભારવહન કોણ કરે ? પ્રવાસમાં ઘરના નાના-મોટા સભ્યો તો સૌ મોબાઈલથી થોડા પિકનિક સ્પોટના ફોટા અને વધુ તો સેલ્ફી લેવામાં વ્યસ્ત

હોય છે. આપણે તો કેટલા નંગ પ્રવાસમાં જોડાયા છે અને કેટલા નંગ સામાન સાથે લીધો છે એનીય ચિંતાઓ કરવાની હોય છે. અને એક ચિંતા પેલી પણ ખરી ને કે ઘર આટલા દિવસ બંધ રહેશે તે સમયે ચોર લોકો આપણા ઘરનો પ્રવાસ નહીં ગોઠવી કાઢે ને ?

'વેકેશનમાં ફરવા જવું' એને હક અને ફરજ માનતા ગુજરાતી પરિવારો દશે દિશાએથી પ્રવાસન સ્થળે જવા ધસમસતા હોય છે તેથી આપણે એ ગિરદીમાં પડતા, આખડતા માંડ પ્રવાસના મુકામે પહોંચીએ છીએ. જો અગાઉથી હોટેલમાં રૂમ બુકિંગ ન કરાવ્યું હોય કે બુકિંગ ન મળ્યું હોય તો રહેવાની સારી જગ્યા શોધવામાં એટલો સમય જાય છે કે ત્યાનાં કેટલાંક સ્થળો જોવા જવાનો મોહ ત્યાગ કરવો પડે છે. એમાંય 'ગુજરાતી થાળી' ખાવા ફરવા જતા ગુજરાતીઓને વધુ તકલીફ પડે એ સ્વાભાવિક છે. રહેવા-જમવાની સગવડ શોધવા જતા જે થાક લાગે એ ટ્રેનની મુસાફરીથી પણ ચડિયાતો હોય છે પરિણામે કેટલીકવાર જોવા-ફરવાનું સાવ ગૌણ બની જાય. પ્રવાસના ઘણાં ખરાં સ્થળો માણસોથી ઊભરાય. ત્યાં એક પ્રકારની ગુંગળામણ અનુભવાય. ક્યાંય શાંતિ નહીં ને બધું જ મોંઘુ. બંધ નહીં પરંતુ ઉઘાડી લૂંટ અને સામે ચાલીને લૂંટાવા આવતા પ્રવાસીઓનાં ટોળેટોળાં.

પ્રવાસ આયોજનની કડાકૂટમાંથી મુક્તિ મળે એટલે કેટલાક હવે પેકેજ ટૂરમાં જોડાય છે. તેમાં કેટલીક મુશ્કેલીઓ હળવી બનતી લાગે છે પરંતુ એમાં આવતી સમસ્યાઓ વળી અલાયદી હોય છે. બાળક જન્મે છે ત્યારે એને મા-બાપ પસંદ કરવાની છૂટ નથી હોતી. એવી રીતે કંડકટેડ ટૂરમાં પ્રવાસીઓને પોતાના સહપ્રવાસી પસંદ કરવા નથી મળતા. પરિણામે જો સાથે ને સાથે રહેવાથી ગમે તે કારણોસર એકબીજા વચ્ચે સંઘર્ષ સર્જાય તો દુશ્મનો સાથે પ્રવાસ કરવાના વિચિત્ર સંજોગો પ્રાપ્ત થાય છે.

ક્યારેક ઘરની ચાર દીવાલોની ચોરસ દુનિયા કેટલાકને જેલ જેવી લાગવા માંડે છે. ઘરવાસ વનવાસ જેવો કઠોર લાગવા લાગે ત્યારે ખરેખર તેઓ અભયારણ્ય કે નેશનલ પાર્ક જેવા જંગલોનો પ્રવાસ ગોઠવી નાખે છે. "ઘરનો દાઝ્યો વનમાં ગ્યો તો વનમાં લાગી લ્હાય !" આ કહેવત પ્રવાસના સંદર્ભમાં મૂલવીએ તો ઘરથી દૂર ભાઈ સુખ-શાંતિ લેવા જંગલમાં પણ જાય છે તો 'આગ' મતલબ પત્ની તો સાથે ને સાથે હોય છે. જાયે તો જાયે કહાં !

"ડુંગર દૂરથી રળિયામણા"ની જેમ પ્રવાસનાં સ્થળો (જેમાં ખરેખર પણ ઘણાં પર્વતીય સ્થળો હોય છે.) પણ ઘણીવાર છેતરામણા નીકળે છે. પોસ્ટરમાં કે ફિલ્મોમાં કે યૂ ટ્યૂબ પર જે સ્થળ 'પ્રેમમાં પડી જવાય તેવું' લાગે, ખરેખર ત્યાં પહોંચીને લાગે - પૈસા પડી જાય તેવું છે. કોઈ ઐતિહાસિક સ્થળની માહિતી અને ફોટોગ્રાફ જોતાં એમ થાય અહીં જવું જ પડે પરંતુ પહોંચીને થાય અહીંથી પણ જલ્દી જવું જ પડે ! ત્યાં આસપાસ ઝાડી-ઝાંખરા ઊગી ગયેલાં હોય. ખુલ્લી ગટર લાઇન, બીજી બાજુ પ્રાણીઓએ, મતલબ માનવ-પ્રાણીઓએ પણ ઉત્સર્ગ દ્રવ્યો ઠાલવવામાં કોઈ કસર છોડી ન હોય એ સ્થળ જલ્દીથી છોડી જ જવું પડે.

તો પણ હવે ગુજરાતી પ્રવાસ પ્રિય જનતાનો ટૂરિસ્ટ પ્લેસવાળા કે પ્રવાસ આયોજકો ખૂબ જ ખ્યાલ રાખે છે. હોટેલમાં ઘર જેવું જ ગુજરાતી ખાવાનું અને દરેક રૂમમાં ટીવી રાખે છે... જેથી ઘરેલું કંકાસને રજૂ કરતી સિરિયલનો એકપણ હપતો અહીં આવી ને કોઈને ગુમાવવો ન પડે. સવારે ઘર જેવી જ ચા અને નાસ્તો. એકવાર અહીં ફરવા આવ્યા પછી હોટેલની બહાર નીકળવાનું મન જ ન થાય એવું સરસ વાતાવરણ હોય છે !

કોરોનાનો આ કપરો કાળ આવ્યો એ પહેલાં જઈ આવેલા એક પ્રવાસ શોખીન ગુજરાતી સ્નેહી સાથે વાત કરવાની થઈ.

'ફરી આવ્યા બધે ?'

'હોવે... પણ આ વખતે બહુ જામી નહીં.'

'કેમ ટૂરિસ્ટ પ્લેસ બરાબર નહોતા સિલેક્ટ થયા ?'

'ના, એવું નહોતું પણ દિલ્હીમાં આપણો સમાજ ખરુંને... તેની પાછળની ગલીમાં આપણા સૌરાષ્ટ્રનો એક કારીગર કાંઈ ગાંઠિયા બનાવતો હતો... વેરી ટેસ્ટફુલ ! એ આ વખતે નહોતો.'

'અચ્છા ?'

'...અને અધૂરામાં પૂરું ચાંદની ચોકમાંય બધું ઠેકાણે થઈ ગયું છે !'

'શું વાત કરો છો ? ત્યાં તો બહુ મોટી બજાર છે.'

'તમેય યાર, સમજો તો ખરા. બજાર કંઈ થોડી ઊઠી જાય ? પણ ત્યાં ગુરુદ્વારા સામે બે ભૈયા ચાટની લારી ઊભી રાખતા હતા. લારી જુઓ તો થર્ડ ક્લાસ પરંતુ ચાટનો સ્વાદ એટલે જીવનભર યાદ રહી જાય એવો ફર્સ્ટ કલાસ !... એને ત્યાં બહુ શોધ્યા પણ મળ્યા નહીં.'

'તે તમે વડોદરાથી દિલ્હી સુધી તો રાજધાની ટ્રેનમાં ગયા હતા ને ?'

'હા, પણ તમે એ ભૂલ ન કરતા. હવે રાજધાનીમાં પણ પહેલા જેવું ટેસ્ટી ડિનર નથી મળતું !'

આમ કોઈકના પ્રવાસનો મુખ્ય હેતુ ખાવાપીવાનો અને ગૌણ હેતુ ફરવા-જોવાનો હોય છે.

પ્રવાસનો હેતુ ખરેખર આનંદ મેળવવાનો હોય પરંતુ ત્યાંની ભાગદોડમાં એવો તો થાક લાગે છે કે થાય છે કે હવે પાછાં ઘરે ક્યારે પહોંચીએ ? અને ધારો કે કાશ્મીર ફરી આવ્યા પછી પણ જયારે ઘરે આવીએ ત્યારે જ 'હાશ' થાય, ને લાગે કે આખી દુનિયામાં ક્યાંય સ્વર્ગ હોય તો એ ઘરે જ છે, ઘરે જ છે, ઘરે જ છે !

૩૦૩, દેવાશિષ સ્ક્વેર ફ્લેટ,
સીગ્નસ સ્કૂલ સામે, મોટનાથ રોડ, હરણી,
વડોદરા-૩૯૦૦૨૨. મો. ૯૪૨૮૧૮૨૭૪૭

મારી સંગીતસાધના

- *નગીન દવે*

હું ભરનિદ્રામાં મધુર સ્વપ્ન માણી રહ્યો હતો ત્યાં દ્રુત વિલંબિત છંદમાં જોરશોરથી થતા ગાયનથી જાગી ગયો તો શેરીનું શ્વાનવૃંદ સામસામે આરોહ-અવરોહ સાથે ઊંચે આકાશ સામે જોઈને ગાયન કરી રહ્યું હતું. સામાન્ય રીતે કોઈ નવતર કૂતરું આવી ચડે તો શેરીનાં શ્વાન તેને સત્તાવાહી સ્વરે જાકારો આપી ભગાડી મૂકે છે. એ ઝઘડા કરતાં આ આલાપ કાંઈક અલગ જ હતો. જેને શ્વાન, ક્રંદન કહી શકાય. અને કહેવાય છે કે, એ કંઈક માઠું થવાના અણસારરૂપે હોય છે. તેમના આ લાંબા પ્રલાપથી મારી ઊડી ગયેલી ઊંઘના લીધે હું વિચારવંટોળે ચડી ગયો.

મને વિચાર આવ્યો કે આ શ્વાનોને વગર તાલીમે કેટલું સંગીતનું જ્ઞાન છે. જ્યારે હું બુદ્ધિજીવી મનુષ્ય સંગીત ક્ષેત્રે સાવ ઠોઠ છું ! વિદ્યાર્થી અવસ્થામાં અમે ભર્તુહરિનો એક શ્લોક ભણેલા જેનો અર્થ થતો હતો કે જ વ્યક્તિ સાહિત્ય, સંગીત અને કલાના જ્ઞાન વગરનો છે તે પૂંછડા વગરના સાક્ષાત્ પશુ જેવો છે. તે જીવવા માટે ઘાસ ખાતા નથી એ પશુઓનું પરમ સૌભાગ્ય છે. વગર તાલીમે કોયલ કૂજે છે, મોર ગહેકાટ કરે છે, ભમરા ગુંજારવ કરે છે, દેડકાં ડ્રાઉં ડ્રાઉં કરે છે, તમરાં રાત્રિગાન કરે છે, જ્યારે હું સંગીત ક્ષેત્રનું કશું જ જ્ઞાન ધરાવતો નથી. મારે સંગીત શીખવું જ જોઈએ એવો મેં મનોમન નિર્ણય કરી લીધો.

હવે સંગીતમાં પહેલા ગાયનમાં જવું કે વાદનમાં તે યક્ષપ્રશ્ન ઊભો થયો. શરૂઆતમાં ગાયન ઠીક પડશે એમ માની ગાયનના પ્રયોગો શરૂ કરી દીધા. ભણવામાં કવિતાઓ આવતી તે શિક્ષકો ગવડાવતા એ સિવાય ગાયકીનો કોઈ અભ્યાસ નહોતો. મેં થોડા રાગ અને લય સૂર તાલ વિશે સાંભળેલું પણ કશી ગતાગમ નહોતી. માલકૌંસ, તોડી, સારંગ, શિવરંજની, કાફી, કલ્યાણ, બિલાવલ ભૈરવી, અહીર ભૈરવ, પ્રભાતી આ નામો સાંભળેલાં, પરંતુ તેના બંદિશ, સરગમ, આરોહ, અવરોહ, ગત અને સમય બાબતનું જરાપણ જ્ઞાન નહોતું. આકાશવાણી અને ટી.વી.ના સંગીતના કાર્યક્રમો મને ગમતા અને ઘણીવાર એ ગવૈયાઓનું અનુકરણ કરવા પ્રયત્ન પણ કરતો પણ જામતું નહીં.

મેં સંગીતક્ષેત્રે પ્રથમ ગાયન માટે કમર કસી. મારા નાનકડા ઘરના એક સાંકડા રૂમમાં મેં મંદ સ્વરે એક આલાપ ખેંચ્યો. થોડીવારે વોલ્યુમ વધારતાં પત્ની પાણી લઈને હાંફળી-ફાંફળી દોડી આવી. મેં કહ્યું હું સંપૂર્ણ સ્વસ્થ છું અને હંમેશાં પૂર્ણ સ્વસ્થ રહેવા માટે સંગીતનો આશરો લઈ પ્રથમ ગાયકીનો પ્રયોગ કરી રહ્યો છું, તે મોઢું ચડાવી ચાલી ગઈ... ...ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?

અનેક કોલાહલો વચ્ચે દિવસે ગાવું એ દુષ્કર લાગ્યું એટલે રાત્રિના પ્રથમ પહોરે મેં મને મનગમતો નામ વગરનો રાગ છેડ્યો. ગાયકી ધીમી હોવા છતાં ઘરના સભ્યોને તે વિઘ્નકર લાગ્યું એટલે બંધ કરી દીધું. ફરી ચોથા પહોરે વહેલી સવારે ગાયન શરૂ કર્યું. શેરીનાં જાગ્રત શ્વાનોનાં કાને પડતાં તેમણે પણ રાગ ક્રંદન છેડ્યો તો કોઈએ ભસવાનું ચાલુ કર્યું. પડોશીઓ જાગી ગયા અને નિશાપરિધાનમાં દોડી આવ્યા. પ્રથમ શ્વાનોને શાંત કરી મને ગાયન બંધ કરવા કહ્યું. એક બાહુબલી તો બંદૂક લઈને આવ્યા હતા. તત્કાલ એ કાર્યક્રમ મુલતવી રાખી હું પુનઃ શય્યાધીન થઈ ગયો.

મારા મિત્ર ભોગીલાલે ખાસ સલાહ આપી કે મારે શહેરના સંગીતકાર મિયાં દરબારી પાસેથી સંગીતનું પદ્ધતિસરનું શિક્ષણ લેવું જોઈએ. તેમની સંગીતશાળા પ્રખ્યાત હતી. હું તેમને મળવા પહોંચ્યો. તેમની સંગીતશાળામાં બાળકો, કિશોરો, મોટેરાંઓ તેમના જુદા જુદા રિયાઝ કરવામાં તલ્લીન હતાં. મેં પ્રથમવાર જોયા છતાં મારા બનનારા સંગીતગુરુ મિયાં દરબારીને ઓળખી ગયો. તેમની ચાલમાં નર્તન હતું અને શબ્દોમાં ગાયન ! તેમની ચાલની અંગભંગીમાંથી સંગીતની સર્વ કળાઓ પ્રગટ થતી હતી. વાહ, ગુરુ વાહ ! મને લાગ્યું કે અહીં આપણું કંઈક ઠેકાણે પડશે. મેં તેમને પીઠ નમાવી કુરનિસ બજાવી અને સંગીત શીખવાની અભિલાષા વ્યક્ત કરી. હોઠના ખૂણેથી ટપકવા જતાં રસને રૂમાલ વડે રોકી તેમણે મને સ્મિત સાથે સંગીતસભર આવકાર આપ્યો. મારી વિગતો જાણી તેમણે મને સાંજે સાત વાગ્યે રૂબરૂ મળવાનું કહ્યું.

સાંજે સાત વાગ્યે હું પહોંચી ગયો. એક હૉલમાં મારા જેવા થોડા પ્રવેશવાંછુઓ અને બીજા સંગીત પ્રેમીઓ બેઠા હતા. મને તેમની સાથે બેસવા ઈશારો કરી મિયાં દરબારી બોલ્યા : “અહીં તમારો સાક્ષાત્કાર થશે. તમારી રુચિની અહીં પરખ થઈ જશે. પછી તમને સંગીતની દીક્ષા આપવામાં આવશે. અમારો પરિવાર પહેલા એક નાનકડી મહેફિલ કરશે. એ પ્રવેશ પ્રક્રિયાનો જ એક ભાગ છે. દિલ્હી દીવાના ડમડમખાંની ડમડમ ઘરાનાની અમારી પરંપરા છે. મહાન સંગીતાચાર્ય ડમડમખાંનો પરિચય આપવાની જરૂર નથી. તેમના શિષ્યો દેશ વિદેશમાં સંગીતક્ષેત્રે તેમનો ડંકો બજાવી રહ્યા છે.”

હૉલમાં સંગીતનાં અનેક સાધનો હતાં. બધી દીવાલો

પર વાદ્યોનાં તથા નર્તક-નર્તકીઓનાં ચિત્રો હતાં. વચ્ચે ઉસ્તાદ ડમડમખાંનો મોટો ફોટો હતો. ત્યાં ખુશ્બૂદાર અગરબત્તી જલતી હતી. થોડીવારે મંચ પર એક આધેડ છતાં મેકઅપના જોરે યુવતી થવા મથતાં એક મહિલા પ્રવેશ્યાં. એ હતાં શ્રીમતી ઠુમરી દરબારી - એ સ્થૂળકાય મહિલા ગોળા પર બુઝારું ઢાંક્યું હોય એવા લાગતાં હતાં. તેમની સાથે જેમનાં એક એક અંગમાંથી સંગીત પ્રગટતું હોય તેવી તેમની બે પુત્રીઓ બંસરી તથા ખંજરી અને પુત્ર બિલાવલ હતાં. ઠુમરીજી વચ્ચે બેઠાં - બંસરી તેમની જોડાજોડ બેઠી. ખંજરી થોડે દૂર સિતાર લઈને સ્ટેચ્યૂવત્ બેઠી અને ધીમે ધીમે તાર મેળવવા માંડી. બિલાવલ તબલાં પર સંગત કરવા બેસી ગયો. વાદ્યો મેળવાઈ ગયાં એટલે મિયાં દરબારીએ સંગીત નિયોજક તરીકે હાથથી ઈશારો કર્યો અને પાકિસ્તાની ગાયિકાની અદાથી ઠુમરીજીએ એક ચીજ છેડી... પગ ઘુંઘરુ બાંધ મીરાં...

ઠુમરીજીનો અવાજ ઘેરો હતો તેમની અદા સાથેની ગાયકી ઉન્માદક હતી. ઘડીમાં ગોઠણભેર થઈ જાય ઘડીમાં ઊભા થઈ જાય... ફણીધર નાગ જેમ ડોલતાં જાય.. તાળીઓ પાડે... ગોઠણ પર થાપા મારે.. ઝટકા મારી જુલ્ફો સંવારે... આવું અગાઉ ભૂવા ધૂણે ત્યારે જોયેલું... વાહ... વાહ...! બધા આફરીન થઈ ગયાં... આરોહ-અવરોહ અંગભંગીથી તેમણે પગ ઘુંઘરું અને મીરાંના આલાપો કર્યે જ રાખ્યા પણ છેક સુધી મીરાં નાચી નહીં તે નાચી જ નહીં ! એક શ્રોતા તો એવા આફરીન થઈ ગયેલા કે માથું હલાવતાં હલાવતાં આખા હાલવા માંડ્યા અને એવા તોરમાં આવી ગયા કે એક ગલોટિયું ખાઈ ગયાં ! ધીમા... ધીમા... ધીમા સ્વરે ગાયન સમાપ્ત થયું.

પ્રસન્નચિત્તે મિયાં દરબારીએ અમને ગીત-સંગીતની ટૂંકમાં સમજણ આપી અને મને સાક્ષાત્કાર માટે ઠુમરીજી સામે ખડો કરવામાં આવ્યો. મને કોઈપણ ગીત ગાવાનું કહેવામાં આવ્યું. મને નરસિંહ મહેતાનું પ્રભાતિયું યાદ આવ્યું. એટલે રાત પડી ગઈ હોવા છતાં લલકાર્યું... જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા... તુજ વિના ધેનમાં કોણ જાશે... તેમના ચહેરાના હાવભાવ પરથી તેમનો પ્રતિભાવ હું કળી શક્યો નહીં. તેમણે મને પૂછ્યું : ''તેમને શામાં રસ છે. ગાવામાં કે બજાવવામાં ?''

''બન્નેમાં'' મેં બીતાં બીતાં કહ્યું.

''કશો વાંધો નહીં... તમારા ગળામાં રાગ ભૂતડા બેસે તેમ છે એ તમને શિખવાડશું અને તમારો દેહ જોતાં તમને ઢોલ વગાડવામાં હાથ બેસી જશે. સાડા પાંચ વર્ષનો કોર્સ છે અને સત્રના સત્તર હજાર ફી છે. જે તમે ભરી દેશો એટલે પ્રવેશ આપી તાલીમ શરૂ કરી દઈશું. અને હાં... તમારે ઘરે દરરોજ ત્રણ ચાર કલાક રિયાઝ કરવી પડશે.''

હું હકારમાં ડોકી હલાવી વિદાય થયો.

મેં ઘરે આવીને મારી ફ્રેન્ડ, ફિલોસોફર કમ ગાઈડ એવી મારી સહધર્મચારિણીને મારી સંગીત સાધના વિશે માંડીને વાત કરી. સાથે સાથે ભરવાની ફી ની પણ. તેણે મને કહ્યું : ''જુઓ આપણાં બધામાં ગીત-સંગીત તો રહેલા જ છે.. .બાળક જન્મીને તરત રડે છે તે એક જાતનું ગાયન છે. બગાસામાં પણ સૂક્ષ્મ સંગીત છે. રિક્ષાના અવાજ જેવા જે લોકો નસકોરાં બોલાવે છે તેમાં પણ સંગીતની છાંટ છે. આપણે તાળીઓ પાડીને ધૂન, ભજન, કીર્તન, ધોળ કરીએ છીએ એ પણ એક પ્રકારનું સંગીત છે. મહોરમમાં જે ચોંકારો અને ધાવશેર લેવામાં આવે છે તેમાં પણ કરુણ સંગીત છે. ગલગલિયાથી થતું હાસ્ય અને પીડામાં થતાં ઉંહકારામાં પણ સંગીત છે. પ્રકૃતિ પણ સંગીતથી ભરેલી છે. વર્ષાઋતુમાં હડુડાટ, પવન સાથે થતી વૃક્ષોની મરમર, નદીનાં વહેતાં પાણીનો અવાજ, દરિયાનાં મોજાનો અવાજ આ બધું સંગીત સતત ચાલી રહ્યું છે. ભલે મારી પાસે કોઈ સંગીતનું ડિગ્રી સર્ટિફિકેટ ન હોય પરંતુ ગીત સંગીતનું જ્ઞાન અવશ્ય છે. નાનપણમાં મોળાકતમાં દેદો કૂટવાનાં ઢીંગલા-ઢીંગલીનાં લગ્નથી લઈને મોટાં થઈને લગ્નનાં ગીતો અને નવરાત્રિમાં ગરબા ગાયા છે, રાસ રાસડા લીધા છે. અંતકડી રમ્યા છીએ... જુઓ, હવે નવરાત્રિ આવી રહી છે. હવે જમાનો છે ડિસ્કો ગરબાનો. મોંઘા પાસ લઈને ખેલંદાઓ પાર્ટી પ્લોટમાં કદમકલાના અવનવા પ્રયોગો સાથે ગરબા રમે છે. ગામડામાં ઉઘાડા પગે સીમમાં ફરતાં પગમાં કાંટો વાગી જાય તો પીડા સાથે તરત જ ડિસ્કો ડાન્સ થઈ જાય છે. એવા સ્ટેપ પણ આધુનિક ગરબામાં આવે છે.''

ડિસ્કો ગરબા તથા પરંપરાગત ગરબાના સ્ટેપમાં હું પ્રવીણ છું. 'લે કચુકો લે' ગીતનાં રીધમ સાથેનાં સ્ટેપ સ્વયં સ્ફૂરણાથી આવડી ગયાં છે. ચાલો, આપણે એ નવી જૂની પદ્ધતિનાં રાસ ગરબાનાં કદમ પાડવાના ક્લાસ ખોલી નાખીએ. હું ગાઈશ, અને સ્ટેપ શિખવાડીશ અને તમે ડબ્બા અને વાસણો પર થાપીઓ મારી સંગીત આપજો તે નેચરલ પણ લાગશે. જરૂર પડે ત્યારે મનફાવે એમ ફિલ્મી ગીતો, દુહા, છંદના રાગડા તાણજો - તો કરીએ શરૂઆત. બે વર્ષ આ ધંધો ચાલશે તો લોનના હપતા પણ ભરાઈ જશે.''

મેં માથુ ખંજવાળતા નીચી મુંડીએ સંમતિ આપી.

હવે અમે ઘરે બોર્ડ મારી દીધું છે. ''અવનવા સ્ટેપ શીખવા થનગન દાંડિયા ક્લાસ. બેનમૂન સંગીત સાથે પ્રવેશ ચાલુ છે.''

પૂછપરછ ચાલુ થઈ ગઈ છે. જોઈએ મારી સંગીત સાધના કેવા રંગ લાવે છે !

૨૪૨, પુષ્કરધામ સોસાયટી,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
મો. ૬૩૫૨૧૫૫૮૪૯

કોર્ટની રમૂજ

- મધુકર દિ. ધ્રુવ

ન્યાયાધીશ : તમે કઈ માહિતીના આધારે કહ્યું કે તેઓ હયાત નથી અને ગુજરી ગયા છે.

આરોપી : નામદાર સાહેબ, મેં ઘણા લોકોને તેમના વખાણ કરતા સાંભળેલા.

★★★

ન્યાયાધીશ : તમારી આવકનું સાધન શું છે ?

સાક્ષી : હાર્મોનિયમ, તબલાં

ન્યાયાધીશ : એટલે તમે હાર્મોનિયમ અને તબલાં સારી રીતે વગાડી શકો છો એમને ને ?

સાક્ષી : નહીં, નામદાર સાહેબ વાત બીજી છે.

ન્યાયાધીશ : શું હકીકત છે ?

સાક્ષી : મારી સોસાયટીના સભ્યો મને તે નહીં વગાડવા માટે અમુક નાણાં આપે છે.

★★★

ન્યાયાધીશ : ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૩૮૦ હેઠળ ઘર તોડફોડ ચોરીના ગુના માટે તેમને દોષિત ઠરાવવામાં આવ્યા છે માટે હવે તમને શિક્ષા, સજા કરવાની રહે છે.

આરોપી : જી સાહેબ.

ન્યાયાધીશ : તમને સજા ફરમાવવામાં આવે તે બાબતમાં કંઈ કહેવું છે ? શું કહેવું છે ?

આરોપી : આપ નામદાર સાહેબ ને ઠીક લાગે તેટલી જેવી જે સજા કરવી હોય તે કરો. હું એકલો માણસ છું અને આજકાલ જેલમાં ઘણી જ સારી સગવડ મળે છે.

★★★

ન્યાયાધીશ : તમે કહો છો કે તમારા પડોશમાં તો બધા પ્રામાણિક લોકો રહે છે તો પછી બંદૂક લઈ વારે ઘડીએ ઘરમાંથી બહાર પણ કેમ નીકળો છો ?

પક્ષકાર : સર, તેમને પ્રામાણિક રાખવા.

★★★

ન્યાયાધીશ : તારા પિતાશ્રી શું કરે છે ?

બાળ સાક્ષી : સાહેબ એ મારી બા કહે તેમ કરે છે.

★★★

ન્યાયાધીશ : ફરિયાદીની રજૂઆત એ મતલબની છે કે ડૉક્ટર સાહેબે એવો આગ્રહ રાખેલો કે પહેલા કેશ, રોકડા પૈસા આપો પછી જ ઓપરેશનની કાર્યવાહી થશે.

પક્ષકાર : (ડૉક્ટર) જી સાહેબ એ વાત ખરી છે.

ન્યાયાધીશ : તો આ બાબતમાં તમારે શું કહેવું છે ?

ડૉક્ટર : નામદાર સાહેબ, પેશન્ટે મને વાતવાતમાં કહેલ કે તેની યાદશક્તિ નબળી છે.

ન્યાયાધીશ : હવે, કોઈ તમારા અસીલને હોદ્દા ઉપરથી દૂર કરી શકે તેમ નથી. તેમ દર્શાવી તમે શું કરવા માંગો છો ?

વકીલ : નામદાર સાહેબ, મારા અસીલ હવે નિવૃત્ત અધિકારી છે.

★★★

ન્યાયાધીશ : મારા સમક્ષ જે દસ્તાવેજો રજૂ છે તે જોતાં તેમનું ટર્નઓવર ઘણું સારું હતું. તો પછી હવે સ્થિતિ સારી નથી રહી એવી રજૂઆત કઈ રીતે કરવામાં આવે છે ?

વકીલ : નામદાર સાહેબ, એ દસ્તાવેજો મને વકીલ તરીકે રોકયો તે પહેલાના સમયના છે.

ન્યાયાધીશ : બોલો, તમારે શું કરવું છે ? શું ખુલાસો કરવો છે ?

સિનિયર ઍડ્વોકેટ : નામદાર સાહેબ, તે યુવક મારી ઓફિસમાં નવો જ જુનિયર તરીકે જોડાયેલ છે હું કામમાં હોવાથી મેં તેને સૂચના આપીને આપ નામદારની કોર્ટમાં મોકલેલો અને કહેલું કે આપણો કેસ નીકળે ત્યારે સાહેબને ટાઈમ માટે પૂછજે.

ન્યાયાધીશ : પછી ?

સિનિયર ઍડ્વોકેટ : માનનીય સાહેબ તેની કોઇ ગેરસમજ થઈ અને મારો કેસ નીકળ્યો ત્યારે તેની આપને પૂછ્યું કે સાહેબ કેટલા વાગ્યા ?

ન્યાયાધીશ : સારું, માફ કરવામાં આવે છે પણ તમારે હંમેશાં પૂરતી સમજ આપવી જોઈએ.

એ-૩૭, રો-હાઉસ, સોમેશ્વર-૨, જોધપુર ચાર રસ્તા પાસે, સ્ટાર બજાર સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૫૩૨૫૪૯૨

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.



શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.



રાજ્યભરમાં ૨૦,૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

ભરતી ઉપરાંત સ્વરોજગાર વિષય લેખ, મૂંઝવણ અને માર્ગદર્શન, જનરલ નોલેજ ક્વિઝ કોર્નર તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંબંધી વિજ્ઞાપનો.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર **રૂા. ૩૦/-**

સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...







મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

▶ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▶ અધિકૃત માહિતી ▶ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી ▶ લોકકલ્યાણની વાત ▶ રાજ્ય સરકારના નિર્ણયો ▶ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ ▶ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▶ અતિથિની કલમે ▶ વિદ્વાનોના વિચારો ▶ વાંચકોની વાત ▶ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▶ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

ગુજરાત પાક્ષિકની PDF www.gujaratinformation.gujarat.gov.in લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર **રૂા. ૫૦/-**

વરદાન - બહેરાશનું

- ભર્ગદેવ ભટ્ટ

અને ભૂરાલાલ ઘરના કકળાટ, રોડ પરના મકાનને લીધે આવતા જાતજાતના અવાજો અને એમાંય ટ્રાફિકના અવાજોથી વાજ આવી જઈ છેવટે ઘર છોડી તપ કરવા વનમાં નીકળી પડ્યા.

ભૂરાલાલ થોડા નસીબદાર કે એમને થોડો સમય જ હજુ તપ કર્યાને થયો ત્યાં ભગવાને - સાક્ષાત્ દર્શન આપ્યાં અને કીધું ''માગ... માગ...''

ભૂરાલાલ : પ્રભુ, મને બહેરાશનું વરદાન આપો.

પ્રભુ : અલ્યા કંઈ નહીં ને બહેરાશનું ? લોકો તો ધન, ખેતીવાડી, વાહનો, ઓલાદ વગેરે માગે છે ને તું બહેરાશ ?

ભૂરાલાલ : પ્રભુ, આ દુનિયામાં મને ચારેકોર ઘોંઘાટ અને કકળાટના જ અવાજો સંભળાય છે. જે સાંભળીને મારા કાન ફૂટી ગયા છે.

પ્રભુ : (સ્વગત) માનવીની ઉત્પત્તિ થઈ ત્યારથી હજુ સુધી કોઈએ માનવતાનું વરદાન નથી માગ્યું! કદાચ કોઈને જરૂર નહીં હોય. પછી બોલ્યા, 'આ બહેરાશ માગવાનું કંઈ કારણ ?'

ભૂરાલાલ : સાંભળો પ્રભુ, એક નહીં અનેક કારણ છે. તેમાંનાં થોડાં આ રહ્યાં.

(૧) આ પાડોશી મગનલાલ સાવ બહેરાશ ધરાવે છે તેની મને મીઠી ઈર્ષ્યા બહુ થાય છે. તેમનાં ઘરવાળાં તેમને તતડાવતા હોય તોય એમને કાંઈ અસર થતી નથી. ઊલટાના બહાર નીકળે ત્યારે હસતાં હસતાં નીકળે છે. કેવા સુખી આદમી છે ?

(૨) એકવાર મેં મગનલાલને લખીને પૂછ્યું 'તમને કાંઈ આનાથી તકલીફ પડે છે ? તો એમણે કીધું,' મને તો કોઈ નથી પડતી ! સામાવાળાને પડતી હોય છે. બધા એ કવિઓની જેમ બબ્બેવાર બોલવું પડે છે !

(૩) મગનલાલ તો પોતાને સરકાર જેવા ગણે છે. 'કોઈનું કાંઈ સાંભળવાનું જ નહીં !' અને પાછા બગીચાના કે ફૂટપાથના બાંકડા પર એ... ય...ને નિરાંતવા બેઠા હોય. કોઈની સાથે નહીં કાંઈ વાત કે નહીં કોઈ ચીત ! કાંઈ ટેન્શન જ નહીં. સાંભળે તો ટેન્શન ઊભું થાયને ?

(૪) ઊલટાનું એમની ચિંતા બીજાને થતી. એ જયાં કામ કરતા હતા ત્યાં એમને કોઈ બહારનું કામ ચીંધે ત્યારે એમની હારે એક 'રનર' પણ મોકલવો પડતો. જેથી ઊંધું વેતરે નહીં.

(૫) એકવાર મગનલાલે કીધેલું, 'એમના કાન કોઈ ભંભેરી શકતું નથી !'

'બોલો પ્રભુ, હવે તો વરદાન બહેરાશનું આપશોને ?'

ભગવાનનેય ખબર હતી કે બહેરાઓને શું શું તકલીફ પડે છે અને ઉપાધિ આવે છે તોય એમણે તથાસ્તુ કીધું અને અંતર્ધાન થઈ ગયા.

આ બાજુ ભૂરાલાલ ઊભા થયા એ ભેગો આસપાસનો ઘોંઘાટ અને પંખીઓનો કલશોર સંભળાવો બંધ થઈ ગયો. લહેરમાં આવી ગયા ! પછી ઘર ભણી જવા નીકળ્યા. રસ્તા પર હરખભેર ગીત ગણગણતા જતા હતા ત્યાં કોઈએ પાછળથી એનું બાવડુ પકડ્યું. જોયું તો ખટારાનો ડ્રાઈવર ! એણે ઈશારાથી સમજાવ્યું 'ત્યાં ફૂટપાથ ઉપર ચાલો.' કારણ ડ્રાઈવરનેય ખ્યાલ આવી

ગયેલો કે આટલાં બધાં હોર્ન મારવા છતાં રોડ પરથી આ માણસ હટતો નથી તેથી કાં આપઘાત કરવા નીકળ્યો હશે કાં સાવ બહેરો હશે !

આગળ ચાલતાં જતાં'તા ત્યાં ત્રણ-ચાર ગાયો ફૂટપાથ પર બેઠેલી એટલે એ તો રસ્તા ઉપર જેવા ચાલવા જાય ત્યાં એક બાઇકવાળાની ટક્કર લાગતા પડી ગયાં. બાઇકવાળો થોડો સારો હતો તે એમને ઊભા કર્યા અને કીધું 'વાગ્યું હોય તો દવાખાને લઈ જાઉં.' હાથ ઊંચો થતો નહોતો તેથી દવાખાને ગયા. એક્સરે લીધો પણ ફ્રેક્ચર નહોતું એટલો પાડ ! રગત્રગ થઈ ગયેલી એટલે પાટાપીંડી કરી જવા દીધા.

પાટાપીંડી સહિત ઘરમાં આવ્યા તેથી બધાને ચિંતા મિશ્રિત આશ્ચર્ય થયું. પણ વાત કરે કેવી રીતે ? સાંભળે તો કરે ને ! ઘરનાને ક્યાં ખબર હતી આ બધો 'બહેરાશના વરદાનનો' પ્રતાપ છે. પછી ભૂરાલાલે લખીને જણાવ્યું તો ઘરવાળાએ કીધું. 'તમતારે બોલો, અમે તો સાંભળીએ છીએ !'

હવે ધીરેધીરે ભૂરાલાલને બહેરાશની આડઅસરનો અનુભવ થવા માંડ્યો. લોકો 'બબ્બેવાર' બોલવું પડશે એ બીકે વાત કરવાનું ટાળતા કાં ટૂંકમાં પતાવતા. આ તો ઊઠ પાણા પગ ઉપર જેવી વાત હતી, જેથી હિયરિંગ મશીન પણ ક્યાંથી લે ? અને લે તો સૌ ટોકશે તો પછી બહેરાશનું વરદાન શું કામ માગ્યું ? વાતો કરવાનું ટળી ગયું તો સાથે ટી.વી.નાં ગીતો સાંભળવાનુંય ટળી ગયું !

ભૂરાલાલને અને એનાં ઘરવાળાને ક્યારેક ખાનગી વાત કરવાનું બંધ થઈ ગયું. ભૂરાલાલ તો ધીમેથી બોલે તો ઘરવાળાં સાંભળતાં પણ જવાબમાં ઘરવાળાં મોટેથી બોલે એટલે ભૂરાલાલ સિવાય સૌને ખબર પડે.

એમાં એક દિ' બજારમાં ભૂરાલાલ વસ્તુ લેવા નીકળ્યા. ત્યાં કોઈકે બૂમ પાડી, 'એ ભૂરાલાલ સંભાળજો, ગાયો દોડે છે.' પત્યું, ભૂરાલાલ સાંભળે એ પહેલાં તો ગાયે ભૂરાલાલને હડફેટે લીધા. અને ભૂરાલાલ મોંભરિયા પડ્યા "વોય બાપલિયા...!" (હજુ આગલો પાટો તો છૂટ્યોય નહોતો)

.... ભૂરાલાલે આંખ ઉઘાડી જોયું તો પોતે પલંગ પરથી નીચે જમીન પર પડેલા. તેમના પત્ની પણ સફાળા જાગી ગયા અને ભૂરાલાલને પૂછ્યું. 'કેમ કરતા પડ્યા ?'

ભૂરાલાલ : 'ગાયે ઢીંક મારી'

ઘરવાળાં : 'કેવી ગાય ને કેવી વાત ?'

ત્યારે ભૂરાલાલને ખ્યાલ આવ્યો કે પોતે ઘરમાં જ છે અને સાંભળી પણ શકે છે. આ તો સપનું હતું ! પછી શરૂથી ઠેઠ ગાયે ઢીંક માર્યા સુધીની વાત ઘરવાળાને કરી ને હસી પડ્યા.

ઘરવાળાએ પાછું ટીખળ કર્યું "બૌ વાગ્યું નથી ને ?"

ભૂરાલાલ : તુંય કેવી નાખી દેવાની વાત કરશ ! સપનામાં પડીએ એનું વાગે ?

ઘરવાળાં : હું એનું નથી માંડતી, આ તમે પલંગ પરથી હેઠા ખાબક્યા એનું પૂછું છું !

'વરેણ્યમ્', પ્લોટ નં. ૪૩૮/એ/૨, ગીતાંજલિ પાર્ક,
સેક્ટર-૮(બી), ગાંધીનગર-૩૮૨૦૦૭.
ફોન નં. ૦૭૯-૨૩૨૪૩૨૫૩



ફરવા તો જવું છે પણ...

- *કલ્પના દેસાઈ*

ભૂત કે ભવિષ્યના કોઈ જ સંદર્ભ વગર બહેન પારુલે અચાનક જ એક દિવસ સવારમાં જ ફોન ઉપર ધડાકો કર્યો, 'આ વખતે આપણે એમ પી જહું.'

'એમ પી જહું ? હું પી જહું' ?'

'અવે એમ પી ફરવા જહું એમ. હું કાયમ ખાવાપીવાની વાત કરો ?'

'ઓહ ! એમ ? પાછા... એમ પી ? એક વાર તો જઈ આઈવા !'

'પાછા એટલે ? મને ઉતું જ કે તમે આ જ સવાલ પૂછહો. આપણે પેલ્લા એમ પી ગયેલા ને તે તો આખા એમ પીનો ખાલી એક ટુકડો જોઈને જ આવી રહ્યલા. એમ પી તો બો મોટું છે ને આ વખતે હો પૂરું નીં થહે. અજુ બે'ક વાર જહું તો પતહે.'

'ઓક્કે, જાં જવું ઓ'ય તાં ગોઠવો બીજું હું ? આપણે તો જવા હાથે મતલબ.'

કોઈ પણ પ્રવાસ નક્કી થવા પહેલાંની અમારી કાયમની ચર્ચા આવી જ હોય.

'અંજુને પૂઈછું ?'

'એને હું પૂછવાનું ? એણે તો કહ્યલું જ છે ને, કે જાં જાઓ તાં મને લઈ જવાની.'

'હારું, તો ઉં બુક કરી દેમ.'

અગાઉ અમે ત્રણ બહેનો ટર્કી, એમ પી અને નેપાળ ફરી આવેલી એટલે દર વર્ષે કશેક ઉપડી જવું એ નિયમ બનાવી દીધેલો. મારી ને અંજુની ફક્ત દેખાવ પૂરતી મંજૂરી લેવાની હતી બાકી તો, કોઈની નાનો સવાલ જ નહોતો. પહેલા પ્રવાસના ફળસ્વરૂપે અમને કોઈ એટલે કે ઘરનાં જો કહી દે, કે 'જાઓ તમે આખું વર્ષ ભટકો' (એટલે કે, ફરો !) તો એમાં અમારે ના પાડવા જેવું કંઈ હતું જ નહીં. બે ચાર ટોણાં સાંભળીને ખોટું લગાડીને બેસી જવાના દિવસો તો ક્યારના રવાના કરેલા. એવું રિસાવામાં બહુ ગુમાવેલું તે યાદ રાખીને જ હવે તો ટેવ મુજબ, ફક્ત રીત પૂરતું ને કોઈનો અહમ સંતોષાય એટલા પૂરતું પૂછીને, મનમાં આવે ત્યાં ફરવા માંડેલાં. (જોકે, જમાનો બદલાયો છે એટલે છોકરાં તો પૂછવાનીય ના પડે ! એમ કે'ય કે, 'અવે તો ખાલી જણાવવાનું, પૂછવાનું ની' ! હારી, વાત તો હાચી.)

અંદરખાને તો અમારું હોટેલ બુકિંગ પણ નક્કી જેવું જ હતું કારણ કે અગાઉ અમે એમ પીની સરકારી મહેમાનગતિ માણેલી તે બે વર્ષમાં અમે બહુ મમળાવેલી. અમને ફરવા સાથે મતલબ હતો, તો પારુલને વિગતે બધું જણાવવામાં પણ રસ હતો એટલે એણે દિવસોથી ગોખેલું લિસ્ટ અમને જણાવી દીધું. સુરતથી ગ્વાલિયર, ઓરછા, ચંદેરી, મીતાવલી, આગ્રા અને લખનૌથી પાછા સુરત. ઓહ ! બસ ? આટલી જ જગ્યા ને આટલા જ દિવસ ? મજા આવશે ? તેમાંય, આ વખતે શરૂઆતમાં જ રેલવે પ્રવાસ હોવાથી એક દિવસ ને રાત વધારાના તો ટ્રેનમાં જ પસાર કરવાના હતા. અરેરે ! શું કરીએ ? પ્લેનમાં જઈએ તો એક બે જગ્યા વધારે જોવાય પણ સુરતથી ગ્વાલિયર પ્લેન જતું નહોતું ને ? આખરે જગ્યાનો મોહ છોડીને રેલવેને ફાયદો કરાવવાનું નક્કી કર્યું. એમ પણ ટ્રેનની સફરનો બહુ વર્ષે મોકો મળતો હતો. જોઈશું, ભવિષ્યમાં ફરી કોઈ વાર મેળ પાડશું. જોકે, સારી રીતે ખબર હતી કે ફરી વાર એ જગ્યાએ જવાનું થવાનું જ નહોતું. ઠીક છે, સંતોષ બહુ મોટી ચીજ છે. હમણાં તો જવાના એ જ બહુ મોટી વાત.

ખેર, અમે સુરતથી ગ્વાલિયર એક્સપ્રેસમાં આરૂઢ થવાનાં હતાં, જેમાં મુંબઈથી ક્યારે સુરત આવે તેની રાહ જોતી અંજુ અમને મળવાની હતી. અંજુ સાથે પ્રવાસમાં જવાની મજા એ રહેતી કે એ જાતજાતના નાસ્તા લઈને આવતી ! ખાવાના શોખીન તો બધાં જ હતાં પણ નાસ્તાની વેરાયટી તો અંજુની જ રહેતી. ફક્ત એક દિવસ અને એક રાતનો પ્રવાસ હોવા છતાં એનું ખાવાપીવાનું પ્લાનિંગ જબરદસ્ત રહેતું. આ વખતે વળી

અમે સમયસર એટલે કે ટ્રેનના સમયે જ સ્ટેશન પર હાજર હતાં એટલે કોઈ જ હાયવોય વગર ટ્રેનમાં ચડી ગયેલાં. બાકી, મોટે ભાગે તો અમારે સાથે મૂકવા આવનારને પણ ગભરાવીને દોડાવવાના જ હોય ! એક તો, એમણે અમારી ભારે બેગ ને બીજું એકાદ સંપેતરું ઊંચક્યું હોય ને સંપેતરું ન હોય તો અમારા ચિરંજીવીની જવાબદારી એમણે સામેથી પણ ભૂલમાં લઈ લીધી હોય ! પછી તો, ટ્રેન સાચી છે તેની ખાતરી કરતાં કરતાં ટિકિટમાં જોઈને કોચ પણ શોધવાનો હોય ! આ બધું તો, અગાઉથી ઘરેથી સ્ટેશન આવતા સુધીમાં ગોખી રાખેલું હોવું જોઈએ પણ મૂકવા આવનારના નસીબમાં જ જ્યાં હાયવોય લખી હોય ત્યાં શું થાય ? છેલ્લે બિચારા મનમાં, ‘હાશ... છૂટ્યા’ એમ બોલતાં (અને ખોટું ખોટું) ખુશી ખુશી ‘આવજો... સાચવજો ને પહોંચીને ફોન કરજો’ કહીને રવાના થતા. આ વખતે તો અમને કોઈ મૂકવા નહોતું આવ્યું એટલે કુલીને અમે સામાન ઊંચકવાનો લાભ આપેલો. એમ પણ તબિયત ને ઉંમરના બહાના હેઠળ અમે હવે સામાન ઊંચકવાની તકલીફ લેતાં નથી. એક નવું બહાનું પણ અમે બતાવીને કહેનારને ચૂપ કરતાં, કે ‘આટલાં વર્ષ તો બહુ તકલીફ વેઠીને ગયેલાં જ ને ? હવે તો આરામથી જઈએ !’

એક સમય એવો પણ હતો કે પ્રવાસમાં અમે અમારો સામાન જાતે જ ઊંચકીને ટ્રેનમાં ચડી જતા અને જગ્યા શોધીને, બીજાનો સામાન ખસેડીને પણ અમારો સામાન સહી સલામત ગોઠવી દેતાં. થોડી બોલાચાલી ને સમજાવટને અંતે અમારી સીટ પર અમે હાશ કરીને ગોઠવાઈ જતાં. એ સફર રાતની રહેતી કે દિવસની પણ અમને એમાં જરાય ચેન પડતું નહોતું. કયા સ્ટેશને કયો નાસ્તો સારો મળે તે ગોખીને જ જતાં. એમાં ભજિયાં, પાતરાં, બટાકાવડાં કે ખમણી જેવું જ કંઈક જે મળે તે અને કંઈ જ ન મળે તો છેલ્લે ટ્રેનની સેન્ડવિચ ખાઈને પણ અમે ધરાઈ જતાં. જોકે, ધરાઈ ગયાં એવું તો ફક્ત લાગતું જ કારણ કે થોડી વારમાં બીજા મોટા સ્ટેશને ફરી કોઈ નાસ્તાની બૂમ પડતી અને અમે એની વ્યવસ્થા યેનકેન પ્રકારે કરી જ લેતાં. એ બધાની વચ્ચે વચ્ચે પછી ચા, કૉફી કે ઠંડા પીણાંથી પ્યાસ પણ બુઝાવતાં. આ બધી અમારી નાનપણની ખોટી આદતો હતી જેનો અમને કોઈ અફસોસ નથી અને અમે આજે પણ એનો ભરપૂર આનંદ ઉઠાવીએ છીએ. એમ ઘડી ઘડી કયાં પ્રવાસ થાય જ છે ?

આખરે ટ્રેનને જોતાં જ અમારામાં અનોખી શક્તિનો સંચાર થયો અને અમે કુલીને ઝડપથી પગ ઉપાડવા કહી કોચ તરફ પ્રયાણ કર્યું. બહુ ઓછા ડગલાં ભરતાં જ અમારો કોચ સામો જ મળ્યો એ કુલીની જાણકારીને કારણે જ. બાકી અમને તો આખી ટ્રેનના દરેક ડબ્બા બાવરી નજરે જોતાં ને હાંફળાફાંફળા દોડતાં ગભરાઈને જ ટ્રેન પકડવાની ટેવ ! અંજુ દરવાજે જ ખુશી ખુશી અમારું સ્વાગત કરવા હાજર હતી. એને પણ હાયવોય ન કરાવી અને સીટ પર ગોઠવાતાં ગોઠવાતાં અમે અગાઉના પ્રવાસની યાદોથી એક યાદગાર સફરની શરૂઆત કરી. હાશ ! આવા તદ્દન બેફિકરા, જવાબદારી વગરના અને ટોકટોક વગરના પ્રવાસની કેવી મજા !

ગુલમહોર, મુ.પો. ઉચ્છલ,
જિ- તાપી--૩૯૪૩૭૫.
ફોન : ૦૨૬૨૮-૨૩૧૧૯૧



ઘોલો... ઘોલો

- *પ્રદ્યુમ્ન આચાર્ય*

બાબો સવારથી કજિયે ચઢ્યો હતો. પપ્પા ઘોલો... ઘોલો... મેં કાંઈ સાંભળ્યું નહીં. તેનું ઘોલો ઘોલો રટણ ચાલુ રહ્યું. હવે શ્રીમતીજી એની વહારે ધાયા. "બાબો સવારથી તમને ઘોલો... ઘોલો... કહે છે. હવે થોડીવાર તેનું મન રાખોને ? બિચારાને શા માટે રડાવો છો ? મેં કહ્યું "પાટવી કુંવરનું બહુ લાગી આવતું હોય તો તમે જ રમાડો ને !" તે બોલી "પણ તેણે ઘોલો... ઘોલો...નું વેન લીધું છે. બાબો તમને કેટલો વહાલો છે ! તમારો કેટલો હેવાયો છે ! વળી હજુ ઓફિસને વાર છે. જુઓ કેટલો રડે છે ?" બાબાનું વેન ચાલુ હતું. મને લાગ્યું કે કદાચ હું બાબાને સમજાવી શકીશ, પણ શ્રીમતીજી મને ઘોડો બનાવવાની તક ચૂકવા માગતા નથી. હું ઘોડો બનું તેમાં તેને એક પ્રકારનો છૂપો આનંદ લેતા હતા. અંતે બાબાભાઈ જીદ પૂરી કરવા હું ઘોડો બન્યો. લગ્ન થયા બાદ કેવા કેવા ખેલ કરવા પડે છે ! લગ્ન વખતે ઘોડે ચઢ્યા તેનું જાણે વેર લેવાતું હતું ! કેવી વિડંબના છે કે માનવ અવતાર ધારણ કરવા છતાં ઘોડો બનવું પડ્યું ! શ્રીમતીજીએ બાબાભાઈને ઘોડાની પીઠ પર બેસાડી દીધા અને નિર્મમતાથી ઘોડાને ડચકારવા માંડ્યા, હટ્ ઘોડા હટ્, ચલ, ઘોડા ચલ, લકડી કી કાઠી, કાઠી કા ઘોડા. બાબાભાઈને મજા પડી ગઈ. તેના હાથમાં એક નાનો ચાબૂક આપ્યો. (જે ભાવિના એંધાણરૂપ હતા) અને ઘોડો ગોળ ગોળ ફરવા લાગ્યો. સાચું જ કહ્યું છે, Child is father of the Man. પૃથ્વીના પાટલે બાળક ચેતનાનો ફુવારો છે. બાપને બરડે ચેતનાનો ફુવારો ન છૂટે તો સારું, એવી મનોમન પ્રાર્થના થઈ ગઈ. શાકુંતલમાં કવિ કાલિદાસે લખ્યું છે કે, ધન્ય છે તે મા-બાપને કે જેનાં વસ્ત્રો તેનાં બાળકોની રજથી મલીન બને છે. મને ખાત્રી છે કે કાલીદાસને ઘોલો... ઘોલો... નહીં બનવું પડ્યું હોય, નહીં તો આ પ્રમાણે ન લખે. આ બાજુ હટ્ ઘોડા, હટ્ ઘોડા બોલી પડખામાં પગ મારતો જતો હતો. બાબો ખુશ, ખુશ થઈ ગયો. તેને ઊતરવા કહ્યું, તો શ્રીમતીજી બોલ્યાં "હજુ ત્રણ ચાર ફેરા ફેરવો." લગ્ન સમયે ચાર ફેરા ફર્યા તેનું વેર વાળતા હતા. ઈતને સે જુર્મ કી ઈતની બડી સજા ! અંતે મા દીકરો બન્ને ખુશ થયાં. અંતે ઘોલો મનુષ્ય બન્યો. શ્રીમતીજી કહે "ચાલો ઘોડાને નીરણ નાંખો. ચના ખાકે ઘોડા રેસમે જાને વાલા હૈ." તે પ્રસન્ન થઈ ગયાં. આમ મારો અશ્વાવતારમાંથી મોક્ષ થયો.

થોડીવાર થઈ. કામવાળી કપડાં ધોવા આવી, શ્રીમતીજી કહે, સાહેબ (!) ના કપડાં ગળીમાં બોળવાનાં છે, પણ જોજે તેમાં ઘોડા ન પડી જાય. મેં કહ્યું ઘોડો તો કે દા'ડાનો પડી ગયો છે. અને આજે તો ગોઠવણભેર પડ્યો અને ભાખડભરીયા ચાલવા લાગ્યો ! શ્રીમતીજી ખડખડાટ હસી પડ્યાં. તે બોલ્યાં "એન ઘેન દીવા ઘેન ડાહીનો ઘોડો," વાક્ય મેં પૂરું કર્યું "પાણી પીતો રમતો, જમતો ઓફિસે જવા વછૂટ્યો છે !"

જમીને ઓફિસે ગયો કે તુરત પટાવાળો આવ્યો કહે, સાહેબ બોલાવે છે. કેબિનમાં ગયો કે સાહેબે એક ફાઈલ બતાવી અને કહ્યું, "જુઓ બપોર પહેલા ક્લિયર કરવાની છે." ફાઈલ જોઈને મેં કહ્યું. "સાહેબ, આ તો સોલંકીભાઈની ફાઈલ છે." વિષય પણ તેમને જ ફાળવેલ છે. સાહેબ કહે, "મને ખબર છે, પરંતુ તમે જાણો છો તેના કામમાં કોઈ ભલીવાર હોતી નથી. આ એક અગત્યની ફાઈલ છે. ચોકસાઈથી તૈયાર કરવાની છે. ફાઈલ હેડઓફિસમાં મોકલવાની છે." મેં કહ્યું, સાહેબ, સોલંકીભાઈ અને મને બંનેને એક સાથે જ બઢતી મળી છે. તે આખો દિવસ પાન ખાધા કરે છે અને ફિલ્મી છાપાં વાંચ્યા કરે છે. તેને કોઈ કહેતું નથી. આ તો કામ કરે તેનો મરો એવી વાત છે. વહીવટમાં ઘોડો અને ગધેડો એક સરખા હોય એવું લાગે છે. "અજાણપણે મારા મોંઢામાંથી ઘોડો નીકળી ગયો. હું ઉશ્કેરાઈ ગયો હતો. સાહેબ કહે, "આચાર્યભાઈ હું તમારી લાગણી સાથે સંમત છું. પણ તમે જાણો છો કે દરેક ઓફિસ તમારા જેવા મુઠ્ઠીભર માણસોથી ચાલે છે. તમને સોલંકીભાઈ જેવા થઈ જવાની છૂટ છે, પણ મને ખાત્રી છે કે તમે તેમ કરી શકશો નહીં. દુનિયા ગમે તે કહે આખરે તો ઘોડો તે ઘોડો જ છે, ગધેડો તે ગધેડો છે." હું ચૂપ થઈ ગયો. ફાઈલ લઈ બહાર નીકળ્યો. સોલંકી (સો લક્કી) પાન ચાવતાં ચાવતાં ફિલ્મી મેગેઝિન વાંચતો હતો. કાંઈક બેફિકરાઈથી અને કાંઈક વિજયી અદાથી મારી સામે જોયું, મેગેઝિન કવર પેઈઝ પર ફિલ્મ "ઝંઝીર"નો ફોટો હતો, જેમાં અમિતાભ બચ્ચન અજ્ઞાતભયથી આંખો મીંચી દઈ કાન પર બંને હાથ રાખી દીધા હતા. બેકગ્રાઉન્ડમાં ડોક ઊંચી કરી ઊભા થઈ ગયેલા કાન, કેશવાળીવાળા તોફાની હણહણાટ કરતા ઘોડાનું ચિત્ર હતું. ઘોડો મારો પીછો છોડે તેમ ન હતું.

ઘરે પહોંચ્યો, શ્રીમતીજી કહે તમારા મિત્ર ભટ્ટભાઈને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. ચાલો ખબર કાઢી આવીએ. અમે હોસ્પિટલ પહોંચ્યા. જઈને જોયું તો ભટ્ટભાઈ પલંગમાં

ચત્તાપાટ પડ્યા અને ઉંહકારા કરતા હતા. અરેરે... મરી ગયો રે... ઓય માડી... હે ભગવાન આવું દુ:ખ દુશ્મનને પણ દઈશ નહીં. ઓય માડી રે મરી ગયો રે... તેના શ્રીમતીજી સામે જ બેઠાં હતાં. તેને પૂછ્યું, કેમ કરતાં થયું ? તે કહે દિવાળીમાં સાફસૂફી કરવાની હતી. ફર્નિચર ખસેડવાનું હતું. તમારા ભાઈ મદદ કરતા હતા. ઘોડો ખસેડતા, બળ કરતાં તેની ગાદી ખસી ગઈ, ચત્તાપાટ પડી ગયા અને બૂમાબૂમ કરવા લાગ્યા. ચાર માણસોની મદદથી અહીં દાખલ કર્યા છે. ડાગળી ખસે અને ગાદી ખસે ભલભલાને વસમું લાગી જાય છે. હું મનમાં બોલ્યો. તેના શ્રીમતી કહે, ‘‘અહીં પડ્યા પડ્યા પણ ઓફિસની ચિંતા કરે છે. રજાનો રિપોર્ટ મોકલવાની ચિંતા છે.’’ મારા શ્રીમતી કહે, ‘‘નીલુબેન, તમે કોઈ ચિંતા કરશો નહીં. તમારા ભાઈ બેઠા છે પછી શું કામ ચિંતા કરો છો ? તે બધું સંભાળી લેશે. આવે વખતે કામ નહીં આવીએ તો ક્યારે આવીશું ? તમતમારે જે કોઈ કામ હોય તે બેધડક કહેજો.’’ મારે કાંઈ બોલવાનું હતું જ નહીં. માત્ર ઘોલો બનવાનું હતું. સવારે ‘‘ઘોડો આડો ઊતર્યો’’ હોય એવું લાગ્યું.

હજુ ઘરે પહોંચ્યા હોઈશું ત્યાં, શ્વસુર મારતે ઘોડે આવી પહોંચ્યા. કાગળનું બંડલ ટેબલ પર રાખી બોલ્યા. પરમ દિવસે આપણો કેસ કોર્ટમાં ચાલવાનો છે. વકીલે જે કાગળો તૈયાર કર્યા છે તે અંગ્રેજીમાં છે, તેનું ગુજરાતી કરવાનું છે. વકીલે અંગ્રેજીનું ગુજરાતી કરવા ચોખ્ખી ના પાડી દીધી. મેં સુણાવી દીધું, તમારા પર ક્યાં ભૂંગળું ભાંગ્યું છે. અમારા જમાઈ ધાણીફૂટ અંગ્રેજી બોલે છે. ટાઇમ્સ ઓફ ઇન્ડિયા હાથમાં ખુલ્લું રાખીને પરબારું ગુજરાતી બોલે છે, એમ બોલી કાગળનું બંડલ ટેબલ પર મૂકતા કહ્યું, ‘‘જો જો હા પરમ દિવસે કોર્ટમાં મુદત છે.’’ હવે મારે કાંઈ બોલવાપણું રહ્યું ન હતું.

આજે આખો દિવસમાં થાકી ગયા હતા. થોડું ફ્રેશ થવા મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોવા નીકળ્યા. થિયેટર પર હણહણતા ઘોડાનું પોસ્ટર હતું. હું ટિકિટ લેવા ગયો. ટિકિટબારી બંધ થવાની તૈયારીમાં જ હતી. માત્ર બે ટિકિટ બાકી રહી હતી. તેવામાં મહેતાભાઈ તેનાં પત્ની સાથે દોડતા આવ્યા અને ટિકિટની પૃચ્છા કરવા લાગ્યા. હું કાંઈ પણ બોલું તે પહેલાં મારાં શ્રીમતી બોલ્યાં, મહેતાભાઈ બે ટિકિટ બચી છે. તમે લઈ લો, અમે પછીથી આવીશું.’’ મહેતાભાઈ તેની પત્નીને કહે જોયું, ‘‘હજુ પણ આચાર્યભાઈ કેવો સંબંધ રાખે છે ! બંને જાણે શંકર-પાર્વતીની જોડી.’’ મહેતાભાઈ અમારી લાગણી પર ઘોડો પલાંગી ગયા. મારું કાંઈ બોલવાપણું રહ્યું ન હતું.

શ્રીમતી સાથે સ્કૂટર પર પાછા ફર્યા.

અમારી સોસાયટીમાં ગમનભાઈ અને સુધાબહેન રહે છે. ગમનભાઈની મરઘાભાઈ તરીકેની છાપ છે. એક વખત અમે તેના ઘરે બેસવા ગયા. બંને બહેનપણીઓ વાતોએ વળગી. માનો વાતોનાં ઘોડાપૂર આવ્યાં. તેને ખાળવા, અટકાવવા હંમેશાં મુશ્કેલ હોય છે. ઘરની બહાર કપડાં સૂકાતાં હતાં. ગમનભાઈને કપડાંની ચિંતા હતી. કેમ કે બહાર વરસાદ આવે તેવું થઈ ગયું હતું. ગમનભાઈએ કહ્યું ‘સાંભળ્યું, કપડાં ઘરમાં લઈ લો.’ સુધાબહેને સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. વાતો ચાલુ રાખી. વળી થોડીવાર પછી વળી ગમનભાઈએ કહ્યું, ‘બહાર વરસાદ આવે તેવું થઈ ગયું છે, કપડાં ઘરમાં લઈ લો.’ સુધાબહેને આ વખતે સાંભળ્યું પણ ઊભાં ન થયાં. આ બાજુ ગમનભાઈની ચિંતા વધતી ચાલી. ગમનભાઈએ વળી કહ્યું. ‘‘જુઓ, આ કપડાં... હજુ વાક્ય પૂરું કરે તે પહેલાં સુધાબહેન તાડૂક્યાં.’’ કપડાં ગયાં ઘોડામાં. હવે તમારો ઘોડો થોડીવાર પકડી રાખશો ? ક્યારના કપડાં કપડાં મંડી પડ્યા છો. બે ઘડી નિરાંતે વાત પણ કરવા દેતા નથી ? ગમનભાઈ છોભીલા પડી ગયા. અમે બંને બહાર નીકળી ગયા. ગમનભાઈ બોલ્યા ‘આ કરતાં હું ઘોડે ન ચડ્યો હોત તો સારું થાત.’ હું બોલ્યો ‘એ તો જેવા ઘોડાના નસીબ’ તે કાંઈ સમજ્યા નહીં. અમે બંનેએ તેમની વિદાય લીધી.

ઘરે ગયા પછી રાત્રે સૂતાં સૂતાં વિચારવા લાગ્યો. પુરુષના નસીબમાં ‘ઘોલો’ થવાનું જ લખ્યું છે. ‘સાંભળ્યું, ઘરમાં ઉંદર આવ્યો છે. પ્લંબર બે દિવસથી વાયદા કરે છે. કોઈ ટાંકી સાફ કરવાવાળાને પકડી લાવો. ઘરમાં વાંદા બહુ થઈ ગયા છે. દવા લાવવાની છે. બેંકની પાસ બુકમાં એન્ટ્રી કરાવવાની બાકી છે. ટીનુ માટે ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ લેવાની છે.’ આવાં અનેક કામ ‘ઘોડા’ની રાહ જોતાં ઊભાં છે. તેમ છતાં આજુબાજુના કોઈ ઘોડાને જાણતા જ નથી. સૌ ‘બહેન’ને ઓળખે છે. શાક-ભાજીવાળો, પસ્તીવાળો. બાવા-સાધુ. કામવાળા, ટપાલી, લારીવાળો, આજુબાજુના પડોશીઓ - સૌ બહેનને જ ઓળખે છે. ઘોડાના નસીબમાં તો અશ્વમેધનો ઘોડો થવાનું લખ્યું છે. પોતાનું હિત સાધવા સૌ તમારી લાગણીનું શોષણ કરી તમને જ ઘોલો બનાવે છે. તમારે સૌનો ઘોલો જ બનવાનું છે. દુનિયાની રમતમાં તમારે માત્ર એક જ રમત રમવાની છે. ઘોલો... ઘોલો...

પ્લોટ નં. ૨૮૫,
સેક્ટર-૧-સી, ગાંધીનગર.
મો. ૯૪૨૭૦૨૬૮૪૨

લખતા લહિયો થાય...

- દિલીપ આર. શાહ 'રસીલા'

"શાહ સાહેબ તમારી 'ગાય'ને પ્રથમ ઈનામ મળ્યું." કાળ ચોઘડિયામાં શુભ સમાચાર લઈને રમાગૌરીએ વધામણી આપતાં કહ્યું.

"રમાબેન, તમારી કૈંક ભૂલ થતી લાગે છે. સાત પેઢીથી અમારા પરિવારમાં કોઈ ઢોર-ઢાંખર અમે પાળતાં નથી. તમે કઈ ગાયની વાત કરો છો ?"

"તમે ભૂલકણા બહુ સાહેબ. ગયા મહિને અમારી પીંકીને તમે ગાય નિબંધ જે લખી આપ્યો હતો ને તે ગાયની વાત કરું છું. શાળાના આચાર્યાબેન પણ ખૂબ ખુશ થયાં એમાં તો તમે જે ખાસ વર્ણન કરતાં લખ્યું હતું ને કે... જીવનમાં બે માતાઓનું ખૂબ મહત્ત્વ છે. જન્મ આપનાર માતા અને માતાને તંદુરસ્ત રાખનાર ગાય માતા. દૂધ ગાયની અમૃત-પ્રસાદી છે. ગમાણ ગાયનો પીનકોડ નંબર છે. ગાય ભલે ગિરનારી હોય કે કાંકરેજી... ગાય એટલે ગાય !... સાહેબજી આ ફકરાએ તો પીંકીને વિજેતા બનાવી દીધી.. એટલે તમને ખુશખબર આપવા આવી.

રમાબેન, બસ આમ ખાલી હાથે...? મોં પણ મીઠું નહીં કરાવવાનું ? ગયા વખતે બકરીની વક્તૃત્વ સ્પર્ધાના પ્રવચનમાં પણ બીજું ઈનામ મળેલું એનુંય હજી તમે કૈં કર્યું નથી... ચાલો ટુ-ઈન-વન આજે પતાવી દો..."

"જુઓ શાહ સાહેબ અમે એ બાબતમાં હેટ્રિકની રાહ જોઈએ છીએ. બસ આજે અમારી કીટીપાટીમાં 'બાલ-વિભાગ'માં પીંકી ભાગ લેવાની છે એટલે થયું કે શાહ સાહેબને જ આ વિષય પર જબરી ફાવટ છે. ઘરનાં સૌએ બહુમતીથી ગઈકાલે નિર્ણય લીધો કે તમે જે આ સબજેક્ટને ન્યાય આપી શકશો... તમારા સમ... બસ તમે હા પાડો એટલી જ વાર પછી પાર્ટી ફાઈનલ આપણી સોસાયટીના કોમન પ્લોટમાં."

"રમાબેન, ઘરના માણસને ઓછી ના પડાય ? અડધી રાતેય કામ આવે એ જ સાચો પાડોશી. બોલો, શું છે સબજેક્ટ ?"

શાહ સાહેબ... ભલે તમને સહેજ ઓકવર્ડ લાગે પણ તમે જ કબૂલ કરશો, વાંધો નહીં હું જ આ વિષયમાં બિનહરીફ છું..." "બોલો, શેના પર લખવાનું છે મારે... ?"

"સાહેબ... સાહેબ... ગધેડા (વિશે)..."

"ગધેડા ઉપર...! શાહ સાહેબે ઊભા થઈ પંખાની સ્પીડ વધારી..." અરે ! રમાબેન ગધેડા ઉપર... આ તો તમે તમારા ઘરવાળા પાસેય સારી રીતે લખાવી શકત...

રહેવા દો ને એમની વાત સાહેબ, આ તો અમારી બારીમાંથી સહેજ પણ તમારા ઘર તરફ ડોકિયું કરીએ ત્યારે... 'ગધેડા પુરાણ' જ ચાલતું સંભળાય.

"સાવ ગધેડા જેવો છે... ક્યારે સુધરીશ...? બસ, આખો દા'ડો ગધેડાની જેમ ગધ્ધાવૈતરું જ કરવાનું ?... 'કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં'... ડફણાં વગર ગધેડાં ના સુધરે..." આટલું બધું 'ગધેડાશાસ્ત્ર' તમારા ઘર તરફથી સંભળાતું એટલે થયું કે હવે તો તમારી 'ગધેડા' પર માસ્ટરી આવી ગઈ હશે... ખરું ને શાહ સાહેબ ?

"જુઓ રમાગૌરીબેન, તમારી ભૂલ થતી લાગે છે. એ તો બા-બાપુજી પેલા નવા નોકર કોદર માટે ધમકાવતા કહેતા હોય છે... તમેય ખરાં છો...! આટલીય સમજ ના પડે કે ગધેડો કોના માટે રિઝર્વ રખાયો છે... બોલો શું કહેશો હવે ? સોસાયટીમાં ગધેડા અંગે બીજું કોઈ ના મળ્યું ?"

"શાહ સાહેબ કોદરને આ વિશે ઓછું કાંઈ કહેવાય ! ઘડીભર તમારી પીંકીને દીકરી માની એનું માન રાખવા તમે બે ઘડી તમારી જાતને કોદર સમજીને ૮-૧૦ લીટી લખી નાંખોને. જજ તરીકે પાછી મારાં વેવાણ જ છે એટલે વાંધો નહીં આવે. એમના ઘેરથી ગધેડાનાં લે-વેચનો મોટો વેપાર છે. આ વખતે વૌઠાના મેળામાં લકઝરી ઉપાડી ત્યાં જવાના છે તમે મેળામાં જરૂરથી ગધેડાનો અભ્યાસ કરી પછી લખજો. વાંધો નહીં આવે. કાલ વહેલી સવારે લકઝરી ઉપડવાની છે. તૈયાર રહેજો. કોરા કાગળ, પેન-પાટીની ચિંતા ના કરશો. મારા પર્સમાં મેં પહેલેથી મૂકી દીધાં છે. આવજો... સાહેબ, હેટ્રિક લેવાની છે ભુલાય નહીં !"

હજી તો રમાગૌરી ડાબી બાજુ વળ્યા નહીં હોય ને જમણી બાજુએથી ભારતીબેન હાંફળાફાંફળાં દોડતા આવી સીધા મારા સ્ટડી રૂમમાં એન્ટ્રી લઈ સોફા પર આડાં પડતાં બોલ્યાં.

માસ્તર સાહેબ, ક્યા મહુરતમાં તમે મારા લગ્નની કંકોતરી લખી આપી હતી તે આજે આવા કપરા દિવસોય જોવાના આવ્યા... ભારતી, તારી રોજ ઉતારું આરતી.... કહીને રોજ તમે મસ્કા મારતા હતા તે ભૂલી ગયા માસ્તર ?

જો ભારતી, (બેનનો ભાર ઓછો કરતા)માંડીને વાત કર..."

"તમે મારી માંડીની વાત મેલો. એ તો જાણતીય નથી. આ તો તમે રહ્યા ખાસ.. રહો ઘરની પાસ... પછી મારે બીજે ક્યાંય કરવાની હોય તપાસ ? તમે મને છૂટાછેડા લખી

આપવાની એક અરજી લખી આપો... એટલે એ હિટલરથી છૂટે... ને વાર્તાનો ધી એન્ડ !''

જો ભારતી, લગ્ન વખતે કંકોતરી લખી આપી એ વાત જુદી અને છૂટાછેડાની અરજી લખી આપવી એ બાબત પણ અલગ. વળી મને એ બાબતનો જરાય મહાવરોય નથી. ઘરમાં હાલ વાતાવરણ સુમેળભર્યું છે એટલે કામચલાઉ ધોરણે મને જાગતા કે ઊંઘતાય આવા ક્રાંતિકારી વિચારો આવતા નથી. વળી તેંય લગ્ન કર્યા પછી કોઈ દા'ડો ધાબે, બારીએ કે લોબીમાં ભૂતકાળની જેમ કોઈ ખાસ 'દર્શન' પણ વરસોથી દીધાં નથી. હવે ફરી પાછું તારા આ નિર્ણયમાં હું તારા દુઃખ, ફરિયાદ, વિટંબણા, મ્હેણાં... ટોણાં કેવી રીતે જાણી શકું ? હા, વકીલની પરીક્ષા તો મેં શોખ ખાતર પાસ કરેલી તેય પેલા માસ પ્રમોશનનાં લાભના લીધે સહી સલામત નીકળી ગયેલો. આવા છૂટાછેડાનાં કિસ્સામાં હું હિસ્સો બનવા માંગતો નથી.... ને તુંય 'એનો' સ્વભાવ જાણે છે ને ! તને મદદ કરવામાં મારો છૂટાછેડાનો પ્રોબ્લેમ થઈ જાય તો ? બકરું કાઢતા ઊંટ પેસી જાયને !''

તો એમાં શું માસ્તરજી ? કોક સારો વકીલ આપણે બન્ને સાથે શોધીશું. બે કેસને લીધે વાજબી ફી લઈને પતાવી પણ આપે...'' ભારતીએ જૂની ટેવ પ્રમાણે નાની સાઈઝનો ધબ્બો પીઠ પર કુરિયર કરી દીધો.

એક કામ કર ભારતી, હમણાં કમૂરતા ચાલે છે. કમૂરતામાં લગ્ન ના થાય તો છૂટાછેડા પણ ના લેવાય. હજી થોડી રાહ જો. તારા ઘરવાળાને આવતા મહિને પ્રમોશન મળવાનું છે. પગાર વધીને પાંચ આંકડામાં થવાનો છે. એટલે ધીરજનાં ફળ મીઠાં. ભરણપોષણનો ખર્ચો તારોય પછી વધી જવાનોને! બન્ને હાથે લાડુ !

''અરે... માસ્તર તમેય હજી ભોળાં-ભટ્ટજી જ રહ્યા. હું મારા છૂટાછેડાની વાત ન'તી કરતી. મારા નણંદ માટે સલાહ લેવા આવી છું. તમે ધ્યાનથી સાંભળ્યું નહીં... એ હિટલરથી છૂટે ! મેં એ હિટલરથી હું છૂટું એમ ક્યાં કહ્યું હતું ? કાલ સુધીમાં ડ્રાફ્ટ બનાવી રાખજો. ધાબે કે બારીએ પહેલાની જેમ આંગળીથી સાઈન કરજો એટલે સમજી જઈશ... બોલો, આ બળેવે તમારા માટે મીઠાઈમાં શું લાવું...?''

નિવૃત્તિના આ પહેલા દિવસથી જ મારી આવડતના પડઘા પડવા શરૂ થઈ ગયા. સારા વિચાર, ક્વૉટેશન, સુંદર અક્ષરથી રજૂઆતની કદર જાણે આજથી શરૂ થઈ ગઈ. પહેલી બોણી રમાગૌરીની પીંકી માટે થઈ. બીજી બોણી ભારતીની નણંદ માટે થઈ. હે પ્રભુ ! હવે બપોરની વામકુક્ષિ ભોગવવા મળે તો સાંજની આરતી મારા તરફથી મહાદેવમાં !

''આ તમે મોબાઈલ ઉપાડતા નથી તો તમારા જૂના સાહેબ મને વારેવારે મેસેજ અને મિસકોલ કર્યા કરે છે... એમને બીજું કાંઈ કામ નથી લાગતું... લો એમનો ફોન... (મોટી સાઇઝનો તોબરો મોં પર ચઢાવી નાની સાઇઝનો મોબાઇલ મારા હાથમાં ઘરવાળાએ ધર્યો.)''

...હાલો મિસ્ટર શાહ, પંડ્યા ફ્રોમ ગાંધીનગર. અલ્યા ભૈ ફોન તું ઉપાડ. નિવૃત્ત થયા એટલે ભઈબંધને ભૂલી જવાના યાર... ! સોલ્જરીમાં ચાની ડાયરીના ઉધાર માટે ફોન નથી કર્યો કે પેલી મિસ માથુરના સનના એડમિશન માટે... યાર, આ નવા સાહેબ લાયન્સ ક્લબમાં સેક્રેટરી છે. આ એક નવા આરોગ્ય કેન્દ્રમાં ક્રિકેટર આવવાના છે ચીફ ગેસ્ટમાં... તો સ્લોગન લખીને મેઈન એન્ટ્રન્સ પાસે મૂકવાનું છે... યાર બોસે મને કામ સોંપ્યું, એટલે મને તું યાદ આવ્યો. મારી પેલી બે નંબરની ગર્લફ્રેન્ડનાં સ્વીટ મેસેજીસ અફલાતૂન તું જ લખતો હતો ને ભૂલી ગયો ?

...જલદી બોલ કોણ આવવાનું છે કપિલદેવ કે ગવાસ્કર ?

''યાર કપિલદેવ બીઝી છે... ગવાસ્કર ફોરેન છે...''

''તો પંડ્યા છે કે પૂજારા ?''

''યાર, બન્ને ફેમિલી ફંકશનવાળા છે... યાર, આપણો માહી આવવાનો છે... કાંઈક ઘાંસું સ્લોગન બનાવી આપ. તારો... સાહેબનો, બધાનો વટ પડી જાય...!''

જો પંડ્યા, હાજર સ્ટોકમાં ધોનીનો એક નમૂનો પડ્યો છે 'MSD'નો M - Mask, S - Sanetize, D - Distancing બોલ, આ થ્રી-ઈન-વન કેવું રહેશે ? મહામારીનો સંદેશ સાથે સાથે ક્રિકેટર મુખ્ય મહેમાનનું બહુમાન પણ. એક કાંકરે બે પક્ષી. બોલ ચાલશે ?

મિસ્ટર શાહ, બોસ ચુસ્ત હિન્દી ભાષી છે અને આ કાર્યક્રમ 'હિન્દીદિન'ની ઉજવણીમાં જ કરવાનો છે એટલે અંગ્રેજી નહીં ચાલે... એક કામ કર તારા આ દોસ્ત પંડ્યા માટે તારી સોસાયટીમાં પેલા ૨/૧૨માં મથુરાથી જે માલતીબેન ભાડે રહે છે એ હિન્દીમાં કોવિદ પાસ છે. તું એમનો સંપર્ક કરજે મારું નામ દઈને. એને બે વાર મારા એક્ટિવા પર છે...ક... ગાંધીનગરથી અમદાવાદ મૂકી ગયો છું, ના નહીં પાડે. રૂબરૂ મળવા જાય તો એ ડોબરમેન પાળે છે એનું ધ્યાન રાખજે... અને હા એના આર્મીમાંથી નિવૃત્ત ફાધર પણ રિસન્ટલી આવ્યા છે પછી તને એમ ના થાય કે પંડ્યાએ ચેતવ્યો કેમ નહીં ! ચાલ દોસ્ત, કાલે રિંગ કરીશ.

યાદીમાં કુટુંબનિયોજન નથી હોતું. એક જ દાડામાં નોટસ્ટોપ સૂચનો આવતાં જતા જ હતાં. નિવૃત્તિની સાઇડઇફેક્ટ્સ આટલી બધી વહેલી દેખાવા માંડશે એનો મને ખ્યાલ ન હતો. હશે ! આવડતનો સદુપયોગ થતો હોય તોય અધિક મહિનાનું પુણ્ય મળેય ખરું (જોગાનુજોગ અધિક માસ જ ચાલતો હતો). અત્યાર સુધી તો બહારનાની ફરમાયશ ચાલતી હતી. બધાય

ખાસ હતા એટલે ફટ્ દઈને ના પાડવાનો અવકાશ જ ન હતો. ત્યાં તો... ઓનલાઇન શિક્ષણનો તાસ પૂરો થતાં જ ઘરનાં બે ટાબરિયાં જુદી જુદી કોરી કાપલીઓ લઈ... હમણાં ને હમણાં જ લખી આપો નહીં તો મમ્મી બપોરની ચા નહીં મૂકે. તમારે આખા ઘરની ચા, દાદીનો ઉકાળો ને દાદાનો કાઢો બનાવવો પડશે... ને હા અમારા બન્નેનું હોર્લિકસવાળું દૂધ. બોલો લખી આપશો ને? (ખંડણીખોર નજરે કોઈ દિવસ જોયા ન હતા પણ આજે કેવા હશે એની રૂપરેખા આછી ઘડાઈ ગઈ.) મોન્ટુને મોડર્ન છપ્પા લખવાના હતા અને સ્વીટુને સત્ત્વસભર હાઈકુ. એક બાજુ સંતાનનો સ્નેહ, બીજી બાજુ ઘરવાળાની ગંભીર વોર્નિંગ. કલમને માસ્ક ચઢાવી. વિચારોને સેનિટાઈઝ્ડ કરી... મનને આઈસોલેશન વોર્ડમાં મૂકી જે કાંઈ સૂઝ્યું તે કાપલીમાં ટપકાવી દીધું

મોડર્ન છપ્પાઃ ગલી ગલી મેં વોકિંગ કરે, લૂકિંગ કરે બ્યૂટી
લાગ મિલે તો રફુચક્કર, નઈ જનરેશન કી ડ્યૂટી

સત્ત્વ-સભર,
હાયકુઃ વદને સ્મિત,
હૂંફાળો આવકાર
ગણિકા દ્વારે !

બન્ને કાપલી લઈ એની મા પાસે ગયા અને એક બાજુ વાદળની ગર્જના. વીજળીના કડાકા, બીજી બાજુ ઘરવાળાની હાથમાં વેલણ સાથે એન્ટ્રી.

"લાજો જરા લાજો. આ નિશાળે જતાં છોકરાંઓને આવું લખીને આપવાનું ? મા-બાપે ન મને ભલે કૈં સંસ્કાર ના આપ્યા હોય, ઘરનાં છોકરાંઓને તો આપતા શીખો. આ છપ્પામાં તમારે બંટીને બસ ભટકવાનું શીખવવાનું છે ? હેં ! ને બબલીને... આવું... છી... છી... છી... ફરીથી કૈંક સારું લખી આપો નહીં તો પછી હું એમના ટ્યૂશન ટીચર પાસેથી સાથે બેસીને શીખી લઈશ, સમજ્યા ? (ટ્યૂશન માસ્તરનું બૈરું ભાગી ગયું હતું.)"

ચાલો, છોકરાંઓનું તો હું સંભાળી લઈશ પણ તમે મને આજે 'નારી તું નારાયણી'ની ગઝલ સ્પર્ધામાં ભાગ લેવાનો છે એમાં પેરોડી જેવી રચના પણ સ્વીકારાશે તો તમે મને એવી ગઝલ... ભલે છંદ, માત્રા ના જળવાય... હસવું આવે... વ્યંગ થાય.. એવું લખી આપો તો માનું કે તમને પસંદ કરવામાં મેં થાપ નથી ખાધી. સાંજ સુધીમાં પતાવી દો... નહીં તો પછી આજે તમારે એકવાર... રાતના ધાબે સૂઈ જજો. ધાબે કૂતરાને પહેલાં કાઢજો.

સાંજનું ખાવાનું જાય એ પોષાય તેમ ન હતું. બહાર નીકળવામાં કરફ્યૂય નડી જાય ! ધાબે સૂઈ જવામાંય ટેવાયેલો હતો પણ એક બાજુ અષાઢનો મહિનો... વરસો જૂના પેધા પડેલા મચ્છરો... અને છેક ધાબે સુધી પથારી... ગાદલાં... ચાદર જાતે ઉપાડી નીચે સવારે પાછા લાવવામાં મારે હજી 'સ્વાસ્થ્ય અભિયાન'માં પહેલા દિવસથી જોડાવું ન હતું. એટલે નારી ઉપર એક પરોડી લખવામાં મને વાંધો ન હતો કારણ કે ગઝલ માટેની કાચી સામગ્રી... રો મટિરીયલ્સ હાજર સ્ટોકમાં ઘરમાંથી જ મળી રહેતું !

ખાનગી... જાહેરમાં...

હાઈકમાન્ડ ઘરમાં,
બહાર મોટા મેમ છે,
મિત્રમંડળ સર્કલમાં
ઊંચું એમનું નેમ છે.
વાતવાતમાં ચૂપ કરવું
સદા એમની ગેમ છે,
હિટલરની વારસ એ
હજીય એમની એમ છે.
બહાર લટકા, મટકા
ઘેર ઠંડી હેમ છે.
લડે તો જાણે રણચંડી,
રાણી ઝાંસી જેમ છે.
થાય ઓફિસેથી મોડું
પૂછે 'લેટ ગાડી કેમ છે ?'
તોય...
પૂછે દોસ્તો રોજ હજી,
તબિયત ભાભીની હેમખેમ છે ?

હૈયામાં હામ, બાહુમાં બળ અને મનમાં મુરાદ રાખીને આ નારી પેરોડી આપ્યા પછીનો પ્રતિભાવ...

"મને ખાતરી જ હતી કે, મને વગોવવામાં તમે કાંઈ જ બાકી નહીં રાખો. આ તો હરીફાઈની ગઝલ છે એટલે લઈ જાઉં છું. ઇનામ મળે તો ઠીક. આશ્વાસન ઇનામ માટે તમે તૈયાર રહેજો... ગામ આખાને રોજને રોજ આડુંઅવળું સરસ લખી આપો છો ને મારા માટે બસ આવું લખવાનું ? હવે કોઈને આવવા દો તમારી પાસે લખાવવાના કામથી... હું તો કહી દઈશ મોઢેમોઢ કે ટ્રેજેડી કીંગ દિલીપકુમારને ભલે ઢળતી ઉંમરે અલ્ઝાઈમર (ભૂલી જવાનો રોગ) થયો હોય અમારા ઘરવાળાને આ નિવૃત્ત થયાનાં બીજે દાડેથી જ થયો છે. (બહારના માટે હોં... ઘરના માટે નહીં !

તા.ક. મારી બા માટે નવું ભજન લખવાનું છે નવરાત્રી માટે, ના ન પાડશો."

---

*એમ-૫, ૨/૧૨, NEO હોસ્પિટલ પાસે,
નારણપુરા, શાસ્ત્રીનગર, અમદાવાદ-૩૮૦૦૬૩.*




Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.gujarat.gov.in


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

કેમ છો, ઓળખાણ પડી ?

- રમેશ પટેલ 'ક્ષ'

મારો મારગડો રોકીને જ્યારે કોઈ મને પૂછે છે - 'કેમ છો ?' ત્યારે એનો જવાબ આપવામાં મને ખાસ મુશ્કેલી નથી પડતી. હું મજામાં ન હોઉં તો પણ કહી દઉં છું - 'મજામાં !'

આટલેથી વાતનો અંત આવી જાય, તો હું હળવાશ અનુભવું છું. પરંતુ મને એ વ્યક્તિ જ્યારે હસ્તધૂનન કરીને કે સામાજિક દૂરી રાખી નમસ્તે કરીને પૂછે છે - 'ઓળખાણ પડી ?' ત્યારે મારા પર જાણે આકાશ તૂટી પડે છે !

જેટલી સહજતા અને સરળતાથી હું મોનાલિસા જેવું મોહક સ્મિત કરીને 'કેમ છો ?' ના ઉત્તરમાં 'મજામાં' કહી શકું છું, એટલી સહજતા અને સરળતાથી 'ઓળખાણ પડી ?' નો ઉત્તર દઈ શકતો નથી! એ ક્ષણે, મારી ઉમદા વિચારસરણી અને સંવેદનશીલતાને કારણે, ઓળખાણ નહીં પડી હોવાનું કહેવાથી પૂછનારને દુઃખ થશે, એમ માનીને હું 'હા, હા, કેમ નહીં ? તમને હું ના ઓળખું એવું બને ખરું ?' - એવો સત્યથી તદ્દન વેગળો જવાબ આપું છું !

મારા આ ઉત્તરથી પ્રતિપક્ષનું ચિત્તતંત્ર પુલકિત થાય છે એવું નથી. એ તો ખાતરી કરવા માટે આગળનો પ્રશ્ન કરે છે - 'બોલો, હું કોણ છું ?' મારી મૂંઝવણ દૂર કરવા, પનિહારી માથેથી ગાગર ઉતારે એમ, ચહેરા પરથી માસ્ક ઉતારીને એ પ્રશ્નસૂચક નજરે મને નિહાળી મરકમરક હસે છે અને હું અકથ્ય અને અગમ્ય મૂંઝવણમાં મૂકાઈ જાઉં છું !

અમે નાના હતા ત્યારે, 'હું કોણ છું ?' વાળાં ઉખાણાં એકબીજાને પૂછતા. પરંતુ એમાં કોઈ પરિચયાત્મક ખાતરી મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાથી કોઈ મૂંઝવણ થતી નહોતી. જ્યારે અહીં, મને 'હું કોણ છું ?' એવું પોતાના અસ્તિત્વ માટે પૂછનારને મને ક્યારેક તો એવો જવાબ આપી દેવાનું મન થાય છે કે - 'હે વત્સ ! આ પૃથ્વી પર જન્મ ધારણ કર્યા પછી, આજે વરિષ્ઠ નાગરિક થયા પછી પણ 'હું કોણ છું ?' (અહીં હું એટલે હું પોતે !) એ જાણી શકતો નથી, ત્યાં 'તું કોણ છે ?' એ હું કઈ રીતે જાણી શકું ? લે, હાથ છોડ ને ચાલતો થા !'

અલબત્ત, આ માત્ર મનમાં ઉદ્દભવેલો કાલ્પનિક સંવાદ છે, જે નેપથ્યમાં રહે છે જે પ્રશ્નકર્તાની સન્મુખ પ્રગટ થતો હોતો નથી !

આમ, ચાર દિવસની ચાંદની ગણાતી, પરંતુ હકીકતમાં ઘણાં વર્ષોની મારી જિંદગીમાં અનેક સજ્જનોએ મને 'ઓળખાણ પડવા' વિશે સવાલ પૂછેલા છે અને મેં અગમ્ય મૂંઝવણ અનુભવી છે. ક્યારેક તો સન્નારીઓએ પણ વેધક બાણ છોડતી હોય એ રીતે 'ઓળખાણ પડવા' વિશે સવાલ પૂછ્યા છે અને ત્યારે મેં મણમણના નિસાસા નાખ્યા છે. એ સમયે કોઈ બોસ એના કર્મચારીને ખખડાવે, એમ મેં મારી પોતાની જાતને ખખડાવી છે કે - 'અરે ! સન્નારીને ઓળખવાનું સૌજન્ય પણ તું ગુમાવી બેઠો છે ? તો પછી તારા જીવવાનો કે સાહિત્ય લખવાનો અર્થ શો છે ?'

મારા કેટલાક પરિચિતો મને જણાવે છે કે, હું જ્યારે પણ ઓળખાણ પડવા વિશે પૂછનારને ઓળખતો ન હોઉં, ત્યારે મારે સ્પષ્ટપણે એને કહી દેવું જોઈએ કે - 'માફ કરજો, મને અગાઉ ક્યાંક જોયા હોય એવું લાગે છે પણ ઓળખાણ પડતી નથી !'

મારા પરિચિતો તો સલાહ આપે, પણ એવા સ્પષ્ટવક્તા થવાની મારી ક્ષમતા તો જોઈએ ને ? વળી, મને ઓળખાણ પડવા વિશે પૂછનાર મને ઓળખે છે એ સ્પષ્ટ હોય છે. એ હરખપદૂડો થઈ મારી સાથે હાથ મિલાવે કે નમસ્તે કરે, અત્યંત ભાવુક થઈ મારા ડાબા કે જમણા ખભા પર ધબ્બો મારે, મને એવું માનવા પ્રેરે કે એની અને મારી દોસ્તી કૃષ્ણ-સુદામા જેવી છે, ત્યારે એવી નાજુક ક્ષણે હું તેને ઓળખતો નથી એમ કહેવું એ ખરેખર અધમ કૃત્ય છે. ભગવાન મને તો કમસે કમ એવા પાપકર્મથી બચાવે !

આ કારણે, મને ઓળખનારને હું ન ઓળખતો હોઉં તે સ્પષ્ટ હોવા છતાં પણ હું એને ઓળખતો નથી, એવું ક્યારેય જણાવી શકતો નથી. એટલું જ નહીં, પરંતુ ઓળખાણ પડવા વિશે પ્રશ્ન કરનારની સાથે સંવાદ શરૂ થાય ત્યાંથી માંડીને સંવાદ પૂરો થાય અને મારાથી એ વિમુક્ત થાય ત્યાં સુધી, હું અગમ્ય મૂંઝવણ અનુભવતો હોવા છતાં, હું એને ઓળખતો નથી એવું જણાવા દેતો નથી ! મનમાં મૂંઝવણ હોવા છતાં, એ છુપાવીને આદર્શ અભિનેતાની અદાથી હું અભિવ્યક્ત થાઉં છું !

એમ તો હું જેમને ઓળખતો હોઉં છું એવા ઘણા બધા નામાંકિત મહાનુભાવો મને ઓળખતા હોતા નથી. આમ છતાં, તેઓને મળીને 'ઓળખાણ પડી ?' એવું પૂછીને એમને મૂંઝવણમાં મૂકવાનો વિચાર ક્યારેય મારા મનમાં ઉદ્દભવેલો નથી ! આની પાછળ, કોઈની પણ ભાવનાને ખંડિત ન કરવાનો મારો ઉદ્દેશ હોય છે !

એ સુવિદિત છે કે ભારતવર્ષની સંસ્કૃતિમાં આતિથ્ય ભાવનાનું મહત્ત્વ છે. કવિ દુલા કાગ પણ કહે છે - 'તારા આંગણિયાં પૂછીને જે કોઈ આવે રે, આવકારો મીઠો આપજે રે.' કવિએ અહીં 'જે કોઈ' શબ્દ વાપર્યો છે. એમણે એવું નથી કહ્યું કે તારો ઓળખીતો-અર્થાત્ તું જેને ઓળખે છે તે આવે તો જ આવકારો આપજે ! પરંતુ તને ઓળખતો હોય એવો કોઈપણ આવે તો એને પણ આવકારો આપજે - તું ભલે એને ન ઓળખતો હોય !

આ ઉમદા આતિથ્ય ભાવનાને સ્વીકારીને હું પોતે પણ મારાં આંગણિયાં પૂછીને કે નેમ પ્લેટ વાંચીને 'જે કોઈ' આવે એનું સ્વાગત કરું જ છું. એમના માટે મારી અર્ધાંગિનીની મદદ લઈ, ચા-પાણીથી માંડીને ભોજન સુધ્ધાંનો પ્રબંધ પણ કરું છું. વળી, તેઓ વધુ વિશ્રામ ઇચ્છતા હોય, તો એમના શયનની પણ વ્યવસ્થા કરું છું. અલબત્ત, આ દરમિયાન હું સતત ચિંતન કરું છું કે મારું આતિથ્ય માણનાર આ સજ્જન મને કઈ રીતે ઓળખતા હશે ? એમને હું ક્યાં મળ્યો હોઈશ ? તેઓ મારા કે મારી અર્ધાંગિનીના કઈ રીતના સગપણમાં હશે ? વગેરે વગેરે.

કેટલીકવાર વર્તમાન પત્રોના અજાણી વ્યક્તિના અનધિકૃત ગૃહપ્રવેશ અને ચોરી-લૂંટ વગેરેના સમાચાર વાંચેલા હોય, તે કારણે ભયજનક વિચાર પણ આવે. એમ થાય કે મને ઓળખાતા હોવાને કારણે પધારેલા આ અતિથિ પણ એવી કોઈ પ્રવૃત્તિ સાથે તો સંકળાયેલા નહીં હોય ને ? આવા તીવ્ર મનોમંથન સાથે મને ઓળખતા અતિથિ સાથે મારા સંવાદ ચાલે છે અને કોઈ સસ્પેન્સ ફિલ્મની જેમ રહસ્ય ઘૂંટાતું જાય છે !

મારા બે ત્રણ અંગત મિત્ર મને સહાયની જરૂર હોય ત્યારે સલાહ આપતા હોય છે. તેઓ આ વિષય પરત્વે જણાવે છે કે ઓળખાણની બાબતમાં ભલે કડવા લાગીએ, તો પણ સ્પષ્ટ થઈ જવું સારું ! જો ઓળખાણ ના પડી હોય તો બેધડક ઓળખાણ પડતી નથી એમ કહી દેવું ! એકવાર સ્પષ્ટ થઈ જવાથી જલ્દી બોજમુક્ત થઈ જવાય ! તો વળી, બીજા બે ત્રણ મિત્રો એમ કહે છે કે ઓળખાણ તો મોટી ખાણ છે. જે તમને ઓળખે છે, હર્ષઘેલો થઈ તમને મળે છે, એને તમે ન ઓળખો એ તો કેટલું શરમજનક કહેવાય ?

આ બાબતે મારી અર્ધાંગિનીની સલાહ એવી છે કે, હું જેમને મળું અને જેઓ મને મળે, એ તમામનાં નામ અને ચહેરા મારે યાદ રાખવા જોઈએ જેથી એ તમામને ન ઓળખવાનો પ્રશ્ન જ ઊભો ન થાય ! પણ મારી યાદશક્તિ એટલી તીવ્ર હોત તો હું લેખક શા માટે થાત ? બહુ ફેલાવો ધરાવતા દૈનિકપત્રનો તંત્રી ન થાત ?

પરંતુ ગમે તે હોય પણ મારા આંગણે 'જે કોઈ' આવે એની સરભરામાં હું લાગી જાઉં છું એ હકીકત છે. મારી અર્ધાંગિનીને પણ એ સેવાયજ્ઞમાં મને કમને જોડાવું પડે છે. હું એને જણાવું છું કે, આપણે ભલે અતિથિને ન ઓળખીએ, પરંતુ એ આપણને ઓળખે છે એટલું પૂરતું છે. બીજું કંઈ નહીં, તો આ પ્રકારના મિલન-મુલાકાતથી જ વસુધૈવ કુટુમ્બકમની પવિત્ર ભાવના જન્મી શકે છે. અલબત્ત, આપણે જાણીએ છીએ તેમ, મોટેભાગે સમજદાર અને સાવધાન ગૃહિણીઓને આવી પવિત્ર ભાવના જન્માવવામાં કોઈ દિલચશ્પી હોતી નથી !

આમ હોવા છતાં, ક્યારેક ચમત્કાર પણ થઈ જાય છે. મારો મારગડો રોકીને મને ઓળખાણ પડવા વિશે પૂછનાર, મને ઓળખનારને, હું પણ તુર્ત જ ઓળખી જાઉં છું ! આ ધન્ય ક્ષણે મારા વિસ્મયનો પાર રહેતો નથી ! ગુનાની તપાસ કરનાર અધિકારીનો ગુનાશોધક શ્વાન અપરાધીને શોધી કાઢે અને એ કારણે તે અધિકારીને થાય તેવો અનન્ય આનંદ એ ક્ષણે મને થાય છે ! મારા ચિત્તતંત્રમાં નિર્દોષ અહંકાર જન્મે છે. મને થાય છે કે, હું પણ બુદ્ધિજીવી છું. મારી યાદશક્તિ પણ અન્ય વ્યક્તિઓ કરતાં ઓછી નથી !

ભાવાત્મક એકતા અને વસુધૈવ કુટુમ્બકમની સંયુક્ત ભાવનાના ઉપક્રમે જોઈએ, તો એક માનવી બીજા માનવીને ઓળખતો નથી એવું માનવું જ ભૂલભરેલું છે. આ માન્યતાનો જનસમુદાયમાં સ્વીકાર થશે ત્યારે 'ઓળખાણ પડી ?' એવું પૂછવાનો સવાલ જ ઉપસ્થિત નહીં થાય !

બાય ધ વે, તમે મને રસ્તામાં મારા કાર્યાલયમાં, મારા નિવાસસ્થાનમાં, અરે મારા સ્વપ્નમાં પણ ઇચ્છો ત્યારે અવશ્ય મળી શકો છો, પરંતુ મિલનની એ આહ્‌લાદક ક્ષણે મને 'ઓળખાણ પડી ?' એવું ન પૂછવા અનુરોધ છે !

૨૪, વ્યાપાર ભવન, ન્યાયમંદિર પાસે,
હિંમતનગર, જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.
મો. ૯૮૨૫૩૪૦૨૩૯



સમજુબાની ડબલ સમજણ

- સુષમા શેઠ

અમુક વ્યક્તિઓ બે ત્રણ કામ એક સાથે કરી શકે તેટલા વિચક્ષણ હોય છે એ રીતે સમજુબાનું ડાબું મગજ જમણી તરફનું અને જમણું મગજ ડાબી તરફનું એમ બે બાજુનું એક સાથે વિચારી શકવા સક્ષમ હતું.

તે દિવસે હાથમાંથી ફોન પડતો મૂકી, ''હેં ગયો?'' કહી સમજુબાએ હાઈ વૉલ્યુમની પોક મૂકી. ઘરના બધાં પોતપોતાનાં કામ પડતાં મૂકી ડબલ સ્પીડે દોડી આવ્યા. અચાનક બાને શું થયું તેની અવઢવમાં સરિતાએ પૂછ્યું, ''આજે તો રસોઈ ચાખી ચાખીને કઈરી છે. લે ! તે આજે મેં રામુને જરી કોથમીર લેવા બજારમાં મોઈકલો, તેમાં તમે ગયો... ગયો... કરતી પોક મૂઈકી ? બીજી વાર એને નહીં મોકલું બસ.'' સમજુબાની અણસમજુ વહુએ ગભરાઈ જઈ બફાટ કર્યો તેમાં બા નવેસરથી ઉકળી પડ્યા.

''એ અક્કલની ઓથમીર, તારી દસ વાર ચાખી ચાખીને એંઠી કરેલી ચમચીવાળી રસોઈ અમારે ખાવાની ? તને ચાખ્યા પછીયે ખબર નથી પડતી કે તારામાં શું ઓછું છે એટલે કે રસોઈમાં શું ઓછું અને શું વધુ છે અને પછી સમજ્યા વગર દાળમાં મીઠું ડબલ ભભરારી દે છો. ઈવડા ઈ રામુને કસીને કોથમીર લેતાંય નથી આવડતું ને તેં એને બજારમાં મોકલ્યો ?'' વહુ સામે ડોળા કાઢી સમજુબાએ પાડોશીનેય બરાબર સંભળાય તેવા મોટા અવાજે પાછું રડવા માંડ્યું. ''હાય હાય'' કરી છાતી કૂટી પછી સાડીના છેડાથી નાક લસીક્યું. મોટા ગળા બહાર ડબલ હાયકારો શેનો નીકળ્યો તે સમજુબા સિવાય કોઈને ન સમજાયું.

બાનો સ્ટિરિયોફોનિક સાઉન્ડ સાંભળી આડોશપાડોશનું શોકગ્રસ્ત મહિલામંડળ આવી પહોંચ્યું. કંઈક અશુભ થયું હોવું જોઈએ માની કેટલાકે રડવામાં તો કેટલાકે ખરખરો કરવામાં સમજુબાને સહાય કરી. સહેલીઓને જોઈ સરિતા રસોડામાં ચા બનાવવા પેઠી ત્યાં તો બાએ રૂદાલીનો રોલ ભજવવામાં 'ટાઈમ પ્લીઝ' કરી રસોડામાં ડોકિયું કર્યું, ''એ મૂરખ, આવા ટાઈમે ચા ન પિવડાવાય, બધા મારા ભાઈના અવસાન નિમિત્તે બેસવા આવ્યા છે. ખબરદાર પાણીનુંય પૂછ્યું છે તો. હે પ્રભુ તું અક્કલ વહેંચતો હતો ત્યારે આ ક્યાં ગઈ હતી ?''

બા પાછા મહિલાઓ વચ્ચે આવીને બેઠાં.

''હવે કાંઈ બોલીશ કે આમ રડ્યા કરીશ ? કોનો ફોન હતો ? શું થયું ? કોણ ગયું ? ક્યાં ગયું ?'' બાપુજી નજીક સરકી પતિધર્મ બજાવતા પૂછવા લાગ્યા.

''મારો ડબ્બૂ, મારો નાનકો, મારો વહાલો... મારા કરતાં તો દસ વરસ નાનો હતો. ગયો...'' બાએ ફરી ઘર ગજવ્યું. આંખમાં આંસુડાં આણવા પ્રયત્ન કર્યો પરંતુ એ નિષ્ફળ નીવડ્યો.

''હેં ?'' સૌના મોઢામાંથી એકસામટો ઉદગાર સરી પડ્યો. ''નાનકો આમ સાવ અચાનક ? શું થયું ?''

સમજુબાની શ્રવણેન્દ્રિય કરતાંય ઘ્રાણેન્દ્રિય ડબલ સતેજ હતી.

''શાક બળતું લાગે છે સરિતા વહુ. વાસ આવી. હે નિષ્ઠુર ભગવાન, હે પ્રભુ, આ ઉંમરે મારે કેવા દિવસો જોવાના આવ્યા. મારા ભાઈ કરતાં તો મને ઉપાડી લીધી હોત.'' સમજુબા ઉપર છતને તાકતા બોલ્યાં, ''આ ચીકણો પંખો સાફ નથી કર્યો. સરિતા, ગેસ બંધ કર્યો ? સીટી એકાદ વધારે લેજે, ગઈકાલે ભાત કાચો રહી ગયેલો.'' સમજુબાએ ડબલ બાજુનું વિચાર્યું, વિચારીને બોલ્યાં અને ફરી આવતા અંકનો રસિક ભાગ આગળ વધાર્યો એટલે કે રડવાનો અધૂરો ક્વોટા પૂરો કર્યો.

દીકરાએ દોડતા જઈ પાણી લાવી આપ્યું તે તરફ આડું મોઢું કરી સમજુબાએ વાગ્બાણ ઉગામ્યું, ''જ્યાં સુધી મારા નાનકાનું મરેલું મોઢું નહીં જોઉં ત્યાં સુધી પાણી નહીં પીઉં.''

''એમ ન કહેવાય સમજુ, અર્થનો અનર્થ થઈ જાય, જરા સમજ.'' બાપુએ બાનું ભયંકર વ્યાકરણ સુધારવા ચાહ્યું પણ બા સાંભળે તો ને.

''અરરર... હજુ તો બાળકોય નાનાં છે. બિચારી વંદનાનું હવે શું થશે ? ને તમે પંખો ચાલુ રાખીને બહાર દોડી આવ્યા, બંધ કોણ કરશે ? અરરર... લાઇટ બિલ કેટલું આવશે ? બધી ચિંતા મારે જ કરવાની ?''

સૌ મુંઝાયા. ''બા, હમણાં જ દિલ્હીની ફ્લાઇટની ટિકિટ બુક કરાવું, તું બેગ પેક કરવા માંડ.'' બાના ડાહ્યા દીકરા લલિતે કહ્યું.

''અલ્યા, ઈ તો ઉકેલી ગયો. એમ કાંઈ ફ્લાઇટનો

ખરચો ન કરાય સમજ્યો ? ટ્રેન ચાલશે.'' સમજુબાએ બંને સાઈડથી વિચારી જવાબ આપ્યો.

''પણ તું ત્યાં સુધી પાણીયે નહીં પીવે તો તો ભારે થાશે.'' બાપુજી ચિંતાતુર થઈ ઉવાચ્યા.

સરિતા શરબતનો મોટો ગ્લાસ સામે ધરી બોલી, ''બાધા પાણીની લીધી છે. તે પાણી નહીં પીતા, શરબત તો પીવાયને ?''

પાણી પહેલાં પાળ બાંધી કોઈની 'ના'ની 'હા' થાય તે પહેલાં પાણીદાર સમજુબાએ શરબતનો ગ્લાસ ઝૂંટવીને મોઢે માંડી જ દીધો.

''છેલ્લે છેલ્લે તો સાવ હાડપિંજર થઈ ગયો હતો એવું મોટાભાઈએ કહ્યું.'' સમજુબાએ આગળ ચલાવ્યું, ''સરિતા વહુ એને પિયર રક્ષાબંધન કરવા ગઈ'તી તેમાં એ સાલ હું રક્ષાબંધન કરવા મારે પિયર દિલ્હી ન જઈ શકી. અરરર... મારા ભાગ્ય. નાનકાને બે વરસથી જોયો નહોતો. તેમાં વળી કોરોના વિલન બની આવ્યો ને પાછું દોઢ વરસ ખેંચાઈ ગ્યું પણ હાય હાય મારો ભાઈલો લાંબુ ન ખેંચી શક્યો. મને ફોનમાં કે'તો તો મોટીબેન ક્યારે આવશો ? બહુ યાદ કરું છું. લે આમ ઊભી શું છો સરિતા, હવે થાળીઓ પીરસ. મને ભૂખના ચક્કર આવે, લૉ સુગર છે ભૂલી ગઈ ? મારી થાળી આગળ પાણીનો ગ્લાસ ન મૂકતી. મારે જ બધું યાદ કરાવવું પડે.''

ચોથી રોટલી રસમાં ઝબોળીને જમતાં જમતાંય બા બોલ્યાં, ''કે'છે, છેલ્લે છેલ્લે ખાવા પીવાનુંય છોડી દીધેલું. સાવ સૂનમૂન બેસી રહેતો અને બધાને તાક્યા કરતો. ત્રણ ત્રણ ડૉકટરોને બતાવ્યું પણ કાંઈ ન વળ્યું.''



''બા, તારી મુંબઈથી દિલ્હીની રાજધાની એ.સી.ની ટિકિટ મળી ગઈ છે. તું જવાની તૈયારી કર. હું તને સ્ટેશને મૂકી જાઉં.''

''લે, એ.સી.ની મોંઘી ટિકિટ લેવાની શું જરૂર હતી ? આમ કાંઈ અમસ્તા રૂપિયા ખર્ચી નખાય ? હું વહેલી પહોંચીશ તેમાં કાંઈ ઈ જીવતો નૈ થૈ જાય અને સરિતા, રામુને આખેઆખો સાબુ ન આપતી, કટકો જ આપજે. ઘસી ઘસીને પૂરો કરી નાખે છે. ક્યાંક આપણે ઘસાઈને પૂરા થઈ જઈશું. કપડાં તો ઉજળાં થતાં નથી.'' બાએ બે વિચાર એકસાથે વહેતા કર્યા.

''જો વાતાવરણમાં કેવો ઉકળાટ છે. તું તારે નિરાંતે ઠંડકમાં જા. એટલે શું કે અહીંયાય ઉકળાટ ઓછો થાય અને ત્યાં પહોંચીનેય તારા પિયરમાં કોઈની હારે ગરમાગરમી ન થાય સમજી.'' બાપુજી ધીમે રહી સમજીને બોલ્યા પણ સમજુબા એમ કાંઈ સમજે ?

''સરિતા, હું ન હોઉં ત્યારે શાક સો ગ્રામ ઓછું રાંધજે. બધું કેટલું મોંઘું...'' બબડતાં સમજુબાએ બેગમાં સફેદ સાડીઓ ભરવા માંડી, ''આવા પ્રસંગે તો ત્યાં કાંઈ લઈ ન જવાય. એક ડબ્બીમાં રસ્તા પૂરતી સુખડી ભરી દે વહુ. મારા નાનકાને મારા હાથની સુખડી બહુ ભાવતી. કાયમ કહે, દાંત હલે છે બેન, તમારા હાથની સુખડી મોકલાવો તો ડેન્ટિસ્ટ પાસે જવું ન પડે અને નકામો ખર્ચો બચે. એ મારી સુખડી ખાવાય ન રહ્યો.''

''એ પહોંચીને ફોન કરી દેજે હોં.'' બાપુજી માંડ હરખ છુપાવતા બોલ્યા, ''અને તારા પિયરિયાને, મોટાભાઈને મારા વતી સાંતવન આપજે.''

''મોટાભાઈએ કીધું ઈ જનમ્યો ત્યારથી જ શરીરે નબળો હતો પણ આમ સાવ આવી નાની ઉંમરે જતો રહેશે એવું માન્યામાંય નથી આવતું. સરિતા, મોબાઈલની ગેમ રમવામાં રોટલી બળી ન જાય એનું ધ્યાન રાખજે અને તારા સસરાને સુખડી ન આપતી. ડાયાબિટીસ છે. હું આમ જાઉં ને આમ એનું ડાયાબિટીસ વધી જાય પછી મને ટેન્શન થાય તેમાં મારું સુગર ઘટી જાય છે. હશે પ્રભુને ગમ્યું તે ખરું.''

''તમે ચિંતા ન કરો બા, બધું સાચવી લઈશ.'' સરિતા નિશ્ચિંત હતી.

''ગયા વખતે હું ગઈ પછી ઘઉંમાં ધનેડાં પડી ગયેલાં. એક કાચનો ગ્લાસ ફૂટી ગયેલો અને...'' સમજુબા વાક્ય પૂરું કરે તે પહેલાં સરિતા બોલી, ''અને મેં બાપુજીના કહેવાથી વર્ષો બાદ ગ્લાસનો મસ્ત નવો સેટ વસાવ્યો.''

"એ અમથા ઘરની વાતમાં વચ્ચે પડે છે. મોટાભાઈ કહેતા'તા ઘર સાવ શાંત સૂનુ થઈ ગયું છે. હવે મનેય ત્યાં નાનકા વિના નહીં ગમે."

"ખરી વાત છે. અહીંયાંય તારા વગર ઘરમાં શાંતિ થઈ જશે." બાપુજી બોલ્યા.

"નાનકો ચાનો જબરો શોખીન હતો હોં, યાદ આવ્યું, સરિતા, દૂધ ઓછું લેજે. મારી રોજની ત્રણ કપ ચા ઓછી બનશે અને રામુની ચા વધેલા કૂચામાં જ ઉકાળી દેવાની હોં."

"બા, ટ્રેન ઊપડી જશે, ચાલ હવે."

સમજુબાએ પાછું ડબલ મોટે સાદે રડવા માંડ્યું. બહાર નીકળતાં પહેલાં પાછા ફરી, પોતાનો કબાટ લૉક કરી ડબલ વાર ખેંચી ખેંચીને તપાસી, ચાવી પર્સમાં મૂકી.

"ટ્રેનમાં રડતી નહીં હોં, તું શા માટે આમ રડે છે તે કોઈ સમજી નહીં શકે અને સમજશે ત્યારે એય બધા રડવા માંડશે. કોઈક ઊંધુ સમજશે કે તારી બેગ ચોરાઈ ગઈ." બાપુજીએ બાને આવજો કરતાં કહ્યું.

"હોય કાંઈ, એમ બેગ ન જવા દઉં, ચેન બાંધી રાખું હોં, થેલો તો ખોળામાં જ દબાવીને રાખું પણ મારો નાનકો ગયો." બાએ ચાંદલો સરખો કરી પર્સમાં રૂમાલ સેરવતાં અમસ્તું જ પાછું રડી લીધું.

છેવટે સમજુબા દિલ્હી પહોંચ્યાં. સ્ટેશને નાનકો ઉર્ફ ડબ્બુ ઉતરાવવા આવેલો. સમજુબાની જમણી આંખે ડાબી તરફ જોયું અને ડાબી આંખે જમણી તરફ જોયું. નાનકાને સમજાયું નહીં કે તેની મોટી બહેન કઈ તરફ જુએ છે. પછી બંને તરફ વિચારતા સમજુબાને બધું ડબલ ડબલ દેખાવા માંડ્યું. નાના ભાઈ ડબ્બુને જોતાંવેંત બાને આંખે અંધારાં આવ્યાં. આઘાતથી ચક્કર આવી ગયાં અને તેઓ ધબ્બ કરતાંને પ્લેટફોર્મ પર ચત્તાપાટ પડ્યાં. પડતાં પડતાંય બૂમ પાડી, "બેગ સાથે થેલો હતો એ ક્યાં ગયો ?"

એમની આંખ ખૂલી ત્યારે, "પાણી... થેલો ગયો ? પાછો આવ્યો ? નાનકો ? હું ક્યાં ? એ કોણ હતું ? સરિતા કૂકરની સીટી ગણ... શાક બળે છે... ભૂત... ભૂત... મારી સુખડીની ડબ્બી ક્યાં ? મારી બેગ ?" સમજુબા આમ તેમ જોઈ બબડાટ કરવા લાગ્યાં.

"મોટીબેન, તમે સ્ટેશન પર પડી ગયેલાં. બે જણ મળી ટેક્સીમાં નાખ્યા પછી હું તમને ઘરે લાવ્યો. બેગ થેલો બધું છે, કશું જ ગયું નથી." ડબ્બુ બોલ્યો.

"ડબ્બુ તું ? તો ગયું કોણ ? હેં તેં ટેક્સી કરી ? દિલ્હીમાં તો કેટલી મોંઘી ! પણ તું ? કોણ ? કેમ ? ક્યાં ? હેં ?" ડબલ વિચારી સવાલોનો બમણો મારો બોલાવતાં સમજુબા રડવાનું ભૂલી ગયાં. તેમણે આંખો ચોળી. ભૂત જોયું હોય તેમ છળીને બેઠાં થઈ ગયાં.

"મોટાભાઈ, તમે તો કહ્યું કે ડબ્બુ ગયો." પાંચ ભાઈબહેનોમાં સમજુબાના સૌથી નાનાભાઈને લાડમાં સૌ ડબ્બુ કહી બોલાવતા.

"હા, બનેવીલાલે ફોનમાં કહ્યું કે સમજુ રાજધાનીમાં નીકળી છે એટલે ડબ્બુ સ્ટેશને લેવા ગયો, તે મેં એમને જાણ ખાતર કીધું કે એ ગયો."

"લે ભારે થઈ પણ ના, ના, હું એમ કહું કે એ પહેલાં ગઈકાલે તમે મને ફોનમાં કહ્યું કે ડબ્બુ ગયો."

"હા, એને બિસ્કિટ પાછા આપવા મોકલેલો. હવે કોના માટે રાખવા ? બાબ્બુ તો રહ્યો નહીં. મારો બાબ્બુ વફાદાર તો કેવો ? રાત્રે સહેજ ગેટ ખખડે કે ભસાભસ કરી મૂકે. છેલ્લે છેલ્લે તો સાવ હાડપિંજર જેવો થઈ ગયો હતો. આપણાથી જોવાય નહીં. પૂંછડી પટપટાવી એક ખૂણામાં પડ્યો રહે. મારી સામે એવો ગરીબડો બની જોયા કરે. કંઈ ખાતોપીતો નહોતો. ત્રણ ડૉક્ટરોને બતાવ્યું પણ..." મોટાભાઈથી ડૂસકું મૂકાઈ ગયું.

"બિસ્કિટ પાછા આપ્યાં એ સારું કર્યું પણ કકક કોણ ? કોણ ક્યાં ગયું ?" સમજુબાએ જવાબ બીજી વાર સાંભળી ખાતરી કરવા આંગળીથી પોતાનો કાન ખોતર્યો.

"ડબ્બુ કૂતરાનાં બિસ્કિટ પાછાં આપવા ગયો."

"અરે તો મરી કોણ ગયું ?"



"આપણો બાબ્બુ. મારો વહાલો ડોગી, આપણો જૂનો કૂતરો. બહુ વફાદાર હોં. દરરોજ મારા પગ ચાટે. ઘી નાખીને ખીચડી આપી. હું ખવડાવું તો જ ખાય પણ છેલ્લે છેલ્લે..." મોટાભાઈ ઉદાસ થઈ ગયા.

"હેં ? તમે ડબ્બુ ગયો તેવું નહોતા બોલેલા ?"

"ના, મેં બાબ્બુ કહ્યું. બા...બ્બુ. સમજુ, તને કેટલી વાર કહ્યું તું બે વસ્તુ એક સાથે ના વિચાર. મારા બોલવામાં નહીં, તારા સાંભળવામાં ભૂલ પડી."

"મોટીબેન તમે મને ? ઓઓઓઓ મારી નાખ્યા, આ દાઢ..." બોલતાં બોલતાં નાનકા ડબ્બુને દાઢમાં સણકો ઊપડ્યો. તેણે પોતાની બે હથેળીઓ ગાલ પર દબાવી.

"ઓહો બાબ્બુ ગયો એમ ? ખીચડીમાં ઘી નાખેલુંય ફોકટ ગયું. થાય થાય. લે મારી મોંઘી ટિકિટ માથે પડી. સુખડી હું ટ્રેનમાં ખાઈ ગઈ. બીજી એવી જ કડક ઓછા ઘીવાળી બનાવી દઉં પણ હૉલમાં આ ટીવી કોણ જુએ છે ? બંધ કરો. બંધ કરો. એકલું એકલું બળે છે."

"બેન હવે જીવ ન બાળો. લ્યો ચા પીઓ. ડબ્બુભાઈ ટનાટન છે. વંદના બાળકોને ક્લાસમાં મૂકવા ગઈ છે. આવતી જ હશે. હવે તમે તેની સામે કશું ન બોલતા." મોટાભાભીએ હસવું ખાળતા કહ્યું.

"એ મુંબઈ ફોન જોડો. બધી ચોખવટ કરવી પડશે. હું તો રડી રડીને અડધી થઈ ગઈ'તી." બાએ પોતે વાટેલ ભાંગરા પર પડદો પાડવા માંડ્યો.

ફોન જોડાતાં સમજુબા બોલ્યાં, "એ ડબ્બુ નહીં, આ તો બાબ્બુડોગી ગયો. હા, હા મોટાભાઈનો પાળેલો કૂતરો. સરિતા વહુ ક્યાં ગઈ ? તેને કહેજો ધીમો ગેસ રાખી રસોઈ રાંધે અને વટાણા મોંઘા છે ઈ હું અહીંથી લેતી આવીશ, ત્યાં બસો રૂપિયે કિલોના લેવાની જરૂર નહીં અને..."

"બા, હું સરિતા બોલું છું. એક કામ કરો, હવે આટલે આઘે ગયા જ છો તો ત્યાં રોકાઈ જ જાવ. તમતમારે રક્ષાબંધન કરીને નિરાં... તે આવજો. આજીફેર હું મારે પિયર અમદાવાદ નહીં જઉં, ઘરની જરાય ચિંતા ના કરતા. અમે, બાપુજી બધાં એકદમ મજામાં છીએ." સરિતા વહુએ વટાણા વેર્યા. બાપુજીએ વહુને કાનમાં કહ્યું, "દીવાળી સુધીનું કહી દે દીવાળી."

"તો શાક લેવા ગયું કોણ ?" ડબલ વિચારતાં સમજુબાએ સમજ્યા વગર સવાલ કર્યો.

"રામુ." સાંભળી સમજુબાએ મોટી પોક મૂકી. મનમાં ડબલ ડબલ વિચાર આવી ગયા, 'એને ભાવતાલ કરતા નથી આવડતું, ડબલ ભાવના વટાણા ઉપાડી લાવશે. અહીં વટાણા મુંબઈ કરતાં સસ્તા હશે. મને પૂછવું તો જોવે.'

"એ ગયો ?" બોલતાં બોલતાં સમજુબાની બંને આંખમાં ડબલ ડબલ ઝળઝળિયાં આવી ગયાં.

"હેં ? કોણ ગયું ?" ડબ્બુએ સમજ્યા વગર સવાલ કર્યો.

"બાબ્બુઉઉઉ..." પરિસ્થિતિ પામીને સમજુબાએ નવેસરથી પોક મૂકી ડબલ સવાલો કર્યો, "આજે જમવામાં શું છે ? મારી બેગ ક્યાં મુકાવી ? થેલો છેને ? રસોડામાંથી શેની વાસ આવી ?"

આ તરફ મુંબઈમાં સૌના મનમાં એક જ વાત ઘુમરાતી હતી, "હાશ, સમજુ પિયર ગઈ. એ ત્યાં રક્ષાબંધન ઉજવશે અને આપણે કાલથી સ્વાતંત્ર્ય દિન ઉજવીશું સરિતા વહુ." કહી બાપુજીએ નાચવા કૂદવાનું અને મલકાવાનું એવું ડબલ કામકાજ એક સાથે કર્યું, "સમજુના આણા વખતનો જૂનો ડિનરસેટ રામુને આપી દે, જાઓ નવો સરસ ડિનરસેટ ખરીદી લાવો."


"પણ બાપુજી, આની ખબર પડશે તો બા આવીને ફરી રડશે, સાચે સાચું હોં."

"સમજુને હું સમજાવીશ." બાપુજીએ અશક્ય વાત મોટા અને ખોટા આત્મવિશ્વાસપૂર્વક કહી જ દીધી.

"સમજ્યા વિના રડી ભલે પણ સમજુ છેવટે એના પિયર તો ગઈ, બાકી એને પરણ્યા પછી હું રડું છું. સરિતા વહુ, મને સરખી ખાંડવાળી કડક ચા બનાવી દો અને જમવામાં ઘીથી લથબથ શીરો રાંધજો." કહી બાપુજી નવા સેટ જેવા મલકાયા, સાવ મોકળા મને!

૮૦૧, ૮મો માળ, પ્રકૃતિ ટાવર્સ,
આઈનોક્સ મલ્ટીપ્લેક્સ સામે, રેસકોર્સ સર્કલ,
વડોદરા - ૩૯૦૦૦૭
મો. ૯૮૨૪૫૨૨૨૪૩





“સૂર્યમંદિર”

આરતી પટેલ
મો. 9898374080


"સંગાથ"
જયદીપ એન. ઠાકર
મો. 9426451097

નાટિકા સંપુટ



પ્રકાશ લાલા

વિનોદ સી. દવે

રવીન્દ્ર પારેખ

ડૉ. શૈલેષ ટેવાણી

દુર્ગેશ ઓઝા

ડૉ. નિરંજન રાજ્યગુરુ

મનસુખ વાઘેલા

પ્રીતિ ભટ્ટ

નિર્જરી મહેતા

ડૉ. અશ્વિન વસાવડા


"સ્વૈર વિહાર"
જય પંચોલી
મો. 9624227140

તુલસી ઈસ સંસાર મેં...

(એકાંકી નાટક)

- પ્રકાશ લાલા

પાત્રો : નાટકના ડાયરેક્ટર, પ્રોડ્યુસર, પ્રેક્ષક, રેસ્ટોરન્ટ મેનેજર, વેઈટર ૧ અને ૨, સ્ત્રી, પુરુષ, યુવાન-૧, યુવાન-૨, યુવાન-૩, યુવાન-૪, બેક સ્ટેજ બોય ૧ - ૨, ૩, મનસુખભાઈ, રાકેશ, રસીલા, મયંક, મંદા, પંકજ

(પડદો બંધ છે. મ્યુઝિક અને લાઈટ્સ થોડી ક્ષણો ચાલુ - બંધ થાય.. હેવી મ્યુઝિક સાથે કર્ટન ઉપરના 'લાઈટ સ્પોટ'માં, કર્ટન વચ્ચેથી નાટકનો ડાયરેક્ટર ડોકું બહાર કાઢે, ડાબી - જમણી બાજુ ફેરવી ઓડિયન્સમાં નજર કરી લે.. પછી સંપૂર્ણપણે પોતે બહાર આવી, બે હાથ જોડી ઓડિયન્સને નમસ્તે કરે..)

ડાયરેક્ટર : અહોહો... આવી ગયા છો બધા, એમ ને ? ગુડ.. વેરી ગુડ.. નમસ્તે સૌને. ભલે પધાર્યા, વેલકમ, સ્વાગતમ્.. સુસ્વાગતમ્.. ડોકું અંદર નાખી બૂમ પાડે) અરે ભાઈ, માનવંતા પ્રેક્ષકો પધારી ચૂક્યા છે.. કર્ટન આપો... પડદા ઉઠાવ..

(ધીરે ધીરે કર્ટન ઓપન થાય. ફૂલ લાઈટમાં ખાલીખમ સ્ટેજ દશ્યમાન થાય છે.. ડાયરેક્ટર સ્ટેજ ઉપર ચારે તરફ ફરે પછી...)

ડાયરેક્ટર : (પ્રેક્ષકોને) તુલસી ઈસ સંસાર મેં.. ભાતભાત કે લોગ... (ત્યાં પ્રેક્ષાગારમાંથી કોઈ એક પ્રેક્ષક વચ્ચે જ બૂમ પાડીને ડાયરેક્ટરને અટકાવે)

પ્રેક્ષક : (મોટેથી) એક મિનિટ... વન મિનિટ... (બોલતો બોલતો સ્ટેજ ઉપર આવી જાય) એ ભાઈ, અમે ભાતભાતના નહીં, દાળભાતના લોગ છીએ, ગુજરાતી! એટલે દાળભાત, ખમણ-ઢોકળાં, થેપલાં, ફાફડા - જલેબી, સેવ-ગાંઠિયાવાળા લોક છીએ. સમજ્યા, મિસ્ટર ડાયરેક્ટર ? શું કહો છો ભાઈઓ, બહેનો ?

(પ્રેક્ષાગારમાંથી અવાજો 'હા... હા...' રાઈટ...)

ડાયરેક્ટર : હા.. સમજી ગયો. પણ હું એમ ભાત ને દાળભાતની વાત નહોતો કરતો.. (કહેતાં પેલા પ્રેક્ષકને સ્ટેજ ઉપરથી નીચે મોકલી દે...) હું તો કહેતો હતો કે આ સમાજ - આ સંસારમાં ભાતભાત કે યાને કે જાતજાતના લોકો હોય છે.. અહીં આપણને ડગલે ને પગલે જાત જાતના ભેજાં જોવા મળે છે. ખરું કે નહીં? મળવાના જ.. ભગવાને જેવા નમૂના ડિઝાઈન કરીને મોકલ્યા હોય તેવા ભેજાબાજ નમૂનાઓ આપણે સહન કરવા જ પડવાના... એમની મેન્યુફેક્ચરિંગ ડિફેક્ટ્સ સાથે...

પ્રેક્ષક : (મોટેથી) તમેય એક એવા જ નમૂના છો ! નાટક શરૂ કરવાના બદલે આવી વાતોનાં વડાં કરનારા નમૂના.. હવે નાટક શરૂ કરો..

(પ્રેક્ષકો - 'હા... હા...' નાટક.. નાટક.. આ અવાજો સાંભળી અંદરથી બીજી વ્યક્તિ - પ્રોડ્યુસર પ્રવેશે)

પ્રોડ્યુસર : (ડાયરેક્ટરને) હવે આપણે શરૂ કરીશું !

ડાયરેક્ટર : શું ?

પ્રોડ્યુસર : નાટક.. નાટક.. એ જોવા તો આ બધાંને બોલાવ્યા છે.. જુઓ પ્રેક્ષકો છે, રંગમંચ છે, લાઈટ્સ છે.. મ્યુઝિક છે.. કલાકારોય રેડી છે તો રાહ કોની જોવાય છે ? કરો શુભારંભ..

ડાયરેક્ટર : અરે, નાટક તો ક્યારનુંય શરૂ થઈ ગયું છે..

પ્રોડ્યુસર : વ્હોટ ? સેટિંગ્સ ક્યાં છે ?

ડાયરેક્ટર : (વીંગ પાસે જઈ) કોણ છે ભાઈ, બેક સ્ટેજવાળા... ચાલો ફટાફટ અહીં રેસ્ટોરન્ટનો સેટ લગાવી દો... જલદી...

પ્રોડ્યુસર : અરે, યાર... પ્રેક્ષકોનો મૂડ ખરાબ કરવો નહીં પોષાય..

ડાયરેક્ટર : તમે ફિકર છોડો.. નાટક શરૂ થઈ ગયું છે.. તમે જાવ.. હા.. તો હું શું કહેતો હતો ? યસ.. જિવાતા જીવનનાટકમાં અવનવાં કેરેક્ટર્સ જોવા મળે છે. તો પ્રેક્ષક રાજા.. આ નાટકનું લોકાલ છે શહેરની એક રેસ્ટોરન્ટ... અહીં કોઈ જમવા તો કોઈ ચા - કૉફીના એક

કપ ઉપર કલાક બેસી ગપાટા મારવા, કોઈ એકલા તો કોઈ ફેમિલી સાથે, ફ્રેન્ડ્ઝ સાથે તો કોઈ પ્રેમી કે પ્રેમિકા સાથે આવે છે..

પ્રોડ્યુસર : યાર, વાતો બહુ કરી.. હવે તમે નીકળો ને નાટક શરૂ થવા દો.. ચલો.. (ખેંચે..)

ડાયરેક્ટર : અરે... પણ...

પ્રોડ્યુસર : નો.. અરે.. અરે.. આઉટ.. આઉટ... (ખેંચીને અંદર લઈ જાય.. આ ચાલતું હોય તે દરમિયાનમાં લાગેલા કાઉન્ટર પર રેસ્ટોરન્ટનો મેનેજર ગોઠવાય. વેઈટર ટેબલ - ખુરશી સરખાં કરે... સાફ કરે... ત્યાં)

પુરુષ : (મોબાઈલ પર વાત કરતાં પ્રવેશે..) શું ? રહી ગયું ? (ગુસ્સાથી) રહેવા દો, લીવ ઈટ.. તમારું કામ નથી... સ્ટુપીડ... એક કામ તમારા લોકોથી સરખું થતું નથી... (વાતચીત.. માઈમ...)

સ્ત્રી : (ખુરસી પર બેસતાં) શું થયું ? રિલેક્સ..

પુરુષ : પણ હું પૂછું છું રહી કેમ જાય ! આજે એ કવર કુરિયર કરી દેવાનું હતું... મેટરનું ઈમ્પોર્ટન્સ સમજતા જ નથી તમે લોકો..

સ્ત્રી : અરે પણ વાત શું છે ? (વેઈટર ત્યાં આવી... ટેબલ લૂછી જાય)

પુરુષ : વૉટ ? મેં તમને કવર આપ્યું જ નહોતું એટલે રહી ગયું ? તો માગી કેમ ના લીધું? કાલે થઈ જવું જોઈએ.. હા.. હવે.. (ફોન કટ કરી બેસતાં) જવા દેને યાર... બધા કામચોર થઈ ગયા છે... આળસુ... મફતનો પગાર ખાવો છે...

સ્ત્રી : ઓ.. કે.. નાઉ રિલેક્સ.. રેસ્ટોરન્ટમાં આવ્યાં છીએ તો કામ બાજુએ મૂકી, એન્જોય કરો.



(પુરુષ મૌન... ધૂંધવાયેલો.. પછી ટેબલ ઉપર જુએ.. આજુબાજુ જુએ.. બૂમ પાડે..)

પુરુષ : વેઈટર..

વેઈટર : યસ સર.. (પાણી લઈને આવે.. મૂકે)

પુરુષ : સર સર ના કર..

વેઈટર : યસ સર..

પુરુષ : ઓહ... આ ટેબલ ક્લીન કર..

વેઈટર : સર.. આ ટેબલ હમણાં જ ક્લીન કર્યું, સર.. પૂછો મેડમને..

પુરુષ : (અકળાઈને જ) ડોન્ટ આરગ્યુ.. મેનેજર... કોણ છે તારો મેનેજર..?

સ્ત્રી : અરે પણ.. તમે જરા..

પુરુષ : તું ચૂપ રહે.. (ત્યાં કાઉન્ટર પરથી મેનેજર આવે)

મેનેજર : યસ સર... આઈ એમ મેનેજર.. વોટ કેન આઈ ડુ ફોર યુ.. સર..

પુરુષ : ફર્સ્ટ.. આ તમારા વેઈટરને જરા મેનર્સ શીખવો.. કસ્ટમર્સ સાથે આર્ગ્યુમેન્ટ કરે છે.. (મેનેજર વેઈટર સામે જુએ.. ઈશારાથી શાંત રહેવા ને જવા કહે..)

મેનેજર : (ગમ ખાતાં) સોરી, સર..

સ્ત્રી : ઈટ્સ ઓ..કે..

પુરુષ : નો.. ઈટ્સ નોટ ઓ..કે..

મેનેજર : સોરી સર. વોટ વુડ યુ લાઈક ટુ હેવ, સર..

પુરુષ : (વિચારે.. ચારે તરફ જુએ..) હં.. મને નથી લાગતું તમારે ત્યાં કંઈ મજા આવે.. જે રેસ્ટોરન્ટના વેઈટર મેનર્સલેસ હોય ત્યાંનું ફૂડ..

સ્ત્રી : બસ.. હવે.. તમે જાણો છો, આપણા ટાઉનની સારી રેસ્ટોરન્ટ્સમાં આની ગણના થાય છે..

પુરુષ : સો વ્હોટ !

સ્ત્રી : અરે પણ ખાધા પહેલાં જ ફૂડની કંપલેઈન્ટ ? સારું નહીં હોય તો બીજી વાર નહીં આવીએ અહીં..

પુરુષ : અરે, આનું ઇન્ટિરીયર જોયું તે ? કોઈ એસ્થિટિક સેન્સ છે ? એવું જ એના ફૂડમાં પણ હોવાનું !!

સ્ત્રી : ઓહ.. (ધૂંધવાય.. ત્યાં પુરુષનો મોબાઈલ રણકે.. પુરુષ વાત કરે..)

પુરુષ : (પત્નીને) વન મિનિટ.. એમ. કે. નો ફોન છે.. યસ એમ.કે. બોલ.. હં.. હં..? પ્રિન્ટિંગ ઈન્ડસ્ટ્રીઝ માટેની નવી પૉલિસી આવી ? અચ્છા, ટી.વી. ન્યૂઝમાં જોયું ? ઓ.. કે.. હા પણ આઈ એમ સ્યોર.. કશો ભલીવાર નહીં હોય એમાં.. સરકારમાં બેઠેલાઓને ઈન્ડસ્ટ્રીઝની કંઈ ખબર પડતી નથી હોતી ને પૉલિસી ફ્રેઈમ કરે.. પછી એમાં શું મળે ? અરે, ભલે તું કહે કે નવી પૉલિસી આપણા સુધી આવે, જોઈ - અભ્યાસ કરીએ પછી કંઈક કહી શકાય.. બટ યુ સી.. મને તો ખબર જ છે કે એમાં હજાર ભૂલો હશે.. ઓ.કે. બાય. સ્ત્રીને સોરી.. પણ બિઝનેસની વાત હતી એટલે..

સ્ત્રી : નો પ્રોબ્લેમ.. પણ એમ.કે.ની વાત સાચી નથી ? હજી તો ટી.વી. પરના ન્યૂઝ જાણી તમે ગવર્નમેન્ટે નક્કી કરેલી પૉલિસીની ટીકા કરવા બેસી જાવ તે કેટલું વાજબી છે !

પુરુષ : (ચિડાય) તમને લોકોને એમાં કંઈ ખબર ના પડે.

સ્ત્રી : ઓ.કે.. પણ શું ઓર્ડર કરવું છે ?

પુરુષ : મને તો અહીં કંઈ સારું મળે એમાં ડાઉટ છે..

સ્ત્રી : (ઊભી થઈ જતાં) તો ચાલો બીજે.. કે પછી ઘેર.. તમને અહીં કશું સારું ના લાગતું હોય તો જઈએ.. સોરી, મેનેજર.. (ચાલવા માંડે)

પુરુષ : અરે પણ તું... (એ પાછળ જાય.. બધા ટેબલો..) ફેડ આઉટ

ડાયરેક્ટર : (ફેડ ઈન.. એન્ટ્રી) યસ.. તો આ હતા મિ. કંપલેઈન યાને કે શ્રીમાન ફરિયાદી.. આવા માણસોનું એક જ દુઃખ.. એમને દરેક બાબતમાં ફરિયાદ જ હોય.. વાંધા - વચકા પાડવા ને કાઢવા એમની જન્મજાત પ્રકૃતિ હોય છે. ઘરની વાત હોય કે ઓફિસની, સમાજ કે દેશની કોઈ ઘટના હોય.. એમને હરહંમેશ દરેકમાં કંઈને કંઈ ખોટ નજરે પડે છે.. ને ફરિયાદ જ હોય છે.. કોઈ વાતે આવા લોકોને સંતોષ નથી હોતો.

પ્રોડ્યુસર : (પ્રવેશી) અરે.. તું પાછો સ્ટેજ પર કેમ આવી ગયો ?
નાટક ચાલવા દે ને પ્રેક્ષકોને માણવા દે, મારા બાપ.. (ખેંચીને અંદર લઈ જાય.. ફેડ આઉટ.. ફેડ ઈન.. રેસ્ટોરન્ટમાં લાઈટ્સ - મ્યુઝિક વાગે.. થોડા યુવાનો - યંગસ્ટર્સ મ્યુઝિક ઉપર ડાન્સ કરે..)

યુવાન-૧ : વાહ.. યે હુઈ ના બાત.. મજા આવી ગઈ.. મેનેજર, યુ પ્લેઈડ વેરી લવલી મ્યુઝિક.. રાઈટ ગાઈઝ ?
(બધા 'યસ.. રાઈટ..' બૂમો પાડે..)

મેનેજર : માય પ્લેઝર, સર.. હવે ડ્રિન્ક્સ સર્વ કરાવું ને...

યુવાન-૧ : યસ.. યસ.. (બધા બેસે.. વેઈટર ડ્રિંક્સ સર્વ કરે.. યંગસ્ટર્સ ગ્રૂપ પીવે... વાતો..કરે.)

યુવાન-૨ : યસ.. મ્યુઝિક ઈઝ માઈન્ડ બ્લોઈંગ..

યુવાન-૩ : એન્ડ સો ઈઝ ધી ડ્રીંક..

યુવાન-૨ : યા.. નાઈસ જ્યૂસ.. માઈન્ડ રિફ્રેશિંગ ડ્રિંક..

યુવાન-૧ : ફ્રેન્ડ્ઝ, આ રેસ્ટોરન્ટમાં બધું જ સુપર્બ હોય છે.. ધેટ્સ વાય, હું મારી પાર્ટીઝ અહીં જ ગોઠવું છું.. વોટ ડુ યુ સે..

યુવાન-૩ : કરેક્ટ.

યુવાન-૪ : હં.. બટ.. આઈ થીંક કે અહીંનું લાઈટિંગ જરા વધુ બ્રાઈટ હોત તો ઓર જામત..

યુવાન-૧ : ચીલ યાર... જે છે તે ફાઈન ને પરફેક્ટ જ છે.. જો મિલ ગયા ઈસી કો મુકદર સમજ લિયા કર.. ઉસી મેં ખુશી માન લિયા કર, મેરે દોસ્ત..
(બાઈટિંગ - સ્ટાર્ટર આવે.. તે ખાતાં ખાતાં...)

યુવાન-૨ : વાહ... ડ્રાઈ મંચુરિયન ઈઝ વેરી યમી..

યુવાન-૩ : યસ.. પણ થોડા સોફ્ટ હોવા જોઈતા હતા.. થોડા ગ્રેવીવાળા પણ..



યુવાન-૧ : નો.. નો.. ધીસ ઈઝ પરપેક્ટ.. અહીંનું ફૂડ એટલે કંઈ કહેવાનું જ ન હોય.. એઈ, તારે દાંત છે ને બધા ? તો શું સોફ્ટ સોફ્ટ કરે છે ? એન્જોય વોટ એવર ઈઝ ધેર..

યુવાન-૨ : રાઈટ..

યુવાન-૧ : કંપલેઈન્ટ કરીને જે છે તેની મજા શું કામ બગાડવી ? ફ્રેન્ડ્ઝ, શું કહો છો ?

યુવાન-૩, ૪: હં.. હા.. યસ.. યસ.. એન્જોઇંગ.. (ફેડ આઉટ.. ફેડ ઈન)

ડાયરેક્ટર : (પ્રવેશતાં)
'જિંદગી જીવવાની કલા મેં જાણી લીધી, જે મળે તેને મજા માની લીધી.'
આપણને આવી શ્રીમાન સંતોષી સમી વ્યક્તિઓ પણ મળતી હોય છે.. આવા માણસો જે મળ્યું હોય.. જે મળે તેને, ગમે તેવું હોય તોય કોઈ ફરિયાદ વિના, મજજાથી સ્વીકારીને એનો આનંદ લેતા હોય છે. નો ફરિયાદ, નો વાંધા.. ઓન્લી મજા.. મજા...

પ્રોડ્યુસર : યાર, તોબા છે તારાથી.. સહેજ વાર થઈ નથી ને ટપકી પડે છે અહીં સ્ટેજ પર વચ્ચે.. નાટક ચાલવા દે.. નહીં તો પ્રેક્ષકો ધમાલ કરી મૂકશે.. સોરી.. (ખેંચીને લઈ જાય.. વાતો દરમિયાન પાછળ રેસ્ટોરન્ટનું ફર્નિચર હટી જાય ને ઘરનું ફર્નિચર ગોઠવાઈ ગયું હોય.. ફેડ આઉટ.. ફેડ ઈન.. રાકેશભાઈનું ઘર.. રાકેશભાઈ બેઠા છે.. ત્યાં મનસુખભાઈ આવે..)

મનસુખ : કાં, રાકેશભાઈ, શું ચાલે છે ?

રાકેશ : (મોં કટાણું કરી) આવો.. આવો.. કેમ છો, મનસુખભાઈ ? એકલા જ આવ્યા?
(ત્યાં રાકેશભાઈનાં પત્ની રસીલાબેન અંદરથી બૂમો પાડતાં આવે..)

રસીલા : કહું છું, સાંભળો છો ? તોબા તમારાથી તો.. ના, ના.. આ શું ઉપાડી લાવ્યા છો ?

રાકેશ : (અટકાવતાં) રસીલા, જો કોણ આવ્યું છે ? મનસુખભાઈ.. સોસાયટીમાં નવા રહેવા આવ્યા છે.. હું કહેતો હતો ને એ..

મનસુખ : કાં ભાભી, આમ અકળાયેલાંને ઉકળેલાં કેમ છો ? શું થયું ?

રાકેશ : કંઈ નહીં, મનસુખલાલ..

રસીલા : શું થવાનું હતું ? રોજની રામાયણ..

મનસુખ : કેમ, કેમ ?

રસીલા : અમારે તો રોજની હૈયાહોળી છે..

રાકેશ : રસીલા..

રસીલા : (સાંભળ્યા વિના જ) આ તમારા ભાઈને કશું આવડતું નથી. વરસના વચલા દહાડે શાક લઈ આવવાનું કહ્યું હતું તે ઉપાડી લાવ્યા મારા માથા જેવું !

મનસુખ : રાકેશભાઈ.. રાકેશભાઈ.. આવું ચાલતું હશે, યાર.. બાકી ભાભી, શાક ખરીદવામાં આપણી માસ્ટરી છે, હોં...

રસીલા : (ખુશ થતાં) હેં ને.. તો તો તમારાં વાઇફને કેટલી શાંતિ..!

મનસુખ : હા.. હા.. અલકાને જરાય ચિંતા નહીં. શાક હોય, કરિયાણું હોય, એનાં કે મારાં કપડાં હોય, બધું જ મારે જ ખરીદી લાવવાનું... બધું અપ ટુ ડેટ, સસ્તું ને સારું જ આપણે લાવીએ..

રાકેશ : (ધીરેથી) ડંફાશભાઈ.. (મોટેથી) મનસુખભાઈ, બેસો..

મનસુખ : ભાભી, હવે તમારે ફિકર નહીં કરવાની.. શાક કે કોઈ ચીજવસ્તુ લાવવાની હોય તો મને કહી દેવાનું... ફર્સ્ટક્લાસ આવી જશે.. મને આવડે અને બીજાંને મદદ કરવાનું ગમેય પણ, હોં..

રસીલા : કહેવું પડે, મનસુખભાઈ.. આ તમારા ભાઈને તો કશું આવડે જ નહીં ને ગમે પણ નહીં.. ભૂલેચૂકે કંઈ ખરીદી લાવવા કહ્યું હોય તો મોંઘુંદાટ ઉપાડી લાવે ને ક્વૉલિટીના નામે તો ઝીરો..

રાકેશ : અરે, પણ આ શાકમાં શું ખોટું છે ?

રસીલા : રહેવા દો અરે.. મને બોલાવશો નહીં.. મનસુખભાઈ, બેસો.. હું તમારા માટે ચા લાવું..

મનસુખ : ભાભી, મારી તો રાંધવામાં પણ માસ્ટરી..

રાકેશ : અચ્છા ?

મનસુખ : તમે કહો એ આઇટેમ ઝપાટામાં કરી નાંખું ને પાછી જેવી તેવી નહીં.. ખાવ તો દાઢમાં સ્વાદ રહી જાય ને આંગળાં ચાટી જાવ એવી સ્વાદિષ્ટ, હોં કે..

રસીલા : સાંભળ્યું તમે ? મનસુખભાઈને તો કેટલું બધું આવડે છે.. અલકાબેનને કેવી નિરાંત..
મનસુખ : હા.. એકદમ નિરાંત..
રસીલા : ભાઈ, શું કહું.. આ તમારા ભાઈની તો મને કોઈ કામમાં હેલ્પ નહીં..
મનસુખ : રાકેશભાઈ, આવું ના ચાલે.. ભાઈ, પતિ-પત્ની તો સંસારરથનાં બે પૈડાં કહેવાય.. બંને સાથે મળીને ચાલે તો જ સંસારની ગાડી સરખી - સરળતાથી દોડે.. શું કહેવું છે તમારું, ભાભી ?
રસીલા : સો ટકાની વાત કહી તમે..
રાકેશ : એટલે હું કોઈ કામનો નથી ? ના, ના.. બાથરૂમમાં ગરોળી દેખાય કે રસોડામાં વંદો ત્યારે તું તો રાડ પાડતી ભાગે છે.. એ વંદા - ગરોળીને બહાર કોણ કાઢે છે ?
રસીલા : એ તો બરાબર.. પણ...
રાકેશ : ને ઘરમાં બધું સરખું કરવામાં - ગોઠવવામાં, ચાદર બદલવામાં, ઝાપટ - ઝૂપટમાં મદદ નથી કરતો હું ?
મનસુખ : એ તો બધા પુરુષો કરતા જ હોયને, રાકેશભાઈ.. ના, ના.. આ તે કાંઇ કામ કહેવાતાં હશે ? બાકી, ભાભી, મને તો બધું જ આવડે.. કોઈ કામ એવું નહીં કે હું ના કરી શકું.. તમારે કંઈ પણ હોય, બેધડક મને સોંપી દઈ તમારે નિરાંતે સૂઈ જવાનું..
રાકેશ : વાહ.. (ધીરેથી) ડંફાશભાઈ.. મનસુખભાઈ.. હવે બસ કરો.
મનસુખ : કંઈ કહ્યું મને ?
રાકેશ : ના.. રે..
(ત્યાં બહારથી અલકાબેનની રાડ સંભળાય : રાકેશભાઈ.. અમારા એ તમારે ત્યાં ગુડાણા છે ?)
મનસુખ : ઓહ.. અલકા !?
રસીલા : એ હા અલકાબેન.. મનસુખભાઈ અહીં જ છે.. આવો..
(અલકાબેન આવે.. મનસુખભાઈને જોઈ)
અલકા : કહું છું તમે અહીં શું કરો છો, હેં ?
રાકેશ : ડંફાશો મારે છે... બીજાંનાં બૈરાં આગળ વટ મારે છે..
અલકા : શું ?
રાકેશ : એટલે એમ કે ડંફાશભાઈ, સોરી, મનસુખભાઈ.. આજે રવિવારની સાંજે અમે તમારે ત્યાં આવીએ તો તમે શું ગરમ નાસ્તો બનાવીને ખવડાવશો ?
મનસુખ : હેં..
અલકા : આ મેં કહ્યું કે રજા છે તો જરા શાક સુધારી આપો ને કેરીનો રસ કાઢી આપો તો ધીરે રહીને છટકીને અહીં આવી ગયા ? ઘરમાં એક કામમાં મદદ જ ના મળે મને તમારી.. બસ, વાતોનાં વડાં કરવા બેસાડો..
મનસુખ : (ચૂપ રહેવાનું કહેતાં) અરે.. પણ..
અલકા : ઘરે ચાલશો ? પેલી કેરીની પેટી પાછી આપી આવો..
રસીલા : કેમ ?
અલકા : અરે બેન, કાલે ઓફિસેથી આવતાં કેરી લેતા આવવાનું કહેલું તે જોયા વિના ઉપાડી લાવ્યા છે.. કેટલી બગડેલી છે.. ના, ના.. સડેલી કેરીના પૈસા આપવાના?
મનસુખ : (ચૂપ રહેવા ઈશારો કરતાં) અરે, પણ...
રસીલા : બહેન.. મનસુખભાઈ તો ખરીદીમાં એક્સ્પર્ટ છે ને ? એ તો બધું સસ્તું ને સારું લાવે છે..
અલકા : કપાળ મારું ? કાલે સાડી ઉપાડી લાવ્યા તે ટૂંકી.. સસ્તી કહીને કોઈએ એમને ચાર મીટરની ટૂંકી - ટચ સાડી પધરાવી દીધી.. એવી ખબર પડે છે એમને..
મનસુખ : હા.. પણ એનું કાપડ કલર - ડિઝાઈન- લસ્ટર - ટેક્સ્ચર તો જો જરા..
અલકા : ચૂપ.. એ ચાર મીટરની સાડી પહેરવી કઈ રીતે ?
રાકેશ : પોતામાં કામ લાગશે.. ફેન્સી, કલરફૂલ પોતું.. ખરું ને ડંફાશ.. સોરી, મનસુખભાઈ ?
અલકા : ગતાગમ ના પડે તોય બધાં કામમાં ડહાપણ ડહોળવાની આદત જતી નથી.. ચાલો હવે ઘરે..
(મનસુખભાઈને ખેંચીને લઈ જાય..)
રાકેશ : જોયું..? કેવા આવડતવાળા છે, મનસુખભાઈ, નહીં ?
રસીલા : ડંફાશભાઈ.. (બંને હસે.. ફેડ આઉટ.. ફેડ ઈન.. ડાયરેક્ટર સ્ટેજ પર દોડી આવે..)

ડાયરેક્ટર : એક વધુ નમૂનાનો પરિચય થયો ને ? તમનેય લાઇફમાં આવા શ્રીમાન ડંફાશિયા ભટકાયા હશે જ.. નહીં ? તો હવે ભટકાશે. ધીરજ ધરો. વાતોનાં વડાં ઉતારવામાં કુશળ, બીજા પાસે - ખાસ કરીને બહેનોને ઇમ્પ્રેસ કરવા માટે તેમની પાસે મોટી મોટી ડીંગો ફેંકનારાની પોલ ખૂલી જાય ત્યારે એમની હાલત મનસુખલાલ જેવી થતી હોય છે, રાઇટ..? અરે.. પ્રોડ્યુસર મને અહીંથી ભગાડવા આવે એ પહેલાં હું જ નીકળી જઉં.. ને તમે જુઓ વધુ એક આઇટેમને !! (કહેતાં વીંગમાં જાય.. ફેડ આઉટ.. ફેડ ઈન.. ઘરનું જ દૃશ્ય.. પણ બેઠક વ્યવસ્થા - ફર્નિચરમાં થોડા ફેરફાર સાથે નવો લુક અપાયો છે.. ફૂલ લાઈટ.. ત્યારે ઘરમાલિક મયંકભાઈ અને પડોશી પંકજભાઈ બેઠાં બેઠાં વાતો કરે છે. ગૃહિણી મંદાબેન ચા લઈને આવે.. આપે.. બેસે)

મંદા : પંકજભાઈ, બહુ દિવસે ભૂલા પડ્યા, કાંઈ ! શું નવાજૂની છે ?

પંકજ : ભૂલો નથી પડ્યો, મંદાબેન.. આજ તો ચાહીને આવ્યો છું. ને નવાજૂનીમાં તો.. પેલાં પંદર નંબરવાળાં રાગિણીબેન ખરાં ને... પણ ના રે... જવા દો.. મારે કોઈની પંચાત શું કામ કરવી, હેં ?

મંદા : અરે પંકજભાઈ, કોઈ ખબર આપવામાં પંચાતની વાત ક્યાં આવી ? શું છે રાગિણીબેનનું ?

પંકજ : જુઓ મંદાબેન, પારકી પળોજણ ને પંચાતમાં પડવાનો મારો તો સ્વભાવ જ નથી.. પણ આ તો તમે પૂછો છો એટલે.. પણ ના.. મારે શું કામ કોઈની વાતો કરવી.. (ચા પીવે..)

મંદા : સારું ત્યારે ના કહેવું હોય તો ના કહેતા.. તમારી મરજી !!

મયંક : હા.. મૂકોને પારકી પંચાત... નથી સાંભળવું કંઈ..

પંકજ : ચાલો કહી જ દઉં.. તમે નારાજ થાવ એ ના ચાલે.. એ પંદર નંબરવાળાં રાગિણીબેનની રાધાના ન્યૂઝ જાણ્યા ?

મંદા : ના.. શું થયું રાધાને ?

પંકજ : શું થયું એમ નહીં, શું કર્યું એણે એમ પૂછો..

મંદા : ચાલો, એમ પૂછું. રાગિણીબેનની રાધાએ શું કર્યું?

પંકજ : મારે તો કોઈની પંચાતમાં શું કામ પડવું, હેં ? પણ આ તો ઊડતા ખબર મળ્યા છે કે રાધા કોઈ કનૈયા જોડે રાસલીલા રમવા ભાગી ગઈ.. હશે.. આપણે શું ? જુઓ મયંકભાઈ, મંદાબેન.. મારો તો પંચાત કરવાનો કે અહીંની વાત ત્યાં કરવાનો બિલકુલ નેચર નથી, હોં..

મયંક : (કટાક્ષથી) હાસ્તો.. એ અમે ક્યાં નથી જાણતા..

મંદા : પણ પંકજભાઈ, આ ન્યૂઝ પાકા છે ?

પંકજ : પાકા એટલે સો ટકા..

મયંક : અચ્છા ? તે તમે ક્યાંથી જાણ્યું ?

પંકજ : (થોથવાય) હં..એ તો..એ તો રાગિણીબેનના બાજુના બંગલાવાળા બેચરભાઈનો નોકર પાનના ગલ્લે વાત કરતો હતો.. એ મેં મારા સગા કાને સાંભળી છે.. બાકી, ખાતરી વગર કોઈની વાત કરવાનો ને પારકી પંચાત કરવાનું મને જરાય ના ગમે એ તમને ખબર જ છે ને ?

મયંક : હા.. હા..

મંદા : સારું... તમે બેસો.. વાતો કરો.. (ચાના કપ - રકાબી લઈને જાય..)

પંકજ : અરે, ઊભાં રો, મંદાબેન.. હું જે ખાસ કામે આવ્યો છું એ તો સાંભળો..

મંદા : (બેસે..) ક્યું ખાસ કામ ?

પંકજ : મેં મયંકભાઈને કહ્યું કે...

મયંક : કોઈ વાત નથી, મંદા.. તું તારું કામ કર.. આ પંકજભાઈ તો ખાલી..

પંકજ : મયંકભાઈ, તમે સરળ - સીધા સ્વભાવના છો એટલે બધાંને તમારા જેવા માની ના લો..

મંદા : શેની વાત છે ?

મયંક : કંઈ નથી.. પંકજભાઈનો તો..

પંકજ : કંઈ કેમ નથી, હેં ? અરે, એ જિગલો તમારો પિતરાઈ, ગામ આખામાં તમારા વિશે ગમે તેમ બોલતો ફરે છે.. તમે ગામડે સહિયારી જમીન છે એ બથાવી પાડવા માગો છો એવું એવું જયાં ને ત્યાં કહેતો ફરે છે.. તમારી

આબરૂના કાંકરા કરે ને તમે કહો છો કંઈ નથી..

મંદા : હેં ? જીગનેશભાઈ આવું કહે છે ?

પંકજ : એ સ્તો.. મંદાબેન, આ તો મને તમારા લોકોનું બળે ને તમારો સ્વભાવ જાણું એટલે થયું કે તમારા કાને વાત નાખું.. બાકી, મારે આમાં શું લેવાદેવા, હેં ?

મંદા : અરે પણ, ગામની જમીનના તો ક્યારનાય ભાગ પડી ગયા છે.

મયંક : હા.. બધાએ સાથે બેસી, રાજીખુશીથી નિર્ણય લીધા છે.. હવે એ કોઈ પ્રશ્ન જ નથી.

પંકજ : એસ્તો.. કશું ન હોવા છતાં એ જિગલો તમને બદનામ કરતો ફરે એ થોડું ચલાવી લેવાય.. ના, ના.. આ તો મને તમારા માટે લાગણી છે એટલે કહું છું.. બાકી, મારે શું પંચાત ?

મયંક : હશે.. આપણા મનમાં પાપ નથી તો ભલે જિગનેશભાઈ બોલ્યા કરે.. આપણે શું ?

મંદા : બરાબર..

પંકજ : શું ધૂળ બરાબર ? ખાલી કોઈ આપણને બદનામ કરતું ફરે એ કેમ ચલાવી લેવાય ?

મંદા : એ અમારા મોંઢે ફરિયાદ લઈને આવે, એમને શું વાંધો છે એ કહે તો કંઈક ચર્ચા કરીએ..

મયંક : હાસ્તો.. બહાર બોલતો હોય, અમે જાણતા ન હોઈએ તો ખાલી વાતને વધારવી, પંકજભાઈ..

પંકજ : બસ, તમારી આ જ વાત મને નથી ગમતી.. હું કહું છું તે ખોટું ? અરે, જઈને એને સંભળાવી દો.. ઝઘડી આવો કે બેટ્ટો આડું-અવળું બોલવાનું નામ જ ના લે... આમ, આપણને બહાર કોડીના કરતા ફરવાની એ હિંમત જ કેમ કરે ? બતાવી દો કે અમેય કંઈ કમ નથી.

મયંક : પંકજભાઈ, કજિયાનું મોં કાળું ! અમારે એવું કંઈક કરવું નથી.. જ્યારે અમને આવીને જમીન બાબત જિગનેશભાઈ પૂછશે ત્યારે વાત.. સામેથી લડવા - ઝઘડવા શું કામ જવું ?

મંદા : હં.. અમે કંઈ જાણતા જ નથી એમ રાખવાનું..

પંકજ : (પોતાનો વ્યૂહ નિષ્ફળ જતો જોઈ..) ઠીક છે.. મારી જ ભૂલ કે તમને કહેવા આવ્યો.. તમારી આબરૂની તમને ના પડી હોય તો મારે કેટલા ટકા ? ના, ના.. મારે શું કામ પારકી પંચાતો કરવી ? ચાલો.. હું જાઉં.. (ગુસ્સે થઈ નીકળે..)

પંકજ : (હસતાં) બિચારા, પંકજભાઈ.. એમને તો આપણા ઝઘડાનો તમાશો જોવો હતો.. પણ મેળ ના પડ્યો..

મંદા : બિચ્ચારા.. પંકજભાઈ ખટપટિયા !! (હસે.. ફેડ આઉટ.. મ્યુઝિક.. ફેડ ઈન.. ડાયરેક્ટર સ્ટેજ પર આવે..)

ડાયરેક્ટર : તો સાહેબો, શ્રીમાન ખટપટિયા, મિ. પંચાતિયાને મળ્યાને તમે ? અરે મારા મહેરબાનો, આ સિવાય પણ વાતવાતમાં બીજાને સલાહ આપવા બેસી જનારા મિ. એડવાઇઝર, દરેક બાબતમાં મૂંઝાયેલા રહેતા મિ. કન્ફ્યુઝ્ડ, મોટી મોટી વાતો - ડીંગો ફેંકનાર શ્રીમાન ફેંકોડી - ગપોડી ને દરેક વખતે નકારાત્મક વલણ ધરાવનાર મિ. નેગેટિવ એમ વિવિધ ભેજાંની સંસારમાં ખોટ નથી.. એક ઢૂંઢો હજાર મિલેંગે.. ને એટલે જ હું કહેતો હતો કે તુલસી ઈસ સંસાર મેં.. ભાત ભાત કે લોગ..

પ્રોડ્યુસર : સબસે હિલમિલ ચાલીએ.. નદી, નાવ સંજોગ..

ડાયરેક્ટર : હા.. આ બધા નમૂનાઓને સહન કરતા રહી, જીવવું એનું નામ જ સંસાર..એ સંસારમાં હસતા રહી જીવતા રહો એ માટે બેસ્ટ ઑફ લક..

પ્રોડ્યુસર : (વીંગમાં જોઈ..) ભાઈ.. આ બંધ નહીં કરે એની બક.. બક.. માટે ઘનશ્યામ, પડદા ગિરાવ..

(મ્યુઝિક.. ફેડ આઉટ.. કર્ટન..)

'વ્રજ', પ્લોટ નં. ૧૫૨૮/૨,
સેક્ટર-૨/સી, ગાંધીનગર-૩૮૨૦૦૨
મો. : ૯૪૨૬૦૮૪૬૩૨


ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



કબૂલાત

- વિનોદ સી. દવે

(૧) આકાશ (પતિ)
(૨) તારા (પત્ની)
(૩) રામુ (નોકર)
(૪) સુરેશ (પુત્ર)
(૫) સુધા (પુત્રવધૂ)
(૬) મંજુ (કામવાળી)
(૭) નરેન્દ્ર (પોલીસ એએસઆઈ)
(૮) ઝાલા (પોલીસ કોન્સ.)
(સંગીત-લાઈટ - સ્ટેજ ડેકોરેશન તેમજ એક્સ્ટ્રા કલાકાર જરૂરિયાત પ્રમાણે)
(પોલીસ ચોકીનું દશ્ય)

(પડદો ખૂલે છે.... એક પોલીસ સ્ટેશનનું દશ્ય. ટેબલ ઉપર નરેન્દ્ર બેઠા બેઠા કાગળો લખતો હોય અને કોન્સ. ઝાલા તમાકુ ખિસ્સામાંથી કાઢી ચોળતો હોય અને ટેલિફોનની ઘંટડીનો અવાજ... ગાંધીજી-સરદાર વલ્લભભાઈની છબી, તેમજ ટેબલ પાછળ 'સત્યમેવ જયતે' (May I Help You) વિગેરે લખેલું હોય તેવું દશ્ય....) (પોલીસ ચોકી)

પ્રવેશ પહેલો

(ટ્રીન... ટ્રીન... ટ્રીન... ટેલિફોનની ઘંટડીનો અવાજ)

નરેન્દ્ર : હલ્લો... હલ્લો... કોણ બોલે છે ? કોનું કામ છે તમારે ? આ પોલીસ સ્ટેશન છે, બસ સ્ટેશન નથી ! ક્યાં જાવું છે તમારે ? ફોન... કટ્ટ...

ઝાલા : જમાદાર સાહેબ કોણ છે ? અત્યારે સવાર સવારમાં... લાગે છે કે તેણે 'ચા' પીધી નથી લાગતી ?

નરેન્દ્ર : માંડ કામકાજ કરવાનો 'મૂડ' જામ્યો તો અત્યારે કોઈને કોઈ ટેલિફોનમાં ઉપાધી આવી ચડે!

ઝાલા : શું કરીએ જમાદાર સાહેબ! નોકરી તો કરવી પડશે ને! આધી-વ્યાધિને ઉપાધિ બધી જ પોલીસને આપી છે? પ્રજાને જલસા છે.

નરેન્દ્ર : ચાલ્યા...કરે.. સમાજની સેવા કરવા બેઠાં છીએ હશે કોઈ દુ:ખી માણસ...

નરેન્દ્ર : ઝાલા જો તો ખરો PSI સાહેબ કેટલા દિવસ રજામાં ગયા છે ? મારે પણ ઘરે કામકાજ હોય, આજકાલ માં રજામાં જવા વિચાર છે.

ઝાલા : જમાદાર સાહેબ - ડાયરીમાં (ડાયરીમાં જોતાં) લખ્યું છે કે PSI પંદર દિવસ સુધી રજામાં છે. તમારે જ 'ચાર્જ'માં રહેવાનું છે !

નરેન્દ્ર : ઝાલા..એક કામ કર..બહાર રેંકડીવાળોને બે અડધી 'ચા'નો ઓર્ડર આપ તો...કંટાળો આવે છે..આ તપાસના કાગળો અને સ્ટેટમેન્ટ લખીને જરાક...કામને બ્રેક મારું...

ઝાલા : (મોટા અવાજે ચા -વાળાને (બે-અડધી) ઓર્ડર આપતા..પરત ફરતા...) જમાદાર સાહેબ.. એક વાત પૂછું

નરેન્દ્ર : પૂછ ને! (લો - ચા આવી ગઈ).

ઝાલા : આ દુનિયામાં રોજબરોજ હજારો લાખો બનાવો બનતા હશે કેટલાય માણસો આત્મહત્યા, ઘરકંકાસ, મૃત્યુ,- (આપઘાત) મારામારીના બનાવો બને છે શું આ બધું 'શાંત' નહી થાય ! દુનિયા આમ જ ચાલશે?

નરેન્દ્ર : આ દુનિયા અંશાત છે.. ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં કહ્યું છે કે દુનિયા ઊધાં વૃક્ષ જેવી છે. આ પૃથ્વી ઉપર મને અંત દેખાતો નથી? દરેક પોત-પોતાનું કર્મ કરી જતું રહેવાનું છે ! જેવું કરશો એવું પામશો.

ઝાલા : સાચી વાત છે સાહેબ...પોલીસ કે મિલિટરી કે આ દેશના રક્ષકો કેટલું કરી શકે! દેશના નાગરિકોએ સમજવું જોઈએ...



નરેન્દ્ર : કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ પોલીસનું છે. પરંતુ પ્રજાએ પણ તેમાં સહકાર તો આપવો જ જોઈએ... દેશ કેવડો મોટો છે !

ઝાલા : સાચી વાત છે. પોલીસ-દળ એકલું કેટલું કરી શકે! (ચા પીને ગ્લાસ નીચે રાખતાં)

નરેન્દ્ર : હાશ! 'ચા' પીધી મારી ઊંઘ ઊડી ગઈ - હવે કામકાજ હું જલ્દી આટોપી લઈશ! (ફરી ફોનની રિંગ વાગતા)

ટ્રીન...ટ્રીન...ટ્રીન...હલ્લો...હલ્લો... કોણ બોલે છે...કોનું કામ છે...હું...જમાદાર નરેન્દ્રભાઈ બોલું છું. સરદાર ગંજ પોલીસ સ્ટેશન, બોલો શું કામ છે ?

ઝાલા : કોણ છે ?

નરેન્દ્ર : કોઈ મહિલા છે. રોતાં રોતાં બોલે છે. સમજાતું નથી? ક્યાંથી તમે બોલો છો. બેન - શું કામ છે તમારે શું થયું છે? તમારું નામ કહો? તારાબેન...હા...બોલો.

તારાબેન શું કામ છે. શું થયું છે? તમારું નામ-સરનામું લખાવો હમણાં જ અમે આવીએ છીએ...ફોન ચાલુ રાખતા...

(ઝાલા કાગળમાં લખતો) - બોલો બેન.. તારાબેન આકાશભાઈ પટેલ, ૪૧૧- 'મધુવન' રામનગર- અમદાવાદ. ફોન નંબર... ફોન કટ...થઈ જાય છે...)

ઝાલા : જમાદાર સાહેબ શું થયું હશે? આ બેનનો ફોન નંબર નથી લખાણો-સરનામું લખાવ્યું છે. સવારસવારમાં કાંઈ થયું લાગે છે.

નરેન્દ્ર : હું મારું કામ ઝડપી રીતે પૂરું કરી થેલો ભરું છું. તમે કાગળિયા-સ્ટેમ્પ પેડ સહી-સિક્કા-તેમજ જરૂરી દસ્તાવેજ સાથે થેલો તૈયાર કરો- જીપ મંગાવી છે. આવે તો ઠીક છે- નહીંતર બાઈક ઉપર આપણે ઉપરના સ્થળે તુરંત જઈને તપાસ હાથ ધરવી પડશે!

ઝાલા : ઓકે...સાહેબ...જેવો હુકમ...

(પ્રવેશ બીજો)

સુરેશ મોઢા ઉપર ઇજા થઈ હોય અને-(એક બેડરૂમમાં આછા પ્રકાશમાં નાઈટ લેમ્પના અજવાળામાં પલંગ ઉપર સૂતેલા અને ચહેરો દાઝી જવાથી ઢંકાઈ ગયો હોય તેવી સ્થિતિમાં પાટાપીંડી કરેલો હોય અને માત્ર આંખો બહાર દેખાય તેવો ચહેરો અને હાથમાં મોબાઈલથી મેસેજ જોતો હોય તેવો યુવાન ચહેરો ધરાવતો સુરેશ....)

તારા : (મોટા અવાજે..રસોડામાંથી રામુ...ઓ... રામુ....

જા...તો ..આ દૂધનો ગ્લાસ અને નાસ્તો પેલા રૂમમાં સુરેશના ટેબલ ઉપર જઈ રાખી આવ તો...

રામુ : જી. મેડમ...આવ્યો.

સુધા : ઊભો - રહે ! રામુ...તું - મને આપી દે- હું જઈશ!

તારા : સુધા- તને રામુ - નાસ્તો આપવા મારા દીકરાને જાય તો કાંઈ વાંધો છે?

સુધા : મમ્મી! રામુને બદલે હું તેની પત્ની તરીકે જઉં તો વધુ સારું કે નહીં? તમારો દીકરો મારો પતિ છે કે નહીં?

તારા : સુરેશ- મારો એકનો એક દીકરો છે. તેને હું દરેક વાતે ખુશ રાખવા માંગું છું. તું-ધ્યાન રાખતી હોત ને તો આજે આ દિવસો મારે જોવા નો પડત! (મોઢું મચકોડતાં)

આકાશ : શું ચર્ચા કરો છો તમે સાસુ વહુ- મારો દીકરો ગઈ રાતે સૂતો નથી તેને દવા અને નાસ્તો આપો જલ્દી સાજો થઈ જાય. વાદ-વિવાદ પછી કરજો!

તારા : આટલી બધી ચિંતા કરતાં હોતને તો છોકરા ને વહુને એકલું રહેવું નો-પડત! (છણકો - કરતા-)

આકાશ : નોકરી- ધંધાને કારણે એકબીજાને દૂર - રહેવું તો પડે જ ને-

તારા : મારા દીકરાની હાલત જોઈને મને જીવ બળે છે !

સુધા : તો શું મને તમારા દીકરાની હાલત જોઈને ટાઢક થતી હશે? મેં એને પ્રેમ કર્યો છે. મારો લાઈફપાર્ટનર છે! મેં તેની જોડે લગ્ન કર્યાં છે. (રસોડામાં મંજુનો પ્રવેશ)

તારા : મંજુ. રસોડામાં વાસણ પડ્યાં છે તે લઈ જા અને માંજવા માંડ- હજુ મારે રસોઈ બનાવવાની બાકી છે.

મંજુ : હા, મેડમ-હમણાં જ લઈ જાવ છું. મેડમ રામુ ક્યાં છે?

તારા : તારે રામુનું શું કામ છે? તું તારું કામ કરને !

આકાશ: તારા- આવું નો કહેવાય- રામુ- પ્રત્યે મંજુને કુણી લાગણી છે - તને નથી લાગતું કે આપણું ઘર ખરા અર્થમાં 'મધુવન' હોય!

તારા : આ મારું ઘર છે. પ્રેમલા-પ્રેમલી કે પ્રેમીને મળવાનો બગીચો નથી? શું - સમજ્યા? આ - મારું ઘર છે અને હું આ ઘરની માલિક છું.

આકાશ: સુધા - બેટા, તું જા અને સુરેશને નાસ્તો આપી આવ.

તારા : આકાશ સામે જોતાં. અત્યારે બીમારીનો વાયરો ચાલે છે. તમે પણ તમારી જાતને સાચવજો - છોકરો તો બીમાર છે નહીતર હું હેરાન થઈ જઈશ!

આકાશ: સુરેશ બીમાર નથી! અકસ્માતે દાઝી ગયો છે. સાચી હકીકત મને જણાવતો નથી? તું પૂછી જો...! કાંઈક છુપાવે છે...!

સુધા : (મંજુને - પેલા મારા બેડરૂમમાંથી ઝાડુમારી- સાફ સફાઈ કરી નાખજે! જ્યાં સુરેશભાઈ સૂતા છે!

મંજુ : ફટાફટ- સુરેશના રૂમમાં ઝાડુ પોતા લઈને- કચરો વાળવા જાતાં...

સુરેશ : સુરેશ - પલંગમાં બેઠક લેતાં...

મંજુ : (ગભરાતાં... સુરેશની સામે બિહામણો ચહેરો જોઈ ગભરાતાં ગભરાતાં- ફટાફટ ઝાડુવાળી- બહાર નીકળતાં...)

સુરેશ : ...અહીં...દવા ઢોળાઈ ગઈ છે પોતું મારવાનું છે...!

મંજુ : હા...સાહેબ...હમણાં આવી...

સુરેશ : (મંજુ સામે એકટશે- નજરથી નિહાળતા.. (સુધાનો પ્રવેશ)

સુધા : કેમ...શું ટગટગર...જોઈ રહ્યા છે. આ ઘરની કામવાળી છે. નજર બગાડો મા...

સુરેશ : મને- ખબર...છે...

સુધા : તો પછી.....

સુરેશ : કેમ તને ઈર્ષા આવે છે?

સુધા : તો પછી લગ્ન તેની સાથે કરવા હતા ને? મારી ભૂલ થઈ ગઈ કે તને મેં પ્રેમ કર્યો!

સુરેશ : પહેલા- તું - મળી કે એ-

સુધા : ટેબલ ઉપર નાસ્તો-દૂધ વગેરે રાખતાં.. રૂમની બહાર કોઈનો ફોન આવતાં નીકળી જાય છે.

સુરેશ : ક્યાં જાય છે ?...હું ડૉક્ટર સાથે વાત કરું છું જે તમારો ઈલાજ કરી રહ્યા છે. પ્લીઝ...

મંજુ : રૂમમાં પોતાં મારવા આવતાં.. સુરેશ સાથે નજર ટકરાતાં... કણસતાં દર્દે સુરેશે તેણી સામે જોયું-

મંજુ : સાહેબ-દૂધનો ગ્લાસ આપું.

સુરેશ : સુધા - ક્યાં ગઈ ! તેને બોલાવ તો-

મંજુ : ફોન ઉપર વાત કરે છે.

સુરેશ : ગુસ્સામાં - તું જલ્દી તારું કામ પૂરું કરી જા- (મંજુને સૂચના આપતાં)

સુધા : કેમ આટલી બધી ગુસ્સામાં વાતો કરે છે? મેં કહ્યુંને કે હું હમણા આવું છું!

સુરેશ : હું તારાથી સખત નારાજ છું. જ્યારે જોઉં છું ત્યારે મોબાઈલથી કોઈને કોઈ સાથે વાતો કરતી જ હોય છે! તને મારામાં રસ નથી! હું કોઈ તારો દુશ્મન નથી મારે તારા સહારાની જરૂર છે હજુ જિંદગી શરૂ થઈ છે અને દવાની શીશીમાંથી દુખાવાની દવા ખાતાં...પાણીનો ગ્લાસ લેતાં-

સુધા : (સુરેશને ઉદ્દેશીને મોટા અવાજે)

સુરેશ : ઓહ...તો તને હવે મોબાઈલમાંથી નવરાશ મળી?

સુધા : આ શું છે? આટલી બધી દવાની ગોળી લેવાની છે? હાથને ઝાપટ મારી ગોળી નીચે ફંગોળતા-

સુરેશ : આખો દિવસ ઘરમાં હું એકલો એકલો કંટાળી ગયો છું! મારે જિંદગી નથી જીવવી! પૈસા-પૈસા અને પૈસા- આના સિવાય બીજી કોઈ જિંદગી નથી? કંટાળી ગયો છું હું આત્મહત્યા કરવાનું મન થાય છે!

સુધા : આત્મહત્યા? પણ શું કામ?

સુરેશ : ઘરમાં તારાને મમ્મીના ઝઘડા અને મારા તરફ તારી નારાજગી અને મારી દરેક વાતમાં તું- કાંઈને કાંઈ ખામી કાઢતી રહે છે?

સુધા : તમને એવું લાગે છે?

સુરેશ : હું આંખો વડે જોઈ શકું છું મને વળી કોણ કહેવાનું હતું કે તું શું કરે છે?

સુધા : તને મારા પ્રત્યે અણગમો છે? મારો પ્રશ્ન એ જ હતો કે તે આવું શું કર્યું? હું તને મરવા નહીં દઉં. આપઘાત કરવો- કે આત્મહત્યા કરવી તે

કાયરોનું કામ છે. તું કાયર તો નથી જ!

સુરેશ : બેસ મારી પાસે, તું જાણે છે ને હું મારા મા-બાપ નો એકનો એક છું. પૈસાની કોઈ કમી નથી. અને હું રૂપ સૌંદર્યનો પૂજારી છું. તારા પ્રેમાળ સ્વભાવે અને તારી લાગણી અને તારી મુલાયમતાના કારણે તારા પ્રેમમાં પડ્યો હતો. - અને કોઈપણ પુરુષ પોતાની પત્નીની સતત ઉપેક્ષા અને જિંદગીના આડંબર વચ્ચે ન રહી શકે !

સુધા : હવે...ખબર પડી કે હું કોઈની સાથે મોબાઈલ ઉપર વાત કરું કે મેસેજ મોકલાવું કે વોટ્સએપ કરું તે તમને ગમતું નથી! મને તો એમ હતું કે અત્યાર સુધી સ્ત્રીઓ જ એકબીજાની અદેખાઈ અને ઈર્ષાખોર હોય છે પરંતુ તમે પુરુષો કાંઈ એનાથી ઊતરતા નથી? તમે મોટા અને ખોટા ‘શંકાશીલ’ છો! હું પણ મારા મા-બાપની એકની એક છું! લાડ-કોડમાં ઉછરી મોટી થઈ છું. પણ મેં ભૂલ કરી!

સુરેશ : શું ભૂલ કરી? તને મારા જેવો માણસ મળ્યો તે? પૈસાવાળો રૂપાળો, દેખાવડો, અને હેન્ડસમ છું પરંતુ! હું તને ખોવા નહોતો માંગતો...

સુધા : શું- પરંતુ !

સુરેશ : મજબૂર હતો ! તારા પ્રેમમાં પડ્યો.

સુધા : મજબૂરી તારી નહીં- મારી હતી કે મેં તને સ્વીકાર્યો- તારા પ્રેમમાં પડી- અને લગ્ન કર્યા. (તારાનો રૂમમાં પ્રવેશ) શું વાતો કરો છો? તમે બંન્ને જણા - હું મંદિરે તેમજ બજારમાં જાઉં છું. તારા પપ્પા ઓફિસે ગયા છે અને સાંભળ સુધા - મારા દીકરાને જે જમવાનું ભાવે તે બનાવી આપજે.

સુધા : હા, બા- તમે ચિંતા ન કરશો. હું બધું સંભાળી લઈશ!
(સુરેશને માથે હાથ ફેરવતાં-) તારા-બજારમાં જાય છે-

સુરેશ : અરે...સુધા...ઓ સુધા...! (અવાજ કરતાં...)

મંજુ : બોલો સાહેબ....શું કામ હતું...બેન રસોડામાં છે રસોઈ બનાવે છે.

સુરેશ : મને એક ગ્લાસ પાણી ભરી આ ટેબલ ઉપર રાખી જા! અને મંજુને નિહાળી ઓર્ડર કરતાં...

રામુ : સાહેબ - તમારા પગ દબાવી આપું? ચાદર સરખી કરતાં.

સુરેશ : ના..ના..હવે હું આરામ કરીશ- પરંતુ ઊંઘ નથી આવતી. હાથપગે દુઃખાવો થાય છે. મોઢામાં દાઝી જવાથી બળતરા થાય છે.

રામુ : સાહેબ- આ બધું કેમ કરતાં થયું? તમે અને બેન તો એકલા જ ફ્લેટમાં રહેતા હતા ને? ઝઘડો થયો છે ?

સુરેશ : તું - જા- રામુ - તને નહી ખબર પડે! (રૂમ બહાર નીકળતાં)

મંજુ : (રામુને મળતાં કાંઈક ચર્ચા કરતાં.)

રામુ : મને લાગે છે કે સાહેબ કાંઈ બોલતા નથી, કાંઈ ડખ્ખો છે!

મંજુ : મને પણ એવી શંકા છે કે સાહેબ અને બેન વચ્ચે હવે કાંઈક ટકટક થાય છે.

રામુ : બાપુજીને કાંઈ ખબર નથી! મેડમ - તારા કાંઈ જાણતાં નથી રાત્રે કારમાં દવાખાનેથી સાહેબને લાવેલા

મંજુ : કાંઈક હશે! સાહેબનું માથું તો જો- કેટલું દાઝયા હશે. દારૂ પીધો હશે- કે ફ્રેક્ચર થયું હશે કે પડ્યા હશે? કાંઈક તો છે પણ ખબર નથી પડતી? નજર સારી નથી સાહેબની-

(પ્રવેશ ત્રીજો)

સુધા : (સુરેશના રૂમમાં પ્રવેશતાં) સૂઈ ગયા...કે ઊંઘ નથી આવતી...

સુરેશ : તું - મારી પાછળ પડી ગઈ છો- પણ હું કાંઈ એમ મરવાનો નથી!

સુધા : હમણાં તો તમે એમ કહેતા હતા કે હું સૌંદર્યનો પૂજારી છું. પ્રેમનો આશિક છું- અને ઊંઘની ગોળીઓ લઈ જીવનથી કંટાળીને ઊંઘવાની ગોળીઓ દવા ખાઈ મરવા તૈયાર થઈ ગયા હતા...! હું પણ તમને મરવા નહીં દઉં...

સુરેશ : તું - શું કહેવા માગે છે.

સુધા : મમ્મી-પપ્પાને ભલે સત્ય હકીકતની ખબર ન હોય...પરંતુ...તું કાંઈક છુપાવે છે મારાથી એવું મને સતત લાગે છે...તું બદલાઈ ગયો છે.

સુરેશ : મારી જિંદગી તને ભારરૂપ લાગે છે?

સુધા : હું તને ધિક્કારતી નથી તને હું ખૂબ પ્રેમ કરું

છું. તું- મને સમજવાની કોશિશ કર! જો- હું તારી આટલી સેવા કરતી હોઉં તારી નાની નાની બાબતોનું ધ્યાન રાખતી હોઉં અને તું જલ્દી સાજો થઈ જા તેવી મારી લાગણી તને ન દેખાઈ! મારી હાજરીમાં જ તને વધુ દવાનો ડોઝ લઈ મરવાનું કેમ મન થયું છે? કે મારા પ્રત્યે તને નફરત થઈ ગઈ છે. સમજાતું નથી! તું- વિચાર કર અને ભૂતકાળમાં જો- તને એક મારા જેવો જ સહૃદયી અને શ્યામ- ઘઉંવર્ણો એક સ્ત્રીનો ચહેરો દેખાતો હશે!

સુરેશ : (રડતાં...રડતાં...) બસ સુધા- બસ...હું આ દૃશ્ય જોઈ ભયભીત થઈ જાઉં છું. મને ઊંઘ નથી આવતી..બીક લાગે છે.

સુધા : સત્ય હંમેશાં આજે નહીં તો કાલે સત્ય જ રહેશે. તમે મને તમારા મનની વાત હજુ સુધી જણાવી નથી. પરંતુ- હું તમને હજુ પણ પ્રેમ કરું છું. એકવાર તમે તમારા હૃદયમાં નજર કરો. મને જણાવો...!

સુરેશ : ઓહ પ્લીઝ- સુધા. મને ખૂબ જલન થાય છે પરસેવો વળે છે. ચામડીમાં બળતરા સહન નથી થતી! કાંઈ....કર! પાણીની તરસ લાગી છે.

સુધા : કેમ, આ બધું યાદ આવી ગયું- તું તારી પ્રથમ પત્નીના ચહેરાને યાદ કર! તે ગરીબ ઘરની હતી પરંતુ! જ્યારે તારી પત્નીના બળી ગયેલા ચહેરાને કે દુઃખને હજુ ભૂલ્યો નહીં હોય! તેને કેવી પીડા થઈ હશે?

સુરેશ : કેમ દુઃખ યાદ કરવું કોને ગમે? ભૂલી જવાનું!

સુધા : વાહ રે...વાહ...કેવું પડે હો...સાહેબ...! તમારા માટે સુંદરતા કે નજાકતતા - કે સ્ત્રીઓનું મૂલ્ય નથી? તમે કેમ ભૂલો છો- કે પૈસાથી બધું ખરીદી શકાય છે પરંતુ મનની શાંતિ નહીં, જીવ અંદરને અંદર ક્યાંક ઘૂંટાતો હોય છે! સત્ય બહાર નીકળવા પ્રયત્ન કરતું હોય છે. રાત્રે ઊંઘ નથી આવતી. મૃત્યુનાં સપનાં આવે છે. કામકાજ કે પરિવારમાં મન નથી લાગતું અંદરને અંદર કાંઈક કોરી ખાય છે! ખરું ને!

સુરેશ : હા...સુધા...હા..(ગળગળો રડમસ અવાજે) ગળે ડૂમો બાઝી જતાં...! (સુધાનો હાથ પકડીને)

સુધા : (ના...અહીં બેસ પાણીનો ગ્લાસ આપતાં...) સાંત્વના આપતાં...!

સુરેશ : મારી વાત માનવા તું જરાય તૈયાર નહી થાય! મેં કાંઈ કર્યું જ નથી. પોલીસમાં હું નિર્દોષ છૂટી ગયો છું. મને અંધકારમય જિંદગી લાગે છે. આ રૂપિયા-પૈસા બંગલા ગાડી-નોકર-ચાકર, ધંધો વગેરે ઘણી વખત છોડીને દૂર દૂર જંગલમાં જવાનું મન થાય છે!

સુધા : એક વાત કહુ- સુરેશ, હું તારા પૈસાને કારણે નહીં પણ તારા સુંદર વ્યક્તિત્વને કારણે સંસ્કારી અને દેખાવડો મળતાવડો- લાગણીશીલ હોવાથી મેં તારી સાથે લગ્ન કર્યા છે. નહીં કે તારી સુખ-સંપત્તિ માટે. મારે તારા જેવો લાઇફ પાર્ટનર જોઈતો હતો. પરંતુ તું સાવ નબળો છે. મારાથી વાત ક્યાં સુધી છુપાવીશ! આજે નહીં તો કાલે બધાંને ખબર તો પડશે જ! બા-બાપુજી કે ઘરના સભ્યો શું કહેશે? તેના ઉપર શું વીતશે તે ખબર છે? બધાં તને ખૂબ પ્રેમ કરે છે. પરંતુ તું આ પ્રેમને નફરતમાં બદલી નાખીશ તેનું મને દુઃખ છે!

સુરેશ : હું કહું તને સુધા- મેં કાંઈ ખોટું કર્યું નથી.

સુધા : તો પછી તું શા માટે મારાથી છુપાવે છે. હું કોઈની સાથે વાતચીત કરતી હોઉં તો ગુસ્સે શા માટે થાય છે. હું જે કાંઈ કરું છું તે તારા માટે જ કરું છું.

સુરેશ : હું જ્યારે જોઉં તો તું કોઈને કોઈની સાથે મોબાઇલ ઉપર વાતોમાં જ મશગૂલ હોય છે! તારા માટે હું સાવ ગૌણ બની ગયો લાગું છું!

સુધા : મને કહે સુરેશ. તારી પ્રથમ પત્ની રેખાએ આત્મહત્યા કરી હતી? કે તેનું મર્ડર થયું છે!

સુરેશ : તને કોણે કહ્યું? (ગભરાતાં)

સુધા : મને ખબર પડી ગઈ છે. મારાથી કોઈ રાઝ છુપાવ્યું છે તે-?

સુરેશ : મારી સાથે તેને બનતું નહોતું અને....! તેને કાર ડ્રાઇવિંગનો બહુ શોખ હતો! અને એક્સિડન્ટ....

સુધા : ખોટી વાત! સરાસર ખોટું છે. તેને કાર ચલાવતા આવડતું જ ન હતું હું તેને આપણા લગ્ન પહેલાં મળેલી હતી. તેના પ્રત્યે મને માન-લાગણી

હતાં. ભલે સાધારણ પરિવારની હતી પરંતુ- નાજુક-નમણી અને રંગે શ્યામ હતી! અને તું તેને નફરત કરતો તે વાત મને તેણે ક્યારેય કરી નથી. અને તે એને નિર્દય બનીને મારી નાખી કે એક્સિડન્ટમાં ખપાવી દીધી ત્યારે જ મેં નક્કી કર્યું હતું કે...!

સુરેશ : આ જૂઠ છે. તેણે પોતે જ કાર ફૂલ ચલાવીને એક્સિડન્ટ કર્યો છે. અથવા તેણે કેરોસીન છાંટીને આત્મહત્યા કરી છે...!.

સુધા : મારી પાસે તને સત્ય હકીકત કહેતા શરમ આવે છે. આખરે હું પણ તારી પત્ની છું. તું સત્ય કહીશ તો પણ મારા અને તારા વચ્ચે આ વાત રહેવાની છે. મને શરમ આવે છે કે હું કેટલી ભોળી છું- મુરખ છું કે બધી ખબર હોવા છતાંય તને પ્રેમ કરતી રહી! અફસોસ છે કે તું તારો દંભ ન છોડી ન શક્યો! અહંકારી છે તું!

સુરેશ : તને બધી ખબર હોવા છતાં મારી સાથે કેમ લગ્ન કર્યા ? શું તું મને બ્લેકમેઈલ કરવા માંગતી હતી ?

સુધા : રેખા-મારી સાથે જ કૉલેજમાં ભણતી હતી. તે એક સાધારણ પરિવારની હતી મારો તેની સાથે સારો પરિચય હતો. પરંતુ તારી જોડે તેના લગ્ન થયા પછી હું - દૂર હટી ગઈ હતી! મારી પહેલાં તેનો હક્ક હતો તારા ઉપર...

સુરેશ : વારેવારે તું મોબાઈલથી ડૉક્ટર જોડે વાત કરે છે ને તેથી મને દાઝ ચડે છે કે કદાચ તું મને મારીને પેલા ડૉક્ટર જોડે- લગ્ન ન કરી લે! તારે ડૉક્ટરનું શું કામ પડે છે...મને જરા કહે તો'

સુધા : ડૉક્ટર- મારા સંબંધીનો દીકરો છે. લગ્ન કરવા હોત ને તો તારી પહેલાં જ તેની સાથે મેં ફેરા ફરી લીધા હોત અને તને મારવો હોત તો હું - ઊંઘની દવાની ગોળીઓ પોતે જ તને ન ખવડાવી દેતી હોત! શરમ કર- જરા શરમ! તે દૂરનો મારો ભાઈ થાય છે.

સુરેશ : સોરી....સોરી...સુધા...પ્લીઝ...! ભૂલ થઈ ગઈ...!

સુધા : મને ખબર હતી કે રેખાએ આત્મહત્યા કે એક્સિડન્ટ કરેલ નથી. પરંતુ તમે પૈસાના જોરે પોલીસના દરવાજામાંથી છટકી ગયા અને છતાંય હું બધું જાણવા છતાં તને પ્રેમ કરતી રહી કારણ કે તને હું વિશ્વાસ અપાવવા માંગતી હતી કે પ્રેમ ક્યારેય દુર્ગુણ જોતો નથી. પ્રેમ ક્યારેય એ નથી જોતો કે તેનો પ્રેમી-ચોર -લૂંટારો- કે ગુંડો કે ખૂની છે! મેં તો તને મારી લાગણીઓ જણાવી તું તો સાવ ડરપોક નીકળ્યો! તને ડર કે વહેમ હશે કે હું સત્ય જણાવીશ તો સુધા મને છોડીને જતી રહેશે. હું એકલો થઈ જઈશ...!

સુરેશ : બસ....સુધા...પ્લીઝ...

સુધા : કેમ સત્ય કડવું લાગે છે? મને રેખાએ કહ્યું હતું કે મારે સુરેશ સાથે પ્રેમ છે અને અમે પ્રેમલગ્ન કરવાના છીએ. પરંતુ હજુ મને શંકા છે કે હું તારા વિશ્વાસને જીતી નથી શકી! તું મારી સાથે પણ કાંઈ રમત રમતો હોય તેવું મને લાગે છે? કે તને મારામાં કાંઈ અજુગતું લાગે છે. હું કાંઈ તને છોડીને કોઈની જોડે ભાગી નહીં જાઉં...!

સુરેશ : (ગળગળા- રડમસ - અવાજે) સુધા...પ્લીઝ. મને તું જરા સમજવાની કોશિશ કર...!

સુધા : સુરેશ હજુ પણ તારી પાસે સમય છે. તું 'કબૂલાત' કરી લે- કે તે જે કાંઈ કર્યું છે તે ખોટું કર્યું છે. મારી સહેલી રેખા આ દુનિયામાં નથી. પરંતુ તે રેખા પ્રત્યે જે વર્તન કર્યું છે જેના કારણે તેણે જીવ ગુમાવ્યો છે એવું મારું માનવું યથોચિત છે કોઈ પણ સ્ત્રી જ્યારે પ્રેમલગ્ન કરે છે ત્યારે તેનો પતિ જ તેનું સર્વસ્વ હોય છે...એટલી ખબર છે તને...

સુરેશ : હા...સુધા...પરંતુ મારે તેની જોડે અવારનવાર ઝઘડા થતા અને હું ડિપ્રેશનમાં હતો....!

સુધા : હા...સુરેશ. આ છેલ્લી મારી ચેતવણી છે તને....જો તે તારા કરેલા ગુનાની કબૂલાત કરી હોત ને મારી હાજરીમાં તો તું મારી નજરમાં 'હીરો' હોત! પરંતુ મને તારા પ્રત્યે હવે શંકા ઉપજે છે. જેણે રેખા જેવી સીધી-સાધી-સરળ અને મળતાવડી છોકરીને મારી નાંખી...અને તું બિન્દાસ એક્સિડન્ટનું નાટક કરે છે? હું....

તને ધિક્કારું છું- રડતા રડતા...મને મારા ઉપર શરમ આવે છે...મારો પતિ આવો છે? રૂમ બહાર નીકળવા જતાં...ઝડપથી...

સુરેશ : પ્લીઝ સુધા...પ્લીઝ...રૂમની આડે આડો હાથ રાખીને ઊભા રહેતાં...! મારી વાત સાંભળ હું તને ઓળખવામાં ભૂલ ખાઈ ગયો-પ્લીઝ...!

સુધા : કોઈપણ પરિણીત પુરુષ તેની પત્નીને ક્યારેય ઓળખી નથી શક્યો. અને જેણે તેની પત્નીને ઓળખી હશે ને તેના ઘરમાં સ્વર્ગ ઊતર્યું હશે! એકબીજાને ઓળખતા આખી આ જિંદગી નીકળી જાય છે...!

સુરેશ : ઊભી રહે...સુધા...પ્લીઝ તું શું મને નફરત કરે છે...! મને છોડીને જતી રહીશ...!

સુધા : હા...મારા મનમાં પણ આ જ વિચાર આવે છે?

સુરેશ : મારી હયાતીમાં તું કોઈને પરણી નહીં શકે? કદાચ તું પેલા ડૉક્ટરને વધુ પસંદ કરતી હો- તો તું ભૂલ ખાય છે.

સુધા : ફરી ભૂલ કરી તેં? સુરેશ. મેં તને કહ્યુંને તે ડૉક્ટર મારા સંબંધીનો દીકરો છે મારે તેની સાથે ભાઈ-બહેનનો સંબંધ છે. પતિ-પત્નીનો નહીં. સમજ્યો? બોલતાં પહેલાં વિચાર કર.

સુરેશ : એટલે કે તારો...દૂરનો સંબંધીનો દીકરો ભાઈ.

સુધા : હા, મારો માનેલો ભાઈ. જે ડૉક્ટર છે સરકારી હૉસ્પિટલમાં નોકરી કરે છે.

સુરેશ : મોબાઈલમાં અવારનવાર તું આની સાથે ગૂફતેગુ કરતી હતી? ફોન ઉપર ડૉક્ટરની સાથે વાત કરતી હતી?

સુધા : હા... કારણ કે અમે અમારો સંબંધ તને કીધો હોત તો તું ક્યારેય તારી જાતને, વાતને મારી સમક્ષ ખુલ્લી ન કરત!

સુરેશ : હા...પ્લીઝ સુધા મને માફ કરી દે મેં ગુનો કર્યો છે. મેં તારી બહેનપણી રેખાની હત્યા કરી છે પરંતુ મોટર અકસ્માતમાં ખપાવી દીધી છે અને હું તારો અને રેખાનો ગુનેગાર છું.

સુધા : મને આ મારા ભાઈએ જ વાત કરી હતી કે તમારા પતિ-રેખાનું મૃત્યુ પ્રમાણપત્ર લખાવવા અને રોડ ઉપર અકસ્માત થયો છે તેનું મોત નીપજ્યું છે અને મને હાથે પગે ઈજા થઈ તેવું લખાવવા આવ્યા હતા. ચાલો- ગુડબાય... સુરેશ... આજે તું ખુલ્લો પડી ગયો છે. મારી શંકા સાચી નીકળી. ડૉક્ટરના રિપોર્ટના આધારે મને બધી જ માહિતી મળી ગઈ છે. તું પોલીસને ઉલ્લુ બનાવી શકે છે પરંતુ મને નહીં! ગુસ્સા-આવેશમાં...!

સુરેશ : પ્લીઝ પ્લીઝ..સુધા હું તારી સામે મારા ગુનાની કબૂલાત કરું છું. મને માફ કરી દે...હું તારો ગુનેગાર છું. પ્લીઝ . સુધા..બસ મને માફ કર. મેં તને મૂર્ખ બનાવી હું કબૂલ કરું છું.

સુધા : વાહ...તાળીઓ પાડતા...તારા ગુના વિશે હવે હું જાણી ગઈ એટલે તું વિનમ્ર થઈ ગયો... તું ચિંતા ન કર સુરેશ. આ વાત આપણે બે જણાં જાણીએ છીએ અને ત્રીજો ડૉક્ટર...! હું તને પોલીસને નહીં સોંપુ- તારે હવે બહાના બનાવવાની જરૂર નથી. તારા જેવા ડરપોક-પામર અને કાયર માણસને પામી હું ખૂબ જ દુઃખ અનુભવું છું...! મને શરમ આવે છે!

સુરેશ : (રડમસ અવાજે) પ્લીઝ સુધા- મને મઝધાર-અધવચ્ચે છોડીને નો જા...મારી જાતે જ હું મેં કરેલા ગુનાની ‘કબૂલાત’ હું પોતે જ મારાં મા-બાપ, તેમજ પોલીસને કરી દઈશ! પ્લીઝ તું...આ ઘર છોડીને નો જઈશ મને મારા ગુનાની સજા ભોગવવા દે બધું પૈસાથી ખરીદી નથી શકાતું ...!

સુધા : એટલું યાદ રાખજે સુરેશ કે કાંઈક મેળવતાં પહેલાં કાંઈક ગુમાવવું પડે છે...!

સુરેશ : (રડમસ અવાજે) પ્લીઝ સુધા...પ્લીઝ...મારી ભૂલને માફ કરી દે.

સુધા : હું તો માફ કરીશ...પરંતુ રેખા...અને તેનાં મા-બાપની માફી માંગ જેમણે પોતાની દીકરી ગુમાવી છે... (રડતાં... રડતાં....) કોલાહલ સાંભળતાં...

(આકાશ, તારા અને રામો અને મંજુનો પ્રવેશ...) શું થયું છે? બેટા...બેટા શું થયું છે? તમે કેમ બંને જણા રડો છો? ઝઘડો થયો છે?

(રામુ - પાણી લઈ ગ્લાસમાં આપતાં...)

સુરેશ : સઘળી હકીકત... રોતાં ...રોતાં તેનાં મા-બાપને જણાવતાં...બધાં જ અચંબામાં પડી જાય છે? આ શું? સુરેશ...તું...મારો દીકરો આવું કરે તે હું માનવા તૈયાર નથી...? વહુ બેટા...તું ખોટી છે...

સુધા : કોઈ મા-બાપ પોતાના સંતાનને કે કોઈ પત્ની તેના પતિને ખૂની સમજવા તૈયાર નથી, પરંતુ સત્ય જ્યારે સામે આવે છે ત્યારે આપણે સૌએ તેનો સ્વીકાર કરવો પડે છે. કારણ કે મરનાર વ્યક્તિ પણ કોઈનું સંતાન છે.

સુરેશ : પાણીનો ગ્લાસ પીતાં...

આકાશ: હવે, બેટા...તે આ શું કર્યું- મને અને તારી માને અંધારામાં રાખ્યા, અમારો પણ ભરોસો તેં તોડ્યો! અને બંને જણા ક્યાં જઈશું - દીકરા...

તારા : રડતાં...રડતાં...તેના દીકરા, સુરેશને માથે હાથ ફેરવતાં... દીકરા પૈસા, લાડકોડમાં તે બધાનો વિશ્વાસ તોડ્યો...મારું મન નથી માનતું કે તું આવું કરી શકે ! અમારા ઉછેરમાં ક્યાંક ખામી રહી ગઈ છે!

(અચાનક ઘરની ડોરબેલ વાગવાનો અવાજ...)

આકાશ: જાઓ...રામુ કોણ છે? (વાહન ઊભું રહેવાનો અવાજ)

રામુ : દરવાજો ખોલતાં...

(જમાદાર નરેન્દ્ર અને કોન્સ. ઝાલાનો પ્રવેશ) તારાબેન આકાશભાઈનું ઘર છે?

રામુ : હા...અંદર છે..સુરેશભાઈ

નરેન્દ્ર : સુરેશભાઈ કોણ છે? તારાબેન ક્યાં છે?

તારા : પોલીસને જોતાં જ ગભરાઈ ગયેલી હાલતમાં... હું...હું...જ તારાબેન છું...

નરેન્દ્ર : ફોન તમે કરેલો...(જરા સ્વસ્થ થતાં જ, હા... હા...

સુધા : વિચારમાં પડી ગઈ? બા, તમને ખબર છે? તો પછી મને તમે કેમ નો કહ્યું? કે તમારો દીકરો ગુનેગાર છે? (મનોમન) વિચારતાં

તારા : હું મારા દીકરાને ખોવા નથી માંગતી- પરંતુ- તમારી ચર્ચાને સાંભળી મારું હૃદય દ્રવી ઊઠયું કે રેખા પણે એના મા-બાપની દીકરી હતી, જે થવાનું હતું તે થઈ ગયું પરંતુ - ભવિષ્યમાં આવું કોઈ ન કરે તે માટે મેં પણ નક્કી કર્યું કે હું જ પોલીસને જાણ કરું, અને મારી ફરજ નિભાવું- મને દુનિયા ગુનેગારની મા તરીકે ભલે ઓળખે...!

નરેન્દ્ર : ચાલો...સૌ પોલીસ સ્ટેશને ત્યાં રેખાબેનનાં મા-બાપ અને વકીલ આવ્યાં છે. સુરેશભાઈ તમે ચાલો અમારી સાથે.

તારા : રડતાં...રડતાં...બેટા મને માફ કરી દેજે...હું તને ગુમાવવા નથી માંગતી...! મજબૂર છું.

સુધા : રડતાં...રડતાં...પ્લીઝ સુરેશ...તારું ધ્યાન રાખજે...

સુરેશ : સુધા..પ્લીઝ..મારાં મા-બાપને અને મને મૂકીને તું ક્યાંય નહીં જાય. તેવું 'વચન' આપ....હું - મારા ગુનાની 'કબૂલાત' કરું છું. અને કોર્ટ જે સજા આપશે તે ભોગવવા તૈયાર છું.

સુધા : હા...સુરેશ...હા...હા..! પ્રોમિસ આપું છું.

ઝાલા : ચાલો..જીપ બહાર ઊભી છે

(સુરેશને હાથકડી પહેરાવી પોલીસ જીપમાં બેસાડી લઈ જતાં-જીપનો અવાજ...)

સુધા : (તારાબેનને વળગીને રડી પડે છે.)

આકાશ: બે હાથે માથા ઉપર રાખી રડતાં... રડતાં... સુરેશ..સુરેશ..! નીચે બેસી જાય છે. (બધા ફ્રીજ થઈ જાય છે.) પડદો પડે છે.

'ગાયત્રીકૃપા' પ્લોટ નં. ૧૩૨/૪, વોર્ડ ૪/એ,
આદીપુર (કચ્છ)-૩૭૦૨૦૫(ગુજરાત)
મો. ૯૯૨૪૭૭૨૩૪૮



ન ઘર, ન ઘાટ (એકાંકી)

- રવીન્દ્ર પારેખ

પાત્રો : સૂત્રધાર, રમણલાલ, નયના, સુકેતુ, રાજન, પંક્તિ...

(પડદો ઊપડે ત્યારે ભીંત પર બાપાનો હાર ચડાવેલો ફોટો દેખાય. રમણલાલનો પિતા સાથેનો ફ્લેશબેક હોય ત્યારે આયોજન એવું હોય કે પિતા ફોટામાંથી બોલતા લાગે ને સ્ટેજ પર ત્યારે રમણલાલ જ પ્રકાશ વર્તુળમાં દેખાય. પ્રકાશ વધે ત્યારે મધ્યમ વર્ગનો ડ્રોઇંગ રૂમ દેખાય. એની સાથે જ કિચન અને ડાઈનિંગ ટેબલ પણ છે, પણ તે જરૂર પ્રમાણે જ પ્રકાશમાં આવે. રમણલાલ અને નયના વાતો કરતાં દેખાય ને સૂત્રધાર આવે)

સૂત્રધાર : હું આ નાટકનો સૂત્રધાર છું. આ ફોટો રમણલાલના પિતાનો છે. તે વર્ષો પહેલાં ગુજરી ગયેલા, પણ હતા ત્યારે રમણલાલને ઘણીવાર ગુજરી જવાનું મન થયેલું. બાપાએ તેમને અંતર્મુખી બનાવેલા. અત્યારે પણ રમણલાલ બહુ ખૂલી શકતા નથી. હું કૈં કહું એના કરતાં તમે જ જુઓને-(જાય)

સુકેતુ : (રમણલાલ તરફ ધસી આવતાં) પપ્પા, મમ્મીને કહોને, મને સાયન્સમાં જવા દે !

નયના : (પ્રવેશતાં) આ કેમ મારી વાત માનતો નથી?

રમણલાલ : એ તો જોઈને શીખે. તું માને તો એ માનેને !

નયના : છોકરાની સામે જ બાપ, માની મજાક કરે તો ન જ માનેને ! (જવા લાગે,ત્યાં-)

રમણલાલ : કૈં કહેશે કે એમ જ-

નયના : તમે તો જાણો છો કે (સુકેતુ તરફ હાથ કરતાં) આને લખવાનો શોખ છે, તો મારું કહેવું એમ છે કે એણે આર્ટ્સમાં જવું જોઈએ. હું ખોટું કહું છું?

રમણલાલ : સુકેતુ, તારી મમ્મીની વાત તો બરાબર છે.

સુકેતુ : પણ મારે સાયન્સમાં જવું હોય તો?
(એકદમ ત્રાડ જેવો અવાજ પિતાનો ઊઠે. એ સાથે જ પ્રકાશ માત્ર રમણલાલ પર)

અવાજ : એ રમણીયા ! ક્યાં મરી ગયો?

રમણ : બોલો, બાપા !

અવાજ : તું આર્ટ્સમાં જવાનો છે?

રમણ : તમે રજા આપો તો ! (થપ્પડનો અવાજ. રમણલાલ ગાલ પંપાળે)

અવાજ : રજાવાળી ! આર્ટ્સમાં જઈને માસ્તર થવાનો છે?

રમણ : માસ્તર થવામાં ખોટું...

અવાજ : તારે ડાકટર થવાનું છે !

રમણ : મને સાયન્સમાં રસ નથી, બાપુજી

અવાજ : કવિતા લખીને રાગડા તાણવાનો છે? ખબરદાર ! જો કૈં પણ ચીતર્યું છે તો !

રમણ : પણ બાપુજી, મારી વાત તો-

અવાજ : પંચાત નહીં ! સીધો સીધો સાયન્સમાં ચાલવા માંડ ! (પ્રકાશ પૂર્વવત્)

સૂત્રધાર : ને રમણલાલ બી.એસસી. થયેલા. સુકેતુનું પૂછો છો? એને જ પૂછીએ-
(સુકેતુ જતો હોય તેને રોકતાં) તું સાયન્સમાં ગયો, પછી?

સુકેતુ : હા.

નયના : મેં એને કહેલું કે વરસ બગાડીશ.

સુકેતુ : (સૂત્રધારને) મમ્મી સાચું જ કહેતી હતી. (મમ્મીને-) સોરી, મમ્મી!
(સૂત્રધારને-) ઉત્સાહમાં સાયન્સમાં ગયો તો ખરો, પણ દેડકાનું ડિસેકશન જોઈને, લેબમાં જ ઊલટી કરી બેઠેલો. એક જ મહિનામાં આર્ટ્સમાં એડમિશન લીધેલું ને કવિતા, વાર્તા લખવા માંડેલી. એ વાતનેય વર્ષો થયાં...
(મમ્મીને-) મમ્મી, તું આમ ઊભી ના રે' મારું છેલ્લું પેપર છે, લિંગ્વિસ્ટિક્સનું. થાળી કાઢને !

નયના : (સૂત્રધારને-) સોરી, જરા જવું પડશે. (બંને જાય)

સૂત્રધાર : રમણલાલ પણ જાણતા હતા કે સુકેતુને સાયન્સમાં નથી જ ફાવવાનું, પણ તેમણે એને રોક્યો નહીં. રમણલાલનું એવું હતું કે એ કોઈને રોકતા નહીં, બહુ થાય તો ચેતવતા, પણ (દિવાસળી સળગાવતો હોય તેમ) 'ચેતાવતા' નહીં. રાજન મરાઠી મુલગી પરણી લાવ્યો, ત્યારે નયના ભડકો થઈ ઊઠેલી...(જાય)

નયના : (તિરસ્કારથી) હું એ છોકરીને ઘરમાં નથી ઘાલવાની.

રમણલાલ : તારું કહેવું એમ છે કે તારે માટે રાજને લગ્ન ફોક કરવાં જોઈએ?
(રાજન આવીને કૈંક કહેવા જાય, પણ વાત ચાલતી જોઈને થંભી જાય)

નયના : હા, ફોક જ કરવાં જોઈએ. ખરેખર તો એણે પૂછવું જોઈતું હતું આપણને.
(રાજન કૈંક કહેવા પ્રયત્ન કરે, પણ રમણલાલ તેને ચૂપ રહેવા ઈશારો કરે.) હવે જ્યારે એ પરણી જ બેઠો છે તો એનું એ જાણે, પણ હું એ છોકરીને વહુ માનવાની નથી.

રમણલાલ : નયના, સંતાનો જેમાં રાજી રહેતાં હોય એમાં-

નયના : એ બધી સુફિયાણી સલાહો તમારી પાસે રાખો. બધી જ વાતમાં છોકરાંઓ સાચાં જ હોય એવું...

રમણલાલ : બધી વાતમાં ખોટાં જ હોય એવું પણ તો નથીને?

નયના : નથી આપણે એ છોકરી વિષે કૈં જાણતાં કે નથી તો એનાં કુટુંબ વિષે કૈં જાણતાં ! એ ક્યાં રહે છે, શું કરે છે, એ અંગે તમે કૈં જાણો છો?

રમણલાલ : એ રાજને જાણવાનુંને !

નયના : એ જાણે છે? પૂછોને એને !

રમણલાલ : (રાજનને) એને વિષે કહીશ, થોડું?

રાજન : સાચું કહું તો હું પણ કૈં બહુ જાણતો નથી. પૂણેની છે ને ડિવોર્સી છે.

સૂત્રધાર : (પ્રેક્ષકોને-) મિત્રો, આ એકાંકી નાટક છે ને એમાં રાજનને ફ્લેશબેકમાં મંગળફેરા ફેરવુંને તો એકાંકી એમાં જ પૂરું થઈ જાય, એટલે બધું કહેવાનો અર્થ નથી. તમારે માટે એટલું પૂરતું છે કે પેપર્સ સબમિટ થયા હતા, પણ ડિવોર્સ થયા ન હતા, એનો લાભ લઈને જ પંક્તિનો પહેલો પતિ પોલીસ સાથે રમણલાલ પર ધસી આવેલો અને રમણલાલને સારા એવા ખંખેરીને પાછો ફરેલો. પોલીસને પણ પટાવીને પતાવેલું. (લગ્નની શરણાઈના સૂર ઊઠે) માંડ ત્યારે પંક્તિ ઘરમાં પ્રવેશેલી. (પંક્તિ નવોઢા રૂપે પ્રવેશે. શરણાઈના સૂર તીવ્ર થાય. અંધકાર. સમય પસાર થતું સંગીત. પ્રકાશ થાય ત્યારે ડાઈનિંગ ટેબલ પર રમણલાલ જમતા દેખાય)

નયના : (લાલમરચું બતાવતાં, રમણલાલને-) તમે ગમે તે કહો, પણ મને આ 'લાલમરચા' સાથે નથી જ ફાવવાનું.

રમણલાલ : એવું શું કામ? ગમે તેમ તોય તે રાજનની પત્ની છે. આપણે તેને પુત્રવધૂ તરીકે સ્વીકારી છે, પછી તેને 'લાલમરચું' કહીને ચિડવવાની જરૂર છે? એ ખરું કે મહારાષ્ટ્રમાં લાલમરચું વધારે વપરાય છે, પણ-

નયના : અરે ! એ આવી છે ત્યારથી લીલું મરચું ગાયબ થઈ ગયું છે, રસોડામાંથી !

રમણલાલ : તને પૂર્વગ્રહ થઈ ગયો છે, એને માટે.

રાજન : એમ જ લાગે છે, પપ્પા !

નયના : ખોટી વાત ના કરો. એને વિષે આટલું બોલું છું, છતાં પૈઠણીમાં આવકારવા હું જ તૈયાર થયેલીને? (રાજનને) તારા કરતાં બે વર્ષ મોટી છે, છતાં એ પંચાતમાં હું પડી નથી.

રાજન : તે સારું જ છેને ! એને એનું મરાઠી કલ્ચર વહાલું છે...

નયના : એમ જ મને મારું ગુજરાતી કલ્ચર પણ વહાલું હોયને, દીકરા ! એ ભલે આમટી અને મિસળ કરે, મને કોઈ વાંધો નથી, પણ ઢોકળાં ઢોકળી પણ કરે એટલું જ કહેવું છે.

રાજન : કરશે, બધું કરશે. એને થોડો સમય, આપ મમ્મી!

નયના : વરસ તો થયું, હજી કેટલો સમય-

પંક્તિ : (વાટકી લઈને આવે. નયનાને બતાવતાં) મમ્મી, મી દૂધપાક બનવલા આહે, જરા ચાખૂન પહા, બરં ! (નયના વાટકીમાંથી ચમચી વડે ચાખે. વાટકી રાજન તરફ લંબાવતાં ચાખવાનો ઈશારો કરે. રાજનઃ (ચાખે. નયનાને) આને ખીર અને દૂધપાક વચ્ચેનો ફેર જ નથી ખબર !

નયના : એને સમજાવ કે દૂધપાકમાં દૂધ વધારે બાળવું પડે. દૂધ ઊકળીને રતાશ પડતું રવાદાર થાય ત્યાં સુધી...

પંક્તિ : (રાજનને) કમસે કમ આપ હિન્દીમેં બોલીએ તાકિ કુછ મેરે પલ્લે ભી પડે.

રાજન : બાત ઐસી હૈ કિ યે ખીર હૈ, દૂધપાક નહીં હૈ !

પંક્તિ : પર મૈંને તો રેસિપી ડાઉનલોડ કર કે...

નયના : વો તો ઠીક હૈ, પર દૂધ કો ઉબાલના પડતા હૈ...

પંક્તિ : (રાજનને-) મલા માહિત આહે, પણ મલા નાહી ગ આવડત !

નયના : તને આવડવાની વાત જ નથી, પંક્તિ, તારા પપ્પા માટે દૂધપાક...

રમણલાલ : મૂકને પંચાત ! મને તો ખીર પણ ચાલશે.

પંક્તિ : (વાટકી લઈને જતાં-) આપ આપના દેખ લો, મમ્મી ! મુઝ સે યે નહીં હોગા. સચ તો યહ હૈ કિ થાલી મેં જો આતા હૈ વહ ઠૂંસ લેના ચાહિએ! ઈતકે નખરે કશાલા?(છણકો કરતી જાય)

નયના : (એકદમ કાળઝાળ થઈ ઊઠતાં) પંક્તિ !

રમણલાલ : રહેવા દેને હવે ! દૂધપાક નહીં ખાઉં તો કૈં મરી જવાનો...

નયના : (કપાળ કૂટતાં) મર્યા પછી પણ નહીં મળે હવે,

ખરેખર તો તમે દૂધપાકને નહીં, મેથીપાકને લાયક છો... (રડતાં) ના કહેલી, આ છોકરી નહીં ચાલે, પણ- (અંધકાર. સમય પસાર થતું સંગીત. પ્રકાશ થાય ત્યારે-)

સૂત્રધાર : નયનાએ કહેલું, આ છોકરી નહીં ચાલે... પણ એવું તો સ્વાતિ માટે પણ કહેવાયેલું. સ્વાતિ, નયના અને રમણલાલની દીકરી ! સ્વાતિના સસરાએ ત્રાડ પાડેલી. આ છોકરી નહીં ચાલે ! રમણલાલને ત્યારે તો લાગેલું કે કોઈએ તમાચો મારી દીધો છે.

રમણલાલ : (ડ્રોઈંગ રૂમમાં થાકીને સોફામાં પડતાં) હાશ ! થાક્યા ! સ્વાતિએ બહુ હેરાન કર્યાં આપણને.

નયના : મેં તો કહેલું કે છોકરીને છૂટો દોર ના આપો. પણ મારું માને કોણ? આવીને, છોકરી પેટ મોટું કરીને?

રમણલાલ : એ હું કહું તો જ માને? તું પણ કહી શકી હોતને! દીકરી તો એ તારી પણ છે જ ને !

નયના : તમે ચૂપ રહો તો મારા બોલવાનો શો અર્થ રહે?

રમણલાલ : મારા ઘરમાં મેં એટલો કંકાસ જોયો છે કે એ આપણા ઘરમાં નથી ઈચ્છતો. જે પીડા ને અકળામણ મેં ભોગવી છે તે મારાં સંતાનો ન ભોગવે તેવું મને હંમેશ થયું છે. હું જાણું છું કોણ કેવી રીતે વર્તે છે, પણ મને હજી એવું છે કે સૌ સમજદાર છે, તો મોડે મોડે પણ પોતાની જવાબદારી સમજશે. એમને કોચ કોચ કરવાનું ઠીક નથી લાગતું, એટલે જ-

નયના : આ ઠીક નથી. તમારે જ્યાં કહેવા જેવું હોય ત્યાં કહેવું જ જોઈએ. છોકરાંઓ સમજદાર હોય એટલે સ્વાર્થી ન હોય એવું ક્યાંય લખેલું નથી. સ્વાતિને કારણે આજે કેટલું નીચું જોવાનું થયું? મેં હાથ જોડીને કહ્યું કે આ ઉંમર જ એવી છે કે ભૂલ થઈ જાય, તો એની સાસુ કેવી તડૂકી કે વાંક ઉંમરનો નથી, માબાપનો છે. દીકરીને જાપતામાં રાખવી જોઈએ...

રમણલાલ : એનો સસરોય બોલ્યો કે મારો તો ધાક જ એવો કે છોકરું ઘર બહાર પગ મૂકતાં થથરે.

નયના : મને તો કહેવાનું મન થઈ આવેલું કે એટલોજ ધાક હતો તો તમારા છોકરાએ મારી છોકરીને બગાડી શું કામ?

રમણલાલ : સારું થયું ન બોલી તે, નહિતર પૈસા ખરચતાંય વાત પાટે ન ચડી હોત.

નયના : દીકરીનું ઘર વસાવવા તમે પી.એફ. તોડ્યુંને?

રમણલાલ : શું કરતે, બીજું?

નયના : આટલા સારા હોવું સારું નહીં.

રમણલાલ : આટલું કરવાથીય જો દીકરીને મનગમતું મળે તો-

નયના : એનું ગમતું કરવામાં આપણું ગમતું જતું કરવાનું?

રમણલાલ : ગમતું નથી થતું તો શું થાય છે તે હું જ-

નયના : જાણું છું. શું વેઠયું છે તે ! પણ, તમારે આપણાં લગ્નનો વિરોધ તો કરવો જ જોઈતો હતો.

રમણલાલ : બાને નારાજ કરી શકું એમ ન હતું. એણે આપઘાત કરવાનું કહ્યું એટલે-

નયના : બા પછી જોવા રહી? ને બાપુજી પણ ગયાને ! (રમણલાલ મૂંઝાતા હોય તેમ છાતીએ હાથ દબાવે) કૈં થાય છે? (માથે હાથ ફેરવતાં) તમે બોલવાનું ક્યારે શરૂ કરશો? વર્ષોથી ભરી રાખ્યું છે, બધું. એને વહી જવા દો. રડી લો એક વાર મન મૂકીને ! ઘણાં બધાં મૃત્યુ તમે રડ્યા નથી. રડી લો ! આજે સ્વાતિના સસરાએ ઓછું અપમાન કર્યું છે, પણ તમે એક હરફ કાઢ્યો નથી. ખરેખર, આ છોકરીએ ખતમ કરી નાખ્યાં આપણને ! (પ્રકાશ આયોજન બદલાય. પિતાના ફોટા પર પ્રકાશ. રમણલાલ પ્રકાશ વર્તુળમાં)

અવાજ : ખતમ કરી નાખશે આ છોકરી, ખતમ કરી નાખશે આપણને!

રમણલાલ : (ડરતાં ડરતાં) બાપુજી, કેતકી સારી છોકરી છે.

અવાજ : પણ આપણી ન્યાતની નથી તેનું શું?

રમણલાલ : મને ગમે છે.

અવાજ : એ ઘણાંને ગમે છે તે જાણે છે?

રમણલાલ : એટલે?

અવાજ : એનો નાદ છોડ તું. તારે લાયક નથી એ !

રમણલાલ : એટલે કેવી છે?

અવાજ : 'એવી' જ છે.

રમણલાલ : 'એવી' એટલે કેવી?

અવાજ : તારી માએ એને બીજા છોકરાઓ સાથે રખડતી જોઈ છે.

રમણલાલ : એ એવી નથી ને એવી હોય તો પણ હું એને ચાહું છું. એ નહીં મળે તો-

અવાજ : એ આવશે તો તારી મા જરૂર આપઘાત કરશે.

રમણલાલ : એ નહીં મળે તો હું આપઘાત નહીં કરું, પણ જીવતે જીવ જ મરી જઈશ !
(રીસથી જાય. અંધકાર. સંગીત. પ્રકાશ વર્તુળ સૂત્રધાર પર)

સૂત્રધાર : પણ, રમણલાલ નહીં મરેલા. હા, એમને પરણતા જાણીને કેતકી જરૂર... (મરવાનો સંકેત કરે) બહુ જીવ બાળેલો, પણ રમણલાલનું કૈં ચાલેલું નહીં. નયના સાથે ઘર માંડવું જ પડેલું. પછી તો રમણલાલે પણ કચકચાવીને જીવી કાઢેલું. રાજનનો જન્મ થયો ત્યારે બાપુજી બહુ રાજી થયેલા, પણ રમણલાલ જરાય ખુશ ન હતા, તે એટલે કે કેતકીની મરણતિથિએ એ જન્મ્યો હતો ને દરેક વર્ષગાંઠે કેતકીની યાદ ઉછરતી આવતી હતી. નયના જોતી હતી, રમણલાલનું મૂંઝાવું. જાણતી હતી, રમણલાલની અકળામણને ! એમ લાગતું હતું, અંદર એક અખંડ દીવો રાખીને રમણલાલે ઉપર જાત ઢાંકી દીધી હતી. રમણલાલના બધા પ્રયત્નો છતાં, ક્યારેક નયનાને અંદર બાઝેલું કાજળ દેખાઈ જતું હતું... (જાય. અંધકાર. સવારનું સંગીત. રમણલાલ ડાઇનિંગ ટેબલ પર નાસ્તો કરતા દેખાય)

રાજન : (ધૂંધવાતો આવે) પપ્પા, મારે જુદા થવું છે.

રમણલાલ : (રાજન તરફ જોતાં) ભલે.

પંક્તિ : (સમજાવતી હોય તેમ) પપ્પા, હમ કો હમારા 'શેર' દે દો. આઈ મીન, અમાલા ભાગ દેઉન ટાકા.

રાજન : હા, અમે ભાગ લઈને જુદા થઈ જવા માંગીએ છીએ.

નયના : (આઘાતથી) તમને લોકોને ભાગ જોઈએ છે?

રાજન : હા. આમ પણ મોડો વહેલો આપવાનો જ છે તો...

નયના : આમ પણ મોડાવહેલાં અમે મરવાના જ છીએ તો આજે જ-

રાજન : મારા કહેવાનો મતલબ એ નથી, મમ્મી !

નયના : તો શો મતલબ છે?

રાજન : આ તો પંક્તિ જોડે તમને લોકોને ફાવતું નથી...

નયના : અમને લોકોને નહીં, મને જ નથી ફાવતું.

રાજન : તો થયું કે જુદાં થઈ જઈએ.

નયના : પછી અમારે શું કરવાનું?

રાજન : તમે તમારો ભાગ કાઢી લોને ! મને વાંધો નથી-

નયના : એટલે અમારી મિલકતમાંથી અમારો ભાગ કાઢી લઈએ ને બાકીનો તમને આપી દઈએ...

રાજન : એક્ઝેટલી !

નયના : વાહ, દીકરા, વાહ ! ધન્ય થઈ ગઈ તને જન્મ આપીને ! જુદાં થવું છે ને તેય બાપને પૈસે?

રાજન : એમાં ખોટું શું છે?

નયના : ખોટું એટલું જ છે કે તને ખબર જ નથી કે તારો બાપ હજી જીવે છે. (રડતાં) એ બોલતો નથી એટલે એવું નથી કે એને કૈં ભાન નથી પડતું !

રાજન : એવું ક્યાં કહ્યું મેં? પપ્પા માટે મને માન છે...

નયના : એટલે અપમાન કરવા તૈયાર થયો છે? જુદા થવું હોય તો વહેલી તકે થઈ જા, પણ બાપને પૈસે નહીં ! (આંખો લૂંછતાં) પોતાને પડેલું દુખ છોકરાં ન ભોગવે એટલે તારા બાપે તમને તમારી ઈચ્છા પ્રમાણે-

રાજન : (રૂક્ષતાથી) જીવવા દીધા...! તે સારું જ થયુંને !

નયના : હા, તમારું તો સારું થયું... ને તમારું જ સારું થયું. (રમણલાલને બતાવતાં) એને તો એના બાપની શરમ નડી, પણ તને તારા બાપની શરમ ન નડી !

રમણલાલ : છોડને, નયના ! એને જુદા રહેવું છે તો ભલે... (રાજનને) પણ, ભાઈ... અત્યારે તો મારી પાસે કૈં નથી...તું તારી રીતે મેનેજ કરી શકતો હોય તો...(ઊભા થઈ જતાં) નયના, ચાલ...

પંક્તિ : યે આપ ક્યા કર રહે હો? જરા થાંબા તરી ! આજ કિતને દિનો કે બાદ મૈંને દૂધપાક કેલાય...

નયના : (રડી પડતાં) સારું કર્યું, શ્રાદ્ધમાં તો દૂધપાક જ... (રાજન સ્તબ્ધ. નયના, રમણલાલનો હાથ પકડીને જવા લાગે. શબ્દો પડઘાતા રહે... 'શ્રાદ્ધમાં તો દૂધપાક જ...' પડદો...)

૧, યુનિયનધારા, મોદી બંગલો,
અઠવાલાઈન્સ, સુરત -૩૯૫ ૦૦૭
મો. ૯૩૭૭૯૩૯૧૨૩



એ હતા ભગીરથ જૈન

(એકાંકી)

- ડૉ. શૈલેષ ટેવાણી

(મંચ પર પાછળની બાજુ ઉપર નાનો રવેશ દેખાય છે. રવેશમાં એક નાની બારી તેના પરદા સાથે મોજૂદ છે. સ્ટેજના સેન્ટર લેફ્ટથી નાની સીડી પાતળી રેલિંગ સાથે ઉપર જાય છે. જે રેલિંગ પછી રવેશની રેલિંગ બને છે. પરદો ખૂલે ત્યારે મંચના વચ્ચેના ભાગમાં અને ડાબે-જમણે થોડા ડિસ્ટન્સ સાથે લોકોનું ટોળું ઝાંખા પ્રકાશમાં જોવા મળે છે. રવેશની વચ્ચેના ભાગમાં જ્યાં દરવાજો છે ત્યાં ઝાંખી લાઇટ પહેલેથી ચાલુ છે. ટોળાનો ક્યારેક સ્પષ્ટ, ક્યારેક અસ્પષ્ટ અવાજ ચાલુ છે. સંગીત થોડા ભય અને સસ્પેન્સને ઉભારે તેવું અનુકૂળ જણાય તો દિગ્દર્શક રાખી શકે. નહિતર ટોળાના અવાજોને પરિસ્થિતિ અનુકૂળ વધઘટ કરી શકાય તેમ છે.)

ટોળું : અલા, ક્યાં ગયા? કોઈ જુઓને ઉપર જઈને!

(અવાજો)

- : હા,હા, દરવાજો ખખડાવી જુઓ.
- : આ આપણે આવ્યા તે દરવાજો પણ ખુલ્લો હતો.
- : અને બહાર ગાડીની લાઇટ ચાલુ હતી.
- : અરે! કોઈ છે કે? સાંભળો છો?
- : અરે! બોલતા કેમ નથી ભગીરથભાઈ?
- : દીકરીનું નામ શું?
- : સાવલી, એ ...સાવલી! તું ઘરમાં છો?
- : બોલ, બેટા ભગીરથભાઈ કેમ છે?
- : તેનો દીકરો શ્રેય, તેને બોલાવો.
- : શ્રેય ! દીકરા તું પણ ઘરમાં નથી?
- : આ ઉપર કોણ છે? લાઇટ કેમ ચાલુ છે?
- : અરે, તબિયત બરાબર નથી? ઊંઘી ગયા છો? (એક બે જણ દાદર ચઢવા જાય છે. કોઈ તેને રોકે છે. વળી પેલા બે જણ દાદર ચડે છે. વળી કોઈ તેનો હાથ ખેંચી ઉતારે છે. પ્રશ્નો અને અવાજ ચાલુ છે.)
- : અરે! એમ કોઈના ઘરે ઉપર સુધી જવાતું હશે?
- : હા, અહીં સુધી ઘૂસી આવ્યા તે ઓછું છે? ઊતરો.
- : એ ભાઈ! નીચે ઊતરો કહું છું. એ...ય?
- : (ઉપર ચઢતાં જોવું તો પડેને ભાઈ! કંઈ ન બનવાનું બન્યું હોય તો?
- : તો પહેલાં પોલીસને જાણ કરવી પડે, નીચે ઊતરો.
- : તમનેય દબોચી લે પોલીસ, ખૂનના ગુનામાં. નીચે ઊતરો નીચે.
- : અરે, પણ નીચે જુઓ આ લેન્ડલાઇન ફોનનું રિસીવર ઊલટું પડ્યું છે. કોઈએ ફોન કર્યો હશે.
- : ચાલુ ફોન આમ મૂકીને કોણ ગયું હશે?
- : (એક જણ ઉપર સુધી પહોંચી ગયો છે.) (દરવાજે કાન માંડે છે) જુઓ, જુઓ કંઈ વાગે છે. સી. ડી, ડી.વી.ડી., છે પેનડ્રાઇવથી ગીત વાગે છે. (તિરાડમાં જોઈ) જો, જો, જોજો અહીં ટી.વી.ની લાઇટના ફ્લેશ દેખાય છે. કદાચ, કોઈ ચેનલમાં ગીત વાગે છે. અરે આ તો...પેલી ગઝલ- "તુમ ઈતના ક્યું મુસ્કુરા રહી હો"....

(ઉપર પહોંચેલી વ્યક્તિ રવેશમાંથી આ બધું જોઈ, નીચે વળી, આસપાસ નીચે જોઈ બધાંને કહે છે. નીચે ટોળું ઊંચા મસ્તકે, વ્યગ્રતાથી આ બધા સંવાદ ઝીલે છે. ટોળાને સમજાતું નથી શું કરવું? બધાં એકમેકને સૂચન કરે છે.)

- : અરે પોલીસનો ફોન કરો.
- : કંઈ કબાડું નીકળે તો તનેય અંદર કરશે.
- : ન થવાનું થ્યું તો તું સાક્ષી થઈશ?
- : હવે એમ ડરવા બરવાનું ન હોય. માણસની જિંદગીનો સવાલ છે.
- : હાળું ગજબનું ધર્મસંકટ છે. લાઇટ ચાલુ, ગીત સંભળાય. માણસનો અવાજ નૈં. કોઈ જવાબ નથી દેતું.
- : એલા ભૂતબૂત તો નથી નેં?
- : તો ઘરના ત્રણે ત્રણે મરીને ભૂત થ્યા? ગ્યા ક્યાં?
- : ભઈ તારી લલૂડીને કેદ કર. જીભડી શું બકે છે તને ખબર છે? શુભ શુભ બોલ.
- : અરે, મરે ભગીરથના દુશ્મન. હું તો અમથું...
- : અમથું પણ એવું બોલાય?

(નીચે રસોડામાં ધડધડાટ વાસણ પડે છે. બધાં ચોંકી જાય છે. કેટલાક ભાગે છે. દોડે છે. કેટલાક રસોડા તરફ જાય છે.)

: દૃશ્ય :

(કેટલાક લોકો રસોડા તરફ સ્થિર થાય છે. ઉપરના રૂમમાં ટેપરેકોર્ડરનો અવાજ મોટો થાય છે. નીચેના હૉલમાં ક્યાંક મોબાઈલ છુપાયેલો છે તેનો અવાજ સતત રણકે છે. બહાર ગયેલા એક એક થઈને પાછા આવે છે. પ્રકાશ હવે સેન્ટર સ્ટેજ પર વધતો જાય છે.)

- : શું થયું? કોઈએ વાસણ પછાડ્યાં ?
- : બિલાડી પણ હોય અને વાસણ ધડાધડ ખસીને પડ્યા હોય.
- : તો ઉપર ટેપરેકોર્ડરનો અવાજ વધી કેમ ગયો?
- : ને... આ મોબાઈલ નવરીનો એમ તેમ કેમ વાગ્યા કરે છે? કોઈ મોબાઈલ ઉપાડો. જો રિંગ બંધ થઈ ગઈ.
- : એ...ની કેતો'તો ઈ આપણો ટાઈમ બગાડી નાખ્યો.
- : અરે, આપણે શું લેવા અહીં મફતના ખંડાણા છીએ?
- : લ્યા, જો મોબાઈલ વાગ્યો. ઉપાડ.
- : ઉપાડને તું? શૂરવીરનો દીકરો. મારે હજુ ગગી પરણાવવાની છે. મારે આમાં પડવું નથી.
- : ભલા કોકે તો કંઈ કરવું પડશે ને? સાલી સમજણ નથી પડતી અલા ભગા! બહાર ગુડાને?
(મંચના બંને ખૂણેથી ભગીરથનાં બાળકો સાવી અને શ્રેય પ્રવેશે છે. દૂરથી તેનાં માસી નિર્જલાનો પણ અવાજ આવે છે. બહુ આશ્ચર્યથી ઘરમાં ફેલાયેલા લોકોને સાવી અને શ્રેય જોવા લાગે છે. લોકો પણ આમ બહારથી અચાનક આવેલાં સાવી અને શ્રેયને જુએ છે. ચણભણ શરૂ થાય છે.)
- : તમે..તમે બહાર હતા?
- : તમે ઘરમાં નહોતા તો ક્યાં ગયા હતા?
- : તમને ખબર છે ગઈકાલથી ઘર આમ ખુલ્લું છે.
- : ઉપર કોઈ છે પણ સાંભળતું નથી.
- : આમ જતું રહેવાય? ભગીરથભાઈ ક્યાં છે?

સાવી : પણ થયું છે શું? તમે આમ ટોળે વળીને કેમ ઊભા છો? ને ઘરમાં આ શું ફજેતા છે?

શ્રેય : આમ કોઈના ઘરમાં ખાંખત કરો તે સારું કહેવાય?
(નિર્જલા આટલીવારમાં વચ્ચે આવી, સાવીની બાજુમાં ઊભી રહી જાય છે.)

ટોળું : અરે ભલમનસાઈનો જમાનો નથી. અમે તમારા ઘરની સંભાળ લીધી. ભગીરથભાઈની તપાસ કરી. ઘરની કોઈ વસ્તુ ચોરી છે? ફ્રીઝમાંથી કંઈ ખાધું છે? શું ઠંડુ પાણી લઈને પીધું છે? વાત કરો...છો..

શ્રેય : કાકા તમે માઠું ન લગાડો. પણ આમ સારું ન લાગે. પપ્પાને કંઈ થયું નથી. એ બસ આરામ કરે છે. અમને તો બસ એટીટ્યુડ નો વાંધો છે?

ટોળામાંથી : જહન્નમમાં જાય ઓલા ટીટ્યુડ. માણસ મરી જાય પછી ઓલાટીટ્યુડનું હું આવે?

સાવી : માઈન્ડ યોર લેન્ગ્વેજ. એન્ડ એટીટ્યુડ નહિ કે ઓલાટીટ્યુડ. થોડું અંગ્રેજી સુધારો.

ટોળામાંથી : માણસાઈ મરી ગઈ છે. મોટા નાનાની કંઈ આબરૂ ન રઈ. ભલું કરો તો ગાળો ખાવાનો વારો આવે.

નિર્જલા : (મોટેથી) એ...ઈ ટળો હવે. ક્યારનો સાંભળું છું. કંઈ બોલતો નથી તેનો મતલબ એ નથી કે આ છોકરાઓનું કોઈ નથી. માસી છું માસી. બેઠી છું બાર વરસની.જાવ પોતપોતાની હવેલીઓમાં. નવરા તેમાં.

ટોળામાંથી : રામજાણે માસી ક્યાં હતા અત્યાર સુધી ? ને કેવું કેવું બોલે છે? માસી! ભલે પધાર્યા. એટલું કહેશો કે ભગીરથ કેમ છે? એ તો તમને ખબર હશે. હશે...કે..પછી?....

નિર્જલા : ના, ના એટલે કહેવા શું માંગો છો? અમથી માસી છું? બહેનના ઘરની મને ખબર નથી? માણસ બીમાર હોય, ઊંઘતું હોય તો તેના ઘરમાં છાજિયાં લેવા માંડવાનું?
(બધા સાંભળે છે અને મંચ પર આછો અંધકાર ફરી વળે છે. આમથી તેમ દોડાદોડ, હો હલ્લા જેવું થાય છે. બધા ચીસ પાડી પૂછવા માંડે છે. થોડીવાર આ શોર ચાલુ રહે છે અને પછી અવાજ શમવા માંડે છે.)

- : અરે, લાઈટ કોણે બંધ કરી?
- : શું કાવતરું છે આ? અમે ચોર કે ગુંડા છીએ? મવાલી છીએ?
- : એ ઉપર કોઈ ન જશો. આ કાવતરું છે કોઈનું.
- : ભગીરથની દીકરી ક્યાં છે? છોકરો ક્યાં છે?
- : એ પેલી માસીને બોલાવો. શું છે આ બધું?
(અંધારું છવાતું જાય છે. દૃશ્ય શરૂ થાય ત્યારે પ્રકાશ પહેલાં ઝાંખો અને એ વધતા પ્રકાશ સાથે પોલીસ ઈન્સ્પેક્ટર અને બે કોન્સ્ટેબલ સાથે એક પત્રકાર જે ટી.વી.નો રિપોર્ટર છે પ્રવેશે છે. બે

ત્રણ વ્યક્તિ દાદર પરથી કોઈનો મૃતદેહ નીચે ઉતારે છે. માસી, સાવી અને શ્રેય મંચની ડાબી તરફ આ બધું જોતાં રહી એક તરફ ઊભાં છે. લોકોમાં ગણગણાટ થતો સંભળાય છે. કોન્સ્ટેબલ દાદર પર, ઉપરના દરવાજે જઈ ફિંગર પ્રિન્ટ એકઠાં કરે છે. છાપ લે છે.)

- : મિસિસ શાહ ! ઊભા રહો. તમારા ફિંગર પ્રિન્ટ લેવાનાં છે.
- : કેમ? મેં શું કર્યું?
- : ઘરના તમામનાં લેશું.
- : તમે સમજો છો શું? અમે ઘરનાએ એવું કર્યું?
- : દલીલો કરશો તો લોકઅપમાં આવવું પડશે.

(શ્રેય અને સાવી એકમેકની સામે જુએ. ટોળું હતપ્રભ.)

ટોળું : આ ગજબ ના કહેવાય? ઘરના ઘાતકો.

- : જોયું ને? માસી બહુ જોર કરતી'તી.

પોલીસ : ઘરના સભ્યો સિવાય બધા બહાર જાવ. ચાલો...

(ઉપરના રૂમમાંથી ગઝલ સંભળાય છે. ટેપરેકોર્ડર કે ટી.વી. પર)

- : મેરે ઘર આના...આના જિંદગી...(ગઝલ)

(ટી.વી. રિપોર્ટર આગળ આવે.)

આ તમે જોઈ રહ્યા છો ભગરીથ જૈનનું ઘર. અહીં લોકોની ભારે ભીડ છે. અફરાતફરી છે. ખૂન થયું છે કે આત્મહત્યા, કંઈ નક્કી નથી. જૈનનાં સાળી સહિત ઘરના બધા સભ્યોનાં ફિંગર પ્રિન્ટ લેવાઈ રહ્યા છે. આ...આ...જુઓ જે રૂમમાં ઉપરની રૂમમાં જ્યાં ઝાંખો પ્રકાશ દેખાય છે ત્યાં ભગીરથ મહામારી પછી આરામ કરતા. પડોશના લોકોનું કહેવું છે સારું હતું. રવેશમાં આવતા. ગઝલો સાંભળતા. ટી.વી. જોતાં. વાંચન કરતા. બંને બાળકો પણ ખુશ હતાં. પરંતુ, મૃત્યુની ગુથ્થી એ છે કે તેઓ મૃત્યુ પામ્યા છે. કઈ રીતે? અહીં પોલીસના સિનિયર અધિકારી શ્રી ઝા. ઉપસ્થિત છે. આવો તેને મળીએ....

(રિપોર્ટર શ્રી ઝા.નો ઈન્ટરવ્યૂ લે. પણ કંઈ સંભળાતું નથી.)

(એક તરફથી માસી ઉર્ફે મિસિસ શાહને બે કોન્સ્ટેબલ હાથકડી પહેરાવી લઈ જાય છે. બીજી તરફ બે-ત્રણ જણ પોલીસના કહેવાથી ડેડબોડીને એમ્બ્યુલન્સ (સૂચિત) તરફ લઈ જાય છે. શ્રેય અને સાવી ડેડબોડી પાછળ રડતાં જઈ રહ્યાં છે. સાવી પોલીસ અને માસી તરફ દોડવા જાય છે. શ્રેય તેને રોકે છે.)

શ્રેય : જવા દે, જવા દે તેને.

સાવી : માસી! શું છે આ બધું? શું છે? કોઈ તો બોલો-

શ્રેય : હવે કશું કહેવાનું, સમજવાનું રહ્યું નથી. જવા દે- (અણગમો)

(રિપોર્ટર બીજી દિશામાં જોઈ કેમેરા લૂક આપી બોલ્યા કરે.)

- : આ મર્ડર મિસ્ટ્રી છે. પ્રણયસંબંધ. મિલકતની ભૂખ, ઈર્ષા કે બદલો જે હોય તે. અત્યારે તો મહામારીમાંથી બચી ગયેલા ભગીરથ જૈનનું મૃત્યુ થયું છે. મોટા માણસ હતા. દાનવીર હતા. વિદ્વાન હતા. પણ આખરે હવે નથી...

(રિપોર્ટરની વાત જાણે કોઈ સાંભળતું નથી. મિસિસ શાહ કોન્સ્ટેબલ સાથે ચાલતાં ચાલતાં મંચની ડાબી તરફ ફ્રીઝ થાય છે. ડેડબોડી પાછળ જતાં જતાં શ્રેય અને સાવી ફ્રીઝ થાય છે. જમણી તરફ ઉપરથી નીચે આવતાં ઈન્સ્પેક્ટર દાદર પર ફ્રીઝ થાય છે અને લોકો બધી બાજુ બબ્બેમાં વહેંચાઈ જઈ ફ્રીઝ થાય છે. ગીત હજુ સંભળાય છે... 'મેરે ઘર આના, આના જિંદગી...')

(પરદો)

"પ્રેમ મંગલ" બી-૧૮૬,
શાસ્ત્રીનગર (અજમેરા), નવા મવા રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
મો. ૯૮૨૫૬૩૧૩૦૪







Directorate of Information
Gujarat

Social Media



 gujaratinformation.gujarat.gov.in

 gujaratinformation.official

 @infogujarat

 gujarat.information

 Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391



"નિર્દોષ અને નિર્મળ"
આનંદ પ્રાણલાલ પટેલ
મો. 9427332700



"વૃક્ષ તમે ને વેલ અમે..."
પ્રા.ડો. ઉષા રા. પાઠક
મો. 9427232036



"ગેલ"

ભૌમિક પગી

મો. ૯૯૨૫૧૪૯૦૨૮


"ગિરિરાજ"
જેસલ દલાલ
મો. ૯૯૨૫૦૩૬૧૩૧

બોધપાઠ

- દુર્ગેશ ઓઝા

(પાત્રવરણી- ૧ - મુક્તિ : મા, ૨ - માનસઃ પિતા, ૩ - પાયલ : દીકરી, ૪ - રજત : દીકરો,
૫- રિક્ષાવાળો, ૬ - શોપિંગ મૉલનો માણસ. ૭ - રસ્તા પરના માણસો)

(દૃશ્ય પહેલું)

સ્થળ : ઘરનો દીવાનખંડ. બપોરના ચાર વાગ્યાનો સમય. (પાયલ ને માનસ ખુરશી ઉપર બેઠાં છે. માનસ પુસ્તક વાંચતો હોય છે. મુકિત બહારથી ઘરમાં પ્રવેશતાં બોલે)

મુકિત : માણસોય ગજબ થાય છે હો! આવું હોય કોઈ દી'? તોબા તોબા. (બંને હાથ માથા પર મૂકે)

પાયલ : મમ્મી, આવું કેટલું કેવું? ને તું કોની વાત કરે છે? કંઈક સમજાય એવું બોલ તો ખબર પડે.

મુકિત : અરે આપણા પડોશી પેલાં ચંપાબહેન ખરાં ને? બે દિવસ પહેલાં એનું માથું સાધારણ ગરમ હતું, પણ એને મનમાં એવું ભૂસું ભરાઈ ગયું કે નક્કી મને તાવ આવ્યો છે. હવે તાવ વધશે, તબિયત બગડશે. ને સાચે જ તાવ આવ્યો. આખું ઘર ધંધે લાગ્યું. એ તો ભલું થજો ડૉ. હાથીસાહેબનું કે એમણે ચંપાબહેનને ગોળી સાથે હિંમત આપી ને નાહક ન ડરવાની સલાહ પણ..! ચંપાબહેન સમજી ગયાં ને પછી એ સાવ સ્વસ્થ પણ થઈ ગયાં. હું હમણાં એના જ ઘરે એને હિંમત આપવા ગઈ હતી. એક તો બપોરની ગરમી કહે મારું કામ ને એમાં આ દોડાદોડી. હું તો થાકી ગઈ.

પાયલ : મમ્મી, ચિંતા ન કર. હું હમણાં બધાં માટે ગોળ-લીંબુનું શરબત બનાવી આવું. ઉનાળામાં એ બહુ સારું. આમેય રજતને એ બહુ ભાવે. એ હમણાં ઘરે આવવો જ જોઈએ. ગોળલીંબુનું શરબત પૌષ્ટિક. મમ્મી, થોડીવારમાં તું તાજીમાજી થઈ જઈશ.

માનસ : (પુસ્તકમાંથી નજર ખસેડી) પાયલ, તું ગોળ લીંબુ શું કામ બોલી? માત્ર લીંબુ જ બોલી હોત તો પાણી સિવાય બીજું શું ખાટુંમોળું થઈ જાત? લીંબુ તો ગોળ જ હોય ને? મેં મારી જિંદગીમાં કદી ચોરસ લીંબુ નથી જોયું! ને મારી પત્નીને માજી કેમ કહે છે? એ તાજી માજી નહીં. તાજી યુવતી છે.

પાયલ : (હાથનો પંજો ઉલાળી) પપ્પા, તમેય શું? અરે ગોળ એટલે એ ગોળ આકાર નહીં. ગોળ એટલે ખાવાનો ગોળ. ગળ્યો ગોળ. પાણીમાં એ ગોળ અને લીંબુ એ બેય નાખીને શરબત બનાવવાની વાત છે. ને તાજીમાજી એ શબ્દપ્રયોગ છે. હું મમ્મીને માજી નથી કહેતી. (માથું હલાવે, એક હાથની બીજી આંગળી ઊંચી કરી હલાવે) સમજી ગઈ. પપ્પા, મનેય ખબર છે કે તમને ખબર છે આ બધી વાતની. પણ તમે આમ કરી મારી ફીરકી ઉતારો છો, બરાબર ને? હસો. બધાં હસો.

મુકિત : મને તો ચંપાબેન ઉપર હસવું આવે છે. એને કાંઈ નહોતું તોય એ અમથેઅમથાં ડરતાં'તાં.

માનસ : રોગ કરતાં એનો ડર માણસને વધુ મારી નાખે છે. જેવું મન એવું તન. (પુસ્તક બતાવે)
આ પુસ્તકમાં હમણાં જે મેં એક વાર્તા વાંચી તેમાંય આ જ વાત લખી છે. જે ફૂલ ખીલે,
એ કરમાય પણ ખરું, પરંતુ અમુક માણસો એવાં ફૂલ છે જે ખીલતાં પહેલાં જ કરમાઈ જાય છે. 'હું નહીં જ ખીલી શકું' એવી ગ્રંથિ પહેલેથી જ એનામાં ઘર કરી ગયેલી હોય છે. ખોટો ડર એ એવો કર છે જે માણસ પોતે જ પોતાના ઉપર નાખે છે. તકલાદી ડરને જે ચૂંટે, તકવાદી એને લૂંટે, એનાં નસીબ ફૂટે. (કાચનું વાસણ ફૂટવાનો અવાજ) આમ કાચ ફૂટે એમ.. પાયલ, જરા રસોડામાં જા તો! કાચનો ગ્લાસ ફૂટ્યો લાગે છે. નક્કી આ પેલી બિલાડીનાં કામા.(પાયલ રસોડામાં જઈ પાછી આવે)

પાયલ : પપ્પા, ગ્લાસ એમ જ ફૂટ્યો. બિલાડીને દોષ ન દ્યો. એ બિલાડી તો મારા જેવી છે; ડાહીડમરી. (પપ્પા દીકરી સામે જોઈ માથું હલાવી મલકે) એ આપણને પૂછીને જ પાણી પીવે છે એટલે કે દૂધ પીએ છે. એ ગમે ત્યાં મોઢું નથી નાખતી. હા, પણ તમારી પેલી વાત સાચી હો! જો માણસ નાહક ડરે તો લોહીનું પાણી થાય, પછી પૈસાનું પાણી થાય. કીડી જેવો રોગ હાથી જેવો થઈ જાય. જો એ 'મારું સારું જ થશે' એમ હકારાત્મક વિચારે તો હાથી કીડી બની જાય. એ કબૂલ કે ન રખાય ફાંકો, પણ આત્મવિશ્વાસ તો હોવો જ જોઈએ પાકો. જાગૃતિ જરૂર રાખો, પણ ડર તો નહીં જ.

માનસ : (પુસ્તક બંધ કરી બાજુમાં રાખે) જાગૃતિ તો આપણે રાખી જ છે ને? આપણા ઘરે જે બેન રજતને સંગીત શિખડાવવા આવે છે એનું નામ જાગૃતિ જ છે! ને હાથી કીડી કેમ થાય? આપણા ફેમિલી ડૉક્ટર હાથીસાહેબ કીડી ન જ થાય. નામ એવા ગુણ. જાણે ઘઉંની ગૂણ. ભલે ને એ ગમે એટલું વજન ઉતારે! હા, એ ભલા ને હોશિયાર ડૉક્ટર આપણું દર્દ ઉતારી દે છે હો! (ફ્લેશબેકમાં 'સારેગમપધનીસા' સરગમ લેતાં જાગૃતિબેન-રજત અને તબિયત જોતાં ડૉ. હાથી બતાવી શકાય)

પાયલ : પપ્પા, હું એ જાગૃતિ ને એ હાથીની વાત નથી કરતી. (હાથનો પંજો હલાવી નકાર બતાવે પછી હથેળી ઉપર બીજી હથેળી થપથપાવે) જાગૃતિ એટલે જાગૃત, સતર્ક રહેવું તે. ને હાથી એટલે હાથી નામનું મહાકાય પ્રાણી. અચ્છા! વળી તમે મારી મશ્કરી..! (પપ્પાને હસતા જોઈ એય હસે છે)

માનસ : તારી મમ્મીનું નામ મુકિત. જોયું ને મારી વાત સાંભળી એને થાકમાંથી કેવી મુક્તિ મળી ગઈ! એ તાજીમાજી એ.એ. એટલે કે તાજી યુવતી થઈ ગઈ! હસે એનો રોગ ખસે. (બધાં ખડખડાટ હસી પડે છે. ત્યાં ઘરમાં પ્રવેશેલો રજત ખુશ થઈ 'આ બધું શું છે?' એમ હાથના ઈશારાથી પૂછી ખુરશી પર બેસે, પાયલ શરબત બનાવવા જાય, માબાપ પુત્રને બધી વાત કરે) (આ સમયે હળવું સંગીત વાગે) (પાયલ તાસકમાં શરબતના ચાર પ્યાલા લઈને આવે છે. બધાં શરબત પીવે છે)

દશ્ય બીજું : સ્થળ : શોપિંગ મૉલ. દિવસ બીજો. બપોરના બાર વાગ્યાનો સમય.

મુક્તિ : (મૉલમાંથી બહાર નીકળી મોબાઇલમાં જોતાં) પાયલ, ઓહો! બાર વાગી ગયા! આ શોપિંગ મોલમાં આપણે ઘણો સમય કાઢી નાખ્યો. ચાલ હવે ઝટ રિક્ષા કરી ઘરે પહોંચી જઈએ. આ રસ્તો ભીડભાડવાળો, ને વાહનોની અવરજવર વધુ, ને એટલે જરા સંભાળીને ચાલજે. (બેય થોડું ચાલી સામેની બાજુએ જઈને ઊભાં રહે છે. બસ, રિક્ષા વગેરે વાહનોનો ને રાહદારીઓનો અવાજ)

આપણે ખરીદેલો માલ મૉલવાળા આપણા ઘરે પહોચાડી દેશે એ મોટી નિરાંત. આપણે તો બસ શાકભાજીની આ એક થેલી જ લઈ જવાની છે. (એક રિક્ષા આવતાં જ હાથ ઊંચો કરી ધીરેથી સાદ પાડે) રિક્ષા, એ રિક્ષા.. (રિક્ષા ઊભી ન રહેતા પાયલ સામે જુએ) માળો ઊભો જ ન રયો્.

પાયલ : તે ક્યાંથી ઊભો રહે? રિક્ષા બેસીને જ ચલાવાય, એ ઊભો થાય તો મુસાફરો બીકના માર્યા ઊભા થઈ જાય! અરે મમ્મી, હું તો મજાક કરું છું. એ રિક્ષા ખાલી નહોતી. એમાં મુસાફરો બેઠા હતા. ને મમ્મી, તું તો ભિક્ષા માંગતી હોય એમ રિક્ષા કરે છે! એમ નહી. આમ જો. (ઊંચે અવાજે) એ રિક્ષા.. (રિક્ષા ઊભી રહે છે. પાયલ વટભેર મમ્મી સામે જુએ છે, રિક્ષાવાળાને ઘરનું સરનામું જણાવે છે. બેય રિક્ષામાં બેસે. રિક્ષા ચાલુ થાય. ઘર નજીક આવતાં જ રિક્ષા શેરીના ખૂણે ઊભી રહે છે.)

મુક્તિ : સાલી હવે તો કકડીને બહુ ભૂખ લાગી છે હો! પેટમાં બિલાડાં બોલવાં માંડ્યાં. (પાયલ રિક્ષાભાડું ચૂકવે એ તકનો લાભ લઇ મુક્તિ થેલીમાંથી કેળું કાઢી, ખાઈ એની છાલ રસ્તા પર નાખે)

પાયલ : (એનો મોબાઇલ રણકતા એને ઉપાડે) હલો, હા બોલો...(આગળ બોલતા અટકે, પંદર સેકન્ડ માટે વાત સાંભળે, પછી પપ્પાને કહે) એક મિનિટ પપ્પા. (મોબાઇલ કાન પરથી હટાવે છે, મમ્મી સામે જોઈને કહે) મમ્મી, એક અગત્યનો કોલ છે. તું ધીરેધીરે ચાલવા માંડ. હું હમણાં આવું. (જરા દૂર જઈ વાત કરે) હા પપ્પા હવે બોલો, પણ તમે મમ્મીથી દૂર જઈને વાત કરવાનું શું કામ કહ્યું? (માથું હલાવતી હલાવતી, 'હ..હ.. લે.. એમ?' એમ હોંકારો આપતી, નવાઈ વ્યક્ત કરતી પપ્પાની આખી વાત અર્ધી મિનિટમાં સાંભળે છે) અમે બસ થોડી જ વારમાં ઘેર પહોંચીએ જ છીએ. હા હા, ઓ.કે. ડન. (અંગૂઠાની નિશાની કરી હસે છે, દોડીને મમ્મીની સાથે થઈ જાય, ઘરમાં પ્રવેશે)

દશ્ય ત્રીજું : સ્થળ : માનસ-મુક્તિ-પાયલ-રજતનું ઘર. બપોરના એક વાગ્યાનો સમય.

પાયલ : (મોબાઇલ રણકતાં એને ઉપાડે) હા, રજત, બોલ. (નવાઈ પામે) હેં..! શું વાત કરે છે? હા, હું આવું જ છું. (દોડીને જાય છે. ખોડંગાતા પિતાજીને લઈને ભાઈબહેન ઘરમાં પ્રવેશે)

મુક્તિ : (પતિ સામે ચિંતા ને આશ્ચર્યથી જોતાં) હાય હાય, અરે આ તમને અચાનક વળી શું થયું?!

માનસ : (વ્યંગમાં) કંઈ નથી થયું. ખાલી પગ જ ભાંગ્યો છે. અરે, ઘરે આવતો'તો. ત્યાં લપસી ગયો. કોઈ બેજવાબદાર, મૂરખ માણસે કેળું ખાઈ એની છાલ રસ્તા ઉપર ફેંકી દીધી હતી એમાં આ..ઓહ! હવે પગ મંડાતો નથી. બહુ દુઃખે છે. ઓહ..આ..ઓ.. (મુક્તિ નીચું જોઈ જાય છે)

પાયલ : મમ્મી, તું આમ નીચું કાં જોઈ ગઈ? કેળાની છાલ શું તે રસ્તા પર નાખી હતી? (મુક્તિ અપરાધભાવે માથું હલાવી હા પાડે છે) આ તેં શું કર્યું મમ્મી? કચરો કચરાપેટીમાં જ નખાય. એ પેટી ન હોય તો કચરો સાચવીને આપણી પાસે રાખી મુકાય. ને મેળ પડે એટલે એનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવો જોઈએ. આ બધું તારે મને શીખવવાનું હોય, એને બદલે મારે તને..! જોયું ને તારી બેદરકારીનું પરિણામ કેવું આવ્યું એ? ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ. મગજમાંથી કચરો જાય તો બહારનો કચરો યોગ્ય જગ્યાએ નાખવાનું સમજાય ને?

રજત : કેળાની છાલની તો જરાય ઈચ્છા નહોતી કે હું પડું ને કોઈને પાડું, પણ એ બિચારી કરેય શું? (મુક્તિ સામે જુએ) મમ્મી, તું તો સમજુ છે, તોય તેં..! સ્વચ્છ રહે એ સ્વસ્થ રહે. કોઈ આમ પડે-આખડે નહીં. જીવવાની ને જીવવા દેવાની મજા. આ પણ એક જાતની રાષ્ટ્રભક્તિ જ છે.

મુક્તિ : દીકરા તારી વાત સાચી છે. હવે હું કચરો જ્યાંત્યાં નાખી મારી જાતનો કચરો નહીં કરું. (પતિ માનસ સામે જોતાં) ચાલો પહેલાં ઝટ દવાખાને. મારી ભૂલ થઈ ગઈ. મને માફ કરી દ્યો.

માનસ : છોડ એ બધું. તે સાચું સમજી ભૂલ સ્વીકારી એ જ ઘણું છે. પસ્તાવાના ભેજથીય હર્ષનું ફૂલ ખીલે. ને જો, દવાખાને જવાની કંઈ જ જરૂર નથી.(ઝડપથી ચાલે, દોડે, કૂદકો મારે) હું લપસ્યો જ નહોતો. હા હા! હા! (પછી ગંભીર થઈ) તે નાખેલી છાલને લીધે એક માણસ પડતાં પડતાં બચ્યો. હું ત્યારે સામે જ પાનની દુકાને ઊભો હતો. મારું ધ્યાન પડતાં જ મેં તરત એ કેળાંની છાલ ઉપાડીને દુકાનની બાજુમાં રહેલી કચરાટોપલીમાં નાખી દીધી હતી. આ તો તને બોધપાઠ મળે એ માટે અમે બધાએ ભેગા મળીને..! મેં પાયલ અને રજતને મોબાઈલમાં બધું સમજાવી દીધું હતું કે.. એટલે આ બેય ભાઈબહેન.! મુક્તિ, હવે જરા હસી લે. તારી આ નિખાલસતાથી સૌને ખુશી મળી.

રજત : ખુશી..! ક્યાંથી મળી? મારી સાથે ભણતી ખુશી તો આજ બહારગામ ગઈ છે! અરે પપ્પા, જસ્ટ જોકિંગ. હા, બધાં ખુશ થયા એ સાચું, પણ પપ્પા, તમે એક કામ કરો તો એ ખુશી હજી વધી જાય. તમે મારી મમ્મીને તો સાચી સલાહ આપી, પણ તમે..? તમે બોલ્યા એ ગમ્યું, પણ તમે જયારે ફાકી-મસાલા-ગુટખા ખાતાં ખાતાં બોલો છો ત્યારે જરાય સારા નથી લાગતા. મમ્મીએ કુટેવ છોડી એમ તમેય આ નુકસાનકારક વ્યસનોને આજથી છોડી દ્યો તો કેવું સારું?

પાયલ : હા પપ્પા, આ પણ એક જાતનું સફાઈ અભિયાન જ છે. ને જે આ વ્યસન છોડે એને પોતાનેય ફાયદો છે. સમય ને ખોટો ખર્ચો બચે, જે તમે અમને કે બીજાને આપી એનો સદુપયોગ કરી શકો. તનમન તંદુરસ્ત રહે. મોઢું ને હદય..બેય ખૂલી જાય. માણસ આનંદથી ઝૂલી જાય. હું તમારી વહાલી દીકરી છું ને? તો મૂકો આ બધાં વ્યસનોને તડકે, ને કરો કુછ હટકે.

માનસ : (થોડું વિચારીને) દીકરી, જે ઘરમાં આવાં દીકરા ને દીકરી, તે ઘર મંદિર. પાયલ, તું તો બહુ પાકી. ને બેટા રજત, તારી વાત પણ નથી વાંકી. ચાલ, આજથી છોડ્યા ગુટખા-મસાલા ફાકી. (ખિસ્સાંમાંથી ફાકી કાઢી ફેંકવા જાય. બધાં એને અટકાવે) અરે જસ્ટ જોકિંગ. ચિંતા કરો મા. હું એને કચરાટોપલીમાં જ નાખીશ. (પાયલ-રજત પપ્પાને વળગી પડે, પપ્પાની આંખ ભીની થાય. પાયલ એનાં આંસુ લૂછે. પપ્પા સ્વસ્થ થાય. મુક્તિ ખુશ થાય) એય મુક્તિ, તુંય પુરાવ આ વાતમાં ટાપસી.
ને પગ બચી ગયો એના માનમાં ખવડાવ તારા હાથની લાપસી.ઓહ..આ..(પગ દુઃખવાનો ડોળ કરે, બધાં હસી પડે. ડોરબેલ વાગે. મૉલનો માણસ બધો માલ ઘરમાં મૂકી પછી રવાના થાય છે.)

મુક્તિ : આ લે લે આ બધો તાલ થયો ત્યાં સુધીમાં માલ પણ આવી ગયો! (પાયલ એક વસ્તુ સામે જોઈ રહે છે) પાયલ, છે ને તારા માટે સરપ્રાઈઝ! જે તને બહુ ગમે છે એને રાખવા માટેની વસ્તુ મેં છાનીમાની તારી નજર ચૂકવી ચીજવસ્તુના લિસ્ટમાં લખાવી દીધી હતી. ને એમાં જે રાખવાનું હતું એ પેલા મૉલની સામે પાથરણું પાથરીને બેઠેલા રવજી પાસેથી..! મેં મૉલના માણસને કહી દીધું હતું કે તમે રવજી પાસેથી એ લઈ એ પણ તમારા માલની સાથે જ ઘરે..! (મંચ પર આ જે એક વસ્તુ ને એની અંદર જે છે એનો માત્ર નિર્દેશ જ છે. વસ્તુ હજી દેખાડવાની નથી)

પાયલ : પણ મમ્મી, આ તો..! (દુઃખ અનુભવે, કશુંક વિચારે) એક મિનિટ, મમ્મી, આ અવાજ શેનો આવે છે? બાથરૂમનો નળ ખુલ્લો રહી ગયો લાગે છે. જરા જા તો. (મમ્મી જાય એટલે પાયલ રજત ને માનસ સાથે વાત કરી પોતે બાથરૂમનું બારણું બહારથી સ્ટોપર મારી બંધ કરી દે છે. થોડીવાર પછી એ બારણું જોરજોરથી ધણધણી ઊઠે. મુક્તિ બારણું ખોલવા ધમપછાડા ને ખૂબ પ્રયત્ન કરે, 'ખોલો ખોલો' એવી બૂમો પાડે, પણ બારણું નથી ખૂલતું.

થોડીવાર પછી પાયલ બારણું ખોલે)

મુક્તિ : (બાથરૂમની બહાર આવતાં જ વારાફરતી બધાં સામે ગુસ્સાથી જુએ છે) બારણું કોણે બંધ કર્યું હતું? જલદી બોલો. (બધા એક હાથ ઊંચો કરે. પાયલ હાથેથી સૌને હાથ નીચા કરવા સૂચવે)

પાયલ : કોઈએ મને બચાવવાની જરૂર નથી. (પોતાની છાતીએ એક હાથ મૂકે) બારણું 'મેં' જ બંધ કર્યું હતું. (ગુસ્સામાં લાલઘૂમ મુક્તિ દીકરી તરફ આગળ વધે છે. બાપદીકરો થોડા ગભરાય છે)

મુક્તિ : (દીકરીને એક તમાચો લગાવી દે છે) મારી સાથે આવી મજાક? હું કેવી પુરાઈ ગઈ હતી, મારી કેવી હાલત થઈ એનું તને જરાય ભાન છે બેશરમ? તમારે મન આ રમત છે, પણ પોતાના પર આવી વીતે ને તો ખબર પડે ને એ બીજી વાર આવું કરવાની ખો ભૂલી જાય. શું કામ તે આવું કર્યું? બોલ, બોલે છે કે હજી બે-ચાર ફટકારું? મોઢામાં મગ ભર્યા છે? (પાયલને હલબલાવી નાખે)

રજત : મમ્મી, જે તારું કહેવું છે એ જ પાયલનું કહેવું છે. તું એના માટે જે લઈ આવી એ નિર્જીવ વસ્તુ નથી, પણ એક જીવતોજાગતો જીવ છે. જરા વિચાર કર, તું બે-ચાર મિનિટ પુરાઈ રહી તોય તને કંઈનું કંઈ થઈ ગ્યું, તો જે લાંબો વખત કે આખી જિંદગી પુરાઈ રહે એની શું હાલત થતી હશે? તને એનો અનુભવ થાય ને સમજાય એટલે જ પાયલે આમ કર્યું. નથી જોઈતી અમારે આ વસ્તુ.

માનસ : તારું નામ છે તો મુક્તિ..પણ તે કામ તો કર્યું બીજાને ક્રૂર બંધનમાં રાખવાનું! બગાડ ન કરવો ને બહારનો કચરો કાઢવો જરૂરી છે, પણ આપણે કોઈ અબોલ જીવને બંધનમાં નાખીએ,
કોઈની આઝાદી છીનવી લઈએ, હેરાન કરીએ, નાતજાત-સંપ્રદાયના ઝઘડા કરીએ-કરાવીએ, ખોટું કરીએ, કળા-સંસ્કૃતિનું જતન ન કરીએ ને ખુશ થઈએ એ બધો પણ એક પ્રકારનો કચરો જ છે. અંદરનો કચરો. એ પણ કાઢવાનો છે. સ્વચ્છતા અભિયાનનું યાન તો જ સરખું ઊડે. આનંદ એકલપેટો ન લેવાય, સૂર્યકિરણની જેમ એ બીજાને પણ વહેંચાય. મુક્તિ, તારા નામને સાર્થક કર. (પાયલ પેલી વસ્તુ - પાંજરું લઈ આવે છે, જેમાં પોપટ પુરાયેલો છે. સૌને એ બતાવવાનું)

પાયલ : મારા વહાલા પપ્પા, નથી મારતા તમે અત્યારે જરાય ગપ્પા. પેલું ગીત છે ને કે 'પોપટ પાંજરામાં મીઠુંમીઠું બોલે.' પણ એના કરતાં એ ગીત સારું કે 'પોપટ પાંજરા બહાર મીઠુંમીઠું બોલે.' એ તો ખુલ્લામાં, ઝાડની ડાળે ને આકાશે જ શોભે. મમ્મી, હા, મને પોપટ ગમે છે એમ મેં તને કહ્યું હતું એ સાચું, પણ એ આઝાદ હોય, છૂટ્ટો હોય એવો. આમ બંધાયેલો ને પુરાયેલો નહીં, શું સમજી?

મુક્તિ : સમજી ગઈ. ખરેખર તમાચો મેં તને નહીં, તેં મને માર્યો છે. ને તે એ ઠીક જ કર્યું દીકરી. હું આ પોપટ ને આ પાંજરું લાવી એ તને ન ગમ્યું એ મને હવે ગમ્યું. એની મુક્તિ એ જીવસેવા છે, એ પણ એક જાતની ઈશ્વરની ભક્તિ જ છે જે હું હવે સદા કરીશ. મને ફરી માફ કરી દ્યો. મને એ વાતનું ગૌરવ છે કે મને આવાં પ્રેમાળ ને સમજુ દીકરા-દીકરી મળ્યાં. (પાંજરું ખોલે છે. એમાં રહેલો પોપટ બહાર નીકળી ઊડી જાય છે. બધાં ખુશ થઈ તાળી પાડે છે. હસી રહેલી મુક્તિ અચાનક રડવા લાગે છે. પાયલ પપ્પા સામે જોઈ મમ્મીને છાની રાખવા એને હાથેથી સંકેત કરે)

માનસ : (દીકરી સામે હથેળી ઊંચી કરી 'હું કંઈક કરું છું' એવો ઈશારો કરે, પત્ની સામે જુએ) તને માત્ર પ્રેમાળ સંતાનો જ મળ્યાં? પતિ નહીં? હું ક્યાં જઈશ વહાલી? ભૂલી ન જા મારો રોલ, તું શરણાઈ, તો હું છું ઢોલ. (મોઢેથી શરણાઈ ને હાથેથી ઢોલ વગાડવાની મુદ્રા) હવે રડ મા. ભૂલરૂપી કપડાનું તો પોતું જ કરાય, એ પહેરવાનું ન હોય! ખુલ્લાં દિલે તે સાચું સ્વીકાર્યું એની ખુશી..(રજત સામે જોતાં) ના, એનો હરખ છે. તુંય દિલની સારી જ છો. અમુક બાબતોમાં તો અમારાથીય ઘણી સારી. તેં પણ અમને ઘણું સારુંસારું શિખવાડ્યું છે. (મકાન સામે હાથ કરી) આ મકાનને ઘર, ઘરને સ્વર્ગ તેં બનાવ્યું છે. અમને બધાને તારા પર માન છે, માટે દુઃખમાંથી આઘી ખસ ને હવે જરા હસ.

રજત : (ગીત ગાય છે) 'પંછી બનું, ઊડતી ફિરું મસ્ત ગગનમેં, આજ મેં આઝાદ હું, દુનિયાકે ચમનમેં. ટે ણે ણે ણે ણે ણે ણે.(મ્યુઝિક કોમેડી અંદાજમાં મોઢેથી વગાડે, બે હથેળી ઊંચી કરી ઘરના બધાને આ ગીત સાથે ગાવાનું કહે, બધાં હસે ને એમ કરે) 'પંછી બનું, ઊડતી ફિરું મસ્ત ગગનમેં, આજ મેં આઝાદ હું, દુનિયાકે ચમનમેં. હિલ્લોરી... હિલ્લોરી... (નાટક પૂરું થાય છે. પડદો પડે છે.)

૧, જલારામનગર, નરસંગ ટેકરી,
હીરો શો-રૂમ પાછળ, ડૉ. ગઢવીસાહેબના મકાન પાસે,
પોરબંદર. ૩૬૦૫૭૫. મો. ૯૮૯૮૧૬૪૯૮૮

દાસી જીવણ - સંગીત રૂપક

- ડૉ. નિરંજન રાજ્યગુરુ

(પાત્રો : પ્રવક્તા : ૧, પ્રવક્તા : ૨, જગા ભગત દાફડા (સંત કવિ દાસી જીવણના પિતા), સામબાઈ (સંત કવિ દાસી જીવણનાં માતા), દાસી જીવણ, રાણીમા : (ગોંડલના રાજવી ભા'કુમ્ભાજીનાં રાણી), જાલુબાઈ (સંત કવિ દાસી જીવણનાં પત્ની.)

(પ્રભાતનો પહોર : બંસરીમાં પ્રભાતિયાની ધૂન : પક્ષીઓનો કલબલાટ)

પ્રવક્તા-૧ : વાત છે આજથી બરોબર બસોને એકોતેર વરસ પહેલાંની...

પ્રવક્તા-૨ : મધ્ય સૌરાષ્ટ્રનું, ગોંડલ રાજ્યનું ઘોઘાવદર ગામ. ગામને ઉગમણે છેવાડે વણકરવાસ.

પ્રવક્તા-૧ : આંબલિયુંના ઝૂંડ વચ્ચે એક આદમી ચામડાં પલાળવાના પોતાના કૂંડ પાસે બેસી એક હાથે હોકાની નાળ પકડી ક્યારેક એકાદ ઘૂંટ લઇને હરિ ગુણ ગાતો ચામડાં સાફ કરવાના કામમાં મશગુલ છે.

(ધીમા સૂર : ''ગાવડી દ્યો ગોપાળલાલ, વાછડીયે વિયાંય રે... ગાવડી દ્યો...'')

પ્રવક્તા-૨ : તુલસીના વનથી શોભતા નાનકડા એવા ચોખ્ખા આંગણામાં ગાયના છાણથી લીંપણ કરતી એની ઘરવાળીના કંઠમાંથી સરવે સાદે અનાયાસ હૃદયના ભાવો વ્યક્ત થઈ જાય છે... (વાયોલિનના કરુણ સૂર)

''લીંપેલ ને ગુંપેલ મારું આંગણું પગલીનો પાડનાર દ્યો ને રન્નાદે



વાંઝિયા મેણાં માડી દોયલાં...''

(કંઠ રૂંધાઇ ગયો ઊંડેથી નિસાસો... ગીત ડૂસકાંથી ભરાઈ ગયું...)

જગા ભગત : કાંઉં ભંડારી ! આમ ઓછું શિનું આયું ?મારાથી એવું કાંઇ બોલાણું તો નથીને ?

સામબાઈ : ના રે ભગત : તમે તો કિં બોલો ! પણ આ મલક આખાના બોલ મારાથી સેંવાતા નથી. આપણી ભગતીમાં કાંક ખામી...

જગા ભગત : નાસ ના ભંડારી... ઉપરવાળો તો હંધાયનું હારૂં કરવા બેઠો છે. ને જગત તો બોલે. એના વેણ હામું જોવાતું હશ્યે ? હરિની મરજી હશે ઈમ થાશે... પણ આમ ઓશિયાળા થઇ જવાય ?

સામબાઈ : ભગત ! આજ બાર બાર વરહ થ્યાં રૂદિયામાં ધરબીને બેઠી છઉં ઇ મમત્ય અટાણે હાથ રે'તી નથ્ય. મને આજ તો રોઈ લેવા દ્યો.

જગા ભગત : ભંડારી ! ધરપત રાખો સંત સાધુડાની સેવા કરો. આપણા કરમમાં લખ્યું હશ્યે ને તો મળ્યા વન્યાં નૈં રયે. પણ આવો વલોપાત બવ હારો નૈ.નરસી મેતે કીધું સે ને !''સખ દખ મનમાં નો આણિયે, ઘટડા હાર્યે ઇ તો ઘડિયાં...''

પ્રવક્તા-૧ : ને આમ સાધુ-સંતોની સેવા-ચાકરી કરતા જગાભગત ને સામબાઈ ઉપર પ્રભુની મહેર થઇ. કોઇ સંતની જડીબુટ્ટી ને આશીર્વાદથી એની શેર માટીની ખોટ ટળી

પ્રવક્તા-૨ : વા'લે મેર કરી. દોહ્યલાં મેણાં ભાંગ્યાં દાફડા કૂળમાં દીવો પરગટ થ્યો. સામબાઈની કૂખે વિક્રમ સંવત ૧૮૦૬ની સાલમાં દાસીજીવણનો જનમ થ્યો.

પ્રવક્તા-૧ : સૂના ઘરમાં પારણાં બંધાણાં. સાત ખોટનો દીકરો સુખી ઘરને જગોભગત પણ મોટા જીવનો એટલે લાડ ભર્યાં લાલનપાલનથી જીવણ મોટો થવા લાગ્યો.

પ્રવક્તા-૨ : જીવણનો જીવ મૂળથી જ સંસ્કારી. બાળપણથી જ મા-બાપની ભગતીના સંસ્કાર મળ્યા ને સાધુ-સંતોની સેવામાં એનો માંયલો પલોટાતો ગયો.

પ્રવક્તા-૧ : રાતોની રાતો ભજન-ભાવમાં નીકળી જાય કુદરતે કંઠ દીધો છે મોરલા જેવો... પણ... અંતરમાં અકળામણ વધતી જાય. મનની મૂંઝવણ મટાડે એવો માલમી ક્યાંય ઝડતો નથી.

પ્રવક્તા-૨ : દિ'રાત સાધુ-સંતોની સેવા ને ભજનવાણીના ભાવમાં રહેતા જીવણનો જીવ ધંધામાં ક્યાંથી ચોંટે ? એક દિ' જગાભગતે થોડોક મીઠો ઠપકો દીધો...

જગાભગત : બાપ જીવણ ! હવે મું ને ઘડપણ આવ્યું આપણું ખોયડું મોટું. ભામનો ઈજારો રાખી હું થાક્યો. દીકરા ! ભગતિનો મારગ તો કાંટાનો કેડો. આપણી શાખ હારી છે અટલે ધંધામાં વાંધો નથ્ય. પણ હું તો ખર્યું પાન!...

દાસી જીવણ: 'પણ બાપુ ! આ મમતાળું મનડું જિયાં લગણ થિર નો હોય તિયાં લગણ ધંધો કિમ કરવો? એકવાર મને અંતરની દુબજયા ટળે એવો સદગુરુ ભેટી જાવા દ્યો. પછે તમે કેશો એમ કરીશ...'

પ્રવક્તા-૧ ને આમ દાસી જીવણ સાચા સંતની શોધમાં આમ તેમ આથડે છે. રાત દિ' મનડું મૂંઝાય છે. એક પછી એક સત્તર ગુરુ કર્યાં પણ બધાય પોલા.

પ્રવક્તા-૨ માતા-પિતા અને મામાએ પરાણે સંસારના બંધનમાં જીવણને નાખ્યો પણ સંત સાધનાની લગનીમાં ફેર પડ્યો નથી.

જાલુબાઈ : નાથ ! તમારા ભજનમાં ને સાધનામાં હું ક્યાંય આડી નૈ આવું. જૂના ધરમનાં ખાતાં જોઈ લ્યો.. સંસારમાં રહીને જ સહુ સંતોએ ભજન ભગતી કર્યાં જ છે ને ?

દાસી જીવણ : હા , ભંડારી ! આ ચામડાના કુંડને કાંઠે બેસીને હું ગુરુને ગોતવા ધોડતો રઈશ ..

પ્રવક્તા-૧ : સંતોની સત્સંગ સારું આથડતાં એક દિ' જીવણે આમરણના ભીમસાહેબની ખ્યાતિ સાંભળી. મનમાં થ્યું કેસ લાયવ આ અઢારમા ગુરુને ય તાવી જોઉં...

પ્રવક્તા-૨ : ને પોતાના દૂબજાળાં મનની વાત એક ભજનમાં લખીને ભીમસાહેબને કાગળ લખ્યો...

ભજન : *“સેહજે રે સાયાંજી મારું મનડું ન માને મમતાળું*
કહો ને ગુરુજી મારું દિલડું ન માને દૂબજાળું...
વારી વારી મનને હું તો વાડલે પૂરું રે વાલા
પતળેલ જાય પરબારું...
ગુરુજી મારું મનડું ન માને મમતાળું...
ઘડીકમાં મનડું મારું કીડી અને કુંજર વાલા
ઘડીક ઘોડે ને ઘડીક પાળું...
ગુરુજી મારું મનડું ન માને મમતાળું...

પ્રવક્તા-૧ : જીવણના અંતરની મૂંઝવણ ભીમસાહેબ પાસે પહોંચી. ને ભીમ ગુરુએ સતલોકનો સંદેશો જીવણને મોકલાવ્યો.

પ્રવક્તા-૨ : પરોઢ થાવાનું હોય એવે ટાણે રાતના છેલ્લા પહોરે જે રાગમાં ભજન ગવાય એ રામગરીના ઢંગમાં જાણે જીવણના ઘટમાંય અજવાળાં થાવાના નો હોય એનો સંકેત દેતો ભીમસાહેબનો સંદેશ આવ્યો.

ભજન : *“હે જી વાહલા જીવણ !*
જીવને ન્યાં રાખીએ
વાગે અનહદ તૂરા
ઝળહળ જ્યોતું ઝળહળે
વરસે નિરમળ નૂરા...
હે જી વા'લા જીવણ !...”



પ્રવક્તા-૧ : પછી તો સદ્દગુરુનો ભેટો થ્યો. અંતરના તાર રણઝણી ઊઠ્યા. કાળમીંઢ શિલાને ફોડી પાતાળપાણીની સરવાણી ફૂટે એમ આનંદની લ્હેરૂં છૂટવા લાગી ને દાસી જીવણ ગાઈ ઊઠ્યા -

ભજન : *“અંજવાળું રે હવે અંજવાળું*
ગુરુજી તમ રે આવ્યે મારે અંજવાળું...
સત રે શબદ ગુરુએ શ્રવણે સુણાવ્યો ને
ભેટ્યા મું ને ભીમ ને ભાંગ્યું
ભ્રમ કેરૂં તાળું રે... ગુરુજી તમ...

પ્રવક્તા-૨ : સાચા સદ્દગુરુ મળ્યા ને અગમઘરની ખડકી ખૂલી ગઇ. અષ્ટાંગ યોગ સાધ્યો અનાહત નાદ સાંભળી લીધો જ્ઞાન ગણેશિયો લઇને ધણીના મોલમાં ખાતર પાડવાનો કીમિયો હાથ આવી ગ્યો.

પ્રવક્તા-૧ : સદ્દગુરુએ શિખવાડેલી ચોરીના પરતાપે જીવણને પારસમણીની પ્રાપ્તિ થઈ ગઈ. પોતે યોગી-સાધક બની ગ્યા.

ભજન : *“પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...*
દયા કરી મુંને પ્રેમે પાયો
મારા નેનુંમાં આયા નૂર
પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...”

પ્રવક્તા-૨ : પછી તો જીવણને આંગણે ભજનનો ડાયરો જામે જટાજૂટ આંબલિયુંની લીલી કુંજાર છાંયડી હેઠે ભગત ભજનિકો ને સાધુ સંતોનો જમેલો જામ્યો હોય ને જીવણ ઈ મનખામેળા વચાળે મરતલોકના મોરલાનું રૂપ ધારણ કરે...

ભજન : *“એ જી ઈ તો જીવણની નજરૂંમાં આયો રે*
મોરલો... ગગન મંડળ ઘર આયો...”

પ્રવક્તા-૧ : ધીરે ધીરે યોગ અને જ્ઞાન-વેદાન્તની ભૂમિકામાંથી દાસી જીવણે ભક્તિની ભૂમિકામાં પ્રેમલક્ષણા ભક્તિના દાસીભાવમાં પરકમ્મા આદરી.

પ્રવક્તા-૨ : ગોપી ભાવે - રાધાભાવે હરિવરની લાડલી દાસી બનીને નિર્ગુણ-નિરાકારની ઉપાસના સાથોસાથ સગુણ-સાકારની સાથે તન્મયતા અનુભવતા આ સંતની વિરહદશા ને વ્યાકુળતા ભજનવાણીમાં વહેવા લાગી...

ભજન : *‘પ્રેમ ચંદણનાં ઝાડવાંસ બાયું ! અગર ચંદણનાં ઝાડવાં*
મારી દેયમાં રોપ્યાં રે... માવાની મોરલિયે
મારાં દલડાં હેર્યાં રે...”

●●●

“પ્રેમ કટારી આરંપાર...
નીકળી મેરે નાથકી
ઔરકી હોય તો ઔષધ કીજે
યે તો હે હરિ હાથકી...”

પ્રવક્તા-૨ : વાલીડાએ વાંભુ ભરીને ઘા કરીને જેને કલેજા કટારી મારી હોય એ જ હરિ મિલનની મસ્તીમાં ચકચૂર બની જાય ને !ચૌદ બ્રહ્માંડના ધણીની દાસીનો રુવાબ કાંઇ જેવો તેવો હોય ?

પ્રવક્તા-૧ : જાડા માદરપાટની ચોરણી ઉપર કેડિયું માથા ઉપર વાંભ એકનો ચોટલો એની માથે ચતારાવાળો રેશમી રૂમાલ મોટી પાણીદાર સુરમો આંજેલી આંખ્યું ને ગળામાં તુલસીના ગંઠાની માળા.

પ્રવક્તા-૨ : હાથને કાંડે હાથીદાંતની ઘૂઘરિયું જડેલી ચૂડિયું ખોળામાં રૂપકડી મોરના પીંછાવાળી સિતાર, હળવે હાથે મેંદી રંગ્યાં આંગળિયુંનાં ટેરવાં સિતારના તારે ફેરવતા રણઝણ... રણઝણ... રણઝણ... કરતા દાસી જીવણ પોતાની ઘોડી પર સવાર થઈને ગોંડળના મારગે નીકળ્યા છે.

પ્રવક્તા-૧ : એવામાં એક વેલડું સામું મળ્યું. ધોળા બગલાની પાંખ જેવા ઉજળા વઢિયારા બળદની જોડી માથે હીર મોતીના શણગાર. માફાવાળી વેલ્યના કિનખાબી પડદા પાછળ ગોંડલના રાજા ભા’કુમ્ભાજીનાં રાણી બિરાજમાન છે.

પ્રવક્તા-૨ : રાણીમાએ આવા વરણાગી વેશના ઘોડેસવારને જોયો, સિપાહીને પૂછ્યું તો જવાબ મળ્યો - ‘મા, ઈ’તો ઘોઘાવદર નો ભગત... ઈ પોતે ભગવાનની દાસી છે એમ કહેવડાવે છે.

પ્રવક્તા-૧ : અને સિપાહીના સાદથી દાસી જીવણ ઘોડી પરથી નીચે ઊતરી ઊભા રહ્યા, ત્યાં વેલડામાંથી રૂપાની ઘંટડી જેવો પણ તીખો તમતમતો અવાજ સંભળાયો.

રાણીમા : ભગત ! તમે તો ભગવાનની દાસી છો, દાસીના વેશ આવા વરણાગી હોય ?

દાસી જીવણ : સાવ સાચી વાત બા ! ભગતી કરવી એણે રાંક થઈને રેવું ઈ સાચું પણ એક વાત પૂછું ? આપનો ગરાસ કેટલા ગામનો ?

રાણીમા : એંસી ગામનો..

દાસી જીવણ : બા ! આપ એંસી ગામના ધણીના રાજરાણી, આ વેલડું, આ ઘરેણાં, આ સાયબી ગોંડલના રાજા પરમાણેનું છે ને ? તો હું તો ચૌદ બ્રહ્માંડના ધણીની દાસી છઉં, મારે મારા ધણીની આબરુ જાળવવા મોભાસર રેવું જોઈએને ?

પ્રવક્તા-૧ : અને રાણીમા વેલડામાંથી નીચે ઊતર્યાં, સંતને વંદન કર્યાં.

રાણીમા : બાપુ ! મને માફ કરો, મેં તમને દુભવ્યા ..

દાસી જીવણ : નાં , નાં , બા... આટલી વાતમાં ઓછું આવે તો ભગતી ક્યાંથી થાય ?

રાણીમા : બાપુ ! એક ભજન સંભળાવશો ?

ભજન : *''શામળિયે કરી છે ચકચૂર... બેની મું ને...*
મારે વાલીડે કરી છે રે ચકચૂર...''

પ્રવક્તા-૧: પૂરવ જનમની પ્રીતું પાળવા અલખ ધણીને પછી એને આંગણે આવવું જ પડે ને ?

ભજન : *''મેં મસ્તાના મસ્તી ખેલું...*
મેં દીવાના દર્શન કા ..''

પ્રવક્તા-૨ : ગુરુ વચને ગંગાજી પ્રગટયાં ઘોડીની રકમ દેવા શામળિયો શેઠ આવ્યા ટૂંકું આડસર લાંબુ કર્યું ને ભા કુંભાની જેલમાં પૂરાયેલા જીવણને છોડાવવા સાંઠ કોરીને બદલે છસો કોરી લઇને આવનારા વિઠલાએ વેપારીનું રૂપ લીધું... આવા અનેક પરચાઓ દંતકથા રૂપે આજે સચવાયા છે એવા દાસી જીવણે...


પ્રવક્તા-૧ : વિક્રમ સંવત ૧૮૮૧ના આસો વદી અમાસ બરોબર દિવાળીના દિવસે ઘોઘાવદરમાં જ જીવતાં સમાધિ લીધી ત્યારે એમના કંઠમાં ભજન ગુંજતું હતું -

ભજન : *''હાટડિયે કેમ રે'વાશે ભઈ !*
મારા રામની રજા નહીં...''

(દાસી જીવણ/ જીવણ સાહેબ/ જીવણદાસજી (ઈ.સ.૧૭૫૦-૧૮૨૫)

રવિ-ભાણ સંપ્રદાયના તેજસ્વી સંત કવિ. ભીમસાહેબના શિષ્ય. જન્મ વિ.સં.૧૮૦૬ ઈ.સ. ૧૭૫૦માં ઘોઘાવદર (તા. ગોંડલ જિ. રાજકોટ) ગામે ચમાર કુટુંબમાં દાફડા શાખના જગાભગત સામબાઈને ત્યાં. દાસી ભાવે પરમાત્માની ઉપાસના કરનારા આ સંત કવિ લોકોમાં 'રાધાનો અવતાર' તરીકે ઓળખાય છે. નિર્ગુણ નિરાકારની સાથે સગુણ સાકારની ઉપાસનાનો સમન્વય કરી પ્રેમલક્ષણા, દાસીભાવ, જ્ઞાનયોગ, વૈરાગ્ય, ચેતવણી, બોધ ઉપદેશ, ગુરુમહિમા એમ વિવિધ ભાવસૃષ્ટિ ધરાવતાં ભજનોના રચયિતા સંત કવિ તરીકે સૌરાષ્ટ્રના ભજન સાહિત્યમાં દાસી જીવણે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમનાં પ્યાલા, કટારી, બંસરી, બંગલા, મોરલો, હાટડી, ઝાલરી વગેરે રૂપકાત્મક ભજનો ઉચ્ચ પ્રકારની સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે. દાસી જીવણે સં. ૧૮૮૧ આસો વદી અમાસ-દીવાળીને દિવસે (ઇ.સ.૧૮૨૫) ઘોઘાવદરમાં જ જીવતા સમાધિ લીધેલી. પત્ની : જાલુમા. પુત્ર : દેશળભગત. શિષ્યો : પ્રેમસાહેબ (કોટડા સાંગાણી) અરજણ (ભાદરા)

આનંદ આશ્રમ ઘોઘાવદર,
તા.ગોંડલ, જિ.રાજકોટ ૩૬૦ ૩૧૧
મો. ૯૮૨૪૩ ૭૧૪૦૯



ડંખાનુભૂતિ

- મનસુખ વાઘેલા

સ્થળ : કૃષિ યુનિવર્સિટીની હોસ્ટેલનો રૂમ :
(અત્યંત દૂબળી કાયા છતાં આકર્ષક ચહેરો ધરાવતો અજય સિલ્વેસ્ટર સ્ટેલોન જેવો પહેલવાની દેહ ધરાવતા અભય સામે તમતમીને જુએ છે. અભયના ચહેરા પર ખંધુ સ્મિત છે.)

અજય : યુ બાસ્ટર્ડ ! સન ઓફ એ બિચ !!

અભય : અજય અંગ્રેજીમાં ગાળો ના બોલ. આપણો સ્વભાવ એવો છે કોઈ દિયોર આપણને ગાળો દે તો આપણે દેશી અડબોથ જ લગાઈ દઈએ.'

અજય : અભયના બચ્ચા ! મારી રંજિતાને તો અંગ્રેજીમાં 'આઈ લવ યુ' કહીને પટાવી'તી.

અભય : એ તો પંખીને જાળમાં ફસાવવા બાકી રંજુ રાણી...'

અજય : 'રાણી !'

અભય : એને રાની મુખરજી ગમે છે તે કોઈ એને રંજુ રાણી કહે એ ગમે છે.'

અજય : 'રંજી, મારું જીવન- મારો પ્રાણ.'

અભય : 'ભઈ, જીવન અને પ્રાણ તો જૂની ફિલ્મોના વિલન હતા.'

અજય : 'જોક ના માર સાલા સ્નાયુના ફુગ્ગા.'

અભય : 'એને હું મર્દ તરીકે ગમ્યો છું.'

અજય : 'યુ મીન તે એને... યુ મધર...'

અભય : 'એને મધર નહીં લવર કહેવાય.'

અજય : 'હું...હું...સાલા... આઈ વિલ કિલ યુ !'

અભય : 'જો અજય એક બાળા માટે આટલી ટસલ સારી નહીં, તું તો કોલેજના આરંભથી જ મારો જિગરજાન દોસ્ત...'

અજય : 'એટલે જ મારી પીઠમાં ખંજર ભોંક્યું !'

અભય : 'તો શું કરું ? એ સામે ચાલીને એનું સર્વસ્વ અર્પણ કરવા આવે તે બે હાથ જોડી એમ કહું કે માવડી તું મિત્રની અનામત છે અને અખંડ કૌમાર્યવતી રહેજે. એણે તારા અંગે જે કહ્યું... જવા દે, મારે તને બહુચરાજી નથી મોકલવો !'

અજય : 'તેં એને ફસાવી છે !'

અભય : 'કબૂલ. હવે શું ?'

અજય : 'દ્વંદ્વયુદ્ધ.'

અભય : 'લે કર વાત કીડી હાથીને ફટકારે છે ! તને ખબર છે કે બધાં જ શસ્ત્રોની જ્યારે સ્પર્ધા થાય ત્યારે ચંદ્રક હું જ લઈ આવું છું. મારા અંગત શસ્ત્રથી રંજુ-રાણીને જીતી મેં રાઠોડ ખાનદાનનું નામ ઊજાળ્યું છે !'

અજય : 'હુંય ચૌહાણનો વંશજ છું જેના અંગે કવિ ચંદ બારોટે કહ્યું'તું :
ચાર બાંસ ચાબિસ ગજ'
અંગૂલ અષ્ટ પ્રમાણ,
ઈત્તે યે સુલતાન હૈ,
મત ચૂકે ચૌહાણ.

અભય : અબે ઓ તારું શરીર કામઠાના તીર જેટલુંયે નથી. તને હું મુઠ્ઠીમાં મસળી નાખીશ.'

અજય : 'યુ મીન પડકાર ? કબૂલ ?'

અભય : 'સાડી સાતવાર. આમ છતાં રંજુ નામની સંયુક્તાને માટે તને જાનથી ન જ મારું. તું મરે તો મને ફાંસી થાય. જા હથિયાર તારું બસ ?'

દૃશ્ય-૨

અજય : 'એ ગરમીને પારખીને ડંખ મારે એવો રેટલ સ્નેક છે.' રેટલ સ્નેક ગંધ કે દૃશ્ય નહીં, માનવ કે જીવની ગરમી પારખીને ડંખી નાખે છે, એ જ છે મારું હથિયાર.'

અજય : 'બાપના બોલે ?'

અભય : 'અમરસિંહ રાઠોડની તલવારના સમ.'

અજય : 'જો ફરી ના જતો.'

અભય : 'અભય વચન. આજે સ્વપ્નમાં રાણી આવશે તોય આપણા આ ગુપ્ત યુદ્ધની વાત નહીં કરું. ગુડનાઈટ બાબલાં !'

અજય : 'સાક્ષી લેતો આવજે - (અભયની લાઈકનો અવાજ) જોઈ લે જે I will rattle you in the hell.'

દૃશ્ય-૧ સમાપ્ત...

(રૂમમાં અંધારું - માત્ર ૧૧-૪૦ દર્શાવતી ઘડિયાળ ટકટકે)

વિમલ : 'આ શું છે અજય ?'

અજય : 'અભયને ભયગ્રસ્ત કરી દે એવું અજય શસ્ત્ર.'

વિમલ : 'પણ એ ગોળ, કાણાંવાળાં ડબામાં.'

અભય : (પ્રવેશતાં) બચ્ચુ સાક્ષી સાથે આવી ગયો છું.

અજય : 'ક્યાં છે અજયાસ્ત્ર ?'

વિમલ : 'આ ગોળામાં.'

અભય : 'એ જર્મન સિલ્વર ગોળાને માથે ટકરાવવાનો છે ? અલ્યા, બીજા વિશ્વયુદ્ધમાં જર્મનો પતિ ગયા પછી

સિલ્વરના સ્થાને સ્ટીલ આવ્યું છે.'
અજય : 'એમાં મારું હથિયાર છે.'
અતુલ : 'શું ?'
અજય : 'સાપ.'
અતુલ : 'ઝેરી કે બીન ઝેરી ?'
અભય : 'હશે આંધળી ચાકણ ! આ બીજો સાપ પકડે છે !'
અભય : 'મારે આ રીતે નથી લડવું.'
અજય : 'કેમ, બી ગયો ?'
અભય : 'લલવા, હું મર્દ છું. મારું જ લોહી ગરમ થાય.'
અજય : 'મર્દ નહીં, નર્વસનું જ લોહી ગરમ થાય.'
અભય : 'તોય મારે નથી ખેલવો આ ખેલ.'
અજય : 'બસ ? ડરી ગયા મર્દથી ? વેલ, આ સંવાદ મારે રંજુ રાણીને...'
અભય : 'એટલે ?'
અજય : 'ટેપ કરી લીધો છે !'
અભય : 'ઓહ, યુ...'
અજય : 'તને અંગ્રેજી આવડે છે !'
અભય : 'જો તું રંજુને આટલું ચાહતો હોય તો...'
અજય : 'જંગ અને પ્રેમમાં બધું જ યોગ્ય ગણાય.'
અભય : 'તો દિયોર, તારું એલાન કબૂલ.'
અજય : 'તો તારા અશોક અને...'
અભય : 'મારે આ રીતે નથી લડવું.'
અજય : 'કાં ? ડરી ગયા રાઠોડ ? તેં જ મને મારી પસંદગીનું હથિયાર...'
અભય : 'દિયોર, હું મરદ છું તે પહેલાં મારું જ લોહી ગરમ થાય.'
અજય : 'આમાં મર્દાનગી એડવાન્ટેજ નથી, પહેલવાન.'
અભય : 'તો જે થાય એ. મને મસ્તી આપનાર રંજુરાણી માટે હેંડ તું કે છે એમ લડી લઈએ.'



અજય : 'તારા પોઠિયા અશોકને જોડે રાખજે. મારો વિમલેશ ત્યાં હશે.'
અભય : 'કેમ ?'
અજય : 'એ બન્ને આપણા ચહેરા પર અંધારામાં ટોર્ચ રાખશે. જેવી ચીસ પડે કે તારા કે મારા દોસ્તે એને બાઈક પર આણંદ હોસ્પિટલે લઈ જવાની. બચેલાએ સાપને બાળી નાખવાનો.' આવી જજે સાંજે મરદ હો તો.'
(સાંજે હોસ્ટેલના રૂમમાં અજય : પધારો પધારો મર્દશ્રી રાઠોડ.)
અભય : 'ક્યારે ?'
અજય : 'અત્યારે જ.'
અભય : 'એટલે કે પેલો રેટલ સ્નેક હાજર છે ?'
અજય : 'હા, આ ડબ્બામાં. તો જંગે એલાન શરૂ કરીએ, મિસ્ટર રાઠોડ રાજા ?'
અભય : 'ઓ.કે.'
અજય : 'વિમલ, લાઇટ્સ ઓફ'
(ડબ્બાના છિદ્રોમાંથી અજય અને અભયની ગોઠવાતી આંગળીઓ. ટક...ટક...ટક... બારના ટકોરા સાથે જ હૉલમાં ચીસ...')
'લાઇટ્સ ઓન. બેટલ વોન ! (અજયનો અવાજ ગભરાયેલી અવસ્થામાં અભયનું ભાગવું. મોટરસાઇકલનો અવાજ.')
વિમલ : 'અજીયા, એ ક્યાંક મરી જશે તો ?'
અજય : 'વિમલ, એ નહીં મરે. આ સાપ જીવન નહીં, યૌવન હણે છે. એ જેને ડંખે એના આખા શરીરે ૧૦૦ વર્ષના વૃદ્ધ જેવી કરચલીઓ પડે છે જેનો કોઈ ઈલાજ જ નથી. યુવાન અભય સંજુ માટે કાયમી ડોકરો બની જશે. સ્નાયુઓનું બળ કરચલીની કાયા બનશે.'
વિમલ : 'અલ્યા, પાકિટમાંથી પોટલી શાની કાઢી ?'
અજય : ડ્રાય આઇસ. જો ડબ્બામાં હાથ મૂકતાં પહેલાં આ કોથળીમાં હાથ રાખ્યો ન હોત તો... વેલ પ્રેમમાં એવરી થિંગ ઈઝ ફેર-લાઈક વોર.
(અજયનું એ વાક્ય હૉલમાં પડઘાતું રહે).

...ધ એન્ડ...

૪૧-બી, નીલદીપ એવન્યુ, દેવઆશિષ કુપ્લેક્ષ સામે,
મધર ડેરીવાળી ગલી, બોડકદેવ,
જજીસ બંગલા રોડ, અમદાવાદ-૧૫.
મો. ૯૩૧૬૧૪૯૯૭૦

"ગર્ભસ્થ" (એકાંકી)

- પ્રીતિ ભટ્ટ

પાત્રો અને પરિચય

ભક્તિબહેન : પરિવારના મોભી.
રોહિત : નામાંકિત રાજકારણી, ભક્તિબહેનનો દીકરો.
અવની : રોહિતની પત્ની.
ઈશિતા : રોહિતની મોટી બહેન.
સંકેત : ઈશિતાનો પતિ અને ભક્તિબહેનનો જમાઈ.
ગર્ભસ્થ બાળક : ઈશિતા અને સંકેતનું.
ગર્ભસ્થ બાળકી : અવની અને રોહિતની.
(પડદો ખૂલતાં : ભક્તિબહેનના ઘરનો દીવાનખંડ)

દૃશ્ય-૧

(અવની સોફા ઉપર બેઠી બેઠી આવનાર બાળક માટે મોજા ગૂંથી રહી છે. રોહિત બારી પાસે ઊભો ઊભો પાર્ટી ઓફિસના કર્મચારી સાથે વાત કરી રહ્યો છે. થોડીવારમાં દરવાજાની રિંગ વાગતા (ડોરબેલ)નો અવાજ આવે છે અને ઈશિતા અને સંકેતનો પ્રવેશ થાય છે.)

અવની : "આવો આવો સંકેતકુમાર બેસો. આવો બહેન બેસો તબિયત કેમ છે તમારી?"

ઈશિતા : (અવની પાસે બેસતાં): મારી તબિયત તો સારી છે. (સ્માઇલ સાથે) મારી પ્યારી ભાભી, તારી તબિયત કેમ છે?? મારો ભત્રીજો / ભત્રીજી સાથે મજા આવે છે ને??

રોહિત : (ફોન કટ કરીને) અરે મોટી બેન કેમ છે તું?? (સંકેતકુમાર સાથે ભેટીને) આવો કુમાર કેમ છો? શું ચાલે છે નવીનમાં??

દૃશ્ય - ૨

(સ્ટેજ ઉપર પ્રકાશ એકદમ ઝાંખો થાય છે. ધીમું સંગીત શરૂ થાય છે. ચારેય વ્યક્તિઓની વાતચીત ચાલુ રહે છે, અને પડદા ઉપર ફોકસ ડાર્ક પડતાં બે ગર્ભસ્થ બાળકોની છબી સામે આવે છે. બેકગ્રાઉન્ડમાં બાળકોની વાતચીતનો ઓડિયો શરૂ થાય છે.)

ગર્ભસ્થ બાળક : "અરે આજે મારી મમ્મી ક્યાં આવી છે? હું ક્યાં આવ્યો છું?"

ગર્ભસ્થ બાળકી : "તું કોણ છે? તું આજે મારા ઘરે આવ્યો છે."

ગર્ભસ્થ બાળક : ગર્ભસ્થ બાળકીને જવાબ આપતાં"હું તો મારી મમ્મી સાથે આવ્યો છું જે સોફા ઉપર બેઠી છે ને તે!"

ગર્ભસ્થ બાળકી : "હા જે આન્ટીએ મારી મમ્મીને ભાભી કીધું એ જ ને?"

ગર્ભસ્થ બાળક : "હા,(વિચારની મુદ્રા) મારી મમ્મીની તારી મમ્મી ભાભી થઈ એટલે મારી મામી."

ગર્ભસ્થ બાળકી : "એટલે?..

ગર્ભસ્થ બાળક : "એટલે કે આપણે બે ભાઈ બહેન છીએ. મામા-ફોઈના દીકરા દીકરી થયાં."

ગર્ભસ્થ બાળકી : "હમમ.. હું હજી નાની છું મને આ સમજ નથી પડતી."

ગર્ભસ્થ બાળક : "હા તું મારા કરતી નાની છે એટલે થોડા દિવસ પછી આ વાત સમજી શકશે."
(બાળકો ઉપરનો ફોકસ થોડો ઝાંખો થતાં સંકેત અને રોહિત ઉપર ડાર્ક બને છે. રોહિત ચિંતાગ્રસ્ત મુદ્રામાં સંકેત સાથે ચર્ચા કરી રહ્યો છે. બીજી તરફ અવની અને ઈશિતા બંને બનાવેલ મોજાં અને કપડાંઓની વાત કરતી હોય છે.)

ગર્ભસ્થ બાળક : "અરે, બહેન આ તારા પપ્પા એટલે કે મામા કેમ ચિંતામાં છે? શું થયું છે?"

ગર્ભસ્થ બાળકી : "ભાઈ મને નથી ખબર, ચાલને મારા પપ્પા તારા પપ્પાને શું કહે છે સાંભળીએ."

ગર્ભસ્થ બાળક : "હા બહેન, ચાલ"

દૃશ્ય -૩

(ગર્ભસ્થ બાળકો પરનો પ્રકાશ એકદમ ઝાંખો થાય છે અને રોહિત અને સંકેત ઉપર ડાર્ક ફોકસ પડે છે. રોહિત વાત કરતાં કરતાં સોફા ઉપરથી ઊભો થઇ સ્ટેજના મધ્યમાં આવે છે.)




રોહિત : "સંકેતકુમાર તમે કેમ સમજતા નથી, સમજો એટલી આ વાત સરળ નથી? પપ્પાના અવસાન બાદ મમ્મીનું વલણ વધુ જિદ્દી થઈ ગયું છે અને બધી જ વાતમાં ભાવુક બની જાય છે, એને કેમ સાચવવી અને સમજાવવી એ જ નથી સમજાતું. (સંકેત રિપોર્ટ વાંચતાં ઊભો થઈને રોહિતને કંઈક કહેવાનો પ્રયત્ન કરે છે પરંતુ રોહિત એની વાત ચાલુ રાખે છે) મમ્મીની જીદને કારણે મારી વગનો ઉપયોગ કરીને ખોટી રીતે અવનીના ગર્ભસ્થ બાળકનું પરીક્ષણ તો કરાવ્યું પણ જ્યારથી રિપોર્ટ મેં વાંચ્યો છે ત્યારથી રાતોની ઊંઘ ઊડી ગઈ છે. મમ્મી બે દિવસથી પૂછે છે રિપોર્ટ અંગે હવે હું શું જવાબ આપું ?
(પાછળથી સંકેત થોડા હાસ્ય સાથે રોહિતના ખભા ઉપર હાથ મૂકીને)

સંકેત : "અરે મારા રાજકારણી સાળા સાહેબ એમાં આટલી બધી ચિંતા શું કામ કરો છો? રિપોર્ટ અંગે ખોટી માહિતી આપી દેજો. (રોહિતની આગળ આવી પલટીને એક મુસ્કાન સાથે) તમારા માટે ક્યાં આ નવું છે?"

રોહિત : "અરે સંકેતકુમાર, આ મારે પાર્ટી ઓફિસમાં કે કોઈ મિટિંગમાં ખોટું નથી બોલવાનું! મારી મમ્મીને ખોટો રિપોર્ટ કહેવાનું તમે કહો છો, અને જયારે મમ્મી પૂરેપૂરી દીકરો જ આવવાનો છે એવી માન્યતાને લઈને બેઠી છે ત્યારે એની લાગણીને ખોટી રીતે છેતરીને ઘરમાં જ રાજકરણ કેમનું કરું?"(ઉદાસીનતા સાથે નીચે જોઈ જાય છે)

સંકેત : "હમમમ સાળા સાહેબ હવે તમારે રાજકારણ તો કરવું જ રહ્યું."

રોહિત : "અરે એ.. રાજકારણ રમવામાં તો હું વધારે



ફસાઈ જઈશ. તમને ખબર તો છે હાલમાં જ ચૂંટણી પ્રચારમાં મુખ્ય મુદ્દો નારી સંરક્ષણ જ રાખતા મારા ભાષણમાં નારીઓની સમસ્યા માટે કાયમ કાર્ય કરતો રહીશ અને પીડિત મહિલાઓની સેવા એ જ મારો જીવનમંત્ર કહીને તો વોટ બેંક તૈયાર કરી છે હવે આ રિપોર્ટ વાળી વાત કે મમ્મીની દીકરાની જીદવાળી વાત બહાર આવી તો પાર્ટીમાં અને લોકોમાં હોબાળો મચી જશે.

સંકેત : (ફરી રોહિત પાસે આવીને તેના ખભા ઉપર હાથ રાખીને) "હા રાજકારણ નહીં સાળા સાહેબ તો તો તમારે રાજરમત રમવી પડશે. (આશ્ચર્યના ભાવોથી રોહિત સંકેતને સાંભળતાં) તમારું પહેલું સંતાન એટલે કે એક તરફ તમારી આવનાર દીકરીના જીવનનો સવાલ છે તો બીજી તરફ તમારી મમ્મીની આશા અપેક્ષા આખા જીવનની પૂંજી એમનું વ્યાજનું વ્યાજ છે અને(સ્માઈલ સાથે)સાથેસાથે તમારા રાજકારણ રૂપી સેવાઓનાં વચનો પણ છે એટલે તમારે હવે હૈયું કઠણ કરીને એક નિર્ણય લેવો જ રહ્યો.

રોહિત : "નિર્ણય..!!(આશ્ચર્યનો ભાવ)

સંકેત : "હા.. નિર્ણય તમારી દીકરીને બચાવવી છે તો રાજરમત રમવી જ પડશે. નહીં તો...!!"

રોહિત : (સંકેતનો ઈશારો સમજી ગયો હોય તેમ એક ડર સાથે..) નહીં.. નહીં મારી દીકરીને કંઈ ન થવા દઉં.
સંકેતકુમાર તમે કહો છો તેમ મારે મમ્મીને ખોટો જ રિપોર્ટ આપવો પડશે એટલે મારી દીકરી જન્મે ત્યાં સુધી તો હું મારી માતા અને મારી દીકરી બંનેને આનંદમાં જોઈ શકીશ.(અને પોતાના રાજકીય જીવન પર પણ આંગળી ન ઊઠશે એમ વિચારતો પલ્ટીને ફરી ચિંતાની રેખા સાથે સંકેત તરફ જતાં) સંકેતકુમાર અત્યારે તો આ વાત ટળી જશે પણ ત્યાર બાદ મમ્મીને કેમ સંભાળીશ?? દીકરીને જોતાં જ મમ્મી શું કરશે? આખું ઘર માથે લઈ લેશે. ત્યારે કેવી રીતે વાત સંભાળીશ?? મારું રાજકરણી ભવિષ્ય, મારી દીકરીનું ભવિષ્ય, મારો આખો પરિવાર બધું જ ડહોળાઈ જશે!! (ડર સાથે સ્ટેજના આગળ તરફ આવીને) નહીં સંકેતકુમાર મને કંઈ સમજાતું નથી?? (માથે હાથ મૂકી નીચે બેસીને)

આ રાજરમત ઘણી મોંઘી પડશે.''

સંકેત : (રોહિતને નીચે વળીને ઊભો કરતાં) ''રોહિત આમ ડરવાનો આ સમય નથી અહીં જ તમારી રાજકારણની નીતિને સહજતાથી અમલી કરવાનો છે. દીકરીને જન્મ લઈ લેવા દે પછી મમ્મીજી થોડા સમય માટે તમારાથી, અવની ભાભીથી નારાજ રહેશે પણ લોકચાહના દીકરીના જનમની સાથે જ તમને મળી જશે. અને તમારો બહોળો અનુભવ ત્યારે કામ લાગશે જ મને ખાતરી છે તમે લાખો લોકોને તમારા વચનો થકી તમારા તરફ વાળી શકો છો તો મમ્મીજીને તો ૧૦૦% વાળી શકશો જ.''

રોહિત : ''એટલે..હું સમજયો નહીં?''

સંકેત : (સ્ટેજની આગળ આવતા એક મંદ મુસ્કાન સાથે) ''એટલે કે મારા સાળા સાહેબ લોકોને પાંચ પાંચ વર્ષનાં વચનો આપો છો ને! તો મમ્મીજીને પણ પગે પડી લાગણીવશ બનીને એક વચન આપી દેજો, મમ્મી અત્યારે લક્ષ્મી રૂપી દીકરી સ્વીકારી લે, જલ્દીથી તારા ખોળામાં અમે બીજું સંતાન તારો વંશ લાલ દુલારો દીકરો આપીશું. જુઓ પછી મમ્મીજી કેમ ન માને?''

રોહિત : (ચિંતાનાં વાદળ હટી ગયાં હોય તેમ આનંદ સાથે) હા સંકેતકુમાર તમારી વાત સાચી છે એમ તો મમ્મી પણ દીકરીનું મોં જોઈને અને બીજું સંતાન દીકરો જલ્દી આપીશું એમ સાંભળીને માની જ જશે અને દીકરીને પણ સ્વીકારી જ લેશે.

સંકેત : ''જી સાળા સાહેબ.. જો તમારા સમસ્યાના ઉકેલ સાથેસાથે મારી સમસ્યાનો પણ ઉકેલ મળી ગયો. મારા ઘરે તો આ બીજું સંતાન છે અને મારી મમ્મીને તો પ્રથમ દીકરો મળી ગયો છે હવે તો એક કન્યાદાન કરવા માટે દીકરી જોઈએ છે. જો દીકરી જન્મી તો અમે લોકો તો ગંગા ન્હાયા અને દીકરો આવ્યો તો તમારી જેમ છે જ મમ્મીને મારે પણ ત્રીજા સંતાનમાં... (વાત અધૂરી જ રાખી બંને ખડખડાટ હસી પડ્યાં) રોહિત ફરી હાસ્યને અધૂરું જ છોડીને : ''પણ સંકેતકુમાર બીજો દીકરો જ આવશે એ કેમનું નક્કી કરી લેવું અત્યારથી?''

સંકેત : ''અરેએએએ....મારા સાળા સાહેબ હવે મને તો તમારાં રાજકારણી ભવિષ્યની સાચે ચિંતા થવા લાગી?? રોહિત (કંઈ સમજ ન પડી હોય તેમ) : ''અરે કેમ એમ કહો છો?''

સંકેત : ''દીકરીના પિતા શું બનવા જઈ રહ્યા છો તમે તો તમારી વાસ્તવિકતા જ ભૂલી રહ્યા છો. ભાઈ તમે એક રાજકારણી છો, રાજકારણી.. આવી નાની મોટી રાજરમત તો વર્ષોથી રમો જ છો ને?? તો ભવિષ્યની ચિંતા અત્યારથી શું કામ કરો છો સમય વર્તે સાવધાન.. પછી એ પરિવાર હોય કે પ્રજા!! (ખભા પર હાથ મૂકી એક ખંધુ હાસ્ય લાવતાં)

રોહિત : (આનંદિત સ્વરમાં) જી સમજી ગયો સંકેતકુમાર, ચાલો આવો એ જ વાત ઉપર ગરમાગરમ ચ્હા થઈ જાય.

(બંન્ને આનંદની મુદ્દામાં સોફા તરફ આગળ વધે છે અને સ્ટેજ ઉપર પ્રકાશ એકદમ ઝાંખો પથરાય છે)

દૃશ્ય - ૪

(ફરી પડદા ઉપર ગર્ભસ્થ બાળકો ઉપર ફોકસ ડાર્ક બને છે)

ગર્ભસ્થ બાળક : ''હમમમ બહેન તારા પપ્પા તારા જન્મને લઈને ચિંતામાં હતા હવે આખી વાત સમજાઈ.''

ગર્ભસ્થ બાળકી : ''એટલે મારી દાદી મને નથી જન્મ લેવા દેવાની??''

ગર્ભસ્થ બાળક : ''કદાચ એવું જ થતે પણ હવે ચિંતાની જરૂર નથી તારા પપ્પા તને જન્મ અપાવશે. ચાલ, મારી બહેની હવે ખુશ થઈ જા આપણે જલ્દીથી આ ઘરમાં વેકેશન પડતાં જ ધમાલ મચાવી મૂકીશું. (બોલતાં બોલતાં બાળક લાત મારવાની શરૂ કરી દે છે બીજી તરફ સોફા ઉપર ઈશિતા ઉપર સ્પોટ લાઇટ પડતાં બાળકની લાતો વાગતાં દર્દથી થોડી ચીસો પાડી રહી છે)

ગર્ભસ્થ બાળકી : ''અરે ભાઈલા ઉછળકૂદ વધુ ન કર. ફોઈને દુખાવો થવાં માંડશે તો તકલીફ પડશે.''

ગર્ભસ્થ બાળક : ''અરે એમાં શું એમ પણ હું તારાથી મોટો છું એટલે પહેલા જ પૃથ્વી પર જઈશને!''

ગર્ભસ્થ બાળકી : ''ભાઈ તારાથી હું નાની છું એટલે જ કહું છું ને કે મારા પપ્પાની મને બચાવવાની રાજરમતમાં તારે પણ ભાગ ભજવવો પડશેને??''

ગર્ભસ્થ બાળક : ''એટલે હું સમજયો નહીં?? મારે શું ભાગ ભજવાનો?''

ગર્ભસ્થ બાળકી : '' જો ભાઈલા તું પહેલાં પૃથ્વી પર આવી ગયો તો કદાચ દાદીને મારા પપ્પા માટે એમની સાથે રિપોર્ટ અંગે ખોટું બોલ્યા અંગેની શંકા ઉપજી શકે છે અને અંત સમયે મારો જન્મ કદાચ દાદી

ન થવા દે! (ઉદાસ બની જાય છે)

ગર્ભસ્થ બાળક : "હમમમ..સાચી વાત. (મુસ્કાન સાથે શાબાશીના ભાવ સાથે) વાહ મારી બેન વાહ તું તો મારા કરતાં ઘણી હોશિયાર છે. ચાલ હવે આપણે રાજરમત ચાલુ કરીએ. હું સમયથી એક દિવસ પહેલાં જ જન્મવાની તૈયારી કરીશ અને હું તૈયારી કરું એટલે તું પણ સમયથી થોડી વહેલી જન્મ લેવાની તૈયારી કરી લેજે. બંન્ને ભાઈ બહેન સાથે જ જન્મ લઈશું. પછી જોઈશું, દાદી શું કરે છે.

(બંને બાળકો આનંદમાં માતાઓને તકલીફ ન પડે એ રીતે ધીમે ધીમે પગ ઉછાળી આનંદ વ્યક્ત કરવા લાગે છે.)

★ દૃશ્ય-૫ ★

(સ્ટેજના મધ્યમાં લાઈટ ફૂલ પ્રકાશમાં પડે છે. ચારેય પાત્રો ચ્હાની ચુસકી સાથે વાતો કરી રહ્યાં છે અને અંદરના રૂમ માંથી ભક્તિબહેન સ્ટેજ ઉપર પ્રવેશ કરે છે)

ભક્તિબહેન : "અરે સંકેતકુમાર, ઈશિતા તમે લોકો ક્યારે આવ્યાં? મને તો ખબર પણ ન પડી? અવની મને જરા ઊઠાડતે ને!!"

સંકેત : (સાસુજીને પગે લાગતાં) બસ મમ્મીજી અડધો કલાક જ થયો આવ્યાં ને. મેં જ ના પાડી ભાભીને; મમ્મીજીને થોડીવાર આરામ કરવા દો. એમ પણ અમે સાંજ સુધી અહીં જ છીએ અને (રોહિત તરફ મૂછમાં મલકતાં) સાળા સાહેબ સાથે મારે થોડી રાજરમત એટલે કે રાજકારણની વાતો પણ કરવાની હતી.

ભક્તિબહેન : (ઈશિતાના માથા ઉપર હાથ ફેરવતાં સોફા ઉપર બાજુમાં બેસતાં)ભઈઈઈ તમે અને આ તમારું રાજકારણ..છોડો, બોલ દીકરા તારી તબિયત કેમ છે? (બીજી તરફ રોહિતનો ઈશારો મળતાં સંકેત એ રિપોર્ટને પોતાના ગજવામાં ધીમેથી સેરવી દીધો.)

(બધાં જ સોફા ઉપર ગોઠવાતાં લાઈટ એકદમ ઝાંખી થઈ જતાં પડદો પડી જાય છે.)

"૧૦૧, રાધેશ્યામ એપાર્ટમેન્ટ, ચાંદની ચોક પાસે,
ધોબીવાડ, નવસારી-૩૯૬૪૪૫.
મો.- ૯૪૦૮૧૯૦૮૩૪

દીકી સ્પેશિયલ

- નિર્ઝરી મહેતા

અંક -૧

(પડદો હજી બંધ છે)

પ્રવક્તા : લો.... આવી રહ્યો છે, તમારી આતુરતાનો અંત.... પડદા પાછળ શું હશે.... એની આતુરતા તો દરેક નાટક વખતે હોય જ! આજ તો ૯ થી દસ વર્ષની કન્યાઓ તમારી સમક્ષ આવી રહી છે. વર્ગ -૪ નો ક્લાસ રૂમ છે અહીં. લો કહી દઉં તમને! વર્ગ એટલે ચાર દીવાલો, બાળકોને ડાહ્યાં ડમરાં કરતી ખુરશી અને બેંચ. શિક્ષક માટેનાં મેજ-ખુરશી. વર્ગનું બારણું અને બારી... ને અફકોર્સ બ્લેક બોર્ડ ! અરે બ્લેક બોર્ડ તો પહેલાં હતું ! હવે તો go Green એવું ગ્રીન બોર્ડ બેંચો સામેની ચોથી દીવાલ પર આવી ગયું છે! પણ આ તો છે નાટકનો રંગમંચ, એમાં એકેય ઓરડો ચાર દીવાલનો ન હોય! આપણી સામેનો પડદો -ઓરડાની ચોથી દીવાલ તો હમણાં હટશે! સર...સર... એટલે તમારો વર્ગ ત્રણ દીવાલનો થઈ જશે. એટલે ચોથી દીવાલ લીલ્લું બોર્ડ એવું બધું કલ્પી લેવાનું! આમે કલ્પનાના કનકવા ચગાવવા બાળકોને તો ખૂ...બ ગમે, ખરું ને! લો ત્યારે, ૪-એ ક્લાસરૂમની ચોથી દીવાલ સરકી રહી છે ...

(રંગમંચ સજ્જા)

(મંચની સાવ સામે બેકડ્રોપ તરીકે બેંચ ખુરશી અને તેની પાછળ બેઠેલાં બાળકોનું ચિત્ર. પડદા વચ્ચે માઇક લટકે છે, તેની આગળ સ્ટેજ પર બે-બે બાળકો માટેની ૪ બેંચ - રંગીન - મૂકેલી છે. એક બાજુની દીવાલ પર... એક છોકરી સફેદ બોર્ડ પર મરૂન ફોન્ટમાં ACTIVITY લખેલું બોર્ડ ટીંગાડી રહી છે. બીજી પાંચેક કન્યાઓ જુદી-જુદી પ્રવૃત્તિમાં વ્યસ્ત છે - કોઈ દુપટ્ટાની ગડી પકડીને ઊભી છે, કોઈના હાથમાં ફૂલોની ટોપલી, કેપ, પ્રૉપ વગેરે છે. એક છોકરી સહેજ ઢીલા-વીલા મોઢે કોણીથી વાળેલ હાથ કપાળે ટેકવી બેંચ પર બેઠી છે. બધાએ મરૂન સ્કર્ટ અને પીળાં ટીશર્ટ પહેર્યાં છે. મંચની એક બાજુ બારી અને બીજી બાજુ બારણું છે. વચ્ચે શિક્ષકના ટેબલ-ખુરશી મંચ તરફ પીઠ હોય તેમ મૂકેલાં છે.)

પ્રવક્તા : લો, ખૂલ્યો છે સમર્પણ શાળાનો વર્ગ-૪ -એ. વર્ગની પૂર્વી, તન્વી, શિખા, નમિતા, કૃતિ, પંક્તિ અને રુપાંદે -સાત ગર્લ્સ તમને કરાવશે જૉય-રાઈડ - દીકી સ્પેશિયલની હોં! એમના મેઘના મેડમ પણ હશે જ હોં! ને... કહી દઉં . ...ભઈ આ તો છે તમારું બાળ-નાટક તો... મેઘના 'મેમ' ભલે હોય, પણ છે તો તમારાં જેવડાં જ. પણ ભાર. ભાર તો મેડમ જેવો જ રાખવો પડે ને એમણે!

(મરૂન સ્કર્ટ અને પીળું ટીશર્ટ અને હાથ પર પીળી રીબિન બાંધેલી છોકરીઓની સ્ટેજ પર આમથી તેમ વસ્તુઓ મૂકવાની હલચલ ચાલી રહી છે)

કૃતિ-પૂર્વી : રૂપી, કેમ હમણાંની ઢીલકી-ઢીલકી હોય છે! કંઈ થાય છે તને?

રુપાંદે : ના... હમણાંનું છે ને મારી મમ્મીને ઠીક નથી રહેતું. કોઈવાર ઉલટી થાય છે ને સૂઈ જ રહે છે. એટલે...

દાદી મને વહેલી ઉઠાડી મૂકે છે - જાતે જાતે જલ્દી તૈયાર થઈ જા, મોટી થઈ હવે તું!

કૃતિ : એટલે રુપી ઉંઘરેટી છે, ખરું?

પૂર્વી : તું બેસી રે! મેઘના મેડમ નાની રિસેસ પૂરી થાશે કે આવી જશે! તે પહેલાં જરી તૈયારી કરી લઈએ ને, આપણા ઈવેંટની!



પંક્તિ : આ, ટેબલ ખુરશી ખસેડી લઈએ, મેમ આવે તે પહેલાં.
(મંચ પર વચ્ચે મુકાયેલ ટેબલ બે ત્રણ છોકરીઓ ધક્કો મારીને એક્ટિવિટી બોર્ડ નીચે ગોઠવે છે. પૂર્વી ખુરશી ઉપાડીને બારણા પાસે ગોઠવે છે.)

નમિતા : લો, સ્ટેજ ક્લિયર !
(રિસેસ પૂરી થયાનો બેલ વાગે છે - ટન ટન ટન...)

ક્લાસ : (બેકડ્રોપ પરના માઇકમાંથી) હેઈ... એક્ટિવિટી ક્લાસ શરૂ !!!
(મેઘના મેડમ- પંજાબી ડ્રેસ પહેરેલાં - ક્લાસમાં આવે છે)

મેઘના મેડમ : (વર્ગ તરફ ચોમેર નજર નાખતાં) એક્ટિવિટી પિરિયડમાં તો બધાં સુપર એક્ટિવ થઈ જાય છે ને કંઈ ! ઓલ સેટ નાની રિસેસ તૈયારીમાં જ વાપરી નાખી કે શું ?

પૂર્વી : મેડમ નાની અને મોટી રિસેસ વચ્ચે હવે એક્ટિવિટી પિરિયડ રાખ્યો છે ત્યારથી બહુ મજા આવે છે ! નહીં તો એક્ટિવિટી પિરિયડ પહેલાં કે પછી ભણવામાં જીવ જ ન'તો ચોંટતો !

મેઘના મેડમ : (હળવું હસીને) તો ચાલો, યલો ગ્રૂપ સંભાળો તમારો મંચ ! (ખુરશી પર જઈ બેસે છે)
(યલો ગ્રૂપની છોકરીઓ અથડાઅથડી કરતી દોડવા ગઈ)

પૂર્વી : નો યલો ગર્લ્સ - આપણે કેવી રીતે એન્ટ્રી પાડવાની છે ? ભૂલી ગયાં ?
(પૂર્વી સિવાયની છ છોકરીઓ સામસામે મોઢે બે બે એકબીજાની સાથે હાથ ભેરવી ઊભી રહી. પછી આડા પગે ચાલતાં મંચ પર જઈ છૂટી પડી લાઇનમાં ઊભી રહી. પૂર્વી દાંડિયાની લાકડી પર સૂરજમુખીના ફૂલનું કટઆઉટ લગાડેલ પ્રોપ લઈ વચ્ચે ઊભી રહી)



પૂર્વી : ડિયર ફ્રેન્ડ્ઝ...!

ક્લાસ : (માઇકમાં બે ચાર છોકરીઓ) યલ્લો યલ્લો, ડર્ટી ફેલો !!! (થોડી હસાહસ)

પૂર્વી : નો, નોટ એટ ઓલ ! વી આર યલ્લો યલ્લો સનશાઇન ફેલોઝ... (ગ્રૂપની અન્ય છોકરીઓ સામે જોઈ) હે...

બાકીના બધાં : (મુઠ્ઠી વાળેલ હાથ આગળની બાજુ જોશથી વીંઝી) અમે છીએ - યલ્લો યલ્લો સનશાઇન ફેલો સનશાઇન ફેલોઝ રૉક (બધાં બે ત્રણ વાર બોલે છે)

મેઘના મેડમ : ગુડ સ્પિરિટ યલ્લો ગર્લ્સ ! આજ તો યલ્લો ડે ! તમારી આજની આઇટમ શું છે ?

પૂર્વી : મેડમ, અમે એક્શન સોંગ કરવાનાં છીએ - 'દીકી સ્પેશિયલ'

મેઘના મેડમ : 'દીકી સ્પેશિયલ'' ? એ શું વળી ?

તન્વી : મૅમ, પૂર્વીના મમ્મી છે ને, તે નાનાં બાળકો માટે વાર્તા ને કવિતા ને એવું એવું લખે છે. પૂર્વીની કઝિન પ્લે સેન્ટરમાં જાય છે ને, તેમને માટે આ ગીત લખ્યું'તું.

મૅડમ : પૂર્વી, તમને પણ તમારી મમ્મીએ કરાવ્યું ?

પૂર્વી : હા, થોડું એમણે ને થોડું અમે જાતે બેસાડ્યું. અમે કંઈ બચ્ચાં થોડા છીએ ! એટલે અમે એમાં અમારું ઘુસાડ્યું ! ટ્રેનનું ગીત છે.

મૅડમ : ઓ, તો 'દીકી સ્પેશિયલ' પીકછુક ગાડી છે ! ચાલો ત્યારે - હો જાવ શુરૂ!

પૂર્વી : ચલો વાય ગર્લ્સ ઝટપટ ! પછી પિરિયડ પૂરો થઈ જશે ! (બધાં ટેબલ પરથી જરૂરી વસ્તુઓ લે છે)

પંક્તિ : લે પૂર્વી આ કાળો સ્કાર્ફ (તેની સામે ધરીને) આ ત્રિકોણ ભાગ પાછળ લટકતો રાખ,ને આગળ કપાળ પર ગાંઠ લગાવ (પૂર્વીને સ્કાર્ફ બાંધી આપે છે) લે અદ્દલ ડ્રાઇવર જોઈ લે !

નમિતા : (ટેબલ પરથી કેપ લઈ પહેરતાં) હેઈ, જો મારી કેપ !

શિખા : છાપરી, ઊંધી ! - અસ્સલ ગાર્ડ !પણ તારી

ઝંડીઓ ક્યાં ?

નમિતા : (ટેબલ પરથી લાલ-લીલા રૂમાલ એક એક હાથમાં લેતાં) આ રહી લાલ-લીલી ઝંડી .. (રૂમાલો હલાવતાં) હેય, ચલો ઉપાડો ગાડી !... હેય ચલો... હેય સ્ટોપ !

(કૃતિ, તન્વી, રુપાંદે અને શિખા બે બેની જોડીમાં સમાંતર આગળ પાછળ ઊભાં રહી જાય છે. પૂર્વી આગળ અને નમિતા પાછળ ઊભી રહી જાય છે. પંક્તિ થોડી આગળ ઊભી છે - તેણે માથે ટિઆરા પહેર્યો છે)

પૂર્વી : ચલ'લી પંક્તુડી, ડ્રાઇવર -ગાર્ડ અને ડબ્બાને જોડી દે !

(પંક્તિ ટેબલ પરથી દુપટ્ટો લે છે, એક દુપટ્ટો પૂર્વીની કમરે આગળથી ભેરવી પાછી ગાંઠ મારી ડબ્બાના આગળના ભાગની છોકરીઓને હાથમાં પકડાવે છે. તે બંને મોટી સેફ્ટીપીનથી સ્કર્ટના પટ્ટામાં ભેરવે છે. તેવી જ રીતે ગાર્ડને કમરે દુપટ્ટો ભેરવી આગળના ભાગે ગાંઠ મારી ડબ્બાની પાછળના ભાગે મોટી સેફ્ટીપીનથી ભરાવી દે છે. ટ્રેન મંચ સામે દેખાય તેવી રીતે આડી છે. ડ્રાઇવર અને ગાર્ડ - ઑડિયન્સને દેખાય તેમ સહેજ સામી બાજુ વળીને ઊભાં છે.)

પંક્તિ : (બે હાથ પહોળા કરી) ડ્રાઇવર-ગાર્ડ ને ડબ્બા સાથે 'દીકી સ્પેશિયલ' રેડી ટુ... મૂવ !!

(પંક્તિ ટેબલ પરથી ફૂલની ટોપલી લઈ બાજુમાં ઊભી છે)

પૂર્વી : (હાથમાંનું સૂર્યમુખીનું પ્રૉપ ઊંચું કરી હાથ મોઢા આગળ ધરી) પી... ઈપ...પીક છુક પીક છુક...

(પૂર્વીએ પગ ધીમેથી ઉપાડતાં ગાવાનું શરૂ કર્યું. બધાં ચાર-પાંચ ડગલાં આગળ અને ચાર-પાંચ ડગલાં પાછળ એમ બધાં ગતિ કરતાં રહે છે. બાજુમાં ઉભેલ પંક્તિ પણ છાબડી હલાવતી થોડું થનગન કરતી રહે છે)

પૂર્વી : હે... ઈ... અજબ ગજબની ટ્રેન આવી...

બાકી બધાં : હે... ઈ... અજબ ગજબની ટ્રેન આવી...

(આ આખા ગીતમાં જરૂર પ્રમાણેની પંક્તિ બે વાર ગવાય - પહેલાં પૂર્વી ગાય, પછી બધાં સાથે તે જ પંક્તિ ગાય. ક્યાંક બધાં સાથે ખૂબ જોશમાં 'આવી આવી દીકી સ્પેશિયલ આવી' ગાય. ગીતની લાઇનના શબ્દો પ્રમાણે જુદા જુદા પ્રૉપથી અભિનય કરતાં રહે)

પૂર્વી : અજબ ગજબની ટ્રેન આવી... ટ્રેન આવી

બાકી બધાં : અજબ ગજબની ટ્રેન આવી... ટ્રેન આવી

પૂર્વી : આવી આવી દોડતી આવી

બધાં : આવી આવી દોડતી આવી, દોડતી આવી

પૂર્વી : આવી આવી હસતી આવી

બધાં : આવી આવી હસતી આવી, હસતી આવી

પૂર્વી : આવી આવી દીકી સ્પેશિયલ આવી

બધાં : હેઈ... દીકી સ્પેશિયલ આવી

(આ જ લાઈનો બીજી વાર બધાં જ સાથે ગાય છે)

બધાં સાથે : પોપિનનાં તો પૈડાં બનાવ્યાં (૨)

(સહુ ખિસ્સામાંથી પોપિન કાઢી, પોપિનથી પૈંડાંની એક્ટિંગ કરી મોઢામાં મૂકી દે છે)

બધાં સાથે : ચૉકલેટના તો ડબ્બા બનાવ્યા (૨)

(સહુ ચૉકલેટ કાઢી બતાવે અને પછી ક્લાસના ચિત્ર બાજુ ઉછાળી ફેંકે)

ક્લાસ : હેય, ચોકલેટનો વરસાદ !

બધાં સાથે : બિસ્કિટનાં તો બારણાં બનાવ્યાં (૨)

(બિસ્કિટનાં મોટી સાઇઝના રેપર, પંક્તિ બધાંને આપે તે, અધ્ધર કરી હલાવી સહુ ગાય. પછી પંક્તિ રેપર લઈ લે અને ટેબલ પર મુકી આવે)

પંક્તિ : (પૂર્વી પાસે જઈ) મમ્મા તો એન્જિન બન્યાં (પૂર્વી હાથથી પી... ઈ..પ ગાવાની નિશાની કરે)

બધાં સાથે : મમ્મા તો એન્જિન બન્યાં

પંક્તિ : (નમિતા પાસે જઈ) પપ્પા તો ગારડ બન્યા !

(નમિતા લાલ-લીલો રૂમાલ ફરફરાવે)

બધાં સાથે : પપ્પા તો ગારડ બન્યા !

(નમિતા અને પૂર્વી એક બીજા તરફ જોઈ ફલાઈંગ કિસ આપે છે)

ક્લાસ : વાઉ !!(હસાહસ)

બધાં સાથે : દીકીબા તો પ્રિન્સેસ બન્યાં ! દીકીબા તો પ્રિન્સેસ બન્યાં !

(પંક્તિ ફૂલની છાબડી સાથે ટિયારા પહેરેલી

- ડબ્બાના ચાર જણ વચ્ચે ઊભી રહી જાય છે)
(બધાં સાથે - બધી પંક્તિઓ બે બે વાર એક્શન સાથે ગાય છે)
મમ્મીલેન્ડથી ઊપડી ગાડી (૨)
ફટફટાફટ ઊપડી ગાડી (૨)
આવજો કરતી ઊપડી ગાડી (૨)
સ્ટેશન તો મનફાવતાં (૨)
(ગાડી પાગથાપ કરતી ઊભી રહી જાય)
ઊતરવાની સૈયા નૈ (૨)
(પંક્તિ ઊતરવા જેવી ઍક્ટિંગ કરે - બાકી બધાં ના-ના ની નિશાની કરે)

પૂર્વી : બેસી જાવ સહુ દીકીના ખાસંખાસ (૨)
દીકી સ્પેશિયલ ચાલવા લાગશે ફાસંફાસ !! (૨)

બાકી બધાં : (સહુ પોતાને ગમે તેવી ઍક્ટિંગ કરતાં)
બેસી જાવ સહુ દીકીના ખાસંખાસ
દીકી સ્પેશિયલ ચાલવા લાગશે ફાસંફાસ,
ફાસંફાસ ! ફાસંફાસ !
(હવે પછીની ગીત પંક્તિમાં ટ્રેન આખા સ્ટેજ પર ધીમે ધીમે ફરે છે)

પૂર્વી સાથે બધાં: (શબ્દો પ્રમાણે એક્ટિંગ પણ કરતાં જાય)
(થોડા વાંકા વળીને) ટનલ આવે ઊઈ... થાય ! (૨)
પુલ આવે ધક ધક... થાય ! (૨)
(બેકગ્રાઉન્ડમાં ખડિંગ, ખડિંગ... નો અવાજ)
ફૂલડાં ખરે વાઉ... થાય ! (પંક્તિ ટોપલીમાંથી ફૂલ ઉડાડે)
પી...ઈ... (પૂર્વી એકલી બોલે) બોલે હેઈ... હેઈ થાય !
દીકી સ્પેશિયલ દોડતી જાય દોડતી જાય !

પૂર્વી : મમ્મી લેન્ડ ટુ... (બે હાથ ઊંચા કરે છે)

નમિતા : પાપા લેન્ડ... (નમિતા ટીશર્ટના કૉલર ઊંચા કરે છે)

પૂર્વી અને
નમિતા : ઘુમતી જાય, ઘુમતી જાય

બાકી બધાં: (આ વખતે પૂર્વી અને નમિતા તેમના પાત્રનામ પ્રમાણે હાથ ઊંચો કરે)
મમ્મી લેન્ડ ટુ પાપ્પા લેન્ડ ઘુમતી જાય, ઘુમતી જાય
દીકીબેન હરખાતાં જાય
દીકીબેન હરખાતાં જાય (પંક્તિ રાજી થવાનો અભિનય કરે)
અજબ ગજબની ટ્રેન દોડતી જાય, દોડતી જાય
અજબ ગજબની ટ્રેન દોડતી જાય, દોડતી જાય
પાટે પાટે અગડં બગડં બોલતી જાય, બોલતી જાય

ક્લાસ : હેઈ અગડં બગડં, અગડં બગડં
(સનશાઈન ગ્રૂપ થમ્સ અપની નિશાની કરે)
'દીકી સ્પેશિયલ' તો કૂલ... કૂલ, કૂ... લ !
'દીકી સ્પેશિયલ' તો કૂલ... કૂલ, કૂ...લ !
(સાત સહિયરની ટ્રેન, પગ થપ થપ કરતી, મંચ પર એક જગ્યાએ સ્થિર થાય છે)

ક્લાસ : (તાળીઓનો ગડગડાટ) હેય... સનશાઈન ગ્રૂપ રૉક્સ ! (૨)

મેઘના મેડમ : (ખુરશી પરથી ઊભાં થઈ, ટ્રેન ગર્લ્સ પાસે આવી) કહેવું પડે સનશાઈન ગર્લ્સ, તમે તો ક્લાસમાં હલ્લાબોલ મચાવી દીધી !
ટ્રેન ગ્રૂપનાં બધાં - થેન્ક યૂ મૅમ !

મેઘના મૅડમ : પૂર્વી, તારી મમ્મી નાટક પણ લખે છે?

પૂર્વી : હા, મૅમ, એક નાનકડી સ્ક્રિપ્ટ સરસ છે - 'તડકાને આવ્યો તાવ'

ક્લાસ : મૅમ, સનશાઈન ગ્રૂપની પાસે કરાવો ને ! તાવમાં તડકો ! (હસાહસ)

મેઘના મૅડમ : (મોબાઈલમાં સમય જોતાં) હમણાં મોટી રિસેસ પડશે. આપણે એક્ટિવિટીની ઈન્ટરક્લાસ હરીફાઈ છે તેના માટે કરાવશું. સનશાઈન ગ્રૂપ તમારા દુપટ્ટા અને ક્રાઉન ઉતારો.
(ટ્રેનના ડબ્બા વ. છૂટા થવાનું કામ ચાલુ છે - એક બીજાને મદદ કરતાં)

ક્લાસ : ને મૅમ, આ 'દીકી સ્પેશિયલ' તો કરાવવાની જ! (બેંચ થપથપાવવાનો અવાજ)

મેઘના મૅડમ : સ્ટુડન્ટ્સ, ચોક્કસ કરાવશું, પણ અવાજ નહીં, નહીં તો ઈન્દુમૅમ દોડતાં આવશે !

તન્વી : અરે મૅમ મઝા આવશે ! ચાર-પાંચ ડબ્બા અને ચાર-પાંચ પ્રિન્સેસ રાખશું !

ક્લાસ : હો જાય દીકી... સ્પેશિયલ (જોરશોરથી)

મેઘના મૅમ : ઓકે, કાલથી પ્રેક્ટિસ શરૂ !



સનશાઈન ગ્રૂપ: યેસ્સ મૅ...મ !!!

(તે જ વખતે મોટી રિસેસનો બેલ વાગે છે - ટનટન ટનટન... સહુ નાસ્તાના ડબ્બા બેગમાંથી કાઢી બારણામાંથી બહાર જાય છે. કૃતિ હજી બેગ ફંફોસી રહી છે. બહાર ગયેલી શિખા પાછી અંદર આવે છે)

શિખા : (બારણા વચ્ચે ઊભી રહી) એય... ખપત ! ક્લાસની અંદર શેના ડાફોળિયાં મારે છે હજી ?

કૃતિ : (બેગમાંથી લીલા રંગનો મોટો ડબ્બો ખેંચીને કાઢે છે) હાશ ! મળી ગયો ! મને થયું દાદીએ નથી મૂક્યો કે શું !

શિખા : બે બે ડબ્બા ?

કૃતિ : (આંખ નચાવતાં) સર... પ્રાઈઝ !

શિખા : મને કહી દે ને

કૃતિ : નો વે ! સરપ્રાઈઝ એટલે સરપ્રાઈઝ !

(બંને બારણામાંથી બહાર જતાં રહે છે. પડદો ખાલી ક્લાસરૂમને ઢાંકતો ઢાંકતો બંધ થાય છે)

અંક ૧ સમાપ્ત

અંક - ૨ (દીકી સ્પેશિયલ)

(મંચ સજ્જા - મંચ પર વચ્ચે ચંપાનું ઝાડ છે. તેના દોઢેક ફૂટ જેટલે બે ફાંટા છે, તેની પાછળ ન દેખાય તેમ બેઠક જેવું રખાય. ઝાડ પાછળ, વર્ગની આગળની પરસાળની કાટખૂણે પાળી છે. ઝાડની ફરતે છ ઈંચ ઊંચી ગોળ પાળી છે. જોડે એક થડિયાની બેઠક બનાવી છે - ૯ ઈંચ ઊંચી. ઝાડની આગળ છોકરાંઓને રમવાના ચોકની ફરસની લાદી છે. પાછળ ‘ક્લાસ -૪ એ’ લખેલ બારણું દેખાય છે)

પ્રવક્તા : રિસેસનો ઘંટ વાગ્યો ને ક્લાસરૂમની ચાર દીવાલમાં બંધ રહેલાં ભાગ્યાં બહાર ! સનશાઈન ગ્રૂપનો ઘોડો પણ ‘એન ઘેન દીવા ઘેન’ કરતા છૂટ્યા છે. ટિફિન બૉક્સ તો ખૂલશે તેમનાં, પણ જોડે જોડે જાત જાતની ને ભાત ભાતની વાતો તો સાંભળો એમની ! વાતો કરતાં અર્ધા ઊભા થઈ જશે, ક્યારેક સહેજ લળીને બોલશે, ક્યારેક હાથ મોંના લટકા કરતાં બોલશે. તો વળી ચડસા ચડસીમાં ઊભાંય થઈ જશે - તું - તાં ય કરી લેશે ! નાસ્તો ખાતાં થતાં એમની વાતોનાં વડાં સાંભળીએ ! પહેલા અંકનો ચોથી દીવાલ જેવો પડદો, અંક -૨ માં ખુલ્લા ચોકની આડે ઊભો છે, તેને કહીએ - ખુલ જા સિમ સિમ...

(પડદો સરસર કરતો ખુલતો જાય)

(ટિફિન બૉક્સ સાથે પંક્તિ, પૂર્વી, નમિતા, શિખા અને સહેજ ઢીલી ચાલે રુપાંદે વર્ગના બારણામાંથી નીકળી રહ્યાં છે. સહુ ચંપા પાસે આવે છે. પૂર્વી ચંપાના ફાંટાની જગ્યામાં ગોઠવાય છે. શિખા ક્લાસના બારણા તરફ પાછી જતી દેખાય છે. પંક્તિ, તન્વી પરસાળની ધાર પર એક બાજુ બેસે છે. નમિતા - રુપાંદે આજુબાજુ બેસે છે)

તન્વી : (બેસતાં બેસતાં પાછળ જોઈને) આ કૃતિ ક્યાં ? કેમ દેખાતી નથી ?

નમિતા : શિખલીય ક્લાસમાં પાછી ગઈ !

(કૃતિ -શિખા ટિફિન બૉક્સો સાથે ક્લાસમાંથી નીકળે છે. શિખા થડિયા બેઠક પર બેસી જાય છે, કૃતિ રુપાંદે પાસે બેસવા જાય છે)

પંક્તિ : (સહેજ વાંકી વળીને) એલી, ત્યાં ન બેસ ! ત્યાં તો તડકાને તાવ આવ્યો છે ! (હસાહસ)

બે-ત્રણ જણ : હેઈ, તડકાને તાવ બહુ આવી જાય !

કૃતિ : (ક્યારાની પાળી પાસે કૂદાકડો મારી બેસતાં) હું તો અહીં ભાંયે જ બેસીશ (કહેતાં પોતાની પાસેના બેય ડબ્બા ક્યારાની પાળી પર મૂકે છે)

પંક્તિ : બે ડબ્બા કૃતિ? (મોટા ડબ્બાને અડતાં) ને આ મોટ્ટો ડબ્બો?

કૃતિ : છે ને, મારાં દાદીએ ભરી આપ્યો . બે ડબ્બા થયા તે બેગમાં માંડ ગોઠવાયા.

પંક્તિ : બે બે ડબ્બા ભરી શું લાવી છે?

કૃતિ : (લીલા રંગનો ડબ્બો ખોલતાં) કાજુકતરી... (આંખ નચાવે છે)

તન્વી : (અર્ધીપર્ધી ઊભી થઈ વાંકી વળી જોતાં) આટ્ટલી બધી કતરી !!!

રુપાંદે : ગળ્યું જોયું નથીને તનુડીની જીભ લબલબ થઈ નથી !

કૃતિ : સહેજ સાજ ઊંચી થઈ હાથમાંનો ડબ્બો ધરતાં) લો બધાં બે બે કતરી લેજો - દાદીએ કહ્યું છે.

પૂર્વી : (વાંકા વળી બે કતરી ઉપાડતાં) કતરી શેને માટે?

કૃતિ : (ઉત્સાહભર્યા સ્વરે) મારી નાની બેન આવી ને ! મારાં દાદી કે' કાજુકતરી ખવડાવ આપણે ત્યાં કાજુકતરી આવી છે
તે ! કાજુકતરી જેવી નાજુકડી છે !

શિખા : ને ભઈલો આવે તો પેંડા ખવડાવે, ખરું ને !

રુપાંદે : (એકદમ સફાળી બોલતી હોય તેમ) તારી નાની બેન, ખરું ને ?

કૃતિ : (હાથમાંનો ડબ્બો પાળી પર મૂકતાં) નાની જ તો ! હું હવે દીદી થઈ ગઈ બોલ !એવી બચુકડી છે ને મારી બેનકી !
(બે હથેળી ભેગી કરી પહોળી કરે છે) મને તો એને અડકતાંય બીક લાગે છે.

નમિતા : તેં એને ઊંચકી'તી ? (આંખનાં ડોળા ગોળ ગોળ ફેરવતાં)

કૃતિ : ના... રે ! (પોતાની એક આંગળી બીજી આંગળીથી વાળતાં) મને તો એમ થાય... ક્યાંક એની આંગળી તૂટી ન જાય ! પણ મમ્મી ને દાદી તો એવી સરસ રીતે ઝભલું પહેરાવી દે ને ! હું તો દેખતી જ રહી જાઉં !

રુપાંદે : (બેઠી હતી ત્યાંથી સહેજ નમીને) તારે ભઈલો ના આવ્યો ?

કૃતિ : (કોણીથી વાળેલ હાથ ઊભો હલાવતાં) એમ કંઈ બધાને ત્યાં ભઈલો ન આવે. ને જેને બહેન જોવે તો બહેન મળે એવું ય નહીં ! ભગવાનજીને જેનું મન થાય તે આપે - સમજી !

રુપાંદે : (આવેશથી) જા, જા, હવે ! ઘરમાં બેન હોય તો ભઈ લાવતાં આવડવું જોઈએ ! (હાથનો પંજો હલાવતાં) મારા મારાં દાદી તો કેતાં'તા મમ્મીને બેનકી હશે તો દવાખાને જઈ પાછી આપી આવશે. પછી ભગવાન એનો ભઈલો બનાવીને થોડા વખત પછી પાછો આપશે ! અમારે તો ભઈલો જ આવ્વાનો જોજે ને !

પંક્તિ : (મોઢાથી લટકો કરતાં) પણ બેન હોય ને તો મઝ્ઝા આવે ! મારે દીદી છે તે મને તો બહુ મઝા આવે છે.

શિખા : ને ઝઘડા-ઝઘડીનીય મઝા આવતી હશે કેમ !

પંક્તિ : હા... રે ! ઝઘડવામાંય બૌ મઝા પડે છે ! તને શું ખબર - શનિવાર રાતના તો અમારી ગુસપુસને ધમાલ જે ચાલે !! મમ્મીના ઘાંટા પછી જ ઊંઘીએ (બોલતાં બોલતાં અર્ધી ઊભી થઈ ગયેલી બેસી જાય છે)

તન્વી : (પંક્તિને ધબ્બો મારતાં) હા તે પાછલા શનિ-રવિ તારા મામાની દીકરીઓ આવેલ ને! તમારી ધાંધલ-ધમાલ અમારા ઘર લગી સંભળાતી હતી !

પંક્તિ : અરે, જલસો થઈ ગયો'તો અમને તો !

તન્વી : (ઊભી થઈ ચંપાની ડાળ ઝાલતાં) સાચ્ચે, બહેનો બહેનોને જલસો તો થઈ જાય ! બાકી મોટો ભાઈ હોય ને તે તો પોતાના ભાઈબંધ જોડે જ રમે, ને ઘેર મોબાઈલ મચડ્યા કરે ! આપણને કોઈ વાર ક્યાંક લઈ જવાનો વારો પડે તો જોઈ લો ! વઢવાનાં બહાનાં ગોતી તતડાવે જ રહે !

શિખા : (તન્વીનું સ્કર્ટ ખેંચતાં) બેસી જા' લી ! ચંપાની ડાળ તૂટશે ને તું પછડાઈશ. તારી વાત સાચી તનુ. નાનો ભઈલો હોય ને તો આપણી તો વાટ જ લાગે ! (હાથનો ઝટકો મારી પાડતી હોય તેમ) બધું ભઈલાનું જ ! - તું તો મોટી છો - આપી દે ! આપણું તો પત્તું જ કપાઈ જાય !

નમિતા : (ચુપચાપ બેઠે સાંભળતાં એકદમ રુપાંદે તરફ ફરી તેને હલાવતાં) રુપી, તારી મમ્મી તો બે વાર બેનકીને મૂકી આવી છે ને? ભગવાનને ભઈલો બનાવતાં કેટલી વાર લાગે છે ?

તન્વી : નમુ એ તું શું કે' છે ?

નમિતા : બે દિવસ પહેલાં આપણને હડતાલ પાડવા આવેલ ને ! તે વહેલાં ઘરે જવા મળ્યું' તું. અમારું ઘર તો પાછળ જ. તે હું તો ભાગી. મને થયું પાછળ બાઈ કામ કરતી હશે, તો પાછળથી જઈને મમ્મીને 'હાઉકલો' કરું !

પૂર્વી : (ઝાડ પર બેઠે પગ હલાવતાં) તમે તો ત્રણ બેનો ને નમુ?

નમિતા : (અર્ધા ઊભાં થઈ પૂર્વીને તાળી આપતાં) હા... રે પાછાં દાદા દાદી ને નાના કાકાય ખરા ! એટલે મમ્મી તો કામમાં જ હોય. એટલે તો વહેલી છૂટી તો થયું મમ્મી પાસે રહેવાશે ! આમ તો દીદીઓ હોય એટલે ખાસ ખબર ન પડે મને !

રુપાંદે : એમ કંઈ એમાંજ મઝા આવે એવું નઈ !મને તો ભઈલાની દીદી બનવાની બહુ મઝા આવશે.

શિખા : હા, વળી ભઈલાની દીદી બનવામાં વટ પડે જ !

આ તો જરી બબડિંગ બબડિંગ કરી લઈએ !

પૂર્વી : (થોડું મોઢું ઢીલું) હા, હું તો એકલી જ છું ! તમારા બધાની મને જલન થાય છે !

શિખા : એકલું તો લાગે, પણ અમે છીએ ને ! પણ હેં રુપી... (તેની સામે વળીને જોતાં) ભઈલો ગમે એટલે કંઈ બેનકી પાછી આપી દેવાય ! તેય નમુએ કહ્યું તેમ બે બે વાર !

રુપાંદે : (ગુસ્સાથી ઊભાં થતાં નમિતાને હલમલાવે છે) કોણે કહ્યું તને આવું? ગપગોળા શેની ફેંકે છે ચાંપલી !

નમિતા : (ઊભા થઈ તેને ખભેથી પકડી બેસાડતાં) બેસી જા ! કંઈ ગપગોળા નથી. પૂરું સાંભળતી તો છે નઈ ! આપણા બડેલોક છે ને તે બધાંને એમ જ છે કે આપણને કંઈ ખબર ન પડે !

પૂર્વી : (ડાળી પર હાથ પછાડતાં) એવું જ હોં - પણ આપણને ખૂબ બધી ખબર પડે છે.

નમિતા : હાસ્તો ! તે દિવસે મારી મમ્મીને સરપ્રાઈઝ આપવા હું રસોડાને બારણેથી ઘરમાં ઘૂસી, ત્યાં રુપી તારી મમ્મીનો અવાજ સાંભળ્યો.

રુપાંદે : હા, તારી ને મારી મમ્મી કોલેજ ફ્રેન્ડ છે.

નમિતા : હું અંદર યુનિફોર્મ બદલવા ગઈ, ત્યારે તારી મમ્મી છે ને, રડતાં રડતાં બોલતી' તી.

રુપાંદે : મારી મમ્મી ? રડતી' તી ? (અવાજ ઢીલો થઈ ગયો)

નમિતા : હા, ને મારી મમ્મી તેને કહેતી' તી - ધીરજ રાખ ! તારે ઘરે કોઈને તારી પડી જ ન હોય તો શું થાય !

રુપાંદે : એ વળી શું ?

નમિતા : (રુપાનો હાથ હાથમાં લઈ) મનેય એમ થ્યું' તું - આ શું? ત્યાં તારી મમ્મી બોલી - પન્ના તારે કેવી મઝાની ત્રણ દીકરી છે ! કેવી એકથી એક ચઢે એવી છે ! તને કોઈ કંઈ કે છે? મારે તો બે વાર દીકરી હતી તે એબોર્શન કરાવડાવ્યું !

રુપાંદે : (નવાઈ પામતાં) એબોર્શન ? એ શું કે'વાય?

કૃતિ : (ઊભી થઈ જતાં) રુપી બેનકીને દવાખાને પાછી આપી આવે તેને એબોર્શન કહેવાય, સમજી !

પંક્તિ : તને બહુ બધી ખબર છે ને કંઈ કૃતિ કતરી ! (છેલ્લા શબ્દ પર વજન)

કૃતિ : અમારે ત્યાં દાદી બોલેલ ને તે મેંય નમિતાની જેમ સાંભળેલ. રાતના વાત કરતાં'તાં. હું હજી જાગતી'તી. તે કેતાં'તાં કે ભાઈબેનની જોડી થાય તે ગમે જ તો ! પણ એટલે કંઈ આપણી દીકરીને પાછી ન વળાય. નથી કરાવવાનું એબોર્શન. જે છે તે આંખ માથા પર . બે બહેનોની જોડ થશે મઝાની.

તન્વી : હા... જો ને બેન આવી તો બરફીય નહીં કાજુકતરી , તેય આટલી બધી બધાંને આપી !

શિખા : છે જ ને ! ભઈ હોય તો કોઈ કે'છ કે ભઈ પાછો આપી બેનકી લૈ આવો !!

નમિતા : સાંભળ હજી, રુપી !તારી મમ્મી કહેતી'તી 'રુપીય મોટી થાય છે. આ ફેરા તબિયત પણ સારી નથી રહેતી. ત્રીજી વાર પાર પડે તો સારું. રુપીને ખબર પડે તો કેવું લાગે એને?'

શિખા : (ઊભી થઈ)

પૂર્વી : એલી હજી ઘંટ નથી વાગ્યો, ઊભી કેમ થઈ ગઈ?

શિખા : (વૉશરૂમ તરફ આંગળી) જઈ આવું... પછી ભારે પડે (જતાં જતાં તે અટકીને ઊભે છે, રુપાંદે તરફ ફરી) તે હેં રુપી, ભગવાન તારી મમ્મીને ત્રણ ત્રણ ભઈલા આપશે? બે વાર બેનકી પાછી આપી તો ?

તન્વી, પંક્તિ, પૂર્વી - વાઉ - થ્રી થ્રી બ્રો!!!

(શિખા વૉશરૂમ તરફ દોડી જાય છે)

(રુપાંદેનું મોં વીલું પડી જાય છે)

પૂર્વી : (ઠેકડો મારી ઝાડ પરથી ઊતરે છે. રુપાનો હાથ પકડતાં) એ ય, ઊઠ! ભાન છે તને, તારી પર કેટલો બધો તડકો આવી ગયો છે !

(રુપાંદે ઊભી થાય છે - હાથમાં ખુલ્લું લંચબોક્સ છે)

પૂર્વી : (રુપાંદેનું લંચબોક્સ જોઈ) લે, તેં તો કાજુ કતરીય બાકી રાખી છે ! મોં ખોલ (કાજુ કતરી ઉપાડી રુપાંદેના મોંમાં મૂકે છે) ચલ' લી છોડ આ ભઈલો ને બેનકીની ઢોલકી ! મૂક એને તડકે ! આપણે તો એઈને 'દીકી સ્પેશિયલ' ! હે ઈ સનશાઈન ફેલોઝ, વી આર...

બીજા બધાં : 'દીકી સ્પેશિયલ' !!! (લાંબા લહેકાથી)

(તે જ વખતે રિસેસ પૂરી થયાનો ઘંટ વાગે છે .. ટન ટ્ન ટન... ટિફિન બંધ કરતાં ઊભાં થઈ

બધાં ક્લાસ બાજુ ફરે છે)

પૂર્વી : ચલો સનશાઈન ગર્લ્સ થઈ જાય અજબગજબની 'દીકી સ્પેશિયલ' !

કૃતિ : (કાજુકતરીનો લીલો ડબ્બો ઊંચો હાથ કરી હલાવતાં) ગ્રીન ઝંડી ! ચલો… ઊપડે છે દીકી સ્પેશિયલ !

પૂર્વી : બેસવું હોય તે બેસી જાય ! (હસાહસ) (સનશાઈન ગ્રૂપ એકબીજાને અથડાતાં, થપથપ પગલાં કરતાં સાથે ગાતાં જાય છે) અજબગજબની ટ્રેન ચાલી… પી ઈઈઈઈ… છુક ! દીકી સ્પેશિયલ ચાલી, સનશાઈન સ્પેશિયલ ચાલી

ત્રણ જણ : ક્લાસરૂમ ટુ…

બીજા ત્રણ જણ : ચંપા ટ્રી… ચંપા ટ્રી ટુ…

ત્રણ જણ : ક્લાસરૂમ !

સહુ સાથે : દીકી સ્પેશિયલ, દીકી સ્પેશિયલ, દીકી સ્પેશિયલ !!! ચંપા ટ્રી ટુ ક્લાસરૂમ ! (બધાં 'દીકી સ્પેશિયલ' બોલતાં હાથ હલાવતાં, ઉછાળતાં, એકબીજાને હળવા હડદોલા મારતાં વર્ગ -૪ એ ના બારણામાં જવા લાગ્યાં, શિખા પણ દોડીને જોડાઈ. વર્ગમાંથી આખા ક્લાસના - દીકી સ્પેશિયલ, સનશાઈન સ્પેશિયલના ગાન સ્વરો સંભળાતા રહ્યા, પડદો સરસર બંધ થવાનો થોડોક બાકી હતો ત્યારે સાત સનશાઈન છોકરીઓ આવજોના હાથ હલાવતી આવે છે ને પડદો થોડો અટકી જાય છે)

સાતે છોકરીઓ : 'દીકી સ્પેશિયલ' જોનારા સહુને આવજો… સનશાઈન ઓડિયન્સને દીકી સ્પેશિયલની… ટાટા… બાય… બાય… ટાટા… બાય… બાય… (સાતે કન્યાઓ પાછા પગે બે ડગલાં પાછળ ખસે અને… પડદો સાવ બંધ થઈ જાય છે)

('દીકી સ્પેશિયલ' સમાપ્ત)

એડ્રેસ

ગોડફાધર

- ડૉ. અશ્વિન વસાવડા

(ડેડી - સરવાણી- પ્રો. પરમાર-ભદ્રા-તપસ્યા (સરવાણી) - પુરુષ - નિશાંત - સાગર - ડૉ. અંકલ)

(ડેડી હાથમાં છાપું લઈને ડ્રોઈંગ રૂમમાં બેઠા છે. ચાની ટ્રે લઈ સરવાણી પ્રવેશે છે.)

સરવાણી : 'ગુડ મોર્નિંગ' ડેડી.

ડેડી : 'ગુડ મોર્નિંગ' સરવાણી. જોને આ છાપાંવાળા સવારના પહોરમાં 'મુડ' ખરાબ કરી નાખે છે.

સરવાણી : કેમ, કેમ ? ક્યા સમાચારથી તમારો 'મુડ' ખરાબ થઈ ગયો?

ડેડી : (મોટેથી હેડલાઈન વાંચે છે) 'પત્નીએ પ્રેમી સાથે સૂતેલા પતિને કુહાડીના ઘા મારી ઢીમ ઢાળી નાખ્યું.' 'લગ્ન નહીં થઈ શકે એવું લાગતાં પ્રેમીઓએ સાથે મળી વખ ઘોળ્યું.' ઉકરડામાંથી નવજાત બાળક મળી આવ્યું.' બોલો આ છે સમાજનું દર્પણ...

સરવાણી : ડેડી આવા અભણ અસંસ્કારી લોકો થોડા સમાજના પ્રતિબિંબ સ્વરૂપ છે?

ડેડી : જો સરૂ હું તારી વાત સાથે સંમત થતો નથી. અભણ લોકો જ આવું કરે છે એવું નથી. શિક્ષણ અને સંસ્કારને સ્નાનસૂતકના સંબંધ નથી. અભણ હોય એ અસંસ્કારી હોય અને ભણેલા સંસ્કારી હોય એવું નથી. શિક્ષકો અને પ્રોફેસરોએ તેની વિદ્યાર્થીનીઓ ઉપર ડૉક્ટરોએ તેની દર્દી ઉપર, વકીલોએ તેની અસીલ ઉપર બળજબરી કર્યાના ઘણા બનાવો આપણે વાંચીએ છીએ.

સરવાણી : ડેડી, બળજબરીના મોટા ભાગના સમાચારો તો મને જુઠ્ઠા લાગે છે જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી યુવતી સામેથી મળતી રહે અને જ્યારે પકડાઈ જાય ત્યારે છોકરી કહેશે મારી સાથે બળજબરી થઈ. એમ પાંચવાર કે મહિનાઓ સુધી બળજબરી કરવી સહેલી છે?

ડેડી : આ સામાજિક સડો નેતાઓ, અભિનેતાઓ, ધનાઢ્યો સર્વેમાં પ્રસરેલો છે.

સરવાણી : હવે મૂકોને એ વાત. ચા ઠરે છે.

ડેડી : સરૂ આજે રાતે કંઈ ચટપટું બનાવ. સમોસા કે કટલેસ.

સરવાણી : પ્રેમ, પ્રેમીઓ, શિક્ષણ, સંસ્કાર એ બધી વાતોમાંથી આમ એકાએક સમોસાં અને કટલેસ ક્યાં આવી ગયાં? ગમે તે વાત હોય તમારે વાતના છેડે ખાવાની વાત આવી જાય. સાહેબ, આજે સાંજે તો મારે વહેલા કૉલેજ જવાનું છે. ભૂલી ગયા આજે 'એન્યુઅલ ફંક્શન'ના નાટકની હું હીરોઈન છું.

ડેડી : હા, એતો ભુલાઈ ગયું. ઠીક છે કાલે બનાવજે.

સરવાણી : (હસીને) વળી ખાવાની વાત? ડૉક્ટર અંકલે મને ચોખ્ખું કહ્યું છે કે તારા ડેડીને પાંચ વર્ષ વધારે જીવતા રાખવા હોય તો તેના ખાવા ઉપર કંટ્રોલ રાખજે. તળેલું, સ્યુગર, બધું જ ઓછું.

ડેડી : તારા ડૉક્ટર અંકલને તો બોલી નાખવું છે. મારો બેટો એ ચાર હાથે ઝાપટે છે અને 'પી' પણ લે છે. મને સલાહ આપવા બેઠો છે. જાણીતો ડૉક્ટર બે સલાહ વધારે આપે.

સરવાણી : હમણાં ચાર દિવસ પહેલાં મૈસુર મસાલા ઢોંસા નો'તા બનાવ્યા? એ પહેલાં ડૉક્ટર અંકલ સાથે આપણે 'ચાઈનીઝ' ખાવા નો'તાં ગયેલાં? ભૂલી ગયા?

ડેડી : (ઈમોશનલ બનતાં) સરૂ તું કેટલી ઝડપથી



મોટી થઈ ગઈ? હજી એક પથારીમાં મારી સાથે સૂતી, તને વાર્તા સંભળાવતો ત્યારે તું ઊંઘતી, સવારે બ્રશ કરાવતો, બાથટબમાં છબછબિયાં કરતાં નવરાવતો, સ્કૂલ યુનિફોર્મ પહેરાવી સ્કૂલબસ સુધી મૂકવા આવતો એ બધું ગઈકાલ જેવું જ લાગે છે.

સરવાણી : હા, ડેડી મને પણ એવું જ ફિલ થાય છે કે હું ઝડપથી મોટી થઈ ગઈ છું. તમને યાદ છે તમે મને તમારાથી જુદા કોટની બેડમાં સૂવાનું કહેલું ત્યારે મેં તમારી સાથે ચાર દિવસ અબોલા લીધેલા?

ડેડી : હા, બેટા બધું જ યાદ છે. બજારમાં જતાં ત્યારે કંઈનું કંઈ લેવાનું જીદ કરતી, હું લઈ દેતો. માલતીભાભી કહેતાં દીકરીની જાત છે બહુ ગાયું ગાવ મા...હું પણ હું તારી બધી જ માગણી સંતોષતો.

સરવાણી : (ઇમોશનલ બનતાં)ડેડી તમારી ઉપર ગુસ્સે થાઉં કે તમને ખાવામાં પરેજી રખાવું તેનું મને કેટલું દુઃખ થાય છે તે તમને ખબર છે?... પણ 'કોમ્પ્રોમાઈઝ' કરી લઉં છું. કે 'ઈટ ઈઝ ગુડ ફોર યોર હેલ્થ' તમને ન ગમતું તમારી પાસે કરાવવું તે મને પણ નથી ગમતું. (હળવા મુડમાં) અને હા, હું નાની હતી ત્યારે ઈસ્ટો, કેરમ, પત્તાં મારી સાથે તમે રમતા અને મને જિતાડતા અને તમે હારી જતા. હવે ચેસ રમીએ છીએ ત્યારે મને કોઈ દિવસ જીતવા દીધી છે?

ડેડી : (હસતાં હસતાં) દીકરી મોટી થાય પછી તેને બહુ જીતવા ન દેવાય, 'ડોમીનંટ' સ્વભાવની થઈ જાય અને તેના સાંસારિક જીવનમાં નુકસાન રૂપ બને. સમજી?

સરવાણી : મારે ક્યાં પરણવું જ છે કે સાંસારિક જીવનમાં નુકસાન થાય? હું પરણીને જતી રહું પછી તમે એકલા પડી જાવ તમારું ધ્યાન કોણ રાખે?

ડેડી : હું એકલો પડી જાઉં એટલે તું પરણે નહીં તે ચાલે? (હસીને) આપણે ઘરજમાઈ શોધશું.

સરવાણી : (હસતાં હસતાં) એના કરતાં હું પરણું એ પહેલાં તમારાં લગ્ન કરાવી લઉં. એટલે મને કન્યાદાનમાં તમારે એકલા બેસવું ન પડે... વળી આવનાર જમાઈને સાસુની ખોટ ન સાલે.

ડેડી : (હસીને) અરે ગાંડી હવે આ બુઢિયાને કોણ પરણવાનું છે?

સરવાણી : કોઈ બુઢી શોધી કાઢીશ તમે એમ માનો છો કે તમને બાવીસ, ચોવીસ વર્ષની કાચી કુંવારી છોકરી મળે? બાકી બુઢિયા બુઢિયા કરો છો પણ હજુ રોમેન્ટિક તો છો હો...આપણે પ્રવાસમાં જઈએ છીએ ત્યારે તમે અને ડૉક્ટર અંકલ સામે મળતી બૈરીઓ જોઈ કેવી લાળ પાડો છો એ મને ખબર છે હો...મનાલીમાં પહેલી બહેને સહેજ પૂછ્યું કે ગુજરાતી છો? ત્યાં તો તમે બન્ને જણા તેની સાથે ચાલુ થઈ ગયા.. હોટેલ આવો...સાથે ડિનર લઈએ... હું અને આન્ટી તો એવાં શરમાઈએ કે આ બે બુઢિયા કેવી મધલાળ પાડે છે?

ડેડી : પ્રવાસની બધી વાત જુદી છે. તેમાં તો હરવું, ફરવું, ખાવું, પીવું અને આવી મોજ મસ્તી કરવી. સામે મળતી સ્ત્રીને જોઈ આનંદ લેવામાં અમારા ખર્ચેલા પૈસાનું વળતર મળે છે. હા, બાકી પુરુષ ગમે તે ઉંમરનો હોય 'રોમેન્ટિક' હોવો જ જોઈએ સમજી?

સરવાણી : આન્ટી તો કહે પણ કોઈ બૈરી આ બેનું અપમાન કરે ને તો મજા આવે.

ડેડી : એમ અમે કંઈ લફંગા થોડા છીએ? અમારું લટ્ટુ બનવું પણ 'હાઈફાઈ' 'સોફેસ્ટિકેટિક' હોય. બાકી અમને ખબર પડી જાય કે આ બૈરીને પણ અમારી સાથે વાત કરવાની ચળ છે જ. પછી જ આગળ વધીએ. બાય ધ વે સરૂ તારી પાછળ કોઈ છોકરા લટ્ટુ થાય છે કે નહીં?

સરવાણી : ડેડી જે છોકરી પાછળ છોકરા લટ્ટુ ન બને એ છોકરીને હું બિચારી જ કહું ! છોકરી પાછળ વધુ છોકરા લટુ બને એ તો છોકરીનું 'સ્ટેટસ' ગણાય, ક્વૉલિટી ગણાય સમજ્યાને? બાકી તમે પુરુષો કોઈની વહુ દીકરી સામું જોતા હો તો તમારે એ સ્વીકારી લેવું જોઈએ કે આપણી વહુ દીકરી તરફ બીજાને જોવાનો અધિકાર છે.

(મોબાઈલની રિંગ વાગે છે.)

ડેડી : હલ્લો...વેરી ગુડ મોર્નિંગ પરમાર સાહેબ, હા, સરવાણી બે દિવસથી મારી પાછળ પડી છે કે પરમાર સાહેબે ખાસ કહ્યું કે તારું નાટક જોવા તારા ડેડી અને ડૉક્ટરને ખાસ લાવજે. ભલે...ભલે..સાહેબ જરૂર આવીશ. થેંક્યુ ફોર સ્પેશિયલ ઇન્વીટેશન.

સરવાણી : ના...ના...કરતા હતાને? હવે તો આવવું જ પડશે.

ડેડી : તારા સ્કૂલના ફંકશનમાં પણ જીદ કરીને મને લઈ જતીને ? ડેડી સાથે ને સાથે. છોકરો કહેશે કે આ તો ડેડીઘેલી છે આને પસંદ ન કરાય.

સરવાણી : (ઇમોશનલ બનતાં) હું મારા સર્કલમાં એ જ કહું છું કે માય ડેડી ઈઝ માય ફ્રેંડ ફર્સ્ટ ધેન ડેડી.

ડેડી : ઓ...કે...ઓ...કે..ચાલ હવે ફ્રેશ થવા દે મારે પણ કામે જવાનું છે. તારે પણ વહેલું ફ્રી થવાનું છે.
- અને હા 'ઓડિયન્સ'માં મને જોઈ 'કોન્શિયસ' ન થઈ જતી.

(દશ્ય બદલાય છે.)

(રંગમંચના પડદા બહાર રંગમંચ ઉપરથી પ્રો. પરમાર ઉદ્‌ઘોષક)

પ્રો.પરમાર : હું પ્રો. પરમાર, અમારી કૉલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે આપ સૌનું કૉલેજ હાર્દિક સ્વાગત કરે છે.
હવે આપની સમક્ષ પ્રસ્તુત થઈ રહ્યું છે, નાટક 'કુંવારી મા.' કુંવારી મા નામ સાંભળી આંચકો ન અનુભવશો. કોઈ યુવક-યુવતીની જાતીયભૂખથી આ નાટકની નાયિકા કુંવારી નથી બની. ના, એવી ક્ષુલ્લક અશોભનીય કથાવસ્તુ આ રંગમંચ ઉપર શોભે નહીં. કથાવસ્તુ કંઈ આવું છે. આ નાટકની નાયિકા અનાથઆશ્રમમાં નોકરી કરે છે. ત્યાં દોઢ-બે વર્ષનું એક બાળક તેને ગમી જાય છે. છોકરો પણ નાયિકાને હળી જાય છે. નાયિકા આ બાળકને દત્તક લે છે અને આ રીતે બને છે કુંવારી મા. - પણ આ કુંવારી માને તેના સગપણ સંબંધ થવામાં નાયિકાના ચારિત્ર ઉપર શંકા થાય છે. તેની માનહાનિ થાય તેવા પુરુષોના માગાં આવે છે. નાયિકાની મા બાળકને અનાથઆશ્રમમાં પાછું સોંપી દેવા સમજાવે છે પરંતુ નાયિકા મક્કમ રહે છે. નાયિકા એક યુવાનના પ્રેમમાં છે તે યુવાન પણ નાયિકા સાથે બાળક સહિત લગ્ન કરવા તૈયાર થતો નથી.
નાયિકા સમાજ સામે પ્રશ્ન મૂકે છે. જો અનાથ બાળકો જન્મતાં આપણે રોકી નથી શકતાં તો આવાં બાળકોને અપનાવી તેને હૂંફ, પ્રેમ અને સામાજિક દરજ્જો આપવાની આપણી જવાબદારી ખરીને?
નાટ્યલેખન અને દિગ્દર્શન પ્રો. પરમાર એટલે કે હું પોતે.
- તો હવે નિહાળો નાટક 'કુંવારી મા.'

(પડદો ખૂલે છે)

ભદ્રા : તપસ્યા તું તારી જીદ છોડી દે તો સારું, તારો આદર્શવાદ સમાજ નહીં સ્વીકારે.

તપસ્યા : મમ્મી હવે તો માત્ર આદર્શવાદ જ નથી રહ્યો, તેમાં 'માતૃત્વની ગાઢ લાગણી પણ ભળી ગઈ છે. શું સ્ત્રીમાં પોતાની કૂખે જ જન્મેલા બાળક માટે માતૃત્વ જન્મે એવું થોડું છે? સ્ત્રી માત્રમાં માતૃત્વનું બીજ તો હોય છે. ગમે તે બાળક માટે તે અંકુરિત થઈ શકે છે. ઘણી સ્ત્રીઓને લગ્ન પછી બાળક ન થતાં બાળક દત્તક લે છે અને કેવો પ્રેમ કરતી હોય છે.

ભદ્રા : તારી બધી વાત સાચી પણ આપણો સમાજ આવી વાત સ્વીકારવા માટે ઉદાર નથી. આ



દત્તક બાળકને કારણે તારે કેવું સહન કરવું પડે છે? પેલા છૂટાછેડા લીધેલા એક છોકરાના બાપનું માગું આવ્યું ત્યારે તને કેવું લાગી આવેલું?

તપસ્યા : તે લાગી જ આવેને. કહે કે જુવાની છે ભૂલ થઈ જાય તમે તો એટલાં હિંમતવાળાં છો કે બાળકને ઘરમાં રાખી ઉછેરો છો. મારા ચરિત્ર ઉપર શંકા કરી મને આ બાળકની કુંવારી મા સમજે છે. આ તો મેં ગુસ્સા ઉપર કાબૂ રાખેલો આવાને તો ધક્કો મારી ઘરની બહાર કાઢી મૂકત.

ભદ્રા : હવે આજે પણ તને જોવા આવે છે. શાંતિ રાખજે. (ડોરબેલ વાગે છે ભદ્રા બારણું ખોલવા જાય છે.)

એક પુરુષ અને તેની સાથે બીજો અલ્લડ જેવો લાગતો પુરુષ પ્રવેશે છે.

ભદ્રા : આવો...બેસો. (થોડી ક્ષણોના મૌન પછી) નિશાંત ન આવ્યા?

નિશાંત : (ઊભો થઈ) આવ્યો છું ને હું જ નિશાંત છું. (તપસ્યા મશ્કરી સ્વરૂપ હસે છે.)

પુરુષઃ આ મારો નિશાંત બોલબેરિંગ બનાવવાના કારખાનામાં નોકરી કરે છે.

નિશાંત : પાંચ હજાર રૂપિયા પગાર છે. એકાદ હજારનો ઓવરટાઈમ કરી લઉં છું. નાઈટશિફ્ટ છે. બપોરે બે કલાક બીજો ધંધો કરી લઉં એમ સાતેક હજાર રૂપિયા કમાઈ લઉં છું.

પુરુષ : બે મહિના પહેલાં બિચારો વિધુર થયો. ત્રણ વર્ષની છોકરી છે. મા કેન્સરમાં ચાલી ગઈ.

નિશાંત : એની પાછળ સાત-આઠ હજારનો ખર્ચો કર્યો. પણ ન બચી

પુરુષ : છોકરી નાની છે. તેના ઉછેરમાં અને મોટી થયા પછી છોકરીની જાતને માની જરૂર પડે જ ને બહેન...

ભદ્રા : હા, પણ મારી દીકરી તો એમ.એ. છે, નોકરી કરે છે, હજુ બાવીસ વર્ષની જ છે.

નિશાંત : હું મેટ્રિક પાસ છું. જૂનું મેટ્રિક હો. આ કાળીચૌદશે ચાલીસમું વર્ષ બેસશે.

પુરુષ : આ તો અમે સાંભળ્યું કે તમારી દીકરીને એક છોકરો છે, છોકરાને બાપ મળી જાય. છોકરીને મા મળી જાય.

નિશાંત : ભાઈ-બહેનની જોડી થઈ જાય.

ભદ્રા : માફ કરજો વડીલ પણ એ છોકરો મારી દીકરીનું બાળક નથી.

નિશાંત : તે એમને એમ આવી ગયો? બજારમાંથી વેચાતો લીધો છે?

પુરુષ : બેટા એ છોકરો કેમ આવ્યો તે જાણી તારે શું કામ છે? જો બહેન એ છોકરો છે એ તો હકીકત છે ને!

ભદ્રા : (અક્કડ અવાજે) હા, છોકરો છે એ હકીકત છે. મારી દીકરી એ તો સેવાનું કામ કર્યું છે. છોકરો દત્તક લીધો છે.

પુરુષ : જો બહેન આવી વાત કોઈ સ્વીકારે નહીં. કુંવારી છે દત્તક લેવાનું શું કામ?

ભદ્રા : જુઓ ભાઈ એ અમારો વિષય છે.

તપસ્યા : વડીલ, તમારો દીકરો વિધુર થયો એટલે તેની દીકરી ઉછેરવા અને સાચવવા જેમ માની જરૂર પડી એમ એવાં અનેક બાળકો અનાથ છે જેને મા-બાપની જરૂર છે. એ બાળકોને જન્મતાંની સાથે જ રેઢાં મૂકી દીધાં હોય છે. આજે મારા જેવી આવા બાળકને દત્તક લેશે તો આવતી કાલે બીજી કોઈ યુવતી બાળકને દત્તક લેશે. તમારા જેવા મારા ચારિત્ર ઉપર શંકા કરો છો એ કરતાં તમારા જેવાનાં ઘરમાં અનૈતિક સંબંધથી જન્મેલા બાળકને ગામને ખૂણે ઉકરડામાં છોડી દો છો તે તો તમે મોટું પાપ કરો છો - આવાં યુવક-યુવતી અને



તેને છોડી દેનાર કુટુંબનું ચારિત્ર વધુ હલકું ગણાય સમજયાને? મારા જેવી કુંવારી છોકરી દત્તક બાળક લે તેના ચારિત્ર ઉપર શંકા કરવી છોડો વડીલ. (બે હાથ જોડી) મહેરબાની કરી તમારા ભણેલ ગણેલ મોટા પગારદાર દીકરાને લઈ ચાલ્યા જાવ.

(બન્ને પુરુષો જાય છે.)

(દૃશ્ય બદલાય છે.)

સાગર : તપસ્યા તું? આમ એકાએક?

તપસ્યા : કેમ હું આવી તે ન ગમ્યું?

સાગર : (હસીને) અરે બહુ ગમ્યું... પણ આમ ઓચિંતી ટપકી પડી એટલે કહું છું. મને મોબાઇલ કર્યો હોત તો તું કહેત ત્યાં હું આવી જાત.

તપસ્યા : (ગંભીરતાથી) આજે જે જવાબ લેવા આવી છું તે માટે મારે તને મેન્ટલ પ્રિપેરેશન 'નો સમય કરવા નો'તો દેવો.

સાગર : (હસીને)...પણ હું કોઈ પણ પ્રશ્નનો જવાબ વિચાર્યા વિના નથી આપતો. સમજી?

તપસ્યા : તો હું પણ તને જણાવી દઉં કે મારા પ્રસ્નનો જવાબ હું અત્યારે જ લઈને જવાની છું સમજયો?

સાગર : (હસીને) બોલ...બોલ...શું પ્રશ્ન છે?

તપસ્યા : તું મને પ્રેમ કરે છે?

સાગર : બસ... આ જ પ્રશ્ન પૂછવા દોડી આવી?

તપસ્યા : મારી સાથે લગ્ન કરવા તૈયાર છે?

સાગર : (હસતાં હસતાં) અત્યારે ભાગીને કરવાનાં છે?

તપસ્યા : મજાક છોડ. હું એ જવાબ લેવા આવી છું કે મારો મુન્નો મારી સાથે આવશે તે તને મંજૂર છેને?

સાગર : તપસ્યા... સાચું કહું તો મને એ જ પ્રશ્ન મૂંઝવે છે?

તપસ્યા : કેમ...? તને તો મુન્નો ગમે છે તો કઈ વાતે મૂંઝવણ છે?

સાગર : તપસ્યા હું જાણું છું કે મુન્નાને તેં અનાથઆશ્રમમાંથી દત્તક લીધો છે પણ...

તપસ્યા : ...પણ તારા કુટુંબ અને સમાજથી તું ડરે છે એમ જને? તારે હિંમતથી કહેવાનું કે મને ખબર છે કે આ બાળક દત્તક લેવાયું છે.

સાગર : આપણા લગ્ન પછીના શરૂઆતના ગુલાબી આનંદી દિવસોમાં એ બાળક અવરોધક નહીં બને? આપણે હનિમુન કરવા જશું ત્યારે એ બાળકને શું સાથે લઈ જશું?

તપસ્યા : એ તો સાથે જ આવેને...મારા વિના એ ન રહી શકે.

સાગર : (મજાકભર્યું હસતાં) કેવી નક્કામી વાત કરે છે! તું તો તારા બાળકની લાગણી અને માગણીમાં જ રહે અને આપણે મુક્ત આનંદ ન કરી શકીએ. વિચાર તો કર. આવું હનિમુન કોઈએ કર્યું હશે?

તપસ્યા : માની લે કે હું એમ કહું કે હું પ્રેગ્નટ છું અને આવી સ્થિતિમાં આપણે તાત્કાલિક લગ્ન કરવાં પડે તેમ હોય તો તું શું કરે?

સાગર : બહુ જ સિમ્પલ વાત છે કોઈને પણ જાણ કર્યા વિના હું તારા ગર્ભનું 'એબોર્શન' કરાવી નાખું...પછી જ લગ્ન કરીએ.

તપસ્યા : વાહ...વાહ.. 'એબોર્શન' બહુ સહેલાઈથી કહી દીધું.
(થોડું અટકીને)...અને માની લે કે હું 'એબોર્શન' કરવાની ના પાડું તો?

સાગર : તો...તો...હું તારી સાથે લગ્ન ન કરું.

તપસ્યા : (મજાકભરી તાળી પાડતાં) વાહ...વાહ...હું તારી સાથે લગ્ન નહીં કરું ...તું કૂવામાં પડ, પંખા ઉપર લટકાઈ જા, માંકડ મારવાની દવા પી લે...ગુલાબનું ફૂલ આપી આઈ લવ યુ થી શરૂ થયેલ નાટકનો કેવો સરળ અંત...

સાગર : તારે જે કહેવું હોય તે કહે પણ ટૂંકી વાત તારા દત્તક બાળક સાથે હું તારી સાથે લગ્ન ન જ કરી શકું.(થોડું અટકીને)...અને જો તું આ પ્રશ્ને મને છોડી દેવા તૈયાર....

તપસ્યા : હું તને છોડી દેવા નહીં તું મને છોડી દેવા તૈયાર થયો છે.

સાગર : તું જે માને તે..

તપસ્યા : ઓ...કે..મિસ્ટર સાગર...ગુડબાય...
(નાટકનો પડદો પડે છે..)

(દશ્ય બદલાય છે)

સરવાણી : ઓ...ડેડી તમે હજુ સૂતા નથી? (થોડું અટકીને) કેમ મુડલેસ છો?

ડેડી : સરૂ તારા નાટકમાં ખોવાઈ ગયો છું.

સરવાણી : કેમ...? ન ગમ્યું...?

ડેડી : અરે બેટા બહુ જ ગમ્યું. મારી દીકરી સમાજને નવી દિશા બતાવતું આદર્શવાદી પાત્ર ભજવી રહી છે તે જોઈ ખુશી થઈ.

સરવાણી : ડેડી હું એક્ટ કરતાં જોતી હતી કે તમે ઈમોશનલ બની ગયા હતા. અને રૂમાલથી આંખ લૂછ્યા કરતા હતા.

ડેડી : મને તો તપસ્યા તરીકે તને જોઈ ગૌરવ થયું. આદર્શ માટે પ્રેમીને પણ પડતો મૂકી દીધો.

સરવાણી : હવે એ ગૌરવ ભૂલી જાવ. (હસીને) વળી કંઈ સાચે જ દત્તક બાળક લેવાનું કહેશો. એ તો નાટક હતું. કુંવારી છોકરીએ કંઈ દત્તક બાળક લેવાતું હશે? લગ્નજીવનમાં આડું આવે જ.

ડેડી : હા, તમારે તો યુવાન પેઢીએ કહેવાતો પ્રેમ કરવો છે. હરવું ફરવું, રેસ્ટોરાંમાં જવું, ફિલ્મો જોવી, હા, શરીરસુખ પણ મહાણવું અને પછી જો પ્રેગ્નટ થઈ જવાય તો ખાનગીમાં એબોર્શન કરાવવું અથવા અનાથઆશ્રમમાં બાળક મૂકી દેવું, વળી પંખા ઉપર લટકાઈ આત્મહત્યા કરવી. કહેવાતો પ્રેમ...તું કહેતી હતીને અભણ અસંસ્કારી તમે ભણેલા કહેવાતા સંસ્કારી શું કરો છો?
(થોડું અટકીને)
બાય ધ વે તને ઘેર કોણ મૂકી ગયું?

સરવાણી : મારો પ્રેમી સાગર..

ડેડી : ..પણ એણે તો તને પરણવાની ના પાડી?

સરવાણી : (શરમાઈને)...એ તો નાટકમાં.

ડેડી : - તો એમ વાત છે..ઈલુ...ઈલુ...

સરવાણી : તમે પણ શું ડેડી?

ડેડી : શું કરે છે તારો સાગર?

સરવાણી : પી.જી.ના ફાઈનલ ઈયરમાં છે, તે પછી કંઈ કોર્સ કરવા અમેરિકા જવાનો છે.

ડેડી : (ચોંકીને) અમેરિકા..? સરૂ પ્લીઝ એમને સમજાવ કે એ અમેરિકા ન જાય.

સરવાણી : કેમ..કેમ..? ડેડી એ અમેરિકા જાય તો તેની કેરિયર બની જાયને...

ડેડી : હા, તો મારી એક શરત છે. પહેલાં લગ્ન કરે તને સાથે લઈ જાય.

સરવાણી : ...પણ ડેડી એ કોર્સ પૂરો કરી આવશે. લગ્ન કરી પાછો જશે અને સેટલ થયા પછી એકાદ વર્ષમાં મને બોલાવી લેશે.

ડેડી : બેટા, ઘણા કિસ્સાઓ હું જાણું છું કે લગ્ન કરી અમેરિકા જાય અને પછી ત્યાં લગ્ન કરી લે અને અહીં પત્નીને રઝળતી મૂકી દે.

સરવાણી : સાગર એવું કરે એવો નથી..

ડેડી : મને હવે ઊંઘ આવે છે. ગુડનાઈટ.

(દશ્ય બદલાય છે)

(સરવાણી કબાટમાં ચોપડીઓ ગોઠવે છે. એક ચોપડીમાંથી યુવતીનો ફોટો મળે છે.)

સરવાણી : (સ્વગત) ડેડીની ચોપડીમાં આ યુવતિનો ફોટો? મમ્મીનો તો કોઈ ફોટો નથી એમ ડેડી કહે છે. તો લગ્ન પહેલાં ડેડીને કોઈ સાથે લવ હશે? ફોટો મળતાં ડેડી એક રહસ્યમય પિતા તો બન્યા જ છે ડૉક્ટર અંકલને પૂછીશ.
(ડોરબેલ વાગતાં સરવાણી બારણાં ખોલવા જાય છે.)
આવો, આવો ડૉક્ટરઅંકલ સો વર્ષનું આયુષ્ય છે તમને જ યાદ કરતી હતી.

ડૉક્ટર : કેમ બેટા...શું ગાળ દેતી હતી?

સરવાણી : બસ એ જ કે જુવાનીમાં તમે અને ડેડીએ કંઈક ખેલ ખેલ્યા હશે.

ડૉક્ટર : જુવાનીની ક્યાં કરે છે? અત્યારે પણ અમો જલસો જ કરીએ છીએ.

સરવાણી : અંકલ તમે ઘરડા થઈ જશો અને આપણે પ્રવાસમાં જશું ત્યારે પણ યુવતીને જોઈ તમે લાળ પાડતા હશો.

ડૉક્ટર : હા...એ મજા જ ઓર છે. અમે તો સાથે મળી વિલ કરવાના છીએ કે અમારાં અસ્થિવિસર્જન રોહતાંગ અને ગુલમર્ગના સ્નોમાં અને બદ્રીકેદારનાથની ખીણોમાં જ કરવાં.

સરવાણી : પ્રોમીસ. મારી જવાબદારી બસ..(હસે છે.)

ડૉક્ટર : ક્યાં ગયો તારો ખાધૂડકો ડેડી? આજે સાંજે

તારી આન્ટી દાળ-બાટી બનાવવાની છે એટલે તમને બન્નેને આમંત્રણ આપવા આવ્યો છું.

સરવાણી : અંકલ ફોન કરી દેવો હતો ને...ધક્કો કર્યો?

ડૉક્ટર : બે દિવસથી મળ્યો નો'તો એટલે મળવા આવ્યો છું અને દાલબાટી સાંભળતાં તારા પપ્પાનું મોઢું કેવું થાય છે તે જોવા આવ્યો છું.

(બન્ને હસે છે)

સરવાણી : અંકલ ગઈકાલે મારી કૉલેજનું એન્યુઅલ ફંક્શન હતું, અને નાટકમાં હું હીરોઈન હતી. ડેડી પણ આવેલા.

ડૉક્ટર : હા, તારા પ્રો. પરમારનો આમંત્રણનો મને પણ ફોન હતો પણ એક 'ઈમરજન્સી કેસ' આવી જતાં આવી ન શક્યો. પણ સાંભળ્યું કે સારું ભજવાયું.

સરવાણી : તમને કેમ ખબર પડી?

ડૉક્ટર : તારા નાટકનો પ્રેમી મારો નેબર છે. મારો દોસ્ત છે. નાટકમાં લગ્ન કરવાની ના પાડી એટલે ગભરાઈશ નહીં. મારી જવાબદારી. છોકરો સારો છે.

સરવાણી : (શરમાતાં) તમે પણ શું અંકલ?

ડૉક્ટર : કેમ એમાં શું? નાટકનો પ્રેમ નાટક પછી જ પાંગરે...અમારી કૉલેજમાં શાંકુતલ નાટક ભજવાયેલું તેના દુષ્યંત શકુન્તલા પાછળથી પરણી ગયાં. તારા ડેડી...(બોલતાં અટકી જાય છે.)

સરવાણી : કેમ...કેમ..અંકલ અટકી ગયા?

ડૉક્ટર : હા, કહેતો હતો કે તારા ડેડી પણ નાટકમાં ભાગ લેતા હતા.

સરવાણી : અને તેના નાટકની હીરોઈન સાથે પ્રેમ થઈ ગયેલો એમ જ કહેવા જતા હતાને ?

ડૉક્ટર : (કંઈક અકળાતાં) ના...બેટા....ના....

સરવાણી : અંકલ ડેડીના લવ મેરેજ હતાં કે એરેંજ મેરેજ..?

ડૉક્ટર : (જવાબ ઉડાડી દેતાં) હેં...?

સરવાણી : લગ્ન પહેલાં કોઈ સાથે લવ થયો હશે નહીં? તેની સાથે લગ્ન નહીં થયાં હોય ખરું ને?

ડૉક્ટર : તું કેમ આજે આવા પ્રશ્નો પૂછે છે? તારે કરવાં હોય તો કરજે ને લવમેરેજ...

સરવાણી : અંકલ જવાબ ન આપવો હોય તો ના પાડી દો..

ડૉક્ટર : પ્લીઝ સરૂ....તું તારા ડેડીને જ પૂછી લે જે...

સરવાણી : નક્કી તમે કંઈ છુપાવો છો? કંઈક રહસ્ય જરૂર છે.

ડૉક્ટર : તને આજે સું થયું છે? કેમ આવું પૂછે છે? (ઈમોશનલ બની જતા) બેટા તારો ડેડી તો સમાજમાં જીવતો સંત છે. તું તો નવજાત બાળકી હતી એક મા ઉછેરે તેમ તને ઉછેરી. મોટી થયા પછી તો તું જાણે છે કે કેવા લાડથી તને સાચવી છે?

સરવાણી : હા, અંકલ ડેડી પવિત્ર પિતા છે તે હું પણ સ્વીકારું

(ડેડીનો પ્રવેશ)

ડેડી : ક્યાં ખોવાઈ ગયેલો બે દિવસથી?

ડૉક્ટર : મારી સાળી આવેલી થોડો બીઝી હતો.

ડેડી : હં...સાળી સાથે હર્યો ફર્યો એમને ? કઈ ફિલ્મ જોઈ? કંઈ ડાઇનિંગ હૉલમાં જમવા લઈ ગયેલો?

ડૉક્ટર : આ સરૂની કાકીને તું ઓળખે છે ને? ભેગીને ભેગી...

ડેડી : ભાભીને આંજણી થઈ હતી તેને કેમ છે? આંજણી એને થઈને લાભ તને થયો...સાળી સાથે ફરવા મળ્યું!

ડૉક્ટર : મૂળ વાત તો ભુલાઈ ગઈ. આજે સાંજે તારી ભાભી દાળ-બાટી બનાવવાની છે. તમને આમંત્રણ આપવા આવ્યો છું.

ડેડી : ઉત્સાહથી દાળ-બાટી...?! જામશે..

ડૉક્ટર : જો સરૂ, હું તને નો'તો કહેતો કે વાનગીનું નામ સાંભળતા જ તારા ડેડીના માત્ર મોઢામાંથી જ નહીં આખા શરીરમાંથી પાણી છૂટે છે.

સરવાણી : અંકલ તમે અત્યારથી જ કહી દો કે લિમિટમાં ખાવાનું.

ડૉક્ટર : હા, તેણે બે નાની બાટી અને બે ચમચા દાળ જ ખાવાની.

ડેડી : ...અને ભાઈ સાહેબ મારી સામે બેઠા બેઠા દાબશે. ચાલ ચાલ જેટલું તું ખાઈશ એટલું જ હું ખાઈશ.

ડૉક્ટર : (હસીને) હા, મારા બાપ તારે ખાવું હોય એટલું ખાજે. ઈન્સ્યુલીન સાથે લઈને આવજે.

(ડૉક્ટર જાય છે)

(દૃશ્ય બદલાય છે)

(ડેડી સોફા ઉપર રીલેક્સ પડ્યા છે. સરવાણી ફોટો સંતાડી પાછળથી આવે છે)

સરવાણી : ડેડી આંખ બંધ કરો. હું કહું ત્યારે ખોલવાની.

ડેડી : શું છે? તું પણ મને બાળકની જેમ રમાડે છે.

સરવાણી : પ્લીઝ ડેડી થોડી સેંકડો માટે આંખ બંધ કરો.

ડેડી : લે આંખ બંધ કરી...હવે...?

સરવાણી : (ડેડી સામે યુવતીનો ફોટો રાખી) આંખ ખોલો. ડેડી આ કોનો ફોટો છે તમે તો કહેતા હતા કે મમ્મીનો કોઈ ફોટો જ નથી. આ કોનો ફોટો સાચવ્યો છે? કોઈને લવ કરેલો?

(ડેડીએ જવાબ આપ્યા વિના ફોટો લઈ લીધો)

થોડી ક્ષણો શાંતિ રહે છે.

ડેડી : હા, સરૂ તું તારા સાગરને એકવાર ઘેર તો લઈ આવ.

સરવાણી : કેમ...? મને ઘરમાંથી વહેલી કાઢી મૂકવી છે?

ડેડી : અરે...ના...એની સાથે થોડી વાતો કરું સમજે તો સમજાવું કે અમેરિકા જવાનો ક્રેઝ છોડી દે...

સરવાણી : મને ખબર નથી પડતી કે તમને અમેરિકા તરફ આટલી બધી સૂગ કેમ છે?

(સરવાણી નાખુશ થઈને બહાર જતાં) ડેડી હું થોડીવારમાં આવું છું.

(ડૉક્ટરનો પ્રવેશ)

ડેડી : કેમ પાછો આવ્યો?



ડૉક્ટર : થોડો 'અપસેટ' થયો છું. સવારે આવ્યો ત્યારે સરવાણીએ ઘણા પ્રશ્નો કર્યા. અંકલ ડેડીએ લવ મેરેજ કરેલાં? લગ્ન પહેલાં કોઈ સાથે લવ કરેલો? તેની સાથે લગ્ન નો'તાં થયાં? મને થયું કે સરૂ આજે કેમ આવા પ્રશ્નો પૂછે છે?

ડેડી : ગઈ કાલે કબાટની ચોપડીઓ ગોઠવતાં તેને મંદાકિનીનો ફોટો મળ્યો. તું ગયા પછી મને પૂછ્યું ડેડી આ કોનો ફોટો છે?

સરવાણી : મેં ફોટો લઈ લીધો. કંઈ જવાબ ન આપ્યો. મને ડિસ્ટર્બ થયેલો જોઈ વધુ કંઈ ન પૂછ્યું.

ડૉક્ટર : આજે જ કેવું જોગાનુજોગ બન્યું છે? હું ઘેર પહોંચ્યો ત્યાં પરાશરના અંકલનો ફોન આવ્યો. ગઈકાલે અમેરિકામાં પરાશરનું અવસાન થયું છે.

ડેડી : અરે... વેરી સેડ... કેમ કંઈ બીમાર હતો?

ડૉક્ટર : 'હાર્ટફેઈલ' થઈ ગયું.

ડેડી : આપણી ત્રિપુટીમાંથી એક ગયો.

ડૉક્ટર : મારે માટે તો તેણે મંદાકિની સાથે મેરેજ કર્યા ત્યારે જ મરી ચૂક્યો હતો. પીઠ પાછળ ખંજર મારે એ મિત્ર શેનો? મંદાકિની સાથે લગ્ન કરી તારો વિશ્વાસઘાત કર્યો અને પછી 'પ્રેગ્નન્ટ' મંદાકિનીને છોડી દઈ અમેરિકામાં લગ્ન કરી લીધાં.

(થોડી ક્ષણોની શાંતિ)

ડૉક્ટર : ...પણ હા, હવે તારે સરૂને સાચી વાત જણાવી દેવી જોઈએ.

ડેડી : પરાશરના અવસાનના સમાચાર ન આપ્યા હોત કે મંદાકિનીનો ફોટો ન મળ્યો હોત તો પણ હું સરૂને સત્ય જણાવવાનો જ હતો.

(સરવાણીનો પ્રવેશ)

સરવાણી : કેમ અંકલ તમે પાછા આવ્યા?...કોઈના બેસણામાં બેઠા રહ્યાં હો તેમ બે જણા શાંત બેઠા છો?

ડૉક્ટર : બેટા, મારે મોડું થાય છે...તારા ડેડી તને વાત કરશે.

(ડૉક્ટર જાય છે)

ડેડી : સરૂ અમેરિકામાં અમારા એક બાળમિત્રના અવસાનના સમાચાર દેવા ડૉક્ટર આવ્યો હતો.

સરવાણી : ઓ...વેરી સેડ...રિલેક્સ ડેડી.

ડેડી : આ પરાશર, ડૉક્ટર અને હું બાળમિત્રો. સાથે હરતાફરતા રમતા અને ખૂબ આનંદ કર્યો છે...પણ...(અટકી જાય છે.)

સરવાણી : ...પણ શું? કેમ અટકી ગયા?

ડેડી : સરૂ તેં મને એકવાર પૂછેલું ને કે ડેડી તમે કોઈને લવ કરેલો? હા, બેટા તને જે ફોટો મળ્યો એ મંદાકિનીનો છે અમે બન્ને પરસ્પર પ્રેમમાં હતાં.

સરૂ : તો શું એ દગો દઈ બીજે પરણી ગઈ? તમે મારી મમ્મી સાથે અનિચ્છાએ લગ્ન કરેલાં?

ડેડી : ના..બેટા. પરાશર અમેરિકામાં સેટલ થવાનો હતો. તેથી મંદાકિનીના પપ્પાએ તેને અમેરિકાનું પ્રલોભન આપ્યું. દબાણ કર્યું અને મંદાકિનીને પરાશર સાથે પરણાવી દીધી.

સરવાણી : વોટ એ ગ્રીડી પરશન? આવા મિત્રના ડેથથી આટલા બધા દુ:ખી શું થાવ છો?

ડેડી : એ બન્નેએ લગ્ન કર્યા. હનિમૂન ઉપર જઈ આવ્યાં. બે ક મહિના સાથે રહ્યાં અને પરાશર અમેરિકા જતો રહ્યો. મંદાકિનીને કહ્યું હું સેટલ થયા પછી તને છ માસમાં બોલાવી લઈશ... અને બેટા પરાશરે અમેરિકામાં ત્યાંની યુવતી સાથે લગ્ન કરી લીધાં...મંદાકિનીને રઝળતી છોડી દીધી.

સરવાણી : વોટ એ હોપલેસ મેન?!

ડેડી : બેટા એટલે જ અમેરિકાનું નામ સાંભળી હું ભડકું છું.

સરવાણી : ડેડી તમે તો આદર્શવાદી છો...એ અભાગી મંદાકિનીને અપનાવી કેમ નહીં ?

ડેડી : એ પ્રેગ્નટ હતી. મેં અને ડૉક્ટરે તેને ખૂબ સમજાવી...પણ તેણે કહ્યું કે તારી સાથે લગ્ન કરું તો આ અમારું બાળક જોઈ તને મેં કરેલો વિશ્વાસઘાત યાદ આવ્યા જ કરે...મેં કહ્યું આપણે આપણું બાળક પેદા નહીં કરીએ. આ બાળકને જ ઉછેરશું...પણ એ માની જ નહીં.

સરવાણી : એ અત્યારે ક્યાં છે? બીજા કોઈ સાથે લગ્ન કર્યાં.

ડેડી : ના બેટા, ડૉક્ટર અંકલની ક્લિનિકમાં એની ડિલિવરી થઈ, કંઈ 'કોમ્પ્લિકેશન' થયું. ડૉક્ટરે મને બોલાવ્યો. મંદાકિનીએ મને કહ્યું જો તારી સાથે લગ્ન કર્યાં હોત તો તું વિધુર બન્યો હોત...મને સંતોષ થયો કે કુદરતે તને વિધુર થતાં બચાવી લીધો. (થોજું અટકીને)... અને સરૂ બીજે દિવસે મંદાકિની તને છોડીને જતી રહી.

સરવાણી : (ભાવપૂર્ણ અવાજે) વોટ આર યુ ટોકિંગ ડેડી?

ડેડી : હા, બેટા મેં તને દત્તક લીધી. તને ચોપડીમાંથી મળેલો ફોટો તારી મા મંદાકિનીનો છે.
બેટા આજે અમેરિકામાં તારા પપ્પા પરાશરને પણ ગુમાવ્યા છે.

સરવાણી : (ડેડીની આંખનાં આંસુ લૂછતાં કપાળ ઉપર ચુંબન કરી) નો...ડેડી આઈ ડોન્ટ નો માય ફાધર, આઈ ડોન્ટ નો માય મધર આઈ નો ઓનલી માય ગોડફાધર!

બી-૫૦૨, અર્જુન ગ્રેસ,
નારણપુરા બીએસએનએલ ઓફિસ નજીક,
શાસ્ત્રીનગર, અમદાવાદ-૩૮૦૦૬૩
મો. ૯૮૨૪૦૦૦૭૩૯





મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

કારણ ?

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

જેમાં,

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

પરિણામ ?

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

અને ફેલાવામાં અગ્રહરોળ ?

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

ગુજરાત પાક્ષિકની PDF
www.gujaratinformation.gujarat.gov.in
લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in



● લવાજમ ●
કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
₹ ૫૦.૦૦

ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત



"તરતું મૂકયુ અજવાળું"

ભાર્ગવીબહેન ભટ્ટ
મો. 9429639336




"કાન, તારી મોરલિયે મોહીને..."
જસ્મીન દવે
મો. 9909955117

કાવ્ય સંપુટ

રઘુવીર ચૌધરી
ચંદ્રકાન્ત શેઠ
રાજેન્દ્ર શુક્લ
માધવ રામાનુજ
યોસેફ મેકવાન
વિનોદ જોશી
મનોહર ત્રિવેદી
રાજેશ વ્યાસ 'મિસ્કીન'
મણિલાલ હ. પટેલ
ધીરેન્દ્ર મહેતા
નીતિન વડગામા
યોગેશ જોષી
કિસન સોસા
હર્ષદ ચંદારાણા
રમણીક સોમેશ્વર
મુસાફિર પાલનપુરી
શિવજી રૂખડા
દલપત પઢિયાર
બકુલેશ દેસાઈ
સંજુ વાળા
હર્ષ બ્રહ્મભટ્ટ
કૃષ્ણ દવે
ભાગ્યેશ જહા
અંકિત ત્રિવેદી
હર્ષદ ત્રિવેદી
દિલીપ જોશી
ગોવિંદ દરજી 'દેવાંશુ'
અઝીઝ ટંકારવી
રઈશ મનીઆર
ઉર્વીશ વસાવડા
કિશોર જિકાદરા
અનંત પટેલ
અનિલ ચાવડા

ભાવેશ ભટ્ટ
હરદ્વાર ગોસ્વામી
અશોક ચાવડા 'બેદિલ'
મનીષ પરમાર
સ્નેહી પરમાર
પ્રશાંત કેદાર જાદવ
રમેશ ઠક્કર
ડૉ. એસ. એસ. રાહી
સતીન દેસાઈ 'પરવેઝ'
ભાનુપ્રસાદ પુરાણી
પ્રદીપ સુમિરન
ભસ્માંગ માંકડ "સમ્રાટ"
નટવર આહલપરા
ડૉ. ઈશ્વર સુથાર (શિલ્પી)
પ્રફુલ્લ રાવલ
રમેશ પટેલ
ડૉ. મનહર ઠાકર
દિનેશ દેસાઈ
પ્રીતમ લખલાણી
રક્ષા શુક્લ
વિવેક મનહર ટેલર
નયના જાની
ચંદ્રશેખર પંડ્યા
ડૉ. ધૈવત શુક્લ
પારસ એસ. હેમાણી
ડૉ. મનોજ જોશી 'મન'
ડૉ. પ્રદીપ આઝાદ
હર્ષિદા દીપક
દીપક ત્રિવેદી
પ્રજ્ઞા પટેલ
ભાવિન ગોપાણી
તેજસ દવે
દર્શક આચાર્ય

વાઘેલા
ડૉ. મુકેશ જોષી
જયંતિ ધોકાઈ
પ્રશાંત સોમાણી
વિપુલ માંગરોલિયા 'વેદાંત'
શૈલેષ પંડ્યા 'ભીનાશ'
રેણુકા દવે
કનૈયાલાલ ભટ્ટ
ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'
સંસ્કૃતિરાણી દેસાઈ
વિનોદ ગાંધી
વિનુ બામણીયા
પ્રતાપસિંહ ડાભી 'હાકલ'
કિરણસિંહ ચૌહાણ
જિગર જોષી 'પ્રેમ'
ઉમેશ જોષી
મધુસૂદન પટેલ 'મધુ'
જિગર ઠક્કર 'ગઝલનાથ'
નટવર હેડાઉ 'વનવિહારી'
જિતેન્દ્ર પ્રજાપતિ
મહેશ દેસાઈ
હાર્દિક વ્યાસ
સ્નેહલ નિમાવત
ભરત વિંઝુડા
યોગેશ પંડ્યા
રવજી ગાબાણી
દિનેશ પોપટ
સતીશ ડણાક
સાહિલ
પ્રિ. અમીચંદભાઈ શા. પટેલ
હરીશ ધોબી
ચંદ્રેશ મકવાણા 'નારાજ'
કૌશિક મહેતા


"નારી તું નારાયણી"
અવની ઘનશ્યામભાઇ દવે
મો. 9327428500

ગંગાસાગર

- રઘુવીર ચૌધરી

સર્વત્ર પાવની ગંગા ત્રિષુ સ્નાતેષુ દુર્લભા.
ગંગા દ્વારે પ્રયાગે ચ ગંગા સાગર સંગમે.

અડાબીડ જંગલથી ઘેર્યા સાગર દ્વીપે,
હિંસ્ર પશુની હારમાળ ભેદીને આવ્યો અશ્વ સગરનો
મહામુનિને શરણે...
તૂટી ઈંદ્રજાળ ને ક્યા પહોંચી મહાદેવને ચરણે.

ગંગા પતિતપાવની જલ-થલ-વ્યોમે
દેવહુતી-કંર્દમ સુત નામે કપિલમુનિના
સાંખ્ય-શાસ્ત્રનાં સકલ તત્ત્વ આ ભોમે
ચીંધે પરમ પુરુષને પાર્થ સખાના નામે -
'સિદ્ધાનામ કપિલો મુનિ-'

રુદ્રનગરથી કપિલ મંદિરે
પોષ પૂનમનો મેળે મ્હાલે લખલખ માણસ
મુનિ સાથ ગંગા ને શિવને નમે
પ્રસાદી જમે, બાળ સહુ છીપલાં સાથે રમે.

કપિલ મુનિનું આંગણ આ
જલથલ સચરાચર,
સાગરમંથન પછી કિનારો પામ્યા
સૌ દેવાયત તે આ ગંગાસાગર.

જલમાંથી અહીં સૂર્ય ઊગે છે,
ચંદ્ર ઠરે છે નભમાં.
નવ લખ તારા બન્યા આગિયા
નાનાં મોટાં પુકુર પુકુરમાં
મીન મીનની આંખ તગે છે.

દૂર દૂર ઊભેલાં વૃક્ષો,
વિસ્તારે અંતરને ચીંધે દિશા દેવની,
પંખી ભૂલે ઊડવાનું
ને રામનામની ધૂન ચગે છે.
ગંગાસાગર સકલ તીર્થનું તીર્થ જગે છે.

એ/૬, પૂર્ણેશ્વર, ગુલબાઇ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૪૨૮૫૧૦૪૩૮





ક્યારે ?

- ચંદ્રકાન્ત શેઠ

ઘર, શેરી ને ગામ, નગર-સૌ ખૂલશે ક્યારે ?
બંધ બધું કરવાનું તાળાં ભૂલશે ક્યારે ?

ભીંતો બારી ખોલી નભને જોશે ક્યારે ?
શિવમયતા વિષમયતા પૂરી ધોશે ક્યારે ?

ચબૂતરાને કલરવ - પાંખો ફૂટશે જ્યારે ?
રસ્તાઓની અદબ - પલાંઠી છૂટશે ક્યારે ?

ઉંબર થાય ન ડુંગર - ઘર એ કરશે ક્યારે ?
હવા થવા હરિયાળી બાગે ફરશે ક્યારે ?

જીવ રમતના કલબલતા સૌ રમશે ક્યારે ?
એકે એકે મળવું સૌને ગમશે ક્યારે ?

દુનિયાને દોડી બથમાં લેવાશે ક્યારે ?
કાન મહીં કહેવા જેવું કહેવાશે ક્યારે ?

વગર બેડીએ બાંધ્યા પગ ડગ ભરશે ક્યારે ?
ખુલ્લંખુલ્લાં મન મેળે ઝરમરશે ક્યારે ?★
★ કોરોનાના સંદર્ભમાં થયેલી રચના

૯-બી, પૂર્ણેશ્વર ફ્લેટ્સ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૪૨૮૧૦૧૭૯૭

કેવી ઠકુરાઈ ?

- રાજેન્દ્ર શુક્લ

કરવાનું ના કાંઈ આમે,
અમથું અમથું કોણ ઉથામે !

નામ ઉધાર્યું જેના નામે,
ઉઘરાણી એનાં સરનામે !

આજ ઊભું જો આવી સામે,
સઘળું પ્હોંચી ગયું સ્વધામે !

ક્યાંય કશું ના લાગે કામે,
પામણહારું પળમાં પામે !

એના ડારે કોણ ડર્યું છે,
બહુબહુ તો એ નેણ ઉગામે !

એવો મારગ પૂછીને શું ?
કદી નથી જાવું જે ગામે !

ઠાલપની કેવી ઠકુરાઈ
ઠાઠ ઠઠ્યો છે ઠામે ઠામે !

૨/૫૨૯, સત્યાગ્રહ છાવણી,
જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.





એ તો કહો...

- માધવ રામાનુજ

જીવવાનું કે જીરવવાનું, કહો -
યાદ કરવાનું કે બસ ભૂલી જવાનું -
પામવાનું કે અજાણ્યા રહી જવાનું
આ બધામાં સારું શું છે એ તો કહો !

છોડવાનું હોય પણે છૂટે નહીં -
તોડવાનું હોય પણ તૂટે નહીં -
સાવ ખાલી થઈ જવાનું હોય પણ
વહેંચતા જઈએ છતાં ખૂટે નહીં...

ગમતું જે કંઈ હોય એ ના થઈ શકે -
કોઈનું દુઃખ કોઈયે ના લઈ શકે.
આપણી ઈચ્છા પ્રમાણે જિંદગી
કેમ ના જિવાય રે, એ તો કહો

હો છલોછલ તોય લાગે કે અધૂરું -
ઈચ્છવાનું કેમ આ, ના થાય પૂરું ?
જીવવાનું છે કે આ છે ઝંખવાનું ?
શું સમજવાનું અરે, એ તો કહો !

જે/૧૧, વિક્રમ એપાર્ટમેન્ટ,
શ્રેયસ ક્રોસીંગ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૭૯૭૬૭૦૦૯

જીવતર તો...

- યોસેફ મેકવાન

જીવતર તો ખૂલીને જીવવાનું નામ છે,
જીવતર તો ભૂલીને જીવવાનું નામ છે !

ઊડતા પંખીને કોઈ રોકીને પૂછે કે -
કઈ દિશામાં તારે ઊડવું ?
પંખી કહેતું કે મારું પંખીપણું લઈને,
મારામાં ઓળઘોળ બૂડવું !
આપે આનંદ એ સઘળાંની સંગ મારો
પળેપળનો સાચો મુકામ છે !
જીવતર તો ભૂલીને જીવવાનું નામ છે.
જીવતર તો ખૂલીને જીવવાનું નામ છે !

વ્હેલી પરોઢના ઝાડ ઉપર પંખી
કલરવના કરે છંટકાવ.
ઊડ્યા પછીથી એ ઝાડનેય એનો
રહેતો ના કોઈ લગાવ !
હરિયાળું ઝાડ એ ધરતી પર ઝૂમતું
પ્રેમનું 'મોંઘેરું' ધામ છે !
જીવતર તો ભૂલીને જીવવાનું નામ છે.
જીવતર તો ખૂલીને જીવવાનું નામ છે !

*૩૦૨, એન્જલ ડિવાઈન,
સંત કબીર સ્કૂલ સામે, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯. મો. ૯૮૨૪૧૭૬૬૭૫*





બેસ, મારી બાજુમાં...

- વિનોદ જોશી

બેસ, મારી બાજુમાં બેસ,
આવી તો કૈંક મને વાગી છે હાલતાં ને ચાલતાં હજાર વાર ઠેસ...

પાટું મારો ને તોય પડછાયો કોઈ દિવસ અંગૂઠે લોહી નથી કાઢતો,
રોજ ઘાસ પૂળામાં બાંધનાર પોતાના શ્વાસ નથી દાતરડે વાઢતો;

સહુને દેખાડવાનું રજવાડું આપણુંય, મડદાને ઓઢાડી ખેસ...

પાણી ને પાણામાં ભેદ નથી ખાસ તોય જુદું છે વહેવું ને વાગવું,
ઊંઘમાંય બેઉ બંધ પોપચાંની પછવાડે આંખોએ રોજ પડે જાગવું;

ભીતરના આંચકાઓ ભંડારી, હેમખેમ રાખવાનો પોતાનો નેસ...

*'પ્રયાગ', ૩૨, શ્વેતકમલ સોસાયટી,
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
મો. ૯૮૨૫૯૮૯૭૩૭*

હઠ...

- મનોહર ત્રિવેદી

લખું છું
કશુંક ને કશુંક
લખું છું વાર્તા કવિતા કે હિસાબો
હઠવત્

હઠ
વાંચવાની
પ્રવાસમાં પુસ્તકો સામયિકો અખબાર ડાયરીથી
હાંફે થેલો

સૌને -
ગમતાં - અણગમતાને મળવાની હઠ સાથે
નીકળું છું ઘરબહાર

બજાર ખરીદી લેવડદેવડ
ખાદીનાં વિવિધ વસ્ત્ર
સાબુ - શેમ્પૂ - પેસ્ટ - બ્રશ - ફેઈસવૉશ
એ પણ આખરે શું છે ?

ફૂટપાથ પરથી સામે જવા, રસ્તો ઓળંગવો
લગાતાર માણસો પશુઓ વાહનોની ભીડ વચ્ચેથી
બસ રિક્ષા કાર છોડી
પગપાળા સતત ચાલતાં રહેવું
થાકી જવાય તો પણ...

ધ્યાન
અન્તર્ધાન થવું
શીર્ણવિશીર્ણ થૈ જવું
કોઈને કહેવું સાફ સાફ
માફ કરતાં રહેવું
એમાં પણ ઘોંચપરોણો તો પેલી હઠનો જ...

આ પ્રેમબેમ લાગે બધું, બધ્ધું જ
કુશળક્ષેમ
લાગે નહીં,
લગાડું હઠવશ

શ્વાસઉચ્છ્વાસ
દેહને ટકાવવાની
બીજું શું છે, હઠ સિવાય ?
ઘૂમે
સર્વ ચીજ પરિઘમાં
કેન્દ્ર સુધી કોઈને લવાયું નથી.

છૂટતી નથી આ હઠ

'પ્રણવ', સૂર્યનગર, ઢસા જંકશન,
જિ. બોટાદ-૩૬૪૭૪૦.
મો. ૯૩૨૭૭૩૯૦૬૮



એકોહમ બહુસ્યામિ...

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

જેના નામે અનેક દરિયા તું કે હું,
ધરાવતો જે અનંત ઈચ્છા તું કે હું.

બધા રહસ્યો-ગ્રંથો પડદા તું કે હું,
અખંડ દીવા જેવી શ્રદ્ધા તું કે હું.

બાહર-ભીતર રચતો દુનિયા તું કે હું,
જંગલ-પર્વત-નદીઓ ઝરણાં તું કે હું.

કોણ ભરાવે છે આ પગલાં તું કે હું,
મંઝિલ-રસ્તા-દિશા-વિસામા તું કે હું.

આસ્તિક, નાસ્તિકમાં ચર્ચાતા તું કે હું,
બધી ધારણા બધી જ વ્યાખ્યા તું કે હું.

હું તો કેવળ આંખ, મને લાગ્યો કાયમ,
અનેક રૂપે સ્વયમ પ્રતીક્ષા તું કે હું.

દરેક દુઃખમાં થયું આટલું મને સદા,
કોણ આપતું રહ્યું પરીક્ષા તું કે હું.

'મિસ્કીન', બંગલા નં-૧, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોનઃ ૨૬૬૦૨૧૫૪

મહામારી...

- મણિલાલ હ. પટેલ

ભૂરા આકાશ નીચે
પાકી ગયું છે પીડાનું ફળ
હોવાપણાની ડાળ પર
પાનખર બેસી ગઈ છે.

ઝુરાપો ઝાડ થવામાં છે,
વ્યથાના વાવાઝોડાં અટકતા નથી
લીલાં વનોમાં આગ લાગી છે
સૂર્યચંદ્ર ગ્રહણે ચડ્યા છે.

પૃથ્વી પડખું બદલે છે
દરિયો નગરમાં પ્રવેશ્યો છે
ડુંગરા ગામને પાદરે આવ્યા છે
નદીએ વ્હેણ બદલ્યું છે.

હાથવટો પામેલા હાથ
વાટવટો પામેલા પગ
નિઃસહાય સંબંધો ને લાગણીઓ
નિશાળોમાં ક્વૉરન્ટાઈન છે.

સાધુ વેશમાં આંગણે આવેલું
સુખ કોઈથી ઓળખાયું નહીં
વાઈરલ થયું છે બહુરૂપી મરણ
પીડાનું પકવ ફળ ખરતું કેમ નથી ?
પૃથ્વી વાટ જુવે છે :
નવા લીલા ઘાસને ઊગવું છે...

'સહજ' બંગલો, શાસ્ત્રી માર્ગ,
શાન્તાબા બગીચા પાસે, વલ્લભવિદ્યાનગર,
જિ. આણંદ-૩૮૮૧૨૦. મો. ૯૪૨૬૯૮૬૧૭૫૭





ગહરાઈમાં...

- ધીરેન્દ્ર મહેતા

આ ગીત અચાનક આવ્યું પુરવાઈમાં,
ને સાંજ ગઈ રોકાઈ વનરાઈમાં.

ખોવાઈ ગઈ જે આંખો ઊંચાઈમાં,
આવી ગઈ પાછી ક્યારે ગહરાઈમાં ?

રોકાઈ ગયાં સૌ ગાણાં આવી કંઠે,
આ સૂર ક્યા છે રેલ્યા શરણાઈમાં ?

આકાશ તળે ઉછાળ્યા'તા જે શબ્દો,
એના જ ઝિલાયા પડઘાઓ ખાઈમાં.

તારીફ થઈ, એ બોલ્યાં, સાંભળ્યું મેં,
તું બોલ, રહ્યું શું બાકી બૂરાઈમાં ?

'જીવન છાયા', હોસ્પિટલ રોડ,
પંડિત દીનદયાલ ઉપાધ્યાય માર્ગ,
ભૂજ (કચ્છ)-૩૭૦૦૦૧. મો. ૮૯૮૦૦૧૧૦૨૫

ક્યા કરમને કારણે ?

- નીતિન વડગામા

આ બધાં સપનાં ફળે છે, ક્યા કરમને કારણે ?
રાત આખી ઓગળે છે, ક્યા કરમને કારણે ?

હાથ લંબાયો નથી ક્યાંયે કશુંયે માગવા,
તોય સઘળું સાંપડે છે, ક્યા કરમને કારણે ?

થાય છે મનમાં સ્મરણ ને ત્યાં સ્વયં બીજી ક્ષણે,
આંગણે આવી ચડે છે, ક્યા કરમને કારણે ?

પ્રેમની એ સંપદામાં પ્રેમથી પાછા અહીં,
એ મને પણ સાંકળે છે, ક્યા કરમને કારણે ?

આમ આઠે પ્હોર સૂના શ્વાસને મ્હેકાવવા,
રોજ ફૂલો ઊઘડે છે, ક્યા કરમને કારણે ?

કૈંક જોજન દૂર રહીને કાન માંડી આખરે,
સાદ કોઈ સાંભળે છે, ક્યા કરમને કારણે ?

કોણ મૂકી વાટ એમાં તેલ પૂરે છે સતત ?
જાત અંદર ઝળહળે છે, ક્યા કરમને કારણે ?

'તાંદુલ', ૨, સ્વાતિ સોસાયટી,
આત્મીય કોલેજ પાછળ, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૮૦૦૦૦૦૦૨૦૭





સૂરજમુખી

- યોગેશ જોષી

આંગણમાં
સૂરજમુખીનાં બીજ રોપેલાં,
છેવટે કુમળો છોડ ફૂટ્યો !
વધ્યો,
કળી ફૂટી - કેસરિયાળી સોનેરી પીળી !
ખીલી,
ખૂલતી-ખીલતી ગઈ !

સોળે કળાએ
ખીલેલા સૂરજમુખીને
નીરખ્યા કર્યું, નીરખ્યા જ કર્યું,
જેમ
જશોદા નીરખે એના કાનુડાને,
છેક અંધારું ગાઢ થયા પછી
ઘરમાં આવ્યો.

બીજા દિવસે સવારે
સૂરજને જળ ચડાવવા જઉં છું
ને જોઉં છું તો
આકાશમાં સૂરજ નહીં !
સૂરજના બદલે સૂરજમુખી !

બી-૩૦૩, અર્જુન ગ્રીન્સ, મેનારવ હૉલ પાસે,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૦૫૪૯૬૮૦૫૭

આસિત...

- કિસન સોસા

આસિત

રૂંવાદાર રીંછ,

જંગલ જંગલ ઘૂમતું

ડાળીઓ તોડતું

બેઉ હાથ જોડતું

નમ્ર ભાવે.

આ ક્ષણે

ચંદ્ર તળે શીત

ચાવી રહ્યું નિરાંતનું મોરપિચ્છ

હર્ષ વિભોર

આસિત !

૧૨/૨૧૯૫, પ્રણામી મંદિર પાસે,
સૈયદપરા, સુરત-૩૯૫૦૦૩.
મો. ૮૮૬૬૩૭૨૯૩૦

વંદન - વ્હાલા...

- હર્ષદ ચંદારાણા

સાખી

વટવૃક્ષ અમારા ગુરુજન વરસાવે લીલપ જ્ઞાનની
વિદ્યાદાનમાં છાંયા રૂપે, આશિષ દે ઉદ્યાનની

વંદન : વ્હાલા

વંદન... વહાલા પ્યારાં સ્વામી પુરાણી જી,
મળવું તમને છે એક ગમતી ઉજાણી જી.

સત્સંગ પ્રગટાવી આયખું ઉજાળ્યું રે,
મન અમારું સ્થિર કરી પળમાં સંભાળ્યું રે.

કરાવી જય કોટિ કોટિ કરી હેતે લ્હાણી જી.

આશીર્વાદની કીધી હેલી ને હરખાયા રે,
ઠારી ભડભડ કરતી જલતા રથની કાયા રે.

નજર નાખી સંતાપો લીધા જાણી જી.

તરસ્યા પર વરસ્યા, ઝરમર ઝરમર સ્વામી રે,
હોઠે સ્મિત, આંખે અમરત, સુગંધી ખુદ સ્વામી રે.

છારોડી ધન્ય, ધન્ય સ્વામીની વાણી જી.

'અનન્ય', ૧, આવકાર સોસાયટી,
એરોડ્રામ સામે, અમરેલી. મો. ૯૮૨૫૦૭૫૧૭૫

ગીત

- રમણીક સોમેશ્વર



ઉપર ઉપર નભ વરસે ને અંદર બળતી લાય
કહોજી, આ કેવું કહેવાય !

ફડફડ થાતી પાંખો સાથે મળ્યું અધૂરું આભ
તણખો એક ખર્યો ત્યાં ભડભડ સળગી ઊઠ્યું દાભ
ખળખળ ખળખળ થયા કરે પણ વહેણ ન લાધે ક્યાંય
કહોજી, આ કેવું કહેવાય !

તરડ પડેલા દર્પણ વચ્ચે ઉકેલવાનું સાચ
પાણી ઉપર અક્ષર પાડી કોઈ કહે કે વાંચ
ધુમાડાને કાગળ ઉપર કઈ રીતે ચીતરાય
કહોજી, આ કેવું કહેવાય !



C/o. ડૉ. દર્શના ધોળકિયા, ન્યૂ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે,
ભુજ (કચ્છ)-૩૭૦૦૦૧. મો. ૯૪૨૯૩૪૨૧૦૦

સૈનિકની વિધવા છું !

(એક મરશિયાનુમા ગઝલ)

- *મુસાફિર પાલનપુરી*

નિરંતર અશ્રુની ઝરમર, કે હું સૈનિકની વિધવા છું !
અજંપાના ડસે અજગર, કે હું સૈનિકની વિધવા છું !

મેં કોહિનૂર મારો દેશને ખાતર ગુમાવ્યો છે -
મને છે ગર્વ મારા પર, કે હું સૈનિકની વિધવા છું !

જીવનની ભરવસંતે ચાંદલો ભૂંસાય એ કેવું ?
જડે ના ક્યાંય પણ ઉત્તર, કે હું સૈનિકની વિધવા છું !

પિતા છે, મા છે, ભાઈ છે, ભગિની છે અને તો પણ-
ધરા મારી છે ના અંબર, કે હું સૈનિકની વિધવા છું !

ઉદાસી મારા રોમેરોમમાં ઘૂંટી ગયું કોઈ -
ધખે દાવાનળો ભીતર, કે હું સૈનિકની વિધવા છું !

સિંદૂરી માંગ મારી ભૂંસી નાખી ક્રૂર દૈત્યોએ -
હિમાલય જાણે છાતી પર, કે હું સૈનિકની વિધવા છું !

પિતા વિણ થઈ ગયા લાચાર મારી ગોદનાં પુષ્પો,
ઉછેરું શી રીતે આખર ? કે હું સૈનિકની વિધવા છું !

કરું શું માન-અકરામો - તમારાં હે કૃપાવંતો !
નથી જ્યાં મારો જ્યોતિર્ધર, કે હું સૈનિકની વિધવા છું !

નથી કંઈ ખોટ ને તો પણ ગજબની ખોટ સાલે છે-
મરશિયા ગાય સૂનું ઘર, કે હું સૈનિકની વિધવા છું !

હતો ભરથાર મારો જોમવંતો, દેશદાઝીલો -
શહીદી વ્હોરી સરહદ પર, કે હું સૈનિકની વિધવા છું !

હવે ઝૂરે છે મારી જેમ મંગળસૂત્ર પણ મારું -
ઝુરાપો મારે જીવનભર, કે હું સૈનિકની વિધવા છું !

ત્રિરંગા જેમ મારું શિર સદા ઊંચું જ રહેવાનું -
ખરેખર ધન્ય છું ઈશ્વર ! કે હું સૈનિકની વિધવા છું !

'સુકૂન', જૂના ડાયરા, સલીમપુરા પાસે,
પાલનપુર, જિ. બનાસકાંઠા-૩૮૫૦૦૧. (ઉ.ગુ.)
મો. ૮૮૬૬૨૩૬૪૨૧





રિસાઈ ગયાં છે

- *શિવજી રૂખડા*

આવકારાની મઝા ગઈ, ઉમળકા રિસાઈ ગ્યાં છે,
આપણાં જિદ્દીપણાંથી આપણાં રિસાઈ ગ્યાં છે.

ગામતળમાં નામ છે ને ઘર હતું એમાં છતાં,
આંખની ગઈ ઓળખાણો ગામનાં રિસાઈ ગ્યાં છે.

ક્યાંક માથું દુઃખતું બીજે સબાકા આવતા'તા,
વાટકી વ્હેવાર જેવાં સામટાં રિસાઈ ગ્યાં છે.

ખૂબ મોટા થઈ ગયા છે આપણા મુકામ આજે,
સ્મિતનાં તોરણ વગરનાં બારણાં રિસાઈ ગ્યાં છે.

હાથ માથે એમ ફરતાં લોક ઊર્જાવાન થતાં,
હાથની વ્હાલપ ગઈ ઓવારણાં રિસાઈ ગ્યાં છે.

ખાનદાની મોભની જ્યાં રોજ હસતી, રોજ રમતી,
એ જ તો રોનક મટી ગઈ ખોરડાં રિસાઈ ગ્યાં છે.

આંખની હોસ્પિટલ પાસે, અમરપરા,
બગસરા (મેઘાણી), જિ. અમરેલી-૩૬૫૪૪૦.
મો. ૯૪૨૬૧૨૬૬૭૮

પામ્યાની પરસાદી, મનવા !

- દલપત પઢિયાર

પામ્યાની પરસાદી, મનવા !
મૂળ વસ્તુને વરતી લેતાં,
બધી વેળ વરસાદી, મનવા !

ઝાડ કદી ના જગ્યા છોડે,
અચલપણાનો ઓહો જો !
નદી નિરંતર વહેતી દોડે,
જળનો જાહો-જોહો જો !
જળ-સ્થળ મહાલે એક જ મેડો,
કેડો મોઘમ ને મરજાદી, મનવા !

બહાર દીસે રંગીલું, રૂડું,
છેવટ લગ છેતરવું કૂડું,
અસર ધરાનું તળ છે ઊંડું,
ફાડ ખલકો ફાડ, ખીલો ગાડ,
ભીતર ભોમ જો ભગવી જાગી,
શું ગુરુ, શું ગાદી, મનવા !

ધરતી કેરો છેડો નહીં,
ને આભતણો ક્યાં કેડો ?
તમે જ ઉઘાડો ઘર તમારું,
ભોંય તમારી ખેડો,
ઘટમાં થનગન ઘોડો, પિંજર તોડો, ઓઢો
અનહદની આઝાદી, મનવા !

એચ.આઈ.જી. ૯૨૩, સેક્ટર-૨૭
શિવશક્તિ સોસાયટી, ગાંધીનગર.





મળે જે ઘડી...

- બકુલેશ દેસાઈ

મળે જે ઘડી મસ્ત તારી ચબરખી
મને લાગતું જાણે પામ્યો અશરફી !

મિલન - શક્યતા ઓછીવત્તી હંમેશાં
પછી કેવી રીતે બધી રાત સરખી ?

આ છાતી અને પીઠ છે ચાળણી શી,
પરિચિત મને છૂરી - ભાલા ને બરછી !

મદિરા કે હોઠો... ગઝલ કે પ્રણયગીત,
જરૂરી બધાંને તડપ એકસરખી !

હૃદય હો... પ્રણય હો... મમત હો,
ગમે કોને રમવી રમત એકતરફી ?!

એ પત્રો ગયા... પત્રની આશ ગાયબ,
ટપાલીની હરફર ગયું કોણ ભરખી ?!

હજો કાન સરવા... ખિસે પેન - કાગળ,
ખબર શી, જડે પંક્તિ કો' મર્મસ્પર્શી ?!

૩૦૧, 'મહર્ષિ', ફ્લેટ્સ, ભરૂચા સોસાયટી,
નવી ઝોન ઓફિસ સામે, નવયુગ કોલેજ પાછળ,
સુરત-૩૯૫૦૦૯. મો. ૯૮૨૫૧૫૨૯૨૩

વાંધો છે કંઇ...

- સંજુ વાળા

અંદર અંદર સળવળતી એક ઘટનાથી શરૂઆત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?
ઠરી ગયેલી ફૂંક ફરી પેટાવી ઝંઝાવાત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?

આજે સહેજ છાતીની અંદર શું દુઃખે છે
એને જાણી લેવાનું મન થઈ આવ્યું છે
એ કારણસર છાતી ઉપર થોડો ચંચુપાત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?

સમય નામના ડસ્ટરથી ભૂંસાઈ જવાના
ડરની મારી છાને ખૂણે જઈ બેઠી જે
એવી બિલકુલ અંગત કોઈ વાત અહીં સાક્ષાત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?

જ્યારે પણ ઊપસી આવે છે લમણાંની કોઈ નસ
તો એનો સ્પર્શ હંમેશાં હોય છે હાજર
વહાલપની એ મૂર્તિ માટે જીવની હું બિછાત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?

જાણું છું કે આપ તો સાંગોપાંગ રસિક છો કે
શ્રોતાજન ! નમન આપની રસવૃત્તિને
કિન્તુ હું પણ આંસુની છાલકથી ઉલ્કાપાત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?

પાણીના એક ટીપાનો વિસ્તાર કરે જે સહસા
એને જડશે પાણીદાર રહસ્યો
એવું કોઈ એક ટીપું લઈને એના સમંદર સાત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?

કબીર, નરસિંહ, મીરાં નામે ખળખળતી એક નદી
આપની અંદર વહેતી મેં ભાળી છે.
સહેજ આપની પડખે બેસી હુંય જાત રળિયાત કરું
તો તમને એમાં વાંધો છે કંઈ ?

એ-૭૭, આલાપ એવન્યૂ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
મો. ૦૯૮૨૫૫૫૨૭૮૧





ગુમ થઈ ગયા...

- હર્ષ બ્રહ્મભટ્ટ

ઘણા અભાગી અંજાયા એવા ઝળઝળમાં ગુમ થઈ ગયા,
જડી-જડીને ફરી-ફરી સૌની અટકળમાં ગુમ થઈ ગયા.

સાત જનમનાં લાગ્યાં'તાં એ સગપણ પળમાં ગુમ થઈ ગયાં,
માણસ માત્ર અહીં ભાગ્યમાં ને અંજળમાં ગુમ થઈ ગયા.

સત્તાનાં, ધનનાં, જોબનનાં પૂર કોઈનાં સગાં થયાં ક્યાં ?
લલચાયા એવા કે કૂદ્યા ને મૃગજળમાં ગુમ થઈ ગયા.

મળ્યો છાંયડો કદીક પળભર, ઘડી ભીંજાયા, સદાય તરસ્યા,
બધાં પોતપોતાના મનગમતા વાદળમાં ગુમ થઈ ગયાં.

શું ય એમને સાચવવું'તું અહીં સતત બદલાતા જગમાં,
બળી ગયા પણ કદી ન છૂટે એવા વળમાં ગુમ થઈ ગયા.

'પ્રસાદ', ૭૪/૯, જગાભાઈ પાર્ક,
રામબાગ ચાર રસ્તા પાસે,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

હાલને ભેરુ...

- *કૃષ્ણ દવે*

હાલને ભેરુ હાલને જઈએ ગામને પાદર
ભીંજવીને ક્યાંક વહી જતી ઈ નદીએ ન્હાવા
હાલને ફરી કાળની કેડી પકડી લઈએ
પહોંચીએ પાછા બાળપણામાં ધુબકા ખાવા

એય ને લીલી સીમ લગોલગ ટેકરીઓની ટોચ
વચાળે હીંચકા ખાતું ગામ અમારું
ચાલતાં જરાક વાદળીઓની લચકે કમર,
છલકે છાંટા, હેઠ ભીંજાતું ગામ અમારું
હાલ ફરીથી હાલને જઈએ એ જ ફળીમાં,
એ જ ક્યારામાં, એ જ ડાળી પર, ફૂલ બનીને ઊઘડી જાવા

હાલને ભેરુ હાલને જઈએ...

એક થેલીમાં ફૂટલી પાટી પેન ને લેશન દોડતું જાતું હોય સવારે
ઘંટ વગાડી આપણા રૂડા દિવસોને કોઈ જોડતું જાતું હોય સવારે
હાલને પાછા હાલને જઈએ ઈ જ નિશાળે પ્રાર્થના ટાણે આંખ
મીંચીને ગાઈ લેતા ઈ મંડીએ ગાવા

હાલને ભેરુ હાલને જઈએ...

ગામની શેરી, ચોકમાં હજુય ગુંજતા હશે થૂઈ ને થપ્પા,
કાન કરીને સરવા ચાલો સાંભળી લઈએ
ખેતરે જતા સાંકડે મારગ આપણાં પડેલ પગલાં હજુય
રમતાં હશે ધૂળમાં ચાલો સાચવી લઈએ
એ'ય માથેથી મોટપણાનો ભાર ઉતારી પોતપોતાના
મૂળમાં જરાક જઈએ પાછા હળવા થાવા

હાલને ભેરુ હાલને જઈએ...

એ-૨૦, આદર્શનગર પાવન કોમ્પલેક્સ પાછળ,
બોપલ-ઘુમા રોડ, અમદાવાદ-૩૮૦૦૫૮.
મો. ૯૪૨૬૫૬૩૩૮૮



મારી next કવિતા...

- *ભાગ્યેશ જહા*

Next કવિતા લખવી છે,
એનો શબ્દ માસ્ક પહેરીને આવ્યો છે,
એક પગ વિનાના, આંધળા એકકોષીય જંતુનું સૈન્ય ચઢી આવ્યું
હોય તેવા વિશ્વ માટે એક કવિતા લખવી છે.

એક પક્ષી વગરના ઝાડની ડાળ પરથી લટકતા
બૉમ્બ - ફળ નીચે બેસીને
એના પડવાની
રાહ જોતા એક લઘુત્વાકર્ષણથી પીડાતા
માણસના કાનમાં કહેવા માટે કવિતા કહેવી છે...

એક ટાપુ પર લોહીલુહાણ શબ્દો વચ્ચે
ગુંગળામણ અનુભવતા ઑક્સિજનને
ઉઠાવી જવા સાહસિક બનેલા
એક શબ્દ સફાઈકર્મીને
અભિનંદવા બે શબ્દો કહેવા છે...

ઇટાલીના એક અજાણ્યા વૃદ્ધની લાશ આગળ
બેભાન પડેલાં એનાં છેલ્લાં
વાક્યોને મારી અનિદ્રાની આગથી
ઉકેલવા છે,
હું મિલાનના મિલન વગરના
મૌનનું છિદ્ર છું,
કો'ક વાંચે તો વંચાઈ જવું છે એવા
શબ્દનું એક કડવું પીણું ઉમેરવું છે,
પ્રવાહિતા માટે...

અમેરિકાની કોઈ એક સૂની શેરીમાં જઈને
મારે જોરજોરથી તરણેતરના
મેળાનું આમંત્રણ દેવું છે.
એક ખાલી પડેલા મહામૉલના
ગુફા જેવા હૉલમાં જઈને
સોશિયલ ડિસ્ટન્સિંગમાં ખાલી જગ્યાના
અવકાશના બે ગચ્યાં મારે કવિતાના
હાડ બાંધવા જોઈએ છે...

આ માટે મારી ઝોળીમાં,
મને હોસ્પિટલમાં નહીં સંભળાયેલી ચીસ,
વૃદ્ધ મા-બાપની આંખો નીચે છુપાયેલા
શ્યામવર્ણા વર્ષોની ઝાંખપ,
એક નવજાત બાળકની આંખોમાં સંતાવા મથતા
સૂર્યની પીઠ પર લટકતા કેલેન્ડરની ગંધ,
અને
મારા ઘરમાયેલા★ મૌનની પાતળી ચામડી પર
ઉપસી આવેલી બોખી બારાખડી
ભેગી કરી રાખી છે...

મારી Next કવિતાની પ્રતીક્ષા કરો...
★ ઘરમાં રહેવાથી ઘટ્ટ થયેલું મૌન એટલે ઘરમાયેલું...

પ્લોટ નં. ૯૨૧/૧,
સેક્ટર-૪-ડી, ગાંધીનગર.
મો. ૯૯૭૮૪૦૭૬૦૧

વરસાદ બાજુ નીકળીએ...

- અંકિત ત્રિવેદી

ધારોકે આપણી બાજુ ન હોય
તો વરસાદ બાજુ નીકળીએ
મનને મનાવવાનું મૂકી દઈને
રૂબરૂમાં મળવાનું કરીએ

ટીપાંની જાત ભલે નાની લાગે
ઊતરી આવે છે આખું આભ
ભીંજાવું એટલે કે લખ્યા વગરનું
વંચાતું હોય શુભ - લાભ

એવું નથી કે એકલો એ વરસે,
આપણેય સાથે વરસીએ...
ધારોકે આપણી બાજુ ન હોય
તો વરસાદ બાજુ નીકળીએ

ટેરવાને અડકે એ આંસુ પણ હોય
એવી ખબર પડે ત્યારે
કોરું ચોમાસું પણ ભીનું લાગે
પાસે ન હોય કોઈ ત્યારે

નેવાથી, નળિયાથી, ઘરના ખાબોચિયાથી
વેળાસર નદીઓને મળીયે
ધારોકે આપણી બાજુ ન હોય
તો વરસાદ બાજુ નીકળીએ...

*'અમૃતમ્', ૭૦૫, સાંઈસંનિધિ, જી. બી. શાહ કોલેજ સામે,
વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૯૧૩૧૯૬૯૬૯*





હવા સરીખું નામ...

- હર્ષદ ત્રિવેદી

બીડ્યા હોઠની ઉપર ફરકે હવા સરીખું નામ...
કોઈ કહે પાંદડીઓ એને કોઈ કહે કે જામ !

અંદર ઊછળે સાત સમંદર બાહર અમથો ભેજ,
સૂરજને કંઈ ખબર પડે નહીં રમત રમાડે તેજ;
કોઈ કાંઈ પણ કહે પરંતુ લયનું મૌનિલ ધામ !
બીડ્યા હોઠની ઉપર ફરકે હવા સરીખું નામ...

સહજ ધ્રૂજારી અને ઊઘડે વર્ષો જૂનાં વહેણ,
શબદ વિનાના ભાવ ભરીને ઊપડયાં મીઠાં કહેણ;
મનની લીલા મનમાં જાગે પણ પહોંચે નહીં ઠામ !
બીડ્યા હોઠની ઉપર ફરકે હવા સરીખું નામ...

*એ/૧૧, નેમીશ્વરપાર્ક, તપોવન સર્કલ પાસે,
એસ. પી. રીંગરોડ, અમિયાપુર-૩૮૨૪૨૪.
જિ. ગાંધીનગર. મો. ૯૭૨૩૫૫૫૯૯૪*

ગિરા-ગુર્જરી...

- *દિલીપ જોશી*

આ ગૌરવવંતી ગિરા ગુર્જરી, ગિરા ગુર્જરી...
અવનીના એક્કેક પડળ પર સૌરભ એની પ્રસરી !...

દોરી-લોટો લઈને આવી દેશકાળ દખ સાથે,
કિસ્મતની એ લકીર ખેંચે બસ પોતાના હાથે.
સર્વ દિશાઓ સાથ આપવા નિત એને અનુસરી !...
આ ગૌરવવંતી ગિરા ગુર્જરી, ગિરા ગુર્જરી...

રામકૃષ્ણ-નરસિંહ-મીરાંને હરપળ રાખે હૈયે,
એનું ગૌરવ નિશદિન જેને એ ગુજરાતી છૈયે.
કાલીઘેલી મુગ્ધ મધુર છે વાણી રસિક રસભરી !...
આ ગૌરવવંતી ગિરા ગુર્જરી, ગિરા ગુર્જરી...

સમદૃષ્ટિથી જુએ નિરંતર રંગ-રૂપ મર્માળા,
અનંતમાં ઝંખ્યાં છે એણે પ્રહર પ્રહર અજવાળાં.
કલકલતી એ પ્રેમ-નિર્ઝરી તીર્થ સકલ ઝરમરી !...
આ ગૌરવવંતી ગિરા ગુર્જરી, ગિરા ગુર્જરી...

૨, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટી,
'દિનકર', યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫,
મો. ૯૪૨૮૨૦૦૨૦૨





ઉપહારો સ્મરણના...

(શિખરિણી)

- *ગોવિંદ દરજી 'દેવાંશુ'*

ગયાં તો એવાં કે પરત ન ફર્યા આ પળ લગી,
અરે ! સૂનું સૂનું ઘર-ફળી વળી ગામ સઘળું,
વિલાયે જાણે કે તરુ છલકતાં આંગણ અરે !
વસંતે પર્ણો ત્યાં સતત ખરતાંયે અનુભવું.
સૂના પંખી ટૌકા વિરહ ઝૂરતા કેમ સુણવા ?
કરે બાળારાજા કલરવ છતાંયે રુદન શા
અહીં ખાલી ખાલી તમ પથ અરે ! આજ વળગે.
ત્યજયો જાણે હૈયે મુજ જીવનનો સાથ સહસા.

જીવું શાને કાજે મન મૂંઝવતું રે ! ખબરના
તમારા પામ્યો છું મધુર ઉપહારો સ્મરણનાં,
મનાવું છું અંતે તરત મન માને પલકમાં
ચલો જીવી જૈએ અતિ સહજ થૈ આ જગતમાં
તમારા કર્મોના પથ પર ચલું એ મુજમતિ !
સ્મરી ચાલું આગે સફળ કરશે એ મુજગતિ !

સી-૫, તુલસીકુંજ સોસાયટી,
વૈભવ હૉલ પાછળ, ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦.
મો. ૯૪૨૮૧૧૮૦૦૭

કારણ વગર...

- અઝીઝ ટંકારવી

આંખ ફરકી આજ કૈં કારણ વગર
ને તરત ભીનો થયો શ્રાવણ વગર.
એક પીછું ઊડતું આવ્યું અને -
સ્પર્શનો જાદુ થયો ફાગણ વગર.
આ ઉદાસી સાવ સૂની સીમ સમ
સાંજના પાછી ફરી લે ધણ વગર.
જ્યારથી રિસાઈ એ ચાલ્યાં ગયાં
ટોડલો સૂનો થયો તોરણ વગર.
શબ્દના સહવાસની થઈ એ અસર,
થાનકે પહોંચી ગયા ભારણ વગર.
તું 'અઝીઝ' એવું જ માની લે હવે,
મોત કંઈ આવે નહીં કારણ વગર.

આંબાવાડી બસ સ્ટેન્ડ પાસે, પાલેજ રોડ, ગ્રીનપાર્ક,
ટંકારીઆ, તા. જિ. ભરૂચ-૩૯૨૨૪૦. મો. ૯૯૭૪૦૮૬૨૨૫





ગઝલ

- રઈશ મનીઆર

આંસુનું બૂંદ એ રીતે નમણું બની ગયું,
એ રોશની ઝીલીને ચમકતું બની ગયું.

છોડ્યો જો બોજ, મન બહુ હળવું બની ગયું,
એ વ્હાણ ના બન્યું ને તણખલું બની ગયું.

તારી નજીક છું અને દુનિયાથી દૂર છું,
આ વિશ્વ તારા ગાલનું ટપકું બની ગયું.

યુગ દૂરતાનો છે ને નિકટતાની ચાહના,
બસ યાદ કરવું એ જ અડકવું બની ગયું.

બહેલાવવા જગતને જુઓ ને મથે છે એ,
જે દિલ તમારા હાથે રમકડું બની ગયું.

ક્યાં બીજનું કણસવું કોઈ સાંભળી શક્યું ?
સૌએ નિહાળ્યું કે એ કણસલું બની ગયું.

ભાવક, કવિ અરીસો બન્યા એકમેકના,
બન્નેનાં મનમાં ચિત્ર જો સરખું બની ગયું.

સપનાના આ જગતનું કરું હવે 'રઈશ' ?
અડધું બન્યું નહીં અને અડધું બની ગયું.

૬-બી, રત્નસાગર એપાર્ટમેન્ટ, ચાંદની ચોક પાસે,
પીપલોદ, સુરત-૩૯૫૦૦૭. મો. ૯૮૨૫૧૩૭૦૭૭

ઝાકમઝોળ...

- ઉર્વીશ વસાવડા

ભીતર જઈને ત્યાં તું ખોળ
છીંડું શોધતાં મળશે પોળ

શ્વેત શ્યામની પાર નીકળ
રંગોની ત્યાં ઊડે છોળ

વર્તુળ છો ને મોટું કર
અંતે તો રહેવાનું ગોળ

બેઉ રીતે એ મળે તને
અંગ ભભૂત યા પીઠી ચોળ

એક અચંબો જોયો મેં
દીવો ઠર્યો ત્યાં ઝાકમઝોળ

૧૦૮, રાયજીનગર, પાંચમી શેરી,
મોતીબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧.
મો. ૯૮૨૪૨ ૯૫૨૫૯

છે મને વિશ્વાસ...

- કિશોર જિકાદરા

છે મને વિશ્વાસ, સૌની બંધ આંખો ખૂલશે,
શબ્દના પારેખ આવી ભાવ મારો પૂછશે.

રાખતા પરહેજ જેઓ ખાસ મારા નામથી,
એ જ મિત્રો એક દી મારી કલમને ચૂમશે.

શીશ જેનું એક-બે અંશેય પણ ઝૂક્યું નથી,
જોઈ લેજો, દેહ એનો કાટખૂણે ઝૂકશે.

આજલગ છેટા રહી જે કાખલી કૂટતા હતા,
એ જ મારાં આંસુઓ ખુદના રૂમાલે લૂછશે.

નામની તખ્તી મુકાશે એક દી આ માર્ગ પર,
વાંચતી વેળા ઘણાને શૂળ જેવું ચૂભશે.

આવશે છેલ્લે પછી ભારે હૃદયથી ખાસ ત્યાં,
બાવલા આગળ ગુલાબી ફૂલ ખોબો મૂકશે.

શબ્દ સાથે પ્રેમ છે તો આવવું પડશે ફરી,
એમ થોડો શબ્દથી નાતો કવિનો તૂટશે ?

૧૪૨, સર્વોદયનગર,
સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો. ૯૮૭૯૪૭૫૧૩૦





નજરથી નજર...

- અનંત પટેલ

નજરથી નજર ના હજી તો મળી છે,
છતાં પણ અમોને ખુશી સાંપડી છે.

ન કેવળ હસીને જ થઈ જાય રાજી.
ઘણી વાર આંખો ખુશીમાં રડી છે,

ચહેરા ઉપરથી કદી કોઈને પણ,
અમારા દુઃખોની ખબર ક્યાં પડી છે ?

કળાવા દીધું ના અમોએ જગતને,
હવે ખાટલે ખોટ મોટી નડી છે !

હઠીલા ભ્રમરને તમે ટોકશો ના,
કળીઓ અતિશય એને લડી છે !

અમે ના કદી કોઈ સુખ ચાહતા'તા,
તમારી દુવાઓ નક્કી ફળી છે !!

મહેક્યો ચમન આ વધારે જ શાને ?
હવા આવતી આ તમોને અડી છે.

પ્લોટ નં-૨૨૧/૧/એ,
આનંદ વાટિકા સોસાયટી, સેક્ટર-૨૨,
ગાંધીનગર-૩૮૦૦૨૨. મો. ૯૮૯૮૪૦૯૦૫૩

ગઝલ

- અનિલ ચાવડા

સૌ પ્રવાસીઓને એની જાણ છે;
આપણે બેઠા એ ખોટું વ્હાણ છે !

કોઈ તલસે શ્વાસ ચાલુ રાખવા,
કોઈને ચાલે છે એ મોકાણ છે !

આ જનમમાં પણ બન્યો હું માછલી,
આ જનમમાં પણ નસીબે બાણ છે.

એમ માની ભૂસકો માર્યો હતો,
તારી અંદર પૂરતું ઊંડાણ છે.

ખાંડના કણ જેટલું સુખ પામવા,
કીડીઓમાં જબરી તાણમતાણ છે !

એની પર મતભેદની ઉલ્કા પડી,
તેથી એ સંબંધ કચ્ચરઘાણ છે.

છે અજાણ્યો ચંદ્ર તારા ભાલ પર,
મારી આંખે ભરતીના એંધાણ છે.

*સી-૩૦૩, અર્જુન વિલા, કૃષ્ણા બંગ્લોઝ પાછળ,
આનંદ પાર્ટી પ્લોટ નજીક, જી.એસ.ટી. ક્રોસિંગ, ન્યૂ રાણીપ,
અમદાવાદ-૩૮૨૪૮૦. મો. ૯૯૨૫૬૦૪૬૧૩*





ગયા છે છોડીને...

- ભાવેશ ભટ્ટ

ગયા છે છોડીને તો કઈ રીતે દેખાય છે પાછા ?
વિરહના કાયદા એની રીતે જળવાય છે પાછા !

ઉપરથી એમને નકશાઓ આપી મોકલે છે તું ?
કદી પૂછે નહીં રસ્તો ને પહોંચી જાય છે પાછા

અગાઉ જેના બાહુપાશમાં આ જીવ ગયો અડધો
ફરીથી ભેટવાના નામ પર ભોંકાય છે પાછા

સમજહીન બાળના અણગમતા ભણતર જેવા છે વિઘ્નો
સતત ફરિયાદની સાથે સહેવાય છે પાછા

હૃદયવાસીઓને લાગ્યો છે કેવો રંગ સોબતનો
અમુક તો સ્નાયુની માફક કદી ખેંચાય છે પાછા

મદદ કરતી વખત સાચા મદદગારોની છે ઓળખ
મિલાવે ના નજર, બોલે નહીં, શરમાય છે પાછા

*એચ-૫૦૩, સ્વામિનારાયણ કેસલ-૧,
અર્જુન આશ્રમની પાછળ, ગ્રીન સીટી રોડ,
નિર્ણયનગર, અમદાવાદ. મો. ૯૮૨૫૧૫૦૨૪૪*

મોકાની...

- હરદ્વાર ગોસ્વામી

ખોટી વાતો શું કરવાની !
ચિત્રોની નદીઓ તરવાની ?

ઉમ્બરને શું પકડી બેઠો ?
ઉંમર છે હરવા ફરવાની.

ઉલા તો ઉલાલા થાશે,
વાત નવી ના લાવે સાની.

એક રૂપિયે કશું ન આવ્યું,
આખો ખોબો, એક જ આની.

એણે ફૂલો સ્વીકાર્યા તો,
મ્હેકમ્હેક થઈ ગઈ મનમાની.

છાતી વચ્ચે વાવાઝોડું,
પવન શ્વાસનો છે તોફાની.

તડકો સીધો તન પર આવે,
જગ્યા છે આ તો મોકાની.

ક્રિએટીવ કાફે, ૪૨૧, ડ્રીમ સ્ક્વેર, રામદેપીર મંદિર સામે,
નિર્ણયનગર અંડર બ્રીજ પાસે, અખબારનગર,
અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૮૭૯૨૪૮૪૮૪





કેવળ...

- અશોક ચાવડા 'બેદિલ'

છ : આંખ, કાન, ત્વચા, જીભ, નાક, મન - કેવળ;
આ સ્પર્શનું તો છે કારણ ષડાયતન કેવળ.

જરા - મરણથી વધુ કોઈ બીજું દુઃખ નથી,
ગમે તે વાત અતિ નોતરે પતન કેવળ.

કદી ન વેદના એકેય વેદના લાગે,
જો વેદ સાથે જુઓ વેદના - વદન કેવળ.

ભૂલી જવાનું બધું આખરી ઉપાય હશે,
સ્મરણથી રોજ ઊગે કંટકોનું વન કેવળ.

શરીર મનથી અલગ પણ કરી શકો 'બેદિલ',
શરીર કાશ ત્યજે એક વાર મન કેવળ.

૩, મધુબન એપાર્ટમેન્ટ,
ગાયત્રી જ્ઞાનપીઠ પાસે, જૂના વાડજ,
અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૪૨૬૬૮૦૬૩૩

વરસો થયાં...

- મનીષ પરમાર

મેં તને ત્યારે જ અપનાવી હતી એ વાતને વરસો થયાં,
આ હૃદયમાં લાગણી વાવી હતી એ વાતને વરસો થયાં.

આ સમયની રેત ઘુમરાઈ - તણાઈ પણ ગઈ - રણના સમી -
આંધી તારા ગામથી આવી હતી એ વાતને વરસો થયાં.

ટેરવામાં સ્પર્શનું મૂક્યું હતું તે ફૂલ તાજું એ વખત -
આ હવામાં ગંધ ફેલાવી હતી એ વાતને વરસો થયાં.

ક્યાં પલળતા છાંયડા તરસ્યા હજીયે યાદ છે, હા યાદ છે,
વાદળી તો કોરી વરસાવી હતી એ વાતને વરસો થયાં.

જિન્દગીનાં ગૂઢ રહસ્યો હું નથી સમજી શક્યો આજેય પણ,
મેં તને એ વાત સમજાવી હતી એ વાતને વરસો થયાં.

મુ. વાવડી (ગઢ), વાયા ધરોઇ કોલોની,
જિ. મહેસાણા-૩૮૪૩૬૦.
મો. ૯૭૧૨૫૬૪૨૯૪







દ્વાદશી...

- સ્નેહી પરમાર

લઈ લેજો લાગે જો લગતી
જ્યોત અમે મેલી છે ઝગતી
ગર્ભે સ્થિર ઊભી છે શગતી
એને જોરે ઉપર ફગતી
રાત જે સૂવા દે ના સૌને
ધાબે બાંધી આવ્યો ચગતી
ષડરિપુ, રિપુ શી રીતે ?
ધરતીને રાખે જે ધગતી
એમાં આખ્ખી પૃથ્વી પોઢી
ઇચ્છાઓ છે કેવી પગતી !
મનને મેં ક્યારેય ન બાંધ્યું
જાણું છું હું એની ખગતિ
મોતી દઈને માપી લઈશું
ચાલ ભલે હો એની બગતિ
જીવવું-મરવું કૂવે નાખ્યું
જોઈ લીધી છે મૂષકનગતિ
કલમ બહુ બડભાગીની છે
જીવતે જીવ જુએ છે જગતિ
ભોળે ભાવે શબ્દ ઉપાસ્યો
અટકે, કિન્તુ થાય ન અગતિ
ઓછી થઈ આંસુની માળા
દગ ! હજી બાકી છે દગતિ
સીમાડે સામૈયાં કરશું,
કરશું ના, ભાળ્યાની ભગતી

'હરિનામ', મેઘાણી હાઈસ્કૂલ પાછળ,
મુ. બગસરા-૩૬૫૪૪૦, જિ. અમરેલી.
મો. ૯૪૨૭૨૮૩૩૮૧

લઉં છું અહીં વિશ્રામ...

- *પ્રશાંત કેદાર જાદવ*

હતાં ભાગ્યમાં બે એક સુખ
એ લખ્યાં તમારે નામ
ફેરો પૂરો થ્યો, જીવી ગયા
હવે ઊપડશું પરગામ.

સુખનું રૂપ રંગ કેવું હોય ?
મને ક્યાંથી હોય જાણ રે
માણી લેજો લાગે છે કે,
હશે રતનની ખાણ રે.
મેળાપ આવતા ભવે થાય,
(ત્યારે) કહેજો વિગતો તમારી

લખિયા લેખ ના ટળે,
એ ઉક્તિ ખોટી ઠરી રે
અડધે મારગ ધૂળ થઈ ગ્યા,
જૂક્તિ કેવી કરી રે.
ઝાઝેરા ઝૂહાર વાંચજો,
લઉં છું અહીં વિશ્રામ રે.

બી- ૪૦૨, મણીભદ્ર એપાર્ટમેન્ટ
સોમેશ્વર પાર્ક-૩ પાસે, ગુલાબ ટાવર, થલતેજ,
અમદાવાદ-૩૮૦૦૫૪. મો. ૯૮૨૫૪૦૯૦૨૭





સમયને...

- *રમેશ ઠક્કર*

લગાવી ગળે વિસ્તરેલા સમયને
તમે સાથ આપ્યો મરેલા સમયને.

હથેળી હતી બંધ ને સાચવેલો
સતત આભ વચ્ચે ખરેલા સમયને.

નગરની વચાળે તમે દાદ આપી
નિરાધાર ખૂણે પડેલા સમયને.

પછી જામશે એ બરફવત્ બનીને
જરા સાચવો ઓગળેલા સમયને.

હતું એ જ પરિમાણ આખા જગતનું
કહ્યું આવજો આથમેલા સમયને !

૧૦, પારિજાત હોમ્સ, શાન્તમ પાર્ટી પ્લોટ સામે,
ખ-રોડ, સરગાસણ ચોકડી, ગાંધીનગર-૩૮૨૪૨૧.
મો. ૯૮૭૯૫૨૪૬૪૩

દુહા-ગઝલ

- ડૉ. એસ. એસ. રાહી

ચરણોમાં કાંટા ખીલ્યા, માથે ઊગ્યું ઘાસ
કોરી છાતીમાં વળી પાડી દીધા ચાસ.

વાદળ પણ ફાટ્યાં નહીં, અટકી ગ્યાં ચોપાસ,
કારણ માટીના ઘરે વ્હાલમ કરતી વાસ.

જંગલમાં ઊભો કર્યો કોણે રણનો ભાસ,
સૂક્કી રેતી પી ગઈ જળ-મૃગજળની પ્યાસ.

કમરાનો ડૂમો વળે, રુંધે કોઈ શ્વાસ,
ફળિયું, ઉંબર, ઓસરી નાખે છે વિશ્વાસ.

વાંસલડી વાવી અને મનમાં ઊગ્યા વાંસ,
પ્હોંચી ગઈ હૈયા સુધી લીલી-સૂક્કી ફાંસ.

'Al-Aqeeq', Flat No. 201, Opp. Nirman Square,
Kamthe Patil Nagar Road, Yewlewadi, Kondhwa
(Budruk), Pune-411048, Maharashtra. M. 9373137952





"દીપ્તિ સ્વરૂપે હો..."

- સતીન દેસાઈ 'પરવેઝ'

રગે-રગ સંચરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.
ફરી જો અવતરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

સ્વરૂપોનાં કોઈ રદ્દોબદલમાં ચાલશે ના એ,
અંધારું આવરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

ગઝલ તો ક્યારની ત્રાસી ગઈ આંખોની ફરફરથી,
પલકમાં ફરફરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

સમીસાંજો ભરે જે રંગરૂપો ચિત્રકારીમાં,
ધુમાડો ચીતરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

ચિતાના યજ્ઞમંત્રો મોક્ષનું કરશે હવન અસલી,
જો અંતે સાંભરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

મશાલો સ્વપ્નની લઈ ઊંઘમાં નરસિંહ ન પોઢું હું,
કલમને પાથરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

મને ફાવે છે કેવળ ભાવભીની ઝાળમાં બળવું,
ઘડીયે ઝરમરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

મને એકે જનમના શ્વાસ ફૂંકે તે પછી ક્યાંથી ?
હવાને આંતરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

ફરી પ્રોવી હું જોઉં પાનબાઈ મૂળ ઝબકારે,
મને મોતી ધરે તો આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

પહોંચી જાવું છે "પરવેઝ" મારે સાત આકાશે,
ચડાવે દાદરે તો, આ ગઝલ દીપ્તિ સ્વરૂપે હો.

એ/૩ અભિલાષા ફ્લેટ, પારિજાત સોસાયટી પાસે,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૪૨૮૯૦૭૭૭૫

કોણ ગયું ઓચિંતું આજે ?

- ભાનુપ્રસાદ પુરાણી

વહાલાની અંતરમાં સંઘરેલી યાદ,
કદી આંસુ બનીને બહાર આવે !
તો હળવે રહીને એમ પૂછીએ કે -
કોણ ગયું ઓચિંતું આજે ?
જીવવું કે મરવું ના આપણી વિસાત
પણ મરવાની કેવી આ રીત ?
કાલ લગી મસ્તી ને આનંદમાં મહાલતા,
આમ ચૂપકીથી ચાલ્યા જાય મિત !
ટી.વી.ને છાપાંમાં એની એ વાત કે -
કોણ ગયું ઓચિંતું આજે ?
એને તો મંદિરમાં આરતી શણગાર !
બસ, આપણે તો ગાડાના બેલ !
આંગળિયે દોરીને બાંધીને નચવે,
જુઓ જુઓ આ કઠપૂતળી ખેલ !
કો'કને હું પૂછું : ત્યાં કો'ક મને પૂછે કે
કોણ ગયું ઓચિંતું આજે ?
ભેળાં થૈ જીવતાં, તૈં બે ગજથી દૂર !
માણસની માણસથી વરવી જુદાઈ ?
કાળમુખા જુઓ આ કોરોના કાળમાં -
જિવાતા જીવતરની કપરી દુહાઈ !
રોજ રોજ ભાયગમાં બેસણાં જોવાનાં કે
કોણ ગયું ઓચિંતું આજે ?

*પ્લોટ-૧૦૩/૨, સેક્ટર-૨/એ,
ગાંધીનગર-૩૮૦૦૦૨.
મો. ૯૯૦૪૨૫૬૧૧૪*





લીલી-લાલ માળા...

- પ્રદીપ સુમિરન

મન તો થાય છે પણ ફોન ક્યાં થાય છે ?
સઘળું થાય છે પણ ધ્યાન ક્યાં થાય છે !

સૌ પાસે કલા છે માત્ર દીવાલની -
કોઈથી કદી, મેદાન ક્યાં થાય છે ?!

લીલી-લાલ માળા, બસ ફરે છે સતત,
મનમંછા તણો લોબાન ક્યાં થાય છે ?

સૌ સગવડિયું જીવન જીવવાનો મથે,
સંકલ્પો કરે, અનુષ્ઠાન ક્યાં થાય છે ?

'સુમિરન' આટલામાં નક્કી સાહિબ હશે !
જો અજવાસ આવ્યો, ભાન ક્યાં થાય છે ?

*'મા', મંગલમૂર્તિ ટેનામેન્ટ નં. ૫,
૩, સૂર્યોદય સોસાયટી, સેન્ટ મેરી સ્કૂલ સામે,
કાલાવડ રોડ, રાજકોટ-૧, મો. ૯૪૨૮૩૪૫૯૦૮*

સમય...

- *ભસ્માંગ માંકડ "સમ્રાટ"*

એક દિવસ મેં જોયું વાદળ વહ્યું આકાશમાં
સમય સરી ગયો છે અહીં આંખના પલકવારમાં
કાશ બાંધી શકાય આ કાળચક્ર સોનેરી પ્રભાતમાં
પણ ડૂબે સુરજ હર સાંજ અહી ક્ષિતિજમાં
સારો કે નરસો સમય વહી જશે અવકાશમાં
બસ "આજ" ખુશીથી જીવવું છે તમારા સાથમાં
સૂઝે નહીં કંઈપણ કરું શું હું મુંઝવણમાં
ઉછીના વિચાર થકી હું બનાવું સ્વર્ગ વર્તમાનમાં
વિશ્વાસ રાખો સ્વયં પર એજ છે હિતમાં
કંડારું રસ્તો મારી સૂઝથી એજ છે નફામાં
પ્રયત્ન કેમ કરું છું નથી એ સમજણમાં
જવાબ દરેક અહીં મળે છે દૈનિક સહજતામાં
સુખ દુઃખ આવે જાયે હંમેશ આ કાળમાં
બાંધી ના શકું સમય હું મારા સ્વાર્થમાં
રંક કે રાજા હું બનું, પૃથ્વીમાં
"સમ્રાટ" શીખે છે વાત અહીં આ સમયમાં

માંગલ્ય, પ્લોટ નં. ૨૫૫/૨, શ્યામલ-૧,
જૈન દેરાસર પાછળ, સેક્ટર-૨૨,
ગાંધીનગર-૩૮૨૦૨૨, મો. ૯૮૨૫૭૨૧૯૨૮





મનમાં હું, ખોટી...

- *નટવર આહલપરા*

મનમાં હું, ખોટી આશ કદી રાખતો નથી,
હું, ખાલી ઘરનાં બારણાં ખખડાવતો નથી.

આપે છે રોજ ઝાંઝવા ભીનાશ દાનમાં,
સમજણ વિસારી, હાથ હું લંબાવતો નથી.

વિસામો દેખી થાકપણ અટવાય ચરણમાં,
અવરોધને હું, આમ પણ ગણકારતો નથી.

આવ્યાં કરે છે રોજ કાં તું મળવા ખ્વાબમાં ?
હું તો મુજ આંગણે તને તેડાવતો નથી.

કરતા રહે છે લોકો ઉઝરડા ઉજાસમાં,
મારો દીવો હું એટલે પેટાવતો નથી.

'શ્રી પવનતનય' ૧૦૧, એસ્ટર ફ્લેટ્સ,
શ્યામલ સ્કાય લાઈફ એપા.સામે,
અંબિકા ટાઉનશીપ, મવડી એરિયા, નાના મવા રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૯૭૪૦૦૯૦૪૨

છું ગુજરાતી...

- ડૉ. ઈશ્વર સુથાર (શિલ્પી)

છું ગુજરાતી
ગૌરવ ગાતી.
ના કરમાતી
ના ભરમાતી.
ચોગમ જાઉં
ના ગભરાતી.
દંભી દુઃખ્ખી
ના નજરાતી.
ગજ્જુ મળતાં
કે શરમાતી.
પ્રીત પરોવી
બસ, મધમાતી.
ફોરમ પ્હેરી
મઘમઘ થાતી.
દાન દઈને
ના છલકાતી.
હું છું રાણી
ગઢ - ગુજરાતી.
નામ ગઝલ છે
ફૂલે છાતી.
'શિલ્પી' - શબ્દે
હું મલકાતી.

૩૯, નંદ બંગલોઝ, જનતાનગર રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
મો. ૯૮૨૫૫૫૭૯૪૮





મારી આહ...

- પ્રફુલ્લ રાવલ

તોય જરાય ન ભીંજાવાયું
એમ તો પડ્યો'તો મુશળધાર વરસાદ કલાકો સુધી
આવું બન્યું છે, બનતું રહે છે આજેય અવારનવાર
બારીમાંથી દેખાતું આકાશ
છે એવું નથી એ કોણ માનશે !
કોણ માનશે મારી હથેળીની રેખાઓ ભૂંસાવા માંડી છે
ને ટેરવાં સ્પર્શની ભાષા ભૂલી ગયા છે
વળી શબ્દો જાણે મારી રહ્યા છે ડંખ
કોણ માનશે મારી આંખમાં હું આથમી ગયો છું !
કોણ માનશે પવન તો થયો છે અનુકૂળ ઘણી વાર
તોય ક્યાંય જવાયું નથી, તસુયે ખસાયું નથી
છતાં માઈલોના માઈલ પહોંચી ગઈ છે.
મારી આહ

બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ ગાર્ડન સામે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૮૭૯૦૧૩૧૭૦

રાખ ભીતર આગ...

- રમેશ પટેલ

રોગ વધતો જાય છે,
ક્યાં દવા શોધાય છે ?

લાશ ઢગલો થાય છે,
રોગ ક્યાં રોકાય છે ?

ચેહ જ્યાં હોલાય છે,
અસ્થિ ભેગા થાય છે !

શોક ઉત્સવ હરઘરે...,
આંસુથી ઉજવાય છે.

લોકો ઊભા લાશ લઈ,
લાશ ભારે થાય છે.

શ્વાસ માટે તરફડે,
શ્વાસ ક્યાં લેવાય છે ?

જીવતો કાલે હતો...
એ જ ફોટો થાય છે !

રાખ ભીતર આગ છે,
ક્યાં કદી દેખાય છે ?

મૃત્યુનો બસ ડર હજી,
ચોતરફ ફેલાય છે.

એક ઘર ખાલી થયું -
એ હવે વેચાય છે !

કેમ આ ઈશ્વર હવે ?
રોજ પથ્થર થાય છે.

નાવ કાંઠે આવીને,
કેમ ડૂબી જાય છે ?

"પ્રાંજલ", ૩૦, આનંદ વાટિકા સોસાયટી,
સરદાર પુલ પાસે, અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯. મો. ૯૮૨૫૧૦૦૨૫૫





ગીત

- ડૉ. મનહર ઠાકર

આંખલડી જોઈ જોઈને કેટલું રે જોશે, છે હૈયાને જોવાની હોંશ,
આમ તો આ નજરુંને તાકી લીધા, પછી એવો અદીઠો મદહોશ.

થાય ભલે તેમ અમને ગમે છે એમ, તોય સામે નથી કંઈ આવતું,
ઝાકળના બિંબ જેવું લાગે સોહામણું, આતમનો તાર જાણે લાવતું.

ઉઘાડી બારીમાં આવતો ઉજાસ, તેનો પામી લીધો છે પરિતોષ,
આંખલડી જોઈ જોઈને કેટલું રે જોશે, છે હૈયાને જોવાની હોંશ.

ભીંજાતી પાંપણમાં ઉમટીને, ઉભરાતાં આવે છે સપનાનાં ટોળાં,
ક્ષિતિજે સાવ એ ઓગળી જતાં ને પછી અઢળક આષાઢી હિલ્લોળા.

આખાયે આભને નજરુંમાં ભર્યાનો અમને છે એનો સંતોષ,
આંખલડી જોઈ જોઈને કેટલું રે જોશે, છે હૈયાને જોવાની હોંશ.

૪૦, શ્રીનાથનગર-૩,
ભરતનગર પાછળ, ભાવનગર-૩૬૪૦૦૨.
મો. ૯૪૨૬૯૮૫૭૨૯૦

પળમાં માણસ હતો, ના - હતો થઇ જાય છે...

- *દિનેશ દેસાઈ*

પળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.
જળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.

કળવામાં જિંદગી તો પૂરી ના થાય ને ?
કળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.

મોતીની માંગ પૂરી કરીએ, ક્યાં સુધી ?
તળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.

ધરતી ચીરી પસીનો વહાવ્યો ખેતરે,
હળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.

બિસ્તરભીની કરચલી કદી સૂકાય છે ?
સળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.

બંધન છૂટે, પુણ્ય-પાપનું ફળ સાબદું,
ફળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.

લખચોરાસી, જનમ-મરણનો છળવેશ છે,
છળમાં માણસ હતો, ના હતો થઈ જાય છે.

૩૧, મણિપુર ગ્રીન બંગલોઝ, મણિપુર બસસ્ટેન્ડ પાસે,
સંસ્કારધામ સામે, બ્રોપલ-ઘુમા રોડ,
અમદાવાદ-૩૮૨૧૧૫. મો. ૮૩૨૦૪૧૯૦૭૭





ગઝલ

- *પ્રીતમ લખલાણી*

સાંજ સાથે બોલવાનું મન ઘણુંયે થાય છે,
જાતને ઢંઢોળવાનું મન ઘણું એ થાય છે.

પાન પીળું બેઠું પંખી સાથે કેવું ડાળ પર,
કૈં વીતી પળ જીવવાનું મન ઘણુંયે થાય છે !

બંધ બારી ખોલશે ડફ સાાંભળીને શેરીઓ,
બાંધી ઝાંઝર દોડવાનું મન ઘણુંયે થાય છે.

જળ ભરીને વાવથી ઘર એને જાતા જોઈને,
આજ ગાગર થૈ જવાનું મન ઘણુંયે થાય છે.

સ્વપ્ન જોતા હોય છે એ ભોર આવ્યે ઢોલિયે,
સ્વપ્ન એવાં તોડવાનું મન ઘણુંયે થાય છે.

65 Falcon Drive,
West Henrietta,
NY 14586 (U.S.A.)

જીતી જશે ગુજરાત...

- રક્ષા શુક્લ

સંકટ સઘળાં હારી જાશે, જીતી જશે ગુજરાત.
દિલનો દીવો પ્રગટાવો તો ઝળહળ ઝળહળ જાત.

કબીરવડ છું, બાંહ પસારું, તડકાની આંખે અંધારું,
સિદ્ધહેમ શબ્દોનું શાસન, છ અક્ષરમાં વેદ ઉતારું.

ઊતરો પાંચ પગથિયાં ત્યાં ઉજ્વળ મલકે ઈતિહાસ.
સંકટ સઘળાં હારી જાશે, જીતી જશે ગુજરાત.

ગામ ગામ છે ગોકુળ સરીખા, વડલા માફક વૃદ્ધો,
બાવન ગજની ધજા ફરફરે, બાવન નીપજે બુદ્ધો.

ગુજરાતી હોવાના નાતે, મીરાંની મિરાત.
સંકટ સઘળાં હારી જાશે, જીતી જશે ગુજરાત.

ફળિયે લેલૂમ લીમડો ઢાળે હળુ હળુ શીતળતા,
હોંકારા સંગાથે ટીમણ, વાળુ-પાણી ભળતા.

સીયારામ, શિવશિવમાં પણ સંભળાતી સરગમ સાત.
સંકટ સઘળાં હારી જાશે, જીતી જશે ગુજરાત.

સુખ સહિયારું માણ્યું, સહિયારો લેશું રે ભેખ,
હું જ સનાતન, ગૂર્જર ગૌરવ, શાશ્વત શિલાલેખ.

માથું ઊંચકે ઝંઝાવાતો, વિલા મોંએ મ્હાત.
સંકટ સઘળાં હારી જાશે, જીતી જશે ગુજરાત.

ટીપે ટીપે ઝરણું જંગી પ્રપાતને હંફાવે,
ગુજરાતી શ્રીગણેશ બોલી સૂરજ સઘળે વાવે.

ઝળાહળાના ઝુમ્મર સાથે રાહ જુએ પરભાત,
સંકટ સઘળાં હારી જાશે, જીતી જશે ગુજરાત.

૧૫, નંદન, શાસ્ત્રીનગર,
તળાજા-૩૬૪૧૪૦, જિ. ભાવનગર.
મો. ૯૯૭૯૨૪૪૮૮૪





પૂરાં થયાં પચાસ...

- વિવેક મનહર ટેલર

શરૂઆત થઈ શું વનની ? પૂરાં થયાં પચાસ,
અથવા નવા જીવનની ? પૂરાં થયાં પચાસ.

આ વાત ક્યાં છે મનની ? પૂરાં થયાં પચાસ,
બસ, વય વધી છે તનની, પૂરાં થયાં પચાસ

સંસારની પળોજણ કોરાણે મૂકી દઈ,
સાંભળશું માત્ર મનની, પૂરાં થયાં પચાસ.

આવી છે જાત સામે જોવાની પળ હવે,
ત્યજ ચિંતા આપ્તજનની, પૂરાં થયાં પચાસ

ત્યાગી સૌ વાંકપન ને સૌ રાંકપન, તું ઝાલ
બસ, બાંહ બાંકપનની, પૂરાં થયાં પચાસ

વેઢાથી થોડું આગળ છે સ્વર્ગ સ્પર્શનું
હઠ મૂક આકલનની, પૂરાં થયાં પચાસ

જે કંઈ પળો બચી છે, એને પૂરી ચગાવ
ગતિ મંદ થઈ પવનની, પૂરાં થયાં પચાસ.

કેન્ડલ બુઝાવી એમાં શાને થવું ઉદાસ ?
આજે તો માત્ર સજની, પૂરાં થયાં પચાસ.

આયુષ્ય મેડિક-કેર હૉસ્પિટલ, ૪૭, સ્વીટી સોસાયટી,
ઉમાભવનની ગલીમાં, ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૧.
મો. ૯૮૨૪૧૨૫૩૫૫

ઉત્તરકાશી...

- નયના જાની

મારું ને તારું ગામ આ અરણ્યમાં,
પાડું નવું જ નામ આ અરણ્યમાં.

ઋષિઓ તણા મુકામ આ અરણ્યમાં,
વૃત્તિ તણો વિરામ આ અરણ્યમાં.

હરિનામ ને હરિનામ આ અરણ્યમાં,
બીજું ન કોઈ કામ આ અરણ્યમાં.

કહીએ તો મુક્તિધામ આ અરણ્યમાં,
જે પામવું તે પામ આ અરણ્યમાં.

કેવી છે સુબહશામ, આ અરણ્યમાં,
તનમન તણો વિશ્રામ આ અરણ્યમાં.

ટહૂકા તણો પૈગામ, આ અરણ્યમાં,
વૃક્ષો કરે સલામ, આ અરણ્યમાં.

કોનું રટું હું નામ આ અરણ્યમાં,
પ્રિયતમ તો છે અનામ આ અરણ્યમાં.

૨૨/૫૨૯, સત્યાગ્રહ છાવણી,
જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૫૪.





ઠામ ભરી ઝાકળને પીધાં...

- ચંદ્રશેખર પંડ્યા

પર્ણોની નસનસની કોર તણે છેડે, મેં હંસોના ચારાને દીઠાં
આચમની લઈ સ્હેજ મોમાં મમળાવતાં જ જાણ્યાં એ, સાકરથી મીઠાં
મેં તો ઠામ ભરી ઝાકળને પીધાં

એક રાત ચાંદાએ ડેલી ખખડાવી, ને બોલ્યો કે 'અંદર હું આવું?'
પૂનમની રાતે ના ફૂલ્યો સમાય, અમાવાસે ક્યાં ખોવાતો વારુ?
વૃક્ષોએ ચાંદાની આરતી ઉતારી ને વેલે
ઓવારણાં લીધાં
મેં તો ઠામ ભરી ઝાકળને પીધાં

ચાંદાને ભાળી ને દરિયાના મોજાંને, કૅફ ચડી ગ્યો છે ભરપૂર
રૂપાળી ચાંદનીને નીરખી ને સાગમટે, છોળ્યો ઊઠી ગાંડીતુર
ઘુઘવાટા કરતી ને ધસમસતી લહેરોએ દરવાજે દસ્તક છે દીધાં
મેં તો ઠામ ભરી ઝાકળને પીધાં

મારાં આંગણિયામાં પ્રીત અને પ્રીતમના સર્જાયાં દૈવી દરસ છે
વરસોથી તરસ્યાં એ નીર તણાં બુંદોની, અંતે તો ભાંગી તરસ છે
ઉગમણે ઉષાની લાલી ફેલાઈ, પરોણાને મેં રામરામ કીધાં
મેં તો ઠામ ભરી ઝાકળને પીધાં.

૦૦૧, વાસ્તવ એવન્યુ,
મંગલમ ફ્લેટ્સની સામે, સુભાનપુરા,
વડોદરા-૩૯૦૦૨૩. મો. ૯૮૨૫૦૩૦૬૯૮

સૂઝે કેવા ચાળા...

- ડૉ. ધૈવત શુકલ

રાવણ ભેગા શૂર્પણખાને સૂઝે કેવા ચાળા...
દિલ્લી દિલ્લી રમવા બેઠા લઈ લાશોના પાળા...


સો વરસોમાં આવે નહીં એ કાળી રાતો આવી,
એની વચ્ચે પણ ગીધ્ધો એ તીખી ચાંચો વાવી,
મોઢાં તો મોઢાં પણ એનાં મન આખાયે કાળાં
દિલ્લી દિલ્લી રમવા બેઠા, લઈ લાશોના પાળા...

તું કરશે એ બધ્ધું ખોટું, મારી વાતો સાચી,
આવું આવું બોલી રાવણની તો આંખો નાચી,
જે લડતા'તા એની પીઠે દીધા ઘાવો આળા...
દિલ્લી દિલ્લી રમવા બેઠા, લઈ લાશોના પાળા...

આ અમરત જેવા ઔષધમાં એ વિષ મનના ઘોળે,
પોતે પીવે બે હાથે ને બીજાઓના ઢોળે,
અફવાઓની ચાવી લઈને મારે મનને તાળાં...
દિલ્લી દિલ્લી રમવા બેઠા, લઈ લાશોના પાળા...
રાવણ ભેગા શૂર્પણખાને સૂઝે કેવા ચાળા...

"આનંદ", બી/૨૦૪, શ્રીનાથ હોમ્સ,
કુડાસણ, ગાંધીનગર.
મો. ૯૭૧૨૯૯૭૪૦૩





નો'તું કીધું ?

- પારસ એસ. હેમાણી

આમ જ થાશે, નો'તું કીધું ?
એ મૂંઝાશે, નો'તું કીધું ?

તડકે તડકે ભીંજાવીને,
ગોરંભાશે, નો'તું કીધું ?

રોઈ લેશે સાચું - ખોટું,
જીવતી લાશે, નો'તું કીધું ?

આકાશે ઊડવાની તલપે,
પાંખ કપાશે, નો'તું કીધું ?

એના તરફી છે જન માનસ,
છૂટી જાશે, નો'તું કીધું ?

કેવી શાંતિથી બેઠો છે,
છંછેડાશે, નો'તું કીધું ?
એની નવરાશે આવી ને,
'પારસ' ગાશે, નો'તું કીધું ?

હેમાણી હોસ્પિટલ, ભક્તિનગર સોસાયટી,
કાન્તા સ્ત્રીટ વિકાસ ગૃહ પાસે,
રાજકોટ-૩૬૦૦૦૨. મો. ૯૯૦૪૯૦૦૦૫૯

ગઝલ

- ડૉ. મનોજ જોશી 'મન'

ખૂલી જવું એ દ્વારની આદત નથી હવે,
Sorry ! પણ આવકારની આદત નથી હવે.

છૂટી ગઈ છે ક્યારની ! આદત નથી હવે,
ના ! લાગણી કે પ્યારની આદત નથી હવે.

એવું નથી કે ના ગમે અજવાળું થાય તો !
પણ, સૂર્યથી સવારની આદત નથી હવે.

સિવડાવ્યાં સૌએ માપ મુજબ 'આપ' ને 'તમે',
છે સ્વાર્થની ! તુંકારની આદત નથી હવે !

મિત્રો ! ન શોધો લાગ, હું સામો ફરી જઉં !
પાછળ થતાં પ્રહારની આદત નથી હવે.

મારી ઉદાસી એમ અમિતાભ થઈ ગઈ !
રહે છે પ્રથમ ! કતારની આદત નથી હવે.

દર્દો તો એનાં એ જ યથાવત્ હજુય છે,
પણ, દર્દના પ્રચારની આદત નથી હવે.

૧૦૧, શાંતિ કુંજ એપાર્ટમેન્ટ,
૭, પટેલ કોલોની, મેઈન રોડ, દિપભવન પાછળ,
જામનગર-૩૬૧૦૦૯. ફોન: ૦૨૮૮-૨૭૫૬૨૬૧





શૂન્ય મઢે...

- ડૉ. પ્રદીપ આઝાદ

ખત લખ્યો' તો વગર સરનામે ફરી
જાય વ્હેતી મુજ મહીં કોરી નદી

અંધ નગરે ફાનસ લઈ નીકળ્યો
ઠોકરો સાથે કરી યારી નદી

દીસતા પડઘા પળોના ચોતરફ
થાક ન લાગે પગે ન્યારી નદી

થૈ સવાલો તીર તાતા છોડ, ના
વદન કેરું નૂર છે ભારી નદી

ફૂલ સઘળાં હાથમાં શૂન્ય મઢે
સુરભિ થૈ ગઝલે ફરી મ્હોરી નદી

પ્લોટ નં. ૧૨૪૮/૧, સેક્ટર-૭/ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૭

હરિવર હવે તો...

- *હર્ષિદા દીપક*

હરિવર, હવે તો થોડું બોલો,
વાટ નીરખતી આંખલડીને અધમધરાતે ખોલો...

મૌન તમારું હોય ભલે ને શબદ સાંભળે દર્પણ,
બંધ આંખથી યાદોના રેલામાં વહેતું સગપણ,
હરિવર, વાંસ ભલેને પોલો...
પોલી વાંસલડીમાં મીઠાં સૂર સજાવી ડોલો...

રાત ભલેને અંધારી પણ ભીતરમાં અજવાળું,
ધકધક થાતાં ધબકારામાં જઈને એ અટવાણું,
હરિવર, ભીતર મનખો ભોલો...
પ્રેમ નીતરતાં મુજને આપો રસવંતા રંગમોલો...

૧, નંદનવન પાર્ક, ૯, સદગુરુ બંગલો,
ગોલ્ડન માર્કેટ પાછળ, સાધુ વાસવાણી રોડ,
રાજકોટ-૦૫. મો. ૯૭૨૭૭૭૪૭૪૩





ખૂણે-ખૂણેથી બાજે...

- *દીપક ત્રિવેદી*

ખૂણે-ખૂણેથી બાજે
ગેબ ગગનમાં ગાજે,
દાદૂર-મોર-બપૈયા આવી ઊભા છે દરવાજે
ખૂણે-ખૂણેથી બાજે !!
અપાર, નિર્મલ, દૃષ્ટિ તારી ગાત્ર અમારું પાત્ર
નિર્વિચાર, નિર્બંધ કરી દે કમલનેત્રથી માત્ર
પૂર્ણ કુટીરો આજે
છીપ ઊઘડે એમ ઊઘડી બેઠી પૂર્ણ મલાજે
ખૂણે-ખૂણેથી બાજે !
નિર્વિકાર, નિર્ગ્રંથ થવામાં દે જે કરુણા-દૃષ્ટિ
તેજ-પૂંજમાં રહે વિહરતી દે જે સકલાસૃષ્ટિ
મૂર્તિમંત બિરાજે
'આનો ભદ્રા ક્રતવો યન્તુ વિશ્વ' સમો થઈ જાજે
ખૂણે-ખૂણેથી બાજે !!

૧-નંદનવન પાર્ક, ૯, સદગુરુ બંગલો,
ગોલ્ડન માર્કેટ પાછળ, સાધુ વાસવાણી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫, મો. ૯૭૨૭૭૭૪૭૪૨

તું તારી રીતે જાજે...

- *પ્રજ્ઞા પટેલ*

હોય ચાલવું એને રસ્તા મળતા સ્હેજે
ભલે કોઈ ચાલે આડું-ઊભું, કોઈ વહેતું મ્હાલે
છોડી સઘળી પડપૂછ નકામી
તું તારી રીતે જાજે...

ઊગતો સૂરજ કદી ન પૂછતો
વાયરા અમથા અમથા વાતા
પંખીઓ ક્યાં મૂરત જુએ છે ?
જોને ફૂલો કેવું મજાનાં ગાતાં.
તું તારી રીતે જાજે.....

નદી એકલી નીકળે, વાટે સહુને સાથે રાખે
ફીણ-મોજાની પછડાટો તોય દરિયો કદી ન હારે
એક જ સ્થાને ઊભા રહેવું, વૃક્ષ કદી છે થાકે ?
પોતાના એકાંતે જંગલ મજાનું ગાજે.
તું તારી રીતે જાજે...

ચાલવું દોડવું ઊભા રહેવું, નામ એનું ગતિ
સહુએ સહુનું શોધી લેવું જેવી જેની મતિ
ક્યાં જાવું ને કેમ જાવું એ હોય જો નક્કી
સર્વ દિશાઓ દોરી જાશે મનની મંજિલ ભણી.

છોડી સઘળી પડપૂછ નકામી
તું તારી રીતે જાજે.

આત્મન્, પ્લોટ નં. ૧૬૮૭/૧,
સેક્ટર-૨-ડી, ગાંધીનગર-૩૮૨૦૦૭.
મો. ૯૮૨૫૪૩૮૩૯૪





ગઝલ

- *ભાવિન ગોપાણી*

સાવ કોરા રહી જવાની ધારણા તોડી જ નાખી,
આખરે વહેતી નદીમાં આંગળી બોળી જ નાખી.

આ જ કારણથી જીવનભર ના થયો અજવાશ ઓછો,
એક બે મુદ્દા ઉપર મેં રોશની ઓછી જ નાખી.

એ અગર છલકાય છે, મારો નથી એમાં કોઈ હાથ,
મેં તો એ ખાબોચિયામાં કાંકરી ન્હોતી જ નાખી.

ચિત્ર સુંદર બાગનું થોડું અધૂરું લાગતું'તું,
ચિત્રકારે આખરે ત્યાં છોકરી દોરી જ નાખી.

આ જ મર્યાદા રહી, ના પુસ્તકો કોઈ રહ્યા યાદ,
ખાસિયત છે આ જ સૌ ગમતી ગલી ગોખી જ નાખી

એક પણ સાક્ષી વગર ખૂની સુધી પહોંચી જવાયું,
એક લાશે બંધ મુઠ્ઠી આખરે ખોલી જ નાખી.

સાવ નિષ્ફળ જિંદગીની આ નથી ઓછી સફળતા,
શ્વાસ લેવા યોગ્ય તો થોડી હવા શોધી જ નાખી.

૨૦, મહાવીર કૃપા, ગંગાધર સોસાયટી,
સરદાર પટેલ સ્કૂલની સામે, મણિનગર,
અમદાવાદ-૩૮૦૦૦૮. મો. ૯૮૨૫૬૯૮૬૨૮

ખુલ્લી આંખે જોઉં...

- તેજસ દવે

ખુલ્લી આંખે જોઉં રોજ હું ટગરટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સૂક્કી ડાળો,
ઊભું એકલું બળબળ બળતું ઝાડ, ઝાડનો છાંયો કહેતો,
હવે તમારો વારો, તમને તમે જ બાળો.

મૂળથી ઊખડી જાશે હમણાં એમ થતું ત્યાં થડની નીચે
નાનકડી એક ખિસકોલી બાકોરું પાડે,
નથી અહીં કોઈ અવરજવર વેરાન થયેલા જંગલ વચ્ચે
કોઈ હજી પણ એવું છે જે ઝાડ ગમાડે.
જાઉં કેમ હું પાછો એના શૈશવ પાસે દરેક પળમાં,
વધતી ઉંમર કરે ઝાડનો કાં સરવાળો ?
ખુલ્લી આંખે જોઉં રોજ હું ટગરટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સૂક્કી ડાળો.

તમે જે ટોચે માળા બાંધ્યા, રહી ગયાં છે પીંછાં એમાં,
એ પીંછાઓ જાવ જઈને બહાર નીકાળો,
ટહુકાઓનું ગામ મૂકીને ઊડી ગયેલાં પંખી,
પેલા લેણદેણના કિસ્સા કહું છું પાછા વાળો.
ઘટાટોપ કંઈ લીલું લીલું ઊગી રહ્યું છે મારી અંદર
હવે રોજ હું કહેતો, આવો મને ઓગાળો.
ખુલ્લી આંખે જોઉં રોજ હું ટગરટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સૂક્કી ડાળો.

બંગલા નં-૧૩, મેઘના રો-હાઉસ,
ભવ્ય પાર્ક ફ્લેટની પાસે, બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૯૦૪૩૮૪૭૬૯





વાત તારી વિચારવી પડશે...

- દર્શક આચાર્ય

વાત તારી વિચારવી પડશે,
જાત આખી નિતારવી પડશે.

ડૂબતી નાવ તો ઊગરશે પણ -
ઝંખનાઓ વધારવી પડશે.

જેમ પર્વત નદી ઉતારે છે,
એમ યાદો ઉતારવી પડશે.

વૃક્ષની જેમ છાંયડો દેવા,
જાત તારે પ્રસારવી પડશે.

રાતરાણી સમું સ્મરણ દોરી,
સાંજ મારે નિખારવી પડશે.

'કવિતા', ૧૦, અંકુર સોસાયટી,
નવા જંકશન રોડ, સુરેન્દ્રનગર.
મો. ૭૬૦૦૩૬૫૨૧૦

જિંદગીના ભ્રમમાં જીવ્યા કરું...

- રમણ વાઘેલા

અરે ઓ શ્વાસ, કહેવું શું તને ?
નિત નિત કેમ પજવે તું મને ?

કાલ સૂરજ ઊગશે કે નહીં ઊગે !
કેમ એવું આજ પૂછતો તું મને ?

આ હવા તો શ્વાસ થૈ ધબકયા કરે,
ક્યાંથી મળશે ભીડમાં અહીં તું મને ?

રેખા બાંધી મૃત્યની તેં જન્મથી જ,
નિરખું છું હું રોજ, ખૂટતો તું મને !

આયખું છે નામનું ઇહલોક માં,
મોહ પારાવાર, છૂટતો તું મને !

જિંદગીના ભ્રમમાં જીવ્યા કરું,
હાથતાળી દૈને લૂંટતો તું મને !

પ્લોટ નં.૬૫૨/૨, સેક્ટર નં.૮,
ગાંધીનગર-૩૮૨૦૦૭.
મો. ૬૩૫૮૭૪૦૬૧૬





ખુદ સમયને આવરે છે...

- ડૉ. મુકેશ જોષી

પ્રશ્ન થઈને પાંગરે છે, એક દીવો ઝૂંપડીમાં;
વિશ્વ થઈને વિસ્તરે છે, એક દીવો ઝૂંપડીમાં.

એજ પેઢીઓની જૂની પાંગળી પામર પ્રથાઓ;
ખુદ સ્મરણ થઈને સ્મરે છે, એક દીવો ઝૂંપડીમાં.

આમ સિંહની ત્રાડ થઈને એ જનમ્યો'તો છતાંયે;
ગાય થઈને ભાંભરે છે, એક દીવો ઝૂંપડીમાં.

પુણ્યના જેવો ઝીણો અજવાસ થોડો પાથરીને;
પાપ જગના છાવરે છે, એક દીવો ઝૂંપડીમાં.

હા, અભાવોની જ ભરતી જિંદગીભર જોઈ જોઈ;
ઓટ થઈને ઓસરે છે, એક દીવો ઝૂંપડીમાં.

સાહસી બે બે કિનારા જિંદગીના જોઈને બસ;
નાવ થઈને લાંગરે છે, એક દીવો ઝૂંપડીમાં.

કાળ કે યુગો કશું એનું બગાડી ક્યાં શક્યા છે ?
ખુદ સમયને આવરે છે, એક દીવો ઝૂંપડીમાં.

"શિવ સદન", પ્લોટ નં. ૭૬૨/૨,
જાગૃતિપાર્ક સોસાયટી, સેક્ટર-૩૦,
ગાંધીનગર. મો. ૯૯૨૫૦૦૨૪૩૫

એક ઘડપણનું ગીત...

- જયંતિ ધોકાઈ

આ ઘડપણને શું કહેવું !
અલપ-ઝલપ નીંદરમાં જાગું, જાગું ત્યારે ઊંઘું,
કાન, આંખ ને નાક બધું યે લાગે સાચે ઊંધું !
મગજ કહે શેં સહેવું ?
આ ઘડપણને શું કહેવું ?
જીભ ચહે ચટપટું ખાવા પણ પેટ ગ્રહે ના કાંઈ,
પગ મગજનું માને નહીં ને સાચોસાચ મુંઝાવું
આ કોને જઈને કહેવું ?
આ ઘડપણને શું કહેવું !
ભાઈબંધો પણ ગઈઢાબુઢા, સૌ ટેકેટેકે ચાલે,
ઘડીક હાંફે ને ઘડીક ધખધખે તો ય તરત ના ચાલે.
બસ, આમ જ સહતા સહેવું ?
આ ઘડપણને શું કહેવું ?
ઘડપણ તો જીવતરનું મૂલ એમ ઘણાયે કે'છે,
પણ માહ્યલા ઘા પડે તે જાણે કે કેવા ઊંડા બૂડ !
રે, કેટલુંક કહેતા રહેવું ?
રે, ક્યાં જઈને આ કહેવું !
આ ઘડપણને શું કહેવું ?!

જવાહર રોડ, ઓખા,
જિ. દેવભૂમિ દ્વારકા-૩૬૧૩૫૦.
મો. ૭૪૩૪૯૪૩૨૯૩





પરાણે હું નહીં આવું, પગારદાર નથી...

- પ્રશાંત સોમાણી

નયન હું બંધ કરુંને એ દોડતી આવે,
છતાંય લોકો કહે કોઈ આવનાર નથી.

હું એકલોય પહોંચી જવાનો મંજિલ લગ,
સફરમાં સાથી ભલે કોઈ ચાલનાર નથી.

હવે નથી રહ્યા દુનિયામાં પ્રેમના વારસ,
તમારું પ્રેમવચન કોઈ પાળનાર નથી.

તમે સવાલનો સાચો જવાબ આપો ને,
"પ્રશાંત, કેમ મને કોઈ ચાહનાર નથી."

આઈ-૧૩૩, અભિનંદન પેલેસ, શિલ્પાપાર્ક સોસાયટી,
રંગ અવધૂત સોસાયટી પાસે, માતાવાડી, લંબે હનુમાન રોડ,
સુરત-૩૯૫૦૦૬. મો. ૭૪૦૫૧૩૭૦૦૧

હતો રાત સાથે...

- વિપુલ માંગરોલિયા 'વેદાંત'

હતો રાત સાથે કમળનો એ ઝઘડો;
વગર વાંકે દંડાયો છે એક ભમરો.

પ્રતિબિંબ ને કંઈ ફરક ક્યાં પડે છે,
અરીસો ભલે હોય આડો કે અવળો.

સહજ કેમ છો એમ પૂછ્યું તું એણે,
સરળ શબ્દમાં, પ્રશ્ન લાગ્યો'તો અઘરો.

હશે સાથ પડછાયો એકાંતમાં જો,
પછી લાગશે સ્હેજ મીઠો આ તડકો.

છે વાબસ્તગી ક્યાં નજર ને અધરની,
પ્રણયનો તમારામાં ફૂટ્યો છે ફણગો ?

કરી નાખ્યું સૌંદર્ય બમણું તમે તો,
ઉઠાવીને ઘૂંઘટને ચહેરેથી અડધો

ઘણી મોડી ઊઘડી છે આંખો અમારી,
અને તુંય ત્યારે જ પાડે છે પડદો.

એ નાદાન છે તો એ ભૂલો જ કરશે,
તમે સમજુ લાગો છો થોડું તો સમજો.

૫૭, હેપ્પી બંગ્લોઝ, ત્રિકમનગર-૧,
લમ્બે હનુમાન રોડ, સુરત-૩૯૫૦૦૬
મો. ૯૮૨૫૧૩૨૬૧૦





અમે તૂટી ગયેલા શ્વાસને...

- શૈલેષ પંડ્યા 'ભીનાશ'

ફરી પાછા તમારી યાદના સંબંધ રાખ્યા છે.
અમે તૂટી ગયેલા શ્વાસને અકબંધ રાખ્યા છે.

દિવસને રાત ખાસ્સી છે અસર પણ એકધારી ને,
અમે જાણી બૂજીને દશ્ય પાછા અંધ રાખ્યા છે.

અચંબો થાય છે ક્યારેક કે આવે છે ક્યાંથી એ ?
અમે બારી અને સૌ બારણાં તો બંધ રાખ્યા છે.

પરમ પાસે જ, ક્ષણ પાસે જ, ઘર પાસે જ એ લાગે,
અમે ક્યાં સાવ ખોટા ભ્રમ કિલ્લેબંધ રાખ્યા છે.

કદી વાતો કરે એવી પછી પડઘા પડે વનમાં,
અમે પણ ત્રાડ ભીના અર્થને અકબંધ રાખ્યા છે.

વરસ ને પ્રિય બોલું કે વરસ મેઘા કહું સરખું,
અમે 'ભીનાશ' શ્વાસે શ્વાસના અનુબંધ રાખ્યા છે.

૪, આદિત્યનગર, ઘનશ્યામનગરની બાજુમાં,
ઓએનજીસી રોડ, માર્કેટયાર્ડ-કલોલ,
જિ. ગાંધીનગર-૩૮૨૭૨૧. મો. ૯૩૨૮૨૪૬૨૦૭

એમ ચહું છું...

- રેણુકા દવે

રોજ ઊઠી ભાળભાંખળ વેળા, તુલસી ક્યારે શીશ નમાવી એમ કહું છું.
જે પથ ચાલ્યા એ પગદંડી સરવે ભાળો, સરવે પામો - એમ ચહું છું.


થોડાં ડૂસકાં, થોડા ડૂમા સાવ અજાણે ખર્યાં હશે ત્યાં - સાવ સાચું,
કોનું અંતર સ્પર્શી જાણે આનંદોની સરવાણી, જો હોયે કાચું ?
કચકડું તોડી ભીતરનું કંચન પામ્યાં - સરવે પામો એમ ચહું છું...
રોજ ઊઠી ભળભાંખળ વેળા...

થોડાં દશ્યો મનમંદિરના ગર્ભગૃહમાં જડાઈ બેઠાં રોજ નિહાળું,
સ્નેહ ભરીને કેવા કીધા અખંડ દીવા હજીય પથરાતું અજવાળું.
ઘંટારવની શાખે જે હોંકારા પામ્યા - સરવે પામો - એમ ચહું છું...
રોજ ઊઠી ભળભાંખળ વેળા...

થોડી પાંખો, થોડી આંખો, અંદરની એવી ઊઘડી આ રસ્તે જાતાં,
ઘટનાની પાછળની ઘટના બોલે જુદી વાણી શબ્દો એ સમજાતા.
મૌન હવાનાં અર્થભરેલાં ગીતો પામ્યાં - સરવે પામો - એમ ચહું છું...
રોજ ઊઠી ભળભાંખળ વેળા...

જે-૨૦૧, કનકકલા-૨, સીમા હૉલ સામે,
મા આનંદમયી રોડ, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૭૯૨૪૫૯૫૪





એક કોયલ ને કાગડાએ...

- કનૈયાલાલ ભટ્ટ

એક કોયલ ને કાગડાએ મિટિંગ બોલાવી
જંગલમાં પંખી સૌ ભેગાં થયાં અને વૃક્ષોની ડાળો ઝુલાવી

કાગડાએ કહ્યું કે વૃક્ષો ને પાણીના સંદર્ભની યોજી છે મિટિંગ
વિકાસનું નામ લૈ માણસ કરે છે, સાલ્લો આપણી સાથેય ચિટિંગ

બેય કાંઠા પર મહેલો ને મોલો બંધાવી, એણે આ નદિયું સુકાવી
એક કોયલ ને કાગડાએ મિટિંગ બોલાવી

આભ ઝૂકી બેઠું'તું લીમડાની ડાળે, તે ગુસ્સે થઈ બોલ્યું કે ગરજું ?
તમે સૌ કહો તો દરિયાના પાણીમાં, મસમોટાં તોફાનો સરજું

આ માણસે ઝાડવાઓ કાપીને ધરતી પર, બધાની લાઈફ ટૂંકાવી
એક કોયલ ને કાગડાએ મિટિંગ બોલાવી

ચીં ચીં ચીં કા કા કા ઘૂ ઘૂ ઘૂ કુહુ કુહુ, ટેહુકથી ગૂંજી ઊઠ્યું જંગલ
સૂરજ, ધરતી ને આભ આખુંયે ગુસ્સામાં, કુદરતના ખેલાશે દંગલ.

આકાશે વીજળીના ચમકારા થિયા ને વાદળાએ દિશા ગજાવી
એક કોયલ ને કાગડાએ મિટિંગ બોલાવી

પ્લોટ નં. ૧૧૮૫/૫, હાઈટેક હોસ્પિટલ પાછળ,
સેક્ટર-૩/ડી, ગાંધીનગર-૩૮૨૦૦૬.
મો. ૯૪૨૬૦૬૦૬૦૧

હૈયાની વાત...

- ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'

વાલી મૂઈ હું અણસમજુ ને શરમાળ, લજામણીનો છોડ,
ઘરમાં મુને એકલી ભાળી, જાગે ઈને બાહુમાં લપેટવાના કોડ.

પ્યાસી હું કેફ કસુંબલ, ચુંબનનો બંધાણી ઈ ચિત્તડાનો ચોર,
મારી નજરુંના કામણે, ચકચૂર થઈ જાય ઈ મીઠડો નશાખોર.

હું ઊંડા જળની માછલી, એવા છીછરા નીરે કેમ ન્હાવું ?
જોબનના ઝરૂખે તડપું, સ્પર્શના આછેરા સ્નેહે કદી ના ભીજાવું.


ગોરા મારા ચહેરે, નજાકત અનુપમ સૌંદર્ય ભરપૂર છલકાય,
પૌરુષત્વ ભરી એની પહની છાતીએ નાજુક કાયા સમાય.

પ્રથમ વરસાદે પિયુની ઉત્તેજિત ભીંસે પલળે કોરું અતૃપ્ત બદન,
આલિંગનની હૂંફ થકી, લાલઘૂમ થાય ખૂબસૂરત ગુલાબી વદન.

શરદપૂનમની ધવલ રાતે, દલડે ઘૂંટાયેલ અપાર વેદના વિસરાય,
મદમસ્ત ઊછળતી જવાનીએ, ઢોલિયે અનેરી સુહાગરાત ઉજવાય.

'અંતરિક્ષ', પ્લોટ નં ૩૯૩/૨,
સેક્ટર-૩બી, ગાંધીનગર-૩૮૨૦૦૬.
મો. ૯૮૯૮૪૫૩૧૭૨





ગોધૂલિ...

- સંસ્કૃતિરાણી દેસાઈ

દેખાય છે
પ્લેનની બારીમાંથી
નીચે
અનંત સુધી
ઘેટાનાં ધણના ધણની જેમ
ચરતાં, વાદળો.

થઈ રહ્યો છે ગોધૂલિનો સમય
કેમ કોઈ ગોવાળ
દોરીને નથી લઈ જતો, આ વાદળોને ?
દોરીને લઈ નહીં જાય
તો ખોવાઈ જશે અંધારું થતાં
ભૂલા પડી જશે.
ઘરનો રસ્તો નહીં જડે તેમને...
ગોવાળ નથી
એટલે જ કદાચ
ઘણાં બધાં વાદળ-ઘેરાં, રખડ્યાં કરે છે આકાશના મેદાનમાં.
રાતના કોઈ એમને ઉઠાવી જાય તો ?

ભટકતાં રહી ગયા છે
કેટલાય વખતથી, ઘેર ગયા વગર.
ફર્યા કરે છે આખ્ખો દિવસ
અલ્લડની માફક.
કદાચ થઈ ગયા છે રખડુ,
ગભરાતાં નથી હવે કોઈથીયે
કદાચ શહેરો કરતાં, સુરક્ષિત છે આકાશ,
એટલે કોઈ અપહરણ કરીને લઈ નથી ગયું.

ઘરના રસ્તાની પરવા નથી,
ગોવાળની પણ જરૂર નથી તેમને.
ધણના ધણ ઘેટાંઓની માફક
એટલે જ રખડ્યાં કરે છે વાદળો આકાશમાં
ગોધૂલિની પરવા કર્યા વગર.

૨/સી, નાનિક નિવાસ,
વોર્ડન રોડ, મુંબઈ-૪૦૦૦૨૬.

ગીત

- વિનોદ ગાંધી


એકાએક પરણ્યોજી આવ્યો પરદેશથી ને
મારે અગિયારસનું વ્રત,
શીરો શિંગોડાનો કઈ રીતે ખવડાવું,
એને તો લાપસીની લત !!

આ બાજુ પરભુજી વ્રત થકી રાજી
ને પરણ્યો પંચાંગનું ના જાણે;
ઘંટીના બે પડની વચ્ચે અટવાણી હું
કરવું શું મારે અટાણે ?
દીવાઓ ટેવવશ જાણે છે મારી
આ આરતી ઉતારવાની આરત,
એકાએક પરણ્યોજી આવ્યો પરદેશથી ને
મારે અગિયારસનું વ્રત,
શીરો શિંગોડાનો કઈ રીતે ખવડાવું
એને તો લાપસીની લત !

તુલસીનાં પાન અને યમુનાનું જળ
અને બાજઠ પર બેઠું શ્રીફળ,
ઉપવાસી ભોગ ધરી અરજી કરું
પ્રભુ, ખોલી દે વચ્ચેની કળ,
તું પણ થાય રાજી, અક્ષત રહે
અને એ થાયે સંમત
પરણ્યોજી આવ્યો પરદેશથી ને
મારે અગિયારસનું વ્રત,
શીરો કઈ રીતે ખવડાવું
એને તો લાપસીની લત !!!

૮૩, સુવિધા નગર, ભુરાવાવ,
ગોધરા- ૩૮૯૦૦૧.
મો. ૯૭૨૬૧૬૬૦૩૧





ગીત

- વિનુ બામણીયા

નહીં બોલ્યું નહીં ચાલ્યું,
કોણ હતું એ અગમ ઝરૂખે
દશે દિશાએ મહાલ્યું ?

હૈયું તો મહેમાન બને છે અહીં તહીં ને અળગે,
ક્યારેક ક્યારેક એય બિચારું આખેઆખું સળગે.

કોઈ અગોચર પીડાઓથી
એણે સપનું ફાડ્યું !
નહીં બોલ્યું નહીં ચાલ્યું.

કેવળ ઈચ્છાઓ મ્હોરી'તી
કોઈ સૂકેલી ડાળે,
પણ ગતિ કેમ ભ્રમિત થયેલી લીલ - સરોવર પાળે.
કેમ કશું નહીં ટાળ્યું ?
નહીં બોલ્યું નહીં ચાલ્યું .

કેમ અચાનક ઊડી જવાયું
પંખીનું પ્રાતઃ કાળે
ખાલી ખાલી માળો છે, પીછાંને પંપાળે
ખેલ ખલક ખાલી કરવાને જીવતર એમ જ ઢાળ્યું
નહીં બોલ્યું નહીં ચાલ્યું.

એ-૪, ગુજરાત હાઉસિંગ સોસાયટી,
આર.ટી.ઓ. રોડ, ગોધરા, જિ. પંચમહાલ-૩૮૯૦૦૧.
મો. ૯૭૨૭૪૫૦૭૫૪

ગીત

- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'


અડવાણી આંગળીઓ, અડવાણી કાનસેર, અડવાણાં તરસે છે નેણ
નીરખ્યાની, સૂણ્યાની, અડક્યાની નદીઓનાં વાળોને પાછાં જઈ વ્હેણ

વેઢાનાં ઊંડાણે એમ કોઈ ઊતરતું, તાગતું હો જાણે પાતાળ !
આંગળીઓ સૂનમૂન થઈ ગઈ જે રહેતી'તી, પહેલા તો કાયમ વાચાળ
ટેરવાંયે વરસોથી ચાહે કે મોકલીએ, લઈને ના જાતું કોઈ કહેણ
નીરખ્યાની, સૂણ્યાની, અડક્યાની નદીઓનાં વાળોને પાછાં જઈ વ્હેણ

એકાદી શેરીને કરીએ પોકાર ત્યાં તો કેટલીયે નીકળતી સામટી
ખુશીઓના ઝબકારા જ્યાંથી વછૂટતા એ વાવડની સળગી છે રાવટી
કાનસેર લટકે છે એકલી અટુલી અહીં જાણે કોઈ નાગણની ફેણ
નીરખ્યાની, સૂણ્યાની, અડક્યાની નદીઓનાં વાળોને પાછાં જઈ વ્હેણ

અણહોરી આંખોએ મેલ્યા ઉજાગરા તે પાંપણને પોપચાંને મેળ
કોરીકટ રહેવાને એવી ટેવાઈ ગઈ, વિનવતી ભેજ ના ઉખેળ
આવીને વસતાં અહીં, સામે મોકલતાં એ સપનાંની પૂરી લેણદેણ
નીરખ્યાની, સૂણ્યાની, અડક્યાની નદીઓનાં વાળોને પાછાં જઈ વ્હેણ

૨૬, બાલાજી વિલા પાર્ટ-૧, ટી.પી નં ૪૪,
ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪.
મો. ૭૫૭૪૯૫૦૦૮૧





ખાતરી આપો...

- કિરણસિંહ ચૌહાણ

પથારી જેવી પાથરવી હોય એવી પાથરી આપો,
પરંતુ ઊંઘ મીઠી આવે એવી ખાતરી આપો.

વ્યવસ્થા આટલી બસ આટલી અમને કરી આપો,
સમયને કાપવો છે એટલે બુઠ્ઠી છરી આપો.

અમારે રોજ રાતે આગિયાઓ સાથે મહેફિલ હોય,
તમે અજવાળું રાખો છો, તમે પણ હાજરી આપો.

'અમુકને જો નથી વાંચ્યા, તમે માણસ નથી, સમજ્યા !'
તમે વાંચીને માણસ થઈ ગયા ? સાબિત કરી આપો.

અહીં પ્રત્યેક લખનારાને ભાષાની વિનંતી છે,
કલમની ધારથી એકાદ ચીલો ચાતરી આપો.

૧૦૦, શાંતિકુંજ સોસાયટી,
પાલનપુર જકાતનાકા, સુરત-૯.
મો. ૮૧૪૧૦૩૩૩૧૦

પ્રથમ તો આંખ વિસ્તરે...

- જિગર જોષી 'પ્રેમ'

પ્રથમ તો આંખ વિસ્તરે પછીથી પાંખ વિસ્તરે,
પછી તો વ્યાપ એવો કે સકળ ગગન ટૂંકુ પડે.

સુગંધનું ગુમાન એક પળમાં ઊતરી ગયું,
હવાની પાલખી વિના પ્રવાસ ક્યાંથી સંભવે.

પીડાઓ મોંઘીદાટ પોષું પણ તો પોષું ક્યાં લગી,
મનેય દુઃખ તો દે પરંતુ એવું દે કે પરવડે.

ધીરે ધીરે ઊતરતા જઈ ને પાણીમાં ભળી જશું,
જીવન એ બીજું કંઈ નથી પરંતુ એક વાવ છે.

ખરી રહ્યા છે જે રીતે પીંછાઓ આભથી 'જિગર' !
કદાચ કલ્પ્યું પણ ન હો કે આભ પંખી નીકળે

૫૯, ગંગોત્રી પાર્ક, 'પ્રેમ', સવાણી કિડની હોસ્પિટલ સામેનો વિસ્તાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
મો. ૯૯૨૫૧૫૭૪૭૫





ચીતરને ફરી...

- ઉમેશ જોષી

ઊજળી તું રાત ચીતરને ફરી,
માંહ્યલાની જાત ચીતરને ફરી.

એ નદીઓ તો ભળી ગઈ સાગરે,
વ્હાલની સોગાત ચીતરને ફરી.

હોઠ પર થીજી ગયા એ શબ્દના,
એક-બે આઘાત ચીતરને ફરી.

પળ પછી પળનેય વળગણ હોય છે,
હરણની હાલાત ચીતરને ફરી.

ઓળખી જો સૌ ગયા છે તો હવે,
ટેરવાંની ભાત ચીતરને ફરી.

૫, બ્રહ્મેશ્વર નગર, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી-૩૬૫૬૦૧.
મો. ૯૮૭૯૫૬૬૫૯૦

ગઝલ

- મધુસૂદન પટેલ 'મધુ'

જો ખરેખર પ્રેમ છે તો જાવ ને હાંસલ કરો,
ઘૂંઘરુની જાત પણ જાદુ કરી પાયલ કરો.

પ્રેમમાં કંઈ ખાસ કરવાનું કશું હોતું નથી,
જેમણે ઘાયલ કર્યા છે, એમને ઘાયલ કરો.

હોય હા, તો સ્હેજ બસ માથું હલાવો કાં પછી,
'ના' લખીને સહી કરો ને વાત રદબાતલ કરો.

આ જગત પાગલ ન લાગે તો પછી કહેજો મને,
કોઈ પણ વાતે પ્રથમ તો જાતને પાગલ કરો.

એનું સરનામું કે નંબર કંઈ નથી તો શું થયું ?
આંખ મીંચીને મનોમન નામને ડાયલ કરો.

સી-૧૨૦૪, કવિશા સેલિબ્રેશન, આરોહી ક્લબની સામે,
આમંત્રણ બંગ્લોઝની પાસે, સાઉથ બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૨૨૭૫૧૦૮૭૨





ખુદ પવન આવી દીવો જલાવી જાય છે...

- જિગર ઠક્કર 'ગઝલનાથ'

ક્યાંય જે નમતા નથી, માથું નમાવી જાય છે,
ખુદ પવન આવી અહીં દીવો જલાવી જાય છે.

કોશિષો લાખો કરી છે ભૂલવાની જેમને,
એ જ આવી તાર દિલના ઝણઝણાવી જાય છે.

કોઈ ભીની આંખ લઈ જીવી રહ્યાં છે જિંદગી,
આંસુઓનો એ જ તો ઉત્સવ મનાવી જાય છે.

આ ગઝલના ગામમાં એવા ઘણાં મળશે તને,
લાગણીના નામ પર તરકટ રચાવી જાય છે.

હું નહીં જીવી શકું તારા વગર, આપે વચન,
એ જ લોકો જિંદગી આખી ચલાવી જાય છે.

૩, સેવન હેવન એપાર્ટમેન્ટ, સાઈબાબા મંદિર સામે,
નારાયણ નગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૭૫૭૪૦૦૧૦૦૮

મારી આંખોમાં...

- *નટવર હેડાઉ 'વનવિહારી'*

ઉદાસ ઉદાસ છે બધો મંજર, મારી આંખોમાં,
ધુમાડો જ ધુમાડો છે અંદર, મારી આંખોમાં,
કાલ જેની બીકથી હવા, દિશા બદલી નાખતી,
આજ લાચાર છે એ સિકંદર, મારી આંખોમાં
જેણે વહેંચ્યો હતો જગને પ્રેમ બેસુમાર કયારેક,
તે આજ સૂકો છે સમુન્દર, મારી આંખોમાં,
તેં કહેલું કે આ ધરતીને સ્વર્ગ કરી દઈશું
આ જમીન છે હજુ બન્જર, મારી આંખોમાં,
કર્યો ધરમ ને કેવી સચ્ચાઈ, કોણે વચન પાળ્યું,
તમામ વાતો છે અહીં ખન્ડહર, મારી આંખોમાં,
જેણે કત્લેઆમ કરી એ તો જતો રહ્યો કયાંક,
લોહીથી તરબતર છે ખંજર, મારી આંખોમાં.

અરણ્યાલય, ૫, ડુપ્લેક્ષ હરિનગર સોસાયટી,
મુ. વાવોલ, તા.જિ. ગાંધીનગર-૩૮૨૦૧૬.





સળગવાની વ્યથા...

- *જિતેન્દ્ર પ્રજાપતિ*

મુલતવી રાખશો બળવું, તમે એ સાંભળીને દોસ્ત;
સળગવાની વ્યથા પૂછી જુઓ દીવાસળીને દોસ્ત.

કહે, હું કેમ માનું કે હવા આપે છે નવજીવન ?
દીધો ધક્કો એણે હમણાં તણખલાની સળીને દોસ્ત.

હવે અપનાવવો કે છોડવો, છોડ્યું તમારા પર;
અહીં આવ્યો છું હું ખુદમાંથી આજે નીકળીને દોસ્ત.

ગમે તેવો હો ભપકો, ઠાઠમાઠ, ટકતો નથી ક્યારેય,
સૂરજ શરણાગતિ સ્વીકારતો સાંજે ઢળીને દોસ્ત.

સમય, મોસમ, મિજાજ, આંખો કે બીજું અન્ય કૈં છે ત્યાં ?
તપાસો, જાય છે શું અશ્રુ ભેગું ઓગળીને દોસ્ત !

મુ. પો. બગદાણા, વાયા-ઠળિયા,
જિ. ભાવનગર-૩૬૪૧૪૫.
મો. ૯૬૨૪૬૫૭૩૫૪

ખોવાતો જોયો...

- *મહેશ દેસાઈ*

દરિયેથી દરિયાને ખોવાતો જોયો,
તટ પરના લોકોથી જોવાતો જોયો !

દરિયામાં રેતી ને રેતીમાં દરિયો,
મોજે મોજે એને છલકાતો જોયો !

શંખો ને છીપોમાં રમતો ને સરતો,
બાળકના ચહેરામાં ચહેરાતો જોયો !

ઘૂઘવતાં મોજાંમાં સેલ્લારા લેતો,
કાંઠેનાં વહાણોમાં ફેલાતો જોયો !

લંબાતો જાય ફરી એવો ને એવો,
આંખોની કીકીમાં ડોકાતો જોયો !

ઢળતી ક્ષિતિજનાં આથમતાં અજવાળે,
દરિયામાં સૂરજને ખોવાતો જોયો !

એ-૫, મીરા રો-હાઉસ, સુરભી ડેરીની બાજુમાં,
હની પાર્ક ચાર રસ્તા પાસે, અડાજણ,
સુરત-૩૯૫૦૦૯. મો. ૮૨૩૮૫૭૪૪૫૦





શ્વાસ સૌરભ બને...

- *હાર્દિક વ્યાસ*

સ્વાદ કેસર બને, શ્વાસ સૌરભ બને, લાગણી સૂરમય વાદ્યના સ્વર બને,
ગીત-સંગીતમાં તું ભલે ઓગળે આપણા રાગના મોહમય સ્તર બને.

જેમ ફૂલો હતાં, એમ ફોરમ હતી, જેમ કાગળ હતા એમ અક્ષર હતા,
અક્ષરો જોડતા શબ્દ એવો મળે વાક્યનો મર્મ ને ભાવ સરભર બને.

એક અટકળ હતી, એ જ પળપળ હતી ને નદીમાં પછી નાવ ખળખળ હતી,
પહોંચવા મંઝિલે હાથના હલ્લેસાં, દેહ સક્ષમ અને ધ્યેય તત્પર બને !

સ્હેજ અટક્યાં હતા, સ્હેજ પાછળ રહ્યાં, ક્યાં કદી આપણે માર્ગ ભૂલ્યા હતા,
માર્ગના પથ્થરો, કંટકો સૂચવે હોય જો ઘેલછા વિઘ્ન અવસર બને !

દૂરના આભમાં જેમ ફુગ્ગા ઊડે એમ આ શ્વાસ પણ ઊડતા અગ્રેસર,
શ્વાસની ધારણા બહારનાં ઉડ્ડયનો સ્હેજ ઊંચે જતા મુક્ત પિંજર બને !

સ્થળ બને જળ અહીં, જળ બને સ્થળ ફરી એમ આ કાયમી દોડ ચાલ્યા કરે,
દોડમાં હારવું-જીતવું ગૌણ છે, સ્થાપવું મુખ્ય છે એ જ વજ્જર બને !

જે ક્ષણે આપણે પાસપાસે હતા, એ ક્ષણે આપણા સ્પર્શ નિસ્પૃહ હતા;
સ્પર્શની દિવ્યતા એ હદે વિસ્તરે 'પામવું' સ્થૂળ ને 'ત્યાગ' ઈશ્વર બને !

ટેરવાં પૂછતા આંગળીને સતત કેમ ઓવારણાં આજ ઓછાં પડ્યાં ?
હાથમાં હાથ કે હાથમાં શૂળ છે, પ્રશ્ન સૌ પૂછતા એ જ ઉત્તર બને !

ચાંદની રાતમાં જેમ ચાલ્યાં ચરણ એમ આ ધ્યેયસ્થાનોય આગળ વધે;
ચાલતા ચાલતા ઓગળે છે ચરણ એક રેખા પછી આત્મનિર્ભર બને...!

બ્લોક નં. ૦૪, ધરતી પાર્ક-૧,
પાઠક સ્કૂલ સામે, હનુમાનપરા મેઈન રોડ,
અમરેલી-૩૬૫૬૦૧. મો. ૯૮૨૫૪૧૫૬૯૫

આપણા મનમાં વસેલો મોર છે...

- સ્નેહલ નિમાવત

આપણા મનમાં વસેલો મોર છે,
એમના મનમાં ઊગેલા થોર છે.

સત્યના સૌ સૂર્ય ઝાંખા થઈ ગયા,
આ બપોરો એટલે ઘનઘોર છે.

કોઈનામાં રામ દેખાતા નથી,
આપણી પાસે તો થોડાં બોર છે.

રક્તરંજિત છે આ આખું આયખું,
આ સમયના ખૂબ લાંબા ન્હોર છે.

હો રજા ને તોય પણ આવે નહીં,
એમના તો ખૂબ જબરા તોર છે.

વરવધૂનો ક્યાંય પણ પત્તો નથી,
ક્યારના આવીને બેઠા ગોર છે.

વસ્ત્ર છોને સાવ જૂનાં થઈ ગયાં,
આપણાં સપનાં નવાનકોર છે.

૧૬, આકાર સોસાયટી, સમાન કોમ્પલેક્સ પાસે,
જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫.
મો. ૯૪૨૯૯૬૦૫૯૨૪





તને બતાવે છે

- ભરત વિંઝુડા

ખુદા વતી જ ખલીફા તને બતાવે,
સુખી થવાના તરીકા તને બતાવે છે.

તનેય જાતરા કરવાનું મન થયું નહીં તો,
અહીં જ મક્કા, મદીના તને બતાવે છે.

તને બીજું જ બધું જોવું હોય છે અહીંયાં,
સ્વયમને જોવા અરીસા તને બતાવે છે.

નિહાળવી છે તારે માત્ર તારી પ્રિયતમા,
શહેર કંઈક હસીના તને બતાવે છે.

એ તારા હાથે લખાવે તો લાગે છે તારું,
જીવનનું સત્ય કવિતા તને બતાવે છે.

રામકૃપા, ખાદી કાર્યાલય પાસે,
સાવરકુંડલા, જિ. અમરેલી.
મો. ૯૪૨૬૪૫૬૯૩૪

કહેવાય એમ ક્યાં છે ?

- યોગેશ પંડ્યા

તમને સ્મર્યાનું કારણ કહેવાય એમ ક્યાં છે ?
પાછું ફર્યાનું કારણ કહેવાય એમ ક્યાં છે ?

પાછો ફર્યો છું તેથી કારણ ધર્યું'તું તેં પણ -
કારણ ધર્યાનું કારણ કહેવાય એમ ક્યાં છે ?

મારા જ હાથે ખુદની હસ્તી મિટાવી દીધી,
બાકી, મર્યાનું કારણ કહેવાય એમ ક્યાં છે ?

કાયર નથી જ કિન્તુ રહેવું પડ્યું છે મૂંગું -
ભૂલો કર્યાનું કારણ કહેવાય એમ ક્યાં છે ?


તારી કથાને વાંચી રોઈ પડ્યો તો કિન્તુ,
આંસુ ઝર્યાનું કારણ કહેવાય એમ ક્યાં છે ?

તમને મેં એની સાથે જોયા પછીની ક્ષણનાં,
તળ થરથર્યાનું કારણ કહેવાય એમ ક્યાં છે ?

અંગત છે, નહીં તો જાણું : ઉપવન ઉજાડ્યું કોણે ?
ફૂલો ખર્યાનું કારણ, કહેવાય એમ ક્યાં છે ??

૧૪૧, શિવનગર, તળાજા રોડ,
ભાવનગર-૩૬૪૦૦૨.
મો. ૯૩૭૭૧૧૪૮૯૨





ધરતીની સુંદરતા છે...

- રવજી ગાબાણી

નદી, પહાડો, દરિયો, રણ ધરતીની સુંદરતા છે.
ચાંદો, સૂરજ, તારાઓ પણ ધરતીની સુંદરતા છે.

વેલી, વૃક્ષો, જીવજંતુ, ફૂલ, પાન, પતંગિયાઓ,
વાઘ, સિંહ, કૂદતાં હરણ, ધરતીની સુંદરતા છે.

ચકી, મેના, કાબર, મોર, ઊડે છે એ ગરુડ, ગીધ,
ખીણો મહીં વહેતાં ઝરણ, ધરતીની સુંદરતા છે.

ધીમો મીઠો વહેતો વા, ટાઢ, તડકો ને વરસાદ,
ઊગી જતાં કૂણાં તરણ, ધરતીની સુંદરતા છે.

ચૂસીને ફૂલેથી રસ લાવે એ મધમાખીઓ,
પાનખરમાં ખરતા પરણ, ધરતીની સુંદરતા છે.

મમતાળાં આ માતા-પિતા જ્ઞાનદાતા ગુરુજન ને,
નાના બાળક તણાં ચરણ, ધરતીની સુંદરતા છે.

ઊગે, આથમે, ખીલે, ખરે સૃષ્ટિચક્ર ચાલ્યા કરે,
જીવનલીલા, જન્મ-મરણ, ધરતીની સુંદરતા છે.

૯, સંકલ્પ બંગ્લોઝ, નાના ચિલોડા સર્કલ પાસે,
સરદાર પટેલ રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૩૩૦.

હિંચકો...

- દિનેશ પોપટ

ખાનદાની ઠાઠનો પર્યાય છે આ હિંચકો,
અવનવા આઘાતનો ઉપાય છે આ હિંચકો.

હું વિહરવા નીકળું શું શૈશવે લઈ જાતને,
પારણું ઝૂલતું બની પડઘાય છે આ હિંચકો.

ને ઉદાસી સાંજને ઉત્સવ મહીં પલટાવવા,
ઠેસ વાગે તે છતાં લહેરાય છે આ હિંચકો.

ક્યાંય એ જાતો નથી ને તે છતાં લઈ જાય છે,
કોઈ ગેબી સ્પંદને મલકાય છે આ હિંચકો.

બે દિલોની પ્રીત પર એ બેદિલી ના દાખવે,
આશિકીને જોઈને હરખાય છે આ હિંચકો.


લાખ કોશિશો કરો પણ પૂર્ણ એ થાતું નથી,
ઘર બને સંપૂર્ણ જ્યાં મુકાય છે આ હિંચકો.

સ્કવેરફૂટિયા આ નગરને હિંચકો ના પાલવે,
અસ્તિત્વના નિજ જોખમે હિજરાય છે આ હિંચકો.

બેસનારો જાય ભૂલી કાળ, સ્થળ, આધારને,
એ અવસ્થાએ સદા સર્જાય છે આ હિંચકો.

*બી-૩૦૩, 'નિલામ્બુજ', કમલ એપાર્ટમેન્ટ,
શંકર લેન, કાંદીવલી (વે), મુંબઈ-૪૦૦૦૬૭
મો. ૯૯૬૭૦૫૯૫૮૭*





સંબંધનું સફરજન...

- સતીશ ડણાક

આથમતા સૂરજને જોઈ
પશ્ચિમે કહ્યું :
આપણો સંબંધ અહીં પૂરો થયો.
જીર્ણ વસ્ત્રની જેમ
ફગાવી દો
સંબંધને.
સંબંધના સફરજનને
હથેળીમાં ફેરવી ફેરવીને
જોવાથી
હસ્તરેખાઓ નંદવાઈ જશે ક્યાંક !
પશ્ચિમમાં ડૂબી જતાં
સૂરજનાં છેલ્લાં કિરણો જેવું
સફરજનનું હાસ્ય
મારી હથેળી પર મેઘધનુષના
આટાપાટા ખેલે...
ચાલો,
આપણે હવે
એનઘેન દીવાઘેનની રમત શરૂ કરીએ !

*૧૮, સયાજી સોસાયટી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮.
મો. ૯૬૮૭૬૦૦૮૪૭*

ગઝલ

- સાહિલ

ઝંખના જેની તને છે એ મહેફિલ તું જ છો
રંજને રંગતમાં બદલી શકતો કાબિલ તું જ છો.

અંધકારો સામે કાં હથિયાર તેં હેઠાં મૂક્યાં
અંધકારો ઝળહળા કરનારી કંદિલ તું છો.

રાતનાં સપનાં સવારે શૂળીએ લટકાવવા
અર્થ એનો એ જ છે કે તારો કાતિલ તું જ છો.

તેં કરેલાં કર્મનું પરિણામ તું ના જાણે તો,
આવતી કાલે તને પડનારી મુશ્કિલ તું જ છો.

જીવવા જેવા ગણિતમાં કેમ પારંગત ગણું
લાખ બખ્તર ચારે પહેરે તોય બિસ્મિલ તું જ છો.

અન્ય તારો હાથ ઝાલે એવી ઈચ્છા કાં કરે
શું નથી તું જાણતો કે તારી મંજિલ તું જ છો.

જો પૂછ્યું મેં - કામના માઝા મૂકે તો શું કરું
તો મળ્યો ઉત્તર કે 'સાહિલ' તારો સાહિલ તું જ છો.

'નિશા', ૩/૧૫, દયાનંદનગર,
વાણિયાવાડી, રાજકોટ-૩૬૦૦૦૨.
મો. ૯૪૨૮૭૯૦૦૬૯





વિસાત શી ?

- પ્રિ. અમીચંદભાઈ શા. પટેલ

આરાધનામાં મસ્ત તો વિરાધનાની વિસાત શી ?
સ્વમાન નિજ હસ્તક જેને, અપમાનની વિસાત શી ?

આફતને અવસરમાં પલટનારને આફતની વિસાત શી ?
અહંકાર-અલંકાર ત્યજનારને જનજગતની વિસાત શી ?

કાર્યાનંદે હરદમ મસ્તાનને, ચિંતાની વિસાત શી ?
ઈશ્વરથી ડરનારને, જનજનાવરની વિસાત શી ?

કોઠાસૂઝે તર્યા નર-વીર, ડીગ્રીની વિસાત શી ?
વિવેક વહેવારે નઠોરને, આદર્શની વિસાત શી ?

શિક્ષક મટી પગારુ બન્યો, શાળાની વિસાત શી ?
કાને અમથો બહેરો બને, ઘંટનાદની વિસાત શી ?

૨૫, માતૃછાયા સોસાયટી,
ભૂમિપૂજા પાસે, મહાવીરનગર,
હિંમતનગર, સાબરકાંઠા-૩૮૩૦૦૧.

ગઝલ

- હરીશ ધોબી

ગાલ કુદરતના તમાચાથી હજીયે લાલ છે,
ખાવું, પીવું, જીવવું સઘળુંય અદ્ધરતાલ છે.

શહેરમાં વીંઝાય છે ચાકૂ, છૂરી માફક હવા
જોતજોતામાં ઊતરડાઈ જતી સહુ ખાલ છે.

એક સરખી રીતે પથરાયેલ છે મારો સમય
મારે ના દિન-રાત છે, ના આજ છે ના કાલ છે.

એ થયાં જ્યારે અલગ મારાથી તો બહુ ખુશ હતાં
આજ પણ તે ખુશ હશે, મારો હજી એ ખ્યાલ છે.

'રામ ભરોસે હિન્દુ હોટલ'માં હું બેઠો છું હરીશ
લાગે છે મારોય જાણે રામ ભરોસે હાલ છે.

ગાયત્રીનગર સોસાયટી, કેનરા બેન્કની બાજુમાં,
ડેરોલ સ્ટેશન રોડ, મુ.પો.તા. કાલોલ,
જિ. પંચમહાલ-૩૮૯૩૩૦. મો. ૯૯૨૪૪૭૨૩૮૫

હું મળ્યો છું ધૂળને...

- ચંદ્રેશ મકવાણા 'નારાજ'

હું મળ્યો છું ધૂળને ભાવે તને
એટલે મારી કને ફાવે તને ?

જોયું છે જાસુદ પણ વર્ષો પછી
મોગરાથી કોણ મહેકાવે તને ?

એક અડધી વાત કહેવાની હતી
એટલામાં કોણ બોલાવે તને ?

એ બિચારો ક્યાંક ઊંઘી ગ્યો હશે
એ વગર નારાજ તડપાવે તને ?

પત્રમાં લખજે કે હું નારાજ છું
પત્ર જો નારાજનો આવે તને.

એ/૫, ગુર્જરત્ન એપાર્ટમેન્ટ,
રૂપલ એપાર્ટમેન્ટની સામે, રાધાસ્વામી રોડ,
રાણીપ, અમદાવાદ. મો. ૭૮૭૪૮૮૫૦૧૫



આંખમાં અજવાસ જેવું...

- કૌશિક મહેતા

આંખમાં અજવાસ જેવું શું હશે
આ અખૂટ પ્રવાસ જેવું શું હશે

ચાલવાનું જાય છે ચૂકી ચરણ
આજીવન કારાવાસ જેવું શું હશે

મન હરણ થઈ વનભણી ફંટાય છે
અજબ આ વનવાસ જેવું શું હશે

ડેલીની સાંકળ ખૂલી જાતી તરત
મનમાં કોઈના આવાસ જેવું શું હશે

નથી ફૂલો કે ફૂલદાની કે ધૂપસળી
ચારેકોર આ સુવાસ જેવું શું હશે

છેદ છે નહીં, તોય વાગે વાંસળી
સાત સૂરોના કોરસ જેવું શું હશે

૧૦૨, શિલ્પા એપાર્ટમેન્ટ,
૧, બાલમુકુન્દ પ્લોટ, નિર્મળા સ્કુલ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૪૨૭૨૧૪૨૦૩


"અભિસારિકા"
જેસલબા જાડેજા
મો. 8866103536



પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.